ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૨૦

શુક્રવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૦૬
ફાલ્ગુન ૨૬, ૧૯૨૭ શાકે

થી

સોમવાર, તા. ૨૦મી માર્ચ, ૨૦૦૬
ફાલ્ગુન ૨૯, ૧૯૨૭ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**અગિયારમી ગુજરાત વિધાનસભા**

**નવમું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **શુક્રવાર, તા. ૧૭ મી માર્ચ, ૨૦૦૬ / ફાલ્ગુન ૨૬, ૧૯૨૭ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧ - ૪૦ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૪૧ - ૨૪૭ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૨૪૮ - ૨૫૧ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૫૨ - ૨૫૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૫૩ - ૨૯૪ |
| **શનિવાર, તા. ૧૮ મી માર્ચ, ૨૦૦૬ / ફાલ્ગુન ૨૭, ૧૯૨૭ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૯૫ - ૩૩૨ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૩૩૩ - ૩૪૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૪૭ - ૩૯૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૪૦૦ - ૪૩૩ |
| સભ્યશ્રીઓના સસ્પેન્સન બાબતે પુનઃ વિચારણા કરવા અંગે | ૪૩૪ - ૪૩૬ |
| **સોમવાર, તા. ૨૦ મી માર્ચ, ૨૦૦૬ / ફાલ્ગુન ૨૯, ૧૯૨૭ શાકે** | |
| ટૂંકી મુદ્દતનો પ્રશ્ન | ૪૩૭ - ૪૩૮ |
| તારાંકિત પ્રશ્નો | ૪૩૯ - ૪૪૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૪૮ - ૫૨૦ |
| શોકદર્શક ઉલ્લેખ | ૫૨૧ - ૫૨૧ |

## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
| --- | --- |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૫૨૨ - ૫૨૩ |
| સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો | ૫૨૪ - ૫૨૪ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૫૨૫ - ૫૨૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૨૭ - ૫૭૦ |


***

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા ૧૭મી માર્ચ, ૨૦૦૬**
**ફાલ્ગુન ૨૬, ૧૯૨૭ શાકે**
**પ્રથમ બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ કલાકે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

**માર્ગ અને મકાન વિભાગ**
**માગણી ક્રમાંક-૮૩**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને મકાન વિભાગને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૬,૩૧,૭૦,૦૦૦ ની માગણી ક્રમાંક-૮૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૮૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ અને ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ અને ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૮૬**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગો અને પૂલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૬,૭૪,૦૨,૧૨,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા.૮,૫૧,૭૪,૦૧,૦૦૦/- ની માગણી ક્રમાંક-૮૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૮૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૮૭**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાટનગર બાંધકામ યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૮,૦૨,૮૫,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા.૨૩,૦૮,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૮૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૮૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ અને ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ અને ૨૧ રજૂ કરવામાં આવી.**

**રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ**
**માગણી ક્રમાંક: ૯૮**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૩૬,૪૮,૬૭,૦૦૦/- ની માગણી ક્રમાંક-૯૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૯૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ અને ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ અને ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૬–૨૦૦૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા.૧૭–૩–૨૦૦૬ (પહેલી બેઠક) (સાતમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ. નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **માર્ગ અને મકાન વિભાગ**<br>**માગણી નં. ૮૩** | | |
| ૧. | ૩૪૫૧–સચિવાલય..... સેવાઓ ૦૯૦ –સચિવાલય ૦૧–માર્ગ ...ખુદ માર્ગ મકાન રૂા.૪,૫૭,૭૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧) પા.નં. ૧૦૪–૧૦૫ | ૧૦૦ | રસ્તાઓના કામને જૉબ નંબરો અપાયા બાદ તેને હાથ ધરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૨. | –– " –– | ૧૦૦ | વિભાગોના બાંધકામના મટીરીયલનું પરીક્ષણ સરકાર હસ્તકની આધુનિક લેબોરેટરીમાં કરાવવાને બદલે ખાનગી કોન્ટ્રાકટ દ્વારા કરાવવાની પધ્ધતિ દાખલ કરવાથી સરકારને થતું નુકશાન અટકાવવવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા |

| | | | | |
|---|---|---|---|---|
| ૩. | —— " —— | ૧૦૦ | કોન્ટ્રાકટરોને અપાયેલા કામો અધવચ્ચેથી છોડી દેવાતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માધુભાઈ ભોય |
| ૪. | —— " —— | ૧૦૦ | કોન્ટ્રાકટરો દ્વારા કરાયેલા કામોના બિલોની ચૂકવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માધુભાઈ ભોયે |
| * ૫. | —— " —— | ૧૦૦ | રસ્તાના કામો માટે ફાળવવામાં આવેલ રકમ સત્વરે છૂટી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૬. | —— " —— | ૧૦૦ | બાંધકામ અંગેના માલસામાનની ગુણવત્તાની યોગ્ય ચકાસણી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૭. | —— " —— | ૧૦૦ | ખાસ મરામત કાર્યક્રમ હેઠળની રકમ સમયસર જિલ્લાઓને ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૮. | —— " —— | ૧૦૦ | કેન્દ્ર સરકારને સ્પર્શતા પ્રશ્નો અંગે જરૂરી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| * ૯. | —— " —— | ૧૦૦ | બજેટમાં દર્શાવેલ કામો માટે ફાળવેલ રકમનો સમયસર ઉપયોગ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૦. | —— " —— | ૧૦૦ | વિશ્વબેંકની લોન આધારિત પ્રોજેકટમાં દર્શાવેલ રસ્તાના કામ સમયસર ન થવાથી વધતું આર્થિક ભારણ નિવારવામાં તત્રની નિષ્ફળતા | |
| ૧૧. | —— " —— | ૧૦૦ | ગામડાંઓને પાકી સડકથી સત્વરે જોડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| *૧૨. | ૩૪૫૧–સચિવાલય..... સેવાઓ ૦૯૦ –સચિવાલય ૦૧–માર્ગ ...ખુદ માર્ગ મકાન રૂા.૪,૫૭,૭૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧) પા.નં. ૧૦૪–૧૦૫ | ૧૦૦ | પ્રધાનમંત્રી ગ્રામસડક યોજનાનો અમલ સમયસર કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માગણી નં. ૮૬** | | |
| *૧૩. | ૩૦૫૪–માર્ગ અને પુલ ૦૪ –જિલ્લા .... માર્ગો ૩૩૭– માર્ગ કામો રૂા.૧,૮૪,૪૭,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૨) પા.નં. ૨૩ થી ૬૦ | ૧૦૦ | જિલ્લા માર્ગોના કામ માટે પંચાયતોને સહાયક અનુદાન સમયસર ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૪. | —— " —— | ૧૦૦ | જિલ્લાના માર્ગોની મરામત કામગીરી અન્વયે ડામર અને કપચી સમયસર અને પૂરતા પ્રમાણમાં ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| *૧૫. | —— " —— | ૧૦૦ | ડીસા તાલુકાના બિસ્માર ગ્રામ્ય માર્ગોની મરામતની કામગીરી અંગે વારંવાર રજૂઆત કરવા છતાં સમયસર પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬. | ૫૦૫૪–માર્ગ....જોગવાઈ<br>૦૩ –રાજય ધોરી માર્ગ<br>૧૯૦ –જાહેર....રોકાણ<br>રૂા.૭,૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પા.નં. ૩૫૬ – ૩૫૭ | ૧૦૦ | ધોરીમાર્ગ ઉપર ઉઘરાવાતા ટોલટેક્ષ દ્વારા ચાલતી ઉઘાડી લૂંટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભવાનભાઈ ભરવાડ |
| ૧૭. | ૫૦૫૪–માર્ગ....જોગવાઈ<br>૦૩ –રાજય....માર્ગ<br>૩૩૭–માર્ગકામો<br>રૂા.૮,૧૭,૦૩,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પા.નં. ૩૫૮ થી ૪૨૯ | ૧૦૦ | રાજય ધોરી માર્ગ ઉપર ઠેર ઠેર પડેલ ખાડાઓ દૂર કરી વાહન ચાલકોને પડતી હાડમારી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| *૧૮. | –– " –– | ૧૦૦ | જિલ્લાના મુખ્ય રસ્તાઓને ધોરીમાર્ગો સાથે જોડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૯. | –– " –– | ૧૦૦ | રાજય ધોરી માર્ગોની મરામત અને જાળવણીના કામ સમયસર કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| | | | **માગણી નં. ૮૭** | |
| ૨૦. | ૨૨૧૭–શહેરી વિકાસ<br>૦૧–રાજય પાટનગર વિકાસ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–રાજય.....નિદેશ<br>રૂા. ૬૫,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પા.નં. ૫૭ થી ૫૮ | ૧૦૦ | સેકટરોના આંતરીક માર્ગોની મરામત તથા તેની જાળવણીના કામમાં દાખવવામાં આવતી ઉદાસીનતા | ડૉ. સી. જે. ચાવડા |
| ૨૧. | ૪૨૧૭–શહેરી.....જોગવાઈ<br>૦૧–રાજય પાટનગર વિકાસ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂા. ૧૧,૦૯,૦૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પા. નં. ૨૬૫ થી ૨૭૧ | ૧૦૦ | સેકટરોમાં પીવાના પાણીની પાઈપ લાઈનો વારંવાર તૂટી જવાથી પાણીનો થતો બગાડ અટકાવવામાં અને પૂરતા પ્રેશરથી વસાહતીઓને પાણી મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. સી. જે. ચાવડા |
| | | | **રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃદ્ધિઓનો વિભાગ**<br>**માગણી નં. ૯૮** | |
| ૨૨. | ૨૦૭૦–અન્ય વહીવટી સેવાઓ ૦૦૩ –તાલીમ<br>૦૧–ટીડીપી–૩–<br><br>ભાષાનિયામક...વિકાસ<br>રૂા.૨૭,૦૦,૦૦૦ | ૧૦૦ | રાજભાષાના વિકાસ માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનહરલાલ મકવાણા |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૨૫ પા.નં. ૪ | | | |
| *૨૩. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૫–ભાષ વિકાસ<br>૧૦૩ –સંસ્કૃત શિક્ષણ<br>રૂા.૧૧,૫૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫ પા.નં. ૯ – ૧૦ | ૧૦૦ | સંસ્કૃત શિક્ષણના વિકાસ માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૪. | ૨૨૦૪–ખેલકૂદ..... સેવાઓ<br>૦૦૧ –નિદેશ અને વહીવટ<br>રૂા.૪૮,૧૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫ પા.નં. ૧૩ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારના યુવાનો માટે રમત ગમતને લગતા પ્રશિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનહરલાલ મકવાણા |
| *૨૫. | –– " –– | ૧૦૦ | કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૬. | –– " –– | ૧૦૦ | જુદી જુદી રમતના પ્રશિક્ષકોને બીજા જિલ્લામાંથી ગાંધીનગર લાવી અન્ય પ્રશિક્ષકોને કરાતો અન્યાય નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| *૨૭. | –– " –– | ૧૦૦ | પછાત જિલ્લાઓમાં રમત ગમત પ્રવૃદ્ધિ અને સાંસ્કૃતિક પ્રવૃદ્ધિનો વ્યાપ વધે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૮. | ૨૨૦૪–ખેલકૂદ.....સેવાઓ<br>૧૦૩ –વિદ્યાર્થી....કાર્યક્રમો<br>રૂા.૧,૫૮,૩૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫ પા.નં. ૧૪ – ૧૫ | ૧૦૦ | પર્વતારોહણ માટે યુવાનોને પ્રોત્સાહીત કરી વધુ યુવાનો આ સાહસિક કાર્યક્રમમાં જોડાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્સિંહ પરમાર |
| ૨૯. | ૨૨૦૫–કલા – સાંસ્કૃતિક<br>૧૦૩ –પુરાતત્વવિદ્યા<br>રૂા.૫,૭૭,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫<br>પા.નં. ૨૬ થી ૨૮ | ૧૦૦ | પ્રાચીન સ્મારકોની વ્યવસ્થિત જાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અનિલકુમાર પટેલ |
| *૩૦. | ૨૨૦૫–કલા – સાંસ્કૃતિક<br>૧૦૩ –પુરાતત્વવિદ્યા<br>રૂા.૫,૭૭,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫ પા.નં. ૨૬ થી ૨૮ | ૧૦૦ | પ્રાચીન સ્મારકોમાંથી થતી ચોરીઓ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૩૧. | –– " –– | ૧૦૦ | પ્રાચીન સ્મારકોની મરામત કામગીરી અને નિભાવ પેટે ફાળવવામાં આવતી અપૂરતી રકમને કારણે સમયસર કામો હાથ ધરવામાં પડતી મુશ્કેલી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૨. | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૧૦૫ –જાહેર ગ્રંથાલયો<br>રૂા.૮,૦૬,૨૭,૦૦૦ | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં વાંચન માટે પૂરતી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૨૫ પા.નં. ૩૦ થી ૩૭ | | | |
| ૩૩. | -- " -- | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં સ્વચ્છતા જાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૩૪. | -- " -- | ૧૦૦ | જાહેર ગ્રંથાલય/પુસ્તકાલયોમાં પુસ્તકોની યોગ્ય જાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનીલ જોષીયારા |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું અનુમોદન આપી શકતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, ભારત આઝાદ થયું અને ભારતની આઝાદીની સાથે સાથે ગુજરાતે પણ સ્વતંત્રતા પ્રાપ્ત કરી ત્યારે ભારત દેશના બુદ્ધિશાળી નેતાઓએ ભારત દેશના વિકાસ માટે અને વિશ્વની સાથે ટકી રહેવા માટે અને ગુજરાત રાજયના જે તે વખતે મુંબઇ રાજય સાથે સંકળાયેલા ગુજરાત રાજયે સને ૧૯૬૧થી આ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીઓએ ગુજરાત રાજયને દેશ અને વિશ્વ સાથે ટકી રહેવા માટે એક નિર્ણય કર્યો કે જે રાજયમાં માર્ગો, રોડ, રસ્તા ગામડાને તાલુકા મથક સાથે જોડતા, ગામડાને જિલ્લા મથક સાથે જોડતા, જિલ્લા-જિલ્લાઓને જોડતા, રાજયનું પાટનગર જે તે વખતે અમદાવાદ અને હાલ ગાંધીનગર એની સાથે જોડતા રસ્તાઓ, રાષ્ટ્રીય ધોરી માર્ગ, રાજય ધોરી માર્ગ, જિલ્લા ગ્રામ્ય માર્ગ, બીજા જિલ્લા ગ્રામ્ય માર્ગ આમ અનેકવિધ આયોજનબદ્ધ યોજનાઓ ઘડીને માર્ગ અને મકાન વિભાગે ગુજરાતના માળખાને લગતું, રોડ, રસ્તાને લગતું માળખું એટલું ઉત્તમ તૈયાર કર્યુ કે સમગ્ર દેશમાં ગુજરાતના રોડ અને રસ્તા આજે પણ પ્રતિષ્ઠાના ઉંબરે ઊભાં છે. ૧૯૫૧ની શરૂઆતથી જો આપણે વાત કરીએ અને ગુજરાતની સ્થાપના થઈ ૧૯૬૦ની પહેલી મે, આ સમયગાળા દરમ્યાન ગુજરાત રાજયમાં રાષ્ટ્રીય ધોરી માર્ગ, રાજય ધોરી માર્ગ કે જિલ્લા માર્ગો કે અન્ય માર્ગો એનું જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવ્યું એની કુલ લંબાઈ બાવીસ હજાર કિલોમીટરની થતી હતી એટલે બાવીસ હજાર કિલોમીટરના માર્ગો ગુજરાતની સ્થાપના થઈ એ પહેલાં બની ગયા હતા. ગુજરાતની સ્થાપના થયા પછી ગુજરાતના દીઘદૃષ્ટિવાળા મુખ્યમંત્રીશ્રીઓએ ગુજરાતના માર્ગો અને ગુજરાતના સરકારી બિલ્ડીંગો, પાટનગર યોજના, એને લગતી વિવિધ કામગીરીનો આરંભ કરીને ૧૯૯૪-૯૫નો આંકડો લઈએ તો ૭૦ હજાર કિલોમીટરની લંબાઈના માર્ગો તૈયાર કરી દીધા છે. ૧૯૯૪-૯૫ સુધીમાં ગુજરાત રાજયમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને રાજય ધોરીમાર્ગો અને તમામ માર્ગોની કુલ લંબાઈ લઈએ તો અંદાજે ૭૦ હજાર કિલોમીટરની લંબાઈના માર્ગો તૈયાર થઈ ગયા હતા. ૧૯૯૪-૯૫ પછી સુદૃઢ વ્યવસ્થાને કારણે માર્ગ અને મકાન વિભાગને કારણે પાટનગર યોજનાની અલગ વ્યવસ્થાને કારણે જે કોઈ વ્યવસ્થા ઊભી થઈ હતી એનીજ પ્રગતિથી આ કામો આગળ ચાલતાં રહ્યા. ૧૯૯૪-૯૫ માં જે ૭૦ હજાર કિલોમીટરની લંબાઈના માર્ગો બન્યા હતા એ આજે ૨૦૦૬-૦૭ સુધીમાં ૭૬ હજાર કિલોમીટરની લંબાઈના માર્ગો ગુજરાત રાજયમાં અસ્તિત્વ ધરાવે છે. આમ છેલ્લાં ૧૦ વર્ષમાં ૬-૬.૫ હજાર કિલોમીટરની લંબાઈના માર્ગો ગુજરાત રાજયમાં બન્યા. ઘણી વખત કહેવામાં આવે કે પચાસ વર્ષમાં કોંગ્રેસે શું કર્યુ, આમણે શું કર્યુ એ બધી વાતોમાં ન પડીએ તો પણ ગુજરાત રાજયની સ્થાપના થયા પહેલાં અને સ્થાપના થયા પછી ૧૯૯૪-૯૫ સુધીમાં ૭૦ હજાર કિલોમીટરની લંબાઈના માર્ગો તૈયાર કરી દીધા હતા અને છેલ્લાં ૧૦ વર્ષમાં ૬ હજાર કિલોમીટરની લંબાઈના માર્ગો આ સરકારે તૈયાર કર્યા છે. હું દર વરસે કેટલા માર્ગો થયાં, છેલ્લાં બે વર્ષમાં કેટલા માર્ગો થયાં, છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલા માર્ગો તૈયાર થયાં, છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા માર્ગો તૈયાર થયાં મુખ્યમંત્રીવાઈઝ કેટલા માર્ગો તૈયાર થયાં કે મંત્રીવાઈઝ કેટલા માર્ગો તૈયાર થયાં એમાં પડવા માગતો નથી પણ ગુજરાત રાજયમાં (અંતરાય) કુલ ૭૬ હજાર કિલોમીટરના માર્ગો બન્યા. ગત ૨૦૦૫-૦૬ના બજૅટની યાદગીરી અપાવવી છે કે બજૅટમાં માનનીય નાણામંત્રીશ્રીએ તે વખતે જાહેરાત કરેલી કે ગુજરાત રાજયમાં હાઈસ્પીડ કોરીડોર તૈયાર કરવામાં આવશે. તેને નામ આપવામાં આવ્યું હતું પ્રગતિ પંથ. પ્રગતિ પંથ નંબર.૧ પીપાવાવ અંબાજી આબુ, પ્રગતિ પંથ નં.ર રાધનપુર શામળાજી, નં.૩ નળ સરોવરથી દાહોદ, નં.૪ ડાકોરથી દ્વારકા, નં.૫ સુરતથી આહવા, નં.૬ વાપીથી શામળાજી, નં.૭ દહેજ સાગબાર, નં.૮ દ્વારકાથી ભાવનગર, નં.૯ વાવ થરાદ નર્મદા ડેમ. આવા નવ હાઈસ્પીડ કોરીડોર તૈયાર કરવામાં આવશે એવા ગત વર્ષના નાણાંકીય બજૅટમાં જે તે વખતના નાણામંત્રીશ્રીના પ્રવચનમાં અને રાજયપાલશ્રીના પ્રવચનમાં આ નવ કોરીડોરની કામ કરવાની રાજયની સરકારે મૂકેલી. આ વાત નકશા ઉપર બહુ સારી લાગતી હતી. સમગ્ર ગુજરાતને આંતર માળખાકીય રીતે સાંકળવા નકશાઓ દોરવામાં આવ્યા હતા અને તેમાં જે લાલ અને વાદળી રંગ મૂકવામાં આવ્યો હતો જે ૭૬ હજાર કિલોમીટરનું માળખું છે તેમાં બીજા ૧૫-૨૦ હજાર કિલોમીટરની આ કામગીરી ઉમેરાશે તો ૧ લાખ કિલોમીટરના રસ્તાઓ ગુજરાત રાજયમાં બનશે અને સમગ્ર દેશમાં ગુજરાત મોખરાનું સ્થાન પ્રાપ્ત કરશે એવી આશાઓ હતી. આ નવ કોરીડોરની વાત નકશા ઉપર જ રહી છે કયાંય જમીન સંપાદનની વાત, કયાંય જાહેરનામું કલમ ૪ કે ૬નું, રસ્તા પ્રમાણે જમીન સંપાદન કરીને

તેનું સર્વે એવી કોઈ કામગીરી છેલ્લાં એક વર્ષમાં થઈ હોય એવું લાગતું નથી અને ગુજરાતની પ્રજાને જે વચન આપ્યું હતું, જે વાત કરી હતી તેમાં એક પણ નક્કર કામગીરી આ સરકાર દ્વારા હાથ ધરવામાં આવી નથી. જ્યારે પ્રજા સમક્ષ નાણાંકીય બજૅટની વાત કરતા હોય, નાણાંકીય સમાવેશ કે નાણાંકીય જોગવાઈની વાત કરતા હોઈએ અને પ્રજાને વચન આપતાં હોઈએ અને ચૂંટણી ઢંઢેરામાં તેની વાત મૂકતાં હોઈએ ત્યારે હંમેશા તે વચન પાળવું જોઈએ. તેને માટે સરકાર, રાજય સરકાર કે કેન્દ્ર સરકાર બંધાયેલી છે. કારણકે સરકારનું વચન તે સર્વોપરી વચન હોય છે. મારે એક વાત યાદ કરાવવી છે દાંડીયાત્રાનું ૭૫મું વર્ષ જ્યારે ઉજવવામાં આવ્યું અને સાબરમતી દાંડી સુધીની કૂચ કરવામાં આવી અને તે દાંડીયાત્રાની સમાપનવિધિ પ્રસંગે, ઉદ્‌ઘાટનવિધિ પ્રસંગે માનનીય સોનિયા ગાંધી હોય કે ભારતના વડાપ્રધાન માનનીય મનમોહનસિંહ હોય તે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે આ ગુજરાતની પ્રજાને વચન આપેલું કે આ ૭૫માં વર્ષની દાંડીકૂચની ઉજવણી કરવામાં આવી તે વર્ષ નિમિત્તે સાબરમતીથી દાંડી સુધીનો હૅરીટેજ રોડ બનાવવામાં આવશે. જે વચન આપ્યું હતું તે વચનના પાલન માટે માનનીય ડૉ.મનમોહનસિંહે આ બજૅટમાં ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી એટલું જ નહીં ફાઈલ ચાલુ કરી, ફાઈલ સરકારના વિભાગોમાંથી પસાર થાય એટલે જે વિલંબ થાય જે વચન અને વિલંબ વચ્ચે જે સમય ગયો તેને માટે વ્યાજ પણ ચૂકવવામાં આવ્યું આને વચન કહેવાય. આ સરકારનું પ્રોમિસ. સરકારે કહેલું તે કરી બતાવ્યું. આ કેવી રીતે પાલન કરવું તે વાત આપના સમક્ષ એટલા માટે મૂકું છું જેમ કેન્દ્ર સરકારે વાત કરી તેમ ગુજરાત સરકારમાં આપે વાત કરી છે તો ગુજરાત સરકારે જે વાત મૂકી હતી નવ કોરીડોર હાઈસ્પીડ રોડ બનાવવાની તે વાત કયા તબક્કે છે? કયા સ્ટેજ સુધી આપ લઈ ગયા છો. આપ શું કરવા માગો છો? શું કાર્યવાહી કરી છે? એવી કોઈ કાર્યવાહી રાજયની પ્રજા પાસે છે નહીં એટલે આપે વિધાનસભાના ફલોર ઉપર આપના માધ્યમ મારફતે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું. કેન્દ્ર સરકાર ત્રણ રાષ્ટ્રીય ધોરી માર્ગો પણ આપ્યા. નવા આપ્યા. હૅરીટેજ રોડ આપ્યો. રોડની બન્ને સાઈડ લાયબ્રેરી. સુસજજ અદ્યતન માહિતી લાયબ્રેરીમાં ઉભી કરવાનું વચન આપ્યુ હતું તે પણ પાળ્યું, તો આ પ્રમાણે માર્ગ અને મકાન વિભાગ પોતાના વચનો પાળશે તે હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

મારે બીજી પાટનગર યોજનાની વાત કરવી છે. ગુજરાતનું પાટનગર એટલે ગુજરાતનું હ્દય અને ગુજરાતના હ્દય ઉપર ગુજરાતની સમગ્ર જનતા, પાંચ કરોડની જનતાનો અધિકાર છે પુરાતનકાળથી આજદિન સુધીમાં રાજયનું પાટનગર સુઆયોજીત હોય તેનો હંમેશા ઇતિહાસ રચાયો છે.ગુજરાતની રચના થયા પછી અમદાવાદ પાટનગર હતું. પછી જયારે ગાંધીનગરને પાટનગર તરીકે સમાવવાની વાત થઈ અને નવું પાટનગર ઉભું કરવાની વાત થઈ, ત્યારે આ પાટનગરને ૩૦ સેકટરોમાં વિભાજીત કરીને ૮ કિલોમીટર લંબાઈ અને ૮ કિલોમીટરની પહોળાઈ, એમ કુલ ૬૪ કિલોમીટર વિસ્તારમાં જમીન સંપાદન કરીને ૮ ઉભા રોડ અને ૮ આડા રોડ એમ ૬૪ ખાના પડે. આવા ૬૪ ખાનામાં ૩૦ સેકટરોમાં મોહેંજો દડોનો ઈતિહાસ ધરાવતી સંસ્કૃતિ આધારિત આ ગાંધીનગરની રચના કરવામાં આવેલી. રોડની બંને બાજુ વૃક્ષોનું વાવેતર, મોટા બિલ્ડીંગો, મોટી બહુમાળી ઈમારતો, સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને રહેવા માટે જ-ટાઈપ, ચ-ટાઈપ, ઘ-ટાઈપ વગેરે મકાનો બનાવીને સુઆયોજિત પાટનગર યોજના આ રાજયમાં અમલમાં મૂકવામાં આવેલી. આની જયારે શરૂઆત થઈ હશે ત્યારે બાબુભાઈ જશભાઈ પટેલ કે માનનીય દિનશા પટેલ કે જેમણે આ ગુજરાતના પાટનગર કે ગુજરાતના હ્રદયને વિકસાવવા માટે સહાય કરી છે, એમને ચોકકસપણે હું આ તબકકે યાદ કરીશ.

ગુજરાતના પાટનગરને ૩૦ સેકટરોમાં વિકસીત કરવામાં આવ્યું. દરેક સેકટરમાં પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, આરોગ્ય કેન્દ્ર, કયાંક આયુર્વેદિક સેન્ટર, બાગબગીચા, બેસવા માટે ખુલ્લી જગ્યા, કયાંક મંદિર, કયાંક મસ્જીદ. દરેક ધર્મના લોકો અને દરેક વર્ગના લોકો રહી શકે, બિનસાંપ્રદાયિક રીતે વર્તી શકે એટલા માટે આવું સુંદર આયોજન કરવામાં આવેલું. મારે માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે આ સેકટરોની આવી સુગઠિત રચના કરવામાં આવી અને જે ફેસેલિટિઝ પ્રોવાઈડ કરી છે. છેલ્લા ૨, ૩ વર્ષમાં આપના આવ્યા પછી ઘ-રોડ કે જ-રોડ પર કામ થાય છે, પણ ઈન્ટરનલ રસ્તા, સેકટર-સેકટરને જોડતા રસ્તા, સેકટરની અંદરના ફરતા રસ્તા ઉપર કોઈ મરામત કામ કે એ રોડને પહોળા કરવાની વાત કયાંય કરવામાં આવી નથી કે સુવિધા વધારવામાં આવી નથી. ફકત જે સેકટરોના ૪ રસ્તા પડે છે ત્યાં જે ફુવારા બન્યા હતા, સર્કલો બન્યા હતા, તેમાં રંગરોગાન કે ફુવારાની ઉંચાઈ વધારવાની, નાનો ફુવારો હોય તો તેને મોટો બનાવવાની, ફુવારાની ડિઝાઈન બદલાવવી, આના સિવાય આ ૩, ૪ વર્ષમાં કોઈ કામગીરી થઈ નથી. ફુવારાનું ઉદ્‌ઘાટન, કોઈક વિસ્તારના કોઈ સંકુલ કે બહુમાળી સંકુલનું ઉદ્‌ઘાટન, યુનિવર્સિટી કે કોલેજનું ઉદ્‌ઘાટન હોય કે ફુવારાના ઉદ્‌ઘાટન માટે ભારત સરકારના પ્રતિનિધિ અહીંયા આવે, એનાથી વિશેષ કામગીરી આ છેલ્લા ૩ વર્ષમાં જોઈ નથી. એટલા માટે મારે પાટનગર યોજનાના મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે અગાઉની સરકારે અને અગાઉના મુખ્યમંત્રીશ્રીએ જે દૃષ્ટિ રાખી પાટનગરનો વિકાસ કર્યો હતો એ આપને પણ કરવો પડશે.

બીજું કે ગાંધીનગરમાં અલગ અલગ કેટેગરીના અસંખ્ય મકાનો ખાલી પડેલાં છે. બગડી રહ્યાં છે. એક વખત એવો વિચાર કરવામાં આવેલો કે એ મકાનો સરકારી કર્મચારીઓ કે અધિકારીઓને આપી દઈએ, સંસ્થાઓ કે ટ્રસ્ટોને આપી દઈએ. એમાં પ્રાથમિક શાળા કે સ્કૂલો ચલાવીએ. છેલ્લા ૪, ૫ વર્ષથી આ મકાનોની કોઈ મરામત થતી નથી કે એની કોઈ કાળજી લેવામાં આવતી નથી. એ કોઈને સોંપવામાં આવતા નથી. અસંખ્ય અરજીઓ આ મકાનો

માટે પડેલી છે. છેલ્લા ૩ વર્ષથી બધાને એક લીટીનો જવાબ મળે છે કે સરકાર સારી નીતિ ઘડી રહી છે અને એ નીતિ ઘડાયા પછી મકાનો સુપ્રત કરવામાં આવશે. કોઈપણ પક્ષના, કોઈપણ વર્ગના કે કોઈપણ ટ્રસ્ટના લોકોને આ એક જ લીટીનો જવાબ અરજી કર્યાના ૨૪ કલાકમાં મળી જાય છે. ૨૪ કલાકમાં જવાબની અપેક્ષા રાખતા નથી પણ મહિનો કે બે મહિનો ભલે લાગે પણ એ મકાનોની માગણી કરે છે એમાં શાળા, સ્કૂલો કે રહેણાંક કે ટ્રસ્ટ પોતાની કામગીરી કરવા માગે છે, એના માટે આ નીતિ તમે કયારે અમલમાં મૂકવાના છો? અત્યાર સુધીની નીતિમાં શું ખરાબી હતી? જે કોઈ નીતિ હોય એ જાહેર કરીને મકાનોની ફાળવણી કરવામાં આવશે તો તેની પાછળ મરામત ખર્ચ નહીં કરવો પડે. લોકો જ એની જાળવણી કરશે. એટલા માટે હું વિનંતી કરું છું કે આ મકાનોની ફાળવણી કરવામાં આવે. શૈક્ષણિક ટ્રસ્ટોને પણ આ જ પ્રમાણે વાત કરવામાં આવે છે. અખબારો, લઘુ અખબારો, પત્રકારો, અગાઉની સરકારોએ પત્રકારત્વના વિકાસ માટે, ગુજરાતની સારી વાત દેશના ફલક ઉપર અખબારોના માધ્યમથી મૂકવા માટે, સરકાર પાટનગરમાં બેસી શું કામગીરી કરે છે તેની વાત ગુજરાત બહાર મૂકવા માટે બહોળા પ્રમાણમાં જમીનોની ફાળવણી કરવામાં આવી હતી. છેલ્લા ૪ વર્ષથી એમને પણ આ એક લીટીનો જવાબ આપવામાં આવે છે કે નવી નીતિ ઘડાઈ રહી છે અને એ નીતિ ઘડાઈ જશે, એટલે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. એટલે ગુજરાતની સમગ્ર પ્રજા,ગુજરાતના પાટનગરનાં તમામ ટ્રસ્ટો, શૈક્ષણિક ટ્રસ્ટો આ માટે દુઃખની લાગણી અનુભવે છે અને એમને એમાંથી બહાર કાઢવાનો દિવસ કયારે આવશે એ વાત હું આપની સમક્ષ મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાટનગર યોજના ભવનમાં જે કાંઈ જમીનની ફાળવણી કર્મચારીઓ કે અધિકારીઓ કે બીજી સંસ્થાઓને કરવાની વાત એ અગાઉની સરકારે મૂકી હતી અને શૈક્ષણિક સંસ્થાઓને આવી જમીન આપીશું તો પાટનગરનો વિકાસ થશે, કર્મચારીઓના કુટુંબો રહેતાં થશે તો આ પાટનગરનો વિકાસ થશે અને ગાંધીનગર ધબકતું થશે એ વાત ગુજરાત સરકારની હતી એ વાત માટે અહીં કોઈ શૈક્ષણિક ટ્રસ્ટોને જમીન આપવામાં આવી નથી અને એમ કહેવામાં આવે છે કે અમે હાઈકોર્ટમાં એફિડેવિટ કરી છે એટલે એ જમીન આપી શકાશે નહીં, કોઈને જમીન આપવાની નથી એવી વાત કરે છે. ૨૩ જેટલાં શૈક્ષણિક ટ્રસ્ટોને અગાઉની શ્રી શંકરસિંહજી વાઘેલાની સરકારે જમીન ફાળવી હતી એમાં બક્ષીપંચની સંસ્થાઓ, આદિવાસીની સંસ્થાઓ, પછાતવર્ગની સંસ્થાઓ, માલધારી સમાજ આ બધાને શૈક્ષણિક હેતુઓ માટે જમીન ફાળવવામાં આવેલી હતી જેને આ સરકારે રદ કરી હતી અને જમીન આપવાની વાત આવે ત્યારે બીજાં બધાં ટ્રસ્ટો માટે આ પક્રારની વાત કરવાની અને પોતાને ગમતાં ટ્રસ્ટોને લાખો ચોરસ મિટર જમીન પાટનગર યોજનાની વિના મૂલ્યે અપાય છે અને ગુજરાતની જનતાની જમીન અને એની માતબર રકમની લૂંટ ચાલી રહી છે એ અટકાવવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, પૂરી ફાઉન્ડેશન, ઈન્ફોસીટી કે ઈન્ફોસીસ કે કેટલીક સંસ્થાઓને કરેલ દબાણો, તેમને ફાળવવામાં આવેલ જમીન વિશે વિશેષ ટીકા કરવા માગતો નથી, એટલા માટે કે એમને જે હેતુથી જમીન આપવામાં આવી હોય એમાં આપણે બે વર્ષે પાંચ વર્ષ માટે રાહ જોવા માગીએ છીએ કે જે હેતુ માટે જમીન આપી છે એ પાટનગર યોજનાના વિકાસ માટે એનો ઉપયોગ કરે છે કે કેમ એના અંગેની વિશેષ ટીકા કરવા માગતો નથી, પરંતુ જે શૈક્ષણિક ટ્રસ્ટોને જમીન આપવા પાત્ર હોય એને ન આપીને અને બીજાં ટ્રસ્ટોને આપીને પાટનગર યોજનાનો વિકાસ રૂંધવામાં આવી રહયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, લાખો વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવ્યું છે અને ગ્રીન સીટી ભાવનગર છે એમ ગુજરાતનું પાટનગર એ પણ વિશ્વના ગ્રીન સીટી તરીકેની નામના પહેલી વખત પ્રાપ્ત કરી હતી એ છેલ્લા ત્રણ વર્ષમાં લાખો વૃક્ષોનું નિકંદન કાઢીને ગુજરાતની પ્રતિષ્ઠાને હાની પહોંચાડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાટનગર યોજના ને લગતી વાત હોય, રાજયના માર્ગ અને મકાન ને લગતી વાત હોય, એ ચોકકસપણે આગામી બજેટને લક્ષમાં રાખીને પ્રગતિના પંથે લઈ જશે અને સાચા અર્થમાં પ્રગતિ પથ બનાવશે એ વાત મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક વિભાગના મંત્રીશ્રી પણ જે માગણીઓ લઈને આવ્યા છે એને પણ હું મારું સમર્થન કરી શકતો નથી એટલા માટે કે ગુજરાતના બજેટમાં ૨૦૦૫-૦૬ ના બજેટમાં દરેક જિલ્લામાં સ્પોર્ટસ સંકુલની યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. મારે જાણવું છે કે દરેક જિલ્લામાં આ જે જાહેરાત કરી હતી એ પ્રમાણે કેટલાં સ્પોર્ટસ સંકુલ બનાવવામાં આવ્યાં છે? બીજી તેમણે જાહેરાત કરી હતી કે અમે ગ્રામીણ ઓલમ્પિકની ઉજવણી કરીશું તો શહેરી ઓલમ્પિકની ઉજવણી તો બંધ થઈ ગઈ અને આ ગ્રામીણ ઓલમ્પિકની વાત કરીને બધી શબ્દોની માયાજાળ બહુ સારી રીતે ઉભી કરી શકે છે અને સારા સારા શબ્દાની કાળી લીટી મૂકીને આ જે વાત કરી છે એ ભૂલી જાય છે, તો અમને રચનાત્મક વિરોધની ભૂમિકા માટે મૂકયા છે કે ગયા વર્ષે તમે શું કાળી લીટીમાં મૂકયું હતું એ અમે બરાબર યાદ રાખીએ છીએ. તો આ ગ્રામીણ ઓલમ્પિકની વાતનું શું થયું એમાં શું પ્રગતિ થઈ, એના માટે શું આયોજન કર્યુ અને શું આયોજન કરવા માગે છે એની વાત આ વિધાનસભાના ફલોર ઉપર મૂકાય એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૧ ક્રાંતિવીરોની બૂક બહાર પાડવાની વાત છે. એમનાં જીવન ચરિત્ર વિશે ગુજરાતના યુવાનોને એનું વાંચન મળે અને ૨૧ ક્રાંતિવીરોએ ભારતની આઝાદી માટે શું કર્યુ હતું એના માટેની વાત અગાઉના બજેટમાં મૂકવામાં આવી હતી, આ કયા ક્રાંતિવીરોની બૂક બહાર પાડવામાં આવી, પ્રકાશન કરવામાં આવ્યું એ

ગુજરાતની પ્રજા સમક્ષ મૂકો. તમે જે વચનો આપો છો, પ્રજા સમક્ષ મૂકો છો એ એકેય કયાંય પરિપૂર્ણ થતું નથી. એટલે મંત્રીશ્રીએ અગાઉના બજેટમાં જે વાત કરી હતી અને આ બજેટમાં વાત કરી છે એમાં વિસંગતતા ઉભી થઈ છે. એ ગઈ વખતના એમના બજેટની વાત ભૂલી ગયા છે અને નવા બજેટમાં નવા શબ્દો સાથે નવી વાતો કરવામાં આવી છે. એટલે ગયા બજેટમાં મૂકેલી વાત યાદ કરીને ગુજરાતની પ્રજાને આપેલ વચનો પ્રમાણે આ સરકાર કાર્યવાહી પૂરી કરે તો જ આ માગણીઓને સમર્થન કરી શકાય તેમ છે. અત્યારે હું આ માગણીઓને સમર્થન કરી શકું તેમ નથી.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આદરણીય માર્ગ અને મકાન મંત્રીશ્રી, યુવક સેવા અને રમત ગમત અને સાંસ્કૃત્તિક વિભાગના માનનીય મંત્રી આનંદીબેન, જે માગણીઓ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે, તેના સમર્થનમાં મારી વાત કરવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ખાસકરીને હું યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ અને રમત ગમત વિભાગને ધ્યાનમાં રાખીને મારી વાત કરવા માગું છું. આ દેશ ઋષિ અને કૃષિ પરંપરાનો દેશ છે, આપણી પોતાની વારસાગત કલા, કુનેહ અને આપણી સાંસ્કૃત્તિક વિરાસતને ઉજાગર કરે તે પ્રકારનો આ વિભાગ છે. આમેય ભારતીય જનતા પાર્ટી એ ભારતીય સાંસ્કૃત્તિક રાષ્ટ્રવાદનું જતન અને રક્ષણ કરવા માટેની એક રાજકીય નહીં પણ રાષ્ટ્રીય પાર્ટી પણ છે. એટલે મને કહેતાં આજે ગૌરવ થાય છે કે એક વખત એવો હતો કે આ યુવક સેવા સાંસ્કૃત્તિક અને રમત ગમત વિભાગ જાણે દસાડા દફતરમાં ન હોય તેવી રીતે તેની સામે જોવામાં આવતું હતું. તેના કારણે આ વિભાગ તરફ જે લક્ષ્ય આપવામાં આવતું હતું તે દુર્લક્ષ કહેવાય તે પ્રમાણે અગાઉની સરકારોએ કામ કર્યુ અને તેના કારણે આ રાજયમાં, આ દેશમાં આપણી સાંસ્કૃત્તિક વિરાસતને ઉજાગર કરવામાં ખૂબ મોડા પડયાં. મને કહેતાં ગૌરવ થાય છે કે આ દેશમાં અને આ રાજયમાં જયારે જયારે ભારતીય જનતા પાર્ટીને કામ કરવાની તક મળી છે ત્યારે ત્યારે આ વિભાગને વધારેમાં વધારે મહત્વ આપવામાં આવ્યું છે. નહીં કે માત્ર માર્ગ અને મકાન વિભાગને કે નહીં માત્ર ઉદ્યોગ વિભાગને, પ્રત્યેક વિભાગ સાથેની સરખામણીમાં તેને અનુમોદન એટલા પ્રમાણમાં કરવામાં આવ્યું છે જેટલા પ્રમાણમાં અન્ય વિભાગને કરવામાં આવ્યું છે. એટલા માટે આ આપણી સાંસ્કૃત્તિક પરંપરા ઉજાગર કરી અને પુનઃસ્થાપના કરવા માટે આ રાજય સરકારે જે જે કામો કર્યા છે તે કામોની હું વાત કરવા બેસું તો આજે આ ગૃહના માનનીય સભ્યશ્રીઓને પણ લાગશે કે, ના, ૧૯૯૫ પછી આ રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે સાંસ્કૃત્તિક રાષ્ટ્રવાદને ઉજાગર કરીને તેનું પુનઃસ્થાપન માટે જે કામ કર્યુ છે તે અનુમોદનીય અને પ્રશંસનીય છે, છતાં ગ્રામ્ય કક્ષાએથી તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાએ જ નહીં પણ રાષ્ટ્રીય કક્ષાએ અને વિશ્વ કક્ષાએ પણ ગુજરાતના જણા, ગુજરાતના કલાકારો, ગુજરાતના રમત ગમત વીરો, એ નાનામાં નાનો હોય કે મોટામાં મોટો હોય તેને પુરતું પ્રોત્સાહન મળે, બળ મળે, તેની ધગશ, ઉત્સાહ અને ઉમંગમાં વધારો થાય તે પ્રમાણે અનેક પ્રોત્સાહક યોજનાઓ, અનેક પ્રકારના એવોર્ડ અને અનેક પ્રકારની વિવિધ યોજનાઓથી તેને બળ મળે તે પ્રમાણે કામ કરવામાં આવ્યું છે. હમણાં જ અમારા મિત્ર સી. જે. ભાઈ કહેતા હતા કે ગ્રામિણ ઓલિમ્પીક, આ ગ્રામિણ ઓલિમ્પીક એ નવી યોજના છે, અગાઉ કોઈએ આવો વિચાર કર્યો નહોતો. આ વાત શરૂઆતમાં હું એટલા માટે કહું છું, હું કહેવાનો જ હતો પણ એમણે મને યાદ કરાવ્યું. આ યોજના પંજાબ સરકારની યોજનાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. હિન્દુસ્તાનમાં પંજાબ એક જ એવું રાજય છે કે જે પોતાની રમતો, ટ્રેડિશનલ અને ગ્રામ્ય રમતોને બળ મળે તેવું કામ કરે છે, અને એ વાતને ધ્યાનમાં રાખીને આ રાજય સરકારે ૨૦૦૫થી આ પ્રમાણે રમત ગમત મહોત્સવનું આયોજન કર્યુ છે. તા. ૭-૯-૦૫ના રોજ તરણેતર અને ત્યાર પછી ૧૦-૨૦૦૫માં દેવગઢ બારિયામાં પણ રમત ગમત મહોત્સવનું આયોજન કર્યુ છે. માનનીય સી. જે. ભાઈને કદાચ આમંત્રણ નહીં પહોચ્યું હોય, એટલે એમના ધ્યાન ઉપર નથી. પણ એનો જવાબ માનનીય મંત્રીશ્રી આપશે. મારે જવાબ આપવાનો નથી. માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં પણ રાષ્ટ્રીય કક્ષાએ આ રાજયમાં રમતગમત કક્ષાએ કામ કરવા માટે એનું પોતાનું કોઈ પ્રબળ સેન્ટર નહોતું, નાના નાના કેન્દ્રોમાં એના તરફ ધ્યાન આપ્યા વગર કોઈ નાની પ્રાથમિક શાળામાં કે નાના ગામડાંમાં થઈ જાય, પરંતુ આ રાજયના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવાં છે, એમણે અમદાવાદના ખોખરા ખાતે હજી હમણાં જ ૧૬-૧-૨૦૦૬ના રોજ રાજયકક્ષાના રમતગમત મહોત્સવ સંકુલનું ભૂમિ પૂજન કર્યુ છે. આ નવી વાત છે અને એના કારણે પણ આ રાજયના રમતગમત ક્ષેત્રે કામ કરનાર ભાઈ બહેનોને એક જબરજસ્ત માર્ગદર્શન અને તાલીમ મળશે. એવી રીતે રમતગમત ક્ષેત્રે ૧૯૯૯ સુધી આપણે જોઈએ તો જે મેડલો મળતા હતા, ચંદ્રકો મળતા હતા એની સંખ્યા નગણ્ય કહીએ તો ચાલે તેટલી હતી. જ્યારે છેલ્લા કેટલાક વરસોથી આપણે જોયા કરીએ છીએ કે સ્કેટીંગ, યોગાસન, ટેનિસ વગેરે રમતોમાં આજે ૧૦૫ જેટલા મેડલો ચંદ્રકો આપણા રાજયના યુવા બળને પ્રાપ્ત થયા છે. જ્યારે ૧૯૯૮ પહેલાં ૫૪, ૫૦, ૨૫ કે ૩૦ ચંદ્રકો મળેલા હતા. પરંતુ ૨૦૦૧ પછી મને કહેતાં ગૌરવ થાય છે કે છેલ્લા બે વર્ષમાં ૧૪૭ અને છેલ્લે ૧૪૨ જેટલા મેડલો, ચંદ્રકો આપણને પ્રાપ્ત થયા છે. આ જ આપણું ગૌરવ છે.

ડો. બાબાસાહેબ આંબેડકર દલિતોના દેવ એટલું જ નહિ આ રાષ્ટ્રના બંધારણના ઘડવૈયા, રાષ્ટ્રીય ચિંતક. મહારાષ્ટ્ર સરકારે અંગ્રેજીમાં ૪૦ જેટલા વોલ્યુમ ગ્રંથો બાબાસાહેબના પ્રકાશિત કરેલા. ડો. બાબાસાહેબ જન્મ શતાબ્દી નિમિત્તે આ રાજયમાં અવાજ ઊઠ્યો કે અમને ગુજરાતી પ્રજાને ગુજરાતમાં પણ ડો. બાબાસાહેબને માનનારો વર્ગ છે એમને પણ આ ગ્રંથો વાંચવા મળે તેવું આયોજન થવું જોઈએ. જે તે વખતે આવા ગ્રંથોને ગુજરાતમાં

પ્રકાશિત કરવાનું નક્કી થયું. કેન્દ્રએ ડો. બાબાસાહેબ આંબેડકર શતાબ્દી મહોત્સવ સમિતિને મદદ કરી અને પુસ્તકો તો છપાયાં, ૧ થી ૧૭ ગ્રંથો છપાયા. આ ૧ થી ૧૭ ગ્રંથોની ૧ લાખ ૭૦ હજાર પ્રતો છપાઈ, મને કહેતાં આનંદ થાય છે કે હું મંત્રી બન્યો ત્યાં સુધી આ વિભાગના ગ્રંથાલયમાં આ પ્રતો પડી પડી ધૂળ ખાતી હતી. મને કહેતા શરમ આવે છે કે આ ૧૭ ગ્રંથો કેમ કોઈ લેતુ નથી. મને કહેતા આજે એટલા માટે ગૌરવ થાય છે કે આ ગ્રંથોની અંદર એની કિંમત એવી હતી કે દલિત પછાત વર્ગના માણસો ખરીદી શકે એમ નહોતા. આ રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈને મેં દરખાસ્ત કરી અને ૫૦ ટકા સબસિડી, સહાય રાજય સરકારે આપવાનું નક્કી કર્યુ. ૧ કરોડના પુસ્તક એના માટે ૫૦ લાખનું આયોજન કર્યુ. ૧૮મા ગ્રંથનું પ્રકાશન સાથે તમામ ગ્રંથો પ્રજામાં પહોંચે એના માટેનું આયોજન કર્યુ. ૧૮, ૧૯ અને ૨૦ બાકીના ગ્રંથો પણ છપાયા ત્યારે જાણવા મળ્યું કે એમાં કોઈ સબસિડી નહોતી. જૂના ગ્રંથમાં સબસિડી મળતી હતી. મેં માનનીય મુખ્યમંત્રીશ્રીને ભલામણ કરી અને એવા ૨૦ ગ્રંથો પ્રકાશિત થઈ ચૂકયા છે, એમાં પણ આ પ્રમાણેની સહાય આપવાનું આ રાજય સરકારે સ્વીકાર્યુ છે એટલું જ નહિ ડો.બાબાસાહેબ આંબેડકર જન્મ શતાબ્દી આ રાજય સરકાર હમણાં ઉજવે છે એના માટે તાલુકા કક્ષાએ જિલ્લા કક્ષાએ કાર્યક્રમો કરવા અનુદાન આપે છે. એવી રીતે આપણા ગ્રામીણ આદિવાસી વનવાસીઓ છે. આ આપણી આદિવાસી સંસ્કૃતિ, આપણી પોતાની સંસ્કૃતિ એને ઉજાગર કરીને આદિવાસી યુવા મહોત્સવ જિલ્લા કક્ષાએથી માંડીને રાજય કક્ષા સુધી રાષ્ટ્ર કક્ષા સુધી એમાં આદિવાસી નૃત્ય, આદિવાસી કલા, આદિવાસી સમાજની કુનેહ, આવડત એને પ્રસ્થાપન કરવાની તક મળે. એટલા માટે આ વિભાગે ગ્રામ્ય કક્ષાથી માંડીને રાષ્ટ્ર કક્ષા સુધી અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરીને છેલ્લે મને જે માહિતી છે તે પ્રમાણે ૫૧મો રાષ્ટ્રીય શાળાકીય મહોત્સવ રાષ્ટ્રીય કક્ષાએ ઉજવ્યો, તેમાં ભારતમાં ગુજરાત પ્રથમ નંબરે આવ્યું. નં. ૧, જ્યારે અમે કહીએ છીએ ત્યારે કોંગ્રેસના મિત્રો અકળાઈ જાય છે. પરંતુ નં.૧ મળે જ છે. તેનું ગૌરવ લેવામાં આપણે ભાગીદાર બનીએ તો તેમાં કોઈ નુકસાન નથી. માતૃભૂમિ યુવા શકિત કેન્દ્રો, રાષ્ટ્રની યુવા શકિતને અનુમોદન મળે, તેની તાકાત વધે, તેને તક મળે એવા પ્રકારની અનેક કામગીરી અને એટલા માટે માનનીય મંત્રીશ્રીને મારે વિનંતી અને ભલામણ કરવી છે કે માતૃભૂમિ યુવા શકિત કેન્દ્રો એ ભારત માતાના મંદિર છે. ભારત માતાની અને આપણી આવતીકાલને ઘડનારી તાકાતનો આધાર છે. આજે ૫૦૦૦ જેટલાં ગામડાંઓમાં માતૃભૂમિ યુવા શકિત કેન્દ્રોનું નિર્માણ કરી ચૂક્યા છીએ. હું મંત્રીશ્રીને કહેવા માગું છું કે આ આપણી શકિતનો આધાર બને એવું એક જબરજસ્ત શકિત કેન્દ્ર છે અને આવા શકિત કેન્દ્રો ગામોગામ, ૧૮,૦૦૦ ગામડાંઓમાં પ્રસ્થાપિત થાય તે પ્રમાણેનું એક અભિયાન ચલાવીને પણ ગ્રામીણ યુવા શકિતને બહાર લાવીને તેના જોમમાં વધારો થાય, તેના ઉમંગમાં વધારો થાય તે પ્રમાણેનું સાંસ્કૃતિક કેન્દ્ર ધબકતું કરવા માટે ફરીવાર મંત્રીશ્રીને વિનંતી કરું છું.

ગ્રંથાલય વિભાગની વાત કરું તો ગ્રંથાલય પ્રવૃત્તિ આપણાં રાજયમાં છેલ્લા કેટલાય વર્ષોથી છેલ્લા શ્વાસ ઉપર ટકી રહી હતી. જાણે આ રાજયમાં ગ્રંથાલય પ્રવૃત્તિની કોઈ કિંમત જ નહીં. ગામમાં પુસ્તકાલય હોય પણ કોઈ જોવા જાય નહીં. પ્રજાની વાંચનની ભૂખ ધીમે ધીમે ઘટતી જતી હતી. એટલા માટે રાજય સરકારે, ગ્રંથાલય વિભાગે પણ સુંદર કામગીરી કરી અને આજે મને કહેતાં એ વાતનું ગૌરવ થાય છે કે ગ્રંથાલયોના નિર્માણ પાછળ, તેને અદ્યતન બનાવવા પાછળ કૉમ્પ્યુટરાઇઝડ કરવા માટે રાજય સરકારે નાણાંકીય જોગવાઈઓ કરી છે, પરંતુ ફરીવાર માનનીય મંત્રીશ્રીને એક ભલામણ કરવી છે. ભલામણ એટલા માટે કરું છું કે આ પાયાની આવશ્યકતાઓ છે. જેમ માતૃભૂમિ યુવા શકિત કેન્દ્રોની વાત કરી યુવા તાકાત વિકસાવવા માટે, તેવી જ રીતે ગામની અંદર ભણતર-ગણતર સાથે વાંચનની પ્રવૃત્તિ પણ વિશેષ બને અને ગામની પ્રજાને રાજયના, રાષ્ટ્રના અને વિશ્વના સમાચારો જ નહીં, અનેક કક્ષાના સારા સારા પુસ્તકો તેને ઘેર બેઠાં વાંચવા મળે એટલા માટે ગ્રામીણ ગ્રંથાલયો જબરજસ્ત મોટી તાકાત છે. આજે મેં અભ્યાસ કર્યો છે તે પ્રમાણે આ ગ્રંથાલયો ક્યાંક પ્રાથમિક શાળાના એક કબાટમાં હોય છે. ૫૦-૧૦૦ પુસ્તકો હોય છે. આ રાજયની સરકારે કોમ્યુનિટી સેન્ટરો ડેવલપ કર્યા છે. સમાજગૃહો વિકસાવ્યાં છે. બાલમંદિરો, આંગણવાડીઓ ગામડાંઓમાં વિકસાવ્યા છે. પ્રાથમિક શાળામાં શિક્ષણ ક્ષેત્રે પણ જબરજસ્ત તાકાત બતાવી છે. ત્યારે મારે કહેવું છે કે આ ગ્રામીણ ગ્રંથાલયોને પણ રાજયના ગ્રંથાલયોની પાયાની ઈંટ ગણીને તેને વિકસાવવા માટેનું કામ અને એક સ્વતંત્ર, અલાયદું, જેમ આંગણવાડીઓ ચાલે છે તે પ્રમાણે ગામની અંદર ગામનું પોતાનું ગ્રંથાલય હોય એ લોકભાગીદારીના આધારે હોય, સરકારના અનુદાનના આધારે હોય, આવા ગ્રંથાલયો પણ આજની તારીખે આપણી આવશ્યકતા બની છે. તેને વિકસાવવાનો સમય પાકી ગયો છે. આ રાજયમાં કલાકર્તા, નાટ્યકર્તા અનેક કલાકારો વારસાગત રીતે પણ કામ કરે છે. આ મોટામાં મોટી તાકાત છે. ટ્રેડીશનલ કલાકારો છે. તૂરી, તરગાળા, નાટક કરનાર, ભવાઈ કરનાર, નૃત્ય કરનાર, સંગીત કરનાર, ઢોલ વગાડનાર આ તમામ લોકોની પોતાની જન્મજાત આવડત છે. આપણે નવા કલાકારો, નવા ગીતકારો, નવા સંગીતકારો, નવા નાટ્યકારો પેદા કરવા જઈએ, તાલીમ આપીએ. એનો વાંધો નથી એ પણ અનિવાર્ય જરૂરિયાત છે.ગ્રામ્ય કક્ષાના વારસાગત પોતાની કુનેહ ધરાવનારા કલાકારોને પ્રોત્સાહન મળે એ પ્રમાણેનું માતબર આયોજન આ રાજયની સરકારે કર્યું છે. કલાકાર કલ્યાણ નિધિ અને કલાકાર સહાય, કલાકાર મોટી ઉંમરના થઈ જાય, એ થાકી જાય, એને પ્રોત્સાહન ન મળે, એને એવોર્ડ મળ્યા હોય પણ એને પાછલા દિવસો પસાર કરવાની મુશ્કેલી પડે, એવા દિવસોમાં, એવા કલાકારોને આ કલ્યાણ નિધિ મારફતે એની તબીબી સારવાર માટે, એક વખત એવો હતો કે, આ કલાકાર કલ્યાણ નિધિની આર્થિક સહાયની

કમિટી પાંચ-પાંચ વર્ષે પણ ન મળે અને એવા માંદગી અનુભવતા, ઘર વગરના કલાકારો, બેકાર થઈ ગયેલા, જર્જરિત, વૃદ્ધ, મોટી ઉંમરના નિરાધારપણું અનુભવતા હતા. તેવા દિવસોમાં આ રાજયની સરકારે કલાકાર નિધિમાં મંજૂરીની શરતે પણ આવી દરખાસ્તો મંજૂર કરીને લાખ-લાખ રૂપિયાનું આર્થિક અનુદાન આપવાનું નક્કી કર્યું તે પણ પ્રશંસનીય પગલું છે. આ કલાકાર નિધિ, કલ્યાણ નિધિને વધુ પીઠબળ આપીને આપણે કલાકારોને પ્રોત્સાહિત કરવાનું એક સુંદર કામ આ રાજય સરકાર વધુને વધુ સમય સુધી કરતી રહે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ખૂબ જ સુંદર કામ કર્યું છે. આપણી સાંસ્કૃતિક વિરાસત, સાંસ્કૃતિક પરંપરાને, આપણા ઐતિહાસિક સ્થાનોને, પુરાતત્ત્વ વિભાગના તત્ત્વોને આપણે ટુરીઝમ વિભાગ સાથે જોડ્યા છે. આ સાંસ્કૃતિક કલ્ચરને ટુરીઝમ સાથે જોડીને આ રાજયની અંદર સાંસ્કૃતિક ટુરીઝમનો વિકાસ કરી રહ્યા છીએ એ રાષ્ટ્રિય કક્ષાએ બેનમૂન અને અજોડ છે. એટલા માટે આ ટુરીઝમ અને કલ્ચર વિભાગને સંયોજિત કરીને જ્યાં જ્યાં તીર્થધામ છે, જ્યાં જ્યાં કલ્ચર છે, ત્યાં ત્યાં પ્રવાસન છે. એટલે પ્રવાસનને પાયાની ઈંટ સમજીને આપણે કલ્ચરને વધુને વધુ વિકસાવીને આપણી સાંસ્કૃતિક વિરાસત મજબૂત બનાવવા માટે ફરીવાર આ ગૃહમાંથી આ માગણીઓને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

ભારત માતાકી જય.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ, તથા રમત ગમત વિભાગની માગણી ક્રમાંક- ૮૩, ૮૬, ૮૭ અને ૯૮ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, એમાં મારા કેટલાક વિચારો રજૂ કરવા ઊભો થયો છું અને માર્ગ, મકાન વિભાગના મંત્રીશ્રીને અભિનંદન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ એટલા માટે અભિનંદન આપું છું કે, માનનીય મંત્રીશ્રીને આજ સુધી જ્યાં જ્યાં કહ્યું છે ત્યાં ત્યાં રસ્તાના અને બીજા કામોને એમણે મંજૂરી આપી છે. પણ કેટલીક બાબતોમાં જે વહિવટી બાબતો છે એની અંદર અથવા તો કામનો ખાતાકીય રીતે જે ડિલે થાય છે એ બાબતમાં માનનીય મંત્રીશ્રી થોડીક નોંધ લે એવી વિનંતી છે. માનનીય મંત્રીશ્રીએ જ્યારે ગઈ વખતે બજૅટની અંદર આ જ હાઉસમાં કહ્યું હતું કે, આ રાજયની અંદર ૨૫૦૦૦ કિલોમીટરમાં નૉન પ્લાનના રસ્તાઓ ગામડાના બાકી છે. એમાં મોટા ભાગે કદાચ જિલ્લા પંચાયતના આવે, તાલુકા પંચાયતના અને આર.એન્ડ બી.ના આવે, કેટલાક ફૉરૅસ્ટના આવે. મારી આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ફૉરૅસ્ટના રસ્તાઓ મોટા ભાગે દક્ષિણ ગુજરાતના છે. આજે પણ વ્યારા તાલુકાની અંદર અંબિકા નદી, પૂર્ણા નદી ઉપર પુલ બાંધવાનું ગઈ વખતે નક્કી કરેલ. પણ ફૉરૅસ્ટ ખાતાએ એમ કહ્યું કે અમે બાંધવાના નથી. મારી આપના દ્વારા મંત્રીશ્રીને વિનંતી છે કે, શ્રી દિનશા પટેલ જ્યારે મિનિસ્ટર હતા ત્યારે ત્રણેય વિભાગના મંત્રીશ્રીઓ સાથે પંચાયત, ફૉરૅસ્ટ અને આર.એન્ડ બી. સાથે સંકલન કરીને જે રસ્તાઓ જ્યાં જ્યાં સુવિધા આપવી જોઈએ, ગામડાની અંદર તે એમણે કરેલ હતી ત્યારે આ માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ફોરેસ્ટના રસ્તાઓ મહત્વના છે. વ્યારાથી વાંસદા વાયા થરાદ, અંબિકા અને પૂર્ણા નદી સાહેબ એટલો મહત્ત્વનો રસ્તો અને ત્યાંથી ૨૫-૩૦ ગામડા એની સાથે જોડાયેલા છે અને ફોરેસ્ટ રસ્તો છે, મેટલ રસ્તો છે એની અંદર માત્ર પેચીંગ કે પુલ લેવાનું આયોજન ગયા વખતે થયું હતું એ રસ્તા છે એ જ રીતે દક્ષિણ ગુજરાતની અંદર ગામડાની અંદર કેટલીક જગ્યાએ અમને ફોરેસ્ટ નડે છે. ફોરેસ્ટ એકટમાં માનનીય મંગુભાઈને અમે કહીએ છીએ કે જ્યાં જ્યાં ફોરેસ્ટ એકટ નડે છે, ફોરેસ્ટને નુકસાન થતું હોય ત્યાં તમે અટકાવો એની સાથે અમે સંમત છીએ પણ જ્યાં લોકોને સુવિધા આપવાની છે, દક્ષિણ ગુજરાતમાં તમે જોવો ઉચ્છલ, નિઝરમાં જોવો જયાં ફોરેસ્ટ સ્ટેટ આવેલા છે ત્યાં આજે માફ કરજો, ફોરેસ્ટ ખાતાવાળા, પી.ડબલ્યુ.ડી.વાળા કારકુન ઉપર કેસ કરે, એન્જિનિયર પર કેસ કરે, સાહેબ, ખાતુ એક જ છે. સરકાર એક જ છે. તમારે મંજૂરી લેવી પડતી હોય ત્યાં લો, જ્યાં સિંચાઈવાળા ઉપર કેસ કરે આ પરિસ્થિતિ છે. કાયદા આપણે જાણીએ છીએ કે ફોરેસ્ટ એકટ લાગુ પડતો હોય પણ જ્યાં જંગલને નુકસાન થતું હોય એ અટકાવવા એની સાથે અમે સંમત છીએ પણ જ્યાં લોકોને સુવિધાઓ મળતી હોય એ જગ્યાએ આપણે કરવું જોઈએ એવી મારી ખાસ વિનંતી છે. ગયા વર્ષે રેલ આવી, વરસાદ દક્ષિણ ગુજરાતની અંદર પણ થયો ત્યારે મોટા ભાગના ગામડાઓના રસ્તાઓનું આજે પણ જે રીતે ધોવાણ થયું છે જેનો પેચીંગ હોય કે પુલ હોય કે નાળાનું ધોવાણ થયું છે એવા આજે પણ રિપેર કરી શકયા નથી અને બજેટ આપણે ફાળવી શકયા નથી. હું મારા મતવિસ્તારમાં નવતાડ, ઢાંકમારમાં મોટો પુલ છે અને એની અંદર અમે વારંવાર કહયું, એ લોકોએ રિપેર ના કરાવી દીધો. આજ રીતે ધણા ગામડા એવા છે કે ૧૦-૧૦, ૧૫-૨૦ ગામડાને જોડતો રસ્તો છે. અંબિકા, પૂર્ણા, છાપરી આવી નદીઓ છે એવા રસ્તાઓ મહત્વના છે. એવા રસ્તા ઉપર મારી આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપણા સ્થાનિક સર્કલને મોકલીને સરવે કરાવો, સરવે કરાવીને એનું જે કરાવવા યોગ્ય થતું હોય એ કરાવો અને બજેટમાં માગણી કરી અને એના ઉપર ખર્ચ કરો એનો અમને વાંધો નથી અને બીજી વાત કે આજે આપણે ટુરીઝમમાં પ્રવાસનધામ લીધું છે. આનંદ છે, ગૌરવ છે પણ જ્યાં જ્યાં આપણે સૌરાષ્ટ્રમાં હોય કે પછી દક્ષિણ ગુજરાતમાં હોય પણ મારી આપના દ્વારા વિનંતી છે કે સાપુતારા ગિરિમથક કે જ્યાં હજારો આપણા રાજયના અને બીજા રાજયના લોકો આવે છે પણ ત્યાં સુવિધાઓ જે હોવી જોઈએ એ સુવિધાઓ આજે પણ રસ્તાઓની બાબતમાં નથી. માનનીય મંત્રીશ્રીને ગયા વખતે અમે વિનંતી કરી હતી. ૧ કરોડ અને ૮૬ લાખ રૂપિયા આપ્યા હતા.

રસ્તાઓ ત્યાં અપાયા છે એ ચાર માર્ગી બનાવવા જોઈએ એ ચાર માર્ગી હજી સુધી બનાવ્યા નથી. ત્યાં આગળ ભયંકર વળાંકવાળા રસ્તાઓ છે, ખૂબ અકસ્માત થાય છે એ રિપેર કરાવવા જોઈએ.

અમારે ત્યાં ઉનાઈ માતાનું મંદિર છે. યાત્રાધામ છે. મુરબ્બી અશોકભાઈ કહેતા હતા કે અમે સરસ બનાવીશું. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આજે માતાજીનું મંદિર ૨-૩ વર્ષથી થવા છતાં હજી પૂર્ણ નથી થયું. માત્ર શોપિંગ થયું, એ એમના મિત્રોને હરાજી કરી અને અંદર અંદર સમજીને શોપીંગ એમના મિત્રોને આપી દીધા પણ માતાજીના હજારો ભકતો ગુજરાતના જ નહીં બહારથી પણ ભકતો આવે છે નહાવા અને દર્શન કરવા માટે ત્યાં આજે કોઈપણ જાતની સુવિધા નથી માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે મારો મત વિસ્તાર છે એ ત્યાં આવે અને આપણે પ્રત્યક્ષ જોઈશું અને એ જગ્યા ઉપર જે સુવિધાઓ કરવી પડે એ કરે અને લોકો સારી રીતે દર્શન કરી શકે એવું કરવું જોઈએ. ત્યાં ભાવિક ભકતો દર્શને આવે છે.

મારી બીજી એક વાત એ છે કે જે મહારાષ્ટ્રને જોડતા રસ્તાઓ, ધરમપુર-નાસિકને જોડતા રસ્તાઓ છે, જ્યાં મહારાષ્ટ્રને જોડતા રસ્તાઓ હોય કે બીજા જિલ્લાઓને જોડતા રસ્તાઓ છે એ રસ્તાઓ ઉપર માનનીય મંત્રીશ્રીએ ખૂબ ઉત્સાહથી ખાતરી આપી છે. ગયા વખતે મને ખાતરી આપેલ હતી એમાં એક કામ રહી ગયું છે. બરડીપાડા-મહાલનો રસ્તો છે એમાં ટેન્ડર બહાર પડી ગયાં પણ હજુ સુધી કામ ચાલું થયું નથી. વહીવટી બાબતમાં અથવા કંઈક રીતે કામ પૂરું થતું નથી. આ કામ જલદી પૂરું થાય એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી બીજી વિનંતી છે કે સુવિધાઓ માટે પી.ડબલ્યુ.ડી.ના કે જિલ્લા પંચાયતના ગેસ્ટ હાઉસ હોય ત્યાં પગીની જગ્યા હોય છે. બધી જગ્યાએ આ પગી નથી કે કોઈ સુવિધા નથી. એ સુવિધા થવી જોઈએ. જ્યારે વર્ગ-૪ના મજૂર કર્મચારીઓ હોય છે એ નિવૃત્ત થઈ જાય છે અથવા મૃત્યુ પામે છે ત્યારે બીજા કર્મચારીની ભરતી કરી શકાતી નથી અને કામો અટવાઈ જાય છે. એટલા માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે મજૂરો જ્યાં જ્યાં ઓછા પડતા હોય ત્યાં મજૂરોની ભરતી થવી જોઈએ. આજે મને લાગે છે કે એમના ખાતામાં સ્ટાફમાં રોડ કારકુનથી માંડીને કાર્યપાલક ઈજનેર સુધી મહત્ત્વની જગ્યાઓ ખાલી હોય ત્યારે અમુક માણસોને શિક્ષણમાં મૂકી દેતા હોય એ બરાબર નથી. એટલે માનનીય મંત્રીશ્રી જાડેજા સાહેબને વિનંતી છે કે જે રીતે ગુજરાત અને રાજ્યના વિકાસની દ્રષ્ટિએ વિચાર્યું છે એ રીતે સમગ્ર ગુજરાતમાં, ગયા વખતે કહ્યું હતું કે હવે દક્ષિણ ગુજરાત ઉપર અમારું ધ્યાન છે એનો અમને આનંદ છે એ દક્ષિણ ગુજરાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરશો એવી વિનંતી છે.

**શ્રી ચીમનલાલ ધ. સાપરિયા (જામજોધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંક: ૮૩, ૮૬ અને પાટનગર યોજના મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૮૭ અને યુવા અને સાંસ્કૃત્તિક વિભાગના મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૯૮ લઈને આવ્યા છ તેને હું મારું સમર્થન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આપણા વચ્ચેથી ભાઈશ્રી સી.જે.ચાવડા જતા રહ્યા. મારે એમને યાદ દેવડાવવું છે, જ્યારે એમની સ્પીચમાં એમણે કહ્યું કે આઝાદીના વર્ષ ૧૯૬૧માં કોંગ્રેસના શાસન દ્વારા લગભગ ૨૨ હજાર કિલોમીટરના રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવ્યા હતા. ૨૨ હજાર કિલોમીટરના રસ્તાઓના કામો પૂર્ણ કર્યા પછી જે એના રીકાર્પેટીંગના કામો સમયસર થવા જોઈએ એ ન થવાના કારણે પ્રજાને કેટલી હાલાકી હતી એ કદાચ સી.જે. ચાવડા ગ્રામીણ વિસ્તારમાં જતા નહિ હોય એના કારણે એમને ખબર નહિ હોય. એટલું જ નહિ, એમના શાસનકાળ દરમિયાન રાજ્યમાં જે સરકારી મકાનોના કામો માર્ગ અને મકાન વિભાગ દ્વારા થતા હતા એ કોઈપણ ગામમાં આપણે જઈએ તો પૂછવાની જરૂર નહિ કે આ મામલતદાર કચેરી છે કે આ તાલુકા પંચાયતની કચેરી છે કે આરોગ્ય વિભાગનું બિલ્ડીંગ છે? કારણ કે એક જ ટાઈપના કામો થતા હતા અને એટલી હલકી ગુણવત્તાવાળા થતા હતા કે માત્ર નજર કરીએ અને ખબર પડે કે આ સરકારી કામ છે. જ્યારે માર્ગ અને મકાન વિભાગની અત્યારની સ્થિતિ છે એમાં અમારા મંત્રીશ્રી આઈ.કે. જાડેજાએ આ વિભાગમાં સતત ચિંતા કરીને રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગને લગતા કામો, એ રસ્તાના કામો હોય કે સરકારી મકાનોના કામો હોય, એની સ્થિતિ આજે પલટાવી નાખી છે. એ સરકારી મકાનો આજે જોશો તો કદાચ ખાનગી કોઈ મોટા ઉદ્યોગ ગૃહનો બંગલો હોય એવા સરકારી મકાનો જોવા મળે છે. એ માત્ર અને માત્ર રાજ્ય સરકારની ઈચ્છાશક્તિનું આ પરિણામ છે. એટલું જ નહિ, માનનીય વિરોધ પક્ષના મિત્રો કદાચ વિકાસના કામોને સમર્થન ન આપી શકે, પણ તાજેતરમાં જ નગરપાલિકાની ચૂંટણીઓ થઈ અને એ ચૂંટણીઓમાં ૨૭ નગરપાલિકામાંથી ૨૨ નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં જે ચુકાદો આપ્યો છે,જે લોકોએ સમર્થન આપ્યું છે એ વિકાસના કામોને સમર્થન આપ્યું છે. કદાચ વિરોધપક્ષના મિત્રો સરકારની સારી કામગીરીના કારણે એ વખાણ કરે તો મને લાગે છે કે કોંગ્રેસના મિત્રો એમને ઠપકો આપતા હશે. પણ જે ખરેખર વાસ્તવિકતા છે એ વાસ્તવિકતાનો સ્વીકાર કરીને આપણે ચાલીશું તો જ લોકો આપણને સ્વીકારશે. જો વાસ્તવિકતાનો સ્વીકાર નહિ કરીએ તો લોકો આપણને સ્વીકારવાના નથી. છેલ્લા વર્ષના ચૂંટણી પરિણામોમાં પ્રજામત શું છે તેનો પણ આપણે વિચાર કરવાની આવશ્યકતા છે.

સૌરાષ્ટ્રના મારા સાથી ધારાસભ્યોને ખબર છે કે સૌરાષ્ટ્રમાંથી અમે જ્યારે ગાંધીનગર આવતા હોય અને ગાંધીનગર આવવાની વાત અમારા ફૅમિલીની અંદર કરીએ કે અમારે ગાંધીનગર જવું છે તો કદાચ એવી પરિસ્થિતિ ઊભી થાય કે એ ટેન્શનમાં આવી જાય અને તુરત જ વાત કરે તમે ગાંધીનગર પહોંચીને પછી ફોન કરજો તો

આપણે કહેવું પડે કે આટલી ચિંતા કરવાની આવશ્યકતા શા માટે છે? ત્યારે સવારમાં ઊઠીને જ્યારે આપણે છાપું ખોલીએ તો છાપાની અંદર, કોઈપણ સામાયિક જોઈએ તો રાજકોટ-અમદાવાદ વચ્ચે ૫-૧૦ અકસ્માત્ ના હોય અને ૫-૧૦ વ્યકિતઓના મૃત્યુ ન થયા હોય એવો ભાગ્યેજ દિવસ જોવા મળતો, જેના પરિણામે ઘરના પરિવારના સભ્યોને આવી ગાંધીનગરની વાત કરીએ એટલે તુરતજ મનોમન સંકલ્પ કરે કે તમે સુખરૂપ પહોંચી જાવ એના માટે બે દીવા માનશે કે ઉપવાસ કરશે. તમે ત્યાં પહોંચીને ફોન કરજો, આ જે પરિસ્થિતિ હતી એ પરિસ્થિતિને રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી રાજ્ય સરકારના આ વિભાગમાંથી રાજ્ય સરકારે ખર્ચ કરીને રાજકોટ અને અમદાવાદનો ચાર માર્ગીય રસ્તો કર્યો અને જેના કારણે રોજબરોજના જે અકસ્માતો થતા હતા એ અકસ્માતો આપણે નિવારી શક્યા છીએ. એટલું જ નહિ આજે કદાચ ભાગ્યે જ કોઈ ચાર માર્ગીય રસ્તો બન્યા પછી કોઈ અકસ્માત જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્રો જ્યારે ગ્રામીણ વિસ્તારમાં પ્રવાસમાં જાય તો એમને અનુભવ થાય કે ખરેખર ભારતીય જનતા પાર્ટીની સરકારે રાજ્યની અંદર આવ્યા પછી ગ્રામીણ વિસ્તારની અંદર જે વિકાસનાં કામો થયેલાં છે એ કેટલા અને કેવાં થયેલાં છે એનો એમને અનુભવ થાય, પરંતુ મારા સાથી મિત્રોએ ક્યારેય ગ્રામીણ વિસ્તારની અંદર લોકોની ચિંતા કરવા માટે પ્રવાસ કર્યો નથી, એટલે ખરેખર ગામડાની વાસ્તવિકતા એમના ધ્યાન પર ના હોય એ સ્વાભાવિક છે. જ્યારે હું ૧૯૯૫ની અંદર રાજ્યની અંદર પહેલી વખત ચૂંટાઈને વિધાનસભાની અંદર આવ્યો ત્યારે સૌરાષ્ટ્રના મોટાભાગના ગામડાની અંદર જે રસ્તાઓની સ્થિતિ હતી એ રસ્તાઓની સ્થિતિની આપણે વાત કરવા બેસીએ તો કદાચ મારા સાથી મિત્રો એ સ્વીકારશે નહિ. ૧૯૯૫માં જામનગર જિલ્લાની અંદર ટકાવારીના હિસાબની અંદર જો વાત કરીએ તો એ સમયની અંદર જે જાગૃત જિલ્લા હતા એ જિલ્લાની અંદર દર ૧૦૦ કિલોમીટરે લગભગ ૫૫ કિલોમીટર ડામરના પાકા રસ્તા જોડાયેલા હતા. પરંતુ દુઃખ સાથે કહેવું પડે કે જામનગર જિલ્લાની અંદર માત્ર સત્તરથી અઢાર ટકા દર ૧૦૦ કિલોમીટરે ડામર રસ્તા જોડાયેલા હતા, ત્યારે મારે સાથી મિત્રોને કહેવું છે કે રાજ્યનો જો સર્વાંગી વિકાસ કરવો હોય તો એક જિલ્લાની અંદર ૫૫ કિલોમીટર દર ૧૦૦ કિલોમીટરે રસ્તા થાય. એક જિલ્લાની અંદર સાડાસત્તર ટકા રસ્તા થાય તો આપણો આ સર્વાંગી વિકાસ છે? રાજ્યના સર્વાંગી વિકાસથી ઝડપી પરિવહન થઈ શકે, ઝડપી માલની સસ્તા દરે હેરફેર થઈ શકે. એટલા માટે રાજ્યની અંદર રસ્તાઓના કામો સમયસર, સારા અને ગુણવત્તાવાળા થાય એ ખૂબ આવશ્યકતા છે એને ધ્યાને રાખીને રાજ્યની અંદર માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યના સર્વાંગી વિકાસ માટે એક પછી એક યોજના અમલમાં મૂકીને રાજ્યનો સર્વાંગી વિકાસ થતો રહ્યો છે એ આપણે સૌએ જોયું છે, એનો પ્રત્યક્ષ આપણને અનુભવ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય માર્ગ યોજના અંતર્ગત સુવર્ણ ચતુષ્કોણ યોજના હેઠળ, રતનપુર, હિંમતનગર, અમદાવાદ, વડોદરા, સુરત અને મહારાષ્ટ્ર બૉર્ડર સુધી ૫૧૫ કિલોમીટરની લંબાઈનો રસ્તો ૧૭૪૨ કરોડ રૂપિયાના ખર્ચે ચાર માર્ગીય કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. પૂર્વ- પશ્ચિમ કોરીડોરની ગુજરાત સરહદેથી પાલનપુર- ડીસા અને સામખીયાળી-રાજકોટ-પોરબંદર સુધીના ૫૮૩ કિલોમીટરની લંબાઈનો રસ્તો ૨૫૭૩ કરોડ રૂપિયાના ખર્ચે આજે પ્રગતિ હેઠળ છે. માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા- સુરતના અનુભાગ ઉપર જે ટ્રાફિકનું ભારણ છે એને ધ્યાનમાં રાખીને એ રસ્તો છ માર્ગીય કરવા માટે જે નિર્ણય કર્યો અને ૧૦૫૦ કરોડ રૂપિયાના ખર્ચે ટેન્ડરો બી.ઓ.ટી.ના ધોરણે મેળવવામાં આવ્યા અને જેના ટેન્ડરો મંજૂર થયાં, ટૂંક સમયમાં છ માર્ગીય રસ્તાનું કામ હાથ ધરવામાં આવશે. અમદાવાદ-વડોદરા રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર-૮ જે ૯૦ કિલોમીટરની લંબાઈ છે એ ૯૫ કરોડ રૂપિયાના ખર્ચે મજબુતીકરણની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. રાજયમાંથી પસાર થતા રાષ્ટ્રીય માર્ગો ઉપર ૯૫ કરોડ રૂપિયાના ખર્ચે ૯૦ કિલોમીટરની લંબાઈના બે માર્ગીય રસ્તાની કામગીરી, ૩૫૦ કિલોમીટરની લંબાઈની સુધારણાની કામગીરી પૂર્ણ કરવામાં આવી. નવા જાહેર થયેલા જે ધોરી માર્ગો છે એ પૈકીના નારાયણ સરોવર તથા સોમનાથથી દ્વારકા સુધીના રસ્તા ઉપર ૯૦ કિલોમીટરનો રસ્તો બે માર્ગીય કરવાની કામગીરી પૂરી કરવામાં આવી છે. ૧૫૦ કિલોમીટરની પટ્ટીની સુધારણા હાથ પર ધરવામાં આવી, ગ્રામીણ વિસ્તારોના રસ્તાઓને જોડવા માટે ધોરીમાર્ગોને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૫૦૦ની વસ્તી ધરાવતા વિસ્તારોને રાજય સરકાર અને કેન્દ્ર સરકાર.....

**અધ્યક્ષશ્રી** : શ્રી માલજીભાઈ દેસાઈ.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર: ૮૩, ૮૬, ૮૭ અને ૯૮ લઈને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશની આઝાદી પછી માતૃ પ્રાણ નામની સ્કીમ આ દેશમાં મુકાઈ, નાગપુર પ્લાનમાં એક મેઈન વસ્તુ એ નવી થઈ હતી કે, દેશના કેપીટલ સાથે રાજયનું કેપીટલ જોડાય, રાજયના કેપીટલ સાથે જિલ્લા હેડ કવાટર જોડાય અને જિલ્લા હેડ કવાટર, તાલુકા હેડ કવાટર સાથે જોડાય આ જાતનું એક પ્લાનીંગ દેશની આઝાદી પછી પ્રથમ સરકારે કર્યુ હતું. આ હાઉસમાં હું ઘણી વખત એવું સાંભળું છું કે, પચાસ વર્ષોમાં શું થયું? ખૂબ નાનો દાખલો આપીને હું મારી આગળ વાત કરીશ, મહેસાણા જિલ્લો, જૂનો મહેસાણા જિલ્લો, ૧૩૫૦ ગામો, એક પણ પાકો રસ્તો નહીં, ઉંઝા થી ઉનાવા, જુનાગઢના નવાબ સાહેબ મીરાદાતારની યાત્રાએ આવે તો ઉંઝા સ્ટેટથી

ઉનાવા ગામ સુધી એક કંકર રોડ હતો ત્રણ થી સાડા ત્રણ કિલોમીટરનો, આખા રાજયમાં એ જમાનામાં કોઈ પાકો રસ્તો નહતો પણ મહારાજા ગાયકવાડના સમયમાં એક આયોજન એવું હતું કે, તમે પંદર કિલોમીટર ચાલો એટલે તમને રેલવે મળી જાય અને રેલવેની જાળ એવી હતી કે, દસ થી પંદર કે વીસ કિલોમીટર જાય એટલે રેલવે મળી જતી હતી, આના અનુસંધાનમાં પચાસ વર્ષ પછી જે નજર કરીએ છીએ આપણે અને હું જે જોઈ રહ્યો છું એ રીતે ગુજરાત રાજયમાં રસ્તાનો જે વિકાસ થઈ રહ્યો છે અને ગુજરાત રાજય જે રીતે આગળ વધી રહ્યું છે એ ખરેખર ખૂબ સારી રીતે આગળ વધી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, એવું નહીં પણ ખાસ કરીને જે તાલુકા મથકો છે અને ગ્રામ્ય મથકો છે. આપણા રસ્તાના જે વિભાજનો છે. નેશનલ હાઈવે હોય, સ્ટેટ હાઈવે હોય, એમ.ડી.આર. હોય, વી.આર. હોય આ બધા રસ્તામાં આપણા મુખ્ય રસ્તા ઉપર વધારે લક્ષ અપાય છે અને ખૂબ સારા રસ્તા છે પણ મારી વિનંતી છે બાંધકામ મંત્રીશ્રીને કે ગ્રામ રસ્તાઓ તરફ પણ વધારે લક્ષ અપાય એ વધારે જરૂરી છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ બાંધકામ વિભાગમાં બે વિભાગમાં કામ ચાલે છે. સ્ટેટ પી.ડબલ્યુ.ડી. અને પંચાયત. પી.ડબલ્યુ.ડી.ના કામમાં મારા અનુભવ પ્રમાણે કામ સારા પ્રમાણમાં થાય છે અને જિલ્લા પંચાયત અંડરના જે કામો છે એમાં ગ્રાન્ટ ઓછી મળે, મોડી મળે, વિલંબ થાય, કોઈ વખત કામ ન થઈ શકે એટલે પંચાયતના રસ્તાનું કામ વિલંબમાં પડે છે. બાંધકામ વિભાગની અંડરમાં જયારે બંને આવે છે ત્યારે બંનેને સમાન ગણીને કામ થાય એવી મારી લાગણી છે. જિલ્લા અને તાલુકાનું વિભાજન થયાને ૭-૮ વર્ષનો સમય પસાર થઈ ગયો છે. જિલ્લા મથક અને તાલુકા મથક ઉપર રાજયની સુવિધા માટે, રાજયની ઑફિસો માટે જે સુવિધા અધૂરી છે નવા તાલુકા, નવા જિલ્લામાં આ કામને અગ્રિમતા અપાય એ ખાસ જરૂરી છે. આજે તાલુકે તાલુકે ન્યાય કોર્ટ નહીં હોવાને કારણે બીજા જિલ્લા સુધી જવું પડે છે. સામાન્ય દાખલો આપું. બહુચરાજી તાલુકો ૫૫-૫૬ ગામનો તાલુકો છે એની સમગ્ર પ્રજાને મહેસાણા જવું પડે છે. આ મુશ્કેલી વહેલી તકે નિવારી શકાય એ ખૂબ જરૂરી છે. એટલું જ નહીં પરંતુ મહેસાણાના પાટણ જિલ્લામાં નર્મદાની મેઈન કેનાલ પસાર થાય છે. એમાં જે એની હાઈટ છે એના કારણે રસ્તાના એપ્રોચ છે એ એપ્રોચ રસ્તામાં વરસાદમાં બહુ મોટા કટીંગ પડે છે અને ઘણી વખત રસ્તાના એપ્રોચ બંધ થઈ જાય છે. આ વખતે મેં કોશિશ કરી તો નર્મદા વિભાગ કહે આ રસ્તાનું કામ બાંધકામ વિભાગનું કામ છે. ફરી પત્ર વ્યવહાર કર્યો તો કહે બંને વચ્ચે પત્ર વ્યવહાર ચાલે છે કે આ રસ્તો કોણ નકકી કરશે? મહેસાણા-બહુચરાજી સ્ટેટ હાઈવે આજોલ ગામ ઉપર નર્મદા નદી ઉપર પુલ બ્રેક થયો એના કારણે ડાયવર્ઝન આપવું પડયું અને ડાયવર્ઝન દોઢ બે કિલોમીટર બિલકુલ કંકર રોડ ઉપર ચાલુ વરસાદમાં ગાડી કયારેક સ્લીપ થઈ જાય. વારંવાર કહ્યા છતાંપણ આજ દિન સુધી કામ થયું નથી. એ જ રસ્તા ચાલુ છે. આવા અગત્યના કામને પ્રાયોરિટી અપાય એ ખૂબ જરૂરી છે. એટલું જ નહીં પણ બીજું ખાસ કરીને મારા વિસ્તારમાં સ્ટેટ હાઈવે પસાર થાય છે. અગાઉ ગૃહમાં પણ ધ્યાન દોર્યું હતું અને અત્યારે પણ મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે કચ્છમાં ભૂકંપ આવ્યો. સૂરજબારી પુલ તૂટ્યો એના કારણે આખા કચ્છનો વ્યવહાર વાયા મહેસાણા-રાધનપુર થઈને આ રસ્તા ઉપરથી પસાર થાય છે. જયાં સુધી પુલ ન થયો ત્યાં સુધી વાહન વ્યવહાર ચાલુ રહ્યો. આ બોર્ડર રસ્તો છે. કચ્છ અને પાકિસ્તાનની સરહદે પાટણનો કેટલોક વિસ્તાર તો પાકિસ્તાનની બૉર્ડરને લાગે છે. રાત્રે ઊભા રહીએ તો કેટલાક ગામમાંથી તો સામે દીવા દેખાય છે. આ રસ્તાને અગ્રિમતા આપીને મારી વિનંતી છે કે નેશનલ હાઈવેમાં કન્વર્ટ કરવા વધારે પ્રાયોરિટી મળશે તો સારું થશે. બીજું ધ્યાન દોરવા માગું છું કે મારા વિસ્તારમાં મહેસાણા પૂર્વના પાણી ખાસ કરીને તારંગા ટેકરીથી માંડીને કચ્છના રણને પાણી મળે છે. નદી પસાર થાય છે. ખારી, રૂપેણ અને પુષ્પાવતી. આ રસ્તાના કિનારા ઉપર આવેલા ગામો ચોમાસામાં બેટ સમાન બની જાય છે. રસ્તાના એપ્રોચ થઈ શકતા નથી આને કારણે ઘણી મુશ્કેલી થાય છે. મારી વિનંતી છે કે મારી વિભાગની અંદર ઘણી માગણીઓ પડી છે. એવાં ગામનાં રસ્તા વહેલી તકે ડીપ થાય તો ગામો એપ્રોચેબલ બની શકે, એટલું જ નહિ ઘણા વખતથી માગણી હતી અમારા મોટપ પુલની આ વખતના આયોજનમાં આમેજ થયું છે એને માટે હું ખુશી વ્યક્ત કરું છું. ડોડીવાળા પુલ જે વહીવટી આંટીઘૂંટીમાં ગૂંચવાયો હતો, એને પણ બહાર કાઢીને કામની શરૂઆત કરાવી છે, એટલા માટે આભાર માનું છું, મારે બીજી વાત કરવી છે કે જ્યારે કેપીટલની વાત આવી છે, ત્યારે એક વસ્તુ તરફ ધ્યાન દોરવું છે કે પછાત વર્ગના સામાજિક શૈક્ષણિક મંડળો જ્યારે જાગીને શિક્ષણના હેતુ માટે જમીન કેપીટલમાં માગી રહ્યા છે, ત્યારે ઠીક ઠીક સમયથી વિલંબ થઈ રહ્યો છે. બીજા દ ણા વિભાગને આપીએ એનો ઈકરાર ન હોઈ શકે, પરંતુ શૈક્ષણિક હેતુઓ માટે નાના મંડળો, સામાજિક સંગઠનો કરીને દીકરીઓ માટે દીકરાઓ માટે થઈને જે નાણાં વિભાગમાં માગણી કરે છે, એવી માગણી ખાસ કરીને પછાત વર્ગના શૈક્ષણિક વર્ગની અને ખાસ કરીને બહેનો, દીકરીઓના વર્ગની ઘણા વખતથી માગણીઓ પડી છે. આ રાજ્યની અંદર પછાત વર્ગ માટે ગોપાલક વર્ગની બહેનોનું છાત્રાલય મોટા વર્ગનું ચાલી રહ્યું છે, એની એક માગણી ૫ વર્ષથી પડતર છે. માનનીય મંત્રીશ્રી રસ લઈને મદદ કરે તેવી વિનંતી કરું છું. એક બીજું જે રસ્તાઓ નવા થાય છે, એની તરફ બહુ ગંભીરતાપૂર્વક ધ્યાન દોરવા માગું છું. આપણે જે પ્લાનિંગ કરીએ છીએ, એના કારણે કુદરતી વહેણ છે, એને આપણે નજર અંદાજ કરીએ છીએ. એના કારણે જ્યારે હેવી ફ્લો થાય છે અને જેના કારણે ઓવર ટેપિંગ થઈને આખો વ્યવહાર બંધ થઈ જાય, ત્યારે નવી વસ્તુઓ થતી હોય ત્યારે આ કુદરતી વહેણોને બરાબર ધ્યાનમાં લઈને પાણીના વહેણને કાઢવામાં આવે તેટલી વિનંતી સાથે વિરમું છું.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા (મોરબી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની ૮૩, ૮૬, ૮૭ અને યુવા અને સાંસ્કૃતિક મંત્રીશ્રી જે ૯૮ ની માગણી લઈને આવ્યા છે એમાં મારો સૂર પુરાવવા અને આભાર માનવા માટે ઊભો થયો છું.

હું અત્યારે સાબરમતી જેલમાં યોગ, આસન અને શિક્ષણની પ્રવૃત્તિ કરું છું. એક વર્ષ પહેલાં આવ્યો ત્યારે આપશ્રીએ ટપાલ લખવાની મંજૂરી આપી હતી, જ્યારે નિયમ પ્રમાણે કાયદો બધાને સરખો લાગુ પડતો હોય, સાબરમતીમાં ભેદભાવ ન હોય, બધા સરખા હોય ત્યારે ટપાલ લખવાની મંજૂરી આપી અને એ મંજૂરીના આધારે જે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને નરેન્દ્રભાઈની સરકારના તમામ મંત્રીશ્રીઓને ત્યાંથી પોસ્ટકાર્ડ લખતો અને વિકાસનાં કામ બહાર કરતાં એનાથી પણ વિશેષ લાભ મળ્યો એ બદલ સરકારનો આભાર માનું છું. મારા વિસ્તાર પુરતી વાત કરવા આવ્યો છું. મારા વિસ્તારમાં પોસ્ટકાર્ડ લખાય અને મંત્રીઓ કાર્યક્રમ કરે, આયોજન મંજૂર કરે. હું વાત કરું મંત્રીશ્રી આઈ.કે.જાડેજા વિષે કે મારા તમામ રસ્તાની વાત કરું. ૧૯૯૫ માં ચૂંટાયો ત્યારે સાત જ ગામમાં રસ્તા હતા અને અત્યારે ૩ ગામમાં બાકી છે. ૩ ગામનાં નામ દઉં એટલું કહું એટલે મારા વિસ્તારનાં બધાં કામ થઈ જાય, જ્યારે એક વર્ષ બાકી છે અને મારા વિસ્તાર માટે મેં કાઈ કર્યુ એવું થાય. માનનીય ચીમનભાઈએ વાત કરી કે રાજકોટથી અમદાવાદમાં આવતા હોય તો ઉપાધિ ઘરનાને થાય એવી દશા મોરબીથી રાજકોટ જવું હોય તો એવી પોઝિશન હતી કે દરરોજ એક્સિડંટ થાય. મોરબીથી વાંકાનેર, મોરબીથી માળીયા જવું હોય તો તેવી પોઝિશન હતી. આજે તમામ રસ્તાઓમાં ૧૦૦-૧૨૫-૧૫૦ કરોડનાં કામ ચાલે છે એ કામને આધારે ખુશ છું, એ માટે આઈ.કે. જાડેજાને અભિનંદન આપીશ. ભૂકંપ પછી મારા વિસ્તારમાં કામ થયાં, જે ૫ કરોડ, ૨૫ કરોડ, ૧૦૦ કરોડનાં બધાં કામ થઈ ગયાં અને મારા વિસ્તારનાં કામ માટે જે સ્વપ્નું હતું. મારા વિસ્તારમાં જાવ તો ઑફિસ ફાઈવ સ્ટાર હોટલ જેવી બનાવી દીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફાઈવ સ્ટાર હોટલને ભૂલી જાઓ. લાલબાગમાં જવા જેવું છે, નમૂના જેવું છે. મારા બધા મિત્રોને ખ્યાલ આવે કે ભાજપની સરકારે શું કર્યુ. તેમાં જે મણીમંદિર હતું તેવું મંદિર હતું. ગુજરાતમાં નંબર વન કોતરણી કામના આધારે હતું. તે પડી ગયું. ઘણા સમયથી મારી માગણી હતી તે માગણી માનનીય મુખ્યમંત્રીશ્રી અને આઈ.કે.જાડેજા સાહેબે મંજૂર કરી અને બાર કરોડ રૂપિયા આપ્યા, ત્યાં ખાલી ઑફિસો બેસવાની નથી. કંઈ કરવાનું નથી પણ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના આધારે ગોઠવી આપે અને નંબર વન કોતરણી કામના આધારે થવાનું છે તો મારી લાગણી છે કે અહીં જગ્યા ખાલી રહેવાની છે. ત્યાં ફક્ત ગુજરાતના જ નહીં પણ ભારતના અને વિદેશના લોકો આવે અને ટુરિઝમ જેવું કંઈક બને અને તેનું કામ પણ ચાલું થવાનું છે. જો આમ કરવામાં આવશે તો મને એમ થશે કે કંઈક સારી જગ્યાએ તેનો ઉપયોગ થયો છે.

આ તમામ પ્રશ્નો મેં બે દિવસ, મને પાંચ દિવસના પેરોલ મળ્યા છે. તેમાં બે દિવસનો જે લાભ મળ્યો છે તે તમામ મંત્રીશ્રીઓને કાગળ ઉપર નાના નાના અને હવે તો કંઈ મૂકવા જેવા જ નથી પણ રસ્તાની વાત કરું તો ભકિતનગર ગામ છે મોરબી તાલુકાનું ત્યાં નાનકડો રસ્તો છે. બીજું રવાપર નદી છે તેનો નાનકડો રસ્તો છે. બીજું મીઠાના ઉદ્યોગમાં જવાનો રસ્તો છે તે તૂટી ગયો છે. વેણાસર ગામનો રસ્તો છે. આ ત્રણ રસ્તાઓ બાકી છે. આ ત્રણ રસ્તાઓ થઈ જાય તો મારા વિસ્તારમાં સો ટકા રસ્તાના કામ પૂરાં થઈ જશે. જેમ સો ટકા પાણી, ડેમ અને સિંચાઈના કામો થયાં છે. મોરબી શહેરમાં સાહેબ તમને નવાઈ લાગશે કે ખાલી પોસ્ટકાર્ડથી મેં માનનીય જાડેજા સાહેબને વાત કરી તેમણે ત્યાં જઈ ઉદ્યોગકારો સાથે મીટિંગ કરી સર્કલ બનાવવાની વાત કરી અને આજે સાહેબ ધમધોકાર તેનું કામ ચાલી રહ્યું છે. આ તબક્કે મારા વડીલ ભાઈઓ અને ભાજપની સરકારનો ખૂબ આભાર માનું છું. આભાર માન્યા પછી વાત કરું તો મારા વિસ્તારમાં બે તાલુકા પંચાયતો આવે છે તે સો ટકા ભાજપની છે. ચાર જિલ્લા પંચાયતની સીટ આવે છે તે સો ટકા ભાજપની છે. છ નગરપાલિકાઓ આવે છે તે ભાજપની છે. એક નગરપાલિકા ગુજરાતના પચાસ વર્ષના ઈતિહાસમાં મને એવું લાગે છે કે આ સૌ પ્રથમ દાખલો હશે સમરસ નગરપાલિકા બનાવી દીધી છે. મારા વિસ્તારમાં સમરસ નગરપાલિકા માત્ર કહેવાથી. આ સમરસ નગરપાલિકાના ક્ષેત્રમાં વધારે સહકાર આપે તેવી વિનંતી. હું આજે સાંજે પાછો સાબરમતી જેલમાં જવાનો છું. મારા કોઈ પોસ્ટકાર્ડ આવે તો આવાને આવા વિકાસના કામો કરશો તેવી અપેક્ષા રાખું છું. ભારત માતાકી જય.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન મંત્રીશ્રી તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી જે માગણી નં.૮૩, ૮૬, ૮૭ અને ૯૮ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાનની વાત આ હાઉસમાં કરવા જેવી જ નથી તે સૌ જાણે છે એટલા બધા સરસ કામો થયા છે અને ચાલે છે. દરેક પક્ષની સાહેબ એક વિચારધારા હોય છે. ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સારા રોડ બનાવવાની હતી અને પહેલાં •* (XXX) સાચી વાત છે.

**અધ્યક્ષશ્રી** : બિનજરૂરી શબ્દ પ્રયોગ ન કરીએ.

---

• * **(XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક છે. * (XXX) જે પ્રગતિપથ, કિસાનપથ આ બધા રસ્તા ત્યારે..

**અધ્યક્ષશ્રી** :બિનજરૂરી શબ્દ પ્રયોગ ન કરીએ. તેનાથી સમય બગડે છે. હવે બોલશો તો હું તમને બેસાડી દઈશ.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો ગામડામાં વાતો થાય છે એટલે કહું છું. કિસાનપથ, કોઈપણ સરકારે આનો વિચાર નહોતો કર્યો. નગરપાલિકાઓમાં કિસાનપથ. આજે ૪૫-૪૫ નગરપાલિકાઓમાં ફોરટ્રેક રસ્તા બનતા હોય. આ તો ઠીક છે એ વાત નહીં કરું પણ ચૂંટણી આવે ત્યારે તો જૂએ છે કે એનાં કેવાં પરિણામો આવે છે. આમાં કાકા જુઓ એટલે કુટુંબ જોવાઈ જાય, આ એક જૂની કહેવત છે. સારાં કામો હોય એટલે લોકો મત આપે. કિસાન પંથનું નામ ન હતું, વિકાસ પંથનું નામ ન હતું, પ્રગતિ પંથનું નામ ન હતું અને આ ભાજપની સરકારે અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે નામ આપ્યા પછી કામ થયાં, એકલા નામ નહીં પણ કામ થયાં છે. આજે કોઈ પણ ગુજરાતની સરહદમાં દાખલ થાય તો ગુજરાતની સરહદમાં ઝાકઝમાળ દેખાય, તરત જ ખબર પડે કે આ ગુજરાતની હદ આવી ગઈ. માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં ખબર પડતી હતી પણ એ જુદી રીતના ખબર પડતી હતી, આજે પ્રગતિ પંથમાં જે કામગીરી થઈ છે અને જે પ્રગતિ યોજનામાં નવા રસ્તાઓ લેવામાં આવ્યા છે એ રસ્તાઓ બનતાં ગુજરાતમાં આડાઅવળા રસ્તા જવા માટે આઠ થી દશ કલાકનો સમય બચશે, શોર્ટકટ રસ્તા બનશે માનનીય અધ્યક્ષશ્રી, મને કેરાલા જવાનું મન થયું અને હું ત્યાં ફરવા ગયો તો મને ત્યાંના મારા જાણીતા મિત્રો બે ત્રણ મળી ગયા, એમણે મને કહ્યું કે, ગુજરાતના ધારાસભ્ય? તો મેં કહ્યું કે, હા, તો એમણે કહ્યું કે અમે ત્યાં વર્ષો સુધી પંચર કરતા હતા પણ હવે કેરાલા પાછા આવી ગયા, રસ્તા એવા સારા થયા છે કે પંચરનું કામ મળતું નથી. આ તો માનનીય અધ્યક્ષશ્રી, આ એક દાખલો મેં કેરાલાનો આપ્યો, માનનીય ગૃહમાં હું ખોટું નહીં બોલું, પંચરવાળા નારાજ થયા. એક લાખ કિલોમીટર ગાડી ચાલે તો ખખડે નહીં પણ આ સો વર્ષ જૂની કોંગ્રેસ ખખડી ગઈ આ રસ્તાઓના કારણે, બીજું કાંઈ નહીં પણ કોંગ્રેસ આ રસ્તાઓને કારણે ખખડી ગઈ, તો આ તાકાત રસ્તાઓમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રની વાત કરીએ તો, અમારા સૌરાષ્ટ્રમાં પહેલા બીજા ફેજના કામો પણ આજે થોડાક પ્રગતિમાં ઓછા છે એનું ૩૨-૩૫ ટકા કામ થયું છે જ્યારે મધ્ય ગુજરાતમાં જોઈએ તો સો ટકા કામ થયું, નાબાર્ડ અને કાબાર્ડના રસ્તાઓના કામો ચાલે છે. (અંતરાય) કાબાટ, કાબાટ, માનનીય અધ્યક્ષશ્રી, અક્ષરમાં ફેર પડે, બાકી તોડમાં ફેર ના પડે, ઓછું ભણ્યા હોય તો ચાલે વાત, પણ મારે કહેવું છે કે ગયા વર્ષે મારા વિસ્તારનો મારા સસરાના ગામનો પ્રશ્ન હતો અને ૪૫ લાખ રૂપિયા મંજૂર કર્યા ત્યારે મને શંકા જતી હતી કે આ કામ થશે કે કેમ પણ એ કામ થઈ ગયું અને તે સમયે જ મારું માન એટલું બધું વધી ગયું કે પહેલાં તમે જાઓ તો બાજરાનો રોટલો આપતા હતા પણ હવે સુરમુ આપે છે, બોલો. ખાલી એક દાખલો આપું તો, આખા ગુજરાતની જનતાનું કેટલું માન વધ્યું હશે? તો આ એક તાકાત રસ્તાની છે, રસ્તામાં કેટલી તાકાત છે જુઓ તો ખરા, પહેલાં જ્યારે રસ્તો ન હતો ત્યારે જતા હતા તો કોઈ બોલાવતું ન હતું, આ ૫૦ લાખનો રસ્તો થયો એટલે આખું વાતાવરણ ફર્યું. આ રસ્તાઓની કામગીરીને કારણે આખા દેશમાં ગુજરાતની નામના છે. કેટલી સિદ્ધિ છે? આ તો નાની એવી એક વાત આપને કરી બતાવી. આખા દેશમાં લોકો ગુજરાતને એ રસ્તાના નામે ઓળખશે. ગુજરાતના રસ્તા આખા દેશમાં એક રાહ બતાવે છે અને જે અત્યારે જે યોજનાઓ ચાલે છે એ યોજનાઓ પરિપૂર્ણ થતાં ગુજરાત નંબર વન બનશે, બન્યું છે, એમાં કોઈ શંકાને સ્થાન નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મને ચિંતા એ છે કે, આ રસ્તાઓ બધા પૂરા થાય, નગરપાલિકાઓના, શહેરોના, માઈનોર બ્રીજના, એ બધા રસ્તાઓ પૂરા થશે ત્યારે સામેવાળાઓની, કોંગ્રેસની સંખ્યાનું શું થશે? એની કોઈ કલ્પના નથી અને જ્યારે પ્રગતિ પંથની વાત કરું, કિસાન પંથની વાત કરું તો બે હજાર, ત્રણ હજારની વસતિવાળા ગામોમાં જવા માટે લોકો ખુશ ન હતા એને બદલે હજી તો કામગીરી શરૂ થઈ છે અને એ પૂરી થશેને ત્યારે એકેએક ધારાસભ્યની કેટલી કિંમત થશે? એનું કોઈ માપ નથી. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી પાંચ -પાંચ, સાત-સાત હજારની વસતિવાળા ગામોના પાદરમાં જે નદીઓ હતી એ નદીઓ ઉપરથી ગામના લોકો જ્યારે ચોમાસા દરમિયાન પૂર આવે ત્યારે ચાર- ચાર કલાક, છ- છ કલાક, રાત્રી રોકાતા હતા, આ સરકારે એક એક ગામોના પાદરની નદીને પુલ બનાવીને એ ગામોને સલામતી આપી છે. આજે કિસાન પથના રસ્તાઓ થતા ખેડૂતોને પોતાનો માલ માર્કેટ યાર્ડમાં લઈ જવાનો હોય તો મણે બે રૂપિયા ભાવ વધી જાય છે અને જેને ૫૦૦ મણ માલ હોય એને એક હજાર રૂપિયાની આવક આ રસ્તાને કારણે વધી ગઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે, જે પીપાવાવ કોરીડોર રસ્તો જેનો નંબર-૧ આપ્યો છે એનું વહેલાસર કામ શરૂ થાય અને પ્રગતિમાં આવે એ જરૂરી છે એની સાથે સાથે થોડાક જૂના રસ્તાઓ છે એ ભલે કોંગ્રેસના વખતના હતા પણ મોટું મન રાખીને અધૂરા છે એ પૂરા કરીએ. જે કેરાળા-ધાર-પિઠવડી રસ્તો બહું જૂનો છે, ધાર-પિયાવા રસ્તો જૂનો છે, ફેવી-ભેખરા-ડેડકડી રસ્તો પણ જૂનો છે એના માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ જૂના રસ્તાઓ ભલે કોંગ્રેસ વખતના હોય એને જોબ નંબર આપ્યા છે પણ સમય ગયો છે એ

વહેલીતકે હવે પૂરા થાય એ જરૂરી છે. એજ રીતે કુંડલા-મહુવા રોડ અમારો સ્ટેટ હાઈવે રોડ છે, એમાં કારણ ગમે તે હોય પણ કુંડલાથી શરૂ થઈ ૧૦ કિલોમીટર પહોંચ્યો છે અને મહુવાથી શરૂ થઈ ૩૦ કિલોમીટર સુધી થયો છે પણ વચ્ચેનો ૩૦ કિલોમીટરનો રસ્તો ૧૯૯૫ પહેલાનો બાકી છે એ કુંડલા-મહુવા-રાજૂલા રોડ, કિલોમીટર-૧૦. એમાં માનનીય મંત્રીશ્રી ખાસ રસ લે અને જે આવા રસ્તાઓ અધૂરા હોય એમાં થોડુંક જે કંઈ થયું હોય એ જતું કરીને રસ્તાઓના કામ ફરીથી તાત્કાલિક ચાલુ કરાવો એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ ખાસ મારે એટલું જ કહેવું છે કે, કાપ દરખાસ્તનો હું હેતુ સમજી શકયો નથી. શા માટે આ કાપ દરખાસ્ત લાવવામાં આવે છે? કે પછી વિરોધ પક્ષે બેઠા છે એટલે કાપ દરખાસ્ત વિરોધ પક્ષને લાવવી પડતી હશે એટલે લાવતા હશે. બાકી આમ તો સર્વાનુમતે કહેવું જોઈએ કે આ જેટલા રૂપિયા મૂકયા છે એ મારી દૃષ્ટિએ ઓછા છે આમાં હજુ ૫૦૦ કરોડ વધારે મૂકવા જોઈએ અને આ કાપ દરખાસ્તો ન લાવવી જોઈએ અને તો જ વધારે ગુજરાતનો વિકાસ થાય, સારા રસ્તાઓ થાય. સારા રસ્તાઓ હશે તો પ્રજા ખૂબ સારી રીતે રહી શકશે અને તો જ મેં કહ્યું તેમ ગુજરાત દેશનું એક મોડેલ રાજય બનશે. વિશેષમાં જે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના છે એમાં પણ અમારા સૌરાષ્ટ્રના ફેઝ-૧ અને ફેઝ-૨ના કામ હજૂ પણ પૂરા થયા નથી, એમાં થોડીક કાળજી લેવાય અને વહેલીતકે આ કામો પૂરાં થાય, આજે મધ્ય ગુજરાતનાં કામો ફેઝ-૫ના ચાલુ છે ત્યારે સૌરાષ્ટ્રના કામો પ્રગતિમાં થોડાક ધીમાં છે તો વહેલીતકે એ કામો પૂરાં કરવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને આપના મારફત વિનંતી કરું છું.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, માગણી ક્રમાંકઃ ૮૩, ૮૬, ૮૭ અને ૯૮ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક એવું રાજય છે કે, હંમેશા જે કોઈ સરકારો આવી હશે, કારણ કે મારો ૩૫ થી ૪૦ વર્ષનો અનુભવ છે કે, જે કોઈ સરકારો આવી હશે એણે ગુજરાતમાં શાંતિ-સમૃદ્ધિ અને વિકાસ થાય, ગુજરાતની પ્રજા આબાદ બને અને સુખી થાય એ ધ્યેય સાથે દરેક સરકારે કામ કર્યું છે. ઓછા વત્તા પ્રમાણમાં કામ થયું હશે પણ જેમણે કામ કર્યું છે, હું પણ એક સમયે મંત્રી હતો ત્યારે ૧૯૭૫ થી ૧૯૮૦ સુધી કેપિટલ પ્રોજૅકટ મારી પાસે હતો ત્યારે ગાંધીનગરની કેવી સ્થિતિ હતી એનો પણ મને ખ્યાલ છે. આપણે આજે જે ભવન નીચે બેઠા છીએ એ ભવન પણ એ સમયે મારા વખતમાં થયું હતું. એનો છેલ્લો સ્લેબ ભરાતો હતો ત્યારે હું નીચે ઉતર્યો હતો અને અમારી સરકાર ગઈ હતી. પરંતુ ગાંધીનગરનું જે બાંધકામ છે એનું આયોજન સમગ્ર ભારતમાં ચંદીગઢમાં પાટનગર યોજના છે એ રીતે આ આખી યોજના બનાવી હતી અને તે વખતે શ્રી મેવાડા ટાઉન પ્લાનર હતા એમણે ગાંધીનગરનું પ્લાનિંગ કર્યું હતું. કેમ કે સમગ્ર ભારતમાં એક ચંડીગઢ પાટનગર તરીકે મોખરાના સ્થાને હોય તો ગુજરાતનું નામ શા માટે મોખરે ન રહે? એ માટે આ બધું જોઈને ગાંધીનગરનું આયોજન કર્યું હતું. તે વખતે પાટનગર યોજના બનતી હતી ત્યારે પૈસાની કોઈ ખોટ ન હતી. એના સેકટરો, રસ્તાઓ, સોપીંગ સેન્ટરો, પ્રાથમિક શાળાઓ, ઉદ્યાનો, રમત-ગમત સંકૂલો, અને રંગમચ તથા તરવૈયાઓ માટેના સ્વીમીંગ પુલોના સંકૂલો એવા ઘણાં બધા સ્ટ્રકચરો આપણે તૈયાર કર્યા હતા. ગાંધીનગરનો વિકાસ થાય એટલા માટે જે કંઈ કેળવણી મંડળો હતા એમને બોલાવી બોલાવીને ઓછાં ભાવે આપણે જમીનો આપી હતી કારણકે ગાંધીનગરનો આપણે વિકાસ, પાટનગરનો આપણે વિકાસ કરવો હતો, ધાર્મિક સ્થળો વધે, ધાર્મિક સ્થળોમાં અક્ષરપુરૂષોત્તમ ગણો, કે ક્રિશ્ચિયનોના દેવળ ગણો કે જૈન દેરાસર ગણો એમને બોલાવી બોલાવીને ઓછાં ભાવે આપણે જમીનો આપી કારણકે ગાંધીનગરને એક મૉડલ પાટનગર તરીકે આપણે વિકસાવવું હતું ત્યારે એ રીતે જે કામ કર્યુ છે એની આપણે સરાહના તો કરો અને જે લોકો કામ કરી ગયા છે આની વાત તો આપણે સ્વીકારો ત્યારે આપણે દિનશા પટેલને કેમ ભૂલી જઈએ છીએ, જેની માગણી કોઈપણ જાતના વાદ વિવાદ સિવાય આપણે પસાર કરી હતી. બાંધકામ ખાતાના મંત્રી શ્રી બાબુભાઈ પટેલને કેમ ભૂલી શકીએ? જેમણે સમગ્ર ગુજરાતને ધ્યાનમાં રાખીને નાગપુર યોજના હેઠળ એક ગામડાને અથવા તાલુકાને જિલ્લા મથક સુધી આવરી લેવાનું કામ કર્યુ હતું એ કામ આપણે ભૂલી જઈએ છીએ. કોંગ્રેસે કંઈ નથી કર્યુ, જે કંઈ કર્યુ છે એની સરાહના ન કરો પણ જે ખોટું ચાલે છે એના માટે મનમાં તો સહેજ શેહ શરમ રાખવી જોઈએ ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં વધારે વાત હું કરવા પણ માગતો નથી. સારું કામ ચાલે છે. સમગ્ર ગુજરાતની દૃષ્ટિ રસ્તા પર જ હોય છે કારણકે એનો વિકાસ, ગામડાનો વિકાસ રસ્તા પર રહેલો છે, ખેતીનો વિકાસ ગણો, શૈક્ષણિક વિકાસ ગણો, વાહન વ્યવહારનો વિકાસ ગણો ખેતીની આબાદી વધારે થઈ, માલ એક ગામથી બીજે ગામ લઈ જવાની આ બધી ઘણી બાબતો છે. આજે શિક્ષણની ભૂખ વધી છે બાળકો માટે એક ગામથી બીજા ગામ જવા માટેના રસ્તાઓનું આયોજન છેજ. એ રીતે ખેતીમાં પણ આબાદી વધી છે ખેડૂતોનો માલ એક ગામથી બીજે ગામ લઈ જવા માટે વ્યવસ્થા હોવી જ જોઈએ. આવી ઘણી બધી બાબતોમાં આપણે એકબીજાને જોડવાનું કામ કર્યુ છે.

મારે લાંબી વાત નથી કરવી પણ અમે પરામર્શ સમિતિમાં એક નક્કી કર્યુ હતું કે જે પરાં વિસ્તારો છે એને ચોવીસ કલાક વીજળી મળવી જોઈએ, કારણકે જે ગ્રામ્ય વિસ્તારો છે એનાથી એ અલગ રહી શકે નહિ. એ વાત સરકારે સ્વીકારી અને એમાં પરામર્શ સમિતિમાં આપણે મૂક્યું છે પરંતુ પરામર્શ સમિતિમાં નહિ પણ આજે વિધાનસભા ગૃહમાં મૂકવા માગું છું કે ગુજરાતના જે આ પરાં વિસ્તારો છે જે પરાં વિસ્તારો આજે પણ રસ્તાથી

વંચિત છે કાચા રસ્તાઓ છે તે પાકા રસ્તાથી જોડાયેલા નથી આપણે કિસાન પથ કે પી.એમ.જી. રોડ કે બીજા ઘણા રસ્તા છે કેટલાકને આપણે આવરી લીધા છે પણ જે પરાંના રસ્તાઓ રહી ગયા છે એ પરાંના બાળકોને ગામમાં જવા માટે એમના શિક્ષણ માટે આવતા હોય, વેપાર ધંધા માટે આવતા હોય, રોજગાર ધંધા માટે આવતા હોય, મજૂરી કામ માટે આવતા હોય એવા રસ્તાઓથી સમય બચે એટલા માટે એવું નક્કી કરો કે ૧૫૦૦-૨૦૦૦ની વસતિ અથવા તો એક હજારની વસતિ ધરાવતા આવા પરાંઓને રસ્તાથી આવરી લેવા જોઈએ જેથી જેમ જ્યોતિ ગ્રામ યોજનામાં તમે જેટલી નામના મેળવી છે એટલું જ ગૌરવ તમે આ પરાં વિસ્તારના રસ્તાઓ જોડી દેશો તો મને લાગે છે કે એક મોટામાં મોટું કામ ગુજરાત માટે ગૌરવ લેવા જેવું કામ થશે. આ રસ્તાઓની બાબતમાં એક માગણી અને સૂચન કરું છું કે મારા જ વિસ્તારની હું વાત કરવા માગું છું કે અમારા વિસ્તારમાં પચીસ - ત્રીસ એવાં પરાંઓ છે જ્યાં એક હજારની કે પાંચસોની વસતિ છે બીજી બધી સગવડો છે ત્યાં વીજળીની સગવડ છે, પ્રાથમિક શાળાની સગવડ છે, ત્યાં દૂધ મંડળીઓ છે, કરિયાણાની દુકાન છે, શોપીંગ સેન્ટર છે આ બધું છે ખરું પણ રસ્તાથી વંચિત છે એવાં પરાંઓને આવરી લેવાં જોઈએ એવા અમારા ઘણા ગામો છે. એ યાદી હું પછી રજૂ કરીશ. બીજું હું આખું બજેટ જોઈ ગયો છું, આણંદ જિલ્લા અને ખેડા જિલ્લા માટે કઈ જગ્યાએ કઈ રકમ મૂકી છે એનો કોઈ જગ્યાએ ઉલ્લેખ નથી ખેડા જિલ્લામાં, આણંદ જિલ્લામાં અતિવૃષ્ટિ થઈ એમાં જે રસ્તાઓ ધોવાઈ ગયા, નાળા ધોવાઈ ગયા, પુલો ધોવાઈ ગયા એમાં આપણે શું કરવા માગીએ છીએ કયાં સુધી કામ લઈ ગયા છીએ, કેટલું કામ થયું છે, કેટલું કામ બાકી છે ગઈ વખતે પણ મેં એક સૂચન કર્યુ હતું કે આપણે રસ્તાઓ બનાવો એમાં કઈ જાતનો કયો માલ વપરાય છે, કેવી કપચી વપરાઈ, કેટલી રેતી વપરાઈ, કેટલો ડામર વપરાયો, કેટલું સેન્ડીંગ વપરાયું , કેટલો માલ વપરાયો છે એનું એક બોર્ડ મૂકાવો કે જેથી જાહેર પ્રજાને ખબર પડે કે આ રસ્તો આ રીતે થવાનો છે નહિ તો રસ્તાઓ ઘણાબધા જે થાય છે ઘણા રસ્તાઓ સારા પણ થાય છે અને ઘણા રસ્તાઓ એવા થાય છે કે એકાદ વર્ષમાં જ તૂટી જાય છે. ચોમાસું આવ્યું નથી અને તૂટી જાય છે ત્યારે દિન-પ્રતિદિન ખર્ચા વધ્યા કરે છે. કામ એવું સરસ કરો મારે ત્યાં ઘણાં જૂના રસ્તાઓ છે કે જેમાં પાંચ-દશ વર્ષ સુધી તેની સામું જોવું પણ પડયું નથી. આજે એકાદ બે વર્ષમાં તો રસ્તાઓ તૂટી જાય છે ત્યારે તેમાં જે માલ વપરાય છે તેની તપાસણી કરવી જોઈએ. તેનું ચોક્કસ મોનીટરીંગ થવું જોઈએ. મોનીટરીંગ થતું નથી તેને કારણે તે રસ્તો તૂટી જાય છે ત્યારે મેં જે પરા વિસ્તારની વાતો કરી. લાંબી તો ઘણી વાતો છે પાટનગર યોજનાની વાત તો ઘણી મોટી છે. પણ પાટનગર સારાય ભારતમાં ગુજરાતનું નામ રોશન કરે એવું પાટનગર બને એવી સૌ કોઈની ઇચ્છા છે. અમારી અને તમારી આમાં કોઈ પક્ષાપક્ષી નથી. ગુજરાતનું ગૌરવ અને આબરૂ વધે કારણકે ગુજરાતીઓની કોઠાસૂઝ ઉંચા પ્રકારની છે, ત્યારે ગુજરાત પોતાનું ગૌરવ લઈ શકે આ પાર્ટી કે પેલી પાર્ટી નહીં આપણે શા માટે આવ્યા છીએ. આ વિધાનસભા ગૃહ તમે જુઓ, ટાઉન હોલ જુઓ, જિમખાના જુઓ, ૨૯નો બાગ જુઓ, સેકટરોના રસ્તાઓનું આયોજન જુઓ, ત્યાંના શોપીંગ સેન્ટરો જુઓ, ત્યાંની પ્રાથમિક શાળાઓ જુઓ આજસુધી કોઈ પણ વ્યકિતએ એમ નથી કહ્યું કે એકાદ ખીલી ઓછી મારી છે. તે જો ગૌરવ લેવા જેવું હોય તો તે બાબુભાઈની સરકારમાં થયું હતું તે કેમ આપણે ભૂલી જઈએ છીએ. સમયની પાબંધીને કારણે વધારે કંઈ કહી શકતો નથી પણ મેં જે સૂચન કર્યુ છે કે પરા વિસ્તારોને આવરી લો. જો તમારે ગુજરાતના લોકોની, પ્રજાની સુખ-સમૃદ્ધિ અને તેનું ગૌરવ વધારવું હશે તો મને લાગે છે આ જે ખેડૂતો છે, વેપારીઓ છે, મજૂર લોકો છે તેની એક સારી કામગીરી કરવાની તક મળશે અને તેમાંથી લોકો સુખી થઈ શકશે એટલી બાબત સાથે હું વિરમું છું.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી અને યુવા સાંસ્કૃતિક વિભાગના મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રીની જે કામગીરી છે અને તેમના વિભાગની જે કામગીરી છે તેને આપણે જેટલાં અભિનંદન આપીએ એટલા ઓછાં છે અને હું તો માનનીય માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રીને કહીશ કે અમે માગ્યુ અને તમે અમને આપ્યું. તમારા વિભાગે અમને કયારેય ના નામના શબ્દનો અહેસાસ નથી થવા દીધો. એટલે આ માર્ગ અને મકાન વિભાગની જ્યારે માગણીઓ આવી છે ત્યારે સામી પાટલીએ બેઠેલાં મારા વડિલ મિત્રોએ પણ તેને આવકારી છે, ટીકા નથી કરી એટલે સ્વભાવિકપણે એમ કહી શકાય કે હ્રદયના ઊંડાણમાં પણ આ વિભાગ માટે અને આ વિભાગની કામગીરી માટે તેમને પણ આનંદ છે. ઠીક છે સી.જે.ચાવડા અમારા મિત્ર તે એમ કહે કે આ વિભાગે ૧૯૫૨ થી લઈ ૧૯૬૦ સુધીમાં ૨૨ હજાર કિલોમીટરના રસ્તા બનાવ્યા. તે એમ કહે કે ૧૯૬૦ થી ૧૯૯૫ સુધીમાં ગુજરાત રાજયની સ્થાપના પછી ૭૦ હજાર કિલોમીટરના રસ્તા બનાવ્યા. અમે તે પણ સ્વીકારીએ છીએ. હા બનાવ્યા પણ મારે આજના તબક્કે તેમને એટલું જ કહેવું છે કે જ્યારે એન.ડી.એ.ની સરકાર કેન્દ્રમાં હતી ત્યારે આ નેશનલ કોરીડોર ચાર માર્ગીય રસ્તા આ ચારે ચાર ખૂણા દેશના તેને જોડવાની જો કોઈ કામગીરીની શરૂઆત કરી હોય તો આ દેશના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈએ કરી હતી અને આપે ૨૨ હજાર કિલોમીટરની વાત કદાચ ૨૨ વર્ષમાં કરી હશે તે માત્ર પાંચ વર્ષમાં અને માત્ર પાંચ વર્ષમાં અને મારે સી.જે.ચાવડાને કહેવું છે મારે કે તેમણે પણ કયાંય ટીકા નથી કરી પણ સાથે સાથે રાજયના વિકાસ અને દેશના વિકાસ માટે આ નેશનલ કોરીડોર તે આજે એમ કહી શકીએ કે મારા મિત્ર અને મારા જિલ્લાના ધારાસભ્ય મુકેશભાઈ પણ કહી શકે કે ડિસા પહેલાં જતા હતા ત્યારે ૩૫ મિનિટ થતી હતી આજે ૧૫ મિનિટમાં ડિસા પહોંચાય

છે.પહેલાં પાલનપુરથી અમદાવાદ આવતા હતા, એ રાજયનો ધોરીમાર્ગ છે. (અંતરાય) મુકેશભાઈ, આપ થોડું સાંભળો તો ખરા. માનનીય અધ્યક્ષશ્રી, માત્ર બે કલાકમાં અમે પાલનપુરથી અમદાવાદ પહોંચી જઈએ, જે પહેલા ૪ કલાક થતા હતા. એની પહોળાઈ, એની સપાટી વધી અને રાજયના લોકોને એનો કેટલો ફાયદો થયો એ પણ આપણે ધ્યાનમાં લેવું પડશે. મારે બીજી કોઈ વાતમાં પડવું નથી, પણ રાજયના વિકાસને જો સાચા અર્થમાં જોઈએ તો એના માપદંડ તરીકે એના રસ્તા સારા અને પહોળા હોય, એના આધાર ઉપર રાજયનો વિકાસ અને એના માપદંડ નકકી થતા હોય છે. તાલુકાને જોડતા રસ્તા હોય કે જિલ્લાને કે રાજયને જોડતા રસ્તા હોય, ૨ રાજયોને જોડતા રસ્તા, ૨ જિલ્લાને જોડતા રસ્તા, ૨ તાલુકાને જોડતા રસ્તા કે ગામડાથી શહેરને જોડતા રસ્તા હોય, અગાઉના વર્ષોમાં ગામડામાંથી શહેર સુધી આવવાના રસ્તા હતા, તેની પહોળાઈ સાડાત્રણ મીટર હતી. આજની તારીખમાં એ ૫ મીટર અને ૭ મીટર થઈ છે. (અંતરાય) માનનીય મુકેશભાઈ, તમારે તો તમારા પ્રવચનમાં ઉભા થઈને કહેવું પડશે કે આ સરકારે મુકેશભાઈનો મત વિસ્તાર કે મારો મત વિસ્તાર, બંને મત વિસ્તાર જોડાયેલા છે. એમાં મારવાડાના પાટીયાથી જાલરડા-કરજા ૧ કરોડ ૩૨ લાખ રૂપિયા આ રાજયના માર્ગ અને મકાન વિભાગે ફાળવ્યા. (અંતરાય) અરે ભાઈ, હું આપને યાદ કરાવું કે ૧૨મા નાણા પંચની અંદર પણ ૨૫ ટકા ખૂટતી રકમ રાજય સરકાર આપે છે. માનનીય મુકેશભાઈને એ પણ યાદ કરાવું કે ૨૫ ટકા ખૂટતી રકમ આપવાની શરૂઆત આ રાજય સરકારે ગયા વર્ષથી કરી છે, એટલે એ અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ રાજય સરકારને એટલા માટે અભિનંદન આપીશ કે દાંતીવાડા તાલુકાના મારા મત વિસ્તારમાં દાંતીવાડા ડેમની પેરેલલ જે બ્રીજ છે સ્ટેટનો, એમાં સાડાચાર કરોડ રૂપિયા આ સરકારે મંજૂર કર્યા છે. એટલે એના ૧૫ ટકા પ્રમાણે ૧ કરોડ ૨૨ લાખ રૂપિયા રાજય સરકારે આ બજેટમાં મૂકયા છે. આ માટે માનનીય મંત્રીશ્રીનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ નેશનલ હાઈવેનો માર્ગ હોય કે રાજયનો ધોરી માર્ગ હોય કે કિસાન પથની વાત હોય. મારા મત વિસ્તારમાં ૨૫ વર્ષથી રસ્તાઓની બંને સાઈડે જે ધોવાણ થયેલા એ ગઢામણના પાટીયાથી સાંતલોસણા, ટાકરવાડા, સાસમ અને પટોસણ સુધીના ૧૪ કિલોમીટર સુધીના માર્ગો કે જેની કિંમત ૧ કરોડ ૨૨ લાખ રૂપિયા થાય છે, એનું કામ આજની તારીખમાં ૮૦ ટકા પૂરું થઈ ગયું. એટલે આ રાજય સરકારે જે કંઈ કામો કર્યા છે એમાં આ ગૃહમાં બેઠેલા તમામ ૧૮૨ ધારાસભ્યોનું ધ્યાન રાખ્યું છે. નહીં કે માત્ર મારું કે મુકેશભાઈનું. માત્ર જેની વગ હોય કે મોટું માથું હોય એની જ ચિંતા કરી નથી. આ વિભાગની વાત કરીએ તો આ વિભાગના નેટવર્ક દ્વારા આ રાજયના વિકાસ માટે માર્ગ અને મકાન વિભાગનું રસ્તાઓનું જે નેટવર્ક છે એ આવતા દિવસોમાં ખેડૂતો પોતાનો માલ લઈને મંડી સુધી આવે, મારકેટ યાર્ડ સુધી આવે અને એને પૂરો ભાવ મળે એની ચિંતા પણ આ વિભાગે કરી છે.

કિસાન પથના કામો કે જુદા જુદા રસ્તાના કામો કે જેના હું નામ બોલવા જાંઉ તો કોઈક રસ્તા ભૂલી જાઉં અને એના કારણે એ ગામના લોકોને અન્યાય થાય કે અમારા ગામના રસ્તાનું નામ કેમ ન લીધું? મારા મત વિસ્તારના ગામોની હું વાત કરીશ કે મારા મત વિસ્તારમાં જે રસ્તાના કામો મંજૂર કર્યા છે અને જે કામો સ્થળ ઉપર ચાલુ હોય. વેડંચાથી પાલનપુર સુધીનો માર્ગ હોય કે કુંભાસણથી પાલનપુર સુધીનો માર્ગ હોય કે ચંડીસરથી નેશનલ હાઈવે સુધીનો માર્ગ હોય કે દાંતીવાડા તાલુકાથી જેસોલ થઈ રાજકોટ ભાડલી સુધીનો રોડ હોય. એક નહીં, અનેક રસ્તા આપ્યા. દાનાપુરાથી સરવા સુધીનો કે મહેસાણા જિલ્લાનો ધુમર સુધીનો માર્ગ હોય આ વિભાગ દ્વારા જે કામો ચાલુ થયાં છે અથવા તો એની આવતા દિવસોમાં એનાં ટેન્ડર થવાનાં છે. અમારા ધારાસભ્ય શ્રી ગોવાભાઈને કહું કે એમના વિભાગનો દાંતીવાડાથી ખુસાવાડા સુધીનો નેશનલ હાઈવેને જોડતો ૨૨ કિલોમિટરનો માર્ગ ૨૫ કરોડ રૂપિયાનો મંજૂર થયો છે અને એની કામગીરી ચાલુ થઈ ગઈ છે અને આવતા દિવસોમાં જે રીતે આ વિભાગ દ્વારા કામગીરી ચાલી રહી છે એ રીતે આપણે કહી શકીએ કે આ વિભાગ દ્વારા કામગીરી આ રાજયને રસ્તાઓ દ્વારા એ ઉદ્યોગને લગતા રસ્તાઓ હોય, એ વ્યવસાયને ધ્યાનમાં રાખીને મજૂરોને રોજગારી માટેનો રસ્તાની સપાટી સારી કરવાની વાત હોય, રસ્તો પહોળો કરવાની વાત હોય એમાં આ વિભાગનું ઉદાહરણ આપી શકીએ એવાં અનેક કામો થયાં છે.

હમણાં જ જે રીતે પાટનગર યોજનાની વાત થઈ એ ખૂબ સારી બની હતી. માનનીય સભ્યશ્રી માલજીભાઈએ નાગપુર યોજનાની વાત કરી એનો સ્વીકાર કરીએ છીએ, પરંતુ એ પછી જે રીતે એનો વિકાસ કર્યો છે એ પણ ભૂલવું ના જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર એ મોટેભાગે કર્મચારીઓનું નગર છે અને તેમને સાંજ પડે એટલે રાત્રે જમીને કયાં ફરવા જવું? તો ચાર રસ્તા ઉપર સર્કલો બન્યાં છે, ફૂવારાઓ મૂકયા છે. આજે ગાંધીનગરમાં કોઈ અજાણ્યો માણસ આવે એ આ સર્કલો જુએ અને ફુવારાની હવા લે તો સો ટકા એમ કહે કે ખરેખર ગાંધીનગર નગર અદ્દભૂત બન્યું છે એમ કહીએ તો ખોટું નથી. કલાકો સુધી આ ફૂવારાઓ અને સર્કલોની મોજ અત્યારે ગાંધીનગરની પ્રજા લઈ રહી છે એ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને માર્ગ અને મકાન મંત્રીશ્રી અને વિભાગના અધિકારીઓ જે સારી કામગીરી કરી છે એના માટે એ બધાએ જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આની સાથે સાથે હું મારાં બે ત્રણ સૂચનો કરવા માગું છે કે આ વિભાગની કામગીરી વધુ સારી થાય એ અંગેનાં મારાં સૂચનો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી**: માનનીય કાંતિભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય બલવંતસિંહ આપ પ્રવચન ચાલુ કરો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ માગણી ક્રમાંક: ૮૩, ૮૬ , ૮૭ અને ૯૮ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય સભ્યશ્રી કાળુભાઈ વીરાણી બહુ વિગતે વાત કરતા હતા કે ૫૦ વર્ષોમાં રોડનું કશું કામ થયું જ નહોતું અને છેલ્લા ૧૦ વર્ષમાં આ જ આપણે બધાએ કામ થયેલ છે. તો મારે તેમને યાદ આપવું છે કે જેટલા રોડોનું કામ ૫૦ વર્ષમાં થયું છે અને જે સ્થિતિમાં આપણે આ બધું જોઈ શકયા છીએ એ માત્ર ને માત્ર યોજનાઓનાં નામ બદલીને આપના ખાતે ચઢે અને ૫૦ વર્ષમાં આ જ બધું કામ કર્યુ છે

માનનીય અધ્યક્ષશ્રી, પ્રગતિ પથ, વિકાસ પથ, સુવિધા પથ એવી અનેક યોજનાઓનાં જુદાં જુદાં નામ આપીને ૧૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ પણ કરી છે અને આજે ૯ જેટલા પ્રગતિ પથની પણ વાત કરવામાં આવી છે અને એની અંદર હાઈ સ્પીડ રોડ અને કોરીડોર બનાવવાની જાહેરાત કરી છે. મારે એટલું જ પૂછવું છે કે મોટાભાગના જે રસ્તાઓ હતા એ પ્રગતિ પથમાં બનેલા હતા અને બાકીના રસ્તાઓ હતા એ કેન્દ્રીય યોગદાનથી આજે એ પૂર્ણ થયા છે. એમાં રાજય સરકારનું જે ખરેખર કહેવાય કે આ ૧૫૦ કિલોમિટરમાં આ બધું થઈ ગયું હશે. એટલે ઘણું બધું કામ કર્યુ છે. મુરબ્બી શ્રી શંકરકાકા એમની વેદના કહેતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક માર્ગો અને કેટલાક પૂલોની સ્થિતિ શું છે? માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે ૨૦૦૫-૦૬ માં ૧૧૨૦ કરોડ રૂપિયાનો યોજનાકીય ખર્ચ હતો એમાં આજે ઘટાડો થયો છે અને ૨૦૦૬-૦૭ માં ૧૦૪૩ કરોડ એટલે કે ૭૭ કરોડ રૂપિયા છેલ્લા ૨ વર્ષમાં ઘટાડો કર્યો છે. આ સરકાર હંમેશાં આદિવાસી અને પછાતવર્ગની ચિંતા કરતી હોય છે. તો આજે આદિવાસીઓના માર્ગોની જોગવાઈમાં છેલ્લા ૨ વર્ષમાં ૨ કરોડ ૪૬ લાખ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. રસ્તા નિભાવણી અને મરામતમાં છેલ્લા બે વર્ષમાં ૪૦ કરોડનો ઘટાડો કરવામાં આવ્યો છે. જિલ્લા ને અન્ય જિલ્લાથી જોડતા જે માર્ગો છે, એક જિલ્લાને બીજા જિલ્લા સાથે જોડતા હોય છે તેના માટેના ખર્ચમાં પણ દસ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૦૦૬ ના વર્ષને આપણે પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાની વાત કરી છે અને મોટી મોટી જાહેરાતો કરી છે, ત્યારે આ વિભાગમાં પણ એક કરોડ રૂપિયાનો ઘ ટાડો કરવામાં આવ્યો છે. એવી જ રીતે નબળા ગરનાળા અને પુલના કામો માટેના ખર્ચમાં પણ ૭૫ લાખ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. નાબાર્ડની યોજના છે તેમાં જે પુલો તૂટી ગયા છે તેના માટેના ખર્ચમાં પણ ૧૯.૫૦ લાખનો ઘટાડો કરવામાં આવ્યો છે. જુદી જુદી યોજનાઓમાં જે વધારો કરવામાં આવ્યો છે એમાં મને એમ થાય કે ચોક્કસ હું અને શંકરકાકા કહી શકીએ છીએ, અમે વાંચીને સ્પષ્ટ વાત કરીએ છીએ. કે કિસાન પથ યોજનામાં ૪ કરોડ હતા તેના ૫૫ કરોડ કર્યા, એમાં ૫૦ કરોડનો વધારો કર્યો છે, પ્રગતિ પથમાં પણ ૮૮ કરોડનો વધારો કર્યો છે. વિકાસ પથમાં ૫૧ કરોડનો વધારો કર્યો છે. આ યોજનાઓમાં કયા વિભાગમાં કોને પૈસા મળશે તે આજે પણ જણાવવામાં આવ્યું નથી. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે તાલુકાઓને જોડતા જે રોડ છે, તે ખરેખર જરૂરિયાત વાળા રોડ છે, અને તેમાં એક તાલુકાથી બીજા તાલુકાને જોડતા જે રસ્તાઓ બે ત્રણ કે ચાર કિલો મીટરના હોય છે, આજે પાંચ પાંચ કે દસ દસ કિલો મીટર ફરીને જવું પડતું હોય છે તેવા રસ્તાઓની જે યોજનાઓ હતી તેના માટે ૧૩ કરોડ રૂપિયાને બદલે ૧૨.૮૪ કરોડનો ઘટાડો કરવામાં આવ્યો છે અને માત્ર ૪૧ લાખ રૂપિયા જ ફાળવવામાં આવ્યા છે. આમાં નાના તાલુકાઓ સામાજિક રીત રિવાજથી માંડીને ઘણી બધી રીતે આ રસ્તાઓથી જોડાયેલા હોય છે, મારા મત વિસ્તારની જ વાત કરું તો ઘણાં બધા ઉદાહરણો આપી શકાય તેમ છે. મારો બે કિલો મીટરનો રસ્તો જોડાય તો પાટણથી આવવાને બદલે સીધા સિધ્ધપુરથી જઈ શકાય તેમ છે. આમ તાલુકાઓને જોડતા રસ્તા બાબતમાં મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે ૪૧ લાખ રૂપિયા જે ફાળવવામાં આવ્યા છે તે બાબતમાં વધુ ઉદાર નીતિ રાખવી જોઈએ અને એમાં સરકારે વધારો કરવો જોઈએ. ૨૦૦૫-૦૬ માં ૧૧૭૩૨ કિલો મીટરના કામો અને ૧૫૪ મોટા પુલોના કામો ચાલુ કરવાના હતા જે આજે પણ ચાલુ થઈ શકયા નથી. ૧૫૪ મોટા પુલોના કામો આજની તારીખ સુધી ચાલુ કરી શકયા નથી. વિશ્વ બેંકના મંજૂર થયેલા ચોથા તબક્કાના ૨૧૩ કિલોમીટરની લંબાઈના છ કામો ડિસેમ્બર ૨૦૦૫ સુધીમાં પૂરા કરવાના હતા, પરંતુ સમયસર પુરા ન કરવાથી વિશ્વ બેંક પાસે એક વર્ષનો સમય ફરી માગવો પડ્યો છે. આજની તારીખે મારે ગૌરવ સાથે કહી શકાય કે ગુજરાતની ઇમેજ રોડની બાબતમાં વિશ્વ બેંકમાં સારી છે. તેના કારણે આપણે ૪૫ કરોડ રૂપિયાનો ટોલ ટેકસ ભરીએ છીએ. પણ સમયસર કામો પુરા કરવાનું પણ બહુ મહત્ત્વનું છે. એક વર્ષનો સમય આપણે માગવો પડ્યો છે તેથી આપણે જે કામગીરી કરવાની છે તેના ઉપર પણ તકલીફ ઊભી થાય તેમ છે. પાટનગર યોજનાના ખર્ચમાં ૧૯૬૬માં ૪૫ કરોડ ૭૭ લાખના અંદાજો હતા, ૨૦૦૫ માં ૩૧૫ કરોડનો ખર્ચ થયો છે. તેના માસ્ટરપ્લાનના કામો આજે પણ બાકી છે. શંકરકાકાએ ચિંતા વ્યકત કરી અને આજે દસ વર્ષથી વધતો વધતો ૩૨૫ કરોડ રૂપિયાથી વધારેનો ખર્ચ થયો છે છતાં આજે પણ ઘણાં કામો બાકી છે. રહેઠાણના મકાનોના કામો પણ પૂર્ણ કરવામાં આવ્યાં નથી. માનનીય ચાવડા સાહેબે સાચી ચિંતા કરી હતી કે ઘણી વખત મકાનો પડ્યા રહ્યા હોય છતાં લોકોને અપાતા નથી. મારા ધ્યાનમાં એવું આવ્યું છે કે આપણા જે

પત્રકાર મિત્રો છે એમાં ઘણાં નાના પત્રકારોને છેલ્લા ૩ વર્ષથી મકાનોની ફાળવણી થઈ નથી. અને તેઓને એમ કહેવામાં આવે છે કે નવી નીતિના કારણે ફાળવણી કરતા નથી. અખબાર જગત એ ચોથી જાગીર છે, તેની વાત સાંભળીને એ પત્રકારોને આ મકાનો ફાળવવા માટેનો નિર્ણય કરવો જોઈએ. તો આપણે પાટનગરમાં એમને સારી સુવિધા પૂરી પાડી શકીશું.

માર્ગ અને મકાન વિભાગની માગણીઓ લઈને મંત્રીશ્રી આવ્યા છે ત્યારે ચોક્કસ પોતાના મત વિસ્તારની વાત કરવાનું મન થાય. આજે મારા મત વિસ્તારમાં ૨૮ કામો મૂક્યાં છે એમાંથી ૧૩ કામો પૂર્ણ થયાં છે અને ૧૫ કામો પ્રગતિમાં છે તે જલદીમાં જલદી પૂર્ણ થાય એ ખૂબ જ જરૂરી છે. મને એક વાતનો ચોક્કસ આનંદ છે કે અહીંયાં વિધાનસભામાં કહેવામાં આવ્યું હતું કે બિંદુ સરોવરનો પુલ છે એ વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે. આ પુલનો એક છેડો પૂર્ણ થઈ ગયો છે એના માટે એક બે કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે આ માટે હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું. સાથે સાથે વિનંતી કરુ છું કે આ પુલનું કામ બાકી છે એ વહેલામાં વહેલી તકે પૂરું કરવામાં આવે કારણ કે રેલવે તરફ જવાનો આ મહત્ત્વનો પુલ છે. માનનીય મંત્રીશ્રીએ આ બધા જ કામો જો પૂર્ણ કરી આપ્યા હોત તો ચોક્કસ સમર્થન આપત. પરંતુ આ કામો પૂર્ણ કરવા માટે આયોજન થયેલ ન હોય હું સમર્થન આપી શકતો નથી.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંકઃ ૮૩,૮૬ અને ૮૭ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા અને માગણીઓને અનુમોદન આપવા માટે આપશ્રીની અનુમતિથી ઉપસ્થિત થયો છું.

દુનિયાના જે જે દેશોએ વિકાસ સાધ્યો છે એ દેશોના વિકાસના ઈતિહાસમાં કેટલીક આનુષાંગિક બાબતો એણે લક્ષમાં લીધી હશે ત્યારે જ એ દેશો આ વિકાસ સાધી શક્યા હશે. જે દેશોએ વિકાસ સાધ્યો છે એ દેશોએ વિકાસ માટેની આનુષાંગિક સુવિધાઓ અને સારા માર્ગો આ વસ્તુ પ્રત્યે લક્ષ આપ્યું હશે ત્યારે એ દેશો વિકાસની દિશાના દર્શન કરી શક્યા હશે.

ભારતને સ્વાધીનતા મળી ત્યારથી અત્યાર સુધીમાં લગભગ પાંચ દાયકા પસાર થઈ ગયા અને પાંચ દાયકામાં ગુજરાત અને દેશના ગામડાં આજે પણ પાકા માર્ગો સાથે જોડાયા નથી આ દુર્ભાગ્યપૂર્ણ બાબત છે. આપણી સાથે જે જે દેશોએ આઝાદી પ્રાપ્ત કરી એણે વિકાસની અનેક દિશાઓ સિદ્ધ કરી બતાવી છે. દુનિયાના માનસ પટ ઉપર વિકસિત રાષ્ટ્ર તરીકેના દર્શન કરાવી રહ્યા છે. આપણી ૫૦ વર્ષની સ્વાધીનતા પછી આજે ગામડાંના રસ્તા કાચા રસ્તા ધૂળથી રઝળતા હશે એમાંથી વધારે સમય કોંગ્રેસી મિત્રોએ સત્તાસ્થાન ઉપર વિતાવ્યા છે. લગભગ ૪૭ વર્ષ સુધી આ દેશની રાજ નીતિ ઉપર સત્તાસ્થાને રહ્યા પછી પણ બે રાજયને જોડતા કે બે જિલ્લાને જોડતા કે બે તાલુકાને જોડા રસ્તા હોય કે ઈન્ટર કનેકશન પોગ્રામના રસ્તા ન થયા હોય ત્યારે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે અમે સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી જે લોકો અહીંયા આવીએ છીએ. ૧૯૭૫ પહેલા અમારા માનનીય ચીમનભાઈ સાપરિયા કહેતા હતા કે લોકો સૌરાષ્ટ્રમાંથી અમદાવાદ તરફ કોર્ટ કચેરીના કામે આવતા હોય કે અહીંયા ધારાસભામાં પોતાના મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરવા માટે આવતા હોય, પોતાના મત વિસ્તારના વિકાસના કામો માટે આવતા હોય ત્યારે એમના પરિવારજનોને સતત ચિંતા રહેતી કે આ લોકો સહી સલામત પાછા આવે તો સારુ. જ્યારે પાછા આવે ત્યારે ઈશ્વરનો પાડ માને. (અંતરાય) વિરોધ પક્ષના સભ્યશ્રીઓ હશે છે એ ખૂબ જ શરમની બાબત છે. અમદાવાદ-રાજકોટ રોડ ઉપર માર્ગ અકસ્માતોમાં સૌરાષ્ટ્રે અનેક આશાસ્પદ લોકોને ગુમાવ્યા છે. સ્વ. અરવિંદભાઈ મણિયાર જેવા અનેક આશાસ્પદ લોકોને અનેક પરિવારોએ ગુમાવ્યા છે. આ ઘણી જ દુ:ખની બાબત છે. જેને સત્તા ઉપર બેસાડવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થાય છે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

**( વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦ )**
**(સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષસ્થાને)**

**શ્રી રણછોડભાઈ ફળદુ: (ક્રમશ:)** માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો એ રાજકોટ-અમદાવાદ રોડ કે જેના ઉપર ખૂબ જ ગમખ્વાર અકસ્માતો થતા હતા. અનેક લોકોને સૌરાષ્ટ્રવાસીઓએ ગુમાવ્યા હતા. અવાર-નવાર અકસ્માતો થાય, અનેક લોકો જાન ગુમાવે અને છાપાઓમાં દરરોજ ભરાઈ ભરાઈને આવે, તેમ છતાં પણ આ માર્ગ પહોળો કરવો જોઈએ, સલામત કરવો જોઈએ આ ચિંતા કોણે કરી? એ વખતે કોંગ્રેસના મિત્રો સત્તામાં હતા. પરંતુ જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તામાં આવી. હજારો લોકો આ માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. તેમના પરિવારોને સાંત્વના આપવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે આ માર્ગને ચારમાર્ગીય બનાવ્યો. સૌરાષ્ટ્રવાસીઓની વર્ષો જૂની લાગણી અને માગણી હતી. એ જ રીતે સૌરાષ્ટ્રના ગામડાંઓ ધૂળિયા રસ્તામાં રઝળતા હતા. ચોમાસાના દિવસોમાં અમે જોયેલું છે, અનુભવેલું છે વરસાદ વરસતો હોય, ગામડાંની નદીઓમાં પૂર હાલ્યાં જતા હોય અને કોઈ વ્યકિતને સર્પદંશ થયો હોય, વીંછી કરડયો હોય કે કોઈ પ્રસૂતા બહેનને હૉસ્પિટલમાં લઈ જવાની હોય, નદીમાં પૂર આવ્યા હોય અને બે-ત્રણ કલાક નદીના કાંઠે બેસી રહેવું પડતું હતું. એવા સંજોગોમાં

ઘણી વખત અનેક આશાસ્પદ લોકોને ગુમાવ્યા છે. આ અમારી મુશ્કેલી હતી. અમારી સામે કોઈ જોતું ન હતું. જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર રાજયમાં સત્તાસ્થાને આવી, ૧૯૯૫થી લઈને ૨૦૦૫ના દાયકામાં ગામડાંના અનેક રસ્તાઓને પાકા માર્ગથી જોડવામાં આવ્યા છે. માત્ર પાકા માર્ગથી જોડવામાં આવ્યા છે એટલું જ નહીં પરંતુ ગુણવત્તા સભર કામ થાય, એજન્સીઓની જવાબદારી નક્કી થાય આ પ્રકારની જોગવાઈઓ સાથેની કામગીરી કરી છે.

પ્રજાએ જેને સત્તા આપી છે એ સત્તા ઉપર બેઠેલા સત્તાધીશની દૃષ્ટિ પ્રમાણિક હોવી જોઈએ. જેને પ્રજા સત્તા સોંપે છે એ સત્તાધીશની આંખમાં પ્રજાના ભાવિનું ઉજજવળ દર્શન હોવું જોઈએ. આ ગુજરાતનું સદ્‌ભાગ્ય છે કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર અસ્તિત્વમાં છે. રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આંખમાં વીઝન છે. રાજયના પાંચ કરોડ ગુજરાતીઓનું ભાવિ, તેમના હૃદયમાં એક કલ્પના છે. તેમની આંખમાં એક દૃષ્ટિ છે. જેમની આંખમાં કલ્પના હોય તેમને જ લક્ષ્ય સામે આવી શકે. જે લોકોને લક્ષ્ય સામે છે એ લોકો જ લક્ષ્યનો ભેદ કરી શકતા હોય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી લક્ષ્યભેદ કરી શકે એ પ્રકારના રાજપુરુષ છે. આ ગુજરાતનું સદ્‌ભાગ્ય છે. મારે આજે એક રાષ્ટ્રભકત કવિના હૃદયની ઉર્મિમાંથી કલ્પના સાથે રાષ્ટ્રગીત નીકળ્યું છે એ ગીતની એક-બે પંકિત આપશ્રીની સંમતિથી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરવી છે. લક્ષ્યનો ભેદ કોણ કરી શકે?

જેના દિલમાં દેશની દાઝ નથી,
નિજ દેશ વિશે અભિમાન નથી,
જેને દેશના માનનું ભાન નથી,
તેને ભારત ભોમમાં સ્થાન નથી,
એ ભારતનું સંતાન નથી.

માનનીય અધ્યક્ષશ્રી,

ઉરમેં હૈ યદિ આગ લક્ષ્યકી, વ્યકિતના હૃદયમાં વ્યકિત કે વ્યકિતના સમુહથી બનેલા લોકોના હૃદયમાં જો લક્ષ્ય પ્રાપ્તિ માટે આગ ન હોય તો કયારેય સંભવિત નથી થઈ શકતું.

ઉરમેં હૈ યદિ આગ લક્ષ્યકી, પંથ સ્વયં આયેગા.
નદીઓં કો પહેલે સે કિસને જલધિ રાહ બતલાઈ.

માનનીય અધ્યક્ષશ્રી, આ નદીને સમુદ્રને પામવા માટે કોણે માર્ગ બતાવ્યો? કહે છે કે નદીને સમુદ્ર પામવા માટે હૃદયમાં તીવ્ર ઝંખના હતી.

ફૂટી વહ પથ્થર કે દિલ સે, શિલા શિલા ટકરાઈ,
કરતી હાહાકાર ફિરિ વહ વનવન મેં એકાકી,
ઔર અંત મેં સાગર બાહોં મેં સીમિત સમાઈ.
તમસે જો લડતા તિલ તિલ જ્યોતિ સુમન પાયેગા."

માનનીય અધ્યક્ષશ્રી, જેના હ્દયમાં લક્ષ્ય પ્રાપ્ત કરવાની ઝંખના હોય એ જ લક્ષ્ય સિદ્ધ કરી શકે છે. ગુજરાતમાંથી પસાર થતા રાષ્ટ્રિય ધોરી માર્ગની સુધારણાના કાર્યક્રમમાં સુવર્ણ ચતુર્ભુજ યોજના અંતર્ગત રતનપુર હિંમતનગર, અમદાવાદ, વડોદરા, સુરતથી મહારાષ્ટ્ર બૉર્ડર સુધીના માર્ગ ૧૭૪૨ કરોડ રૂપિયાના ખર્ચે ૫૧૫ કિલોમીટરના માર્ગ સુધારણાનો કાર્યક્રમ રાજય સરકારે હાથમાં લીધો છે. પૂર્વ અને પશ્ચિમ કોરીડોરની ગુજરાતમાંથી પસાર થતા અનુભાગ રાજસ્થાન સુધીનો ભાગ અને એ જ રીતે પાલનપુર ડિસા, સામખીયાણી, રાજકોટથી પોરબંદર સુધીનો માર્ગ ૫૮૩ કિલોમીટરના માર્ગને ખૂબ ગુણવત્તાસભર પહોળાઈવાળો અને લોકો શાંતિથી, સુખ-ચેનથી પ્રવાસ કરી શકે તે માટેનો કરવા રૂ.૨૫૭૩ કરોડના ખર્ચે રાજય સરકારે કર્યો છે. વડોદરાથી સુરત અનુભાગ ઉપર ટ્રાફિકના ભારણને ધ્યાને લઈએ તો પણ વારંવાર અકસ્માતોની સ્થિતિ સર્જાતી હતી. આ માર્ગને ૬ માર્ગીય કરવા માટે થઈને બી.ઓ.ટી.ના ધોરણે ટેન્ડર મંગાવવામાં આવ્યા છે. (સમયસૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ગામડાઓને પાકા રસ્તાથી જોડવા માટેના કામમાં રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારે કયાંય કચાશ રાખી નથી. એ વાતને ગૃહને જણાવવા અને આનંદ તથા ગૌરવ પ્રાપ્ત કરાવવા માટે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કયાંય પક્ષપાતીના ધોરણે વિકાસ નથી કર્યો. તમામ ધારાસભ્યોના મત વિસ્તારની અંદર સમતોલ વિકાસ થાય, (સમયસૂચક ઘંટડી) મારે એક-બે સૂચન જ કરવા છે. જામખંભાળીયા, લાલપુર, કાલાવડ રોડ જે સ્ટેટ હાઈવે છે, આ રોડનું કામ છેલ્લા ૫ વર્ષથી ચાલુ છે. આ વર્ષે આમાં વધારે નાણાકીય જોગવાઈ થાય અને આ કાર્ય પૂર્ણ થાય. લગભગ જામનગર જિલ્લાના ૫ તાલુકાના લોકોની રજૂઆત કાલાવડ તાલુકાની ધોલવડી નદી પરથી આ માર્ગ પસાર થાય છે અને તેમાં ૩૫થી ૪૦ ગામ જોડાયેલા છે ત્યાં બ્રિજ કરવો ખૂબ જ આવશ્યક છે. કાલાવડ, સનાડા, મછલીવડને જોડતો માર્ગ, લગભગ ૧૫થી ૧૭ ગામ એવા છે કે, જેમની આગળની ગામની કડી જોડાયેલ નથી. એના કારણે માર્ગ વાહનવ્યવહાર માટે અને લોકોને જવા આવવા માટે ખૂબ જ અગવડતા અનુભવાય છે. આ માર્ગ ખૂબ અગત્યનો છે. થેન્ક યુ.

**સભાપતિશ્રી** : શ્રી બાબુભાઈ શાહ.,

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર મારે વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય અવલોકનો નહીં પરંતુ જે વાસ્તવિકતા છે, જે વાસ્તવિક વાત છે એનો ઉલ્લેખ કરું છું. હમણાં જ મારા પૂર્વોકતા ફળદુ સાહેબે કહ્યું, સૌરાષ્ટ્રના લોકોને રાજકોટથી અમદાવાદ આવવું હોય તો અકસ્માત ઝોનમાંથી આવવું પડતું હતું અને એ વાત સાવ સાચી હતી અને એટલા માટે લીંબડીથી બગોદરા અને ચોટીલાથી બામણબોરનો જે ટુકડો છે એ રાજય સરકારે પોતાના ભંડોળમાંથી પૈસા આપીને આ કામ શરૂ કરાવ્યું હતું. એ વખતે ૧૯૯૭માં માનનીય શંકરસિહજી વાઘેલા હતા. આ રસ્તાની બાબતમાં મંત્રીશ્રીઓનો મને પરિચય છે. શ્રી ખોડીદાન ઝૂલા, શ્રી દિનશા પટેલ, શ્રી દોલતભાઈ પરમાર, શ્રી હરિસિંહજી ચાવડા, થોડોક સમય શ્રી કેશુભાઈ પટેલ પણ હતા અને એ પછી શ્રી સી.કે. રાઉલજી હોય કે હાલના પ્રધાનશ્રી આઈ.કે. જાડેજા હોય. તમામ એ જે આપણા બાંધકામ ખાતાના અધિકારીઓનો અનુભવ છે એના આધારે હંમેશા હકારાત્મક વલણ સાથે અને જે વિસ્તારની અંદરની ખૂટતી કડીઓ એમના ધ્યાન પર આવે એ પૂરી કરવાની ભાવના સાથેના રહયા છે અને એના કારણે આજે આ વિભાગની ટીકા કરતા પણ સજેશન કરવાનું વધુ મન થાય. આ રસ્તાઓ બનાવ્યા ખરા પરંતુ ગ્રામ્ય માર્ગો ઉપર ખૂબ વજનદાર વાહનો શરૂ થઈ ગયા છે. કોઈ ખનીજ ત્યાંથી નીકળતું હોય એટલે ૧૦ ટનના બદલે ૩૦ ટનની ટ્રક ત્યાંથી ચાલે અને રસ્તો નકામો બની જાય, ૧૨ મહીનામાં જર્જરિત બની જાય એટલે એવા રસ્તાઓ માટે ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

કળા અને સંસ્કૃતિ માટેની વાત હું આજે કરવા માગું છું. રાજયની બહાર જે છાપ છે એમાં સૌથી સારી છાપ એ આપણા સંસ્કૃતિ વાહકો ઉભી કરતા હોય છે. આ કલાકારો પ્રત્યેની આપણી કેટલી લાગણી છે એની પ્રત્યે કેટલું ધ્યાન આપીએ છીએ એની આત્મખોજ કરવાની જરૂર છે. આ વર્ષે દિલ્હીની સાહિત્ય અકાદમી અને લલિત અકાદમી તરફથી ગુજરાતના ૨ ધરતીપુત્રો કારણ કે ગુજરાતની પ્રજા વિશ્વભરમાં જયાં વસતી હોય એને આપણે ગુજરાતની પ્રજા ગણીએ છીએ. ડૉ. સુરેશ દલાલને અને આજ રાજયના બાબુભાઈ રાણપુરાને એવોર્ડ મળ્યા, આટલું ગૌરવવંતુ ઈનામ મળ્યું હોય અને ગુજરાતને ગૌરવ મળ્યું હોય એની કોઈએ પૃચ્છા કરી ખરી? એના માટે વિવેકથી કોઈ અધિકારી એમને મળવા ગયા કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમને બોલાવ્યા ખરા એ હું પૂછવા માગું છું. આ શ્રેષ્ઠ ઈનામ ડૉ સુરેશ દલાલને આટલા વર્ષો પછી મળ્યું, બાબુભાઈ રાણપુરાને જે મળ્યું આ રાજયની અંદર લોક સાહિત્ય માટે પદ્મશ્રી દુલાકાગ અને કાનજી ભુટા બારોટ પછી આજે ઘણા વર્ષો પછી બાબુભાઈ રાણપુરાને આ પ્રાઈઝ મળ્યું છે. એ પદ્મશ્રીનો એવોર્ડ મળ્યો છે. આ સાહિત્ય અકાદમી અને લલિતકલા અકાદમીનો એવોર્ડ એ બહુ જ ગૌરવવંતુ ઈનામ આ દેશની અંદર ગણવામાં આવે છે. આપણા રમતવીરો ઈરફાન પઠાણ અને મુનાફ પટેલ ભારતની ક્રિકેટ ટીમને અને દેશને ગૌરવ અપાવે એની આપણે કયાંય નોંધ લીધી ખરી? આ રાજયની અંદર નંદન મહેતા અને મહેતા દંપતી વિશ્વભરમાં જેનું નામ થાય એવો સંગીતનો મહોત્સવ જ્યારે ઉજવતા હોય અને વિશ્વભરમાંથી એને શ્રોતાઓ સાંભળવા માટે આવે, નાતજાતના, કોમના ભેદ ભૂલીને કલાકારો એની અંદર પોતાનું પર્ફોમન્સ આપે અને વાત મને કહેતાં ખૂબ ગૌરવ થયેલ. માનનીય અશોકભાઈ સાથે અમે સર્વપક્ષીય ડેલીગેશન ગયેલું પૂનાની અંદર ગુજરાતની, કોઈ પત્રકારે ગોધરાના બનાવની ટીકા કરી ત્યારે મારે કહેવું પડ્યું કે માત્ર તમે ગોધરાને ન યાદ કરો. ગુજરાતની અંદર બીજું બધું ઘણું થઈ રહ્યું છે. અત્યારે જે સપ્તકનો ફેસ્ટીવલ ચાલે છે ત્યારે એની અંદર આ બધા કલાકારો ભાગ લે છે. મને કહેતાં આનંદ થાય છે અને એ જ ફેસ્ટીવલની અંદર બેગમ પરવીન સુલતાનાજીએ માં ભવાનીની સ્તુતી વખતે જે ભાવવિભોરતા રજૂ કરેલી અને ગુલામ મુસ્તફા ખાને એમના કાર્યક્રમની શરૂઆત રુગ્વેદની રૂચાઓથી કરી હતી ત્યારે આ સંગીત કેવી સમજદારીની ભાવના ઉભી કરે છે એ જ કહેવું છે. વિશ્વભરની અંદર આ કળાવાહકો છે એ શ્રેષ્ઠ એલચીઓ તરીકે જતા હોય છે ત્યારે એની આપણે કેટલી સંભાળ લઈએ છીએ? આ કલાકારો ૬૦ વર્ષના થાય અને એમની કોઈ કમાણી ન હોય તો આપણે એને કલાકાર નિધિની ૧૯૮૨માં રચના કરવામાં આવી હતી. એ વખતે સાંસ્કૃતિક વિભાગના પ્રધાન માનનીય મનોહરસિંહજી જાડેજાએ ખૂબ દૂરંદેશી પગલા રૂપે કરી હતી. આ કલાકાર નિધિમાંથી આપણે કેટલી રકમ એકત્ર કરી અને એને એમાંથી આપણે શું આપીએ છીએ? વધુમાં વધુ ૪૦૦૦ રૂપિયા વાર્ષિક એ કલાકારને મળે. આ વાર્ષિક ૪૦૦૦ રૂપિયામાંથી આ કલાકારનું કોઈ રીતે ગુજરાત ચાલે ખરું? નિભાવ થાય ખરો? સારવાર મળે ખરી? કેન્દ્ર સરકારના ધોરણે માસિક ૨૫૦૦ રૂપિયાનો દરમાયો આ કલાકારોને આપવામાં આવે છે એ દરમાયો આપણે આપીએ છીએ ખરા? જયશંકર સુંદરી હોલને રીનોવેટ કરવામાં આવશે. એવું અહીં કહેવામાં આવ્યું. બાંધકામ ખાતાના પ્રધાન અહીં બેઠા છે. હું દાખલો આપું કે હેમુ ગઢવી ઓડિટોરિયમમાં જે હાલત હતી, વર્ષોથી કામ બંધ પડેલું અને બાંધકામ ખાતાએ કામ કરવાનું હોય છે ત્યારે મારે એ વખતના ત્યાંના અધિક્ષક ઈજનેર કે જેઓ હાલ મુખ્ય ઈજનેર છે એમને ધન્યવાદ આપવા જોઈએ કે એમણે એના અંદાજો બનાવી આપ્યા અને સાંસ્કૃતિક ખાતાએ પૈસાની વ્યવસ્થા કરી. એટલે એ ઓડિટોરિયમ ૧૯૯૭ માં પૂરું થઈ શક્યું. માનનીય અધ્યક્ષશ્રી, જય શંકર સુંદરી હોલ અમદાવાદના રાયખડના હાર્ટમાં આવેલો હોલ છે. વર્ષોથી ખંડેર જેવો બની ગયો છે. આવા સારા હોલનું કામ શા માટે પૂરું કરવામાં આવતું નથી? વિસ્તારની દ્રષ્ટિએ કરવામાં આવતું નથી? આવી બેદરકારી કળાને નુકસાન કરે છે. કલાકારને પોતાની કલા રજૂ કરવી હોય તો સારું ઓડિટોરિયમ જોઈએ, સારું વાતાવરણ જોઈએ. સંસ્કૃતિ

કુંજની શરૂઆત ૧૯૯૬-૯૭માં કરેલી અને દર વર્ષે ફેસ્ટીવલ કરીએ છીએ. અમે પણ એ ફેસ્ટીવલ માણવા જઈએ છીએ. સાંસ્કૃત્તિક વિભાગ તરફથી વિવેકપૂર્વક ધારાસભ્યો અને બધાને બોલાવાય છે. પરંતુ એની અંદર સંસ્કૃત્તિ કુંજનું જે સ્વરૂપ રજૂ કરાયેલું એમાં કેટલા આગળ વધ્યા છીએ? એની હવેલી ઊભી કરવાની હતી, શંકરસિંહજી વાઘેલાએ ખાતમુહૂર્ત કરી એની શરૂઆત કરેલી અને બાકીની ટ્રસ્ટી બોર્ડની રચના અને એને વિકસાવવાની વાત કરેલી એનું શું કરવાનું છે? બજેટમાં જોગવાઈ હોય અને એની અંદર આપણી જે છ એકેડેમી છે એમાં છઠ્ઠી એકેડેમી કચ્છ સાહિત્ય એકેડેમીનો ઉમેરો થયો છે. પરંતુ એનું પર્ફોમન્સ કેવું છે? એમાં પણ હિન્દી સાહિત્ય એકેડેમીના ચેરમેન શ્રી નાગર એમની સાથે વાત થયેલી અને છેલ્લે અનુદાન વધારેલું એમાં ઘટાડો કઈ રીતે થઈ શકે? બજૅટમાં સતત વધારો થાય છે ત્યારે આપના મારફત માનનીય સાંસ્કૃત્તિક બાબતોના મંત્રીશ્રીનું ધ્યાન દોરવાનું કે આમાં ખામીઓ હોઈ, ટીકા નહીં પણ સૂચન રૂપે લઈ એકેડેમીને પૂરતી રકમ આપવામાં આવે એ જરૂરી છે. (સમય સૂચક ઘંટડી) હજી થોડી જ વાર થઈ છે.

**સભાપતિશ્રી** : બાબુભાઈ, આપને સમયનો ખ્યાલ રહ્યો નથી. એકાદ મિનિટમાં પૂરું કરો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કલા અને સંસ્કૃત્તિ આ રાજ્યને શોભા આપતા હોય છે. આને કોઈ ટીકાત્મક રીતે નહિ પરંતુ સજેશન્સ કરીને નવરાત્રી મહોત્સવમાં જે કોરીયોગ્રાફી હતી એને સૌએ વખાણી હતી, માતાજીની સ્તુતિમાં જે દીવા અપાયા એ અમે પણ લીધેલા. પણ દરેક ઠેકાણે ફેસ્ટીવલમાં જઈએ છીએ પણ ગ્રામ્ય વિસ્તારમાં આની ઉજવણી થાય અને ગ્રામ્ય કલાકારોને બહાર લાવવા માટેનું વાતાવરણ ઊભું કરવામાં આવે એ ખૂબ જરૂરી છે. કલાકારોને મહેનતાણું આપીએ છીએ ખરા પણ લોક સાહિત્ય માટે માત્ર એક લાખ અને ભજન સંમેલન માટે માત્ર ૫૦ હજારની રકમ રાખીએ ત્યારે ઘણા માનનીય સભ્યશ્રીઓ આ ભજન કાર્યક્રમના આયોજકો પણ હશે. બધા જાણે છે કે કેટલો ખર્ચ થાય છે. ૧૨ મહિનામાં ૫૦ હજાર અને એક લાખ જેટલી રકમ રાખવી એ આ કલાનું અવમાન છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા સજેશનો આપ્યા છે અને બાંધકામ ખાતાને કહીશ કે ભચાઉ થી ધોળાવીરાનો રસ્તો એકલ થી બાંભણકા બજૅટમાં આપેલ છે. એને પૂરતી રકમ ફાળવવામાં આવે તો ધોળાવીરા કેન્દ્ર છે એના ઉપર પ્રવાસીઓ સહેલાઈથી અને ટૂંકા રસ્તે જઈ શકે એ માટે આ રસ્તાનું કામ તાકીદે પૂરું કરવામાં આવે એવું બાંધકામ ખાતાના મંત્રીશ્રીને સૂચન છે. ધન્યવાદ.

**શ્રીમતી રમીલાબેન બ. બારા (ખેડબ્રહ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે અને માગણી નંબર: ૯૮ યુવા અને સાંસ્કૃત્તિક મંત્રીશ્રી લઈને આવ્યા છે તે અન્વયે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના વર્ષમાં આપણે બધા જાણીએ છીએ તેમ મહિલાઓમાં શિક્ષણ ઉપરાંત અનેક રમત-ગમત ક્ષેત્રની શકિત પડેલી છે. મહિલાઓએ પણ રમતમાં રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધો છે. શાળાકીય સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરો આપીને રાજ્યની અંદર મહિલાઓએ નામ રોશન કરેલ છે. પરંતુ આજ સુધી આ મહિલાઓના કામની કદર અથવા તો રમત ગમત ક્ષેત્રે મળેલ સિદ્ધિઓની કોઈએ કદર કરી નહોતી, પરંતુ આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેનને મારે અભિનંદન આપવાં છે કે ગત વર્ષે જે મહિલાઓએ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હોય અથવા રાજય શાળાની સ્પર્ધાની અંદર પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરો મેળવેલ હોય એવી તમામ મહિલા ખેલાડીઓને ૧૯૯૯ થી ૨૦૦૪ સુધી લગભગ ૩૧૬૩ મહિલાઓનો એક સન્માન કાર્યક્રમ ટાઉનહોલમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલો અને આ તમામ ખેલાડીઓને ૧,૩૪,૧૦,૦૦૦/-ના રોકડ ઈનામો અને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. એટલું જ નહિ આ વર્ષે પણ વિશ્વ મહિલા દિન નિમિત્તે ગત અઠવાડિયાની અંદર જ, છેલ્લા વર્ષની અંદર રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર અથવા રાજ્યની અંદર જે પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરો મેળવેલ હતા એ તમામ ૧૪૪૭ મહિલાઓને લગભગ ૬૪ લાખ જેવી માતબર રકમ ઈનામો પેટે આપવામાં આવેલી અને જે મહિલાઓએ રાષ્ટ્રીયકક્ષાની અંદર અથવા રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવેલ હોય એવી મહિલાઓને વાર્ષિક ૪૮૦૦ રૂપિયા, દ્વિતીય અને તૃતીય નંબર મેળવેલ હોય તેમને ૩૬૦૦ અને ૨૪૦૦ રૂપિયાની સ્કૉલરશિપ આપવામાં આવે છે. એટલું જ નહિ મહિલા પ્રગતિ કરી શકે એ માટે મહિલા સેલ્ફ ડીફેન્સ યોજના અમલમાં મૂકી છે અને સ્વરક્ષણ માટે દરેક જિલ્લાકક્ષાએ આ યોજના અત્યારના કાર્યરત છે અને તમામ જિલ્લા મથકોએ પાર્ટટાઈમ ઈન્સ્ટ્રકટર રોકીને આ મહિલાઓને તાલીમ આપવામાં આવે છે. આ વર્ષે ૨૧૨૩ મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ હતી અને આજસુધી લગભગ ૫૨૦૦ મહિલાઓને આવી સ્વરક્ષણ એટલે કે સેલ્ફ ડીફેન્સ તાલીમ યોજના જિલ્લાકક્ષાએ બહેનોએ મેળવેલ છે. એટલું જ નહિ આપણે જોઈએ તો તમામ જિલ્લા મથકોએ યોગાસન, યોગ ફીટનેશ કેન્દ્ર પણ અત્યારે અમલમાં છે. દરેક વિદ્યાર્થી-ખેલાડી રમતમાં ભાગ લે, પરંતુ એનો રમત પ્રવૃત્તિમાં સમતોલ વિકાસ થાય તથા સ્વાસ્થ્યવર્ધક પ્રવૃત્તિને એ લોકો બહોળી પ્રસિદ્ધિ કરી શકે એ માટે પાર્ટટાઈમ પ્રશિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે અને એ પ્રશિક્ષકો દ્વારા આવી યોગફીટનેશ તાલીમ આપવામાં આવે છે અને વધુમાં કહેતાં મને આનંદ થાય છે કે રાષ્ટ્રીય કક્ષાએ યોગાસન સ્પર્ધા દાખલ કરવાનું જો ગૌરવ જતું હોય તો એ ગુજરાત રાજ્યને એ ગૌરવ પ્રાપ્ત થયેલું છે અને યોગફીટનેશ કેન્દ્ર દ્વારા આ વર્ષની અંદર ૪૨૮ ખેલાડીભાઈઓ અને ૫૨૬૫ બહેનો એમ

કુલ મળીને લગભગ ૧૦૧૯૩ લાભાર્થીઓએ ફીટનેશ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને આજસુધી આ યોજના અમલમાં મૂકી છે ત્યારથી ૨૮૬૮૧ લાભાર્થીઓને આ લાભ લેવાનો યશ પ્રાપ્ત થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્ર સી.જે. ચાવડા સાહેબ ગ્રામીણ ઓલમ્પિકસની વાત કરતા હતા તો ગ્રામીણ લોકોની અંદર એક સૃષુપ્ત શકિત પડેલ છે, એમની પણ કેટલીક રમતો ખોખો, કબડ્ડી, રસ્સાખેંચ, મલ્લખમ, બળદગાડાનો શણગાર, તીરંદાજી જેવી અનેક જૂની રમતો ગ્રામીણ લોકોની અંદર પડેલી છે અને એ ગ્રામીણ લોકોની પરંપરાગત રમતો ભૂલાઈ ના જાય, એમની સંસ્કૃત્તિ જળવાઈ રહે એ માટે રાજ્ય સરકારે એક નવતર પ્રયોગ કરેલો અને એ નવતર પ્રયોગ એવો હતો કે આપણા સાંસ્કૃત્તિક મેળા સાથે જોડીને એ સ્પર્ધાનું આયોજન કર્યુ છે ૨૦૦૪-૦૫ માં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને સૌથી પહેલા તરણેતરના મેળામાં નવતર પ્રયોગ હાથ ધરવામાં આવેલો. એ વખતે ૮૬૫ ખેલાડીઓએ લગભગ ૨૧ રમતોની અંદર ભાગ લીધો હતો. ૧,૦૦,૮૮૭/- જેટલી માતબર રકમ ખર્ચીને ઈનામો આપવામાં આવેલા, ત્યાર પછી એવો પ્રયોગ દાહોદના દેવગઢબારીયાની અંદર દશેરાના દિવસે આ નવતર પ્રયોગ કર્યો અને તેમાં ૧૮૩૬ ખેલાડીઓએ દેવગઢબારીયામાં ભાગ લીધેલો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે ફરીથી તરણેતરના મેળામાં માનનીય મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને આ ગ્રામીણ ઓલિમ્પિકસનું આયોજન થયું અને એ વખતે લગભગ ૧૯૧૨ ખેલાડીઓએ ભાગ લીધો એટલે દોઢગણા ખેલાડીઓએ આ મેળામાં જે સ્પર્ધાઓ યોજવામાં આવી એ યોજનામાં એ લોકોએ લાભ લીધો અને ત્યાર પછી દેવગઢ બારીયામાં આ ગ્રામીણ ઓલિમ્પિકસનું આયોજન કરવામાં આવ્યું તેમાં પણ દોઢગણા ખેલાડીઓએ ભાગ લીધો અને આ રીતે દોઢી રકમ પણ ઇનામ પેટે આપવામાં આવી એટલે એક સરસ મઝાનું આયોજન આ રીતે કરવામાં આવ્યું ત્યાર પછી બાર વર્ષથી નીચેના બાળકોમાં પણ સુષુપ્ત શકિતઓ પડેલી છે એને વિકસાવવા માટે ૨૦૦૪-૦૫માં એક પ્રાદેશિક કક્ષાનું આયોજન કરી સૌરાષ્ટ્ર-કચ્છ વિભાગ, ઉત્તર ગુજરાત વિભાગ અને દક્ષિણ ઝોનના વિભાગો પાડી આ બાળકોમાં જે કરાટે, જીમ્નેસ્ટિક, યોગાસન એવી રમતો રહેલી છે એનો પણ એક નવતર પ્રયોગ કરી ૧૩૦૨ વિદ્યાર્થી બાળકોએ ભાગ લીધો છે ત્યાર પછી આપણા સ્પૉર્ટ સંકુલોની વાત અહીંયા ચર્ચવામાં આવી, આપણા જે જિલ્લાઓ છે એવા ૧૧ જિલ્લાઓમાં આ સ્પૉર્ટસ સંકુલ વિકસવાના છે એમાં અમારા સાબરકાંઠાના હિંમતનગરનો પણ સમાવેશ થઈ જાય છે એવા ૧૧ સ્પૉર્ટસ સંકુલો વિકસવાના છે રાજય સરકારે આ વખતે ૭ કરોડ ૩૪ લાખનું આયોજન પણ કરી દીધું છે એટલે આવનારા વર્ષોમાં ૧૧ જિલ્લાઓમાં સ્પૉર્ટસ સંકુલોનો વિકાસ થવાનો છે તેમાંથી એથૅલૅટીક્સની રમતો રમાશે, સ્વીમીંગ પુલ પણ બનશે, મલ્ટી પરપઝ હૉલ પણ બનાવવામાં આવશે એટલે પ્રાદેશિક રમતો જે જે રમાય છે એ તમામ રમતોને ત્યાં વિકસાવવાનું સુંદર આયોજન રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. ત્યાર પછી હું આપને વાત કરું કે, નેશનલ સ્કૂલ ઑફ ગેમ્સ ઑફ ઈન્ડિયા દ્વારા પ્રતિ વર્ષે આ રમતોનું આયોજન કરવામાં આવે છે, આ વર્ષે અમદાવાદમાં આ સ્પૉર્ટસનું આયોજન કરવામાં આવેલ અને તેમાં લગભગ આપણા ગુજરાત રાજયને ૧૦૫ એવોર્ડો મળેલા, એમાંથી ૪૭ ગોલ્ડ મેડલ, ૩૧ સિલ્વર મેડલો અને ૨૭ બ્રોન્ઝ મેડલો હતા એટલે સમગ્ર દેશમાં આવા મેડલો મેળવનાર એટલે સુવર્ણ ચંદ્રક મેળવવામાં ગુજરાત પ્રથમ નંબરે હતું, મને કહેતાં ખૂબ આનંદ થાય છે કે, આપણું ગુજરાત રાજય એક એવું રાજય છે કે, વિજેતાઓને મેડલો આપે છે, સર્ટિફિકેટસ પણ આપે છે અને સાથો સાથ પ્રોત્સાહિત ઇનામો પણ આપે છે વ્યકિતગત રમતોમાં જે લોકો આ રીતે ભાગ લે છે સ્કેટિંગ, યોગાસન અને ટેનિસ છે એ જે રમતો છે એમાં વ્યકિતગત ઈનામો પણ આપવામાં આવે છે અને એ વ્યકિતગત રમતોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનારાઓને અનુક્રમે રૂા.૧૫૦૦, રૂા.૧૨૫૦ અને ૧૦૦૦ રૂપિયા પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવે છે એવી જ રીતે જે ટીમ ઈવેન્ટ વિજેતાઓ છે એને અનુક્રમે રૂા.૫૦૦૦, રૂા.૩૭૦૦ અને રૂા.૨૫૦૦ રોકડ પુરસ્કાર આપીને સન્માનવામાં આવે છે.

**સભાપતિશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે પ્લીઝ, શ્રી ધારશીભાઈ.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા (કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન મંત્રીશ્રી એમની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે હું પણ મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાઓમાં રસ્તાઓ હજુ પૂરતા પ્રમાણમાં નથી થયા અને જે રસ્તાઓ થયા છે એ બિલકુલ સાંકડા છે, એક રસ્તે એકબીજાની સામસામે જો વાહનો આવતા હોય તો ક્રોસ કરી શકતા નથી, તો મારી મંત્રીશ્રીને એક વિનંતી છે કે, જે રસ્તાઓ થાય છે એ થોડા પહોળા થવા જોઈએ. બીજી વાત મારી એ છે કે,રસ્તાઓ જે બને છે એની કવોલીટી પાતળી હોય છે આ પાતળી કવોલીટીથી રસ્તાઓ બને છે એની જાડાઈ બિલકુલ ઓછી અને કોન્ટ્રાકટરને બીલ મળી જાય અને રસ્તો તૂટી જાય છે. તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે રસ્તાની જાડાઈ વધારવી જોઈએ. કોન્ટ્રાકટરને કહેવું જોઈએ કે એક ઈંચની જાડાઈ આપી છે તો તમે અડધો ઈંચ જાડાઈ કેમ કરો છો? તો આ રસ્તામાં ધ્યાન આપવામાં આવે અને કોનો દોષ છે, એની ગુણવત્તા જોવાય એવી વિનંતી. ગામડાંનો વિકાસ કરવો હોય તો રસ્તા જરૂરી છે. આ રસ્તા પૂરતા પ્રમાણમાં હોય એ જરૂરી છે. હાઈવે જતો હોય પણ ગામડાંને રસ્તો ન મળતો હોય તો આવા રસ્તા ખાસ કિસ્સા તરીકે લેવા જોઈએ અને રસ્તા પૂરા કરવા જોઈએ. મારા વિસ્તારમાં એવો રસ્તો છે કે જે બે તાલુકાને જોડતો હોય તો એવા રસ્તા પૂરા કરવામાં આવે એવું મારું સૂચન છે. ગામડાંના વિકાસ માટે ખાસ કરીને મારી વિનંતી છે કે સાંકડા રસ્તા પહોળા કરવામાં આવે અને એકબીજા સાથે

જોડવામાં આવે. જે રસ્તા અધૂરા છે એને જોબ નંબર આપીને પૂરા કરી દેવામાં આવે એવી મારી વિનંતી છે. જયહિંદ.

**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન મંત્રીશ્રી માગણી નં. ૮૩, ૮૬, ૮૭ લાવ્યા છે, તેમાં મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું. સમર્થન એટલા માટે આપું છું કે આ દેશની આઝાદીના લડવૈયા, ભારતના લોખંડી પુરુષ અને ભારતના શિલ્પી શ્રીમાન સરદાર પટેલ સાહેબ પછી જો આ રાજયમાં કોઈ દ્રઢ મનોબળ, મકકમ મનોબળ સાથે, લોખંડી મનોબળ સાથે કોઈ કામ કરી શકતું હોય તો ગુજરાતના શતદ્રષ્ટા, ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રીશ્રી અને ગુજરાતના માર્ગ અને મકાન મંત્રીશ્રીએ મકકમ મનોબળ સાથે જે રસ્તા બનાવ્યા છે એને સમર્થન આપવા માટે અને વાત કરવા માટે ઊભો થયો છું. આદરણીય ડો. સી.જે.ચાવડા વાત કરતા હતા કે અમારી સરકારે ૭૦૦૦૦ કિલોમીટર લાંબા રસ્તા બનાવ્યા. ચોકકસ એ વાતને હું સમર્થન આપું છું. રસ્તા બનાવ્યા પણ એ કેવા રસ્તા? હું જે વિધાનસભાનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છું. મારી વિધાનસભાનું સોઈતા વિધાનસભા ક્ષેત્ર નામ છે. ત્યાં કાળી માટી છે, ચીકણી માટી છે. માણસ ઊભો હોય તો દસ ફૂટ દૂર જઈને પડે અને એને ખબર પણ ન હોય. આવી વિધાનસભાના ક્ષેત્રમાં હું જન્મ્યો છું. વટામણથી બગોદરાથી વાસદ રોડ જેનું ૯૪ કિલોમીટર અંતર છે. ૧૯૯૭ની સાલ હતી. જેઠ, અષાઢ મહિનાનો દિવસ હતો. પહેલો જ વરસાદ હતો. બધી નદીમાં પુર આવ્યા. એવો જબરજસ્ત વરસાદ પડ્યો એ વખતે ગુજરાતના મુખ્યમંત્રી શંકરસિહજી હતા. ઘણા બધા ખાતમુહૂર્ત કર્યા. ઘણા રોડના મુહૂર્ત કર્યા. કેટલા રોડ થયા અને કેટલા ન થયા એ મારા સાથી મિત્રોને ખબર છે. વટામણથી તારાપુર ૨૭ કિલોમીટર રસ્તાની વચ્ચે ફુડ પેકેટ લઈને અમે તારાપુરવાસીઓ જતા હતા ૩૦૦ ટ્રકો બગડેલી અને ફસાયેલી પડી હતી. આજે ૨૭ કિલોમીટરનો રસ્તો કાપતા માત્ર ૧૦ મિનિટ થાય. આ રસ્તા ભા.જ.પા. સરકારના આદરણીય કેશુભાઈ, આદરણીય નરેન્દ્રભાઈ મોદી આ સરકારનું સાચું પ્રતિબિંબ રસ્તામાં જોઈ શકાય છે. ૧૯૯૫માં મારા સ્વર્ગસ્થ સાથી આદરણીય સવજીભાઈ કોરાટને યાદ કરું છું. ૧૯૯૫માં તારાપુરથી જીણોદ સુધીના ૧૨ કિલોમીટરનો રસ્તો બનાવ્યો એમણે. જીણોદથી ખંભાત એમ ૧૪ કિ.મી.નો રસ્તો આદરણીય મંત્રીશ્રી સી.કે. રાઉલજીએ બનાવ્યો હતો. ૧૯૯૭ માં બનાવ્યો હતો અને ૧૯૯૫ માં આદરણીય સવજીભાઈ કોરાટ સાહેબે બનાવ્યો હતો. આજે ૧૦ વર્ષ પછી અડીખમ ઊભો છે. ૧૯૯૭ નો બનાવેલ રસ્તો મારા ભાડાથી તમામ ધારાસભ્યશ્રીઓને બતાવી દઉં જો જોવો હોય તો એ રસ્તો આજે સાક્ષી પૂરે છે કે સવજીભાઈ કોરાટ સાહેબનો રસ્તો કેવો છે અને આદરણીય સી.કે. રાઉલજી સાહેબનો રસ્તો કેવો છે. આ ભારતીય જનતા પાર્ટી સરકારની નીતિ છે, જે સ્પષ્ટ અને સાચી નીતિ છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે. રાષ્ટ્રીય ધોરી માર્ગની વાત કરી સુવર્ણ ચતુષ્કોણ યોજના હેઠળ ઉત્તર, દક્ષિણ હોય અને મહારાષ્ટ્રની બૉર્ડર સુધીનો ૫૦૦ કિ.મી. સુધીનો ૧૭૪૨ કરોડના ખર્ચે ચારમાર્ગીય યોજનામાં કામગીરી પૂર્ણ થઈ રહી છે. પૂર્વ પશ્ચિમના કોરીડોરની વાત કરી અમારા ફળદુ સાહેબે તો એમાં રાજસ્થાનની સરહદ, પાલનપુર, ડીસા, સાંખીયાણા, રાજકોટ પોરબંદર સુધીનો ૫૮૩ કિ.મી. લંબાઈનો રસ્તો ૨૫૭૩ કરોડના ખર્ચે ચારમાર્ગીય યોજનાની કામગીરી આજે પ્રગતિમાં ચાલે છે, જ્યારે વિધાનસભામાં હું ચૂંટાયો. મારાં ૭૫ ગામના ૨૫ પરા છે. મને ખબર નથી પડતી કે મારા પૂર્વ ધારાસભ્ય ગૃહમંત્રીશ્રીના ચિરંજીવી હતા, સારું એવું ભણેલા હતા, પરંતુ મારી સરકારમાં તો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં એ નીતિ રહેલી છે કે ૧૮૨ ધારાસભ્યોને સરખી ગ્રાન્ટ આપતા હોય અને એક પણ રસ્તાનું કામ ન થયું હોય એ આશ્ચર્યજનક વાત છે. બોલવું કઈક અને કરવું કઈક. એક પણ રસ્તો ૭૫ ગામનો ૨૫ પરામાં એક પણ રસ્તો નથી બનાવી શક્યા. ૨૦૦૫-૦૬ વચ્ચે આદરણીય માર્ગ અને મકાન મંત્રીશ્રીને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. ૨૭ એપ્રોચ રોડ બનાવ્યા છે. મારી પાસે એનું લિસ્ટ છે. અધ્યક્ષશ્રીને સાંભળવા હોય તો ગણી બતાવું. આ સરકાર નહિ કોંગ્રેસના કે નહિ ભારતીય જનતા પાર્ટીના પણ દરેક ધારાસભ્યને સરખું મહત્વ મળે, સરખી ગ્રાન્ટ મળે એ પ્રકારની કામગીરી કરી રહી હોય ત્યારે આદરણીય બાબુભાઈ બોલીને ગયા મને દુ:ખ થાય છે કે પોતે બહાર આવીને કહે છે કે ખૂબ સારી કામગીરી કરી અને અંદર આવીને જુદી વાત કરે છે, ત્યારે ચોક્કસ દુ:ખ થાય છે કે અમે જે સારું કર્યુ હોય તે તો કહો. અમે ચોક્કસ કહીએ છીએ કે કોંગ્રેસે ખૂબ સારું કામ કર્યુ છે. જે સારું કેવું કર્યુ એ પણ મને ખબર છે કે ભૂકંપ આવ્યો ૯મી તારીખે અને મારું વજન વધારે છે. હું ચાલુ એટલે આખી સદસ્ય નિવાસ ધ્રૂજતી હોય છે. એ એમની સરકારમાં થયું હતું. આદરણીય અમારા શંકર કાકા અને દિનશા પટેલે સારું કામ કર્યુ તો એ કામ એમણે કર્યુ છે.

**શ્રી શંકરભાઈ મં. વારલી (ઉંમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન મંત્રીશ્રી માગણી નં. ૮૩,૮૬, ૮૭ અને રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના મંત્રીશ્રી માગણી નં. ૯૮ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

મારા વલસાડ જિલ્લાના ઉંમરગામ તાલુકાના રસ્તા તો સારા થયા છે અને ઝડપથી પણ થાય છે, પણ જે બાકીના માર્ગ મકાન વિભાગ તરફથી મારા વિસ્તારમાં એક જ ઉંમર ગામ ખાતે કૉલેજ છે અને એ એક ભાડાના મકાનમાં ચલાવવામાં આવે છે અને એ હાઈસ્કૂલમાં હોય અને એ હાઈસ્કૂલ વારંવાર ખાલી કરવા માટેની નોટિસ આપે છે. કેમ કે મકાન તૈયાર થતું નથી અને ત્યાંની કૉલેજના વિદ્યાર્થીઓને ભણવાની ઘણી મકાનને લીધે અગવડતા

નડે છે. એ હાઈસ્કૂલના વિદ્યાર્થીનું ભણતર પણ બગડે છે, તો માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે કૉલેજનું મકાન જલ્દીમાં જલ્દી બને તેવી વિનંતી કરું છું.

મારા વિસ્તારમાં બજેટમાં વારોલી ખાડીપર એક કરોડનો પુલ મંજૂર થયો છે, પણ નાણાની અછતના લીધે આજસુધી પુલ થયો નથી. આ પુલને લીધે હુમરાણ અને સંજાણ વચ્ચે એક જ કિ.મી.નો રસ્તો ટૂંકો થાય છે, ત્યાંના લોકોને ૫-૬ ગામને ૧૨ થી ૧૫ કિ.મી. ફરીને આવવું પડે છે, જ્યારે વરસાદ હોય ત્યારે એ ગામો ત્યાં નજીક આવી જતા અને પ્રવાસનનું વર્ષ હોય અને સંજાણ આજે એક ૧૪૦૦ની સેન્ચ્યૂરીમાં પારસી લોકો ત્યાં ઉતરેલા અને સંજાણને આજે પ્રવાસન ધામ તરીકેનો જો રસ્તો વિકસાવાય તો પારસી કોમના લોકો ત્યાં આગળ પુષ્કળ રહે છે, એ લોકોને આવવા માટે સંજાણ ઉંમરગામ સ્ટેશન થઈને ૧૨ થી ૧૫ કિ.મી. કાપવો ન પડે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જ વિસ્તારમાં સંજાણ, ખતલવાડ અને નારગોલ બંદરને જોડતો રસ્તો છે તે રસ્તા પર નાની ખાઈ આવેલી છે. આ ખાઈ છે ત્યાં વરસાદ પડે ત્યારે તે ઓવરફ્લો થાય છે અને તેના લીધે ટ્રાફિક અટકી જાય છે, ભરતી ઓટ આવે એટલે પણ ત્યાં ટ્રાફિક અટકી જાય છે. બજેટમાં ત્રણ કરોડ મંજૂર થયા છે પણ પ્રોવિઝન નહીં થવાના લીધે બે ત્રણ વર્ષથી તે રસ્તો થતો નથી. બીજું કે મારા વિસ્તારમાં પુના ગામમાં નદી પર પુલ આવેલ છે. તે પુલ બે વર્ષ પહેલાં ખૂબ વરસાદ પડવાથી અને તેમાં ત્રણ છોકરા તણાઈ ગયા હતા તેમાંથી બે મૃત્યુ પામ્યા હતા તેના માટે પણ બજેટમાં પૈસા ફાળવ્યા છે પણ આજદિન સુધી પ્રોવિઝન નહીં થવાના કારણે તેનું કામ થતું નથી. મારા વિસ્તારમાં ખૂબ સારા રસ્તા છે. મારા વિસ્તારમાં ઉદ્યોગ ધંધા સારા છે તેથી તેના માટે રસ્તા પહોળા કરવાની ખાસ જરૂરિયાત છે. બીજું કે વાપી અને ઉમરગામ વિસ્તારમાં ઉદ્યોગો એટલા બધા આવી રહ્યા છે, વાઈબ્રન્ટ ગુજરાતની અંદર આવી રહ્યા છે ત્યારે તેમાં રસ્તા પહોળા કરવા ખૂબ જરૂરી છે. આવા ઉદ્યોગો વધવાથી ટ્રાફિક પણ વધી રહ્યો છે. આજે અમારે તે વિસ્તારમાં અમારી ગાડી ચલાવવાની પણ મુશ્કેલી પડી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તાર હોય ત્યાં આદિવાસી સંસ્કૃતિને સાચવવી ખૂબ જરૂરી છે. મારો ઉમરગામ તાલુકો મહારાષ્ટ્ર રાજય સાથે જોડાયેલો છે ત્યારે અરસપરસની સંસ્કૃતિ સાથે જોડાયેલા લોકો ત્યાં વસે છે. તો તેવી સંસ્કૃતિ ગુજરાત સરકાર સાચવે તેવી મારી ખાસ વિનંતી છે. બીજું કે જે નાના નાના રસ્તાઓ ઉમરગામમાં છે તે ઘણા જ ખરાબ થઈ ગયા છે તે રસ્તાઓ સારા થાય તેવી ખાસ માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જે માગણી ક્રમાંકઃ ૮૩, ૮૬ અને ૮૭ અને રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી જે માગણી ક્રમાંકઃ ૯૮ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રીને અભિનંદન પાઠવવાં છે કે જેમણે મારા મત વિસ્તારની અંદર વર્ષોથી ઘણો જૂનો પ્રશ્ન હતો કોલચા બ્રિજનો તે તાત્કાલિક ધોરણ ચાલુ કરાવી આપ્યા તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિભાગના મંત્રીશ્રીને અભિનંદન આપવાં છે. રાજપીપળાથી બરોડા સુધી જવું હોય તો બે કલાક જેટલો સમય લાગતો હતો ત્યારે અત્યારે એક કલાકમાં રાજપીપળાથી બરોડા પહોંચી જવાય છે. આ રસ્તા ઉપર જે સિંઘવા ચોકડીથી પુલ સુધીનો છ કિલોમીટર સુધીનો રસ્તો છે તે રસ્તો ખરાબ છે તે તાત્કાલિક ધોરણે કરાવી આપો તો તેના કરતાં ઓછા સમયમાં પહોંચવાની તક મળશે. આદિવાસી વિસ્તારોની વાત કરું તો આદિવાસી વિસ્તાર ડુંગરાળ પ્રદેશ હોવાથી હીલ મોટા પ્રમાણમાં હોય છે. આ મોટી મોટી હીલના કારણે વાહનો જઈ શકતા નથી. તો આ જે જે હીલ છે તે હીલનું કટીંગ કરાવી આપે તો ચોક્કસ સરળતા થશે અને તે વિસ્તારમાં વાહન વ્યવહાર ખૂબ સારી રીતે થઈ શકશે. બીજું કે મારા વિસ્તારની અંદર નર્મદા અને કેવડિયા કે જેનો પ્રવાસન સ્થળ તરીકે આ વર્ષમાં સમાવેશ કર્યો છે ત્યારે ત્યારે કેવડિયા ખરકવાનો જે રસ્તો છે તે વર્ષોથી બનતો નહીં હોવાના કારણે અને તે રસ્તો સરદાર સરોવર નર્મદા નિગમ પાસે છે તે રસ્તો ગુજરાત સરકાર પોતાની પાસે લઈ લે તો ચોક્કસ તેનો વિકાસ થશે. કેવડિયાની આજુબાજુના તમામ રસ્તાઓ ખૂબ સુંદર અને સારા છે. આ રસ્તો સરકાર પોતાના હસ્તક લઈ લે તો ચોક્કસ કેવડિયાની રોનક વધુ સારી થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે મેં રસ્તાઓની બાબતે બે ત્રણ સૂચનો કર્યા છે તો માનનીય મંત્રીશ્રી મારા વિસ્તાર માટે વિચારે એ ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક બાબતે હું એટલું જ કહેવા માગું છું કે, મારા વિસ્તારમાં રાજપીપળા એ એક એવો તાલુકો છે કે, જિમ્નાસ્ટીકની અંદર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મારા વિસ્તારના ખેલાડીઓ જાય છે અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે પણ નંબર મેળવે છે. આગામી બજેટમાં મારા વિસ્તારને ૧ કરોડ ૮૭ લાખ રૂપિયા જેટલાં નાણાં ફાળવીને ત્યાં આગળ ઈનડોર, આઉટડોર એથલેટીક્સ, આ રમતો માટે જે આયોજન કર્યુ હતું, એ ઝડપથી થાય તો મારા વિસ્તારના લોકોને ચોક્કસ લાભ થવાનો છે, ખાસ કરીને સ્વામી વિવેકાનંદ પર્વતારોહક સંસ્થા, માઉન્ટ આબુમાં ચાલે છે એ જ પ્રકારની યોજના જુનાગઢમાં પણ ચાલે છે. મારા વિસ્તારમાં કેવડિયા વિભાગમાં કેવડિયાથી માલસામોટ જે પર્વતારોહણની અંદર ટ્રેકિંગ ચાલુ કર્યા છે એમાં આ વર્ષે સાડા ચાર હજાર કરતાં વધારે બાળકોએ આનો લાભ લીધો છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ પર્વતારોહણમાં એકેડેમી એડવેન્ચર કોર્સ જો મારા વિસ્તાર નર્મદા- કેવડિયા વિસ્તારમાં ચાલુ કરવામાં આવે તો એનાથી મારા વિસ્તારના જે રમતવીરો છે અને બાકીના બાળકો આ એકેડેમી પર્વતારોહણમાં જે ભાગ લે છે એમને

ચોક્કસ ખૂબ સારો ફાયદો થશે. રમતમાં આદિવાસી બાળકો ખૂબ ભાગ લે છે પણ એમને પ્રોસ્તાહિત નહીં કરવાને કારણે એ બાળકો આગળ આવી શકતા નથી, હું એટલા માટે સમર્થન આપું છું કે, આ વખતે આ પ્રકારના જે કોઈ રમતવીરો છે એમને પ્રોત્સાહિત કરવા માટે આ બજૅટમાં જોગવાઈ કરવામાં આવી છે, આ ખરેખર સુંદર બાબત છે, જો આ રીતના રમતવીરોને પ્રોત્સાહિત કરવામાં આવશે તો ચોક્કસ ગુજરાતમાં એટલા સારા રમતવીરો છે કે જેઓ ગુજરાતનું દેશમાં નામ રોશન કરી શકશે. આ રમતવીરો, ખરેખર રમતવીરો કેટલા દુ:ખી છે એમને પ્રોત્સાહિત કરવા જોઈએ, એ પ્રોત્સાહિત નહીં થવાને કારણે એમનામાં જ પડેલી શકિતઓ છે એ શકિતઓ લુપ્ત થતી જાય છે, તો એ શકિતઓને આપણે બહાર લાવવી જોઈએ તો આ માટે રાજય સરકારે પ્રયત્ન કર્યા છે એ માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ખાસ કરીને મારા વિસ્તારમાં રમતગમત ક્ષેત્રે બહુ જ બાળકોને રસ છે તો માનનીય મંત્રીશ્રીને એટલું જ કહેવા માગું છું કે, મારા વિસ્તારમાં આ ક્ષેત્રે થોડીક વિચારણા થાય અને વધુ સ્કીમો ફાળવીને મારા વિસ્તારને લાભ આપવામાં આવેએવી હું વિનંતી કરું છું.

**શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આ સન્માનનીય ગૃહમાં આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે જ્યારે આપણા ગુજરાતમાં સ્ટેટ હાઈવે હોય કે ધોરીમાર્ગોને જોડતા રસ્તા હોય એ બહુ સારા અને સુંદર બનાવ્યા છે એ માટે આનંદ થાય છે પણ સાથે સાથે હું એ પણ કહેવા માગું છું કે, જ્યારે અમારા પાટણ જેવા અંતરિયાળ વિસ્તારમાં જે કોઈ રોડ બનાવ્યા છે, અમુક રોડ સારા અને સુંદર બનાવ્યા છે, અને ઘણા બનાવ્યા છે પણ મારા પાટણ વિસ્તારમાં અંતરિયાળ વિસ્તાર આવેલો છે ત્યાં હજી રોડ બાકી પડ્યા છે, એટલે કહેવાનો મતલબ એ થાય છે કે દરેક તાલુકા- તાલુકાને જોડતા રોડ છે, એ સામસામા એક એક -બે બે કિલોમીટરના અંતરે આવેલા છે એમાં ખૂબ મોટો ખર્ચ પણ થાય એમ નથી પણ દરેક તાલુકા- તાલુકા અલગ- અલગ હોવાને કારણે રોડ થઈ શકતા નથી એને કારણે લોકોને દશ- દશ, પંદર -પંદર, પચીસ-પચીસ કિલોમીટર વધારે ફરીને આવવું પડતું હોય છે તો જ્યારે આવા તાલુકાને જોડતા રોડ છે એ જો ડાયરૅક્ટ બનાવવામાં આવે તો લોકોને સારી સવલતો મળી શકે એમ છે અને સારું થઈ શકે અને વાહન વ્યવહાર પણ સારી રીતે ચાલી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કે જયારે અમારા પાટણ જેવા તાલુકાનું વેલોડા ગામ છે એનો રસ્તો લગભગ છેલ્લા ૫ થી ૧૦ વર્ષથી બાકી છે. એસ.જી.આર.ના કામ થયા છે પણ નોન પ્લાનમાં છે એ પ્લાનમાં આવતું નથી એટલે પ્લાન એસ્ટીમેટમાં આવતો નથી. આ રસ્તો વિકરાળ છે અને મોટા મોટા બાવળિયા ઉગેલા છે અને પથ્થરાળ રસ્તો હોવાના કારણે કોઈ સાધન જઈ શકતું નથી. જયારે કોઈ બહેન-દિકરીને પ્રસૃત્તિ માટે કે બિમાર માણસને શહેરમાં કે બીજે દવાખાને લઈ જવાનો પ્રસંગ ઉભો થાય ત્યારે એ વ્યકિતને જેમ મરેલા માણસને ઉપાડીને લઈ જઈએ એવી રીતે લઈ જવા પડે છે અને તો જ લઈ જઈ શકીએ છીએ. આવા મારા વિસ્તારના બે-ચાર રસ્તાઓ છે. અમારો વિસ્તાર અંતરિયાળ વિસ્તાર છે એને માટે આ રસ્તાઓ ખૂબ મહત્વના છે ત્યારે આવા રસ્તાઓનું કામ વહેલીતકે કરે એવી મારી માનનીય મંત્રીશ્રી પાસે માગણી છે. આમ તો તમે રસ્તાઓ બહું સુંદર અને સારા બનાવો છો પણ અંતરિયાળ વિસ્તારના રસ્તાઓ છે એ બાકી છે તો એના માટે પણ રસ્તાઓ બનાવવામાં આવે તો લોકોને સારી સુવિધા મળી શકે. અમારો વિસ્તાર મોટા પ્રમાણમાં બક્ષીપંચ, અનુસૂચત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસતિવાળો વિસ્તાર છે અને અહીંયા ૮૦-૯૦ ટકા પછાત વર્ગની વસતિ છે. અમારા વિસ્તારના આ બધા લોકો કહેતા હોય છે કે શ્રી આઈ. કે. જાડેજા સાહેબ બહુ સારા છે અને રસ્તાઓ બનાવી આપે છે પણ આપ રજૂઆત કરતા નથી. મેં રજૂઆત બહુ કરી છે અને મારી રજૂઆત હોવા છતાં મારા વિસ્તારનું આ રસ્તાઓનું કામ થયું નથી તો આ જે મેં રજૂઆત કરી છે એ ધ્યાનમાં લે અને મારા વિસ્તારના રસ્તાઓ જલદી બને એવું કરે અને અમારા વિસ્તારને ધ્યાનમાં રાખે એટલું કરે એવી વિનંતી છે. બીજી એક વાત કહેવા માગુ છું કે, પાટણ-ડીસા હાઈવે રોડ છે એ બિસ્માર હાલતમાં છે, પાટણ-શિરોહી હાઈવે છે એ પણ બિસ્માર હાલતમાં છે એને વહેલીતકે રિપેરીંગ કરવો જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં આટલી માગણી કરી છે એ સો ટકા મારી માગણી માનનીય મંત્રીશ્રી પૂરી કરશે એવી મને આશા છે. 'જય ભારત'

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૮૩, ૮૬, ૮૭ અને ૯૮ લઈને આવ્યા છે, એમાં મારું અનુમોદન આપવા માટે અને સૂચનો કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકાસમાં રસ્તાઓનું ખૂબ મહત્વ હોય છે. કોઈ પણ રાજયમાં રસ્તાઓ વગર ઉદ્યોગોનો વિકાસ થતો નથી અને આજના યુગમાં રસ્તાઓ ન હોય તો એ રાજયનો વિકાસ થતો નથી. ઔદ્યોગિક વિકાસ કરવો હોય તો સારા રસ્તાઓ અતિ મહત્વનો ભાગ ભજવતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં આપણે જોઈએ તો આઝાદીની ચળવળ વખતે પણ ગુજરાત રાજયના રસ્તાઓ દેશમાં સૌથી સારામાં સારા હતા. જયારે ૧૯૭૨-૧૯૭૩-૧૯૭૪ અને ૧૯૭૫ના વર્ષમાં હું મારી ગાડી લઈને સેલ્ફ ડ્રાઈવિંગ કરીને સમગ્ર દેશમાં ફર્યો છું, કાશ્મીર, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, આસામ, નાગાલેન્ડ, મિઝોરમ, મણીપુર, ત્રિપુરા, હિમાચલ પ્રદેશ આ તમામ રાજયોમાં હું સેલ્ફ ડ્રાઈવિંગ કરીને ફર્યો છું ત્યારે મેં જોયું છે કે એ ટાઈમથી આપણા ગુજરાત રાજયના રસ્તાઓ સારામાં સારા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાઓ વગર કોઈ રાજયનો વિકાસ થતો નથી. ૧૯૮૮ના જુલાઈ મહિનામાં હું લંડન હતો ત્યારે લંડનથી પેરિસ સુધીનો ૭૫ કિલોમીટરના રસ્તાનું કામ, સમુદ્ર અને નદીની અંદર ટનલ વર્કીંગનું કામ શરૂ થયું હતું અને બીજી કે ત્રીજી વખત હું લંડન ગયો તો મેં જોયું કે પેરિસથી લંડન સુધીનો સબ વે બની ગયો હતો અને ટ્રેન વ્યવહાર ચાલુ થઈ ગયો હતો. કેટલું સ્પીડી અને કવોલિટિવાળું અને કોન્ટિટિમાં કામ થયું હતું એ જોઈને આપણને આશ્ચર્ય થાય. જયાં સુધી કવોલિટિ મેન્ટેન ન થાય ત્યાં સુધી રસ્તાઓ સારા રહેતા નથી અને કોઈ પણ રાજયનો વિકાસ સારા રસ્તાઓ વગર થતો નથી. આપણે ઘણી વખત કહીએ છીએ અને વાત કરીએ છીએ કે પુલો બનાવીએ છીએ પણ મેં જોયું છે કે આ પુલો પાંચ પાંચ વર્ષ સુધી પૂરા થતા નથી. સુરેન્દ્રનગરથી આવતા વઢવાણ અને લીમડી વચ્ચે એક બ્રીજ આવે છે એ ઘણાં વર્ષોથી હું જોઉં છું કે પૂરો થતો નથી.

છેલ્લા દસ વર્ષથી હું એ જોઉં છું. ઘણા કોન્ટ્રાકટરો બદલાઈ ગયા હોવા છતાં આ એક બ્રીજ પૂરો થતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો સૂચન એ કરવું છે કે, આવનારા દિવસોમાં આપણે ગુજરાતનો વિકાસ કરવો હશે તો જયાં સુધી કવોલિટિ મેન્ટેન નહીં થાય અને સમય લિમિટ મેન્ટેન નહીં થાય ત્યાં સુધી આ કામો અધૂરા રહેશે. આ કામો ઝડપથી પૂરા કરવા માટે સારા અધિકારીઓ અને સારા કોન્ટ્રાકટરો હોવા જોઈએ. સાથે સાથે હું સૂચન કરવા માગું છું કે, અમારો સુરતથી અમદાવાદનો રસ્તો ખૂબ સારો એકસપ્રેસ હાઈવે બની રહ્યો છે એ અમદાવાદથી વડોદરા સુધી બની ગયો છે પણ વડોદરાથી સુરત સુધીનો એકસપ્રેસ હાઈવે સીકસ લેન્ડ બનાવવાનું આયોજન છે બી.ઓ.ટી. ના ધોરણે એના માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. એ રસ્તા માટે પણ કવોલિટિ મેન્ટેન થાય અને સ્પીડી બને અને એ રસ્તા માટે જે ટાઈમ લિમિટ નક્કી કરી હોય અને જે લક્ષ્ય રાખ્યું હોય સમયનું એ સમયે પૂર્ણ થાય અને જે ટાઇમની અંદર જે કોન્ટ્રાકટરની જવાબદારી હોય એ ફિક્સ કરવામાં આવે. પાંચ વર્ષ, સત વર્ષ સુધીની અને એની કવોલિટિ મેઈન્ટેઈન થાય તો રાજયની પ્રજાને વળતર મળે નહિ તો વળતર નથી મળતું. કોન્ટ્રાકટર કામ કરીને ચાલ્યા જાય પછી, સરકાર પર જવાબદારી આવે, એની એફ.ડી. ગમે તેમ કરીને છોડાવી જાય. આજના દિવસની અંદર શું ચાલે છે એ આપ જાણો છો એ મારે કહેવાની જરૂર નથી. ત્યારબાદ સરકારને એના પેચ વર્ક કરવાની જરૂર પડે. એના બ્રીજો બનાવવાની જરૂર પડે. અસંખ્ય બ્રીજો આપણાં અધૂરાં પડ્યા છે, અસંખ્ય બ્રીજો આપણા કવોલિટિ મેઈન્ટેઈન નહિ થવાના હિસાબે રીપેરીંગમાં પડ્યા છે. પહેલાના વાહનો ફિઆટ અને એમ્બેસેડર હતી ત્યારે સ્પીડ નહોતી. આજની ગાડીમાં પાંચસો-પાંચસો કિલોમીટરની સ્પીડ આવી ગઈ છે (અંતરાય) સારી ગાડી હોય તો, ગાડીઓમાં ત્રણસો-ત્રણસો કિલોમીટરની સ્પીડ હોય છે, ૧૫૦-૨૦૦ કિલોમીટરની ઝડપે એકસપ્રેસ હાઈવે પર ચલાવી શકીએ છીએ ગાડીઓ. આજે ૩૦૦-૩૦૦, ૪૦૦-૪૦૦ કિલોમીટરની સ્પીડલીમીટના વાહનો હોય છે, (અંતરાય) ના જોઈ હોય તો આવજો મારી પાસે હું બતાવીશ, મારી પાસે છે આ તમને કહુ, તમારી પાસે ના હોય તો આવજો. આજના દિવસમાં વાહન પરિવહન સ્પીડી હોવું જોઈએ, કવોલિટિ મેઈન્ટેઈન થવું જોઈએ અને સસ્તો વાહન વ્યવહાર થવો જોઈએ. મારે કંઈક સૂચનો કરવાં છે. સુરતથી નવસારી સુધીનો રસ્તો તાત્કાલિક ધોરણે સીક્સ લેનનો કરવો જોઈએ, સુરત અને નવસારી વચ્ચેનું અંતર માત્ર ૩૦-૩૫ કિલોમીટરનું છે અને આ રસ્તા પર એટલું બધું ભારણ રહે છે તેથી એ તાકીદે કરવો જોઈએ.

આપણે ઘણી વખત વાતો કરીએ આપણા ભવનોની, હું માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા કહેવા માગું છું કે આપણા દિલ્હીનું ગુજરાત ભવન એ પ્રથમ સુધારવાની જરૂર છે, ત્યાં ગુજરાતી સ્ટાફ રાખીને ગુજરાતી ખાણી પીણી મળે તે કરવું જોઈએ એ નથી મળતું. ત્યારબાદ અમારા અમરેલીનું સરકીટ હાઉસ, અનાદિકાળથી એમને એમ છે કોઈ સુધારો વધારો થયો નથી આજે પણ તમે અમરેલીમાં જાઓ તો તમને એમ થાય કે તાલુકા પ્લેસ સેન્ટરનું સરકીટ હાઉસ સારું હોય આના કરતાં એવું અમરેલીનું સરકીટ હાઉસ છે હું માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા કહેવા માગું છું કે, અમરેલીનું સરકીટ હાઉસ સુધારવાની જરૂર છે. બગોદરાથી તમે અમરેલી જાઓ. આજે ગુજરાતની અંદર ૧૦ વર્ષથી કોઈપણ રેલવે ફાટક પર ઓવરબ્રિજ બન્યા નથી. અન્ડરબ્રિજ પણ બન્યા નથી. બગોદરાથી વલ્લભીપુર તમે પહોંચો તો ચાર જેટલા રેલવે ફાટક આવે એમાં ટ્રેન આવી જાય તો અરધો અરધો કલાક ગણીએ તો બે કલાક તમે લેઈટ પડી જાઓ. એક પણ જગ્યાએ રેલવે પર ઓવરબ્રિજ બનતા નથી એ દુઃખદ વાત છે. નેશનલ હાઈવે પર કરજણ પાસે રેલવે ફાટક પર ઓવરબ્રિજ નથી બનતો. બારડોલી જતાં દાસતાન પાસે રેલવે ફાટક છે ત્યાં પણ ઓવરબ્રિજ બનતો નથી. આ સ્પીડી દુનિયામાં ઓવરબ્રિજ વગર ચાલે નહિ. નેશનલ હાઈવે પર ફરજિયાત ઓવરબ્રિજ અને અન્ડરબ્રિજ હોવા જોઈએ તો જ ટ્રાફિકના સમયે સમયસર પહોંચી શકાય નહિ તો ના પહોંચી શકાય. વલ્લભીપુરથી અમરેલી બાય પાસ જતા જસાપર અને એવા કેટલાય અસંખ્ય ગામોમાંથી પસાર થવાનું થાય છે, ઉમરાળા, ધોળા, ઢસા ત્યાં સુધી પહોંચતા સમય લાગે છે. એમાં ધોળાની અંદર તો ત્રણ તો રેલવે ફાટક આવે છે 'એલ' આકારના ત્રણ રેલવે ફાટક આવે, આપ ક્યારેક મુલાકાત લો તો તમે પૂછજો માનનીય મંત્રીશ્રીને હું આપના દ્વારા કહેવા માગું છું કે આ વખતે તમે અમરેલીનો પ્રવાસ ગોઠવો, લાઠીથી ટોડા જતાં બ્રિજ સયાજીરાવ ગાયકવાડના સમયનો બેઠો બ્રિજ છે હજી એ બન્યો નથી અને એના માટે અમરેલીના સાંસદે પણ પત્ર લખ્યો છે, અમરેલીના ધારાસભ્ય પણ લખી ચૂક્યા છે. એક શેત્રુંજીનો બ્રિજ ધારી જતાં બેઠો બ્રિજ છે કોઈપણ માણસ જો જરાક ગતિ ચૂકે તો સીધો શેત્રુંજીમાં પડે આવા અમરેલી જિલ્લામાં અસંખ્ય બ્રીજોનું કામ બાકી છે. અમરેલીના અસંખ્ય રસ્તાઓ બિસમાર હાલતમાં છે. જાફરાબાદ જાઓ, ઉના જાઓ બધી જગ્યાના રસ્તાઓ તમે

જૂઓ કે આજના દિવસમાં રંગોળાથી તમે ઢસા જાઓ ત્યાં બિસમાર હાલતમાં રસ્તો છે. આ રસ્તાઓની સુધારણા માટેની કામગીરી થવી જોઈએ. મારા બે પાંચ સૂચનો છે.

**સભાપતિશ્રી** : આપ આપના સૂચનો લખીને આપી દેજો, ૨-૩૦ વાગ્યે સભાગૃહની બીજી બેઠક છે. નટવરસિંહ ઠાકોર લાસ્ટ..

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, બાંધકામ મંત્રીશ્રી આઈ.કે. જાડેજા બાપુ છે બાપુઓ તો એવા તાલ આવે તો સારું કરે નહિ તો તાલ આવે તો ઉંધું મારે.. (અંતરાય)

**સભાપતિશ્રી .** : પ્લીઝ, પ્લીઝ, ધનરાજભાઈ...

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આઈ.કે. જાડેજા બાપુ આજે બાંધકામ મંત્રી છે અમારા બાપુઓ તો કેવા કે તાલ આવે તો સારું કરે નહિ તો ઉંધુ મારે અને પાછા. બાપુ બહુ ખેંચાય ના એટલું સારું કારણકે આ એક ગુજરાતનો રસ્તો, પુલો અને બીજા મકાનો છે લોકોપયોગી છે એટલે લોકોપયોગી કામ સારું થવું જોઈએ અને જ્યાં અગવડો છે જે ગામના રસ્તાઓ જિલ્લા પંચાયતમાં છે તે કેટલાય આપ આ ભાજપની સરકાર આવી ત્યારના સંમત થતા નથી કારણકે તે સમારકામ કરવાની જરૂર છે. ગામડાંનો વિકાસ થશે તો આ ગુજરાતનો વિકાસ થશે. કેટલું બધું ભારણ છે જિલ્લા પંચાયતોમાં કે કેટલાય ૫૦ ટકા રસ્તાઓ ડામર વગરના બાકી છે. બધા જિલ્લાઓમાં અમારા ખેડા જિલ્લામાં તો ખરું જ. પણ બધા જિલ્લાઓમાં તો એ રસ્તાઓને તાત્કાલિક રિપેર કરવાની જરૂર છે. બીજું જે સ્ટેટના રસ્તાઓ છે તે જિલ્લા પંચાયત સ્ટેટમાં આપી દે કારણકે બહુ ભારણ છે જિલ્લા પંચાયતમાં તો અમુક રસ્તાઓ સ્ટેટમાં આપી દે તો સારું. જે નેશનલ હાઈવે છે તેમાં અમુક જે રસ્તાઓ છે ડાકોર નડિયાદ, નડિયાદ કપડવંજથી છેક શામળાજી સુધી તેમાં જે રસ્તાઓ છે તે નેશનલ હાઈવેમાં આપી દે કારણકે સ્ટેટવાળા બહું કરી નહીં શકે. એટલે અમુક જે રસ્તાઓ છે તે સ્ટેટમાં આપી દે, નેશનલ હાઈવેમાં આપી દે. જિલ્લાવાળા તો જલદી કામો થાય અને જે જિલ્લાના રસ્તાઓ છે તેમાં અડધો ઈંચ ડામર ચડે છે. સ્ટેટમાં જો દોઢ ઈંચ ડામર ચડતો હોય તો જિલ્લામાં કેમ નહીં ? તેની ક્ષમતા છે ચાલવાની તે સારી રહે માટે તે પણ કરવું જોઈએ. જે આ ૫૦૦ થી ૧૦૦૦ વસ્તીવાળા જે પરા વિસ્તારો છે તેને પણ જોડવા જોઈએ. ઘણાં પરાઓ રહી જાય છે. આવે છે, ના નહીં પણ જે હજાર હજાર વસ્તીના પરા છે તેને પણ તાત્કાલિક કારણકે કેન્દ્ર સરકાર આપે છે. તો એ ભલામણ કરો આપ તો એ સારા રસ્તાઓ આવે. બીજું અમારા ખેડા જિલ્લામાં અને આણંદ જિલ્લામાં જ્યાં પૂર આવ્યું તેથી અહીંયા રસ્તાઓ ઘણા ખરાબ થઈ ગયા છે. બિલકુલ ચાલે તેમ નથી તો એ તાત્કાલિક રિપેર કરવાની જરૂર છે. નાળાં પણ તૂટી ગયા છે. કેટલીય બૂમો પાડી પણ નાળાં ૨-૪-૫ એવા તૂટી ગયાં છે કે તેની અસર પાંચ પાંચ ગામોને થઈ છે. તો એ નાળાં પણ જલદી થઈ જાય એવી આપને વિનંતી કરું છું.

ખેડા આણંદમાં અતિવૃષ્ટિથી જે નદી ઉપરના રસ્તાઓ છે શેઢી નદી, મહી નદી છે તેની ઉપરના રસ્તાઓ બિલકુલ ખલાસ થઈ ગયા છે. હવે કોઈને જવું હોય ગામડામાં તો જવાતું નથી. અત્યારે છોકરાઓને પરીક્ષા છે તો મુશ્કેલી પડે છે અને તેને ફરી ફરીને જવું પડે છે. તો એવા નાળાંઓ તૂટી ગયાં છે અને એવા રસ્તાઓ ખલાસ થઈ ગયા છે. આપને બતાવું તો કહેશો કે હા બરાબર છે. પણ આ હજુ સાંભળતા નથી. અમારા બાપુ સાહેબ સાંભળતા નથી. મેં કેટલીય વખત બાપુસાહેબને વાત કરી કે સાંભળો, થોડું સાંભળો. કારણકે આ તો વારાફરતી વારી છે. આજે તમે બેઠા છો, કાલે પાછા અમે પણ આવીશું. એટલે જરા અમારી વાત પણ સાંભળો. અમારી વારી આવવાની જ છે. (અંતરાય.) પછી જે આ યાત્રાધામના સરકીટ હાઉસો છે અંબાજી છે, ડાકોર છે, મહુધા છે. ત્યાં પૂનમના દિવસે જે અવર-જવર રહે છે તેથી ત્યાં જે સરકીટ હાઉસના સરકારી ક્વાર્ટરો છે તેને વધારવા જોઈએ. બે-બે, પાંચ-પાંચ રૂમો વધારવા જોઈએ કારણકે યાત્રિકોને પાણીની સગવડ, ઉંઘવાની સગવડ તો મળી શકે. ડાકોર, મહુધા પછી અંબાજી બીજા જે યાત્રા સ્થળો હોય આ સરકીટ હાઉસના મકાનોમાં રૂમો વધારે અથવા તો તેને વ્યવસ્થિત કરે તો યાત્રિકોને તેનો લાભ મળી શકે કારણકે યાત્રિકોને ગમે ત્યાં બિચાડાને રાત્રે ઉંઘવું પડે છે. કંઈક સાપ તે હોય તો આ સરકીટ હાઉસ સમા કરાવો. બીજું જે હિંમતનગર અંબાજી રોડ છે તેને નેશનલ હાઈવેમાં મૂકવો જોઈએ. નડિયાદથી ડાકોર તેને પણ નેશનલ હાઈવેમાં મૂકવો જોઈએ. બીજું, ખેડાથી મહેમદાવાદ થી મહુધા ડાકોર કારણકે યાત્રિકોને બહુ મુશ્કેલી પડે છે એવા અમુક રસ્તાઓ નેશનલ હાઈવેમાં મૂકવા જોઈએ. શું કે તે લોકોપયોગી છે. લોકોપયોગી હોય તે પહેલું કરવું જોઈએ. બીજું થોડું કામ ભલે ઓછું કરો પણ જે લોકોપયોગી છે તે વધુ કરો. કારણકે અમુક મંત્રીશ્રીઓના રૂમોમાં એ.સી. છે અને ચાર-ચાર, પાંચ-પાંચ રૂમોના ખંડો છે તો તે ઓછા કરો. બીજે બાંધો, બીજું સમું કરો.મંત્રીશ્રીઓને ત્યાં, પછી સચિવોના રૂમો. આ બધામાં થોડા ઓછા ખર્ચ કરે, થોડી કરકસર કરવાનું રાખે, કેમ કે કરકસર કરવાનું રાખશો તો લોકો તમને માનશે, નહીંતર લોકો પણ નહીં માને. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કરકસર કરીને બધું સમું કરે એટલી વિનંતી.

**શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી તેમની માગણીઓ લઈને આવ્યા છે. માગણી ક્રમાંક : ૮૩, ૮૬ અને ૮૭, તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી ગુજરાતના એક એક માર્ગ, ગુજરાતના એક એક રસ્તા નકકર થતા આવ્યા છે. અગાઉની સરકારોએ કામો કર્યા છે, પણ નકકર કામો કર્યા નથી. તેઓ ફકત કાગળ ઉપર કામો કરતા આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા વાઘોડીયા તાલુકાની અંદર વાઘોડીયાથી સ્ટેટ હાઈવે સુધીનો ૧૭ કિલોમીટરનો માર્ગ મોટો બનાવવા માટેના ટેન્ડરો બહાર નીકળ્યા છે. સાવલીનો ૧૨ કિલોમીટરનો માર્ગ પહોળો કરવા માટેના ટેન્ડરો પણ બહાર નીકળ્યા છે. ભારતીય જનતા પાર્ટીના શાસન દરમ્યાન વિકાસના જે કામો થયા. અગાઉની સરકારોની ટીકા કરી હશે, એમને ખ્યાલ નહીં હોય, પણ અમારે એટલું ચોકકસ કહેવું છે કે

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.**

જયારે ચોમાસુ આવતું હતું ત્યારે એક તાલુકામાંથી બીજા તાલુકામાં જઈ શકાતું નહોતું. એની પણ યોજના અમારી સરકાર, ભારતીય જનતા પાર્ટીના માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે. તાલુકા અને જિલ્લાને જોડતા ગામોની કડીઓ મંજૂર કરીને ટૂંક સમયમાં એ કામો થશે એવી અમને આશા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતના કામો જે થઈ રહ્યાં છે એ નકકર કામો થાય છે. જયારે અમારી સરકાર સતત ત્રણ ત્રણ વખત શાસનમાં આવી અને બહુમતિ લાવી ત્યારે અમારી સરકાર ઉપર અગાઉના એન.જી.ઓ. અને એ લોકોએ ટીકા કરી છે. એ ટીકાના આધારે આપસૌને ખ્યાલ હશે, વિરોધ પક્ષના લોકોને વિશેષ ખ્યાલ હશે કે તાજેતરમાં જ તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો અને નગરપાલિકાઓમાં ગુજરાતની ૫ કરોડની જનતાએ નિર્ણય આપ્યો છે. (અંતરાય) એ નિર્ણય રસ્તાઓના કારણે, અમારા આ રસ્તાઓના કારણે જ આ અમારી તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો અને નગરપાલિકાઓ આવી છે. જે નાળાં નહીં બનતા હતા એ બન્યા છે. જે બ્રીજ નહોતા બનતા એ પણ બન્યા છે. આ રાજય સરકારે બનાવ્યા છે. એના આધારે, આ કામોના આધારે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વડોદરાથી સુરત ટ્રાફિકના ભારણને કારણે બી.ઓ.ટી.ના ધોરણે સીકસ લેન રોડ મંજૂર કરવાનું આયોજન કરી રહયા છે કે જે અગાઉની સરકારે કોઈ દિવસ ફોર લેનનો પણ વિચાર કર્યો ન હતો, એ અમારી સરકારે સીકસ લેન રસ્તો બનાવવો પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બોલવું તો ઘણું છે, પરંતુ સમયનો અભાવ છે એટલે મારે કેટલાંક સૂચનો કરવાં છે. (અંતરાય) આ મારી ત્રીજી ટર્મ છે અને એ ત્રણ ટર્મ દરમ્યાન મને તો આપ લોકો ઓછો જ બોલવા દો છો.(અંતરાય) એટલે બધા વિભાગો વિશે બોલવાનું તો હોય, પરંતુ આજે માર્ગ અને મકાન વિભાગની માગણીઓ છે એના વિશે હું બોલી રહયો છું. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં માર્ગ અને મકાન વિભાગનાં રોડનાં અને એપ્રોચ રોડોનાં કામો, નાનાં કામો, સ્લેબ લેવલનાં કામો સાચાં અને નકકર રીતે થયાં છે એ હું ખાતરીપૂર્વક વાત કરું છું કે મારા વડોદરા જિલ્લાના અને તાલુકામાં જે કામો થયાં છે એના અંગે હું ખાતરીપૂર્વક કહી શકું છું.

હવે હું મારાં સૂચનો કરું કે જે ગામોને જોડતા એપ્રોચ રોડ, તાલુકાને જોડતા એપ્રોચ રોડ એ પણ આ બજેટના આયોજનમાં લીધા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મધુભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, નીમાબેન આપ પ્રવચન ચાલુ કરો.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત ક્ષેત્રમાં જે રીતે આયોજન ગોઠવાઈ રહયું છે અને જે રીતે રમતવીરોને પ્રોત્સાહન આપવા માટેનું જે તાલીમબધ્ધ આયોજન છે એની મારે વાત કરવી છે. રમતગમતમાં રમતવીરોને તાલીમ આપીને એની હરિફાઈઓ યોજાય છે અને એના માટેના ઈનામ વિતરણ સમારોહ પણ યોજીને જે રીતે રમતવીરોને પ્રોત્સાહન અપાય છે એ જોતાં હું એટલું ચોકકસ કહી શકું છું કે મને લાગે છે કે રમતગમત ક્ષેત્રે આ ગુજરાત રાજય સમગ્ર ભારતમાં પ્રથમ નંબરે આવે એ જાતનું આયોજન અત્યારે થઈ રહયું છે અને હું રમતગમત મંત્રીશ્રીને એના માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે તાલુકાઓમાં શાળાઓમાં રમતોત્સવ ઉજવીએ છીએ, જિલ્લાઓમાં રમતોત્સવ ઉજવીને જે રીતે સમારોહ ગોઠવવામાં આવ્યા છે એ મારી દ્રષ્ટિએ ખરેખર રમતવીરોને પ્રોત્સાહન આપવા માટે અત્યંત જરૂરી છે. હમણાં જ અહીંયાં રમગગમતમાં રમતવીરોને અને એમાં પણ ખાસ કરીને મહિલા રમતવીરોને જે ઈનામ આપવાનો એવોર્ડ સમારોહ કરવામાં આવ્યો એ મેં મારી નજરે જોયો છે. આ જે સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું અને એમાં ૧૫૦૦ જેટલી કન્યાઓનું જે રીતે સન્માન કરવામાં આવ્યું હતું એ આયોજન એટલું બધું અદ્‌ભૂત હતું કે હું મારા તરફથી એનું આયોજન કરનાર અધિકારીઓને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ કન્યાઓની સાથે એમના પરિવારોના જે સભ્યો આવ્યા હતા એ લોકોમાં પણ મોટાપાયા ઉપર ઉત્સાહ જોવા મળતો હતો અને આવા સમારોહથી એમના પરિવારોમાં પણ એક અનેરો ઉત્સાહ અને પ્રોત્સાહન મળ્યું છે. એ જોતાં મને વિશ્વાસ છે કે સમગ્ર ભારત દેશમાં ગુજરાતના રમતવીરો પ્રથમ નંબરે આવશે એમાં મને કોઈ જ શંકા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત ૧૧ જેટલા જિલ્લામાં રમતગમત સંકુલનું આયોજન કરવામાં આવ્યું છે અને તેમાંય મારા મત વિસ્તારમાં એક રમતગમત સંકુલનું ૨૫ એકર જમીનમાં આ રમતગમતના સંકુલનું આયોજન થયેલ છે અને એ બનાવવા માટે ૨ કરોડ રૂપિયાના બજેટની પણ ફાળવણી કરવામાં આવી છે. મને તો એક સ્વપ્ન દેખાય છે કે આવા સુંદર સંકૂલમાં એવું સરસ એક સ્ટેડિયમ બનાવવામાં આવે કે જેના ઉપર ઈન્ડિયા અને

પાકિસ્તાનની વન ડે મેચ આ સરહદી વિસ્તારના જિલ્લામાં રમાડી શકાય. તેના માટે આ માનનીય મંત્રીશ્રીની ક્ષમતા મને દેખાય છે તેથી આ માટે હું તેમને અનુરોધ કરું છું કે આવું સ્ટેડિયમ ત્યાં બનાવવામાં આવે. માર્ગ અને મકાન વિભાગમાં બે સૂચનો મારા વિસ્તારના મારે કરવા છે.

**અધ્યક્ષશ્રી** : બસ હવે સમય પૂરો થઈ ગયો છે.

**શ્રી રાજેશભાઈ પાઠક (બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. માનનીય પ્રધાનમંત્રીશ્રી અટલ બિહારી બાજપાઈજીના સમયથી જે રસ્તાઓના મજબૂતીકરણના કામો શરૂ કર્યા છે તે કામોને આગળ ધપાવવાની જવાબદારી માનનીય મંત્રીશ્રી આઈ. કે. જાડેજા સાહેબ બેખૂબી નીભાવી રહ્યા છે તે બદલ હું માનનીય મંત્રીશ્રીને અને માનનીય મુખ્ય મંત્રીશ્રીને તથા વિભાગના અધિકારીઓને અભિનંદન આપું છું. મારે આજે ચાર પાંચ સૂચનો કરવાં છે. અને એ સૂચનોને ધ્યાને લેશે તેવી વિનંતી કરવી છે.

મારા વિસ્તારમાં માર્ગ અને મકાન વિભાગના, સ્ટેટના ૪ રસ્તાઓ આવેલા છે. બાકીના જે રસ્તાઓ છે તે જિલ્લા પંચાયતના છે. હવે સ્ટેટની જે ગ્રાન્ટ આવે છે તે આ ચાર રસ્તાઓ પાછળ જ વાપરવામાં આવે છે. અને વારંવાર આ ચાર રસ્તાઓ ઉપર જ વાપરવી પડે છે. તેથી જિલ્લા પંચાયતના રસ્તાઓને સ્ટેટમાં સમાવવાની દરખાસ્ત ૩ વર્ષથી વિભાગમાં પડેલી છે. તો એ દરખાસ્ત મંજૂર કરીને સ્ટેટ હસ્તક સમાવવામાં આવે તેવી મારી આ તકે વિનંતી અને સૂચન છે.

બીજું મારું સૂચન એ છે કે, બાલાશીનોર નગરપાલિકા વિસ્તારમાં સ્ટેટ હાઈવે પસાર થાય છે. તેને વિકાસ પથ બનાવવાની માગણી પેન્ડિંગ છે. માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે કે આજુબાજુના દબાણો તોડી અને એમણે રસ્તાઓ ચોખ્ખા તો કરી નાખ્યા છે પણ આ દરખાસ્તને ઝડપથી મંજૂરી આપે અને આ કામ કરવામાં આવે તેવી વિનંતી છે.

ત્રીજું મારું સૂચન એ છે કે જિલ્લાના તમામ રસ્તાઓ ઉપર સ્ટેટ અને જિલ્લા પંચાયતના બધા રસ્તાઓની આજુબાજુ ગાંડા બાવળ ઉગી જાય છે, તે ગાંડા બાવળનો પરમેનેન્ટ નિકાલ કરવો હોય તો એક જે.સી.બી. મશીનની જરૂર પડે. તેથી જે.સી.બી. મશીન જેવું સાધન એકઝીકયુટીવ એન્જિનિયર અથવા જિલ્લા પંચાયત હસ્તક દરેક જિલ્લામાં એક એક આપવામાં આવે તો આ ગાંડા બાવળનો કાયમી નિકાલ કરી શકાય અને સફાયો કરી શકાય.

ચોથું મારું સૂચન એ છે કે ૧૯૯૬-૯૭ ની સાલમાં મારા મત વિસ્તારના ધારાસભ્ય શ્રી માનસિંહભાઈ ચૌહાણ એ વખતે વાહન વ્યવહાર મંત્રી હતા. તે વખતે બ્રીજનું ખાત મૂહુર્ત કરવામાં આવેલ છે. લીંબડવાળા-વિરપુર તાલુકામાં આ બ્રીજનું કામ હજુ સુધી શરૂ થઈ શકયું નથી. તો મારી વિનંતી છે કે આ બ્રીજનું કામ બહુ નાનું છે અને ચાલીસ પચાસ લાખનું કામ છે તો વિભાગમાં કોઈ પણ રીતે આને સમાવવામાં આવે તેવી મારી વિનંતી છે. આટલા મારા સૂચનો છે અને આશા રાખું છું કે માનનીય મંત્રીશ્રી મારા આ સૂચનોને સ્વીકારશે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી તથા રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી એમના વિભાગોની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે હું મારી વાત કહેવા માટે ઉપસ્થિત થઈ છું. ગુજરાતનું ગૌરવ રસ્તાઓ માટે છે એમ માનનીય સભ્યશ્રી ધીરુભાઈએ કહ્યું. આ ગૌવર આજ કાલનું નહીં પણ વર્ષોથી છે. કદાચ ગુજરાતને નંબર વન આપવાની પ્રક્રિયા હોય તો મને એવું લાગે છે કે રસ્તાઓની બાબતમાં નંબર વન આપવું જોઈએ. એટલા માટે કે સમસ્ત દેશના રસ્તાઓ અને ગુજરાતના રસ્તાઓ વચ્ચે જમીન આસમાનનું અંતર છે. અને તેના દ્વારા નેશનલ હાઈવે હોય, રાજય સરકાર હોય, વર્લ્ડ બેંક હોય, કરોડો રૂપિયા કેન્દ્ર સરકારમાંથી ગુજરાતમાં આવે છે. અગિયારમાં નાણા પંચના અને બારમાં નાણા પંચના પૈસાનો સદુપયોગ કર્યો છે. મારે કહેવું છે કે સારું કામ કરતા હોય તો તેને પ્રોત્સાહન આપવું જોઈએ. જો તેને પ્રોત્સાહન ન કરીએ તો તેના કારણે મને એવું લાગે છે કે કામમાં કોઈક વખત અવરોધ આવે. માર્ગ અને મકાન વિભાગને હું હ્રદયપૂર્વક અભિનંદન આપું છું. કે એમણે જે આયોજન કર્યુ છે. એ આયોજનમાં ખરેખર જેના સચિવ સારા હોય, જેનો રાજા સારો હોય જેનો સેનાપતિ સારો હોય તેનું લશ્કર સારું હોય, અને રાષ્ટ્રને જશ મળે, માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓના હું બહુ વખાણ નથી કરતી, પણ આજે હું એમને હ્રદયપૂર્વક અભિનંદન આપું છું કે એમનું આયોજન, કાર્યપદ્ધતિ અને કરોડો રૂપિયાના ટેન્ડરો હોવા છતાં પણ ભ્રષ્ટાચારની વ્યાખ્યા થોડીક ઓછી કરી છે. અને તેનો જશ મંત્રીશ્રી આઈ. કે. જાડેજાને મળે, માનનીય મંત્રીશ્રીને મળે તેમાં કંઈ ખોટું નથી.

મારે બે ત્રણ સૂચનો જ કરવાં છે, મારો ઘેડ વિસ્તાર છે તેના જે રસ્તાઓ છે તે રસ્તાઓમાં જયારે માર્ગ અને મકાન મંત્રી તરીકે દિનશા પટેલ હતા તે વખતે એમણે બરોડા ડેરી પદ્ધતિથી રસ્તાઓ કરવાની વાત કરી હતી. કારણ કે ત્યાં ભૌગોલિક પરિસ્થિતિ એવી છે અને ગમે તેવો સારામાં સારો ડામર કરીએ તો પણ ધોવાઈ જાય છે. અને કરોડો રૂપિયાનો ખર્ચ કરીએ તો પણ તેનું પરિણામ નથી આવતું. તેથી હું વિનંતી કરું છું કે ઘેડ વિકાસ સમિતિમાં પણ આ વાત થઈ છે અને ઘેડના રસ્તાઓ છે તેના માટે કોઈક અલગ રીતે વિચારવામાં આવે તેવી વિનંતી છે. બીજું પુલ અંગે પણ માનનીય માધુભાઈએ વાત કરી છે. ઘણાં બધાં ગામડાંને જોડતાં નાના નાના પુલોના કામો બાકી છે.

બીજી વાત પ્લાનિંગ અને નોન પ્લાનિંગની કરવી છે. કોઈ રસ્તા માટે અધિકારીને વાત કરીએ તો કહે કે આ રસ્તો પ્લાનિંગમાં નથી. એવા તો કેટલાય રસ્તાઓ નોન પ્લાનમાં છે તો એને પ્લાનમાં લેવા જોઈએ એવું મારું સૂચન છે.

ત્રીજું સૂચન એ છે કે જ્યારે પણ રસ્તાઓ થાય છે ત્યારે આજુબાજુની પેશ કદમી દૂર કરવામાં નથી આવતી. તેથી જ્યારે પણ રસ્તાઓ બનાવવામાં આવે ત્યારે આજુબાજુની પેશ કદમી દૂર કરીને બંને બાજુએ સાઈડો ભરવામાં આવે. નહિતર પેશ કદમીને હિસાબે પહોળાઈ ઘટતી જાય અને ગાબડા પણ પડે છે.

માંગરોળની અંદર નવાબી સ્ટેટ વખતનું ટાવરનું મેદાન છે. આપણા સૌ માટે ગૌરવની વાત છે. આ મેદાનમાં કયાંકને કયાંક પેશ કદમી થતી જાય છે. આ મેદાન અત્યારે કે.કા.શાસ્ત્રી સ્કૂલના અન્ડરમાં છે. તેથી માનનીય મંત્રીશ્રી તાત્કાલિક આ મેદાનની ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવી આપે તેવી વિનંતી છે.

છેલ્લે રસ્તાઓ ગામડાં સુધી બને અને સૌરાષ્ટ્ર અને ઘેડ વિસ્તારની અંદર મોટા ભાગે લોકો વાડી વિસ્તારની અંદર રહે છે તેથી અમારે ત્યાં વાડી વિસ્તારની અંદર વધુ રસ્તાઓ થાય તેવી વિનંતી છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની માગણીઓ ઉપર ચર્ચા કરતા ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ હકારાત્મક વલણ દાખવેલ છે એ બદલ સૌનો આભાર માનું છું અને જે સૂચનો થયાં છે એને આવકારુ છું.

ગુજરાતમાં માર્ગ અને મકાનની નવી પ્રણાલિકાઓ સાથે કરવામાં આવેલ કાર્યવાહી દેશના અન્ય પ્રાંતોની સરખામણીમાં ખૂબ ઉચ્ચતમ પ્રકારની હાથ ધરાયેલ છે. એ જ બતાવે છે કે માર્ગ અને મકાન વિભાથના વિકાસના આધુનિક નેટવર્કથી ગુજરાત શ્રેષ્ઠ રાજય છે. વિકાસના કાર્યોનો કયારેય અંત હોતો નથી એટલે જ માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના માળખાકીય વિકાસ માટે દીર્ઘદૃષ્ટિ સાથે માર્ગોને અગ્રિમતા આપવા માટે હંમેશા માર્ગદર્શક રૂપ બનેલા એમના શબ્દો છે કે રસ્તો જ વિકાસને સાચો રસ્તો બતાવી રહ્યો છે. જેમણે દેશ અને દુનિયાના વિકાસ માર્ગની ઉપર દૃષ્ટિ રાખી તેમને સૌને સમાન અનુભવ છે કે ૨૧મી સદીના આધુનિક ગુજરાતના નિર્માણનો આ સાચો માર્ગ છે.

માત્ર રસ્તા બને એટલેથી સંતોષ માનવાને બદલે વધુમાં વધુ રસ્તા બને, મજબૂત અને ટકાઉ બને તેની ચિંતા માર્ગ અને મકાન વિભાગે સેવી છે. જેનાથી આ સભાગૃહના સૌ સભ્યશ્રીઓ સુવિદિત છે. ગ્રામ્ય માર્ગો, રાષ્ટ્રીય માર્ગો સુધીનું સર્વગ્રાહી વ્યૂહાત્મક આયોજન સમગ્ર દેશમાં ગુજરાતે કર્યુ છે. આંકડાકીય માહિતી આપું તો ૭૪ હજાર કિલોમીટરથી વધુ રસ્તાઓનું માળખું ગોઠવ્યું છે. આયોજન બહારના રસ્તાની લંબાઈ જોઈએ તો ૨૬ હજાર કિલોમીટર જેટલી રહેલી છે. રાજયમાં ૧૩ જેટલા મોટા પુલો, ૪૩૦ જેટલા નાના પુલો અને ૮૩ હજાર જેટલાં નાળા કોઝવે રહેલા છે. આર્થિક વ્યવસ્થાના મૂળમાં સારા માર્ગોની વ્યવસ્થા રહેલી હોય છે. સમૃદ્ધિને કારણે માર્ગો ઊભા થતા નથી. માર્ગોના કારણે સમૃદ્ધિ આવે છે. યોગ્ય માર્ગ વ્યવસ્થા એ સમૃદ્ધિની સમાન વહેંચણી સુનિશ્ચિત કરે છે એ આપણે સૌ જોઈ રહ્યા છીએ. માર્ગ વિકાસની રાષ્ટ્રીય કક્ષાએ સરખામણી કરીએ તો વાહનો પ્રતિ ચોરસ કિલોમીટર ગુજરાતમાં ૩૩ છે જ્યારે ભારતમાં પ્રતિ ચોરસ કિલોમીટર ૨૦ની રહેલી છે. રસ્તાની લંબાઈ એક લાખની વસતિએ ગુજરાતમાં ૨૬૫ કિલોમીટરના રસ્તા છે. જ્યારે ભારતમાં એ ૨૩૩ કિલોમીટર રહેલી છે આ એક આનંદની વાત છે. સમગ્ર દેશમાં બારમાસી રસ્તાની ટકાવારી ૫૯ ટકા જેટલી છે. તેની સામે ગુજરાતમાં બારમાસી રસ્તાની ટકાવારી ૯૪ ટકા એટલે કે ડબલ જેટલી રહેલી છે. રાજયના ધોરી માર્ગોની કુલ લંબાઈના ૭૨ ટકા લંબાઈ મધ્યમ અને વ્દિમાર્ગીય પહોળાઈ સાથે છે. માનનીય સભ્યશ્રી સી.જે. ચાવડાએ કહ્યું કે રસ્તાઓની રચનાની શરૂઆત એમણે કરી હશે. પરંતુ આ રસ્તાઓને યોગ્યતા આપવામાં રસ્તાઓને સક્ષમતા આપવામાં રસ્તાઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મૂકવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા છેલ્લા કેટલાક વરસોમાં જે પ્રકારની કાર્યવાહી હાથ ધરાઈ છે અને એના કારણે રાજય ધોરી માર્ગોની કુલ લંબાઈના ૭૨ ટકા જેટલી લંબાઈ મધ્યમ અને વ્દીમાર્ગીય પહોળાઈ સાથેના છે. જે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમની છે. રાજયમાં ૧૮,૦૨૮ મહેસૂલી ગામો પૈકી ૧૭,૮૧૧ એટલે કે ૯૮.૮ ટકા ગામડાંઓ બારમાસી રસ્તાથી જોડાયેલા છે. જોડાયા વગરના ગામો ૨૧૭ પૈકી ૧૭૭ ગામો એવા છે કે જે અભયારણ્ય વિસ્તારમાં આવે છે, પર્વતીય વિસ્તાર, ટાપુ વગેરે વિસ્તારમાં આવે છે અને ભૌગોલિક સ્થિતિને કારણે જોડાઈ શકાતા નથી. બાકી જોડી શકાય તેટલા ગામોની કાર્યવાહી અત્યારે પ્રગતિ હેઠળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગોની સામાજિક અને સાંસ્કૃતિક અગત્યતા તેના આર્થિક પાસાં જેટલી જ અગત્યની છે. માર્ગો મારફતે ફક્ત મુસાફરો અને માલસામાનની જ હેરફેર નથી થતી પરંતુ સામાજિક એકત્રીકરણ પણ થાય છે. વિવિધ ભૌગોલિકતા ધરાવતા આપણાં રાજય માટે આ પાસુ પાયાની બાબત છે. સમગ્ર રાજયમાં એક આગવા આયોજન દ્વારા ગ્રામ રસ્તાથી લઈને રાષ્ટ્રીય ધોરીમાર્ગ સુધીના રસ્તાને સાંકળતી જુદી જુદી કડીઓ ઉમેરવામાં આવે છે. દીર્ઘદૃષ્ટિ ધરાવતા માનનીય મુખ્યમંત્રીશ્રીની આગવી સૂઝથી ગત વર્ષે આપણે પ્રગતિ પથ, વિકાસ પથ અને કિસાન પથની રચનાથી રસ્તાઓની ગુંથણીમાં ખૂબ મોટું યોગદાન પ્રાપ્ત કરી શક્યા છીએ. વ્યુહાત્મક માર્ગ વિકાસ ગુજરાતના વિકાસની નવી પરિભાષા બનેલ છે. સુગ્રથિત, સમ્યક અને સર્વવ્યાપક રસ્તાઓ એટલે કિસાન પથ, પ્રગતિ

પથ અને વિકાસ પથ. આ યોજનાઓની જાહેરાત બાદ કેટલાક સભ્યશ્રીઓએ અહીં વિચાર વ્યક્ત કર્યો. માનનીય શ્રી બલવંતસિંહજીએ કહ્યું કે પ્રગતિ પથ માટેની કાર્યવાહી શરૂ થઈ શકી નથી. આ યોજનાઓની જાહેરાત બાદ ગત વર્ષે જ નક્કર પગલાંઓ ભરીને પ્રગતિપથના ૧૫ અનુભાગોની ૩૪૫ કિલોમીટર લંબાઈમાં રૂા. ૧૬૧ કરોડના ખર્ચે કામગીરી હાથ ધરેલ છે. આ ગૃહના સન્માનનીય સભ્યોને મારે જણાવવાનું કે ૧૫ અનુભાગોમાંથી ૧૪ અનુભાગોની કાર્યવાહીના વર્ક ઑર્ડર આપવામાં આવ્યા છે. જેનું કામ પ્રગતિમાં ચાલી રહ્યું છે. વિકાસ પથ યોજના હેઠળ ૭૫ જેટલા શહેર અને નગરપાલિકાઓમાં પસાર થતાં ૨૮૭ કિલોમીટર લંબાઈના રાજય ધોરીમાર્ગોનું આધુનિકરણ રૂા. ૧૨૨ કરોડના ખર્ચે હાથ ધરાયેલ છે. કિસાન પથ યોજના હેઠળ ૫૭૯ રસ્તાઓના કામોને ૨,૪૧૨ કિલોમીટર લંબાઈના રૂા. ૧૪૮ કરોડના ખર્ચે આ રાજયમાં હાથ ધરવામાં આવેલ છે.

વિશ્વકબેંક યોજના દ્વારા હાથ ધરાયેલ ૧,૮૫૦ કિલોમીટરના રસ્તાઓ પૈકી ૧,૪૫૩ કિલોમીટરના રસ્તાઓની સુધારણા પૂર્ણ કરી છે. અદ્યતન બનાવવામાં આવ્યા છે. ૩૯૧ કિલોમીટરની કામગીરી પૂર્ણતાને આરે છે. આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓને જણાવીશ કે વિશ્વકબેંકની આ યોજનાના તમામ કામ ડિસેમ્બર-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું અમારું આયોજન છે. આ ગૃહના સન્માનનીય સભ્યોને બીજી પણ એક વાત જણાવતાં મને આનંદ થાય છે કે વિશ્વકબેંકની ટીમે અનેક વખત આ રસ્તાઓની મુલાકાત કરી છે અને ગુજરાતની આ વિકાસ યોજનાને સમગ્ર દેશના અન્ય રાજયોની સરખામણીએ ગુણવત્તા, કાર્યક્ષમતા અને સમયપાલન માટે ખૂબ ઉત્તમ ગણાવેલ છે. વિશ્વકબેંકના ફૉલોઑન પ્રોજૅકટ તરીકે આગામી વર્ષોમાં વધારાના ૨૦૦૦ કિલોમીટર લંબાઈના ધોરીમાર્ગોનો પ્રોજૅકટ વિશ્વકબેંક સમક્ષ રજૂ કરવા અંગે અમે વિચારણા કરી રહેલ છે અને તે માટે પ્રાથમિક અભ્યાસની કામગીરી પણ હાથ ધરાયેલ છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગો આપણા માટે વિકાસનું મહત્ત્વનું માધ્યમ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત રાષ્ટ્રીય ધોરી માર્ગોને વધુ સક્ષમ અને વાહનવ્યવહારયુકત બનાવવા માટે થઈને અનેક પ્રક્રિયાઓ હાથ ધરાયેલ છે. એ આનંદની વાત છે કે એન.ડી.એ.ની અટલબિહારી બાજપાઈજીની સરકાર હતી ત્યારે જાહેર થયેલા રાષ્ટ્રીય ધોરી માર્ગોની કુલ ૪૦૬ કિલોમીટર લંબાઈમાંથી ૩૧૩ કિલોમીટરની સુધારણા કે દ્વિમાર્ગીય કરવાની કામગીરી પૈકી ૨૫૦ કિલોમીટરની કામગીરી અમે પૂર્ણ કરી શક્યા છીએ. જ્યારે બાકી રહેતા ૬૩ કિલોમીટરની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. સુરત-હજીરા ૨૪ કિલોમીટર જેટલી લંબાઈના રાજય ધોરીમાર્ગને રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરીકે વિવિધત રીતે એપ્રિલ-૨૦૦૪માં જાહેર કર્યા બાદ અને તેની સોંપણી કર્યા બાદ ૧૬ કિલોમીટર લંબાઈની રૂા. ૩ કરોડના ખર્ચે મજબૂતીકરણની કામગીરી પૂર્ણ કરેલ છે. ગત વર્ષે ૫૩૫ કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગ રસ્તાઓને આ વિભાગ દ્વારા વિભિન્ન યોજનાઓ હેઠળ સક્ષમતા આપવામાં આવેલ છે. દેશમાં મહત્ત્વાકાંક્ષી સુવર્ણચતુષ્કોણ યોજના જે એન.ડી.એ.ની સરકાર સમયે શરૂ થયેલ હતી. એના ભાગરૂપે હિંમતનગર-ચિલોડા અને સુરતથી અતુલના અનુભાગોનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. ખાનગીકરણના ક્ષેત્રે સમગ્ર દેશમાં રસ્તાઓની અને રેલવે માટે ખાનગીકરણની નવી દિશા આપવાનું કાર્ય આ ગુજરાત સરકારે કર્યું છે તેના અનુસંધાને ૪ માર્ગોની ૧૩૬ કિલોમીટરની લંબાઈને પણ ૮૮ કરોડ રૂપિયાના ખર્ચે પહોળા અને મજબૂતીકરણની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ ચાલી રહી છે. હિંમતનગર બાયપાસ, ડીસા- પાથાવાડા, ગુંદરી, કિમ, માંડવી અને ભુજ નખત્રાણાના રસ્તાઓનો આ ખાનગીકરણના પ્રોજૅકટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ભરૂચ, દહેજનો ૪૮ કિલોમીટરનો રસ્તો ૯૦ કરોડ રૂપિયાના ખર્ચે ફૉર લેન કરવાના ટેન્ડરો માંગવામાં આવેલા છે જે આગામી વર્ષમાં કાર્ય હાથ ધરવાનો અમારો નિર્ધાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભાગીદારી અંગે સહાયક યોજના હેઠળ વડોદરા-વાઘોડિયા જે ઇન્ડસ્ટ્રીયલ એરિયા રહેલો છે. ૧૭ કિલોમીટરના રસ્તાઓ રૂ.૧૦ કરોડના ખર્ચે અને વડોદરા સાવલીના ૧૨ કિલોમીટરના રસ્તાને રૂ.૧૯.૪૨ કરોડના ખર્ચે હાથ ધરવાની મંજૂરી અપાયેલ છે અને એના ટેન્ડરો પણ માંગવામાં આવેલ છે. જે પ્રકારે મુન્દ્રા પૉર્ટનું ડૅવલપમૅન્ટ થઈ રહ્યું છે એને રાષ્ટ્રિય ધોરી માર્ગ સાથે જોડીને ૧૫.૨૦ કિલોમીટરની લંબાઈના ફૉર લેન રસ્તાને પહોળો સિમેન્ટ કૉંક્રિટનો બનાવવા માટે ૭૧ કરોડ રૂપિયાના ખર્ચે સહભાગીદારી હેઠળ હાથ ધરવા વિચારણા કરાઈ છે. રાજયમાં ખાનગી ધોરણે રેલ વિકાસમાં પણ ગુજરાત પ્રથમ રાજય રહેલ છે. રાજય સરકારની ભાગીદારીથી ગાંધીધામ-સામખીયાણી, પાલનપુરના ગેજ રૂપાંતરણની કામગીરી પણ પૂર્ણ થયેલ છે. જ્યારે ભરૂચ-દહેજનું ગેજ રૂપાંતરણનું કાર્ય આયોજન ઉપર છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં મારા સાથી સભ્યશ્રીઓએ કેટલાક પુલો માટેનો વિચાર વ્યક્ત કર્યો. માળખાકીય સુવિધાઓમાં જિલ્લાઓ વચ્ચે વાહનવ્યવહારની સુધારણા માટે આ વિભાગ સતત ચિંતિત છે. છેલ્લા ૩ વર્ષમાં ૬૮ જેટલા નાના-મોટા પુલ પૂર્ણ કરવામાં આવ્યા છે. સહભાગીદારી દ્વારા ૧૦ રેલવે ઓવર બ્રિજનું આયોજન કરાયેલ છે. જે પૈકી ૬ કામો પ્રગતિ હેઠળ છે અને ૪ કામોના ટેન્ડર માંગવામાં આવ્યા છે. ખાનગી ધોરણે પણ રેલવે ઓવર બ્રિજના ટેન્ડરો પ્રક્રિયા હેઠળ રહેલા છે. ગુજરાતમાં રાજય માર્ગ વિકાસ નિગમ દ્વારા અન્ય અગત્યના જે સભ્યશ્રીઓએ સૂચન કર્યા છે એ અને એના સિવાયના જે લગભગ ૨૦ જેટલા રેલવે ઓવર બ્રિજના સર્વેક્ષણની કામગીરી હાથ ધરેલ છે અને આગામી વર્ષોમાં રેલવે ઓવર બ્રિજમાં કન્વર્ટ કરવાનો વિચાર રહેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક વિસ્તાર, બંદરો, ખેત ઉત્પાદન વેચાણ કેન્દ્રો અને અગત્યના શહેરોને જોડતું માળખું એટલે કે, કોર નૅટવર્ક આ ગુજરાત સરકારે તૈયાર કર્યું છે. આ માર્ગોની સુધારણા માટે વિવિધ યોજનાઓ

હેઠળ પ્રાધાન્ય આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૫-૦૬ એટલે કે, આ વર્ષમાં આશરે ૯૦૦૦ કિલોમીટર જેટલી લંબાઈનું કામ આપણે પૂર્ણ કરવાના છીએ. જે અત્યાર સુધીના સૌથી વધારે કામની સંખ્યામાં રહેલ છે. આ કામો ફક્ત સપાટી સુધારણા પૂરતા મર્યાદિત રખાયેલ નથી. પરંતુ માર્ગોની રચનામાં આધુનિકીકરણ પણ જોડેલ છે. ગુણવત્તાને ટોચ પ્રાધાન્યતાની સાથોસાથ એકવીસમી સદીના ઝડપી વાહનોની સલામતીને ધ્યાનમાં રાખીને આ માળખાકીય સગવડોમાં Cross boards, road divider markings with reflectors and barriers, paved and hard shoulders, રસ્તાઓના ઉપરના ધોરણસરના જંક્શનનો વિકાસ અને હરિયાળી મનમોહક centre vergeનો વિકાસ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય માર્ગોના વિકાસના વિચારને વરેલી આ સરકારે એક આગવા સ્વરૂપનું કાર્ય કરેલ છે. ગ્રામ્ય રસ્તાઓની આર્થિક, સામાજિક અને વાણિજયીક પ્રગતિના બૅરોમીટર માટે હંમેશાં માર્ગોની ગણના થાય છે. ગ્રામ્ય વિસ્તારના માર્ગો દ્વારા ખેત પેદાશોનું વહન, આરોગ્ય, શિક્ષણ જેવી સામાજિક જરૂરિયાત પરિપૂર્ણ કરવામાં આવે છે અને એના અનુસંધાને વિવિધ યોજનાઓ હેઠળ આ વર્ષમાં સૌથી વધારે ગુજરાતના ગામડાઓમાં ૫૮૦૦ કિલોમીટરની લંબાઈના ગ્રામ્ય માર્ગોની કામગીરી અમે પૂર્ણ કરવાના છીએ. A.D.B. સહાયિત યોજના હેઠળ ચાલુ વર્ષે ૬૫૦ કિલોમીટરની લંબાઈના ગ્રામ્ય માર્ગોનું રીસરફેસીંગ કરી રાજયના ૧૨ જિલ્લાઓમાં રૂ.૧૮૩ કરોડના ખર્ચે ૩૩૪૫ કિલોમીટરની લંબાઈની યોજના અમે સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. સરકારે ગયા વર્ષેથી ગામડાઓના વિકાસ માટે શરૂ કરેલી નૉન પ્લાન યોજના, અહીંયાં કેટલાક સભ્યશ્રીઓએ વિચાર વ્યક્ત કર્યો, એ યોજના અંતર્ગત રસ્તાઓની સુધારણા, ખાસ મરામત હેઠળની યોજના આ વર્ષે પણ ચાલુ રાખવાનો આ વિભાગે નિર્ણય કર્યો છે અને એના માટેના જોબ નંબર ધારાસભ્યશ્રીઓને ફાળવવામાં આવશે. પુલ મરામત માટે મારા સભ્યશ્રી શંકરજીભાઈ અને નટવરસિંહે વાત કરી, અત્યાર સુધી જ્યારે પણ ફ્લડ આવતુ હતું એના પછી વર્ષો સુધી રસ્તા અને પુલ એમનેમ રહેતા હતા. જે પ્રકારની સ્થિતિ ઉભી થઈ અને જે પ્રકારે રાજયમાં પૂરની સ્થિતિ આવી, ભારે વરસાદ આવ્યો એના પછી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ કે જેઓ વિકાસના એક આગવા સ્વરૂપ સાથે કાર્યરત રહે છે એમણે આ પદ્ધતિમાં બદલાવ લાવીને ગતિશીલતા પ્રદાન કરી અને તુર્ત જ કામ હાથ ધરવા સૂચના આપી. મને આ ગૃહના સભ્યશ્રીઓને જણાવતાં આનંદ થાય છે કે ગત ૨ વર્ષ દરમિયાન ભારે વરસાદ અને પૂરથી નુકસાન થયેલ રસ્તા, નાળા, કોઝવેને યુદ્ધના ધોરણે મરામત કરાવી માર્ગ અને વાહન વ્યવહાર યોગ્ય રીતે કરવા વિભાગે એક પ્રશંસનીય કાર્ય કર્યુ છે. ૧૭૮૧ કામો માટે રૂા. ૧૩૨.૩૪ કરોડની મંજૂરી આપી યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરેલ છે. ભાઈશ્રી શંકરભાઈ અને નટવરસિંહજી કહેતા હતા એ મુજબ આખા ગુજરાત રાજયમાં ફ્લડના કામો માટે ૭૨ કરોડ રૂપિયા આપ્યા છે. એકલા ખેડા અને આણંદ જિલ્લામાં ૧૪.૫૦ કરોડ રૂપિયા આ સરકારે આપીને આ રસ્તાઓને યોગ્ય સ્વરૂપમાં મૂકવા માટેનો નિર્ણય કર્યો છે.

રાજયમાં અત્યાર સુધી સરકારી મકાનોની એક અલગ પ્રકારની છાપ જોવા મળતી હતી. દૂરથી જ સરકારી મકાન જણાય અને એમાં પરિવર્તન લાવીને આધુનિક યુગની વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને સરકારી મકાનોને પણ સુંદરતા આપવા માટેનો પ્રયત્ન આ વિભાગ દ્વારા થયો છે. ગુણવત્તા સભર વિવિધ બાબતોને પ્રાધાન્ય આપેલ છે. આ વર્ષમાં રાજયમાં અગત્યના કેટલાક મકાનોના કામો અમે પૂર્ણ કરેલ છે. જેમાં મૅટ્રોપૉલીટન કોર્ટ, અમદાવાદ, આર.આર. લાલન કોલેજ, ભુજ, મોરબી સેવા સદન, રાજકોટ ટ્રોમા સૅન્ટર, પોરબંદરના બહુમાળી મકાનોનો સમાવેશ થાય છે. વર્ષ દરમ્યાન ૧૭૦ કરોડની અંદાજી કિંમતના મકાનોના કામો પ્રગતિ હેઠળ છે. જેમાં કચ્છ યુનિવર્સિટી, ભુજ એન્જીનીયરીંગ કૉલેજ, જામનગર ડૅંટલ કૉલેજ વગેરે મકાનો રહેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયે ભૂકંપની તીવ્રતાવાળા વિસ્તારો માટે જે હયાત સરકારી મકાનો છે જે પ્રમાણે ડીઝાસ્ટર મેનેજમેંટના ભાગ સ્વરૂપે રાજયે અનેક પગલાં ભર્યા છે. આ પગલાના એક ભાગ સ્વરૂપે જ્યાં તીવ્રતાવાળા ભૂકંપ વિસ્તારો રહેલા છે એવા વિસ્તારોના સરકારી મકાનોને ભૂકંપ પ્રતિરોધક બનાવવાના આયોજનના ભાગરૂપે આશરે રૂા. ૨૧૫ કરોડના ખર્ચે ૪૫૭૨ મકાનોના કામો હાથ ધરેલ છે. પાટનગરને દેશમાં એક આગવું સ્થાન આપવાનું કાર્ય કર્યુ છે. સમગ્ર ગાંધીનગરવાસીઓ એક અલગ પ્રકારની લાગણી આ કાર્યને કારણે અનુભવી રહ્યા છે. વરસાદી પાણીનું કાર્ય હોય કે સુએઝ વ્યવસ્થા હોય કે અન્ય કોઈપણ સુધારણા માટેના કામો હોય માર્ગ અને મકાન વિભાગે આ કામોને પ્રાધાન્યતા આપેલ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ વર્ષમાં કેટલાક નવા અભિગમો પણ અપનાવેલા છે જેના વિશે હું ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓને એ વાતથી માહિતગાર કરવા માગુ છું. અત્યાર સુધી છેલ્લા ૧૦ વર્ષનો રેશીયો લઈએ તો વર્ષે ૬ થી ૭હજાર કિલોમીટરના રસ્તાઓની સુધારણાનું કામ થતું હતું જેના સ્થાને આ વર્ષે ૯હજાર કિલોમીટરની સુધારણાનું કામ કરી શક્યા છીએ. ગુણવત્તાને પણ અગત્યતા આપી મુખ્ય યોજનાઓમાં તજજ્ઞો દ્વારા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશનની યોજના અમલમાં મૂકાઈ છે. એક આગવા અભિગમ સાથે અત્યાર સુધી કોઈ કામની ખરાબી જણાય તો અત્યાર સુધી ઍંજિનિયરને જ જવાબદાર ગણવામાં આવતા હતા એમાં સુધારો કરીને કામ કરનાર કોંન્ટ્રાકટરને પણ જવાબદાર ઠેરવવામાં આવે છે અને એમનું ગ્રેડેશન નક્કી કરવામાં આવે છે. જે કોંન્ટ્રાકટરનો ખરાબ ગ્રેડ હોય એમને માર્ગ અને મકાન વિભાગના કામો કરવાની યાદીમાંથી બાકાત કરવાની, તેમના રીન્યુઅલ અપગ્રેડેશન સમયે ધ્યાનમાં લેવામાં આવે છે. હું ગૃહના સન્માનનીય તમામ સભ્યશ્રીઓને આ પક્ષે કે સામેના પક્ષના તમામ સભ્યશ્રીઓને વાત કરવા માગું છું કે માર્ગ અને મકાન વિભાગના કોઈપણ કામમાં

તમને કયાંય ખરાબી દેખાય તો ગમે ત્યારે મને ફોન કરજો, એને અટકાવવાની જવાબદારી મારી છે અને સમગ્ર ગુજરાતમાં આપણે સારું કામ હાથ ધરવા માગીએ છીએ. અત્યાર સુધી જેમાં કરારની જોગવાઈ નહોતી એમાં મોટા ભાગના તમામ કામોમાં કરારમાં ૩ થી ૫ વર્ષની નિભાવણીની જોગવાઈ, રસ્તાઓની જાળવણીમાં આપણને સૌને ઉપયોગી બની છે. વિભાગની કચેરીઓમાં વરસાદી પાણીના સંગ્રહ માટે વૃક્ષ ઉછેર ફરજીયાતપણે હાથ ધરેલ છે અને હાથ ધરાનાર મકાનોના કરારમાં જ આ પ્રકારની જોગવાઈ કરેલ છે. આ વર્ષમાં અમે ૩૧ લાખ ચોરસ મીટર છત ટેરેસ વિસ્તારમાં જળસંચયની કામગીરી પૂર્ણ કરેલ છે સરકારી એટલે માર્ગ અને મકાન વિભાગની કચેરીઓમાં ૨૦૮૫૪ વૃક્ષો દરેક કર્મચારીને એક વૃક્ષ આપીને ઉછેરવાનો કાર્યક્રમ કરેલ છે. ઉપલબ્ધ નાણાકીય સ્ત્રોતના સકારાત્મક ઉપયોગ માટે કોમ્પ્યુટરાઈઝેશન લોડ મેનેજમેંટ સિસ્ટમની શરૂઆત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય અનેક પ્રકારના જન ભાગીદારીમાં જોડીને રાજયમાં પ્રથમ વખત ૫૦ જેટલા સર્કલોની શરૂઆત અમે કરેલી છે. પ્રથમ વખત સુરત અને નવસારી જિલ્લાઓમાં જે પ્રમાણે અહીંથી વિચાર વ્યક્ત કરાયો એ મુજબ વધુ વરસાદ હોય છે એવા સ્વરૂપમાં આ અને હાલમાં ૧૪ જેટલા આ પ્રકારના રસ્તાઓના કામો ચાલી રહ્યાં છે. સમગ્ર રાજ્ય ધોરી માર્ગો ઉપરથી ૭૦૦ જેટલા બમ્પ દૂર કરવામાં આવ્યા છે. અકસ્માતો ઓછા થાય એની કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્યમાં લાંબા સમયથી એટલે કે બે વર્ષથી લઈને લગભગ ૧૨ થી ૧૪ વર્ષથી ૨૯ પુલોના કામો અધૂરાં હતાં એ તમામ પુલોના કામો પૂર્ણ કરીને ૧૪ જિલ્લાઓ અને ૩૯ તાલુકાઓને જોડવામાં આવ્યા છે. આ વર્ષમાં તમામ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી છે. વિલેજ બોર્ડમાં પણ રિફ્લેકટીવ પ્રકારના બોર્ડ પ્રથમ વખત લગાવવાની કામગરી હાથ ધરી છે. સરકારી મકાનોની ટાઈપ, ડિઝાઈન બદલીને આધુનિક અને આકર્ષક દેખાવવાળા ટોપોગ્રાફી અનુસાર લેન્ડ સ્કેપીંગને મહત્ત્વ આપીને મકાનોની ડીઝાઈન વગેરે હાથ ધરાયેલ છે.મકાનોની અંદર વીક્ટ્રીફાઈડ ટાઈલ્સ, ગ્લાસ બેઝડ પાઉડર કોટેડ એલ્યુમિનિયમ વીન્ડો ફ્રેમ, એફ.આર.પી. ડોર્સ વગેરે પ્રકારની આધુનિક ગુણવત્તા સાથેની બાબતો ઉમેરવામાં આવી છે. રાજ્યના સરકીટ હાઉસો અને વિશ્રામ ગૃહોની રીનોવેશનની કામગીરીની સાથોસાથ સ્વચ્છતા માટે પ્રાધાન્ય આપેલ છે. બહારથી આવતા પ્રવાસીઓ છે એને ગુજરાતની જાણકારી પ્રાપ્ત થાય અને રાજ્યના સાંસ્કૃત્તિક વારસા અને વિકાસથી માહિતગાર થાય એ માટે પુસ્તકોની શરૂઆત કરવામાં આવી છે. દરેક જિલ્લા કલેકટર અને તાલુકા કચેરીને સેવાસદન નામ કરીને સેવાકીય ભાવનાનો પ્રબળ સંદેશો પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૬-૦૭ માટે કેટલીક બાબતો ગૃહ સમક્ષ મારે કહેવી છે.

આગામી વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૦૬-૦૭ માર્ગ અને મકાન વિભાગના બજૅટમાં માર્ગોના વિકાસ માટે ૧૦૪૩ કરોડની જોગવાઈ સૂચવાયેલ છે. બાકીના કામો માટે પણ અન્ય જોગવાઈ સૂચવવામાં આવેલી છે. આ વર્ષે ૯૦૦૦ કિલોમિટરના રસ્તાના કામો હાથ ધરી શક્યા છીએ. મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે વર્ષ દરમિયાન વિવિધ યોજનાઓ હેઠળ ૧૦૧૩૦ કિલોમિટર માર્ગોની સુધારણાના કામો આગામી વર્ષમાં હાથ ધરવાના છીએ. પ્રગતિ પથ યોજનાને સમયબદ્ધ રીતે પૂર્ણ કરવા ૩૪૫ અનુભાગો અને વિકાસ પથ યોજના હેઠળ રાજેશભાઈ અને બાકીના સભ્યશ્રીઓએ રજૂઆત કરી હતી એ મુજબ ૩૭ નગરપાલિકા જે બાકી રહી ગઈ છે એના વિકાસ પથના કામો હાથ ધરવામાં આવશે અને આ યોજનાનો લાભ આ ૩૭ નગરપાલિકાઓને પ્રાપ્ત થશે. ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરેલ છે. પર્યટન સ્થળો, યાત્રાધામોને સારા માર્ગોથી જોડાણ આપી શકાય એના માટે કુલ મળીને ૫૬ કરોડનો ખર્ચ પર્યટન સ્થળો, યાત્રાધામોને જોડતા રસ્તાઓના સુધારણાના કામો હાથ ધરવામાં આવશે. જે પ્રમાણે અહીંથી વિચાર વ્યક્ત કરવામાં આવ્યો કે ગઢૂલી કચ્છ સાંતલપુર રસ્તાની ખૂટતી કડી ૧૫૧ કિલોમિટરની યોજના પણ મંજૂર કરવા દરખાસ્ત કરવામાં આવી છે. ચાંપાનેરના બાયપાસ રસ્તા માટેની જોગવાઈ પણ હાથ ધરવામાં આવી છે. પહેલી વખત રાજ્યમાં ધોરીમાર્ગ ઉપર પર્યટન કરતા મુસાફરોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રોડ સાઈડ એમેનિટિસની ખાસ પ્રકારની જોગવાઈ કરવામાં આવી છે. ૨૫ જિલ્લાઓમાંથી લાંબા સમયથી સુધારણા હાથ ન ધરાયેલ રસ્તાઓની લંબાઈ પૈકી ૩૬૦૦ કિલોમિટરની લંબાઈની સુધારણા માટે ૨૦૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વિવિધ પુલોની જોગવાઈ કરવામાં આવી છે જેનો સમયના અભાવે ઉલ્લેખ કરતો નથી. પણ જે પ્રમાણે ચંદ્રિકાબેને વિચાર વ્યક્ત કર્યો એ મુજબ જુનાગઢ અને પોરબંદર જિલ્લાના ઘેડ વિસ્તાર માટે આ વખતે વિશિષ્ટ પ્રકારની જોગવાઈ હાથ ધરેલ છે. જે પ્રકારે સુંદર બનેલા મકાનોને વધુ સુદ્રઢ બનાવવા માટે આગામી વર્ષમાં આયોજન કરેલ છે. ૨૦૫ કરોડના ખર્ચે વિવિધ મકાનોની કામગીરી હાથ ધરેલ છે. મણીમંદિર મોરબીને પણ રૂપિયા ૮ કરોડના ખર્ચે રીનોવેશન કરવાની કાર્યવાહી હાથ ધરી છે. કેપીટલ પ્રોજૅકટ તળે ગાંધીનગર શહેરમાં પાણી પૂર્ણ સ્વરૂપે પ્રાપ્ત થાય એ માટે ૩.૮ કરોડના ખર્ચે અન્ડર ગ્રાઉન્ડ અને ઓવર હેડ ટૅન્કની વ્યવસ્થા કરી છે. સાથોસાથ ગાંધીનગર શહેરમાં એક પણ તળાવ નથી. પહેલી વખત એક વોટર બોડી ડેવલપ કરવાનું હાથ ધરાયું છે. આ પ્રકારે વિવિધ બાબતો હાથ ધરવામાં આવી છે. ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે એમાં છેલ્લી બાબત સી.જે. ચાવડાએ જે પ્રકારે વાત કરી છે. શ્રી સી.જે.ચાવડાએ દાંડી યાત્રા માટેની વાત કરી. ગત વર્ષે દાંડી યાત્રા સમારંભ સમયે વડાપ્રધાનશ્રીએ દાંડી યાત્રા રોડ જાહેર કર્યો. રાજય સરકારે તુરત જ દરખાસ્ત કરી, ચાર વખત પત્રો લખ્યા છે. ૩૪૪ કરોડની દરખાસ્ત છે. આજ સુધી દરખાસ્તનો જવાબ મળ્યો નથી. એક પણ રૂપિયો મળ્યો નથી. અમારી લાગણી છે કે આ પ્રકારના કામમાં સહકાર આપે. બાકીના જે મિત્રોએ વિચારો વ્યક્ત

કર્યા છે. માલજીભાઈએ ફ્લડના કામો અને બાકીના વિચારો વ્યક્ત કર્યા છે એ સૂચનો અમે ધ્યાન ઉપર લીધા છે. માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું કે એમની કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને મારી માગણીઓને ગ્રાહ્ય રાખે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓના વિભાગની માગણીઓ લઈને હું સન્માનનીય સભાગૃહ તરફ આવી છું. જેમાં ચાર-પાંચ ધારાસભ્યશ્રીઓએ આ વિભાગને લગતી ચર્ચામાં ભાગ લીધો અને કેટલાક સૂચનો પણ એમણે કર્યા છે એ સૂચનોને હું આવકારું છું અને ભવિષ્યની અંદર એનો કેવી રીતે ઉપયોગ કરવો તેનો વિચાર કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, વિભાગ નાનો હોવા છતાં પણ રાષ્ટ્રીયકક્ષાએ અને ઈન્ટરનેશનલકક્ષાએ જે પ્રગતિ, સિદ્ધિ હાંસલ કરી છે તેની વાત હું સૌથી પહેલા કરી દેવા માગું છું. ૨૦૦૧-૦૨માં કચ્છમાં ભૂકંપ આવ્યો જેના કારણે લખપતની અંદર આવેલું ગુરુદ્વારાને નૂકસાન થયું, ક્ષતિગ્રસ્ત બન્યું હતું એ ગુરુદ્વારાને રિપેરિંગ કરીને પુન:સ્થાપનની પ્રક્રિયા કરી જેના કારણે પ્રભાવિત યુનેસ્કો એશિયા સ્પેસિફિક એવોર્ડ આ રાજ્ય સરકારને પ્રાપ્ત થયો છે. એજ રીતે ગાંધીનગરની અંદર આવેલું સરકારી જિલ્લા પુસ્તકાલયને પણ ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય તરફથી બેસ્ટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી એવોર્ડ પણ રાજ્ય સરકારે પ્રાપ્ત કર્યો છે અને ૫૦,૦૦૦ રૂપિયાનો રોકડ પુરસ્કાર પણ પ્રાપ્ત થયો છે. એજ રીતે ૨૬મી જાન્યુઆરી ૨૦૦૬નાં રોજ નવીદિલ્હી ખાતે રાષ્ટ્રીય પરેડ કાર્યક્રમ યોજાયો હતો, જેની અંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરેલ લોકસેવા ટ્રસ્ટ, શિનોરની આદિવાસી મંડળીને શ્રેષ્ઠ નૃત્ય મંડળી તરીકે પુરસ્કાર પ્રાપ્ત થયેલ અને રાજ્યનો પ્રથમ ક્રમાંક આવ્યો. એ જ રીતે અમારા નાના નાના ભૂલકા, જેમણે બિહારની અંદર પટણામાં ૧૧માં રાષ્ટ્રીય યુવક મહોત્સવની અંદર ભાગ લીધો અને કુ.નિરાળી શાહ, જેણે શાસ્ત્રીય નૃત્ય કૃચીપુડીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ અને રેશમા નાગરને રાષ્ટ્રીય નૃત્ય કથકની અંદર તૃતીયક્રમ મેળવીને ગુજરાતને ગૌરવ અપાવવાનું કામ કર્યુ છે. એજ રીતે નાના નાના ભૂલકાઓ પણ સ્કેટિંગ, યોગાસન અને ટેનિસમાં ભાગ લઈને રાજ્યને ૧૦૫ મેડલો એનાયત કરવામાં આવ્યાં અને રાજ્યને પ્રથમ નંબરે મૂકવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર આવેલા જિલ્લાકક્ષાના ૬ ગ્રંથાલયોમાં કોમ્પ્યુટરાઈઝેશનનું કામ અમે પૂર્ણ કર્યુ છે. ૮ જિલ્લામાં અત્યારે હાલ કામ ચાલુ છે અને ૨૦૦૬-૦૭ની સાલની અંદર બાકીના ૧૧ જિલ્લાની જે જિલ્લાકક્ષાની લાઈબ્રેરી છે તેના તમામ પુસ્તકોનું અમે કોમ્પ્યુટરાઈઝેશન પૂર્ણ કર્યુ છે. આજ ગુજરાતની અંદર ખાસ કરીને ગાંધીનગરની અંદર જે ગ્રંથાલયને બેસ્ટ થિસિસ એવોર્ડ પ્રાપ્ત થયો છે એના મધ્યસ્થ ગ્રંથાલયના આધુનીકરણના ભાગરૂપે ગુજરાત નૉલેજ સૅન્ટર બનાવવા માટે અમે આયોજન હાથ ધર્યુ છે અને જે નૉલેજ સૅન્ટરની અંદર પ્રજા કોમ્પ્યુટરનો ઉપયોગ કરી ઓન લાઈન એમને માહિતી પૂરી પડાય એ પ્રકારનું આયોજન રાજ્ય સરકારે હાથ ધર્યુ છે. એ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાની અંદર ભાગ લઈ શકે અને એમને ગુજકેટ, AIEEE, કેટ અને ગેટની જે પરીક્ષાઓ છે એ પરીક્ષાઓનું સાહિત્ય છે એ સાહિત્ય ખરીદીને સાડા અગિયાર લાખ રૂપિયાના ખર્ચે મધ્યસ્થ જિલ્લા અને તાલુકા ગ્રંથાલય સુધી આ સાહિત્ય પહોંચાડવામાં આવ્યું છે, જેનો વિદ્યાર્થીઓ તાલુકા કક્ષાએથી ઉચ્ચશિક્ષણ, ટેકનિકલશિક્ષણની પરીક્ષામાં બેસવાની એમને વ્યવસ્થા પ્રાપ્ત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત ક્ષેત્રે ગુજરાતના બાળકોએ જે સિદ્ધિ હાંસલ કરી છે એમાં ૨૦૦૪-૦૫માં ૧૪૭ મેડલો પ્રાપ્ત કર્યા હતા અને ૨૦૦૫-૦૬ની અંદર ૧૫૩ મેડલો સાથે ગુજરાત પ્રથમક્રમ ધરાવે છે. એજ રીતે ગુજરાતના જુદાજુદા જિલ્લાની અંદર સરદાર પટેલ રમત ગમત સંકુલો બનાવવા માટેની યોજના અમલમાં મૂકી છે. ગત વર્ષે ૨૦કરોડ રૂપિયાની માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ રમત ગમત સંકુલો માટે જાહેરાત કરી હતી, એમાં ૧૧ જિલ્લાની અંદર પાટણ, કચ્છ, ગાંધીધામ, અમરેલી, ડાંગ-સાપુતારા, સાબરકાંઠા-હિંમતનગર, ખેડા-નડિયાદ, નર્મદા-રાજપીપળા, સુરેન્દ્રનગર-લીંબડી, જુનાગઢ અને ગોધરાનો ૨૦૦૬-૦૭ના અંદાજપત્રની અંદર ૭.૩૪કરોડની વધારાની જોગવાઈ કરી આ કામનો અમે આરંભ કર્યો છે. આવતા એક વર્ષની અંદર અમે આ કામ પૂર્ણ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદના બાળકોને પણ રમતગમતોમાં ભાગ લેવા માટે, એમને ટ્રેઈનિંગ મળે એના માટે ખોખરામાં ૩૦૨ લાખ રૂપિયાના ખર્ચે રમતગમત સંકુલ ઊભું કરવા માટેની કાર્યવાહીનો આરંભ કર્યો છે અને એના માટે ચાલુ વર્ષે ૧૧૩ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ સભ્યશ્રી નીમાબેન આચાર્યે સરસ વાત કરી કે, મહિલા સ્કૉલરશિપ, જે રાજયની લગભગ ૪૬૧૦ ખેલાડીઓને ૧,૯૮,૨,૪૦૦/- રૂપિયા આ રાજય સરકારે મહિલા ખેલાડીઓને સ્કૉલરશિપ ચૂકવવામાં આવી છે અને એમને પ્રોત્સાહન આપવા માટેનો પ્રયત્નો કર્યો છે. આઠમી માર્ચ, એટલે વિશ્વ મહિલા દિનના દિવસે છેલ્લા બે વર્ષોથી સુંદર આયોજન કરી એમના માતા-પિતાની હાજરીમાં, એમના કોચની હાજરીમાં આ વિદ્યાર્થીઓ, દીકરીઓને આ પ્રોત્સાહિત કરવા માટે સ્કૉલરશિપના એવોર્ડો આપવામાં આવે છે. એજ રીતે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનારા રાજયના ૨૩ રમતવીરોને ૩૦ ખાસ એવોર્ડો પેટે ૭.૬૧ લાખ રૂપિયાની રકમ રાજય સરકારે ચૂકવી અને આ પહેલીવાર આટલા વિપુલ પ્રમાણમાં એવોર્ડો આપવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં જે વિદ્યાર્થીઓ સારો અને શ્રેષ્ઠ દેખાવ કરે છે એવા વિદ્યાર્થીઓને પ્રિ-નેશનલ કૅમ્પ, વેકેશન કૅમ્પ, દિપાવલી કૅમ્પ, ઘનિષ્ઠ પ્રશિક્ષણ શિબિર જેવું આયોજન કરીને લગભગ ૩૯૪૬ જેટલા વિદ્યાર્થીઓને વિશિષ્ઠ પ્રકારની તાલીમ આપી અને ૧૨૮૫ જેટલા ખેલાડીઓને રાષ્ટ્ર કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે એમને મોકલ્યા. માનનીય અધ્યક્ષશ્રી, અમે સતત

જ્યારથી વિધાનસભા સત્ર ચાલુ થયું ત્યારથી અમે સાંભળતા આવ્યા કે રાજય સરકાર ઉત્સવો, મહોત્સવોમાં રચીપચી રહે છે. આજે મેં અહીંયા કાંઈક જુદું જ સાંભળ્યું કે, રાજય સરકારે જે કૌશલ્ય વિદ્યાર્થીઓમાં છે, જે યુવકોમાં છે એનો વિકાસ કરવા માટે નવીન પ્રકારના આયોજનો કરવા જોઈએ. એટલે બે બાજુએ, એક બાજુ કરીએ છીએ તો વિરોધ અને નથી કરતાં તો કરવો જોઈએ એવી વાત અહીંયા આવી રહી છે અને ખાસ કરીને શ્રી બાબુભાઈએ વાત મારી આગળ કરી છે, ગુજરાત રાજયનો સ્થાપના દિન જુદા જુદા જિલ્લાઓમાં ઉજવવામાં આવે છે અને જુદા જુદા જિલ્લાઓમાં ઉજવવામાં આવે છે ત્યારે રાજયના હજારો બાળકો કલા કૌશલ્ય ક્ષેત્રે આ કાર્યક્રમોમાં ભાગ લઈને પોતાનું કૌશલ્યનો વિકાસ કરી રહ્યા છે. એ આપણે સૌએ ધ્યાન આપવું જોઈએ અને મેં ગઈ વખતે પણ કહ્યું હતું કે, બાબુભાઈ પોરબંદરમાં પહેલી મેનો કાર્યક્રમ આપણે ઉજવવાના છીએ સ્થાપના દિનનો, આપને આમંત્રણ છે કે આપ આવો આ કાર્યક્રમમાં રાજયના કેટલા બાળકો અને આજુબાજુના કેટલા બાળકો ભાગ લઈને પોતાની ને નાટ્ય પ્રવૃત્તિ કે કલા કૌશલ્ય છે એનો કેવો વિકાસ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ભાવનગરમાં આ એવોર્ડો આપવામાં આવ્યા પહેલી મેના સ્થાપના દિને ત્યારે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર છ રમતવીરો પ્રત્યેકને એક-એક લાખ રૂપિયાના છ એકલવ્ય એવોર્ડો આપવામાં આવ્યા, આંતર રાષ્ટ્રીય કક્ષાએ જુનિયર એવોર્ડ પણ પચાસ હજાર રૂપિયાના ખર્ચે આપવામાં આવ્યો, એજ રીતે યોગાસન જે રાષ્ટ્રીય કક્ષાએ યોગને કોઈ મહત્ત્વ આપવામાં આવતું નહતું પણ રાજય સરકારના પ્રયત્નોના કારણે રાષ્ટ્રીય સ્પર્ધામાં યોગાસનો આપણે દાખલ કરી અને ૧૦,૧૯૩ વિદ્યાર્થીઓએ એમાં ભાગ લીધો અને મેં કહ્યું એમ ૧૦૫ જેટલા એવોર્ડો પણ તેઓ પ્રાપ્ત કરી આવ્યા. એજ રીતે તરણ, સ્કેટિંગ, યોગ, જુડો, બૅડમિન્ટન એને પણ નાના બાર વર્ષથી નાની ઉંમરના બાળકોને કોઈ મહત્ત્વ આપવામાં આવતું નહતું પરંતુ રાજય સરકારના પ્રયત્નોના કારણે બાર વર્ષથી નાની ઉંમરના બાળકોને પણ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે એક એમને તક આપવામાં આવી છે. સાંસ્કૃતિક કુંજમાં વસંતોત્સવ ઉજવવામાં આવે છે પાંચ કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ પ્રકારના સંકુલો ત્યાં ઊભા થાય એના માટેનું આયોજન અમે કર્યુ છે, આવતા વર્ષે કામનો આરંભ થશે.

તાના-રીરી મહોત્સવ, મોઢેરાના મહોત્સવની વાત નથી કરતી પરંતુ મલ્હાર રાગ ગાઈને તાનસેનની દીપક રાગની જે જ્વાળાઓ હતી એને દૂર કરનાર આપણી બે દીકરીઓ "તાના" અને "રીરી" એનો કાર્યક્રમ છેલ્લા બે વર્ષોથી વડનગરમાં આપણે ઉજવી રહ્યા છીએ. એજ રીતે વિશિષ્ઠ કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવ્યા છે અને પહેલી વાર આ વર્ષે એને દાખલ કરી રહ્યા છીએ એમાં ગુજરાતની આગવી સંસ્કૃતિનો વ્યાપ દેશભરમાં ફેલાવવા માટે એ ઉપરાંત ગુજરાત સ્કૂલ ઑફ આર્ટસ તરીકે રાજયના કલાકારોની આગવી ઓળખ વિદેશોમાં ઊભરે એના માટે અને ગુજરાત બહાર તથા વિદેશોમાં ગુજરાતની નાટ્ય પ્રવૃત્તિ, શાસ્ત્રીય નૃત્યને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક ઉપર લઈ જવા માટે પહેલી વાર દોઢ કરોડ રૂપિયાની જોગવાઈ આમાં અમે હાથ ધરી છે અને એનો લાભ પણ વિદ્યાર્થીઓને મળશે. માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે હમણાં સર ફરોસી પુસ્તક શ્રેણીની વાતો કરવામાં આવી , અમારા ધારાસભ્યશ્રી અહીંયા હાજર નથી પરંતુ સર ફરોસી પુસ્તક શ્રેણી કે જેમણે આ દેશને આઝાદી અપાવવામાં. આઝાદી અપાવવા હસતા મોઢે ફાંસીના માંચડે ચડી ગયા એવા સશસ્ત્ર ક્રાંતિ વીરો અને અન્ય ક્રાંતિ વીરોએ ભાગ લીધો હતો અને પોતાના બલિદાન આપ્યાં હતાં. એ પુસ્તકની શ્રેણીની શરૂઆત કરી અત્યાર સુધીમાં ૧૬ પુસ્તક તૈયાર થઈ ગયાં. ગુજરાતની દસ હજાર પ્રાથમિક શાળાઓ અને તાલુકા કક્ષાની તમામ લાયબ્રેરીઓમાં આને મૂકવામાં આવ્યાં છે. આ ઉપરાંત બીજા ૧૭ પુસ્તકો માર્ચના અંત સુધીમાં તૈયાર થઈ જશે. એનું વિમોચન કરી રાજયની તમામ લાયબ્રેરી અને શાળા કક્ષા સુધી પહોંચાડવામાં આવશે. એમાં ખાસ કરીને શ્યામજી કૃષ્ણ વર્મા, ચંદ્રશેખર આઝાદ, અસફાક ઉલ્લાખાન, સુખદેવ, તાત્યા ટોપે, ઝાંસીની રાણી, ખુદીરામ બોઝ, રામપ્રસાદ, રાજા કુંવરસિંહ, સુભાષચંદ્ર બોઝ, મંગલ પાંડે આવા અનેક કે જેમની ઈતિહાસના પાનાએ કદી નોંધ લીધી નથી એવા શહીદોનું કામ રાજય સરકારે કર્યું છે. હવે જે ૧૭ પુસ્તકો તૈયાર થવાના છે. એમાં પણ પૃથ્વીસિંહ આઝાદ, દુર્ગાભાભી, બાલીન્દ્રકુમાર ઘોષ ઉપેન્દ્રનાથ, નાના સાહેબ પેશવા, લોકમાન્ય ટિળક, ગણેશશંકર વિદ્યાર્થી, સ્વામી શ્રદ્ધાનંદ, જતીન બાગા, જયપ્રકાશ નારાયણ, કેસરીસિંહ, હેમુ કાલાણી, રાજેન્દ્ર નાઈડી, ભાઈ પરમાણંદ, લાલા લજપતરાય, રાજા મહેન્દ્ર પ્રતાપ આવા અનેક રાષ્ટ્રને આઝાદીના આંદોલનની અંદર ભાગ લેનારા વ્યકિત, આવા લોકોને સાહિત્ય બહાર આપી વિદ્યાર્થીને આપણી આઝાદીનો સાચો ઈતિહાસ એમના સુધી પહોંચે એ માટે રાજય સરકારે પ્રયત્ન કર્યો છે. એ જ રીતે જીવ દયા એવોર્ડ પણ ગયા વર્ષે આપવામાં આવ્યો. એમાં શાંતિભાઈ કે. મહેતા, જેસર, મહુવા ૫૦૦૦૦ રૂપિયાનો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. ૧૨૨ પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા. સાહિત્ય અકાદમી દ્વારા દસ હજારની મર્યાદામાં એમને આર્થિક સહાય પણ આપવામાં આવેલ છે. વૃદ્ધ અને સહાયપાત્ર લેખકોને એક હજારની મર્યાદામાં આર્થિક સહાયની યોજના દ્વારા ૨૯ સાહિત્યકારોને આવી આર્થિક સહાય આપવામાં આવી છે. ઉર્દુ સાહિત્ય અકાદમી દ્વારા ૨૦૦૫નો ગૌરવ પુરસ્કાર પણ સફર ખંભાતીને એનાયત કરવામાં આવ્યો છે. આમ દરેક ક્ષેત્રે સુંદર કામ આ વિભાગ કરી રહ્યો છે. માત્ર બાબુભાઈએ જે મુદ્દો અહીં ઉઠાવ્યો એની મારે વાત કરી લેવાની છે. ઈરફાન પઠાણને એક લાખ રૂપિયાનો પુરસ્કાર સુરતમાં પચાસ હજાર લોકોની વચ્ચે અને ગુજરાત ગૌરવ પુરસ્કાર આપીને એનું સન્માન આ રાજય સરકારે કર્યું છે. જયશંકર સુંદરી હોલની વાત કરવામાં આવી. એમાં ૫૦લાખની જોગવાઈ કરી આ વર્ષે ૧૦૩લાખની જોગવાઈ કરીને આવતા ત્રણ મહિનામાં આ કામ પૂરું કરી દેવાનું

છે. આ કામ પણ પૂર્ણ થઈ જશે. આપે કહ્યું બાબુભાઈ રાણપુરા અને સુરેશ દલાલને જે એવોર્ડ આપવામાં આવ્યો છે એ મંત્રીશ્રીએ નહીં, પણ રાજયના મુખ્યમંત્રીશ્રીએ નોંધ કરી છે. એમનું સન્માન જે રીતે અમારે કરવાનું હતું એ રીતે અમે કરી દીધું છે. વર્ષા બહેન અડાલજાનું પણ એ જ રીતે સન્માન થયું છે. રાજેન્દ્રભાઈ શાહનું પણ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું છે. આભાર.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૪, ૭, ૮, ૧૧, ૧૪, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૬, ૨૮, ૨૯, ૩૨, ૩૩ અને ૩૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૮૩, ૮૬, ૮૭ અને ૯૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧-૦૦ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બીજી બેઠક માટે બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા ૧૭મી માર્ચ, ૨૦૦૬**
**ફાલ્ગુન ૨૬, ૧૯૨૭ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## સાબરકાંઠા જિલ્લાની સહકારી મંડળીઓ ફડચામાં જવા અંગે

***૧૭૦૨૫ ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સાબરકાંઠા જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની સહકારી મંડળીઓ તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકા પ્રમાણે કેટલી ફડચામાં ગઈ, અને

(૨) ગ્રામ્ય અર્થતંત્રને સક્ષમ બનાવવા સરકારનું શું આયોજન છે?

**સહકાર મંત્રીશ્રી:**

(૧) પરિશિષ્ટ-૧ સામેલ છે તે મુજબ.

૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં સામાન્ય વિસ્તારમાં રૂા.૨ લાખ લોન, રૂા.૨૩.૦૫ લાખ સહાય અને રૂા.૫.૬૯ લાખ શેરફાળો તથા આદિજાતિ વિસ્તારમાં રૂા.૪ લાખ લોન, રૂા.૧૧.૨૦ લાખ સહાય અને રૂા.૩.૩૦ લાખ શેરફાળો સહકારી મંડળીઓને ચૂકવવાનો લક્ષ્યાંક રાખેલ છે.

**પરિશિષ્ટ-૧**

**સાબરકાંઠા જિલ્લાની તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં ગ્રામ્ય વિસ્તારની નીચે મુજબ સહકારી મંડળીઓ ફડચામાં લઈ જવામાં આવેલ છે.**

| અનુ.નં. | તાલુકાનું નામ | ફડચામાં ગયેલ મંડળીઓની સંખ્યા | નોંધણી રદ | પુનઃજીવિત |
|---|---|---|---|---|
| ૧. | હિંમતનગર | ૯ | ૧ | ૦ |
| ૨. | મોડાસા | ૮ | ૨ | ૦ |
| ૩. | ઈડર | ૬ | ૨ | ૦ |
| ૪. | ખેડબ્રહ્મા | ૧૯ | ૩ | ૪ |
| ૫. | પ્રાંતિજ | ૬ | ૧ | ૦ |
| ૬. | વડાલી | ૩ | ૨ | ૦ |
| ૭. | તલોદ | ૩ | ૧ | ૦ |
| ૮. | માલપુર | ૨ | ૦ | ૦ |
| ૯. | મેઘરજ | ૧ | ૦ | ૦ |
| ૧૦. | ધનસુરા | ૬ | ૧ | ૦ |
| ૧૧. | ભીલોડા | ૮ | ૧ | ૧ |
| ૧૨. | વિજયનગર | ૧ | ૦ | ૧ |
| ૧૩. | બાયડ | ૮ | ૦ | ૦ |
| | **કુલ** | **૮૦** | **૧૪** | **૬** |

ફડચામાં ગયેલ ૮૦ મંડળીઓ પૈકી ૧૪ મંડળીઓની નોંધણી રદ કરવામાં આવેલ છે, જ્યારે ૬ મંડળીઓને પુનઃજીવિત કરવામાં આવેલ છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રામ્ય અર્થતંત્ર સહકારી મંડળીઓ સાથે સંકળાયેલ છે, ત્યારે આ ૮૦ જેટલી સહકારી મંડળીઓ ફડચામાં એક જ જિલ્લામાં ગઈ છે, ત્યારે માનનીય મંત્રીશ્રીને પૂછવાનું કે ફડચામાં જે મંડળીઓ ગઈ છે, એમને સરકાર કોઈ સ્પેશ્યલ સહાય આપીને પુનઃજીવિત કરવા માગે છે કે કેમ? અને આ જે સહકારી મંડળીઓને ફડચામાં લઈ જવામાં આવેલ છે તેના મુખ્ય કારણો શાં છે?

**શ્રી સી.ડી. પટેલ** : આ જિલ્લામાં ૮૦ સહકારી મંડળીઓ ફડચામાં ગઈ છે, તે સાચી વાત છે. છેલ્લા ૨ વર્ષમાં જે ફડચામાં ગયેલ સહકારી મંડળી છે, એને ફડચામાં એના નિયમ મુજબ, એના ધોરણ મુજબ લઈ જવામાં આવે છે. આ મંડળી પુનઃજીવિત પણ કરવામાં આવી છે, તો મંડળીને ફડચામાં લઈ જવા માટે નિયમ છે એમાં મંડળીમાં રૂપિયા ૫૦૦ કરતા શેરભંડોળ ઓછું હોય, અથવા મંડળીની નોંધણી થયા પછી મંડળી કામ ન કરતી હોય, જે હેતુ માટે મંડળી હોય, એને આધીન કામ ન કરતી હોય, કામ ન કરે અને કામ કરે અને કામ કરતા કરતા મંડળી બંધ થઈ ગઈ હોય, સભાસદની નિષ્ક્રિયતાના કારણે અથવા તો વ્યવસ્થાપક કમિટીની નિષ્ક્રિયતાના કારણે, ગેર વહીવટના કારણે અથવા તો વાર્ષિક સાધારણ સભા, ખાસ સાધારણ સભામાં મંડળીના સભ્યશ્રીઓએ ઠરાવ કરીને મંડળીના કાર્યક્ષેત્ર પ્રમાણે કામ નહિ થવાના કારણે, ફડચામાં લઈ જવા માટેની ભલામણ કરી હોય તો મંડળીને ફડચામાં લઈ જવામાં આવે છે. વધુમાં વધુ ૭ વર્ષની સમય મર્યાદામાં મંડળીને આપે કહ્યું એના માટે જે પ્રયત્ન થાય એનો ખૂબ સરસ પ્રશ્ન છે, કેમ કે આ સરકાર મંડળીઓને ફડચામાં લઈ ગયા પછી પુનઃજીવિત થઈ શકતી હોય, કામ કરી શકતી હોય તો સામાન્ય અને ગરીબ અને આપ જે વિસ્તારમાંથી આવો છો, તે વિસ્તારમાં મંડળી પુનઃજીવિત થાય એની ચોક્કસ પણે ચિંતા કરે છે. ૭ વર્ષ સુધી ફડચામાં લઈ જવા માટેની કાર્યવાહી કરવા માટે પ્રયત્ન કરવામાં આવે છે. આ જિલ્લામાં ૮૦ માંથી ૬ મંડળીને પુનઃજીવિત કરવામાં આવી છે અને આમાં ૫ દૂધ ઉત્પાદક સહકારી મંડળી અને એક સેવા સહકારી મંડળી છે. એ મંડળી તમામ આદિજાતિ વિસ્તારના ભાઈઓની મંડળી છે. આમ પુનઃજીવિત કરવા માટેના પ્રયત્નો થયેલ છે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : સાબરકાંઠા જિલ્લામાં કેટલી સહકારી મંડળીઓ નોંધાયેલી છે અને મંડળી ફડચામાં લઈ જવા અથવા મંડળીની નોંધણી રદ કરવા આ અંતિમ પગલું છે, પરંતુ વખતો વખત રિઝર્વ બેન્ક દ્વારા, જુદી જુદી સંસ્થાઓ દ્વારા જણાવવામાં આવે છે કે આ મંડળી કઈ તરફ જઈ રહી છે. આ મંડળીઓને ફડચામાં ન લઈ જવી પડે અને નોંધણી રદ ન કરવી પડે તેવો કાયદામાં સુધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી સી.ડી. પટેલ** : મેં અગાઉ કહ્યું તેમ સરકાર આ સહકારી સંસ્થાઓને મજબૂત બનાવવા માટે વખતો વખત એના જે તે જવાબદાર અધિકારી દ્વારા ઈન્સ્પેક્શન કરાવીએ છીએ, ઓડિટ કરાવીએ છીએ અને ઓડિટ કર્યા બાદ નોંધ કરીને સૂચના આપીએ છીએ કે જેના કારણે સૂચનાનું પાલન થાય, ઓડિટ પારાની પૂર્તતા થાય. આમ છતાં વખતો વખત ટકોર કે સૂચના ન માને અને જ્યારે એ ક્ષેત્રમાં કામ કરનાર લોકો એની મર્યાદાનો ભંગ કરે છે, ત્યારે સરકાર ફડચામાં લઈ જાય છે. આ સિવાય બીજો કોઈ રસ્તો રહેતો નથી, કારણ કે આખરે સૌના હિતમાં આ નિર્ણય લેવામાં આવે છે. પુનઃજીવિત કરવાની મંડળી અગાઉ કહ્યું તેમ ૬ મંડળીઓ કરી છે અને વધુ ૪ મંડળીઓની દરખાસ્ત રજિસ્ટ્રારશ્રી પાસે આવેલ છે, તે સંપૂર્ણપણે વિચારણામાં છે.

**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જયાં જે ગામમાં રજીસ્ટર્ડ મંડળીઓ હોય ત્યાં પછી બીજી મંડળીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવતું નથી. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખરેખર જયાં છ-છ સાત-સાત કિલોમીટરનું અંતર હોય ત્યાં મહિલાઓને વહેલા મોડા દૂધ ભરાવવા જવું પડે છે તો ખાસ કિસ્સા તરીકે મહિલાઓ માટે નવી મંડળીઓનું રજીસ્ટ્રેશન કરવા માગો છો કે કેમ? અને સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં સાબરકાંઠાની સહકારી મંડળીઓ માટેની શું પરિસ્થિતિ રહેશે? અને ૨૦૦૬-૦૭ માટે આયોજન છે કે કેમ તે હું જાણવા માગું છું.

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બહેનનો પ્રશ્ન બહુ યોગ્ય સમયે પૂછાયો છે કે એક ગામમાં એકથી વધારે સહકારી મંડળીઓની વાત કાયદા દ્વારા જે તે સમયે સ્વીકૃત હતી, પરંતુ તેમાં રિઝર્વ બૅન્ક અને નાબાર્ડે એક ગામમાં એક જ પ્રકારની કામ કરતી સહકારી મંડળીઓ/સંસ્થાઓ એક હોય અને પછી બીજી ઊભી થાય તો ત્યાં આગળ તંદુરસ્ત પરિસ્થિતિમાં સેવાકીય પ્રવૃત્તિ સહકારી મંડળીઓ દ્વારા થઈ શકે કે કેમ તેની પૂરી તપાસ કરવામાં આવે છે. કારણકે હરીફાઇ જો તંદુરસ્ત ન હોય તો ચાલતી સહકારી સંસ્થા સરસ રીતે કામ ન કરી શકે તેના કારણે આખરે ગામના સભાસદોને નુકસાન થાય અને તે નુકસાન ન થાય એટલા માટે વખતોવખત રિઝર્વ બેન્ક અને નાબાર્ડની સૂચનાઓ મુજબ રાજય સરકારશ્રીએ પરિપત્ર દ્વારા આનું નિયમન કર્યુ છે. બીજો પ્રશ્ન છે કે બહેનોની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની વાત કરી છે. મને લાગે છે કે બહું ઉપયોગી વસ્તુ છે. બહેનો દ્વારા સહકારી ક્ષેત્રમાં કામ થાય તેવું સરકાર ઇચ્છે છે. સાબર ડેરી સંચાલિત દૂધ કેન્દ્રનું રજીસ્ટ્રેશન કરવા માટે ભીખીબહેને જે પ્રશ્ન કર્યો છે તેમાં મેઘરજમાં ભેમાપરમાં આ ઉપરાંત મુવાડી, લિંબોદરા, કૃષ્ણપરા કંપા, ધોળા ખાખરા, ખાણીયાકુવા, હારીજના મુવાડા, મંછીવાડા બાવાટેકરી આમ બહેનની લાગણી આ ક્ષેત્રમાં દૂધ ઉત્પાદકનો ધંધો કરતા હોય ત્યાં રજીસ્ટ્રેશન મંડળી થાય પરંતુ સાબર ડેરી દ્વારા તેની સાહેબ પૂરી તપાસ કરાય છે કે એક ગામમાં એક જ દૂધ ઉત્પાદક મંડળી હોય ત્યાં આગળ જરૂરિયાત પૂરતું દૂધ બંને સમય જો મળી રહે તો તે કરવા માટે સરકાર ભલામણ કરશે તેમ હું કહું છું. જયાં જયાં આ પરિસ્થિતિ નથી ત્યાં ખોટી હરીફાઇ ન થાય અને ચાલુ હયાત સંસ્થા નુકસાન ન વેઠે તે પણ આપણે જોવું જોઈએ.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના થકી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં ફડચામાં ગયેલી સહકારી મંડળીઓની અત્યારની અદ્યતન પરિસ્થિતિ શું છે અને બીજો પ્રશ્ન કે ફડચા અધિકારીએ કોના નિયંત્રણ હેઠળ કામ કરવાનું હોય છે?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં કુલ ૮૦ સહકારી મંડળીઓ ફડચામાં લઈ જવામાં આવી છે તે પૈકી આદિવાસી વિસ્તારમાં ખેડબ્રહમા, ભિલોડા, વિજયનગર, મેઘરજ તાલુકાની સંસ્થાઓ હતી તેમાંથી મેં અગાઉ કહ્યું તે મુજબ છ મંડળીઓને પુનઃજીવિત કરી છે. છ મંડળીઓમાં પાંચ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ છે અને ફડચામાં લઈ જવાની કાર્યવાહી ગુણદોષ ઉપર થાય છે અને આ ગુણદોષ ઉપર કાર્યવાહી થતી હોય ત્યારે ફડચામાં લઈ જવામાં આવે ત્યારે જુદા જુદા પ્રકારની.

**અધ્યક્ષશ્રી** : કોનો અધિકાર છે, કોનું નિયંત્રણ છે તેનો જવાબ આપો.

**શ્રી સી.ડી. પટેલ** : સદરહુ મંડળીઓ જિલ્લા પંચાયત દ્વારા જે વિસ્તારમાં એની નોંધણીની સત્તા જિલ્લા પંચાયતને છે, રાજય કક્ષાએ રાજય રજીસ્ટ્રારને છે અને લઈ જવાની સત્તા એના વખતો વખત ઓડિટના આધારે જિલ્લા રજીસ્ટ્રાર શ્રીએ સૂચવ્યાના આધારે રાજય રજીસ્ટ્રારશ્રી પગલાં લે છે અને લઈ જાય છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફતે જાણવા માગું છું કે, છેલ્લા બે વર્ષમાં ૮૦ મંડળીઓ જે ફડચામાં ગઈ છે. તો જે સમયે માર્કેટ યાર્ડની ચૂંટણીઓ આવે છે અને ખાસ કરીને ડિસ્ટ્રિક્ટ બેંકોની ચૂંટણીઓ આવે છે એ સમયે આ મંડળીઓને ફડચામાં લઈ જવામાં આવે છે અને માત્રને માત્ર એમને ખાલી કોઈને કોઈ પેરો કાઢીને ફડચામાં લઈ જવામાં આવે છે અને પછી પુનઃજીવિત કરવામાં આવે છે એ વાત સાચી છે ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમને આવું દેખાય એમાં મને વાંધો ન હોઈ શકે, પણ આ તો નિયમિત, સતત ચાલતી પ્રક્રિયાના આધારે કામ થાય છે.

**ડૉ. અતુલ કે.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, ફડચામાં ગયેલી મંડળીઓને ફરીથી કાર્યરત કરવા માટે નિયમોમાં કોઈ ફેરફાર કરવા માગે છે કે કેમ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કુલ ૮૦ મંડળીઓને ફડચામાં લઈ જવામાં આવી છે તો આ ૮૦ પૈકી કેટલી સેવા સહકારી મંડળીઓ છે અને કેટલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ છે ? બીજો મારો સવાલ એ છે કે, જે ગ્રામ્ય અર્થતંત્રને સક્ષમ બનાવવા માટેની સરકારની યોજના છે એ પૈકી ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં જોગવાઈ કરેલી છે તો હું એ જાણવા માગું છું કે, ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં કોઈ આયોજન છે કે કેમ ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ફડચામાં ગયેલી ૮૦ મંડળીઓ પૈકી ૧૪ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ છે અને સેવા સહકારી મંડળીઓ ૧૨ છે અને માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, એમની ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવા માટેની જે સહાયની વાત છે એમાં કુલ ૧૩ તાલુકાઓમાં સમગ્ર જિલ્લામાં થઈને સહાયની રકમ ૧૮ લાખ ૮૩ હજાર છે અને બાકીની મંજૂરી માટે ૧૮ લાખ ૩૨ હજાર એ મંજૂર થયેલી છે.

## રાજયમાં એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોનને મંજૂરી

***૧૬૮૬૪ શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ રાજયમાં એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોનને કયા વિસ્તારમાં મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) આ એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોનથી ખેડૂતોને કયા પ્રકારનો ફાયદો થનાર છે ?

**કૃષિ મંત્રીશ્રી:**

(૧) (૧) કેરી અને શાકભાજી માટે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત.
(૨) મૂલ્યવર્ધિત ડુંગળી માટે સૌરાષ્ટ્ર
(૩) તલ માટે સૌરાષ્ટ્ર.

(૨) કેરી અને શાકભાજી, મૂલ્યવર્ધિત ડુંગળી અને તલના પાકોની નિકાસ માટે કેન્દ્ર સરકાર અને રાજયની સંસ્થાઓના પ્રોસેસરોના અને નિકાસકારોના સહિયારા પ્રયત્નોથી કૃષિ પેદાશોની નિકાસને વેગ મળે છે તથા ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, રાજય સરકાર ખેડૂતોનું ખેત ઉત્પાદન જે વિસ્તારમાં જે કંઈ ખેતી પાકોનું વધારે માત્રામાં ઉત્પાદન થતું હોય એના ખેડૂતોને વાજબી ભાવ મળે એ દિશામાં પ્રયત્નશીલ છે ત્યારે અહીયાં માનનીય મંત્રીશ્રીએ મને જવાબમાં જણાવ્યું છે કે, કેરી અને શાકભાજી માટે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત, મૂલ્યવર્ધિત ડુંગળી માટે સૌરાષ્ટ્ર અને તલ માટે સૌરાષ્ટ્રને એકસપોર્ટ ઝોનથી ફાયદો થવાનો છે, ત્યારે અમેરિકા સુધી જેની સુવાસ પ્રસરી ચૂકી છે એવી સોરઠની તાલાલા ગીરની કેસર કેરીનું જુનાગઢ જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં ઉત્પાદન થાય છે અને ટૂંકાગાળાનો આ પાક હોવાથી એક મહિનાની અંદર એનું યોગ્ય પ્રોસેસીંગ થતું હોવાથી ખેડૂતોને એના વાજબી ભાવ મળતા નથી તો એ તલાલા- જુનાગઢની અંદર રાજય સરકાર આવા કોઈ એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોન સ્થાપવા માગે છે કે કેમ, અને જો હા, તો એ કયાં સુધીમાં કાર્યવાહી સરકાર પૂર્ણ કરવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, કેરી અને શાકભાજી માટે અમદાવાદથી માંડીને વાપી સુધીનો વિસ્તાર આપણે એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોનનો મંજૂર કરાવ્યો છે એટલે સૌરાષ્ટ્રની કેરી પણ અમદાવાદથી આપણે બહાર મોકલી શકીએ છીએ, માનનીય અધ્યક્ષશ્રી, હું સન્માનનીય ગૃહને સારા સમાચાર આપવા માગું છું કે માનનીય મુખ્ય મંત્રીશ્રી ગયા અઠવાડિયે બે સારા સમાચાર લઈ આવ્યા એમાં એક તો નર્મદા બંધની ૧૨૧ની ઊંચાઈની મંજૂરી મેળવી આવ્યા અને સાથે સાથે અમદાવાદમાં એપીડા મારફતે એગ્રો કોમ્પ્લૅક્ષ એપીડાએ આપણને ત્રણ કરોડ રૂપિયા મંજૂર કરેલા, માનનીય અધ્યક્ષશ્રી, એરપોર્ટ ઓથોરિટી પાસે આપણે જમીનની માગણી કરેલી. એ જમીન મળી જાય તો આપણે ત્યાં કોલ્ડ સ્ટોરેજ અને એકસપોર્ટની તમામ સુવિધાઓ માટે એપીડાએ રકમ મંજૂર કરેલી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ તા. ૨ ના રોજ ગયા હતા ત્યારે આની સાથે એની રજૂઆત કરેલી અને એની ગઈ કાલે જ કેન્દ્ર સરકારની પણ મંજૂરી આવી ગઈ છે. એટલે મારે માનનીય સભ્યશ્રીઓને આપના મારફત કહેવું છે કે, સૌરાષ્ટ્રની કેરી અને શાકભાજી પણ આપણે અમદાવાદથી હવે બહું નજીકના સમયમાં એક્સપોર્ટ કરી શકીશું. એની તમામ સુવિધાની કામગીરી નજીકના ભવિષ્યમાં શરૂ કરવામાં આવશે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સૌરાષ્ટ્રની અંદર મૂલ્યવર્ધિત ડુંગળી માટે એક્સપોર્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો છે ત્યારે ભાવનગર જિલ્લામાં ખાસ કરીને મહુવા વિસ્તારમાં ડુંગળી ખૂબ મોટા પ્રમાણમાં થાય છે ત્યારે ડુંગળીની ડી-હાઈડ્રેડ કરીને પાવડર બનાવીને એક્સપોર્ટ કરવામાં આવે છે એમાં કોઈ વધારો થશે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ડુંગળી માટે આપણે જયારથી એગ્રી એક્સપોર્ટ ઝોન મંજૂર થયો છે ત્યારે નવા ૧૫ યુનિટો સ્થપાયા છે એમાં ૨૦ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ થયું છે, પાંચ યુનિટોએ વિસ્તરણ પ્રોજૅકટ હાથ ધર્યો છે જેમાં ૭ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ થશે. બાકીના ૨૧ યુનિટોમાં એગ્રી એક્સપોર્ટ ઝોન માટે મૂડી રોકાણની દરખાસ્ત આવી છે અને હમણા જ તળાજા ખાતે ગયા મહીને રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટનો એક પ્રોજૅકટ શરૂ કર્યો છે અને આપણી ડુંગળી દેશમાં અને વિદેશમાં નિકાસ માટે લોકો અહીંથી લઈ જાય એટલા માટે ડુંગળીને ડી-હાઈડ્રેડ કરીને મોકલીએ છીએ પણ ખેડૂતો સીધી ડુંગળી વેચી શકે અને મોકલી શકે એના માટે એવા પ્રકારનું સારું બિયારણ અને સારી ડુંગળીની પેદાશો માટે તળાજા ખાતે રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટના એક યુનિટની સ્થાપના કરી છે એટલે ડુંગળી માટે અત્યારે જે પરિસ્થિતિ છે એ ભવિષ્યમાં ખેડૂતોને તકલીફ નહીં પડે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ પેદાશો મૂલ્યવર્ધિત અને સીધી પેદાશો વિદેશોમાં જાય એ બહુ જરૂરી હતું. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ મંજૂરી આપેલા ત્રણ એક્સપોર્ટ ઝોન બતાવેલા છે એ કયારે કાર્યાન્વિત થયા છે? અને ક્ષેત્રો બતાવ્યા છે એનું કોઈ હેડ કવાર્ટર છે કે કેમ? અને આનાથી ખેડૂતોને કે નિકાસકારને સીધી રાજય સરકાર કે કેન્દ્ર સરકાર તરફથી શું વિશેષ પ્રકારની સુવિધા મળે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, કેરી અને શાકભાજી માટે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત, ડુંગળી અને તલ માટે સૌરાષ્ટ્રને મંજૂરી મળી છે. સીંગ દાણા માટે સૌરાષ્ટ્ર અને કેસર, ઇસબગૂલ માટે ઉત્તર ગુજરાતને મંજૂરી મળી છે આના કારણે એગ્રી એક્સપોર્ટ ઝોનના કારણે કૃષિ વાવેતર નિકાસ વધારવા સંકલિત પ્રયાસોથી ખેડૂતોને સીધો અને આડકતરો લાભ થાય છે. દા.ત. ટામેટામાંથી કેચપ બનાવીને એનું રૂપાંતર કરીને વેલ્યુએડેટ કરીને વેચવાથી ભાવ વધારે આવે છે પણ સીધા ખેડૂતો ટામેટા વેચવા જાય છે તો ભાવ ઓછા આવે છે પણ મૂલ્યવર્ધિત કરીને ભાવ વધારે મેળવી શકાય છે. એવી જ રીતે બટાકા સીધા વેચવા જાય છે તો એનો લાભ નથી મળતો પણ એની વેફર કે કાતરી કરીને એટલે કે મૂલ્યવર્ધિત કરીને વેચવા જાય છે તો ફાયદો થાય છે. એવી જ રીતે મકાઈ સીધી વેચવા જાય છે તો ભાવ ઓછા મળે છે પણ પોપકોન કરીને વેચે તો ભાવ વધારે મળે છે. એટલે આખા ગુજરાતમાં આ ચાર એગ્રી એકસપોર્ટ ઝોન આવતા દિવસોમાં ખૂબ મોટા આશીર્વાદરુપ બની રહેશે

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર અને મુરબ્બી શ્રી બાબુભાઈ કચ્છની ચિંતા કરે છે તો જેમ સૌરાષ્ટ્રની કેરી અમદાવાદથી એકસપોર્ટ થઈ શકે એમ કહ્યું છે તો કચ્છની કેરી પણ ચોક્કસ અમદાવાદથી એક્સપોર્ટ થઈ શકશે. અત્યારે તો તમારે ત્યાંના ખેડૂતો એ બાય સી એકસપોર્ટ કરે જ છે અને સરકાર એમાં મદદ પણ કરે છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર તારણહાર છે કે મારણહાર છે એજ ખબર પડતી નથી. મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ ડુંગળી છે, તલ છે, કેરી છે, શાકભાજી છે એ સરકાર પોતે ખરીદી અને એકસપોર્ટ કરવા માગે છે કે કેમ? કારણકે ખેડૂતો બિચારા પાયમાલ થઈ ગયા છે,આ ખેડૂતોને પાયમાલ ના કરવા હોય તો સરકાર પોતે ખરીદીને એકસપોર્ટ કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર એ ખેડૂતોની તારણહાર સરકાર જ છે. છેલ્લાં ત્રણ ચાર વર્ષથી જે રીતે ખેડૂતો માટે ખેતી વિષયક કામગીરી કરી અને ખેડૂતોની સમૃદ્ધિ થઈ એ જોતાં આ સરકાર ખેડૂતોની તારણહાર સરકાર જ છે. બીજું સીધી રીતે કયારેય કોઈપણ સરકાર આ રીતે ખરીદી ના

કરે, ખેડૂત એ પ્રાઇવેટ એન્ટરપ્રિનિયરની સાથે ભાગીદાર થાય અને કેન્દ્ર સરકાર અને રાજય સરકાર ભાગીદાર બને અને આ પ્રકારના પ્રોજેકટ અને યુનિટની સ્થાપના કરીને એ ખેડૂતોનો માલ ખરીદી અને પછી એને મૂલ્ય વર્ધિત કરીને એકસપોર્ટ કરી શકે છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ખેડા અને ખાસ કરીને આણંદ જિલ્લામાં ૨૫ થી ૩૦ જેટલા કોલ્ડસ્ટોરેજો છેલ્લાં ત્રણ વર્ષથી બંધ હાલતમાં પડ્યા છે કારણકે છેલ્લાં ત્રણ વર્ષમાં એ લોકોને ૨૦૦ થી ૩૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે તો એવા કોલ્ડ સ્ટોરેજના માલિકોને આપ મદદ કરવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

**ડાંગ જિલ્લામાં ભારે વરસાદને કારણે બાકી ચૂકવવાની રકમ**

***૧૪૦૫૦ શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) ગત વરસે ડાંગ જિલ્લામાં પડેલ અતિ ભારે વરસાદના કારણે જમીનોના ધોવાણ તથા માલિકીના ઝાડના ધોવાણ અન્વયે તારીખ ૩૧-૧-૨૦૦૬ સુધીમાં તાલુકાવાર કેટલા ઇસમોને વળતર ચૂકવવામાં આવ્યું,અને

(૨) બાકી રહેલા ઇસમોને કેટલું વળતર ક્યારે ચૂકવવાનું આયોજન છે?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) જૂન-જુલાઇ, ૨૦૦૫ના અતિ ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત ખેડૂતોને સહાયરૂપ થવા માટે કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૫-૭-૨૦૦૫ના ઠરાવથી કૃષિ પૅકૅજ, ૧, ૨, ૩ અને ૪ જાહેર કરેલ છે. જે પૅકૅજનો લાભ મહેસૂલ વિભાગ દ્વારા તારીખ ૧૮-૭-૨૦૦૫ના ઠરાવથી અસરગ્રસ્ત જાહેર કરેલ ૧૪ જિલ્લાઓના ગામોને મળવાપાત્ર છે, જેમાં ડાંગ જિલ્લાનો સમાવેશ થતો નથી આથી કોઈ સહાય ચૂકવવામાં આવેલ નથી.

(૨) ખંડ-(૧) ની વિગત ધ્યાને લેતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં જણાવેલ છે કે, જૂન, જુલાઇ, ૨૦૦૫ના અતિ ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત ખેડૂતને સહાયરૂપ થવા માટે કૃષિ અને સહકાર વિભાગના તારીખ ૨૫-૭-૨૦૦૫ના ઠરાવથી કૃષિ પૅકૅજ, ૧, ૨, ૩ અને ૪ જાહેર કરેલ છે અને એ પ્રમાણે ડાંગ જિલ્લાનો સમાવેશ તેમાં કરવામાં આવેલ નથી. આ આદિવાસીઓની, ગરીબોની સરકાર હોય ત્યારે મારે એ કહેવું છે કે, જ્યારે આખા ગુજરાતની અંદર ભારે વરસાદ થયો છે ત્યારે ડાંગ જિલ્લાની અંદર એટલું બધું નુકસાન થયું છે, એનો સરવે થયો છે,છતાં પણ જવાબ મને આપવામાં આવ્યો છે કે, ડાંગ જિલ્લાનો સમાવેશ આમાં કરવામાં આવેલ નથી અને તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, આદિવાસીઓના ખેતરો ધોવાઈ ગયા છે, બિયારણ ધોવાઈ ગયા છે તો એ માટે ફરીથી સરવે કરી આ સરકાર ચૂકવણું કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લામાં આમ પણ ખૂબ વરસાદ પડે છે. એમાં જે રન આઉટ વરસાદનો છે એ સ્વાભાવિક ફ્લૅટ જમીન પર હોય એના કરતા ઢોળાવવાળી જમીન છે એટલે વધારે છે અને જેના કારણે ત્યાં પાણી ભરાઈ રહેવાના અને એને કારણે નુકસાન થવાનો પ્રશ્ન ત્યાં પેદા થતો નથી, આ સરકાર આદિવાસીઓની, ગરીબોની, દલિતોની જ છે એમાં કોઈ બેમત નથી પણ કોઈપણ સરકારે નોર્મ્સ પ્રમાણે કામ કરવું પડતું હોય છે તો આ આખી પ્રક્રિયા મહેસૂલ વિભાગ કરે છે. રાહતની બધી પ્રક્રિયા એ મહેસૂલ વિભાગ કરે છે. મહેસૂલ વિભાગના નોર્મ્સમાં એ જિલ્લામાં જે વરસાદ પડ્યો અને એનું નુકસાન એ નોર્મ્સમાં ન આવવાના કારણે મહેસૂલ વિભાગે જાહેર કરેલ ૧૪ જિલ્લાઓમાં એનો સમાવેશ નથી કર્યો એટલા માટે કૃષિ વિભાગે એને રાહત આપેલ નથી.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં ફેર ચકાસણી કરીને ચૂકવણું કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ફેર ચકાસણી કરવાનો પ્રશ્ન જ નથી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ડાંગ જિલ્લામાં અતિ ભારે વરસાદ પડેલ છે અને એને કારણે ખેડૂતોને નુકસાન થયું છે એ સરકારના ધ્યાન પર છે કે કેમ? સરકાર આ જાણે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર જાણે છે એટલા માટે જ ૧૪ જિલ્લાઓમાં માત્રને માત્ર ૧૦ થી ૧૨ દિવસની અંદર જ જરૂરી પ્રક્રિયા પૂરી કરીને.. કારણકે મહારાષ્ટ્રમાં આટલોજ વરસાદ પડ્યો હતો મહારાષ્ટ્રની સરકારને બે મહિના સુધી એનો કોઈ રસ્તો સૂઝયો નહોતો પણ

આપણી ગુજરાત સરકારે માત્ર ૧૨ દિવસની અંદર જ (અંતરાય) માનનીય મુખ્યમંત્રીશ્રીએ બે દિવસની અંદર, માનનીય મુખ્યમંત્રીશ્રીએ બીજા દિવસે અમને બધા સિનિયર મંત્રીશ્રીઓને એક એક જિલ્લા સોંપી ત્યાં બધી વ્યવસ્થા કરવાનું કહ્યું, એનો સરવે કરવાનું કહ્યું અને રાહત સામગ્રી પહોંચાડવાનું કહ્યું અને સમયસર બધું કર્યુ અને આ એક એવી સરકાર છે કે જેણે આ ભારે વરસાદમાં સૌથી શ્રેષ્ઠ કામગીરી કરી હોય એવી આ એકમાત્ર સરકાર છે..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મહારાષ્ટ્રમાં શું થયું તે ખબર છે પણ ડાંગની અંદર તેમણે પોતે વાત સ્વીકાર્યું કે ભારે વરસાદ થયો હતો પણ મહેસૂલ વિભાગે બરાબર તેને ૧૪ જિલ્લા છે તેની જગ્યાએ પંદરમો જિલ્લો ના કર્યો તેને કારણે આ નથી થઈ શક્યું તો મહારાષ્ટ્રની વાતને બદલે પંદરમા જિલ્લા તરીકે તમારી જો વગ મુખ્યમંત્રીશ્રી પાસે કે તમારી બાજુમાં મહેસૂલ મંત્રીશ્રી બેઠા છે તેમને કહી અને સમાવેશ કરવા માગો છો કે નહીં? મહારાષ્ટ્રનું રહેવા દો આપણે અહીંયાનું જ કરીએ.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ફરી પુનઃ:વિચારણાનો પ્રશ્ન પેદા થતો નથી.

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તેમના જવાબમાં જણાવે છે કે ૧૪ જિલ્લાઓના ગામોને અસરગ્રસ્ત ગામ તરીકે જાહેર કરેલ છે તો મારે માનનીય મંત્રીશ્રી પાસે તે જાણવું છે કે કયા ૧૪ જિલ્લાઓને અસરગ્રસ્ત તરીકે જાહેર કરેલ છે. અને ડાંગ જિલ્લો અતિ પછાત જિલ્લો છે તો ડાંગ જિલ્લાનો સમાવેશ અસરગ્રસ્ત જિલ્લા તરીકે કેમ જાહેર કરવામાં આવ્યો નથી? આ જિલ્લામાં અસરગ્રસ્ત ખેડૂતોને સરકાર કઈ રીતે મદદ કરવા માગે છે?

**અધ્યક્ષશ્રી** : જે વાત કરી તેમાં જવાબ આવી જાય છે, પ્લીઝ.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ વરસાદથી થયેલા નુકસાનમાં સરકારે પહેલી વખત ખેડૂતોની આ નુકસાની ચૂકવી તે બદલ અભિનંદન. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ૧૪ જિલ્લાઓમાં જે નુકસાની થઈ છે તે જિલ્લા કયા કયા છે અને કયા કયા જિલ્લામાં કેટલી રકમ ચૂકવાઈ છે ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ, અમરેલી, ભરૂચ, ભાવનગર, ગાંધીનગર, મહેસાણા, નવસારી, સુરત, સુરેન્દ્રનગર, વલસાડ, વડોદરા, આણંદ ખેડા અને જુનાગઢ આ ૧૪ જિલ્લાઓ છે.

### સુરત જિલ્લામાં પશુ સારવાર નિદાન કૅમ્પ

***૧૫૯૫૨ શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સને ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં સુરત જિલ્લામાં તાલુકા વાર કેટલા પશુ સારવાર નિદાન કૅમ્પો કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી તાલુકા વાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**પશુપાલન મંત્રીશ્રી :**

(૧) સને ૨૦૦૪-૦૫ના તથા ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં સુરત જિલ્લામાં તાલુકા વાર કરવામાં આવેલ પશુ સારવાર નિદાન કૅમ્પોની માહિતી નીચે મુજબ છે :

| અ. નં. | તાલુકાનું નામ | પશુ સારવાર કેમ્પોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૦૪-૨૦૦૫ | ૨૦૦૫-૨૦૦૬ |
| ૧. | ઓલપાડ | ૧૬ | ૪૩ |
| ૨. | ચોર્યાશી | ૧૫ | ૧૧ |
| ૩. | પલસાણા | ૧૬ | ૧૪ |
| ૪. | કામરેજ | ૧૭ | ૧૩ |
| ૫. | મહુવા | ૧૭ | ૧૪ |
| ૬. | બારડોલી | ૧૯ | ૨૦ |
| ૭. | માંડવી | ૨૨ | ૧૪ |
| ૮ | ઉંમરપાડા | ૧૬ | ૧૪ |
| ૯. | વાલોડ | ૧૪ | ૧૪ |
| ૧૦. | વ્યારા | ૨૫ | ૧૪ |
| ૧૧. | સોનગઢ | ૧૯ | ૧૪ |
| ૧૨. | માંગરોળ | ૧૮ | ૧૨ |
| ૧૩. | ઉચ્છલ | ૧૮ | ૧૫ |
| ૧૪. | નિઝર | ૨૨ | ૧૫ |

| | | |
|---|---|---|
| **કુલ :** | **૨૫૪** | **૨૨૭** |

(૨) તે પૈકી તાલુકાવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| **અ. નં.** | **તાલુકાનું નામ** | **થયેલ ખર્ચની વિગત** | |
|---|---|---|---|
| | | **૨૦૦૪-૦૫** | **૨૦૦૫-૦૬** |
| ૧. | ઓલપાડ | ૧૭૭૧૦ | ૧૦૨૦૦૦ |
| ૨. | ચોર્યાશી | ૧૪૭૧૦ | ૬૦૦૦ |
| ૩. | પલસાણા | ૧૮૮૪૦ | ૧૫૦૦૦ |
| ૪. | કામરેજ | ૨૦૭૧૦ | ૧૨૦૦૦ |
| ૫. | મહુવા | ૨૦૭૧૦ | ૧૫૦૦૦ |
| ૬. | બારડોલી | ૨૬૭૧૦ | ૩૩૦૦૦ |
| ૭. | માંડવી | ૩૧૮૦૦ | ૧૨૦૦૦ |
| ૮ | ઉંમરપાડા | ૧૭૭૧૦ | ૧૫૦૦૦ |
| ૯. | વાલોડ | ૧૧૭૧૦ | ૧૫૦૦૦ |
| ૧૦. | વ્યારા | ૩૭૭૫૬ | ૧૨૦૦૦ |
| ૧૧. | સોનગઢ | ૨૨૮૦૦ | ૯૦૦૦ |
| ૧૨. | માંગરોળ | ૨૨૮૦૦ | ૯૦૦૦ |
| ૧૩. | ઉચ્છલ | ૨૩૭૧૦ | ૨૧૦૦૦ |
| ૧૪. | નિઝર | ૩૦૯૦૦ | ૧૫૦૦૦ |
| | **કુલ :** | **૩,૧૮,૫૭૬** | **૨,૯૧,૦૦૦** |

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પશુ સારવાર નિદાન કેમ્પમાં સુરત જિલ્લામાં સને ૨૦૦૫-૦૬માં કેટલા લાભાર્થીઓને તેનો લાભ મળ્યો છે. આ પશુ સારવાર કેન્દ્રમાં કયા કયા અને કેવા પ્રકારના રોગોની સારવાર કરવામાં આવી છે અને સારવાર પાછળ કઈ કઈ કામગીરી કરવામાં આવી છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા**: માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫-૦૬ના વર્ષમાં સુરત જિલ્લામાં ૩૫૨૨૪ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આ પશુ સારવાર કૅમ્પોમાં મૅડિકલ સારવાર, નાના મોટા નિદર્શન, જાતીય આરોગ્ય અંગેની સારવાર, કૃત્રિમ બિજદાન, ખસીકરણ તેમજ કૃમિ નાશક દવાઓ પિવડાવવી વગેરે પ્રકારની સારવાર આપવામાં આવી છે. આ પ્રકારની શિબિરો વારંવાર કરવાથી અને વેકસીનેશનની કામગીરી કરવાથી ઉત્પાદકતા વધી છે ઉપરાંત જે પૂર આવ્યું વધારે વરસાદ આવ્યો તે પહેલાં વેકસીનેશન થવાથી પશુઓમાં રેજીસ્ટેન્સ પાવર પણ વધ્યો છે અને આખા કાર્યક્રમ પાછળનો હેતુ તે બર આવ્યો છે અને સુરત જિલ્લાએ આ સારવાર કેન્દ્રનો સારો લાભ ઉઠાવ્યો છે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪-૦૫ની અંદર ૨૫૪ અને ૨૦૦૫-૦૬ની અંદર ૨૨૭ સારવાર અને નિદાન કૅમ્પો યોજવામાં આવ્યા છે ? આમાં કુલ કેટલાં પશુઓને સારવાર આપવામાં આવી ? કેટલાં મેજર ઑપરેશન કરવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ થાય અને તેનાથી પશુ પાલકોને કેટલો ફાયદો થયો?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, ૨૫૪ તે ૨૦૦૪-૦૫નો આંકડો છે. ૨૨૭ છે તે ૩૧-૧-૦૬ સુધીનો આંકડો છે. તેમાં તાલુકા વાર ખર્ચ બોલું કે કુલ ખર્ચ બોલું. કુલ ખર્ચ ૨ લાખ ૯૧ હજારનો ખર્ચ થયો છે.

## રાષ્ટ્રીય કુટુંબ યોજના હેઠળ આયોજન

***૧૬૭૧૪ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ડિસૅમ્બર. ૨૦૦૫ની સ્થિતિએ રાષ્ટ્રીય કુટુંબ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ, અને

(૨) તે પૈકી યોજના હેઠળ જિલ્લાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને કેટલા બાકી છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) પત્રક-૧ મુજબ
કુલ ૧૯૨૦૯ લાભાર્થીઓને

(૨) પત્રક-૨ મુજબ

**પત્રક-૧**

(૧) ડિસેમ્બર ૨૦૦૫ની સ્થિતિએ રાષ્ટ્રીય કુટુંબ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૪૨૩ |
| ૨ | અમરેલી | ૨૦૫ |
| ૩ | આણંદ | ૬૪૫ |
| ૪ | બનાસકાંઠા | ૫૬૨ |
| ૫ | ભાવનગર | ૨૬૫ |
| ૬ | ભરુચ | ૩૫૧ |
| ૭ | દાહોદ | ૬૨ |
| ૮ | ડાંગ | ૦૫ |
| ૯ | ગાંધીનગર | ૬૮૩ |
| ૧૦ | જામનગર | ૯૪૮ |
| ૧૧ | જુનાગઢ | ૪૫૮ |
| ૧૨ | ખેડા | ૩૩૭ |
| ૧૩ | કચ્છ | ૪૦૨ |
| ૧૪ | મહેસાણા | ૧૪૪ |
| ૧૫ | નર્મદા | ૪૩ |
| ૧૬ | નવસારી | ૧૯૭૯ |
| ૧૭ | પંચમહાલ | ૪૫૬ |
| ૧૮ | પાટણ | ૫૮૧ |
| ૧૯ | પોરબંદર | ૧૨૪ |
| ૨૦ | રાજકોટ | ૧૧૨૮ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૭૦૮ |
| ૨૨ | સાબરકાંઠા | ૧૬૪ |
| ૨૩ | સુરત | ૧૨૮૧ |
| ૨૪ | વડોદરા | ૧૧૦૬ |
| ૨૫ | વલસાડ | ૧૧૪૯ |
| | **કુલઃ-** | **૧૯,૨૦૯** |

**પત્રક-૨**

(૨) જિલ્લાવાર ચૂકવણી કરેલ અરજીઓ અને બાકી ચૂકવણીની અરજીઓ

| ક્રમ | જિલ્લાનું નામ | ચૂકવણી કરેલ અરજીઓ | બાકી ચૂકવણીની અરજીઓ |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | અમદાવાદ | ૪૩૧૬ | ૧૧૦૭ |
| ૨ | અમરેલી | ૧૯૦ | ૧૫ |
| ૩ | આણંદ | ૫૬૦ | ૮૫ |
| ૪ | બનાસકાંઠા | ૫૪૯ | ૧૩ |
| ૫ | ભાવનગર | ૨૧૫ | ૫૦ |
| ૬ | ભરુચ | ૩૪૨ | ૦૯ |
| ૭ | દાહોદ | ૫૯ | ૦૩ |
| ૮ | ડાંગ | ૦૫ | -- |
| ૯ | ગાંધીનગર | ૬૬૩ | ૨૦ |
| ૧૦ | જામનગર | ૯૪૮ | -- |
| ૧૧ | જુનાગઢ | ૪૦૨ | ૫૬ |
| ૧૨ | ખેડા | ૩૧૭ | ૨૦ |

| ક્રમ | જિલ્લાનું નામ | ચૂકવણી કરેલ અરજીઓ | બાકી ચૂકવણીની અરજીઓ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૩ | કચ્છ | ૩૯૮ | ૦૪ |
| ૧૪ | મહેસાણા | ૧૪૪ | -- |
| ૧૫ | નર્મદા | ૩૯ | ૦૪ |
| ૧૬ | નવસારી | ૧૩૩૭ | ૬૪૨ |
| ૧૭ | પંચમહાલ | ૪૧૫ | ૪૧ |
| ૧૮ | પાટણ | ૫૨૫ | ૫૬ |
| ૧૯ | પોરબંદર | ૧૦૨ | ૨૨ |
| ૨૦ | રાજકોટ | ૧૧૦૩ | ૨૫ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૭૦૮ | -- |
| ૨૨ | સાબરકાંઠા | ૧૦૨ | ૬૨ |
| ૨૩ | સુરત | ૧૧૪૦ | ૧૪૧ |
| ૨૪ | વડોદરા | ૯૦૬ | ૨૦૦ |
| ૨૫ | વલસાડ | ૧૧૪૯ | -- |

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ ડિસૅમ્બર-૨૦૦૫ની સ્થિતિએ રાષ્ટ્રીય કુટુંબ યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં રાજય સરકાર દ્વારા કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ? આ માટે રાજય સરકાર દ્વારા કુલ કેટલું ખર્ચ અંદાજવામાં આવ્યું હતું? ૨૦૦૪-૦૫ માં કુલ કેટલી અરજીઓ રાજય સરકારને મળી હતી, કેટલી મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી અને કયા કારણોસર નામંજૂર કરવામાં આવી?

**શ્રી રમણલાલ ઈ. વોરા**: માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ ૩૧/૧૨/૨૦૦૩ ના રોજ પડતર અરજીઓ ૧૬૧૪૫ હતી. ૧/૧/૨૦૦૪ થી ૩૧/૧૨/૨૦૦૫ સુધીમાં ૨૦૩૯૩ અને કુલ અરજીઓ ૩૬૫૩૮. મંજૂર કરી ૧૫૪૯૫ અને નામંજૂર કરી ૧૧૧૪૪.

**શ્રી ધનરાજભાઈ કેલા** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાષ્ટ્રીય કુટુંબ સહાય માટે અરજી કરનાર બહેન વિધવા હોય, કુટુંબમાં કોઈ કમાનાર ન હોય, છતાંયે એની પાસે બી.પી.એલ.કાર્ડ માગવાનું થતું હોય, તો જ રાષ્ટ્રીય કુટુંબ સહાયની અરજી સ્વીકારવામાં આવે છે. આવો પરિપત્ર ગુજરાત સરકારે કર્યો છે કે કેમ? અને કર્યો હોય તો એ પરિપત્ર રદ કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા**: આ યોજના કેન્દ્રીય પુરસ્કૃત યોજના છે, એટલે એના નોર્મ્સ કેન્દ્ર સરકારે આપેલા છે અને એ પ્રમાણે આપણે કામગીરી કરીએ છીએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ કેન્દ્રની યોજના છે ન કરી શકે, પ્લીઝ. (અંતરાય) કેન્દ્રની સ્કીમ છે. એમને અધિકાર નથી.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : ડાંગ જિલ્લામાં કુલ કેટલી અરજી બે વર્ષમાં આવી? એ મારે જાણવું છે.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : ડાંગ જિલ્લામાં એકપણ અરજી મળી નથી. (અંતરાય) સોરી. ૨ વર્ષની જે અરજી આવી છે, એમાં પહેલા વર્ષમાં એકપણ અરજી નથી અને બીજામાં ૭ અરજી આવેલી છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય મંત્રીશ્રીએ હમણાં કહ્યું કે કેન્દ્ર પુરસ્કૃત યોજના છે, બરાબર છે. એટલે નોર્મ્સને અનુસરીને જ ચાલીએ. મારે મંત્રીશ્રીને એમ પૂછવું છે કે આવા જે કુટુંબો હોય, બી.પી.એલ.કાર્ડ ધરાવતા ન હોય, પણ કુટુંબના વડાના અવસાનના કારણે કે બીજા કારણોસર પરિસ્થિતિ બદલાઈ હોય, બી.પી.એલ.નું રેશન કાર્ડ હોય તો એના આધાર ઉપર અથવા મરણનો દાખલો કે એને આધાર બનાવીને આમાં એમને સહાય આપવા માટે આપણે વિચાર કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા**: આમાં જે નોર્મ્સ આપવામાં આવ્યા છે, એમાં કુટુંબના મુખ્ય કમાનાર વ્યકિતનું અવસાન થાય તો એ કિસ્સામાં ૧૦ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. એના ધોરણોમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો હોય એને જ આ લાભ આપવામાં આવે છે. જેની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે એ હોવી આના માટે ફરજીયાત છે. એ અંગેના સુધારા મેં કહ્યું તેમ કેન્દ્ર પુરસ્કૃત હોઈ રાજય સરકારે એમાં કશું કરવાનું રહેતું નથી.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : પંચમહાલ જિલ્લામાં ૪૫૬ અરજીઓ મંજૂર થઈ, તો કુલ કેટલી અરજીઓ આવેલી? બીજી વાત કે આદિવાસી અને ગરીબ માણસો જે છે, જેને અરજી કરવાનું ભાન નથી અને સમય મર્યાદામાં અરજી થતી નથી, તો આવી અરજી પાછળથી આવે તો સ્વીકારવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા**: પંચમહાલ જિલ્લામાં કુલ ૪૧ અરજીઓ આવી છે. એ અરજી કરવાની સમય મર્યાદા ૨ વર્ષની છે. ૨ વર્ષની સમય મર્યાદામાં જે લોકોએ અરજી કરી હોય એને આ લાભ આપવામાં આવે છે.

**બાવળા તાલુકા પંચાયતમાં જરૂરી મહેકમ મંજૂર કરવા અંગે**

***૧૬૪૩૪ શ્રી કાંતિભાઈ રા. લકુમ (બાવળા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) અમદાવાદ જિલ્લામાંથી બાવળા તાલુકો અલગ કર્યા પછી બાવળા તાલુકા પંચાયતમાં જોઈતું મહેકમ મંજૂર કરવામાં આવેલ નથી, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો નવું મહેકમ કયારે મંજૂર કરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી:**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી કાંતિભાઈ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, જે નવા તાલુકા બન્યા, તેમાં જે પ્રમાણે મહેકમ નકકી કર્યુ છે એ સ્ટાફ ખરેખર ખૂબ ઓછો છે. આના કારણે કામોમાં ખૂબ તકલીફ પડે છે. કામોમાં વિલંબ થાય છે. તો બાવળા તાલુકામાં તાલુકા વિકાસ અધિકારી સિવાય બીજો સ્ટાફ કેટલો છે? અને અત્યારે મૂકયા છે એ બિન અનુભવી છે. એટલે આવા કર્મચારીઓને અમદાવાદ જિલ્લામાં સમાવીને કાર્યદક્ષ કર્મચારીઓને ત્યાં મૂકવા માગે છે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : આ જે નવા તાલુકાઓ બન્યા છે એમાં એક તાલુકા વિકાસ અધિકારી, ૨ નાયબ ચીટનીસ, એક સિનિયર કલાર્ક, ૨ કલાર્ક, એક પટાવાળા કમ ડ્રાઈવર અને એક પટાવાળા એમ કુલ મળીને ૮ લોકોનું મહેકમ હોય છે અને બાવળા તાલુકામાં આ ૮ એ ૮ જગ્યા ભરાયે.લી છે. એટલે ત્યાં તેમને બાકીની નાની મોટી કોઈ ફરિયાદ હોય તો મને વ્યકિતગત મળશે તો પૂરી કરીશ., પરંતુ અત્યારે ત્યાં મહેકમ પૂરું છે.

**અમદાવાદ શહેરમાં અનુસૂચિત જાતિના વકીલ તાલીમાર્થીઓને સહાય**

***૧૪૮૦૦ શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) અમદાવાદ શહેરમાં નાણાકીય વર્ષ ૨૦૦૨-૦૩, ૦૩-૦૪, અને ૯૪-૯૫ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં અનુસૂચિત જાતિના વકીલાતની ડીગ્રી ધરાવતા કેટલા વકીલ તાલીમાર્થીને વર્ષવાર સહાય આપવામાં આવી છે,

(૨) તાલીમ આપનાર સિનિયર વકીલને સરકાર તરફથી માસવાર આવા કેસમાં કેટલી ફી ચૂકવવામાં આવે છે, અને

(૩) આ સહાયમાં આગામી વર્ષમાં કોઈ વધારો કરવાનું સરકાર વિચારી રહી છે કે કેમ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) નીચે મુજબ લાભાર્થીને સહાય ચૂકવેલ છે

| **વર્ષ** | **લાભાર્થી** |
|---|---|
| ૨૦૦૨'૦૩ | ૧૦૪ |
| ૨૦૦૩-૦૪ | ૧૩૭ |
| ૨૦૦૪-૦૫ | ૩૨૧ |
| ૨૦૦૫-૦૬ | ૩૮૯ |
| (૩૧-૧૨-૦૫ અંતિત)---- | |
| **કુલ** | **૯૫૧** |

(૨) રૂા. ૫૦૦-૦૦ માસિક એલાઉન્સ ચૂકવવામાં આવે છે.

(૩) હાલના તબકકે આવી કોઈ બાબત વિચારણા હેઠળ નથી.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સાચા અર્થમાં સામાજિક ન્યાયના અધિકારોનું રક્ષણ થાય એ માટે દલિતવર્ગ માટેની એક બહુ સારી યોજના છે. હું પૂછવા માગું છું કે આ સહાય તાલીમાર્થીને કેટલા વર્ષ સુધી અને પ્રતિ માસ કેટલી મળે છે અને ખાસ કરીને આનો લાભ શહેરી વિસ્તારના ભણેલા યુવાનો વધારે લે છે, તો આવો જ લાભ ગ્રામ્ય વિસ્તારના દલિત વસ્તારના યુવાનો લઈ શકે એ માટે કોઈ વિશેષ આયોજના કરવા માગે છે કે કેમ?

## અધ્યક્ષશ્રીનો આદેશ

**સસ્પેન્ડ થયેલ સભ્યશ્રી મનીષ ગિલિટવાલાએ અધ્યક્ષશ્રીની ગેલેરી છોડી જવા અંગે**

**અધ્યક્ષશ્રી**: એક મિનિટ, માનનીય મંત્રીશ્રી આપ જવાબ આપો એ પહેલાં મારે એટલું કહેવાનું કે મારા ધ્યાનમાં આવ્યું છે કે સભ્યશ્રી મનીષ ગિલિટવાલા સભાગૃહની સેવામાંથી સસ્પેન્ડ થયેલ છે. તેઓ હાલ અધ્યક્ષશ્રી

દીર્ઘામાં બેઠા છે. તેઓ સભાગૃહની હદમાં પ્રવેશ કરી શકે નહીં. નિયમાનુસાર સભાગૃહની હદમાં લોબી તથા ગેલેરીઓનો સમાવેશ થતો હોવાથી સભ્યશ્રી મનીષ ગિલિટવાલાને હું ગેલેરી તાત્કાલિક છોડી દેવા માટેનો આદેશ કરું છું. નેકસ્ટ.

# તારાંકિત પ્રશ્નો (ક્રમશ:)

**પ્રશ્ન ક્રમાંક: ૧૪૮૦૦ (ક્રમશ:)**

**શ્રી રમણલાલ વોરા** : આ વકીલોને સ્ટાઈપેન્ડ આપવા માટેની યોજના ત્રણ વર્ષ સુધી અમલમાં રહે છે. પહેલા વર્ષે જે પણ વકીલ હોય એને ૧ હજાર રૂપિયા માસિક આપવામાં આવે છે, બીજા વર્ષે ૮૦૦ રૂપિયા માસિક અપાય છે અને ત્રીજા વર્ષે ૬૦૦ રૂપિયા માસિક આપવામાં આવે છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ હતો કે માત્ર શહેરી વિસ્તારના લોકો આનો વધારે લાભ લે છે તો ગ્રામ વિસ્તારના યુવાનોમાં પણ આ પ્રકારની જાગૃત્તિ લાવવા માટે આયોજન છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : : પહેલા આ યોજના જિલ્લા કક્ષા પૂરતી મર્યાદિત હતી, પરંતુ હવે આ યોજના તાલુકા કક્ષા સુધી લઈ જવામાં આવી છે, જેના કારણે તમામ વકીલોને આ યોજનાનો લાભ મળે એ આયોજન છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : મારે જાણવું છે કે  માનનીય ગોરધનભાઈએ કહયું કે શહેરી વિસ્તારોમાં વધારે જાગૃત્તિ હોય ત્યાં આનો વધારે લાભ લેવાય છે, પરંતુ તાલુકા અને જિલ્લામાં દરેક તાલુકા ઉપર એની જાહેરાત કરીને એના દ્વારા આનો પ્રચાર કરીને આ યોજનાનો લાભ આપવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : તમામ વકીલો આ યોજનાનો લાભ લે એવો સરકારનો અભિગમ છે અને એટલા માટે સમયાંતરે જયાં જયાં શકય હોય ત્યાં સુધી સમાજની શિબિરોમાં અને ન્યુઝ પેપરોમાં પણ એની જાહેરાત આપીને આનો પ્રચાર કરવામાં આવે છે. લગભગ અત્યારસુધીમાં જયાં સુધી વકીલોનો સવાલ છે ત્યાં સુધી એ સુશિક્ષિત હોય છે અને તાલુકા કક્ષાએ તમામ લોકોને આનો લાભ મળે એ પ્રકારની વ્યવસ્થા રાજય સરકારે ગોઠવી છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : અનુસૂચિત જાતિના વકીલો માટે આ યોજના આશીર્વાદરૂપ યોજના ગણી શકાય. મારે જાણવું છે કે આ યોજનાની શરૂઆત કયારથી કરવામાં આવી અને માનનીય મંત્રીશ્રીએ જે પ્રમાણે જવાબ આપ્યો છે એમ શહેરી વિસ્તારની જેમ તાલુકા કક્ષાએ પણ આ યોજનાનો લાભ આપવામાં આવે છે. તો તાલુકાઓમાં આ યોજના નીચે સમગ્ર રાજયમાં કુલ કેટલા કાયદાના સ્નાતક યુવાનોને આવી સહાય આપવામાં આવી એનો આંકડો મને આપવામાં આવે.

**શ્રી રમણલાલ વોરા** : આ યોજના વર્ષ ૨૦૦૦ થી અમલમાં મૂકી છે. અત્યારસુધીમાં ૨૦૦૨-૦૩ માં ૧૦૪, ૨૦૦૩-૦૪ માં ૧૩૭, ૨૦૦૪-૦૫ માં ૩૨૧ અને ૨૦૦૪-૦૫ માં તા. ૩૧-૧૨-૦૫ના અંતસુધીમાં ૩૮૯ એમ કુલ મળીને ૯૫૧ જેટલા વકીલોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.

**શ્રી અમિત અ. ચાવડા** : મારે જાણવું છે કે અનુસૂચિત જાતિના વકીલાત કરતા યુવાનોને આ યોજનાનો લાભ મળે છે એ જ ધોરણે બક્ષીપંચના  ગરીબ યુવાનોને આનો લાભ આપવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** :માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**અમદાવાદ શહેરમાં આવેલા ભિક્ષુક ગૃહો**

***૧૬૭૧૯ ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરમાં જાન્યુ. ૦૬ની સ્થિતિએ કેટલા ભિક્ષુક ગૃહ કયાં કયાં આવેલા છે,
(૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ દરેકમાં સરેરાશ કેટલા ભિક્ષુકો હોય છે, અને
(૩) ભિક્ષુકો પાસેથી કઈ કઈ પ્રવૃત્તિ કરાવવામાં આવે છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) અમદાવાદ શહેરમાં જાન્યુ. ૨૦૦૬ની સ્થિતિએ બે ભિક્ષુક ગૃહ આવેલા છે,
૧. ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, ઓઢવ
૨. ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, નરોડા
(૨) ઓઢવમાં ૯૮ અને નરોડામાં ૫૫ જેટલા.
(૩) ભિક્ષુકો પાસેથી નીચે મુજબની પ્રવૃત્તિ કરાવવામાં આવે છે.
૧. પોતાની અંગત અને સંસ્થાકીય સ્વચ્છતા
૨. ભોજન રાંધવા, કપડા ધોવા,
૩. સુથારીકામ, સીવણકામ, વણાટકામ, ખેતી કામ, કડિયાકામ, સળીઝાડું, ફાઈલ બનાવવી,
૪. સાંસ્કૃત્તિક તેમજ રમત-ગમત.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરના બન્ને ભિક્ષુકગૃહો, ઓઢવ અને નરોડામાં, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો તે પ્રમાણે અનુક્રમે ૯૮ અને ૫૫ જેટલા ભિક્ષુકો રાખવામાં આવેલ છે. આ ભિક્ષુકોની આપણે કાળજી લેવી જોઈએ તે વાત સાથે સંમત, પણ આ બન્ને ભિક્ષુકગૃહોનો વિસ્તાર હવે શહેરની મધ્યમાં આવી ગયો છે, અને ખૂબ વિશાળ વિસ્તાર છે. તેથી મારે એ જાણવું છે કે આ બન્નેનો વિસ્તાર કેટલો છે અને આ વિસ્તારમાં સરકાર અન્ય કોઈ પ્રવૃત્તિ કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : આ જમીનનું ક્ષેત્રફળ ૪૯૩૭૨ ચો.કિ.મી. જેટલું છે. અને તેમાં આ પ્રવૃત્તિ ચાલી રહી છે. સામાન્ય રીતે અત્યાર સુધીમાં એવરેજ વર્ષમાં જેટલા ભિક્ષુકો હોય તે અને બીજા દાખલ કરવામાં આવે છે અને ૩ વર્ષની જેમને સજા થઈ હોય તે બાદ પણ થાય છે, અને બાકી રહેતા અત્યારે બહેનશ્રીએ કહ્યું એટલા ભિક્ષુકો હાજર છે. પરંતુ સરવાળે આંકડો બદલાવાને પાત્ર છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : મારો બીજો પેટા પ્રશ્ન હતો કે આ વિસ્તારમાં અન્ય કોઈ પ્રવૃત્તિ કરવા માગે છે કે કેમ? અન્ય સરકારી કચેરી ખોલવા માગે છે કે અન્ય કોઈ સામાજિક પ્રવૃત્તિ કરવા માગે છે ખરા?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય સભ્યશ્રીનું ખૂબ સારું સૂચન છે, આટલી મોટી જગ્યા છે તે જગ્યાનો પૂરતા પ્રમાણમાં અત્યારે ઉપયોગ થઈ શકતો નથી. એટલે આગામી દિવસોમાં બહેનશ્રીએ કહ્યું એ પ્રમાણે બીજી વધારાની કચેરીઓ આ વિભાગની જ થઈ શકે અને જમીનનો મહત્તમ ઉપયોગ થઈ શકે તે માટે સરકારની વિચારણામાં છે.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ભિક્ષુકગૃહમાં જે પ્રવૃત્તિ ચાલે છે તે પૈકી સુથારીકામ, સીવણકામ, વણાટકામ, ખેતી, કડિયાકામ, સળીઝાડું, ફાઈલ વગેરે બનાવવામાં આવે છે, તો આ ભિક્ષુક ગૃહમાં આવી પ્રવૃત્તિ કરી અને પગ ઉપર ઊભા કરી અને ભિક્ષુકને ભિખારીપણામાંથી દૂર કરવાનો અભિગમ હોય તો એવા કોઈ દાખલા આપી શકાય એમ છે કે આ પ્રવૃત્તિ કરીને ભિખારી મટી ગયા હોય?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : નામદાર કોર્ટે જે લોકોને સજા કરી હોય તેનો સમય ગાળો ત્રણ વર્ષનો છે તે એમની પોતાની સજા પુરી થયા પછી પુનઃવસન માટે રાજય સરકાર પાંચ હજાર રૂપિયા આપે છે. સાથે સાથે જે પણ વ્યવસાય કરવા માગતા હોય તેની કીટ્સ આપવામાં આવે છે. એક વર્ષ દરમિયાન જેમણે ભિક્ષુકનું કામ કરવાનું બંધ કર્યુ હોય અને જેમનું પુનઃવસન થયું હોય તેવાઓની સંખ્યા ૧૨ ની છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ અગત્યનો પ્રશ્ન છે, ભદ્રકાળીના મંદિર પાસે એટલા બધા ભિખારીઓ હોય છે કે દર્શનાર્થીઓ અને બીજા લોકો ત્યાં જાય ત્યારે ત્રાસજનક વાતાવરણ ઊભી થાય છે, એટલે દર્શનાર્થીઓની ખૂબ હેરાનગતિ થતી હોય છે, તો તેના માટે કોઈ પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ભિક્ષુક કાયદા પ્રમાણે જે કોઈ આવા ભિક્ષુક હોય તેમને ડિટેઈન કરવામાં આવે છે કોર્ટના આદેશ પ્રમાણે તેમને આ ભિક્ષુક ગૃહમાં રાખવામાં આવે છે, વિશેષમાં કહું તો એટલા પૂરતું જ નહીં પણ શિયાળાની કડકડતી ઠંડીમાં વિભાગના અધિકારીઓ દ્વારા રાઉન્ડ લેવામાં આવે છે પોલીસ ખાતાને સાથે રાખવામાં આવે છે અને આવા લોકોને ભિક્ષુકગૃહમાં રાખી અને તેમની સારવાર પણ કરવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નમાં કોઈએ અભિનંદન ન આપ્યા, ભિક્ષુક ગૃહોમાં સંખ્યા વધી એટલા માટે, પણ હું બધા વતી આ ભિક્ષુક ગૃહમાં સંખ્યા વધી છે એટલા માટે અભિનંદન આપી દઉં.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જે ભિક્ષુક ગૃહ છે એમાં બાળ ભિખારીઓ હોય છે આ બાળ ભિખારીઓ માટે કોઈ શિક્ષણ માટેની જોગવાઈ છે કે કેમ? આ ભિક્ષુક ગૃહમાંથી બાળકો ભણવા જાય છે કે કેમ?

મારો બીજો પ્રશ્ન એ છે કે આ ભિક્ષુક ગૃહમાંના ભિખારીઓ ભાગીને બહાર ભિક્ષા માગવા જાય છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અર્જુનભાઈએ વાત કરી એ મુજબ ૭૦૯ ઓઢવમાં હતા અને નરોડામાં ૮૮ એમ કુલ મળીને ૭૯૭ હતા. એટલે એમાં ઘણો બધો ઘટાડો થયો છે એ એમની જાણકારી માટે કહું છું. માનનીય સભ્યશ્રીએ વાત કરી એ પ્રમાણે બાળ મજૂરો માટેનો અલગ કાયદો છે એ કાયદા પ્રમાણે કામ કરે છે એ આ વિભાગમાં આવતું નથી.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** : ઓઢવમાં ૯૮ અને નરોડામાં ૫૫ ભિક્ષુકો છે. આજે બપોરે મુલાકાત કરીએ તો આ ભિક્ષુક ગૃહમાં એક પણ ભિખારી દેખાશે નહિ બધા જ ભિક્ષા માગવા જાય છે અને એમની પાસેથી કમિશન લેવામાં આવે છે એ વાત સાચી છે?

**શ્રી રમણલાલ વોરા** : આ વિભાગની જાણમાં નથી. હું એટલું ચોક્કસ કહી શકું કે અત્યારે બેઠેલા પ્રત્યેક ધારાસભ્યશ્રી પોતાની જવાબદારી નૈતિકતાથી સ્વીકારશે તો આપણે ખૂબ મોટી સેવા કરી શકીશું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ અભિનંદન આપ્યા ત્યારે પ્રશ્ન સૂજયો કે અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણી પછી વોર્ડ વાઈઝ કેટલા ભિક્ષુકો છે અને એ ભિક્ષુકો માટે સરકારે શું વ્યવસ્થા વિચારેલ છે?

(આ પ્રશ્નનો જવાબ આપવામાં આવેલ નથી)

**શ્રી ધનરાજભાઈ કેલા** : ભિક્ષુકની વ્યાખ્યા શું છે એના ક્રાઈટેરિયામાં અહીંયા બેઠેલામાંથી કોઈ આવે છે કે કેમ?

(આ પ્રશ્નનો જવાબ આપવામાં આવેલ નથી.)

**ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર**

**●૧૭૦૪૦ શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતોને તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ પોતાના પંચાયત ઘરો નથી, અને

(૨) બાકીની ગ્રામ પંચાયતોને કયાં સુધી પંચાયત ઘરો બનાવવાનું સરકારનું આયોજન છે?

**પંચાયત મંત્રીશ્રી:**

(૧) પત્રક-અ મુજબ.

(૨) તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં પંચાયત ઘરો બનાવવાનું સરકારનું આયોજન છે.

**પત્રક-અ**

**ગ્રામ પંચાયતોને પોતાના પંચાયતઘર**

**બાકી પંચાયત ઘરની સંખ્યા** **(તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ)**

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **બાકી પંચાયત ઘરની સંખ્યા** | **રીમાર્કસ** |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦૬ | |
| ૨ | અમરેલી | ૦૭ | |
| ૩ | આણંદ | ૦૦ | |
| ૪ | બનાસકાંઠા | ૨૩ | |
| ૫ | ભાવનગર | ૪૪ | |
| ૬ | ભરૂચ | ૦૦ | |
| ૭ | દાહોદ | ૦૦ | |
| ૮ | ડાંગ-આહવા | ૦૫ | |
| ૯ | ગાંધીનગર | ૦૧ | |
| ૧૦ | જામનગર | ૧૭ | |
| ૧૧ | જુનાગઢ | ૪૧ | |
| ૧૨ | ખેડા | ૦૯ | |
| ૧૩ | કચ્છ-ભૂજ | ૨૧ | |
| ૧૪ | મહેસાણા | ૧૧ | |
| ૧૫ | નર્મદા | ૦૦ | |
| ૧૬ | નવસારી | ૧૦ | |
| ૧૭ | પંચમહાલ | ૧૦ | |
| ૧૮ | પાટણ | ૦૭ | |
| ૧૯ | પોરબંદર | ૦૪ | |
| ૨૦ | રાજકોટ | ૪૮ | |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૪૯ | |
| ૨૨ | સાબરકાંઠા | ૧૧ | |
| ૨૩ | સુરત | ૨૭ | |
| ૨૪ | વડોદરા | ૪૬ | |
| ૨૫ | વલસાડ | ૦૮ | |
| | **કુલ :** | **૪૦૫** | |

**શ્રી અંબાલાલ આ. રોહિત** : માનનીય પંચાયત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતોને ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ પોતાના પંચાયત ઘરો નથી, એ ગ્રામ પંચાયતોને કયાં સુધીમાં પંચાયત ઘર બનાવી આપવાનું સરકારનું આયોજન છે?

**શ્રી ભરત બારોટ** : પત્રકમાં એ માહિતી આપેલ જ છે. કુલ ૪૦૫ બાકી રહી ગયેલ છે. દેશના ઈતિહાસમાં ગુજરાતમાં પહેલું એવું હશે કે દેશની આઝાદી પછી આટલા બધા વરસો પછી પહેલીવાર બધી ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર બનશે અને તે ૩૧-૩-૨૦૦૬ સુધીમાં બની જશે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : પંચાયત ઘર બનાવવામાં આવે છે. આ બનાવતાં પહેલાં એની યુનિટ કોસ્ટ નક્કી કરવામાં આવી છે. અમને તાલુકા પંચાયત તરફથી વર્ક ઓર્ડર મળ્યો અને સરકારે પૈસા મંજૂર કર્યા એમાં તફાવત છે. તો જેટલા ખર્ચમાં આ મકાન બની શકે એ પ્રમાણે રકમ વધારવા માગે છે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય સભ્યશ્રીનું સૂચન છે. પરંતુ યુનિટ કોસ્ટ ૨ લાખ ૪૨ હજાર રૂપિયાની છે.

**ડૉ. સી. જે. ચાવડા** : છેલ્લા બે વર્ષમાં કેટલા પંચાયત ઘર બન્યા?

**શ્રી ભરત બારોટ** : આના માટે અલગ નોટિસ જોઈશે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : પંચમહાલ જિલ્લાની અંદર દસની સંખ્યા આપેલ છે. તો ગોધરા તાલુકામાં કેટલા પંચાયત ઘર બનાવવાના બાકી છે અને આ કઈ યોજના નીચે બનાવવામાં આવે છે?

**શ્રી ભરત બારોટ** : મારી પાસે જિલ્લાની માહિતી છે. તાલુકાની માહિતી જોઈતી હશે તો એના માટે અલગ નોટિસ જોઈશે.

## રાજયના બક્ષીપંચના તબીબી સ્નાતકોને તેમજ કાયદાના સ્નાતકોને લોન

**●૧૬૩૩૫ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૬ સુધી રાજયમાં બક્ષીપંચના કેટલા તબીબી સ્નાતકોને ડોકટરનો વ્યવસાય શરૂ કરવા માટે અને કેટલા કાયદાના સ્નાતકોને વકીલાત માટે કેટલી લોન અને કેટલી સહાય આપવામાં આવી છે,

(૨) કેટલા સ્નાતકોને હજુ સુધી લોન અને સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) કેટલા સમયમાં ચૂકવવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં ૧ તબીબી સ્નાતકને રૂા. ૪૦,૦૦૦/- લોન અને રૂા. ૨૫,૦૦૦/- સહાય તથા કાયદાના ૩૧ સ્નાતકોને કુલ રૂા. ૨,૧૭,૦૦૦/- લોન અને કુલ રૂા. ૧,૫૫,૦૦૦/- સહાય ચૂકવવામાં આવેલ છે.

(૨) અને (૩): વકીલાત માટે કાયદાના ૪૨ સ્નાતકોને લોન સહાય ચૂકવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં એક તબીબી સ્નાતક અને કાયદાના ૩૧ જેટલા સ્નાતકોને આ મદદ કરવામાં આવી છે તો આ યોજનાની જાણકારી આમ પ્રજા સુધી છે નહીં તો તો આ યોજનાનો લાભ કેવી રીતે લઈ શકાય તેની જાણકારી ઉપરાંત સરકાર દ્વારા આ લોનમાં વધારો કરવાનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** :ડૉકટરનો વ્યવસાય કરવાવાળા લોકો માટે ૪૦,૦૦૦ની લોન અને. ૨૫,૦૦૦ની સહાય આપવામાં આવે છે. વકીલાતનો વ્યવસાય કરવાવાળાને ૭,૦૦૦ લોન અને ૫,૦૦૦ રૂપિયા સહાય આપવામાં આવે છે. ડૉકટરનો વ્યવસાય કરવાવાળાને ૪૦,૦૦૦ અને ૨૫,૦૦૦ તેમ કરીને ૬૫,૦૦૦ રૂપિયા મળે. મને લાગે છે કે આ સહાય અપૂરતી હોવાને કારણે બધા જ તબીબો આ વ્યવસાયમાં પોતાનો લાભ નહીં લઈ શકતા હોવાને કારણે રાજય સરકાર આ દિશામાં વિચારે છે કે જે પણ વ્યવસાય કરવાવાળા એમ.બી.બી.એસ., એમ.ડી. કે એમ.એસ. જો વ્યવસાય કરવાવાળા હોય તો તેની અંદર આ નાણાકીય જોગવાઈમાં વધારો કરવામાં આવે તો ચોક્કસ આ સંખ્યા વધી શકે અને રાજય સરકાર આગામી દિવસોમાં આ અંગે વિચારશે.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વધારેમાં વધારે કેટલા તબીબોને આમાંથી લોન મળી શકે અને લોન માટે કે સહાય મેળવવા માટે શું ધારા-ધોરણ નક્કી થયેલાં છે?

**શ્રી રમણલાલ વોરા** : ધારાધોરણમાં એ પછાત વર્ગની જ્ઞાતિના હોવા જોઈએ. તેની વાર્ષિક આવક ૨૪,૦૦૦ રૂપિયા હોવી જોઈએ. જે તે વ્યવસાયના સ્નાતકની ડિગ્રી ધરાવતા હોવા જોઈએ. જે વ્યવસાય શરૂ કરવા માગે છે એ નવો વ્યવસાય હોવો જોઈએ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ તેમ બે વર્ષ દરમ્યાન તબીબી સ્નાતકોની કુલ કેટલી અરજીઓ આવેલી? એ જ પ્રમાણે આ બે વર્ષ દરમ્યાન કાયદાના સ્નાતકોની કુલ કેટલી અરજીઓ આવેલી?

**શ્રી રમણલાલ વોરા** : ડૉકટર માટેની ૪ અને વકીલાતના વ્યવસાય માટેની ૪૯ અરજીઓ આવેલી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલી?

**શ્રી રમણલાલ વોરા** : ૭ અરજીઓ મંજૂર કરવામાં આવેલી.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : આ ડૉકટરોને જે સહાય આપવામાં આવે છે તે સારી વાત છે. સરકારશ્રી તરફથી ડૉકટર બન્યા પછી ગ્રામ્ય વિસ્તારમાં નોકરી કરવાનું ફરજિયાત કરે એવી જોગવાઈ છે કે કેમ? આપણે લોન અને સહાય આપીએ છીએ તો ડૉકટર બની જાય પછી ગ્રામ્ય વિસ્તારમાં નોકરી કરવા માટેની કોઈ જોગવાઈ છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : એવી કોઈ શરતો છે એમ પૂછે છે.

**શ્રી રમણલાલ વોરા** : આમાં એવી કોઈ શરત નથી પણ મૂળ લાગણી એવી છે કે ડૉકટરો ગ્રામ્ય કક્ષાએ પોતાની પ્રૅક્ટિસ કરતાં નથી. પણ ગ્રામ્ય કક્ષામાં જે પણ વકીલો અથવા ડૉકટર આ પ્રકારની પ્રૅક્ટિસ કરવા માગતા હશે તો જેટલા પણ લાભાર્થીઓ હશે તેને ૧૦૦ ટકા ગ્રાન્ટ આપવાનો પ્રયત્ન કરીશું.

### રાજયમાં સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાનું ભંડોળ

***૧૪૩૪૧ શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં સ્વર્ણ જયંતિ સ્વરોજગાર યોજનાનું વર્ષવાર કેટલી રકમનું ભંડોળ હતું, અને

(૨) આ ભંડોળમાંથી વર્ષવાર આ યોજના હેઠળ તા. ૩૧-૧-૦૬ સુધીમાં જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**ગ્રામવિકાસ મંત્રીશ્રી:**

(૧) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ (તા. ૩૧-૧-૨૦૦૬ સુધી)ના નાણાંકીય વર્ષમાં સ્વર્ણ જયંતિ સ્વરોજગાર યોજનાનું વર્ષવાર ભંડોળ નીચે મુજબ છે.

| અ. નં. | વર્ષ | ઉપલબ્ધ ભંડોળ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૪-૨૦૦૫ | ૨૯૪૩.૨૯ |
| ૨ | ૨૦૦૫-૨૦૦૬<br>(તા. ૩૧-૧-૦૬ અંતિત) | ૨૫૭૦.૫૨ |

(૨) વર્ષવાર આ યોજના હેઠળ તા.૩૧.૧.૦૬ સુધીમાં જિલ્લાવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| અ. નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૪-૨૦૦૫ | ૨૮૧૪.૬૩ |
| ૨ | ૨૦૦૫-૨૦૦૬ | ૨૫૧૧.૧૧ |

(તા. ૩૧-૧-૦૬ અંતિત)

**પત્રક-અ**

**રાજયમાં સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાનું ઉપલબ્ધ ભંડોળ તથા ખર્ચની જિલ્લાવાર વિગત દર્શાવતું પત્રક.**

**(રૂા. લાખમાં)**

| અ. નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૦૪-૨૦૦૫ | | વર્ષ ૨૦૦૫-૨૦૦૬ | |
|---|---|---|---|---|---|
| | | ઉપલબ્ધ ભંડોળ | થયેલ ખર્ચ | ઉપલબ્ધ ભંડોળ | થયેલ ખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અમદાવાદ | ૧૦૮.૬૮ | ૧૦૬.૦૨ | ૧૦૭.૧૨ | ૮૨.૯૮ |
| ૨ | અમરેલી | ૬૪.૬૨ | ૬૩.૪૮ | ૩૩.૮૬ | ૪૬.૪૦ |
| ૩ | આણંદ | ૮૭.૬૭ | ૮૨.૭૬ | ૮૪.૩૩ | ૮૦.૨૩ |
| ૪ | બનાસકાંઠા | ૧૭૯.૬૯ | ૧૮૨.૦૪ | ૧૭૭.૮૭ | ૧૬૦.૩૭ |
| ૫ | ભરૂચ | ૧૨૯.૪૪ | ૧૨૬.૨૦ | ૧૩૫.૫૧ | ૧૧૩.૨૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬ | ભાવનગર | | ૯૭.૦૪ | ૯૪.૩૫ | ૯૩.૬૩ | ૮૧.૨૯ |
| ૭ | દાહોદ | | ૨૯૦.૬૯ | ૨૯૨.૧૯ | ૨૮૫.૦૧ | ૨૫૬.૩૫ |
| ૮ | ડાંગ | | ૪૧.૬૩ | ૩૭.૧૪ | ૪૧.૫૭ | ૩૧.૫૪ |
| ૯ | ગાંધીનગર | | ૨૧.૭૭ | ૨૨.૮૧ | ૨૦.૭૩ | ૨૧.૫૨ |
| ૧૦ | જામનગર | | ૧૧૯.૫૭ | ૧૧૩.૩૦ | ૬૩.૧૫ | ૯૧.૫૮ |
| ૧૧ | જુનાગઢ | | ૧૧૭.૨૯ | ૯૪.૬૩ | ૫૪.૮૩ | ૭૮.૭૨ |
| ૧૨ | કચ્છ | | ૧૭૮.૩૨ | ૯૮.૦૩ | ૫૩.૫૮ | ૮૬.૯૯ |
| ૧૩ | ખેડા | | ૧૨૭.૪૭ | ૧૩૨.૩૩ | ૭૪.૪૨ | ૧૩૪.૫૩ |
| ૧૪ | મહેસાણા | | ૫૬.૧૨ | ૫૧.૭૬ | ૫૧.૦૧ | ૪૭.૦૩ |
| ૧૫ | નર્મદા | | ૮૮.૯૧ | ૮૪.૧૫ | ૮૬.૬૩ | ૮૦.૫૭ |
| ૧૬ | નવસારી | | ૮૫.૦૪ | ૮૪.૯૬ | ૮૬.૫૨ | ૮૬.૬૪ |
| ૧૭ | પંચમહાલ | | ૨૩૦.૪૯ | ૨૩૦.૭૮ | ૨૦૮.૮૯ | ૨૧૦.૦૪ |
| ૧૮ | પાટણ | | ૫૫.૧૯ | ૫૨.૯૦ | ૫૬.૫૧ | ૪૭.૨૨ |
| ૧૯ | પોરબંદર | | ૨૭.૧૩ | ૨૧.૨૬ | ૨૧.૧૮ | ૨૩.૦૧ |
| ૨૦ | રાજકોટ | | ૯૪.૫૩ | ૯૩.૧૮ | ૯૫.૧૪ | ૮૪.૭૦ |
| ૨૧ | સાબરકાંઠા | | ૧૭૪.૧૭ | ૧૭૨.૦૮ | ૧૬૮.૬૬ | ૧૭૧.૮૪ |
| ૨૨ | સુરત | | ૨૪૪.૧૦ | ૨૫૦.૯૨ | ૨૨૯.૬૩ | ૨૦૯.૪૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | | ૭૩.૬૪ | ૭૭.૭૫ | ૭૮.૨૪ | ૫૯.૨૦ |
| ૨૪ | વડોદરા | | ૧૫૬.૫૫ | ૧૫૭.૩૩ | ૧૫૯.૧૭ | ૧૩૧.૯૯ |
| ૨૫ | વલસાડ | | ૯૩.૫૪ | ૯૨.૨૮ | ૧૦૩.૩૧ | ૯૩.૭૨ |
| | | **કુલ** | **૨૯૪૩.૨૯** | **૨૮૧૪.૬૩** | **૨૫૭૦.૫૨** | **૨૫૧૧.૧૧** |

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સ્વર્ણજયંતિ સ્વરોજગાર યોજનાના ભંડોળમાં જે ખર્ચ દર્શાવવામાં આવેલ છે તે અન્વયે કેટલી રોજગારી આપવામાં આવી છે? ભરૂચમાં ૨૦૦૪-૦૫ના વર્ષમાં રૂા. ૧૨૯.૪૪ લાખ ફાળવેલ છે. તેની સામે ૧૨૬.૨૦ લાખનો ખર્ચ થયેલ છે. આમ અંદાજે મૂળ રકમ ફાળવી છે તેના કરતાં ખર્ચ ઓછો થયેલ છે. તેના કારણો શાં છે?

**શ્રી ભરત બારોટ** : આ આખી યોજના જે તે જિલ્લાના ગરીબ લોકોને ગરીબીની રેખાની ઉપર લાવવા માટેની મૂળભૂત યોજના છે અને એ સતત ચાલતી રહેવાની છે. આ વર્ષે ઓછો ખર્ચ થયો હોય તો એ આવતા વર્ષે એડ થઈને સતત થતો ખર્ચ છે, એટલા માટે આવતા વર્ષે તેમાં એડ થઈ જવાની છે. આ વર્ષે ઓછો થયો છે તો આગલા વર્ષની લેણી બાકી હશે એટલા માટે થયો છે.

**અધ્યક્ષશ્રી** : કયો પ્રશ્ન છે એ તો ખબર છેને?

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં સ્વરોજગાર યોજના છે એમાં જિલ્લાવાર કેટલી રકમ ફાળવવામાં આવી છે? અને જિલ્લાવાર કેટલી વપરાઈ છે? અને કેટલી વપરાઈ નથી.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, પત્રકમાં અમદાવાદ જિલ્લામાં ૨૦૦૪-૦૫ના વર્ષમાં, એમને ખેડા જિલ્લાનું જોઈતું હોય તો ૨૦૦૪-૦૫માં ૧૨૭.૪૭ લાખનું ઉપલબ્ધ ભંડોળ હતું. એમાં ૧૩૨.૩૩ લાખનો ખર્ચ થયો છે. ૨૦૦૫-૦૬ની અંદર ૭૪.૪૨ લાખનું ભંડોળ હતું એની સામે ૧૩૪.૫૩ લાખનો ખર્ચ થયેલ છે.

**ખેડા જિલ્લા ગ્રામ પંચાયતનું વિભાજન**

***૧૬૪૫૩ શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ખેડા જિલ્લામાં કેટલી ગ્રામ્ય પંચાયતની તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ વિભાજન માટે દરખાસ્તો કરવામાં આવી, અને

(૨) ગ્રામ્ય પંચાયતના વિભાજન માટે જે દરખાસ્ત થયેલ છે, તેમાં કેટલી ગ્રામ્ય પંચાયતનું વિભાજન કરવામાં આવ્યું છે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) એક.

(૨) વિધાનસભા મત વિસ્તારનાં સીમાંકનની કાર્યવાહી દરમ્યાન યથાવત સ્થિતિ જાળવી રાખવાની છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતો ૩૧-૧-૦૬ સુધીની સ્થિતિએ વિભાજન માટે દરખાસ્ત કરવામાં આવી છે અને કેટલી મંજૂર કરવામાં આવી છે? અને કેટલી નામંજૂર કરવામાં આવી છે? તો કયા કારણોસર તે મંજૂર કરવામાં આવી નથી?

**અધ્યક્ષશ્રી** : કેટલી કરી? કેટલી ના કરી? ના કરી તો કયાં કારણોસર?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, નામંજૂર કરવાનો સવાલ નથી. દરખાસ્ત એક છે, જ્યાં સુધી ડિલિમિટેશન પંચનો ફાઇનલ જવાબ ન આવે ત્યાં સુધી બધું યથાવત રાખવાનું છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ઘણી ગ્રામ પંચાયતોના વિભાજન કરવા માટે કાગળ આવ્યા છે એમને કયા કારણોસર વિભાજન કર્યું નથી?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, ડિલિમિટેશન પંચે ના પાડી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, નટવરસિંહને અને ભરતભાઈને કાયદાને કયાં લેવાદેવા છે? બન્ને ભેગા થઈને વિભાજન કરી નાખે.

**બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં રહેમરાહેના કેસો**

***૧૭૧૮૭ શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૧૨-૦૫ સુધીમાં બનાસકાંઠા જિલ્લા પંચાયત વિભાગમાં વારસદારોને રહેમરાહે નોકરી આપવાના કેટલા કેસો પડતર છે?

(૨) પડતર રહેવાના કારણો શું છે? અને

(૩) સરકાર કેટલા સમયમાં આવા વારસદારોને નોકરી આપવા વિચારે છે?

**પંચાયત મંત્રીશ્રી** :

(૧) ૨૫.

(૨) વહીવટી કારણોસર.

(૩) પાત્રતા ધરાવતા આશ્રિત અરજદારોને ખાલી જગ્યાની ઉપલબ્ધિને આધીન રહીને બનતી ત્વરાએ રહેમરાહે નોકરી આપવામાં આવશે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા :-** માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે, વહિવટી કારણોસર છે એ કારણો કયા છે? અને પાત્રતા ધરાવતા જે છે એ ૧૦ ટકા કે ૨૦ ટકાની અંદર તો આવતા નથીને?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠામાં જે ૨૫ લોકો બાકી રહી ગયેલ છે એના નામ છે, સંગિતાબેન પરમાર, પ્રવિણકુમાર મેવાડા, (અંતરાય) બેન, તમે ઊભા તો રહો, તમે આટલા બધા ઉતાવળા કેમ થાવ છો? પ્રશ્ન એમનો છે અને તમે કયાં જવાબ આપો છો? (અંતરાય) સાહેબ, તમારું કામ એ કરી લે એ કેમ ચાલે? તમારે પૂછવું હોય તો પૂછોને? હું જવાબ આપીશ. એમણે પૂછ્યું છે કે કેમ બાકી છે? આ એક જ એવી સરકાર છે કે જેણે આખા ગુજરાતની અંદર છેલ્લા ૩ વર્ષની અંદર સૌથી વધારે આના માટેની નોકરી માટેનું પરિણામ લાવ્યા છીએ અને આ વહિવટી કારણોની અંદર ક્યાંક બેઝીકલી પૂરી અરજી ન હોય, અરજીમાં અધૂરપ હોય, તો એને ઈન્કવાયરી કરીને પાછી મોકલી હોય, એ પૂરી કરવા મોકલી હોય એનું નામ છે વહિવટી કારણોસર.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલા સમયથી બાકી છે?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી પચીસેક છે અને એ જુદા જુદા સમયથી અને ૩ વર્ષની અંદર છે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા :** માનનીય અધ્યક્ષશ્રી, બનતી ત્વરાએ, આવતા દિવસોની અંદર આખા રાજયની અંદર આના માટે સ્પેશિયલ કેમ્પેઈન કરીને પૂરી કરવાનો વહિવટી પ્રયત્ન કરવાના છીએ કે કેમ ?

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ ૨૫ પૈકી કોઈપણ ઉમેદવારના નામ ગૌણ સેવા પસંદગી મંડળમાં મોકલવામાં આવ્યા અને પછી ગૌણ સેવા પસંદગી મંડળે એમાં કવેરી કાઢી હોય એવો કોઈ દાખલો છે ખરો?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, ના.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૫ જે વહિવટી કારણોસર પેન્ડીંગ છે આમાંની..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. પહેલી અને બીજી અતારાંકિત પ્રશ્નોની યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે. નેક્સ્ટ.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**ભાવનગર જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જ્યાઓ**

**૧૭૧૭૮ ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં તલાટી-કમ-મંત્રીઓની ઘટ કેટલી છે, | (૧) કુલ-૩૪. |
| (૨) આ ખાલી જ્યાઓ રહેવાના કારણો શાં છે, અને | (૨) વહીવટી કારણોસર. |
| (૩) તે ક્યારે ભરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

-------------

**અમરેલી જિલ્લામાં મગફળી અને કપાસના પાક વીમાની રકમ**

૧૫૧૫૫ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન મગફળી અને કપાસનો ખરીફ પાક નિષ્ફળ ગયેલ છે, તે હકીક્તથી સરકાર વાકેફ છે, | (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં મગફળીનો પાક અસરગ્રસ્ત થયેલ હતો. જ્યારે કપાસ પાક ફક્ત લીલીયા તાલુકામાં અસરગ્રસ્ત થયેલ હતો તે હકીક્તથી સરકાર વાકેફ છે. |
| ±õ(૨)í -જો, હા, તો તાલુકાવાર સરેરાશ ઉત્પાદન કરતાં કેટલું ઓછું ઉત્પાદન થયેલ છે, અને | (૨) તાલુકાવાર સરેરાશ ઉત્પાદન કરતાં વર્ષ ૨૦૦૪-૦૫ના મગફળી તથા કપાસ પાકમાં આવેલ ઘટની વિગતો પત્રક-૧ મુજબ છે. |
| (૩) તેના પાક વિમાની રકમ ક્યારે ચૂકવવામાં આવશે? | (૩) નિયમોનુસાર કપાસ પાક્ના દાવાઓ મળવાપાત્ર નથી. જ્યારે મગફળી પાક્ના દાવાઓ મંજૂર થયે ચૂકવવામાં આવશે. |

**પત્રક-૧**

અમરેલી જિલ્લામાં તાલુકાવાર મગફળી તથા કપાસ પાકમાં છેલ્લા પાંચ વર્ષના સરેરાશ ઉત્પાદન કરતાં ખરીફ-૨૦૦૪ ઋતુના ઉત્પાદનમાં આવેલ ઘટની વિગતો દર્શાવતું પત્રક.

| અ. નં. | તાલુકો | મગફળી ઉત્પાદનમાં ઘટ (કી. ગ્રા./હે.) | કપાસ ઉત્પાદનમાં ઘટ (કી. ગ્રા./હે.) |
|---|---|---|---|
| ૧. | અમરેલી | ૪૭૦ | -- |
| ૨. | બાબરા | ૮૫૧ | -- |
| ૩. | બગસરા | ૧૦૭૧ | -- |
| ૪. | ધારી | ૮૧૮ | -- |
| ૫. | જાફરાબાદ | ૫૮૭ | -- |
| ૬. | ખાંભા | ૮૭૭ | -- |
| ૭. | લાઠી | ૬૧૮ | -- |
| ૮. | લીલીયા | ૩૫૩ | ૫૯ |
| ૯. | રાજુલા | ૯૧૫ | -- |
| ૧૦. | સાવરકુંડલા | ૯૫ | -- |
| ૧૧. | વડીયા (કુંકાવાવ) | ૮૯૫ | -- |

-------------

**રાજુલા તાલુકામાં ગોચરની જમીન પર પેશકદમી**

૧૬૬૩૦ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ રાજુલા તાલુકાના રામપરા-૨ ગામે ગોચરની જમીનમાં પેશકદમી થયેલ છે, તે હકીક્ત સાચી છે, | (૧) બાબત ચકાસણી હેઠળ છે. |
| (૨) જો, હા, તો કેટલી જમીનમાં પેશકદમી થયેલ છે અને કોના દ્વારા આવી પેશકદમી થયેલ છે. | (૨) ચકાસણી પૂર્ણ થયે નક્કી થઈ શકે તેમ છે. |
| (૩) ગેરકાયદેસર રીતે થયેલ પેશકદમી દૂર કરવા માટે શાં પગલાં લેવામાં આવેલ છે, અને | (૩) બાબત ચકાસણી હેઠળ છે. |
| (૪) કેટલા સમયમાં આવી પેશકદમી દૂર કરવામાં આવશે? | (૪) ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયે બનતી ત્વરાએ. |

-----------

**મહેસાણા જિલ્લા પંચાયતની ધર્મશાળાના નિકાલ અંગે**

* ૧૭૧૭૨**શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લા પંચાયતની માલિકીની ધર્મશાળાની મિલક્ત કોને ક્યારે અને કેટલી કિંમતે અને કઈ શરતે આપવામાં આવેલ છે, અને | (૧) ધર્મશાળાની મિલક્ત પૈકીની બે દુકાનો ભાડેથી આપવામાં આવેલ છે. એક દુકાન શ્રી બી.એસ.બારોટને તારીખઃ ૧-૪-૧૯૮૮ થી તારીખઃ૩૧-૧૨-૨૦૧૩ સુધી વાર્ષિક રૂા.૩૬૦૦/-ના ભાડેથી જ્યારે જરૂર પડે ત્યારે ખાલી કરવાની શરતે આપેલ છે. જ્યારે બીજી દુકાન શ્રી એ.ડી.વાળંદને તારીખઃ ૩-૧૦-૧૯૭૦થી વાર્ષિક રૂા. ૯૦૦/-ના ભાડેથી આપવામાં આવેલ છે. |
| (૨) આ મિલક્તના નિકાલ અંગે ક્યારે નિવિદા પ્રસિધ્ધ કરવામાં આવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ડૉ. આંબેડકર ભવનનું બાંધકામ પૂર્ણ કરવાનું આયોજન**

૧૭૧૪૩ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલા ડૉ. આંબેડકર ભવનો બાંધવામાં આવ્યા, | (૧) ૫ |
| (૨) કેટલા ભવનોનું બાંધકામ હાલ ચાલુ છે, અને | (૨) ૯ |
| (૩) આ બાંધકામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) બનતી ત્વરાએ |

-----------

**ચોટીલા તાલુકાના મોટા હરણીયા ગામે મફ્ત પ્લોટ**

૧૬૪૩૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના મોટા હરણીયા ગામે તા. ૧-૧-૦૩ થી તા. ૩૧-૧-૦૬ સુધીમાં ક્યા ક્યા આસામીને બે ચોરસવારના મફ્ત પ્લોટ ફાળવેલ છે, | (૧) ૮૦ (એંશી) આસામીઓને ૧૦૦ ચો. વારના મફ્ત પ્લોટ ફાળવેલ છે. * (પત્રક-૧ મુજબ) |
| (૨) તે પૈકી ક્યા ક્યા આસામીઓને સહાય ચૂક્વેલ છે, અને | (૨) ૭૩ (તોંતેર) આસામીઓને સહાય ચુક્વેલ છે. * (પત્રક-૨ મુજબ) |
| (૩) કુલ કેટલી સહાય ચૂક્વેલ છે? | (૩) કુલ રૂ. ૨૬,૨૮,૦૦૦/- (છવ્વીસ લાખ અઠ્ઠાવીસ હજાર) મકાન સહાય ચુક્વવામાં આવેલ છે. |

(* પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**ડૉ. આંબેડકર ભવન બાંધવા પાછળ ખર્ચ**

૧૭૧૬૬ **ડૉ. દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર, રાજકોટ, ભાવનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા ડૉ. આંબેડકર ભવન ઉભા કરવા મંજૂરી આપવામાં આવેલ છે,

(૧) તા. ૩૧-૧-૦૬ સુધીમાં નીચે મુજબના ભવનો બાંધવા મંજુરી આપવામાં આવેલ છે.

| | |
|---|---|
| જામનગર | ૧ |
| રાજકોટ | ૧ |
| ભાવનગર | ૧ |
| સુરેન્દ્રનગર | ૧ |

(૨) આ ભવનોની તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) હાલમાં આ ભવનોનાં બાંધકામની સ્થિતિ નીચે મુજબ છે.

| | |
|---|---|
| જામનગર | બાંધકામ પુર્ણ કરી લોકાર્પણ કરવામાં આવેલ છે. |
| રાજકોટ | બે માળનું બાંધકામ પુર્ણ થયેલ છે. |
| ભાવનગર | પહેલા માળના બીમ કોલમ પુરા થયેલ છે લીન્ટલનું કામ ચાલુ છે. |
| સુરેન્દ્રનગર | બાંધકામ પુર્ણ કરેલ છે. |

(૩) આ ભવન બાંધવામાં કેટલો ખર્ચ થશે?

(૩) સરકારશ્રીની નીતિ પ્રમાણે રૂા. ૩૫ લાખ આપવામાં આવે છે.

-----------

## જુનાગઢ જિલ્લામાં કુમાર છાત્રાલયમાં ઉચાપતની વસૂલાત

૧૭૦૧૫ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના ઉના ખાતે આવેલ ન.મો. ગાંધી કુમાર છાત્રાલય પાસે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નાણાકીય ઉચાપત સબબ વસૂલાત કરવાની થાય છે તે હકિક્ત સાચી છે,

(૨) જો, હા, તો કુલ કેટલી રકમની નાણાકીય ઉચાપત કરવામાં આવેલ છે,

(૩) તે પૈકી કેટલી રકમની વસૂલાત કરવામાં આવેલ છે, અને કેટલી વસૂલ કરવાની કેટલા સમયથી બાકી છે, અને

(૪) લાંબા સમય સુધી વસૂલાત ન થવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂા. ૮૨,૩૯૦-૦૦

(૩) રૂા. ૨૫,૦૦૦-૦૦ની વસુલાત કરવામાં આવેલ છે. રૂા. ૫૭,૩૯૦-૦૦ની વસુલાત કરવાની તા. ૬-૧૦-૧૯૯૮થી બાકી છે.

(૪) રેવન્યુ રાહે વસુલાત માટેની કાર્યવાહી હાથ ધરેલ છે. વધુમાં તા. ૨-૩-૦૬ના રોજ ઉના પોલિસ સ્ટેશનમાં પોલિસ ફરિયાદ દાખલ કરેલ છે.

-----------

## માછીમારોને સ્માટ કાર્ડ આપવા અંગે

૧૭૧૬૦ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર):માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર માછીમારોના હિત માટે માછીમારોને સ્માર્ટકાર્ડ આપવાનું શું આયોજન છે,

(૨) જો, હા, તો આ યોજનાનો અમલ ક્યારે શરૂ કરવામાં આવશે અને આ યોજનાથી જિલ્લાવાર કેટલા માછીમારોને લાભ મળશે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) આગામી નાણાકીય વર્ષથી આ યોજનાથી નીચે મુજબના જિલ્લાઓના માછીમારોને લાભ મળશે.

| ક્રમ | જિલ્લાનું નામ | સ્માર્ટકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧. | પોરબંદર | ૭૮૭૪ |
| ૨. | વલસાડ | ૨૨૫૧૦ |
| ૩. | સુરત | ૨૫૩૩ |
| ૪. | ભરૂચ | ૧૭૬૯ |

| | | |
|---|---|---|
| ૫. | ભાવનગર | ૨૨૨૮ |
| ૬. | અમરેલી | ૧૭૪૯૨ |
| ૭. | જુનાગઢ | ૨૧૫૪૯ |
| ૮. | જામનગર | ૫૨૬૦ |
| ૯. | રાજકોટ | ૩૨૧ |
| ૧૦. | કચ્છ | ૫૬૮૫ |
| ૧૧. | નવસારી | ૧૧૧૩૪ |
| ૧૨. | ખેડા | ૭૯૮ |
| | **કુલ.** | **૯૮૭૨૪** |

(૩) આ યોજનામાં અંદાજિત કેટલો ખર્ચ થશે, અને — (૩) ૩.૫ કરોડ

(૪) આ યોજના કેટલા સમયમાં પૂર્ણ થશે? — (૪) બે વર્ષ

-----------

## કચ્છ જિલ્લામાં એસ.જી.આર યોજનાના અધૂરા રહેલા કામો

૧૪૩૩૬ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ક્યા ક્યા એસ.જી.આર. યોજનાના કામો અધૂરા છોડી દેવામાં આવ્યા છે, અને

(૨) કામવાર કારણો શાં છે અને આ કામો ક્યારે શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં એસ.જી.આર.વાય.નું એક પણ કામ અધુરું છોડી દેવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## વિકસતી જાતિની આદર્શ નિવાસી શાળાઓ

૧૭૧૫૭ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર ):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિકસતી જાતિ કલ્યાણ હસ્તક રાજ્યમાં કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલ છે, અને

(૨) આ આદર્શ નિવાસી શાળાઓનું છેલ્લા ત્રણ વર્ષનું ધોરણ-૧૦નું કેટલા ટકા પરિણામ આવ્યું છે?

**જવાબ**

(૧) ૩૩

(૨) વર્ષ ૨૦૦૨-૦૩નું ૬૨.૦૪ ટકા
વર્ષ ૨૦૦૩-૦૪નું ૭૪.૬૪ ટકા
વર્ષ ૨૦૦૪-૦૫નું ૭૮.૦૪ ટકા

-----------

## ઉમરપાડા તાલુકા પંચાયતનું મકાન

૧૬૫૫૯ **શ્રી ગણપતભાઈ વે. વસાવા (ઉમરપાડા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં ઉમરપાડા તાલુકામાં તાલુકા પંચાયતનું મકાન ક્યા કારણોસર અધૂરૂં છે, અને

(૨) કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) કામગીરી ચાલુ છે.

(૨) વહેલી તકે.

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખેત તલાવડી બનાવવા અંગે

૧૪૩૦૧ **શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર, દસાડા અને મૂળી તાલુકામાં સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬નાં નાણાક્યિ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલી ખેત તલાવડી ક્યા ક્યા સર્વે નંબરમાં બનાવવામાં આવી ?

**જવાબ**

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર, દસાડા અને મુળી તાલુકામાં સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં બનાવવામાં આવેલ ખેત તલાવડીની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | પૂર્ણ થયેલ ખેત તલાવડીની સંખ્યા | | | કુલ ખેત તલાવડીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | લખતર | દસાડા | મુળી | |
| ૧ | ૨૦૦૪-૦૫ | ૩૨૦ | ૧૯૬૪ | ૧૬૬૭ | ૩૯૫૧ |
| ૨ | ૨૦૦૫-૦૬ (૩૧-૧૨-૦૫ અંતિત) | ૧૧૯ | ૩૫ | ૫ | ૧૫૯ |
| | **કુલ.** | **૪૩૯** | **૧૯૯૯** | **૧૬૭૨** | **૪૧૧૦** |

વર્ષવાર, તાલુકાવાર/ગામવાર બનાવાયેલ ખેતતલાવડી તેના સર્વે નંબર સહિતની વિગતો સામેલ *પત્રક પાના નં. (૧) થી (૧૦૦)માં દર્શાવેલ છે.

* પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.

-----------

## ગ્રામ વિકાસની યોજનાઓમાં ફેરફાર

૧૭૧૮૪ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ગ્રામ વિકાસની યોજનાઓમાં ક્યા ક્યા ફેરફાર કરવામાં આવ્યા છે,

(૨) જો ફેરફાર કરવામાં આવ્યા છે, આ ફેરફારોમાં કઇ નવી યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને

(૩) કઇ જુની યોજનાઓ પડતી મૂક્વામાં આવી છે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ગ્રામ વિકાસની કોઇપણ યોજનામાં કોઇ ફેરફાર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

-----------

## રાજ્યમાં સારી ગુણવત્તાવાળા દૂધ માટે તજજ્ઞોની સમિતિની રચના

૧૬૧૮૫ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સરકારે સારી ગુણવત્તાવાળુ દૂધ પ્રજાજનોને મળી રહે અને ભળતા નામથી બજારમાં વેચાતા દૂધની ગુણવત્તા જાળવવા ખાનગી ડેરી પર નિયંત્રણ લાવવા અને ડેરીના પ્રશ્નો અંગે નિરાકરણ લાવવા તજજ્ઞોની એક સમિતિની રચના ક્યારે કરી,

(૨) આ તજજ્ઞોમાં સભ્યો કોણ કોણ છે અને

**જવાબ**

(૧) કૃષિ અને સહકાર વિભાગમાં આવી કોઇ સમિતિની રચના કરવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| | |
|---|---|
| તા.૩૧-૧-૦૬ સુધીમાં કેટલી બેઠકો મળી, અને | |
| (૩) આ તજજ્ઞોની સમિતિએ તેનો અહેવાલ સરકારને આપેલ છે કે કેમ, તેની વિગતો શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**કૃષિ મહોત્સવ દરમિયાન સોઇલ હેલ્થ કાર્ડ**

૧૬૬૩૩ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૦૫ દરમ્યાન થયેલી જાહેરાતો અનુસાર મહેસાણા જિલ્લામાં ડિસેમ્બર-૦૫ અંતે કેટલાં કેટલા ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ પૂરા પડાયા, અને | (૧) ૫૫૦૩૨ |
| (૨) કેટલા ખેડૂતોને ક્સિાન ક્રેડીટ કાર્ડ પૂરા પડાયા ? | (૨) ૯૧૫૬ |

-----------

**મેઘરજ તાલુકામાં ઘઉં આપવા અંગે**

૧૬૭૧૮ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મેઘરજ તાલુકામાં ખેત તલાવડીના મજૂરોને કુપનોના ઘ ાઉં મળ્યા નથી તો શું આ ઘઉં મળશે, અને ક્યારે ? | ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તમામ લાભાર્થીને અનાજનું ચૂકવણું કરી દેવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર પાસે માંગણી કરેલ વધારાના અનાજના જથ્થા સામે કેન્દ્ર સરકાર દ્વારા અનાજના જથ્થાની ઓછી ફાળવણી થતાં અનાજની ઉણપની પરિસ્થિતિ ઉભી થવાના કારણે ઘઉંનો જથ્થો આપી શકાયેલ નથી. તેના ઉપાય તરીકે યોજના અન્વયે શ્રમિકો/લાભાર્થીને સંપૂર્ણ વેતન અનાજને બદલે રોકડમાં ચૂકવવા માટે રાજ્ય સરકાર દ્વારા સુચના આપવામાં આવેલ છે. અને તે મુજબ અનાજને બદલે રોકડમાં ચુકવણાં કરવાની કાર્યવાહી ચાલુ છે. |

-----------

**માછીમાર આવાસ યોજના હેઠળ સહાય**

૧૭૦૩૮ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત):માનનીય મત્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં માછીમાર આવાસ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, | (૧) રૂા. ૪,૦૨,૩૦૦૦ |
| (૨) માછીમારોને મકાન બાંધકામ માટે કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) રૂા. ૪૦,૦૦૦ |
| (૩) આ સહાયમાં છેલ્લે ક્યારે વધારો કરવામાં આવેલ છે ? | (૩) વર્ષ ૨૦૦૦-૦૧ માં |

-----------

## રાજ્યના ખેડૂતોને પાક વીમાની ચૂકવવાની બાકી રકમ

૧૬૭૦૯ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની ક્યા ક્યા પાક્ની પાક-વીમાની કેટલી રક્મ રાજ્યના ખેડૂતોને ચૂક્વવાની બાકી છે, અને

(૨) આ રક્મ સરકાર ખેડૂતોને ક્યાં સુધીમાં ચૂક્વવા માંગે છે ?

**જવાબ**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની કોઈપણ પાક્ની પાક વિમાની મંજુર થયેલ રક્મ ચૂક્વવાની બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## પંચમહાલ જિલ્લામાં ઇન્દિરા આવાસો બાંધવાનું આયોજન

૧૭૦૨૩ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં ગરીબો માટે ઇન્દિરા આવાસો બાંધવાનું તાલુકાવાર કેટલું આયોજન હતું ,

(૨) તે મુજબ કેટલા આવાસો તેયાર થયા અને કેટલા બાકી છે,

(૩) આ યોજના હેઠળ કેન્દ્ર સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૪) આવા ગરીબોના આવાસોમાં કોઇ સુધારણા કરવાની માંગણીઓ આવેલ છે ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં ગરીબો માટે કુલ ૧૧ તાલુકાવાર કુલ ૫૨૩૦ ઇન્દિરા આવાસો બાંધવાનું આયોજન હતું, (વિગતવાર પત્રક-૧ સામેલ છે.)

(૨) તે મુજબ તાલુકાવાર ૨૬૭૪ આવાસો તેયાર થયા અને ૨૫૫૬ આવાસો બાકી છે,

(૩) આ યોજના હેઠળ કેન્દ્ર સરકારે રૂા.૭૦૧.૭૫ લાખની ગ્રાન્ટ ફાળવી, અને

(૪) આવા ગરીબોના આવાસોમાં કોઇ સુધારણા કરવાની માંગણીઓ આવેલ નથી.

### પત્રક-૧

છેલ્લા બે વર્ષ (૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬)નાં વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં ગરીબો માટે ઈન્દીરા આવાસ બાંધવાનું તાલુકાવાર કરવામાં આવેલ આયોજનની વિગત દર્શાવતું પત્રક.

| ક્રમ | જિલ્લાનું નામ | ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૪-૦૫ સ્પીલ ઓવર | વર્ષ ૨૦૦૪-૦૫ નવીન મંજુર કરેલ આવાસ | વર્ષ ૨૦૦૫-૦૬ તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ મંજુર કરેલ આવાસો | કુલ આવાસો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | પંચમહાલ | ૧ | ગોધરા | ૧૪૨ | ૧૩૮ | ૩૬૦ | ૬૪૦ |
| | | ૨ | મોરવા(હ) | ૫૪ | ૧૨૯ | ૨૧૮ | ૪૦૧ |
| | | ૩ | શહેરા | ૪૦ | ૨૪૨ | ૩૮૨ | ૬૬૪ |
| | | ૪ | લુણાવાડા | ૧૦ | ૧૭૫ | ૩૧૩ | ૪૯૮ |
| | | ૫ | ખાનપુર | ૪૦ | ૬૭ | ૧૨૯ | ૨૩૬ |
| | | ૬ | કાલોલ | ૪૦ | ૧૪૭ | ૨૪૯ | ૪૩૬ |
| | | ૭ | હાલોલ | ૫૬ | ૧૦૩ | ૨૬૩ | ૪૨૨ |
| | | ૮ | જાંબુઘોડા | ૦૨ | ૩૮ | ૭૪ | ૧૧૪ |
| | | ૯ | ઘોઘંબા | ૬૯ | ૨૧૩ | ૨૬૯ | ૫૫૧ |
| | | ૧૦ | સંતરામપુર | ૧૪૭ | ૨૬૩ | ૩૭૭ | ૭૮૭ |
| | | ૧૧ | કડાણા | ૬૮ | ૧૫૬ | ૨૫૭ | ૪૮૧ |
| | | | **કુલ...** | **૬૬૮** | **૧૬૭૧** | **૨૮૯૧** | **૫૨૩૦** |

-----------

## કેન્દ્ર સરકાર તરફથી ખેતીના હેતુ માટે મળેલ ગ્રાન્ટ

૧૬૫૬૦ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકારે ખેતીના હેતુ માટે રાજ્ય સરકારને કેટલી ગ્રાન્ટ ફાળવી અને કેટલી ગ્રાન્ટ આવી, | (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકારે ખેતીના હેતુ માટે રાજ્ય સરકારને રૂા. ૨૪,૬૯૧.૨૧ લાખની ગ્રાન્ટ ફાળવી અને રૂા. ૨૭૧૧૨.૭૦ લાખની ગ્રાન્ટ આવી, |
| (૨) કેટલી ગ્રાન્ટ વપરાઇ અને કેટલી ગ્રાન્ટ વણવપરાયેલી રહી, અને | (૨) રૂા. ૨૧૯૮૮.૮૩ લાખની ગ્રાન્ટ વપરાઇ અને રૂા. ૫૧૨૪.૩૭ લાખની ગ્રાન્ટ વણવપરાયેલી રહી. |
| (૩) ગ્રાન્ટ વણવપરાયેલ રહેવાના કારણો શું છે ? | (૩) --હવામાનની પ્રતિકુળતા જેવી કે અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ<br>--કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટના આખરી હપ્તા નાણાકીય વર્ષના અંતે મળવાને કારણે.<br>--મહેકમની જગ્યાઓ ખાલી હોવાના કારણે.<br>--અરજદારોની માંગણીઓ તકાસણી હેઠળ હોવાના કારણે.<br>--સૂકી ખેતીની ગ્રાન્ટની વહીવટી અને ટેક્નીકલ મંજુરી કેન્દ્ર સરકાર તરફથી મળેલ ન હોઈ |

-----------

## આણંદ જિલ્લામાં ઇન્દિરા આવાસનું આયોજન

૧૬૪૪૭ **શ્રી અમીત ચાવડા (બોરસદ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ઇન્દિરા આવાસ યોજના હેઠળ તાલુકાવાર કેટલા મકાન બનાવવાનું આયોજન હતું, | (૧) આણંદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ઇન્દિરા આવાસ યોજના હેઠળ કુલ-૮ તાલુકાવાર ૨૨૪૧ મકાન બનાવવાનું આયોજન હતું, (વિગતવાર પત્રક-૧ સામેલ છે.) |
| (૨) તે પૈકી કેટલા મકાન પૂર્ણ થયા છે, અને | (૨) તે પૈકી ત્રણ વર્ષમાં કુલઃ ૨૨૫૦ મકાનો પૂર્ણ થયા છે, અને |
| (૩) તેનો કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) તેનો ત્રણ વર્ષમાં કુલ રૂા. ૮૧૦.૦૦ લાખ ખર્ચ થયેલ છે. |

-----------

**પત્રક-૧**

આણંદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ઈન્દીરા આવાસ યોજના હેઠળ તાલુકાવાર મકાન બનાવવાનું આયોજન કરવામાં આવેલ હતું તેની વિગત દર્શાવતું પત્રક.

| ક્રમ | જિલ્લાનું નામ | | તાલુકાનું નામ | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ (તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | આણંદ | ૧ | આણંદ | ૧૧૪ | ૧૩૦ | ૧૩૭ | ૩૮૧ |
| | | ૨ | ઉમરેઠ | ૬૨ | ૭૧ | ૭૫ | ૨૦૮ |
| | | ૩ | બોરસદ | ૧૭૫ | ૨૦૦ | ૨૧૦ | ૫૮૫ |
| | | ૪ | આંકલાવ | ૭૧ | ૮૧ | ૮૫ | ૨૩૭ |
| | | ૫ | પેટલાદ | ૯૯ | ૧૧૨ | ૧૧૮ | ૩૨૯ |
| | | ૬ | સોજીત્રા | ૪૨ | ૪૭ | ૫૦ | ૧૩૯ |
| | | ૭ | ખંભાત | ૭૧ | ૮૧ | ૮૫ | ૨૩૭ |
| | | ૮ | તારાપુર | ૩૭ | ૪૩ | ૪૫ | ૧૨૫ |
| | | | **કુલ...** | **૬૭૧** | **૭૬૫** | **૮૦૫** | **૨૨૪૧** |

-----------

## રાજ્યમાં જોજોબા પ્રોજેક્ટ હેઠળ ભૂમી નવસાધ્યની કામગીરી

૧૬૮૫૮**શ્રી રાજેશ પાઠક (બાલાસિનોર):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જોજોબા પ્રોજેક્ટ હેઠળ સરકારે શું વિશિષ્ટ કામગીરી કરી છે, | (૧) રાજ્યમાં પડતર જમીનના ઉપયોગ કરીને પાટણ જિલ્લાના સમી તાલુકાના મુંજપુર ખાતે ૫૦ હેક્ટર વિસ્તારમાં ડ્રીપ ઈરીગેશનથી ૧.૮૪ લાખ રોપાઓનું સફળ પ્લાન્ટેશન કરેલ છે. પાંચ વર્ષના અંતે આ પ્લાન્ટેશન સફળતાના આરે આવી ઉભુ છે. |
| (૨) રાજ્યમાં પડતર જમીનનો ઉપયોગ કરીને કોઇ ખાસ પ્રોજેક્ટ દ્વારા ભૂમી નવસાધ્ય કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે કે કેમ, અને | (૨) ખંડ-૧માં જણાવેલ મુંજપુર સર્વે નંબર ૧૩૫૪ પૈકીની સરકારી પડતર જમીનનો કબ્જો લઈ ગ્રામ વિકાસ નિગમ દ્વારા જોજોબા પ્લાન્ટેશન પ્રોજેક્ટની કામગીરી હાથ ધરવામાં આવી છે. |
| (૩) જો હા, તો આવો ક્યો (ખેડૂતલક્ષી) પ્રોજેક્ટ હાથ ધરેલ છે તેના શા પરિણામો મળ્યા છે ? | (૩) જોજોબા પ્લાન્ટેશનનો ઉત્પાદન થવાનો તબક્કો ઉભો થયો છે અને જોજોબા પ્લાન્ટેશનનો વ્યાપ અને જાણકારી વધે તે માટે નિગમે કુલ ૬૯૮૦ ખેડૂતોને તાલીમ આપેલ છે. |

-----------

## રાજ્યમાં ગોકુળ ગ્રામ યોજનાથી વંચિત ગામો

૧૫૧૫૨ **શ્રી રાકેશ રાવ (માતર):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ રાજ્યના કેટલા ગામડાઓ ગોકુળ ગ્રામ યોજના અન્વયે આ યોજનાના લાભથી વંચિત છે, | (૧) ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત રાજ્યના તમામ ગામોને આવરી લેવામાં આવેલ છે. |
| (૨) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ આ યોજના અન્વયે એક ગામને કેટલી ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવે છે, અને | (૨) ગોકુલ ગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલ પ્રત્યેક ગામને યોજના અતર્ગત કરવામાં આવતી અંદાજપત્રિત જોગવાઈઓમાંથી રૂા. ૫.૦૦ લાખ સુધીની રકમો ફાળવવામાં આવે છે. |
| (૩) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, ધારાસભ્ય, સંસદ સભ્યના ફંડને પણ આ યોજનાના લાભાર્થી ગ્રાન્ટ તરીકે ગણવામાં આવતી હોવાની હકીક્ત સાચી છે ? | (૩) ના, જી. |

-----------

## અનુસૂચિત જાતિ માટે કોલેજ કક્ષાના છાત્રાલયો

૧૭૧૪૭ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસૂચિત જાતિના કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે રાજ્યમાં સરકાર સંચાલિત કેટલા છાત્રાલયો આવેલા છે, | (૧) ૩૮. |
| (૨) આ છાત્રાલયોમાં પ્રવેશના શું ધોરણો છે, અને | (૨) ૧. કુમાર માટે રૂા. ૧.૦૦ લાખની વાર્ષિક આવક મર્યાદા છે, જ્યારે કન્યા માટે આવક |

મર્યાદા નથી.

૨. સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓછામાં ઓછા ૫૦ ટકા અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ઓછામાં ઓછા ૫૫ ટકાનું ધોરણ રાખવામાં આવેલ છે.

(૩) આ છાત્રાલયોમાં કેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ કરી શકાય તેમ છે ?

(૩) ૨૬૫૧.

-----------

## રાજ્યમાં આશ્રમશાળા તથા છાત્રાલયોમાં આકસ્મિક તપાસ

૧૬૪૪૨ **શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ (ખેરાલુ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યમાં આશ્રમશાળાઓ અને બક્ષીપંચના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં કેટલી જ્યાએ આકસ્મિક તપાસ કરવામાં આવી,

(૨) તેમાં કેટલાક કિસ્સામાં ગેરરીતિ માલુમ પડી, અને,

(૩) કસૂરવાર સામે શાં પગલાં લીધેલ છે ?

**જવાબ**

(૧) બક્ષીપંચની આશ્રમશાળાઓ તથા છાત્રાલયોની તપાસ

| | **વર્ષ ૨૦૦૪** | **વર્ષ ૨૦૦૫** |
|---|---|---|
| આશ્રમશાળાઓ | ૧૭૬ | ૧૮૩ |
| છાત્રાલયો | ૬૧૪ | ૬૪૦ |

(૨) બક્ષીપંચના કિસ્સામાં ધ્યાને આવેલ અનિયમિતતાઓ.

| | **વર્ષ ૨૦૦૪** | **વર્ષ ૨૦૦૫** |
|---|---|---|
| આશ્રમશાળાઓ | ૧૦૧ | ૧૦૫ |
| છાત્રાલયો | ૨૭૪ | ૩૧૭ |

(૩) અનિયમિતતાઓ સબબ કારણદર્શક નોટીસ આપીને તાકીદ, ગ્રાન્ટ કપાત, સંખ્યા ઘટાડો, માન્યતા રદ જેવા શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ છે.

-----------

## રાજ્યમાં ડૉ. આંબેડકર આવાસ યોજના માટે ફાળવેલ ગ્રાન્ટ

૧૬૫૯૧ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં અનુસૂચિત જાતિઓ માટેની ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) કેટલી ગ્રાન્ટ ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

(૧) રૂા. ૧૧૮૪.૫૮ લાખ

(૨) રૂા. ૨૧૪.૨૧ લાખ

-----------

## રાજ્યમાં બીપીએલની સંખ્યા

૧૪૨૮૭ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા કેટલી છે ?

**જવાબ**

ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા નીચે મુજબ દર્શાવેલ છે.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **સંખ્યા** |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૭૮૭૨૨ |
| ૨. | અમરેલી | ૫૦૭૬૧ |
| ૩. | કચ્છ | ૭૩૨૨૫ |

| | | |
|---|---|---|
| ૩. | કચ્છ | ૭૩૨૨૫ |
| ૪. | ખેડા | ૧૦૮૫૮૬ |
| ૫. | આણંદ | ૭૩૬૪૧ |
| ૬. | ગાંધીનગર | ૩૫૪૫૭ |
| ૭. | જામનગર | ૭૯૬૭૧ |
| ૮. | જુનાગઢ | ૭૫૮૧૯ |
| ૯. | પોરબંદર | ૧૭૫૮૧ |
| ૧૦. | ડાંગ | ૩૩૯૬૮ |
| ૧૧. | પંચમહાલ | ૨૨૨૪૯૩ |
| ૧૨. | દાહોદ | ૧૯૨૯૨૦ |
| ૧૩. | બનાસકાંઠા | ૧૩૫૬૧૫ |
| ૧૪. | ભરૂચ | ૧૦૯૫૯૩ |
| ૧૫. | નર્મદા | ૭૩૪૯૪ |
| ૧૬. | ભાવનગર | ૭૨૪૪૪ |
| ૧૭. | મહેસાણા | ૪૬૫૧૯ |
| ૧૮. | પાટણ | ૫૬૨૨૮ |
| ૧૯. | રાજકોટ | ૭૮૩૭૬ |
| ૨૦. | વડોદરા | ૧૩૨૦૫૩ |
| ૨૧. | વલસાડ | ૮૫૨૬૯ |
| ૨૨. | નવસારી | ૭૫૫૧૨ |
| ૨૩. | સાબરકાંઠા | ૧૪૬૪૫૫ |
| ૨૪. | સુરત | ૧૯૫૭૬૧ |
| ૨૫. | સુરેન્દ્રનગર | ૭૯૨૧૫ |
| | **કુલ ...** | **૨૩૨૯૩૭૮** |

-----------

**બારડોલી તાલુકા પંચાયતમાં કર્મચારીઓની બદલી**

૧૬૩૩૮ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં પંચાયત વિભાગના કર્મચારી ડીસે.-૦૫ની સ્થિતિએ ચાર કે તેથી વધુ વર્ષથી ફરજ બજાવે છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આવા કર્મચારીઓને એક સ્થળે ફરજ બજાવવાને ચાર વર્ષ કે તેથી વધુ સમય થયો હોય એમની બદલી કરવા માંગો છો કે કેમ, અને

(૩) આ બદલી ક્યારે કરવા માંગો છો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા.

(૩) વહીવટી અનુકૂળતાએ.

-----------

**રાજ્યમાં ગ્રામ પંચાયતોના પોતાના ઘર**

૧૬૮૫૧ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા (ભા.જ.પ.) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી ગ્રામ પંચાયતો આવેલી છે, તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોના પોતાના ઘરો નથી, અને

(૨) બાકી રહેલ ગ્રામ પંચાયતોને ક્યાં સુધી પોતાના પંચાયત ઘરો બનાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) ૧૩૭૮૨ તે પૈકી ૪૦૫ ગ્રામ પંચાયતોને પોતાના ઘરો નથી.

(૨) તા.૩૧-૩-૦૬ સુધીમાં પંચાયત ઘરો બનાવવાનું આયોજન છે.

-----------

**વલસાડ જિલ્લામાં ફળઝાડના વાવેતર માટે રોપાઓનું વિતરણ**

૧૭૧૯૦ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને વર્ષવાર ફળઝાડના વાવેતર માટે ક્યા પ્રકારની અને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફળઝાડના નવા વાવેતર માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓ હેઠળ જુદા જુદા પાકો પ્રમાણે હેક્ટરે રૂા.૨૫૦૦/- થી રૂા.૭૦,૦૦૦/-સુધીના સહાયના ધોરણો અનુસાર મળવાપાત્ર થતી સહાય તાલુકાવાર નીચે મુજબ ૭૩૦૧ ખેડૂતોને કુલ રૂા.૮૯,૧૪,૨૨૭/- સહાય ચૂકવવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ : ૨૦૦૩-૦૪ (તા.૧-૧-૦૪ થી ૩૧-૩-૦૪ સુધી) | | વર્ષ : ૨૦૦૪-૦૫ (તા.૧-૪-૦૪ થી ૩૧-૩-૦૫ સુધી) | | વર્ષ : ૨૦૦૫-૦૬ (તા.૧-૪-૦૫ થી ૩૧-૧૨-૦૫ સુધી) | |
|---|---|---|---|---|---|---|---|
| | | ચૂકવેલ સહાય રૂપિયા | લાભાર્થી સંખ્યા | ચૂકવેલ સહાય રૂપિયા | લાભાર્થી સંખ્યા | ચૂકવેલ સહાય રૂપિયા | લાભાર્થી સંખ્યા |
| ૧ | વલસાડ | ૧૯૦૫૯૧૦ | ૯૯૫ | ૧૫૧૦૦૦૦ | ૫૨૯ | ૭૧૦૦૦ | ૪૯ |
| ૨ | પારડી | ૮૯૧૪૯૦ | ૨૩૫ | ૮૩૬૦૦૦ | ૩૦૩ | ૮૭૦૦૦ | ૧૦૬ |
| ૩ | ઉમરગામ | ૨૦૨૫૨૫ | ૭૧૫ | ૩૧૪૦૦૦ | ૨૧૫ | ૧૦૦૦૦ | ૯ |
| ૪ | ધરમપુર | ૪૩૫૫૧૦ | ૧૪૮૬ | ૫૯૯૦૦૦ | ૮૦૬ | ૭૧૦૦૦ | ૭૩ |
| ૫ | કપરાડા | ૧૦૧૭૭૯૨ | ૧૧૮૬ | ૮૮૬૦૦૦ | ૫૧૯ | ૭૭૦૦૦ | ૭૫ |
| | **કુલ...** | **૪૪૫૩૨૨૭** | **૪૬૧૭** | **૪૧૪૫૦૦૦** | **૨૩૭૨** | **૩૧૬૦૦૦** | **૩૧૨** |

(૨) આ ફળઝાડના રોપાઓનું ક્યા-ક્યા સરકારી- અર્ધ સરકારી ફાર્મમાંથી કેટ કેટલી કિંમતે રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે ?

(૨) આ ફળઝાડ રોપાઓનું વલસાડ જિલ્લાની ચણવાઈ અને પારડી ખાતેની સરકારી નર્સરીઓ ઉપરથી નીચે મુજબની કિંમતે વિતરણ કરવામાં આવેલ છે.

| **અ.નં.** | **કલમ/રોપાનું નામ** | **એક કલમ / રોપાની કિંમત રૂપિયા** |
|---|---|---|
| ૧ | આંબા કલમ કેસર | ૪૫/- |
| ૨ | આંબા કલમ અન્ય | ૩૫/- |
| ૩ | ચીકુ કલમ કાલીપત્તી | ૩૫/- |
| ૪ | કાજુ રોપા | ૫/- |
| ૫ | સીતાફળ રોપા | ૫/- |
| ૬ | જમરૂખ રોપા | ૫/- |
| ૭ | લીંબુ રોપા | ૫/- |
| ૮ | ફણસ રોપા | ૫/- |
| ૯ | ઓઈલપામ રોપા | ૫૦/- |

-----------

**સુરત જિલ્લામાં સોઇલ હેલ્થ કાર્ડ આપવા અંગે**

૧૫૯૫૬ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં સુરત જીલ્લામાં નીચે મુજબ તાલુકાવાર સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા.

| | | |
|---|---|---|
| ૧ | ઓલપાડ | ૧૪૦૭૧ ખેડૂતો |

| | | |
|---|---|---|
| ૨ | ચોર્યાસી | ૮૨૪૯ ખેડૂતો |
| ૩ | બારડોલી | ૬૫૦૦ ખેડૂતો |
| ૪ | કામરેજ | ૪૮૬૫ ખેડૂતો |
| ૫ | માંડવી | ૧૧૮૮૩ ખેડૂતો |
| ૬ | માંગરોળ | ૯૧૭૮ ખેડૂતો |
| ૭ | ઉમરપાડા | ૪૨૮૦ ખેડૂતો |
| ૮ | વાલોડ | ૩૩૧૯ ખેડૂતો |
| ૯ | પલસાણા | ૪૩૫૯ ખેડૂતો |
| ૧૦ | મહુવા | ૧૦૮૯૧ ખેડૂતો |
| ૧૧ | વ્યારા | ૧૦૭૮૩ ખેડૂતો |
| ૧૨ | સોનગઢ | ૧૦૪૨૧ ખેડૂતો |
| ૧૩ | ઉચ્છલ | ૪૬૮૩ ખેડૂતો |
| ૧૪ | નિઝર | ૪૮૩૩ ખેડૂતો |
| | **કુલ ....** | **૧૦૮૩૧૫ ખેડૂતો** |

(૨) બાકી રહેતાં ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ ક્યારે આપવામાં આવશે ?

(૨) સોઈલ હેલ્થ કાર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન હાથ પર લીધું છે અને રાજ્યના તમામ બાકી રહેતા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ ચાલુ સાલે મળી જાય તેવું આયોજન કર્યું છે.

-----------

**પછાત વર્ગના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ ો**

૧૭૧૭૫ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના વિકાસ માટે ફાળવાતી ગ્રાન્ટ સમયસર અને આયોજનબધ્ધ રીતે વાપરવા ઉપલબ્ધ કરાતી નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો ના, તો તા. ૧ જાન્યુઆરી-૨૦૦૩ થી તા. ૩૧ જાન્યુઆરી-૨૦૦૬ દરમ્યાન સરકારે નિયત કર્યા પ્રમાણે ક્યા જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ઉપલબ્ધ કરાઇ, કેટલી વપરાઇ અને કેટલી ગ્રાન્ટની બચત રહી, ગ્રાન્ટની બચત રહેવાનાં શા કારણો છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) જિલ્લાવાર ઉપલબ્ધ કરાયેલ ગ્રાન્ટ, વપરાયેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે. ગ્રાન્ટની કોઈ બચત રહેલ નથી.

(રૂા. લાખમાં)

| **ક્રમ** | **જિલ્લો** | **ઉપલબ્ધ** | **વપરાયેલ** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૪૩૧૬ | ૪૩૧૬ |
| ૨ | ગાંધીનગર | ૨૪૦૮ | ૨૪૦૮ |
| ૩ | મહેસાણા | ૨૭૪૬ | ૨૭૪૬ |
| ૪ | પાટણ | ૨૨૧૮ | ૨૨૧૮ |
| ૫ | ખેડા | ૩૨૨૬ | ૩૨૨૬ |
| ૬ | આણંદ | ૨૧૬૧ | ૨૧૬૧ |
| ૭ | સાબરકાંઠા | ૪૨૨૧ | ૪૨૨૧ |
| ૮ | બનાસકાંઠા | ૩૦૧૩ | ૩૦૧૩ |
| ૯ | રાજકોટ | ૩૨૪૮ | ૩૨૪૮ |
| ૧૦ | જામનગર | ૨૧૪૯ | ૨૧૪૯ |
| ૧૧ | જુનાગઢ | ૩૯૨૫ | ૩૯૨૫ |
| ૧૨ | પોરબંદર | ૮૧૨ | ૮૧૨ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૨૫૬૩ | ૨૫૬૩ |
| ૧૪ | ભાવનગર | ૩૬૫૨ | ૩૬૫૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | ભાવનગર | ૩૬૫૨ | ૩૬૫૨ |
| ૧૫ | અમરેલી | ૧૬૭૮ | ૧૬૭૮ |
| ૧૬ | કચ્છ | ૮૩૨ | ૮૩૨ |
| ૧૭ | સુરત | ૧૪૦૯ | ૧૪૦૯ |
| ૧૮ | વડોદરા | ૧૬૬૩ | ૧૬૬૩ |
| ૧૯ | ભરૂચ | ૮૯૨ | ૮૯૨ |
| ૨૦ | નર્મદા | ૧૩૬ | ૧૩૬ |
| ૨૧ | વલસાડ | ૬૬૬ | ૬૬૬ |
| ૨૨ | નવસારી | ૮૯૨ | ૮૯૨ |
| ૨૩ | ડાંગ | ૦ | ૦ |
| ૨૪ | પંચમહાલ | ૨૮૭૮ | ૨૮૭૮ |
| ૨૫ | દાહોદ | ૧૧૭૮ | ૧૧૭૮ |
| | **કુલ...** | **૫૨૮૮૨** | **૫૨૮૮૨** |

-------------

## <#SB પછાત વર્ગના ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયો

૧૭૧૫૨ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ગ્રાન્ટ-ઇન-એઇડ કેટલા છાત્રાલયો છે,

(૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની જોગવાઇ છે, અને તે પૈકી ચાલુ વર્ષે કુલ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૩) સરકાર આ સંખ્યામાં વધારો કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) ૬૮૨

(૨) ૨૫૦૧૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની જોગવાઈ છે તે સામે સંસ્થાઓએ ચાલુ વર્ષે ૨૭૦૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે.

(૩) વિચારણા હેઠળ છે.

-------------

## નર્મદા જિલ્લામાં ચોમાસા દરમ્યાન પશુઓમાં રોગચાળો

૧૬૯૪૮ શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા):માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકાના અંતરિયાળ વિસ્તાર ગામ ડુમપાલ, સાકરી, પીપલોદ વિગેરે ગામોમાં ગયા ચોમાસાની સીઝનમાં ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો હતો, તેમાં કેટલા અને ક્યા ક્યા પ્રકારના પ્રાણીઓના મૃત્યુ થયા હતા,

(૨) આ રોગચાળો ક્યા પ્રકારનો હતો, તે સરકારના ધ્યાન ઉપર આવેલ છે,

(૩) ભવિષ્યમાં આવો રોગચાળો અટકાવવા ક્યા પ્રકારના પગલાં લેવામાં આવ્યા છે, અને

**જવાબ**

(૧) કોઈ ભયંકર રોગચાળો ફાટી નીકળેલ ન હતો.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| | |
|---|---|
| (૪) આવા ભયંકર રોગચાળામાં મૃત્યુ પામેલ જાનવરોના માલધારીઓને વળતર ચૂકવવામાં આવેલ છે કે કેમ ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સહકારી મંડળીઓની જમીનની હરાજી**

૧૬૧૮૬ **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ):માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સહકાર વિભાગ જિલ્લા રજીસ્ટ્રાર ક્ચેરી, સુરેન્દ્રનગર દ્વારા ફડચામાં ગયેલી મંડળીઓની જમીનોની જાહેર હરરાજી કરવામાં આવી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ હરરાજી કેટલી મંડળીઓની જમીનોની કરવામાં આવી, અને | (૨) એક |
| (૩) હરાજી નિયમાનુસાર થઇ છે કે કેમ ? | (૩) હા, જી. |

-------------

**જિલ્લા પંચાયત હસ્તકની મિલક્ત વેચવા અંગે**

૧૭૧૬૯ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા અને ગાંધીનગર જિલ્લા પંચાયત હસ્તક્ના વિશ્રામગૃહ, ધર્મશાળા વિગેરેનું વેચાણ ખાનગી વ્યક્તિઓને કરવામાં આવેલ છે કે કેમ, | (૧) ના જી. |
| (૨) જો ""હા"" તો ક્યા ક્યા સ્થળે આવી મિલક્તનું વેચાણ થયું, મિલક્તની રકમ કેટલી ઉપજી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મિલક્ત કઇ કઇ વ્યક્તિઓએ ખરીદી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**લીંબડી તાલુકામાં સરકારી ગોચરની જમીનમાં થયેલ દબાણ દૂર કરવા અંગે**

૧૬૨૩૭ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) લીંબડી તાલુકાના ગામો રાસ્કા, નવામોરવાડ, રળોલ અંકેવાળીયા જાંબુ ગામોએ સરકારી ગોચરની જમીનો પર તા. ૩૧-૧-૦૬ની સ્થિતિ ગેરકાયદે દબાણો થયાં છે તે સરકાર જાણે છે, | (૧) હા, જી. |

એચબી-૧૦૧૦-૮

(૨) જો હા, તો દરેક ગામે કેટલી જમીનો દબાણ હેઠળ છે, અને

(૨)

| **ગામ** | **ક્ષેત્રફળ એ. ગુંઠા.** |
|---|---|
| ૧. રળોલ | ૧૦-૨૦ |
| ૨. જાંબુ | ૨૫-૦૦ |
| ૩. નવી મોરવાડ | ૨-૦૦ |

(૩) આ દબાણો હટાવવા સરકારે શાં પગલાં લીધા છે ?

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ તળે મળેલ સત્તાનુસાર ગ્રામ પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ છે.

-------------

**રાજ્યની સહકારી મિલોમાં ખાંડનું ઉત્પાદન**

૧૭૧૮૩ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧): માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની સહકારી મીલો દ્વારા નાણાકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન વાર્ષિક કેટલા ટન શેરડીનું પીલાણ કરવામાં આવ્યું તે પૈકી કેટલા ટન ખાંડનું ઉત્પાદન થયું, અને | (૧) ૭૪.૦૫ લાખ મેટ્રીકટન શેરડીનું પીલાણ કરેલ છે. અને ૮.૨૦ લાખ મેટ્રીકટન ખાંડનું ઉત્પાદન થયેલ છે. |
| (૨) આર્થિક રીતે, શેરડી પૂરી પાડતા ખેડૂતોને કેટલી રકમનો લાભ થવા પામ્યો ? | (૨) શેરડી પૂરી પાડતા ખેડૂતોને તેની કિંમત પેટે ચૂકવવાપાત્ર રકમ રૂા. ૬૩૯.૦૨ કરોડ પૈકી રૂા. ૬૨૨.૦૦ કરોડ ચૂકવવામાં આવ્યા છે. |

-------------

**ટંકારા તાલુકાના સરૈયા ગામે ઢોરના મૃત્યુ**

૧૭૦૩૦ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા):માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના ટંકારા તાલુકાના સરૈયા ગામે ડિસેમ્બર-૨૦૦૫, જાન્યુઆરી અને ૧૫-ફેબ્રુઆરી-૨૦૦૬ દરમ્યાન રોગનાં કારણે કુલ કેટલા ઢોરના મૃત્યુ થયા, | (૧) ૧૦. |
| (૨) તો રાજ્ય સરકાર દ્વારા આવા ગરીબ ખેડૂતોને ઢોરના મૃત્યુ અન્વયે, સહાય ચૂકવવા માંગે છે કે કેમ, અને | (૨) ના જી/સીધી યોજના હાલ ચાલુ નથી. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**તાલાલા તાલુકામાં નકલી બિયારણ**

૧૫૯૫૫ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાલાલા તાલુકામાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ પાયોનિયર કંપનીનું બીયારણ નં. ૫૨ (બાવન)નું ડુપ્લીકેટ બીયારણના વેચાણથી બાજરીનો પાક નિષ્ફળ ગયેલ છે, તે સરકારની જાણમાં છે, | (૧) તાલાલા તાલુકામાં આવી કોઈ ફરીયાદ મળી નથી. |
| (૨) જો હા, તો ખેડુતોને પાયોનીયર કંપની કે સરકારની વિમા યોજના તરફથી વળતર/સહાય મળેલ છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) પાયોનીયર કંપની સામે સરકાર શાં પગલાં લેવા માંગે છે ? | (૩) --એજન-- |

-------------

**ઓર્ગેનીક ખેતી માટે પ્રોત્સાહન**

૧૬૭૦૬ **શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર રાજ્યમાં ઓર્ગેનીક ખેતીને પ્રોત્સાહન આપવા માંગે છે તે હકિકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) આ માટેના કોઇ વિસ્તારો કે તાલુકા નક્કી કર્યા છે, અને | (૨) ના જી. |
| (૩) આ અંગે રાજ્ય સરકારનું શું આયોજન છે ? | (૩) ઓર્ગેનીક ખેતીના ઘટકો જેવા કે સેન્દ્રિય ખાતર, વર્મી કંમ્પોસ્ટ, જેવિક દવાઓ, આઈપીએમ સાધનો વગેરેના વપરાશને પ્રોત્સાહન આપવાની સહાય યોજનાઓ અમલમાં છે. ઓર્ગેનીક ફાર્મીંગના નેશનલ પ્રોજેકટ હેઠળ ૨૦૦૬-૦૭ના વર્ષ માટે રૂા. ૨.૯૨ કરોડની દરખાસ્ત ભારત સરકારને કરવામાં આવી છે. |

-------------

**ગ્રામિણ ગરીબોના આવાસોની કિંમત**

૧૬૯૫૪ **શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (કામરેજ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્ય સરકાર દ્વારા બાંધવામાં આવતા ગ્રામીણ ગરીબોના આવાસોની કિંમત રૂા. ૪૦,૦૦૦/- જેટલી છે તેમાં વધારો કરવાનો રાજ્ય સરકારનું આયોજન છે કે કેમ ? | ઈન્દિરા આવાસ યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે જેથી આ બાબત કેન્દ્ર સરકારની નતિ વિષયક બાબત છે. |

-------------

**દાહોદ જિલ્લામાં દૂધ ઉત્પાદન**

૧૬૧૭૬**શ્રી ભુરાભાઈ કટારા (ઝાલોદ) :માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન દાહોદ જિલ્લામાં દુધ ઉત્પાદન કેટલું હતું, અને

**જવાબ**

(૧) તા. ૩૧/૧/૦૬ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન દાહોદ જીલ્લામાં દૂધ ઉત્પાદન નીચે મુજબ હતું.

| | |
|---|---|
| તા. ૧/૨/૦૩ થી તા. ૩૧/૧/૦૪ | ૧૭૯.૮૬ હજાર મે. ટન |
| તા. ૧/૨/૦૪ થી તા. ૩૧/૧/૦૫ | ૧૮૬.૮૯ હજાર મે. ટન |
| તા. ૧/૨/૦૫ થી તા. ૩૧/૧/૦૬ | ૧૮૯.૮૫ હજાર મે. ટન |

(૨) તેમાં ૨૦૦૫ના વર્ષમાં કેટલો વધારો કે ઘટાડો થવા પામ્યો છે ?

(૨) અગાઉના વર્ષ ૨૦૦૪ની સરખામણીમાં ૨૦૦૫ના વર્ષમાં ૧.૬૭ હજાર મે. ટનનો વધારો થયેલ છે.

-------------

**પશુ સુધારણા માટે બીજદાન**

૧૭૨૫૮**ટી જગદીશભાઈ ઠાકોર (દહેગામ): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ઘનિષ્ટ પશુ સુધારણા યોજનામાં કુત્રિમ બીજદાન માટે કેટલી રકમ લેવામાં આવે છે, | (૧) તા. ૩૧/૧/૦૬ ની સ્થિતિએ ઘનિષ્ટ પશુ સુધારણા યોજનામાં કૃત્રિમ બીજદાન ફી સામાન્ય વિસ્તારો માટે રૂા. ૩૦/-તથા ટ્રાયબલ તાલુકાઓ માટે |

રૂા. ૨૦/-ની રકમ લેવામાં આવે છે.

(૨) કુત્રિમ બીજદાનની ટેસ્ટીંગ પદ્ધતિ શું છે, અને

(૨) --જે સાંઢ/પાડાની વંશાવળીનું દૂધ ઉત્પાદન સૌથી વધુ હોય (વેતરદીઠ ૫૦૦૦ લીટરથી વધુ) તેવા સાંઢ/પાડાની કૃત્રિમ બીજદાનના સીમેન ડોઝ બનાવવા માટે પસંદગી કરવામાં આવે છે.

--પસંદગી પામેલ ઉચ્ચ ગુણવત્તાવાળા સાંઢ/પાડાને કૃત્રિમ બીજદાન કેન્દ્ર ખાતે જાળવવામાં આવે છે. તથા તેમાંથી વીર્યગ્રહણ કરવામાં આવે છે.

--આ રીતે મેળવેલ વીર્યમાં રહેલ શુક્રાણુની સાંદ્રતા મુજબ યોગ્ય વાહકમાં ભેળવીને તેમાંથી ડોઝ બનાવવામાં આવે છે.

--આ પ્રમાણે બનાવેલ વીર્યના ડોઝનું માયનસ ૧૯૬ સે. તાપમાન ધરાવતા પ્રવાહી નાઈટ્રોજનમાં સાચવી રાખવામાં આવે છે.

--આવા ડોઝને ગરમીમાં આવેલ ગાય/ભેંસને તપાસી તેમાં કૃત્રિમ બીજદાન કરવામાં આવે છે.

--કૃત્રિમ બીજદાન કરેલ પશુઓનું બે થી ત્રણ માસ પશુ ચિકિત્સક દ્વારા પશુ ગાભણ છે કે નહી; તેનું પરિક્ષણ કરવામાં આવે છે.

(૩) આ કુત્રિમ બીજદાન કેટલા ટકા સફળ થાય છે ?

(૩) ૩૫ થી ૪૦ ટકા.

-------------

## માંડલ તાલુકામાં ખેડૂત વીમાના વળતર માટે અરજીઓ

૧૪૭૯૧ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માંડલ તાલુકામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ખેડૂત ખાતેદારોએ વિમાના વળતર માટે અરજીઓ કરેલ છે,

(૨) આ અરજીઓમાંથી કેટલા ખેડૂત વીમા ધારકોએ વળતર ચૂકવેલ છે, અને

(૩) બાકી રહેલ અરજીઓનો નિકાલ કરવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) હા જી, છેલ્લાં બે વર્ષમાં ત્રણ અરજીઓ મળેલ છે.

(૨) ૨(બે).

(૩) ખાતેદાર ખેડૂત અક્સ્માત મૃત્યુ/અપંગતા યોજના હેઠળ નિયમાનુસાર સદર દાવો ગ્રાહ્ય રાખવાપાત્ર ન હોઈ રદ કરવામાં આવેલ છે.

-------------

## સાબરકાંઠા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતને ચૂકવવાની બાકી સહાય

૧૬૧૮૯ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સમરસ ગ્રામ પંચાયત યોજના હેઠળ છેલ્લાં ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધી આ યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં વર્ષવાર કેટલી ગ્રામ પંચાયત સમરસ જાહેર થઇ છે,

**જવાબ**

(૧) સમરસ ગ્રામ પંચાયત યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં તારીખ ૩૧/૧૨/૨૦૦૫ સુધી સાબરકાંઠા જિલ્લામાં વર્ષવાર નીચે મુજબ ગામ પંચાયતો સમરસ જાહેર થયેલ છે.

| વર્ષ | સમરસ જાહેર થયેલ ગામની સંખ્યા |
|---|---|
| ૨૦૦૩ | ૨૮ |
| ૨૦૦૪ | શૂન્ય |
| ૨૦૦૫ | ૦૭ |

(૨) આ યોજના મુજબ કુલ કેટલી રકમ સહાય

(૨) ૨૮ ગામ પંચાયતોને રૂપિયા ૧૬.૮૦

તરીકે મંજૂર કરવામાં આવેલ છે,
(૩) કોઇ રકમ ચૂકવવાની બાકી છે, અને
(૪) જો હા, તો કેટલી ?
એચબી-૧૦૧૦-૯

લાખની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.
(૩) હા જી.
(૪) રૂપિયા ૪.૨૦ લાખ.

-------------

**ઇન્દિરા આવાસ યોજના બાંધકામમાં ફેરફાર**

૧૬૪૩૯ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઇન્દિરા આવાસ યોજનાના બાંધકામના નિયમોમાં અન્યત્ર કરેલા ફેરફાર મુજબ ભાવનગર જિલ્લાના અને અમદાવાદ જિલ્લાના ભાલ વિસ્તારમાં સોઇલની પ્રતિકૂળતાના કારણે સ્લેબવાળા બાંધકામની જ્યાએ વિલાયતી નળીયાવાળા બાંધકામની મંજૂરી આપવા સરકાર વિચારે છે કે કેમ, અને
(૨) જો હા, તો તેનો અમલ ક્યારથી થશે ?

**જવાબ**

(૧) આ અંગે અમલીકરણ ચાલુ છે.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્યમાં ગ્રામ વિકાસ અનુસાર ગરીબોની સંખ્યા**

૧૬૮૬૩ **શ્રી મનીષભાઈ ગીલીટવાલા (સુરત શહેર પૂર્વ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ડીસેમ્બર-૦૫ની સ્થિતિએ રાજ્યમાં ગ્રામ વિકાસ પ્રભાગ અનુસાર ગરીબી રેખા નીચે જીવતા લોકોની સંખ્યા જિલ્લાવાર કેટલી છે ?

**જવાબ**

ડીસેમ્બર--૦૫ની સ્થિતિએ રાજ્યમાં ગ્રામ વિકાસ પ્રભાગ અનુસાર ગરીબી રેખા નીચે જીવતા લોકોની સંખ્યા નીચે મુજબ દર્શાવેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૭૮૭૨૨ |
| ૨ | અમરેલી | ૫૦૭૬૧ |
| ૩ | કચ્છ | ૭૩૨૨૫ |
| ૪ | ખેડા | ૧૦૮૫૮૬ |
| ૫ | આણંદ | ૭૩૬૪૧ |
| ૬ | ગાંધીનગર | ૩૫૪૫૭ |
| ૭ | જામનગર | ૭૯૬૭૧ |
| ૮ | જુનાગઢ | ૭૫૮૧૯ |
| ૯ | પોરબંદર | ૧૭૫૮૧ |
| ૧૦ | ડાંગ | ૩૩૯૬૮ |
| ૧૧ | પંચમહાલ | ૨૨૨૪૯૩ |
| ૧૨ | દાહોદ | ૧૯૨૯૨૦ |
| ૧૩ | બનાસકાંઠા | ૧૩૫૬૧૫ |
| ૧૪ | ભરૂચ | ૧૦૯૫૯૩ |
| ૧૫ | નર્મદા | ૭૩૪૯૪ |
| ૧૬ | ભાવનગર | ૭૨૪૪૪ |
| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **સંખ્યા** |
| ૧૭ | મહેસાણા | ૪૬૫૧૯ |
| ૧૮ | પાટણ | ૫૬૨૨૮ |
| ૧૯ | રાજકોટ | ૭૮૩૭૬ |
| ૨૦ | વડોદરા | ૧૩૨૦૫૩ |
| ૨૧ | વલસાડ | ૮૫૨૬૯ |
| ૨૨ | નવસારી | ૭૫૫૧૨ |
| ૨૩ | સાબરકાંઠા | ૧૪૬૪૫૫ |

| | | |
|---|---|---|
| ૨૩ | સાબરકાંઠા | ૧૪૬૪૫૫ |
| ૨૪ | સુરત | ૧૯૫૭૬૧ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૭૯૨૧૫ |
| | **કુલ...........** | **૨૩૨૯૩૭૮** |

-------------

**રાજ્યમાં ગોકુળ ગ્રામ વિકાસ ટ્રસ્ટમાં જમા થતી રકમ**

૧૬૮૪૭ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ક્યા ક્યા ઉદ્યોગોને તેમને મળતી રાહતમાંથી ગોકુળગ્રામ માટે સરકારને આપવાની રકમ પોતાના અલગ ગ્રામ વિકાસ ટ્રસ્ટમાં જમા કરવાની મંજૂરી આપવામાં આવી,

(૨) આવા ટ્રસ્ટમાં જમા થતા નાણાં સરકારી ગણાય કે ખાનગી, અને

(૩) જો સરકારી ગણાય તો તેમાંથી થતાં કામો માટે ગોકુળગ્રામ યોજના માટેના નિયમો શા માટે લાગુ પડાતા નથી ?

**જવાબ**

(૧) ઓદ્યોગિક નીતિ ૧૯૯૫-૨૦૦૦ અન્વયે પ્રોત્સાહક જોગવાઈઓનો લાભ લેતા કોઈપણ ઓદ્યોગિક ગૃહને તેમને મળતી રાહતમાંથી ગોકુળ ગ્રામ યોજના માટે ભરપાઈ કરવાની થતી રકમ તેમના ગ્રામ વિકાસ ટ્રસ્ટમાં જમા કરાવવા મંજૂરી આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**વડોદરા જિલ્લામાં બનાવેલ શોચાલયો**

૧૭૦૨૧ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ગ્રામિણ સ્વચ્છતા કાર્યક્રમ હેઠળ કેટલા શોચાલયો બનાવવામાં આવ્યા,

(૨) કઇ કઇ એજન્સીઓએ કામ કર્યુ, અને

(૩) કેટલાં નાણા ચૂકવાયા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ગ્રામિણ સ્વચ્છતા કાર્યક્રમ હેઠળ કોઈ નવા શોચાલયો બનાવવામાં આવ્યા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્યમાં ફડચામાં ગયેલી મત્સ્યોદ્યોગ મંડળીઓ**

૧૪૩૩૮ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં જે મત્સ્યોદ્યોગ મંડળીઓ ફડચામાં ગયેલ છે તેને પુનઃ જીવીત કરી ગરીબ આદિવાસીઓને રોજગારી પુનઃ મળે તે માટે સરકાર શું આયોજન કરેલ છે ?

**જવાબ**

હાલમાં આ અંગે સરકારશ્રીની કોઈ યોજના અમલમાં નથી.

-------------

**ઇ-ગ્રામ યોજના હેઠળ વિરમગામ અને સાણંદ તાલુકામાં કોમ્પ્યુટરની ફાળવણી**

૧૬૯૭૦ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| ઇ-ગ્રામ યોજના હેઠળ ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર આપવા વિરમગામ અને સાણંદ તાલુકાઓના ગામડાઓને કોમ્પ્યુટરની જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ ફાળવણી થયેલ છે કે કેમ ? | હા, જી. |

-------------

## કચ્છ જિલ્લામાં કુંવરબાઇનું મામેરુ યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૬૪૪૮ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) :માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | |
| --- | --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં ડિસે-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) વિકસતી જાતિ<br>૪૩૫ | અનુસૂચિત જાતિ<br>૫૨૭ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર થઇ, કેટલી ના મંજૂર થઇ, | (૨) મંજૂર--૧૩૭<br>ના મંજૂર--૨૩૦ | ૩૫૧<br>૧૭૬ |
| (૩) મંજૂર થયેલી અરજી પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂા. ૬.૮૫ લાખ | રૂા. ૧૭.૫૫ લાખ |
| (૪) જે અરજીઓ નામંજૂર થઇ છે અને તેના શા કારણો છે ? | (૪) વરકન્યાની ઉંમર ઓછી હોવાથી--૭૭<br>આવક વધુ હોવાને હોવાથી કારણે--૧૪૩<br>નિયત સમય મર્યાદા રજૂબહારની--૧૦ | લગ કરનાર યુવક-યુવતીની ઉંમર નિયત સમય-- મર્યાદા કરતા ઓછી હોવાથી--૬૪<br>આવક વધુ --૫૮<br>જરૂરી દસ્તાવેજો ન કરતાં--૫૪ |

-------------

## કૃષિ મહોત્સવમાં સ્પ્રે પમ્પનું વિતરણ

૧૭૧૭૯ **ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કૃષિ મહોત્સવ અંતર્ગત ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં કેટલા સ્પ્રે પમ્પનું વિતરણ કરવામાં આવ્યું છે, અને | (૧) કુલ ૬૭૦ નંગ. |
| (૨) દરેક ગામવાર કેટલા સ્પ્રે પમ્પ આપવામાં આવ્યા છે ? | (૨) ગામવાર કુલ પાંચ નંગ (એક લાભાર્થી દીઠ એક લેખે) |

-------------

## કૃષિ પાક વીમા યોજના હેઠળ પ્રિમીયમની બાકી વસૂલાત

૧૫૧૫૬ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં ખેડૂતો પાસેથી નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ દરમ્યાન કૃષિ પાક વિમા યોજના અંતર્ગત પાક વિમાના પ્રિમીયમ પેટે કુલ કેટલી રકમની વસૂલાત કરવામાં આવેલ છે, અને | (૧) રાષ્ટ્રીય કૃષિ વિમા યોજના અંતર્ગત ખેડૂતો પાસેથી પાક વિમાના પ્રિમીયમ પેટે નાણાંકીય વર્ષ ૨૦૦૩-૦૪માં રૂા. ૯૩૪૬.૧૩ લાખ અને ૨૦૦૪-૦૫માં રૂા. ૧૦૫૧૭.૫૧ લાખ મળી કુલ રૂા. ૧૯૮૬૩.૬૪ લાખની રકમ ભારતીય કૃષિ વિમા કંપની દ્વારા વસુલ કરવામાં આવેલ છે. |

(૨) ઉપરોક્ત વર્ષના પાક વિમા પેટે કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ?

(૨) સને ૨૦૦૩-૦૪ના રૂા. ૫૭૦.૬૩ લાખ અને ૨૦૦૪.૦૫ના રૂા. ૯૮૯.૮૫ લાખ મળીને કુલ રૂા. ૧૫૬૦.૪૮ લાખની રકમ પાક વિમા પેટે ચૂકવવામાં આવેલ છે.

-------------

**રાજુલા અને જાફરાબાદ તાલુકામાં સરદાર આવાસ યોજનાના કામો**

૧૬૬૩૧ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજુલા અને જાફરાબાદ તાલુકામાં સરદાર આવાસ યોજના હેઠળ છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન તારીખ ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં કેટલા આવાસોનાં કામો મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ કામો પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવેલ છે,

(૩) પૂર્ણ કરવામાં આવેલ મકાનોનો કબ્જો લાભાર્થીઓને સોંપી દેવાયેલ છે કે કેમ, અને

(૪) બાકી લાભાર્થીને કબ્જા ક્યારે સોંપવામાં આવશે ?

**જવાબ**

(૧) ૩૫૮ (ત્રણસો અઠ્ઠાવન)

(૨) ૨૧૫ (બસો પંદર)

(૩) પૂર્ણ કરવામાં આવેલ તમામ ૨૧૫ મકાનોનો કબજો સોંપેલ છે.

(૪) બાકી ૧૪૩ (એક્સો તેંતાલીસ) મકાનોનું બાંધકામ પૂર્ણ થયેથી.

-------------

**રાજ્યમાં ડૉ. આંબેડકર ભવન બનાવવાનું આયોજન**

૧૬૮૬૬ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ક્યા ક્યા જિલ્લામાં કેટલી રકમના ખર્ચે ડૉ. આંબેડકર ભવન બનાવવામાં આવ્યા, અને

(૨) રાજ્યમાં આ યોજના ક્યાં સુધીમાં અમલી બનાવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં કુલ-૫ (પાંચ) ભવનો બાંધવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૨૭.૪૧ |
| ૨ | જામનગર | ૨૫.૦૦ |
| ૩ | પાટણ | ૩૮.૦૦ |
| ૪ | જુનાગઢ | ૩૭.૧૭ |
| ૫ | સુરેન્દ્રનગર | ૨૪.૨૬ |

(૨) તમામ જિલ્લાઓમાં ડૉ. આંબેડકર ભવન બને ત્યાં સુધી.

-------------

**રાજ્યમાં જંગલ કામદાર સહકારી મંડળીઓને કામગીરી**

૧૪૬૯૩ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા):માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જંગલ કામદાર સહકારી મંડળીઓને છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી મંડળીઓને જંગલની કામગીરી તથા અન્ય કામો આપવામાં આવ્યાં, અને

(૨) તેનાથી કેટલા સભાસદોને રોજી મળે છે ?

**જવાબ**

(૧) ૫૫.

(૨) ૩૬૪૧૧.

-------------

**સુરત જિલ્લાની આશ્રમ શાળાઓમાં ખર્ચ**

૧૫૯૫૪ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ):માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ અંતિત કેટલી આશ્રમ શાળાઓ આવેલ છે, અને | (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ એક આશ્રમશાળા આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલી આશ્રમશાળાઓ કાર્યરત છે, કાર્યરત આશ્રમશાળાઓમાં ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) ઉપર જણાવેલ એક આશ્રમશાળા કાર્યરત છે અને તેમાં ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં રૂા. ૨,૯૩,૪૭૮-૦૦ નો ખર્ચ કરવામાં આવેલ છે. |

-------------

**રાજ્યમાં બક્ષીપંચના બોગસ પ્રમાણપત્ર ધરાવનાર ઇસમો સામે પગલાં**

૧૭૧૭૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી):માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં બક્ષીપંચના બોગસ પ્રમાણપત્ર મેળવનાર કેટલા ઇસમો પકડાયા, અને | (૧) ૨૨૪ |
| (૨) બોગસ પ્રમાણપત્રો મેળવી સરકારી લાભો મેળવેલ ઇસમો સામે સરકારે શાં પગલાં ભર્યા ? | (૨) રદ કરેલ જાતિ પ્રમાણપત્રો ધરાવનાર ઉમેદવારોને ઉચ્ચ વ્યવસાયિક અભ્યાસક્રમોમાં/શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવતા અટકાવેલ છે. સરકારી નોકરી મેળવવા માટે બોગસ જાતિ પ્રમાણપત્ર રજુ કરનાર ૩ ઉમેદવારો સામે પોલિસ કેસ કરવામાં આવેલ છે. |

-------------

**પછાત વર્ગની યોજનાના પ્રચાર માટે પ્રચારકો**

૧૬૭૧૫**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) :માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લોકોને જુદી જુદી યોજનાઓના બહોળા પ્રચાર માટે પ્રચારકો રાખ્યા છે તે હકિક્ત સાચી છે ? | હા, જી. |

-------------

**બાવળા તાલુકા પંચાયત મકાનનું બાંધકામ**

૧૬૪૩૫ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બાવળા તાલુકા પંચાયતના નવા મકાનના બાંધકામની મંજૂરી ક્યારે મળી, અને | (૧) તારીખ ૫-૧૧-૨૦૦૪ના રોજ. |
| (૨) આ બાંધકામ ક્યારે શરૂ કરવાનું અને ક્યાં સુધીમાં પૂરૂં કરવાનું સરકારનું આયોજન છે ? | (૨) બાંધકામ તારીખ ૧૧-૨-૨૦૦૫ના રોજ શરૂ કરેલ છે. જે નિયમોનુસાર પૂરૂં કરવામાં આવશે. |

-----------

**અમદાવાદ જિલ્લામાં શ્રમયોગીઓને લાભ**

૧૬૭૨૦ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન | (૧) સીટી તાલુકામાં કુલ ૧૨ ગામોમાં ૬૦ |

તારીખ ૩૧-૧-૦૬ની સ્થિતિએ શ્રમયોગી યોજના હેઠળ અમદાવાદ જિલ્લાના સીટી તાલુકામાં કુલ કેટલા ગામોમાં કેટલા શ્રમયોગીઓને લાભ આપવાનું આયોજન હતું,

શ્રમયોગીઓને લાભ આપવાનું આયોજન હતું.

(૨) દરેક ગામમાં કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) સીટી તાલુકાના ગામોમાં કુલ રૂા. ૩.૨૦ લાખનો ખર્ચ થયેલ છે. ગામવાર ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **ગામનું નામ** | **થયેલ ખર્ચ** |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧ | ત્રાગડ | ૦.૩૦ |
| ૨ | નવીશાહવાડી | ૦.૧૦ |
| ૩ | નીકોલ | ૦.૩૬ |
| ૪ | પીપળજ | ૦.૨૦ |
| ૫ | સેજપુર (ગોપા) | ૦.૨૦ |
| ૬ | મકરબા | ૦.૬૬ |
| ૭ | મક્તમપુર | ૦.૦૦ |
| ૮ | ગ્યાસપુર | ૦.૧૫ |
| ૯ | વસ્ત્રાપુર | ૦.૦૦ |
| ૧૦ | નવાનરોડ | ૧.૦૮ |
| ૧૧ | નવા ઓઢવ | ૦.૧૫ |
| ૧૨ | નવા અસારવા | ૦.૦૦ |
| | **કુલ :** | **૩.૨૦** |

(૩) શું લાભ આપવામાં આવ્યા ?

(૩) ઇન્દિરા આવાસ, (નવા) ઇન્દિરા આવાસ સુધારણા, કૌશલ્ય સુધારણા તાલીમ અને ફળાઉરોપાનો લાભ આપવામાં આવેલ છે.

-------------

**આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ યુવક યુવતીઓની સંખ્યા**

૧૭૧૪૯ **શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ આંતરજ્ઞાતિય લગ્ન-સહાય યોજના હેઠળ કેટલા યુગલોને સહાય આપવામાં આવી, | (૧) ૧૮૨ |
| (૨) આ યુગલો પૈકી અનુસૂચિત જાતિના હોય તેવા કેટલા યુવકો છે, અને | (૨) ૧૧૯ |
| (૩) અનુસૂચિત જાતિની હોય તેવી કેટલી કન્યાઓ છે ? | (૩) ૬૩ |

----------

**રાજ્યમાં અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ**

૧૭૧૪૪ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યમાં અનુસૂચિત જાતિના બાળકો માટે કુલ કેટલી આદર્શ નિવાસી શાળાઓ છે, અને

(૧) ૧૭

(૨) તા. ૧-૧-૦૫ થી તા. ૩૧-૧-૦૬ દરમ્યાન આવી આવી શાળાઓમાં કુલ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો ?

(૨) ૧૮૫૨

-------------

**અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

૧૬૩૩૬ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યમાં બીસીકે-૩ અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ખ્યાતનામ ખાનગી શાળામાં અભ્યાસ કરવા માટે કેટલી શિષ્યવૃત્તિ આપવાનું નક્કી થયેલું છે,

(૧) રૂા. ૫૦,૦૦૦/- અથવા ખરેખર ખર્ચની રકમ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમની સહાય આપવાનું નક્કી થયેલું છે.

(૨) સને ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે, અને

(૨)

| વર્ષ | વિદ્યાર્થીની સંખ્યા | ચૂકવેલ રકમ |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૬ | ૧,૭૩,૯૭૪ |
| ૨૦૦૫-૦૬ | ૭ | ૨,૨૦,૯૦૦ |

(૩) આ શિષ્યવૃત્તિ માટે વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી નક્કી કરેલી છે અને તેમાં સરકાર વધારો કરવા માંગે છે કે કેમ ?

(૩) ૨૦ વિદ્યાર્થી.
ના, જી.

-------------

**સાયલા તાલુકાના ઈન્દિરા આવાસ યોજના હેઠળ ચુકવેલ સહાય**

૧૬૪૩૭ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના ગુંદીયાવાડા અને સુદામડા ગામે ૨૦૦૪-૦૫ના વર્ષમાં ક્યા ક્યા આસામીઓને ઇન્દિરા આવાસ યોજના હેઠળ સહાય ચૂકવેલ છે,

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં ૨૦૦૪-૦૫ વર્ષમાં, ગુંદીયાવાડા ગામે ૪ લાભાર્થીઓ અને સુદામડા ગામે ૧૬ લાભાર્થીઓ એમ કુલ ૨૦ આસામીઓને ઈન્દિરા આવાસ યોજના હેઠળ સહાય ચુકવેલ છે.
(વિગતવાર પત્રક-૧ સામેલ છે.)

(૨) આ યોજનામાં મકાન બનાવ્યા વિના સહાય ચૂકવ્યાની ફરીયાદ મળેલ છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો તપાસ કરી જવાબદારો સામે ક્યા ક્યા પગલા લેવાયેલ છે ?

(૩) ફક્ત સાયલા તાલુકાની કુલ : ત્રણ ફરિયાદ પૈકી ૨૯ કેસોની તપાસ દરમ્યાન ગુંદીયાવાડા ગામના : ૪ અને સુદામડા ગામના ૬ એમ કુલ : ૧૦ કિસ્સાઓમાં ક્ષતિઓ જણાયેલ છે અને જવાબદારો સામે ખાતાકીય તપાસની કામગીરી હાથ ધરેલ છે અને કર્મચારીઓને ચાર્જશીટ આપવામાં આવેલ છે.

**પત્રક--૧**

**૨૦૦૪-૦૫ના વર્ષમાં ગુંદીયાવાડા અને સુદામડા ગામમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજુર થયેલ આવાસો અને લાભાર્થીઓને થયેલ ચુકવણાની વિગત દર્શાવતું પત્રક.**

| ક્રમ | લાભાર્થીનું નામ | ગામ | જાતિ | ચુકવાયેલ સહાય |
|---|---|---|---|---|
| ૧ | રબારી ભગુભાઈ મામેયા | ગુંદીયાવાડા | અન્ય | રૂા. ૩૦૦૦૦ |
| ૨ | રબારી હિમાબેન ગોબરભાઈ<br>રબારી ગોબરભાઈ લખધીરભાઈ | ગુંદીયાવાડા | અન્ય | રૂા. ૩૦૦૦૦ |
| ૩ | રબારી માવુબેન સુરાભાઈ<br>રબારી સુરાભાઈ લખધીરભાઈ | ગુંદીયાવાડા | અન્ય | રૂા. ૩૦૦૦૦ |
| ૪ | રબારી રૂડીબેન રાજાભાઈ<br>રબારી રાજાભાઈ જીવાભાઈ | ગુંદીયાવાડા | અન્ય | રૂા. ૩૦૦૦૦ |
| ૫ | સોલંકી રામાભાઈ અમરાભાઈ | સુદામડા | અ.જા. | રૂા. ૩૫૨૫૦ |
| ૬ | ચાવડા મુકેશ અમરાભાઈ | સુદામડા | અ.જા. | રૂા. ૩૫૨૫૦ |
| ૭ | ચાવડા મધુભાઈ તુલશીભાઈ | સુદામડા | અ.જા. | રૂા. ૩૫૨૫૦ |
| ૮ | મકવાણા મંજુબેન ડાયાભાઈ<br>મકવાણા ડાયાભાઈ ખીમાભાઈ | સુદામડા | અ.જા. | રૂા. ૩૫૨૫૦ |
| ૯ | સોલંકી મિનાક્ષીબેન જયંતીભાઈ<br>સોલંકી જયંતીભાઈ નથુભાઈ | સુદામડા | અ.જા. | રૂા. ૨૦૦૦૦ |
| ૧૦ | ભંગી રમીલાબેન કનુભાઈ<br>ભંગી કનુભાઈ કેશાભાઈ | સુદામડા | અ.જા. | રૂા. ૩૦૦૦૦ |
| ૧૧ | ભલ્યાણી મનુભાઈ અમરાભાઈ | સુદામડા | અન્ય | રૂા. ૩૦૦૦૦ |
| ૧૨ | ભરવાડ પોલાભાઈ કરણાભાઈ | સુદામડા | અન્ય | રૂા. ૩૦૦૦૦ |
| ૧૩ | કોળી જયાબેન બચુભાઈ<br>કોળી બચુભાઈ મથુરભાઈ | સુદામડા | અન્ય | રૂા. ૩૫૨૫૦ |
| ૧૪ | રબારી બાજુબેન કરશનભાઈ<br>રબારી કરશનભાઈ શામળાભાઈ | સુદામડા | અન્ય | રૂા. ૩૫૨૫૦ |
| ૧૫ | રબારી માંડણભાઈ શામળા | સુદામડા | અન્ય | રૂા. ૩૫૨૫૦ |
| ૧૬ | કોળી વશરામ માથુરભાઈ | સુદામડા | અન્ય | રૂા. ૩૦૦૦૦ |
| ૧૭ | પગી કંચનબેન માવસંગ<br>પગી માવસંગ ભાવસંગ | સુદામડા | અન્ય | રૂા. ૩૫૨૫૦ |
| ૧૮ | કોળી ચંપાબેન અરજણભાઈ | સુદામડા | અન્ય | રૂા. ૩૨૯૮૦ |
| ૧૯ | સાંબળ રાધાબેન જગમાલભાઈ<br>સાંબળ જગમાલભાઈ જીવાભાઈ | સુદામડા | અન્ય | રૂા. ૩૫૨૫૦ |
| ૨૦ | ચોહાણ મંજુબેન કરશનભાઈ | સુદામડા | અન્ય | રૂા. ૩૦૦૦૦ |

-------------

**રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી યોજના હેઠળ અંદાજીત ખર્ચ**

૧૪૩૪૨ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના કાયદા હેઠળ ગ્રામીણ બેરોજગારોને ઓછામાં ઓછા ૧૦૦ દિવસ રોજગારી આપવાની કેન્દ્રની યોજનાનો અમલ રાજ્યના કેટલા જિલ્લામાં ક્યારથી થનાર છે, અને

(૨) આ યોજના અન્વયે રોજગારી આપવાનો અંદાજીત કેટલો ખર્ચ થવાની સંભાવના છે ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા મુકરર થયા મુજબ રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, નર્મદા અને ડાંગ એમ છ જિલ્લોમાં આ ""રાષ્ટ્રીય ગ્રામિણ રોજગારી બાંહેધરી યોજના"" નો અમલ તા. ૨-૨-૨૦૦૬થી શરૂ થયેલ છે.

(૨) આ યોજના માંગ આધારીત હોઈ, રોજગારીની માંગણી થયેથી રોજગારી પુરી પાડી ખર્ચ કરવામાં આવશે.

-------------

**ખેડા જિલ્લામાં વિભાજન તાલુકા પંચાયતોનું મહેકમ**

૧૬૪૫૪ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)**:**માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં જે તાલુકાઓના વિભાજન કરવામાં આવ્યા છે. તે તાલુકા પંચાયતોમાં જુના તાલુકા પંચાયત પ્રમાણેનું મહેકમ ધરાવે છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો ના, તો સરકાર ધ્વારા ક્યારે ભરતી કરવાનું આયોજન છે ? | (૨) જિલ્લા વિભાજનમાં તાલુકા પંચાયતોની પુન : રચના અન્વયે પ્રમાણસરનું મહેકમ ફાળવાયેલ છે જ. ખાલી રહેતી જગ્યા પ્રતિનિયુક્તિથી અને આંતર જિલ્લા ફેરબદલીથી ભરવાની પ્રક્રિયા અમલમાં છે. |

-------------

**કૃષિ મેળા માટેનું આયોજન**

૧૫૨૫૬ **ડૉ. દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય)**:**માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કૃષિ મેળા માટે સરકાર ધ્વારા ચાલુ વર્ષે કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના, જી. પરંતુ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તેનાથી ખેડૂતોને અને પશુપાલકોને ક્યા પ્રકારના ફાયદા થશે ? | (૨) તેનાથી ખેડૂતોને અને પશુપાલકોને નીચે દર્શાવેલ ફાયદાઓ થશે. |

- કૃષિ, બાગાયત અને પશુપાલન અંગેનું વૈજ્ઞાનિક પદ્ધતિઓનું માર્ગદર્શન અપાશે.
- નવી ટેક્નોલોજીનું જ્ઞાન તેમજ ઓર્ગેનિક ખેતીનું માર્ગદર્શન.
- ગ્રામ કક્ષાએ પ્રમાણિત બિયારણ, ખાતર અને પાક સંરક્ષણ માટે ઉપયોગી સાધનો તેમજ દવાઓનું વેચાણ.
- આધુનિક પિયત પદ્ધતિઓનું માર્ગદર્શન
- ખેત ઉત્પાદન અને ઉત્પાદક્તા વધશે, ખેડૂતોનું જીવન સ્તર સુધરશે.
- કૃષિ વિષયક વિકાસ દર હાંસલ કરી શકાશે.
- ગામ દીઠ તદ્દન ગરીબ પાંચ ખેડૂતોને દશ કિલોગ્રામ મીનરલ મિક્ષ્ચર તથા ૨ બોલસ ડીવર્મર આપવામાં આવશે ઘનિષ્ટ પશુસ્સીકરણ કરાશે, દુધાળા પશુઓની તંદુરસ્તીમાં વધારો થશે અને દૂધ ઉત્પાદક્તામાં વધારો થશે.
- દુધ મંડળીઓની રચના અને શક્ય હોય ત્યાં મહિલા દૂધ મંડળીઓની રચના.
- કૃષિ યુનિવર્સિટીઓના વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોના પ્રશ્નોનું સ્થળ ઉપર નિરાકરણ કરવામાં આવશે.
- સુધારેલ ખેત ઓજારો, ટ્રેક્ટર્સ સંચાલિત સાધનો ટપક અને ફુવારા પદ્ધતિના પ્રત્યક્ષ નિદર્શનોથી માર્ગદર્શન
- જમીન ટેસ્ટીંગ અને તેને અનુરૂપ પાક આયોજન ઉપરાંત વેચાણ વ્યવસ્થાનું માર્ગદર્શન અપાશે.

- બાગાયતી પાકોની નવી જાતોની માહિતી તેમજ આધુનિક પદ્ધતિઓનું માર્ગદર્શન.
- કૃષિ, પશુપાલન, બાગાયત વિષયક સરકારી યોજનાઓની જાણકારી અને તેના લાભો મેળવવાની પદ્ધતિઓનુ માર્ગદર્શન
- ખેડૂતો, પશુપાલકોના તદ્દન ગરીબ પાંચ કુટુંબોને (ગામદીઠ) કૃષિ, બાગાયત, અને પશુપાલનની ઇનપુટ કિટસનું મફત વિતરણ.
- ખેત તલાવડીની મંજૂરી અને જળસંચય
- પાકોના બજારભાવો તથા બજાર વ્યવસ્થાની ખેડૂતોને જાણકારી અપાશે. જેથી તેમના પાકોના મહત્તમ ભાવો મળી શકશે.
- દરેક ગામે ગોબર બેન્કની યોજના માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોના અકસ્માતે મૃત્યુ વીમાની અરજીઓ**

૧૭૧૮૮ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જીલ્લામાં ખેડૂતોના અકસ્માતે મૃત્યુ થતાં વારસદારોને અકસ્માત વિમા યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, અને | (૧) ૮૯. |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ? | (૨) ૩૧. |

-------------

**જુનાગઢ જિલ્લામાં એસ. જી. આર. યોજનામાં ફાળવેલ ગ્રાન્ટ**

૧૭૦૧૬**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫માં વર્ષવાર જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર એસ.જી.આર. યોજના હેઠળ કુલ કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર નાણાંકીય ફાળવણી નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું** | **નાણાંકીય ફાળવણી** | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૩- | ૨૦૦૪- | કુલ |
| ૧ | ભેંસાણ | ૨૧.૦૨ | ૧૫.૫૬ | ૩૬.૫૮ |
| ૨ | જુનાગઢ | ૩૭.૪૪ | ૨૫.૭૦ | ૬૩.૧૪ |
| ૩ | કેશોદ | ૩૦.૪૯ | ૨૯.૯૬ | ૬૦.૪૫ |
| ૪ | કોડીનાર | ૩૨.૮૭ | ૩૧.૩૨ | ૬૪.૧૯ |
| ૫ | માળીયા | ૩૪.૩૪ | ૨૬.૨૯ | ૬૦.૬૩ |
| ૬ | માણાવદર | ૨૮.૮૯ | ૨૫.૩૮ | ૫૪.૨૭ |
| ૭ | માંગરોળ | ૩૪.૦૭ | ૩૪.૨૪ | ૬૮.૩૧ |
| ૮ | મેંદરડા | ૨૧.૦૩ | ૧૫.૪૨ | ૩૬.૪૫ |
| ૯ | સુત્રાપાડા | ૨૬.૭૪ | ૨૮.૧૭ | ૫૪.૯૧ |
| ૧૦ | તલાલા | ૨૮.૨૯ | ૩૧.૮૨ | ૬૦.૧૧ |
| ૧૧ | ઉના | ૬૧.૮૯ | ૫૦.૫૭ | ૧૧૨.૪૬ |
| ૧૨ | વંથલી | ૨૬.૫૬ | ૨૭.૨૯ | ૫૩.૮૫ |
| ૧૩ | વેરાવળ | ૨૮.૧૬ | ૨૮.૨૮ | ૫૬.૪૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | વેરાવળ | ૨૮.૧૬ | ૨૮.૨૮ | ૫૬.૪૪ |
| ૧૪ | વિસાવદર | ૩૦.૩૯ | ૨૧.૬૭ | ૫૨.૦૬ |
| ૧૫ | જિલ્લા પંચાયત | ૬૭.૪૮ | ૧૨૫.૨૭ | ૧૯૩.૦૫ |
| | **કુલ** | **૫૦૯.૬૬** | **૫૧૭.૨૪** | **૧૦૨૬.૯૦** |

(૨) તાલુકાવાર ફાળવેલ ગ્રાન્ટ પેકી ક્યા-ક્યા પ્રકારના કામો કરવામાં આવ્યા ?

(૨) યોજના હેઠળ આ ફાળવેલ ગ્રાન્ટ અન્વયે જિલ્લામાં નીચે દર્શાવેલ પ્રકારવાર કામો કરવામાં આવેલ છે.

| ક્રમ | કામના પ્રકાર | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | રસ્તાના કામો | ૫૫૧ | ૬૯૮ | ૧૨૪૯ |
| ૨ | સિંચાઈના કામો | ૧૨૪ | ૩૪૦ | ૪૬૪ |
| ૩ | પીવાનું પાણી પુરવઠા અંગેના કામો. | ૧૧ | ૧૨ | ૨૩ |
| ૪ | તળાવના ખોદકામના કામો | ૨૯ | ૩૬ | ૬૫ |
| ૫ | અન્ય | ૧૧૫ | ૧૫૧ | ૨૬૬ |
| | કુલ કામો | ૮૩૦ | ૧૨૩૭ | ૨૦૬૭ |

-------------

## વલસાડ અને નવસારી જિલ્લામાં માછીમારોને સહાય

૧૭૧૬૧ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર):માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વલસાડ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર માછીમારો માટે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને ભારત સરકાર તરફથી કઈ કઈ અને કેટલી સહાય મળેલ છે ?

**જવાબ**

તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ

(૧) ડીઝલ પરની વળતર સહાય યોજના હેઠળ નીચે મુજબ સહાય મળેલ છે.

(રૂા. લાખમાં)

| તાલુકો | વલસાડ જિલ્લો | | નવસારી જિલ્લો | |
|---|---|---|---|---|
| | વર્ષ | વર્ષ | વર્ષ | વર્ષ |
| ઉમરગામ | ૦.૧૭ | ૧૩.૦૩ | | |
| પારડી | ૦.૦૦ | ૧.૦૩ | | |
| વલસાડ | ૨.૮૨ | ૮.૯૪ | | |
| જલાલપોર | | | ૧.૯૨ | ૧૪.૧૧ |
| ગણદેવી | | | ૦.૨૩ | ૨.૮૯ |
| કુલ | ૨.૯૯ | ૨૩.૦૦ | ૨.૧૫ | ૧૭.૦૦ |

(૨) માછીમાર આવાસ સહાય યોજના હેઠળ નીચે મુજબ સહાય મળેલ છે.

(રૂા. લાખમાં)

| | | | | |
|---|---|---|---|---|
| કુલ | ૪.૦૦ | ૦.૦૦ | ૨.૦૦ | ૪.૦૦ |

(૩) એફ.એફ.ડી. એ નીચેની નવાતળાવ બાંધકામ, ઈનપુટ સહાય તથા તાલીમ યોજના હેઠળ નીચે મુજબ સહાય મળેલ છે.

(રૂા. લાખમાં)

| તાલુકો | વલસાડ જિલ્લો | | નવસારી જિલ્લો | |
|---|---|---|---|---|
| | વર્ષ ૨૦૦૪-૦૫ | વર્ષ ૨૦૦૫-૦૬ | વર્ષ ૨૦૦૪-૦૫ | વર્ષ ૨૦૦૫-૦૬ |
| વલસાડ | ૦.૬૮ | ૦.૪૧ | | |
| પારડી | ૦.૨૪ | ૦.૩૦ | | |
| ધરમપુર | ૦-૦૪ | ૦-૦૫ | | |
| કપરાડા | ૦.૩૩ | ૦.૦૨ | | |
| ઉમરગામ | ૦.૨૦ | ૦.૧૧ | | |
| જલાલપોર | | | ૦.૦૫ | ૦.૦૨ |
| ગણદેવી | | | ૦.૦૧ | ૦.૦૭ |
| ચીખલી | | | ૦.૪૧ | ૦.૫૩ |
| નવસારી | | | ૦.૫૦ | ૦.૧૭ |
| **કુલ** | **૧.૪૯** | **૦.૮૯** | **૦.૯૭** | **૦.૭૯** |

-------------

**કચ્છ જિલ્લામાં પંચાયત ઘરોની ઘટ**

૧૪૩૩૭ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા પંચાયત ઘરોની ઘટ છે,

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ૨૧ પંચાયત ઘરોની ઘટ છે.

| **અ.નં.** | **તાલુકો** | **ઘટતા પંચાયત ઘરની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભચાઉ | ૬ |
| ૨ | રાપર | ૫ |
| ૩ | અંજાર | ૨ |
| ૪ | માંડવી | ૫ |
| ૫ | ભૂજ | ૧ |
| ૬ | મુન્દ્રા | ૧ |
| ૭ | લખપત | ૧ |
| | **કુલ :-** | **૨૧** |

(૨) આ પંચાયત ઘરોની ઘટ કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે, અને

(૨) તા. ૩૧-૩-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) તેમાં કેટલો ખર્ચ થશે ?

(૩) અંદાજે રૂા. ૬૭.૫૦ લાખ

-------------

**રોજગાર બાંહેધરી અધિનિયમ અન્વયે રોજગારી**

૧૭૧૮૫ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રોજગાર બાંહેધરી એક્ટ અન્વયે રાજ્યમાં રોજગારી આપવા માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૧) રાષ્ટ્રિય ગ્રામિણ રોજગારી બાંહેધરી અધિનિયમ-૨૦૦૫ અન્વયે રાજ્યમાં રોજગારી આપવા માટે ""રોજગારી બાંહેધરી યોજના"" તા. ૨-૨-૦૬થી બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, નર્મદા અને ડાંગ એમ છ જિલ્લાઓમાં અમલ શરૂ કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.<br>• જિલ્લાઓમાં ભાવિલક્ષી પ્લાન તેયાર કરવામાં આવેલ છે.<br>• ગામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ રોજગારી માટે કામોને વહીવટી/તાંત્રિક મંજૂરી આપી તેયાર રાખવા સુચના આપેલ છે.<br>• ગામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ જરૂરી તાંત્રિક/વહીવટી સ્ટાફની નિમણૂંક કરવામાં આવેલ છે.<br>• ગ્રામ પંચાયત કક્ષાએ નામોની નોંધણી, રોજગારીની માંગણીની નોંધણીની કામગીરી શરૂ કરેલ છે. |
| (૨) આનાથી કેટલી વ્યક્તિઓને આગામી વર્ષમાં રોજગારી મળશે, અને | (૨) આ યોજના માંગ આધારીત હોઈ માંગણી અન્વયે રોજગારી પૂરી પાડવામાં આવશે. |
| (૩) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ચાલતી રોજગારીની યોજનાઓ આ સાથે જોડાશે કે કેમ ? | (૩) હા, જી. |

-------------

**રાજ્યમાં માહિતી અધિકાર હેઠળ મળેલ અરજીઓ**

૧૬૮૫૫ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ જુદા જુદા વિષયોના સંબંધમાં માહિતી અધિકાર હેઠળ ગ્રામ વિકાસ પ્રભાગની માહિતી મેળવવા માટે છેલ્લા ત્રણ મહિનામાં કુલ કેટલી અરજીઓ મળી હતી, | (૧) ૪૩ |
| (૨) આ અરજીઓમાંથી કેટલી અરજીઓની માહિતી આપવામાં આવી, અને | (૨) ૨૫ |
| (૩) કેટલી અરજીઓમાં માહિતી આપી નથી, ક્યા કારણોસર ? | (૩) ૧૮ કિસ્સાઓમાં માહિતી આપેલ નથી.<br>૧૨ અરજીમાં માહિતી અસ્પષ્ટ રીતે પુછવામાં આવી હોઈ અરજદારને પત્ર પાઠવી સ્પષ્ટતા કરવા તમામ અરજદારોને રૂબરૂ બોલાવેલ હોવા છતાં માહિતી લેવા માટે આવેલ નથી. જેથી માહિતી આપી શકાઈ નથી.<br>૧ અરજીમાં અરજી બાદ અરજી પરત ખેંચેલ છે. જેથી માહિતી આપવાનો પ્રશ્ન રહેતો નથી.<br>૪ અરજીમાં અરજદારોને પત્ર પાઠવી માહિતી ફી ભરી મહિતી લઈ જવા જણાવેલ છતાં માહિતી લેવા આવેલ |

નથી.
૧ અરજીમાં રેકર્ડ ખૂબ જુનો તેમજ ડી પેપર્સ હોઈ માહિતી આપી શકાય તેમ નથી તેવો પત્ર અરજદારને પાઠવી જણાવવામાં આવ્યું છે.

-------------

**રાજ્યમાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ**

૧૬૭૧૦ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા તલાટી-કમ-મંત્રીઓની જગ્યાઓ ખાલી છે, અને | (૧) પત્રક સામેલ છે. |
| (૨) ખાલી જગ્યાઓ પેકીની પંચાયત સહાયકોથી પણ સરકાર જગ્યાઓ ભરવા માંગે છે કે કેમ ? | (૨) હા, જી. |

પત્રક

**તા. ૩૧-૧-૨૦૦૬ અંતિત તલાટી-કમ-મંત્રીની વિગત.**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ખાલી જગ્યાઓ** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૧૨૫ |
| ૨ | અમરેલી | ૧૫૦ |
| ૩ | આણંદ | ૭૯ |
| ૪ | બનાસકાંઠા | ૧૩૯ |
| ૫ | ભાવનગર | ૧૧૭ |
| ૬ | ભરૂચ | ૧૧૮ |
| ૭ | દાહોદ | ૨૫ |
| ૮ | ડાંગ | ૧૨ |
| ૯ | ગાંધીનગર | ૫૫ |
| ૧૦ | જામનગર | ૧૩૧ |
| ૧૧ | જુનાગઢ | ૧૨૧ |
| ૧૨ | ખેડા | ૮૧ |
| ૧૩ | કચ્છ | ૧૪૭ |
| ૧૪ | મહેસાણા | ૯૬ |
| ૧૬ | નવસારી | ૫૦ |
| ૧૭ | પંચમહાલ | ૭૫ |
| ૧૮ | પાટણ | ૯૦ |
| ૧૯ | પોરબંદર | ૪૦ |
| ૨૦ | રાજકોટ | ૧૩૬ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧૧૮ |
| ૨૨ | સાબરકાંઠા | ૬૫ |
| ૨૩ | સુરત | ૧૪૨ |
| ૨૪ | વડોદરા | ૧૫૫ |
| ૨૫ | વલસાડ | ૨૮ |
| | **કુલ :-** | **૨૩૩૧** |

-------------

**પંચવટી યોજના હેઠળ જાહેર થયેલ ગામો**

૧૬૮૫૯**શ્રી રાજેશ પાઠક (બાલાસિનોર): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પંચવટી યોજના હેઠળ તા.૩૧-૧-૦૬ સુધીમાં કેટલા ગામોને પંચવટી તરીકે જાહેર કરવામાં આવ્યા છે અને ગ્રામ પંચાયતને કેટલું અનુદાન મળે છે ?

**જવાબ**

૮૯૨ ગામો
પંચવટી ગ્રામ પંચાયતને રૂા. ૧,૦૦,૦૦૦/-નું અનુદાન મળે છે.

-------------

**ખેડા જિલ્લામાં એસ.જી.આર. યોજનાનાં કામો**

૧૫૧૫૪ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના અન્વયે કેટલી રકમના કામો મંજૂર થયા છે,

(૨) આ પેકી ખેડા-માતર તાલુકામાં કેટલા કામો હાથ ધરાયા છે,

**જવાબ**

(૧) જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં બે વર્ષમાં સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના અન્વયે રૂા. ૨૩૨૫.૫૦ લાખના કામો મંજૂર થયા છે.

(૨) જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ ખેડા-માતર તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના અન્વયે હાથ ધરાયેલ કામોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં | તાલુકો | હાથ ધરાયેલ કામોની સંખ્યા | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ (જાન્યુ.-૦૬ અંતિત) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ખેડા | ૫૧ | ૪૩૫ | ૪૭ | ૫૩૩ |
| ૨ | માતર | ૨૮૮ | ૫૩૯ | ૧૧૪ | ૯૪૧ |
| | કુલ.. | ૩૩૯ | ૯૭૪ | ૧૬૧ | ૧૪૭૪ |

(૩) ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં માતર અને ખેડા તાલુકાના ક્યા કામો મંજૂર કરવામાં આવ્યા છે, અને

(૩) ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧/૧/૦૬ સુધીમાં માતર અને ખેડા તાલુકામાં નીચે મુજબના કામો મંજૂર કરવામાં આવેલ છે.

| અ.નં. | મંજૂર કરેલ કામો | માતર તાલુકો | ખેડા તાલુકો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સિંચાઈના કામો | ૨ | ૦ |
| ૨ | રસ્તાના કામો | ૫૧ | ૦ |
| ૩ | જમીન સંરક્ષણના કામો | ૩ | ૦ |
| ૪ | ચેકડેમના કામો | ૧ | ૦ |
| ૫ | ખેત તલાવડીના કામો | ૨ | ૦ |
| ૬ | બોરીબંધના કામો | ૪ | ૦ |
| ૭ | અન્ય કામો | ૫૧ | ૪૭ |
| | કુલ... | ૧૧૪ | ૪૭ |

(૪) માતર ગામનો જોરાસીમ વિસ્તારનો રસ્તો અગાઉ પણ આજ યોજના અન્વયે મંજૂર થયો હોવા છતાં તા.૩૧-૧-૦૬ સુધીમાં કેમ શરુ કરવામાં આવેલ નથી, તેના શા કારણો છે ?

(૪) માતર ગામનો જોરાસીમ વિસ્તારનો રસ્તો અગાઉ આ યોજના અન્વયે મંજૂર થયેલ નથી, જેથી તા. ૩૧/૧/૦૬ સુધીમાં શરુ કરવાનો પ્રશ્ન નથી.

-------------

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે વિદેશ અભ્યાસ માટે લોન**

૧૭૧૪૮ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ વિદેશ અભ્યાસ કરવા માંગતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સરકાર તરફથી આપવામાં આવતી લોનની મર્યાદા શું છે, | (૧) રૂા. ૫.૦૦ લાખ |
| (૨) આ યોજનાનો વધુ યુવાનો લાભ લે તે માટે સરકાર તેમાં ફેરફાર કરવા માંગે છે તે હકીક્ત સાચી છે, અને | (૨) હા, જી. નીચે ખંડ (૩)માં જણાવ્યા મુજબ કેટલાક ફેરફાર કરેલ છે. |
| (૩) જો હા, તો તેની વિગત શી છે ? | (૩) (૧) લોન મેળવવાની પાત્રતાની ટકાવારીમાં ઘટાડો કરીને પચાસ ટકા કરેલ છે.<br>(૨) ધોરણ-૧૨ પછી ડીપ્લોમાં અથવા તેને સમકક્ષ ટેકનીકલ અભ્યાસક્રમો માટે પણ લોન આપવાની જોગવાઈ ઉમેરાઈ છે.<br>(૩) સને ૨૦૦૫-૦૬ ના વર્ષથી વાર્ષિક ૨૦ ને બદલે ૪૦ વિદ્યાર્થીઓને લોન આપવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે. |

-------------

**રાજ્યમાં સહાયક અનુદાન છાત્રાલયો અને આશ્રમ શાળાઓ**

૧૬૪૪૩ **શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ (ખેરાલુ):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે જિલ્લાવાર કેટલી સહાયક અનુદાન-છાત્રાલયો અને આશ્રમ શાળાઓ ચાલે છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે જિલ્લાવાર નીચે મુજબના છાત્રાલયો અને આશ્રમશાળાઓ ચાલે છે.

| અ.નં. | જિલ્લાનું નામ | છાત્રાલયની સંખ્યા | આશ્રમશાળાની સંખ્યા |
| --- | --- | --- | --- |
| ૧ | અમદાવાદ | ૩૪ | ૧૨ |
| ૨ | અમરેલી | ૮ | ૩ |
| ૩ | આણંદ | ૨૫ | ૫ |
| ૪ | બનાસકાંઠા | ૪૩ | ૧૧ |
| ૫ | ભરૂચ | ૯ | ૧ |
| ૬ | ભાવનગર | ૩૧ | ૭ |
| ૭ | દાહોદ | ૪૮ | ૧૪ |
| ૮ | ગાંધીનગર | ૩૫ | ૧૫ |
| ૯ | જામનગર | ૨૭ | ૧૧ |
| ૧૦ | જૂનાગઢ | ૬૧ | ૮ |
| ૧૧ | ખેડા | ૬૧ | ૨૧ |
| ૧૨ | કચ્છ | ૨૧ | ૫ |
| ૧૩ | મહેસાણા | ૨૦ | ૪ |
| ૧૪ | પંચમહાલ | ૭૯ | ૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | પાટણ | ૩૬ | ૧૩ |
| ૧૬ | પોરબંદર | ૬ | ૧ |
| ૧૭ | રાજકોટ | ૨૬ | ૬ |
| ૧૮ | સાબરકાંઠા | ૭૬ | ૨૪ |
| ૧૯ | સુરત | ૨ | ૧ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૨૩ | ૮ |
| ૨૧ | વડોદરા | ૬ | ૩ |
| ૨૨ | વલસાડ | ૧ | ૦ |
| ૨૩ | નવસારી | ૪ | ૦ |
| ૨૪ | ડાંગ | ૦ | ૦ |
| ૨૫ | નર્મદા | ૦ | ૦ |
| | કુલ | ૬૮૨ | ૧૮૫ |

(૨) વર્ષ ૨૦૦૫-૦૬ના કેલેન્ડર વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી નવી આશ્રમશાળાઓ તથા સહાયક અનુદાન-છાત્રાલયો ક્યાં ક્યાં શરુ કરવામાં આવી ?

(૨) બે નવી આશ્રમશાળાઓ તથા ત્રીસ સહાયક અનુદાન છાત્રાલયો નીચેના સ્થળોએ શરુ કરવામાં આવ્યા.

**અ. આશ્રમશાળાઓ :**

| અ.નં. | સ્થળ |
|---|---|
| ૧ | ભૂજોડી |
| ૨ | કોલવડા |

**બ. છાત્રાલયો**

| | |
|---|---|
| ૧ | જગાણા |
| ૨ | નહાર |
| ૩ | ચુલી |
| ૪ | વડાલી |
| ૫ | વાસણ |
| ૬ | ખંઢેરી |
| ૭ | ઓઢવ |
| ૮ | ગડુ (શેરબાગ) |
| ૯ | કોડીનાર |
| ૧૦ | જામનગર |
| ૧૧ | રાધનપુર |
| ૧૨ | લાક્રોડા |
| ૧૩ | નાગલપુર |
| ૧૪ | ભિલોડા |
| ૧૫ | રાજકોટ |
| ૧૬ | જુનાગઢ |
| ૧૭ | બાલાસિનોર |
| ૧૮ | પીછોડા |
| ૧૯ | અંજાર |
| ૨૦ | જામનગર |
| ૨૧ | ઉંટડી |
| ૨૨ | નખત્રાણા |
| ૨૩ | મોતીપુરા |
| ૨૪ | ઈન્દ્રજાણ |
| ૨૫ | ચાંચ |
| ૨૬ | વાવોલ |
| ૨૭ | ટુવડ |
| ૨૮ | કાંકણપુર |

| | |
|---|---|
| ૨૮ | કાંકણપુર |
| ૨૯ | ઝાંક |
| ૩૦ | બાલાસિનોર |

-------------

**જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ હેઠળ ફાળવેલ રકમ**

૧૬૫૬૩ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ અન્વયે તા.૩૧-૩-૦૫ સુધીમાં કેટલા જિલ્લામાં કેટલી જમીનમાં આ કામ પૂર્ણ થયું,

(૨) આ કાર્યક્રમ માટે ભારત સરકારે તા.૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવેલી રકમ કેટલી છે, અને

(૩) આ ફાળવાયેલી રકમમાંથી કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ અન્વયે તા. ૩૧/૩/૦૫ સુધીમાં ૨૫ જિલ્લામાં ૯૭૦૯૩૦ હેક્ટર જમીનમાં આ કામ પૂર્ણ થયું.

(૨) આ કાર્યક્રમ માટે ભારત સરકારે તા. ૩૧/૩/૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવેલી રકમ રૂા. ૨૫૪૯૩.૦૨ લાખ છે.

(૩) આ ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા ફાળવાયેલી રકમમાંથી રૂા. ૨૦૪૨૭.૪૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

-------------

**શ્રમયોગી યોજના હેઠળ કુટુંબોને લાભ**

૧૪૨૮૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર શ્રમયોગી યોજના હેઠળ જિલ્લાવાર કેટલા કુટુંબોને પસંદ કરવામાં આવ્યા, અને

(૨) કેટલા કુટુંબોને કેટલા ખર્ચે લાભ આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) જાન્યુ.-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે શ્રમયોગી યોજના હેઠળ કુલ ૯૧૨૨૧ કુટુંબોને પસંદ કરવામાં આવેલ છે. જિલ્લાવાર માહિતી સામેલ પત્રક મુજબ છે.

(૨) રાજ્યમાં કુલ ૮૪૮૫૫ કુટુંબોને લાભ આપવામાં આવેલ છે અને રૂા. ૧૭,૪૦૦.૬૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

પત્રક

**શ્રમયોગી યોજના હેઠળ કુટુંબોને લાભની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ | જિલ્લો | છેલ્લા બે વર્ષમાં જાન્યુઆરી-૦૬ અંતિત પસંદ કરાયેલ કુટુંબોની સંખ્યા | તે પેકી કેટલા કુટુંબોને લાભ આપ્યો | કેટલો ખર્ચ કરવામાં આવ્યો (રૂા, લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૨૮૮૨ | ૨૮૮૨ | ૩૪૧.૮૭ |
| ૨ | અમરેલી | ૩૧૫૮ | ૨૭૬૬ | ૬૨૫.૯૦ |
| ૩ | આણંદ | ૧૮૩૫ | ૧૮૩૫ | ૨૫૬.૫૪ |
| ૪ | બનાસકાંઠા | ૬૨૧૮ | ૬૨૧૮ | ૧૮૪૦.૫૯ |
| ૫ | ભરૂચ | ૩૩૦૪ | ૩૩૦૪ | ૬૬૩.૮૩ |
| ૬ | ભાવનગર | ૩૯૮૮ | ૩૭૩૦ | ૩૮૦.૬૬ |
| ૭ | દાહોદ | ૩૪૮૦ | ૩૪૮૦ | ૮૯૮.૪૨ |
| ૮ | ડાંગ | ૧૫૫૫ | ૧૫૫૫ | ૧૯૨.૫૭ |
| ૯ | ગાંધીનગર | ૧૪૭૯ | ૧૪૭૯ | ૨૪૪.૫૪ |
| ૧૦ | જામનગર | ૩૪૦૩ | ૩૩૧૩ | ૪૩૪.૮૧ |
| ૧૧ | જુનાગઢ | ૪૩૦૭ | ૨૮૩૭ | ૬૩૩.૭૮ |

| ક્રમ | જિલ્લો | છેલ્લા બે વર્ષમાં જાન્યુઆરી-૦૬ અંતિત પસંદ કરાયેલ કુટુંબોની સંખ્યા | તે પૈકી કેટલા કુટુંબોને લાભ આપ્યો | કેટલો ખર્ચ કરવામાં આવ્યો (રૂા, લાખમાં) |
|---|---|---|---|---|
| ૧૨ | ખેડા | ૩૧૫૦ | ૩૧૫૦ | ૭૬૦.૦૭ |
| ૧૩ | કચ્છ | ૪૫૬૯ | ૩૪૧૫ | ૧૬૦.૨૫ |
| ૧૪ | મહેસાણા | ૩૧૦૮ | ૨૩૧૧ | ૨૯૩.૩૫ |
| ૧૫ | નર્મદા | ૨૭૫૫ | ૨૭૫૫ | ૮૩૨.૨૬ |
| ૧૬ | નવસારી | ૧૯૬૫ | ૧૯૬૫ | ૩૨૩.૩૦ |
| ૧૭ | પંચમહાલ | ૬૦૦૫ | ૪૭૮૨ | ૧૯૧૩.૯૫ |
| ૧૮ | પાટણ | ૨૬૧૮ | ૨૬૧૮ | ૩૦૬.૫૭ |
| ૧૯ | પોરબંદર | ૭૬૫ | ૬૧૩ | ૬૮.૮૨ |
| ૨૦ | રાજકોટ | ૪૩૩૪ | ૩૫૦૪ | ૧૮૮.૦૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૬૭૫૬ | ૬૭૫૬ | ૧૧૮૮.૪૩ |
| ૨૨ | સુરત | ૬૩૪૨ | ૬૩૪૨ | ૧૨૨૩.૮૬ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૩૨૦૭ | ૩૨૦૭ | ૧૭૫.૭૯ |
| ૨૪ | વડોદરા | ૭૬૯૩ | ૭૬૯૩ | ૨૭૩૫.૮૯ |
| ૨૫ | વલસાડ | ૨૩૪૫ | ૨૩૪૫ | ૭૧૬.૬૪ |
| | કુલ.. | ૯૧૨૨૧ | ૮૪૮૫૫ | ૧૭૪૦૦.૬૯ |

-------------

**સુરત જિલ્લામાં પંચાયતનું મંજૂર થયેલ મહેકમ**

૧૬૩૩૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) મંજૂર થયેલ મહેકમની સામે કેટલા કર્મચારીની ઘટ છે,

(૩) આ ઘટ કેટલા સમયથી છે, અને

(૪) આ ઘટ પુરવા માટે સરકારે શું આયોજન કર્યું છે ?

**જવાબ**

(૧) અને (૨) : પત્રક મુજબ

(૩) જુદા જુદા સમયથી

(૪) વહીવટી અનુકુળતા ધ્યાને લઈને ઘટ પુરવા સરકાર પ્રયત્નશીલ છે.

**પત્રક**

| ક્રમ | સંવર્ગનું નામ | તાલુકા પંચાયત બારડોલીનું મંજુર મહેકમ | તાલુકા પંચાયત બારડોલીમાં ઘટ | તાલુકા પંચાયત માંડવીનું મહેકમ | તાલુકા પંચાયત માંડવીમાં ઘટ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | તા.વિ.અધિ./યોજના સહ તા.વિ.અધિ. | ૧ | ૦ | ૧ | ૦ |
| ૨. | તા. પં. અધિ. | ૧ | ૦ | ૧ | ૧ |
| ૩. | મ. તા. વિ. અધિ. | ૧ | ૧ | ૨ | ૧ |
| ૪. | જુનીયર ક્લાર્ક | ૮ | ૦ | ૯ | ૦ |
| ૫. | નાયબ હિસાબનીશ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૬. | ડ્રાયવર | ૧ | ૦ | ૨ | ૦ |
| ૭. | વિ. અધિ. (ઘરથાળ) | ૧ | ૧ | ૧ | ૦ |
| ૮. | વિ. અધિ. (સહકાર) | ૧ | ૧ | ૧ | ૦ |
| ૯. | આંકડા મદદનીશ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૧૦. | નાયબ ચીટનીશ | ૧ | ૧ | ૦ | ૦ |

| ક્રમ | સંવર્ગનું નામ | તાલુકા પંચાયત બારડોલીનું મંજુર મહેકમ | તાલુકા પંચાયત બારડોલીમાં ઘટ | તાલુકા પંચાયત માંડવીનું મહેકમ | તાલુકા પંચાયત માંડવીમાં ઘટ |
|---|---|---|---|---|---|
| ૧૧. | સી. ક્લાર્ક | ૧ | ૧ | ૧ | ૦ |
| ૧૨. | સી. એકા. ક્લાર્ક | ૧ | ૦ | ૧ | ૧ |
| ૧૩. | સર્કલ ઈન્સ્પેક્ટર | ૨ | ૨ | ૩ | ૧ |
| ૧૪. | તલાટી | ૬૪ | ૨૨ | ૫૮ | ૧૧ |
| ૧૫. | કેળવણી નીરીક્ષક | ૧ | ૦ | ૧ | ૦ |
| ૧૬. | લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર | ૫ | ૧ | ૫ | ૨ |
| ૧૭. | વેટરનરી ઓફિસર | ૧ | ૧ | ૨ | ૧ |
| ૧૮. | અધિક મદદનીશ ઈજનેર | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૯. | ગ્રામસેવક | ૦ | ૦ | ૨ | ૨ |
| ૨૦. | પટાવાળા/કોટવાળ | ૧૨ | ૧ | ૧૨ | ૨ |
| ૨૧. | ડ્રેસર | ૧ | ૦ | ૧ | ૦ |
| | કુલ | ૧૦૬ | ૩૩ | ૧૦૫ | ૨૨ |

-----------

**રાજ્યમાં અનુસૂચિત જાતિની આશ્રમ શાળાઓ**

૧૬૮૫૨ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા (ભા.જ.પ.) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૩ થી તા.૩૧-૧-૨૦૦૬ સુધીમાં રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલી અનુસૂચિત જાતિની આશ્રમશાળાઓ આવેલી છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | આશ્રમશાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૧ |
| ૨ | ગાંધીનગર | ૮ |
| ૩ | ખેડા | ૯ |
| ૪ | આણંદ | ૨ |
| ૫ | મહેસાણા | ૭ |
| ૬ | અમરેલી | ૧ |
| ૭ | બનાસકાંઠા | ૫ |
| ૮ | ભાવનગર | ૫ |
| ૯ | દાહોદ | ૩ |
| ૧૦ | જામનગર | ૧ |
| ૧૧ | જુનાગઢ | ૮ |
| ૧૨ | કચ્છ | ૩ |
| ૧૩ | પંચમહાલ | ૫ |
| ૧૪ | પાટણ | ૫ |
| ૧૫ | રાજકોટ | ૪ |
| ૧૬ | સાબરકાંઠા | ૮ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ૩ |
| ૧૮ | વડોદરા | ૧ |
| | કુલ : | ૮૯ |

(૨) તે પેકી દાહોદ જિલ્લામાં નવી કેટલી અનુસૂચિત જાતિની આશ્રમશાળાઓ શરુ કરવાનું સરકારનું આયોજન છે ?

(૨) હાલ કોઈ આયોજન નથી.

-------------

**સુરત જિલ્લામાં સહકારી મંડળીઓની જમીનની હરાજી**

૧૫૯૫૭ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) :માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં સહકાર વિભાગ દ્વારા તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં સહકારી મંડળીની જમીનો હરાજી કરવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો આ હરાજી નિયમ મુજબ કરવામાં આવી છે કે કેમ, અને

(૩) જો ના, તો જવાબદાર અધિકારી સામે કોઇ પગલાં લીધા છે કે કેમ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**નર્મદા જિલ્લામાં ગોચર જમીન પર અન અધિકૃત દબાણ**

૧૬૯૪૯ શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ નર્મદા જિલ્લાના સાગબારા અને દેડીયાપાડા તાલુકામાં જુદી જુદી પંચાયતો હેઠળ આવેલ ગોચરની જમીન પર કેટલા અન અધિકૃત દબાણો કરવામાં આવેલ છે, અને

(૨) આવા અન અધિકૃત દબાણો દ્વારા કેટલી જમીનનું દબાણ કરવામાં આવેલ છે અને તે દૂર કરવા તંત્રે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) સાગબારા તાલુકામાં શૂન્ય અને દેડીયાપાડા તાલુકામાં ૧૦૪ અનઅધિકૃત દબાણો કરવામાં આવેલ છે.

(૨) ૨ હેક્ટર અને ૩૦ આરે.

આ દબાણો દૂર કરવા ગ્રામ પંચાયતો ધ્વારા નોટીસો આપી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

-------------

**રાજ્યમાં પંચાયતમાં રહેમરાહે નોકરીની અરજીઓ**

૧૬૧૮૮**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરીની કેટલી અરજીઓ આવી,

(૨) આ પૈકી કેટલી અરજીઓનો સ્વીકાર કરવામાં આવ્યો,

(૩) કેટલી અરજીઓ સ્વીકારવાની બાકી છે, અને

(૪) બાકી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબ કુલ-૨૬૨૯ દરખાસ્તો સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તરફથી મળી હતી.

(૨) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ ૧૭૨૭ દરખાસ્તો સ્વીકારવામાં આવી, અને ૩૧૭ દરખાસ્તોનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૩) ૫૮૫ દરખાસ્તો તા.૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ ચકાસવાની બાકી હતી.

(૪) નિયમ મુજબ પાત્રતા ધરાવતા અરજદારોને બનતી ત્વરાએ રહેમરાહે નિમણૂંક આપવાની કાર્યવાહી ચાલુ છે.

**પત્રક**

**તા. ૩૧-૧-૦૫ સુધીમાં વિભાગને મળેલ રહેમરાહે દરખાસ્તોની પરિસ્થિતિ દર્શાવતું પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | વિભાગને મળેલ દરખાસ્ત | સ્વીકાર | અસ્વીકાર | પડતર |
|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૭૬ | ૫૬ | ૧૭ | ૦૩ |

| ક્રમ | જિલ્લાનુંનામ | વિભાગને મળેલ દરખાસ્ત | સ્વીકાર | અસ્વીકાર | પડતર |
|---|---|---|---|---|---|
| ૨ | પાટણ | ૬૯ | ૪૨ | ૧૧ | ૧૬ |
| ૩ | નવસારી | ૪૨ | ૨૮ | ૦૭ | ૦૭ |
| ૪ | મહેસાણા | ૧૪૫ | ૧૦૧ | ૨૧ | ૨૩ |
| ૫ | અમરેલી | ૯૯ | ૫૫ | ૨૦ | ૨૪ |
| ૬ | જૂનાગઢ | ૧૩૪ | ૮૬ | ૨૩ | ૨૫ |
| ૭ | જામનગર | ૧૦૪ | ૬૭ | ૦૭ | ૩૦ |
| ૮ | પોરબંદર | ૧૭ | ૦૮ | ૦૩ | ૦૬ |
| ૯ | ખેડા-નડિયાદ | ૧૩૩ | ૮૬ | ૦૮ | ૩૯ |
| ૧૦ | રાજકોટ | ૧૨૬ | ૭૮ | ૪૪ | ૦૪ |
| ૧૧ | ભાવનગર | ૯૪ | ૬૧ | ૦૫ | ૨૮ |
| ૧૨ | બનાસકાંઠા | ૧૭૮ | ૧૨૧ | ૦૯ | ૪૮ |
| ૧૩ | ડાંગ-આહવા | ૨૯ | ૧૫ | ૦૪ | ૧૦ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૧૦૦ | ૬૬ | ૦૬ | ૨૮ |
| ૧૫ | નર્મદા | ૪૬ | ૩૨ | ૦૭ | ૦૭ |
| ૧૬ | દાહોદ | ૭૬ | ૩૯ | ૧૨ | ૨૫ |
| ૧૭ | વડોદરા | ૧૮૨ | ૧૧૮ | ૧૩ | ૫૧ |
| ૧૮ | અમદાવાદ | ૧૫૧ | ૧૦૮ | ૦૬ | ૩૭ |
| ૧૯ | સાબરકાંઠા | ૧૪૭ | ૮૯ | ૧૮ | ૪૦ |
| ૨૦ | કચ્છ-ભૂજ | ૯૪ | ૬૯ | ૧૨ | ૧૩ |
| ૨૧ | સુરત | ૧૬૫ | ૧૪૫ | ૧૪ | ૦૬ |
| ૨૨ | ભરૂચ | ૧૩૩ | ૮૩ | ૧૨ | ૩૮ |
| ૨૩ | આણંદ | ૮૯ | ૬૫ | ૦૩ | ૨૧ |
| ૨૪ | ગાંધીનગર | ૫૭ | ૩૫ | ૦૯ | ૧૩ |
| ૨૫ | પંચમહાલ | ૧૪૩ | ૭૪ | ૨૬ | ૪૩ |
| | **કુલ :** | **૨૬૨૯** | **૧૭૨૭** | **૩૧૭** | **૫૮૫** |

-------------

**પશુપાલન યુનિવર્સિટી માટે વિચારણા**

૧૭૧૭૧ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પશુપાલન મહા વિદ્યાલય માટે હાલ સરકારની વિચારણા છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) અગાઉની સરકારમાં આવી યુનિવર્સિટી માટે નિર્ણય લેવામાં આવેલ છે કે કેમ ? | (૨) હા, જી. |

-------------

**રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયત વિભાજન અંગેની અરજીઓ**

૧૭૦૩૧ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કઇ કઇ ગ્રામ પંચાયત વિભાજન અંગેની કેટલી અરજીઓ આવી, | (૧) (એક) |
| (૨) તે પૈકી કેટલી અરજીનો નિકાલ કરવામાં આવેલ છે, અને | (૨) વિધાનસભા મતવિસ્તારની સિમાંકનની કાર્યવાહી દરમિયાન યથાવત સ્થિતિ જાળવી રાખવાની છે. |
| (૩) બાકી રહેલ અરજીઓ કેટલા સમયમાં નિકાલ કરાશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**તલાલા તાલુકામાં ૧૧ મા નાણાં પંચના મંજૂર થયેલા રસ્તાઓનું બાકી ચૂકવણું**

૧૬૭૧૭ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાલાલા તાલુકામાં ૧૧ માં નાણાં પંચમાંથી મંજૂર થયેલ રસ્તાઓના કામો કે જેમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી, અને વર્ક ઓર્ડર પણ આપવામાં આવેલ, અને કામ પૂર્ણ પણ થઇ ગયેલ હોવા છ્તાં ગ્રામ પંચાયતોનું ચૂકવણું કરવામાં આવેલ નથી, તે હકીકત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) તે પૈકી તાલાલા તાલુકાની કેટલી ગ્રામ પંચાયતોને ચૂકવણું કરવાનું બાકી છે, અને | (૨) ૭ (સાત) |
| (૩) આ ગ્રામ પંચાયતોનું ચૂકવણું ક્યારે કરવામાં આવશે ? | (૩) નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. |

-------------

**બાયો ફ્યુઅલ માટેના પ્લાન્ટ સ્થાપવા અંગે**

૧૬૭૦૭**શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાયોફ્યુઅલ માટેનો જેટ્રોફા આધારિત પ્લાન્ટ કૃષિ યુનિવર્સિટીઓમાં સ્થાપવાનું રાજ્ય સરકાર વિચારે છે, તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**હોર્ટીકલ્ચર મીશન કાર્યક્રમ હેઠળ જિલ્લાનો સમાવેશ**

૧૭૨૫૯ **શ્રી જગદીશભાઈ ઠાકોર (દહેગામ): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ભારત સરકારના હોર્ટીકલ્ચર મીશન કાર્યક્રમમાં રાજ્યના કેટલા જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, | (૧) ૧૦ (દશ) |
| (૨) આ યોજનામાં સમાવેશ કરવાની વિગતો શું છે, અને | (૨) ભારત સરકારશ્રીની ૧૦૦% પુરસ્કૃત યોજના છે. તેની ગાઈડ લાઈન મુજબ સને ૨૦૦૫-૦૬ના વર્ષથી ઈન્ટીગ્રેટેડ ક્લસ્ટર ડેવલપમેન્ટ એપ્રોચ અનુસાર રાજ્યના જિલ્લાઓના પાકની હયાત અને સંભવિત બજાર સાંકળ, પાકમાંથી ખેડૂતોને મળનાર વળતર તેમજ જે તે પાકના ઉત્પાદનના સ્થાનિક બજાર અને નિકાસલક્ષી બજારને ધ્યાને રાખીને હોર્ટીકલ્ચર મિશનમાં જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૩) આ યોજનામાં ગાંધીનગર જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે કે કેમ ? | (૩) ના, જી. |

-------------

**અગિયારમાં નાણાપંચ હેઠળ અમદાવાદ જિલ્લામાં રકમની ફાળવણી**

૧૬૮૫૭ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અગિયારમાં નાણાપંચ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧-૦૬ માં કેટલી નાણાકીય ફાળવણી કરી, | (૧) રૂા. ૧૬૩૦.૩૭ લાખ |

(૨) ફાળવણી કરતાં વધુ નાણાકીય ખર્ચ કરવામાં આવ્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો આ વધારાના નાણા ક્યાંથી ચૂકવવા અંગે સરકારનું શું આયોજન છે ?

(૩) વિચારણા ચાલે છે.

-------------

**હિંમતનગર તાલુકામાં બી.પી.એલ. ના લાભાર્થી**

૧૬૧૯૦ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ હિંમતનગર તાલુકામાં બી.પી.એલ. ના લાભાર્થી કેટલા છે, અને

(૨) બાકી રહેતા બી.પી.એલ. ના લાભાર્થીઓને ક્યાં સુધીમાં સમાવેશ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નવમી પંચવર્ષીય યોજના અંતર્ગત હિંમતનગર તાલુકામાં બી.પી.એલ.ના લાભાર્થીની સંખ્યા ૫૮૫૮ની છે.

(૨) દશમી પંચવર્ષીય યોજના માટે ભારત સરકારની માર્ગદર્શક સુચનાઓ મુજબ અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી બી.પી.એલ. કુટુંબોની નવી યાદી આખરી કરવામાં આવશે.

-------------

**ભાવનગર જિલ્લામાં નિરીક્ષકોનું મહેકમ**

૧૬૪૪૧ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં નિરીક્ષકોના મહેકમનું સેટઅપ કેટલું, અને

(૨) તે પેકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ કલ્યાણ માટે ૧૧ અને વિકસતી જાતિ કલ્યાણ ખાતા માટે ૦૬ નિરીક્ષકોની જગ્યાઓ મંજૂર થયેલ છે.

(૨) ૯ (નવ)

-------------

**ભાવનગર જિલ્લામાં લેન્ડ કમિટિની બેઠકો**

૧૬૮૪૯ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) :માનનીય પંચાયત અને ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેલેન્ડર વર્ષ ૨૦૦૫માં લેન્ડ કમિટિની કેટલી બેઠકો થઇ અને તેમાં કેટલી માંગણીઓ મંજૂર કરવામાં આવી અને હવે કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેલેન્ડર વર્ષ-૨૦૦૫માં લેન્ડ કમીટીની ૬ (છ) બેઠકો મળેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મળેલ લેન્ડ કમિટિની સંખ્યા | લેન્ડ કમિટિ મળ્યા તારીખ | મંજૂર કરેલ અરજીઓ | પડતર અરજાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | તળાજા | ૧ | ૨૯-૮-૦૫ | ૭૦ | ૦૦ |
| ૨ | મહુવા | ૧ | ૧૩-૮-૦૫ | ૭૦ | ૦૦ |
| ૩ | પાલીતાણા | ૧ | ૧૨-૯- | ૧૦૩ | ૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ૦૫ | | |
| ૪ | ગારીયાધાર | ૨ | ૨૯-૩-૦૫ | ૦૦ | ૨૭૫ |
| | | | ૩૦-૯-૦૫ | ૦૦ | ૦૦ |
| ૫ | ઉમરાળા | ૧ | ૨૮-૭-૦૫ | ૮૭ | ૦૦ |
| | કુલઃ- | ૬ | | ૩૩૦ | ૨૭૫ |

(૨) પડતર અરજીનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

(૨) તાલુકા લેન્ડ કમિટિની બેઠક મળ્યેથી.

-------------

## છોટાઉદેપુર, ક્વાંટ અને પાવી જેતપુરમાં વોટરશેડના કામો

૧૬૭૧૬ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છોટા ઉદેપુર, ક્વાંટ અને પાવી-જેતપુર તાલુકામાં કુલ કેટલા ગામોમાં વોટરશેડનું કામ ચાલે છે,

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં છોટાઉદેપુર તાલુકાના કેટલા ગામોમાં વોટરશેડ યોજનાનો લાભ આપવામાં આવ્યો,

(૩) તેમાં કુલ કેટલો ખર્ચ થયો, અને

(૪) કઇ એજન્સી એ કામ કર્યુ ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ છોટાઉદેપુર, ક્વાંટ અને પાવી-જેતપુર તાલુકાઓમાં કુલ ૮૪ ગામોમાં વોટરશેડનું કામ ચાલુ છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં છોટાઉદેપુર તાલુકાના કુલ-૯ ગામોમાં વોટરશેડ યોજનાનો લાભ આપવામાં આવ્યો.

(૩) તેમાં કુલ રૂા. ૧૫.૮૪ લાખનો ખર્ચ થયો.

(૪) તાલુકા પંચાયત, છોટાઉદેપુરએ કામ કર્યુ.

-------------

## રાજ્યમાં પશુ દવાખાનાઓમાં ડૉક્ટરની ખાલી જગ્યાઓ

૧૪૩૪૦ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ જિલ્લાવાર પશુ દવાખાનાઓમાં ડૉક્ટરોની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ક્યા કારણોસર ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

| ૨ | અમદાવાદ | ૪૪ |
| ૩ | વડોદરા | ૪૫૭ |
| ૪ | ભરૂચ | ૧૨૧ |
| ૫ | આણંદ | ૨૦૨ |
| ૬ | સુરત | ૨૫૪ |
| ૭ | મહેસાણા | ૪૪૯ |
| ૮ | વલસાડ | ૪૨ |
| ૯ | જામનગર | શૂન્ય |
| ૧૦ | રાજકોટ | ૦૨ |
| ૧૧ | કચ્છ-ભૂજ | શૂન્ય |
| ૧૨ | ભાવનગર | ૧૦ |
| ૧૩ | અમરેલી | ૧૩ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૦૪ |
| ૧૫ | દાહોદ | ૭૬ |
| ૧૬ | નર્મદા-રાજપીપળા | ૭૫ |
| ૧૭ | ગોધરા-પંચમહાલ | ૪૩૫ |
| ૧૮ | હિંમતનગર | ૫૧ |
| ૧૯ | પાલનપુર | ૨૭૭ |
| ૨૦ | પાટણ | ૨૮૫ |
| ૨૧ | પોરબંદર | શૂન્ય |
| ૨૨ | નવસારી | ૩૯ |
| ૨૩ | જુનાગઢ | ૦૨ |
| ૨૪ | આહવા-ડાંગ | શૂન્ય |
| ૨૫ | નડિયાદ | ૩૬૪ |

(૨) આણંદ જિલ્લામાં આવા પુસ્તકાલયો આ સાથેના પત્રકમાં * દર્શાવ્યા મુજબના ગામે આવેલાં છે.

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૮-૦૫ની સ્થિતિએ પુસ્તકાલયો પાછળ રૂા. ૧૩૪.૮૩ લાખનો ખર્ચ થયેલ છે.

(૪) સરકારી ખર્ચમાં કરકસરની પ્રવર્તમાન સુચનાઓ અનુસાર હાલમાં નવા પુસ્તકાલયો ખોલવામાં આવતા નથી (*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

-------------

**રાજ્યમાં સ્પોર્ટસ સંકુલો પાછળ ખર્ચ**

અતારાંક્તિ : ૩૯૫૭ (૧૭-૧૦-૨૦૦૫) **શ્રી અમીત ચાવડા (બોરસદ)** : માનનીય રમતગમત, મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૮-૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ક્યા ક્યા જિલ્લાઓમાં સ્પોર્ટસ સંકુલ આવેલા છે,

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૮-૦૫ની સ્થિતિએ સ્પોર્ટસ સંકુલ પાછળ વર્ષવાર બાંધકામ અને વહીવટ ખાતે કેટલો ખર્ચ થયેલો છે, અને

(૩) બાકી જિલ્લાઓને સ્પોર્ટસ સંકુલનો લાભ મળે તે માટે સરકારનું શું આયોજન છે ?

**રમતગમત, મંત્રીશ્રી** (૨-૧૨-૨૦૦૫) :

(૧) આ સાથેના પત્રક-અ મુજબ.

(૨) **બાંધકામ માટે થયેલ ખર્ચ :-**

| | | |
|---|---|---|
| (૧) | ૨૦૦૩-૦૪ | રૂા. ૩૩,૨૩,૨૫૩/- |
| (૨) | ૨૦૦૪-૦૫ | રૂા. ૧૧,૨૯,૬૬૪/- |
| (૩) | ૨૦૦૫-૦૬ | રૂા. ૦૩,૬૬,૩૫૯/- |

(તા. ૩૧-૮-૦૫ની સ્થિતિએ)

**વહીવટ માટે થયેલ ખર્ચ :-**

| | | |
|---|---|---|
| (૧) | ૨૦૦૩-૦૪ | રૂા. ૮૮,૯૬,૪૯૦/- |
| (૨) | ૨૦૦૪-૦૫ | રૂા. ૮૨,૪૭,૬૬૫/- |
| (૩) | ૨૦૦૫-૦૬ | રૂા. ૪૨,૧૯,૮૧૨/- |

(તા. ૩૧-૮-૦૫ની સ્થિતિએ)

(૩) જમીનની પ્રાપ્તિ અને અંદાજપત્રની જોગવાઇને લક્ષમાં લઇને બાકીના જિલ્લામાં રમત સંકુલોના નિર્માણ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ છે.

**પત્રક-અ**

**તા. ૩૧-૮-૦૫ની સ્થિતિએ રાજ્યમાં આવેલ**

**જિલ્લાવાર રમત સંકુલોની વિગતો દર્શાવતું પત્રક.**

| ક્રમ | જિલ્લા રમત સંકુલનું નામ |
|---|---|
| ૧ | ભાવનગર |
| ૨ | ખેડા (નડીયાદ) |
| ૩ | જામનગર |
| ૪ | પાટણ |
| ૫ | સુરેન્દ્રનગર-લીંબડી ધ્રાંગધ્રા |
| ૬ | દાહોદ (દેવગઢ બારીયા) |
| ૭ | ડાંગ (સાપુતારા) |

-----------

**બોરસદ અને આંકલાવ તાલુકાઓમાં સ્પોર્ટસ સંકુલનું આયોજન**

અતારાંકિત : ૩૯૫૮ (૧૭-૧૦-૨૦૦૫) **: શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય રમત ગમત, મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૮-૦૫ની સ્થિતિએ બોરસદ અને આંકલાવ તાલુકાઓમાં વસ્તીના ધોરણે સ્પોર્ટસ સંકુલ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ બાબતે સરકારનું શું આયોજન છે ?

**રમતગમત, મંત્રીશ્રી** (૨-૧૨-૨૦૦૫) :

(૧) હા, જી.

(૨) બોરસદ અને આંક્લાવ તાલુકાઓમાં સ્પોર્ટસ સંકુલો તેયાર કરવાનું હાલ કોઇ આયોજન નથી.

-----------

## ભરૂચ જિલ્લામાં બંધ પડેલા ગ્રામ્ય પુસ્તકાલયો ફરી શરૂ કરવા અંગે

અતારાંક્તિ : ૩૯૬૯ (૧૭-૧૦-૨૦૦૫) **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા)** : માનનીય રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભરૂચ જિલ્લાના ઝઘડીયા, વાલીયા, અંક્લેશ્વર. જંબુસર, હાંસોટ, ભરૂચ, વાગરા અને ચાણોદ તાલુકાના ક્યા-ક્યા ગામોમાં ગ્રામ્ય પુસ્તકાલયો ચાલતા હતા,

(૨) તા. ૩૧-૮-૦૫ની સ્થિતિએ કેટલા પુસ્તકાલયો ચાલે છે. અને કેટલા બંધ હાલતમાં છે,

(૩) સરકાર આ બંધ હાલતમાં પડેલ પુસ્તકાલયો શરૂ કરાવવા માંગે છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં ?

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રીશ્રી** (૨૯-૧૧-૨૦૦૫) :

(૧) ભરૂચ જિલ્લાના ઝઘડીયા, વાલીયા, અંક્લેશ્વર, જંબુસર, હાંસોટ, ભરૂચ, વાગરા અને ડભોઇ (ચાણોદ) તાલુકામાં આવેલા ગ્રામ્ય ગ્રંથાલયોની યાદી આ સાથેના પત્રક મુજબ સામેલ રાખેલ છે.

(૨) તા. ૩૧-૮-૦૫ની સ્થિતિએ ૧૯૫ પુસ્તકાલયો ચાલે છે અને ૯૭ પુસ્તકાલયો બંધ હાલતમાં છે.

(૩) હા, જી.

(૪) જે તે ગામની ગ્રંથાલય સંચાલન સમિતિ દ્વારા બંધ પુસ્તકાલયને ચાલુ કરવા માટે દરખાસ્ત કરવામાં આવે તો ચકાસણી ક્ર્યા બાદ અનુદાન આપવા અંગેના નિર્ણય લેવામાં આવે છે.

(પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખેલ છે.)

-----------

## રાજ્યમાં જિલ્લાવાર જ્યોતિગ્રામ યોજના અન્વયે કરેલ ખર્ચ

અતારાંક્તિ : ૩૭૩૬ (૬-૮-૨૦૦૫) : **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા ગામોને જ્યોતિગ્રામ યોજના નીચે સમાવવામાં આવ્યા,

(૨) કેટલા ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ સમાવવા બાકી છે, અને

(૩) તે પેકી જ્યોતિગ્રામ યોજના પાછળ રાજ્ય સરકારે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૫-૧૦-૨૦૦૫) :

(૧) અને (૨)

રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના સપ્ટેમ્બર-૨૦૦૩થી શરૂ થઇ ત્યારથી તા. ૩૧-૩-૨૦૦૫ સુધીમાં જ્યોતિગ્રામ થયેલા ગામો અને બાકી ગામોની જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| અનુ. નં. | જિલ્લાનું નામ | જ્યોતિગ્રામ થયેલ ગામોની સંખ્યા | બાકી ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૫૩૭ | ૦૯ |
| ૨. | અમરેલી | ૧૮૦ | ૪૩૫ |
| ૩. | આણંદ | ૩૫૦ | ૦૦ |
| ૪. | બનાસકાંઠા | ૭૭૨ | ૪૭૧ |
| ૫. | ભરૂચ | ૧૭૮ | ૪૭૯ |
| ૬. | ભાવનગર | ૩૪૧ | ૪૪૯ |
| ૭. | દાહોદ | ૪૭૬ | ૨૧૭ |
| ૮. | ડાંગ | ૨૯૨ | ૧૯ |
| ૯. | ગાંધીનગર | ૨૯૩ | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૦. | જામનગર | ૧૯૫ | ૫૦૩ |
| ૧૧. | જુનાગઢ | ૩૧૮ | ૬૦૫ |
| ૧૨. | ખેડા | ૨૭૯ | ૩૩૩ |
| ૧૩. | કચ્છ | ૭૪૨ | ૧૪૪ |
| ૧૪. | મહેસાણા | ૬૩૫ | ૦૦ |
| ૧૫. | નર્મદા | ૮૮ | ૪૬૪ |
| ૧૬. | નવસારી | ૪૭ | ૩૨૭ |
| ૧૭. | પંચમહાલ | ૩૯૯ | ૮૦૨ |
| ૧૮. | પાટણ | ૪૨૮ | ૮૯ |
| ૧૯. | પોરબંદર | ૫૦ | ૧૩૨ |
| ૨૦. | રાજકોટ | ૩૭૪ | ૪૭૦ |
| ૨૧. | સાબરકાંઠા | ૭૩૦ | ૬૪૨ |
| ૨૨. | સુરત | ૩૩૩ | ૩૧૬ |
| ૨૩. | સુરેન્દ્રનગર | ૩૩૪ | ૮૩૪ |
| ૨૪. | વડોદરા | ૧૮૫ | ૧૩૬૩ |
| ૨૫. | વલસાડ | ૧૬૩ | ૨૮૭ |

(૩) તા. ૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા જ્યોતિગ્રામ યોજના પાછળ રૂા. ૨૮૭.૯૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો.

----------------

## રાજ્યમાં જિલ્લાવાર વિધવા બાકી સહાય ચુકવવા અંગે

અતારાંકિત : ૩૭૩૨ (૪-૮-૨૦૦૫) : **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર વિધવા સહાયના કેટલા કેસો રજૂ થયા,

(૨) તે પૈકી કેટલી મહિલાઓને વિધવા સહાય ચુકવવામાં આવી, અને

(૩) બાકી રહેતી સહાય સરકાર ક્યાં સુધીમાં ચૂકવવા માંગે છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૯-૯-૨૦૦૫) :

(૧) ૧૬૩૬૨ જિલ્લાવાર માહિતી પરિશિષ્ટ-૧ મુજબ સામેલ છે.

(૨) ૬૧૦૬

(૩) ગ્રાન્ટ ઉપલબ્ધ થયે તુર્તજ.

### પરિશિષ્ટ-૧

| ક્રમ | જિલ્લો | તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રજુ થયેલ વિધવા સહાયના કેસોની સંખ્યા | રજુ થયેલ કેસોમાંથી મંજુર થયેલ અરજીઓ પૈકી સહાય ચુકવણીના કેસોની સંખ્યા | નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૨૧૩૫ | ૧૦૧૮ | |
| ૨ | અમરેલી | ૬૫૪ | ૩૯૪ | |
| ૩ | બનાસકાંઠા | ૯૭૪ | ૪૧૫ | |
| ૪ | ભાવનગર | ૭૮૭ | ૨૪૦ | |
| ૫ | ભરૂચ | ૪૫૩ | ૧૭૩ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | નર્મદા | ૨૩૪ | ૫૨ | |
| ૭ | ડાંગ | ૬૧ | ૧૦ | |
| ૮ | ગાંધીનગર | ૫૩૫ | ૧૨૬ | |
| ૯ | જામનગર | ૩૨૯ | ૮૮ | |
| ૧૦ | જુનાગઢ | ૧૩૨ | ૧૭ | |
| ૧૧ | પોરબંદર | ૪૧ | -નીલ- | |
| ૧૨ | ખેડા | ૯૪૪ | ૯૭ | |
| ૧૩ | આણંદ | ૭૭૬ | ૧૮૧ | |
| ૧૪ | કચ્છ | ૭૬૧ | ૨૪૬ | |
| ૧૫ | મહેસાણા | ૬૦૨ | ૧૧૨ | |
| ૧૬ | પાટણ | ૭૬૩ | ૩૧૨ | |
| ૧૭ | પંચમહાલ | ૮૩૩ | ૬૧ | |
| ૧૮ | દાહોદ | ૧૩૦ | ૧૫ | |
| ૧૯ | રાજકોટ | ૩૩૮ | ૨૪૪ | |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૩૧૨ | ૧૨૮ | |
| ૨૧ | સાબરકાંઠા | ૧૨૬૧ | ૬૨૫ | |
| ૨૨ | સુરત | ૧૩૬૫ | ૬૩૬ | |
| ૨૩ | વડોદરા | ૮૧૬ | ૪૮૫ | |
| ૨૪ | વલસાડ | ૪૮૪ | ૨૯૧ | |
| ૨૫ | નવસારી | ૬૪૨ | ૧૪૦ | |
| | કુલ : | ૧૬૩૬૨ | ૬૧૦૬ | |

-------------

## અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો વિગતવાર

| ક્રમ | વિભાગનું નામ | નંબર | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર | ૩૮૪૯ | ૧ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૩૬૬૪, ૩૭૯૮ | ૨ |
| ૩ | નાણા વિભાગ | ૩૬૫૨, ૩૭૪૬, ૩૭૯૯, ૩૮૦૨, ૩૮૦૩ | ૫ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૩૮૧૬, ૩૮૩૬, ૩૮૮૪ | ૩ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૭૪૨ | ૧ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૬૯૭, ૩૮૦૭, ૩૮૦૮ | ૩ |
| ૭ | ગૃહ વિભાગ | ૩૬૮૧, ૩૭૬૭, ૩૮૩૭, ૩૮૩૮, ૩૯૬૨ | ૫ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૬૭૫, ૩૯૫૫ | ૨ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૩૮૪૪ | ૧ |
| ૧૦ | કાયદા વિભાગ | ૩૭૨૯ | ૧ |
| ૧૧ | નર્મદા, જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૩૬૮૫, ૩૮૧૩, ૩૮૭૦, ૩૮૯૦, ૩૯૪૬ | ૫ |
| ૧૨ | મહેસૂલ વિભાગ | ૩૨૬૧, ૩૭૦૫, ૩૭૦૮, ૩૭૧૦, ૩૭૨૨, ૩૭૬૧, ૩૭૬૨, ૩૭૭૦ | ૮ |
| ૧૩ | માર્ગ અને મકાન વિભાગ | ૩૬૩૮, ૩૬૮૬, ૩૮૩૯ | ૩ |
| ૧૪ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૩૭૧૮, ૩૮૫૬ | ૨ |
| ૧૫ | રમતગમત. યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૩૮૦૦, ૩૮૨૫, ૩૮૮૭, ૩૯૫૭, ૩૯૫૮, ૩૯૬૯ | ૬ |
| ૧૬ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૩૭૩૬ | ૧ |
| ૧૭ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૩૭૩૨ | ૧ |
| | | કુલ :- | ૫૦ |

-------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ઘ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### ઓ.એન.જી.સી. પ્રોજેકટ પ્લાન્ટ,મહેસાણામાંથી નુકસાનકારક કેમિકલયુકત ઓઈલ સાથેનું પાણી છોડવા બાબત

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમોના નિયમ ૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું.

"તાજેતરમાં મહેસાણા ઓ.એન.જી.સી. પ્રોજેકટના પ્લાન્ટમાંથી ભયંકર નુકસાનકારક (હેઝાર્ડસ) કેમિકલયુકત ઓઈલ સાથેનું પાણી છોડાતાં જોટાણા ગામના ગરીબ અને મધ્યમવર્ગના ખેડૂતોની આજીવિકા સમાન ૫૦ વીઘા ખેતીની જમીન ખરાબામાં પરિવર્તિત થઈ જવાથી સમગ્ર વિસ્તારના ખેડૂતોમાં ફેલાયેલ ભય અને હતાશાની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, બોર્ડ દ્વારા ઓ.એન.જી.સી.લી., સાઉથ સાંથલ, જી.જી.એસ. (ગૃપ ગેધરીંગ સ્ટેશન) કમ સીટીએફ (સેન્ટ્રલ ટ્રિટમૅન્ટ ફેસેલીટી) કાસલપુર, જી. મહેસાણાને ક્રુડ ઓઈલ (૯૫૦ ઘનમીટર પ્રતિદિવસ ) તથા નેચરલ ગેસ (૩,૦૦,૦૦૦ ઘનમીટર પ્રતિદિવસ) માટે તા:૩/૧૨/૨૦૦૪ના પત્રથી શરતોને આધીન કોન્સોલિડેટેડ કન્સેપ્ટ એન્ડ ઓથોરાઈઝેશન (સીસીએ) આપવામાં આવેલ છે.

ઓ.એન.જી.સી.ના ઉપરોકત એકમ વિરુદ્ધ બોર્ડને અગાઉ સને ૨૦૦૪માં જોટાણા ગામના સરપંચશ્રી તરફથી ઓઈલ અન ગંદુપાણી કુદરતી નાળા દ્વારા તેમના ખેતરોમાં છોડવામાં આવે છે તેમજ ચોમાસામાં વધુ વરસાદ આવે તો જોટાણા-કસલપુરની સીમાં આવેલ ગામ તળાવમાં તૈલી ગંદુપાણી છોડવાથી થતા પ્રદૂષણ બાબતની ફરિયાદ મળેલ. જેના અનુસંધાને બોર્ડના અધિકારીઓ દ્વારા તા:૯/૧૨/૨૦૦૪ના રોજ સ્થળ મુલાકાત લીધેલ. આના આધારે બોર્ડ દ્વારા આ એકમને તા:૨૧/૩/૦૫ના પત્રથી કાયદાકીય પગલાં લેવાની કાર્યવાહી કેમ ન કરવી એવી કારણદર્શક નોટિસ પાઠવેલ છે. આના અનુસંધાને યુનિટે તા:૧૧/૪/૦૫ના પત્રથી જણાવેલ છે કે ઓઈલવાળું ગંદું પાણી દૂર કરવા માટેની કામગીરીનો આદેશ આપેલ છે અને કુદરતી નાળું સીલ કરેલ છે કે જેથી ગંદું પાણી ગામના તળાવમાં જાય નહીં.

ત્યાર બાદ બોર્ડ દ્વારા સમયાંતરે થતી મૂલ્યાંકનની કામગીરીના ભાગરૂપે તા.૧૬/૮/૨૦૦૫ના રોજ સ્થળની ફરીથી મુલાકાત લેવામાં આવેલ છે જેના આધારે એકમને તા:૧૨/૯/૨૦૦૫ના રોજ પાણી કાયદા, ૧૯૭૪ની કલમ ૩૩(એ) હેઠળ નોટિસ ઓફ ડાયરેકશન આપી, યુનિટ સુધારણા માટેના પગલા ન લે તો ઉત્પાદન કાર્ય કેમ બંધ ન કરવું તેનો પંદર દિવસમાં ખુલાસો કરવા જણાવેલ છે. આના અનુસંધાને એકમે તા:૨૨/૯/૨૦૦૫ના રોજ જણાવેલ છે કે, તેમણે ઓઈલવાળું પાણી દૂર કરવાની કાર્યવાહી શરૂ કરેલ છે અને થોડા દિવસોમાં કાર્યવાહી પૂર્ણ થશે તેમ જણાવેલ છે. તા:૧૬/૧૨/૨૦૦૫ની બીજી કારણદર્શક નોટિસના અનુસંધાને એકમે તા:૨૨/૧૨/૨૦૦૫ના પત્રથી જણાવેલ છે કે, તા:૩૧/૩/૨૦૦૬સુધીમાં તમામ તૈલી કચરો ઉઠાવી લેવાશે.

જોટાણા ગામના પટેલ મહેન્દ્રકુમાર શંકરલાલ તેમજ પટેલ કાન્તીલાલ અંબાલાલની તા:૩/૨/૨૦૦૬ની ફરિયાદ બોર્ડને તા:૧૪/૨/૨૦૦૬ના રોજ મળેલ. આના અનુસંધાને બોર્ડના અધિકારીઓ દ્વારા તા:૧/૩/૨૦૦૬ના રોજ સ્થળ તપાસ કરેલ છે. સ્થળ તપાસ દરમિયાન એકમની આજુબાજુ ખૂબ જ ઓઈલવાળું પાણી આશરે નવ હેકટર જમીન પર છોડાયેલું જણાયેલ. આના આધારે બોર્ડ દ્વારા ફરીથી પાણી કાયદા, ૧૯૭૪ની કલમ-૩૩ (એ) હેઠળ તા:૯/૩/૨૦૦૬ના રોજ નોટિસ ઓફ ડાયરેકશન આપી જણાવેલ છે કે પૂરેપૂરું ઓઈલી ગંદુપાણી તાત્કાલિક દુર કરવું, બગાડેલ જમીનની ગુણવત્તા પુનઃસ્થાપિત કરવી અને આ પ્રકારની ઘટનાથી ભવિષ્યમાં કોઈપણ પર્યાવરણીયે હાનિ પહોંચે તે તેની જવાબદારી એકમની રહેશે વિગેરે અંગેનો ખુલાસો કરવા તેમજ કરેલ કાર્યવાહીનો ૧૫(પંદર) દિવસમાં અહેવાલ મોકલવા જણાવેલ. ઉપરોકત નોટિસના અનુસંધાનમાં એકમે તા:૧૦/૦૩/૨૦૦૫ના પત્રથી નીચે જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી કરવા ખાતરી આપેલ છે.

(૧) એકમ ઓઈલી ગંદુપાણી તથા નુકસાન પામેલ જમીનને દુર કરવા તેમજ અસરગ્રસ્ત જમીનને પુનઃ સ્થાપિત કરવા નીચે મુજબ કાર્યવાહી કરશે.

- તા:૩૧/૩/૨૦૦૬ સુધી ૨૦%
- તા:૩૦/૪/૨૦૦૬ સુધી ૪૦% અને
- તા:૧૫/૫/૨૦૦૬ સુધી બાકીના ૪૦%

(૨) ખેડૂતોને નુકશાન બદલ જાન્યુઆરી ૨૦૦૬ સુધીનું વળતર ચૂકવવામાં આવેલ છે જેની માહિતી આ સાથે પત્રકમાં જોડેલ છે તથા જાન્યુઆરી-૨૦૦૬ પછીનું વળતર ૩૧ માર્ચ-૨૦૦૬ સુધીમાં ચૂકવી દેવામાં આવશે.

(૩) તા:૧૫/૫/૨૦૦૬ સુધીમાં ગંદાપાણીના યોગ્ય નિકાલ માટે વધારાના ૩ (ત્રણ) કૂવાઓની વ્યવસ્થા કરવામાં આવશે.

(૪) ઓ.એન.જી.સી. દ્વારા પર્યાવરણીય સંરક્ષણ માટે યોગ્ય સલાહ સૂચન અને અભ્યાસ અર્થે ગુજરાત એગ્રીકલ્ચર યુનિવર્સિટી, એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજ, અમદાવાદ તથા નીરી, નાગપુરનો સંપર્ક કરવામાં આવી રહેલ છે.

MAIN FARMERS AFFECTED DUE TO EFFLUENT LEAKAGE/DRAINAGE FROM S.S.CTF AND COMPENSATION PAID FOR ૨૦૦૪-૦૫ AND ૨૦૦૫-૦૬

| Sr. No. | Name of farmer | S/No. | Year ૨૦૦૪-૦૫ | | Year ૨૦૦૫-૦૬ | |
|---|---|---|---|---|---|---|
| | | | Affected Area (H.A. - Sq.M.) | Amount paid | Affected Area (H.A. - Sq.M.) | Amount paid |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧A | Patel Varshaben J. | ૧૧૩૨ | ૦૦-૦૯-૦૦ | ૬૫૯૪ | ૦૦-૩૯-૦૦ | ૧૯૫૨૪ |
| ૧B | Patel Varshaben J. | ૮૬૦ | ૦૦-૧૪-૪૦ | ૮૧૫૦ | ૦૦-૨૫-૦૦ | ૧૮૮૭૫ |
| ૨A | Patel Jitendrakumar B. | ૮૯૩ | ૦૦-૫૦-૧૫ | ૫૫૪૬૬ | ૦૦-૬૮-૦૦ | ૩૮૪૮૮ |
| ૨B | Patel Jitendrakumar B. | ૧૧૨૦ | ૦૦-૪૮-૧૮ | ૫૩૨૮૭ | ૦૦-૫૭-૦૦ | ૨૬૮૧૨ |
| ૨C | Patel Jitendrakumar B. | ૮૯૭ | ૦૦-૩૫-૯૦ | ૩૯૪૫૪ | ૦૦-૪૫-૦૦ | ૨૫૪૭૦ |
| ૩A | Patel Satishbhai B. | ૮૯૭ | ૦૦-૧૮-૦૦ | ૧૪૪૭૨ | ૦૦-૩૦-૦૦ | ૧૬૯૮૦ |
| ૩B | Patel Satishbhai B. | ૮૯૩ | ૦૦-૧૧-૨૦ | ૧૦૨૫૬ | ૦૦-૫૫-૦૦ | ૩૧૧૩૦ |
| ૩C | Patel Satishbhai B. | ૮૯૭/૨ | ૦૦-૨૫-૦૦ | ૨૨૪૭૫ | ૦૦-૩૯-૦૦ | ૩૫૫૧૧ |
| ૩D | Patel Satishbhai B. | ૮૫૨ | ૦૦-૧૦-૦૦ | ૬૨૭૦ | ૦૦-૧૦-૦૦ | ૫૬૦૦ |
| ૩E | Patel Satishbhai B. | ૧૧૩૨ | ૦૦-૨૩-૪૦ | ૧૯૭૬૭ | ૦૦-૪૭-૦૦ | ૩૬૨૦૫ |
| ૪A | Patel Manubhai S. | ૮૮૬ | ૦૦-૫૪-૦૦ | ૩૩૮૫૮ | ૦૦-૬૦-૦૦ | ૩૩૯૬૦ |
| ૪B | Patel Manubhai S. | ૧૧૨૫ | ૦૦-૨૮-૦૦ | ૧૫૪૪૮ | ૦૦-૩૯-૦૦ | ૨૨૦૭૪ |
| ૪C | Patel Manubhai S. | ૮૮૮ | ૦૦-૧૬-૦૦ | ૭૦૨૪ | ૦૦-૧૬-૦૦ | ૯૦૫૬ |
| ૫A | Patel Kantibhai A. | ૧૧૨૬ | ૦૦-૧૯-૬૦ | ૧૭૮૩૬ | ૦૦-૩૦-૦૦ | ૧૬૯૮૦ |
| ૫B | Patel Kantibhai A. | ૮૮૭ | ૦૦-૧૦-૦૦ | ૯૧૦૦ | ૦૦-૧૦-૦૦ | ૭૧૦૦ |
| ૬ | Patel Kantibhai S. | ૯૧૪ | ૦૦-૧૫-૦૦ | ૫૬૮૫ | ૦૦-૪૯-૦૦ | ૫૩૮૫૧ |
| ૭ | Patel Premilaben S. | ૮૫૦ | ૦૦-૬૪-૦૦ | ૩૬૨૨૪ | ૦૦-૬૪-૦૦ | ૩૬૨૨૪ |
| ૮ | Patel Mahendrakumar S. | ૮૯૨ | ૦૦-૨૯-૨૫ | ૨૨૦૮૪ | ૦૦-૬૦-૦૦ | ૬૫૯૪૦ |
| ૯ | Patel Parsottambhai P. | ૮૯૮ | ૦૦-૭૦-૦૦ | ૩૫૦૦૦ | ૦૦-૭૦-૦૦ | ૩૯૬૨૦ |
| ૧૦. | Patel Sanatkumar A. | ૮૮૫ | ૦૦-૨૦-૦૦ | ૧૪૨૦૦ | ૦૦-૨૦-૦૦ | ૧૧૩૨૦ |
| ૧૧. | Rabari Babarbhai K. | ૯૧૪ | ૦૦-૧૦-૦૦ | ૪૩૮૦ | ૦૦-૩૯-૦૦ | ૨૨૦૭૪ |
| ૧૨. | Prajapati Bhikhiben C. | ૮૮૯ | ૦૦-૮૦-૦૦ | ૪૫૨૮૦ | ૦૦-૮૦-૦૦ | ૪૫૨૮૦ |
| ૧૩. | Thakor Vajesang M. | ૮૩૯ | ૦૦-૪૦-૦૦ | ૨૨૬૪૦ | ૦૦-૪૦-૦૦ | ૨૨૬૪૦ |
| ૧૪. | Patel Ramanbhai K. | ૮૫૧ | ૦૦-૧૭-૦૦ | ૧૨૦૭૦ | ૦૦-૧૭-૦૦ | ૧૨૦૭૦ |
| ૧૫. | Thakor Bhikhaji H. | ૮૪૮ | ૦૦-૧૪-૦૦ | ૭૯૨૪ | ૦૦-૧૪-૦૦ | ૭૯૨૪ |
| ૧૬. | Thakor Madhuben C. | ૮૪૯ | ૦૦-૨૮-૦૦ | ૧૫૮૪૮ | ૦૦-૨૮-૦૦ | ૧૫૮૪૮ |
| | Total | | ૦૭-૫૧-૧૭ | ૫૪૨૦૯૨ | ૧૦-૩૫-૦૦ | ૬૭૬૫૫૬ |

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, નિવેદન વાંચ્યા પ્રમાણે સંતોષકારક છે. આમ છતાં પણ હું આપના માધ્યમથી આ જોટાણા મારો મત વિસ્તાર કડી અને મહેસાણા તાલુકાનો બનેલો છે અને ઓ.એન.જી.સી.નું મોટા ભાગનું કાર્યક્ષેત્ર મારા મત વિસ્તારમાં આવેલું છે. આ સિવાય અનેક પ્રકારની સમસ્યાઓ ત્યાંના કિસાનોની રહેલી છે. એમાં એક તો જમીન સંપાદન થાય છે એના વળતર સમયસર મળતાં નથી. ઓઈલ ઢળવાથી, ગેસ લીક થવાથી, અકસ્માત થવાથી, આગ લાગવાની અનેક જીવલેણ બનાવો પણ બનતા હોય છે અને એ સિવાય પણ અસરગ્રસ્ત ખેડૂતોના વારસદારોને નોકરી પણ મળતી નથી અને છેલ્લે કાયમી ધોરણે કિસાનોની જમીન સંપાદન કરવા ઓ.એન.જી.સી.એ તજવીજ કરેલ છે. આ બાબતે આ વિસ્તારના ખેડૂતો મુંઝવણમાં છે કારણ કે જો જમીન કાયમી ધોરણે સંપાદન કરવામાં આવે તો હકીકતમાં શારકામ છે, ડ્રીલીંગનું કામ છે એની સમયમર્યાદા ધરતીમાં કે કૂવામાં તેલ હોય ત્યાં સુધી જ હોય છે પણ કાયમી ધોરણે જો આ જમીન સંપાદન થાય તો જન્મજાત ખેડૂત છે એ ખેડૂત મટી જાય એટલે એના કારણે ખેડૂતો નારાજ છે. હું આપના માધ્યમથી અમારા પ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલને વિનંતીપૂર્વક પૂછવા માગું છું કે આ વિસ્તારના અને ખાસ કરીને મહેસાણા જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોની સમસ્યા હલ થાય, એમની માગણી પૂરી થાય, એમને યોગ્ય સમયે વળતર મળે અને એના માટે તાકીદે કોઈ લોક દરબાર કરવા માગે છે કે કેમ એક એ અને બીજું કાયમી નિકાલ થાય તે માટે સ્થાયી કમિટી બનાવીને ખેડૂતોના પ્રશ્નોનો સમયસર ઉકેલ થાય એ માટે કોઈ કાર્ય કરવા માગે છે કે કેમ એ પૂછું છું આપના માધ્યમથી અને માનનીય મંત્રીશ્રી મને જવાબ આપશે તેવી વિનંતી કરું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઓ.એન.જી.સી. દ્વારા કેટલીક જમીનની ખરાબી આવી છે અને એના ખેડૂતોને વળતર પણ આપવામાં આવે છે. ૨ વર્ષમાં લગભગ ૧૬ ખેડૂતોને લગભગ ૧૨ લાખ જેટલું વળતર આપવામાં આવ્યું છે પણ માનનીય ધારાસભ્યશ્રીની લાગણી છે કે મહેસૂલ વિભાગ સાથે કે માનનીય પ્રભારી મંત્રીશ્રી સાથે બેસીને ઓ.એન.જી.સી. સાથે ચર્ચા કરીને ખેડૂતોને સારું વળતર મળે એના માટે અમે ચોકકસ પ્રયત્ન કરીશું.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૧૧૬ની બાબતમાં જે નિવેદન છે, માનનીય મંત્રીશ્રીનું એના અનુસંધાને પૂછવા માગું છું કે તા:૩/૧૨/૦૪ના પત્રથી આ ઓ.એન.જી.સી.ને Consolidated Consent and Authorization (CCA) આપવામાં આવ્યું એ પછી ૬ જ દિવસમાં તા: ૯/૧૨/૦૪ના રોજ સ્થળ મુલાકાત બોર્ડના અધિકારીને લેવાની ફરજ પડી ત્યારથી સતત ૩-૩ મહીનાની મુદત આપતા ગયા છે. બોર્ડના અધિકારીઓ અને છેલ્લે તા:૩૧/૩/૦૬ સુધીમાં આ થઈ જશે એમ કીધું અને એ પછી તા:૧૫/૫/૨૦૦૬ સુધીમાં આ કામ થઈ જશે અને અહીંથી આ હેઝાર્ડસ પાણી બંધ થશે, કેમીકલયુકત એવું કહેવામાં આવ્યું એટલે સતત લગભગ દોઢ વર્ષ જેટલો સમય જે દિવસથી સી.સી.એ. આવ્યું એના બીજા જ દિવસથી આ હેઝાર્ડસ કેમીકલ યુકત પાણી છોડવામાં આવે છે એ એની પહેલાથી છોડવામાં આવે છે કે કેમ? અને હવે એમણે તા. ૧૫-૫-૨૦૦૬ની મુદત આપી છે એ મુદત સુધીમાં કામ પૂર્ણ થાય એ માટેની મોનિટરીંગ વ્યવસ્થા રાજય સરકાર કઈ રીતે કરવા માગે છે અને બીજું કે આ રીતે ગુજરાત રાજયમાં અન્ય જગ્યાએ, હું દાખલો આપીને કહું કે ભાલ વિસ્તારમાં નિરમા કેમિકલ લિમિટેડ ઈન્ડસ્ટ્રીઝે માલ્કમ ચેનલમાં થઈને દરિયામાં પાણી છોડવાનું છે એના બદલે સીધું દરિયામાં પાણી છોડે છે. આના કારણે પાણી વચ્ચે જામ થઈ જાય છે અને આજુબાજુના વિસ્તારમાં અને કામા તળાવમાં પાણી ભરાય છે. કોસ્ટલ હાઈ વે સુધી પાણી ભરાય છે. આવા યુનિટો જ્યાં જ્યાં આવ્યા હોય ત્યાં આનો સરવે કરાવીને આ પ્રકારના યુનિટો ઉપર પગલાં લેવાં માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જેવી ફરિયાદ મળી કે તુરત જ અમારા અધિકારીઓએ રૂબરૂ મુલાકાત લીધી અને ત્યાર પછી તરત જ આદેશ આપવામાં આવ્યો અને આદેશ પ્રમાણે અમલ ન કરે તો કારણદર્શક નોટિસ આપવાની પ્રક્રિયા કરી છે. આ જોટાણા વિસ્તારનો પ્રશ્ન છે. જોટાણામાં જે કાંઈ પાણી છે એ મે સુધીમાં ત્યાંથી લઈ લેવાની વાત કરી છે. પરંતુ અમે ફરીથી નોટિસ આપીને એક મહિનામાં કામગીરી પૂર્ણ કરવાનો આદેશ આપેલ છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, બીજા જિલ્લાઓમાં પણ આવું થાય છે. નહિ તો એ પણ ૧૧૬ની નોટિસના સ્વરૂપે પ્રશ્નો આવશે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : એના માટે અલગ નોટિસ આપવી પડશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે આ ગંદા પાણીની વાત કરી છે અને માનનીય સુનિલભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ બાબતે જણાવવાનું કે જે યુનિટો છે એ મોટા પાયે ગંદુ પાણી છોડે છે. એ છોડ્યા પછી પ્રોસેસ કર્યા વગર આવી રીતે ક્યાં તો ખેતરમાં, વસતીની વચ્ચે, નદીમાં કે તળાવમાં એ પાણી આવી જાય છે. આવા મોટા યુનિટો છે એણે આ ગંદા પાણીને પ્રોસેસ કરીને એના પછી જ છોડવાનો નિયમ છે. એનો સરેઆમ અવાર નવાર ભંગ કરે છે. એના કારણે આજુબાજુના ઉદ્યોગ ભલે રાજ્ય માટે ઉપયોગી હોય પણ જ્યાં આ ઉદ્યોગ સ્થપાય છે એ જગ્યાએ એનું જીવન એકદમ બદ્તર બની જાય છે. સોડા એશનું કારખાનું હોય કે આ પ્રકારના ઓ.એન.જી.સી.ના યુનિટ હોય, એની આજુબાજુમાં રહેવા વાળા લોકોનું જીવન દુ:ખદ કહી શકાય એવું થઈ જાય છે. પશુ પાલનથી માંડીને પોતાના કુટુંબ માટે જીવવું તકલીફ રૂપ થઈ જાય એવી વ્યવસ્થા ઊભી થાય છે. તો આ પ્રકારના યુનિટો છે એની સામે એ સરકારી હોય કે બિન સરકારી હોય એમના ખર્ચે મોનિટરીંગ થાય અને આજુબાજુના લોકો છે એની ફરિયાદની તાત્કાલિક કોઈ તટસ્થ એજન્સી મોનિટરીંગ કરી અને એ પ્રકારના ખેડૂતો, ગામ લોકો હોય એમને તકલીફ ન પડે એ માટેની કોઈ કાર્યવાહી કરવા વિચારે છે કે કેમ? કારણ કે હું સૂચન એટલા માટે કરું છું કે આ મોટા યુનિટો એના ખર્ચે તટસ્થ મોનિટરીંગની વ્યવસ્થા કરી શકે એવા સક્ષમ હોય છે અને એટલા નફાકારક પણ હોય છે. તો આ કરવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું સૂચન છે. પરંતુ આવા યુનિટો છે કે જે આ રીતનું પ્રદૂષણ ફેલાવતા હોય તો એમના ઉપર કાયદાકીય કલમ હેઠળ એકશન લેવામાં આવે છે. એમની વાત મુજબ અમે મોનિટરીંગ વ્યવસ્થા ચોક્કસ ગોઠવવા માગીએ છીએ.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી ઈશ્વરભાઈ મકવાણાએ ધ્યાન દોરતી નોટિસ આપી છે એમાં માનનીય મંત્રીશ્રી સમક્ષ અને આ ગૃહ સમક્ષ ઓ.એન.જી.સી.ની ગંભીરતા બાબતમાં ધ્યાન દોરવા માગું છું. ઓ.એન.જી.સી. આપણી ધરતીમાંથી કાળું સોનું પેદા કરે છે. ખેડૂતોને એટલી મોટી અસર થાય છે કે એની જમીનો લઈ લે છે. એના એપ્રોચેબલ રસ્તાઓ છે એને ખતમ કરી નાખે છે. આપણા એપ્રોચેબલ રસ્તાઓ ગામડાના છે એ રસ્તાઓ ઉપર એટલા મોટા હેવી વ્હીકલો ચાલે છે કે એ રસ્તાને ચાર-છ મહિનામાં ખતમ કરી નાખે છે. જે અસરકર્તા ખેડૂતો છે એના કુટુંબીજનોને શરૂઆતમાં નોકરી આપતા હતા. એ વાત પણ

ઓ.એન.જી.સી.એ બંધ કરી દીધી. ખેડૂતના પાકને નૂકસાન કરે તો એ વળતર પણ એટલું બધું ઓછું આપે છે, જમીનનું વળતર પણ એટલું બધું ઓછું આપે છે એના કારણે આજે અનેક કેસો કોર્ટમાં ચાલે છે અને સામાન્ય ખેડૂતને ન્યાય લેવા માટે જે કોર્ટ-કચેરીના ધકકા અને ફી ખર્ચવી પડે છે એ ઘણી અસહ્ય છે, એટલે રાજ્ય લેવલે અને માનનીય મંત્રીશ્રી લેવલે જે કાંઈ કરવું પડે એ કરીને આની અંદર એક સંગીન વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. જે કોઈને અસર થાય અને જે કોઈ લાભાર્થીને જેમ આપણે ડેમ બાંધવામાં આવે છે તો એ લોકોનું પુનઃસ્થાપન કરીએ છીએ એવા લોકોને જ્યારે સગવડતા પૂરી પાડીએ છીએ, એજ ધોરણે આ જે ખેડૂતોને અસર થાય છે એ બહુ ગંભીર ચિંતાનો વિષય છે, એટલે આ બાબતમાં સરકાર ખૂબજ કાળજીપૂર્વક અને સખ્તાઈથી પગલાં લે એવી મારી વિનંતી છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમની વિનંતી છે, એ દિશા પર અમે ચોક્કસ પ્રયત્ન કરીશું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પેટાળમાંથી કુદરતી ગેસ અને વિપુલ ખનીજ સંપત્તિનું ઓ.એન.જી.સી. દ્વારા દોહન કરવામાં આવે છે. જવાબમાં જણાવ્યા પ્રમાણે ૯ હેકટર જમીનમાં આ ઓઈલ ઢોળાવાના કારણે નૂકસાન થયું છે. ઓ.એન.જી.સી.એ અબજો રૂપિયાનો નફો કર્યો છે અને આમાં જે ખેડૂતોની ૯ હેકટર જેટલી જમીન ખરાબ થાય છે તો એની આ જમીનની ફળદ્રુપતા કાયમ માટે નાશ પામે છે તો એને વળતર જે ચૂકવવામાં આવ્યું તો એ ચૂકવનારા વળતરની અંદર આ મુદ્દો ખ્યાલમાં રાખવા માગે છે કેમ ? બીજો મુદ્દો એ છે કે ગુજરાતના પાણી પુરવઠા બોર્ડ દ્વારા, વોટર પોલ્યુશન બોર્ડ દ્વારા કોઈ નાના કેમિકલના ઉદ્યોગકાર દ્વારા જો આ પ્રમાણે નૂકસાન કરવામાં આવે તો તેને તુરત કલોઝરની નોટિસ આપવામાં આવે છે તો આવા ઓ.એન.જી.સી.વાળા એકમો સામે આપણી રાજ્ય સરકાર કેમ પગલા નથી લઈ શકતી?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જમીનની જે કાંઈ એમને નોટિસ આપી છે તેમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે આ જમીનને પુનઃસ્થાપિત કરવા સુધી એમને આદેશ આપવામાં આવેલો છે અને આ આખું એક જે યુનિટ છે એમાં રાષ્ટ્રિય હિત પણ સમાયેલ છે એટલે આવા યુનિટોને એકદમ કલોઝર આપી દેવું એ એકદમ વાજબી પણ નથી. પણ એમને જે જે કાંઈ પગલાં ભરવા માટેની સૂચના આપી છે એ પ્રમાણે જો એ ભવિષ્યમાં અમલ નહિ કરે તો કડક પગલાં લેવાની પણ અમારી તૈયારી રહેશે.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માલજીભાઈ અને માનનીય પ્રદિપસિંહે ખૂબ સારી વાત કહી. પરંતુ અવારનવાર આવા પર્યાવરણના પ્રશ્નો ઓ.એન.જી.સી. દ્વારા ઊભા થતા હોય છે. નાની ફેકટરી હોય તો આપણે બંધ કરી શકીએ, પરંતુ ઓ.એન.જી.સી. આટલો મોટો તગડો નફો કરતું હોય તો આપણે માનનીય મંત્રીશ્રી અને વિભાગ દ્વારા ઓ.એન.જી.સી. પાસે માગણી કરી દર વર્ષે લમ્પસમ્પ રકમ અમુક કરોડ રૂપિયા રાજ્ય સરકાર આના માટે અબાધિત રાખે જેથી કરીને તાત્કાલિક ખેડૂતને પૈસા મળે એ વિષેની કોઈ વ્યવસ્થા ઊભી કરવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક નીતિ વિષયક નિર્ણય કહેવાય, પણ એ પ્રમાણે ઓ.એન.જી.સી. ત્યાં વિકાસના કામોમાં કે કેટલીક પ્રવૃત્તિઓમાં પણ દર વર્ષે ૫૦-૬૦ લાખ રૂપિયા વાપરે છે. છેલ્લા ત્રણ વર્ષના આંકડા મારી પાસે છે, પણ માનનીય ધારાસભ્યશ્રીની લાગણી છે કે આવા ખેડૂતોની જમીનને નૂકસાન ન થાય એના માટે અમે ચોક્કસ મોનિટરિંગની પણ વ્યવસ્થા રાખીશું અને પગલાં પણ ભરીશું.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૧૬ની નોટિસના અનુસંધાનમાં મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે પોલ્યુશનનો પ્રશ્ન આખા ગુજરાતની અંદર છે અને આ નોટિસમાં ત્રીજા જવાબમાં કહ્યું છે કે ખેડૂતોને પૈસા ચૂકવવામાં આવ્યા છે અને માર્ચ સુધીમાં બાકીની ચૂકવી દેવામાં આવશે. તો શું પૈસા ચૂકવવામાં આજે વિભાગ દ્વારા કે સરકાર દ્વારા અલગ અલગ રીતે ધોરણ અપનાવવામાં આવે છે? જ્યારે ૩૦૦ કરોડ રૂપિયા પોલ્યુશન દ્વારા અને વિભાગ દ્વારા જ્યારે ઉઘરાવવામાં આવે છે. આવા મોટા મોટા સંકુલો દ્વારા અને એ પૈસા જ્યારે ચૂકવવામાં ન આવ્યા હોય, ન ખેડૂતોના વિકાસ માટે કે ખેડૂતોની જમીન જે ખરાબ થઈ હોય એના વિકાસ માટે વાપરવામાં નથી આવ્યા, આવા દાખલા ગુજરાત માટે છે તો અહીંયા મહેસાણામાં પૈસા ચૂકવ્યા તો અન્ય જિલ્લાઓમાં પૈસા ચૂકવવા માટેનો કેમ નિર્ણય નથી લેવામાં આવ્યો, જ્યારે ૩૦૦ કરોડ રૂપિયા વસુલાત કરીને સરકાર પાસે જમા છે તો આ પૈસા સરકાર ચૂકવવા માગે છે કે કેમ? ખેડૂતોની જમીનોનો વિકાસ કરવા માટે આ પૈસાનો ઉપયોગ કરવા માગે છે કે કેમ, અને જ્યારે એમણે કહ્યું કે, અમે કલોઝર આપીએ છીએ, કલોઝર આપ્યા પછી પણ રાત્રે કેનાલોમાં કે જે ખેતીવાડી માટે પાણી આપવામાં આવે છે એની અંદર પણ આવું કૅમીકલવાળું પાણી છોડવામાં આવે છે અને એને લીધે ખેડૂતોને નુકસાન થતું હોય છે તો આ બાબતમાં સરકાર શું વિચારણા કરવા માગે છે, એ હું જાણવા માગુ છું?

**શ્રી મંગુભાઈ છ. પટેલ :** આમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, પણ એમની પાસે માહિતી હોય તો એવા યુનિટોની મને જાણકારી આપે તો એમના ખેડૂતોને મદદ કરવાનો પ્રયત્ન રહેશે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ :** ખેડા જિલ્લામાં ૨૧ ગામોમાં આવું છે.

**અધ્યક્ષશ્રી :** નેકસ્ટ.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ :** માતર તાલુકાને ૩૫૦ કરોડ રૂપિયા સરકાર પાસે જમા છે આ પૈસા ખેડૂતોને ચૂકવવામાં આવે અને એ પૈસા ખેડૂતોની જમીનોના વિકાસ માટે આપવામાં આવે તો જમીનોને પણ લાભ થશે છેલ્લા ૪૦ વર્ષોથી આ જમીનો ખરાબ થઈ ગઈ છે એના માટે સરકાર યોજના કરે.

**અધ્યક્ષશ્રી :** નેકસ્ટ, પ્લીઝ.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત રાજય વન વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ.**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૪-૦૫નો અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી મુળુભાઈ હ. બેરા (રાજય કક્ષાના શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૦૪-૦૫ નો વાર્ષિક વહિવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહિવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૧૯૯૯-૨૦૦૦નો સ્થાનિક ભંડોળ, હિસાબના નિરીક્ષકશ્રીનો ઓડિટ અહેવાલ**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ, હિસાબના નિરીક્ષકશ્રીનો સને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઑડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળની વિદ્યુત ઉત્પાદન, પ્રવહન અને વિતરણ કરતાં અનુસૂચિમાં દર્શાવેલ ઉદ્યોગોના તમામ રોજગારોને આવશ્યક સેવા જાહેર કરતી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા.૮-૩-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંકઃજીએચયુ - ૨૦૦૬(૨૧)-જીઈબી-૧૦૦૫-૭૦૯.ક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલું અનુમતિ મળેલું વિધેયક**

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલું અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંકઃ૧૧ને વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલ વિધેયક વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

# વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત**

**શ્રી શંકરભાઈ વી. રાઠવા (સમિતિના પ્રમુખશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

**શિક્ષણ વિભાગ**

**માગણી ક્રમાંકઃ ૮**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૩,૧૮,૫૦,૦૦૦/- ની માગણી ક્રમાંક- ૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબરઃ ૯**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૪૪,૦૨,૦૦,૩૮,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂા.૧,૩૩,૨૨,૩૩,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવી.

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક :૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરવામાં આવી.**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.**

**માગણી નં. ૩૮**

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૮,૦૩,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક :૩૮ રજૂ કરું છું

**માગણી ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક :૨૭ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૩૯**

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૮,૨૨,૪૨,૧૯,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂા. ૨૪,૫૩,૭૯,૦૦૦/- ની માગણી ક્રમાંક :૩૯ રજૂ કરું છું

**માગણી ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક :૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક :૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૪૦**

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧,૮૦,૧૬,૮૪,૦૦૦ ની માગણી ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૬–૨૦૦૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા.૧૭–૩–૨૦૦૬ (બીજી બેઠક) (છઠ્ઠો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ. નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| | | **શિક્ષણ વિભાગ**<br>**માગણી નં. ૮** | | |
| * ૧. | ૨૨૫૧–સચિવાલય... સેવાઓ<br>૦૯૦ –સચિવાલય<br>૦૧–શિક્ષણ વિભાગ<br>રૂા.૩,૧૮,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪ પા.નં. ૧૩૯ | ૧૦૦ | શૈક્ષણિક બાબતોને લગતા નિર્ણયોમાં વારંવાર થતા ફેરફારોને કારણે સર્જાતી હાલાકી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૨. | –– " –– | ૧૦૦ | મતદાર યાદી, ચૂંટણી અને સાક્ષરતા શિબિરોની તાલીમ જેવી શિક્ષણ કાર્ય ઉપરાંતની સેવાઓ સોપવાથી શિક્ષકો ઉપર પડતો વધારાનો બોજ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩. | –– " –– | ૧૦૦ | અભ્યાસ ક્રમ બદલાતાં તે અંગેના પાઠય પુસ્તકો સત્વરે બજારમાંથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| * ૪. | –– " –– | ૧૦૦ | સ્વનિર્ભર શાળાઓને અપાતી આડેધડ મંજૂરીઓ રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫. | –– " –– | ૧૦૦ | નવા પાઠય પુસ્તકો બજારમાં વેચાણમાં આવે તે પહેલાં તેની માર્ગદર્શિકા (ગાઈડો)ને ઉપલબ્ધ થતી રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૬. | –– " –– | ૧૦૦ | મધ્યાહ્ન ભોજન યોજનાના સંચાલનની કામગીરી ખાનગી સંસ્થાઓને સોંપવાથી અંદાજે એક લાખ જેટલા કર્મચારીઓને બેરોજગાર બનતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૭. | –– " –– | ૧૦૦ | ગ્રાન્ટ વિનાની શાળાઓને મંજૂરી આપ્યા બાદ તેને ગ્રાન્ટેબલ કરવામાં આચરવામાં આવતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૮. | –– " –– | ૧૦૦ | શાળાઓને માન્યતા આપવામાં ચાલતી ભેદભાવ ભરી નીતિ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| | | **માગણી નં. ૯** | | |
| ૯. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂા.૫,૧૭,૯૨,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૧૭થી ૧૯ | ૧૦૦ | પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવી પડતર પશ્નોનો સત્વરે નિકાલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મુકેશકુમાર ગઢવી |
| ૧૦. | –– " –– | ૧૦૦ | શાળાપ્રવેશ મહોત્સવો યોજવા છતાં કન્યાઓને અધવચ્ચેથી અભ્યાસ છોડી | શ્રી બલવંતસિંહ રાજપૂત |

| | | | | |
|---|---|---|---|---|
| | | | જતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૧. | -- " -- | ૧૦૦ | પ્રાથમિક શાળાના બિસ્માર હાલતના સીન્ટેક્ષ રૂમોનું મરામત કામ સત્વરે પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૨. | -- " -- | ૧૦૦ | ખાનગી પ્રાથમિક શાળાઓમાં લેવાતી ઉંચી ફીના કારણે ગરીબ મધ્યમ વર્ગના વાલીઓને પડતી મુશ્કેલી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માલ□ભાઈ દેસાઈ |
| *૧૩. | -- " -- | ૧૦૦ | ઉનાળાની ગરમીમાં પ્રાથમિક શાળાના સીન્ટેક્ષના રૂમોની અંદર બેસતા બાળકોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૪. | -- " -- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની ભરતી સત્વરે કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૧૫. | -- " -- | ૧૦૦ | પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ વર્ગ–શિક્ષકોની ફાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માધુભાઈ ભોયે |
| ૧૬. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧–પ્રાથમિક શાળા<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૪–ઈ ડી એન. ૮<br><br>ઉચ્ચ.......સુવિધાઓ<br>રૂા.૧,૨૮,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૪ પા.નં. ૨૮ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં કન્યાઓને સ્વચ્છતા વિષયક સુવિધાઓ સમયસર પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૭. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૨–માધ્યમિક શિક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂા.૩,૫૬,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૩૨ થી ૩૬ | ૧૦૦ | ધોરણ–૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં ચેકીગ ટુકડી ધ્વારા વિદ્યાર્થીઓને થતી પરેશાની નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૧૮. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૨–માધ્યમિક શિક્ષણ<br>૧૦૯–સરકારી.....શાળાઓ<br>૦૩–સરકારી.....શાળાઓ<br>રૂા.૩,૮૮,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪પા.નં.૪૩ – ૪૪ | ૧૦૦ | સરકારી વિવિધલક્ષી શાળાઓમાં શિક્ષણની ગુણવઢ્ઢા સુધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૧૯. | -- " -- | ૧૦૦ | સરકારી વિવિધલક્ષી શાળાઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અનિલકુમાર પટેલ |
| *૨૦. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૩–યુનિવર્સિટી | ૧૦૦ | યુનિવર્સિટીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | .....શિક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂા.૪૫,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં.૪પા.નં. ૫૧ થી ૫૩ | | | |
| ૨૧. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૪–પ્રૌઢ શિક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂા.૧૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪ પા.નં. ૬૪ | ૧૦૦ | ઓછું અનુદાન ફાળવવાના કારણે પ્રૌઢ શિક્ષણને ફળદાયી બનાવવામાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| * ૨૨. | ૨૨૦૪–ખેલકૂદ<br>....સેવાઓ<br>૧૦૧–વ્યાયામ શિક્ષણ<br>રૂા.૧,૧૧,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૪ પા.નં. ૧૨૬ | ૧૦૦ | શાળાઓમાં વ્યાયામ શિક્ષણનું સ્તર ઉંચુ લાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૨૩. | -- " -- | ૧૦૦ | શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની સમયસર ભરતી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| | **<u>આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ</u>**<br>**<u>માગણી નં. ૩૮</u>** | | | |
| *૨૪. | ૨૨૫૧–સચિવાલય<br>૦૯૦ –સચિવાલય<br>૦૧–આરોગ્ય અને પરિવાર કલ્યાણ<br>રૂા.૭,૯૬,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧પા.નં. ૧૩૩ | ૧૦૦ | બોગસ ડૉકટરોની ધરપકડ કરી તેઓને સજા કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૫. | -- " -- | ૧૦૦ | સ્ત્રીભ્રુણ હત્યા નિવારવા કડક હાથે કામ લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૬. | -- " -- | ૧૦૦ | આરોગ્ય રથયાત્રા પાછળ કરાતો ખર્ચ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૨૭. | -- " -- | ૧૦૦ | આરોગ્ય વિષયક યોજનાઓનું કરાતું મનસ્વી અર્થઘટન રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| | **<u>માગણી નં. ૩૯</u>** | | | |
| ૨૮. | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૦૧ –શહેરી.... એલોપથી<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂા.૧,૭૨,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧પા.નં. ૭ | ૧૦૦ | સરકારી દવાખાનાઓમાં ડૉકટરોની ઘટ તાકીદે પૂરી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વારલી |
| ૨૯. | -- " -- | ૧૦૦ | ગરીબી રેખા નીચેના કુટુંબોની સગર્ભા | શ્રી શંકરભાઈ વાઘેલા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | માતાઓ માટે ચિરં઼વી વીમા સુરક્ષા યોજનાનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૦. | ૨૨૧૦–તબીબી...આરોગ્ય ૦૧ –શહેરી.... એલોપથી ૦૦૧–નિદેશ અને વહીવટ રૂા.૧,૭૨,૬૫,૦૦૦ અં.પ્ર.નં. ૧૧૫પા.નં. ૭ | ૧૦૦ | કર્મચારી–અધિકારીઓ સામેના ખાતાકીય કેસોનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૩૧. | –– " –– | ૧૦૦ | મિટિંગોના બહાના હેઠળ કચેરીમાં ફરજ પર હાજર ન રહેતા અધિકારીઓ/કર્મચારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા |
| *૩૨. | –– " –– | ૧૦૦ | આરોગ્ય સેવાઓ (તબીબી)ની કચેરીમાં અપૂરતો સ્ટાફ | |
| ૩૩. | –– " –– | ૧૦૦ | દવાખાના બાબતની ધારાસભ્યોની ફરીયાદ પ્રત્યે પૂરતું ધ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૩૪. | –– " –– | ૧૦૦ | આરોગ્ય અને તબીબી સેવાની કચેરીનો કથળેલો વહીવટ | શ્રી છનાભાઈ ચૌધરી (પુનાભાઈ ગામીત) |
| ૩૫. | ૨૨૧૦–તબીબી ..... આરોગ્ય ૦૧ –શહેરી... એલોપથી ૧૦૪–તબીબી......ડીપો રૂા.૨,૦૧,૨૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૧૫પા.નં. ૧૪ | ૧૦૦ | મચ્છરો મારવાની અપ્રમાણિત દવાઓનું વેચાણ કરતા ઈસમો સામે સત્વરે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મુકેશકુમાર ગઢવી |
| *૩૬. | –– " –– | ૧૦૦ | હલકી ગુણવત્તાવાળી દવાઓની ખરીદી કરનારા અધિકારીઓ સામે પગલાં ભરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૭. | ૨૨૧૦–તબીબી...આરોગ્ય ૦૧ –શહેરી... એલોપથી ૧૧૦–હોસ્પિટલ....દવાખાના ૦૧–સિવિલ.....વહીવટ રૂા.૯૩,૬૪,૩૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૧૫પા.નં. ૧૫–૧૬ | ૧૦૦ | દવાખાનાઓમાં સ્વચ્છતા જાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વારલી |
| *૩૮ | –– " –– | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં ડૉકટરોની | |

| | | | | |
|---|---|---|---|---|
| . | | | બેદરકારીના કારણે દર્દીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૩૯. | ––"–– | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં પોસ્ટમોર્ટમ કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪૦. | ૨૨૧૦–તબીબી.....આરોગ્ય<br>૦૩–ગ્રામીણ એલોપથી<br>૧૦૩–પ્રાથમિક....કેન્દ્ર<br>રૂ.૯૩,૩૪,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧પા.નં. ૫૪ | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્વચ્છતા જાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચાવડા |
| *૪૧. | ––"–– | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ સમયસર ભરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૨. | ૨૨૧૦–તબીબીઆરોગ્ય<br>૦૩–ગ્રામીણ એલોપથી<br>૧૦૪–સામૂહિક આરોગ્ય કેન્દ્રો<br>રૂ.૬૩,૨૧,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧પા.નં. ૫૫–૫૬ | ૧૦૦ | સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓને પ્રાથમિક સુવિધાઓ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૪૩. | ૨૨૧૦–તબીબઆરોગ્ય<br>૦૪ ગ્રામીણ.... પધ્ધતિઓ<br>૧૦૧–આયુર્વેદ<br>રૂ.૭,૧૮,૨૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧પા.નં. ૫૭ | ૧૦૦ | પંચકર્મ આયુર્વેદ કેન્દ્રો સ્થાપવાના નવા અખતરા બંધ કરી ગ્રામીણ વિસ્તારોમાં આયુર્વેદિક દવાખાનાઓ પુનઃ શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| ૪૪. | ––"–– | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં આયુર્વેદિક દવાખાનાઓનો વ્યાપ વધારી દર્દીઓને તેનો લાભ મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| *૪૫. | ––"–– | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં આયુર્વેદિક દવાખાનાઓમાં ડાકટરોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં. ૪૦** | | |
| *૪૬. | ૨૨૧૧–પરિવાર કલ્યાણ<br>૧૦૩–પ્રસૂતિ આરોગ્ય<br>રૂ. ૪૭,૮૦,૫૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પા.નં. ૧૨૨ થી ૧૨૪ | ૧૦૦ | સુરક્ષિત માતૃત્વ કાર્યક્રમ હેઠળ પ્રસૂતિ કાળ દરમ્યાન માતાઓને ઉદ્ધમ આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૪૭. | ––"–– | ૧૦૦ | બાલ મૃત્યુ દરનું પ્રમાણ ઘટાડવામાં તંત્રની ઉદાસીનતા | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી માગણી નં. ૮ અને ૯ અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી માગણી નં. ૩૮, ૩૯ અને ૪૦ લઈને આવ્યા છે, તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે અને રાજ્ય સરકારને કેટલીક બાબતો ઉપર ધ્યાન દોરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ સમાજ એનો વિકાસ અને એના ઉત્થાન માટેનું શિક્ષણ એક મહત્ત્વનું અંગ છે. રાજ્યની અંદર પણ શિક્ષણનું કેટલું પ્રમાણ છે, શિક્ષણનો કેટલો વ્યાપ છે, એના ઉપર રાજ્યના વિકાસનો મુખ્ય આધાર રહેલો હોય છે. હું થોડી વાત એટલા માટે કરવા માગું છું કે ગામડામાં જન્મેલો નાનામાં નાનો માનવી પણ જો એને યોગ્ય વાતાવરણ મળે અને વિકાસની તક મળે તો એક દેશનો સારામાં સારો વૈજ્ઞાનિક બની શકે, એક સારામાં સારો ડૉક્ટર બની શકે. હું સામ પિત્રોડાને યાદ કરીને મારી વાત આગળ વધારીશ. એક નાનકડા એવા ગામમાં જન્મીને આ દેશને સંદેશા વ્યવહારના ક્ષેત્રમાં ખૂબ મહત્ત્વનું પ્રદાન આપ્યું અને ખૂબ મહત્ત્વનું નામ આજે દુનિયાના નકશા ઉપર મૂકાયું.

રાજ્યમાં રહેતા તમામ વર્ગના લોકોને, નાનામાં નાના માણસને પણ બંધારણની અંદર જોગવાઈ છે કે ૬ થી ૧૪ વર્ષનાં બાળકને મફત શિક્ષણ મળી રહે, સાર્વત્રિક શિક્ષણ મળી રહે એવી બંધારણની અંદર જોગવાઈ હોય ત્યારે ધીમે ધીમે પ્રાથમિક શાળાની એટલા માટે હું વાત કરવા માગું છું કે અહીયા આપણે હાઉસના ફ્લોર ઉપર ગમે એટલી વાતો કરતા હોઈએ, પરંતુ સતત ગામડાના સંપર્કમાં રહીને મારા અત્યાર સુધીના અનુભવને અંતે મે જોયું છે કે પ્રાથમિક શાળામાં આજે પણ ૫ થી ૭ ધોરણમાં જે બાળકો ભણે છે, એમાં અનેક બાળકોને આજે વાંચતાં, લખતાં નથી આવડતું, એટલું જ નહિ પ્રાથમિક શાળાની અંદર અભ્યાસ કરતાં બાળકોને આજે પણ એવાં કુટુંબો છે. તેવા અનેક કુટુંબો આપણા રાજયમાં છે કે જે પોતાના બાળકોને શાળામાં મોકલવા, પ્રાથમિક શાળામાં મોકલવાની પરિસ્થિતિમાં નથી. આ પરિસ્થિતિને ધ્યાને લઈ આજે અનેક કુટુંબો પોતાના બાળકોને પ્રાથમિક શિક્ષણ અપાવી શકતા નથી. આજે પ્રાથમિક શાળાઓ, સાહેબ ખાસ કરીને મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં આવતા દિવસોમાં ધીમે ધીમે સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓનું પ્રમાણ ઘટતું જાય છે. આજે વાલીઓ ખાનગી શાળાઓ તરફ, ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ પોતાના બાળકોને મોકલવા લાગ્યા છે. તેના કારણે ગ્રામ્ય વિસ્તારની અંદર જે પ્રાથમિક શાળાઓ છે તેની અંદર આજે રેગ્યુલર શિક્ષકો હોય કે વિદ્યા સહાયકો હોય ઘણા ઊંડાણના ગામડાની અંદર તે શિક્ષકો રોટેશન પ્રથા દાખલ કરીને નોકરી કરવા આવે છે. એક શાળાની અંદર સાત શિક્ષકો હોય તો આજે પાંચ શિક્ષકો હાજર હોય અને બીજા દિવસે બે શિક્ષકો હોય. આમ વારા કાઢીને પ્રાથમિક શાળામાં શિક્ષકો નોકરી કરી છે. આજે સુપરવિઝન કરવાવાળા કેળવણી નિરીક્ષકોની જગ્યાઓ ખાલી છે. આ બાબતે મેં વિભાગમાં કાગળો પણ લખેલ છે કે વહેલામાં વહેલી તકે કેળવણી નિરીક્ષકોની જગ્યાઓ ભરાય. પ્રાથમિક શાળાઓમાં સમયસર સુપરવિઝન થાય, ત્યાં આગળ શિક્ષકો પોતાની ફરજો બજાવે છે કે કેમ તેની ઉપર દેખરેખ રખાય તે માટે મેં અનેક કાગળો લખ્યા છે પણ તેની કોઈપણ કાર્યવાહી થતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી વર્ષથી ધોરણ-૪માં અંગ્રેજી વિષય દાખલ કરવાની વાત ખૂબ લેવાય છે. કરવું જોઈએ. સારી વાત છે. સ્વીકારવા જેવી છે. બીજા લોકોની હરોળમાં ઊભા રહેવા માટે અંગ્રેજીનું શિક્ષણ એટલું જ મહત્વનું છે. બીજી મારે એક વાત કરવી છે કે ધોરણ-૫,૬ અને ૭ ની અંદર જે વિદ્યા સહાયકો કે રેગ્યુલર શિક્ષકો પોતાની ફરજો બજાવે છે તેમાં કેટલા શિક્ષકોને અંગ્રેજી અને ગણિતનું જ્ઞાન છે તે બાબતની પહેલાં તપાસ કરવી જોઈએ. ચોથા ધોરણથી આપણે અંગ્રેજી વિષય દાખલ કરવા માગતા હોય તો તાલીમી સ્નાતકો, અંગ્રેજી વિષયમાં તાલીમી સ્નાતકો ભરીને પછી અંગ્રેજી વિષય દાખલ કરવો જોઈએ. આજે સાહેબ પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષકો કેટલો સમય કામ કરતા હોય છે. આજે સાહેબ ૩૬૫ દિવસની અંદર ફક્ત ૧૦૮ દિવસ કામ કરે છે. આ શિક્ષકોને કાં તો તાલીમમાં મોકલવામાં આવે છે, ઉત્સવો ઊજવાય તેમાં પછી તે રાષ્ટ્રીય કે રાજકીય ઉત્સવ હોય, મતદાર યાદી તૈયાર કરવામાં રોકવામાં આવે છે, મતદાર યાદીની સુધારણાના કામમાં રોકવામાં આવે છે. વસ્તી ગણતરી માટે રોકવામાં આવે છે. બીજું શિયાળું અને ઉનાળુ વેકેશન આવે એટલે આવા શિક્ષકો માંડ વર્ષમાં ૧૦૮ દિવસ કામ કરે છે. બીજું રાષ્ટ્રને લગતી અન્ય પ્રવૃત્તિઓમાં શિક્ષકોને રોકવામાં આવે છે એટલે સો દિવસ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ કાર્ય કરે છે. એટલે આવી વધારાની કામગીરી શિક્ષિત બેરોજગારોને સોંપી દેવી જોઈએ. મારે બીજું માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર મૂકવું છે કે ગ્રામ્ય વિસ્તારની અંદર ગ્રામ બાંધકામ સમિતિ બનાવવામાં આવે છે અને તેના આચાર્ય તેની જવાબદારી સંભાળતા હોય છે. ઓરડા બનાવવાનું કામ હોય, તેના રીપેરીંગની કામગીરી હોય ત્યાં તેની અંદર લગભગ બે ત્રણ શિક્ષકો હોય તેવી શાળાઓમાં આવા આચાર્ય તો વહિવટી કામમાં જ રોકાયેલા રહે છે. તેના કારણે ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણની પ્રથા દિવસે દિવસે કથળતી જાય છે. બીજી વાત એક કરવી છે કે સરકારે પરિપત્ર કાઢી વિદ્યાસહાયકો અને રેગ્યુલર શિક્ષકો હોય ત્યાં તેઓની અરસપરસ બદલીની વાત છે. તો તે માટે ધ્યાન પર મૂકું કે વિદ્યા સહાયક તરીકે નોકરી મળ્યા પછી શહેરની આજુબાજુમાં છેલ્લા વર્ષોમાં નિવૃત્ત થવાના હોય તેવા શિક્ષકો સાથે

આર્થિક વહીવટ સાધીને સમજૂતી કરી લે છે અને શહેરની આજુબાજુના શિક્ષકો થોડા સમય પછી નિવૃત્ત થવાના હોય તેવા શિક્ષકો સાથે અને તેઓની સાથે વિદ્યાસહાયક અને જૂના શિક્ષકો બંને આર્થિક વહીવટ કરીને ઊંડાણના ગામડામાં ફક્ત પાંચ વર્ષ નોકરી કરવાની બાકી હોય ત્યાં જતા રહે છે. મોટાભાગનો સમય રજામાં ગાળે છે જેના કારણે એ ઊંડાણના વિસ્તારોના ગામડાંમાં શિક્ષણનું સ્તર અતિશય કથળતું જાય છે તો એના માટે સરકારે નીતિ નક્કી કરવી જોઈએ, એનું ધોરણ નક્કી કરવું જોઈએ કે વિદ્યા સહાયકની પાંચ વર્ષ પછી કે ત્રણ વર્ષ પછી અરસપરસની બદલી કરી શકાશે. જ્ઞાન રથની વાત કરીએ તો ગઈ વખતે રાજય સરકારે એની જાહેરાત કરેલી, જ્ઞાન રથ યોજનાની જાહેરાત કરેલી, પ્રાથમિક શાળાઓમાં ફંડ-ફાળાથી એક કૉમ્પ્યુટર વસાવશે એ શાળાને રાજય સરકાર બીજું કૉમ્પ્યુટર આપશે. હું મારા તાલુકાની વાત એટલા માટે કરું છું કે, મારા તાલુકામાં અમે ૨૪ શાળાઓમાં કૉમ્પ્યુટર આપ્યા લોકફાળાથી પણ રાજય સરકાર તરફથી એક પણ કૉમ્પ્યુટર મળ્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત શાળાઓના ઓરડાઓની કરવી છે કે, ભૂકંપ પછી જે ઓરડાઓ ડેમેજ થયા એને દૂર કરવા જોઈએ, કારણ કે એ ભયગ્રસ્ત છે, બાળકો ત્યાંથી પસાર થાય કે બાજુના ઓરડામાં બેસે તો પણ એ ઓરડાઓ ક્યારે પડશે એનો પૂરો ભય રહે છે. ભૂકંપ પછી જે ભયગ્રસ્ત ઓરડાઓ છે, ડેમેજ થયેલા ઓરડાઓ છે એને ખસેડવા માટે રાજય સરકારે નીતિ નક્કી કરવી જોઈએ, એને વહેલીતકે ત્યાંથી જે એનો ઈમલો છે એ દૂર થાય અને એને ખસેડવા માટેની જોગવાઈ કરવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મેં આ પહેલાં પણ માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરેલું છે અને ફરીથી એમનું ધ્યાન દોરું છું કે, ગયા અઠવાડિયે હું ત્રણ ગામોના પ્રવાસે ગયેલો ત્યારે એક ગામમાંથી મને ફરિયાદ મળી કે ઉનાળાના દિવસો શરૂ થયા છે તો હવે અમારા બાળકોને શાળામાં બેસાડવા કે કેમ? સીન્ટેક્ષના રૂમ છે અને એની અંદર ઉનાળામાં બાળકો બેસી શકે તેવી પરિસ્થિતિ નથી, ગામે પંખાની તો જોગવાઈ કરી છે પણ ટેમ્પરેચર વધવાને કારણે બાળકો અંદર બેસી શકતાં નથી, અમને તમે જિલ્લા કક્ષાએથી પ્રાથમિક શાળાઓનો જે સમય છે એ બપોરના બદલે સમય બદલી અપાવો. આ પરિસ્થિતિ સીન્ટેક્ષના ઓરડાઓની છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન એ તરફ દોરવું છે કે, આવા સીન્ટેક્ષના રૂમો હવે બંધ કરીને એની જગ્યાએ જે ડીપીપીની યોજના છે, એની નીચેના જ્યાં કયાંય શાળાના રૂમો ઘટતા હોય ત્યાં આ યોજના નીચે શાળાના રૂમો મળવા જોઈએ. બંનેની કોસ્ટ અને ખર્ચ સરખો છે સીન્ટેક્ષના રૂમ પણ એક લાખ બાણું હજારના ખર્ચે થાય છે અને જે ડીપીપી યોજના નીચે રૂમ છે એ પણ એક લાખ બાણું હજાર કે તેથી વધી વધીને બે લાખ રૂપિયા સુધીમાં એ રૂમો તૈયાર થાય છે એટલે સીન્ટેક્ષના રૂમના બદલે હવે પાકા રૂમ આપવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે કન્યા કેળવણીની વાતો કરીએ છીએ, કન્યા કેળવણી રથ કાઢીએ, પ્રવેશ ઉત્સવ ઉજવીએ પણ માનનીય અધ્યક્ષશ્રી, આની પહેલાં જ્યારે કોંગ્રેસની સરકાર હતી એ વખતે પ્રાથમિક શાળાથી શરૂ કરીને કૉલેજ કક્ષા સુધી કન્યા કેળવણી-શિક્ષણ મફત આપવામાં આવતું હતું, આજે મને એવું લાગે છે કે, ભલે, અમે વાત ગમે તે કરતા હોઈએ પણ મને લાગે છે કે, ગ્રામ્ય વિસ્તારની કન્યાઓને શિક્ષણથી વંચિત રાખવાનું જો કોઈ કામ ( સમયસૂચક ઘંટડી), માનનીય અધ્યક્ષશ્રી, હું તો ઓપનીંગમાં છું. હું કોઈ રાજકીય ટીકા નથી કરતો, માનનીય અધ્યક્ષશ્રી, આપણે કન્યા કેળવણીની ગમે તેટલી વાતો કરતા હોઈએ પણ અમે સૌ અહીંયાં ગૃહમાં બેસીને ગ્રામ્ય વિસ્તારની બાળાઓને શિક્ષણથી વંચિત રાખવાનું જો કામ કરતા હોઈએ તો આપણે સૌ કરીએ છીએ. ગ્રામ્ય વિસ્તારની પંદર-સત્તર કે વીસ કિલોમીટર સુધી, આજે મારે દાખલા સાથે અને ગામ સાથે કોઈને કહેવાની તૈયારી હોય તો મારી કહેવાની તૈયારી છે. ૧૫-૨૦ કિલોમીટર સુધી શાળા નથી, હાયર સેકન્ડરી નથી કે સેકન્ડરી સ્કૂલ નથી, બંને નથી અને એને કારણે આ પરિસ્થિતિ થઈ છે, ક્યાંક ક્યાંક શાળાઓ શરૂ થઈ છે ત્યાં પણ એ સેલ્ફ ફાઈનાન્સ શરૂ થઈ છે, જેમાં દીકરીના વાલીઓ ફી ભરીને દીકરીને ભણાવવા માટે તૈયાર નથી. ત્યારે મારે એક સૂચન એ પણ કરવું છે કે, આ રાજય સરકાર શિક્ષણનું સ્તર સુધારવા માગતી હોય તો જે કોઈ રાજયના ભૌગોલિક, પ્રાકૃતિક અને ધાર્મિક તેમજ ઐતિહાસિક સ્થળો છે એ સ્થળોનું ખાલી પ્રાથમિક શિક્ષણમાં બાળકોને વર્ગોમાં શિક્ષણ નહીં આપતા આવા જે સ્થળો છે એવા સ્થળો ઉપર આપણે આ વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવીએ છીએ ત્યારે આ વર્ષથી શરૂઆત કરીને રાજય સરકાર પોતાના ખર્ચે, બીજા રાજયોમાં છે એ પ્રમાણે પોતાના ખર્ચે રાજયમાં આવેલા આવા ઐતિહાસિક સ્થળો હોય એને જોવા લઈ જવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત મારે અક્ષર જ્ઞાનની કરવી છે. અક્ષર જ્ઞાનમાં ગુજરાતનો ક્રમ ભારતમાં ૧૭મો છે. આજે ઘણાં ગામડાંઓમાં અમે જઈએ છીએ ત્યારે વડિલોને સહી કરવાની વાત કરીએ છીએ ત્યારે અંગૂઠો મારે છે. એ એમ કહે છે કે 'અમને હજુ પણ કોઈ અક્ષર જ્ઞાન છે નહીં.' આના માટે જે કંઈ કરવાનું થતું હોય એ કરીને પણ નાનામાં નાના છેવાડાના માણસ સુધી અક્ષર જ્ઞાન મળે એ માટેની આપણે જોગવાઈ કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાદીપ યોજના માટેની વાત છે એમાં આજે ૨૧૫ કેસો ચાલે છે. એક વર્ષથી વિદ્યાદીપ યોજના આપણે દાખલ કરી પણ વાલીઓને સમયસર સહાય મળવી જોઈએ એ આજે પણ મળતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માધ્યમિક શિક્ષણની અને ખાસ કરીને હાયર સેકન્ડરી, કોલેજ કક્ષાના શિક્ષણની પણ વાત કરવી છે. મને લાગે છે કે, ખાસ કરીને છેલ્લા વર્ષોમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે સ્વ-નિર્ભર શાળાઓને મંજૂરી આપવામાં આવી છે એમાં અનેક જગ્યાએ જોયું છે કે જેને પોતાનું રમત-ગમતનું મેદાન ન હોય, મકાનની પૂરતી સુવિધા ન હોય, એની પાસે ફરનિચર ન હોય અને શિક્ષકો પણ પૂરતી લાયકાતવાળા ન હોય એવી સ્વ-નિર્ભર શાળાઓને આડેધડ મંજૂરી આપી દેવામાં આવે છે, એના કારણે જે ગુણવત્તા શિક્ષણની છે એ સુધરવાના બદલે ધીમે ધીમે નીચી ઉતરતી જાય છે. હમણાં છેલ્લા ત્રણ ચાર વર્ષથી ૧૨૭૪ જેવી સ્વ- નિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી છે એમાં નોન ગ્રાન્ટેડ ૨૮ માધ્યમિક શાળાઓને અને ૩૦ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અનુદાનીત કરવામાં આવી છે એમાં કોઈ વાંધો ન હોય, અમને વાંધો ન હોઈ શકે. ભલે, અનુદાનીત કરે. એમ કહેવતમાં કહેવામાં આવે છે કે, 'જેના હાથમાં એના મોંઢામાં અમને દુ:ખ પણ ન હોઈ શકે. પણ મારું સૂચન છે કે તમે સરવે કરો અને જયાં જરૂરિયાત હોય એવા વિસ્તારને પણ આની સાથે સાંકળો અને એવા પછાત વિસ્તારો હોય, શૈક્ષણિક રીતે પછાત હોય, ગરીબ વિસ્તારો હોય એમાં પણ જે આવી સ્વ-નિર્ભર શાળાઓ છે એને અનુદાનીત કરો. શા માટે નથી કરતા.? બસ, અમારો સવાલ આટલો જ છે. તમે હજુ પણ અનુદાનીત કરો, હજુ ૫૮ આપી છે બીજી અગાઉની સ્વ-નિર્ભર શાળાઓ હોય એને પણ અનુદાનીત કરો એમાં વાંધો ન હોઈ શકે. સાથે સાથે મારે આપનું ધ્યાન દોરવું છે કે, ધોરણ ૧૦ અને ૧૨ ના પરિણામો જોતાં આપણે જોયું છે કે છેલ્લા વર્ષોમાં છોકરાઓ કરતા છોકરીઓનો દેખાવ છે એ મોખરાનો રહ્યો છે. જયારે આપણે કન્યા કેળવણીની વાતો કરતા હોઈએ ત્યારે શહેરની જ નહીં ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ છે એ પણ પાછળ ન રહી જાય એના માટે પણ પૂરી કાળજી લેવાની ફરજ અને જવાબદારી છે. ખાસ કરીને એક બે વાત સરકારી જે શાળાઓ અંગે પણ કરવાની છે. સરકારી શાળાઓ છે એમાં છેલ્લા વર્ષોમાં એવો વાયરો શરૂ થયો છે કે સરકારી શાળાઓમાં સામાન્ય રીતે આર્થિક રીતે નબળા વર્ગના અને પછાત વર્ગના બાળકો અભ્યાસ કરવા જતા હોય છે એ સરકારી શાળાઓ બંધ કરીને એની જગ્યાએ એ શાળાઓ છે એને મિલકત સહીત લાગતા વળગતા ટ્રસ્ટોને આપવાની શરૂઆત કરી દીધી છે એના કારણે શું થશે કે નબળા વર્ગના લોકોને શિક્ષણ આપવાનું છે એને આ રીતે શિક્ષણ બંધ કરવાની પ્રવૃત્તિ જે રીતે થઈ રહી છે એ આ રાજય સરકારમાં થઈ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એથી પણ આગળ કહેવા માગું છું કે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ જયાં છે ત્યાં જે શાળાઓમાં મેં આપને કહ્યું તેમ કોઈ પ્રકારની સુવિધા ન હોય એવી શાળાઓને મંજૂરી આપ્યા પછી એની અંદર તપાસ કરવામાં આવે તો લાયકાત વાળા શિક્ષકો પણ હોતા નથી તો પણ આવી શાળાઓને એમનમ ચાલવા દેવામાં આવે છે. ધીમે ધીમે એની શિક્ષણની ગુણવત્તા નીચી જતી જાય છે. સરકારી શાળાઓમાં પણ મારે વાત કરવી છે. સરકારી શાળાઓમાં સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળાઓ છે એમાં જે તે વિષયના શિક્ષકો જ હોતા નથી. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહની શાળાઓ છે એમાં પણ ગણીત અને વિજ્ઞાનના કે જે તે વિષયના શિક્ષકો જ ન હોય ત્યારે વિદ્યાર્થી કઈ રીતે અભ્યાસ કરી શકે?

માનનીય અધ્યક્ષશ્રી, પાઠય પુસ્તકની પણ મારે વાત કરવી છે. પાઠય પુસ્તક મંડળમાં પુસ્તકો બહાર પડે તે પહેલાં તો ગાઈડ, માર્ગદર્શિકા બજારમાં આવી જાય છે. એની સાથે સાથે પાઠ્યપુસ્તક જે છે એની અંદર જે અત્યારની કિંમતો હતી એના કરતાં ૨૫૦ થી ૩૦૦ ગણો ભાવ વધારો આ કઈ રીતે નબળા વર્ગનો માણસ એ પુસ્તક લઈ શકે. ઈ.ડી.એમ. ના જે પુસ્તકો આપવામાં આવે છે મફત પુસ્તકો સહાયથી આપવામાં આવે છે એ પુસ્તકો ક્યારે આપવામાં આવે છે તો કહે કે લગભગ અભ્યાસક્રમ પૂરો થવા આવ્યો હોય લગભગ અરધા સત્રે એ પુસ્તકો આપવામાં આવે છે. ખાસ કરીને કેન્દ્રની યુ.પી.એ. સરકારે જે નિર્ણય કર્યો છે કે જે એસ.સી. એસ.ટી. અને ઓ.બી.સી. ના વિદ્યાર્થીઓ હોય એમને સ્વનિર્ભર શાળાઓ હોય, કૉલેજો હોય એમાં પ્રવેશ અને નોકરી માટે પણ જે હમણાં કેન્દ્ર સરકારે અનામતની પ્રથા દાખલ કરી છે તેમાં ધીમે ધીમે નબળા અને ગરીબ વર્ગના અને એમાંય ખાસ કરીને એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. ના લોકોને એના છોકરાંઓને જે નોકરીની તક હતી એ આ રાજય સરકારે સ્વનિર્ભર પ્રથા દાખલ કરવાને કારણે એના પ્રવેશ દ્વારા તો બંધ કર્યા છે પણ એની સાથે સાથે ધીમે ધીમે નોકરીના દ્વાર પણ આ રાજય સરકાર તરફથી બંધ થઈ રહ્યા છે.

મારે ઉચ્ચ શિક્ષણની એક બે વાત કરવી છે એટલા માટે કે તાલુકા કક્ષાએ ખાસ કરીને સેલ્ફ ફાઈનાન્સ મૅડિકલ અને એન્જીનીયરીંગની કૉલેજો છે એ કૉલેજોની અંદર કેટલી ઊંચી ફી એની અંદર કયા વર્ગના આર્થિક રીતે નબળા વર્ગનો કે એની અંદર ગરીબ નબળા વર્ગના..

**શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર-૮ અને ૯ માં શિક્ષણ વિભાગમાં મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચની મંજૂરી માટે જે આજે અહીંયા માગણી મૂકવામાં આવી છે એને હું મારું અનુમોદન આપું છું. રાજયના કુલ બજેટની જોગવાઈ સામે દર્શાવેલી ખર્ચની જે ટકાવારી છે એ ૧૦.૯૪ ટકા છે, શિક્ષણ માટે જે કંઈ ખર્ચ થાય તેની ચર્ચા વિના મને એમ લાગે છે કે મૂલ્ય આધારિત શિક્ષણ માટે શું થાય છે એની ચર્ચા જો કરીએ તો વધારે સારું લાગત. મને એમ લાગે છે કે આજે મને બોલવાનો મોકો મળ્યો છે એ મારા માટે સારી વાત છે. આજે સવારે હું જ્યારે અહીંયાં આવતી હતી ત્યારે મારા ટેબલ પર છાપુ પડ્યું

હતું મારી નજર સંદેશ છાપાના પહેલાં પાના પર મારી નજર પડી, એમાં એક વાત હતી કે આજે જે પરીક્ષાઓ ચાલી રહી છે બોર્ડની એ ખૂબ શાંતિથી લેવાઈ રહી છે, બીજા બધા છાપાઓએ પણ આની નોંધ લીધી છે મને વિચાર આવ્યો કે કોંગ્રેસના સમયમાં પરીક્ષાના સૅન્ટર પર વાલીઓના ટોળાઓ પર ગોળીબાર કરવામાં આવતો, છાપાઓએ એની નોંધ લીધી હતી આજે એ નૈતિક ક્રાંતિની જે શરૂઆત થઈ છે એની નોંધ મિડિયાવાળાઓએ લીધી છે અને ખૂબ શાંતિપૂર્વકની આ પરીક્ષા થઈ રહી છે વિદ્યાર્થીઓ શાંતિથી પરીક્ષા આપે છે, શિક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશમાં એક આદર્શ પરિસ્થિતિ રાજય સરકારે ઊભી કરી છે. છેવાડાના માનવીથી લઈ અને શહેરના તમામ લોકો માટે અવિકસિત સમાજથી લઈ અને વિકસિત સમાજ સુધીના તમામ લોકો માટે શિક્ષણ ક્ષેત્રે જે કામ થયું છે તે જોતાં આજે કંઈક ખર્ચ ગયા વર્ષનો થયો છે એને મારું અનુમોદન આપું છું. મને લાગે છે કે મનમાં તો બધાય અનુમોદન આપતા હશે પણ વાત જરા કરવી પડે એટલા માટે કરે છે. હું શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપું છું એ એટલા માટે કે આ પાંચ કરોડની અંદર જેટલા પણ વિદ્યાર્થીઓ છે એ વિદ્યાર્થીઓ શિક્ષિત બને એ જોવાનું કામ રાજય સરકારનું ખરું પણ એની સાથે સુસંસ્કૃત બને એ કયા દેશનો વિદ્યાર્થી છે, કયા રાજયનો વિદ્યાર્થી છે એના સંસ્કારો શું છે, એની સંસ્કૃતિ શું છે એ સંસ્કૃતિ વાન બને એના માટેના પ્રયત્નો આ રાજય સરકારે કર્યા છે. આપણા દેશના આત્માને સમજવા માટે એને રાજનીતિ કે અર્થનીતિ કે ઈટાલીયન દૃષ્ટિથી ન જોવાય એને જોવું હોય તો સંસ્કૃતિ દૃષ્ટિકોણથી જોવું પડે શિક્ષણની અભિવ્યકિત સંસ્કૃતિ દ્વારા જ થઈ શકે અને તે સમજીને રાજય સરકાર અને શિક્ષણ મંત્રીશ્રીએ આ દેશની અંદર વિકાસની કેડી કંડારવાનો ખૂબ ઊંચો પ્રયત્ન કર્યો છે.

આ રાજયના તમામ શિક્ષકો કર્મયોગી બને. મારા એક સાથી સભ્ય કહેતા હતા કે સ્કૂલોમાં શિક્ષકોનું વેકેશન બગાડી નાખ્યું. બાળકોની સાથે પ્રવાસમાં જવાનું હોય અને વંચિત કરી નાંખ્યું. પરંતુ શિક્ષણ વિભાગના અધિકારીઓ અને મારા શિક્ષણ મંત્રીશ્રીએ માત્ર મતોના રાજકારણ આધારિત નહીં પરંતુ શિક્ષણના વિકાસને આધારિત આ શિક્ષકોને કર્મયોગી બનાવવાનો પ્રયત્ન કર્યો. સાંસ્કૃતિક સહિષ્ણુતા, કર્તવ્ય પ્રધાન જીવન અને રાષ્ટ્ર ભાવના પ્રબળ બને, જ્ઞાન ચારિત્ર્ય અને સંસ્કૃતિના આધારે આ રાજયને તિર્થ રાજ પ્રયાગ બનાવવાનો પ્રયત્ન રાજય સરકારે કર્યો છે અને સમગ્ર જગતે જે સ્વીકાર્યુ છે અનેક શિક્ષકો મિત્રોને હું ઓળખું છું, મારો પરિચય છે અને તેમણે રાજય સરકારના પ્રયત્નને ખૂબ આવકાર્યો છે. જે રૂચિ, પરંપરા પૂર્વજો પાસેથી આપણને મળી છે, આપણે જે શીખ્યા છીએ તે આગલી પેઢીને સોંપવા માટે અને પૂર્વજોએ આપેલ આપણું જે ઋણ છે આ ઋણમાંથી ઉઋણી થવાનો પ્રયત્ન આ રાજય સરકારનો રહયો છે. ભૂતકાળના ઋણમાંથી ભવિષ્યને ઋણી બનાવવાનો પ્રયત્ન છે. શિક્ષણ જગત ચાહે પ્રાયમરી શિક્ષકો હોય કે મારા જેવા હાયર એજ્યુકેશન સાથે જોડાયેલા લોકો હોય તમામ તેનું ગૌરવ અનુભવે છે. બહુજન સમાજ આખા ગુજરાતનો પાંચ કરોડનો સમાજ શિક્ષણ ક્ષેત્રના પરિવર્તનનો અનુભવ કરી રહ્યો છે. આ રાજયમાં પ્રજાતંત્રનો આત્મા જોડાયો હોય એવો અમને અહેસાસ થાય છે. એક શિક્ષક તરીકે સરકારના અધિકારો જે છે તે ઈશ્વરદત્ત નથી હોતા પ્રજા દ્વારા મળેલાં છે પ્રજાએ ચૂંટીને અહીંયા મોકલેલા છે અને પ્રજાએ સેવા માટે જ તેનો ઉપયોગ કઈ રીતે કરી શકાય અને પાયાની વાત પકડીને સરકાર આગળ વધી રહી છે.

મારે શિક્ષણની વાત કરવાની છે. આરોગ્ય મંત્રીશ્રી પણ સાથે લઈને આવ્યા છે વાત તેને પણ ઘણું બધું કહી શકાય તેમ છે પણ હું શિક્ષણની જ વાત કરું છું. રાજયમાં અને આ ગૃહની અંદર હું વાદ-વિવાદ જોઉં છું. તમે બોલો અમે બોલીએ એક બીજાનો જવાબ આપીએ. સાહેબ વાદ-વિવાદ હોય, હોવા જોઈએ પરંતુ પ્રાચીન ઉકિત પ્રમાણે વાદે વાદે જાય તે તત્વબોધઃ સાચુ ધ્યાનપૂર્વક સાંભળીએ, સત્યને સ્વીકારીએ, તેને ગ્રહણ કરીએ અને મારા વિપક્ષના નેતા રચનાત્મક અભિગમની વાત કરતા હતા. આ રચનાત્મક અભિગમમાં જોડાવવા માટેનો પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ મને એમ લાગે છે કે વાદે વાદે જાય તે કષ્ટ શોષઃ આ વાત ચરિતાર્થ થાય છે આમાંથી એટલા માટે કે અમે જે કહીએ છીએ તે સાંભળતા નથી. જે કર્યુ છે તે માનતા નથી. લોકો તો માને છે, હોં. ગૃહની બહાર પાંચ કરોડ લોકો માને છે. વાત માનતા નથી, વાત કહેવાનો, સાચી વાત કહેવાનો અમારા મંત્રીશ્રી કે રાજય સરકારનો જે અધિકાર છે તે અધિકાર સામે પાછા લડવા નીકળો છો. આ પરિસ્થિતિનું નિર્માણ થાય મને લાગે છે બહુ દુ:ખદાયક છે. એક રચનાત્મક અભિગમ તરફ જઈશું તો મને લાગે છે કે રુષિ પરંપરાઓથી આપણને જે મૂલ્યવાન સાંસ્કૃતિક વારસો મળ્યો છે તમે, અમે, આપણે બની અને ગૌરવશાળી ગુજરાતના નિર્માણ માટે આપણે સાથે શોભાવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ અને રાષ્ટ્ર ગૌરવ આ બન્ને જોડવાનો રાજય સરકારે પ્રયત્ન કર્યો છે. ગુલામીના કાળમાં શિક્ષણ ઉપર ઘણાં પ્રહારો થયા. મેકોલોની શિક્ષણ પદ્ધતિ અને મેકોલોએ આ મૂળ તત્ત્વને, આ શિક્ષણના મૂળ તત્ત્વને ખતમ કરવાનો પ્રયત્ન કર્યો અને આઝાદી પછીથી મેકોલોના માનસપુત્રોએ આ શિક્ષણની અવદશા કરી. કોઈ પણ રાષ્ટ્ર તેની સાંસ્કૃતિક ધરોહરથી જ ઓળખાયો છે. એવા મહાન પુરૂષો, નેતાઓ, એવા નેતાઓ (અંતરાય) ગોવાભાઈ સરસ વાત કરું છું હું. ક્રાંતિકારીઓની સાથે આ દેશ જ્યાં સુધી પોતાનો નાતો જોડતો નથી ત્યાં સુધી નવી પેઢીમાં ખુમારી આવતી નથી. હું કોલેજમાં જાઉં છું આજની યુવાન પેઢીના યુવાન અને યુવતિઓને જોઉં છું ત્યારે મને દુ:ખ થાય છે એટલા માટે કે પેલું કુંવરજીભાઈએ કહયુંને કે શિક્ષણમાં આવું

હતું તેવું હતું તે માનસ પુત્રો દ્વારા મેકોલોના માનસ પુત્રો દ્વારા આપેલી શિક્ષણ પદ્ધતિ હતી. મને ગૌરવ છે મારી સરકારે ગુજરાતની બધી યુનિવર્સિટીઓનો ભવ્ય ભૂતકાળ, મહાન વારસા અને તેના સપૂતોને યાદ કરીને વીર નર્મદ, સ્વામી હેમચંદ્રાચાર્ય, ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્મા જેવા મહાન ગુજરાતીઓને જોડીને એક ઐતિહાસિક ગૌરવવંતુ કાર્ય કર્યુ છે. આ મહાપુરુષોને યાદ કરીને એમના વારસાનું ગૌરવ લેવાનું કોંગ્રેસ સરકારોને કેમ યાદ ન આવ્યું? આપણે એ કરી શકયા હોત. એના માટે પૈસા જોઈતા નહોતા. માનનીય અધ્યક્ષશ્રી, સ્વગૌરવ ન હોય ત્યાં રાષ્ટ્ર ગૌરવની વાત કયાંથી આવે? મને આજે સવારે યાદ આવતું હતું. મારૂભાઈ બોલ્યા હતા. સરફરોસી શ્રેણીવાળા પુસ્તકોની વાત થઈ. સરફરોસી શ્રેણીવાળા પુસ્તકો મેં જોયા. મારા હાથમાં એ પુસ્તકો આવ્યા ત્યારે મને થયું કે આનંદીબેનને અભિનંદન આપું કે ધારાસભ્યશ્રીઓ આ વાંચશે અને સાંસ્કૃતિક મૂલ્યો અને રાષ્ટ્ર ભાવના જાળવશે. અમારા નેતા દ્વારા આ સારો અભિગમ હતો. આ દેશ માટે ત્યાગ, સમર્પણ અને તપશ્ચર્યાની ભાવના જાગશે એમ લાગ્યું. વિપક્ષના ધારાસભ્યશ્રીઓએ ચિંતા વ્યકત કરી કે આ કયાં છપાવ્યું, કોણે છાપ્યું, શું કામ છાપ્યું? આવું બોલવું. આ માનસિકતા લોકો જાણી ગયા છે. આ પુસ્તકોમાં કયાંય ગાળો છાપી નથી. ખૂબ સરસ છપાયેલું છે. વાંચ્યું ન હોય તો મોકલી આપીશ. મૂલ્યોની જાળવણીના હેતુ માટે અભિનંદન આપ્યા હોત તો રાષ્ટ્ર ભાવનાની ખૂમારી દેખાત. શું કરીએ? દૃષ્ટિ એવી સૃષ્ટિ. દુ:ખ થાય એવી બાબત છે. રાષ્ટ્ર ગૌરવ, આત્મ સન્માન અને સંગઠન સાથે મારી સરકારે છેલ્લા થોડાક વર્ષોમાં યુનિવર્સિટીની સંખ્યા ૧૦માંથી ૨૦ કરી છે. છેલ્લા ૨૫, ૩૦ વર્ષમાં આ સંખ્યા નહીં વધારીને ગુજરાતના યુવાનોને બહાર મોકલવાનું કરતા હતા. નિરમા ઈન્સ્ટિટયૂશન, ધીરુભાઈ અંબાણી યુનિવર્સિટી, ડી.ડી.દેસાઈ ઈન્સ્ટિટયૂશનને યુનિવર્સિટીનો દરજજો આપીને યુનિવર્સિટીના દ્વાર ગુજરાતના યુવાનો માટે અને સાયન્સ એન્ડ ટેકનોલોજી માટે ખોલ્યા છે. વિશ્વના લોકો અહીં અભ્યાસ કરવા માટે આવશે એમાં કોઈ શંકા નથી.

સેન્ટર ફોર એકસેલન્સની વાત કરી. આપણે ત્યાં ગુજરાતમાં ૪ યુનિવર્સિટી, નિરમા ઈન્સ્ટિટયૂશન, ધીરુભાઈ અંબાણી ઈન્ફરમેશન ટેકનોલોજી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અને ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીને આપણે સેન્ટર ફોર એકસેલન્સનો દરજજો આપીને આ પ્રકારના સ્તરે આપણે આપણા શિક્ષણનું સ્તર લઈ જઈ શકયા છીએ તે આપણા સૌ માટે ગૌરવની વાત છે. મારા જામનગરમાં યુરોપ અને અમેરિકા જેવા વિકસિત દેશોના ૧૯ વિદ્યાર્થીઓ એક જ ફેકલ્ટીમાં અભ્યાસ કરે છે. આ નોંધવા જેવી બાબત છે કે એક જ ફેકલ્ટીમાં વિશ્વના વિકસિત દેશોના વિદ્યાર્થીઓ આપણે ત્યાં અભ્યાસ કરતા હોય તે ગૌરવ લેવા જેવી વાત છે. મારી સરકાર અને અમે, યુનિવર્સિટી સાથે જોડાયેલા તમામ આનું ગૌરવ લઈ શકીએ તેમ છીએ. ધારો તો તમે પણ લઈ શકો.

મૂકત વિશ્વ વિદ્યાલયની વાત કરું. મારે એ વાત કરવી જ પડે. કારણ કે ત્રણ વર્ષ પહેલાં આ મૂકત વિશ્વ વિદ્યાલયની વાત થઈ કે શરુ થઈ ત્યારે ૭ હજાર લોકો એમાં ભણતા હતા. આજની પરિસ્થિતિમાં ૪૫ હજાર લોકો એમાં અભ્યાસ કરી રહ્યા છે. મને ગૌરવ છે કે જે વિદ્યાર્થીઓ અને યુવાનો એ કોઈપણ હોય, ખાસ કરીને મહિલા હોય કે પુરુષ, કોઈપણ ઉંમરે, ૬૦ ની ઉંમરે પણ લઈ શકાય. ઔપચારિક શિક્ષણ ન લઈ શકે. મૂકત વિદ્યાલય, જેમાં ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું ગૌરવ લઈ શકાય કે જયાં ૭૪ જેટલા અભ્યાસક્રમો ચાલી રહ્યા છે. દેશના મૂકત વિશ્વ વિદ્યાલયોમાં સૌથી વધારે આપણા ગુજરાતમાં ૭૪ અભ્યાસક્રમો છે. હું આ તકે આપના માધ્યમથી ડો.આમ્રપાલી, આ વિદ્યાલયના કુલપતિશ્રી અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને શિક્ષણ પ્રભાગને હૃદયપુર્વક અભિનંદન આપું છું. હજારો વિદ્યાર્થીઓ આ પ્રકારે ઘરે રહીને અભ્યાસ કરી શકે છે. મારે અને મારી સરકારે ગૌરવ લેવું જોઈએ. નોકરી કરતા કરતા પણ શિક્ષણ પ્રાપ્ત થઈ શકે એવી તક આપી છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજયુકેશનની વાત કરું. આ અભ્યાસક્રમ હમણા પી.ટી.સી.માં પણ શરું કરવામાં આવ્યો છે. કુદરતી આફત સામે બાથ ભીડવી. આપણે કચ્છના ભૂકંપમાં બાથ ભીડી છે. વિનાશમાંથી નવસર્જન કરીને વિકાસ તરફ જવાની પરિસ્થિતિને દુનિયાએ વખાણી છે. ત્યારે તો આવો કોઈ અભ્યાસક્રમ નહોતો.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહે છે. આપની પાંચ મિનિટ બાકી છે.

**વિરામ સાંજના ૪-૩૦ થી ૫-૦૦**

**સભાપતિશ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને**

**શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી (જામનગર)** (ક્રમશ:): માનનીય અધ્યક્ષશ્રી, હું ડિઝાસ્ટર મેનેજમેન્ટની વાત કરતી હતી. મારે એ કહેવું છે કે અહીંયાં એક નેશનલ લો યુનિવર્સિટી ગાંધીનગરમાં છે. છ રાજયોમાં આ યુનિવર્સિટી હતી અને આપણા ગુજરાત રાજયમાં લાવવાનું કામ પણ રાજય સરકારે કર્યુ છે. કયાંય એવું સાંભળ્યું છે કે આ રાજયના મંત્રી આ લો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના પિતા થાય? એના ગાર્ડીયન છે અને વ્યકિતગત કાળજી લે છે અને અનેક રાજયમાંથી વિદ્યાર્થી ભણવા આવ્યા છે. પછી એ તો જાય અને અધિકારીઓને પણ ભેગા લેતા જાય આ પ્રકારની રાજય સરકારની વ્યવસ્થા અભિનંદનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ પ્રાથમિક હોય, માધ્યમિક હોય કે ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ હોય, એમાં દરેક ક્ષેત્રમાં મારી સરકારે પાયાનું કામ કર્યુ છે. એક તરફ શિક્ષણની ગુણવત્તા તરફ ધ્યાન આપ્યું છે તો બીજી

તરફ એની સંખ્યા અને એની વ્યવસ્થા ઉપર પણ એટલું જ ધ્યાન આપીને માત્ર સ્કૂલોમાં બાળકો ભણવા જાય એટલું જ નહીં, પરંતુ એ શાળામાંથી ઉઠી ના જાય એની પણ એટલી જ ચિંતા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને બહુ દુ:ખ થયું. માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ હમણાં પ્રાથમિક શિક્ષકોની વાત કરતા હતા ત્યારે એમણે શિક્ષકોની જે વાત કરી એનાથી મને બહુ દુ:ખ થયું છે. મારે કહેવું જોઈએ કે આ રાજયમાં સૌથી વધારે કામ કરે છે અને શિક્ષણ ક્ષેત્રે સૌથી મહત્વનું એમનું પ્રદાન છે એવા અમારા પ્રાથમિક શિક્ષક ભાઈબહેનો છે તેમનું આવી વાત કરીને તેમણે અપમાન કર્યુ છે કે વર્ષમાં ૧૦૮ દિવસ જ કામ કરે છે એવી તેમણે વાત કરી છે. અરે, એ તો રાતદિવસ કામ કરે છે. હું તો કોલેજમાં ભણાવું છું અને કોલેજમાં પ્રાધ્યાપક કામ કરતા નથી એનાથી પણ વધારે કલાક આ પ્રાથમિક શિક્ષકો કામ કરે છે, ઘરમાં નાનું બાળક હોય અને એ પાંચ વર્ષના બાળકને સંભાળવામાં અમને માતાને અને પિતા બન્નેને તકલીફ પડે છે. આ રાજયના પ્રાથમિક શાળાના મારા શિક્ષક ભાઈબહેનો એ ૫૦-૫૦ બાળકોને સાચવે છે, એને એવું શિક્ષણ આપે છે કે એ શિક્ષક કર્મયોગી બને અને હું સાંદીપની બનું અને મારી પાસે આવેલ વિદ્યાર્થી એ કૃષ્ણ બનીને જગતનું કલ્યાણ કરનાર કેમ ના બને એ દિશામાં વિચારતો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, લાખો વિદ્યા સહાયકોની ભરતી કરી છે, થોડા સમયમાં કરી છે અને એ પણ ભ્રષ્ટાચાર વિના કરી છે (અંતરાય) અહીંયાં એમ કહેવામાં આવ્યું કે વિદ્યા સહાયકોની ભરતીમાં ભ્રષ્ટાચાર થયો છે. તો હું આનંદીબેનને સારી રીતે જાણું છું અને એટલે ખાતરી આપું છું કે એક પણ વિદ્યાસહાયકની ભરતીમાં ભ્રષ્ટાચાર થયો હોય તો મને કહેજો તો આપણે આનંદીબેનને રાજીનામું અપાવી દઈશું. કયાંય એવું ના થાય. એટલો વિશ્વાસ આ શિક્ષકોને આનંદીબેનમાં છે. આનંદીબેનના દ્રઢ નિશ્ચયને કારણે આપણે સૌ કરી શકયા છીએ, જે કાંઈ કરી શકયા છીએ તેમાં કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ જેવા વિશિષ્ટ અભિયાન તેમજ શિક્ષકોનું દરેક સ્તરે પ્રશિક્ષણ થરાય, તાલીમ કેન્દ્રો, રિફ્રેશર વર્ગો, ઓરિએન્ટેશન વર્ગો, ઓપ વર્ગ અને કયારેક મારા મિત્રોને અપ્રિય થયું હોય છતાં શિક્ષણ વિભાગે સતત જ્ઞાન સભર રહેવાનો સંકલ્પ સાકાર કર્યો છે. માત્ર મતો માગવા જાય ત્યારે મીઠું મીઠું બોલો, તલગોળ બની જેમ ભણો એવી વાત નહીં, પરંતુ જે સત્ય છે, જે આવશ્યક છે એ કામ કરવાનો પ્રયત્ન રાજય સરકારે કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એકવીસમી સદી છે એ જ્ઞાનની સદી છે, ટેકનોલોજીની સદી છે, જેવું ગુજરાત થશે એવો જ દેશ થવાનો છે. દેશની ક્રાંતિ થઈ હોય તો એ ક્રાંતિની શરૂઆત કરનાર ગુજરાત રાજય છે. આ ક્રાંતિ જ્ઞાન અને ટેકનોલોજીની સાથે સાથે સાંસ્કૃત્તિક રાષ્ટ્રવાદની પણ ક્રાંતિ છે. એકાત્વ માનવતાવાદની ક્રાંતિ છે, જ્ઞાન કરતાં એ કોઈપણ ક્રાંતિ મળી રહે ત્યારે આ બધી ક્રાંતિ થાય ત્યારે જ્ઞાનની શકિતના આધારે આ ક્રાંતિ અહીંયાં જ થવાની છે.

ભારત વર્ષ વિશ્વ ગુરુ બને, વિશ્વ ગુરુ બનવાની તેની ક્ષમતાને કયાંક એવી પરિસ્થિતિમાં દેશને મુકીએકે વિશ્વ ગુરુ ભારત બની શકે, ભારત હતુ, તેને નષ્ટ કરવાનો પ્રયત્ન થયો છે, શિક્ષણ વિભાગે જે કામ કર્યુ છે તેનાથી મને આશા અને વિશ્વાસ છે કે ભારત વિશ્વ ગુરુ અવશ્ય બનશે. અને તેમાં ગુજરાતનો ફાળો નોંધનીય હશે. મારે કહેવું છે કે અમારા કોંગ્રેસના ભાઈ-બહેન બહાર મળે ત્યારે કહેતા હોય છે કે અમારે બોલવું પડે એટલે બોલીએ છીએ ગૃહમાં, બાકી શું બોલવું? આવું તેઓ બોલતા હોય છે, મને લાગે છે કે શિક્ષણનું કાર્ય એ સેવાનું કામ છે. તમે, હું અને આપણે બનીને આપણા ગુજરાતને ગૌરવશાળી બનાવવા માટેના પ્રયત્નો થાય, જે કામ આપણે સાથે મળીને કરીએ તે ઈશ્વરીય કાર્ય છે. જો આપણે સાથે મળીને આ ઈશ્વરીય કાર્ય કરીશું તો અહીં થોડા ઘણાં બેઠા છો તે સચવાઈ જશો, જળવાઈ જશો. ઘણું બધું કહેવાનું છે,

આપણા ભારતના પહેલા રાષ્ટ્રપતિ ડોકટર રાધાક્રિષ્ણન શિક્ષક હતા, આપણા અધ્યક્ષશ્રી શિક્ષક છે. મને ગૌરવ છે કે હું પણ એક શિક્ષક છું. મારી સાથે ગૃહમાં બેઠેલા અનેક મારા સાથી ધારાસભ્યો શિક્ષક છે. શિક્ષક શિક્ષણની ગુણવત્તા અને વ્યવસ્થા સમજી શકે, રાજકારણની ભાષા શિક્ષણને સમજાતી નથી. રાજકારણની ભાષા શિક્ષણને સમજાતી નથી, પણ શિક્ષક જરૂર રાજ કારણને દિશા આપી શકે. આ સમયે મહાન ચાણકયને મારે યાદ કરવા પડે. શિક્ષક કયારેય સાધારણ નથી હોતો, આપણા શિક્ષણ મંત્રીશ્રી પણ એક શિક્ષક છે. જયારે આ વિધાન સાંભળતા હોય ત્યારે ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે ઐતિહાસિક સિમાચિન્હ બનવાનું છે. મારી સરકારના પ્રયત્નોને હું લાખ લાખ અભિનંદન આપું છું. અને છેલ્લે, રાજ નેતાની આપણી સેવા, મારા જેવા અનેક રાજનેતા અને અમારી સાથે કામ કરતા તમામ જે લોકોજીવનમાં કેવળ સુખનું કારણ ગણીને ચાલે છે ત્યારે મને કહેવાનું મન થાય છે કે સંસ્કૃત્તિ એ આપણા સૌનું સંપૂર્ણ જીવનછે, સંસ્કૃત્તિ અને શિક્ષણ એ બન્નેનો તાલમેળ કરીને અને સમાજના નિર્માણનો વિચાર પણ શિક્ષણમાં કરવામાં આવે અને એટલા માટે જે માગણીઓ લઈને અહીં માનનીય શિક્ષણ મંત્રીશ્રી આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી શિક્ષણ વિભાગની માગણી ક્રમાંક ૮ અને ૯ તથા માનનીય આરોગ્ય મંત્રીશ્રી એમની માગણી ક્રમાંક ૩૮, ૩૯, અને ૪૦ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, માણસની પ્રગતિ એના આરોગ્ય ઉપર આધારિત છે. તેમનો વિકાસ એ આરોગ્ય સાથે સંકળાયેલ છે. સરકાર આ વખતે તબીબી અને

જાહેર આરોગ્ય માટે જે મહેસૂલી ખર્ચ માટેની માગણી લાવી છે તે ૮૨૨ કરોડ ૪૨ લાખ અને ૧૯ હજારની માગણી છે. ગયા વર્ષની માગણી ૨૦૦૫-૦૬ના બજેટમાં હતી એમાં સુધારેલા અંદાજો પ્રમાણે ૮૩૧ કરોડ ૯૨ લાખ ૮૫ હજારની હતી. એટલે કે ૯ કરોડ ૫૦ લાખ અને ૬૬ હજારની રકમની ઓછી માગણી છે. આ રીતે આરોગ્યની જાળવણી માટે બજેટમાં જોગવાઈ થઈ છે. દરેક રાજયની આરોગ્ય જાળવણી માટે લોકોને તેમની નજીકની જગ્યાએ જ સેવાઓ મળી રહે તે માટે પેટા કેન્દ્રો, પ્રાયમરી હેલ્થ સેન્ટર, જિલ્લા હોસ્પિટલ અને મોટી જનરલ હોસ્પિટલો પણ ત્યાં છે. અને વર્ષોથી છે. વસતિના ધોરણ પ્રમાણે જે સંખ્યા જોઈએ તે સંખ્યામાં વર્ષોથી છે. આ છેલ્લા પાંચ વર્ષમાં તેમાં કોઈ નવું ડેવલપમેન્ટ થયું હોય તેવું દેખાતું નથી. ત્યારે આ જે માગણીઓ લઈને આવ્યા છે એમાં જે આંકડાઓ છેતે આંકડાઓ જોતા એમ લાગે છે કે આટલી માગણીઓ છે એમાં પછાત વિસ્તારને વધુ અસર થાય છે. અત્યારે જિલ્લામાં અને તાલુકા કક્ષાએ જે સબ સેન્ટરો છે એમાં બહેનો રહેવી જોઈએ તે રહેતી નથી. પ્રાથમિક આરોગય કેન્દ્રોમાં ડોકટરો હોય અથવા ન પણ હોય, એવી પરિસ્થિતિ છે. એમ્બ્યુલન્સ હોય તો બગડેલી હોય છે અને ડોકટરો હોતા નથી. તાલુકા કક્ષાએ પણ આવી જ પરિસ્થિતિ છે. તાલુકા કક્ષાએ આની આજ પરિસ્થિતિ હોય છે ત્યારે સારી સારવાર મળી રહે એના માટે કોઈ ચેકિંગ હોવું જરૂરી છે. પહેલા મને ખબર છે કે ગામડાંમાં ડિસ્ટ્રિકટ હેલ્થ ઓફિસર રેગ્યુલર ચેકિંગ કરતા હતા અને જો સ્ટાફ હાજર ન હોય તો એને સજા કરવામાં આવતી હતી. પરંતુ આજે એમ થતું નથી. આજે પી.એચ.સી. અને સી.એચ.સી.માં દવાઓ હોવી જોઈએ એ હોતી નથી. ગામડાંની અંદર ટી.બી. નું પ્રમાણ વધારે હોય છે. સરકાર કહે છે કે ૩,૬૬,૩૭૭ માણસોને ટી.બી.ની દવા આપવામાં આવી છે. સારી વાત છે આટલા માણસોને દવા મળી છે. પરંતુ આ ટી.બી.ના દરદીઓ થોડા સમય દવા લે અને પછી સારુ થઈ જાય એટલે દવા છોડી દે છે. એટલે ફરી રોગ ઊથલો મારે છે ત્યારે resistence develop થઈ જાય છે. ગામડાં લેવલે resistence ડેવલપ થાય છે એના માટે દવા મળવી જરૂરી છે. આવી દવા નહિ હોવાને કારણે દરદી પ્રાઈવેટ સંસ્થામાં ભટકે છે અને અંતે મૃત્યુને શરણે થાય છે. આપણે ત્યાં ટી.બી. ના દર્દીઓ છે એના sputem ચેક કરીએ છીએ. ઘણાને આંતરડાનો ટી.બી. હોય છે ત્યારે sputem માં testing positive આવતું નથી. એટલે દરદીઓને પૂરા ચકાસવામાં આવે અને એને વ્યવસ્થિત દવા કરે તો સારા પરિણામો આવી શકે છે. ગામડાંની અંદર આવી સુવિધાઓ ન હોવાને કારણે ખાસ કરીને ડોકટરોની મુશ્કેલીઓ, સાધનોની મુશ્કેલીઓ છે એ ન હોવાને કારણે આવી પરિસ્થિતિ પેદા થાય છે ત્યારે આવી પ્રાયમરી દવા સાથે સેકન્ડરી દવાઓ પણ ત્યાં હોવી જરૂરી છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરુ કે આમાં સુધારો કરે.

અત્યારે જન્મદર ૨૪.૬ ટકા છે, જ્યારે સન ૨000ના વર્ષમાં મૃત્યુદર ૭.૫ ટકા હતો એ અત્યારે વધીને ૭.૬ ટકા થયો છે. એટલે ૦.૧ જેટલો મૃત્યુદર વધ્યો છે એ ખરેખર ચિંતાનો વિષય છે. બાળ મૃત્યુ દર ૬૦ જેટલો છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારો માટે આપણી પાસે પેટા કેન્દ્રો છે એ લગભગ ૭૨૮૪ જેટલાં છે. જ્યારે પી.એચ.સી. ૧૦૭૦ જેટલાં છે, સી.એચ.સી. ૨૭૨ અને ૮૫ જેટલા Comprehensive Health Care Unit છે. આ સગવડો છે. આના માટે અલાયદો સ્ટાફ હોવો જોઈએ એ નથી. મેલેરિયા માટેની સગવડ હોવી જોઈએ એ પૂરતી નથી. આજે પરિસ્થિતિ એ છે કે ગામડાંમાં ઝેરી મેલેરિયાથી દરદીઓ મરી જાય છે. ગઈ વખતે અમારા સિવિલ સર્જનના સબંધીને ઝેરી મેલેરિયા થવાથી એ મરી ગયેલાનો દાખલો છે. આનું કારણ એ છે કે આપણી જે પદ્ધતિ છે, આપણે કહીએ છીએ કે એના લોહીના નમૂના લઈએ છીએ. સારો આંકડો બતાવ્યો છે એ પ્રમાણે લોહીના સારા નમૂના લીધા છે. ૯૭ લાખ જેટલા નમૂનાઓ લીધા છે. પરંતુ પોઝિટિવ ૨,૬૬,૦૦૦, ફાલ્સીફેરમના કેસીસ ૬૬ હજાર જેટલા બતાવ્યા છે એ આંકડો ચિંતાજનક છે. એટલે ફાલ્સીફેરમ માટેની દવા ગામડાં લેવલે હોવી જોઈએ. ખાસ કરીને ચેક કરવા માટે એની લેબોરેટરીની સગવડ ખૂબ જરૂરી છે. લેબોરેટરીની સગવડ ન હોવાને કારણે મુશ્કેલી પડતી હોય છે. અત્યારે સી.એચ.સી. અને તાલુકા કક્ષાએ હોસ્પિટલો હોય છે ત્યાં લેબોરેટરી ટેકનેશ્યનોની જગ્યાઓ છે, પરંતુ એ મોટે ભાગે ખાલી હોય છે એના લીધે મુશ્કેલી ઊભી થાય છે. ત્યારે તાત્કાલિક આવી લેબોરેટરીની જગ્યાઓ ભરાય અને સાથે બ્લડ બેંક હોવી જોઈએ. માનનીય આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કે તાલુકા કક્ષાએ દરેક હોસ્પિટલમાં બ્લડ બેંક હોવી જોઈએ તેવી વ્યવસ્થા ઊભી થાય તો સારી સારવાર આપી શકીએ.

આપણી પાસે મેડિકલ કોલેજો છે ત્યાં પરિસ્થિતિ એ છે કે છોકરાઓને ભણાવવા માટે ડોકટરો હોવા જોઈએ એ ડોકટરોની ઘણી ઊણપ હોય છે. તેથી ભણતા છોકરાઓ સારું શિક્ષણ લઈ શકતા નથી. બીજી મુશ્કેલી એ છે કે આપણા જે છોકરાઓ ભણે છે એમની સાથે જે પી.જી. કરે છે. એમને સ્ટાઈપન્ડ આપવામાં આવે છે એ ઘણું જ ઓછુ આપવામાં આવે છે. અમે પણ એ સ્ટેજમાંથી પસાર થયેલ છીએ. ૨૪ કલાક મજૂરી કરે એના પ્રમાણમાં સ્ટાઈપન્ડ ઓછુ મળે છે તો એમાં કાંઈક જોગવાઈ કરીને વધારો કરે તેવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે રોગી કલ્યાણ સમિતિની રચના કરી છે. સારું છે. પણ આવી સમિતિની રચના દરેક હૉસ્પિટલમાં થાય અને દરેક જગ્યાએ તેના બજૅટની જોગવાઈ કરે. આ જે જોગવાઈ કરવામાં આવી છે એ ૨૦ હૉસ્પિટલો પૂરતી છે, ત્યારે તાલુકા કક્ષાએ આવી બજૅટની જોગવાઈ કરવામાં આવે તો બહુ સારું.

સાથેસાથે સરકારે ઓરેટ પ્રોજૅકટની જાળવણી અને મરામત માટે મેન્ટેનન્સ એન્યુઅલ કોન્ટ્રાકટ આપવાની વાત કરી છે. તેમાં ૪૨૭ લાખની જોગવાઈ કરવામાં આવી છે. મારે એ જાણવું છે કે જ્યારે ઓરેટ પ્રોજૅકટના સાધનો આવ્યા ત્યારે તેમની સાથે કમિટમૅન્ટ કર્યું નથી કે જેથી સાધનોની જાળવણી થઈ શકે. અત્યારે મોટા ભાગના સાધનો કાં તો હૉસ્પિટલોમાં એમ ને એમ પડ્યા છે. બિનઉપયોગી છે. તો આવા સાધનો ઉપયોગી થાય તેના માટેની ચોક્કસ જોગવાઈ હોવી જોઈએ. ખાસ એ કહેવું છે કે તાલુકા કક્ષાની હૉસ્પિટલો ખાતે જે સ્ટાફ હોવો જોઈએ અને તેમાંય ખાસ કરીને સ્પેશ્યલાઈઝ સગવડો જે ફિઝિશિયન, સર્જન, ગાયનેકોલોજીસ્ટ અને તેની સાથે જે એનેસ્થેટીસ્ટ હોવા જોઈએ. ગયા વખતે બજૅટમાં જોગવાઈ કરી હતી તેમાં આ જગ્યા ઉભી કરવા માટેની વાત કરી હતી. પણ એ જગ્યાઓ ભરાઈ નથી. ત્યારે ગામડાં કક્ષાએ જ્યારે કોઈ દર્દીને આવી મુશ્કેલી થાય અને ઑપરેશન કરવાનું થાય તો આવી સગવડ ઉભી કરવામાં આવે તો તે સારી વાત છે.

સરકારે હમણાં વંદેમાતરમ્ યોજના અને પાંચ જિલ્લામાં પાઈલટ પ્રોજૅકટ તરીકે જે ડિલિવરી કરવા બહેનો આવે છે તેમને માટેની યોજના પ્રાઈવેટમાં ચાલુ કરી છે. સારી છે પણ એવી આખા ગુજરાતમાં બીજાં જિલ્લાઓમાં પણ આ જરૂરી છે કે જેથી તેના માટે બીજાંઓને પણ લાભ મળી શકે. ડૉકટરને વંદેમાતરમ્ ડોકટર, મને થોડું વિચિત્ર લાગે. ડૉકટરને વંદેમાતરમ્ ડૉકટર તેમ કહેવા કરતાં થોડો ચેઈન્જ લાવવાની જરૂર છે. આપે જે ચોપડીમાં બતાવ્યું છે એ વંદેમાતરમ્ ડૉકટર. તો આ ડૉક્ટરની કોઈ નવી ડિગ્રી નથી. તેમ હું માનું છું. તેમાં કોઈ સુધારો થાય તો બહુ સારું.

શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ બહુ સારો છે. પણ જે હૃદય, કિડની અને કૅન્સરના દર્દીઓ છે એવા છોકરાઓ માટે તાત્કાલિક કોઈ સગવડ ઉભી થાય એ બહુ જરૂરી છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રી આરોગ્ય વિભાગની માગણી: ૩૮, ૩૯ અને ૪૦ લઈને આવ્યા છે તેના અનુમોદનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

એક તબીબ હોવાને નાતે હું જાણું છું કે આરોગ્ય એ કેવળ શરીરનું ભૂષણ નથી પણ આરોગ્ય એ સાચા અર્થમાં આત્મા માટે આભૂષણ છે અને એ સત્યને જાણીને જ વિનોબા ભાવેજીએ કહ્યું કે હું કાયસ્થ હોઉં, હું દેહસ્થ હોઉં પણ જો હું સ્વસ્થ ન હોઉં તો મારી કાયા કે દેહ નકામી. એટલે કાયા અને દેહ એ સ્વસ્થ હોવા જોઈએ. તો જ તેનો આત્મા પણ સ્વસ્થ રહે અને જ્યાં આત્મા અને દેહ બન્ને સ્વસ્થ હોય તો જ એ રચનાત્મક પ્રવૃત્તિઓમાં આગળ વધે. આ એક સત્ય સાથે અમારા આરોગ્ય મંત્રી, he is a person of conceptual skill. એટલા કોઠાસૂઝવાળા માણસ છે અને ખૂબ કોઠાસૂઝથી જે પ્રમાણે પોતાની માગણીઓ લઈને આવ્યા છે તે પ્રમાણે ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, good health and good sense are two of life's greatest blessings. અને જેને આ મળે છે તેને ખરેખર આશીર્વાદરૂપ લાગે છે. છેવાડાના માનવીની સેવા કરવાની તક જો સાચા અર્થમાં મળતી હોય તો તે આરોગ્ય વિભાગને મળે છે અને એટલે જ દર્દીમાં નારાયણના દર્શન કરે છે. ગુજરાતની પાંચ કરોડની જનતાને સ્વસ્થ રાખવા માટે, તેનું શારીરિક અને માનસિક આરોગ્ય જાળવવા માટે આખો વિભાગ દિવસ અને રાત કાર્યરત છે. એટલા માટે વિભાગને જેટલા પણ અભિનંદન અપાય એટલા ઓછાં છે. એક સારા વિચારક છે, Benjamin Disrael તેમણે કહ્યું છે કે "The health of the people is really the foundation upon which all their happiness and their power as a state depends." માનનીય અધ્યક્ષશ્રી, વિકાસનો માપદંડ એ સાચા અર્થમાં શિક્ષણ અને આરોગ્ય આધારિત હોય છે. જે રાષ્ટ્રમાં બાળકોનું શિક્ષણ સારું અને આરોગ્ય સારું તેનો વિકાસ સારો. આ એક માપદંડ છે. એટલા માટે આરોગ્ય વિભાગની માગણીની શરૂઆત હું શાળા આરોગ્ય તપાસથી શરૂ કરવા માગું છું. કારણ કે બાળકો એ આ રાષ્ટ્રનું ભવિષ્ય છે.આ દેશનું ભવિષ્ય છે, આ ગુજરાતનું ભવિષ્ય છે અને આ બાળકોના સ્વાસ્થ્યની ચિંતા અત્યાર સુધીમાં સૌથી પહેલી વખત થઈ હોય તો એ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થઈ છે. જે પૈસાદાર માણસ હશે એ તો મોટી મોટી કૉર્પોરેટ હૉસ્પિટલોમાં જઈને સારવાર કરાવશે. પરંતુ ગરીબ માણસ હશે એ તો સરકારી દવાખાનાઓમાં જઈને એ આરોગ્યની સારવાર લેશે અને પોતાનું આરોગ્ય સાચવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની સારવાર બાળકો શાળામાં જાય અને બાળકોના આરોગ્યની તપાસ થાય અને એને ઊગતો જ ડામી દેવાનો વિચાર આ રાજયની સરકારે કર્યો છે. અને કુલ ૮૫ લાખ જેટલા શાળાના બાળકોના આરોગ્યની તપાસ થાય. એ એનામાં જ સૌથી મોટી સિદ્ધિ છે. હમણાં સપ્ટેંબરમાં WHO ની ટીમ આવી હતી. એમણે આ આખું મૂલ્યાંકન કર્યું, Evaluation કર્યું હતું અને એમણે કહ્યું હતું કે, આ કાર્યક્રમ આખા દેશમાં સારામાં સારો કાર્યક્રમ છે અને અન્ય રાજયોએ પણ આ કાર્યક્રમ અપનાવવો જોઈએ. એવું મૂલ્યાંકન WHO એ પોતે કર્યું છે. આ ખીલતા પુષ્પો કરમાઈ ન જાય એટલા માટે એની સુગંધી આ દેશના

બાળકો ચારેતરફ ફેલાવે એના માટેનો ખૂબ જ સુંદર કાર્યક્રમ અને ખાસ કરીને ૧૬ લાખ બાળકોને સ્થળ ઉપર જ સારવાર આપવામાં આવી અને ૭૫૦૦૦ જેટલા બાળકોને સંદર્ભ સેવાઓથી ટ્રિટમૅન્ટ આપવામાં આવી. ૩૮૦૦૦ બાળકોને વિનામૂલ્યે ચશ્મા આપવામાં આવ્યા. એનાથી આગળ વધીને સકસેસ સ્ટોરી કહેવા માગું છું. ૧૯૨૧ બાળકોને હૃદય રોગની જાણકારી મળ્યા પછી એમને વિનામૂલ્યે હૃદયરોગની સારવાર આપવામાં આવી. મારા વિસ્તારની એક નાનકડી બાળકી મ્યુનિસિપલ શાળામાં ભણતી હતી. એને microstenosis હતું અને એના ગરીબ મા-બાપને ખબર નહોતી. અને શાળામાં તપાસ કર્યા પછી જ્યારે ડાયગ્નોસીસ થયું અને વિનામૂલ્યે ઑપરેશન થયું એના માતા-પિતાના આશીર્વાદ મળ્યા. એના કારણે આ સરકાર સકસેસફૂલી કામ કરી રહી છે. એનાથી આગળ વધીને thalessemia majorના બાળકોને દર મહિને બ્લડ ચડાવવું પડતું હોય છે. મારા વિસ્તારમાં ૩-૪ બાળકો એવાં હતાં જેમના માટે મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી ૩-૩ લાખ રૂપિયા લઈને બેલૂરમાં જઈને bone marrow transplant કરાવ્યું. આ શાળા આરોગ્ય તપાસણીની સકસેસ સ્ટોરી છે. હસતા-રમતા ભૂલકાઓને પરાણે વહાલ કરવાની ઇચ્છા થાય એ પૈસાના અભાવે સારવાર વગરના રહી ન જાય એના માટેની સુંદર કામગીરી આરોગ્ય વિભાગ કરી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલિયો નાબૂદ થઈ ગયો, ગુજરાતમાંથી નેસ્ત નાબૂદ થઈ ગયો. એકપણ કેસ આખા ગુજરાતમાંથી મળ્યો નથી. કોઈ અપંગ ન રહે એના માટેનું સુંદર આયોજન. એનાથી વિશેષ સુંદર કામગીરી શું હોઈ શકે? લૅપ્રસી ઉન્મૂલન. ૩૦મી જાન્યુઆરીએ સાચા અર્થમાં મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવાનું કામ, ગુજરાતને લૅપ્રસી ફ્રી જાહેર કરવાનું કામ આરોગ્ય વિભાગે કર્યું છે એ ખરેખર દીવાદાંડી સ્વરૂપ છે, એક ઉદાહરણીય છે અને જેટલા અભિનંદન આરોગ્ય મંત્રીશ્રીને આપું એટલા ઓછાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિષયની હવે ચર્ચા કરવા માગું છું એ ખૂબ જ ગંભીર છે - સ્ત્રી ભ્રૂણની હત્યા. ખૂબ ગંભીર બાબત છે એના માટે આપણે બધા ચિંતિત છીએ. અત્યારે જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે એમાં સ્ત્રીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. ૦થી ૬ વર્ષના બાળકોમાં ૧૦૦૦- ૮૭૮ કરતાં પણ ઓછા છે. રાજયનો આરોગ્ય વિભાગ અને મહિલા બાળ કલ્યાણ વિભાગ આ બાબતે સંયુક્ત કામગીરી કરી રહ્યા છે. એ ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે. બેટી બચાવો અભિયાન માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં અમદાવાદમાં આ કાર્યક્રમની શરૂઆત થઈ. અનેક સંતો-મહંતો આવ્યા, આ કાર્યક્રમની સફળતા માટે આશીર્વાદ આપ્યા અને એમણે પોતે એમ કહ્યું કે, આ કાર્યક્રમમાં અમે જાતે જોડાઈશું. અને એમાં જાણીતા સંત સ્વામી સચ્ચિદાનંદ, કનેકેશ્વરી માતા જેવા સંતો આવ્યા અને એમણે પોતે કહ્યું કે, આ સમાજમાં માત્ર કાયદાથી નહીં થાય. પી એન્ડ ડી.ટી. એકટ છે. મને દુ:ખ એ વાતનું થાય છે કે, અમારા જ કલિંગ ક્યાંકને ક્યાંક આ સ્ત્રી ભ્રૂણ હત્યા સાથે જોડાયેલ છે એ અમારા માટે દુ:ખનો વિષય છે. હું પોતે એ સાચા અર્થમાં કહું છું કે, આ કાયદાથી નહીં થાય, સાચા અર્થમાં જાગૃતિની આવશ્યકતા છે. સમાજમાં સ્ત્રીઓના મહત્ત્વની આવશ્યકતા છે. આપણે ત્યાં સ્ત્રીને દેવી માનીએ છીએ, હવે માત્ર દેવી નહીં માનો. એટલું પણ હવે સમજવાની જરૂર છે. એને જન્મવાનો તો હક્ક આપો. માત્ર દેવી ગણીશું અને નારી તું નારાયણી ગણીશું પણ એને જન્મવાનો હક્ક જ નહીં આપીએ એ કેમ ચાલશે? પશ્ચિમના એક ઓસ્કાર વાઈલ્ડ નામના ચિંતક એમણે કહ્યું છે માત્ર આપણે જ દેવી તરીકે પૂજીએ છીએ એવું નથી પશ્ચિમના દેશોમાં પણ કહેવાયું છે કે પૃથ્વી ઉપર સ્ત્રીનો જન્મ એ ઈશ્વરનો સૌથી મોટો જાદુ છે. આ ઓસ્કાર વાઈલ્ડ નામના ચિંતકે પોતે કહ્યું છે એટલે આ કાયદાને વધારેને વધારે લાગુ કરાવવા માટે આરોગ્ય વિભાગ કામ કરે છે પણ જનજાગૃતિનું કામ પણ મહિલા અને બાળક કલ્યાણ દ્વારા થઈ રહ્યું છે એ પણ ખૂબખૂબ અભિનંદનને પાત્ર છે અને આપણે સૌ આમાં ખૂબ સાથ અને સહકાર આપીએ અને અમારા Gynaecological Society દ્વારા એના સંકલ્પો લેવડાવવામાં આવે છે પરંતુ હજી સુધી આમાં વધારે પ્રયત્ન કરવાની આવશ્યકતા છે. એક સૌથી વધારે મહત્વપૂર્ણ બીજી જે વાત આરોગ્ય વિભાગ કરી રહ્યું છે એ ચિરંજીવી યોજના, Maternal mortality rate ઘટાડો અને ઈન્સ્ટીટયુશનલ ડિલિવરી થાય આજે જોવા જઈએ તો ૫૭ થી ૬૦ ટકા ઈન્સ્ટિટયુશનલ ડિલિવરી છે. હજી પણ ૪૦ ટકા જેટલી બહેનો એ ઇન્સ્ટિટ્યૂટમાં ડિલિવરી કરાવતી નથી એ આપણા સૌ માટે ચિંતાનો વિષય છે અને પ્રસૂતિની સારવાર ન મળવાને કારણે એકવીસમી સદીમાં મૃત્યુ થાય એ આપણા માટે દુ:ખનો વિષય હોવો જોઈએ અને એ સમજીને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે યોજના લાવ્યા જેને ચિરંજીવી યોજના નામ આપ્યું અને રાજયના ૫ જિલ્લાઓમાં લાગુ કરવામાં આવી છે. બીલો પોવર્ટી લાઈનની માતાઓને પ્રાઈવેટમાં (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૫ જિલ્લાઓમાં ૧૬૧ ડૉકટરો રજિસ્ટર થયા છે અને કુલ ૫૦૦૦ ડિલિવરી આ ખાનગી પ્રાઈવેટ ડૉકટરો દ્વારા કરવામાં આવી છે અને એમને વળતર આપવામાં આવ્યું છે અને આ બજેટમાં કુલ ૪૩ કરોડ જેટલી માતબર રકમ આ યોજના માટે ફાળવવામાં આવી છે. હું તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરુ છું કે આ માત્ર ૫ જિલ્લાઓમાં ન હોવું જોઈએ, હજી વધારે જિલ્લાઓને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવું જોઈએ અને એના કારણે maternal mortality rate ઘટશે. પોપ્યુલેશન population explosion એ આપણો અગત્યનો બીજો વિષય છે. એના વિશે હું વિગતથી કહું કારણ કે એની આપણે પોતે નીતિ બનાવી છે અને વસ્તી જેટલી બને એટલી ઘટાડવાનો આપણે સૌ સાથે મળીને પ્રયત્ન કરવો જોઈએ એના માટે હું દર વખતે કહેતી આવું છું કે સ્ત્રી નસબંધી ઉપર જેટલો ભાર મૂકવામાં આવે છે એટલો

જ ભાર પુરુષ નસબંધી ઉપર પણ મૂકવો જોઈએ. Vasectomy કોઈ પુરુષો કરાવતા નથી એ દુ:ખનો વિષય છે કારણ કેvasectomy જો કરાવીએ તો એમાં કોઈપણ જાતનો ખર્ચ નહીં, એમાં કોઈપણ જાતની હોસ્પિટલાઈઝેશનની જરૂર નહીં પરંતુ કોઈપણ હિસાબે બહેનોની નસબંધીના ઓપરેશન કરાવીએ છીએ પણ ભાઈઓ કરાવતા નથી તો પોપ્યુલેશન કંટ્રોલમાં vasectomy ને પણ વધારેમાં વધારે પ્રોત્સાહન મળવું જોઈએ. મૅડિકલ એજયુકેશનની એક વાત કરીને અભિનંદન આપીશ, માનનીય મંત્રીશ્રીને કે એમણે ખૂબ સીટો, ડબલ સીટો થઈ ગઈ છે. રાજયમાં પણ મૅડિકલ યુનિવર્સિટી સ્થાપવાની વાત ગયા બજેટમાં માનનીય મંત્રીશ્રીએ કરી હતી તો મૅડિકલ યુનિવર્સિટીની જો સ્થાપના થાય તો આ બધા જ મૅડિકલ એજયુકેશન હેઠળના કાર્યક્રમો એ એક છત્ર નીચે આવી જાય અને મૅડિકલ એજયુકેશનનો વિકાસ આ રાજયમાં થઈ શકે. પી.જી. ઈન્સ્ટીટયુશનની આ રાજયમાં ખૂબ જરૂર છે એ પણ જો થઈ શકે તો એ પણ ખૂબ આવશ્યક છે. મૅડિકલ ટુરીઝમને આપણે ખૂબ અત્યારે પ્રોત્સાહિત કરીએ છીએ અને હવે આ રાજયના લોકો ચેન્નાઈ કે ફોરેન જતા નથી ઓપરેશન કરાવવા માટે, અત્યારે એક મૅડિકલ બ્યુરોની જો સ્થાપના થાય અને બધા જ ઈન્સ્ટિટયુશન આ મૅડિકલ બ્યુરોમાં પોતાને રજિસ્ટર કરાવે , ઈમરજન્સી મૅડિકલ સર્વિસીસને ડિપાર્ટમેંટ તરીકે સ્થાપવાની જરૂર છે. અત્યારે ટ્રોમા સેન્ટર ખૂબ સારું કામ કરી રહ્યું છે પણ ઈમરજન્સી મૅડિકલ સર્વિસીસને એક વિભાગ તરીકે જો કરવામાં આવે તો આ રાજયમાં ખૂબ સારું કામ કરી શકાય અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેંટ પણ સ્થાપવું જોઈએ.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ શિક્ષણ વિભાગની અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની લઈને આવ્યા છે એમાં મારાં કેટલાંક સૂચનો હું રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશની પ્રગતિ અને વિકાસ ક્યારે થાય? જો આપણું શિક્ષણ સુંદર હોય, આરોગ્યમાં પણ એટલી જ કાળજી લેવામાં આવતી હોય ત્યારે જ આપણા રાજ્યની પ્રગતિ અને વિકાસ આપણે કરી શકીએ. આપણા શિક્ષણ મંત્રીશ્રી ખૂબ જ મહેનત કરી રહ્યા છે. ગુજરાતને આગળ લાવવા માટે પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે મને ખરેખર આનંદ થાય છે. પરંતુ કેટલાક સૂચનો જે હું કરીશ કે જે શિક્ષણમાં ઉપયોગી થઈ પડશે. પ્રાથમિક શાળાઓમાં અભ્યાસક્રમ બદલાતો હોય છે તે વખતે પાઠ્ય પુસ્તકો સમયસર મળી જાય એની તકેદારી રાખવી જોઈએ. ખરેખર શહેરોમાં તો મળી જાય છે પણ ગામડા સુધી પહોંચતા સમય લાગતો હોય છે. તો સમયસર પુસ્તકો મળે એની ખાસ કાળજી લેવાવી જોઈએ. સંખ્યા પ્રમાણે શિક્ષકો મૂકતા હોઈએ છીએ પણ જો ધોરણ દીઠ શિક્ષક મૂકવામાં આવે તો શિક્ષણનું સ્તર ઊંચું લાવી શકીએ અને ગરીબ આદિવાસી બાળકોને સારું શિક્ષણ આપી શકીએ અને એ ભણી શકે. શિક્ષકોને અભ્યાસ સિવાયની જુદી જુદી પ્રવૃત્તિઓ આપવામાં આવે છે અને એનું ભારણ એટલું બધું હોય છે કે શાળામાં પૂરતો સમય શિક્ષણ આપી શકતા નથી. આ બાબતે જે કાંઈ અભ્યાસ કરવો પડે એ કરીને બાહ્ય કામગીરી વધારે અપાય છે એના ઉપર કાપ મૂકીને શિક્ષણ ઉપર ધ્યાન આપે એવું કરવું જોઈએ. ધોરણ ૧ થી ૭ ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણ આપીએ છીએ ત્યારે આદિવાસી વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકો વિના મૂલ્યે મળે એની જોગવાઈ કરવી જોઈએ. જરૂરિયાત મુજબ વર્ગખંડો પૂરા પાડી શકીએ એ જરૂરી છે. આમ તો ઘટ હોય છે ત્યારે ધારાસભ્ય ફંડનો અમે ઉપયોગ કરતા હોઈએ છીએ પણ જલદીથી વર્ગખંડો મળી જાય એની કાળજી રાખીએ. પહેલા આપણે એલ.એન્ડ ટી. અને સિન્ટેક્સના ઓરડાઓ બનાવ્યા હતા પણ તેમાં નિષ્ફળ ગયા છીએ તો સારા ઓરડા બને એના તરફ જોવું જોઈએ. ધોરણ ૧ થી ૭ માં વિજ્ઞાનના સાધનો આપતા નથી ત્યારે આદિવાસી બાળકો સાયન્સમાં ખૂબ ઓછા ભણતા હોય છે. એને પ્રેક્ટિકલ કરવા માટે વિજ્ઞાનના સાધનો મળે અને એ વિજ્ઞાન તરફ વળે એનું આયોજન થવું જોઈએ એવી ખાસ વિનંતી છે. માધ્યમિક શાળાઓના ખાનગીકરણ તરફ આપણે જઈ રહ્યા છીએ. ખરેખર ફી ભરવાનો સમય આવે છે ત્યારે ગરીબ મા-બાપ ૫-૧૦ રૂપિયા ફી પણ ન ભરી શકે એવા વાલીઓ હોય છે. એ ફી ન ભરવાના કારણે અભ્યાસથી વંચિત રહી જાય છે. તો ખાનગીકરણમાં ખૂબ પ્રોત્સાહન આપવું એ બીન જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અમારા પૂર્વ મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ દાખલ કરી ત્યાર પછી આખા દેશમાં અમલમાં મૂકવામાં આવી. એમાં અનાજ, કઠોળ, તેલ મોકલીએ છીએ એ ઘણીવાર સમયસર પૂરું પાડી શકાતું નથી. એના કારણે ૧૦-૧૫ દિવસ આ યોજના બંધ રહેતી હોય છે અને સારું ભોજન મળે એના માટે કાંઈક ઉપાય આપણે કરવા જોઈએ. ઓફિસમાં ક્યાંક આપણને ભ્રષ્ટાચાર પણ દેખાઈ આવે છે. એના ઉપર કાળજી રાખીએ તો ઘણો સુધારો થઈ શકે તેમ છે. સંસ્થાઓમાં એક લાખથી વધારે સંચાલકો કામ કરે છે. જો આપણે ખાનગી સંસ્થાઓને આ કામ આપીએ તો આ એક લાખથી વધારે સંચાલકો બેકાર થઈ જશે. એની રોજી બંધ થઈ જશે. એ પણ સંસ્થાઓને ન સોંપીએ તો ઘણું સારું થશે. ઉચ્ચ શિક્ષણમાં બે વાતો કરવી છે. કુલ ૨૭ સરકારી કોલેજો તથા મેઘરજ, વાંસદા, વાલોદ, મહુવા, સોનગઢ, નવસારી, નેત્રગ, વાલીયા, સંજાણ, આહવા જુદા જુદા આદિવાસી તાલુકાઓમાં ૧૦ કોલેજો છે એમાં વાંસદા અને મહુવા વાણિજ્ય વિનિયનની

નવી કોલેજ શરૂ કરેલ છે. નવસારી અને મેઘરજમાં બી.એડની કોલેજ નવી બની છે. શરૂ થયાને આજે બે-ત્રણ વર્ષ થયા છતાં શિક્ષકો અને વહીવટી સ્ટાફની જગ્યાઓ મંજૂર કરવામાં આવી નથી. ફક્ત બીજી સંસ્થાઓમાંથી કયારેક ફેરફારથી મોકલી કામ ચલાવવામાં આવે છે. એ તમે કૉલેજની જગ્યા મંજૂર કરી ભરવામાં આવે, જેથી કરીને બાળકનો અભ્યાસ એ કયા આટર્સ કે કોમર્સમાં ભણે છે પણ શિક્ષકો જ નથી તો એ કઈ રીતે ભણે? બીજી કૉલેજમાંથી આવીને ભણાવે એટલે ખૂબજ એમના શિક્ષણ પર માઠી અસર પડતી હોય છે. ગુજરાત રાજ્યની તમામ કૉલેજોમાં તેના વર્કલોડ પ્રમાણે શિક્ષકોની જગ્યા મંજૂર કરવામાં આવતી નથી, જે મંજૂર કરી ભરવામાં આવે. મારા વિસ્તારમાં એકજ ગવર્નમેન્ટ કૉલેજ ખેરગામમાં છે એમાં અર્થશાસ્ત્રના બે વ્યાખ્યાતા, સમાજશાસ્ત્ર, સંસ્કૃત, હિન્દી, ગુજરાતીમાં એકએક વ્યાખ્યાતા છે. આ કુલ વ્યાખ્યાતાઓની કામગીરી ખરાબ થાય, એ રીતે અન્ય સંસ્થામાં મૂકવામાં આવેલ છે તો એને એજ સ્કુલમાં અભ્યાસમાં રાખવામાં આવે તો એ આદિવાસી બાળકો જ મોટાભાગે ત્યાં ભણતાં હોય છે અને એ ખેરગામમાં જે કૉલેજ છે એ આદિવાસી વિસ્તારમાં છે અને મારો તાલુકો પણ ટ્રાયબલ છે, આ પ્રમાણે જો વ્યાખ્યાતા જ ના હોય તો એ કેવી રીતે શિક્ષણ ચાલતું હશે એ આપ વિચારી શકો છો. આ સંસ્થામાં ગ્રંથપાલ, શારીરિક શિક્ષણની જગ્યા હજુ તો મંજૂર કરવામાં આવી નથી, તો વીર નર્મદ યુનિવર્સિટીમાં એને આપણે જોડવાનું હોય તો એને આપણે જોડી ના શકીએ. આ જગ્યા મંજૂર થાય તો જ એમાં કાંઈ નંબર લાગે.

વર્ગ-૪માં પણ વોચમેન, સ્વીપર, પટાવાળા કોઈ જગ્યા જ મંજૂર નથી થઈ તો એ કેવી રીતે કામ કરતા હશે? એ હું જ્યારે ત્યાં જાઉં છું ત્યારે જોઉં છું. લેડીઝ હોસ્ટેલની ખાસ જરૂર છે, કારણ કે અંદરના વિસ્તારમાં એ કૉલેજ આવેલ છે અને ખૂબ દૂરથી બહેનો ભણવા આવે છે. બસની પણ સુવિધા નથી એટલા માટે એક હોસ્ટેલ હોય તો વિદ્યાર્થીનીઓ સારી રીતે અભ્યાસ કરી શકે. સ્ટાફ કવાટર માટે ૫૦ લાખ મંજૂર કરેલા છે. પરંતુ હજુ સુધી કામ ચાલુ થયેલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગમાં મારે એક-બે વાત કરવી છે. આપણા રાજ્યમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો, સિવિલ હૉસ્પિટલો આવેલી છે અમે ઘણીવાર જિલ્લામાં જતા હોઈએ છીએ ત્યારે જ્યારે દવાખાનામાં દર્દીને લઈને જઈએ છીએ ત્યારે નજર નાંખીએ તો એટલી બધી સ્વચ્છતાનો પ્રશ્ન આપ પણ જતા હશો. હોસ્પિટલની અંદર જઈએ, પણ બહાર ગ્રાઉન્ડમાં એટલી બધી ગંદકી હોય છે અને સફાઈ થતી નથી તો આખા રાજ્યમાં એની પણ એક ઝૂંબેશ ઉપાડવી જોઈએ. આપણે રોડ એન્ડ બિલ્ડિંગમાં કેમ આપણે વૃક્ષ રોપવાનું આયોજન કરીએ છીએ તો આપણે હૉસ્પિટલમાં પણ એવા વૃક્ષો રોપાય જેથી કરીને પર્યાવરણનો પ્રશ્ન ઉકેલી શકે. હમણાં માયાબહેને અને અમારા ડૉકટરે પાયલોટ પ્રોજેકટની વાત કરી. પાયલોટ પ્રોજેકટ ૬ જિલ્લાઓમાં જ છે. આદિવાસી લાભાર્થી બી.પી.એલ.ના છે એ પ્રાઈવેટ ડૉકટરો પાસે પણ મોટાભાગે જતા હોય છે, તો આખા રાજ્યમાં એ યોજના જો અમલમાં આવે તો ખરેખર એનો લાભ બી.પી.એલ. લોકોને મળી શકે. પોસ્ટમોર્ટમ માટે ઘણી મુશ્કેલી પડતી હોય છે. ઘણીવાર અમારા ધારાસભ્ય પાસે પણ આવે અને અમારે ફોન કરવા પડતા હોય છે, એનું સમયસર તાત્કાલિક પોસ્ટમોટર્મ કરીને મોકલી દેવા જોઈએ. એમાં પણ ઘણી બધી મુશ્કેલી પડતી હોય છે તો એમાં પણ સૂચના આપવી જોઈએ. સાધનોની સુવિધાનો પણ અભાવ છે. અગાઉ જ્યારે ઓરેટના સાધનો આવ્યા છે એ એમને એમ પડેલા છે એની જાળવણી કે ઉપયોગનો પણ વિચાર કરવામાં આવતો નથી, ત્યારે આવા સાધનોનો ઉપયોગ થાય એવું કરવું જોઈએ. સ્ટાફની પણ ખૂબ મુશ્કેલી છે. આદિવાસી વિસ્તારમાં અમારા જે પી.એચ.સી.ને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ફેરવી દેવામાં આવી છે, એમાં કુલ જગ્યાઓ છે ૨૯. આખા રાજ્યનો પ્રશ્ન હશે. આ એક અમારા વિસ્તારનો જ દાખલો આપું છું કુલ ૨૯ જગ્યાઓ મંજૂર કરેલ હતી એમાં પાંચ જગ્યા જ ભરાયેલ છે. કલાર્કથી માંડીને સ્ટાફનર્સ, આયા, ડ્રાઈવર, ફાર્માસિસ્ટ, લેબટેકનિશ્યન, એકસ-રે ટેકનિશ્યન, પટાવાળા એમ ૧૯ જગ્યાઓ ખાલી છે. ચાહે તમે ખેરગામમાં જુઓ, રૂમલા જુઓ કોઈપણ સામુહિક આરોગ્ય કેન્દ્ર જુઓ ત્યાં આટલી બધી જગ્યા ખાલી છે. તમે વિચારો કે એમ્બ્યુલન્સ છે પણ ડ્રાઈવર નથી તો કોઈ જગ્યાએ અકસ્માત થાય, બિમાર થાય કે સિરિયસ કેસ થાય તો ડ્રાઈવર વગર એમ્બ્યુલન્સવાન કેમ ચાલશે? તાત્કાલિક કોઈ ડ્રાઈવર લેવા જાય તો ડ્રાઈવર મળી શકતા નથી ત્યારે આવા દવાખાનામાં ડ્રાઈવરની તાત્કાલિક નિમણૂક પણ કરવી જોઈએ. સ્ટાફ નર્સ, લેડીઝ બહેનો પણ નથી ત્યારે ડિલિવરી જેવા કેસમાં ખૂબજ મુશ્કેલી પડે છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ બધી જ સુવિધા આપ સાહેબ કરશો એટલી મારી વિનંતી છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી, શિક્ષણ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમના સમર્થનમાં હું મારી વાત મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક સમય એવો હતો કે જેની પાસે શસ્ત્રો વધારે હતા એવા લોકોનું આધિપત્ય હતું, એ જમાનો પુરો થયા પછી હાલ જે સમય ચાલે છે એમાં જેની પાસે નાણાં વધારે હોય, એ દેશ હોય, વ્યકિત હોય કે સમાજ હોય એ શકિતશાળી ગણાય છે અને જેના કારણે જ અત્યારે અમૅરિકા જેવો દેશ મહાસત્તા બન્યો છે, પરંતુ આવતી કાલ જે દેખાય છે, એ મને લાગે છે કે, એ નથી માત્ર શસ્ત્રોની, નથી માત્ર અર્થતંત્રની. આવતી કાલ ઈન્ફર્મેશન અને નૉલેજની છે, જ્ઞાન અને માહિતીની છે. જેની પાસે જ્ઞાન અને માહિતી વધુ હશે, જે લોકો જ્ઞાન અને માહિતીના ક્ષેત્રમાં એડવાન્સ હશે એ લોકો, વ્યકિત, સમાજ અથવા તો દેશ એનું દુનિયા ઉપર સામ્રાજ્ય હશે, આ દિશામાં ગુજરાત સરકારે પહેલ કરી છે, પાયાથી જ બદલાવ કઈ રીતે કરવો અને પાયાથી જ અલગ અલગ વિષયોને લઈને શિક્ષણ જગતમાં આમૂલ પરિવર્તન આદર્યું છે એ માટે માનનીય શિક્ષણ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી કુંવરજીભાઈ, હમણાં એક વાત કરતા હતા કે, આપણો નંબર અગિયારમો છે, શિક્ષણમાં દેશમાં અગિયારમો નંબર છે. હું માનું છું કે, આ અગિયારમો નંબર શેના કારણે રહ્યો ? આજે ને આજે કોઈ જાદુઈ લાકડીને કારણે આપણો અગિયારમો નંબર થઈ ગયો એવું તો છે જ નહીં. પાયાની જરૂરિયાત છે પ્રાથમિક શિક્ષણ અને પ્રાથમિક શિક્ષણની શરૂઆત જે કરવી પડે, વર્ષો પહેલાં જે કરવાની જરૂરિયાત હતી એ ન કરી શક્યા જેના કારણે આ સમસ્યા ઊભી થઈ છે, એના હું આંકડા આપી શકું છું. ૧૯૯૦-૯૧માં ડ્રોપ આઉટ રેશિયો ધોરણ ૧ થી ૫ માં જે બાળકો ભણવા જાય અને પહેલા ધોરણમાં દાખલ કરેલું બાળક એ પાંચમું ધોરણ પૂરું ન કરે અને વચ્ચેથી ઊઠી જાય આ પ્રમાણેનો જે રેશિયો છે એ છોકરાઓમાં ૪૪.૬૩ અને છોકરીઓમાં ૫૩.૪૧ હતો, એમ કુલ ૪૯.૦૨ ટકા હતો, આ ૧૯૯૧ની સાલના આંકડા છે. ૨૦૦૫-૦૬માં ૪૪.૬૩ થી કરીને ડ્રોપ આઉટ રેશિયો ઘટીને ૪.૫૩ ટકાએ પહોંચ્યો છે, આટલો નીચે લાવ્યા છીએ, છોકરીઓમાં ૫૩.૪૧ની જગ્યાએ ૫.૭૯ અને કુલ ૪૯ ટકા ડ્રોપ આઉટ રેશિયો જે હતો તેની જગ્યાએથી ૫.૧૩ સુધી પહોંચ્યા. આ શિક્ષણમાં જે પાયાની શરૂઆત કરી છે, આ બદલાવની શરૂઆત છે. સ્થાયીકરણમાં જોઈએ તો જે બાળકો ૫૦ ટકા જ બાળકો પ્રાથમિક શિક્ષણમાં સ્થાયી થતાં તેની જગ્યાએ અત્યારે ૯૪.૮૭ ટકા આ વર્ષેનો એટલે ૨૦૦૫-૦૬નો આંકડો જે આવ્યો છે, એમાં ૯૪.૮૭ ટકા બાળકો સ્થાયી થયા છે. સાહેબ, સો ટકા બાળકો જે ભણવા જોઈએ, દાખલ થઈને પ્રાથમિક શિક્ષણ પૂરું કરે તો જ પછી આગળના શિક્ષણમાં એ લોકો આગળ વધી શકે, પણ માત્ર ૫૦ ટકા જ બાળકો પ્રાથમિક શિક્ષણથી ઉપર જતા, તો પછી વધારે શિક્ષણની વાત કયાંથી હોય અને પછી કહે કે, મફત શિક્ષણ આપતા, આમ કરતા પણ તમે ભણાવતા જ નહતા, ૫૦ ટકા બાળકો આઠમું ધોરણ ભણે જ છે નહીં, પહોંચે જ નહીં તો પછી મફત શિક્ષણની વાત રહી કયાં? આ નવી શરૂઆત કરી છે આ સરકારે કે શિક્ષણમાં જે પહેલા ધોરણમાં સો ટકા નામાંકરણ થાય અને એનું સ્થાયીકરણ થાય આ માટે એક ખૂબ મોટું આંદોલન જે શિક્ષણ વિભાગ દ્વારા ઉપાડ્યું છે એને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણમાં કેવું પરિવર્તન આવે એનું એક ઉદાહરણ લઈ મારા મતક્ષેત્રનો, સાંતલપુર તાલુકો, ૭૬ ગામો છે એમાં એક પ્રકારની તમામ શાળાઓ છે દરેક શાળાઓમાં પાંચ- પાંચ વીઘાનું પ્લે ગ્રાઉન્ડ છે, ચારે બાજુ વૃક્ષો વાવેલા છે એટલું જ નહીં પહેલા ધોરણના વિદ્યાર્થીને પણ બેસવા માટે બૅન્ચ છે.ધોરણ ૧,૨,૩,૪,૫,૬ અને ૭ બધાને બેસવા માટે બૅન્ચની વ્યવસ્થા છે અને એટલું જ નહીં પણ એ બાળકને પીવાના પાણી માટે શું વ્યવસ્થા હોય, તો વરસાદનું પાણી એ શાળાના ઓરડા દ્વારા જમીનમાં ઉતારી અને એ આખું વર્ષ સુધી ચાલી શકે એ માટેનો આખો મિનરલ પ્લાન્ટ બનાવ્યો છે દરેક શાળાના દરેક વિદ્યાર્થીને પીવાનું પાણી, વરસાદનું મિનરલ વોટર મળે છે એનું એક આયોજન બન્યું છે અને આ કામ શિક્ષણ વિભાગ દ્વારા જ થઈ શકે. એક દીર્ઘ દૃષ્ટિ રાખીને આ એક પ્લાનીંગ બનાવ્યું છે. આવતી કાલ, મને લાગે છે કે, દુનિયામાં, હિન્દુસ્તાન મહાસત્તા હશે એવું સ્વપ્ન અનેક લોકોએ જોયું છે, આપણા રાષ્ટ્રપતિજીએ પણ એક વાત કરી છે કે, ૨૦૨૦ની સાલમાં ભારત અગ્ર હરોળનો દેશ હશે, હું માનું છું કે, શિક્ષણના આયામથી એક આમૂલ પરિવર્તન થઈ રહ્યું છે. એનું દર્શન અહીં શિક્ષણ વિભાગ જે કામગીરી કરે છે એના માધ્યમથી દેખાય છે. બીજું એક સરસ કામ કર્યું છે શિક્ષણ વિભાગે. શિક્ષકનું સ્વમાન જાળવવું, શિક્ષકનું સ્વાભિમાન જગાડવું. પહેલા એવો જમાનો હતો કે શિક્ષક પ્રાથમિક શાળામાં ભણાવતા હોય અને ત્યાં કોઈ નેતાજી પહોંચે, ધારાસભ્ય જાય અને ત્યાં પુરતી સંખ્યા ન હોય તો પૂછે ગામનો માસ્તર કોણ છે? ગામના માસ્તરને બોલાવીને કહે કે કેમ પબ્લિક નથી આવી. એવી જવાબદારી એમની અને ન આવી હોય તો બિસ્તરા પોટલા એમના ઉપડી જાય. શિક્ષકની આ સ્થિતિ અને જે જે દેશમાં શિક્ષકનું સ્વમાન ન હોય ત્યાં પ્રગતિ થઈ જ શકે નહીં. શિક્ષકને સામાન્ય કેવી રીતે ગણી શકાય? શિક્ષક પાયાની જરૂરિયાત છે. ચાણકયએ કીધું છે કે " શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઓર નિર્માણ ઉનકી ગોદમેં પલતે હૈ" આ શિક્ષકને મોટો કોઈ કાર્યકર મળી જાય છે સરકારનો. શિક્ષક તારે આમ કરવાનું છે જો ન કર્યું તો કાલે તારા બિસ્તરા પોટલા અહીંથી ઊપડીને બીજા જિલ્લામાં. શિક્ષકોની બદલી આંતરે દિવસે થાય. શિક્ષક ગભરાય. એટલું જ નહીં પણ કેટલીક જગ્યાએ તો મહિલા શિક્ષકોને અનેક પ્રકારે ભોગ બનવું પડતું હોય

છે. આ બધી સમસ્યા માટે આ સરકારે એક નવી નીતિ બનાવી છે. શિક્ષક માટે કોઈ રાજકારણ ચાલે નહીં. સમાજ જીવનમાં રાજનીતિ સર્વોપરી ન હોય શિક્ષણ સમાજ જીવન ઉપર સર્વોપરી હોય. આવું જયારે જયારે બન્યું છે, ત્યારે આ દેશ મહાન બન્યો છે. આજે ફરી આ નવી દિશા થઈ શિક્ષકની ભરતી કરવાની હોય ત્યારે બોર્ડની અંદર નક્કી કરેલ જગ્યા લખાય. કોને કયાં જવું છે, કયા ગામમાં જવું છે ત્યાં ઓપન બોર્ડમાં થાય. પહેલાં આવું નહોતું થતું. પચાસ હજાર આપે તો આ ગામમાં, ત્રીસ હજાર આપે તો આ ગામમાં. આ બધું બંધ કરીને શિક્ષકની બદલી કોણ કરે તો આજે બદલી કરેલી બીજા દિવસે પૈસા આપીને બદલી બંધ રખાવે અને ત્રીજા દિવસે ફરી પાછી બદલી થાય. આ બધું બંધ કરી શિક્ષકની બદલી માત્ર વેકેશનની અંદર જ થાય. ઓપન મેરીટથી થાય, ખુલ્લામાં કોઈ ખાનગીમાં નહીં. અમૂલ પરિવર્તન આનાથી થયું છે. પરીક્ષામાં મૂલ્ય આધારિત શિક્ષણની પરંપરા ચાલુ થઈ છે. પરીક્ષા શેના માટે હોય, વિદ્યાર્થી સ્વમૂલ્યાંકન કરી શકે કે મેં કેટલું ગ્રહણ કર્યું એના માટે પરીક્ષા લેવાતી હોય એની જગ્યાએ પરીક્ષા આધારિત શિક્ષણ ચાલું થયું પછી તો ભણવાનું કેવું? પરીક્ષામાં પુછાય એવું જ ભણવાનું. આની જગ્યાએ આ પરંપરા બંધ કરી મૂલ્ય જળવાય એટલા માટે પરીક્ષા પદ્ધતિ સરળ બનાવી આખા રાજયમાં પહેલી વાર એવી ઘટના બની છે કે બોર્ડના સ્કોર્ડ નીકળ્યા પછી એક પણ ચોરીનો કિસ્સો ન પકડાયો હોય. લોકોને સ્વયં જાગૃત બનાવ્યા છે, લોકોને સહભાગી બનાવ્યા છે. નીતિમત્તાનું ધોરણ કેવું હોય? અને આ કામ આમ તો સાધુ સંતોનું હોય કે મૂલ્યવાન પ્રજા બને. રાજય સરકારના નિર્ણયને કારણે પ્રજા નીતિના આધાર પર ચાલવાની નવી પરંપરા ચાલુ થઈ છે. હું માનું છું કે આવતીકાલ આ દેશની ઉજજવળ દેખાય છે. એની શરૂઆત અહીંથી થઈ હોય તેમ લાગે છે. આરોગ્ય મંત્રીશ્રી જે માગણી લાવ્યા છે એને પણ સમર્થન આપું છું. મારા મત વિસ્તારમાં સાડા ચાર કરોડના ખર્ચે તાલુકા કક્ષાની હોસ્પિટલ આખા એશિયા ખંડમાં ન હોય એવી હોસ્પિટલ બનાવી છે. લોકોને ખૂબ સારું લાગ્યું. જયારે માનનીય મંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રી, આદરણીય અડવાણીજી આવ્યા ત્યારે સાડા ત્રણ લાખ લોકો સન્માન કરવા ત્યાં પહોંચ્યા હતા. આવું ભગીરથ કામ જે કર્યા એ બદલ એમનો પણ ખૂબ આભાર માનું છું અને ફરી બંને મંત્રીશ્રીઓ એમના વિભાગની જે માગણી લઈને આવ્યા છે એનું સમર્થન કરું છું.

**શ્રી અમિત અ. ચાવડા (બોરસદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો અને સૂચનો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. આ પ્રસંગે યાદ કરું ડો. બાબાસાહેબ આંબેડકરને એ જમાનામાં કોંગ્રેસના આગેવાન કે જેમણે આ દેશનું બંધારણ બનાવવાની શરૂઆત કરી ત્યારે પ્રાથમિક આરોગ્યને અને પ્રાથમિક શિક્ષણને એક બંધારણીય હકક આપ્યો છે. એના ફળ સ્વરૂપે ગામડાંનો છેવાડાનો માનવી હોય કે શહેરનો કોઈ ધનકુબેર હોય દરેકને એક સમાન સરખો પ્રાથમિક શિક્ષણ અને આરોગ્યનો હકક મળે. છેલ્લાં કેટલાક વર્ષોથી આ રાજ્યમાં આ સેવાઓને ફરજ તરીકે નહિ લેતા, એને નફા નુકસાનમાં તોલવામાં આવે અને એ ધોરણે આ સરકારની નીતિ બને, એના કારણે સમગ્ર રાજ્યની, આજે છેવાડાના ગ્રામ્ય વિસ્તારની પરિસ્થિતિ ખૂબ જ બદ્તર બનતી જાય છે. આ સરકાર દ્વારા ટોલ રોડ બનાવવામાં આવે ત્યાં સુધી આવકાર્ય છે, છેલ્લાં કેટલાક વર્ષોથી બી.ઓ.ટી.ના ધોરણે શૈક્ષણિક સંસ્થાઓ બનાવવામાં આવે અને ટોલ દવાખાનાં બનાવવા સુધીની વિચારણા થાય, ત્યારે ખરેખર આ રાજ્ય માટે દુ:ખદ પરિસ્થિતિનું નિર્માણ કરનાર છે. આજે ગૃહમાં રોજબરોજની ચર્ચા અને પ્રશ્નોત્તરીમાંથી જોઈએ કે ગામડામાં પી.એચ.સી. અને સી.એચ.સી. ની જે બદ્તર હાલત છે, જે સુવિધાનો અભાવ છે, જે હલકી ગુણવત્તાની દવાઓ આપવામાં આવે છે. જ્યાં ડૉક્ટર અને સ્ટાફ નથી. હમણા એક પ્રશ્નના જવાબમાં મારા જ વિસ્તારની વાત કરી આંકલાવ તાલુકામાં સમગ્ર તાલુકાની ગ્રામ્ય વિસ્તારની પ્રજાને આરોગ્ય સુવિધા મળે તે માટે એક જ સી.એચ.સી. કેન્દ્ર આંકલાવ ખાતે હોય ત્યારે આરોગ્ય વિભાગમાં એક્સ-રે ટેક્નિશ્યન ન હોય, લેબોરેટરી ટેક્નિશ્યન ન હોય, ફાર્માસિસ્ટ ન હોય, સ્ટાફ નર્સ ન હોય, સિનિયર ક્લાર્ક, ડ્રેસર ન હોય અને આ પણ ૨૦૦૧ ની સાલથી જગ્યા ખાલી રહેતી હોય. ત્યારે આપણે કઈક સારી આરોગ્ય સેવા પ્રદાન કરીએ તો મને ચોક્કસ લાગે કે આભા ઊભું કરવાનું કાર્ય થઈ રહ્યું છે. આ બજેટમાં આરોગ્ય વિભાગની વાત થઈ. એમાં શહેરી વિસ્તારમાં આરોગ્યની સુવિધા વધારવા માટે બજેટમાં જે જોગવાઈ કરવામાં આવી, એના કમ્પેરિઝનમાં ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય સુવિધાની વધારે જરૂરિયાત છે, તે વિસ્તાર માટે ખૂબ જ ઓછી જોગવાઈ કરવામાં આવેલ છે. મારો ખેડા જિલ્લો, આણંદ એ ખેડા જિલ્લો કહેવાય, ત્યાં કોંગ્રેસની સરકારમાં સરકારની પ્રોત્સાહક નીતિના કારણે લોકલ બોર્ડનાં દવાખાનાં કાર્યરત હતા, ત્યાં ગામે ગામે સ્વૈચ્છિક દાતાઓ દ્વારા કે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા દવાખાનાં શરૂ કરવામાં આવે અને રાજ્ય સરકાર પ્રોત્સાહક રૂપે અનુદાન આપે. છેલ્લા કેટલાક સમયથી રાજ્ય સરકાર દ્વારા અનુદાન ઊભું કરવા માટે આજે સેંકડોની સંખ્યામાં દર્દીઓ લાભ લેતા હતા એ લાભથી વંચિત રહ્યા છે. પી.એચ.સી. ની અંદર યોગ્ય સુવિધા ન હોય, સ્ટાફ ન હોય અને એનું કાર્ય પરપ્રાંતના બોગસ ડૉક્ટર આવી ગામડામાં ઠેરઠેર પ્રૅક્ટિસ કરી રહ્યા છે, એને રોકવામાં આપણું તંત્ર સરેઆમ નિષ્ફળ રહ્યું છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે વિકાસ અને શિક્ષણ સહધર્મ છે. હું ચોક્કસ સમર્થન કરું પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા જે લોકભાગીદારી અને સ્વનિર્ભરની વાત કરીને શિક્ષણનું ખાનગી કરણ અને વ્યાપારીકરણ થઈ રહ્યું છે, તે બાબતે માનનીય મંત્રીશ્રીનું ચોક્કસ ધ્યાન દોરું છું. વર્ષ ૨૦૦૫-૨૦૦૬ માં

તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ રાજ્યમાં એક પણ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાને મંજૂરી નહોતી આપવામાં આવી, જ્યારે ૨૦૬ જેટલી સ્વ નિર્ભર શાળાઓને મંજૂરી આપવામાં આવી હતી. આ સ્વનિર્ભર શાળાઓમાં ઊંચી ફી લઈ એની પ્રવેશ પદ્ધતિ હોય એના કારણે ગરીબ અને મધ્યમ વર્ગનાં ગામડાનાં બાળકોને ચોક્કસ અન્યાય થાય છે, જ્યારે આદિવાસી વિસ્તારની વાત થાય આજે પણ રાજ્યના ૧૨ જેટલા આદિવાસી તાલુકામાં એક પણ કૉલેજની વ્યવસ્થા ન હોય તે દુ:ખદ બાબત છે. સ્વનિર્ભર પી.ટી.સી. કૉલેજ થાય, સ્વનિર્ભર બી.એડ કૉલેજ થાય અને એની યોગ્યતા અને પૂરેપૂરું નિયંત્રણ હોય તો ચોક્કસ આવકાર્ય બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે એ અનુભવ્યું છે કે પીટીસી કોલેજમાં ત્રણથી ચાર લાખ રૂપિયાનું ડોનેશન લેવાય, બી.એડ કોલેજમાં દોઢથી બે લાખ રૂપિયાનું ડોનેશન લેવાય ત્યારે કયો ગરીબ વર્ગનો, મધ્યમ વર્ગનો યુવાન તેમાં પ્રવેશ મેળવી શકશે તે ખૂબ ચિંતાનો વિષય છે. હું આપના દ્વારા માનનીય અધ્યક્ષશ્રી, કેટલાંક સૂચનો ચોકકસ કરીશ કે કેટલીક ગંભીર બાબતો જે રાજયમાં આ સાથે મૂળ ચિંતાનો વિષય છે તે સ્ત્રી ભૃણ હત્યાની વાત થઈ તેને રોકવા માટે ચોક્કસ કાયદો છે તેનો અમલ કરવામાં આવે છે તે જોવાનું છે. આગામી સમયમાં તે કાયદાનો કડકમાં કડક અમલ થાય તેવી વિનંતી છે. આજે સાહેબ વિજ્ઞાન પ્રવાહમાં સંખ્યા ઘટી રહી છે તેના માટે પ્રયત્નો કરીએ તેવું સૂચન છે. બીજું ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં ગામડામાં વીજળીકરણથી વંચિત શાળાઓ હોય તેના માટે પૂરેપૂરી ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવે. આજે જ્યારે શહેરના બાળકો કૉમ્પ્યુટરનું જ્ઞાન મેળવતા હોય તેની સામે ગામડાના પ્રાથમિક શાળાના બાળકોને પણ કૉમ્પ્યુટરનું જ્ઞાન મળી શકે તેના માટે પૂરતી જોગવાઈ કરવામાં આવે અને આવી વીજળીકરણની વ્યવસ્થા કરવામાં આવે અને તેના બિલની પણ વ્યવસ્થા કરવામાં આવે તેવું મારું સૂચન છે.

**ડૉ. કનુભાઈ કળસરિયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રી પોતાના વિભાગની માગણીઓ ક્રમાંક ૮, ૯, ૩૮, ૩૯ અને ૪૦ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે તેને અનુમોદન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ડૉકટર સાથી બેન માયાબહેને આરોગ્ય વિશે ઘણું બધું કહ્યું. ખૂબ સારી રીતે આરોગ્ય વિભાગની કદર કરવામાં આવી તેમાં હું પણ હું સૂર પુરાવું છું આ વિશે જે જે જાગૃતિ આજના તબક્કે છે તે ખરેખર બિરદાવવા જેવી છે. તે માટે આરોગ્ય મંત્રીશ્રી અને આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને હ્રદયપૂર્વકના અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું મારા સ્વાનુભવના બે-ત્રણ કિસ્સા કહી અને મારી ટૂંકી વાત કરીશ. એક કિસ્સો છે કે જ્યારે હું એમ.બી.બી.એસ.ની પરીક્ષા આપતો હતો ત્યારે એન્ટીનેટલ કેસ એટલે કે પ્રસૂતિ પહેલાં તપાસવાનો કેસ જે મને પરીક્ષામાં પૂછવામાં આવ્યો. તે પરીક્ષા લેનાર મૅડમનું નામ મને આજે યાદ નથી. બધી તપાસના અંતે મેં એમને કહ્યું કે બધી જ રીતે ગર્ભની અંદર રહેલું બાળક નૉર્મલ છે, સાડા સાતથી આઠેક મહિનાનો ગર્ભ છે અને માતાની તંદુરસ્તી પણ સારી છે. ત્યારે સોનોગ્રાફી એટલું બધું પ્રચલિત ન હતું. ૧૯૭૬ની સાહેબ આ વાત છે. આટલી બધી વાત કરી ત્યારે તેમને છેલ્લે પ્રશ્ન પૂછયો કે તમે એમને હૉસ્પિટલમાં ડિલિવરી કરવાની સલાહ આપશો કે ઘરે ડિલિવરી કરવાની સલાહ આપશો. સાહેબ મેં તુરત જ જવાબ આપ્યો કે હું આ બધું નૉર્મલ છે તે જોતાં તેમને ઘરે ડિલિવરીની સલાહ આપીશ. ત્યારે તુરત જ પ્રશ્ન પૂછયો કે હેમરેજ થાય કે ન થાય તે તમે જજ કરી શકો. ત્યારે મેં કહ્યું નાજી. તો પછી તમે શું કરશો તો ત્યારે મેં તુરત જ જવાબ બદલી નાંખ્યો અને કહ્યું કે હૉસ્પિટલમાં ડિલિવરી કરાવવી જોઈએ. ત્યારે સાહેબ હું ડરતો હતો કે મને નાપાસ કરવામાં આવશે. સાહેબ મને પાસ કરવામાં આવ્યો. અત્યારે જે રીતે મારે એ વાત કહેવી છે કે જે રીતે જાગૃતિ લાવવામાં આવી રહી છે. હૉસ્પિટલોમાં ડિલિવરી કરવાનો આગ્રહ રાખવામાં આવે છે તેના કારણે માતાનો મૃત્યુદર ઘટ્યો છે અને બાળકનો મૃત્યુદર પણ ઘટ્યો છે. ખૂબજ અનિવાર્ય જરૂરિયાત છે. સાથે સાથે માતૃવંદના અને ચિરંજીવી યોજના માટે અનુક્રમે ૧૦ કરોડ અને ૩૩ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. ચિરંજીવી યોજનાનો બનાસકાંઠા, સાબરકાંઠા, દાહોદ, કચ્છ અને પંચમહાલ જિલ્લાઓમાં અમલ કરવામાં આવે છે તેનો ખૂબ જ સારો પ્રતિભાવ મળ્યો છે. બીજા જિલ્લાઓમાં પણ આ યોજનાનો વહેલી તકે અમલ કરવામાં આવે તેવું નમ્ર સૂચન છે.

બીજો એક કિસ્સો ભૃણ હત્યા વિશેનો કહું. સ્ત્રી ભૃણ હત્યા વિશે કહું. બહુ ભાર દેવામાં આવે છે. ભૃણ હત્યા વિશે બહુ ચર્ચા કરવામાં આવતી નથી. એક વખત એવો હતો કે જ્યારે ભૃણ હત્યા વિશે ડૉકટરો પણ દબાણ કરવામાં આવતું હતું. કુટુંબ નિયોજનના બહાના નીચે કે આ રીતે એમટીપી છે. ત્યારે પ્રચાર એવો હતો, અને હું ત્યારે રાજકારણમાં ન હતો, ડૉકટર તરીકે પાલીતાણામાં સુપરીન્ટેન્ડન્ટ હતો ત્યારે મને લોકો ડરાવતા હતા કેમકે હું ત્યાં વડનગરથી આવ્યો ત્યારે એક સિદ્ધાંત લઈને આવ્યો હતો કે કયારેય એબોર્શન ન કરવું એટલે કે વિના કારણે, અંદર કોઈ ડીસીસ ન હોય ત્યારે, કોઈ અંદર ખામી ન હોય ત્યારે, આ જાતનું કરવું એ પાપ છે એવી માન્યતા અને એના કારણે ન કરવું પણ ત્યારે મને એવું કહેવામાં આવતું કે સરકારનો કાયદો છે અને ૨૮ અઠવાડિયા પછીનો ગર્ભ જ જીવંત રહી શકે એ પહેલાં એટલે કે બાર-ચૌદ અઠવાડિયા પહેલાં ગર્ભપાત કરાવવામાં કોઈ પાપ નથી હોતું ત્યારે એની જીવવાની ક્ષમતા નથી હોતી અને ધીમે ધીમે ક્ષમતા વધે. માનનીય અધ્યક્ષશ્રી, મેં એ વાતનો સ્વીકાર ન કર્યો, મને થયું કે સરકાર સજા કરે તો ભલે કરે પણ હું એ નહીં કરું, પછી

તો સરકારી નોકરી સહજરીતે છોડવાની થઈ અને પછી ૧૯૯૪-૯૫માં સોનોગ્રાફીની ટ્રેનિંગ માટે હું મુંબઈ ગયો અને એ વખતે મેં જાણ્યું, સોનોગ્રાફીની ટ્રેનિંગ આપનારા ડૉકટરે મને બતાવ્યું કે બાળકના જ્યારે ગર્ભની શરૂઆત થાય છે ત્યારે પહેલા અઠવાડિયામાં એની અંદર બધા જ જીવના લક્ષણો આવી જાય છે, અને એના સંસ્કારનું ઘડતર પણ ત્યારથી શરૂ થાય છે. અને એનું હલનચલન પણ સોનોગ્રાફીમાં જોઈ શકાય છે અને એના હૃદયના ધબકારા એક જ અઠવાડિયા પછી સોનોગ્રાફીમાં જોઈ શકાય છે અને એટલે એક જીવ તરીકે, ભલે એ અસ્તિત્વમાં નવ માસ પછી બહાર પ્રગટ થાય ત્યારે પણ જે કંઈ કરવામાં આવે છે એ એક પાપ લેખાવું જોઈએ એ મારા વિચારોને એક મોટું સમર્થન મળ્યું અને હવે એનું એક જ મોટું કારણ, કુટુંબ નિયોજન કરવા માટે જ્યારે ભ્રૂણ હત્યાને સામાન્ય ગણવામાં આવી ત્યાર પછી એનો દુરોપયોગ શરૂ થયો, અને પછી તો પસંદગીનું બાળક, માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક છે કે, કોઈ પણ માણસે નક્કી કરવાનું હોય તો એ ગાડી, બંગલા અને જહોજલાલી પસંદ કરે અને એવી જ રીતે દીકરો કે દીકરી પસંદ કરવાનું એના હાથમાં હોય તો દીકરો પસંદ કરે એટલા માટે કે દીકરાને વધારે મહત્ત્વ સમાજમાં મળે છે, અમુક સમાજમાં, બધા જ સમાજમાં નહીં, પણ મોટા ભાગનો સમાજ એવો છે કે દીકરાનું મહત્ત્વ વધારે છે ત્યારે એવા સંજોગોમાં સ્ત્રી ભ્રૂણ હત્યા એ ખૂબ જ પાંગરી અને ખૂબ જ વિકાસ પામી અને હવે આ રાજય સરકારને મારા ખૂબ ખૂબ હૃદયપૂર્વકના અભિનંદન છે કે હવે જાગૃતિ લાવવા માટે 'બેટી બચાવો' જેવા આંદોલન અને ખૂબ મોટા- મોટા કાર્યક્રમો શરૂ કરી જાગૃતિ લાવવા માટેના પ્રયાસો શરૂ કરવામાં આવે છે અને આપણે સૌ પણ જાગૃતિ માટે ભાર મૂકીએ છીએ એ ખૂબ જ આનંદની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ ઉપરાંત મારે એ પણ વાત કરવી છે કે, આજે શ્રમ અને રોજગાર મંત્રી, રાજ્યકક્ષાના માનનીય મુળુભાઈ અહીં બેઠા છે, એમના ચૂંટણી પ્રચારમાં જવાનું થયું પક્ષના નાતે, ત્યાં મને મૂકવામાં આવ્યો હતો ત્યારે કિલેશ્વર નામનો નેસ છે, મારે ત્રણ- ચાર ગામમાં જવાનું હતું તો એ કિલેશ્વર નેસની મુલાકાત લીધી, ભાણવડ તાલુકાનું ગામ, જામનગર જિલ્લામાં આવેલું છે ત્યારે ત્યાંના લોકો પછાત અને આદિવાસી જેવા લોકો, એમણે મને રજૂઆત કરી કે અમારે કાંઈ નથી જોઈતું અને જે માનનીય ધારાસભ્યશ્રી ચૂંટણી લડે છે એ અહીં આવી ગયેલા છે એમ સમજો પણ એમની રજૂઆત એવી હતી કે આવીને જાય છે પછી યાદ નથી રાખતા, માનનીય અધ્યક્ષશ્રી, એ આજે હું અહીયાં માનનીય ગૃહમાં એટલા માટે કહું છું કે, મેં યાદ તો રાખ્યું છે પણ કામ નથી કરાવી શક્યો, એ કિલેશ્વર નેસની અંદર ડૉકટર ના રહે, ૨૪ કલાક તો ના રહે પણ મિડવાઈફ ત્યાં ૨૪ કલાક રહે કે ફીમેલ હેલ્થ વર્કર ૨૪ કલાક ત્યાં રહે તો ત્યાં કોઈ ડિલિવરીનો કેસ બને તો એને ગાઈડ તો એ કરી શકે, સમયસર માર્ગદર્શન આપી શકે અને એકાદુ વાહન હોય તો જેથી કરીને ત્રણ- ચાર કિલોમીટરનો દુર્ગમ રસ્તો હોય, એમાં થઈને ભાણવડ કે જામનગર તો પહોંચી શકે અને એ રીતે એને સમયસર સારવાર મળે તો એક ઉપયોગી જિંદગી બચી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગમાં એક સૂચન કરીને હું મારી વાત પૂરી કરીશ, શિક્ષણનું કાર્ય તો માનનીય શંકરભાઈએ બિરદાવ્યું એ યોગ્ય છે અને ખૂબ જ સારું છે, અમારા વિસ્તારમાં ખૂબ જ સારા કાર્ય થઈ રહ્યા છે, દિનપ્રતિદિન જે વાજબી રજૂઆતો છે એની માન્ય કરી અને શાળાઓને મંજૂરી પણ આપવામાં આવે છે, મારા વિસ્તારમાં, એક એવા વિસ્તારમાં ગ્રાન્ટવાળી સરકારી શાળા શરૂ થઈ છે, બીજી એક નીચાકોટડી છે ત્યાં પણ એક શાળા શરૂ થઈ છે ત્યાં તો એ શાળા ગ્રાન્ટ વગર ચાલે છે પણ ખૂબ જ પછાત અને ખૂબ જ અવિકસિત વિસ્તાર છે અને બીજું છેવાડાનો વિસ્તાર મોટા અશરાના ગામ છે ત્યાં દશ ધોરણ સુધીની શાળા છે, આજુબાજુમાં દશ- પંદર કિલોમીટરમાં બીજી કોઈ સ્કૂલ નથી અને દશ - બાર ઘોરણ છે. તો એવી જ રીતની એમની માગણી છે તો માનનીય અધ્યક્ષશ્રી, આટલા મારાં સૂચનો છે બાકી તો શિક્ષણ વિભાગનું કાર્ય અને આરોગ્ય વિભાગનું કાર્ય જેટલું થઈ રહ્યું છે એના માટે અભિનંદનના શબ્દો ઓછા પડે છે, માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખૂબ આભાર.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને શિક્ષણ વિભાગની જે ચર્ચા છે એમાં મારા સૂચનો રજૂ કરું છું. આરોગ્યમાં સૌથી વધુ મને જો કોઈ આકર્ષણ લાગ્યું હોય તો એ ચિરંજીવ યોજના છે અને ચિરંજીવ યોજના છે એના વિષે બોલતી વખતે બધા જ સભ્યશ્રીઓ આ ગૃહમાં એમ કહે છે કે અમારા વિસ્તારમાં ડૉકટરો નથી અને એ માટેની માગણી કરતા હોય છે. કોઈ પણ સંજોગોમાં ડૉકટરોને સરકારી હૉસ્પિટલોમાં નિમણૂક આપવી એ અઘરામાં અઘરું કાર્ય છે તેવા સંજોગોમાં મેટરનિટિ મોર્ટાલિટિ દ ટાડવા માટે જે ખરેખર પાયાની વસ્તુ છે એના માટે જે આ ચિરંજીવ યોજના મૂકવામાં આવી છે તે ખરેખર ખૂબ જ અભિનંદનીય અને ગરીબ માણસોના આશીર્વાદ મળી શકે એવી યોજના છે. આમાં જે પ્રાઇવેટ હૉસ્પિટલો છે એમાં પણ જે ડૉકટરો છે એને ત્યાં જઈને બી.પી.એલ. કાર્ડ ધારક છે એ ડિલિવરી કરાવી શકે છે એના માટે ૧૭૯૫ રૂપિયા રાજય સરકાર ભરશે. આવી ક્રાંતિકારી યોજના લાવવામાં આવી છે એમાં પાંચ જિલ્લાઓ રાખવમાં આવ્યા છે એમાં મારો કચ્છ જિલ્લો છે એના માટે મારે ખાસ વાત એ કરવી છે કે માત્ર યોજના મૂકવામાં નથી આવી દેખાવ પૂરતી, પણ એનું વ્યવસ્થિત સંકલન કરવામાં આવ્યું છે. જિલ્લાના અધિકારીઓએ ડૉકટરો,ગાયનેકોલોજીસ્ટ જોડે મીટિંગો કરીને, આ યોજના સમજાવી કે આ યોજનાનું તમે અમલીકરણ કરો, સેવા

તો ડૉકટરોએ કરવી જ હોય છે. એવી જ રીતે રાજય સરકાર દ્વારા આવો જે કાર્યક્રમ મૂકવામાં આવ્યો છે ત્યારે આ યોજનાને બધા ડૉકટરોએ પણ આનંદપૂર્વક સ્વીકારી છે. બધાને એ વસ્તુનો આનંદ છે કે ગરીબ માણસોની સેવા કરવામાં પ્રાઇવેટ ડૉકટરો પણ આમાં ભાગીદાર બન્યા છે. એટલા માટે આ યોજના છે એનો વ્યાપ માત્ર આ પાંચ જિલ્લા પૂરતો જ નહીં પણ તમામ જિલ્લાઓમાં ગરીબ લોકોને એનો લાભ મળે એવું કરવું જોઈએ એવું મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે બર્ડ ફલૂની વાત ચાલી રહી છે એના પ્રિવેન્સીવ માટે જે આયોજન કરવામાં આવ્યું તાત્કાલિક એના માટે પણ અભિનંદન આપુ છું કે આ આયોજનના લીધે આપણે ગુજરાતમાં બર્ડ ફલૂનો પ્રસાર અટકાવી શકયા છીએ. એજ રીતે કુદરતી આપત્તિના સમયે, જ્યારે કોઈ પણ કુદરતી આપતિ આવે છે ત્યારે મૅડિકલ હેલ્થ ડિપાર્ટમૅન્ટ દ્વારા તાત્કાલિક સહાય પહોંચાડવામાં અને એની સાથે સાથે આ ડિપાર્ટમૅન્ટ પણ ત્યાં પહોંચી જાય છે અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીની સાથે આખો કાફલો પહોંચી જાય છે જેના પરિણામે રોગચાળો ત્યાં થતો અટકે છે. એ અભિનંદનીય વસ્તુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત રકતપિત્ત નિર્મૂલન કાર્યક્રમ, પોલિયો નાબૂદી કાર્યક્રમ  એ બધા કાર્યક્રમો છે એમાં સફળતા પ્રાપ્ત કરી શકયા છે એ અભિનંદનને પાત્ર છે. અંધત્વ નિવારણ માટેનો જે કાર્યક્રમ રાજય સરકારે આપ્યો છે એમાં જે રીતે ઑપરેશનો કરવામાં આવે છે અને સહાય આપવામાં આવે છે, વિના મૂલ્યે ઑપરેશનો કરવામાં આવે છે અને સંસ્થાઓને જે રીતે પ્રોત્સાહનો આપવામાં આવે છે ત્યારે મને લાગે છે કે અંધત્વ નિવારણ કાર્યક્રમ છે એમાં પણ આપણે અંધત્વને નિમૂર્ળ કરી શકીશું એવું  દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી  બે ત્રણ સૂચનો મારા મત વિસ્તાર માટેના કરવા માગું છું. આઈ.સી.યુ. ઓન વ્હીલની આ સભાગૃહમાં વાત કરવામાં આવી છે ત્યારે કહું છું કે એ ખરેખર ખૂબ જ જરૂરી પછાત વિસ્તાર માટે અને અમારો જે વિસ્તાર છે એ પછાત અને સરહદી વિસ્તાર છે કે જયાં કોઈ પણ ફેસેલિટિ મળતી નથી. જયારે દર્દીને એટૅક આવે કે કોઈ પ્રોબ્લેમ થાય ત્યારે કોઈ પણ ફેસેલિટિ મળતી નથી એવા સમયે આવી આઈ.સી.યુ. ઓન વ્હીલ જો આ જિલ્લામાં હોય તો તાત્કાલિક નજીકના સૅન્ટરમાં અમે આ દર્દીને પહોંચાડી શકીએ. નહીંતર અત્યારે તો એવું બને છે કે કોઈને એન્જાઈનલ પેઈન થાય તો દર્દી અડધો તો ડરમાં જ મરી જાય છે કે, મને કોઈ ફેસેલિટિ નહીં મળે કેમ કે, અહીંયા કોઈ સારવારની વ્યવસ્થા નથી. એટલે આ આઈ.સી.યુ. ઓન વ્હીલ અમારા જિલ્લામાં પણ આપવામાં આવે અને પૂર્વ કચ્છ અને પશ્ચિમ કચ્છ બન્ને જગ્યાએ આપવામાં આવે કારણ કે આખો જિલ્લો ખૂબ જ મોટો છે એટલે એક એમ્બ્યુલન્સથી ચાલી શકે નહીં એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત જે ભુજની હૉસ્પિટલ બનાવવામાં આવી છે એ માટે અમારો પ્રશ્ન હજુ સુધી છે અને ફરી વખત આ માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આપ જે રીતે સોલ્યુશન કાઢવામાં એક્સપર્ટ છો, નિષ્ણાત છો તો અમારી આ ભુજની હૉસ્પિટલ મૅડિકલ કૉલેજમાં રૂપાંતરિત થાય એના માટેનું આયોજન ઘડો અને તાત્કાલિક અહીંયા મૅડિકલ કૉલેજ કરવામાં આવે એવું આયોજન કરો એવી મારી વિનંતી છે. તેની સાથે અમારા ગાંધીધામની અંદર જે હોસ્પિટલ બનાવેલ છે એ હોસ્પિટલની અંદર આઈ.સી.સી.યુ. સ્થાપવામાં આવે અને એ કોઈ સંસ્થાને આપીને પણ જો કરવામાં આવે એવી મારી એક વિનંતી છે.

આજે જે શિક્ષણ વિભાગની માગણી છે એમાં પણ મારે થોડીક વાત કહેવી છે.  વિદ્યા સહાયકો માટેની જે ક્રાંતિકારી યોજના મૂકવામાં આવી છે, તેને લીધે એકજ ઝાટકે તમામ વિસ્તારના શિક્ષકોની ઘટનો જે પ્રશ્ન હતો, શિક્ષકોની ગેરહાજરીનો જે પ્રશ્ન હતો એ પ્રશ્ન બહુજ સારી રીતે આપણે હલ કરી શકયા છીએ અને એ વિદ્યા સહાયકોને આકર્ષણ પણ આપવામાં આવ્યું છે કે પાંચ વર્ષ સુધી જો વ્યવસ્થિત કામ કરવામાં આવશે તો આ લોકોને કાયમી કરીને નિયત પગાર ધોરણ આપવામાં આવશે, એ આકર્ષણને લીધે પણ આ વિદ્યા સહાયકો પાસેથી ખૂબ સારું કામ આપણે મેળવી શકયા છીએ.

કચ્છને જે રીતે યુનિવર્સિટી આપવામાં આવી છે અને એના લીધે કચ્છની અંદર પછાત વિસ્તારમાં જે એજયુકેશનનો વ્યાપ વધ્યો છે તેના માટે અભિનંદન અને તેની સાથે મારી એક માગણી છે અમારે ત્યાં મરીન એન્જીનીયરીંગ કોલેજ અને મિનરલ ડેવલપમેન્ટ માટે ખાણ અને ખનિજ એ અમારા કચ્છની અંદર વિપુલ પ્રમાણમાં મળેલું છે ત્યારે અહીંયા એક મરીન એન્જીનીયરીંગ કોલેજ જે મુન્દ્રા પોર્ટ છે અને જે કંડલા પોર્ટ છે તો ત્યાં એની સ્થાપના કરવામાં આવે અને સાથે સાથે ખાણ અને ખનીજ માટે મિનરલ ડેવલપમેન્ટ માટે પણ કોલેજમાં કોર્સ મૂકવામાં આવે તેવી મારી વિનંતી છે અને તે સાથે જે રીતે ઉદ્યોગો અમારે ત્યાં આવે છે ત્યારે ઉદ્યોગોને લગતા  જે ટેકનીકલ કોર્સીસ છે એ માટે પણ ઉદ્યોગકારો-ઈન્ડસ્ટ્રીયાલીસ્ટો સાથે બેસીને એના માટેનું શિક્ષણ નકકી કરીને આવા ટેકનીકલ એજયુકેશન અમારે ત્યાં દાખલ કરવામાં આવે એવી એક વિનંતી છે.

સાથે સાથે મારું એક ખાસ સૂચન મારા મનની અંદર ઘણા વખતથી છે એ કહેવાની મને ઈચ્છા થાય છે કે મધ્યાહ્ન ભોજન યોજનાની અંદર જે ભ્રષ્ટાચારની વાત થતી હોય છે અને જે રીતે રાજય સરકાર એને ફેસ કરી રહી છે તેના માટે મારું એક સૂચન છે ખરેખર તો સીંગચણાના પેકેટ બાળકોને તૈયાર જ આપવા જોઈએ જેમાં હાઈપ્રોટીન પણ મળે અને એના આરોગ્યની જાળવણી પણ થઈ શકે.

આ સૂચન સાથે સ્ત્રી ભ્રૂણ હત્યાની મારે જે વાત કરવી છે એની અંદર જે જાગૃતિનો કાર્યક્રમ મહિલા અને બાળ વિકાસ વિભાગે કર્યો છે એ તો અતિ જરૂરી છે જ પણ આની અંદર ધાર્મિક સંગઠનોને લઈને, સંસ્થાઓને લઈને આ અભિગમ ચાલુ રાખવામાં આવે તો એ એક કામ અને એની સાથે આરોગ્ય વિભાગ પણ જોડાય અને ડોકટરો સામે જે લાલ આંખ કરી છે એમના સોનોગ્રાફી મશીન સીલ કરી અને જે મૂળ છે સ્ત્રી ભ્રૂણ હત્યાનું જે મૂળ છે સેકસ ડિટરમિનેશન સોનોગ્રાફી મશીનથી જે કરવામાં આવે છે અને જેને પરિણામે સ્ત્રી ભ્રૂણ હત્યા થાય છે એ અટકાવવાની કોશિષ જે રાજય સરકારે કરી છે તે માટે હુ ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને ડોકટરો આ ન કરે તેના માટે ડોકટરોને પણ હું વિનંતી કરું છું.

**સભાપતિશ્રી** : માનનીય મંત્રીશ્રી,

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હજી ચાર જણાજ બોલ્યા છે અને એમાંય હું જોઈ રહયો છું, મારે દુ:ખ સાથે કહેવું પડે કે..

**સભાપતિશ્રી** : બન્ને બાજુ ચાર ચાર સભ્યો બોલી ગયા છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : ૪૫ મિનિટ જો મિનિસ્ટર માટે ફાળવવાની હોય તો એ બરાબર નથી..

**સભાપતિશ્રી** : ચાર ચાર સભ્યો બાકી રહી જાય છે,

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : પાંચ પાંચ મિનિટ આ બાજુ અને પેલી બાજુ ૧૦ મિનિટ તો અમે તો નીકળી જઈએ આવું થવાનું હોય તો..

**સભાપતિશ્રી** : બલવંતસિંહજી પહેલાં સાંભળો, આપે રેકર્ડ જોયા વિના વાત કરી છે, એ વ્યાજબી નથી. રેકર્ડ જોયા વિના વાત નહિ કરો. આપ પહેલાં સાંભળો તો ખરા બન્ને બાજુ ચાર ચાર સભ્યો બોલ્યા છે અને બન્ને બાજુ ચાર ચાર સભ્યો હજી બાકી રહે છે. સમય વધારવો હોય તો આપે નકકી કરવાનું છે સમય નકકી કરો આપે સમય વધારવો હોય તો મને વાંધો નથી. સમય વધારવામાં આવે.

**શ્રી અશોક ભટ્ટ** :એકલા હેમાભાઈ જ બાકી છેને તમારે ત્યાંથી, હેમાભાઈ જ બાકી છેને?

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આ બાજુ પાંચ પાંચ મિનિટ બોલવા દો અને પેલીબાજુ ૧૦-૧૦ મિનિટ બોલવા દો એવું તો કંઈ ચાલતા હશે. ૪૫ મિનિટ જો મંત્રીશ્રીઓ લેવાના હોય તો અમારે બેસી રહેવાનું સાહેબ ખરેખર બહુ અન્યાય થાય છે.

**સભાપતિશ્રી .** : બન્ને બાજુ ચાર ચાર સભ્યો બોલ્યા છે બન્ને બાજુ ચાર ચાર સભ્યો બાકી રહી જાય છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : એ લોકો ૧૦ મિનિટ બોલે છે અને અમારા લોકો પાંચ પાંચ મિનિટ બોલે છે..

**શ્રી અશોક ભટ્ટ** :બધાજ સભ્યોને સરખો સમય અપાયો છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આપ જોઈ લો આમાં અન્યાય થયો છે માનનીય અધ્યક્ષશ્રી,

**સભાપતિશ્રી** : અન્યાયની વાત કરાય જ નહીં કયારેય. આ વાજબી નથી. આ વસ્તુ કહેવાય જ નહીં. આમાં અન્યાયની વાત હોતી જ નથી. રેકર્ડ જોઈ લેજો આપ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, દરખાસ્ત લાવતા હોય તો જુદી વસ્તુ છે. આપે જે સમયની ફાળવણી કરેલી છે તે યોગ્ય રીતે કરેલી છે. તેમ છતાં હેમાભાઈ બાકી રહી જતા હોય તો હેમાભાઈ બોલે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મેં એવું વિચાર્યુ હતું કે પાંચ પાંચ મિનિટ જો ત્રણ જણને બોલવા દીધા હોત તો સિનિયર સભ્યો પાંચ મિનિટમાં કયાં વધારે કશું બોલવાના છે.

**સભાપતિશ્રી :** મને વાંધો જ નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : ૧૫ મિનિટ આપણે વધારવી હોય તો મંત્રીશ્રી માટે ૪૫ મિનિટ રાખો.

**સભાપતિશ્રી :** ગૃહનો સમય વધારવાનું તમારા હાથમાં છે. બન્ને દંડકના હાથમાં છે.

**શ્રી અશોક ભટ્ટ** : જે દંડકશ્રીઓ નકકી કરે તે. હેમાભાઈ નથી બોલ્યા હેમાભાઈ બોલે.

**સભાપતિશ્રી :** તમે સમય વધારવા માટે દરખાસ્ત કરો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** બે બે બેઠક, આજે અને કાલે પણ એટલે...

**સભાપતિશ્રી :** તમે દરખાસ્ત કરી સમય વધારો અડધો કલાક સમય વધારો.

**શ્રી અશોક ભટ્ટ** : અડધો કલાક આમેય વધાર્યો છે. સમય વધારવાની દરખાસ્ત કયાં લાવ્યા જ છે. બન્ને દંડકો નકકી કરે ૩૦ મિનિટ વધારવી છે તો ૩૦ મિનિટમાં બન્ને જગ્યાએથી બોલી લે.

**સભાપતિશ્રી .** : નકકી કરો કેટલું વધારવું છે.

**શ્રી અશોક ભટ્ટ** : હેમાભાઈ કયારેય બોલતા નથી, હેમાભાઈ બોલે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : ૨૦ મિનિટ વધારો, પાંચ પાંચ એકઝેટ આપો બે બાજુ.

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બધાને પાંચ પાંચ મિનિટ મળે તે રીતે ૨૦ મિનિટ સુધી લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦ મિનિટ વધારો.

**સભાપતિશ્રી .** : સભાગૃહ સંમત છે (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ ૨૦ મિનિટ સુધી લંબાવવામાં આવે છે.

**શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ અને આરોગ્યની માગણીઓ ઉપર મારા વિચારો રજૂ કરું છું. વાવ-થરાદ સરહદી વિસ્તાર છે. તેમાં આરોગ્યની સેવાઓ ઓછી અપાય છે. વાવમાં સર્જનની જગ્યા ઘટાડી છે. પી.એચ.સી.માં એક એક ડોકટર પાસે ચાર ચાર ચાર્જ છે. અમારી વિનંતી છે કે ડોકટરો મૂકો. અમારી વિનંતી છે. મારા ગામમાં મેડિકલ ઓફિસર છ મહિનાથી નથી. તમે વખાણ કરો છો, અમારે વખાણ કરવાની જરૂર નથી. પણ સાંભળો, અમારો અધિકાર છે. મારા સૂચનો એવા છે કે હડકવાના ઈન્જેકશનો મળતાં નથી તેની અશોકભાઈ નોંધ કરે. ગરીબ માણસાને ૫૦૦-૫૦૦ રૂપિયાના હડકવાના ઈજેકશનો ખરીદીને આપવાં પડે છે. શાળાના રૂમોની ઘટ છે મારે આનંદીબહેનને કહેવું છે અને સર્જનની જગ્યા ઘટાડી છે તે પૂરવી અને મેડિકલ ઓફિસરોની જગ્યા જયાં જયાં ખાલી છે તે તાકીદે પૂરવી અને શિક્ષણના ઓરડાઓની ઘટ છે તે પણ પૂરી કરવી. હવે મારે કંઈ કહેવાનું નથી. આભાર.

**શ્રી કાંતિભાઈ ત્રિ. ભીલ (નસવાડી)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું. દરેક મનુષ્યના જીવનમાં તેને બાળપણમાં શિક્ષણ અને સંસ્કારો પ્રાપ્ત કર્યા હોય છે તેનું મહત્વ ઘણું વધારે હોય છે અને વિજ્ઞાને પણ સિધ્ધ કર્યુ છે કે બાળપણની ઉંમરમાં જેમણે સારું શિક્ષણ પ્રાપ્ત કર્યુ છે અને તેની અસરો છે તે આખી જીંદગી સુધી રહે છે. આ સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને આ ગુજરાત સરકારે પ્રાથમિક શિક્ષણને સારો ન્યાય અપાવવાનો પ્રયાસ કર્યો છે. આપણે જાણીએ છીએ કે ગુજરાતમાં આ સરકાર આ સમાજને, દેશના નાગરિકોને ખાસ કરીને ગુજરાતની પાંચ કરોડની જનતાને આ સરકાર કંઈક સારું કામ કરી રહી છે. વખતોવખત જનતાનું ધ્યાન આકર્ષિત કરવા, લોકોમાં જાગૃતિ લાવવા અનેકવિધ કાર્યક્રમો દ્વારા સૌને અગત્યની કામગીરી તરફ નિર્દેશ કરે છે અને એ અંગેની પ્રતીતિ સૌએ કરી છે. મારા વિરોધ પક્ષના મિત્રો પણ વિશેષ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને એ લહાવો લે છે અને એ કારણે મારી લાગણી એ છે કે શિક્ષણની જે માગણીઓ છે, એ માગણીઓમાં સરકાર અગત્યની કામગીરી કરી રહી છે. આપણે કોઈપણ સારું કામ કરવા જઈએ તો ભગવાનને યાદ કરીએ છીએ અને સરકાર તો દરેક વખતે ૫ કરોડની જનતાને યાદ કરીને ઉત્સવો મનાવે છે અને એ રીતે શિક્ષણ જગતમાં પાયાનું કામ સારા નાગરિકો નિર્માણ કરવા માટે સરકાર શાળા પ્રવેશોત્સવ જેવા મહત્વના કાર્યક્રમ કરે છે. મને યાદ છે કે જયારે હું ૧૯૫૧ ની સાલમાં પહેલા ધોરણમાં દાખલ થયો ત્યારે મારા બાપા મને લઈ ગયેલા. મારા માથે તિલક કરી શ્રીફળ વધેરી શાળામાં મને દાખલ કરેલો. તે વખતે વડલાની નીચે શાળા બેસતી હતી. ૧૯૫૭ ની સાલમાં નવી શાળા બંધાઈ તે વખતે સર સયાજીરાવ ગાયકવાડે ઉદ્‌ઘાટન કરેલું અને તે વખતે ૭માં ધોરણમાં હું ભણતો હતો. એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે સર સયાજીરાવ ગાયકવાડનું સન્માન કરવાનો મને લાભ મળેલો છે. બાળપણની આ વાત છે. સૌને યાદ રહે તેવી છે. વ્યકિતની પ્રગતિમાં આ મહત્વનું યોગદાન છે. એ રીતે પાયાની બાબત માટે શાળા પ્રવેશોત્સવની જે કામગીરી છે એ આ સરકાર લાવી છે. એમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીમંડળ અને કલાસ વન ઓફિસરો ૩ દિવસ પ્રવેશ માટે જઈને ગામડાની ૨૦ ટકા કરતા ઓછી હાજરીવાળી શાળાઓ જયાં હોય તેવા ગામોમાં ગામે ગામ જઈને બાળકોને પ્રવેશ આપવાની પ્રક્રિયા કરી છે. એ પ્રક્રિયા ખરેખર ધન્યવાદને પાત્ર છે. એ માટે હું આ સરકારને અને માનનીય શિક્ષણમંત્રીશ્રીને ધન્યવાદ પાઠવું છું.

આની સાથે કન્યા કેળવણી રથયાત્રા, વિદ્યાલક્ષ્મી બોન્ડ, વિદ્યાદીપ યોજના. આ તમામ કાર્યવાહી જે થઈ છે એ સરકારની કામગીરી આવકારદાયક છે. પ્રાથમિક શિક્ષણમાં લગભગ ૬૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ

**સભાપતિશ્રી** : આપનું પ્રવચન પૂરું કરો.

**શ્રી કાંતિભાઈ ત્રિ. ભીલ** : મારા જે મુખ્ય સૂચનો છે એ કહીને મારી વાત પૂરી કરીશ. ઉંડાણના વિસ્તારોમાં આદિવાસી વિસ્તારોની અંદર જઈએ, તો..

**સભાપતિશ્રી .** : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય લક્ષ્મણભાઈ.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, તેમાં હું મારા મંતવ્યો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશને આઝાદી પ્રાપ્ત થતા પહેલા અનેકવિધ મહાપુરુષોએ શહીદી વહોરી લોકશાહીનો પાયો નાંખ્યો. પૂજય મહાત્મા ગાંધીજીની વાત કરીએ છીએ. સરદાર વલ્લભભાઈ પટેલની વાત કરીએ છીએ. ડો. આંબેડકરની વાત કરીએ છીએ. પરંતુ જીવનમાં એમના વિચારો જે ઉતારવા જોઈએ એ કોઈ ઉતારતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ૫ હજાર ગામડા અને આ દેશના સમગ્ર સંપ્રદાયના જે લોકો વસે છે એનો સમગ્રતયા ખ્યાલ રાખી આ દેશનું બંધારણ ઘડવામાં આવ્યું ત્યારે,ત્યારે તમામ સંપ્રદાયના લોકો, તમામનો વિકાસ એકસરખો થાય એ દિશામાં જવા માટેનું એક સ્વપ્ન પૂજય મહાત્મા ગાંધીજીનું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માત્ર થોડાંક સૂચન જ કરવાં છે કે જે સ્વનિર્ભર શાળાઓ ચાલે છે એ શાળાઓ ચાલે છે એમાં મને કશો વાંધો નથી, પરંતુ આ જે સ્વ નિર્ભર શાળાઓ છે એમાં જે ડોનેશન લેવામાં

આવે છે એ એટલું બધું મોટું હોય છે અને તેની સાથે જે ખાનગી શાળાઓ ચાલે છે એ સરકારી જમીનો યેનકેન પ્રકારે ટોકન કિંમતે એ જમીનો મેળવે છે ત્યારે હું આ તબકકે માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આપની ધાક છે ત્યારે આવી ખાનગી શાળાઓ ઉપર પણ આપ હાથ અને ધાક બન્ને રાખો એ ખૂબ જ જરૂરી છે એમ હું માનું છું. આ લાંબાગાળાની ચિંતા છે. આજે આ ખાનગી શાળાઓ જે ચાલી રહી છે એ ઉદ્યોગપતિઓ ન કમાય એટલી આ ખાનગી શાળાઓ કમાણી કરી રહી છે ત્યારે મને કહેવાનું મન થાય છે કે ગરીબ, આદીવાસી, ઓ.બી.સી. અને એસ.સી.ના વિદ્યાર્થીઓ છે, જો આપણા માળખામાં કાંઈ બેસી શકતું હોય તો આવી ખાનગી શાળાઓ જે છે એમાં આપણા આ વિદ્યાર્થીઓ માટે અમૂક અંશે અમૂક ટકાવારી નકકી કરીને એમનો એમાં સમાવેશ થાય એ ખૂબ જ જરૂરી છે. ખાનગી શાળા અને પ્રાથમિક શાળામાં આસમાન જમીનનો ફરક છે એટલા માટે કે ખાનગી શાળામાં કોમ્પ્યુટર છે, અંગ્રેજી શિક્ષણ મળે છે એ આપણે સૌ જાણીએ છીએ ત્યારે આપણા આ ગરીબ આદિવાસી, બક્ષીપંચ, એસ.સી. ના વિદ્યાર્થીઓને આવી ખાનગી શાળાઓમાં ટકાવારી પ્રમાણે લેવાય તો હું માનું છું કે એમાં ઘણાબધા ફેરફારો થઈ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષકોમાં આજે કામનું ભારણ વધી ગયું છે એટલા માટે કે ચૂંટણીનું કામ હોય, મતદાર નોંધણીની યાદી તૈયાર કરવાનું કામ હોય, સાક્ષરતા શિબિર કે બીજા મહોત્સવો કે મિટિંગો હોય ત્યારે વારંવાર પ્રાથમિક શાળાના શિક્ષકોએ જવું પડતું હોય છે અને આ રીતે એમની ઉપર કામનું ભારણ વધતું જાય છે ત્યારે ખાનગી શાળાઓ છે એની ઉપર માત્ર ને માત્ર સરકારના આદેશોનું કાંઈ પાલન કરતા નથી એમ હું માનું છું ત્યારે માત્ર ને માત્ર ધ્યાન રહે છે એ શિક્ષણ ઉપર રહે છે એના કારણે પ્રાથમિક શાળામાં ભણતા ખાનગી શાળામાં ભણતાં છોકરાં અને પ્રાથમિક શાળામાં ભણતાં બાળકોમાં ખૂબ મોટો તફાવત જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ત્રી ભૂણ હત્યા માટે વિચારો દર્શાવવામાં આવ્યા એના ઉપર હું પણ મારા વિચારો એટલા માટે મૂકવા માગું છું કે આજે આદિવાસી સમાજમાં (અંતરાય) આદિવાસી અને બિન આદિવાસી, આદિવાસીઓમાં અને બિન આદિવાસીઓમાં બહુ મોટો ફરક છે. આજે આદિવાસીઓમાં સ્ત્રી પુરુષનું પ્રમાણ સપ્રમાણ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જયારે અમદાવાદ શહેરમાં 'બેટી બચાવો' અભિયાન ઉપાડયું ત્યારે મને લાગે છે કે આ 'બેટી બચાવો' અભિયાન એ શહેરમાં કરવા જેવું છે. જયાં બિન આદિવાસી લોકો વસે છે ત્યાં આ કરવાની ખૂબ જરૂર છે એવું મને લાગે છે. અમારા વલસાડ જિલ્લામાં આવ્યા ત્યારે અમારે ત્યાં તો સ્ત્રી પુરુષનું પ્રમાણ સપ્રમાણ છે ત્યારે આ તબકકે મને લાગે છે કે આદિવાસીઓ કરતાં આ સ્ત્રી ભૂણ હત્યા બાબતે બિન આદિવાસીઓમાં સમજશકિત ઓછી છે.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત)** : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી પોત પોતાના વિભાગોની માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા હું ઉભો થયો છું. સમય ખૂબ ઓછો છે એટલે બે-ત્રણ મુદ્દાઓ ઉપર ધ્યાન દોરું છું. ૧૯૯૫ની સાલ પછી ગુજરાતની સરકારે વિવિધ ક્ષેત્રમાં જબ્બરજસ્ત ધ્યાન આપ્યું છે એમાનું એક ક્ષેત્ર શિક્ષણ ક્ષેત્ર છે. આ પહેલા કયારેય પણ શિક્ષણ પ્રયત્યેની પ્રતિબદ્ધતા ૧૯૯૫ પહેલાની સરકારોમાં દેખાઈ નહોતી. પ્રાથમિક શિક્ષણ અને પ્રાથમિક શિક્ષક, તેને એક તુચ્છકારની રીતે જોવામાં આવતા હતા. પરંતુ આ સરકારે પ્રાથમિક શિક્ષણને ખુબ જ મહત્વ આપીને પ્રાથમિક શિક્ષકને પણ મહત્વ આપ્યું અને તેના પરિણામે સરકારે એવા પગલાં લીધાં કે એમાં સરકારની પ્રતિબદ્ધતા અને સરકારની વચન પાલન કરવાની શકયતાઓ દેખાય છે. તેનો ઉપરછલો ઉલ્લેખ કરું તો આજથી દસ વર્ષ પહેલાનો ડ્રોપ આઉટ રેશિયો ૪૯ ટકા હતો. તે આજે ઘટીને પાંચ ટકાએ પહોંચી ગયો છે. એ જ બતાવે છે કે સરકાર કહે છે તે કરે છે. એ જ પ્રમાણે સ્થાઈકરણ માટે અને શાળામાં પ્રવેશ માટે જે અશકય હતું તેના માટે જબરજસ્ત પ્રયાસો કર્યા અને એક નાના ગામમાં શાળામાં પ્રવેશ કરાવવા માટે ગુજરાત સરકારના મંત્રી કક્ષાએથી લઈને મોટા અધિકારીઓ જાય અને પ્રવેશ મહોત્સવ એવો થાય કે આખું ગામ ભેગું થાય અને એમાંથી લોકો પ્રેરણા લે કે મારે મારા દીકરાને શાળામાં મુકવો છે. એવી રીતે એક રીતે સરકારે સિધ્ધ કર્યુ છે કે અમે શિક્ષણ પ્રત્યેની પ્રતિબધ્ધતા સાબિત કરીશું. આ રીતેગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પારદર્શકતા માટેની પણ વાત કરીશ. વિદ્યા સહાયક અને શિક્ષણ સહાયક, મને યાદ છે કે અમારા વિસ્તારમાં આજથી પંદર વર્ષ પહેલા કોઈ વિદ્યાર્થી એસ.એસ.સી. પાસ થઈને આવે અને કાકાની પાસે જઈ અને કહે કે કાકા હું શું કરું, તો કહે કે જા બોર કૂવા પર બેસી જા, જા આ પ્રાથમિક શાળામાં જતો રહે. આજે આ વિદ્યા સહાયકમાં ગુણાંક પ્રમાણે મેરીટ પ્રમાણે એક પણ પૈસાનો ભ્રષ્ટાચાર કર્યા સિવાય ફકત મેરીટ ઉપર નોકરીમાં લેવામાં આવે છે. (અંતરાય) અમારા ઈશ્વર કાકાએ આ રીતે નોકરી આપેલ છે. અમારા જિલ્લામાં એવું જ હતું, આવા લોકો નીતીની વાતો કરે છે. નીતિમત્તાની વાતો કરે છે. પારદર્શકતાની વાત કરે છે.પણ આ વાત સદંતર ખોટી છે, આ સાબિત થઈ ચૂકયું છે. આ રીતે પારદર્શક વહીવટ કરીને શિક્ષણ ક્ષેત્રે આમુલ પરિવર્તન લાવવામાં આવ્યું છે તે અભિનંદનને પાત્ર છે. આ ઉપરાંત ખાનગીકરણનો વિરોધ કરવામાં આવે છે. પણ ભારતભરના બીજા કોંગ્રેસની સરકારવાળા રાજયોમાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં ગુજરાતના વિદ્યાર્થીઓનો અઢળક પૈસો હૈદરાબાદ, મહારાષ્ટ્ર અને બેલગાંવમાં એન્જિનિયરીંગની કોલેજમાં પ્રવેશ લેવામાં ઘસડાઈ જતો હતો. ગુજરાતમાં આ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને કારણે હવે ગુજરાતના વિદ્યાર્થી ગુજરાતમાં જ તૈયાર થઈ શકશે અને ગુજરાતનો પૈસો ગુજરાતમાં જ

રહેશે. ગુજરાતનું વિદ્યાધન ગુજરાતમાં જ રહેશે. અને તે રીતે ખાનગીકરણની જરૂર છે. ગુજરાતના વિકાસ માટે આ જરૂરી છે. પણ એમાં સામાન્ય રીતે એવી જોગવાઈ કરવાની જરૂર છે કે જેથી આર્થિક પછાત લોકોના વિદ્યાર્થીઓને પણ એમાં પ્રવેશ મળી શકે. આ રીતે શિક્ષણ ક્ષેત્રે ગુજરાત સરકારે જે કામ કર્યુ છે એ અભિનંદનને પાત્ર છે. આપણે સૌ જાણીએ છીએ કે વિદ્યા સહાયક શબ્દ તમે કયારેય સાંભળ્યો હતો? શિક્ષણ સહાયક શબ્દ કયારેય સાંભળ્યો હતો? વિદ્યાલક્ષ્મી બોન્ડ કયારેય સાંભળ્યું હતું, તમારી કોઈ સરકારોએ આ કામ નથી કર્યુ, અમારી સરકારે આ કામ કર્યુ છે. આ રીતે શિક્ષણ ક્ષેત્રમાં જે કામગીરી થઈ છે તે અભિનંદનને પાત્ર છે.

આરોગ્ય ક્ષેત્રે પણ ભ્રુણ હત્યા માટે ઝૂંબેશ ચાલે છે તેને વધુ વેગવંતી બનાવવી જોઈએ. અમારા શંકરભાઈએ કહયું તે પ્રમાણે સારા વિસ્તારોમાં ભણેલા ગણેલા લોકો દીકરી નથી ઈચ્છતા અને ભ્રુણ હત્યા કરતા હોય છે તેથી એવા લોકો સામે કડકમાં કડક કાયદાકીય જોગવાઈ મુજબ ભ્રુણ હત્યા બદલ શિક્ષા થવી જોઈએ. આ રીતે નોંધપાત્ર કાયદો બનાવીને ભ્રુણ હત્યા અટકાવવી જોઈએ. જેથી બહેનોની સંખ્યા જે ઘટતી જાય છે તેને રોકી શકાય. આ રીતે દરેક ક્ષેત્રમાં જે કામગીરી સરકાર કરી રહી છે તે અભિનંદનને પાત્ર છે. હું આ આરોગ્ય અને શિક્ષણ વિભાગની માગણીઓને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ એમની માગણી ક્રમાંક: ૮,૯ અને ૩૮, ૩૯ અને ૪૦ લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

જો વિકાસ કરવો હોય તો શિક્ષણ જરૂરી છે. વિકાસ અને શિક્ષણ સ્વધર્મી છે એમ માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમના પ્રવચનમાં જણાવ્યું હતું. શિક્ષણ એટલે પાયાનું પ્રાથમિક શિક્ષણ, અહીંયા ઘણા માનનીય સભ્યશ્રીઓએ વાતો કરી કે પ્રાથમિક શિક્ષણમાં ઘણો સુધારો થયો છે જો એ સાચી વાત હોય તો આપણા સૌના માટે આનંદની વાત છે. પરંતુ મિત્રો આપ સૌ ગામડાંમાં આવો તો તમને ખ્યાલ આવે કે ગામડાંની પરિસ્થિતિ હજી કેવી છે. હું જે મત વિસ્તારમાંથી આવું છું ધરમપુર અને વાંસદા મત વિસ્તારમાં હજુ પણ શિક્ષકોની ઘટ છે. ઓરડાઓની ઘટ છે. ઘણા ઓરડાઓ નવા થયા છે, પરંતુ અમારા આદિવાસી વિસ્તારમાં શિક્ષણની ભૂખ જાગી છે ત્યારે વરસો વરસ વિદ્યાર્થીઓ વધતા જાય છે. નવા નવા દાખલ થતા જાય છે એના માટે શિક્ષકોની ખાસ જરૂરિયાત છે. અમે ઘણી વખત રજૂઆતો કરી મારા વાંસદા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં એક પણ શિક્ષક લીધેલ નથી. અમારે ત્યાં એક થી સાત ધોરણની શાળા એકજ શિક્ષકની ચાલે છે. સાત શાળાઓ છે એકથી પાંચ ધોરણની જે એક કે બે શિક્ષકોથી ચાલે છે. ગયા વરસનું શિક્ષણ વિભાગનું અંદાજપત્ર છે એમાં એક પણ શિક્ષકની ભરતી થઈ નથી અને આ વિસ્તારમાં હજી પણ શિક્ષકો મૂકયા નથી. આપણે વિચાર કરીએ કે એકજ શિક્ષક અને એક થી સાત ધોરણમાં ૧૦૦ વિદ્યાર્થીઓ હોય તો એ એને શિક્ષણ કેવી રીતે આપી શકવાનો છે? તેથી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આવા અંતરિયાળ વિસ્તારની અંદર શિક્ષકોની ઘટ છે એ તાત્કાલિક પૂરી કરવી જોઈએ.

અહીંયા શાળાના ઓરડાની વાત કરવામાં આવી છે. ઘણા ઓરડાઓ સરકારે બાંધ્યા છે. એલ.એન્ડ ટી. ના ઓરડા બાંધ્યા છે. એ ઓરડા એવા છે કે અત્યારે નવસારી કે વલસાડ જિલ્લામાં ઘણા વપરાયા વગરના પડી રહ્યા છે. સિન્ટેક્ષના ઓરડા બનાવ્યા છે એમાં પણ એપ્રિલ અને મે મહિનામાં કદાચ વિદ્યાર્થીઓ કેવી રીતે બેસી શકશે એ એક સવાલ છે. ઘણી શાળાઓમાં તો વીજળીના જોડાણ પણ નહિ હોય. તેથી જે તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિને અનુરૂપ ઓરડા બનાવવા જોઈએ. અમારે ત્યાં ઈંટ અને ચૂનાના તથા ઈંટ અને સિમેન્ટના ઓરડા અને એના ઉપર નળિયાં મૂકવામાં આવે તો ખૂબ જ અનુકૂળ પડે એમ છે. એટલે જે તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ જોઈને ઓરડા બનાવવા જોઈએ. શાળાની અંદર એક કે બે શિક્ષકો હોય અને મહિનામાં બે-પાંચ મિટિંગ હોય તો એક શિક્ષક શિક્ષણ સંભાળે અને એક શિક્ષક મિટિંગમાં જાય, તાલીમમાં જાય તો એ વિદ્યાર્થીઓને કેવી રીતે ન્યાય આપી શકે?

એ જ રીતે માધ્યમિક શિક્ષણની અંદર વિજ્ઞાન પ્રવાહની ખૂબ જ ઓછી શાળાઓ આવેલી છે. તાલુકા કક્ષાએ એકાદ કે બે હાઈસ્કૂલો વિજ્ઞાન પ્રવાહની હોય છે. નિવાસી શાળાઓ છે એમાં પણ વિજ્ઞાન પ્રવાહ ચાલુ કરવામાં આવેલ હતો, પરંતુ એમાં શિક્ષકોની ભરતી નહિ થવાને કારણે એ ૧૧-૧૨ ઉચ્ચતર માધ્યમિક પ્રવાહના વર્ગો બંધ કરવામાં આવેલ છે. એમાં હજુ પણ શિક્ષકોની ભરતી કરવામાં આવેલ નથી.

મારે આરોગ્ય વિભાગમાં બે-ત્રણ સૂચનો કરવાં છે. અત્યારે પી.એચ.સી. અને સી.એચ.સી. માં ડોકટરો ઘણી જગ્યાએ છે જ નહિ અને ઘણી જગ્યાએ ઓછા છે. તેથી પી.એચ.સી. અને સી.એચ.સી.માં તાત્કાલિક ડોકટરોની ભરતી થાય અને આરોગ્યની સેવાઓ મળે તેના માટે મંત્રીશ્રીને વિનંતી કરુ છું. વચ્ચે માનનીય મંત્રીશ્રીને વાત કરી હતી અને એમણે વચન આપ્યું હતું કે તાત્કાલિક આ ભરતી થાય અને લોકોને સારી સુવિધા મળે તેવી વિનંતી કરુ છું.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી માગણી ક્રમાંક ૮ અને ૯ તથા માનનીય આરોગ્ય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૩૮, ૩૯ અને ૪૦ લઈને આવ્યા છે ત્યારે હું તેને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

હમણાં માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ વાત કરી કે ગામડાંની અંદર શિક્ષકો જતા નથી અને ભણાવતા નથી. ત્યારે મારે તેમને પૂછવું છે કે આ ભૂતકાળ થઈ ગયો છે. પહેલાં ગામડાંમાં શાળાઓમાં જાય તો શિક્ષક ન મળે અને માનો કે ક્યાંક શિક્ષક હોય તો ગામડાંના છોકરાઓને શાકભાજી લેવા મોકલી દે. તુવેર લાવીને ફોલાવે અને આમ કરીને સમય પૂરો કરતાં હતા. તેમને ખ્યાલ નહીં હોય, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. બધા કર્મચારીઓ કર્મચારીઓ રહ્યા નથી. આ સરકારમાં કર્મયોગી થઈને કામ કરતાં થયા છે. બીજાં મિત્રોએ વાત કરી કે શિક્ષણથી વંચિત રાખ્યા છે. તો વંચિત કોણે રાખ્યા? ૪૫ વર્ષ શાસન કર્યું તો કોણે શિક્ષણ માટે ના પાડી હતી? હમણાં કહેશે કે ૧૧મા ક્રમે છે, શિક્ષણમાં ૧૫મા ક્રમે છે. તો ૪૫ વર્ષના શાસનમાં શું કર્યું? આજ સુધી જ્યાં શિક્ષક હોય ત્યાં ઓરડા ન હોય, ઝાડ નીચે ભણવા બેસવું પડતું, આ પરિસ્થિતિ હતી. તો તેમને આજ સુધી કોઈએ રોક્યા નહોતા. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સમૃદ્ધ ગુજરાતનું સ્વપ્ન સાકાર કરવા માટે શિક્ષણને ઘણો વેગ આપ્યો છે અને શિક્ષણમાં સુધારો લાવીને પ્રગતિ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં ચીલાચાલુ શિક્ષણ અપાતું હતું. તેના બદલે આજે ભારતીય જનતા પાર્ટીની સરકારે શિબિરો યોજીને વેકેશનમાં શિક્ષકોને શિબિરમાં બોલાવ્યા અને ત્યાં ને ત્યાં રહેવાનું. ત્રણ-ત્રણ દિવસ શિબિર રાખીને શિક્ષણમાં સુધારો કરીને પરિણામો મેળવ્યા છે અને શિક્ષણમાં સફળતા મેળવી છે. તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. શિક્ષણની ખૂબ જરૂરિયાત છે. શિક્ષણ, સંસ્કાર અને આરોગ્ય જો ન હોય તો આ રાજયની સંપત્તિ અને સંતતિ આ બે ગુમાવવાનો વખત આવશે. એટલા માટે જ આ સરકારે શિક્ષણ માટે ખૂબ ધ્યાન આપ્યું છે. વિદ્યારૂપી ધન છે, ચોરથી ચોરાય નહીં, ભાઈઓથી ભાગ ન પાડી શકાય એવું આ વિદ્યારૂપી ધન સર્વશ્રેષ્ઠ છે. માટે જ શિક્ષણને પાયાની જરૂરિયાત ગણીને જો રાજય કે દેશનો વિકાસ થતો હોય તો શિક્ષણથી થતો હોય છે. એટલા માટે શિક્ષણને અગ્રીમતા આપી છે. અગાઉની કોંગ્રેસની સરકારે શિક્ષણ માટે ખૂબ અન્યાય કર્યો છે. મને એવું લાગે છે કે આ ગાંધીજીના, સરદાર વલ્લભભાઈ પટેલના સમૃદ્ધ ગુજરાતમાં શું ખૂટતું હતું તો આ લોકોએ શિક્ષણ ઉપર ધ્યાન ન આપ્યું? મને એવું લાગે છે કે કદાચ સારું શિક્ષણ મેળવે, હોંશિયાર થાય તો એમનું શું? આ પ્રશ્ન કદાચ.. મને એવું લાગે છે, કારણ કે જ્યારે શિક્ષકોની ઘટ હતી એ પૂરી હોય તો પી.ટી.સી.ના કેટલા ઉમેદવારો બેકાર ફરતા હતા. એક બાજુ બેકારી વધારતા હતા. બીજી બાજુ શાળામાં ભણાવવાવાળા શિક્ષકો નહોતા. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૮૨,૧૪૮ વિદ્યા સહાયકોની ભરતી કરીને એક ભગીરથ કાર્ય કર્યું છે તે બદલ શિક્ષણ મંત્રી અને માનનીય મુખ્યમંત્રીને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન અને આરોગ્ય મંત્રી શ્રી અશોકભાઈ જે માગણીઓ લઈને આવ્યા છે. તેમાં શિક્ષણ બાબત કહું તો આ શિક્ષણ તો પહેલેથી હતું. આ યુનિવર્સિટીઓ અને બધું પહેલેથી છે. અમારા માધવસિંહ સોલંકી અને ચીમનભાઈ પટેલ હતા. શિક્ષણમાં કન્યા કેળવણી માટે મફત હતી. અત્યારે વેપાર થઈ ગયો છે. આનો વેપાર ન કરશો.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ત્રી ભ્રૂણ હત્યાની વાત કરું તો. અમારા સમાજમાં નથી થતું. આ તો પટેલ, વાણિયા અને બ્રાહ્મણોમાં કન્યાની ખોટ પડવાની. એમની પાસે પૈસા હોય એટલે એ કરે. અમારી પાસે પૈસા હોય નહીં અને ઑપરેશન કરાવે પણ નહીં, આ ખોટ તમારે પડવાની છે, આદિવાસીઓને નથી પડવાની. એટલે જે જે પ્રચાર કરવો હોય એ તમારા શહેરોમાં કરો અમારે ત્યાં લોકોમાં સમજ જ નથી કે આ વસ્તુ શું છે?

માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહન ભોજન યોજનાની વાત કરું તો. માધવસિંહ સોલંકીના વખતમાં આ યોજના શરૂ થઈ હતી. એવું કાંઈક કરો. આ તો કાંઈ કરવું નથીને મોટાં મોટાં બણગાં મારવાં છે અને શો કરવા છે. પણ પ્રજા બધું સમજી ગઈ છે કે તમે કેટલામાં છો? એટલે પ્રજાના જે કોઈ કામ હોય એ કરો. અશોકભાઈ તો બ્રાહ્મણ છે અને બ્રાહ્મણો બહુ બુદ્ધિશાળી કહેવાય. અમારા જિલ્લામાં ડૉક્ટરોની ઘણી જગ્યાઓ ખાલી છે એ ભરવી જોઈએ. વિલાયતી દવા છે એની આડ અસર થાય છે. જ્યારે આયુર્વેદિક દવાની આડ અસર થતી નથી. એટલે એને વધુ મહત્ત્વ આપવું જોઈએ એના ડૉક્ટરોને વધુ પ્રોત્સાહન આપવું જોઈએ. આયુર્વેદિક ચમત્કારિક દવા છે. ઋષિ મુનિઓની વાતો અમારા રાજયમાં હતી. તમારા હાથમાં રાજય આવ્યા પછી આ બધું જતું રહ્યું. ગુજરાતમાં અનેક વનસ્પતિઓ છે. તેનાથી ગમે તેવો રોગ હોય તો પણ મટી જાય છે. બીજી વાત કહું તો દવામાં ભેળસેળ થાય છે પણ તમે જોતા નથી. બ્રાહ્મણો વહીવટમાં હોંશિયાર હોય પણ તમે બગાડી નાખ્યો છે એને સુધારો તો સારું. તમે બુદ્ધિશાળી કહેવાવ છો. આ લોકોનું કલ્યાણ થાય એવું કાંઈક કરો. મંત્રીશ્રી તરીકે બ્રાહ્મણ બેઠા છે તો ઊંધું ન કરો, સમુ કરો. જ્યાં જ્યાં ડૉક્ટરો ન હોય ત્યાં મૂકો.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં ઝેરી સાપની રસી નથી. સિવિલ હૉસ્પિટલમાં હડકવાની રસી નથી હોતી. ૩૦૦-૪૦૦ રૂપિયાની રસી ગરીબ માણસો કયાંથી લાવવાના છે. એમને તમે મફત આપો. આ શિક્ષણમાં તેજસ્વી બાળકો છે એમને મફત ભણવાનું નથી મળતું. અમારા બક્ષીપંચના બાળકોને ૧૧-૧૨માં એડમિશન નથી મળતું. એમને એડમિશન મળે એવું કાંઈક કરો. એટલે પછાતવર્ગના લોકો ભણે એવું કાંઈક કરો. અમારા બાળકો ભણે એવું કાંઈક કરો. અમારો સમાજ સુધરશે તો જ આ બધું સુધરશે. એમ ન સમજતા કે આ તમને રાજ કરવા દેશે. અમારો સમાજ ભણે એવું કાંઈક કરો તો સારું. બન્ને મંત્રીશ્રીઓ છે એટલે કાંઈક સારું કરે

એવી વિનંતી છે. આજે તમે ત્યાં બેઠા છો એટલે કાંઈક સારું કરજો નહીંતર આ બાજુ બેસવું પડશે. એટલે જરા સારું કરજો.

**શ્રી કાળુભાઈ હી. માલીવાડ (લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ અને આરોગ્યની ૮ અને ૯ નંબરની જે માગણીઓ લઈને મંત્રીશ્રીઓ આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૭-૮ વર્ષમાં ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવેલ છે. આ અંગેની આગેકૂચ ચાલુ રહી છે. આ પ્રમાણે ચાલુ રહેશે તો ગુજરાત શિક્ષણ ક્ષેત્રે નમૂનેદાર રાજય ગણાશે અને એટલા માટે આ રાજયની અંદર શિક્ષણની વાત કરું તો એ શાળા બનાવવાના ઓરડા હોય, વિદ્યાલક્ષ્મી બૉન્ડ હોય. શાળા પ્રવેશની વાત કરીએ તો, ૧૯૯૮-૯૯માં ગુજરાતની અંદર ૩૩૫૫૮ જેટલા બાળકો દાખલ થયા અને ત્યાર પછી આજની તારીખે વાત કરીએ તો ૩ લાખ ૫૦ હજાર જેટલા બાળકો દર વર્ષે પ્રવેશ મેળવે છે અને આ જાદુ એ આ માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીના જાદુથી આ આપણા સમાજને સુધારવાનું કામ અને મૂળ પાયાનું કામ કહીએ તો શિક્ષણ એના કારણે થઈ રહ્યું છે ત્યારે કન્યા કેળવણી રથની વાત કરીએ તો ૨૦૦૩-૦૪ની વાત કરીએ તો ૭૫૮૪૭ બહેનોએ પ્રવેશ મેળવ્યો અને એ જ રીતે ૨૦૦૫-૦૬ની વાત કરીએ તો ૧,૧૬,૩૫૭ બહેનોએ પ્રવેશ મેળવ્યો આ વાત ઉપરથી ફલિત થાય છે કે સાથી પક્ષના ભાઈઓ કહે છે કે કેળવણીમાં શું કર્યુ તો આ પરિવર્તનના આંકડા ઉપરથી તમને ખ્યાલ આવશે અને એટલા માટે જો વિકાસની વાત કરવી હોય, ગુજરાતને આગળ લઈ જવા માગતા હોઈએ તો પાયાનું કામ આ છે અને એટલા માટે આપણા આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને શિક્ષણ મંત્રી આનંદીબેન પટેલ સાહેબને આ આભારી છે અને એટલા માટે વર્ગ ખંડોની વાત કરીએ, શિક્ષકોની વાત કરીએ તો આપણી સરકારે જાહેર કર્યુ છે કે શિક્ષકો એટલા ઓરડા ત્યારે આવનારા દિવસોમાં આ આપણે જોઈ રહ્યા છીએ અને એનો લાભ રાજય મેળવવાનું છે. આ ગુજરાતની ૧૦ વર્ષ પહેલાની વાત કરું તો ૧૯૯૨-૯૩ની વાત કરું તો મારા વિસ્તારની અંદર લુણાવાડા અને ખાનપુર તાલુકો આવે, ખાનપુર તાલુકો મેઘરજને અડીને રાજસ્થાનની સરહદને અડીને આવેલો છે ત્યાં ૨૦ થી ૨૫ શાળાને સ્થાનિક લોકોએ તાળાબંધી કરેલી એટલા માટે કે ઓરડા નહોતા કે શિક્ષકો નહોતા અને એના કારણે તે વખતના જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન વિમળાબેન સોનીએ પોતે જઈને પગે લાગીને ગામ લોકોને સમજાવીને આ તાળા તોડેલા આજની પરિસ્થિતિમાં તો જેટલા શિક્ષકો એટલા ઓરડા એ વાત થતી હોય તો આ પરિવર્તન નથી તો શું છે? કુંવરજીભાઈએ હમણાં કીધું હતું કે શિક્ષકો શાળામાં વારાબંધીથી, વારા પ્રમાણે જાય છે. મોડા જાય છે પણ મારા માનવા મુજબ કદાચ એ કયા વર્ષમાં એ હતું એ કહેવાનું ભૂલી ગયા, એ હતું પણ કયા સમયે હતું એ કહેવાનું ભૂલી ગયા. આજના સમયે નથી. હું આજ વિસ્તારની વાત કરું તો ૧૫-૨૦ ગામોની વાત કરું, આ અમારા વિસ્તારમાં ફોરેસ્ટ વિસ્તાર છે, ત્યાં આજે પણ ભુવાબાર પૂજાના સીમાડામાં જઈ શકાતું નથી. સાઈકલ ઉપર પણ જવું હોય તો મુશ્કેલી છે એવા વિસ્તારમાં જયારે ત્રણેક વર્ષ પહેલા આપણા મુખ્ય સચિવશ્રી પી. કે. લહેરી સાહેબ આવેલા, એ પ્રવેશ ઉત્સવની અંદર અને ગામના લોકોએ લહેરી સાહેબનું સ્વાગત કરવાની જગ્યાએ તે વખતે એમની હાજરીમાં લહેરી સાહેબની હાજરીમાં , લહેરી સાહેબનું સ્વાગત કરવાને બદલે લહેરી સાહેબ પાસે પેલા શિક્ષકોનું સન્માન કરાવવામાં આવ્યું, જે ગામ લોકો શિક્ષકો આવતા નથી, મોડા આવે છે, વારાબંધી છે એ વાત કરતા હતા એ જ ગામના લોકોએ શિક્ષકોનું બહુમાન કર્યુ અને આ ૬-૭ વર્ષના ગાળામાં આ પરિવર્તન આવ્યું એનું કારણ શું હતું? આપ સૌ જાણો છો કે શાળાની અંદર ફકત તાલુકા કેળવણી નિરીક્ષક, બીટ નિરીક્ષક જ જતા જયારે આજના સમયમાં શાળાની અંદર ફકત તાલુકા કેળવણી નિરીક્ષક, બીટ કેળવણી નિરીક્ષકો જ જાય છે એવું નથી, મામલતદાર પણ જાય, તાલુકા વિકાસ અધિકારી પણ જાય છે એ સિવાયના બીજા અધિકારીઓ પણ જાય છે અને ઓચિંતા ચૅકીંગ પણ થાય છે. શિક્ષકો કાયમ સભાન રહે છે. ભણાવવાની સાથેસાથે પણ કયા સમયે કોણ ચેકીંગ કરશે, કોણ નિરીક્ષણ કરશે એ બીક છે ત્યારે ભૂતકાળની વાત કરીએ તો આ બધો જ સરસામાન હતો છતાં, કામ કરવાની પદ્ધતિ નહોતી આવડતી અને એનું આજે દુ:ખ પોતે સાંભળી નથી શકતા અને એના કારણે સાચી વાત સ્વીકારતા નથી એટલા માટે અમને દુ:ખ થાય છે. હકીકતમાં તો સાથી ભાઈઓ પણ મને મળે છે, બહાર બેસીએ છીએ, ઘણા મિત્રો ત્યારે કહે છે કે આજનું કેળવણીનું કામ છે એ ખરેખર લાભદાયક છે અને આવકારદાયક છે. હૈયામાં હા છે પણ વદને ના છે અને એટલા માટે સાચી વાત સ્વીકારે છે પણ વદને ના છે. અહીં હરીફાઈ છે કે ગૃહમાં વધારેમાં વધારે જુઠું કોણ બોલે એની હરીફાઈ ચાલે છે એટલા માટે સાચી વાતને પણ સ્વીકાર્યા વગર જુઠું બોલે છે. બધા કહે છે કે વિકાસ કર્યો, સરકસની અંદર સાહેબ કેટલા મંત્રમુગ્ધ અને સારી કસરતના દાવ હોય છે પણ આપણે જોનારા બધા ચકિત થઈ જઈએ છીએ. સરકસવાળા એક નાનકડો અઢી ફૂટનો માણસ રાખતા હોય છે વચ્ચે કંઈકને કંઈક હાસ્ય કરતો હોય છે.

**સભાપતિશ્રી .** : પૂવચન પૂરું કરો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની માગણીઓ લઈને આ વિધાનસભા ગૃહમાં આવી છું. જેના ઉપર ઘણા બધા ધારાસભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે.

કેટલાંક સૂચનો પણ કર્યા છે. જે કોઈ સૂચનો સ્વીકારવા પાત્ર મને જણાયા છે એની નોંધ અમે કરી છે અને ભવિષ્યમાં એ સૂચનો અનુસાર પણ આ રાજય સરકાર કામ કરશે એની હું આ વિધાનસભા ગૃહમાં ખાતરી આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ૧૦મા અને ૧૨મા ધોરણની પરીક્ષાઓ ચાલુ છે. ચારેક વર્ષ પહેલા એટલું નહિ પણ હું ૩૦ વર્ષનો ઈતિહાસ કહી શકું એમ છું. કારણ કે ૩૦ વર્ષ સુધી શિક્ષણમાં મેં કામ કર્યું છે. ચાર વર્ષ પહેલાની સ્થિતિ શું હતી અને આજની સ્થિતિ શું છે એનું મારે વર્ણન નથી કરવું. પણ જે રીતે આજે વિદ્યાર્થીઓ શાંતિથી વર્ગખંડમાં એક પણ પ્રકારની કોપી કર્યા વગર, ચિઠ્ઠી-ચપાટી લઈ ગયા વગર પરીક્ષાઓ આપી રહ્યા છે એટલા માટે સાડા દસ લાખ વિદ્યાર્થીઓ, એમના વાલીઓ અને સંચાલકોને સૌને લાખો લાખો અભિનંદન આ વિધાનસભા ગૃહ દ્વારા હું આપવા માગું છું. કારણ કે ચોરી ન કરવી એના માટે જ્યારે મારો વિભાગ કડક બન્યો હતો, અમે પણ કડક બન્યા હતા ત્યારે સ્વભાવિક છે કે લાગણી ઘણા બધાની દુભાઈ હતી. પરંતુ પરિણામો સારા આવ્યા છે. બાળકોમાં નીતિમત્તા જે શિક્ષણ દ્વારા આવવી જોઈએ, વાલીઓમાં શિક્ષણ દ્વારા જાગૃત્તિ આવવી જોઈએ એ આવી છે. એટલા માટે મેં અભિનંદન આપ્યાં છે. આપ બધાને પણ અભિનંદન. કારણ કે પરીક્ષામાં સેન્ટરની માગણી પણ કોઈ આવી નથી એ પણ એક સારું પાસુ છે. સ્વામી વિવેકાનંદે એમ કહ્યું છે કે, "જેના વડે ચારિત્ર્યનું ઘડતર થાય, મનની શકિતમાં વૃદ્ધિ થાય અને સ્વાવલંબી બનાવે એ જ સાચી કેળવણી છે." આલ્બર્ટ આઈન્સટાઈને કહ્યું છે કે, "હું વિદ્યા શીખવતો નથી, હું તો એવા સંજોગો પેદા કરું છું કે જેમાં વિદ્યાર્થીઓ જાતે શીખે છે." આવા અનેક શિક્ષણવિદો, વૈજ્ઞાનિકો, સંશોધકોએ જે કાંઈ કહ્યું છે એ જ પ્રમાણે રાજ્ય સરકારનો મારો શિક્ષણ વિભાગ કાર્યરત છે. વર્ષોથી જે માગણી હતી કે વિદ્યાર્થીઓમાં ચારિત્ર્યનું ઘ ડતર થાય, એનો સર્વાંગી વિકાસ થાય એના માટેના પ્રયાસો કરવા જોઈએ. એ જ પ્રયાસો આ રાજ્ય સરકાર કરી રહી છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ વર્ષોથી અવગણના પામેલા શિક્ષણના ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન કરીને શિક્ષણને મૂલ્યનિષ્ઠ બનાવવાનો સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. શિક્ષણના મૂળભૂત મૂલ્યોનું સિંચન કરીને સારા નાગરિકો ઘડવાનું ભગીરથ કાર્ય કરવા માંડ્યું છે. શિક્ષણ વિભાગે તમામ ક્ષેત્રમાં કામ કરીને અમે શિક્ષણનું સ્તર ઊંચું લાવ્યા છીએ. તેનું સ્થાન અગ્રસ્થાને મૂકવાના પ્રયત્નો કર્યા છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીઓના જવાબો પૂરા થાય અને માગણીઓ પર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની દરખાસ્ત કરું છું.

**સભાપતિશ્રી**: સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) માનનીય મંત્રીશ્રીઓના જવાબો પૂરા થાય અને માગણીઓ પર મતદાનની પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના સભ્યશ્રીઓ અવાર નવાર ગુજરાત ૧૫મા સ્થાને ધકેલાઈ ગયું, ૧૫ મા સ્થાને ધકેલાઈ ગયું એવી વાતો કરતા આવ્યા છે. શા માટે ધકેલાઈ ગયું એ સભ્યશ્રીઓએ વાત કરી છે એટલે એમાં પડવા માગતી નથી. પણ હમણાં જે રિપોર્ટ આવ્યો છે એની વાત હું આ ગૃહ સમક્ષ કરવા માગું છું. નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ એજ્યુકેશન પ્લાનીંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન નવી દિલ્હી દ્વારા પ્રકાશિત ડાયસ ડાટા એનાલિટિક્સ ટેબલ ૨૦૦૪ ની વિગતો આ ગૃહ સમક્ષ મૂકતાં મને આનંદ થાય છે. એટલા માટે કે ૧૫મા સ્થાને ધકેલાઈ ગયેલ ગુજરાત છેલ્લા પાંચ વર્ષમાં જે પ્રયત્નો થયા છે એના કારણે આજે ગુજરાત કયા સ્થાન ઉપર છે એ કહેવા માગું છું. મુખ્ય શિક્ષક, આચાર્યવાળી શાળાઓ, ટકાવારીમાં સૌથી વધુ ઉચ્ચ પ્રાથમિક વર્ગ ધોરણ ૫ થી ૭ ધરાવવામાં રાજ્ય પ્રથમ સ્થાને છે. શૈક્ષણિક સિદ્ધિઓ હાંસલ કરવામાં આંધ્રપ્રદેશ પછી રાજય દ્વિતિય સ્થાને આવ્યું છે. સારી સ્થિતિના વર્ગખંડ ધરાવવામાં પંજાબ પછી રાજ્ય દ્વિતિય સ્થાને છે અને કુલ વર્ગખંડોની સામે ૭૮.૨૬ ટકા વર્ગખંડ સારી સ્થિતિમાં છે. બિન શૈક્ષણિક કામગીરી પાછળ લઘ ુતમ દિવસો વ્યય કરવામાં તામીલનાડું પછી રાજ્ય દ્વિતિય સ્થાને છે. જ્યારે અમારા કુંવરજીભાઈ બાવળિયા કહીને ગયા છે કે ૧૦૮ દિવસનું કામ કરે છે તો એમની પાસેથી મારે હિસાબ લેવો છે કે ૧૦૮ દિવસ કામ કેવી રીતે થાય છે?

માનનીય અધ્યક્ષશ્રી, કંમ્પાઉન્ડવોલ ધરાવતી શાળાઓની સંખ્યામાં પંજાબ અને હરિયાણા પછી રાજ્ય તૃતીય સ્થાન છે. વીજળીની સુવિધા પૂરી પાડવામાં કેરળ અને પંજાબ પછી રાજ્ય તૃતીય સ્થાને આવે છે. વર્ષ દરમિયાન સી.આર.સી. કો-ઓર્ડિનેકશન દ્વારા શાળાની મુલાકાત લેવામાં રાજ્ય ચતુર્થ સ્થાન ઉપર છે. એક શિક્ષકવાળી શાળાની લઘુમતિ સંખ્યા માત્ર ૫.૫૪ ટકા શાળામાં જે સમગ્ર દેશમાં પાંચમું સ્થાન છે. મહિલા શિક્ષકોની નિમણૂકમાં રાજ્ય પાંચમા સ્થાને છે અને ૪૫.૧૫ ટકા મહિલા શિક્ષકો રાજ્યામાં છે. રમત ગમત મેદાન ધરાવતી શાળામાં રાજ્ય છઠ્ઠા સ્થાને છે, આ ૧૫માં સ્થાને નહિ, ધીરે ધીરે રાજ્ય બીજા, ત્રીજા, ચોથા સ્થાન પર આવ્યું છે. એટલું જ નહિ પરંતુ આજની તારીખે જો રીવ્યૂ કરવામાં આવે તો ગુજરાતનું સ્થાન આનાથી ઘણું બધું આગળ આવી શકે એ સ્થિતિમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે ૭-૮ ના વર્ષમાં જ આકારણી કરવામાં આવી છે એના જ કારણે સમગ્ર રાજ્ય સમગ્ર દેશની અંદર ખૂબજ ઝડપી શિક્ષિત રાજ્ય તરીકે અગ્રસ્થાને આવશે એવી મને પૂરી ખાતરી છે.

૨૦૧૧ની વસ્તી ગણતરીના સમયે જે પ્રમાણે આંકડા આવશે એ તમામને ચોંકાવી દેનારા હશે એમ હું સ્પષ્ટપણે માનું છું અને જે રીતે રાજ્ય સરકારે કાર્યનો આરંભ કર્યો છે. કચ્છના નાના રણ અને દરિયાકાંઠાના અગરિયા વિસ્તારમાં સપોર્ટ સ્કુલ શરૂ કરવા માટે ૧૬૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે અને આ વિદ્યાર્થી પણ આગળ ભણે એના માટે વિશેષ પ્રયત્ન કરવામાં આવ્યો છે. અગરિયા અને અન્ય વિસ્થાપિત બાળકો માટે સિઝનલ હોસ્ટેલની સુવિધા માટે ૩૦૯.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. સરકારી શાળાઓને પણ નમૂનારૂપ બનાવવા માટે ડ્રીમ સ્કુલ પ્રોજેક્ટ માટે ૧૯૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. બાળકોની હાજરીની ચકાસણી માટે એક અદ્યતન સિસ્ટીમ અમલમાં મૂકવામાં આવનાર છે અને પ્રાયોગિક ધોરણે નર્મદા જિલ્લામાં તેનો અમલ શરૂ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૮માં જ્યારે શિક્ષણ વિભાગનો કાર્યભાર મારી પાસે આવ્યો ત્યારે કેવી ધૂંધળી પરિસ્થિતિ હતી એનું હું વર્ણન કરવા નથી માગતી. પરંતુ આપ સૌ એના સાક્ષી છો. ૮૨,૧૪૮ વિદ્યાસહાયકોની ભરતી કરી ૪૯,૨૮૮ મહિલા, ૧૦,૨૨૮ અનુસૂચિત જાતિના વિદ્યાર્થી ભાઈ-બહેનો, ૧૧,૬૪૮ અનુસૂચિત જનજાતિ અને ૨૦,૮૨૮ બક્ષીપંચના વિદ્યાસહાયકો છે. બક્ષીપંચના ભણેલા નથી એમ કહે છે. એમાંથી ૨૩૬૦ વિકલાંગોને પણ વિદ્યાસહાયક તરીકે લેવામાં આવ્યાં છે અને જેટલી વિદ્યાસહાયકની ભરતી થઈ છે એમાં ૪૬૦૦૦થી વધારે વિદ્યાસહાયકોને પૂરા પગારમાં વર્ષમાં બેવાર લઈ લેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બદલીની વાત કરી છે. શિક્ષકોની બદલીમાં ચોક્કસ નિયમો ઘડીને ચુસ્તપણે અનુસરીને બદલી પારદર્શક બનાવી છે. જિલ્લા કક્ષાએ કેમ્પનું આયોજન થાય છે.અગ્રતાનુસાર, બદલીના નિયમોનુસાર શિક્ષકોની બદલી થાય છે. જેના કારણે કરોડો રૂપિયાનું શોષણ શિક્ષકોનું ભ્રષ્ટાચારરૂપે થતું હતું એને આ રાજ્ય સરકારે અટકાવ્યું છે. ૧૯૯૦ થી ૧૯૯૬ સુધીમાં ૮૪૪૩ ઓરડા આપ બાંધી શક્યા હતા. છેલ્લા સાત વર્ષમાં ૫૪,૬૪૩ ઓરડાના બાંધકામ પૂર્ણ કરીને વિદ્યાર્થીઓને વર્ગખંડો ઝડપથી પૂરા પાડવામાં આવ્યા છે. ૨૨,૦૦૦ ઉપરાંત સ્વચ્છતા સંકુલો પૂરા પાડવામાં આવ્યાં છે. મારે અહીં કહેવું જોઈએ કે ભૂતકાળની સરકારોને શાળાની અંદર સ્વચ્છતા સંકુલો હોવા જોઈએ એવો કોઈ અંદાજ નહતો. પહેલીવાર શાળાની અંદર સંપૂર્ણપણે શાળા સ્વચ્છતા સંકુલોનો આરંભ કર્યો છે. ૨૦,૫૦૦ જેટલી શાળાઓને વીજળીની સગવડ પૂરી પાડવામાં આવી છે. ૨૧,૦૦૦ ઉપરાંતથી વધારે શાળાઓને પીવાના પાણીની સગવડ પૂરી પાડવામાં આવી છે. ૧૬,૦૦૦ ઉપરાંત શાળાઓને કંમ્પાઉન્ડવોલ આપવામાં આવી છે. તમામ શાળાઓમાં ફર્સ્ટ એઈડ બોક્ષ પહેલીવાર આપવામાં આવ્યાં છે. પ્રયોગશાળા, વાંચનાલય, રમત ગમતના સાધનો, આસનપટા, સંગીતના સાધનો તબક્કાવાર પૂરા પાડી રહ્યાં છીએ. આવતા બે વર્ષની અંદર સંપૂર્ણરીતે તમામ શાળાઓને આ પ્રકારની સુવિધાવાળી પૂરી કરવાનો રાજ્ય સરકારનો સંકલ્પ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રિપેરીંગ માટે કોઈ વ્યવસ્થા નહિ. ઈતિહાસમાં પહેલીવાર પ્રાથમિક શાળાના રિપેરીંગ માટે ગત વર્ષે ૨૫ કરોડ રૂપિયાનું આયોજન થયું છે. હજ્જારો શાળાઓને રિપેરિંગ કરી, આગામી વર્ષે હવે પછીના બજૅટમાં ૨૦ કરોડ રૂપિયા રિપેરિંગ માટે મૂકવામાં આવ્યા છે. મારી ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે, આપના વિસ્તારોની શાળાઓનું રિપેરિંગનું કામ પૂર્ણ થાય એના માટે આપ પણ કાળજી લેજો અને જ્યાં પણ જરૂરિયાત હોય ત્યાં અમારું પણ ધ્યાન દોરજો.

માનનીય અધ્યક્ષશ્રી, પાંચ-છ અને સાતમા ધોરણમાં નવી બાલિકાઓ જે દૂર જઈ નથી શકતી, પાંચ-છ અને સાતમા ધોરણમાં એવી બાલિકાઓ માટે ૩૦ જેટલા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો પણ શરૂ કરવામાં આવ્યા છે. ૨૬૫૯ વૈકલ્પિક શિક્ષણ કેન્દ્રોમાં ૬૨૩૭૮ બાળકોને અભ્યાસ કરાવીએ છીએ. જે બાળકો શાળાઓમાં ભૂતકાળમાં નથી આવી શક્યા એવા બાળકો માટેની આ વ્યવસ્થાઓ છે. વિકલાંગ બાળકોના શિક્ષણ માટે પણ યોજનાપૂર્વક આગળ વધીને ૬૫૫૬૪ બાળકોને અભ્યાસ અત્યારે હાલ આપણે કરાવી રહ્યા છીએ. શિક્ષકોને આધુનિક પ્રવાહોથી માહિતગાર કરવા માટે દરેક વર્ષે એક લાખ જેટલા શિક્ષકોને અલગ અલગ તાલીમોથી સજ્જ કરવામાં આવે છે અને વિવિધ વિષયોના ૪૨,૦૦૦ માધ્યમિક શાળાના શિક્ષકોને પણ તાલીમ અપાઈ છે અને કૉલેજોના અધ્યાપકોને પણ તાલીમ આપવાની અમે શરૂઆત કરી છે, ટેલી અને વી.ડી.ઓ. કૉન્ફરન્સ દ્વારા સઘન તાલીમ અમે આપી રહ્યા છીએ. ૧૯૮૬માં તાલીમ ભવનો અને બી.આર.સી. ભવનો બનાવવા માટેની ગ્રાન્ટો અપાઈ પરંતુ કામ ન થયું. આ રાજય સરકારે તમામ જિલ્લાઓમાં તાલીમ ભવનોનું નિર્માણ કરી શિક્ષકોને તાલીમ આપવાની શરૂઆત કરી છે અને ૨૨૫ તાલુકાઓમાંથી ૧૮૫ તાલુકાઓમાં બી.આર.સી. ભવનો તૈયાર થયા છે જેમાં તાલુકા કક્ષાએ પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલીમ અપાઈ રહી છે. એજ રીતે સી.આર.સી., ૧૨૮૨ સી.આર.સી. સેન્ટરો બનાવવામાં આવ્યા છે જેમાં પણ જુથ લેવલની શાળાઓ છે એના શિક્ષકોને ત્યાં અમે તાલીમ આપી રહ્યા છીએ. ૧૯૯૮થી પ્રવેશોત્સવોની શરૂઆત કરવામાં આવી, છેલ્લા ત્રણ વર્ષોથી રાજયના મુખ્ય મંત્રીશ્રી, મંત્રી મંડળના તમામ સભ્યો, I.A.S., I.P.S અને I.F.S. અધિકારીઓ બધા જ મળીને લગભગ દસ હજાર જેટલા ગામોની અંદર જવાનું થાય છે, ત્રણ દિવસ સુધી ધોમ ધખતા તાપમાં, જૂન માસમાં પ્રવાસ કરવામાં આવે છે અને ગામના એકે એક બાળકને શાળામાં પ્રવેશ કરાવવામાં આવે છે અને બાળકો ટકે એના માટેનો સતત પ્રયત્ન આ રાજય સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક સમયે વિદ્યા લક્ષ્મી બૉન્ડ, એક હજાર રૂપિયાનું, ૩૫ ટકા કરતાં સાક્ષરતાનો દર જે ગામોમાં ઓછો હોય એવા ગામોની તમામ કન્યાઓને એક હજાર રૂપિયાના નર્મદા બૉન્ડ પૂરા પાડવામાં આવે છે અને અત્યાર સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં સાડા ચાર લાખ કન્યાઓને વિદ્યા લક્ષ્મી બૉન્ડ પૂરા પાડવા માટે ૪૫ કરોડ રૂપિયાનો ખર્ચ આ રાજય સરકારે કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે શહેરી વિસ્તારોમાં બી.પી.એલ. કુટુંબની કન્યાઓને પણ વિદ્યા લક્ષ્મી બૉન્ડ આપવાનું ચાલુ કરવામાં આવ્યું છે અને આવી હજ્જારો કન્યાઓને પણ વિદ્યા લક્ષ્મી બૉન્ડ આપવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાર, રાજયના મુખ્ય મંત્રીશ્રી છે, આટલા બધા મુખ્ય મંત્રીઓ આવી ગયા એમાં કે જેમને મળેલી ભેટ સોગાદોની હરાજી કરીને એમાંથી મળતી જે રકમ છે એ કન્યા કેળવણીમાં વપરાય એવા મુખ્ય મંત્રીશ્રી છે અને એમના દ્વારા અને રાજયના જે મંત્રીશ્રીઓ કાર્યક્રમોમાં જાય છે એ બધા જ ભેગા મળીને મુખ્ય મંત્રીશ્રીના કન્યા કેળવણી નિધિમાં લોક સહયોગ દ્વારા કન્યાઓના શિક્ષણ માટે પ્રયાસો કરે છે, જેમાં મારે કહેવું જોઈએ છેલ્લા એક વર્ષના પ્રયત્નોની અંદર લોકોએ ૫ કરોડ ૪૫ લાખ રૂપિયાનું દાન કન્યા કેળવણી માટે આપ્યું છે એ અમારા માટે ખૂબ આનંદનો વિષય છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીં બાળકોના, એક કરોડ કરતાં વધારે બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે જેમાં ૧૮૬ કેસોમાં હૃદય રોગના ઑપરેશનો કર્યા છે, ૧૫ કેસોમાં કિડનીના ઑપરેશનો અને છ કેસોમાં કેન્સરની સારવાર અને ૩૨,૮૮૨ બાળકોને ચશ્માનું વિના મૂલ્યે વિતરણ અને ૧૬,૧૬,૧૫૨ બાળકોના સ્વાસ્થ્ય સારું બને એના માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. કારણ કે, બાળકોનું સ્વાસ્થ્ય જ સારું ન હોય તો એને શિક્ષણ લેવામાં આનંદ ના આવે એ સ્વાભાવિક છે અને એટલા માટે રાજય સરકારે આરોગ્ય વિભાગ સાથે રહીને આ કાર્યક્રમ ઉપાડયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાળકોમાં વિજ્ઞાન પ્રત્યેની રૂચિ જાગે, એમનામાં રહેલી જે સુષુપ્ત શકિતઓ છે એનો વિકાસ થાય એના માટે વિજ્ઞાન મેળાઓ, બાળ મેળાઓ, રમતોત્સવ, સી.આર.સી. કક્ષાએથી શરૂ કરી અને રાજય કક્ષા સુધી અને ત્યાંથી આગળ રાષ્ટ્ર કક્ષા સુધી આ આયોજન કરીને સ્પર્ધાઓ ગોઠવીને બાળકોને આગળ લઈ જવા માટેનો પૂરો પ્રયાસ રાજય સરકારે હાથ ધર્યો છે. ભારતીય સંસ્કૃતિના ગૌરવની જાળવણી અર્થે ભારતીય સંસ્કૃતિના ગૌરવની જાળવણી અર્થે આ સરકારે પ્રયત્ન કર્યો છે અને પ્રાથમિક શાળામાં યોગ શિક્ષણની શરૂઆત કરી છે. પંચમહાલ, ડાંગ, કચ્છ, વલસાડ, સુરત, દાહોદ અને જામનગરમાં ધોરણ-૧ અને ૨ ના શિક્ષકોને લોક બોલીની તાલીમ આપીને બાળકોને તેમની મુળ ભાષામાં શિક્ષણ આપે એ માટે પ્રયત્ન થયા છે અને પી.ટી.સી. અભ્યાસ ક્રમમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટનો વિષય અમે દાખલ કર્યો છે અને એ માટે બાળકોને તાલીમ મળે એ માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે. ૧૯૭૮થી પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમનો પ્રારંભ થયો. ૧૯૯૮ સુધીમાં ૪૬ કરોડ પ્રૌઢ શિક્ષણ માટે આપ સૌએ વાપર્યા પરંતુ સાક્ષરતાનો દર વધ્યો પૈસા કયાં ગયા એ મારે આપ સૌને પૂછવું નથી પરંતુ ૨૦૦૧માં ધોરણ-૧ થી ૫ ના બાળકનો ડ્રોપ આઉટ રેશિયો ૨૦.૫૦ટકા હતો એ દ ઘટાડીને આજે ૨૦૦૫-૦૬માં પાંચ પોઈન્ટ ઉપર અમે લાવ્યા છીએ. એનો આનંદ અને ગૌરવ અમને છે. એ જ રીતે ૨૦૦૧માં ધોરણ-૧ થી ૭ નો ડ્રોપ આઉટ રેશિયો ૩૯.૧૬ હતો એને ૨૦૦૫-૦૬માં ઘટાડીને ૧૧.૮૭ ઉપર અમે લાવ્યા છીએ. રાજય સરકાર ડ્રોપ આઉટ રેશીયો ધીરે ધીરે શૂન્ય ઉપર આવે એ માટે પ્રયત્ન કરે છે. મને આશા છે કે આપણે બધા સાથે મળીને સાતમા ધોરણ સુધી એક પણ બાળક ડ્રોપ ન થાય એ માટે પ્રયત્ન કરીશું. આની પ્રશંસા તમારી યુ.પી.એ. સરકારે કેન્દ્રમાં કરી છે. એની હું સાક્ષી છું.

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે માત્ર પરિવર્તન આવ્યું છે એવું નથી. માધ્યમિક શિક્ષણને પણ મુલ્યનિષ્ઠ બનાવીને ચેતનવંતુ કરવાનો પ્રયત્ન કર્યો છે. માધ્યમિક શિક્ષકોને કર્મયોગીની તાલીમથી અને આધુનિક પ્રવાહથી સજ્જ કર્યા છે. ટયુશન બંધ કરાવ્યા છે. પરીક્ષામાં થતી ચોરી બંધ કરવામાં આવી છે. શિક્ષકોના પગાર જિલ્લામાં ઓનલાઈન કરવામાં આવ્યા છે. ૨૧૧ ઉચ્ચતર માધ્યમિક શાળાને ગ્રાન્ટેબલ મંજૂરી આપવામાં આવી છે. જેમાં ૬૫ જેટલી વિજ્ઞાન પ્રવાહની શાળા ગ્રાન્ટેબલ મંજૂર કરવામાં આવી છે. વિજ્ઞાન પ્રવાહની શાળા જે તાલુકામાં ન હોય એવા ૪૬ વિજ્ઞાન પ્રવાહની શાળા ગ્રાન્ટ સાથે મંજૂર કરવામાં આવી છે. ભવિષ્યમાં પણ એ જ પદ્ધતિથી અમે ગ્રાન્ટવાળી શાળા આપીશું પણ મારે કહેવું છે કે કુંવરજીભાઈ બાવળિયાએ કહ્યું હતું કે રાજય સરકારે કેટલીક સરકારી શાળાઓ એન.જી.ઓ.ને આપી છે. અમે સ્વીકાર કર્યો છે. અમે આપી છે. જે શાળાનું પરિણામ ઝીરો આવ્યું હતું. જે શાળામાં ૧૦-૧૫ બાળકો પણ ન હોય, જે શાળામાં શિક્ષકો રહેવા માટે તૈયાર ન હોય એવી માધ્યમિક શાળા (અંતરાય) બધાના જવાબ આપીશ. એવી આઠ શાળા આ રાજયમાં આઠ વર્ષમાં અમે આપી છે. આપની સરકારે ૮૦ સરકારી શાળા એન.જી.ઓ.ને આપી છે. એના માટે આપને કાંઈ કહેવું છે? મારી પાસે ૮૦ શાળાની યાદી છે. એક પણ રૂપિયો આજ સુધીમાં વાપર્યો નથી. જયારે જે લોકોને આ શાળા આપી છે એમણે ૫૦-૫૦ લાખ આ શાળાના અદ્યતન વિકાસ માટે અને કોમ્પ્યુટરાઈઝેશન માટે વાપર્યા છે. માહિતી મારી પાસે ઉપલબ્ધ છે. ગામડાંમાંથી શહેરમાં ભણવા આવતી બાળાઓ માટે અમદાવાદ, સુરત અને રાજકોટ ખાતે ૬૪૦લાખના ખર્ચે ચાર હોસ્ટેલ બનાવવાનું આયોજન કર્યું છે. કારણકે ગામડાંમાંથી શહેરમાં એડમિશન મળે ત્યારે રહેવાની સુવિધા હોતી નથી. ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે વિષયવાર પ્રશ્ન બેંક તૈયાર કરવામાં આવી. વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને ઉત્તરવહી સ્કેન કરીને પુસ્તીકારૂપે આપવામાં આવી છે.

વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થાય એમને પછી ફોટા સાથે માર્કશીટ આપવામાં આવે. યુ.કે.ની સ્કૂલ સાથે ગુજરાતી શાળાના વિદ્યાર્થીઓનું અને શૈક્ષણિક સાહિત્યનું આદાનપ્રદાન થઈ શકે તે માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કેમ્બ્રીજ ઈન્ટરનેશનલ ડિપ્લોમા ફોર ટીચર્સ કોર્સ માટે કેમ્બ્રીજ યુનિવર્સિટીનું સેન્ટર મેળવવામાં આવ્યું છે એ માટે એમ.ઓ.યુ. અમે કર્યું છે. ગુજરાતમાં પ્રથમવાર લેવાઈ રહેલી ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ માટે વિદ્યાર્થીને માર્ગદર્શન આપવા માટે માર્ગદર્શન અને ગુજરાતી માધ્યમિક શિક્ષણ બોર્ડની પ્રશ્નની અને અન્ય વિગતોની બુકલેટ બહાર પાડી વિદ્યાર્થી સુધી પહોંચાડી. ગુજરાતમાં વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ અન્વયે આવેલા જંગી મૂડીરોકાણને અનુરૂપ ઉદ્યોગો માટે મેનપાવર મળી રહે તે માટે કારકિર્દી માર્ગદર્શન માટે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પુસ્તિકા બહાર પાડી બાયસેગના સહયોગથી ધોરણ-૧૦ અને ૧૨ના પરીક્ષાલક્ષી માર્ગદર્શન માટે ટેલી કોન્ફરન્સ કરવામાં આવી અને સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓને એક સરખું શિક્ષણ, એક સરખા કાર્યક્રમ થાય. એના માટે એક શૈક્ષણિક કૅલૅન્ડર બહાર પાડવામાં આવ્યું છે. અમે એક નવો કાર્યક્રમ શરૂ કરવા જઈ રહ્યા છીએ. સ્કૂલ રજીસ્ટ્રેશન તેમજ શિક્ષક રજીસ્ટ્રેશન અંગેનું સૉફ્ટવેર ડેવલપ કરવામાં આવ્યું છે અને સ્કૂલ અંગેની તમામ માહિતી ઈન્ટરનેટ ઉપર વિશ્વમાં બેઠેલા કોઈપણ વ્યકિતને ઉપલબ્ધ થાય એ પ્રકારનું આયોજન રાજ્ય સરકારે હાથ ધર્યું છે. અંતરિક્ષમાં એજ્યુસેટ સેટેલાઈટનો મહત્તમ ઉપયોગ થાય તે હેતુથી ડેક્યુ ઈસરોના સહયોગથી ધોરણ- ૮ ના ૧૨૦ શૈક્ષણિક કાર્યક્રમો તજજ્ઞ શિક્ષકો દ્વારા તૈયાર કરીને દૂરદર્શન દ્વારા પ્રસારિત કરવામાં આવ્યા છે. ૨૬ શાળા વિકાસ સંકુલના સેટેલાઈટ ઈન્ટરએકટીવ ટર્મિનલ ગોઠવવાની કામગીરી શરૂ થઈ ચૂકી છે. મિડિયા લેબ એશિયા પાસેથી આ બધી કામગીરી માટે ૨૫૩.૨૦ લાખની ગ્રાન્ટ મેળવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. રાજ્યમાં એજ્યુસેટના મહત્તમ ઉપયોગ દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં પણ ઉત્તમ કક્ષાનું શિક્ષણ દરેક વિદ્યાર્થીને મળી રહે એ માટેની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

ટૅક્નીકલ શિક્ષણ ક્ષેત્રે ૧૯૯૭-૯૮માં ૯૪ સંસ્થાઓમાં ૧૩૩૧૫ બેઠકો ઉપલબ્ધ હતી તેમાં ૧૭૬ ટકા બેઠકોની વૃદ્ધિ કરીને વર્ષ ૨૦૦૫-૦૬માં ૨૨૧ સંસ્થાઓમાં ૩૬૮૧૬ બેઠકો ઉપલબ્ધ કરાવનાર આ રાજ્ય સરકાર છે. વડનગર અને ગોધરા ખાતે નવી પૉલિટૅક્નિક કૉલેજો શરૂ કરવામાં આવી. આ વર્ષે અમારા માધુભાઈ અત્યારે નથી પણ આ વર્ષે આહવા જિલ્લો ડાંગ ખાતે આદિવાસી વિસ્તારમાં નવી પૉલિટૅક્નિક શરૂ કરવાનું આયોજન રાજ્ય સરકારે વિચાર્યું છે. ટૅક્નીકલ શિક્ષણ ક્ષેત્રે એક સાથે ૮ સરકારી ઇજનેરી કૉલેજો શરૂ થઈ હોય તેવું અગાઉ ક્યારેય બન્યું નથી. ગરીબ વિદ્યાર્થીઓને સામાન્ય દરે ઉચ્ચ કક્ષાનું ટૅક્નીકલ શિક્ષણ પ્રાપ્ત થાય એના માટેના પ્રયત્નો કર્યા છે. એટલું જ નહિ રાજયની મોરબી અને અમદાવાદની સરકારી ઇજનેરી કૉલેજો પાટણ, પોરબંદર અને રાજકોટની સરકારી ઇજનેરી પૉલિટૅક્નિક કૉલેજોને નેશનલ બોર્ડ ઑફ એક્રિડેશન દ્વારા પ્રમાણિત કરવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટીમાં સૅન્ટર ફૉર એક્સલન્સ ઈન એન્વાયર્નમેન્ટ એન્ડ સસ્ટેનેબલ ડૅવલપમેન્ટ દ્વારા વોટર મેનેજમેન્ટ અને અર્બન મેનેજમેન્ટના અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે. ટૅક્નીકલ શિક્ષણ ક્વોલિટી ઈમ્પ્રુવમેન્ટ દ્વારા રાજ્યની ૬ જેટલી સંસ્થાઓને આધુનિક અભ્યાસક્રમો શરૂ કરવા માટે સજ્જ કરવામાં આવી છે. ગઈ કાલે મેં કહ્યું હતું કે ૮૬ કરોડ રૂપિયા પ્રાપ્ત થયા છે. એના દ્વારા અમે કરી રહ્યા છીએ. નવા કોર્સિસ પણ કરવાની જરૂરિયાત ઊભી થયેલ છે. હમણાં ભારતીબેન વગેરે કહેતા હતા કે રાજ્ય સરકારે એનો પણ વિચાર કર્યો છે અને નવા અભ્યાસક્રમો અમે શરૂ કરી રહ્યા છીએ. એમાં માઈનીંગ એન્જિનિયરીંગ, મરીન એન્જિનિયરીંગ, બાયોફાર્મ, કોર ડૅવલપમેન્ટ મેનેજમેન્ટ, અર્બન પ્લાનીંગ એન્ડ ડૅવલપમેન્ટ, હૉસ્પિટલ મેનેજમેન્ટ, મટિરિયલ સાયન્સ, નેચરલ સાયન્સ, ઝેરિયાટિક્સ, રોબોટીંગ, સિસ્મોલોજી, નેનો ટૅક્નૉલૉજી જેવા નવા અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે. આ બધાને લીધે ગુજરાતના યુવાનોને અતિ આધુનિક અભ્યાસક્રમો માટે ગુજરાતની બહાર ક્યાંય નહિ જવું પડે એ પ્રમાણે એદિશામાં રાજ્ય સરકાર આગળ વધી રહી છે. મારે અહીં એક નોંધનીય બાબત રજૂ કરવી છે કે સરકારના તમામ વિભાગોમાં સૌથી વધારે રોજગારી શિક્ષણ વિભાગે પૂરી પાડી છે. છેલ્લા ૭ વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં ૮૨૧૪૮ વિદ્યા સહાયકો અને નજીકના ભવિષ્યમાં બીજા ૧૦ હજાર નવા વિદ્યા સહાયકોની પણ ભરતી કરવામાં આવી છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧૪૧૨૨ શિક્ષકો, ૨૨૩૮ સાથી સહાયકો, ટૅક્નીકલ શિક્ષણ ક્ષેત્રે ૧૧૦૫ અધ્યાપકો અને કર્મચારીઓ. ડી.પી.ઈ.પી. દ્વારા ૩૯૬૩ કર્મચારીઓ, યુનિવર્સિટીઓમાં ૭૫૩ અધ્યાપકો અને અન્ય લોકોની ભરતી કરીને ૧,૧૬,૭૫૩ યુવાનોને શિક્ષણ વિભાગે રોજગારી આપી છે. મારા વિભાગે ઘણું સુંદર કામ કર્યું છે. ઘણા બધાએ એને અભિનંદન પણ આપ્યા છે. પરંતુ મારે બે-ત્રણ બાબતો એટલા માટે કહેવી છે કે એક તો ગાઈડો બજારમાં મળે છે. મારે તો ગાઈડ જોવી છે. જો મળતી હોય તો આપના તરફથી કોઈ મને લઈ આપે. બીજી એક વાત કરવામાં આવી છે કે સમયસર પુસ્તકો મળ્યા નથી. એ વાત સાચી છે કે બે વર્ષ પહેલા આ ઘ ટના બની હતી. પરંતુ આ વર્ષે ધોરણ-૧૦ના પુસ્તકો તૈયાર થઈ ચૂક્યા છે. ૨૨મી માર્ચથી સમગ્ર ગુજરાતમાં ૧૦મા ધોરણના પુસ્તકો સૅન્ટર ઉપર પહોંચી જશે અને વિદ્યાર્થીઓ ત્યાંથી લઈ શકશે. ૧૦૮ દિવસનું કામ અમે પ્રાથમિક શાળાઓના શિક્ષકો કરે છે એવું કુંવરજીભાઈ બાવળિયાએ કહ્યું. મને જરા હિસાબ લગાવીને આપે કે ૧૦૮ દિવસનું ક્યાં કામ થયું છે. સૌથી વધારે કામ જો શિક્ષણ ક્ષેત્રે થતું હોય તો એ પ્રાથમિક શાળાઓના શિક્ષકો કરે છે. તેનું અવમૂલ્યન ન કરીએ મિત્રો. તમે અને હું તો આચાર્ય તરીકે રહી ચૂક્યા છીએ અને કેટલા

પિરિયડો લીધા છે તે જરા યાદ તો કરો ભાઈ અને એટલા માટે પ્રાથમિક શાળાના શિક્ષકોનું અવમૂલ્યન ન કરીએ. માત્ર નાના નાના બાળકો, પાંચ વર્ષના બાળકો જેને આપણે પણ સાચવી નથી શકતા તેવા બાળકો પ્રાથમિક વિભાગની અંદર આવે, જુદા જુદા સ્તરના બાળકો આવે અને તેવા બાળકોને સાચવવાનું કામ, એટલું જ નહીં પણ સારા સંસ્કાર આપવાનું કામ, ભણાવવાનું કામ, બેસાડવાનું કામ, ખવડાવવાનું કામ, બાથરૂમ લઈ જવાનું કામ, લેટ્રીન લઈ જવાનું કામ પણ પ્રાથમિક શાળાના શિક્ષકો કરતા હોય છે અને તેનું અવમૂલ્યન અહીં બેસીને કરો છોતે શોભાસ્પદ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પીટીસીમાં ભ્રષ્ટાચાર થાય છે તેવી એક વાત કરવામાં આવી. મારે અહીં કહેવું છે કે ૯૫ ટકા સીટો નૉન ગ્રાન્ટ અને ગ્રાન્ટવાળી અને સરકારી કૉલેજોની અંદર રાજય સરકાર માત્રને માત્ર મેરીટના ધોરણ ઉપર ભરે છે. કયાંય પણ ભ્રષ્ટાચાર નથી થતો પણ પાંચ ટકા જે સીટો તમારા સંચાલકો ભરે છે તેમાં આવો ભ્રષ્ટાચાર થાય છે તે વાત તદ્દન સાચી છે. પરંતુ આપનાર અને લેનાર જ્યારે પાછલા બારણે કરતા હોય ત્યારે તેમાં શિક્ષણ વિભાગ કશું ન કરી શકે. આપણે પણ આની કાળજી લેવી જોઈએ. કારણકે ઘણા બધા અહીં બેઠા છે તે પીટીસી અને બી.એડ કૉલેજો ચલાવે છે. એટલે ત્યાંથી જ બંધ થાય ભાઈ. આપણે નથી લેવું. બી.એડ કૉલેજમાં ૮૫ ટકા સીટો રાજય સરકાર ભરે છે. વાલીના ડોનેશન લેવાય છે તેવી વાત ભાઈ લક્ષ્મણભાઈ કરતા હતા અને અત્યારે છે નહીં પણ ડોનેશન આપનાર અને લેનારને કોઈ પકડી શકે નહીં. ફીનો વધારો થાય છે પરંતુ ફી ઉપર રાજય સરકારે પ્રતિબંધ મૂકયો છે. કોઈપણ વ્યકિત ફીની ફરિયાદ મારી પાસે કરશે તો અમે ફી તેની પાછી અપાવીએ છીએ એટલી હિંમત અમારામાં છે ભાઈઓ અને એટલે જ્યારે રાજય સરકાર, મારો શિક્ષણ વિભાગ, મારા અધિકારીઓ જ્યારે આટલી સુંદર કામગીરી કરી રહ્યા છે, બાળકોને આગળ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને આખા દેશની અંદર ગુજરાતનો વિદ્યાર્થી પાછો ન પડે તેના માટે જે બજેટની અંદર જોગવાઈ કરવામાં આવી છે તેમાં ૧૩ ટકા બજેટની અંદર જોગવાઈ કરીને જ્યારે અમને આટલો બધો સહકાર પ્રાપ્ત થયો છે અને પ્રગતિની જે યાત્રા વેગવંત બની છે તેમાં આપ સૌનો સહકાર મળી રહે તેવી મને પૂરી ખાતરી છે અને એટલા માટે મારા ધારાસભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આપ આપની કાપ દરખાસ્તો પાછી ખેંચી શિક્ષણ વિભાગની માગણીઓને મંજૂરી આપો. આભાર.

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણીઓ લઈને આવ્યો છું તેમ કહેવાને બદલે હું આ સભાગૃહને કહેવા માગું છું કે આ સભાગૃહ દ્વારા ગુજરાતની પ્રજાને કહેવા માગું છું કે રાજયના પ્રત્યેક માનવીના નિરામય જીવનની ચિંતા અને ચિંતન લઈને આવ્યો છું અને એટલા માટે આ સભાગૃહની અંદર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ચર્ચામાં જે ૧૪ સભ્યોએ ભાગ લીધો છે તેમનો હું આભાર માનું છું અને તેમના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરું છું કે તેમણે માગણીઓ ઉપર ટીકા નથી કરી પણ વિધેયાત્મક સૂચનો કર્યા છે. તેમાં ગરીબ માણસના હદયની વેદનાને વ્યક્ત કરવા માટેના પ્રયત્નો કર્યા છે તે પ્રયત્નોને હું આવકારું છું અને એટલે જ સમયની મર્યાદાના કારણે આ સભાગૃહની અંદરની ચર્ચામાં ભાગ લેવાની તક નથી મળી તેવા સૌ સભ્યોને વિનંતી કરું છું કે આ સભાગૃહનું આ સત્ર પૂરું થાય તે પહેલાં દરેક સભ્યો પોતાના વિસ્તારની અંદર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને કેવા પ્રકારનું સ્વરૂપ આપવા માગે છે અને તેના દ્વારા રાજયના પ્રત્યેક માનવીના જીવનને નિરામય બનાવવા માટે કેવા પ્રયાસો કરવા માગે છે તે પ્રયાસો તે લખીને મોકલાવે અને મિત્રો તેની શરૂઆત થઈ ચૂકી છે. માનનીય ગોવાભાઈ અને માનનીય શંકરભાઈના કેટલાંક સૂચનો પણ આવ્યા છે. હું પ્રત્યેક સભ્યોને વિનંતી કરું છું કે આ દિશાની અંદર તે પ્રયત્નો કરે જેથી કરીને સમગ્ર રાજયના બધા જિલ્લાઓની અંદર સર્વાંગી આરોગ્ય આપવાનો "સર્વે જનો સુખીનો ભવન્તુ, સર્વે સન્તુ નિરામય" મંત્ર લઈ આપણી સંસ્કૃતિને, આપણા વેદ વાકયોને ૨૧મી સદીમાં પૂર્ણ કરવાના એક ધ્યેય સાથે રાજયના મુખ્યમંત્રીશ્રી સમગ્ર દેશની અંદર ગુજરાતને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનું પ્રતીક બનાવી રહ્યા છે, એક મૉડલ રાજય બનાવી રહ્યા છે તે દિશાની અંદર આપ સૌનો સહયોગ મળશે તેવી આશા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે, માનનીય સભ્યશ્રી અનિલભાઈએ ૯ કરોડની ઓછી જોગવાઈ કરી છે એવી વાત કરી, હવે એ તો આરોગ્ય મંત્રી તરીકે પણ રહી ચૂક્યા છે, જ્યારે -જ્યારે કોઈ વિભાગની સંપૂર્ણ માગણીઓ આવે ત્યારે કુલ બજૅટ જોવાય, બધી જ માગણીઓ ચર્ચામાં આવતી નથી. ગયા વર્ષનું બજૅટ અને આ વર્ષનું બજૅટ જોયું હોય તો, ૨૦૦૫-૦૬માં ૯૮૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે અને ૨૦૦૬-૦૭માં ૧૦૩૬ કરોડની જોગવાઈ થઈ છે, ગરીબ અને પછાત વિસ્તાર કે છેવાડાનો વિસ્તાર છે, ટ્રાયબલ બસ પ્લાનની અંદર ૧૫ ટકા ટ્રાયબલ ડૅવલપમેન્ટ ડિપાર્ટમૅન્ટના બજૅટમાં પણ છે, આ હકીકત છે, આપને કદાચ ખબર નહીં હોય કારણ કે આખું અંદાજપત્ર કેવી રીતે તૈયાર થતું હોય છે એની ખબર ન હોય પણ આપ જરાક જોઈ લેજો. આપને જે અંદાજપત્ર આપવામાં આવ્યું છે એની અંદરથી જ આપેલા આંકડા હું કહું છું. એટલે રૅકૉર્ડ ઉપર એવી કોઈ વાત ન રહે કે નવ કરોડ રૂપિયાની જોગવાઈ ઓછી થઈ છે, એવું ન રહે અને માનનીય અનિલભાઈને એવું ન લાગે કે નવ કરોડ રૂપિયાની જોગવાઈ ઓછી કરી છે, જોગવાઈઓ તો વધતી

રહે છે, વધે છે અને વધારવી છે કારણ કે આપણે એક સંપલ્પની સાથે ચૂંટાયા છીએ કે પ્રત્યેક માણસને લાંબું જીવન આપવું છે, દીર્ધાયુ જીવન અને સારું જીવન આપવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે, ગુજરાત નંબર વન કહું એટલે ઘણા લોકોને, બહાર તો દુ:ખી થાય પણ ગુજરાતી દુ:ખી થાય ત્યારે મારે મારા આત્માને પૂછવું પડે કે હું પહેલાં ગુજરાતી છું, અને હું પહેલાં ગુજરાતી હોવું તો, ગુજરાતી તરીકે હોય તો, ગર્વ લેવાનો મને અધિકાર છે કે મારું ગુજરાત નંબર વન છે અને એટલા માટે રાજયના પ્રત્યેક વિકાસના ક્ષેત્રે ગુજરાત નંબર વન બન્યું છે એવી રીતે રાજયની અંદર આરોગ્ય વિભાગ ક્ષેત્રે ગુજરાત નંબર વન બન્યું છે. આ ગુજરાત એ ગાંધીજીનું ગુજરાત છે અને ગાંધીજીના જીવનનો સંદેશો ગુજરાતે આપવો હોય તો ત્રીસમી જાન્યુઆરીએ સમગ્ર દેશની અંદર અને રાષ્ટ્રપતિજી પણ વારંવાર ઉલ્લેખ કરે છે કે ગુજરાત એક એવું રાજય છે કે જેણે રક્તપિત્તને નિર્મુળ કર્યુ છે. ૧૯૮૫ના વર્ષની અંદર દશ હજારની વસતિએ ૨૧ લોકોને રક્તપિત્તનો રોગ હતો, ૨૧.૧ લોકોને રક્તપિત્તનો રોગ થતો હતો, અને આ રોગ છેને એ મોટા ભાગે ગરીબ લોકોને થાય છે, આદિવાસી વિસ્તારમાં થાય છે અને ગુજરાતના આદિવાસી વિસ્તારમાંથી આ વર્ષે ૨૦૦૫ના વર્ષમાં રક્તપિત્તને નિર્મુળ કરી શકાયો છે એમ વિશ્વ આરોગ્ય સંસ્થા અને કેન્દ્ર સરકારે સ્વીકાર્યુ છે. ૨૧.૧ છે, આપણે ૦.૭૬ સુધી પહોચ્યા છીએ અને માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભાગૃહના પ્રત્યેક માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું કે, માત્ર ચર્ચામાં નહીં પણ આપણા ગુજરાતમાં એક પણ રક્તપિત્તનો દર્દી હોય તો તેને નજીકના સારવારના કેન્દ્ર ઉપર લઈ જશો અથવા તો એનું નામ અને સરનામુ મને આપજો એ દર્દીના ઘર સુધી આરોગ્ય વિભાગનો મારો કર્મચારી જશે અને એને MDP દ્વારા, Multi Drug Therapy દ્વારા ધરમૂળથી રક્તપિત્તને નિર્મુળ કરશે, અને જો કદાચ એને વિકૃતિ થઈ હોય અને એવા વિકૃતિવાળા રહી ગયા હોય તો છેલ્લા ૧૩ જેટલા કેમ્પો કરીને રાજય સરકારે એને નિર્મુળ કરવા, એની વિકૃતિને દૂર કરીને એની સ્વીકૃતિ સમાજમાં પેદા થાય એ માટેના પ્રયાસો કર્યા છે. આ આદિવાસી વિસ્તારમાં કોઈપણ ક્ષેત્રમાં પાંચ જેટલા દર્દીઓમાં પણ જો વિકૃતિના જોવા મળશે, એ રહી ગયેલા જોવા મળશે તો એના દ્વાર આંગણે એના જિલ્લામાં Leprosy Reconstruction Surgeory કેમ્પ કરવા તૈયાર છું. આ રાજયમાં નવો અભિગમ અપનાવ્યો છે અને વિશ્વમાં અમે ગ્રીનીશ બુકમાં વિશ્વ રેકૉર્ડ નોંધાવા માટે નહોતો કર્યો પણ પહેલીવાર ગુજરાત રાજય એક રાજય છે કે જેણે રક્તપિત્ત રોગને નિર્મુળ કરવા માટે, રક્તપિત્તના દર્દીની સ્વીકૃતિ, સમાજમાં પેદા થાય અને એનું પુન:વસન થાય એટલા માટે એનો રીકન્સ્ટ્રકશન સર્જરી કેમ્પ કરવા માટે, આજે આ કાર્યક્રમને વિશ્વના સર્વશ્રેષ્ઠ કાર્યક્રમ તરીકે ગણાવું છું. કારણ કે, ઈન્ટરનેશનલ લેપ્રસી યુનિયને એને આવકાર્યો છે અને એનો એવોર્ડ પણ આપણને આપ્યો છે. ૩૦૦ કલાક નોનસ્ટોપ સર્જરી કેમ્પ, માનનીય અનિલભાઈ જાણે છે કોઈ રાજય એના સર્જરી કેમ્પને કોન્સ્ટન્ટ નોન સ્ટોપ ૩૦૦ કલાક કરી શકયું નથી. આ રાજયએ ૩૦૦ કલાકનો કાર્યક્રમ કર્યો, આ રાજયએ ૫૦૦ કલાકનો કાર્યક્રમ કર્યો અને ગઈ ૩૦મી, જાન્યુઆરીએ ૩૦૦ કલાકનો કાર્યક્રમ કરીને સમગ્ર દેશની અંદર ગાંધીજીના સંદેશાને પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. અમે કેન્દ્ર સરકારને પણ વિનંતી કરી છે કે, રાજયના લેપ્રસી રીકન્સ્ટ્રકશન સર્જરી માટે કયાંય આવો કેમ્પ દેશના બીજા ભાગોમાં કરવો હોય તો ગુજરાત સરકારને આ જવાબદારી સોંપો. જયાં પણ લેપ્રસી પેશન્ટો વિકૃતિથી પિડાતા હશે એના સ્થાન ઉપર જઈને અમે આ કેમ્પનું આયોજન કરવા તૈયાર છીએ. કરુણા અને માનવતા ગુજરાતના સીમાડાઓ ઓળંગવા માટે તૈયાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, ગુજરાત આ કાર્યક્રમમાં તો નંબર વન છે પરંતુ સમગ્ર દેશમાં હું અમદાવાદમાંથી આવું છું, સાબરમતી નદીના કિનારેથી આવું છું. સાબરમતીના કિનારા માટે પુરાણમાં એક કથા લખાય છે અને એ કથા એ લખાય છે કે ઉતરાસર દેવોનો જયારે પરાજય થતો હતો ત્યારે દેવો સાબરમતી નદીના કિનારે આવ્યા હતા અને દધિચી ઋષિએ પોતાના અસ્થી આપ્યા હતા. એજ સાબરમતી નદીના કિનારા ઉપર હું આપ સૌ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, એક વાર આપ આ કિડની હોસ્પિટલમાં આવો, ૧૫૧૧ દધિચીઓ હું બતાવવા તૈયાર છું. ૧૫૧૧ પરિવારો છેલ્લા વર્ષોથી પોતાના સગાઓના એકિસડેન્ટના કારણે કોમામાં ગયેલા અને બ્રેઈન ડેડ થઈ ગયા હોય એવા સગાની વિદાય પહેલા એને આપી દીધા અને એની કિડનીથી લગભગ ૩૦૦૦ જેટલા લોકોને જીવનદાન મળ્યું છે. હું કહું છે કે જો સતયુગમાં એક દધિચીએ પોતાના અસ્થી આપ્યા હોય તો એને સતયુગ કહેવાય તો ૧૫૧૧ દધિચીઓ ગુજરાતમાં હોય તો ગુજરાતમાં સતયુગ છે કે નહી? એ હું આપના ચિંતન માટે મૂકવા માગુ છું. એથી પણ આગળ ચાલીને કહું છું કે, હવે અમે આ દિશામાં આગળ વધવા માગીએ છીએ કે જયારે આ રાજયમાં દેહ-દાનની પ્રવૃત્તિ વધતી જાય છે, રાજયમાં આવા કેડવર ઓર્ગન ડોનેશનો વધતા જાય છે, દધિચીઓ વધતા જાય છે ત્યારે રાજય સરકાર એ વિચારી રહી છે કે જે વાલ્વના દર્દીઓ છે એના માટે મારે ડૌ.ચેરીયન સાથે ચર્ચા ચાલે છે, તજજ્ઞો સાથે ચર્ચા ચાલી રહી છે કે હૃદય રોગથી પિડાતા હોય એને પણ દેહ-દાનમાં મળેલ બોડીના વાલ્વનો ઉપયોગ કરી શકાય કે નહીં? એ અંગેનું એક ચિંતન તૈયાર થઈ રહ્યું છે અને દેશના નિષ્ણાતોની કાર્ય શિબિર ગુજરાતમાં યોજીને આવનારા દિવસોમાં હોનોગ્રાફ વાલ્વ બેન્ક બને એ માટેની તૈયારી હું કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એન.આર.આઈ. ની વાત કરું તો વિદેશોમાં ગુજરાતીઓ છે એ પણ ગુજરાત માટે ખૂબ ચિંતા કરતા હોય છે અને મને એવા બે ડોકટરો મળ્યા છે એક છે વિશ્વના સૌથી મોટા ઓર્થોપેડિક સર્જન ડો.દિનેશ પટેલ અને બીજા છે ડો. મહેન્દ્રભાઈ પટેલ એ બન્ને ડોકટરોએ એમ કહ્યું છે કે, અમે દેહ-દાન મળશે એમાંથી હાડકાના બીજા ભાગો અને એને સાચવીને ટીસ્યુ બેન્ક કેવી રીતે બનાવી શકાય એ દિશામાં ગુજરાત વતી અમેરિકામાં સંશોધન કરી રહ્યાં છીએ અને એનો એક પ્રોજેકટ રિપોર્ટ બનાવે છે અને એનું કેટલુંક ડોનેશન પણ એ આપણને આપવાના છે. ડો. દિનેશ પટેલનો હું એટલા માટે આભાર માનુ છું કે, એશિયાની પહેલી સેકોમોટિવ લેબોરેટરી એમણે સિવિલ હોસ્પિટલમાં આપી છે. એના દ્વારા વિશ્વના તજજ્ઞોની સેવાઓ આ રાજયની અંદર આવે, વિશ્વનું વિજ્ઞાન ગુજરાત સુધી આવે એ દિશા તરફ આપણે આગળ વધી રહયા છીએ એટલા માટે ગુજરાત નંબર-વન દેહદાનની અંદર છે, આપણે ગુજરાતને નંબર વન કરવું હોય તો ચક્ષુદાનની અંદર થઈ શકે તેમ છે. આ સભાગૃહના સૌ સભ્યોને હું વિનંતી કરું છું કે ગુજરાત ચક્ષુદાનની અંદર નંબર વન થઈ શકે તેમ છે અને આપણે બધા આ એક સારા કામ માટે નિમિત્ત બનીએ એ વધારે સારું છે. આજે સમગ્ર દેશની અંદર ૫૪૧૦ ચક્ષુદાન આપણે ગયા વર્ષની અંદર મેળવ્યું છે અને એના પ્રત્યારોપણ કર્યા છે અને સૌ ચક્ષુદાન દેનારાના સગાંઓને હું અભિનંદન આપું છું કે એમણે પોતાના મૃતકની યાદની અંદર એની શ્રદ્ધાંજલિની અંદર પોતે ચક્ષુદાન આપ્યું છે અને એ ચક્ષુદાનની પ્રવૃત્તિની અંદર જો આપણે ૧૮૨ ધારાસભ્યો આને એક કાર્યક્રમ તરીકે લઈશું તો મને લાગે છે કે ગુજરાત કરુણા અને માનવતાવાદની અંદર એક મોટું નામ પ્રાપ્ત કરશે અને એ પ્રાપ્ત કરવાનો નિર્ણય આપણે કરીશું.

ગુજરાતને જેમણે બદનામ કરવાના અનેક પ્રયાસો ગયા વર્ષની અંદર કર્યા છે ગુજરાતના માટે કેટલીક ફાઈવસ્ટાર એન.જી.ઓ. એ અને દુનિયાના કેટલાક લોકોએ દુનિયામાં ગુજરાતને ખરાબ ચિતરવાનો જે પ્રયાસ કર્યો છે એવી મેલી મુરાદવાળાઓને મારે કહેવું છે કે આ ગુજરાત શું છે એ જરા સમજવાનો પ્રયત્ન કરો. સમગ્ર દેશની અંદર ગુજરાત નંબર વન છે. રકતદાન પ્રવૃત્તિમાં ગયા વર્ષે આપણે છેલ્લાં પાંચ વર્ષની અંદર આપણે પ્રથમ હરોળની અંદર જ રહયા છીએ. ૫૧૩૨૦૩ યુનિટ રકતદાન ગુજરાતે કર્યુ છે. આ ગુજરાત નંબર વન છે આ માટે ગુજરાતની પ્રજાને આ સભાગૃહ અભિનંદન આપે એવી વિનંતી કરું છું એટલે આ સમગ્ર સભાગૃહને જણાવું છું કે, ચક્ષુદાન કરનારી, રકતદાન કરનારી, દેહદાન કરનારી ગુજરાતની પ્રજાની સાચી ઓળખ આ કરુણાની ઓળખ છે. માનવતાની ઓળખ છે એમાં આ પક્ષના કે તે પક્ષના નહિ પરંતુ હું તો સૌને કહુ છું કે આ એક એવા નેતૃત્વવાળી સરકાર ગુજરાતમાં છે કે જેણે સમગ્ર ગુજરાતની ઓળખ એ સમગ્ર દેશની અંદર કરુણા અને માનવતાની સરકાર તરીકેની છે. પરિણામ શું આવ્યું છે એને કારણે પરિણામ એ આવ્યું છે જે વાત અહીંયા થઈ છે કે દવાખાનાઓ ઓછાં છે, દવાખાનાઓ પૂરતા નથી, સબ સેન્ટરો નથી, ડોકટરો નથી, હું સ્વીકારું છું અને એ મુદ્દા પર પણ આવું છું પરંતુ જે છે એનો કેટલો ઉપયોગ થયો છે એના આંકડા હું આપવા માગુ છું આ આંકડા હું ગૃહના ટેબલ પર મૂકું છું જેનો અંશમાત્ર છે આ એક સરવાળો છે પી.એચ.સી., સી.એચ.સી. ડિસ્ટ્રિકટ હોસ્પિટલ, તાલુકા હોસ્પિટલ, મેડિકલ કોલેજીસ, આયુર્વેદિક હોસ્પિટલ, ઈ.એસ.આઈ. હોસ્પિટલ છેલ્લા ગયા વર્ષની અંદર એક કરોડ લોકોએ આનો લાભ લીધો અને એક કરોડ વ્યકિતઓ ગઈ અને કુલ કેટલી વખત લાભ લીધો તો ઓ.પી.ડી.ની અંદર ૪ કરોડ ૩૦ લાખ લાભાર્થીઓ ગયા એટલે કોઈ એકવાર ગયું હોય, કોઈ બે વાર ગયું હોય, કોઈ ત્રણ વાર ગયું હોય, કોઈને વધારે વખત જવું પડયું હોય. ઓ.પી.ડી. ની અંદર જનારાઓની સંખ્યા રાજયના સરકારી દવાખાનાઓની અંદર ૪ કરોડ ૩૦ લાખ, ઈનડોર પેશન્ટ તરીકે ૩૩ લાખ ૭૭ હજાર, મેજર સર્જરી ૧૬૩૩૮, માઈનોર સર્જરી ૩ લાખ ૯૨ હજાર, એકસ-રે ૧૨ લાખ ૩ હજાર, લેબ ટેસ્ટ ૧ લાખ ૨ હજાર અને પી.એમ. ૨૩ હજાર થયા છે. આ આંકડા જે છે એ ટેબલ પર હું મૂકુ છું આવતીકાલે બધાજ ધારાસભ્યશ્રીઓને આ મળશે. આ કરવા છતાં પણ તબીબો નથી મળતા, તજજ્ઞો નથી મળતા અને એટલા માટે રાજય સરકારે કેન્દ્ર સરકારની સલાહ પ્રમાણે એક નીતિ નકકી કરી છે અને એ નીતિ એ છે કે અત્યારસુધી રાજયની અંદર જે તબીબો અને તજજ્ઞો જોડાતા હતા એમને નોન પ્રેકટીસીંગ એલાઉન્સ આપવામાં આવતું હતું અને એને કારણે ખાનગી પ્રેકટીસ કરવા પર પ્રતિબંધ મૂકયો હતો રાજય સરકારના પંચાયત અને આરોગ્ય વિભાગના ૧૯૬૫ના ઠરાવથી આ જે નિર્ણય કર્યો હતો. તે નિર્ણયની અંદર પુન:વિચારણા કરી છે. રાજયના કુલ ૨૭૧ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૧૦૭૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૯૨ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૩૪૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૪૫ મોબાઈલ હેલ્થ યુનિટને અંતરિયાળનાં અને દરિયાકાંઠામાં કામ કરી રહેલ છે. ડોકટરને તેમની પસંદગીના સ્થળે નિમણૂક નહીં મળવાના કારણે પણ સરકારી સેવામાંથી રાજીનામું આપે છે તેને કારણે ખાલી રહેવા પામે છે. આ સત્યનો હું સ્વીકાર કરું છું. બધા સભ્યોએ જે વાત કરી છે તે વાત બહુ સાચી છે અને આ પૈકીની મોટાભાગની જગ્યાઓ અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારોમાં અને ખાસ કરીને સરહદી વિસ્તારો, પછાત વિસ્તારો અને દરિયાકાંઠાના વિસ્તારો છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ૬-૧-૯૬ના ઠરાવથી રાજયના ૧૮ જિલ્લાના વિવિધ તાલુકાના ૨૧૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના હેડ કવાર્ટર પર રહેતા હોય તેવા તબીબોને માસિક રૂપિયા ૫૦૦નાં ગ્રામ્ય ભથ્થા પેટે આપવામાં આવે છે તેમ છતાં આ પરિસ્થિતિ ચાલુ રહેવા પામેલ છે. એક પ્રયત્ન કર્યો અને તે પ્રયત્ન કર્યા છતાં પરિસ્થિતિ તો એની એ જ

રહી. ઉત્તરાંચલ, હિમાચલ પ્રદેશ અને ઉત્તર પૂર્વિય રાજયોમાં તબીબી અધિકારીઓને તેઓના ફરજના સમય બાદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની હદમાં ખાનગી પ્રૅક્ટિસની છૂટ આપવામાં આવે છે પણ આ રાજય સરકાર તેને ત્યાં કરવા દેવાની છૂટ આપવા માગતી નથી કે અમે જે નિયમો આપીશું તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની અંદર પ્રાઇવેટ પ્રૅક્ટિસ નહીં પણ તેના સરકારી સમયના પછીના સમયે તે આ કરી શકશે તે પ્રકારની છૂટ આપણે આપીએ છીએ. ભારત સરકારે ગ્રામ્ય વિસ્તારમાં તબીબી અધિકારીઓની ખેંચ પૂરી કરવા માટે આ ભલામણ કરેલી છે. તેને ધ્યાને લઈને ગુજરાત રાજયના તમામ તબીબી અધિકારીઓ કે જેઓ જાહેર આરોગય તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને આયુર્વેદના શિક્ષણ અને હોસ્પિટલો અને દવાખાનાઓમાં રાજય કામદાર વીમા યોજનામાં અને દવાખાનાઓ સાથે સંકળાયેલ છે. તેઓને આપવામાં આવતું ખાનગી પ્રૅક્ટિસ નહીં કરવાનું ભથ્થુ એન.પી.એ.બંધ કરવાનું નક્કી કર્યુ છે અને તે સામે તેમને ખાનગી પ્રૅક્ટિસ કરવાનું છૂટ આપવાનું નક્કી કર્યુ છે અને આ અંગેના નિયમો ૧લી મે, ૨૦૦૬ સુધીમાં કરવામાં આવશે તેથી કરીને આ યોજનાનો લાભ ૧લી, મેથી કરવામાં આવશે. તેના પરિણામે આદિવાસી વિસ્તારો, ગરીબ વિસ્તારો અને તાલુકાઓના ડોકટરોને ત્યાં જવાનું મળશે. એક આશા રાખવામાં આવે છે કે જે રાજયનું રાજય સરકાર હેઠળની તબીબી શિક્ષણ અને આયુર્વેદિક શિક્ષણમાં અપાતી સંસ્થા તેમજ હૉસ્પિટલો, દવાખાનાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર, રાજય કામદાર વીમા યોજનાઓ ખાતે વધુને વધુ સારા અને ઉચ્ચ લાયકાત ધરાવતા તબીબી અધિકારી પણ પ્રાપ્ત થશે, નોકરીમાં જોડાવાનું પસંદ કરશે અને તે રીતે રાજય સરકાર દ્વારા ચલાવવામાં આવતી હૉસ્પિટલો, દવાખાનાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને, સામૂહિક આરોગ્ય કેન્દ્ર તેમજ તબીબી શિક્ષણ અને આરોગ્યની શિક્ષણ આપતી કૉલેજો વિશેષ કરીને મને કોલેજોની અંદર પણ આ મુશ્કેલી પડે છે. કોલેજો અને કામદાર વીમા યોજનાના દવાખાનાઓમાં જરૂરી અને ઉચ્ચ લાયકાત ધરાવતા અનુભવી વ્યકિતઓને સેવાઓની ઉપલબ્ધી થશે અને તે માટે રાજયના નાગરિકોને અને ખાસ કરીને ગ્રામ્ય અને અંતરિયાળ ભાગની અંદર સરહદી વિસ્તારની સહિતની પ્રજાને આરોગ્યની સુખાકારી માટે પ્રિવેન્ટીવ, પ્રમોટીવ, કયુરેટીવ અને રીહેબીલીટેટીવ પ્રકારની સેવાઓ પૂરી પાડવાનો રાજય સરકારનો હેતુ બર આવશે. આ ઉપરાંત બીજી એક વસ્તુ બનશે આને કારણે કે અન્ય રાજયના તબીબોને ગુજરાતના બદલે ગુજરાતના તબીબોને સેવાઓમાં જોડાવાનું એક મોટું આકર્ષણ પેદા થશે. આ ઉપરાંત ઉપર જણાવેલા કારણોસર રાજયની, રાજય સરકારની સેવાઓના તબીબી અધિકારીઓને આપવામાં આવતું ખાનગી પ્રેકટીસ નહીં કરવાનું ભથ્થુ એટલે એન.પી.એ. બંધ કરવાનું અને તે સામે તેઓના ફરજ સમય બાદ ખાનગી પ્રૅક્ટિસની છૂટ આપવાનું રાજય સરકાર આથી જાહેર કરે છે અને ફક્ત તબીબી સેવા સાથે જોડાયેલા નોન કલીનીકલ શાખાના તબીબોને એન.પી.એ.સ્વીકારવા અથવા નહીં સ્વીકારવાનો વિકલ્પ ખુલ્લો રહેશે.

આ ઉપરાંત રાજય સરકારનો બીજો એક પ્રયત્ન રહ્યો છે. તે એ છે કે રાજય સરકાર હેઠળના તબીબી અધિકારીઓની ખાલી જગ્યા ભરાય તે માટે નિવૃત્ત અધિકારીઓને કરારના ધોરણે ૬૨ વર્ષની ઉંમર સુધીના અધિકારીઓને ભરતી વખતે કરવાના છે. અને તેમના જ વતનની અંદર, જે નિવૃત્ત અધિકારી છે, નિવૃત્ત થયા છે, એમને ૬૨ વર્ષની ઉંમર સુધી વતનમાં ખાલી પડેલ જગ્યા ઉપર પુનઃ નિયૂકિત આપવાનું નકકી કરેલ છે. તેને પરિણામે આપના વિસ્તારમાં પણ આ પ્રકારના તબીબો કે તજજ્ઞો હોય તો આપના દ્વારા અમને મળે એવી હું આપના દ્વારા વિનંતી કરું છું. જેથી વધારેને વધારે તબીબો મળે એ માટેનો પ્રયત્ન રહેશે.

રાજય સરકારે બીજો એક પ્રયત્ન કર્યો છે. કારણ કે એનેસ્થેટીક મળતા નથી, ગાયનેકોલોજીસ્ટ મળતા નથી. તો આ વર્ષે પી.જી.એડમિશનમાં ૧૦ ટકા ઈન સર્વિસ જે લોકો સરકારી નોકરીમાં છે એવા ૧૦ ટકા માટે પી.જી. કરવા માટે સીટોનું રિઝર્વેશન કર્યુ છે. ત્રીજો પ્રયત્ન એમ.સી.આઈ. સાથે પરામર્શ કરી રહ્યો છું. રાજયની બધી જ સરકારી મેડિકલ કોલેજમાં જઈ આવ્યો અને ત્યાંના ડીન સાથે મારે ચર્ચા થઈ. યુનિવર્સિટીના ડીન સાથે ચર્ચા કરી અને જે ઈન્ટર્નશીપ છે, એ ગ્રામ્ય વિસ્તારોમાં, કારણ કે એક વર્ષ ઈન્ટર્નશીપ એ લોકોએ કરવાની હોય છે. એ ઈન્ટર્નશીપ ગ્રામ્ય વિસ્તારોના પી.એચ.સી. અને સી.એચ.સી. સેન્ટરમાં કરવા માટે આખું લિસ્ટ રાજયના બધા જ પી.એચ.સી. અને સી.એચ.સી. સેન્ટરોમાં મોકલી આપવાનું છે અને એમ.સી.આઈ. મંજૂરી આપશે તો ત્યાં આગળ એમની સેવા લઈશું. એ સેવા મળશે તો રાજયમાં તબીબોની ઉપલબ્ધિ છેવાડાના માનવીના ઘર સુધી પહોંચાડવાના આપણા પ્રયત્નોને સફળતા મળશે.

બીજો પ્રયત્ન થયો છે, જેને સૌએ સ્વીકાર્યો છે. આ પ્રયત્ન ચીરંજીવી યોજનાનો છે. રાજયના મુખ્યમંત્રીશ્રીએ એક વિચાર મૂકયો અને મારા પુર્વ આરોગ્ય મંત્રીશ્રીએ એને સફળ બનાવવા માટેના જે પ્રયાસો કર્યા, એ પ્રયાસોને આ સભાગૃહે આવકાર્યા છે. હું સભાગૃહને હ્રદયપુર્વક વંદન કરું છું. રાજયના મુખ્યમંત્રીશ્રીને અને સૌ પ્રજાજનોને ચિંતા છે કે આજે જન્મેલું બાળક આજે જ મૃત્યુ પામે? ગરીબ સગર્ભા માતાના જીવનની કોઈને ચિંતા ન હોય? માતા દીકરાને કે દીકરીને જન્મ આપતા પહેલાં મૃત્યુ પામે અને દર હજારે જીવીત સગર્ભા માતા ૫૭ નો આંકડો કયારેય નીચે આવતો નહોતો. આપ જાણો છો. આપે પણ પ્રયત્નો કર્યા. પહેલા ૬૭ નો આંકડો હતો અને હવે ૫૭ નો આંકડો છેલ્લા ૫૦ વર્ષથી રહ્યો છે. સગર્ભા શિશુને આઈ.એમ.આર. ૫૭ થયો છે. સગર્ભા માતાનો મૃત્યુ આંક ૩ પોઈન્ટ ઉપર રહ્યો છે. રાજયમાં એને ૧ પોઈન્ટથી નીચે લાવવાના પ્રયાસ તરફ

જઈએ છીએ. આ બધા પ્રયત્નોમાં શું કરવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આ વાતને નીમાબેને આવકારી, ભારતીબેને આવકારી, અનિલભાઈએ આવકારી. જેમણે જેમણે ભાગ લીધો, એમણે બધાએ આવકારી. ભારત સરકારે આ ચીરંજીવી યોજના મંગાવી છે કે અમારે સમગ્ર દેશને ગુજરાત મોડેલ તરીકે ચીરંજીવ યોજના મૂકવી છે. એટલા માટે ચીરંજીવ યોજના એ આખા દેશની ચીરંજીવ યોજના બનશે. ગુજરાતમાંથી બાળકોને અને માતાને જીવીત રાખવાના પ્રયાસો થયા છે એ પ્રયાસો દેશમાં થશે ત્યાર પછી એ સરકાર યુ.પી.એ.ની હોય કે એન.ડી.એ.ની હોય, સરકાર માનવતાની છે, સરકાર કરૂણા માટેની છે, સરકાર ગરીબ માણસો માટેની છે અને ગરીબ માણસો માટેની સરકારની પ્રતીતિ કરાવવા માટે પહેલીવાર કોઈ કલ્પના નહોતું કરતું, હું સાબરકાંઠાથી, માનનીય અધ્યક્ષશ્રી, ૫ જિલ્લામાં આજે ચીરંજીવી યોજનાનો પ્રયોગ થયો. એના આંકડા આપું તો સાબરકાંઠામાં ૧૫૦૫ સગર્ભા માતાની પ્રસુતિ થઈ એમાં ૧૨૮ સીઝેરિએન ઓપરેશન દ્વારા પ્રસુતિ થઈ છે. આપણે જાણીએ છીએ કે જો ખાનગી તબીબને ત્યાં આ સીઝેરીયન ઓપરેશન કરાવવું હોય તો કોઈ ગરીબ માતાએ એનું મંગળસૂત્ર વેચવું પડે છે, કોઈ ગરીબ માતાએ સીઝેરીયન ઓપેરશન કરાવવું હોય તો એની કિંમતી ચીજો વેચવી પડતી હતી. આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આવી ગરીબ માતાઓનાં આંસું લૂછવા માટે ગયા વર્ષમાં પાંચ જિલ્લાઓમાં એમાં બનાસકાંઠામાં ૧૦૮૯, દાહોદમાં ૧૦૧૧, કચ્છમાં ૪૮૭ કારણ કે જયાંના ધારાસભ્યશ્રી ગાયકનોલોજીસ્ટ હોય અને ધારાસભામાં કામ કરતા હોય તો સ્વાભાવિક છે કે સમય ના મળી શકે, એમની પણ મુશ્કેલીઓ હોય છે એટલે ત્યાં ૪૮૭ નો આંકડો આવ્યો છે. પંચમહાલમાં ૧૪૩૫, સાબરકાંઠામાં ૧૫૦૫ આ રીતે એક વર્ષમાં આપણે ત્યાં આ થયાં છે અને એ થયા પછી એકપણ બાળકીનું મૃત્યુ થયું નથી. એમાં પણ શૂન્ય છે. ૫૫૨૭ માંથી માત્ર ત્રણ જ બાળકીનાં મૃત્યુ થયાં છે. ૫ હજારે ૩૦૦ જેટલી માતાઓનાં મૃત્યુ થાય છે અહીયાં તો માત્ર કોઈને કોઈ કારણસર ૨૦ જ માતાઓનાં મૃત્યુ થયાં છે. હું આ વાત સ્વીકારું છું અને હકીકત એટલા માટે મૂકું છું કે રાજયમાં એક જે કાર્ય થઈ રહયું છે એ એક પૂણ્યનું કાર્ય થઈ રહયું છે કે આપણે સૌ આ બજેટને મંજૂરી આપીએ છીએ ત્યારે આરોગ્ય વિભાગના આ બજેટને મંજૂરી આપીએ છીએ ત્યારે કેટલીક પૂણ્યાઈને મંજૂરી આપી રહયા છીએ અને એનો આપણને સૌને અનુભવ થાય એટલા માટે મારે આ મુદ્દો મૂકવો પડયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ ચર્ચાને પણ ચર્ચા તરીકે લેતો નથી, ગરીબાઈમાં જોયેલું, તેમણે અને મેં જોયેલી હૃદયની વેદના તરીકે લઉં છું. આ ચર્ચાને ચર્ચા તરીકે મૂકવા માગતો નથી, પરંતુ તેમણે જે ગરીબોનાં આંસુ જોયાં છે અને એ આંસુમાંથી પેદા થયેલ જે ચિંતન છે, તમે કરેલું ચિંતન છે એ જે યોજના તરીકે મૂકવાનો પ્રયત્ન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શાળા આરોગ્ય કાર્યક્રમની વાત મારા સહયોગી મિત્રશ્રીએ કરી છે એટલે એના આંકડાંમાં હું પડતો નથી, પરંતુ એક દાખલો આપું કે ચાર જ દિવસની જન્મેલી બાળકી કે જે હૃદયની તકલીફવાળી હતી. આંગણવાડી વર્કર એને લઈ જાય અને એ બાળકીને અમદાવાદ શહેરમાં આવીને દેશના સર્વશ્રેષ્ઠ ડોકટર ચેરીયન તપાસે અને અને એ તપાસીને એમ કહે કે આને મદ્રાસ મોકલજો, હું એના હૃદયની ક્ષતિને દૂર કરીને એને ગુજરાત પાછી મોકલી આપીશ અને આવાં ૩૦૦ ઓપરેશનો ચેરિયન કરવાના છે. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, મારે ૧૦ મિનિટ જોઈશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બીજા બધા પ્રશ્નો ઉપર નહીં જાઉં. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં હું એક ભાગ્યશાળી ધારાસભ્ય તરીકે આવું છું, અને ભાગ્યશાળી ધારાસભ્ય તરીકે આવું છું ત્યારે ૩૨-૩૨ વર્ષથી આ સભાગૃહના ધારાસભ્યશ્રીઓએ જુદી જુદી ચર્ચા વખતે, આરોગ્ય વિભાગની ચર્ચા વખતે જે વેદના રજૂ કરી હતી, પોતાના વિસ્તારની વાત કરી હતી તે આદિવાસી ધારાસભ્યશ્રીઓ પોતાની વાત કરતા હોય ત્યારે તેની આંખની આગળ સીકલ સેલથી પિડાતા દર્દી દેખાય. આ સીકલ સેલની પીડાના દર્દથી મરતો માનવી મંગુભાઈ જેવા જૂએ, આ માત્ર વારતા નથી. પરંતુ જેમાંથી આ યોજનાનો જન્મ થયો છે તેની પૂર્વભૂમિકા છે. અને તે સત્ય કથા છે. આ સભાગૃહના બધા સભ્યોને કદાચ ખબર ન પડે, તો આદિવાસી વિસ્તારમાં જઈને જૂએ, આ સીકલ સેલથી પીડાતા લોકોને જુએ, ધોળીયા, કુકના, ગાવીત, ચૌધરી, હળપતિ, વર્લી, કોંકણી, કાથોડી, કોચલા કે કોટવાળિયા જ્ઞાતિમાં આ વંશપરંપરાગત રોગ છે. રાજય સરકાર વતી આ સભાગૃહના સૌ સભ્યોની, વિશેષ કરીને આદિવાસી લોક નેતાઓના સહયોગની હું ભીખ માગું છું. આપે કહ્યું હતું કે બ્રાહ્મણ, તો બ્રાહ્મણ તરીકે હું ભીખ માગું છું. હુ સમયદાન માગું છું. સમય દાન તમે આપો. તો આવનારા દસ વર્ષમાં જેમ આપણે આદિવાસી વિસ્તારમાંથી રકતપિત દૂર કર્યો એમ આ સીકલસેલ અને થેલેસેમીયાને પણ જડમૂળમાંથી કાઢી શકીશું. આ વર્ષે આદિજાતિ વિભાગના સહયોગથી રાજયના આરોગ્ય વિભાગના બજેટમાં પહેલીવાર એક કરોડ ૪૯ લાખનું આયોજન પહેલા તબક્કામાં મુકયું છે. અને જરૂર પડશે તો તેને ૮ કરોડ સુધી લઈ જવાની અમારી તૈયારી છે. મારી અનિલભાઈ જોષીયારા સાહેબને વિનંતી છે કે તેઓ પણ સિનિયર સભ્ય છે. મને એમ કહે કે ઓગણીસો ફલાણી સાલમાં એક કરોડ ૪૯ લાખ રૂપિયા સીકલ સેલને નાબૂદ કરવા માટે ખર્ચ કર્યુ હતું હતું ખરું? જો ખર્ચ્યા હોય તો કદાચ મારી પાસે એમનો હિસાબ ન હોય તો મને બતાવે, મારું એવું નથી કહેવું કે હું જ ખર્ચીશ, પણ તમારા વખતમાં

ખર્ચાયા હોય તો મને બતાવજો, મેં તો ચર્ચા વખતે માનનીય અમરસિંહભાઈને પણ કહ્યું હતું કે આપ મુખ્ય મંત્રી છો, સીકલસેલ રોગને દૂર કરવા માટે તમે કંઈક કરો. (અંતરાય)

**સભાપતિશ્રી** : જયારે આપણે બોલવાનો અધિકાર ભોગવતા હોઈએ ત્યારે સાંભળવાની ફરજ પણ બજાવવી પડે. માનનીય મંત્રીશ્રી બોલતા હોય ત્યારે સાંભળવું પડે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાએ આપણને પાંચ વર્ષ નો સમય આપ્યો છે. પાંચ વર્ષ પ્રજાએ આપણને ચૂંટીને મોકલ્યા છે. તો આદિવાસી માટે, એક ગરીબ માનવી માટે આપે મને અડધો કલાક વધારે સાંભળ્યો તે બદલ હું આપનો આભારી છું. માનનીય અધ્યક્ષશ્રી, વલસાડનું રકતદાન કેન્દ્ર અને ડો. ઈટાલીયા, ડો. ઝેડ એ. પટેલ, ડોકટર રણછોડભાઈ, આ બધા ડોકટરો, આદિવાસી અને પારસી ડોકટરો સરકાર પાસે આવી અને ગયા હતા, આ સરકારમાં આવીને કહેતા હતા કે આ સીકલસેલના રોગ મટાડવા માટે ત્યારે અમને સરકારમાંથી એવો જવાબ મળતો હતો કે આના માટે બજેટ નથી. આના માટે ખર્ચની કોઈ જોગવાઈ નથી. પરંતુ આજે આવે છે ત્યારે અમે એમને કહીએ છીએ કે અમારો આદિવાસી મિત્ર, શબરીનો પુત્ર, તેને સીકલસેલનો રોગ થયો હોય અને આ નરેન્દ્ર મોદીની સરકાર હોય તે તેને મટાડવા માટેના પ્રયત્નો ન કરે તો એ સરકાર માટે પણ યોગ્ય નથી. એટલા માટે આ રાજયમાં હું સંકલ્પ લઉં છું કે સૌનો સહયોગ મળશે, આદિવાસીઓનું નેતૃત્વ મળશે તો રકતપિત્તને દૂર કર્યો એમ દસ વર્ષની અંદર ગુજરાતમાંથી સીકલશેલને નાબૂદ કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અમીતભાઈ ચાવડાએ વાત કરી. એમના દાદાને હું આદરપૂર્વક જોવું છું. એટલા આદરથી વાત કરું છું કે દાદાના પૌત્ર તરીકેની વાત કરી એટલા જ વેઈટેજથી વાત કરી એમણે અહીંયા હલકી પ્રકારની દવા મળે છે. આપ કહો છો માટે આ સભાગૃહ પૂરું થયા પછી અધિકારીઓ તમારી સાથે આવે. લોબીમાંથી તમારી સાથે આવે, સાથે સાથે ડ્રગ ઈન્સ્પેકટર અને આરોગ્યના અધિકારીઓ આવે અને આપ કહેશો એ વિસ્તારમાં જવા તૈયાર છે. ત્યાં જઈને તમે કહેશો એ દવાખાનાની અંદર દવાઓ લેશે અને એ દવાઓ હલકા પ્રકારની હશે તો સપ્લાય કરનાર કંપની પાસેથી એ દવાઓના બધા પૈસા વસૂલ કરવામાં આવશે અને એની પાસેથી દવા ખરીદીએ છીએ એની સામે પ્રતિબંધ લદાશે. હું આશા રાખું છું કે હલકી પ્રકારની દવાઓની ફરિયાદ સૌથી ગંભીરતાથી હું જોવું છું. માત્ર કહેવા ખાતર નથી કહેતો તમારા સૌનો સહયોગ માગુ છુ. (અંતરાય) માનનીય અનિલભાઈ જોષીયારાજી, જેટલા લોકોની દવાઓ તમારા વખતમાં ડિબાર નહોતી થઈ એના કરતાં વધારે લોકોની દવાઓ ડિબાર અમે કરી છે. એમને બ્લેક લિસ્ટમાં મૂકી છે. મેં અનેક પગલાં લીધા છે. એનાથી બીજા કયાં પગલાં લેવા જોઈએ તે તમે મને કહો. આ સભાગૃહ પાસે આશા રાખું છું તમારા દવાખાનમાં હલકી દવા આવે તો સપ્લાયર સામે પગલાં લેવાની અમારી તૈયારી છે.

સ્ત્રી ભૃણ હત્યાના પ્રશ્ન ઉપર રાજયની અંદર રાજયના સુખી લોકો કોઈને પણ ગુરુ માનવા હોય તો, કોઈને પણ અનુસરવું હોય તો આદિવાસીઓને આપણે અનુસરવું જોઈએ. માનનીય સભ્યશ્રી શંકરભાઈએ વાત કરી એ સાચી છે. દેડીયાપાડા તાલુકાની અંદર એક હજાર બાળકોએ એક હજાર બાળકીઓ છે. જ્યારે મહેસાણાની અંદર એક હજાર બાળકોએ ૭૭૭ જેટલી જ બાળકીઓ છે. આ રીતે કન્યાઓમાં ડિફરન્સ થતો જાય છે. એટલે સુખી તાલુકા અને દુ:ખી તાલુકા આપણે જોયા. હું આવતી કાલે બધા જ ધારાસભ્યશ્રીઓને બધા તાલુકાવાર કેટલી બાળકોની સંખ્યા છે અને કેટલી દીકરીઓની સંખ્યા છે એના આંકડા આપવાનો છું. એ અંગેની ચોપડી આપીશ. પછી આપણી અને મારી સંયુકત જવાબદારી રહેશે કોઈ પી.એમ.ડી.ટી. એકટનો ભંગ કરનાર સામે પગલાં લેવાશે અને બીજા પગલાં પણ નક્કી કર્યા છે એ આજે પહેલીવાર જાહેર કરુ છું કે કોઈપણ ભૃણ હત્યાનો ગર્ભપાતનો કેસ કોમ્પ્લીકેટેડ થઈને કોઈનાથી કોમ્પ્લીકેશન થશે અને બાળકીની ભૃણ હત્યાનો કેસ હશે એ સિવિલ હોસ્પિટલ કે બીજી કોઈ ખાનગી હોસ્પિટલમાં થાય જેવી રીતે અકસ્માતનો કેસ જાય તો એમ.એલ.સી. કેસ દાખલ કરવો ફરજિયાત છે એ રીતે ગર્ભપાતનો કેસ કયાંય પણ જાય અને કોમ્પ્લીકેશન પેદા થઈને જાય ત્યારે એને સિવિલ હોસ્પિટલ કે સરકારી હોસ્પિટલ કે મોટી હોસ્પિટલમાં જવું પડે.તો આવા બધા કેસો એ એમ.એલ.સી. કેસ તરીકે દાખલ કરવામાં આવશે અને એ પગલું લેવાનું નક્કી કર્યું છે.

આ રાજયમાં સૌથી મોટી જવાબદારી આપણાં સૌની એ કૅન્સરના રોગને રોકવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, કૅન્સરના રોગને રોકવાની આપણી સૌની ફરજ છે અને સૌથી વધારે પરિસ્થિતિ ગુજરાતમાં ઓરલ કૅન્સરની છે. ઓરલ કૅન્સરને રોકવા માટે સૌ ધારાસભ્યશ્રીઓનો હું સહયોગ માગું છું. ખાસ કરીને આપ સૌ ગુટકા કે તમાકુના આદતી હોય, એ પોતાના વિસ્તારમાં જાહેરમાં ગુટકા છોડશે તો બીજા અનેક લોકો, આપના મતદાતાઓ, આપના અનુયાયીઓને પ્રેરણા થશે. એટલા માટે હું પહેલાં વિનંતી આપને કરું છું કે Charity begins at home. પરંતુ તેમ કરીને પગલાંઓમાંથી છાપ પાડવા માગતો નથી. બીજો એક પ્રયત્ન અમે એ કર્યો છે કે રાજયમાં ૧૮ વર્ષથી નીચેના બાળકોને કોઈ પણ પાનવાળો તમાકુ-બીડી આપતો હશે તો એ ગુનો છે. એ માત્ર બોર્ડ લગાડવાથી નહીં થાય પરંતુ તમારા વિસ્તારમાં તમે અને સબ ઇન્સ્પેક્ટર, સબ ઇન્સ્પેક્ટરને આ સત્તા આપી દીધી છે. તમારા વિસ્તારની પોલીસ ચોકીના સબ ઇન્સ્પેક્ટર એક નાનકડા છોકરાને મોકલીને એક એક

વિસ્તારમાં જો પાંચ-પાંચ કે દસ-દસ કેસ મે મહિનાના અંત સુધીમાં કરાવશો તો એ વિસ્તારમાં ફેર પડશે. આપણે કરવું છે. આપણે સમાજને ઉગારવો છે. આપણી જવાબદારી છે. સરકાર પોતાની જવાબદારીમાંથી છટકવા માગતી નથી અને એટલા માટે રાજયની સરકારે તેની પાસે આ કાયદાઓનો અમલ કરીને પહેલી વખત તાજેતરમાં ગુટકા સામેનું અભિયાન શરૂ કર્યું છે તેના ભાગ રૂપે ઉત્પાદકો સામે પગલાં લેવાયા છે એ પગલાં ચાંદની, ગોવા-૧૦૦, કાજોલ, કૂબેર, મહક સિલ્વર, માલિકચંદ, માણેકચંદ સેફ્રોન, સેફ્રોન મીકસ, આર.ડી.એમ., રાજશ્રી, સીમલા, તનુ-૧૦૦, તુલસી મીકસ, તુલસી રૉયલ, તુલસી રૉયલ મીકસ, વિમલ, યાત્રી, ઝટપટ તથા જી બ્રાન્ડ આમાં કોઈ બ્રાન્ડ રહી જતી હોય તો, (અંતરાય) ગોવા આવી ગયું. સૌથી પહેલું આવ્યું. આ ભેળસેળ રાજયના ફુડ એન્ડ ડ્રગ્ઝ ડિપાર્ટમૅન્ટ (અંતરાય) તમારું આરોગ્ય તો ગોકુલ ખવડાવી દો એટલે સારું થઈ જાય. (અંતરાય) આપ કહો છો એ જ પગલું છે. આ ૪૭ નમૂનાઓ લીધા છે. તેમાં ૪૦ નમૂનાઓમાં મૅગ્નેશિયમ કાર્બોનેટની ભેળસેળ સાબિત થઈ ચૂકી છે અને તેની સામે ફુડ એડલ્ટરેશન એકટ નીચે ફોજદારી રાહે ઉત્પાદકો ઉપર પગલાં લેવામાં આવશે. આ ઉપરાંત સમગ્ર રાજયની અંદર એન્ટી ટોબેકો સેલની રચના કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. એટલે એન્ટી ટોબેકો સેલ પણ જેની અંદર કૅન્સર સોસાયટી, ડેન્ટલ કૉલેજ, સિવિલ હૉસ્પિટલ અને બાકીના લોકોને જોડીને રાજયનો આરોગ્ય વિભાગ એન્ટી ટોબેકો સેલને રજૂઆત કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી વધારે આપ સૌએ માત્ર સમય આપ્યો નથી, આપ સૌએ મને સાંભળવાનો પ્રયત્ન કર્યો નથી. હું પણ આપની વચ્ચે આજે જે વાત કરી છે તે સારવાર લેતી વખતે ઘરમાં પૈસા ન હોય, સરકારી દવાખાનામાં એને પડતી વિટંબણા હોય, આમ છતાં પણ અનેક પ્રયત્નો કરીને રૂા.૨૦૦ કરોડના ઓરેટના સાધનો લાવ્યા છીએ. રાજયમાં ઈન્ફ્રાસ્ટ્રકચરની દૃષ્ટિએ સર્વશ્રેષ્ઠ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. ૨૦૦૨માં વિશ્વ બૅન્કે જે રિપૉર્ટ બહાર પાડ્યો એમાં કહ્યું કે, ગુજરાત એની હૉસ્પિટલોના ઈન્ફ્રાસ્ટ્રકચરમાં નંબર વન છે. પરંતુ આજની ચર્ચામાંથી આપ સૌ સાથે મળીને રોગચાળા સામેની લડાઈના સેનાપતિ બનીએ. આપણે સૌ આપણા પડોશીઓને, આપણા વિસ્તારના આરોગ્યની સમસ્યાઓના સાથીદાર બનીએ, એના સહયાત્રી બનીએ, મેલેરિયા જેવા અનેક રોગોનો, ગુજરાત રોગોની સામેની લડાઈમાં વિજયી બન્યું જ છે, બર્ડ ફલૂ આવે તો પણ આપણે વિજયી જ છીએ. આપત્તિ પછીનું આયોજન હોય, મેલેરિયાને આપણે આવવા દીધો નથી. ટી.બી.ના રોગને માટે આપ સૌને કહું છું કે, ડો. અનિલભાઈને વિનંતી કરું છું કે, ટી.બી. માટેની ચિંતા માટે હું આપની સાથે સહયોગી છું. હું દરેક ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આપના જિલ્લાના, આપના વિસ્તારની અંદર આપના હસ્તે મારે ડોટ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરાવવું છે અને ડોટ કાર્યક્રમ જેટલો સફળ બનશે એટલો આપણે ટી.બી.ને અંકુશમાં લઈ શકીશું. ફરીથી રાજય આ બધી પરિસ્થિતિઓની અંદર થઈને રાજયના મુખ્યમંત્રીશ્રીએ જે પ્રયાસ કર્યા છે અને રાજયની પ્રજાએ જન ભાગીદારીથી પ્રયાસ કર્યો છે એ પ્રયાસોનો હું સાક્ષી છું. ડોટના કાર્યક્રમની અંદર દરેક ધારાસભ્ય પોતાના વિસ્તારની અંદર આવતી કાલે કે આવતા અઠવાડિયાની અંદર હું આવવાનો છું. બધા જ કાર્યક્રમોનું લિટરેચર બધા જ ૧૮૨ ધારાસભ્યશ્રીઓ સુધી હું પહોંચાડીશ. પણ મારી વિનંતી હતી કે, ૧૯૯૬ની સાલની અંદર હ્દયરોગના ઑપરેશન માટે એ વખતે હું રેવન્યૂ મિનિસ્ટર હતો અને એપોલો હૉસ્પિટલમાં જવું પડ્યું હતું. આજે આ રાજયની અંદર એક એવી પરિસ્થિતિ પેદા થઈ છે કે, એપોલો, ક્રિષ્ણા, સ્ટર્લિંગ જેવી જ આપણી યુ.એન.મહેતા એના જેવી અનેક હૉસ્પિટલો રાજયમાં ઊભી થઈ છે અને આજે વિદેશના માણસોને ગુજરાતની અંદર સારવાર લેવા નિમંત્રણ આપવું પડે છે. આજે ગુજરાતની અંદર ૩૦ ટકા રાજસ્થાન અને ૩૦ ટકા મધ્યપ્રદેશમાંથી સારવાર લેવા માટે લોકો ગુજરાતમાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મૅડિકલ ટુરીઝમ જે શબ્દ છે એ કોઈ ટુરીઝમનો નથી પણ કરુણાનો અને માનવતાનો છે. રાજયના મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અમૅરિકામાં ઑપરેશન કરાવશો તો ડોલર થશે અને અહીંયાં આવીને કરાવશો તો રૂપિયામાં થશે. અહીંયાં એલોપેથીની જોડે, હોમિયોપેથીની જોડે કે આયુર્વેદિકની જોડે અમારી પાસે ગુજરાતની એક બીજી પેથી છે અને એ સિમ્પથી છે. રિપ્લેશમેન્ટ કરાવવું હોય તો ગુજરાતનું મૅડિકલ ટુરીઝમ ખુલ્લુ છે. આંખના દરદીની સેવા કરવી હોય તો ગુજરાત તૈયાર છે, કિડનીની સેવા માટે ગુજરાત તૈયાર છે, કૅન્સરની સેવા માટે ગુજરાત તૈયાર છે. હું સૌ ધારાસભ્યો વતી વિદેશમાં વસતા આપના સાથીઓને જણાવજો કે ગુજરાત તમારી આરોગ્યની સેવા માટે તૈયાર છે. પડોશી રાજયોને આપણે કહીશું કે, ગુજરાત તમારા માટે તૈયાર છે. અમારી કરુણા, અમારી માનવતા અને અમારી આરોગ્યની સેવા એના સીમાડા અમે રાખ્યા નથી. એ સીમાડાને ઓળંગવા માટે તમે જે સહયોગ આપ્યો છે એ બદલ હું આપનો આભાર માનુ છું. માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા જ કહયું છે કે આ માગણી નથી. આ સમગ્ર ગુજરાતની પ્રજાની ચિંતા છે અને એટલે મને ખાતરી છે કે વિરોધ પક્ષના દંડકશ્રી મને એમ કહેશે કે હું મારી કાપ દરખાસ્ત પાછી ખેંચું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:** ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૩૭, ૪૦, ૪૨, ૪૩ અને ૪૪ એકી સાથે મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક :૮, ૯, ૩૮, ૩૯ અને ૪૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૮-૧૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર શનિવાર, તા. ૧૮મી માર્ચ,૨૦૦૬ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**શનિવાર તા. ૧૮મી માર્ચ,૨૦૦૬**
**ફાલ્ગુન ૨૭, ૧૯૨૭ શાકે**
**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૮-૩૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**
**માગણી નંબર-૨૧**

**શ્રી છત્રસિંહ પું. મોરી (રાજય કક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૮,૨૨,૮૫,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૨૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી**

**માગણી ક્રમાંક-૨૨**

**શ્રી છત્રસિંહ પું. મોરી (રાજય કક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૧,૩૬,૩૮,૨૫,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી**

**માગણી ક્રમાંક-૨૩**

**શ્રી છત્રસિંહ પું. મોરી (રાજય કક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૧૪,૧૩,૦૫,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા.૬૮,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૨૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી**

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**માગણી ક્રમાંક-૬૫**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નર્મદા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટે રૂ.૨૩,૫૩,૦૨,૫૭,૦૦૦/-ની માગણી ક્રમાંક - ૬૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૬૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી**

**સન ૨૦૦૬–૨૦૦૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શનિવાર, તા.૧૮–૩–૨૦૦૬ (પહેલી બેઠક) (ત્રીજા દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ. નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**<br>**માગણી નં. ૨૧** | | | | |
| ૧. | ૩૪૫૧–સચિવાલય... .સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧– અન્ન.. વિભાગ<br>રૂા.૧,૭૪,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પા.નં.૧૨–૧૩ | ૧૦૦ | કાળાબજાર હેઠળ પકડાયેલા ઈસમોને નાણાકીય ગેરરીતિઓ આચરી છોડી મૂકાતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનીલ જોષીયારા |
| **૨. | ––"–– | ૧૦૦ | જિલ્લા કક્ષાએ કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૩. | ––"–– | ૧૦૦ | ખાતાકીય કેસોનો ઝડપી નિકાલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪. | ૩૪૭૫–અન્ય...સેવાઓ<br>(૧૦૬)–તોલ....વિનિયમન<br>૦૧–આઈ.એન.ડી. તોલ અને માપ તંત્ર<br>રૂા.૬,૧૩,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પા.નં.૨૩ | ૧૦૦ | શાકમાર્કેટોમાં તોલમાપમાં આચરવામાં આવતી વ્યાપક ગેરરીતિના કારણે આમ જનતાને ખુલ્લે આમ છેતરાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| *૫. | ––"–– | ૧૦૦ | તોલ અને માપની ચકાસણીનું અસરકારક મોનિટરીંગ કરી કાટલાં અને કાંટામાં ચાલતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| **માગણી નં.૨૨** | | | | |
| ૬. | ૩૪૫૬–નાગરિક પુરવઠો<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧– નાગરિક.... કચેરી<br>રૂા.૧,૫૭,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૭ પા.નં.૧૫ | ૧૦૦ | રાહતદરે ફાળવેલ કેરોસીન, ઘઉં અને અનાજનું કાળા બજારમાં ખુલ્લેઆમ થતું વેચાણ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| *૭. | –– " –– | ૧૦૦ | પેટ્રોલ, કેરોસીનમાં થતી વ્યાપક ભેળસેળ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| *૮. | --"-- | ૧૦૦ | રાંધણગેસની કૃત્રિમ તંગી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૯. | ૩૪૫૬–નાગરિક પુરવઠો ૦૦૧–નિદેશ અને વહીવટ ૦૧– નાગરિક.... કચેરી રૂા.૧,૫૭,૨૫,૦૦૦ અં.પ્ર.નં. ૭ પા.નં.૧૫ | ૧૦૦ | રાંધણગેસના સબસીડીવાળા બાટલાઓનો બિન અધિકૃત ઉપયોગ કરનારાઓ સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| *૧૦. | ૩૪૫૬–નાગરિક પુરવઠો ૦૦૧–નિદેશ અને વહીવટ ૦૪– ગ્રાહક.... પંચ રૂા.૭૪,૭૦,૦૦૦ અં.પ્ર.નં. ૭ પા.નં.૧૭ | ૧૦૦ | આમ જનતાને ગ્રાહક તકરાર નિવારણ માટે રજૂઆત કરવા સંબંધે જરૂરી માહિતી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૧. | ૩૪૫૬–નાગરિક પુરવઠો ૧૯૦–જાહેર...સહાય ૦૨– વાજબી.... ખાદ્ય રૂા.૨,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૭ પા.નં. ૨૦ | ૧૦૦ | ગરીબ/ મધ્યમ વર્ગની જનતાને રાહતદરે સીંગતેલ પૂરુ પાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૨. | ૩૪૫૬–નાગરિક પુરવઠો ૧૯૦–જાહેર.....સહાય ૦૩– ગરીબી....સહાયકી રૂા.૧,૧૦,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૭ પા.નં. ૨૦ | ૧૦૦ | ગરીબી રેખા નીચે જીવતા કુટુંબમાંથી અલગ થયેલ વ્યકિતઓને બી. પી. એલ. કાર્ડ સરળતાથી મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માગણી નં.૨૩** | | |
| *૧૩. | ૨૪૦૮– ખાદ્ય......વ્યવસ્થા ૦૧–ખોરાક ૦૦૧–નિદેશ અને વહીવટ રૂા.૧૩,૯૭,૦૫,૦૦૦ અં.પ્ર.નં. ૭ પા.નં.૬ થી ૮ | ૧૦૦ | વાજબી ભાવની દુકાનો ઉપરથી ગરીબોને સમયસર અને પૂરતા જથ્થામાં અનાજ આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૪. | --"-- | ૧૦૦ | અંતરિયાળ વિસ્તારોમાં વધુ પ્રમાણમાં | શ્રી પુનાભાઈ ગામીત |

| | | | | |
|---|---|---|---|---|
| | | | વાજબી ભાવની દુકાનો ખુલે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૫. | -- " -- | ૧૦૦ | વાજબી ભાવની દુકાનો ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં નજીકના સ્થળે ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૬. | -- " -- | ૧૦૦ | વાજબી ભાવની દુકાનોની પરવાનગી આપવામાં ચાલતી ગેરરીતિ તેમજ તેમાં ચાલતો સગાવાદ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| **<u>નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ</u>**<br>**<u>માગણી નં.૬૫</u>** | | | | |
| *૧૭. | ૪૭૦૦–મોટી....જોગ વાઈ<br>૦૧–મોટી સિંચાઈ વાણિજિયક<br>(ક)–નર્મદા.....કામો<br>રૂા.૧૨,૩૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ–૧)<br>પા.નં. ૨૨૯ | ૧૦૦ | નર્મદા યોજનાને પૂર્ણ કરવામાં થતા વિલંબથી વધતો જતો નાણાકીય ખર્ચ રોકવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૮. | -- " -- | ૧૦૦ | નર્મદા યોજનાને લગતા કામો માટે વધુ રકમ ફાળવી તેને સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૯. | ૪૭૦૦–મોટી સિંચાઈ<br>૮૦–સામાન્ય<br>રૂા.૨૧,૪૨,૯૦,૧૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ–૧)<br>પા.નં.૨૨૯ થી ૨૩૯ | ૧૦૦ | કેનાલો/સબ કેનાલોના કામો સમયસર પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| **૨૦. | -- " -- | ૧૦૦ | નિગમના અધિકારીઓ ધ્વારા પ્રવાસ અને સરભરા પાછળ થતા બેફામ ખર્ચ ઉપર અંકુશ રાખવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૨૧. | -- " -- | ૧૦૦ | નિગમની જરૂરિયાત કરતાં સ્ટાફનું પ્રમાણ વધારે હોવાથી ખર્ચ ઉપર અંકુશ રાખવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૨. | -- " -- | ૧૦૦ | નર્મદા યોજનાના કામના કોન્ટ્રાકટ આપવામાં ચાલતી ગેરરીતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા |
| *૨૩. | ૪૮૦૧–વિજળી....જોગવાઈ<br>૧૯૦–જાહેર....રોકાણ<br>રૂા.૨,૦૯,૫૬,૫૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ | ૧૦૦ | નર્મદા જળવિદ્યુત યોજનાની કામગીરી ઝડપી બનાવી વિદ્યુત ઉત્પાદન વધારવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | (ભાગ—૧) પા.નં.૪૪૦ – ૪૪૧ | | | |
| **૨૪. | —— " —— | ૧૦૦ | મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર સરકાર પાસેથી નર્મદા યોજનાના સહીયારા કામો માટેની રકમ મેળવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.
** આ કાપ દરખાસ્તો સભ્યશ્રીઓ સસ્પેન્ડ થયેલા હોવાથી સભાગૃહમાં રજૂ થઈ નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ માગણી ક્રમાંક-૨૧, ૨૨, ૨૩ અને ૬૫ની લઈને આવ્યા છે, એના પર મારા સૂચનો કરવા હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ખાસ કરીને નર્મદા વિકાસના માનનીય મંત્રીશ્રી જયારે માગણી લઈને આવ્યા છે ત્યારે એક વસ્તુ ચોક્કસ છે કે ગુજરાતની અંદર સમગ્ર ગુજરાતની પાંચ કરોડ જનતા હોય કે નાનામાં નાનો માણસ હોય, નર્મદાની વાત થતી હોય તો ચોક્કસ બધા એક થઈને હંમેશા કામ કરતા આવ્યા છે. ૧૯૪૬થી માંડીને આ ૨૦૦૬ સુધી હંમેશા વિધાનસભામાં પક્ષાપક્ષી સિવાય એક થઈને હંમેશાં કામ કર્યુ છે. માનનીય મંત્રીશ્રી જ્યારે માગણી લઈને આવ્યા છે ત્યારે અમે ચોક્કસ નક્કર સૂચનો કરીશું અને ઠપકો આપીશું તો પણ મીઠી ભાષાની અંદર. અમે આમાં ચોક્કસ ઠપકો આપવાના છીએ. નર્મદાની વાત, નર્મદાનું વહી જતું પાણી જ્યારે ૧૯૪૬ની આ યોજના વિચારવામાં આપણા સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબનું આ સૂચન હતું અને ૧૯૪૮માં સરકારે ડો.એન.ખોસલાના પ્રમુખ પદે એક એડ્હોક સમિતિની નિમણૂક કરવામાં આવી અને ૧૯૫૬માં નર્મદા યોજના તે ભરૂચ સિંચાઈ યોજના તરીકે ઓળખવામાં અને પ્રોજેક્ટ રિપોર્ટ બનાવવામાં આવ્યો અને ૧૯૫૯ની અંદર મુંબઈ સરકારને અહેવાલ અવલોકન માટે મોકલવામાં આવ્યો. ૫-૪-૧૯૬૧ના રોજ નર્મદા કામનું ઉદ્‌ઘાટન સ્વર્ગસ્થ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ જેને સમગ્ર ભારતની ક્રાંતિ લાવવા માટે અને આ દેશની દિન-પ્રતિદિન પ્રગતિ કરવા માટે જેનો ઉત્તમ પ્રકારનો ફાળો રહ્યો છે, તેઓશ્રીના હસ્તે આ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ૫૦૦ ફૂટ ડૅમની મંજૂરી અપાઈ હતી. (અંતરાય) ખાતમુહૂર્ત. ૧૯૬૪માં નર્મદા જળ સંપત્તિ વિવાદ ઉકેલવા ભારત સરકારે ખોસલા સમિતિની રચના કરવામાં આવી અને ૧૯૫૬માં સમગ્ર વિવાદ ઉકેલવા કૅબિનૅટની રચના કરી. ૪૬૦ ફૂટ ડેમની ઉંચાઈનો ચુકાદો આપવામાં આવ્યો. ૧૯૪૬થી આ યોજનાની શરૂઆત થઈ. આજે નર્મદાની શું સ્થિતિ છે તે આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. મારે એ વાત કરવી છે કે હમણાં આપણે ૧૧૦ મીટરની ઉંચાઈ તે ૧૬-૩-૨૦૦૪ના રોજ મળી હતી અને આપણને સૌને આનંદ છે કે, મને ખ્યાલ છે કે નર્મદાને આ માટે પણ આપણા એક જવાબદાર અધિકારીશ્રી જતા હતા ત્યારે પણ મારે ચર્ચા થઈ હતી કે ગુજરાતની અંદર અમારા વિપક્ષના નેતા હોય, કોંગ્રેસના પ્રમુખ હોય કે પછી માનનીય મુખ્યમંત્રીશ્રી હોય હંમેશા નર્મદાની વાત આવે ત્યારે કેન્દ્ર સરકારમાં કોઈ પણ જાતની રજૂઆત કરવાની હોય ત્યારે સંયુક્ત રીતે ગુજરાતના ફાયદામાં કામ કરતાં હોય છે અને આનંદ સાથે આપણે સૌએ વધાવી હતી કે ૧૨૧ મીટરની ઉંચાઈ આપણને મળી છે પણ જે ૧૨૧ મીટરની ઊંચાઈ આપણને મળી છે પણ વાસ્તવિકતા એ છે કે, યોજના જો જલદીમાં જલદી પૂરી થાય અને આ યોજના જો આ જ ગતિએ ચાલે તો મને લાગે છે ગુજરાતનો જે નાનામાં નાનો માણસ ખેતી કરવી હોય તે જે દ્રષ્ટિ રાખીને બેઠો છે તે પૂરી ના થાય. આજે ડિસૅમ્બર-૨૦૦૦ની સ્થિતિએ નર્મદા યોજના બજારમાં નાણાં ઊભા કરવા માટે ૨૦૦૩માં ૭૧૭ કરોડ રૂપિયા લાવ્યા. ૨૦૦૪માં ૯૪૪ કરોડ રૂપિયા લાવ્યા અને ૨૦૦૫માં ૭૬૬ કરોડ રૂપિયા એટલે કુલ ૨૪૨૮ કરોડ રૂપિયા આ નર્મદા યોજના ઊભી કરવા માટે આપણે લાવ્યા. પણ આપણે અહીંયા બેઠેલાં તમામ લોકોને જાણીને આશ્ચર્ય થશે કે રોજનું એક દિવસનું વ્યાજ ૨ કરોડ ૨૨ લાખ રૂપિયા આજની તારીખે આપણે ચૂકવી રહ્યાં છીએ. એક દિવસનું નર્મદાનું વ્યાજ ૨ કરોડ ૨૨ લાખ આપણે ચૂકવતાં હોઈએ ત્યારે આપણને ચોક્કસ થાય કે યોજનાની અગત્યતા કેટલી છે. દરરોજનો આટલો મોટો ખર્ચો પડતો હોય ત્યારે આ યોજના જલદીથી જલદી પૂરી થાય તે બહુ મહત્ત્વનું છે. ૧૯૯૩-૯૪માં ૧૩ હજાર કરોડ રૂપિયાનો જે અંદાજ હતો તે માર્ચ ૫ સુધીમાં ૧૮૮૩૧ કરોડ રૂપિયાનો અંદાજ થયો પણ દુ:ખ સાથે કહેવું પડે કે જો સરકાર નર્મદાની ચિંતા કરતી હોય અને વાસ્તવિક ચિંતા હોય તો બજેટમાં જે પૈસા ફાળવાય એ વાપરવાનું જરૂરી હોય છે. ૨૦૦૫-૦૬ માં ૪૫૦૦ કરોડ સામે ૧૪૬૦ કરોડ વપરાયા, એટલે ૩૨ ટકા ખર્ચ કરવામાં આવ્યો. ૨૦૦૧ માં ૧૪૩૦ કરોડ ફાળવ્યા અને ૪૮ ટકા કામ કરવામાં આવ્યું. ૨૦૦૨ માં ૭૫૮ કરોડ રૂપિયા ફાળવ્યા અને ૬૭ ટકા કામ કરવામાં આવ્યું. ૨૦૦૨-૦૩ માં ૯૯૩ કરોડ ફાળવ્યા અને ૩૦ થી ૩૧ ટકા કામ કરવામાં આવ્યું. ૨૦૦૩-૦૪માં ૨૦૫૩ કરોડ ફાળવ્યા અને માત્ર ૧૪ ટકા કામ

કરવામાં આવ્યું. એકબાજુ આપણે નર્મદાની ચિંતા કરીએ અને વધામણીઓ કરીએ, બજેટમાં પૈસા ફાળવાય એ ચોકકસપણે વપરાય તો આપણા સૌની જે નેમ છે કે જલદીમાં જલદી નર્મદા પૂરી થાય એ થઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનું બજેટ જો સરકાર વાપરે. હમણાં આ વખતે ૨૬૦૦ કરોડ ફાળવ્યા છે. મને ચિંતા છે. આમ તો અમારા માનનીય મંત્રીશ્રી બહુ હોંશિયાર અને આવડતવાળા છે. જો આ બજેટના પૈસા તમામ રીતે વપરાય તો ચોકકસપણે કામ પૂર્ણ થાય એવું લાગે છે. આપણે બધા પૈસા વાપરીએ, પણ આજે પણ સબ કેનાલના ૯૦ ટકાથી વધુ કામો બાકી છે. ૨૦૦૭ની સ્થિતિએ બીજા રાજયોમાંથી ૫૨૪૦ કરોડ લેવાના હતા, એમાંથી ૨૭૬૭ કરોડ રૂપિયા આજની તારીખમાં મળ્યા છે અને ૨૪૭૭ કરોડ બાકી છે. એમાં ખાસ કરીને મુખ્યમંત્રીશ્રી ગયેલા મધ્યપ્રદેશ, બેન સાથે ગયા હતા. બહુ સારા સંબંધો હોય. રાજસ્થાનમાં સારા સંબંધો હોય, મહારાષ્ટ્રમાં અમારાથી બનશે તો બધા સાથે જઈને વિવાદવાળા ૨૦૮૬ કરોડ બાકી છે, એનો જલદીમાં જલદી ઉકેલ લાવીને એ પૈસા નર્મદામાં વધુને વધુ વપરાય એ બહુ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વિશેષ એ વાત કરવી છે કે આપણે નર્મદાની ઉંચાઈ ચોકકસ વધારીશું, પણ નહેરો દ્વારા એ કામ લોકો સુધી નહીં પહોંચે તો ૫૦, ૫૦ કે ૬૦, ૬૦ વર્ષ સુધી તમામ લોકોએ પોતાનાથી જે થઈ શકે તે રીતે કામ કર્યુ છે, આ નર્મદા યોજના હેઠળ ૧૫ જિલ્લાની અંદર ૮૫૯૯૮ કિલોમીટરની કેનાલ બાંધવાનું આયોજન છે, એ પૈકી માત્ર ૧૪ જિલ્લામાં ૧૦૪૭૦ કિલોમીટરનું બાંધકામ પુર્ણ કરેલ છે. એટલે કેનાલનું કામ માત્ર ૧૨.૧૮ ટકા જ પુર્ણ કરેલ છે. ઘણીવાર બજેટમાં આપણે જાહેરાત કરતા હોઈએ છીએ કે ૧ લાખ હેકટર જમીનને પાણી આપવાના છીએ છતાં ૨૫ હજારને આપતા હોઈએ છીએ. ૩ લાખ આપીએ એવી જાહેરાત કરીએ. હું તો એમ કહું છું કે ૩ લાખ નહીં, ૬ લાખ આપીએ અને ગુજરાત સમૃદ્ધ થાય અને નંબર વન બને. એ કરવું હોય તો પણ નર્મદા યોજના ઝડપથી પૂરી થાય તે જરૂરી છે. છેલ્લા ૧ વર્ષમાં આપણે ૪૨૭૦ કિલોમીટરના કામ પુર્ણ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે ટકાવારી એટલા માટે કહેવી છે કે નર્મદાની મુખ્ય કેનાલનું કુલ કામ ૩૮૩ કિલોમીટરનું છે, તે પૈકી ડિસેમ્બર ૨૦૦૫ સુધીમાં આ તમામ પુર્ણ કરવાનું હતું, પરંતુ હજુ ૭૪.૮૩ કિલોમીટરનું કામ બાકી છે. એક કિલોમીટર માટે સરકારને ૭.૬૭ લાખ ખર્ચ થાય, તે પ્રમાણે ગણીએ તો આજની તારીખમાં ૫૭૫ કરોડ રૂપિયા આ કેનાલ માટે પણ ખર્ચવાના બાકી છે. જો આ કામને મહત્વનું નહીં બનાવીએ, કે જેમાં ૨૦ ટકાથી વધુ કામ બાકી છે, જેની સૌને ચિંતા છે કે નર્મદાની ઉંચાઈ વધે, તો એની સાથે આ કામ પણ સરળતાથી પુર્ણ ન થાય તો અર્થ સરે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે જિલ્લાવાઈઝ માહિતી છે. આજની તારીખમાં કેટલા ટકા કામ કયા કયા જિલ્લામાં બાકી છે તેની વિગતો હું આપવા માગું છું. નર્મદા જિલ્લામાં ૫૧ ટકા બાકી છે. વડોદરામાં ૫૩ ટકા કામ બાકી છે. ભરૂચમાં ૭૦ ટકા કામ બાકી છે, પંચમહાલમાં ૪૯ ટકા કામ બાકી છે, ખેડામાં ૪૮ ટકા કામ બાકી છે, ગાંધીનગરમાં ૪૮ ટકા કામ બાકી છે, અમદાવાદમાં ૯૩ ટકા કામ બાકી છે, પાટણ કે જે અમારો વિસ્તાર છે એમાં ૯૯ ટકા કામ બાકી છે ત્યારે અમને એમ થાય કે અમારો આ પછાત વિસ્તાર છે અને એમાં ૯૯ ટકા જેવું કામ બાકી હોય તો એને કયારે પાણી મળી શકશે? બનાસકાંઠામાં ૯૯.૫ ટકા કામ બાકી છે એટલે કે માત્ર અરધો ટકકો જ કામ થયું છે, ભાવનગરમાં પણ માત્ર ૯૯.૫ ટકા જ કામ થયું છે એટલે કે અરધો ટકો જ કામ થયું છે, રાજકોટમાં પણ ૯૯.૫ ટકા કામ થયું છે એટલે કે અરધો ટકો જ કામ થયું છે અને કચ્છ કે જેની આપણે સખત ચિંતા કરીએ છીએ તો એ કચ્છમાં તો સો એ સો ટકા કામ બાકી છે. ખાસ કરીને મારે એ વાત કરવી છે કે જે હમણાં હમણાં ચુકાદો આવ્યો એમાં શરતો છે એ ટર્મ અને કન્ડિશનના આધાર ઉપર નર્મદા કંટ્રોલ ઓથોરિટીએ મંજૂર કરેલ છે એમાં પુનઃવસવાટ માટેની પણ એક શરત મૂકી છે અને એમાં આજની તારીખમાં ૨૨૫ ગામોમાં ૮૨૦૦ થી ૮૩૦૦ લોકોનાં પુનઃવસવાટનાં કામ બાકી છે. આપણને ચોકકસ ચિંતા થાય કે આ કામ પૂરું ના થાય તો (અંતરાય) નરોત્તમકાકા, તમે તમારી ચિંતા કરો તો પણ ઘણું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, કામ તો બાકી હોય, એની ચિંતા ના કરો. માનનીય બલવંતસિંહ, આપ પ્રવચન ચાલુ રાખો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અમે તમારી સાથે જ છીએ. તો મારે એ વાત કરવી છે કે જેની ચિંતા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે, આપણે સૌ કરીએ છીએ કે આ પુનઃવસવાટનું કામ ના થાય તો વચ્ચે જેમ આ કામ અટકેલું હતું એ રીતે આજે પણ અટકશે. આપણે ૮૦૦ કરોડ રૂપિયા હમણાં આપ્યા છે. આપણે તેમની પાસેથી પૈસા લેવાના હતા છતાં પણ મધ્યપ્રદેશને આપણે આ પૈસા આપ્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને લાગ્યું હશે કે આ કામ આપણે જલદીથી કરવું છે માટે આ કર્યુ છે. તો રવિવારે અમારા પક્ષના તમામ આગેવાનોની ગુજરાતના કોંગ્રેસના પ્રમુખશ્રી સાથે બેઠક છે. અમારા વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ અને બીજા કોંગ્રેસી આગેવાનો આ માટે મધ્યપ્રદેશ અને કેન્દ્રમાં પણ જયાં કહેવાનું છે એના માટેનો ત્યાંનો એક પ્રોગ્રામ બનાવ્યો છે અને નર્મદા યોજના માટે પુનઃવસવાટનું કામ જલદીમાં જલદી થાય એ માટેના અમારા પ્રયત્નો છે અને આ બહુ જરૂરી પણ છે. તો આ જે રીતે માનનીય મુખ્યમંત્રીશ્રી અને સરકાર પ્રયતનો કરે છે એ રીતે અમારા વિરોધપક્ષ તરફથી પણ આ કામ કેવી રીતે ઝડપથી પૂર્ણ થાય અને જે પૂર્ણ થાય તો બીજાં કામ પણ થઈ શકે એના માટેના

પ્રયત્નો રહયા છે અને એટલે આ રવિવારે અમારી ટીમ પણ આ બાબતે વિચારણા કરવા માટે મળવાની છે અને જલદીમાં જલદી આ કામ પૂરું થાય એવી મારી મંત્રીશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મારે એ વાત કરવી છે કે મહારાષ્ટ્રના પૈસા બાકી છે તો એમાં ચોકકસપણે અમે માનનીય એહમદભાઈ મારફતે કહેવડાવીશું અને અમારા બીજા એમ.પી.ઓ મારફતે પ્રયત્નો કરીશું અને અમારા વિરોધપક્ષના નેતાશ્રીએ પણ અમારા પ્રમુખશ્રીને કહયું છે કે આપણે પણ આ મહારાષ્ટ્રના પૈસા જલદીથી જલદી આવે એના માટેના ચોકકસપણે પ્રયત્નો કરવાના છે.

મારે એવાત પણ કરવી છે કે આમાં જે વીજળી ઉત્પન્ન થવાની છે એમાંથી ૫૭ ટકા મધ્યપ્રદેશને મળવાની છે, ૨૭ ટકા મહારાષ્ટ્રને મળવાની છે અને ગુજરાતને ૧૬ ટકા જ વીજળી મળવાની છે. એટલે આપણને આ જે વીજળી મળવાની છે તો મારી માનનીય ઉર્જામંત્રીશ્રીને પણ વિનંતી છે કે જો આ કામ વહેલામાં વહેલી તકે થાય તો આપણે જે ઉંચા ભાવથી બહારથી વીજળી ખરીદવી પડે છે એ ના ખરીદવી પડે. એટલે બીજાં જે કાંઈ નાનાં નાનાં કામ હોય એ પણ સમયસર થઈ જાય એ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે અમે કોઈ કામ એવું નથી કરવાના કે જેના કારણે આ નર્મદા યોજના વિશેનો મેસેજ આ ગુજરાત વિધાનસભામાં અને આમજનતામાં પણ ખરાબ જાય. નર્મદા યોજના માટે કચ્છ જિલ્લાને પાણી આપવામાં વધારો કરવામાં જયારે ૨૦૦૦ ની સ્થિતિએ ત્રણ માગણી રાજય સરકારને મળી છે એનું પણ કામ હાથ ધરવામાં આવે. કચ્છ જિલ્લામાં ૨૦.૭૭ કિલોમિટર એટલે કે એની લંબાઈ શાખા નહેરનું કામ ૨૦૦૬-૦૭ સુધીમાં રાપર તાલુકા સુધી પૂર્ણ કરવાનું આયોજન હતું, બીજા ૧૫૦ કિલોમિટરની લાઈનનાં ટેન્ડર મંગાવ્યાં છે. તો આ કામ ૨૦૦૬-૦૭ સુધીમાં પૂરું થાય એ પણ જરૂરી છે.

માળિયા શાખા વિતરણ નહેર માટેનું કામ ૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે એ પણ ઝડપીથી થાય એ પણ જરૂરી છે. નર્મદા કેનાલમાં કડી પાસે જે ભાગમાં પાળામાં પાણી ભરાવાને કારણે ભંગાણ પડેલ અને એ તૂટી ગયેલ હતો તો એના કોન્ટ્રાકટર સામે માત્ર એને ફરીથી આ કામ કરવાની ફરજ પાડીને બીજાં કોઈ પગલાં લીધાં નથી. તો એની સામે એ રીતે પગલાં લેવાં જોઈએ કે જેથી એક ઉદાહરણ ઉભું થાય અને આનાથી ખેડૂતોને જે નુકસાન થયું હતું એમને પણ આનું વળતર મળે એ પણ જરૂરી છે. સરદાર સરોવર યોજના હેઠળની નર્મદા માટેની મારી જે વાત હતી તે એ છે કે આ સરકારને વિનંતી છે કે સૌ સાથે મળીને ખેડૂતો માટેની ચિંતા છે તે વહેલામાં વહેલી તકે આપણે પૂર્ણ કરીએ. ૩ લાખ હેકટરના અંદાજો છે તેને વાસ્તવિક રીતે પહોંચીએ તો સાચી નર્મદાની ચિંતા કરી હોય તેવું લાગશે. આ પ્રસંગે અમારા સૌ સભ્યો, અમારા વિપક્ષના નેતાશ્રીએ મને બોલાવીને ખાસ કહ્યું છે, રાત્રે પણ કહ્યું છે અને અત્યારે પણ કહ્યું છે કે નર્મદા માટે સાથે મળીને કામ કરીએ. આવી ઉદાર નીતિથી સરકાર અને આપણે બધા સાથે મળીને આયોજન કરીએ તે જરૂરી છે. મને ચોક્કસ ખ્યાલ છે કે મુખ્ય મંત્રીશ્રી કેન્દ્ર સાથે પણ વાત કરતા હોય છે. પણ સમગ્ર રીતે આયોજન થાય અને જે જે રાજયોમાં અને જયાં જયાં તકલીફ છે તે આપણે દૂર કરી શકીએ તેટલી વાત સાથે હું મારું પ્રવચન પૂરું કરું છું.

**શ્રી ભરતભાઈ પંડ્યા (ધંધૂકા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, ૨૧, ૨૨, ૨૩ અને ૬૫ નંબરની માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરું છું. માનનીય બળવંતસિંહભાઈને હું સાંભળતો હતો, એમણે મીઠું મીઠું ઘણું કહ્યું, હું પણ થોડું મીઠું મીઠું એમને કહેવા માગું છું. મને એવું હતું કે આ નર્મદા બંધ માટે ૧૨૧ મીટર ઉંચાઈ વધારવાનો નિર્ણય થયો છે તેને આવકારીને અભિનંદન આપશે. પરંતુ ગુજરાત માટેના આવડા મોટા નિર્ણયને અભિનંદન આપીને એમણે શરૂઆત ન કરી. માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને એટલા માટે અભિનંદન આપું છું કે તેઓ પ્રથમ એવા મુખ્ય મંત્રી હશે કે જેમના સમયગાળા દરમિયાન ૨૧ મીટર જેટલી વિક્રમજનક, નિર્ણયાત્મક રીતે સરદાર સરોવર બંધની ઉંચાઈ વધી છે. ૨૨મી માર્ચનો દિવસ વિશ્વ જળ દિન તરીકે યુનો, રાષ્ટ્ર સંઘ ઉજવે છે. છેલ્લા દસ વર્ષથી એ ઉજવે છે. ચાર દિવસ પછી ૨૨મી માર્ચ આવનારી છે. યોગાનુયોગ આ નિર્ણય પણ ૮મી માર્ચ, એટલે કે આ જ મહિનામાં આ નિર્ણય આવ્યો છે. ત્યારે યુનો આ દસ વર્ષથી પાણીની તંગી અંગે વિચારણા કરે છે. હમણાં છેલ્લે તાજેતરમાં થોડાક મહિના પહેલા રાષ્ટ્ર સંઘમાં એવો નિર્ણય લેવાયો છે કે દુનિયાભરમાં જેટલી જગ્યાએ પણ પાણીની તંગીની પરિસ્થિતિ છે તે ૨૨મી માર્ચ ૨૦૦૫ થી ૨૨મી માર્ચ ૨૦૧૫ સુધીમાં તેનો ઉકેલ લાવવો. થોડાક મહિના પહેલાં આ સંદર્ભમાં નિર્ણય લેવાયો છે. આપણે સાંભળીએ છીએ કે વિશ્વ યુદ્ધ પાણી માટે થશે. પાણીની તંગી માટે યુનો પણ ચિંતા કરી કહ્યું છે તેવા સમયે ગુજરાતે અનેકવિધ યોજનાઓ પાણીના સંદર્ભમાં કરી છે અને નર્મદા યોજનાના સંદર્ભમાં ગામડાં સુધી પાણી પહોંચાડયું છે. જયારે વિશ્વ આખું પાણીની ચિંતા કરતું હશે ત્યારે ગુજરાતમાં પાણીની શાંતિ હશે. કારણ કે ભારતીય જનતા પાર્ટીની સરકારનું આયોજન એવી રીતનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૮-૧૦-૨૦૦૦ના રોજ કેશુભાઈના વખતમાં પાંચ મીટર, મેં ૨૦૦૦ માં ૯૦ થી ૯૫ મીટર, એટલે પાંચ મીટર વધી, અને માનનીય નરેન્દ્રભાઈ મોદીના સમયમાં, મે-૨૦૦૩ થી ૮મી માર્ચ ૨૦૦૬ સુધીમાં કુલ ૨૫ મીટર આ નર્મદા બંધની ઉંચાઈ વધી છે. આ ઉત્સાહ અને આનંદનો વિષય છે. દર વખતે વિપક્ષના મિત્રો કહે છે અને પરમ દિવસે વિપક્ષના નેતા અર્જુનભાઈ પણ એવું બોલ્યા હતા કે નર્મદામાં

અમે સાથે છીએ, અમારો હંમેશા સહકાર છે, પણ જો તમે અભિનંદનની એકબાજુ વર્ષા કરશો તો પછી અમારે પણ આ બાજુથી બોલવું પડશે. માનનીય અધ્યક્ષશ્રી, અભિનંદન ન આપીએ તો શું કરીએ? ખુશી તો વ્યકત કરવી જ જોઈએ, આનંદનો વિષય છે, પાંચ કરોડની જનતાના પ્રશ્નનો ઉકેલ ધીરે ધીરે થતો હોય ત્યારે ખુશી ન વ્યકત કરીએ તો શું કરીએ? ભારતીય જનતા પાર્ટીએ તાલુકા એકમ સુધી ફટાકડા ફોડવાનો કાર્યક્રમ આપ્યો, મીઠાઈઓ વહેંચી, હું કોંગ્રેસના મિત્રો ને પૂછવા માગું છું કે તમે ખુશી કેવી રીતે વ્યકત કરી? ફટાકડા ફોડયા? મીઠાઈ વહેંચી? તમે આ ખુશી કેવી રીતે ઉજવી? માનનીય અધ્યક્ષશ્રી, એક નાનકડી વાત છે, એક પતિ-પત્નિના લગ્નને ૨૫ વર્ષ થઈ ગયા, રજત જયંતિ ઉજવવાનું એમણે નકકી કર્યુ.

**અધ્યક્ષશ્રી** : નો, નો, નો. આગળ પ્રવચન ચાલુ રાખો.

**શ્રી ભરતભાઈ પંડ્યા** : માનનીય અધ્યક્ષશ્રી, હંમેશાં કોંગ્રેસને અમે જશના ભાગીદાર બનવા માટે આમંત્રણ આપ્યું છે. સાબરમતીમાં પાણી નાખ્યું એ વખતે અમદાવાદના મેયરશ્રીથી માંડીને બધાને બોલાવ્યા હતા, પરંતુ જશના ભાગીદાર બનવા માટે નહોતા આવ્યા. એ જ રીતે સરસ્વતી નદીમાં પાણી નાખ્યું તે વખતે ચાર-પાંચ મિત્રો છાનામાંના આવેલા. માનનીય સભ્યશ્રી બળવંતસિંહભાઈ આવેલા અને એ મને મળેલા પણ ખરા. અમે જશના ભાગીદાર બનવા માટે આમંત્રણ આપેલા છે. અમુકવાર એ લોકો નથી આવ્યા. આ ઉત્સાહ તરીકે આનંદ તરીકે સ્વીકાર્યુ હોત તો હું ચોક્કસ એમને અભિનંદન આપત. જો એ ત્યાં આવ્યા હોત તો અત્યારે અહીંયા મીઠી મીઠી વાતો ન કરવી પડત. એમણે કહ્યું કે રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ પાસેથી બાકી નીકળતા પૈસા ઝડપથી આવે એના માટે કાર્યવાહી કરવી જોઈએ. આ જ હાઉસમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે કહેલ કે જવાહરલાલ નહેરુની પ્રતિમા મૂકવા તમે પૈસા લઈને આવો. ડેલીગેશન મોકલવા માટે આમંત્રણ આપેલ હતું એ ન થયું પરંતુ છેલ્લા ત્રણ વર્ષમાં ૮૮૩ કરોડ મધ્યપ્રદેશ પાસેથી, ૪૬૪ કરોડ રૂપિયા રાજસ્થાન પાસેથી અને ૧૦૫ કરોડ રૂપિયા મહારાષ્ટ્ર પાસેથી મળ્યા છે. નર્મદાના સંદર્ભમાં આપણી સમક્ષ અનેક પડકારો આવ્યા પરંતુ ભારતીય જનતા પાર્ટી સરકારમાં હોય કે ન હોય હંમેશાં સાતત્ય બતાવ્યું છે. અમારા પરસોત્તમભાઈ રૂપાલા હતા વરસો પહેલા નર્મદાના સંદર્ભમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં કંઈકને કંઈક અડચણો ઊભી થઈ હોય ત્યારે અમે ઠરાવો કરેલા. ભારતીય જનતા પક્ષની પ્રદેશ કારોબારીમાં દર ત્રણ-ચાર મહિને નર્મદાના સંદર્ભમાં ઠરાવો કરેલા છે. અમે એ કહેલ કે નર્મદા એ કોઈ રાજકીય એજન્ડા નથી પરંતુ આ તો પ્રજાકીય એજન્ડા છે. આજે પણ પ્રજાકીય એજન્ડા છે એવું બધા ઇચ્છે છે. કોંગ્રેસના મિત્રો કહી શકે કે અમે પણ નર્મદા યોજના લાવ્યા છીએ એની ના નથી, પરંતુ અભિનંદન ન આપે અને એ પ્રકારની વાત કરે એ વાજબી નથી. ઘણીવાર નર્મદા આવશે પછી શું શું થશે એના ભયથી ઘણા ચિંતિત હોય છે. સમગ્ર યોજના દરમિયાન મધ્યપ્રદેશના ૧૯૨ ગામો ડૂબમાં જાય તેવું કહે છે, મહારાષ્ટ્રના ૩૩ ગામો ડૂબમાં જાય છે, ગુજરાતના ત્રણ ગામો અને નાના મોટા ૧૬ એમ કરીને ૧૯ ગામો ડૂબમાં જાય છે. એમા કહે છે કે કોંગ્રેસના મિત્રોએ એક સિનિયર નેતાને પૂછેલ કે નર્મદા યોજના આવવાની હોય ત્યારે આટલા ચિંતિત થવાની જરૂર નથી. તમે જશના ભાગીદાર બનો, વિકાસના ભાગીદાર બનો પરંતુ આ ૧૨૨ મીટર ઊંચાઈની મંજૂરી મળી એના અભિનંદન આપ્યા, કોને આપ્યા, કેવી રીતે આપ્યા એ વાત બરાબર. કેટલાક લોકોએ ચિંતા વ્યક્ત કરી કે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર કે ગુજરાતના ગામો ભલે ડૂબમાં જતાં હોય, પરંતુ જ્યારે નર્મદા યોજના સંપૂર્ણ પરિપૂર્ણ થશે ત્યારે ગુજરાત કોંગ્રેસ પાર્ટી આખી ડૂબમાં જશે એટલા માટે ચિંતિત છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એવું માનું છું કે નર્મદા યોજના અંગેની વાત કરવા ઉપર બધા સભ્યશ્રીઓ સંયમ કે મર્યાદા રાખે તો વધારે સારું રહેશે.

**અધ્યક્ષશ્રી**: માનનીય ભરતભાઈ, આપ બોલવા ઉપર સંયમ રાખો, નહીં તો પછી હું આપને અટકાવી દઈશ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાના વિરોધીઓ ગુજરાતથી શરૂ કરીને બધે જ છે. બ્યુરોક્રેશી અને જયુડિશરીમાં પણ પડેલા છે. એ વિજય ન થાય એ માટે બધાએ નિયંત્રણ રાખવું જોઈએ. એક વખત બોલવાનું શરૂ કરશો, અભિનંદન આપવાનું અહીંયા શરૂ કરશો તો એની મર્યાદા નહિ રહે એટલા માટે હું હ્દયપૂર્વક વિનંતી કરુ છું કે રાજકીય અવલોકન ન કરે. વિરોધ પક્ષમાં બેઠા છીએ ત્યારે ક્યાંક યોજનામાં કે બીજી કોઈ ખામી રહી ગઈ હોય તો એનો ઉલ્લેખ કરે એની ના નથી. પરંતુ મહેરબાની કરીને રાજકીય વાત ન કરે. નર્મદા એ અમારી પણ મા છે અને અહીંયાં અવતરણ કરવાની જ છે. તમારી પણ એ મા છે. આ બાબતમાં બધા મિત્રો મર્યાદા રાખે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બહુ હરખપદુડા નહીં થવું, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : તેમાં બધા જ મર્યાદા રાખે. બધા જ તેની સાથે છીએ. મેં ગયા વખતે કહ્યું હતું, મધ્યપ્રદેશમાં આપણી સરકાર છે, રાજસ્થાનમાં આપણી સરકાર છે. ગુજરાતમાં આપણી સરકાર છે. કેન્દ્રમાં આપણી સરકાર છે. બધાએ સાથે મળીને કામ કરવાનું છે. એટલે બધા મર્યાદા રાખે એટલી મારી હાથ જોડીને વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : બેસો, (અંતરાય) ભરતભાઈ, આ ભાષાશૈલી, વાક્પટુતા કરવાની નથી પ્લીઝ.

**શ્રી ભરતભાઈ પંડ્યા** : મેં એક જ વાક્ય કહ્યું. એમણે ઘણું કહ્યું.

**અધ્યક્ષશ્રી** : નો, નો, તમે એક-બે વાર કહ્યું. આપ મર્યાદા રાખો પ્લીઝ. (અંતરાય) પ્લીઝ બેસો.

**શ્રી ભરતભાઈ પંડ્યા** : હું સ્વીકાર કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે વાત કરી કે નર્મદાના સંદર્ભમાં કેનાલનું કામ ઝડપથી પૂરું થાય તેના માટેની ચિંતા વ્યક્ત કરી. ૩૮ શાખા નહેરોની કુલ લંબાઈ ૨,૪૬૦ કિલોમીટર. તેમાંથી ૧,૪૮૯ કિલોમીટરના કામો પરિપૂર્ણ થયા છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૫૭૬ કિલોમીટરની લંબાઈનું કામકાજ પૂર્ણ થયું છે. કુલ ૩૮માંથી આ ૨૨ શાખા નહેરોમાં કામો પૂર્ણ થયાં કહેવાય. ૯ શાખા નહેરોમાં આ વર્ષે નાણાકીય આયોજન કરેલું છે અને ૨૦૦૭-૦૮માં બાકીની ૭ શાખા નહેરોનું આયોજન કરવામાં આવેલું છે. જેવો નિર્ણય આવે છે એ જ દિવસે, એ જ મિનિટથી બાંધકામ શરૂ થાય છે. ગુજરાતની જનતા જાણે છે. આજે ૧૨૨ મીટર સુધી ઉંચાઈ લઈ જવાની છે. માત્ર ૧૦૦ દિવસમાં આ કામ પરિપૂર્ણ કરવાનું છે. લક્ષ્યાંક સાથે દિવસ નક્કી કરશે. રાત-દિવસ કામ ચાલતું હોય ત્યારે યોજના પરિપૂર્ણ થશે કે કેમ, નાણાં ખર્ચાશે કે કેમ? આવી શંકા વ્યક્ત નહીં કરવી જોઈએ. કડીથી કેવડિયા સુધીનો વધારાનો ૪૯,૨૧૯ હેકટર વિસ્તાર સિંચાઇ તળે આવરી લેવાયો છે. વધારાનો આવરી લેવાયો છે. જેનો લાભ ૮ જિલ્લા, ૨૮ તાલુકા અને ૮૨૬ ગામોને મળનાર છે. ૫૪,૬૯૦ હેકટરમાં નર્મદાના પાણીની સિંચાઈ મળીને ખારીકટના ફત્તેવાડીમાં થયેલ છે. કૃષિ ઉત્પાદનમાં વધારો આપણે સૌ ધીરે ધીરે જોઈ શકીએ છીએ. મારા સમગ્ર વિસ્તારમાં જે વલ્લભીપુર કેનાલ આવે છે અને તેમાં ૧૪૦ ગામોને સિંચાઈનો લાભ મળવાનો છે. વલ્લભીપુર શાખામાંથી સુરેન્દ્રનગર, ભાવનગર, અમદાવાદ જિલ્લાના ૧૪૦ ગામ અને ૧,૩૭,૫૨૯ હેકટર વિસ્તારને સિંચાઈનું પાણી આપી શકાશે. તેમાં લીમડી, ચુડા, લખતર અને મારા વિસ્તારમાં અમદાવાદ જિલ્લાના ધોળકા, ધંધુકા, બરવાળા તાલુકાના ૬૫ ગામોને ૭૪,૭૬૨ હેકટર જમીનને સિંચાઈનો લાભ મળવાનો છે. આ ચાર જિલ્લામાંથી પાંચ લાખ હેકટર જમીનને નર્મદાના પાણીનો પિયતનો લાભ મળવાનો હોય, અત્યાર સુધીમાં ૫,૦૦૦ ગામોને પીવાનું પાણી મળી ચૂક્યું હોય, સમગ્ર યોજનામાંથી ૫,૨૧૫ ગામો અને ૧૩૫ શહેરોને પાણી મળવાનું આયોજન હોય અને ૧૮ લાખ હેકટરને સિંચાઈનો લાભ આપવાની વાત હોય એ વખતે નર્મદા યોજના ૨૦૦૯-૨૦૧૦માં પૂરી કરવાનું સમયપત્રક મુજબ આયોજન હતું. પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેમાં કહ્યું કે ૨૦૦૭-૨૦૦૮ સુધીમાં અમે પરિપૂર્ણ કરીશું. ટાઇમટેબલ અમે આગળ લાવ્યા. તેમનું કહેવું છે કે સમય પ્રમાણે કામ નહીં થાય, અમે તો ટાઇમટેબલ આગળ લાવ્યા છીએ. મારે એટલું જ કહેવું છે કે સિંચાઈની વ્યવસ્થા છે તે ખેડૂત મંડળીઓને અમે આપવાના છીએ. સરકારે અનેકવાર જાહેરાત પણ કરી છે. સરકારનો અભિગમ છે કે લાભાર્થી યોજના દ્વારા સિંચાઈના પાણીની વ્યવસ્થાનું કેન્દ્ર બને. એ પોતે જ પિયત મંડળી બનાવીને આ અભિગમમાં રાજયના ૯ જિલ્લામાં ૩૩ તાલુકામાં ૧,૫૨૯ લાભાર્થી મંડળીઓ બની છે. કુલ ૫,૦૧૭ મંડળીઓ બનાવવાની છે. અઘરું કામ છે. પરંતુ એ દિશામાં સરકાર આગળ વધતી જાય છે. આ યોજના પૂર્ણ થાય, ૧૫ જિલ્લામાં ૭૩ તાલુકામાં ૩,૧૧૨ ગામોને લગભગ ૧૮ લાખ હેકટરને સિંચાઈનો લાભ મળવાનો હોય એ વખતે નર્મદાના સંદર્ભમાં આપણે એટલું જ કહીએ કે પક્ષાપક્ષીથી પર રહીને આપણે એવી વાતો કરીએ છીએ, પરંતુ વ્યવહારમાં અને ક્યાંક સળી કરવામાં આવે તો અમારો ઉત્સાહ આવી રીતે થતો હોય છે.

નર્મદા માટે અનેક આંકડાઓ મંત્રીશ્રી કહેશે અને અમે ધારાસભ્યશ્રીઓ પણ કહીશું. નર્મદાના સંદર્ભમાં ક્યાંક ખામી હોય તો એના માટે એક સેલ બનાવવામાં આવે અને એમની ફરિયાદ લેવામાં આવે. પોતે પોતાના સંબંધોનો ઉપયોગ કરવો જોઈએ. માનનીય અટલજી હતા, અડવાણીજી હતા એ વખતે ઉપયોગ કરેલો જ છે. આજે મહારાષ્ટ્રમાં એમની સરકાર છે તો એમણે ઉપયોગ કરવો જ જોઈએ. રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં અમે ઉપયોગ કરેલો જ છે. અમે ટુરીઝમ નીતિ હેઠળ આનંદીબેનના અધ્યક્ષપદે બધા ધારાસભ્યો મધ્યપ્રદેશ ગયા હતા, ઓમકારેશ્વરમાં પણ ગયા હતા. અમારી સાથે બળવંતસિંહ પણ હતા. ત્યાં નર્મદા સાગરનું કામકાજ જોરદાર ચાલી રહ્યું છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓને અમે મળ્યા હતા અને અમે નર્મદાના પ્રશ્નની રજૂઆત કરી હતી અને એમણે એમ કહ્યું હતું અને સંપૂર્ણ ખાતરી આપી છે કે, તમારું કામ તબક્કાવાર આગળ વધે એમાં અમારો સંપૂર્ણ આર્થિક સહયોગ હશે એવી એમની હાજરીમાં ખાતરી આપી હતી. હું વિશેષ નથી કહેવા માગતો. પરંતુ જ્યારે નર્મદા યોજના સંપૂર્ણ આપણી હોય, પ્રજાકીય એજન્ડા આપણો હોય. એ વખતે ઉત્સાહનું પ્રગટીકરણ અમારા કાર્યકરો જે કરે છે એવી જ રીતે કોંગ્રેસના કાર્યકરોએ કરવું જોઈએ. એ જ અભ્યર્થના સાથે ફરીથી માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ ઉપરાંત નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ જેમાં મૂડી ૨૩૫૩ કરોડ રૂપિયાની માગણીઓ લઈને મંત્રીશ્રીઓ આ ગૃહ સમક્ષ આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની ગુજરાતના છેવાડાના ગામડાઓ સુધી વાજબી ભાવની દુકાનો હોય, એની વ્યવસ્થા એના મારફતે થતી હોય, વ્યવસ્થિત વેચાણ થાય, એની તકેદારી રાખે, કાળજી રાખે. ૧૯૮૦માં જે આપણે નિગમની રચના કરેલી ત્યારે આ ગૃહની અંદર બધાએ એકી અવાજે એને આવકારેલ અને આ નિગમ સ્ટેટ ટ્રેડીંગ કોર્પોરેશનની નાની આવૃત્તિ બની રહે એવી ઇચ્છા પણ વ્યક્ત કરેલ. એ

નિગમનો કદાચ વ્યાપ વધ્યો હશે પણ સેવાઓ ઘટતી જાય છે. ૧૯૮૦ના દાયકામાં એ ગરીબ બી.પી.એલ.ના પરિવારોને કાપડ હોય કે, વિદ્યાર્થીઓની નોટબૂક હોય, અન્ય જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓનું વિતરણ કરાતું. આજે એ માત્ર અનાજ પ્રાપ્ત કરી, કેન્દ્રમાંથી જથ્થો મેળવી કે માર્કેટમાંથી મેળવી એનું વિતરણ કરતું આ કૉર્પોરેશન બની ગયું છે. આ નિગમના મારફતે જે અનાજ પહોંચે અને જેને મળવું જોઈએ એને ન મળવાના કેટલાક મુદ્દાઓ આ ગૃહ સમક્ષ મૂકું છું. મારે આ ખાતાના અધિકારીઓને આ અનાજ પહોંચાડવા માટે થઈને ધન્યવાદ આપું છું. પરંતુ અછતમાં ૨ રૂપિયાના દરે રોજના ૫ કિલો ઘઉં આપવાના હતા એ નહોતા અપાયા એની જ્યારે એમને જાણ કરવામાં આવી ત્યારે એ અનાજ હજુ સુધી પહોંચ્યું નથી એટલું આપના મારફતે નાગરિક પુરવઠાના મંત્રીશ્રીને કહીશ. મારા વિસ્તારની અંદર હું ધારાસભ્ય બન્યો એ પહેલાં અછત હતી. અછત મારે ભાગે તો નથી આવતી. પરંતુ ૨૦૦૩ના જૂન મહિનામાં વરસાદ આવ્યો એ પહેલાંના એ શ્રમજીવીઓને આપવાના ઘઉંની, રેવન્યૂ ડિપાર્ટમૅન્ટ પાસેથી માહિતી તો મળી ગઈ, એમણે નિગમને ફાળવી દેવા સૂચના આપી. પણ અહીંથી નિગમના ગોડાઉનમાંથી બારોબાર ઘઉં, શ્રમજીવીઓને બદલે કોઈકને પગ કરી ગયા હતા. આપણું તંત્ર કેટલું સજાગ હોય છે એનું ધ્યાન દોર્યું તો તંત્રે મહેનત કરીને ઘઉંનું પગેરું તો કાઢ્યું, પરંતુ વગના જોરે એ ઘઉં લઈ જનારાઓ જામીન ઉપર છૂટી ગયા પણ નાગરિક પુરવઠા નિગમે એ શ્રમજીવીઓને ઘઉં નૈતિકતાની દૃષ્ટિએ આપવાનું જે સ્તુત્ય પગલું લીધું છે એ પૂરેપૂરા ઘઉં હજી અપાય એ જરૂરી છે. હજી પણ ૫૦૦૦ ગુણી ઘઉં મારા વિસ્તારમાં શ્રમજીવીઓને મળ્યા નથી એ પગેરું લેતા લેતાં વળી પાછું સંપૂર્ણ રોજગાર યોજનાના ઘઉંનું આવ્યું ત્યારે એમાં સજાગતા રાખી તંત્રે અને એ જ ટોળી જે હતી એજ એના માટે જવાબદાર હતી એમને પકડી અને એમની પાસેથી પૈસા જે વસુલ થયા એ પૈસાના જેટલા ઘઉં તો આપે, હજી એનું પગેરું લાંબુ નીકળે એમ છે પરંતુ કોઈ રાજકીય કારણસર કે બીજા કોઈ કારણસર એ તપાસ સ્થગિત થઈ ગઈ છે. એક જો રાપરના અછતના ઘઉં ખાઈ જનારાની તપાસ જો થાય તો એમાંથી રાજય વ્યાપી આખું આવું ષડયંત્ર કહેવાય કે જે કહેવાય, કારણ કે આ ઘઉં કેન્દ્ર સરકાર તરફથી મળેલા છે આપણને, એન.ડી.એ. સરકાર વખતે અને યુ.પી.એ. સરકાર વખતે જે શ્રમના માટે ઘઉં અને ચોખા આપવામાં આવેલ એ યુ.પી.એ. સરકારે આવીને એ તમામ જથ્થાના પૈસા હતા એ માફ કર્યા છે એટલે કેન્દ્ર સરકારની યુ.પી.એ.ની સરકારે અત્યાર સુધીના જે છેલ્લા કેટલા વર્ષોનો બેકલોગ હતો એ તમામ અનાજ આપણને આપ્યું અને એના પૈસા પણ જતા કર્યા છે એની પણ નોંધ કયાંક લેવાવી જોઈએ અને એટલા માટે મારે કહેવાનું છે કે જે તંત્રની ગતિશીલતા છે એ બરાબર છે પણ એમાં વધુ ગતિશીલતા લાવી અને આવા છિદ્રો જે છે એ છિદ્રો રોકવાનો પ્રયત્ન કરે અને એ પ્રકારની જે ગેરરીતિઓ છે એ ગેરરીતિઓમાં ગમે તેવો મોટો માણસ હોય તો એને પકડી અને જાહેર હિતમાં બહાર લાવવાની જરૂર છે.

નર્મદા યોજના માટે વારંવાર બોલાયું છે આ ગૃહની અંદર હું પણ ૧૯૮૦ના વર્ષથી જયારે જયારે આવ્યો ત્યારે બોલ્યો છું, અમારી કચ્છની વિટંબણા કહેવાની છે. નર્મદા યોજનાના પાયાના પથ્થરમાં કચ્છ છે. નર્મદા યોજનાના નારાયણ સરોવર સુધી પાણી જો લઈ જવું હોય તો ૬૦૦ કિલોમીટરની નહેર જે છે એને જો ફોલ આપીએ એ પ્રમાણે ૩૫૦ ફૂટની હાઈટની નહેર જે મળી છે એના કારણે ૪૩૭ ફૂટના બંધની હાઈટ મળી છે. આ ૩૫૦ ફૂટની નહેર જે છે એ કચ્છમાં પાણી લઈ જવા માટેની હાઈટ મળેલી છે કારણ કે એક માઈલે કંઈક અડધા કિલોમિટરનો એનો ફોલ હોય, માનનીય નરોત્તમભાઈ ઈજનેર છે એટલે એમને ખબર હશે, અહીં અમારા નેતા પણ ઈજનેર છે એટલે એમને પણ ટૅક્નીકલ ખબર પડશે કે વિશાળ કચ્છની ધરતી આજે પણ જે રાજયની અંદર પાણી વીના પડતર રહેલ જમીન છે એનો જયારે સરવે ગુજરાત સરકારે કર્યો ત્યારે લગભગ ૮૦ ટકા જમીન કચ્છમાં ઉપલબ્ધ છે અને ૮૦ ટકા જમીન એટલે લગભગ ૨૦ લાખ એકર કરતા વધુ જમીન આજે પણ ઉપલબ્ધ છે. બાકી ખરાબાની જમીન ગણીએ તો કેટલીએ થાય અને ખરાબાની જમીનમાં પણ જો પાણી મળે તો અમારા કવિ અમૃત ઘાયલ કહેતા હતા, "કાકર ધરતીને ટીંબે બે ફૂલ ઉગાડી જાણુ છું." કાકર ધરતીના ડુંગર ઉપર પણ જો પાણી મળે તો ખેતી થતી હોય છે ત્યારે આ સપાટ જમીન જયાં પાણી પહોંચે અને અમારી માગણી છે કે અમને ગ્રેવીટી ફ્લોથી પાણી આપો. ટ્રીબ્યુનલે જયારે ચૂકાદો આપ્યો ત્યારે કચ્છને ૧૧-સીમાં મૂકવામાં આવેલ એમાં કયાંય ગ્રેવીટીથી પાણી ન આપવું એવો ઉલ્લેખ કરેલ નથી. લિફ્ટનો કયાંય ઉલ્લેખ પણ નથી. ચૂકાદો આવ્યો ૧૯૭૯માં અને ૧૯૮૩માં કચ્છને લીફ્ટ એન્ડ ફ્લોમાં મૂકવામાં આવ્યો. આ ચિંતા કરવાવાળા મારા કેટલાય વડીલોએ હંમેશા કાળજી રાખી છે. અમારા કર્નલ જીલુભા જાડેજા ૯૩ વર્ષની ઉંમરે અત્યારે ચિંતા કરતા હોય એ હંમેશા પૂર્વ નર્મદા નિગમના ચેરમેનને પણ મળે, અત્યાર સુધી એ મને જયારે પણ મળ્યા છે અને મને જાણ કરી અને એનો એક લેખ હું વાંચતો હતો ત્યારે માનનીય સનત મહેતા સાહેબથી લઈને છેલ્લે જયનારાયણભાઈ વ્યાસ સુધી તમામને મળેલા છે. આ નિગમના ચેરમેનશ્રીઓને મળેલા છે અને આ સનતભાઈએ એક સમિતિ નીમેલી એનો જે અહેવાલ હતો. બી.એસ. રાવ અને એમ.જી. રાયચુરાનો અહેવાલ અને એમાં એમણે જે મુદ્દા ૧૯૯૫ના વર્ષમાં આપેલા તેનો છેક તા.૯-૧૦-૧૯૯૭ ના રોજ નિગમે કચ્છમાં ગ્રેવિટીથી પાણી કેમ ન મળવું જોઈએ એ માટે આ ગ્રેવિટીથી પાણી નહિ આપવાના કારણો નિગમે આપ્યા. સંકટ નિવારણ સમિતિએ એના પછી તરત જ તા. ૧૦-૧-૯૮નો તેનો જવાબ નિગમને સુપરત કર્યો છે. એના ઉપર

કોઈ પગલાં લેવાયાં હોય તેમ જણાતું નથી. હંમેશાં નિગમના જે તજજ્ઞો અને ઈજનેરો છે એ આ બાબતમાં દુરાગ્રહથી એક જ મુદ્દો ઉપસ્થિત કરે છે કે ગ્રેવિટીથી પાણી આપીએ અને પાળો ઊંચો કરીએ તો તેમાં ખર્ચ વધુ આવે. દરેક મિત્રોએ પુરસોત્તમ રૂપાલા, શંકરસિંહજી વાઘેલા, જયનારાયણ વ્યાસ, નિગમના ચેરમેન સનતભાઈ મહેતા આ બધાએ અને એક બેઠકમાં હું પણ હતો ત્યારે કહેલું કે કેટલો ખર્ચ આવે છે? શું આવે છે એ અહેવાલ આપો. નિર્ણય સરકારે લેવાનો છે. આજે તમે લિફ્ટથી પાણી આપો તેનું કેટલું ખર્ચ આવે છે અને તેની સામે પાળાનો કેટલો ખર્ચ આવે છે એની સરખામણી કરાય. બહાનું એવું આપે કે આ રાજ્યમાં આવા કોઈ પાળા થયા નથી. આવા પાળાથી રાજસ્થાનમાં પાણી અપાય છે. રાજસ્થાનની માટી આપણા કરતાં નબળી છે. છતાં રાજસ્થાન કેનાલનું પાણી ત્યાં જાય છે. ક્યારેય નવો અખતરો ન કરી શકાય એવું નથી. એ જો ન થયું હોત તો દેશમાં કે દુનિયામાં કોઈ પ્રગતિ ન થઈ હોત. આ પાળો જોખમી છે એવા પૂર્વગ્રહથી પીડાયેલા નિગમના એન્જિનિયરો કચ્છની પ્રગતિ ન થાય એવું ઈચ્છે છે એવું મારે નમ્રપણે જણાવવાનું છે. (સમય સૂચક ઘંટડી) હજી શરૂઆત છે. આ અમારો પ્રાણપ્રશ્ન છે. અમારા કારણે નર્મદા ડેમની હાઈટ વધી છે. એના માટે કોઈ રોડા ન નાખે એના માટે ભૂતકાળમાં મુંબઈમાં ચાર લાખ લોકોએ મોરારીબાપુ, છબીલદાસ મહેતા વગેરે સાથે ગુજરાત માટે અમે ટેકો મેળવેલો. ત્યાંના વિરોધીઓએ મહારાષ્ટ્રની જમીન દબાણમાં જાય છે એટલે ટેકો નહિ આપવો જોઈએ એવું તે વખતે શરદ પવાર ઉપર દબાણ કરેલું. તેમ છતાં તે વખતના મુખ્યમંત્રીશ્રી શરદ પવાર સાહેબે રેલીમાં ચાર લાખ લોકોમાં પોતાના પ્રતિનિધિને મોકલાવી અને મહારાષ્ટ્ર સરકારનું શું વલણ છે એની સ્પષ્ટતા કરેલી. એટલા માટે અમારો અધિકાર છે. આ જે સમસ્યા છે.

**અધ્યક્ષશ્રી** : તમને અધિકાર મળ્યો છે એને તમે બરાબર વાપરો છો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત રક્ષણ જોઈએ છે. આ ગૃહમાં અમારે જે વાત કરવાની છે એ અમારો અધિકાર છે. આવું જ વલણ રહેશે તો પાણીની સપ્રમાણ વહેંચણી માટે બીજા રસ્તાઓ પણ છે. નર્મદાના પાણી ન મળતા હોય ત્યારે આંતર રાજ્ય વહેંચણી માટે અલગ કચ્છની વાત કરી શકીએ તેમ છીએ. સિંધુના પાણીનો હક્ક ડૂબ્યો ત્યારે દિલ્હીમાં નક્કી થયું છે કે ક્યાં તો રાજસ્થાન નહેરનું પાણી અથવા નર્મદાનું પાણી આપવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, આ અલગતાનો વિચાર મગજમાંથી કાઢી નાખો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : નર્મદા વિકાસ મંત્રીશ્રીનું મારે ધ્યાન દોરવું છે કે ગ્રેવિટીથી પૂરતા પ્રમાણમાં પાણી મળે તો જ મળે. દરિયામાં વહી જતું એક મિલિયન એકર ફીટ, સૌરાષ્ટ્રને એક, ઉત્તર ગુજરાતને એક અને કચ્છને એક મિલિયન એકર ફીટ આપો એ પાણીની વાત નથી કરતો. સપ્રમાણ પાણીની વાત છે. ૨૨ મિલિયન એકર ફીટમાંથી ૯ મિલિયન એકર ફીટ લઈ લીધું ત્યારે કચ્છને પ્રપોસનેટ માગેલ પાણીમાંથી છેલ્લે ૪૬ ટકા પાણી ઓછું મળ્યું. એ ગયું તો ૩ મિલિયન એકર ફીટ પાણી કચ્છને ફાળવવું જોઈએ. આ પાણીની વહેંચણી ટ્રિબ્યુનલે નથી કરી. દરેક રાજ્યોને આ કામ સોંપેલ હતું. રાજ્ય પોતાની વિવેકબુદ્ધિથી આ પાણી ફાળવે. ૧૮ એમ.સી.એફ.ટી. મધ્યપ્રદેશને, ૯ એમ.સી.એફ.ટી. ગુજરાતને હતું, .૫ રાજસ્થાનને હતું અને અમુક પાણી મહારાષ્ટ્રને હતું. એ તમામ રાજ્યોએ પોતાના વિસ્તારોને ક્યાં પાણી ફાળવવું એ એમણે નક્કી કરવાનું હતું. ત્યારે ગુજરાતમાં કચ્છને પાણી ફાળવવામાં હાઈટ મળી ગઈ, પાણીનો જથ્થો મળી ગયો એટલે કચ્છને વિસારે પાડી દેવામાં આવ્યું છે. આ બાબતે અવાર નવાર ગૃહમાં ધ્યાન દોરેલ છે. એ વખતે ચીમનભાઈનો હકારાત્મક જવાબ મળ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, કેશુભાઈ પટેલનું પણ જે વલણ હતું એ હકારાત્મક હતું. પરંતુ અનાયાશે આ થઈ શકતું નથી. કારણ કે નિગમની અંદર ટેકનિકલ સ્ટાફની મુશ્કેલી છે કે પાળાની જાળવણી કરવી પડે, એ પાળાની જાળવણી કરવાની ફરજ બને છે અને હજુ આવા પાળા વિશ્વભરના રાષ્ટ્રોની અંદર છે, બાજુમાં રાજસ્થાનની અંદર છે. રાજસ્થાનની અંદર નહેરમાંથી છેવાડાના વિસ્તારમાં જે પાણી લઈ જવામાં આવે છે એ ત્યાં આવા પાળાથી પાણી લઈ જાય છે ત્યારે કચ્છની અંદર તો માત્ર એક નાનકડો રણનો એક ૬-૮-૧૦ કિલોમિટરમાં જ છે. જે સલીફગઢની પાસે નહેરની ૪૯ મીટરની હાઈટ છે ત્યાંથી તમે આડેસર પાણી લઈ આવો તો એ મોટો પાળો કરવો પડે તેમ નથી, તેમ છતાં કરવો પડે તો પાણી પહોંચાડવાની ખૂબ જરૂર છે, કારણ કે પાણીની કિંમત જે છે એ આ દરિયામાં વહી જતા પાણીને સાચવવાની આપણી ફરજ બની જાય છે. પ્રો. વાય. કે. અલઘે એમ કહ્યું હતું કે ૨૦ વર્ષ સુધી ૯ મીલીયન એકરફીટ નહિ પણ વધુ પાણી મળી રહેશે, દરિયામાં વહી જતું પાણી છેને એ નર્મદા સાગર બંધાશે ત્યાં સુધીમાં ૨૨ મીલીયન એકર ફીટ પાણી મળવાનું છે એ સાચવવાની ચિંતા કરીએ. નર્મદાના પાણીની અંદર પ્રો. વાય. કે. અલઘ જેવા નિષ્ણાંત અર્થશાસ્ત્રી હતા એમણે આપણને જ્યારે વિશ્વબેંક કે મોર્સ કમિટીએ નાસીપાસ કર્યા હતા ત્યારે પાણીને સાચવવાની સલાહ આપનારા હતા, એમને યાદ કરવા જોઈએ. નર્મદા યોજના સાથે ભાઈકાકા, ભાઈલાલભાઈ ધાભાઈ પટેલ જે આ સન્માનનીય ગૃહની અંદર વિરોધપક્ષના નેતા હતા અને એન્જિનિયર તરીકે પોતાના વિચારો રજૂ કર્યા હતા એ આજે પણ માર્ગદર્શકરૂપ બધાને બને તેમ છે. નર્મદાબંધના અખંડઆનંદના તેમના લેખ મેં સાચવીને રાખ્યા છે અને આજે પણ અમે વાંચીએ છીએ અને નર્મદાની પોટેંશ્યાલીટી કેટલી છે અને રાજ્યની અંદર નર્મદા માટે બધા એક છીએ અને કચ્છ

પણ એની અંદર પાયાનો પથ્થર છે અને એની અંદર અમારો પણ પૂરો સહયોગ છે. જ્યારે સનતભાઈ એ નિગમના ચેરમેન હતા અને નાણાની જરૂર પડી હતી ત્યારે વિશ્વબેંકે આપણને પૈસા આપવાની ના કહી દીધેલી. ચીમનભાઈ પટેલને મારે ધન્યવાદ આપવા જોઈએ, એમણે કહેલું કે વિશ્વબેંકમાંથી પૈસા ના મળે તો નિગમ પોતાના પૈસા પોતાની રીતે એકત્રિત કરી શકે એમ છે. એટલા માટે એમણે જે સ્કીમ કાઢેલી અને ઓવરફલો કરી દીધેલી નર્મદાના હિતેચ્છુઓએ અને આ ગૃહની અંદર પણ કેટલાક એવા સભ્યો હશે કે જેમણે પણ પોતાનું રોકાણ કર્યુ હશે, પોતાની બચત મૂકી હશે. તો આ બધાને કારણે નર્મદાની યોજના આગળ વધી છે. આજે કદાચ નાણાની રેલમછેલ હશે. એ વખતે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, .અધિકારી દીર્ઘામાં કોઈ પણ અધિકારી પગ પર પગ ચઢાવીને ના બેસે,

**શ્રી બાબુભાઈ મે. શાહ** : નાણાને કારણે જ્યારે કામ અટકી પડેલું હતું ત્યારે એ નાણા ફાળવવા માટે થઈને જે મહેનત કરવામાં આવેલી છે એની પણ નોંધ લેવી પડશે ત્યારે ઓવરડ્રાફટ લેવો પડેલો ચીમનભાઈ પટેલ, માનનીય છબીલભાઈ પટેલની સરકારમાં અમે ટીકા કરતા હતા, પણ જ્યારે અમને આવી હકીકત આપી કે આ ઓવરડ્રાફટ છે એ નર્મદાના કામ માટે થઈને લેવામાં આવેલ હતો અને નર્મદાના કામને આગળ વધારવા માટે જો કોઈને જશ જતો હોય તો આગલી ઘણી સરકારોને જાય છે, આ સરકારને પણ જાય છે. જયનારાયણ વ્યાસને એટલા માટે યાદ કરવા પડે કે એમણે જે મહેનતને લઈને નામદાર સુપ્રીમકોર્ટની અંદર આપણું નર્મદાનું આ અંગેના જમીનોના ચુકાદાનું કામ અટકી પડ્યું હતું એ વકીલોની સાથે પરામર્શ કરી અને આપણું કામ જસ્ટીશ દેસાઈ કે જેમણે આ જમીનો સંપાદન કરાવેલી અને સુપ્રમીકોર્ટ પાસેથી અને જે નર્મદા કંટ્રોલ ઓથોરિટી પાસેથી આ ડેમની હાઈટ વધારવા માટે જે મહેનત કરેલી છે એ બધાના પ્રયાસોના કારણે આ કામ આગળ વધ્યું છે. કારણ કે જસ્ટિસ દેસાઈના વખતે જે જમીનો ૭૦૦૦ એકરમાં લેવા માટેની નિગમના એ અધિકારીઓની તૈયારી નહોતી, એ ૭૦ થી ૮૦ હજાર રૂપિયામાં લઈને આપણી આ પરંપરા છે કે પૈસો એ મુખ્ય વસ્તુ નથી, પાણીનો ક્રાઈટેરિયાને સમજીને ચિંતા કરવી જોઈએ. તમામ લોકોને એના માટે ધન્યવાદ આપવા જોઈએ અને કચ્છ માટે હકારાત્મક વલણ રાખવામાં આવે અને કિન્નાખોરી ન રાખવી જોઈએ એવું મારે આપના મારફત કહેવાનું છે કે નર્મદાના પ્રશ્ને કચ્છને સમજવામાં નહિ આવે તો આવતા દિવસોની અંદર અલગ કચ્છની વાત આ જ મુદ્દા પર જોર પકડશે. ધન્યવાદ.

**અધ્યક્ષશ્રી** :અલગ કચ્છની વાત આખો દિવસ યાદ કરવાની જરૂર નથી પ્લીઝ, એ મગજમાંથી ભૂલી જાવ, ગોધનભાઈ ઝડફિયા.(અંતરાય)

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોના વિભાગની માગણી ક્રમાંકઃ ૨૧,૨૨,અને ૨૩ તથા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંકઃ ૬૫ જે આ ગૃહમાં રજૂ થઈ છે એને સમર્થન આપવા અને એનું ચિંતન કરવા માટે જ્યારે સમગ્ર ગુજરાત અને અહીંયા આપણે સૌ બેઠેલા ગુજરાતના વિકાસની કલ્પના કરીએ છીએ, આ કલ્પના પાણી માટેની આજકાલની નથી, પાણી જે જીવન સાથે જોડાયેલો વિષય, આદિ-અનાદિ કાળથી અનેક ધર્મોમાં પણ એનો ઉલ્લેખ છે અર્થવવેદના પહેલા કાંડમાં સૂક્ત ૧ થી ૪માં જે રીતે કહ્યું છે કે, જે રીતે માતા એ વાત્સલ્યપૂર્વક પોતાના બાળકને પયપાન કરાવી રૂષ્ટપુષ્ટ કરે છે તેવી રીતે જળમાં જે તત્વરૂપી અમૃત છે એનું અમને પાન કરાવો. આવું તે વખતે અર્થવવેદમાં પણ કહ્યું છે. કુરાને શરીફમાં પણ કહ્યું છે કે, પાણી એ મનુષ્ય, પ્રાણી અને પાક માટે છે તેનું જતન કરીને વાપરીએ, બાઈબલમાં પણ કહ્યું છે કે, ઈશ્વરનો આત્મા પાણી ઉપર બિરાજે છે, પાણી હોય તો જ વૃક્ષોની આશા રાખી શકાય, ગુરુ ગ્રંથ સાહેબ પણ કહે છે કે, જળ તો જીવન અર્પે છે અને એને વિવેકપૂર્વક સાચવી ન રાખીએ તો જીવન ઝૂંટવી પણ લે છે. ભગવાન મહાવીરે પણ એજ રીતે જળનો ઉપયોગ "ઘી"ની જેમ કરવાનો જ્યારે સંદેશ આપ્યો હોય ત્યારે નર્મદા છેલ્લા કેટલાય વખતથી જે સ્વપ્ન આપણે ૧૯૪૭માં આપણે મોજણી કરી છે (આ તકે સભ્યશ્રી મુકેશભાઈ ગઢવી,બેઠાં બેઠાં, હસીને કાંઈક બોલતાં)

**અધ્યક્ષશ્રી** : માનનીય મુકેશભાઈ, પાણી ઘીની જેમ વાપરવું એમાં શું હસો છો આપ, એમાં હસવા જેવું નથી.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં રાજનૈતિક વિશ્લેસણ પણ કરવાની કોઈએ કોશિશ પણ ન કરવી જોઈએ, એટલા માટે કે, ૧૯૪૭ થી ૨૦૦૫ સુધી આ કામ પૂર્ણ કેમ ન થયું અને એ પૂર્ણ ન થવાનું પુનરાવર્તન ન થાય, એનો કોઈને મોકો ન મળે એટલા માટે પણ ગુજરાતની જે જે સરકારો આવી છે, હું એને પણ એટલા માટે અભિનંદનના અધિકારી ગણીશ કે જે સમયે કયારેક શ્રી ચીમનભાઈ હશે, કોંગ્રેસના લોકો હશે, માનનીય શ્રી કેશુભાઈએ ૮૦ મીટરે સાયફન ખોદીને જો પાણી ન કાઢ્યું હોત તો ૨૦૦૦નો દુષ્કાળ ગુજરાત પાર ન કરી શક્યું હોત, સૌરાષ્ટ્ર અને કચ્છની પીવાના પાણીની સમસ્યા સાત વર્ષથી ઉકેલવાની શરૂઆત થઈ છે એ ન થઈ હોત, દરેકે દરેક વ્યકિતએ ખૂબ કામ કર્યુ છે, મારું તો એટલા માટે કહેવું છે બાબુભાઈ જે વર્લ્ડ બૅન્ક માટે કહેતા હતા, વર્લ્ડ કમિશન ઑન ડૅમ દુનિયામાં આખા વિશ્વએ મોટા ડૅમો બનાવ્યા પછી ભારત અને ગુજરાતનો વિકાસ ન થાય એવા પ્રયત્નો થયા અને એ વખતે આ

ગૃહમાંથી બન્ને પક્ષોના લોકોએ સર્વાનુમતે ઠરાવ પસાર કરીને વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપાઈજીને જે મોકલાવ્યો, માનનીય અધ્યક્ષશ્રી, આનંદ ગુજરાતે એ વાતનો માનવો જોઈએ કે વર્લ્ડ કમિશન ઑન ડૅમે ભારતની, ધરતીમાં પગ મૂકવાની હિંમત પણ ન કરી. જ્યારે આપણે એક થઈએ છીએ ત્યારે ચોક્કસ વિકાસ અને એનું પરિણામ મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની આ વિશ્વની સૌથી મોટી કેનાલોમાંની એક ૪૫૮ કિલોમીટરની, ૧૧૦ મીટરની લંબાઈ, ૪૦,૦૦૦ ક્યુસૅક પાણીની ક્ષમતાવાળી આ એક બહુ મોટી ક્રાંતિ છે અને સિંચાઈનો વિસ્તાર આપણી પાસે ૧૯૪ લાખ હેકટર જમીન ગુજરાતમાં કુલ છે એમાં અત્યારે માત્ર સિંચાઈ આપણે ૨૫ લાખ હેકટરમાં સપાટીથી આપી શકીએ અને નર્મદા ૨૫ વર્ષ પહેલાં જો બની હોત તો દર વર્ષે આપણે ૫,૦૦૦ કરોડ રૂપિયાનું ઉત્પાદન આપણું રોકાય અને એનો જ્યારે આપણે હિસાબ ૨૦ વર્ષેનો કરતા હતા તો આ ગુજરાતે એક લાખ કરોડ રૂપિયાનું ઉત્પાદન જે લઈ શક્યા હોત એ આ વિલંબના કારણે નથી લઈ શક્યા પરંતુ નર્મદાની જે રીતની છેલ્લા ત્રણ તબક્કાથી ઊંચાઈ વધવાની શરૂ થઈ છે, આશા જન્મી છે, ગુજરાતની તરસી ધરતીને નવ પલ્લવિત કરવાની શરૂઆત થઈ ચૂકી છે, જ્યાં જ્યાં કેનાલો નીકળી અને કેનાલોમાં પાણી જોયા છે, એક નદી બીજી નદીને મળી રહે છે ત્યારે મને લાગે છે કે, આપણે વિકાસની ગતિ ઉપર પહોંચી રહ્યા છીએ. હજુ પણ મારી વિનંતી છે કે, જો દુનિયાના કેટલાય લોકોની નજર ભારતના વિકાસ અને ગુજરાતના વિકાસ ઉપર છે.એનાથી હજુ ચિંતા કરવાની જરૂર છે. નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીને જયારે સોંપવામાં આવ્યું અને મેઘા પાટકર પાસેથી આખો કેસ જયારે સુપ્રીમમાંથી નીકળી ગયો એ ૨૦૦૦ ની સાલ ગુજરાત માટે વિકાસની આશાની સાલ હતી એ વખતે આપણે નક્કી કરેલ તબકકાવાર ૯૦, ૦૫, ૧૧૦, ૧૨૨ હમણાં જૂન સુધીમાં પુરું થઈ જશે. પણ એમાં પણ કેટલાય પ્રયત્નો થયા આ ગુજરાતના વિકાસને રોકવાના. જે વર્લ્ડ બેંક એમ કહે છે કે નર્મદા બંધ ન થવો જોઈએ એમ કહેવાવાળી એ વર્લ્ડબેંકનો રોલ કહું. નર્મદા નદી ઉપર બંધ પૂર્ણ થવામાં અનહદ વિલંબ થયો. એક તરફ સૌરાષ્ટ, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતમાં પાણીની સમસ્યા વકરી રહી હતી અને લાખો કયુસેક પાણી દરિયામાં વહી જતું હતું એ વખતે વર્લ્ડ બેંક આખા ભારતને જળસંકટની બીક બતાવી કારણકે જળસંકટની બીક બતાવે તો જ તમારું વ્યાપારીકરણ ચાલે એ વખતે જે વર્લ્ડ બેંક વિરોધ કરતી હતી એ વર્લ્ડ બેંકે ભારતમાં જળસંકટની બીક બતાવી અહેવાલ તૈયાર કરેલો. India's water economy is pressing for a turbulant future. ભારતનું જલ અર્થતંત્ર તોફાની ભાવીનો સામાનો આવી બીક બતાવી હતી. એ જ વર્લ્ડબેંકે સુરેશ પ્રભુ જેવા તુષાર શાહ, પીટર ઑગસ્ટ, રામસ્વામી ઐયર, જયોર્જ વર્ગીસ, નિર્મલ મોહનસિંહ જેવા લોકો સાથે મળીને એમણે જ કહેવું પડયું કે ભારતે આ જળ સમસ્યામાંથી ઉકેલ શોધવો જ રહ્યો. એટલા માટે અત્યારનો જે નર્મદાનો પ્રશ્ન છે એ કોઈ પોલીટીકલ પાર્ટીનો પ્રશ્ન નથી. ગુજરાતની પાંચ કરોડ જનતાનો પ્રશ્ન છે એમાં જેણે જેણે યોગદાન આપ્યું છે. બાબુભાઈ, ઓવરડ્રાફ્ટની કોઈએ ચિંતા કરી નથી હું તો મંત્રીશ્રીને કહીશ કે ૨૩૦૦કરોડ શું કામ જો નર્મદા કન્ટ્રોલ ઓથોરીટી આપણને બીજી મંજૂરી આપે તો ગુજરાતના પાંચ કરોડ લોકોમાં ઝોળી લઈને ભીખ માગવાની આપણી બધાની તૈયારી છે. દુનિયામાં કયાંય આપણને પૈસાની તકલીફ નહીં પડે. નર્મદાનો ૧૩૮ મીટરનો ચુકાદો આવી જાય અને આપણે પુનર્વસન કરી શકીએ. વિશ્વના કેટલાય લોકો રોડા નાખતા હોય તો ગુજરાતની પ્રજામાં ત્રેવડ છે. ગુજરાતમાં "ત્યેન ત્યકતેન ભુંજીતા: " ત્યાગીને ભોગવવાનો સ્વભાવ આદિ અનાદી કાળથી છે એટલા માટે ગુજરાતની લગભગ ૧૮લાખ હેકટર જમીન પાણી પીશે. દુષ્કાળને દેશવટો દઈશું. ૮૦૦૦ ગામડાંને નર્મદાનું પાણી પીવા મળશે. હું એ સમયને ભાગ્યશાળી ગણું છું કે ૧૯૯૫ થી ૨૦૦૫ સુધીમાં કેટલાય ગામડાએ નર્મદાનું મીઠું પાણી પીધું છે. એ પાણી પાવાવાળી સરકારને લોકો આશીર્વાદ આપે છે, મીઠું પાણી પાવાવાળા નેતૃત્વને, મીઠું પાણી પાવાવાળા અધિકારીઓને અભિનંદન આપું છું. એટલા માટે આપું છું કે હજારો વર્ષોથી ધરતીનું દોહન કરવાને બદલે આપણે શોષણ કર્યું છે. જયારે માને બાળક ધાવે ત્યારે એમાં લોહી નીકળે ત્યાં સુધી બાળક પણ ધાવતું નથી. ગાયને દોહીએ તો વાછરડા માટે અડધો આંચળ છોડીએ છીએ. આપણે આ ધરતીના રસકસને ચુસી લીધો એટલે પાણીના ટીંપાના મુલ્યની આ ધરતીને નવપલ્લવિત કરવાની કલ્પના ભા.જ.પા. સરકારે છેલ્લા દસ વર્ષથી કરી છે. હું એટલા માટે આ સરકારનો ભાગ હોવાને કારણે પણ આ વિધાનસભામાં આવવાનું હોવાને કારણે જળ સમસ્યા માટે ઝઝુમતા રહેલા લોકોને અભિનંનદ આપવાનું મન થાય છે.

બાબુભાઈ કચ્છની વાત કરતા હતા એ સાચી છે. કારણકે ભૌગોલિક વહેંચણી જેની પાણીની ઉપલબ્ધી એ પ્રકારની છે કે બાબુભાઈને નહીં, કોઈને પણ એ ચિંતા ચોકકસ સતાવે કચ્છનો જે ભૌગોલિક ભાગ છે એના પ્રમાણમાં એના પાણીની ટકાવારી કુદરતી રીતે ઓછી ઉપલબ્ધ છે. ગુજરાતનો ૧૮ટકા ભૌગોલિક ભાગ માત્ર કચ્છ છે. એની સામે પાણીની ઉપલબ્ધી માત્ર ૧૦ટકા છે. સૌરાષ્ટ્રમાં ૩૫ટકા ભૌગોલિક ભાગ છે. એની સામે પાણીની ઉપલબ્ધી ૨૦ટકા છે. તો પાણીની સમાન વહેંચણી થાય એ માટેનો પ્રયત્ન ભા.જ.પા. સરકારે પહેલેથી કર્યો છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, આપણે જ્યારે ૨૦૦૫-૦૬ના અંદાજપત્રમાં પૈસા રોકયા છે તેનાથી પણ વધારે અત્યાર સુધી બીજા રાજયોના પૈસા લેવાના હતા તેમાંથી પૈસા આપણને મળ્યા છે. આપણને ખબર નથી બીજા રાજયોએ કેટલા પૈસા આપ્યા છે. અત્યાર સુધીમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના મળીને કુલ ૨૭૬૩.૩૪ કરોડ રૂપિયા ગુજરાતને પોતાના શેરના આપ્યા છે. કયાંક ૨૦૦૦ કરોડ રૂપિયા ડીસ્પ્યુટેડ હશે. છેલ્લે

હમણાં જાન્યુઆરીમાં રાજસ્થાનનો ૫૧ કરોડનો ચેક આ ગુજરાતને મળ્યો છે. આપણે આપણા પડોશી રાજયો પ્રત્યે દ્વેષભાવ, દુશ્મનાવટ એટલા માટે ન રાખવો જોઈએ. નર્મદા તો બધાનો વિકાસ કરનારી લોકમાતા છે. બાજુનું રાજસ્થાન દુ:ખી હશે, સૂકું હશે તો તેના દુષ્કાળનો ભૂખમરો આપણને નહીં દઝાડે? એટલા માટે આ કોઈ રાજયો વચ્ચે વિતરણનો ભલે ઝગડો હોય પરંતુ જ્યારે દેશમાં ઈન્ટરલીંકીંગ ઑફ રીવર આખા હિન્દુસ્તાનની નદીઓને ભેળવવા માટેનો જ્યારે પ્રશ્ન હોય તે વખતે માનનીય અટલજીએ કહ્યું હતું કે દેશની નદીઓને જોડવા માટે પાણી કુદરતી સંપત્તિ છે તે સ્ટેટના અધિકારને બદલે આજે પણ હું એક મુશ્કેલી તરફ આપનું અને આ ગૃહનું પણ ધ્યાન દોરીશ કે નદીઓને જોડવાના કાર્યક્રમમાં જ્યાં સુધી પાણીને રાષ્ટ્રીય સંપત્તિ તરીકે લોકસભામાં જાહેર કરવામાં નહીં આવે ત્યાં સુધી આ રાજયોનો વિવાદ રહેવાનો છે. સ્ટેટ અને આંતર સ્ટેટના ઝગડા, ટ્રીબ્યુનલો અને કોર્ટોનો આ પ્રશ્ન પણ પ્રજાને દઝાડવાનો છે. હજારો પશુઓને રઝળાવવાનો છે. એટલા માટે માનનીય અટલ બિહારી બાજપાઈને હું હિન્દુસ્તાનની નદીઓને જોડવા માટે અભિનંદન આપીશ. ભારતીય જનતા પાર્ટીની સરકારોને દસ નદીઓને નર્મદાનું વધારાનું પાણી જ્યારે દરિયામાં વહી જતું હતું તે આજે દરિયામાં વહેવાને બદલે સૂકા ખેતરના મોલાતને મળ્યું છે, નવપલ્લવિત નદીઓના વહેણ ફરીથી શરૂ થઈ રહ્યા છે ત્યારે આપણે આ પ્રકારે તેને ચાલુ રાખીશું? એકબાજુ નર્મદાનો વિકાસ ચાલતો હશે અને બીજી બાજુ કલ્પસરની યોજના હશે અને જળ સંચયનો આપણો જે પ્રયોગ ચાલે છે તે પ્રકારે આપણે આગળ વધીશું અને નર્મદાની ઊંચાઈ ૧૨૨ મીટર થઈ તે ખરેખર જો અટવાઈ ન હોત તો ૨૦૦૪માં ૧૩૮ મીટર નર્મદા કંટ્રોલ ઓથોરિટીનો આપણને જ્યારે સંકેત અને ચુકાદો મળ્યો હતો તે ૨૦૦૪ના ડિસૅમ્બરમાં પૂર્ણ કરી શક્યા હોત. પરંતુ કમનસીબે આજે મેઘા પાટકર, ગુજરાત અને દેશના વિરોધીઓ, કહેવાતા એન.જી.ઓ. કહેવાતા ઢોંગી લોકોએ દુનિયાના ખિતાબો મેળવવા માટે આપણા ભારતની ધરતીને બદનામ કરી છે અને એટલા માટે આ મેઘા પાટકરે ૧૪ લોકોના બહાના ધરી સુપ્રીમ કોર્ટમાં જે રીતે લઈ ગઈ અને ૨૦૦ કરોડ રૂપિયા રાજય સરકારે મધ્યપ્રદેશને પુન:વસવાટના આપ્યા. આપણને એમ થાય કે આપણે શું કામ પૈસા આપીએ છીએ? લેવાના બાકી છે. વિરોધપક્ષના મિત્રોને પણ થતું હશે. પરંતુ આખરે આ વિલંબ થાય તેનું નુકસાન કોને છે? ગુજરાતે તો ૨૦ હજાર કરોડ રૂપિયા આમાં રોકી દીધા છે. બીજા રાજયોને ન્હાવા નિચોવવાનું એટલા માટે ઓછું છે કારણકે તેમણે પૈસા રોક્યા નથી. ૨૦ હજાર કરોડ રૂપિયા આ ધરતીમાં નર્મદા યોજનાની પાછળ ગુજરાતે ખર્ચ્યા છે. એકપણ દિવસ એમાં ડિલે થાય તો ગુજરાતના વિકાસને આપણે રોકી રહ્યા છીએ તેવું હ્દયમાં લાગે. એટલા માટે ગુજરાતની આપણી જે કલ્પના છે એટલા માટે બાબુભાઈને વિનંતી કરીશ કે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની કયાંય ભૌગોલિક ભાગવાની માનસિકતા આપણા કોઈના મનમાં ન ઉઠવી જોઈએ. આપણે હિન્દુસ્તાનની નદીઓને જોડીને રાષ્ટ્રને એક કરવાનો પ્રયાસ કરીએ છીએ તો કચ્છમાં ભૂકંપ આવ્યો ત્યારે દક્ષિણ ગુજરાતમાંથી લોકો રડતાં રડતાં ત્યાં પહોંચ્યા હતા. કેરલમાંથી લોકો રડતાં રડતાં સેવા માટે કચ્છમાં આવે છે.જ્યારે પારાવાર નુકસાન થાય ત્યારે ભૌગોલિક ભાગવા કયાંય નથી રહેતા અને હું વિશ્વાસ સાથે કહું છું કે જે રીતે ભારતીય જનતા પાર્ટીની સરકારે "સર્વે સુખી સન્તુ, સર્વે સન્તુ નિરામય" સમતોલ વિકાસની વાત કરીએ છીએ ત્યારે બાબુભાઈને શ્રદ્ધા સાથે કહું છું અને જે રીતે બાબુભાઈ કહેતા તે મારે કહેવું નથી પણ એટલા માટે કહું છું કે કચ્છ, નર્મદા કે સવાલ પાણીનો નથી પણ તૃષા મૂકિતની દાનત છે. પાણીનો પ્રશ્ન નથી, તૃષા મૂકિતની એટલા માટે કહું છું કે, માનનીય છબીલભાઈ મહેતાએ પોતે આ લેખ લખ્યો છે એમાં એમણે એમ કહયું છે કે, આ ચૂકાદો ૧૯૭૫માં આવવો જોઈતો હતો પણ એમણે કહયું કે, ઈન્દિરાજીના તે વખતના અંગત સલાહકારે જે અમને માહિતી આપી તેનાથી માત્ર આશ્ચર્ય થયું એટલું જ નહીં પણ રાજકીય કાવાદાવામાં લોકો કેટલી હદ સુધી નીચે ઉતરી શકે છે તેનો અમને ચિતાર જાણવા મળ્યો, સ્વર્ગસ્થ ચીમનભાઈ પટેલ અને મારા જેવા જવલ્લેજ કોઈકને એની જાણ હશે અને એટલે જ માનનીય અધ્યક્ષશ્રી, રાજનૈતિક બાબતથી પર ઉઠીને હું એટલા માટે કહું છું કે જેણે- જેણે કામ કર્યા છે, એ બધાને યાદ કરીએ છીએ.

માનનીય ચીમનભાઈ પટેલ કચકચાવીને લડવા માટે મેઘાપાટકર સામે ગયા હતા અને ત્યારે પણ અમે એમાં જોડાયા હતા, વર્લ્ડ કમિશન ઓન ડેમ સામૂહિક આપણે અહીયાંથી મોકલીને ઠરાવ મોકલ્યો અને માનનીય કેશુભાઈએ ૮૦ મીટરનું બોગદું જયારે ખોદાવ્યું અને નર્મદા કેનાલમાં પાણી વહેતું થયું ત્યારે પણ બીજા રાજયોને તકલીફ થતી હતી કે ૧૧૦ મીટરે પાણી વહેવું જોઈએ એના બદલે આ કયાંથી પાણી કાઢયું, એ કોઠાસુઝ, એને પણ અભિનંદન આપવા ઘટે અને જયનારાયણ વ્યાસ અને બાકીના લોકો એ વખતે નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીમાં આખા ચૂકાદાને એક ચુંગાલમાંથી છોડાવીને, મેધાપાટકરની જાળમાંથી, સુપ્રિમ કોર્ટના જાળમાંથી છોડાવીને કન્ટ્રોલ ઓથોરિટી વડાપ્રધાનની અધ્યક્ષતામાં વડાપ્રધાનશ્રી નિર્ણય લે, ત્રણ મહિનામાં બેઠક બોલાવવી પડે, પુન:વસન કરવું પડે, પૈસાના અભાવે થતું હોય તો એમાં માર્ગદર્શન આપી શકે એવા પ્રકારનો ચૂકાદો લાવ્યા છે, છેલ્લા ત્રણ વર્ષમાં માનનીય નરેન્દ્રભાઈએ જે વીસ મીટર સુધીનો ચુકાદો અને ફરીવાર જયારે લાવ્યા છે ત્યારે ગુજરાતની બધી જ પ્રજાનો, બધા જ લોકોનો આશાસ્પદ ચૂકાદો છે અને ફરીથી વિનંતી કરું છું કે પાણીની સમસ્યા એ ગુજરાતની જ નહીં પણ દેશની સમસ્યા છે અને દુનિયાના વેપારી લોકો તો રાહ જોઈ

રહયા છે કે ભારતમાં અને ગુજરાતમાં જળસંકટ થાય અને એમની વેપારી વૃત્તિ વધે, માનનીય અધ્યક્ષશ્રી, આટલું કહીને અને સમર્થન આપીને વિરમું છું.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી અને માનનીય નર્મદા વિકાસ મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિશે મારે બહુ લાંબી અને વિશેષ વાત કરવી નથી, મારે માત્ર અભિનંદન આપવા છે, ભારતના વડા પ્રધાન આદરણીય મનમોહનસિંઘને અને સોનિયાજીના રાજકીય સલાહકાર અને ગુજરાતના પનોતા પુત્ર અહેમદ પટેલને કારણ કે ગુજરાતની ચિંતા કરનારા અહેમદ પટેલે બીજા રાજયોની ચિંતા ઓછી કરી અને ખાસ કેસમાં ૧૨૧ મીટર સુધીની ઊંચાઈની મંજૂરી યુ.પી.એ.ની સરકારે આપી છે, જો આ જ ઊંચાઈની મંજૂરી અગાઉ લીધી હોત અને આપણા માટેની કદાચ લાગણી હોત તો કદાચ ૬૦ મીટરની ઊંચાઈની મંજૂરી મળી ગઈ હોત પણ આપણને એ મંજૂરી ન મળી અને તબક્કાવાર જે રીતે મંજૂરી મળી રહી છે એના ઉપરથી ગુજરાતનું હિત કયાં સમાયેલું છે અને ગુજરાતની ચિંતા કોણ કરે છે એનાથી આપ વાકેફ થઈ શકશો.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની ઘણી વાતો થઈ છે, ગુજરાતનો પછાત વિસ્તાર વાવ અને થરાદ તાલુકો અને ત્યાં માઈનોર કેનાલનું કામ ચાલુ છે અને ત્યાંથી રાજસ્થાનમાં પાણી જવાનું છે અને પાણી ત્યાં જાય એ ખૂબ સારી બાબત છે કારણ કે રાજસ્થાનનું માઈગ્રેશન ગુજરાત ઉપર આધારિત છે. એટલે એ માઈગ્રેશન અટકે. એટલે ત્યાં પાણી જાય એ આપણા માટે અતિમહત્વની વાત છે પણ વાવ- થરાદ જેની ઉપર નિર્ભર છે એની આસપાસના ગામોને, શહેરોને પાણી મળે, ત્યાંના ખેતરોને પાણી મળે અને ત્યાંની જમીન આજે દિવસે-દિવસે બંજર બનતી જાય છે એ જમીન ફળદ્રુપ બને અને એના માટે તાત્કાલિક એની પેટા કેનાલનું અને બીજી કેનાલોનું, માઈનોર કેનાલ, સબસીડીયરી કેનાલનું કામ શરૂ થાય એ દિશામાં પ્રયત્નો કરવા જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આજે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોના વિભાગની પણ માગણીઓ છે ત્યારે મારે એ વાત કરવી છે કે આ સરકારનું આયોજન છે. એ આયોજનમાં ગરીબીને હટાવવાની જગ્યાએ ગરીબોને હટાવવાનો કાર્યક્રમ હોય એવું લાગી રહ્યું છે. *'છે ગરીબોના ઘરમાં તેલનું ટીપું દોહ્યલું, શ્રીમંતોની કબર ઉપર ઘીના દિવા થાય છે'* એવી પરિસ્થિતિ અત્યારે પેદા થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની વાત કરી રહ્યા છીએ ત્યારે માનનીય મંત્રીશ્રી છત્રસિંહ મોરીની આ ચિંતાથી હું વાકેફ છું પણ એનું કેટલું ઉપજે છે એ સવાલ છે. મારે એમને કહેવું છે કે, આપણે બી.પી.એલ.ના કાર્ડ આપવાની વાત કરી દીધી પણ હજુ સુધી એનો અમલ મામલતદાર કચેરીમાંથી થયો હોય એવો એક પણ કિસ્સો બન્યો નથી. શ્રમજીવીઓને એના કામના બદલામાં ઘઉં આપવાની વાત છે એમાં ખેત તલાવડી બનાવે, વન તલાવડી બનાવે એને ઘઉં આપવાની વાત કરી છે પણ એની કૂપનો સસ્તા અનાજની દુકાનો સુધી આજ સુધી પહોંચી નથી. કેટલાય શ્રમજીવીઓ એવા આક્ષેપો કરી રહ્યા છે કે, અમારા માટેની ઘઉંની કૂપનો છે એ દુકાનોદારોને કે બીજા લોકોને-આટા મીલવાળાને ત્યાં કે બેકરીવાળાને ત્યાં વેચાઈ તો નહીં ગઈ હોયને? એવા આક્ષેપો કરી રહ્યા છે. મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, આ અંગે ચોક્કસ ચોખવટ કરે જેથી કરીને પ્રજામાં ઉભો થયેલ ભ્રમ ભાંગી શકાય. આજે કેરોસીન વગેરેની ફાળવણીની વાત કરું તો એક બાજુ પર્યાવરણને સાચવવાની વાત કરતા હોઈએ અને પર્યાવરણની જાળવણી થાય એ દિશામાં આપણે પ્રયત્નો કરતા હોઈએ ત્યારે બીજી બાજુ કેરોસીનની ફાળવણીમાં દિવસે દિવસે ઘટાડો કરતા જઈએ છીએ. એનું એલોટમેન્ટ થાય છે એમાં ગામડાંને બાકાત કરતા જઈએ છીએ, ગરીબ વિસ્તારમાં જે લોકો રહેતા હોય છે એમને પણ ફાળવણીમાંથી આપણે બાકાત કરતા જઈએ છીએ. શહેરોમાં તો ગેસ ઉપલબ્ધ છે અને હવે તો એલ.એન.જી. અને સી.એન.જી. લાઈન દ્વારા પણ ગેસ ઉપલબ્ધ થવાનો છે ત્યાં વધુમાં વધુ કેરોસીનની ફાળવણી થાય છે એ વિસંગતતા દૂર કરીને વધુમાં વધુ ગામડાંમાં કેરોસીન ઉપલબ્ધ થાય એ માટે ગામડાંઓમાં કેરોસીનની વધુ ફાળવણી કરવામાં આવે અને એનો વધુ કવોટા ગામડાંઓમાં ફાળવવામાં આવે તો મારી દૃષ્ટિએ ચોક્કસપણે આપણે પર્યાવારણની જાળવણી કરી શકીશું. કારણ કે, લાકડા છે એ કેરોસીનનો બીજો વિકલ્પ છે પણ લાકડા કાપવાની વાત આપણા સૌના મનને ડંખે છે અને ઝાડ કપાય એ વાજબી નથી., પર્યાવરણ જોખમાય એ વાજબી નથી. તો પેલાનું પેટ દુ:ખે, એ ભૂખે મરે એ પણ કેટલું વાજબી છે? એને એના વિકલ્પરૂપે આપણે સો ટકા કેરોસીન આપવું જોઈએ. જયાં ગેસ ઉપલબ્ધ થાય છે, જયાં ગેસ સિલિન્ડર મળે છે, જયાં ગેસનું કનેકશન છે એની માહિતી પણ સરકાર પાસે હોવી જોઈએ એ માહિતી ધ્યાનમાં રાખીને આવા લોકોને કેરોસીનની ફાળવણી ઓછી કરે એમાં વાંધો નથી. પણ ગરીબ લોકોને કેરોસીનની ફાળવણી થાય તો આ દૂષણ ઓછું થશે. આજે સસ્તા અનાજની દુકાનોની ફાળવણીની વાત કરું તો દિનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડારના નામે કેરોસીનના કાર્ડ હોલ્ડરો હતા. ૨૫૦૦-૨૦૦૦ ની મર્યાદા હતી એમાંથી ઘટાડો કરીને ૪૦૦ કાર્ડ ઉપર આપણે લાવ્યા છીએ એના અનુસંધાને તકલીફ એ ઉભી થઈ કે શરૂઆતમાં એટલી બધી એની માગણી આવી કે આ એલોટમેન્ટ થશે એટલે આપણે કાળાબજારમાં માલ વેચી દઈશું તો આપણને રૂપિયા મળશે. પરંતુ વહીવટી તંત્રની તકેદારી અને એની થોડીક વ્યવસ્થા ગોઠવાય એના કારણે એ ધંધો એ નથી કરી શકયા એટલે આજે પરિસ્થિતિ

એવી થઈ છે કે કાર્ડ હોલ્ડરો છે એની જે દુકાનેથી ફાળવણી નકકી થઈ હતી એ દુકાનદાર પોતાની દુકાન બંધ કરવા માંડયા છે એને કારણે જે કાર્ડ હોલ્ડરને બીજો દુકાનદાર છે એ એમ કહે છે કે તમારો તો ફલાણા ગામમાં આ દુકાને સમાવેશ થયેલો છે એટલે હવે એ દુકાને જ તમારે વસ્તુ લેવા જવી પડશે. પણ એ દુકાનદારે તો દુકાન બંધ કરી દીધી છે એટલે એ કાર્ડ ધારક જાય કયાં? આવી કંઈક ગામોમાં પરિસ્થિતિ છે અને અમારા વિસ્તારમાં તો ખાસ કરીને આવો આખો આદિવાસી વિસ્તાર છે જયાં આ પરિસ્થિતિ પેદા થઈ છે. એ દુકાનદારને પોષાતુ નથી કારણ કે, એ ૪૦૦ કાર્ડ માટે મામલતદાર કચેરીમાં જાય, મામલતદાર કચેરીમાંથી સામાન લઈ એ ગામમાં પહોંચે અને ગામમાં પહોંચીને એનું વિતરણ કરે. અને એનો જે માથાદીઠ ખર્ચ છે એ એને પૂરતો પોષાતો નથી, આપણે જે કર્યુ છે ૪૦૦ કાર્ડવાળું એમાં કોઈ વાંધો નથી પરંતુ એમાં મારું ખાસ સૂચન છે કે આ લોકોને જે કમિશન આપવામાં આવે છે વેચાણ માટેનું એમાં કયાંક ને કયાંક ગ્રામ્ય વિસ્તારની અંદર જો કમિશનમાં વધારો કરવામાં આવે તો એ લોકો ખરેખર આપણે જે આશયથી આ યોજના બહાર પાડી છે એ આશય બર આવે એમ છે અને એમાં ચોકકસપણે કંઈક સારા પરિણામ લાવી શકીશું અને હવે કેરોસીન માટેની ઘ ણા લોકો એવી ચિંતા કરતા હોય કે પેટ્રોલપંપવાળા કેરોસીન લઈ લે છે, એ ભૂતકાળ હતો, હું એમાં ના નથી કહેતો પણ મારું એ કહેવું છે આ વાત હવે રહી નથી કારણકે હવે કોમ્પીટીશનમાં રિલાયન્સ આવ્યું છે અને રિલાયન્સના પેટ્રોલપંપ પર ચોખ્ખું પેટ્રોલ મળે છે એટલે ગાડીચાલકો અથવા ટ્રકચાલકો પોતે લગભગ રિલાયન્સના પેટ્રોલપંપ પર પેટ્રોલ ભરાવતા હોય છે એટલે હવે એ પણ હરીફાઈના જમાનામાં શકયતા નહિવત્ છે કે પેટ્રોલપંપની અંદર કેરોસીનની ભેળસેળ થાય અને એમાં કેરોસીનની ચોરી થઈ શકે એ શકયતા હવે નહિવત્ રહી છે ત્યારે આપણી પાસે વધુને વધુ સ્ટોક, વધુને વધુ જથ્થો કેરોસીનનો આપણને ઉપલબ્ધ થાય અને એ જથ્થાનું આપણે વ્યવસ્થિત વિતરણ કરી અને ખરેખર સાચી દિશામાં સેવા કરીએ એટલી જ વિનંતી કરીને મારી વાત હું પૂરી કરું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ જે માગણી ક્રમાંક-૨૧, ૨૨, ૨૩ અને ૬૫ લઈને આવ્યા છે એમાં હું મારો સુર પુરાવવા ઉભો થયો છું. નર્મદા યોજના અંગે હમણાં વિરોધપક્ષના નેતાએ કહયું આપણા ગુજરાતની જનતાની મા છે, જેમ બાળક તરસ્યું થયું હોય અને મા પાણીનો ગ્લાસ લઈને સામે આવે એ રીતે આ નર્મદા મૈયા સૌરાષ્ટ્રના તમામ ગામોની અંદર લોકોની તરસ છીપાવવા માટે આંગણા સુધી ગઈ છે. નર્મદાના આવવાથી સૌરાષ્ટ્રના જે જિલ્લાઓ છે સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર, અમરેલી, જામનગર, જુનાગઢ, પોરબંદર અને કચ્છ ત્યાંના ૪૮૭૭ ગામો અને ૯૦ શહેરોને આનો લાભ મળવાનો છે. આ નર્મદા આવવાના કારણે સુરેન્દ્રનગર જિલ્લાના સાત તાલુકાના ૩૫૪ ગામો અને ૩,૪૭,૯૫૧ હેકટર જમીનમાં પિયત થવાનું છે, રાજકોટ જિલ્લાના બે તાલુકાના બાવન ગામો અને ૪૪૫૦૩ હેકટર જમીનમાં પિયત થવાનું છે, ભાવનગર જિલ્લાના ચાર તાલુકાના ૯૯ ગામો અને ૬૫૨૯૨ હેકટર જમીનમાં પિયત થવાનું છે, સૌરાષ્ટ્ર અને કચ્છનો ખેડૂત જો પાણી દેખે.. એક ટુંકો જ દાખલો દઉં કે માળીયા તાલુકો કે જ્યાં તળની અંદર બિલકુલ પાણી નથી., કૂવો ગાળો એટલે ખારું પાણી નીકળે, પણ આ નર્મદાનું પીવાનું પાણી એ માળીયાની અંદર આવ્યું ત્યારે લાખ્ખો માણસો ઉમટી પડયા ત્યારે ઘણા વડીલો હતા એના મનની અંદર હતું કે નર્મદાનું પાણી માળીયા સુધી કેનાલમાં આવે? આપણે ગામડામાં જે ખેતરની અંદર કૂવાનો ધોરિયો કરતા હોઈએ છીએ એ ધોરિયાની અંદર પણ ક્યાંક પાણી છલકાતું હોય અને અનલેવલ ધોરિયો થતો હોય ત્યારે ૭૦૦ કિલોમીટર સુધી નર્મદાનું પાણી આવે, માળીયા સુધી આવે, ઘણા વડીલોને આંખમાંથી આંસુ આવી જતા હતા કે નર્મદાનું પાણી માળીયા આવ્યું? આવા જે ખેડૂતો છે અને જે આ નર્મદાનું પાણી માળીયા સુધી આવ્યું છે એમાં માળીયા તાલુકાની અંદર સૂકો અને ખારો તાલુકો, પણ માળીયા તાલુકામાં જે અત્યારે કેનાલમાં પિયતના પાણી કે પીવાના પાણી વહેતા હતા એમાંથી માળીયા તાલુકાના કેનાલની આજુબાજુના ખેડૂતોએ ભલે ચોરીછૂપીથી પોતાના ખેતરની અંદર પિયત કર્યુ અત્યારે એ ખેડૂતોને ખબર પડી કે પિયત કરવાથી આટલું બધું ઉત્પાદન આવે, જે ૨૦૦૨ થી ૨૦૦૫ સુધીમાં આ ત્રણ વર્ષની અંદર જે ઉત્પાદનની અંદર વધારો થયો, ખરીફ પાકમાં ૨૦૬૫ મે.ટન, ૨૦૦૩-૦૪ માં ૬૨૮૩૫ મે.ટન અને ૨૦૦૪-૦૫ માં ૧ લાખ ૬૫ હજાર મે.ટન ઉત્પાદનમાં વધારો થયો.

ગુજરાત સૌરાષ્ટ્રની અંદર નર્મદાનું પીવાનું પાણી આવવાને કારણે જે શહેરો માટે ડેમો અનામત રાખેલા છે, જે ડેમોની અંદર પાણી પીવા માટે શહેરોને પૂરું પાડવા માટે જે વિસ્તારમાં નર્મદાનું પિયત માટે પાણી નથી જવાનું પણ તે વિસ્તારની અંદર દા.ત. રાજકોટ જિલ્લાની અંદર ભાદર ડૅમ હોય, આજી ડેમ હોય, મોરબીની અંદર મચ્છુ-૧ હોય, મચ્છુ-૨ હોય આવા સૌરાષ્ટ્રના ઘણાં ડેમો છે જેમાં પીવા માટેના પાણી અનામત હતા આ નર્મદાના પીવાના પાણીના કારણે આ અનામત ડેમોની અનામત ઉઠી જશે અને ખેડૂતો માટે વધારેમાં વધારે પિયત થશે એવા પણ દરેક જિલ્લાની અંદર લાભ મળવાના. સૌરાષ્ટ્ર નહેરના જે પાણી લઈ જવાનું છે તેમાં એશિયાની અંદર મોટામાં મોટું પમ્પીંગ સ્ટેશન બન્યું હોય તો અહીંયા નર્મદા આધારિત ઢાંકી પાસે બન્યું. તેની અંદર પમ્પીંગ સ્ટેશન ચાલુ છે. ૨૦૦૭ સુધીમાં તમામે તમામ પમ્પીંગ સ્ટેશનો ચાલુ થવાના. જે આપણી સાત માઈનોર કેનાલો છે તેને કારણે સૌરાષ્ટ્રની અંદર ધ્રાંગધ્રા, લીંબડી, બોટાદ, મોરબી આ નહેરની શાખાઓ ચાલુ થવાની તેના કારણે ઘણાં ખેડૂતોને મોટો ફાયદો થવાનો અને સૌરાષ્ટ્રની અંદર જે વરસાદને કારણે મને

યાદ છે આજે ૧૦-૧૫ વર્ષ પહેલાં ગામડાંની સ્થિતિ એવી હતી કે સામાન્ય ઘરની અંદર એક ખર્ચ કાઢવો હોય કે દીકરી-દીકરાના લગ્ન કરવા હોય કે સામાન્ય મકાન બનાવવું હોય તો આ ખેડૂતો નહોતા બનાવી શકતા. પણ છેલ્લાં પાંચ વર્ષની અંદર જે પાણી રોકવાના પ્રયત્ન કરવાને કારણે સૌરાષ્ટ્રનો ખેડૂત તે ખર્ચ કરી શકે છે. મકાન બનાવી શકે છે અને દીકરા દીકરીના લગ્ન પણ કરી શકે છે. અત્યારે આપણે કહીએ છીએ આજથી ૧૦ વર્ષ પહેલાં ગામડાંની અંદર કોઈ માણસ બીમાર પડે તો તેને દવાખાને લઈ જવો હોય તો ગામડાંની અંદર એક મોટર સાઈકલ ભાગ્યશાળી કદાચ હોય તેના ઘરે એક મોટર સાઈકલ કદાચ જોવા મળે. આજે ગામડાંની અંદર તમામે તમામ ગામડાંની અંદર ૫૦ ટકા કરતા વધારે લોકોના ઘરમાં હોન્ડા મોટર સાઈકલો છે તેનું મુખ્ય કારણ છે કે સૌરાષ્ટ્રની અંદર રોકેલા પાણીએથી ખેડૂતોએ સિંચાઈ કરી, લિફ્ટ ઈરીગેશનના પ્રયત્નથી સિંચાઈ કરી છે અને વધારેમાં વધારે ઉત્પાદન મેળવવાના કારણે અત્યારે ગામડાનો ખેડૂત આબાદ થયો. જ્યારે નર્મદાના પાણી જે વહી જવાના છે તેમાં જે કચ્છને જોડતો સુરજબારીનો પુલ છે તેમાં જૂના બ્રિજની બાજુમાં એક બ્રિજ નવો તૈયાર થયો છે બીજો બ્રિજ પણ બને છે પણ જૂનો બ્રિજ છે જો અહીંયા આડબંધ બાંધવામાં આવે ખાલી પાંચ મીટરનો જે ભરતીનું પાણી દરિયાનું છેક હળવદ તાલુકાના ટીકર સુધી આ જમીનને જે બગાડે જો અહીંયા આડબંધ બાંધીને નર્મદાનું વહી જતું પાણી જો સુરજબારીનો જૂનો પુલનો ઉપયોગ કરી ત્યાં જો રોકવામાં આવે તો ઓછામાં ઓછા હળવદ તાલુકાના ટીકર સુધી પચાસ થી સાંઈઠ કિલોમીટરના એરિયામાં મીઠાં તળાવ બની શકે અને દરિયાનું ભરતીનું પાણી જે અંદર જાય છે તે બંધ થાય. અત્યારે ભરતભાઈ જે વાત કરતા હતા કે આ પિયત માટેની મંડળી આખા ગુજરાતની અંદર પાંચ હજાર ઉપર મંડળીઓ બનવાની અને ખરા અર્થમાં જો આ મંડળી બનાવવામાં આવે અને તેને કારણે ખેડૂતો જો આમાં ભાગીદાર બને તો તેનો મારાપણાનો ભાવ ઊભો થાય અને પાણીનો બગાડ ઓછો થાય અને વધારેમાં વધારે પિયત કરી શકે. ખાલી સૌરાષ્ટ્રની અંદર ૧૭૧૭ આ લિફ્ટ ઈરીગેશનની મંડળીઓ બનવાની. આ નર્મદા યોજના જેમ આપણે કહીએ છીએ સર્વની યોજના છે તો તમામ સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે આ મંડળીઓ બનાવવામાં સૌ સભ્યો સહકાર આપે અને ગામડામાં ખેડૂતો વધુમાં વધુ લાભ લઈ શકે અને વધારેમાં વધારે પિયત કરી શકે એવા પ્રયત્ન કરવા માટે મારી વિનંતી. આ જ્યારે નર્મદાના પાણી નદીઓમાં આવ્યા એક મારા મોરબી તાલુકાના થોરાડા ગામનો દાખલો દઉં. જેમ ઉત્તર ગુજરાતમાં આ **છારવાના પાણી પીવાના કારણે જે હડકવાના** સાંધા જલાય છે તે અમારા મોરબી તાલુકાની અંદર થોરાડા ગામ છે તે ગામની અંદર કોઈ પણ માણસ હોય તેના દાંત ૨૫-૩૦ વર્ષની ઉંમર થાય અને દાંત સડી જાય છે. એ પાણીના કારણે એ ગામનો માણસ મળે તો ખબર પડી જાય કે આ થોરાળા ગામનો માણસ છે. આવા ગામોના લાખો લોકોના આશીર્વાદ આપણને મળવાના છે, કે જેમને આપણે મીનરલ વોટર જેવું પાણી ગામડાની પ્રજાને પીવા માટે મળ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માળિયા કે જોડિયા તાલુકાના છેવાડાના રણકાંઠાના ગામડા છે, ત્યાં લોકોને પીવાના પાણીની પરિસ્થિતિ કેવી હતી એ અમે જોઈ છે. ગામડાની બહેનો ખેતીકામ કરતા કરતા સમય ન હોય, છતા પણ વહેલી સવારે કે રાત્રે મોડે સુધી પાણી ભરવા માટે ૫, ૫ કિલોમીટર સુધી જતી હતી. આજે દરેક વિસ્તારમાં જૂથ યોજનાના પાઈપલાઈનના કામો પુર્ણ થયા છે. નર્મદાના પાણી ગામના પાદર સુધી પહોંચ્યા છે. નર્મદાના સારામાં સારા કામો વધુમાં વધુ ઝડપથી થાય છે. હમણાં માનનીય મુકેશભાઈએ ઉંચાઈ માટે વાત કરી કે અહેમદભાઈ પટેલને અને વડાપ્રધાનને તેમજ સોનિયાજીને અભિનંદન આપું છું. અભિનંદન અમે બધાને આપીએ છીએ. આજે નરેન્દ્રભાઈ પ્રયત્નો કરે છે, એમને પણ અભિનંદન છે. જે આમાં સહકાર આપે છે એ બધાને લાખ લાખ અભિનંદન છે. આજે જે માગણીઓ આવી છે તેને મારું સમર્થન આપું છું.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી માગણી ક્રમાંક ૨૧, ૨૨, ૨૩ અને ૬૫ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની માગણીઓ બાબતે ઘણા મુરબ્બીઓએ ચર્ચા કરી છે, તેથી એ બાબતે વિશેષ વાતમાં જતો નથી. હું અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. આજે ગામડામાં રહેતા ગરીબ લોકો છે, એમને સસ્તુ અનાજ કયાંથી મળે, સસ્તુ કેરોસીન કયાંથી મળે એ મહત્વનું છે. ઘણા મિત્રોએ કહ્યું કે કાળાબજાર થાય છે. શહેરોમાં જરૂર થતા હશે, પણ ગામડામાં ખરેખર નથી. ભારત સરકારની જે યોજના છે, કુપન દ્વારા અનાજ આપવામાં આવે છે એ અનાજ પૂરતા પ્રમાણમાં અને સમયસર ગામડાઓમાં મળી રહે તો લોકો એનો પૂરતો ઉપયોગ કરી શકે. સાથે સાથે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે આજે લોકો ધીરે ધીરે ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં, માત્ર ડાંગ જિલ્લામાં જ નહીં, સમગ્ર દક્ષિણ ગુજરાતમાં હુન્ડા મશીન ઉપર કેરોસીનથી પિયત ખેતી કરતા થયા છે. એના માટે કેરોસીનનો જે કવોટા પહેલા હતો એ કાપવામાં આવ્યો છે, ઓછો કરવામાં આવ્યો છે. એ કવોટા વધારવામાં આવે એવી મારી વિનંતી છે. કેરોસીન ૮ કે ૧૦ લીટર આપવામાં આવે છે તે વધારીને એક કાર્ડ ઉપર ૧૫ થી ૨૦ લીટર અપાય એવું આયોજન કરીને જેની પાસે હુન્ડા મશીનો છે અને આદિવાસીઓ જ માત્ર નહીં, દક્ષિણ ગુજરાતમાં ગમે ત્યાં જાઓ, હાઉસમાં પણ આ વાત થઈ છે. એક લીટર કેરોસીનમાં ૫ કલાક એ મશીન ચાલે છે. એનાથી લોકો આજે ખેતી કરે છે. એટલા માટે

મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે કેરોસીનનો કવોટા ખાસ કરીને ગામડામાં વધારે. સીટીમાં આજે ૨૪ કલાક લાઈટ મળે છે. તેથી ગામડામાં વધારે જરૂર છે. પહેલા જે કાળાબજાર થતા હતા અને પેટ્રોલપંપવાળા કરતા હતા એ હવે ઓછું થઈ ગયું છે. આના કારણે મારી વિનંતી છે કે ગામડામાં વધારેમાં વધારે કેરોસીન ફાળવે. સરકાર સરવે કરીને જે ખેડૂત પાસે હુન્ડા મશીનો છે એમને વધારેમાં વધારે કેરોસીન આપે એ હું ધ્યાન દોરવા માગું છું.

બીજી વાત એ છે કે બી.પી.એલ.કાર્ડ અને સી.પી.એલ. કાર્ડ, સફેદ કાર્ડ અને લાલ કાર્ડ છે, એમાં લોકો ગુંચવાઈ જાય છે. બે રૂપિયે કિલો ફલાણા કાર્ડ ઉપર મળે છે, પાંચ રૂપિયે કિલો ફલાણા કાર્ડ ઉપર મળે છે. મારે કહેવું છે કે આજે ગુજરાતમાં ૮૦ ટકા લોકો ગરીબી રેખા નીચે અને મજૂરી ઉપર જીવનારા છે. એમને માટે ભારત સરકાર અને રાજય સરકાર બી.પી.એલ. અને સી.પી.એલ. એવો ભેદ ન આવવો જોઈએ. કારણ કે ઘણા લોકો વિધવા બહેનો કાર્ડ લઈને જાય તો કહે કે સફેદ કાર્ડ લઈને આવ્યા તો બે રૂપિયે કિલો ઘંઉ કે ચોખા નથી આપ્યા.એ પરિસ્થિતિ જયારે ઉભી થતી હોય તો સરકારે એના માટે નીતિ નકકી કરવી જોઈએ કે ગરીબી રેખા નીચે જીવતા મજૂરો હોય તેમને એકસરખી નીતિથી અનાજ અને ચોખા મળી રહે તેવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ કરવી છે કે ઘણાં ગામ એવાં છે કે જયાં ત્રણ-ત્રણ, ચાર-ચાર, પાંચ-પાંચ કે દસ-દસ કિલોમિટરના અંતરે સસ્તા અનાજની દુકાનો આવેલી છે. અમૂક ગામડાંમાં છેલ્લે હવે એમાં દુકાનો થઈ છે, પરંતુ પછાત વિસ્તારો છે, જંગલ વિસ્તારો છે અને નદીનાળાંવાળો વિસ્તાર છે ત્યાં સરકાર મારફતે મારી વિનંતી છે કે સરવે થાય અને એ સરવે કરીને જયાં આવી અનાજની દુકાનો અને કેરોસીનનાં લાઈસન્સ આપવાં પડે તો આપે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી બીજી વાત એ છે કે મોટેભાગે આજે ગામડાંમાં પછી એ પંચમહાલ, ગોધરા કે ડાંગ હોય એ ગામોમાંથી મજૂરો મજૂરી કરવા માટે બહાર જાય છે ત્યારે એમના કાર્ડ ઉપર મને લાગે છે કે આવા ઘઉં અને ચોખા ઉપાડી લેવામાં આવે છે. મને ખ્યાલ છે કે હું એક સમિતિમાં હતો અને અમે પચમહાલમાં ગોધરા જિલ્લામાં ગયા હતા ત્યાં એક બે જગ્યાએ તપાસ કરતાં ત્યાંના કાર્ડધારકોને પૂછયું કે તમે પાંચ કિલો અનાજ કે ખાંડ લીધાં છે તો તેમણે કહયું કે ના લીધાં નથી. તો આવા કાળાબજાર થતા હોય છે એની ઉપર પણ આ સરકાર તકેદારી રાખે અને ગરીબ લોકોના નામે આ રીતે કાળાબજાર ના થાય એના માટે તકેદારી રાખે એટલી મારી વિનંતી સાથે હું વિરમું છું.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી અને જળસંપત્તિ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એ માગણીઓને હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા જે વિતરણ વ્યવસ્થા સમગ્ર રાજયમાં અને એમાંય પણ રાજયની ૫ કરોડની જનતામાં છેવાડાના માનવીની ચિંતા આ વિભાગ મારફતે જે રીતે થઈ રહી છે, આ રાજયમાં અતિ પછાત લોકો, પછાત લોકો અને મધ્યમવર્ગના લોકો એની ચિંતા આ રાજયના વિભાગ મારફતે જે રીતે છેવાડાના માનવીની ચિંતા કરવામાં આવી છે, આ રાજયમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને માસિક વ્યકિતદીઠ ૧ા કિલો પ્રમાણે, કુટુંબદીઠ ૯ કિલો પ્રમાણે ઘઉંનું વિતરણ ૨ રૂપિયાના ભાવે આ વિભાગ મારફતે કરવામાં આવે છે અને ચોખાનું વિતરણ પ્રત્યેક કુટુંબદીઠ રૂપિયા ૩ ના ભાવે ૩ા કિલો મુજબનું વિતરણ આ વિભાગ મારફતે કરવામાં આવે અને એમાં કેન્દ્ર સરકાર દ્વારા જે ભાવે આપણને અનાજ આપવામાં આવે છે એના કરતાં પણ ઓછા ભાવે વિભાગ દ્વારા અતિ પછાત લોકોને અનાજનું વિતરણ આ વિભાગ મારફતે થાય અને એમાં જે કાંઈ ખોટ આવે એ રાજય સરકાર દ્વારા સબસિડીના ભાગરૂપે આ વિભાગ મારફતે ચૂકવવામાં આવે છે. અત્યારસુધીમાં ૨૯ લાખ કુટુંબોને આ વિભાગ દ્વારા આ અન્ન વિતરણની વ્યવસ્થા વિભાગ મારફતે કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંત્યોદયની યોજના અતિ ગરીબ જે લોકો રાજયમાં વસે છે એવા લોકોને કુટુંબદીઠ ઘઉં ૨૮ કિલો આ વિભાગ મારફતે આપવામાં આવે છે અને એ ૨ રૂપિયાના ભાવે અપાય છે એ રીતે ચોખાનું વિતરણ પણ ૩ રૂપિયાના ભાવે ૭ કિલો ચોખાનં વિતરણ થાય છે અનૈ એમાં પણ ૪૦ કરોડ રૂપિયાની સબસિડી આ રાજય સરકાર ભોગવે છે. ૬,૪૩,૭૦૦ કુટુંબોને આ યોજના મારફતે આ વિભાગ દ્વારા આ લાભ આપવામાં આવે છે. આવતા દિવસોમાં ૧ લાખ ૬૯ હજાર અને ૧૦૦ કુટુંબોને વધુ લાભ મળે તેવી પણ વ્યવસ્થા આ વિભાગ દ્વારા કરવામાં આવી છે. કેરોસીનના વિતરણની વાત હોય, ગેસના વિતરણની વાત હોય, કે ગરીબી રેખાની નીચે જીવતા કુટુંબોની યોજનાની વાત હોય, ઉમર લાયક લોકોને પેન્સન અંતર્ગત અન્નપૂર્ણા યોજનાની વાત હોય, ૬૫ વર્ષથી ઉપરના નિરાધાર વૃધ્ધોને પેન્સન મળવાપાત્ર છે તેના ભાગરૂપે દસ કિલો અનાજનું વિતરણની વ્યવસ્થા પણ આ વિભાગ દ્વારા કરવામાં આવી છે અને એ યોજનાનો લાભ ૨૦ હજાર પરિવારોને મળી રહ્યો છે. આદિવાસી કન્યાને વિના મૂલ્યે અનાજ વિતરણની યોજના અંતર્ગત આ વિભાગ દ્વારા ધોરણ એક થી સાત માં ભણતી કન્યાઓને ૩૦-૩૦ કિલોના બે ભાગમાં કુલ ૬૦ કિલો અનાજનું વિતરણ પણ કરવામાં આવે છે. સંકલિત બાળ વિકાસ યોજનાની વાત હોય, સગર્ભા મહિલાઓ જે આદિવાસી વિસ્તારમાં વસતા હોય અને જેમની શારીરિક પરિસ્થિતિ નબળી હોય, જેમનું વજન ૩૫ કિલો થી ઓછું હોય તેવા લોકોને

છ કિલો ચોખા વિના મૂલ્યે આ વિભાગ દ્વારા વિતરણ કરવામાં આવે છે. કામ અને અનાજનો રાષ્ટ્રીય કાર્યક્રમ છે, ફૂડ ફોર વર્ક તેનો અમલ પણ આ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યો છે. જે રીતે મોટા શહેરોમાં રીક્ષા દ્વારા અને અન્ય વાહનો દ્વારા પોલ્યુશન થતું હતું તેમાં પણ અત્યારે સી. એન. જી. નું વિતરણ થઈ રહ્યું છે અને તેનાથી પોલ્યુશનનો અતિ ભારે હેડેક પણ આપણે ઓછો થયેલો જોઈ રહ્યા છીએ. મારા મિત્ર ગોવાભાઈ બેઠા છે, ત્યારે મારે ગોવાભાઈને એટલા માટે યાદ કરવા છે કે અતિ પછાત લોકો પોતાના વ્યવસાય અર્થે રાજયના જુદા જુદા ભાગમાં રોજી મેળવવા જતા હોય છે, તેવા સમયે એમને રોમિંગ કાર્ડ આપીને તેઓ જે જગ્યાએ મજૂરી કરવા માટે જાય અને રોજી મેળવતા હોય તે જગ્યાએ તેમને અનાજનો પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા પણ આ વિભાગે કરી છે અને એમાં ખાસ કરીને માલધારી લોકો પણ આવી જતા હોય છે. આ રીતે સમગ્ર સમાજની ચિંતા આ વિભાગ કરી રહ્યો છે.

નર્મદા મંત્રીશ્રી જયારે પોતાની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે ૧૨૧ મીટરની હાઈટની મંજૂરી મળી અને તે જ મિનિટે આ વિભાગે તેની કામગીરી ચાલુ કરી દીધી, અમે છેવાડાના જિલ્લાના, બનાસકાંઠા જિલ્લાના વતની છીએ. ત્યારે ચોકકસ અમે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપીએ છીએ કે પાણી જે ઉલેચીને અમારા જિલ્લા સુધી આવવાનું છે તેમાં હાઈટ વધવાથી તે ઓછું થવાનું છે. અને તેના કરણે વીજળીનો પુરવઠો બચવાનો છે અને અમારે ત્યાં પાણી વહેલું આવશે તેવી આશા બંધાઈ છે એટલા માટે આ માનનીય મંત્રીશ્રીને પણ હું આપના મારફત અભિનંદન આપું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક પુરવઠા અને જળ સંપત્તિ વિભાગની માગણી ક્રમાંક ૨૧, ૨૨, ૨૩ અને ૬૫ લઈને માનનીય મંત્રીશ્રીઓ આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી નર્મદાની ડિમાન્ડ છે, નર્મદા એ ગુજરાતની જીવાદોરી છે. પરંતુ કોઈક મિત્રો એમ પણ વાત કરે છે કે પાંચ વર્ષમાં થયુ, દસ વર્ષમાં થયું, પેલાએ કર્યુ, પણ આ નર્મદા યોજના એ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતની જીવાદોરી છે. નર્મદાનો પાયો કોણે રચ્યો? તમે જયારે સત્તા ઉપર આવ્યા ત્યારે નર્મદાનું કેટલું કામ થયું હતું? કમસેકમ એટલું તો બિરદાવો. આનો પાયો રચ્યો તે દિવસે એક પણ એન્જિનિયર નહોતા, ટેકનિકલ માણસ નહોતા, અને રૂપિયો તો જોવા નહોતો મળતો, આ પરિસ્થિતિમાં પાયો રચાયો છે, નર્મદાની જીવાદોરી આ ગુજરાત માટે ભવિષ્યમાં ૨૫-૫૦ વર્ષ પછી આ ગુજરાત માટે એવી પરિસ્થિતિ ઉભી થશે
કે લોકોને પીવાના પાણી માટે ફાંફાં મારવા પડશે એનો ખ્યાલ રાખીને એનો સંકલ્પ કરીને સ્વ. જવાહરલાલ નહેરુએ આ યોજનાનો પાયો નાંખ્યો હતો. એમાં આપણે તો ફક્ત વધારો કરીએ છીએ. એણે ભવિષ્યકાળને જોયો હતો, ભવિષ્યમાં શું થવાનું છે, ભવિષ્યમાં શેની જરૂરિયાત પડવાની છે એ ધ્યાનમાં રાખીને આ કર્યુ છે. એમણે કોઈ એના માટે રથ નહોતો કાઢ્યો. એણે ભવિષ્યકાળને જોઈને આ કર્યું હતું. (અંતરાય) માનનીય પ્રવિણભાઈ, નર્મદા યોજના એ તો આપણા સૌની જીવાદોરી છે. એ કોઈ પક્ષ કે કોઈ પાર્ટીની નથી. એટલું યાદ રાખો કે તમે કહેતા પહેલા વિચાર કરો કે તમે સત્તા ઉપર આવ્યા ત્યારે નર્મદા યોજનાનું કેટલું કામ થયેલ હતું અને તમે કેટલું કામ કર્યુ છે. એની ઊંચાઈ વધારવા માટે પુનઃવસવાટની પ્રક્રિયા ચાલી રહી હતી એ જેમ જેમ થતું ગયું તેમ તેમ ઊંચાઈ વધારતા ગયા એમાં કોઈએ ધાડ મારવાથી નથી વધતી? ગુજરાતની પ્રજાના અવાજથી એની લાગણીથી અને ત્યાં પુનઃવસવાટ થવાથી આ થયું છે. આ મિત્રો અહીંયા બેઠા છે અમારી સરકાર જ્યારે મધ્યપ્રદેશમાં હતી ત્યારે કહેતા હતા કે નર્મદા યોજનાના ભાગીદાર રાજયો પૈસા નથી આપતા. અત્યારે ત્યાં તમારી સરકારો છે. વીજળી વાપરવી હશે ૫૦૦ કરોડ કે એક હજાર કરોડ બાકી નીકળે છે. તમારી સરકાર ત્યાં છે તેથી રાજસ્થાન પાસેથી કે મધ્યપ્રદેશ પાસેથી પૈસા લઈ લોને? તે દિવસે તો તમે કૂદી કૂદીને કહેતા હતા. કોઈ રાજય પૈસા આપે કે ન આપે ગુજરાતમાં ગમે તેની સરકાર હોય નર્મદા એ ગુજરાતની જીવાદોરી છે, આપણે સૌએ સાથે મળીને એના માટે પ્રયાસ કરેલો છે અને કરી રહ્યા છીએ. નર્મદા જેવા કંઈક ડેમો ગુજરાતની અંદર બનાવ્યા છે. તેમ છતાં અમે કોઈ પણ વખત કહ્યું નથી કે આ અમે બનાવ્યું છે. જ્યારે તમે તો એક ડેમ બનાવી દીધો એમાં તો વાત કરો છો. અમે જે કર્યુ એ તો તમને દેખાતું નથી. ગુજરાતની તમામ નદીઓ ઉપર અમે ડેમો બનાવ્યા છે. લાખો કરોડો એકર જમીનમાં સિંચાઈ થઈ રહી છે. ઉકાઈ ડેમ બનાવ્યો નર્મદા ડેમ બનાવ્યો એ કોણે બનાવ્યો એ તો કહો? (અંતરાય) સૌરાષ્ટ્રનું નામ ભૂલી જાવ, નર્મદા યોજના ફક્ત સૌરાષ્ટ્રની જ નથી, સમગ્ર ગુજરાતની જીવાદોરી છે. તમે ફક્ત સૌરાષ્ટ્રને લઈને ન બેસો. સૌરાષ્ટ્રની અંદર નર્મદાના પીવાના પાણી કે ખેતી માટે પાણી મળતા હશે, પરંતુ માનનીય જયંતિભાઈ એનું પ્લાનિંગ કોણે કર્યુ, એનો સરવે કોણે કરાવ્યો, એનું કામ કોણે શરૂ કરાવ્યું. ખાલી ભૂંગળામાં પાણી નાખવાથી બધું જ માથે ન લઈ લો. એનું સરવે કામ કોણે કર્યુ છે એ કાલે જઈને પૂછી આવો કે એ કઈ સાલમાં થયું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય ગોવાભાઈ, નર્મદા યોજનાથી શું શું ફાયદા થવાના છે અને શું ખૂટે છે એની વાત કરો.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : નર્મદા યોજનાની ઊંચાઈ વધવાથી અમે ચોક્કસ ખુશ છીએ. અમારા જિલ્લાની અંદર સાંતલપુર, રાધનપુર, વાવ અને અડધો દિયોદર અને કાંકરેજ તાલુકાની પ્રજા વરસોથી રાહ જોઈને બેઠી છે. અત્યારે મેઈન કેનાલ સિવાય બીજા કોઈ કામો થતાં નથી. અમારી મંત્રીશ્રીને વિનંતી છે કે મેઈન કેનાલ સાથે સાથે બીજી સબ કેનાલોના કામો પણ થવાં જોઈએ. એમાં કોઈની મંજૂરી લેવાની જરૂર નથી, એ તૈયાર જ છે, એનું ૧૦-૧૫ વર્ષ પહેલા સરવે કામ થયેલું જ છે, સ્ટાફ પણ ત્યાં હાજર છે. બધી જ તૈયારી છે ખાલી ચાલુ કરવા માટે મુર્હૂત જોવાનું હોય તો જોવડાવો પરંતુ નર્મદાની મેઈન કેનાલ સિવાયની સબ કેનાલો છે એના કામ તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી મારી વિનંતી છે. વાવ તાલુકાને ૧૧૦ કિલોમીટર દૂરથી પાણી આપીએ છીએ. ૧૧૦ કિલોમીટર લાંબી પાઈપ લાઈન નાખીને પાણી આપવામાં આવે છે તે પણ છેલ્લા ૨૦ વર્ષથી આપીએ છીએ. એમાં પણ નર્મદાનું પાણી જાય તેવી અમારી ઈચ્છા છે. અમને આશા છે કે પીવાનું પાણી વહેલી તકે મળે એનું આયોજન કરવું જોઈએ. સૌરાષ્ટ્રમાં ચોક્કસ મળવું જોઈએ ખેડૂત એ તો જગતનો તાત છે એમાં હું સૌરાષ્ટ્ર છે કે ગુજરાત છે એવું જોતો નથી. પરંતુ અમારી પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. અત્યારે મેઈન કેનાલનું કામ ચાલી રહ્યું છે એ જો એકાદ કે બે વર્ષમાં પૂરું કરવાનું હોય તો સાઈડનું જે સબ કેનાલનું કામ છે એમાં ટાઈમ લાગશે એ કામ તો ચાલુ કરો. ત્યાં પીવાનું પાણી નથી. આ ૧૧૦ કિલોમીટરથી કેવી રીતે પીતા હશે? તો સૌરાષ્ટ્રને ડબલ કરો પણ તેની સાથે સાથે ગુજરાતમાં વાવ-થરાદમાં વસતા લોકો પણ ગુજરાતના લોકો છે. તેમનો પણ અધિકાર છે. સૌરાષ્ટ્રને ડબલ આપો, ચાર ગણું આપો અમે સંમત છીએ પણ સાથે સાથે વાવ તાલુકા જેવો પાકિસ્તાનની બૉર્ડર ઉપર આવેલો છે. ૧૧૦ કિલોમીટરથી લઈને પાણી પીવે છે. તેની તમે થોડી ચિંતા કરો. એ પણ ગુજરાતનો ભાગ છે. ભલે પાકિસ્તાનની બૉર્ડર છે અને ગુજરાતનો છે. તેને તમે પાકિસ્તાન ન સમજતાં. તેને પાણી આપો એ પણ મારું સૂચન છે.

નર્મદામાં હજી ઘણું બધું કરવાનું છે. આપણે સૌએ સાથે મળીને કરવાનું છે અને ઝડપથી કરો. વીજળીમાં મોટામાં મોટો હિસ્સો મધ્યપ્રદેશ અને મુંબઈનો છે. પરંતુ પાણી માટે આપણો હિસ્સો છે. તો પાણી માટે તાત્કાલિક તમામ યોજના થોડો થોડો કાપ મૂકીને આમાં વધારો કરીને વધુને વધુ કરો. કામ થશે, ઉંચાઈ થશે પણ કેનાલ નહીં થઈ હોય તો પાછી મુસીબત છે. મેઈન ગ્રાસ રૂટનો માણસ જરૂરિયાતમંદ માણસ છે. એ તો એમ જ બેસી રહ્યો છે. આપણે શહેરમાં પાણી પાઈશું, પાવું જોઈએ. અમને વાંધો નથી. પરંતુ સાથે સાથે જ વર્ષોથી દેવીમાના દર્શન કરવા બેઠેલો છે જે ગ્રાસ રૂટનો, જમીનમાં પેદા થયેલ, જમીનનો માણસ કહેવાય છે એ વાસ્તવિકતાવાળો રહી જશે માટે તેની પણ ચિંતા કરો. ઉંચાઈ જેવી પૂરી થાય તેવી તમામ સિંચાઈની કેનાલો પૂરી થઈ જાય એવું પ્રોવિઝન અને આયોજન કરો અને પૈસાની જોગવાઈઓ કરો. ખાલી ભાષણ કે વાતો કરીશું તો નહીં થાય. એ તમે કરો. પાઈપલાઈનનું શહેર માટે કરો. તેનો વાંધો નથી પણ ખેતીવાળું છે તેમાં પ્રોવિઝન કરીને વહેલામાં વહેલું આપો એવું મારું સૂચન છે. નર્મદાની અંદર કોઈએ ટીકા-ટિપ્પણ કરવી નહીં જોઈએ. સમગ્ર ગુજરાતની જનતાની જીવાદોરી છે. મારે તમને કહેવાનું છે. તમે જે બોલો છો કે અમે પાંચ વર્ષમાં કર્યું, દસ વર્ષમાં કર્યું એ નહીં કરો, કારણ કે તમને ખબર નથી મને લાગે છે કે આ નર્મદા કેવી રીતે બની? ક્યારે બની? આ મંત્રીશ્રીઓને ખબર છે. એ નહીં બોલે પણ તમને ખબર નથી કે આ નર્મદા કેવી રીતે ઉભી થઈ છે? કેવી પરિસ્થિતિમાં ઉભી થઈ છે? એ વખતના સંજોગો શું હતા? અનાજ નહોતું પાકતું. અમૅરિકાના સડેલા ઘઉં ખાતા હતા. (અંતરાય) મિત્રો, એ પરિસ્થિતિમાં થયું છે. એટલે આપણે સૌ સાથે મળીને નર્મદાને આગળ વધારો અને મંત્રીશ્રીને વિનંતી છે કે અમારા વાવ તાલુકાને ગુજરાતનો ગણીને વહેલી તકે પીવાનું પાણી અને કેનાલ આપે.

નાગરિક પુરવઠામાં ઘણાં બધાં સૂચનો છે. આપણું નિગમ છે એ સારામાં સારો નફો કરે છે. ભલે કરે, નફો ન કરવો જોઈએ છતાં કરે છે. તેમ છતાં ૫૦ ટકા કર્મચારીઓને છૂટા કરી દીધા છે. જે ગરીબ માણસ છે.કર્મચારીને એક વખત નોકરી મળે એટલે તેના પરિવારને, મા-બાપને થાય કે મારો દીકરો ઠેકાણે લાગી ગયો અને અધવચ્ચે છૂટો કરી દઈએ તો ગરીબ માટે ઘર ઉજાડવા જેવું છે. નિગમ નફો કરતું હોય તો આવી નોકરી કરતાં માણસોને છૂટા ન કરવા જોઈએ. આ પણ મારી મંત્રીશ્રીને વિનંતી છે. કારણ કે ગરીબ માણસ નોકરી કરતો હોય છે. નોકરી કરે એટલે જીંદગી મળી ગઈ એમ માનતો હોય છે અને આ પરિસ્થિતિમાં જ્યારે છૂટો થાય છે ત્યારે તેનું આખું કુટુંબ-સમાજમાં એ બધી જ રીતે બિચારો નાકામ થઈ જાય છે. તો આ અંગે કંઈક કરવું જોઈએ. સાથે સાથે નિગમ થોડો ઓછો નફો કરે તો નીચે થોડું કમિશન વધારીને પણ કરો. એટલું જ નહીં પણ જે કેરોસીનના ડીલરો તાલુકાવાઈઝ જિલ્લાવાઈઝ, એક-એક તેમાં ખૂબ મોટી મીસટેઈક થાય છે. કેરોસીન બારોબાર વેચાઈ જાય છે. મારે કહેવું જોઈએ. નીચે દુકાનોને પકડવાનો કોઈ મતલબ નથી. મેઈન ડીલર સાથે જઈને જૂઓ.

**અધ્યક્ષશ્રી** : માનનીય જયદ્રથસિંહજી.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ.

**અધ્યક્ષશ્રી** : નો.નો.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી માગણી ૨૧, ૨૨ અને ૨૩ અને માનનીય મુખ્યમંત્રીશ્રી માગણી નં. ૬૫ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી નર્મદા બંધની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર થઈ. તેની મંજૂરી નર્મદા કંટ્રોલ ઓથોરિટી પાસેથી આદરણીય મુખ્યમંત્રીશ્રી લઈને આવ્યા તે બદલ આદરણીય મુખ્યમંત્રીશ્રીને .અને માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહને મારા વિસ્તાર વતી ખૂબ-ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા બંધ એ ગુજરાતની જીવાદોરી છે. નર્મદા બંધની જ્યારે શરૂઆત કરવામાં આવી ત્યારે ગુજરાતના ગરીબ ખેડૂતોને આશા હતી કે, ગુજરાતનો વિકાસ થશે, છેક ગામડા સુધી પાણી આવશે, સિંચાઇનું કામ થશે અને એનાથી ગુજરાતનો વિકાસ થશે. આજે આદરણીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત નંબર વન છે. જેને જે કહેવું હોય એ કહે. ગુજરાતનો વિકાસ અને નર્મદાનો વિકાસ આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર કરતી આવી છે અને કરશે. જે લોકો એમ કહે છે કે, આનું ખાત મુહૂર્ત કોણે કર્યું? એ બધા જાણે છે, અમે પણ જાણીએ છીએ. ખાત મુહૂર્ત કર્યા પછી ૧૯૯૫ સુધી શું પરિસ્થિતિ નર્મદા બંધની હતી? એ પણ ગુજરાતની જનતા જાણે છે. ૧૯૯૫ પછી આજની તારીખ સુધી ૧૨૧.૯૨ની મંજૂરી નર્મદા કંટ્રોલ ઓથોરીટી પાસેથી લાવવામાં કેટલી મહેનત ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે એ આપણે બધા જાણીએ છીએ અને એ સ્વીકારવું રહ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા બંધ વિશે આપણે બધા જાણીએ છીએ. અત્યાર સુધીના અંદાજ મુજબ કુલ ખર્ચ ૨૭૦૦૦ કરોડ થવા જાય છે અને અત્યાર સુધી રૂ.૨૦૫૪૬ કરોડ રૂપિયા થયો છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી જે બજેટમાં માગણીઓ લઈને આવ્યા એમાં ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ૨૦૧૪ કરોડ રૂપિયાની પૂરક માગણીઓ સહિત ફાળવેલ છે અને આગામી વર્ષ માટે પણ રૂ.૨૬૦૦ કરોડ જેવી માતબર રકમ, આ એક વિક્રમજનક નિર્ણય ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે લીધો છે અને એને બધાએ સ્વીકારવું રહ્યું. જે રીતે નર્મદા બંધની વાત કરીએ છીએ, જે રીતે હમણાં કચ્છની વાત થઈ, કચ્છ માટે આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે જે કામગીરી કરી છે, નર્મદા યોજનામાંથી કચ્છ જિલ્લાના ૭ તાલુકાના ૧૮૨ ગામોના ૧,૮૨,૭૭૮ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. જિલ્લાના તમામ ૯૪૮ ગામો તથા ૧૦ શહેરી વિસ્તારોને પીવાનું પાણી મળશે જેથી આ વિસ્તારની પીવાના પાણીની સમસ્યા કાયમી ધોરણે હલ થશે. દુષ્કાળગ્રસ્ત આ વિસ્તારમાં દર ત્રીજા વર્ષે હજારો લોકોને તથા તેમના ઢોર-ઢાંખરને પાણી વગર દૂર દૂર સુધીના વિસ્તારમાં સ્થળાંતર કરવું પડતું હતું. તેમાંથી કચ્છના પ્રદેશોને મૂકિત મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ સાથે કયારેય ભારતીય જનતા પાર્ટીની સરકારે અન્યાય નથી કર્યો. કચ્છની અંદર પીવાના પાણીનો પ્રશ્ન હોય, કચ્છની અંદર સિંચાઇનો પ્રશ્ન હોય, કચ્છની અંદર ભૂકંપ આવ્યો હોય, કચ્છની અંદર દુષ્કાળ પડ્યો હોય તો એને બેઠું કરવાની તાકાત ભારતીય જનતા પાર્ટીની સરકાર જ કરી શકે અને માનનીય નરેન્દ્રભાઈ મોદી જ કરી શકે, બીજું કોઈ બેઠું કરવાની તાકાત ન ધરાવી શકે. સમગ્ર ગુજરાતને જે રીતે પીવાના પાણીનો લાભ થવાનો છે, એ ફક્ત કચ્છના પ્રદેશને જ નહીં, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પીવાના પાણી મળી રહે તે માટે આ યોજના સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારો કે જ્યાં આગળ પીવાના પાણી માટે બોર કરીએ તો લગભગ ૧૦૦૦ ફૂટ સુધી જવું પડે તો પણ પીવાના પાણી મળતા નથી અને ઉનાળાના દિવસોમાં ટૅન્કરથી પાણી લાવીને આપવું પડતું હતું. આ નર્મદા યોજના જીવાદોરી સમાન છે. જેના દ્વારા પીવાનું પાણી આપવાનો એક ઐતિહાસિક નિર્ણય ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે લીધો છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ સવારના ૧૦-૩૦થી ૧૧-૦૦)**

**( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છને જે લાભ મળવાનો છે એ ઉપરાંત સમગ્ર રાજયને પીવાના પાણી માટેની જે વાત કરી એમાં રાજયના વધુને વધુ વિસ્તારોને આ યોજના હેઠળ તબકકાવાર આવરી લેવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૨-૦૩માં ૧૨૦૮ ગામોને અને ૩૮ શહેરો, ૨૦૦૩-૦૪માં ૯૪૪ ગામો અને ૩૩ શહેરો, ૨૦૦૪-૦૫માં ૧૮૩૬ ગામો અને ૫૩ શહેરો, ૨૦૦૫-૦૬માં ૨૦૪૪ ગામો અને ૫૭ શહેરોને આ નર્મદા આધારીત પીવાના પાણી અને સિંચાઈની યોજનાનો લાભ સમગ્ર રાજયને મળવાનો છે અને ૮૨૧૫ ગામોને, રાજયના કુલ ૪૫ ટકા ગામોને અને ૧૩૫ શહેરી વિસ્તારોને પીવાના પાણીનો લાભ મળવાનો છે. પાણીની ફાળવણી જે રીતે થઈ છે એમાં મધ્યપ્રદેશને ૧૮.૨૫ મીલીયન એકર ફૂટ, ગુજરાતને ૯ મીલીયન એકર ફૂટ, મહારાષ્ટ્રને ૦.૨૫ મીલીયન એકર ફૂટ અને રાજસ્થાનને ૦૫૦ મીલીયન એકર ફૂટ અને વીજળીની જે ફાળવણી આ નર્મદા બંધમાંથી કરવામાં આવી છે, એમાંથી જે વીજળી ઉત્પન્ન થવાની છે એમાં મધ્યપ્રદેશને ૫૭ ટકા, મહારાષ્ટ્રને ૨૭ ટકા અને ગુજરાતને ૧૬ ટકા વીજળીનો લાભ મળવાનો છે. આ યોજનામાંથી ગુજરાતની ૧૮૪૫ લાખ હેકટર જમીનને સિંચાઈનો લાભ આપણી સરકાર આપી શકવાની છે.

પુર્નવર્સનની વાત કરું તો પુર્નવસનની કામગીરીમાં ગુજરાતની કામગીરી સર્વશ્રેષ્ઠ રહી છે અને સરકારે ઉદાર નીતિ અખત્યાર કરેલ છે જે રીતે નર્મદા યોજના અનેક આંટીધૂંટીમાંથી પસાર થઈને જે દિવસે આપણને ૧૨૧.૯૨ ફુટ હાઈટ વધારવાની પરવાનગી મળી, આપણી સરકારે એક ક્ષણનો, એક પણ ઘડીનો પણ વિલંબ કર્યા વગર નર્મદા બંધની ઉંચાઈ વધારવાના કામની શરૂઆત કરી, જે રીતે ૧૯૯૫ પહેલાની વાત મેં કરી અને જે રીતે આ નર્મદા બંધનું ૬ વર્ષ સુધી જે કામ અટકાવવામાં આવ્યું, જે પર્યાવરણવાદીઓ અને ભાગીદાર રાજયોએ એક વર્ષ પહેલાની જે સરકારો ભાગીદાર રાજયોની અંદર હતી એ લોકાએ ૬ વર્ષ સુધી નર્મદા બંધની કામગીરી થવા ના દીધી, ગુજરાતનો ખેડૂત આતુરતાથી રાહ જોવે કે કયારે મારા ખેતરમાં સિંચાઈનું પાણી આવશે, કયારે હું એમાંથી અમૂલ્ય પાક મેળવીશ અને કયારે ટ્રેકટર ભરીશ. આટલા અમૂલ્ય વર્ષ જે ગુજરાતના ગયાં એ ગરીબ ખેડૂતની હાય જે લોકોએ ૬ વર્ષ સુધી આ નર્મદા બંધ નથી બનવા દીધો એ લોકોને આ ગરીબ ખેડૂતોની હાય ભરખી જશે એમાં કોઈ મીનમેખ નથી. નર્મદા આધારિત જે સુજલામ સુફલામ યોજના હેઠળ પીવાના પાણીની યોજના આપણી સરકારે બનાવી, મને યાદ છે કે એન.ડી.એ.ની સરકાર અને આદરણીય માનનીય અટલબીહારી બાજપાઈજી વડાપ્રધાન હતા ત્યારે આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી સુજલામ સુફલામ યોજના હેઠળ કરોડો રૂપિયાની ગ્રાંટ કેન્દ્ર સરકારમાંથી મંજૂર કરાવીને લાવ્યા હતા અને એમાંથી મોટા ભાગનું કામ થયું ત્યાર પછી કેન્દ્ર સરકારે ગ્રાન્ટ આપણને આ સુજલામ સુફલામ યોજના માટે નથી આપી. અહીં વિરોધ પક્ષના દંડકશ્રી કહેતા હતા રવિવારે અમે જવાના છીએ, આ નર્મદા યોજનાની વાત કરવા માટે, એમને હું વિનંતી કરું કે જો તમારું ઉપજે તો રવિવારે આ વાત કરજો કે અમારા આદરણીય મુખ્યમંત્રીશ્રી એન.ડી.એ.ની સરકારમાંથી જે ગ્રાન્ટ મંજૂર કરાવીને લાવતા હતા એમાં જે કામ અધૂરું છે એ કામ અમારે પૂરું કરવાનું છે. અમારા ગરીબ ગામડાના લોકોને પીવાનું પાણી આપવાનું છે. અમારા ગરીબ ખેડૂતોને સિંચાઈનું પાણી આપવાનું છે. અમારી ગુજરાત સરકારની બાકી પડતી ગ્રાંટ વહેલી તકે મળે એવી વિનંતી જો તમને લાગણી હોય આ નર્મદા યોજનાની તો આ લાગણી તમે કેન્દ્ર સરકાર પાસે વ્યકત કરજો.

માનનીય અધ્યક્ષશ્રી, જે લોકોએ આ યોજનાનું ખાત મુહૂર્ત કર્યું, એની રૂપરેખા તૈયાર કરી એ દિવસે એ લોકોએ એમાં મોટામાં મોટો અન્યાય અમારા પંચમહાલ અને દાહોદને કર્યો. જે રીતે એમણે આ નર્મદાની રૂપરેખા તૈયાર કરી અને કેનાલ પસાર થઈ એનો લાભ પંચમહાલ અને દાહોદને મળતો નથી. માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે કે પંચમહાલ અને દાહોદને પણ અગ્રીમતા આપીને માનનીય બલવંતસિંહજી કહેતા હતા કે બનાસકાંઠામાં ટાંચા કામો થયા, અમારા ખેડૂતો ગરીબ છે. પરંતુ અમારા પંચમહાલ અને દાહોદ વિસ્તારના અમારા ગરીબ આદિવાસીઓને રોજીરોટી મેળવવા બીજા જિલ્લામાં જવું પડે છે. હું માનનીય મંત્રીશ્રીને કહીશ કે અમારા પંચમહાલ અને દાહોદમાંથી હાઈ લેવલ કેનાલ કાઢી અને આ બન્ને જિલ્લાઓને આ નર્મદાની સિંચાઈનો લાભ આપી શકાય તેમ છે. બીજો એક મુદ્દો છે કે પાવાગઢનો વર્લ્ડ હેરીટેજમાં સમાવેશ થયો છે. એની તળેટીમાં એક મોટું વડા તળાવ આવેલું છે. એ તળાવને નર્મદાની કેનાલથી ભરવામાં આવે તો હાલોલ અને ઘોઘંબા આ બે તાલુકાઓને લાભ થાય અને આજુબાજુના ૧૦ તળાવોને ગ્રેવિટીથી પાણી આપીને ભરી શકાય તેમ છે અને ટુરિઝમ તરીકે આ વિસ્તારને વિકસાવી શકાય તેમ છે. આ બાબતે યોગ્ય કરી માનનીય મંત્રીશ્રી સહકાર આપે એવી વિનંતી છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે નર્મદાની ચિંતાની સાથે કરકસરના પગલાં પણ લીધા છે. જે રીતે જમીન સંપાદનની કાર્યવાહી થતી હતી, જમીન સંપાદન થાય ત્યાર પછી અદાલતનું શરણું કોઈ ખેડૂત લે અને અતિ ભારે વળતર સરકારને ચૂકવવું પડતું હતું. (સમય સૂચક ઘંટડી) ખૂબ અગત્યનો પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી** : નો, નો, પ્લીઝ. માનનીય ડૉ. અનિલ જોષીયારા.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૨૧, ૨૨, ૨૩ અને નર્મદા વિકાસ મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૬૫ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનો વિકાસ જલદી થાય એ આપણા સૌના હિતમાં છે.ગુજરાતની પૂવ પટ્ટી કે જેમાં કોઈપણ યોજનાનો લાભ મળતો નથી. નર્મદા હોય કે બીજી કોઈ યોજના હોય, છતાં પણ અમારા પૂર્વ પટ્ટીના તમામ આદિવાસી ભાઈઓ ખૂબ જ ખુશ છે. નર્મદા પૂરી થવી જોઈએ. વહેલી પૂરી થાય તો કદાચ પાણી નહિ મળે પણ જે વીજળી પેદા થવાની છે એનો એ લોકોને લાભ મળશે એટલે આપની સાથે છીએ. એ યોજના જલદી પૂરી કરવા માટે વિનંતી કરીએ છીએ. આજે પરિસ્થિતિ અને ચિંતા એ છે કે બલવંતસિંહજી વાત કરતા હતા કે આજે પૈસાની જોગવાઈ થાય છે એના પ્રમાણે ખર્ચ થવો જોઈએ એ થતો નથી. રોજનું દેવું રૂપિયા ૨.૨૨ કરોડનું મોટું ભારણ છે. આ યોજના વહેલી તકે પૂર્ણ થાય એ જરૂરી છે. રૂપિયા ૨૦૫૪૬ કરોડનો ખર્ચ અત્યાર સુધીમાં થઈ ગયો છે અને છતાં આજે ખેડૂતોને પાણી જે આપવું જોઈએ એ પાણી ૧.૦૮ લાખ હેકટરને પાણી આપી શકીએ છીએ. જે કમાન્ડ વિસ્તાર છે એ ૧૭.૯૨ લાખ હેકટર વિસ્તારને પાણી આપવાને વાર છે ત્યારે વહેલામાં વહેલી તકે કેનાલના કામો પૂર્ણ થાય એ ઈચ્છનીય છે. અત્યારે કેનાલ ૧૦૦૭૦ કિલોમિટરની બનાવી છે. હજુ પણ ૭૫ હજાર કિલોમિટર જેટલી કેનાલ બાકી છે ત્યારે ખેડૂતોના ખેતર સુધી પાણી ક્યારે પહોંચશે? મને પણ કદાચ આનંદ થાય કે માનનીય મંત્રીશ્રી અને સૌરભભાઈ સાથે બેસીને કોઈ કોમ્પન્સેટરી વ્યવસ્થા

ગોઠવીને જે ૩૦૦૦ મિલિયન યુનિટ વીજળી પેદા થવાની છે એમાંથી અમને લાભ અપાવાય અને એવું આયોજન કરવામાં આવે તો અમારા વિસ્તારને ખૂબ સારો ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠામાં વાત કરું તો ગામડામાં કેરોસીન અત્યારે પણ પાંચ લિટર જ મળે છે. ગામડાનો જે માણસ કેરોસીન લેવા જાય છે ત્યારે ક્યાં તો દુકાનદાર હાજર હોતો નથી અને હાજર હોય તો થોડી વાર દુકાન ખુલ્લી રાખીને જતો રહે છે. ચોક્કસ ટાઈમીંગ સરકાર પાસે છે પણ કોઈ વ્યવસ્થા નથી કે દુકાનદાર બે-ત્રણ કલાક કાયમ માટે રહે. એના માટે કોઈ વ્યવસ્થા થવી જોઈએ. મને તો પ્રશ્નોતરી બે-ત્રણ દિવસ પહેલા હતી ત્યારે મને એ કહેતા આનંદ થાય છે કે પોઈન્ટમાં પણ આ લોકો કેરોસીન આપે છે ૮.૬૭ ગામડામાં પોઈન્ટ માપવાની વ્યવસ્થા નથી પણ અહીંયા કદાચ હોય તો આ વ્યવસ્થા ગામડા સુધી પણ પહોંચાડે. આમ તો ૧૦ લિટર આપવાની વાત છે, પણ આવી ૦.૬૭ની વ્યવસ્થા હોય તો ઘણું સારું. એ સાથે ગેસ સીલીન્ડર ગામડા લેવલે મળતા નથી હોતા. અમારા ટ્રાયબલ વિસ્તારમાં તો ગેસની એજન્સીઓ પણ નથી હોતી, તો જે ગેસ સીલીન્ડર તાલુકા મારફતે આવે છે એ સબડીલર મારફતે આવે ત્યારે સીલીન્ડરની કોસ્ટ વધી જાય છે ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છેકે આવા તાલુકાનો સરવે કરવામાં આવે અને જ્યાં વ્યવસ્થા નથી ત્યાં વ્યવસ્થા ઊભી કરવામાં આવે, સાથેસાથે પેટ્રોલ-ડિઝલની પણ આ જ પરિસ્થિતિ છે તો આવા વિસ્તારમાં પેટ્રોલ-ડિઝલની પણ થોડી વ્યવસ્થા કરવામાં આવે. કારણ કે ખેડૂતને પેટ્રોલ-ડિઝલ લેવા માટે ૧૫-૨૦ કિલોમીટર જવું પડે છે અને આના માટે ખેડૂતને હેરાન થવું પડે છે એના માટે પણ આવી કોઈક વ્યવસ્થા હોવી જોઈએ.

સરકારે ફરતી દુકાનો છે એમાં કાપ મૂક્યો છે એ સારી વાત છે કે જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં ચાલુ રાખે પણ બિનજરૂરી હોય ત્યાં કાપ મૂકે એનાથી ખર્ચ ઘટે એ માટે પગલા લેવામાં આવ્યા છે, એની સામે જે ૨૩૮૦ નવી દુકાનો ઊભી કરવામાં આવી છે, પણ ટ્રાયબલ વિસ્તારમાં આજે પણ ત્રણ-ચાર કિલોમીટર ચાલીને જે વિસ્તાર રહી ગયા છે. જે ૪૦૦ કાર્ડધારકનો નિયમ છે, એમાં પણ ફેરફાર કરીને ઓછા કાર્ડ એમની પણ વ્યવસ્થા કરવામાં આવે તો લોકોને એનો લાભ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક પુરવઠાની જે સેવા છે એમાં આ વખતનું જે બજેટ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તે ૧,૩૬,૩૮,૨૫,૦૦૦/- જેટલું છે. જે ૨૦૦૪-૦૫ ના બજેટમાં ૨,૦૨,૯૪,૨૪,૦૦૦/- હતું અને ગઈસાલ પણ ૨૦૦૫-૦૬માં ૧,૫૨,૪૮,૦૦,૦૦૦/- હતુ એટલે ૬૬,૫૫,૯૯,૦૦૦/- જેટલું ઓછું બજેટ લઈને આવ્યાં છે ત્યારે કયાંકને કયાંક યોજનાઓમાં પણ એની અસર પડશે એવું મને લાગે છે. એ દેખાઈ આવે છે કે અંત્યોદય યોજના જે આપણી પાસે ૬,૪૬,૦૦૦ બી.પી.એલ.માં સૌથી ગરીબમાં ગરીબ માણસો છે એમના માટે જે વ્યવસ્થા આપણી પાસે ૩૬ લાખ ૩ હજાર જે ટોટલ બી.પી.એલ. કાર્ડ છે એમાં સૌથી ગરીબ માણસ માટે ગયા વખતે જે સુધારેલો અંદાજ ૧૮ કરોડ હતો એમાં પણ આ વખતે કાપ મૂકીને ફકત ૧૩કરોડનું આયોજન કર્યુ છે તો મંત્રીશ્રી આટલો ઓછો ખર્ચનું આયોજન છે એનો જવાબ આપશે. અન્નપૂર્ણા યોજનામાં પણ એવું કર્યુ છે કે જે ૬૫ વર્ષથી ઉપરના માણસો હતા એમાં પણ ૨૦૦૪-૦૫માં ૩૦ લાખ ખર્ચ કરવામાં આવ્યો હતો અને ૨૦૦૬-૦૭ માં ફકત એમાં ૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે એટલે આટલો ૨૫ લાખ સુધીનો ઓછો ખર્ચ કરવા સુધીનું આયોજન કયા કારણોસર કર્યુ છે એ માનનીય મંત્રીશ્રી જણાવે.

ગ્રાહકો માટેની સેવાની પ્રવૃત્તિ માટે ગયા વખતે૪૭,૫૦,૦૦૦/- ખર્ચ કરવામાં આવ્યો હતો, આ વખતે એના માટે કોઈ યોજના કે બજેટની ફાળવણી નથી કરવામાં આવી તો કદાચ સરકારે આ યોજના બંધ કરી છે કે શું છે એ જણાવે. સરકારે વિઝાણું માધ્યમો મારફત ગ્રાહકની બાબતોને ગામડા સુધી પહોંચાડવા માટેનું આયોજન જરૂર કર્યુ છે પણ એમા ગામડામાં આવી વ્યવસ્થા હોતી નથી એટલે ગ્રાહકોને એનો લાભ કે એની જાણકારી ના મળી શકે. એટલા માટે મારી વિનંતી છે કે આવી યોજના ચાલુ રાખવી પડે.

સરકારે રોમિંગ રેશન કાર્ડની ખૂબ સારી વાત કરી. જે ગરીબ માણસ છે એ બિચારા કોઈક ખેતી અર્થે કે બીજા કોઈ કામ અર્થે બીજા વિસ્તારમાં જતા રહે ત્યારે રોમિંગ રેશન કાર્ડ તાત્કાલિક મળી જાય તો જીવન જરૂરિયાતની વસ્તુ તાત્કાલિક મળી જાય એવી વ્યવસ્થા કરવી જોઈએ. ગયા વખતે ૧૫ લાખની જોગવાઈ હતી એમાં આ વખતે ફકત ૪ લાખની જોગવાઈ કરવામાં આવી છે અને હજુ તો રોમિંગ રેશન કાર્ડ મળ્યાં નથી ત્યારે પણ મંત્રીશ્રીને જણાવું છું કે આમાં કોઈ સુધારો કરવામાં આવે. બીજું પુરવઠા નિગમ છે એમણે ચોક્કસ આ વખતે ૨૨ કરોડ જેટલો નફો કર્યો છે પણ સાથે સાથે જે કર્મચારીઓ છે એ કર્મચારીઓને છુટા કરવામાં આવે છે તો કર્મચારીઓને કયાંક ને કયાંક ગોઠવવામાં આવ્યા હોત અને આવે તો વધુ સારું એમાં પણ માનનીય મંત્રીશ્રી ચોક્કસ વિચારે તો જે ગોવાભાઈએ કહ્યું કે મા-બાપ ઈચ્છે કે એક વખત નોકરી મળી ગઈ છે અને એને અધવચ્ચે ઘરે જવું પડે તો પરિવારને નૂકસાન થવાનું છે એ નુકસાન ભોગવવું ના પડે એટલા માટે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આવા જે પરિવારો છે એમને અધવચ્ચે આપણે છોડી ના દે અને એના માટે કાંઈ વ્યવસ્થા કરે, જોગવાઈ કરે એટલી વિનંતી સાથે વિરમું છું, આભાર.

**પ્રો. ચંદ્રકાંત મો. પટેલ (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો હું માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને આ વિભાગના મંત્રીશ્રી, એ બંનેને ડેમની ૧૨૧.૯૫ મીટર સુધી ઊંચાઈ લઈ જવામાં જે યોગદાન આપ્યું છે

એ બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું અને સાથે સાથે નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી નંબર ૬૫ લઈને કે જેમાં મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨૩,૫૩,૦૨,૫૭,૦૦૦/-ની જે માગણી લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની પ્રજા એક આધ્યાત્મિક ભાવનાથી, ધર્મભાવનાથી રંગાયેલી છે અને સ્વાભાવિક છે કે, આ દેશના પહાડો અને નદીઓ છે આ બધાને એક ધાર્મિક ભાવનાથી અને એક ભગવાનના સંકેત તરીકે જોતા આવેલા છે અને એવી સ્થિતિમાં જ્યારે આપણે નદીઓને માતા તરીકે ઓળખાવીએ છીએ અને આપણે એમ પણ કહીએ છીએ કે, "ગંગા સ્નાન અને નર્મદા દર્શન" એનાથી આપણે પવિત્ર થઈએ છીએ અને એવી નદી ઉપર જ્યારે આ પ્રકારના ડૅમનું આયોજન થતું હોય અને એમાં આપણે જોઈએ છીએ કે, ભારત દેશની અંદર જે નદીઓ અને યોજનાઓ છે એમાં આ એક નદી ઉપરની યોજના એ પાંચમા ક્રમની મહાન બહુહેતૂક યોજના કહી શકાય એવી યોજના છે. યોજનામાં આપણે જોઈએ છીએ કે, જ્યારે આ યોજના અમલમાં મૂકવા માટેના પ્રયાસો થયા ત્યારે અનેક ચઢાવો- ઉતારો એમાં આવતા ગયા છે, અનેક રાજકીય દાવપેચ પણ એમાં રમાતા ગયા છે અને ૧૯૪૭ની સાલમાં જ્યારે પ્રાથમિક મોજણી કરવામાં આવી અને એમાં જ્યારે આ પ્રશ્નો થયા અને જળ વિવાદ વધતો ગયો એના ફળસ્વરુપે જળ વિવાદ પંચને આ કામ સોંપવામાં આવ્યું અને ૧૯૭૯ની સાલમાં આ પંચે જે નિર્ણય આપ્યો એ નિર્ણય અનુસાર આ જે નદી છે એમાં જે પાણીનો પ્રવાહ વહેવાનો છે એના ઉપયોગમાં ગુજરાતને ૯ મીલીયન એકર ફૂટ પાણી ઉપયોગ કરવામાં આવનાર છે અને એમાંથી જે વીજળી પેદા થવાની છે એ જુદા જુદા ચાર રાજયો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનને સ્પર્શે છે ત્યારે અને એમાંથી વીજળી ઉત્પન્ન કરી ૧૬ ટકા વીજળી આપણને મળવાની હોય ત્યારે એ વીજળીનો ઉપયોગ ગામડાઓ સુધી પહોંચે એ માટે પ્રયાસો થવા જોઈએ, પરંતુ આપણે જોયું છે કે, ૧૯૮૮ સુધી આ બાબતમાં વિવાદ રહ્યો અને જ્યારે નિર્ણય આપવામાં આવ્યો ત્યારે આપણે અત્યાર સુધીમાં અનુક્રમે જે કાંઈ વિવાદ થયો છે એના વિવાદોમાં આપણે જવું નથી, ૨૦૦૩ પછી અને વચ્ચેના ગાળામાં ૨૦-૨૫ વર્ષ સુધી આ નર્મદા યોજના પડી રહી અને એના ફળસ્વરુપે જે કાંઈ વીજળી ઉત્પન્ન થવાની હતી, જે કાંઈ સિંચાઈનો લાભ ખેડૂતોને મળવાનો હતો એ લાભ મળી શકતો નથી અને એ મળી શક્યો નથી ત્યારે જવાબદારી કોની રહે છે? કારણ કે, આપણે જોયું છે કે, કેન્દ્રમાં અને રાજયમાં ત્યાર પછી પડોશી રાજયોને સ્પર્શે છે એ બધા જ રાજયોમાં એક જ હથ્થુ શાસન અને એક જ પક્ષની સરકારો ચાલતી હતી, આ પ્રશ્ન ઝડપથી ઉકેલી શક્યા હોત. મારા મિત્રો કહે છે કે, અભિનંદન તમે આપો છો, અભિનંદન આપવા જ ઘટે એમ છે. કેમ કે, આટલા લાંબા સમયથી પડી રહેલ સમસ્યાનો ઝડપથી ઉકેલ લાવવાનો પ્રયાસ આ સરકારે કર્યો છે અને એના ભાગરૂપે અત્યારે આપણે જોઈ શકીએ છીએ કે, આ નર્મદાનું પાણી છેક આદિવાસી વિસ્તારો અને સરહદી વિસ્તારો કે જ્યાં આપણા દેશ અને ગુજરાતની રક્ષા માટે બેઠેલા આપણા જે સૈનિકો છે એને પણ પીવાના પાણીનો પ્રશ્ન હતો એ પાણી આપણે આજે પહોંચાડી શક્યા છીએ અને એ પ્રશ્ન સાથે એ વિસ્તારો, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં જે પાણીની વિકટ સમસ્યા હતી તેનો પણ ઉકેલ આવી જશે. આપણે કહીએ છીએ કે, પાણી એ જીવનું જીવન છે અને નર્મદા એ જીવાદોરી હોય ત્યારે એવા સમયમાં આ પાણીને વહી જતું રોકવું જોઈએ. એક સમય આવ્યો કે, આમાં રિટ પીટીશનો પણ થઈ અને એના ફળ સ્વરૂપે આ કામો અટવાયાં અને એ રિટ પીટીશનમાં નામદાર કોર્ટને ધન્યવાદ ઘટે કે એમણે ઐતિહાસિક ચુકાદો આપ્યો અને આ કામને આગળ ધપાવવાનો પ્રયાસ થયો. અને એના ફળ સ્વરૂપે આપણે જોઈએ છીએ કે એ સમય દરમિયાન કારણકે આ સરકારનો એ અભિગમ રહ્યો છે કે વિરોધ વચ્ચે પણ વિકાસ, અવરોધમાં અવસરને જોવાનો પ્રયત્ન કર્યો છે. એવી આ સરકારે જે મેઘા પાટકર આખી કંપનીએ વિરોધ કરવાનો પ્રયાસ કર્યો એ વિરોધને અવગણીને અને આપણે જોઈએ છીએ થોડા સમય પહેલા પેપરમાં વાંચેલું છે. મારા સાથી મિત્રો કેટલીક વ્યકિતઓને યાદ કરે છે ત્યારે મેઘા પાટકર સાથેના સબંધનો ઈતિહાસ પણ પેપરમાં આવેલો. આપણે સૌ એનાથી સુવિદિત છીએ. વધારે વિશ્લેષણમાં ન જતાં એ યાદ કરવું જરૂરી છે કે વડોદરા જિલ્લામાં છેલ્લા ૧૦ વર્ષથી પાણીની પરિસ્થિતિ વિકટ હતી ત્યારે છેલ્લા બે વર્ષમાં થોડો વરસાદનો લાભ મળ્યો છે. ૮ વર્ષ એવા ગયા છે કે પ્રજા પાણી માટે તરસતી હતી એ સ્થિતિમાં નર્મદાનું પાણી ગામડે ગામડે પહોંચ્યું અને નર્મદા જાણે બુમ પાડીને કહેતી હોય કે હું તમારા ઘરે આવી છું. મારો સદુપયોગ કરો. એ રીતે આ પવિત્ર નદીના પાણીનો જયારે પોતાના જીવન માટે ઉપયોગ થતો હોય ત્યારે ખરેખર આ સરકારને અભિનંદન આપવાં ઘટે. આપણે જોઈએ છીએ કે આ સરકાર આ કામને અસરકારક રીતે આગળ વધારી શકાય, નાણાકીય જોગવાઈ ઉભી કરી શકાય અને કાર્યક્ષમ રીતે એનો ઉપયોગ કરી શકાય એ માટે પ્રાથમિક આયોજનમાં નર્મદા યોજનાનો સમાવેશ કર્યો છે. પ્રાથમિક યોજનામાં પણ સમાવેશ કરીને બંધની ઊંચાઈ છે ૧૨૧.૯૨ની એ ઉંચાઈ સુધી લઈ જવા માટેનો પ્રયાસ કર્યો છે. એમાં આવતી નાણાકીય જોગવાઈ છે. બીજી અગવડતા દૂર કરી સગવડતા ઉભી કરવા માટેનો પ્રયાસ થઈ રહ્યો છે એ પ્રયાસમાં સરકારે ખૂબ અસરકારક રીતે ઉપયોગ થાય અને રાજયની પ્રજાને એનો લાભ મળે એ માટે ભગીરથ પુરુષાર્થ કર્યો છે. સરકાર જયારે પ્રવાસન વર્ષ ઉજવી રહી છે ત્યારે કેવડિયા વિસ્તારમાં પણ વિકાસ થાય અને ૧૬ જેટલાં ગામડાંને લાભ મળે એ માટે સત્તા મંડળની રચના કરી છે. પુનર્વસનની સમસ્યા, વસવાટની સમસ્યા હલ કરવા માટે પ્રયાસ થઈ

રહ્યો છે એમાં કોઈને અન્યાય ન થાય, કોઈ કચાશ ન રહી જાય અને અસરગ્રસ્તોને લાભ મળે, લોકો સુખ ભોગવી શકે એ હેતુથી જી.આર.એ.ની રચના કરી છે અને પુરતી કાળજી લઈ મુખ્ય બંધની ઊંચાઈ, મુખ્ય ટનલની કેનાલ ત્યારપછી શાખા, પ્રશાખાનો વિકાસ કરવા માટે પૂરતી તક મળે.

**શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. નર્મદાની વાત કરું તો નર્મદા યોજના આપણા સૌની જીવાદોરી છે, એ બધા લોકો માટે લાભદાયક છે. એમાં કોઈ ટીકાટીપ્પણ કરવાની જરૂર નથી. સભાગૃહના શાસક પક્ષના લોકો કહેતા હતા કે આ સરકાર કશું કરતી નથી મારે વધારે કાંઈ કહેવું નથી પણ ગોવાભાઈએ કહ્યું તેમ જવાહરલાલ નહેરુ વખતે પાયા નખાયા એ પછી જે તે સરકાર આવી એ ફરજમાં આવે એ પ્રમાણે દરેક સરકાર કામ કરતી આવી છે. આપના દ્વારા હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જયારે જયારે આ સરકાર આવી જે ફરજમાં આવતું હોય એવું દરેક કામ કરવું પડતુ હોય છે. નર્મદા યોજના તો દરેકની જીવાદોરી છે. એના માટે વધારે વિશેષ કાંઈ કહેવાની જરૂર રહેતી નથી. જયારે જયારે આ ગુજરાત રાજયમાં કોંગ્રેસની સરકારે કશું કર્યું નથી એવું કહેવામાં આવે તો ધરોઈ જુથ યોજના, દાંતીવાડા બંધ, મુકતેશ્વર ડેમ કોંગ્રેસની સરકારના વખતમાં બંધાયા છે. હાલની સરકાર આવી એની ફરજમાં આવે છે એમણે કર્યું હોય બંધની ઊંચાઈ લાવી આયોજન કર્યું હશે એ વાજબી છે. એમાં પડવા માગતા નથી પણ મારે એટલું કહેવું છે કે જે સરકાર આવે એની ફરજમાં જે આવે એ તો એમનો અધિકાર છે. એમાં કંઈ વધારે પડતું બોલવાની કે વધારે કહેવાની જરૂર હોતી નથી. આખા ગુજરાતની વાત કરવા માગું છું. અંતરિયાળ વિસ્તારોમાં જ્યાં પાણીની જરૂરિયાત છે, જે જગ્યાએ પાણી નથી. અમારા વિસ્તારોમાં પીવાના પાણીનાં ફાંફાં પડે છે. અમારા વિસ્તારોમાં ૫૦ ટકા વિસ્તારોમાં પાણી મળતું નથી. ૫૦ ટકા ધરોઈ જુથ યોજનાનું પાણી મળે છે. જ્યારે ૫૦ ટકા ગામડાઓમાં પીવાના પાણીની સુવિદ્યા નથી. નર્મદા જુથ યોજનાનું પાણી દાંતીવાડા બંધમાં નાંખવામાં આવે તો સિંચાઈનું પાણી મળી શકે અને તે માટેની યોજના મંજૂર થયેલી છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે વહેલી તકે કામ કરવામાં આવે તો લગભગ મોટા પ્રમાણમાં ડીસા અને પાટણ તાલુકાના ગામડાઓમાં પૂરેપૂરો લાભ મળે તેવી વ્યવસ્થા કરવા માટે માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું. તેમાં કંઈ વધારે કહેવાનું નથી.

પુરવઠા વિભાગની એક વાત કરવા માગું છું. અમારો વિસ્તાર સાહેબ અંતરિયાળ વિસ્તાર છે. ત્યાં આગળ જે કાર્ડ ધારકો હતા તેમાંના મોટા ભાગના બીપીએલ કાર્ડ રદ કરવામાં આવ્યા છે. તેના લીધે તેઓને લાભ મળતો નથી. સસ્તા અનાજની દુકાને તે લોકો જાય છે તો તેઓને કહેવામાં આવે છે કે તમારા કાર્ડ રદ થઈ ગયેલ છે અને તેના લીધે તેઓને લાભ આપવામાં આવતો નથી. અમારા વિસ્તારમાં છૂટા છૂટા ગામડાઓ આવેલ છે. ત્યાં આગળ બે-બે ગામડાની વચ્ચે એક-એક સસ્તા અનાજની દુકાન છે. ત્યારે આ ગામના લોકોને બીજા ગામે સસ્તા અનાજની દુકાને કેરોસીન, અનાજ, ચોખા લેવા જવું પડતું હોય છે, ચાલતા જવું પડે છે. તેઓનો સમય બગડે છે અને આખો દિવસ બગડે છે. ત્યાં આગળ જાય છે ત્યારે સાહેબ પેલો દુકાનવાળો હાજર હોતો નથી એટલે ધક્કા ખાવા પડે છે. તો મારી વિનંતી છે કે દરેક ગામમાં સસ્તા અનાજની દુકાન કરવામાં આવેલ. આમ કરવાથી ગરીબી રેખાથી નીચે જીવતા લોકો તેનો લાભ લઈ શકે. ચોખા, ખાંડ, કેરોસીન અને અનાજ પૂરતા પ્રમાણમાં મળે તેના ઉપર ધ્યાન આપવામાં આવે અને તેની તકેદારી રાખવી જોઈએ. બીજું એક કહેવા માગું છું કે અમારા વિસ્તારમાં અમુક મોટા મોટા ગામડા છે ત્યાં એક જ સસ્તા અનાજની દુકાન છે. હવે સાહેબ ગામમાં બે પાર્ટી હોય છે એટલે એક પાર્ટીના લોકોને બીજી પાર્ટી જોડે વિરોધ હોય એટલે તેઓ ત્યાં અનાજ, કેરોસીન લેવા જઈ શકતા નથી. આમ, સાહેબ મોટા મોટા ગામડા હોય ત્યાં બે-બે સસ્તા અનાજની દુકાનો ફાળવવામાં આવે તો દરેકે દરેકને લાભ મળી શકે. તો મારી આ એક વિનંતી માન્ય રાખી વિચાર કરી આયોજન કરશો તેવી મારી માગણી સાથે મારી વાત પૂરી કરું છું. ભારત માતાકી જય.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નર્મદા મંત્રીશ્રી અને અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવવા અને ટેકો આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વિશેષમાં કંઈ કહેવું નથી. મારે બે-ચાર સૂચનો કરવાં છે. માનનીય પ્રવિણભાઈ વધારે પડતા રાજકીય મુદ્દા નહીં લેવાનું આપણે આજે સવારથી જ સ્વીકાર્યુ છે. નર્મદા ગુજરાતની જીવાદોરી છે, તેમાં રાજકીય સમીકરણ, સૂચનો કે વિવાદ નહીં કરીએ. મારે વિશેષમાં પડવું નથી. પણ મારા વિસ્તાર માટે એક-બે સૂચનો કરવા છે તેના માટે ઊભો થયો છું. નર્મદા મેઈન કેનાલ અમારા વડોદરા જિલ્લાના પૂર્વ પટ્ટીના સંખેડા અને નસવાડી તાલુકામાંથી પસાર થાય છે. અમે નર્મદાના દર્શન કરીએ છીએ. પણ જે જમણા કાંઠાના વિસ્તાર કવાંટ, છોટાઉદેપુર, પાવી જેતપુર અને નસવાડી અને આખા ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રનું કલ્યાણ કરવા માટે જ્યારે નર્મદા મૈયા પધાર્યા છે ત્યારે અમારી પોતાની લાગણી છે કે અમે જયારે કાંઠે ઊભા છીએ ત્યારે,

***" તીરે ઉભા જુએ તમાશો, તે કોડી નવ પામે જોને.***
***માંહી પડયા તે મહાસુખ માણે, દેખણ હારા દાઝે જોને."***

તે ઉકિત અનુસાર માનનીય અધ્યક્ષશ્રી, અમારે ફકત નર્મદાના જળ જોવાનો વારો આવ્યો છે ત્યારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે હાફેશ્વર તરફથી લિફ્ટ કરીને અમારા વિસ્તારને પાણી આપવામાં આવે. કારણ કે અમારો વિસ્તાર કોરો રહી જાય છે, બિન પિયત રહી જાય છે, બીજી યોજનાઓ થશે તો પણ એ અમારા વિસ્તારને પાણી મળવાનું નથી અને પાતાળ કૂવાઓનું આયોજન કરીને માનનીય અધ્યક્ષશ્રી, અમારો વિસ્તાર એ પથરાળ વિસ્તાર છે, રેલ લાઈન ઉપર આવેલો વિસ્તાર છે એટલે બીજી કોઈ સગવડો ત્યાં થઈ શકે એમ નથી એટલે લિફ્ટ કરીને ઘણી બધી જગ્યાએ પાણી પૂરું પાડવાનું આયોજન સરકારશ્રીએ કરેલ છે ત્યારે અમારા વિસ્તારને લિફ્ટ કરીને પાણી પૂરું પાડવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશેષમાં મારે અન્ન, નાગરિક પુરવઠા વિભાગ માટે પણ એક-બે વાત કરવી છે કારણ કે અહીંયાં એ વાત ન કરું તો યોગ્ય લાગે પણ જિલ્લા કક્ષાએ ફરિયાદ સમિતિ છે એની સમક્ષ ઘણી વખત અમે રજૂઆતો કરીએ છીએ, કારણ કે વડોદરા જિલ્લો છે અમે પેપર ખોલીએ તો જોવા મળે કે વડોદરા શહેર પૂરતું  પુરવઠા વિભાગનું જબરજસ્ત નિયંત્રણ ચાલે છે, અમે ફરિયાદ સમિતિમાં અવારનવાર રજૂઆતો કરીએ છીએ, પણ શહેર પૂરતું નિયંત્રણ છે અને શહેરોમાં કોઈ ગેરરીતિ હોય તો અટકાવવામાં આવે છે પણ પૂર્વ પટ્ટીના આદિવાસી તાલુકાઓમાં પણ આ સરકારી દુકાનોમાં ચકાસણી કરીને અંત્યોદય યોજનાનું અનાજ વ્યવસ્થિત મળે, કેરોસીન પણ વ્યવસ્થિત મળે પણ  આજે એટલે જ મારે કહેવું પડે છે કે, અમે ફરિયાદ સમિતિમાં રજૂઆત કરીએ છીએ ત્યારે જિલ્લા કક્ષાએથી આવા દુકાનદારોને છાવરવામાં આવે છે અને એવા દુકાનદારો સામે પગલાં લેવાતાં નથી એટલે મારી વિનંતી સહ ફરિયાદ છે કે આવા વિસ્તારોમાં કડક સરપ્રાઈઝ ચેકીંગ કરીને અમારા લોકોને આ પુરવઠો પૂરો પડાય.

માનનીય અધ્યક્ષશ્રી, બાકી નર્મદાની વાત  થઈ છે ત્યારે નિર્વિવાદ છે કે આ યોજના સમગ્ર રાજયની યોજના છે અને રાજયની આર્થિક, અને સામાજિક સધ્ધરતા માટે એ અનિવાર્ય છે એમાં કોઈ ટીકાટીપ્પણી ન હોઈ શકે પણ દરેકના પ્રવચનમાં એક વસ્તુ આવી  છે કે અભિનંદન આપવાના, ખાતમુહર્ત કરે એને અભિનંદન આપવાના, ડૅમની ઊંચાઈ વધારે અને  મંજૂરી લઈ આવે એ માટે અભિનંદન  અપાય અને એ જરૂરી પણ છે, હું પણ અભિનંદન આપું છું, જેણે ખાતમુહર્ત કર્યુ એને પણ અભિનંદન કારણકે શરૂઆતમાં સારો વિચાર હતો પણ વિચાર હતો એ  વિચાર કર્યા પછી, ખાતમુહર્ત કર્યુ, માનનીય અધ્યક્ષશ્રી,  ભાખરાનાંગલનો દાખલો આપણે આપીએ છીએ. ભાખરાનાંગલ અને નર્મદાની શરૂઆત એક સાથે થઈ, એમાં ભાખરાનાંગલ યોજના પૂરી થઈ ગઈ,  એ વિસ્તારમાં કેવો વિકાસ થયો છે એ આપણે જોઈ શકીએ છીએ પણ આપણા રાજયની નર્મદા યોજનાની શરૂઆત જ ન થઈ, શરૂઆતમાં જ એને અટકાવવામાં આવી અને એને લીધે  રાજયને ઘણું નુકસાન થયું, ખાતમુહર્ત કરનારને પણ હું અભિનંદન આપું છું પણ સાથે- સાથે દાખલો  આપવા માગું છું, એ જો પૂર્ણ કરે અને પાણી વહેવડાવે એને ખાસ વિશેષ અભિનંદન એટલા માટે કે ગંગાજીની વાત કરીએ તો ગંગા અવતરણની એને ભાગીરથી કહેવાય છે, સગર રાજાએ શરૂઆત કરીને  સાતમી પેઢીએ ભગીરથ રાજાના વખતમાં એનું અવતરણ થયું એટલે એને લીધે ભાગીરથી કહેવાય છે. જશ જ્યારે અભિનંદનને પાત્ર શાસ્ત્રોની અંદર અને ઇતિહાસમાં ભગીરથને સર્વોચ્ચ જશ અપાયો છે એવી જ રીતે હું માનનીય નરેન્દ્રભાઈને  અભિનંદન આપું છું, ફરીને પણ મારે વિશેષ વાત નથી કરવી પણ આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીના ધ્યાને જે થોડાક સૂચનો રજૂ કર્યા છે  એનો અમલ થાય અને માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રીને મારે કહેવું છે કે,  જેતપુર પાવી તાલુકામાં પુરવઠા વિભાગનું  ગોડાઉન નથી ,  એની ગત બજેટમાં જોગવાઈ થઈ હતી પણ હજુ સુધી એ બન્યું નથી એટલે એ વિનંતી છે કે આ ગોડાઉનનું નિર્માણ થાય, એટલું કહીને હું વિરમુ છું.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક : ૨૧, ૨૨, ૨૩ અને ૬૫ લઈને આવ્યા છે ત્યારે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશ આઝાદ થયો અને વિકાસની ગતિ પકડે એ પહેલાં આ દેશના એક મોટા ટૅક્નીકલ માણસ એવા વિશ્વ સરૈયા અને ડૉક્ટર રાવ, એમણે એમ કહ્યું હતું કે આ દેશની નદીઓને ગ્રિડ કરો, આપણે આ દેશમાં વીજળીમાં ગ્રિડ કરી શક્યા છીએ. ડો. કુરિયનના પ્રયાસોથી આપણે દૂધની ગ્રીડ આ દેશમાં કરી શકયા છીએ એજ રીતે નદીઓની ગ્રીડ કરવા માટે પણ આપણે આગળ ધપી રહ્યા છીએ. આ દેશમાં નદીને આપણે માતા ગણીએ છીએ, આપણી સંસ્કૃતિ પણ એ રહી છે કે જયાં જયાં નદીઓ વહે છે એના સીમાડા ઉપર નગરો વસ્યા છે. નવું જે મોર્ડન જનરેશન આવી રહ્યું છે એ નદીની સંસ્કૃતિ કરતા હવે હાઈવેની સંસ્કૃતિ આવી છે અને હાઈવે ઉપર આપણા નિવાસો આગળ વધી રહ્યાં છે. આપણે ત્યાં નદી માટે એમ કહેવામાં આવે છે કે, 'ગંગા સ્નાને, યમુના પાને અને નર્મદા દર્શને' નર્મદા માટે એમ કહેવામાં આવે છે કે, નર્મદાના કંકર એટલા શંકર છે અને નર્મદાની પરિક્રમા માટે પણ આપણા લોકોમાં ભારે આસ્થા છે.  વિટંબણાઓ વેઠીને પણ નર્મદાની પરિક્રમા કરનારા લોકો આજે પણ આપણા રાજયમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા માટે ખોસલા પંચનો અહેવાલ આવ્યો અને એને કારણે ધીમે ધીમે આ યોજના ફસાતી ગઈ. મને બરાબર યાદ છે કે આના મૂળ કારણમાં જે પુરુષ હતા એમાં એ.પી.રાજ હતા અને એમણે એમ કહ્યું હતું કે, 'યોજનાનો જન્મ એવી રીતે થયો છે કે કોઈ બાળકનો અધૂરા માસે જન્મ થાય.' અને

એટલે જ એને જીવાડવા માટે આપણે ખૂબ કોશીશ કરવી પડી. આવી પરિસ્થિતિમાં આપણે ચાલી રહ્યા છીએ. આમ કરતા કરતા આપણે આગળ વધતા જ ગયા, વધતા જ ગયા. દરેક સરકારોએ એના માટે પ્રયત્નો કર્યા છે. આ જ હાઉસે મારી જાણ મુજબ બે વખત સર્વાનુમતે નર્મદાના પ્રોટેકશનના ઠરાવો પણ કરેલા છે. એ પછી પણ ઘણી વિટંબણાઓ આવી. વી.પી. સિંઘ, વડા પ્રધાન થયા ત્યારે પોતાનું વલણ થોડું ઢીલું કરવા માટેના પ્રયત્નો કર્યા ત્યારે શ્રી ચીમનભાઈ પટેલે, હું બરાબર એનો સાક્ષી છું કે, બોર્ડ તરફથી પી.એમ. હાઉસ સુધી એમણે ગુજરાતના કેટલાક આગેવાનોને લઈને એક મોટી કૂચ કરી હતી અને એ વખતે પણ એમણે સમજણ આપી હતી. પંડિત જવાહરલાલ નહેરુએ ખાતમૂહુર્ત કર્યું હતું, સરદાર પટેલના વિચારોથી. પંડિત જવાહરલાલ નહેરુએ ખાતમૂહુર્ત કરતા એમ કહ્યું હતું કે, આ દેશના નવ નિર્માણના જે નવા સ્મારકો છે એ આ દેશના નવા યાત્રાધામો બનશે અને યાત્રાધામો ખરેખર આજે બની રહ્યાં છે અને એ તરફ આપણે બધા આગળ વધી રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સામી પાટલીએ બેઠેલા મારા મિત્રોને વાત કરવી છે. હું કોઈ પોલિટિકલ અવલોકન કરવા માગતો નથી અને મને એ વિવાદમાં પડવામાં બહુ રસ પણ નથી, જે હકીકત છે એટલી જ તમારા ધ્યાન ઉપર મુકવા માગું છું. રાજયમાં શ્રી અડવાણીજી અને આપણા પૂર્વ ચૂંટણી કમિશનરશ્રી શેષાન જયારે ચૂંટણી લડતા હતા ત્યારે આપણા દેશના સન્માનીય વડા પ્રધાનશ્રી અટલજી અમદાવાદ આવ્યા હતા અને એમણે કહ્યું હતું, જાહેરસભામાં કહ્યું હતું કે, મારી સરકાર આવશે તો આ નર્મદા યોજનાને હું રાષ્ટ્રીય યોજના જાહેર કરીશ. આ ગુજરાતના છાપાઓમાં પણ છપાયેલું છે. એ વખતે આ મિત્ર થોડું પગલું ચૂકી ગયા પણ એ વખતે એમણે કહ્યું હતું. આ દેશના જે સમર્પિત પુરુષો છે એમાંના એક અટલજી છે. પરંતુ શ્રી બાજપેયીજી એટલા લાગણીપ્રધાન અને ભાવુક છે કે જયારે બોલે છે ત્યારે આંખો બંધ કરી દે છે પણ જયારે આંખો ખોલે છે ત્યારે ભૂલી જાય છે. આજ સુધીમાં નર્મદા યોજનાને આપણે રાષ્ટ્રીય યોજના જાહેર નથી કરી શકયા. અત્યારે જે પર્યાવરણની પરિસ્થિતિ પેદા થઈ અને એના કારણે જે પ્રશ્નો ઉભા થયા ત્યારે એક યુવાન વડા પ્રધાને પર્યાવરણમાંથી એને મૂકિત અપાવી અને હવે એમાં આપણે આગળ ચાલવા માગીએ છીએ. મારે એટલું જ કહેવું છે કે, આ નર્મદાની બાબતમાં આપણા સૌનો સહિયારો પ્રયાસ છે, આપણા સૌની સંયુકત જવાબદારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ઉતર ગુજરાતની ધરતીમાંથી આવું છું, ત્યારે મને ખ્યાલ છે કે આજે ઉત્તર ગુજરાતમાં એક હજાર, બારસો કે પંદરસો ફૂટ સુધીનું પાણી બહાર કાઢી રહ્યા છીએ, પછી ૨૦૦૦ ફૂટે એ ધરતીમાં તેલ છે અને ૬૦૦૦ ફૂટ પછી એ ધરતીમાં કોલસો છે, પાણી તો છે નહીં. ગુજરાત જે રીતે જીવી રહ્યું છે ત્યારે આપણે ૧૯૮૫ થી ૧૯૮૮નો દુષ્કાળ જોયો છે. છપ્પનિયા કાળના દુષ્કાળની વાત મારા વડિલો કહેતા હતા પણ એ દુષ્કાળને પણ ભુલાવે એવો આ ૧૯૮૫ થી ૧૯૮૮નો દુષ્કાળ આપણે સૌએ જોયો છે. રાજકોટ જેવા શહેરમાં પણ એ સમયે ટ્રેન મારફતે પાણી પહોંચાડવું પડયું એ પરિસ્થિતિમાંથી પસાર થયા છીએ, એ પરિસ્થિતિમાંથી ઉગરવા માટેનો ઈલાજ જો કોઈ હોય તો એ એક જ છે અને એ છે નર્મદા યોજના.

નર્મદા યોજના માટે આપણે બધા કટિબદ્ધ છીએ અને એ બાબતની અંદર આપણે આગળ વધી રહ્યા છીએ, જે જેના ભાગમાં જે કામ આવ્યું એ સૌએ પૂરા દિલથી એમનું કામ કર્યુ છે. એ સૌ અભિનંદનના અધિકારી છે. એમાં કોઈની ટીકા ટિપ્પણ કે કોઈએ વધારે કર્યુ કે કોઈએ ઓછું કર્યુ એવું ન કહી શકાય. આ તો ટૅક્નીકલ બાબત છે જ્યારે આખી ન્યાયીક કોર્ટમાં બાબત ફસાય ત્યારે કોઈપણ લોકનેતાનું ગમે તેટલું વિઝન હોય તો પણ એમાં પાછા પડવું પડે. મારા બે-ત્રણ સૂચનો કરીને હું મારી વાત પૂરી કરવા માગું છું. નર્મદાની મેઈન કેનાલ આજે લગભગ ભાભર સુધી પહોંચવા આવી છે. હવે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જે કમાન્ડ વિસ્તારમાં મેઈન કેનાલ પહોંચી છે એની સબ કેનાલોના કામો તમે ઝડપથી કરો તો આપણે ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડી શકીશું. બીજી મુખ્ય બાબત એ છે કે, એની કવોલિટિની અંદર બહુ કાળજી રખાય એવી હું નમ્રતાપૂર્વક વિનંતી કરવા માગું છું એ એટલા માટે કે જ્યારે નર્મદાની મેઈન કેનાલ ફુલફલેઝ પાણીનું વહન કરશે ત્યારે કેટલાક પ્રશ્નો ઊભા થશે, આજે પણ કડીમાં મેઈન કેનાલ તૂટી અને નુકસાન થયું એ જગજાહેર બાબત છે. વોટર હાર્વેસ્ટીંગ થાય એના કારણે બાજુના વિસ્તારના એટલા બધા ખેડૂતોને નુકસાન થશે કે જેના કારણે એની જમીનોને ભારે મોટું નુકસાન થશે, પાણી તો મળશે, રાજી થશે પણ બે- ચાર વરસે જ્યારે એનો અનુભવ થશે, ધરતી બિલકુલ પાક માટે ઠંડી પડી જશે ત્યારે એ એના કિનારાના વિસ્તારના આખા સ્ટ્રકચરો છે એનું કામ બરાબર વ્યવસ્થિત થાય એ બહુ મહત્ત્વનું છે અને એની કવોલિટિ સચવાય એ પણ બહુ મહત્ત્વનું છે અને ગુણવત્તા બાબતમાં પણ પૂરેપૂરું ધ્યાન અપાય એ જરૂરી છે. આટલી વાતો મારે કહેવી છે, બે-ત્રણ મુદ્દાઓ રહે છે પણ હું લંબાવવા માગતો નથી. નર્મદાની બાબતમાં આપણે સૌનો સહિયારો અને પૂરો પુરુષાર્થ છે આજે એક તક છે કે આ દેશની અંદર જે સરકાર બેઠી છે ગુજરાતના કેટલાક સપૂતો આમાં બેઠા છે જેઓના નામથી કેટલાક મિત્રોને અણગમો થતો હોય.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોના વિભાગના મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે માગણી ક્રમાંક- ૨૧, ૨૨, ૨૩ અને ૬૫ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું. જેમાં અન્ન પુરવઠા માટે મારે થોડીક વાતો કરવાની છે. સરકારનો આ વિભાગ એ ગરીબો માટેનો વિભાગ છે. ખાસ કરીને રાજયના દરિદ્ર નારાયણ

વ્યકિતઓના દુ:ખમાં સહભાગી બનવાનો સરકારનો અભિગમ છે. એટલા માટે રોજગારી મેળવવા માટે અછતના સમયમાં એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જ્યારે ગરીબ માણસ પોતાનું પેટ રળવા માટે જતો હોય ત્યારે રોમિંગ રૅશન કાર્ડ આપવાનો અભિગમ આ સરકારે અપનાવ્યો છે તે ખૂબ સારી બાબત છે કારણકે માણસ ખેત મજૂરીએ પોતાનું પેટ રળવા માટે એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જાય અંતે તો એના પેટ પૂરતું અનાજ મેળવવા માટે જ એ જતો હોય છે અત્યાર સુધી કયારેય એવો વિચાર કોઈને નહિ આવ્યો હોય કે આ ગરીબ માણસનું પેટ એની સાથે હોય છે એટલે અન્ન પણ એને ત્યાં મળે એવી વ્યવસ્થા કરવી જોઈએ તો આ સરકારે સારો અભિગમ અપનાવીને આ સારી કામગીરી કરી છે  એક વાત મારે એ પણ કરવી છે કે ૨૦૦૫-૦૬ ના વર્ષમાં આમ તો આ સરકારનો અભિગમ એવો રહ્યો છે કે ગરીબ માણસના આડે આવતા લોકો.. જેને આપણે ભૂતિયાકાર્ડ કહીએ છીએ એ ભૂતિયાકાર્ડ ફક્ત બે વર્ષમાં ૯૬ હજાર કાર્ડ રદ કરી નાંખ્યા છે.  આ પણ એક મોટામાં મોટું કામ છે આ ૯૬ હજાર ભૂતિયા કાર્ડ હતાં આનો જન્મ ક્યારે થયો એમાં મારે નથી પડવું પણ મારે એ વાત કરવી છે કે સરકારે ઝીણી ઝીણી બાબતોમાં ધ્યાન રાખ્યું છે અને ખાલી ભૂતિયાકાર્ડ રદ કર્યા એક લાખ ભૂતિયાકાર્ડવાળા ખોટું અનાજ લઈ જતા હતા અને આ બધું ગરીબોના નામે કરતા હતા  પહેલાં એને પંપાળવામાં આવ્યા હશે એટલે એ મોટાં થઈને વીંછિયા થયાં હોય પરંતુ આ સરકાર હંમેશા ગરીબો માટેનું કામ કરે છે. લાખ કાર્ડ રદ કરીને જેમણે જે ખોટો માલ, ખોટું કેરોસીન, ખોટા ચોખા કાળાબજારમાં વેચવા માટે લઈ જતા હતા તે મોટામાં મોટું કામ આ પુરવઠાએ કર્યુ છે. હજુ પણ આ દરિદ્રનારાયણની યોજનામાં ઘણું પણ આડખીલી રૂપ મુશ્કેલીઓ થતી હોય છે. મારી આપની મારફત વિનંતી એ છે કે આપણે ઘણી વખત કહેતા હોઈએ છીએ પોલીસમાં માણસને જવાનું બહુ મન થાય. ગમે તે બાબત હોય પોલીસમાં જવાનું મન થાય. બીજું પોલીટીકલમાં પણ જવાનું બહુ મન થાય. તેમ રૅશનિંગમાં જવા માટે લોકો વિશેષ મહેનત કરતા હોય છે. રૅશનિંગની દુકાન ધારણ કરવા માટે એટલુ બધું ધારાસભ્યશ્રીને, કલેક્ટરને લાગવગ કરે કે ગમે તેમ કરીને આપો. તો આપણે તેમને કહીએ કે રૅશનિંગમાં શું તમને રસ છે? તો કહે રોજી રોટી ચાલેને. મારે કહેવું છે કદાચ અગાઉના વખતમાં નીતિ નિયમો હશે જેમ ભૂતિયા કાર્ડ રદ કર્યા તેમ આ પણ નિયમો રદ કરવા પડશે. એક તાલુકાનો માણસ હોય તે ગામનો હોય તે બીજા જિલ્લામાંથી આ કરવા આવશે અને એટલી બધી વ્યવસ્થા કરે કે ગામમાં તેનું કાર્ડ ના હોય સરકારે નક્કી કર્યુ કે સ્થાનિક માણસ હોય અને સ્થાનિક કાર્ડ ધરાવતો હોવો જોઈએ તો બીજા જિલ્લાનો માણસ તેની સેવા કરવાની તક ઝડપવા માટે તે ગામનું કાર્ડ કઢાવે અને ત્યાંનો સ્થાનિક માણસ બને અને તે આખું કામ એવું કરે કે બીજા જિલ્લાનો માણસ તે જિલ્લામાં આવે અને ૧૦-૧૨ દુકાનો ચલાવે અને તેનું હેન્ડલીંગ કરે અને તે પણ સ્થાનિક માણસોના નામ રાખીને. તો મારી વિનંતી છે કે આમાં ખાસ કાળજી લઈને ધ્યાન આપે. જેમ ભૂતિયા કાર્ડ રદ કર્યા તેમ ભૂતિયા માગણીદારોને પણ રદ કરે. (સમય સૂચક ઘંટડી) મારે નર્મદા માટે પણ થોડુંક કહેવું છે.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટમાં પૂરું કરો, પ્લીઝ.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રૅશનિંગની દુકાન ધરાવતા હોય તે માણસ પકડાય અને કલેકટર કે પુરવઠા અધિકારી રદ કરે તો આપણી લોકશાહીમાં તે અપીલમાં આવે અને અપીલમાં આવ્યા પછી સરકાર લેવલે તેને અને તેને પાછાં આપે. એટલે આની પાછળ શું કારણ હોય તે મને ખબર નથી. ગાંધીનગર અપીલમાં આવી અને ગુન્હેગાર બન્યો હોય તો પણ પાછું તેને આપે કે આ બરાબર છે. તો એક વખત માણસ પકડાય, ગુન્હો કરતો પકડાય તેને અપીલમાં જવાનો અધિકાર જ ના હોય. એક ગરીબ માણસના પેટ ઉપર પાટુ મારતો હોય તે માણસને જરા પણ સહકાર ના આપવો જોઈએ.

નર્મદા વિશે મારે એક સૂચન છે અમે અભિનંદન તો આપીએ છીએ પણ આમાં એવું છે અમરેલીમાં આ નર્મદાનું ખેતી માટે પાણી મળવાનું નથી તો મારે મંત્રીશ્રીને વિનંતી કરવાની કે જયારે આખા ગુજરાતમાં ૧૨૨ મીટર લંબાઈ થાય તો અમે કમભાગ્યા છીએ કે અમરેલીમાં એક ટીપું પણ પાણી નહીં આવે અને જેમાં જો ક્યાંક ૨૨નું ૩૨ થતું હોય અને નંબર લાગતો હોય તો જોજો નહિતર પછી તેમ છતાંય ના આવે તો મારી વિનંતી છે કે અમરેલી જિલ્લાને ખાસ યોજના માટે જે ૫ મીટર ૮ મીટરના મોટા બંધારા આપવા જોઈએ અને અગ્રતાક્રમે સરકારે તેમાં થોડુંક ધ્યાન આપવું જોઈએ. આખા અમરેલી જિલ્લામાં  કોઈ પણ ઉદ્યોગ નથી ફક્ત સો ટકા ખેત આધારિત જિલ્લો છે. સો ટકા ખેડૂતોની વસતિ છે. આને સ્પેશ્યલ કેસ તરીકે મોટી નદીઓમાં કાં તો પમ્પીંગ કરીને પાણી નાંખવામાં આવે અને અમારી નદીઓ ભરાય ડૅમો ભરાય જેથી અમે ખેડૂતો અને ખેત મજૂરો પોતાના પગભર રહી શકીએ એવી મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે. વિશેષ જે હમણાં ઊંચા બંધારાના કામો ચાલતાં હતાં તે બંધ છે. ફરી વખત સરકાર વિશેષ મહત્ત્વ આપીને સૌરાષ્ટ્રમાં પાકા બંધારા બાંધે તે પણ મારી રજૂઆત છે.

## Last ૨૧.૦૯.૨૦૦૬ પા.૩૮

<#FN/MRR૧૧૫૦-AI.DOC/FN#>

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાળુભાઈ હમણાં સૂચન કરતા હતા કે એમના વિસ્તારમાં પાણી આવવાનું નથી. ગઈકાલે એમને એક રસ્તો એમના સસરાના ગામ સુધી બનાવી દીધો એટલે એમના સાસરા પક્ષના લોકોએ એમને ચૂરમું ખવડાવ્યું હતું. એમનું કામ કરી દઈએ તો એ પોતે ચૂરમુ ખવડાવશે. (અંતરાય) મારે તો આવે એમ નથી, નહીંતર હું બે વખત ખવડાવું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના, એના કમ્પ્લીશનના અંતિમ દોરમાં આપણે પ્રવેશી ચૂકયા છીએ. ૧૨૧.૯૨ મીટરની હાઈટ. એટલે નર્મદાની અંદર ડેમનું જે સ્ટ્રકચર છે, ડેમના એ સ્ટ્રકચરની અંતિમ હાઈટ છે, અંતિમ ઉંચાઈ છે. એના પછી જે ઉંચાઈ વધવાની છે એ ઉંચાઈમાં ગેઈટ ત્યાંથી શરૂ થવાના છે, એટલે કે ગેઈટનું સીલ લેવલ છે. માનનીય અધ્યક્ષશ્રી, જો આ ૧૨૧.૯૨ મીટરની હાઈટ આપણે પૂરી કરી શકીએ તો અત્યારસુધી જે ગુજરાતને કરગરવું પડતું હતું, બીજા રાજયો પાસે અને બીજી જગ્યાએ, એ હાઈટ વધારવા માટે, એ કરગરવાનો વખત પૂરો થવાનો છે. એટલા માટે કે એના પછી જે ઉંચાઈ વધવાની છે, એનાથી પાણી કરતા વીજળીમાં સૌથી વધારે ફાયદો થવાનો છે, વીજળીમાં આપણો હિસ્સો સૌથી ઓછો છે. મધ્યપ્રદેશનો સૌથી વધારે છે. પાણીમાં આપણો અને રાજસ્થાનનો હિસ્સો વધારે રહેવાનો છે. એટલે આ એક હર્ડલ્સ, એક ધકકો સફળતાપુર્વક લાગી જાય તો ગુજરાતનો નિર્ણય કરવાની અંદર હાથ હંમેશા ઉંચો રહેવાનો છે. એટલે આ બધાની અંદર આપણે બધાએ સામૂહિક પ્રયત્નો કરવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના પરિપૂર્ણ કરવા માટે તમામ રાજકીય પક્ષોનું કમિટમેન્ટ રહ્યું છે. ગુજરાતના તમામ મુખ્યમંત્રીઓનું કમિટમેન્ટ રહ્યું છે. તમામ વડાપ્રધાનશ્રીઓનું કમિટમેન્ટ રહ્યું છે. પણ, આપણા પડોશી રાજયો જે હતા, એમના મનમાં અમુક શંકાઓ હતી અને એને કારણે એમના તરફથી અમુક વિક્ષેપો થયા છે, એમાં પણ એમને સમજાવવામાં આપણે વત્તે ઓછે અંશે સફળ થયા છીએ, પૈસા કોઈકે કયાંક વહેલા આપ્યા છે, કોઈકે મોડા આપ્યા છે, છતાં પણ એમના ઉપર શ્રદ્ધા રાખીને આપણે આ યોજનાનું કામ આગળ વધાર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાને જો કોઈએ નુકસાન કર્યુ હોય તો તે અત્યારના સમયની અંદર જે કટ્ટરવાદીઓ પ્રવેશ્યા છે, દરેક ક્ષેત્રના, પર્યાવરણની ચિંતા, પુન:વસનની ચિંતા આપણને બધાને છે, પણ એ ચિંતા કરવાવાળા જે લોકો છે, એના જે કટ્ટરવાદીઓ છે, એ એક જગ્યાએ બેસેલા નથી, એ કટ્ટરવાદીઓ વિશ્વમાં પણ બેસેલા છે. દિલ્હીમાં પણ છે. મુંબઈમાં પણ છે. અને એમનું કામ આ યોજનાને ગમે તેમ થાય, પણ અમારો કટ્ટરવાદ સાબૂત રહેવો જોઈએ. એને કારણે આ યોજનાની અંદર આપણે ખૂબ સહન કરવાનો વારો આવ્યો છે. પહેલા પાંચ વર્ષ સુધી સુપ્રીમ કોર્ટના ઈન્જેકશન આવ્યા. એના કારણે બંધ રહી. બીજી વખતે માત્ર ૧૪ વિસ્થાપિતો. ૧૪ વિસ્થાપિતો માટે પણ ઘણુંબધું કરી શકાયું હોત, પણ યોજનાના વિરોધીઓએ આ ૧૪ વ્યકિતઓ માટે થઈ બે વર્ષ સુધી આ યોજનાને ખોરંભે પાડી અને એ બે વર્ષની અંદર બળવંતસિંહભાઈ વાત કરતા હતા તેમ દરરોજનું સવા બે કરોડનું વ્યાજનું નુકસાન આપણે ભોગવ્યું. ધાર્યુ હોત પર્યાવરણવાદીઓએ કે પુનઃ વસનના કહેવાતા હિતચિંતકોએ, તો તેઓ આ ૧૪ લોકો માટે ગુજરાત સરકારને કહી શકયા હોત કે એમને વધારે સારું પેકેજ આપો, તો એ આપણે આપી શકયા હોત. પણ, એમને યોજના ખોરંભે પાડવી હતી. એને કારણે બે વર્ષ સુધી આ યોજના ખોરંભે પડયા પછી આપણે આ યોજનાને એન.સી.એ. પાસેથી મંજૂરી લઈ આવી શકયા છીએ. એન.સી.એ. ની અંદર કેન્દ્રના જળસંપત્તિ મંત્રી છે એ એના ચેરમેન છે. સંબંધિત રાજયોના સચિવો છે, એ એમના સભ્યો છે. એમણે આ નિર્ણય લીધો છે. એમણે આ નિર્ણય લીધો છે તેમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનો પૂરેપૂરો સહયોગ છે, પરંતુ બીજા રાજયોના મુખ્યમંત્રીશ્રીઓનો અને કેન્દ્રના તમામનો સહયોગ છે, તમામ લોકોએ એમાં મદદ કરી છે એના કારણે આ નિર્ણય થઈ ચૂકયો છે. આ સરકાર આવી છે ત્યારથી રાજકીય શિષ્ટાચારની ઘણીબધી ચેનલો બંધ થઈ છે એમાં હું પડવા માગતો નથી, પરંતુ બીજા મિત્રોને ખબર છે કે નર્મદા યોજનાની બાબતમાં રાજકીય શિષ્ટાચારની તમામ ચેનલો કાયમ ખુલ્લી રહી છે અને એની ચર્ચાઓ પણ થાય છે, ભલે ગૃહને ના કહેવાયું હોય, પરંતુ દિલ્હીમાં બેઠેલા તમામ લોકો આ નર્મદા યોજના સાથે સંકળાયેલા આ રાજયના મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ અને અધિકારીઓએ ખુલીને વાત કરી છે અને એમાં વ્યુહરચના જયારે નકકી કરવાની હોય તો એમાં પણ બધા ભાગીદાર બન્યા છે અને એટલા માટે જે લોકો જાણે છે કે નર્મદા યોજનામાં જે કટ્ટરવાદીઓ નુકસાન કરે છે એ કટ્ટરવાદીઓને આપણે આપણી વાત કરીને એને કોઈ એવી બાબત લઈને એ બહાનાં બતાવીને આ હાઈટ વધારવાની યોજના છે એ ખોરંભે ના પડે એની આપણને સૌને ચિંતા છે. આજે પણ આ યોજનામાં જે સંકળાયેલા છે તેમને ખબર છે કે આજે પણ એમાં રોડાં નાખવાનો પ્રયાસ એક યા બીજા બહાના નીચે થઈ રહયો છે, પરંતુ ગુજરાત એના માટે કટિબદ્ધ છે કે સંબંધિત રાજયો સાથેનો જે કોઈ પ્રશ્ન હોય એ એ રાજયોના મુખ્યમંત્રીશ્રીને બોલાવીને, એના મંત્રીશ્રી અને અધિકારીઓને બોલાવીને એની સાથે ચર્ચા કરીને નિર્ણય લેવાય, પરંતુ એમાં આ યોજનામાં હાઈટમાં જે વધારો થયો છે એ કોઈપણ સંજોગોમાં અટકશે તો ચાલવાનું નથી એ કટિબદ્ધતા પણ આપણે સૌએ વ્યકત કરવાની છે અને આના માટે તમામ લોકો, એ સંબંધિત રાજયની રાજકીય નેતાગીરી હોય, કેન્દ્રની રાજકીય નેતાગીરી હોય, આદરણીય વડાપ્રધાન હોય, અમારા પક્ષના પ્રમુખ હોય કે અમારા આગેવાન બેઠા હોય, સામેના પક્ષના મિત્રોના

આગેવાનો અને તેમના પક્ષના નેતા હોય એ તમામે તમામ આ બાબતમાં એક છે અને આ જે કટ્ટરવાદીઓ છે તેમને અમે ચાલવા દેવાના નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી પણ એક લોબી ચાલે છે. બહુ સાચી વાત કરી છે કે અમેરિકામાં આખા વિશ્વનો મોટામાં મોટો ડેમ ત્યાં કેલિફોર્નીયામાં બંધાયેલો છે અને એ ડેમ રણ વિસ્તારમાં છે અને હું એ જોઈ આવ્યો છું અને આજે પણ અમેરિકામાં કોઈપણ જાય તો સૌથી પહેલાં એમ કહે છે કે તમારે આ ડેમ જોવા જેવો છે એટલો મોટો આ ડેમ છે. એ જોવા માટે હેલીકોપ્ટરમાં ફેરવે છે. તો આ ડેમમાં પર્યાવરણના પ્રશ્નો ઉભા નહીં થયા હોય? ચીનમાં આના કરતાં પણ મોટો ડેમ પૂરો થવાની તૈયારીમાં છે અને આપણા કરતાં વધારે ઝડપથી પૂરો કર્યો છે. એમ કહે છે કે લગભગ જેટલાં ગુજરાતનાં ગામડાં છે એટલાં નાનાં મોટાં ગામડાં આ ડેમમાં ડૂબમાં ગયાં છે અને છતાં પણ આ પ્રશ્ન ઉભો ના થયો, પરંતુ આ કટ્ટરવાદીઓ ગુજરાતમાં આ પ્રશ્નો ઉભા કરે છે. મને પર્યાવરણવાદીઓ માટે માન છે, પરંતુ એમાં જે કટ્ટરવાદ પેસ્યો છે અને તમે ભૂખે મરો, તરસ્યે મરો, પરંતુ અમારો કકકો સાચો એ ચાલવા દેવાના નથી. હું વાત કરીશ દાદા આમટેની કે જેમણે ભારત છોડોની યાત્રા કાઢી હતી, એ બહુ સન્માનનીય વ્યકિત છે અને એ પોરંદર આવેલા. એ વખતે દુષ્કાળ ચાલતો હતો ત્યારે તેમની સાથે જોડોયેલ લોકોને આ વિસ્તારમાં હું લઈ ગયો હતો એ બતાવવા કે દુષ્કાળમાં કેટલાં પશુઓ ભૂખે મરે છે, કેટલાં ઝાડ પાણીના અભાવે સૂકાઈ જાય છે અને પાણી ન આવવાથી કેટલું નુકસાન થાય છે અને નર્મદાનું પાણી આપણને મળે તો કેટલો ફાયદો થાય છે એ મેં બતાવ્યું હતું અને આ એમણે જોયા પછી આ બાબતમાં બોલવાનું પ્રમાણમાં કન્સ્ટ્રેઈન્ટ રાખ્યું અને એ બોલ્યા નહીં અને એનો ફાયદો આપણને મળ્યો છે, પરંતુ જે લોકોની સમજવાની તૈયારી નથી એવા લોકોને આપણે બધા સાથે મળીને આ યોજનાને જો આગળ લઈ જવામાં નિશ્ચિતપણે સાથે રહેવાના છીએ અને

હું એમ કહું છું ગુજરાત સરકારને કે ભલે તે ઈચ્છે કે ન ઈચ્છે, પણ આ મુદા ઉપર અમે બધા આ યોજના માટે કટ્ટીબદ્ધ છીએ, આ બંધની હાઈટ ૧૨૧.૯૨ મીટર સુધીની જે મંજૂરી મળેલી છે તેને અટકાવવાનો પ્રયાસ જો કોઈ કરતા હશે, દબાણ લાવવાનો પ્રયાસ કરતા હશે, ટેકનિકલ બહાના કાઢીને પણ પ્રયાસ કરતા હશે તો તે અમે ચલાવવાના નથી. અને અમે પણ આના માટે કેન્દ્રના જળ સંપતિ મંત્રીશ્રી છે તેમને મળવાના છીએ અને ગુજરાતનો પક્ષ છે તેને મજબૂત રીતે મૂકવાના છીએ કે આને અટકાવવાનો પ્રયાસ કોઈ કરતા હોય તો તે સફળ થવા દેવાના નથી. આ યોજના અંગે પ્રતિબધ્ધતા વ્યકત કરીને હું મારી વાત પૂરી કરું છુ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારે બે પાંચ સૂચનો જ કરવા છે. એટલા માટે હું ઉપસ્થિત થયો છું. માનનીય મુખ્ય મંત્રીશ્રી રાજકોટ આવેલ હતા તે વખતે વિટામીન યુકત પેકિંગમાં ખાદ્ય તેલ આપવાની જાહેરાત કરેલી હતી. હજુ સુધી તેનો અમલ થયો નથી. અને લોકો સુધી વિટામીન યુકત, પેકિંગમાં તેલ મળે તેવી કોઈ કાર્યવાહી થઈ નથી. રેશનીંગ કાર્ડ અંગે અગાઉ માનનીય મંત્રીશ્રીએ કહેલું કે બી.પી.એલ. કાર્ડ અલગ થાય તો એમાં એ.પી.એલ. થઈ જાય છે એના માટે પરિપત્ર થયો છે અને હવે એવું નહીં થાય, પણ આ બાબતમાં મારે ધ્યાન દોરવું છે કે આ પરિપત્રની અમલવારી કયાંય થતી નથી. અને ગ્રામ્ય કક્ષાએ મામલતદાર કક્ષાએ આની અમલવારી થાય તે માટે કડક સૂચના આપવા માટે મારી વિનંતી છે. બીજી વાત રોમિંગ રેશનકાર્ડ અંગેની છે. માનનીય સભ્યશ્રીએ આ અંગે વાત કરી, પણ હજુ સુધી કયાંય આ રોમિંગ કાર્ડ આપવામાં આવેલ નથી. આ વાત હું એટલા માટે કરું છું કે મારા મત વિસ્તારમાં પંચમહાલ, ગોધરા વિસ્તારમાંથી ઘણાં બધા મજૂર લોકો આવે છે તેઓને કેરોસીન કે અનાજ મળી શકતું નથી. એટલે તાત્કાલિક આ રોમિંગ કાર્ડ આપવાનો અમલ થાય તે ખૂબ જરૂરી છે. કેરોસીનની બાબતમાં બે વાત કરવાની છે કે જે ફ્રી સેલ કેરોસીન છે તે ઔદ્યોગિક હેતુ માટે જ અપાય છે. પરંતુ તેના બદલે આ ફ્રી સેલ કેરોસીનનો ૫૦ ટકા જથ્થો વાહનોમાં વપરાય છે એટલે આ કેરોસીન વાહનોમાં વપરાતું બંધ થાય તેના માટે કાર્યવાહી કરવા માટેની કડક સૂચના આપી અને ચેકિંગની વ્યવસ્થા થાય તે જરૂરી છે.

બીજી વાત રેશનીંગ કાર્ડ ઉપર કાર્ડદીઠ કેરોસીન અપાય છેp એમાં દુકાનદારને એંશી ટકા જથ્થો જ મળતો હોય છે અને વહેલો તે પહેલાના ધોરણે રેશનીગ કાર્ડ ઉપર તે જથ્થો આપી દેવામાં આવે છે. તેથી ખરેખર આર્થિક રીતે નબળા લોકો હોય તેની પાસે સગવડ થાય ત્યારે કેરોસીન લેવા જાય ત્યારે કેરોસીનનો જથ્થો ખલાસ થઈ ગયો હોય છે. એટલે કાર્ડ પ્રમાણે સો ટકા કેરોસીનનો જથ્થો અપાય અથવા કાર્ડ દીઠ સમાન ધોરણે કેરોસીનની વહેંચણી થાય તે જરૂરી છે. બીજું ખાસ કરીને મારે પેટ્રોલ પંપની વાત કરવી છે કે આપણે જે પેટ્રોલ પંપ પસંદ કરીએ છીએ ત્યાં જ પેટ્રોલ નખાવવાનો આગ્રહ રાખીએ છીએ કે મારે આ જ પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ મારા વાહનમાં નાખવું છે, આવું શા માટે કરીએ છીએ તે આપણે સૌ જાણીએ છીએ અને સમજી શકીએ છીએ. મોટા પાયે પેટ્રોલમાં નેપ્થા જેવા પ્રવાહીની ભેળસેળ થાય છે, તેના કારણે વાહનો ખોટકાઈ જાય છે, હવામાં પણ પ્રદૂષણ થાય છે એટલે આ બાબતમાં પણ કાળજી લેવાની જરૂર છે.

મારે ગેસ અંગે પણ વાત કરવી છે, એક બાજુ ગેસના બાટલાઓ નાના સેન્ટર ઉપર મળતા નથી. જેના લીધે એક બાજુ કેરોસીન ન મળે અને ગેસ પણ ન મળે અને આવા પ્રશ્નો ઉભા થાય છે, તેની સાથે સાથે ગેસના બાટલાઓ મોટાભાગના વાહનોમાં ગેરકાયદેસર વપરાય છે તે બંધ કરાવવા જોઈએ અથવા સમયસર મળે તેવી

સૂચના સાથે જોગવાઈ થવી જોઈએ. બીજી એક વાત પણ મારે કહેવી છે કે જે ગેસ એજન્સીઓ છે તે એજન્સીઓ મારફત અમુક કંપનીઓ અમુક ચીજવસ્તુઓ પરાણે ગેસની સાથે આપવા માટે દબાણ પૂર્વક વેચાણ કરાવે છે. તે બંધ થવું જોઈએ, ખાસ કરીને પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર છે તેના ઉપર ટાઈમ ટેબલ અને કઈ વસ્તુનો કેટલો જથ્થો છે તેનું લીસ્ટ મુકાવું જોઈએ. એ યાદી મુકવાની હોય છે તેનો પણ અમલ થતો નથી. તો તેના ઉપર દુકાન ખોલવાનો સમય, બંધ કરવાનો સમય, જે ચીજ વસ્તુ હોય તેનો જથ્થા સાથેની યાદી વગેરે મુકવી જરૂરી છે. ગ્રાહક સુરક્ષાને પ્રોત્સાહન માટે અગાઉ ઘણી વાતો થઈ છે. આ બાબતમાં હું ધ્યાન ઉપર મુકવા માગું છું કે ગ્રાહક સુરક્ષા મારફત ઘણા બધા કેસો પેન્ડિંગ છે. તેથી તેનો વહેલી તકે નિકાલ થાય તેવી કાર્યવાહી કરવી જોઈએ. ગ્રાહક સુરક્ષા માટે ગ્રાહકોને કયા કયા પ્રકારની ફરિયાદો માટેની જોગવાઈ છે તેની ખાસ કરીને ગ્રામ્ય કક્ષાએ નાના મથકો ઉપર, નાના માણસોને ખબર નથી હોતી. સિમેન્ટ હોય તો તે ભેળસેળ વાળો આપી દે, વાપરવા વાળા કડીયા વાપરી નાખે. ખૂબ હલકી ગુણવત્તાવાળો માલ વપરાય જાય પછી ખબર પડે કે ગ્રાહકમાં ફરિયાદ કરવી તો કયાં કરવી? તેથી તે અંગેની જાગૃતિ નાના સેન્ટર ઉપર મળે તે માટે ગ્રામ્ય કક્ષાએ શાળા, કોલેજો મહિલા મંડળો મારફત આનો પ્રચાર અને પ્રસાર થાય તે જરૂરી છે. અને તેના માટે વિશેષ નાના સેન્ટરો ઉપર કાળજી લેવાય તે માટે વિનંતી કરું છું. તોલમાપની અંદર વજન અને લીટરીયાઓ એની અંદર સ્ટેમ્પીંગ કરવા માટે અધિકારીઓ આવે છે ત્યારે પૂરતી કાળજી લેતા નથી કે એમની સાથે સમજૂતી કરી લે છે. તોલમાપની અંદર વજન હોય એમાં સ્ટેમ્પીંગ કરતાં પહેલાં અને પછી વધારે સીસુ લગાડેલું હોય છે એમાં ગોલમાલ કરીને ગેરરીતિ આચરતા હોય છે. એના માટે ખાસ કાળજી લે તેવી મારી વિનંતી છે.

અંત્યોદય અને અન્નપૂર્ણા યોજનામાં સમયસર સારી ગુણવત્તાવાળું અનાજ મળે એ ખાસ જરૂરી છે.ઘ ણીવાર એમાં ખાવાલાયક અનાજ મળતું નથી એટલે એમાં ખાસ કાળજી લેવાની જરૂર છે.

નર્મદાને લગતી અહીંયા ઘણી જ વાત કરવામાં આવી છે. જે વિસ્તાર સૂકો છે જયાં કોઈ મોટી યોજના થઈ શકે તેમ નથી તેવા બાબરા, જસદણ, સાયલા અને ચોટીલા તાલુકામાં જયાં કોઈ ડેમ થવાના નથી. તેવા વિસ્તારમાં લિફટ કરીને સિંચાઈનું પાણી અપાય તે ખાસ જરૂરી છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા ડેમની હાઈટમાં ૧૧.૯૨ મીટરનો વધારો થવાનો છે એ સમાચાર શુકનવંતા આ સત્રમાં પ્રાપ્ત થયા છે. આ સત્ર આપણું સૌથી લકકી સત્ર છે જેમાં અનેક લોકપયોગી જાહેરાતો કરવામાં આવી છે. આ હાઈટ વધી એના સમાચાર અમારા કચ્છમાં પહોંચ્યા તો કચ્છના લોકોએ ગામડે ગામડે ફટાકડા ફોડીને એની વધામણી કરી અને દિવાળી જેવો તહેવાર ઉજવ્યો. કચ્છ એ સતત અસરગ્રસ્ત વિસ્તાર છે અને પાણીને માટે તરસી રહ્યો છે. કચ્છના લોકોનો અંતરનાદ અને ગરીબ ખેડૂતોનું દર્દ છે એના આર્શીવાદરૂપે આ હાઈટ વધારવાની મંજૂરી આપણને મળી છે. ત્યારે હું ચોક્કસ કહીશ કે અમારા વિસ્તારમાં પાણીની ખૂબ જ અછત છે તેથી સિંચાઈનું પાણી તાત્કાલિક મળે એના માટે કેનાલોનું કામ તરત જ ચાલુ કરવામાં આવે અને જે પાણી આપવાનું છે એ વધુમાં વધુ આપવામાં આવે તેવી જાહેરાત માનનીય મંત્રીશ્રી આજના દિવસે કરશે તો એ કચ્છ માટે ખૂબ જ ખુશીની વાત હશે. આ કેનાલનું કામ ક્યારે ચાલુ કરવામાં આવશે અને કેટલા વખતમાં પૂરું કરવામાં આવશે એની સ્પષ્ટ જાહેરાત કરવામાં આવે.

બીજું ચોમાસામાં વધારાનું પાણી વહી જાય છે એનો સંગ્રહ કરવા રિઝર્વ અમારા વિસ્તારમાં વધુમાં વધુ બનાવવામાં આવે તેવી માગણી રજૂ કરુ છું. આ નર્મદા ડેમ માટે અનેક લોકોએ પ્રયત્નો કર્યા છે. તન મન અને ધનથી પ્રયત્નો કર્યા છે એનું ફળ જે મળ્યું છે એ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ખૂબ શકિતશાળી અને શુકનવંતા છે એમને આનો યશ મળ્યો છે એની પણ ખુશી છે એના માટે સરકારને અભિનંદન આપું છું.

કઈ રીતે કચ્છને પાણી આપવું એનો વિવાદ અમારે ત્યાં ચાલી રહ્યો છે. ઘણા બધા ડ્રીપ ઈરિગેશનથી આપો તો ઘણા ગ્રેવિટી ફલોથી આપો. મારે આ તબક્કે એટલું જ કહેવું છે કે જે રીતે પાણી અપાય તે રીતે ટેકનિકલ સ્ટાફ જે નિર્ણય કરે એ, ટેકનિકલ સ્ટાફમાં અમુક લોકોને વિશ્વાસ ન હોય તો નવા બીજા નિષ્ણાંતોને મૂકીને એનો જે નિર્ણય થાય તે પરંતુ અમને વધારે પાણી મળે તેમાં કચ્છના લોકોને રસ છે. અમારા કચ્છમાં વરસાદ આવે ત્યારે દેશ અને પરદેશથી ફોન આવે કે વરસાદ આવ્યો એવી લાગણી વરસાદ અને પાણી માટે જોડાયેલી હોય ત્યારે નર્મદાનું પીવાનું પાણી તો ગામડે ગામડે પહોંચાડવામાં આવ્યું છે એના લીધે કચ્છના લોકોમાં વિશ્વાસ પેદા થયો છે કે જરૂર કચ્છની ધરતીને સિંચાઈના પાણી મળશે અને અમારી તરસી ધરતી છે એ નવપલ્લવિત થવા થનગની રહી છે ત્યારે તાત્કાલિક આ કાર્યવાહી કરવા વિનંતી છે.

અહીંયા અલગ કચ્છની વાત કરવામાં આવી છે. આ વાતથી તમામ કચ્છીઓની લાગણી દુભાઈ છે. આ વ્યકિતગત વિચાર છે અત્યારે કચ્છનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે. કચ્છની તમામ માગણીઓ પૂરી થઈ રહી છે તેવા સંજોગોમાં અલગ કચ્છની વાત કરવી એ ખરેખર ભૂતકાળ છે. એ અત્યારે કરી શકાય નહીં. મને નથી લાગતું કે આ કોંગ્રેસ પાર્ટીની પૉલિસી હોય. આ એક વ્યકિતગત પૉલિસી છે. અલગ કચ્છની વાત હવે કોઈએ નહીં કરવી જોઈએ. એટલી જ આ સભાગૃહને વિનંતી કરું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને એક-બે સૂચનો જ કરવા છે. જે પ્રમાણે કચ્છ બ્રાન્ચ કેનાલ અને મુખ્ય કેનાલનું કામ જે ઝડપે ચાલી રહ્યું છે તેના ઉપરથી મને લાગે છે કે આ વર્ષના અંતમાં આ બન્ને કામ પૂર્ણ થવાને આરે છે. બ્રાન્ચ કેનાલનું કામ મોટા ભાગે તૈયાર થઈ રહ્યું છે ત્યારે રાધનપુર, સાંતલપુર, સમી, હારીજ, વાવ અને થરાદ આ વિસ્તારોમાં મુખ્ય કેનાલ અને સબ બ્રાન્ચ કેનાલનું કામ પૂરું થઈ જાય તો તાત્કાલિક ડીસ્ટ્રીબ્યુટરી અને બાકીની માઈનોર, સબમાઈનોર કેનાલ છે એ ખેતર સુધી પહોંચે તેનું પ્લાનીંગ જો ઝડપી બને તો આવતા વર્ષમાં જ લોકોને પાણી મળી જાય. અમે માગણી એટલા માટે કરીએ છીએ કે હવે અમારી આશા પૂરી થતી દેખાય છે. બનાસ નદીમાં પાણી આવ્યું એટલે અમને આશા બંધાઈ છે. કેનાલોનું કામ જે પ્રમાણે ચાલુ થયું છે તેના ઉપરથી લાગે છે કે નહીં, આ સરકાર ૧૦૦ ટકા પાણી આપશે. આ મુખ્ય કેનાલ અને બ્રાન્ચ કેનાલોની સાથે સાથે માઈનોર અને સબમાઈનોર કેનાલનું કામ તાત્કાલિક બને અને કેટલાય લોકો એવા છે કે જેને મોત આવે તો મરતાં પહેલાં એક વખત નર્મદાજી અમારા ખેતરમાં આવે આવી રાહ જોઈને યમરાજાને પણ કહે છે કે યમરાજા પછી આવજો. અમારી ધરતી ઉપર એક વખત નર્મદાજીનું પાણી આવે પછી અમારે મરવું છે. તો આવા જે લોકો બિલકૂલ મૃત્યુને આરે બેઠેલાં વડીલો છે તેમને પણ મોક્ષ પ્રાપ્ત થાય. એટલા માટે કરીને તાત્કાલિક માઈનોર-સબમાઈનોર કેનાલનું કામ શરૂ કરીને ત્યાં આગળ પાણી પહોંચતું કરે અને બીજું, ગયા વખતે બનાસ નદીમાં નર્મદાજીનું પાણી નાખ્યું હતું. બે-ત્રણ વખત પાણી આવ્યું તેના કારણે મોટા પ્રમાણમાં પાણીનું રીચાર્જીંગ થયું હતું. હવે ફરી એક વખત કામમાં કોઈ અવરોધ ન પડે અને બનાસ નદીમાં ફરી નર્મદાનું પાણી વહેતું થાય તો બહુ મોટો ફાયદો થઈ શકે તેમ છે. માનનીય મંત્રીશ્રીને મારાં આ બે સૂચનો છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના માનનીય નેતાશ્રી અને ૨૦ માનનીય ધારાસભ્યશ્રીઓએ મારા વિભાગની માગણીઓ ઉપરની ચર્ચામાં ભાગ લીધો છે. માનનીય ગોવાભાઈ સિવાયના લગભગ બધા જ માનનીય ધારાસભ્યશ્રીઓને હકારાત્મક રીતે સૂચનો કર્યા છે અને ૧૨૧ મીટરની ઉંચાઈને વધાવી લીધી છે. સૌએ દાખવેલ આ હકારાત્મક વલણ બદલ હું માનનીય વિપક્ષના નેતા સહિત તમામ સભ્યશ્રીઓનો રાજય સરકાર વતી હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાની વાત ખૂબ સાચી છે. આજે પણ પર્યાવરણવાદીઓ તેમના કટ્ટરવાદને ભૂલ્યા નથી અને એ પર્યાવરણવાદીઓને કારણે જ આ યોજનાને ખૂબ મોટું નુકસાન થયું છે. વર્ષ ૮૧-૮૨માં ૧,૧૭૪ કરોડ રૂપિયાની આ યોજના હતી. ૮૮-૮૯માં ૬,૪૦૬ કરોડની યોજના હતી. ૯૧-૯૨માં ૧૩,૧૮૦ કરોડની યોજના હતી. આજે ૨૦,૦૦૦ કરોડ રૂપિયા આપણે ખર્ચી ચૂક્યા છીએ અને આ યોજના પૂર્ણ થતાં ૨૭,૦૦૦ કરોડ રુપિયાનો ખર્ચ થવાનો છે. આટલું ડિલે થવા પાછળ ગુજરાતની પ્રજાના પરસેવાના પૈસા આ યોજનામાં ખર્ચાઈ રહ્યા છે. તેમાં હવે જો ડિલે થાય તો ગુજરાતની પ્રજા અવરોધ ઉભો કરવાવાળા કોઈ પણ માણસોને સાંખી લેશે નહીં. અમે સૌ સાથે છીએ. વિપક્ષના નેતાએ કહ્યું છે. તેને હું આવકારું છું. એ પર્યાવરણવાદીઓને અમે સૌ સાથે છીએ એ ઉપરાંત ગુજરાતની પાંચ કરોડની જનતા વતી ચેતવણી આપું છું કે ગુજરાતની પ્રજા આવા કોઈ પણ પ્રકારના માણસોને હવે સાંખી લેશે નહીં. આ પ્રયાસોને રોકવા માટે આપણા સૌની ફરજ છે કે, જ્યાં જ્યાં જેમની જવાબદારી આવતી હોય એ તમામે તમામ સૌ સભ્યોની જવાબદારી છે અને માનનીય વિપક્ષના નેતા રવિવારે જઈ રહ્યા છે એને હું આવકારું છું, યોગ્ય સમયે જઈ રહ્યા છે, જવું જ જોઈએ, જે રીતે પર્યાવરણવાદીઓ એમની ખોટી વગનો ઉપયોગ કરી રહ્યા છે એ દૃશ્ય આપણી સૌની સમક્ષ છે, એને રોકવા માટેના પ્રયત્ન આપણે સૌ સાથે રહીને કરીએ. જોગાનુજોગ કેવો છે, ૧૯૪૬માં આ દેશના લોહ પુરુષ અને ગુજરાતના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલે આ યોજનાની કલ્પના કરીને સ્વપ્ન સેવ્યું. જે તે વખતે ૧૯૪૬માં ગુજરાતમાં પાણીની કોઈ સમસ્યા નહોતી, રાજયની ૧૮૪ નદીઓ એમાં પાણી હતા, રાજયના ખેડૂતો કોશ વડે ખેતી કરતા હતા, ૧૦ ફૂટે પાણી ખેંચતા હતા. સરદાર વલ્લભભાઈએ ચિંતા કરી કે ભવિષ્યમાં આ સમાજ, આ બધું પાણી વેડફી નાખશે અને એક સમયે, માલજીભાઈએ વાત બહુ સાચી કરી કે હજાર-હજાર, પંદરસો-સોળસો ફૂટ નીચે પાણી ગયા છે. એની કોઈએ ચિંતા ન કરી, ખેવના ન કરી અને એ ચિંતા સરદાર વલ્લભભાઈ પટેલે કરી અને આ યોજનાની કલ્પના કરી અને સ્વપ્ન સેવ્યું. જોગાનુજોગ કેવો છે, એક લોહપુરુષે સ્વપ્ન સેવ્યું અને બીજા લોહ પુરુષ નરેન્દ્રભાઈ મોદીના સમયમાં એ સ્વપ્ન પૂરું કરી શક્યા છીએ, આ જોગાનુજોગ છે અને એની વચ્ચે આવનારા તમામ મુખ્યમંત્રીશ્રીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ, વડાપ્રધાનશ્રીઓ બધાને, આ એક એવા મુખ્યમંત્રીશ્રી છે જે બધાને જશ આપે છે. દેશમાં બીજા કોઈ એક મુખ્યમંત્રીશ્રીએ વિકાસના કામો કે બીજા કામો માટે બધાને જશ વહેંચ્યો હોય એવું એક પણ સ્ટેટમેન્ટ બતાવો. હું પણ આજે રાજય સરકારવતી અત્યાર સુધીમાં જેમણે જેમણે સહયોગ આપ્યો છે એ ગુજરાતની પ્રજા, બધા જ પક્ષો, બધી જ સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક વડાઓ, સાધુ-સંતો એ તમામ ઉપરાંત સાથી રાજયોએ સહકાર આપ્યો છે એ તમામનો હ્દયપૂર્વક આભાર વ્યક્ત કરું છું અને સાથે જ પૂરા સાડા ચાર દાયકાથી ગુજરાતની જનતા જેની રાહ જોઈ રહી હતી એ નર્મદા યોજનાના સાચા અર્થમાં પડઘમ વાગી રહ્યાં છે.

"ક્યારેક વાદમાં, ક્યારેક વિવાદમાં, ક્યારેક સ્થાનિક માંચડે કે વૈશ્વિક માંચડે,

ક્યારેક વિદેશી લોકોના વિરોધમાં તો ક્યારેક ઘરના વિવાદમાં અથડાતી,
ટી.વી.ના પડદે ઉપર ચર્ચાતી, ઘૂંટાતી, વિવાદાતી,
ચર્ચાની એરણે ચડતી, અખબારોની હેડ લાઈન બનતી,
ભારતદ્વેષી વિદેશી લોકોની રોજી અને ક્યારેક મનોરંજન બનતી,
દુષ્કાળ પીડિત ગુર્જર ધરાના બાળકોના સુકાતા આંસુઓને લીલા કરતી,
સ્વપ્નોને તાજા રાખતી, મારી તમારી અને આપણા સૌની,
અને મૂંગા પશુઓનો ચારો-ઓવારો બનતી,"

નર્મદા કે જેની પરિક્રમા કરતાં અને દર્શન માત્રથી પુણ્ય મળે તે નર્મદા મૈયા ખુદ ગુજરાતની તસુએ તસુ ધરતીની પરિક્રમાએ નીકળી છે. વૃક્ષ, પશુ, પંખી, જીવ-જંતુ અને ખુદ માનવી એના દર્શન માત્રથી પવિત્ર થાય છે. એક યુવાન કવિ ભાગ્યેશ જહાએ લખ્યું છે,

*"મંકોડે, મંકોડે શ્રદ્ધા ફૂટે છે આજ,*
*ઊડવાની પાંખ કાલે ફૂટશે,*
*ધોધમાર ધોધમાર વરસી જશે*
*અને તોય વાદળમાં જળ નહીં ખૂટશે."*

આવી યોજના રાજયના એક મહાત્વાંકાંક્ષી કામ માટેની આ યોજના એમાં થયેલ કામ અને આયોજનની વિગત લઈને. આજે હું ગૃહ સમક્ષ આવ્યો છું. આ યોજનામાં બે વિદ્યુત મથકો છે. એક Canal Head Power House છે અને એક River bed power house છે. ૫૦ મેગાવોટના ૫ એમ કુલ ૨૫૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન થશે એમાંથી આ વિદ્યુત મથકનું કામ પૂર્ણ થયેલ છે અને દરેક એકમો આજે ૧૮ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરે છે. River bed power house આ એક એવું જ બીજું પાવર હાઉસ છે જેમાં ૨૦૦ મેગાવોટની ક્ષમતા ધરાવતું એક એવા છ એકમો બેસાડવાના થાય છે જેમાંથી ૧૨૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન થશે. ૨૦૦૬ જુન સુધીમાં આ ભૂગર્ભ વિદ્યુત મથકના બાકીના એકમો પણ કાર્યાન્વિત કરવાનું આયોજન છે. રાજયને ફાળે આ પૈકી ૫૬ કરોડ યુનીટ વીજળી આવશે અને ૧૧૨ કરોડની આવક થવાની છે. ૪૫૮ કિલોમિટરની લંબાઈ ધરાવતા રાજસ્થાન સુધીની આ મુખ્ય નહેરની શરૂઆતના ૩૫૭ કિલોમિટરનું બાંધકામ હારીજ ખાતેના માસા ગામ સુધી પૂર્ણ થયેલ છે અને ટ્રાયલ રન તરીકે પાણી પણ છોડવામાં આવેલ છે. આ તમામ કામો ૩ મીટર સ્ટ્રકચર સરસ્વતી, ખારી, બનાસ નદી માટે ઓળંગવાના સાઈફનનો પણ આમાં સમાવેશ થાય છે. ૨૦૦૬ જુન સુધીમાં રાજસ્થાનની સરહદ સુધી પાણી પહોંચાડવાના કામનું આયોજન છે. માલજીભાઈએ ચિંતા કરી ગુણવત્તાની, આ ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે રાજય સરકારે આ મહત્વાકાંક્ષી યોજનાની પૂરી ચિંતા કરી છે. એની ગુણવત્તા જાળવવા માટે થર્ડ પાર્ટી નિરીક્ષણની પણ વ્યવસ્થા કરી છે. શાખા નહેરોમાં ૩૮ જેટલી શાખા નહેરોની કુલ લંબાઈ ૨૪૬૦ કિલોમિટરથી ૧૪૮૯ કિલોમિટરના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. છેલ્લા ૩ વર્ષ દરમિયાન ૫૭૬ કિલોમિટર લંબાઈના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. ૩૮ શાખા નહેરોમાંથી ૨૨ શાખા નહેરોના કામ પૂર્ણ થયેલ છે અને ૯ શાખા નહેરોના કામ આગામી નાણાકીય વર્ષ દરમિયાન કરવાનું આયોજન છે. બાકી રહેતી ૭ શાખા નહેરોના કામ વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન પૂર્ણ કરવામાં આવશે. પંપીંગ સ્ટેશનો વિશ્વના નકશા ઉપર આજે જોઈએ તો આ એક એવી મહત્વાકાંક્ષી યોજના છે કે જેમાં એક-એક સ્ટ્રકચરો વિશ્વમાં કયાંય ન હોય એવા સ્ટ્રકચરો છે. એમાંનું એક પંપીંગ સ્ટેશન પણ છે. સૌરાષ્ટ્ર શાખા નહેરના જે પંપીંગ સ્ટેશનો છે લીલાપુર ખાતેનું પંપીંગ સ્ટેશન અત્યારે કાર્યાન્વિત થઈ ગયું છે. લખતર પાસેનું પંપીંગ સ્ટેશન છે એ વર્ષ ૨૦૦૬-૦૭ દરમિયાન પૂર્ણ કરવાનું આયોજન છે. બાળા ખાતેનું પંપીંગ સ્ટેશન ૨૦૦૬-૦૭માં, રાજપુર અને દુધરેજનું આ બધા પંપીંગ સ્ટેશનો પાંચે પાંચ વર્ષ ૨૦૦૬-૦૭ દરમિયાન પૂર્ણ કરવાનું આયોજન છે. ઘણા મિત્રોએ ડીસ્ટ્રીબ્યુટરોની અને માઈનોર સબ માઈનોરની પણ ચિંતા વ્યકત કરી છે. અત્યાર સુધીમાં કુલ ૧૦૫૨ કિલોમિટર લંબાઈમાં ડીસ્ટ્રીબ્યુટરોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. ઉપરાંત વિતરણ પદ્ધતિના ૭૫૪૪ કિલોમિટર લંબાઈના કામો પણ પૂર્ણ કર્યા છે. અત્યાર સુધીમાં ૧૦૪૭૦ કિલોમિટર લંબાઈની નહેરો દ્વારા ખેતરોમાં સિંચાઈ થઈ રહ્યું છે. કુલ ૮૫૮૯૮ કિલોમિટર લંબાઈમાં નહેરોના કામ થવાના છે. વધુને વધુ ખેતરો સુધી આ કામો દ્વારા પાણી પહોંચે એ પ્રકારનું આયોજન છે અને ૧૮ લાખ હેકટરમાં વહેલામાં વહેલી તકે પાણી પહોંચે અને એના દ્વારા બીજી ક્રાંતિ કરવાનું, હરિયાળી ક્રાંતિ કરવાનું માનનીય મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્ન છે. ૫ વર્ષની અંદર ખેડૂતોની આવક બમણી થાય પરંતુ જે ગતિ અને ઝડપે નર્મદા યોજના અને જળસંચયની કામગીરી , સુજલામ, સુફલામની કામગીરી થઈ રહી છે એ જોતાં ૫ વર્ષ સુધી ખેડૂતોને રાહ જોવી ન પડે એવું મારું માનવું છે.

નર્મદા યોજનાથી કડીથી કેવડિયા સુધીનો વધારાનો ૫૫,૧૧૯ હેકટર વિસ્તાર આવરી લેવામાં આવેલ છે. જેનો લાભ ૮ જિલ્લા અને ૩૦ તાલુકાના ૧૦૬૧ ગામોને મળે છે. આમ થતાં વર્ષ ૨૦૦૫-૦૬માં કૃષિ ઉત્પાદનમાં ૮.૪૦ કરોડ મેટ્રિક ટનનો વધારો થયો છે. આ જ રીતે મૂલ્ય ઉપાર્જનમાં પણ વધારો થયો છે. આ ઉપરાંત મહી, મેશ્વો, ખારીકટ અને ફતેહવાડીમાં જે રીતે પાણી આપવાનું આયોજન છે અને અપાઈ રહ્યું છે. હું

ફતેહવાડીનો દાખલો આપું તો એ પાણી મળ્યા પછી ત્યાં જે રાઈસ મિલનો ધંધો બંધ થઈ ગયો હતો. ધરોઈનું પાણી મળતું હતું એ ધરોઈનું પાણી બંધ થયા પછી વચ્ચે સમય એવો આવ્યો કે ધીમે ધીમે એક એક કરતાં બધી મિલો બંધ થઈ ગઈ. આ નર્મદાનું પાણી મળ્યું તો એ મિલો ફરી ચાલું થઈ છે અને એ અંતર્ગત હજારો લોકોને રોજીરોટી મળી રહી છે. ઘણા મિત્રોએ પિયત સહકારી મંડળીની વાત કરીને ચિંતા કરી. મારે આ ગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરવાની છે કે પિયત સહકારી મંડળીનું કામ છે એમાં સૌ સભ્યશ્રીઓ રાજય સરકારની આ કામગીરીમાં સહકાર આપે. જેમના વિસ્તારમાં આ કામગીરી થઈ રહી છે, જેટલી ઝડપથી આ કામગીરી થશે એ યોજના પૂર્ણ કરવામાં વહેલામાં વહેલી તકે પાણી સૌના કામમાં આવશે. ૫૧૦૦ જેટલી સહકારી મંડળીઓ આ આખી યોજનામાં કરવાની થાય છે અને આ નિમિત્તે એક અપીલ એ કરવી છે કે સહકારી મંડળીઓની અને બીજી અપીલ ડ્રીપ ઈરિગેશનની કરવી છે. સરદાર વલ્લભભાઈ પટેલે જે આયોજન કરી કૃપા કરી, ચિંતા કરી, બીજી એવી જ ચિંતા, બે લોહ પુરુષોમાં સામ્યતા દેખાય છે. એમણે ૧૯૪૬માં અત્યારની ચિંતા કરી અને આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આગામી ૫૦ વર્ષની ચિંતા કરીને ડ્રીપ ઈરિગેશન માટે કેન્દ્ર સરકારે આખા દેશ માટે ૪૦૦ કરોડ ફાળવ્યા અને માત્ર અને માત્ર ગુજરાત માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૫૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. મારે આપસૌને વિનંતી કરવી છે કે ઈઝરાયલમાં સરેરાસ સાડા ત્રણ થી ચાર ઈંચ વરસાદ થાય છે, આપણી સાથે આઝાદ થયેલો દેશ, સૌએ એકી સાથે નિર્ણય કર્યો, માત્ર સરકારે નિર્ણય કર્યો એવું નહિ પણ સમગ્ર સમાજ અને પ્રજાએ નિર્ણય કર્યો. એની સામે આપણે ત્યાં જોત જોતામાં ૧૫૦૦ ફૂટ પાણી નીચે ગયાં. આજે ઈઝરાયલ રોજના બાગાયતની ૭૦૦-૮૦૦ ટન નિકાસ કરે છે. મને બે વાર ત્યાં જવાનો મોકો મળ્યો છે. આ રાજ્ય જો નક્કી કરે, કાળુભાઈ વિનંતી કરતા હતા કે અમરેલીને પાણી મળવાનું નથી. મૂળ આયોજનમાં નથી એટલે નથી મળવાનું પણ જો રાજ્યની પ્રજા અને તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ નક્કી કરે તો આપણે ડ્રીપ ઈરિગેશનનો સો ટકા ઉપયોગ કરવાના છીએ. નર્મદા યોજનાનું પાણી માત્ર અને માત્ર ડ્રીપ ઈરિગેશનથી આપવાનું રાખીશું તો ૧૮ લાખનો જે કમાન્ડ વિસ્તાર છે એને બમણો કરી શકાય અને આજે પાણી મળતું નથી એને આપવાની પણ વિચારણા થઈ શકે, જો આપણે આ ડ્રીપ ઈરિગેશનનો ઉપયોગ કરીએ તો. રાજય સરકારે ગ્રીન રીવોલ્યુશન કંપની, જી.જી.આર.સી.ની સ્થાપના કરી છે. આપ તમામ સભ્યશ્રીઓને હૃદયપૂર્વક વિનંતી કરવી છે કે આ ડ્રીપ ઈરિગેશનનો આપણે સૌ ઉપયોગ કરીએ. માનનીય બાબુભાઈ અને નીમાબેન દ્વારા કચ્છની ચિંતા પણ કરવામાં આવી. બાબુભાઈએ બે વાત કરી. એક ગ્રેવિટીથી પાણી આપવાની વાત કરી અને બીજી વાત અલગ કચ્છની વાત કરી. બેનને અભિનંદન આપું છે કે આ રાજ્યનો કોઈપણ નાગરિક, કાર્યકર્તા કે રાજકીય પક્ષ કચ્છ અલગ બને એવું ઈચ્છતા નથી એવી સ્પષ્ટતા કરી. એક ધારાસભ્ય તરીકે આપે આ સ્પષ્ટતા કરી એ બદલ ધન્યવાદ આપું છું. કચ્છને ગ્રેવિટીથી પાણી મળી શકે તેમ નથી એવી મેં અને મારા પૂર્વ મંત્રીશ્રીઓએ સ્પષ્ટતાઓ કરી છે અને આ વસ્તુ ટેકનિકલ વાયેબલ નથી એ નિર્ણય હું કરું એ વાજબી નથી. પરંતુ આ વિષયના જાણકાર અને નિષ્ણાંત કરે એ મારે માનવું પડે. એ નિષ્ણાંત લોકોએ કહ્યું છે. નીમાબેનની વાત એકદમ સાચી છે, સંમત થાઉં છું, એમને પાણી આપો, તમે ગ્રેવિટીથી આપો કે ફોલથી પણ પાણી આપો એટલા જ માટે વધારે પાણી આપવાની વાત છે. શરૂઆતમાં ૪૨૦૦૦ હેકટરને આપવાની વાત હતી. પછી ૫૭૦૦૦ હેકટરનું થયું અને આ રાજ્ય સરકારે ૧,૧૨,૦૦૦ હેકટર કચ્છને પાણી આપવાનું આયોજન કર્યુ છે. પહેલા ૦.૨૦ મિલિયન એકરફીટ પાણી આપવાનું, ૦.૪૯ આયોજન થયું છે. એકબાજુ રાજસ્થાન એના કરતા ત્રણ ગણું પાણી કચ્છને આપવાનું આયોજન ઉપરાંત ૧૦ તાલુકાના ૯૪૮ ગામો અને ૧૦ નગરોને પાણી પુરવઠા યોજના દ્વારા પીવાનું પાણી આપવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ યોજના હેઠળ આખા રાજ્યમાં ૨૦૦૨-૦૩માં ૧૨૦૮ ગામો અને ૩૮ શહેરોને પીવાનું પાણી આપ્યું. ૨૦૦૩-૦૪માં ૯૪૪ ગામો અને ૩૩ શહેરોને પાણી આપ્યું. ૨૦૦૪-૦૫માં ૧૮૨૬ ગામો અને ૫૩ શહેરોને પાણી આપ્યું અને ૨૦૦૫-૦૬માં ૨૦૪૪ ગામો અને ૫૭ શહેરોને પાણી આપ્યું. કુલ યોજનામાં આ રાજયના ૮૨૧૫ ગામો અને ૧૩૫ શહેરી વિસ્તારોને આવરી લેવાનું આયોજન છે. આ યોજનાને પ્રવાસન સાથે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જોડી દેવાનો પ્રયાસ કર્યો છે અને આયોજન કર્યુ છે.

આ વર્ષ રાજ્ય સરકાર પ્રવાસન વર્ષ તરીકે ઉજવી રહી છે. કેવડિયા એવી સુંદર જગ્યા છે કે જ્યાં ચોમાસામાં જ્યારે ઓવરફલો પાણી થાય છે ત્યારે લાખો લોકો, રોજના હજારો લોકો શનિ-રવિની રજામાં ૨૦ થી ૨૫ હજાર લોકો જોવા જાય છે અને કેનેડાનું દૃશ્ય અહીંયા જોઈ શકાય છે અને એમની સુવિધા માટે અમે ત્યાં વ્યૂહ પૉઈન્ટ બનાવ્યાં છે. ત્યાં ૧૪ જેટલા જોવાલાયક સ્થળો નિગમે બનાવ્યા છે. ત્યાં વ્યૂહ પૉઈન્ટ સ્થળ, પૉઈન્ટ ૧, ૨, ૩, વડાગામ સરોવર, બારફળિયા સરોવર, પંચમીની સરોવર, ખલવાણી સરોવર, બેટદેવી દરવાજા પાસેનું સ્થળ, હેડ રેગ્યુલેટર સ્થળ, સૂરપાણેશ્વર મંદિર આ બધાજ જોવાલાયક સ્થળો ઉપર જેના પરિણામે આ પ્રવાસન વર્ષ નિમિત્તે આ જાહેર કર્યા પછી ભવિષ્યનું આયોજન છે. આ બધા જ પ્રોજેકટો અહીંયા થશે ત્યારે ૧૫૦ કરોડથી ૨૦૦ કરોડ રૂપિયાનું ખાનગી મૂડીરોકાણ કરવા માટેની પણ અહીંયા સાહસિકોએ પોતાની દરખાસ્તો મોકલી છે. આ ઉપરાંત આખી યોજનામાં જે કડી પાસે 'વાય'જંકશન છે એ એકદમ જોવાલાયક જગ્યા નિગમ દ્વારા બનાવવાનું આયોજન છે અને ત્યાં પણ પ્રવાસન સ્થળ બને અને સુરેન્દ્રનગર જિલ્લાના લખતર

પંપિંગ સ્ટેશન ત્યાં પણ એ પ્રવાસન વર્ષ નિમિત્તે એ સ્થળને પણ વિકસાવવાનું આયોજન કરવામાં આવેલું છે. નિગમે અને રાજ્ય સરકારે કરકસરના પગલા પણ જે કાપદરખાસ્તો પાછી ખેંચી લેવાના છે એ આનંદની વાત છે, પણ જે મૂકી છે એમાં આ વાતનો ઉલ્લેખ કર્યો એટલા માટે મારે ઉલ્લેખ કરવો છે જે જમીન સંપાદન કરવાની છે એ ઝડપી બને એટલા માટે એક હાઈકોર્ટના નિવૃત્ત જજના વડપણ હેઠળ સમિતિની રચના કરવામાં આવી છે. જેથી કરીને કોર્ટ બહાર પણ સમાધાન થાય અને જલદીથી રાજ્ય સરકારે વ્યાજ ઓછું ભોગવવું પડે એનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. તમામ કામો ઈ-ટેન્ડરિંગ દ્વારા થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષની અંદર ડેડસ્ટોક અને વાહનો ઈત્યાદી જે કાંઈ કંન્ડમ થયા હોય એ બધાનો નિકાલ કરીને ૨ કરોડ ૬૫ લાખ જેટલી કિંમત પણ નિગમે મેળવી છે. વિતરણની કામગીરીની ચિંતા છેલ્લે શંકરભાઈએ પણ કરી, મારે કહેવું જોઈએ તબક્કો ૧ અને ૨ માં વિતરણનું જે કામ છે એ ખૂબ ઝડપી આગળ વધી રહ્યું છે. તબક્કાવાર, પહેલા તબક્કામાં અને બીજા તબક્કામાં મળીને અને આજે રાજય સરકારનો સંકલ્પ પણ હું દોહરાવું છું કે જે સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે એ સમયમર્યાદાથી પહેલા આ બધા જ કામો પૂર્ણ થાય એ માટે રાજય સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ માત્ર ગુજરાતની જીવાદોરી છે એવું નથી, દેશમાં વર્ષે ૯૫ લાખ ટનનો વધારો થવાનો છે, ૧૪૫૦ મેગાવોટ વીજળી મળવાની છે, કૃષિ રોજગારી અને એગ્રો ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ૧૦ લાખ લોકોને રોજી મળવાની છે અને બીજી હરિયાળી ક્રાંતિ થવાની છે. આ આખી યોજનામાં ૭૫ ટકા દુષ્કાળગ્રસ્ત વિસ્તાર હોઈ આ રાજયનો મોટા ભાગનો વિસ્તાર આમાં આવરી જાય છે અને રાજયમાંથી દુષ્કાળ એ ભૂતકાળ બની જશે, ૩૦,૦૦૦ હેકટર જમીનને પુર સામે પણ રક્ષણ મળવાનું છે. સૌથી મોટી વાત આપણે હિસાબ લગાવીએ, જે રિવર ગ્રિડની વાતો બધા કરે છે શ્રી અટલબિહારી બાજપાઈએ એની શરૂઆત કરી, દુભાગ્યે એ અટકી ગઈ છે પણ રાજય સરકારે, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ તો શ્રી અટલજીએ કહ્યા પહેલાં, અહીંયા અમે શરૂઆત કરી હતી અને નર્મદાનું પાણી સાબરમતીમાં નાખ્યું, એ નર્મદાનું પાણી સરસ્વતીમાં નાખ્યું. માનનીય અધ્યક્ષશ્રી, હિસાબ લગાવીએ આપણે, અમદાવાદ કોરપોરેશનના બધા જ બોર ડેડ થઈ ગયા હતા, એક વર્ષ નર્મદાનું પાણી નાખ્યું અને બધા જ બોર લાઈવ થઈ ગયા, અમદાવાદની આજુબાજુની રહેણાંકની તમામ સોસાયટીઓના બધાના લાઈટના બીલો ઓછા આવતા થઈ ગયા છે. બધાના પાણી ઉપર આવતા થઈ ગયા અને માત્ર પાંચ કિલોમીટરના વિસ્તારમાં નર્મદાનું પાણી, સાબરમતીમાં નાખ્યું અને આટલો મોટો ફાયદો થયો, આવતા દિવસોમાં અમે ૬૨ નદીઓમાં, ગુજરાતની ૧૮૪માંથી, ૬૨ નદીઓમાં પાણી નાખીશું અને ૨૭૦૦ તળાવો ભરવાના છીએ અને આજના દિવસે ૨૧ નદીઓમાં પાણી નાખીએ છીએ અને ૬૧૬ તળાવો પણ આજના દિવસોમાં ભર્યા છે અને સરસ્વતી નદીમાં પાણી નાખ્યા પછી આજુબાજુના પાંચ કિલોમીટરના વિસ્તારોના ખેડૂતોના અભિપ્રાય છે કે, અમારા કૂવાના પાણી ઊંચા આવ્યા છે આ હિસાબ લગાવીએ તો સુજલામ સુફલામની ૩૫૦ કિલોમીટર લાંબી કેનાલ એમાં બારે માસ જ્યારે પાણી વહેશે ત્યારે એનો હિસાબ લગાવો કે કેટલા મોટા પ્રમાણમાં રિચાર્જિંગ થશે ?

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત જે સભ્યશ્રી નીમાબેનની વાત છે કચ્છ નહેરનું કામ ચાલુ થઈ ગયું છે, કચ્છ જિલ્લામાં ૨૦ કિલોમીટરનું કામ અત્યારે પ્રગતિમાં છે અને તબક્કાવાર આ કામને અમે આગળ વધારીશું. કચ્છમાં ૩૬૦ કિલોમીટરની લંબાઈમાં ઝડપથી કામ અમારે કરવાનું છે. હવે બાબુભાઈએ જેમ ગ્રેવિટીની, ફલો આવા વિષયોના વિવાદો ઊભા કરે છે એ ન કરે અને તમારી જેમ હકારાત્મક રીતે અમને પાણી આપો તો હું અને રાજય સરકાર કચ્છને વહેલામાં વહેલી તકે પાણી આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય જોગવાઈમાં અત્યાર સુધીમાં પહેલીવાર ઈતિહાસમાં પહેલીવાર ૨૩૦૦ રૂપિયાની બજેટમાં ફાળવણી થઈ હોય તો એ પહેલીવાર છે અને માનનીય અધ્યક્ષશ્રી, જે બળવંતસિંહભાઈ કહેતા હતા કે, ૧૪ ટકા અને ૨ ટકા એ વાતોમાં તથ્ય નથી, એ અમે સપ્રમાણ જેટલી જોગવાઈ છે જેટલા ફાળવવામાં આવે છે એટલા અમે વાપરીએ છીએ. કડી વિસ્તારમાં ભંગાણની વાત જે એમણે કરી છે એ ભંગાણ જે તે કોન્ટ્રાકટર પાસે જ રીપેરીંગ કરાવ્યું છે અને એની પાસેથી ગૅરન્ટી લીધી છે અને ખેડૂતોને વળતરના પૈસાની ચૂકવણી શરૂ કરી દીધી છે અને ભવિષ્યમાં કયાંય પણ નાની મોટી કોઈપણ, મોટી કેનાલો, બ્રાન્ચ કેનાલો, સબ માઈનોર, ડિસ્ટ્રિબ્યૂટરી, એ કયાંય પણ તૂટે નહીં એના માટે ગુણવત્તાની પણ રાજય સરકારે પૂરેપૂરી કાળજી લીધી છે.

આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓએ ખૂબ હકારાત્મક રીતે આ વિભાગની ચર્ચામાં ભાગ લીધો. હકારાત્મક સૂચનો કર્યા છે અને સાથ સહકારની ખાતરી આપી છે. છેલ્લી વાત, વિરોધ પક્ષના નેતાએ કહ્યું રાજય સરકાર ઈચ્છે કે ન ઈચ્છે , તો તમારો સાથ અને સહકાર અમે ઈચ્છીએ છીએ. તમારી જયાં પણ લાગ, વગ જે કાંઈ તમે વાપરી શકતા હોય એ વાપરીને પર્યાવરણવાદીઓને રોકો. આપણે સૌ સાથે મળીને આ યોજનાને વહેલી તકે પૂર્ણ કરીએ એટલી વિનંતી. આપ સૌએ આપની કાપ દરખાસ્ત પાછી ખેંચી લો એવી વિનંતી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને બે વિનંતી કરવી છે. નર્મદાનું પાણી સિંચાઈ માટે આપવાના છે એનો દર શું અને પીવા માટે આપવાના છે એનો દર શું લેવાના છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એ પાણી પુરવઠા વિભાગ નકકી કરશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનો પ્રશ્ન આપણા સહુનો સહિયારો છે માટે અમે અમારા પક્ષની કોંગ્રેસ પક્ષે મૂકેલી નર્મદા વિભાગ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ અને ૨૨ પાછી ખેચું છું.

**શ્રી છત્રસિંહ પું. મોરી (રાજય કક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના જુદા જુદા વિભાગોની જોગવાઈના પ્રમાણમાં આર્થિક દ્રષ્ટિએ જોતાં મારા વિભાગનું કદ ખૂબ નાનું છે. કોઈપણ શાસનની પ્રાથમિક અને મુળભૂત જવાબદારીની દ્રષ્ટિએ જોતા ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા અને ગુજરાતવાસીઓ માટે એની સુખાકારી અને એની જરૂરિયાતની તમામ નાગરિકોને સીધી સ્પર્શતી જો કોઈ બાબત હોય તો એ મારા વિભાગની છે. રાજયની ગરીબી રેખા નીચે જીવતા તમામ નાગરિકોની સુખ સુવિધા માટે સદાય તત્પર અને જાગૃત એવો મારો વિભાગ તમામ વર્ગને અસરકર્તા છે. અતિ સંવેદનશીલ છે અને રાજય સરકારનો ખૂબ અગત્યનો વિભાગ છે. આપણા લોક લાડીલા નંબર-૧ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ચાલતી વર્તમાન સરકારે લોક કલ્યાણકારી અને વિકાસ લક્ષી રચનાત્મક અભિગમ ધ્યાનમાં રાખીને સન ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષ માટે મારા વિભાગની અંદાજપત્રની માગણી ઉપર સન્માનનીય સભ્યશ્રીઓએ ખૂબ સારી ચર્ચા કરી છે. લગભગ ૧૧ સભ્યોએ એમાં ભાગ લીધો છે. એમાં કેટલાક સભ્યોએ સારાં સૂચનો પણ કર્યા છે અને કેટલાક સભ્યશ્રીઓએ ટીકાત્મક રજૂઆત પણ કરી છે. છતાં આ વિભાગ સમગ્ર દેશમાં પુરવઠાની બાબતમાં ગુજરાત રાજય અગ્રિમ સ્થાને છે. હાલમાં ભારત સરકાર દ્વારા ઓ.આર.જી. સેન્ટર ફોર સોશ્યલ રીસર્ચ ન્યુ દિલ્હી મારફત માહે- સપ્ટેમ્બર-૨૦૦૫ માં એક સરવે કરવામાં આવ્યો છે. આખો સરવે રિપોર્ટ હું નહીં વાંચું પણ ૩-૪ બાબતો મહત્વની છે એ હું સભાગૃહના ધ્યાન ઉપર મુકવા માગું છું. ગુજરાત રાજયમાં અંત્યોદય યોજના છે. એમાં ૯૮.૮ટકાના જથ્થાનો ઉપાડ થાય છે. બી.પી.એલ. યોજનામાં ૯૨.૭ટકાનો અન્ય રાજયની કમ્પેરમાં ગુજરાત રાજયમાં ઉપાડ થાય છે. વાજબી ભાવની દુકાનથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ૯૮.૫ટકા ઘઉં અને ચોખા, ખાંડ અને કેરોસીનનું વિતરણ અન્ય રાજય કરતા આપણા રાજયમાં ૯૮.૫ટકાનો ઉપાડ થાય છે. કાર્ડ ધારકોને એક મુલાકાતમાં તમામ ચીજવસ્તુ મળી જાય એવી કેટલાક સભ્યોએ રજૂઆત કરી હતી. સરવે રિપોર્ટ એવું કહે છે કે ટકાવારીની બાબતમાં શહેરની અંદર ૬૨.૪ ટકા અને ગ્રામ્ય વિસ્તારની અંદર ૭૦ ટકા બીજા રાજયોની સરખામણીમાં આ ટકાવારી આપણા રાજયની ખૂબ સારી છે. કાર્ડ ધારકોને દુકાન પરથી જથ્થો ઉપાડયા બાદ રસીદ આપવાનું કામ તેમાં ૯૩ ટકા આંક આપણા રાજયનો છે અને તે બીજા રાજયોની સરખામણીમાં સૌથી ઊંચો છે. ગુજરાત રાજયની ઉત્કૃષ્ટ કામગીરીને ધ્યાનમાં લઈને આ રાજય સરકાર કેન્દ્ર સરકારમાંથી જે અંત્યોદય લાભાર્થીઓ માટે ૬.૪૨ લાખનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો તેમાં બી.પી.એલ. કાર્ડ સિવાય કેટલાક ગરીબ લોકો, વિધવા, નિરાધાર એવા તમામ લોકોને આવરી લઈને આ રાજય સરકાર લક્ષ્યાંકથી વધારે ૬.૪૩ લાખ લાભાર્થીઓ નિશ્ચિત કરીને સો ટકા કરતાં વધારે સિદ્ધિ રાજય સરકારે પ્રાપ્ત કરી છે. આપણા આ બજેટની અંદર ૧૩ કરોડ રૂપિયાની જોગવાઈ આ અંત્યોદય યોજના માટે કરવામાં આવી છે. ૨૯.૯૮ લાખ બી.પી.એલ. કાર્ડ છે અને કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન મુજબ ૨૧ લાખ ગુજરાત રાજયમાં બી.પી.એલ. કાર્ડ હોવા જોઈએ. ત્યારે કેટલાક સભ્યોએ રજૂઆત કરી છે કે બી.પી.એલ. કાર્ડ મળતા નથી. આમ સાહેબ ૨૧ લાખ સામે રાજયએ ૨૯.૯૮ લાખ બી.પી.એલ. કાર્ડ આપ્યા છે. ૧૨ લાખ કરતાં વધારે બી.પી.એલ. કાર્ડ આપવા છતાં કાર્ડ ધારકોની જન સંખ્યા ૧ કરોડ ૫૯ લાખ તેમાં સાહેબ ૯૫.૪ ટકા લોકોને સંતોષ આપી શક્યા છીએ. ૧૧૦ કરોડ રૂપિયાની સબસીડી રાજય સરકારે ફાળવી છે. રાજયના ૭૭.૫૨ લાખ આ સિવાયના એ.પી.એલ. કાર્ડ છે તેના માટે ૩.૫૩ કરોડ જન સંખ્યા આવરી લઈ ૯૦ ટકા લોકોને સંતોષ આપવા માટે રાજય સરકારે પ્રયત્ન કર્યો છે. શહેરી વિસ્તારમાં ૯૩.૫ ટકા ગ્રામ્ય વિસ્તારમાં અને ૯૭.૮ ટકા આ બધી બાબતોમાં સંતોષ છે તેવું ઓ.આર.જી. રિપોર્ટના સરવે મુજબ હાલમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે લેવી ખાંડની વાત કરવી છે. માસિક ૫૮૪૧ મે.ટન ખાંડની ફાળવણી થાય છે. રાજય સરકાર બી.પી.એલ. માટે ૩૬.૯૩ લાખ અને વ્યકિતદીઠ ૫૦૦ ગ્રામ એક કિલોના ૧૩.૫૦ પૈસાના ભાવથી, સાહેબ તેનો બજાર ભાવ ૨૦ રૂપિયા ચાલે છે તેની સબસીડી ભોગવીને અને તહેવારોમાં ઓગષ્ટ-૨૦૦૫ અને ઓકટોબર, નવેમ્બર ૨૦૦૫ માં કાર્ડદીઠ વધારાની એક કિલોગ્રામ ખાંડ આપીને પણ રાજય સરકાર તેમાં સબસીડી પણ આપીને ખાંડનું વિતરણ કરી રહી છે. કેટલાક ધારાસભ્યશ્રીઓ કેરોસીનની ચિંતા કરતા હતા. તે પહેલાં માનનીય બાબુભાઈ શાહે એક ચિંતા કરી કે તેમના વિસ્તારની અંદર રાપરની અંદર અછતમાં ઘઉંનો જથ્થો ઉપાડી લીધા પછી કંઈ થયું નથી.ત્યારે મારે માનનીય સભાગૃહને જણાવવું છે કે અછતની અંદર ૨૬૮૪ મે.ટન અને એસ.જી.આર.વાય. ના ૩૩૩.૮૮ મે.ટન ઘઉંનો જથ્થો અને દસ દુકાનદારો તેમાં સંડોવાયેલા હતા તે દસે દસના પરવાના રદ કરવામાં આવ્યા છે. નિગમના અધિકારી હતા, છ કર્મચારીઓ હતા અને એક અધિકારી હતા આ સાતે સાત સામે રાજય સરકારે ખાતાકીય કાર્યવાહી પણ ચાલુ કરી દીધી છે. નોટીસો આપીને ચાર્જશીટ આપીને કાર્યવાહી કરીને પોલીસ કેસો પણ કરવામાં આવ્યા છે. ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર હતા શ્રી એસ.કુમાર અને

લેબર ઈજારદાર શ્રી દાદુભા જલુભા રાપરના હતા તેની સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. આમ આમાં આ રાજય સરકારે દસ લાખ કરતાં વધારે અને કુલ ૪૭ લાખ કરતાં વધારે રકમ તપાસ હેઠળ પકડવામાં આવી છે.

રાંધણગેસની બાબતમાં કેટલાક સભ્યો ચિંતા કરતા હતા. રાજય સરકારમાં ૯૫ ટકા તાલુકાઓમાં રાંધણગેસનો જથ્થો મળે છે. ૪૬.૩૪ લાખ ગેસ જોડાણો છે અને ૫૨૫ ગેસ વિતરકો છે. આ તમામ દ્વારા તદઉપરાંત ખાનગી રિલાયન્સ અને બીજી કંપનીઓ દ્વારા ૧.૬૦ લાખ ગેસના જોડાણ આપવામાં આવ્યા છે. ચાલુ વર્ષે આ ઑઈલ કંપનીઓ સાથે વાટાઘાટો કરીને જે તાલુકાઓમાં ગેસ એજન્સીઓ નથી એને માટે પણ ભલામણો કરી છે, ઓછા દિવસોની અંદર જે તાલુકામાં ગેસ એજન્સી નથી  ત્યાં પણ ઝડપથી કાર્યવાહી થાય તેના માટે પણ આયોજન કરવાનું રાજય સરકારે વિચાર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં ગેસના બેકલોગ અંગેની વાત થઈ, એકવીસ દિવસનો ગાળો હતો આ રાજય સરકારે તેના માટે પણ બેકલોગનો ગાળો દૂર કરી દીધો છે હવે ડિમાન્ડ સામે સપ્લાય કરવાની યોજનાની સૂચના ઑઈલ કંપનીઓને આપવામાં આવી છે એટલે આ પ્રકારની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ વિભાગ દ્વારા શુભ આશયને પૂર્ણ કરવા માટે અને કડક હાથે કામ લેવા માટે તપાસની ઝુંબેશ અને શિક્ષાત્મક કામગીરીઓ પણ કરવામાં આવી છે. છેવાડાના લોકોને અનાજ મળે, અનાજનો કણેકણ કયાંય ઝૂંટવાઈ ના જાય તે માટે રાજય સરકાર ચિંતા કરે છે અને તેના માટે પણ ચીજવસ્તુઆનો પૂરતો પુરવઠો સમયસર મળે તેના માટે રાજય સરકારે કેટલાય અટકાયતી પગલાં પણ લીધાં છે. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં ૩૨૩૫૦ તપાસો કરવામાં આવી છે અને ૨૨ કરોડ ૩૨ લાખનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. ૨.૮૭ કરોડનો જથ્થો રાજયસાત્ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુકેશભાઈએ એસ.જી.આર.વાય.ના ઘઉંની ચિંતા વ્યક્ત કરી ત્યારે માનનીય અધ્યક્ષશ્રી મને જણાવતાં આનંદ થાય છે કે, ૭૦૬૨ ટન ઘઉં આ નિગમે કેન્દ્રના જથ્થો આપવા ઉપરાંત વધારાના અન્ય બીજી યોજનાઓમાંથી સ્ટૉક જે હતો એમાંથી વધારાનો જથ્થો ૭૦૬૨ મેટ્રિકટન ઘઉંનો જથ્થો અમે પૂરો પાડ્યો છે અને એસ.જી.આર.વાય.ના ઘઉંની ફાળવણી  તો કેન્દ્ર સરકારની છે, રાજય સરકારે એની મર્યાદામાં રહીને કામ કરવાનું હોય છે છતાં પણ આપ જે ચિંતા કરતા હતા અને જે બીપીએલ કાર્ડની વાત કરતા હતા. ગયા વર્ષે ૨૫૧૭ બીપીએલના નવા કાર્ડ આપવાનું કામ પણ થયું છે અને મેં આગળ વાત કરી તેમ  લોકોને બીપીએલ કાર્ડ આપવાની કામગીરી આ સરકારે કરી છે, ૧૨૩ કરોડ રૂપિયાનો બોજો સબસિડી પેટે આ રાજય સરકાર ઉપાડે છે. બીપીએલ જે કાર્ડ મળતા નથી એવી વાત કરી તો એ માટે પણ ૩-૧૨-૦૫ અને ૨૭-૧૨-૦૫ના રોજ બીપીએલ કાર્ડની નવી ગાઈડલાઈન મુજબ આ બીપીએલ કુટુંબોને કાર્ડ મળે તેના માટે પણ એક પરિપત્ર કરવામાં આવ્યો છે, મામલતદાર સુધી આ સૂચનાઓ પણ આપવામાં આવી છે. બોગસ ભૂતિયા કાર્ડ માટે પણ ઝુંબેશ ચાલે છે અને ૭૪૨૬૧ ભૂતિયા કાર્ડ રાજય સરકારે પકડી પાડ્યા છે.  અને ૨૨૨૩૦ ભૂતિયાકાર્ડ એમાંના રદ કરવામાં આવ્યા છે, કાળાબજારના નિવારણ માટે તો જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ૨૦૦૫ના કાયદા હેઠળ ૧૦૧ ઈસમોને એમાં અટકાયત કરવામાં આવ્યા છે,

ગ્રાહક સુરક્ષા ફોરમો અંગે પણ વાત થઈ તો માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાહક સુરક્ષા ફોરમો ચાલે છે. (અંતરાય)  માનનીય અધ્યક્ષશ્રી, વિટામિન એ અને ડીની બાબતમાં પણ વાત થઈ,  ખાદ્યતેલોમાં વિટામિન એ અને ડીની ચિંતા માનનીય સભ્યશ્રીએ કરી તો માનનીય અધ્યક્ષશ્રી, ૬૦૦ મિલો અને પૅકૅટો રિફાઈનરી દ્વારા આ વિટામિન એ અને ડીનું ખાદ્ય તેલ પૂરું પાડવા માટેની સ્વૈચ્છિક તૈયારી રાખીને આ રાજય સરકારે જનતાને એવું ખાદ્ય તેલ પૂરું પાડવાના અભિગમ સાથે લોકોને તૈયારી બતાવી છે. સર્ટિફાઈ આટા માટે ૩૦ મિલોમાંથી ૨૮ મિલોએ આ લોહતત્ત્વ આટાને ખુલ્લા બજારમાં મૂકવા માટેની તૈયારી બતાવી છે અને તેના માટેનો કાર્યક્રમ પણ તા. ૧૩-૧-૦૬ના રોજ માનનીય મુખ્ય મંત્રીશ્રીના વરદ્હસ્તે આ કામ કર્યુ છે. કેટલીક સારી કામગીરીઓ જે કરવામાં આવી છે એમાં એફપીએસના મૉડલ સૅન્ટરની કામગીરી પણ છે પણ માનનીય સભ્યશ્રીએ ચિંતા વ્યક્ત કરી કે કમિશન વધારી આપો. આ રાજય સરકાર હવે મૉડલ એફપીએસ સૅન્ટર નવી દુકાનો મૉડલ ટાઇપની શરૂ કરવા માગે છે અને આ શરૂ કરવા માટે ૪૦૦ થી ૫૦૦ ચોરસમીટરની હોવી જોઈએ, ત્રણ થી ચાર બારીઓ હોવી જોઈએ, પીવાનું પાણીની વ્યવસ્થા અને પેશાબખાનાની વ્યવસ્થા હોવી જોઈએ અને તે દુકાનોમાંથી જે વસ્તુઓ રાજય સરકાર દ્વારા મળે છે તેના ઉપરાંત પણ તેમાં બીજી અન્ય વસ્તુઓ રાખે તેના માટે રાજય પુરવઠા અધિકારી સંબંધિત કંપનીઓનું ડીસ્ટ્રીબ્યુશન કરવા માટેના પત્રો અને ભલામણો પણ કરી આપશે.  શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં મોડેલ સેન્ટરો ઉભા કરવા માટેનો મારી પાસે કેટલોક ગ્રાફ પણ તૈયાર છે અને ભાવનગરમાં ૧૦, ગાંધીનગરમાં ૨૦, મહેસાણામાં ૨૫, વડોદરામાં ૨૦, અમદાવાદમાં ૨૫ અને બાકીના જિલ્લાઓમાં ૧૫ થી ૨૦ મોડેલ સેન્ટરો ઉભાં કરીને જે હાલમાં દુકાનો છે એના કરતાં અદ્યતન દુકાનોનું આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગવર્નન્સ બાબતની હું વાત કરવા માગું છું. આમાં અત્યારે અમે કોમ્પ્યુટરાઈઝડ કાર્ડ આપીએ છીએ, રોમીંગ કાર્ડ બાબતમાં કહું તો આપણે ફેબ્રુઆરી, ૬થી રોમીંગ કાર્ડ આપવાનું ચાલુ કર્યું છે. વેબ સાઈટ ઉપર મૂકવાની વાત છે એમાં ઈન્ફર્મેશન સેન્ટર દ્વારા ૨૦૦૬ થી વેબ સાઈટ પણ આપણે મૂકી દીધી

છે. ખાંડનો કાર્યક્રમ પણ આપણે કોમ્પ્યુટરાઈઝડ કર્યો છે. પેટ્રોલ પંપ, કલ્પતરુ, ગેસ એજન્સી આ બધા જ અને નિગમની કચેરી અને વડી કચેરી પણ કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવેલ છે. બીજુ નિગમના પેટ્રોલ પંપ અત્યારે ચાલે છે એમાં રાજયમાં સૌથી વધારે વેચાણ  નિગમના પેટ્રોલ પંપે કર્યું છે અને માનનીય અધ્યક્ષશ્રી સમય ઓછો હોવાના કારણે હું મારો જવાબ ટેબલ ઉપર મૂકી દઈશ.

માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો છે અને હકારાત્મક સૂચનો જે એમણે કર્યા છે એ મને લાગે છે અહીંયા ખૂબ જ તંદુરસ્ત ચર્ચા થઈ છે ત્યારે એમના બધા જ સૂચનોને હું બને એટલા ગ્રાહ્ય રાખવાનો પ્રયત્ન કરીશ અને થોડા દિવસોમાં જયાં પણ ઉણપ હશે એને દૂર કરવા માટે પ્રયત્ન કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી જે માનનીય સભ્યશ્રી કાપ દરખાસ્ત લાવ્યા છે એમને મારા જવાબથી સંતોષ થયો હશે તો તેઓ પોતાની કાપ દરખાસ્ત પાછી ખેંચી લે અવી મારી વિનંતી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, પુરવઠા વિભાગ અને નર્મદા વિભાગ બન્નેની ચર્ચા સાથે જ છે એવા સમયે હું અમારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૪, ૬, ૯, ૧૪, ૧૯ અને ૨૨ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂતઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું અમારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૪, ૬, ૯, ૧૪, ૧૯ અને ૨૨ પાછી ખેંચું છું.

**અધક્ષ્યક્ષશ્રી** : કાપ દરખાસ્તો પાછી ખેંચવામાં આવે છે.

**માગણી ક્રમાંક: ૨૧, ૨૨, ૨૩ અને ૬૫ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પ્રથમ બેઠકનું કામકાજ બપોરના ૧૨-૫૮ કલાકે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બીજી બેઠક માટે બપોરના ૨-૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**૨૧.૦૯.૨૦૦૬ o.K.**

**ગુજરાત વિધાનસભા**
**શનિવાર તા. ૧૮મી માર્ચ,૨૦૦૬**
**ફાલ્ગુન ૨૭, ૧૯૨૭ શાકે**
**બીજી બેઠક**

**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## પાદરા-જંબુસર માર્ગમાં આવતા નાળા પહોળા કરવા બાબત

***૧૫૧૩૯ શ્રી પુનમભાઈ ૨. પરમાર (પાદરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

હાલમાં એસ.આર.પી. યોજના અંતર્ગત વડોદરા, પાદરા-જંબુસર માર્ગનું નવીનીકરણ ચાલે છે ત્યારે આગોતરા આયોજનના ભાગરૂપે તેમાં આવતા નાળાની પહોળાઈ વધારી ચાર માર્ગીય પહોળાઈના નાળા બનાવવા માગો છો કે કેમ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

નાજી.

**શ્રી પુનમભાઈ ૨. પરમાર:** માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને આ વિભાગના મંત્રીશ્રીને અભિનંદન આપું છું કારણકે એસ.આર.પી. રસ્તાનું ખાતમૂર્હુત માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાતે પાદરામાં આવીને કર્યુ હતું અને અત્યારે આ રોડની મજબૂતાઈ અને પહોળાઈનું રૂપિયા ૧૩૧ કરોડનું કામ પૂરા ઝડપથી ચાલુ છે. મારો પ્રશ્ન એ છે કે પાદરાથી વડોદરા વચ્ચેનું અંતર માત્ર સાત કિલોમીટરનું છે અને પાદરા વિસ્તારની અંદર ઉદ્યોગોનું પ્રમાણ ખૂબ છે એ ધ્યાનમાં રાખીને આ સાત કિલોમીટરના વિસ્તારની અંદર જે નાળાઓ છે એ માનનીય મંત્રીશ્રી ફોરલેન કરવા માગે છે અને ભવિષ્યમાં આ રસ્તાને ફોરલેન કરવાની કોઈ યોજના છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા-પાદરા રસ્તાનો પ્રશ્ન છે વડોદરા વિસ્તાર પાદરા સાઇડે ખૂબ વિકસિત થઈ રહ્યો છે, એવા સંજોગોમાં રાજય સરકારે વિશ્વ બૅન્ક યોજનામાં આ રસ્તાનો સમાવેશ કરેલો અને એના ફળસ્વરુપે વડોદરાથી પાદરા ટુ લેન વીથ સોલ્ડર એટલે કે ૧૦ મીટર પહોળા કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે જે હાલમાં ચાલુ છે. સભ્યશ્રીની લાગણી જે ફોરલેન રસ્તાની હતી પાદરા નગરમાં જે રસ્તાઓ પસાર થાય છે પાદરાનો જે પ્રકારે વિકાસ થઈ રહ્યો છે અને પાદરા શહેરમાંથી જે રસ્તા પસાર થતા હતા એ શહેરી વિકાસ વર્ષ અને સભ્યશ્રીની લાગણીને ધ્યાનમાં રાખીને પાદરા શહેરની અંદર ચારમાર્ગીય રસ્તા સ્ટ્રીટ લાઈટ્સ અને પાકી ગટર સાથે કરવાનો નિર્ણય કર્યો છે. બાકીનો રસ્તો જે છે એ ટુ લેન વીથ સોલ્ડર રહેશે. સભ્યશ્રીની લાગણી છે કે બધાજ રસ્તાના પુલીયા, નાળાને એડવાન્સમાં આપણે કરવા જોઈએ અત્યારે જે પુલીયા, નાળા છે એ પુલીયા નાળાને ટુ લેન વીથ સોલ્ડરમાં જે જરૂરિયાત છે એટલા આપણે પહોળા કરી રહ્યા છીએ અને કુલ જે બૉક્સ નાળા ૨૨ છે એ ૩૨ કરી રહ્યા છીએ અને પાઈપના નાળા જે ૨૪ છે એ ૪૮ કરી રહ્યા છીએ એટલે હાલમાં જે વાહન વ્યવહારનો ટ્રાફિક છે અને જે પ્રમાણે વડોદરાનો વિકાસ થઈ રહ્યો છે અને પાદરા શહેરની જે પ્રકારની એમની માગણી છે એ મુજબના રસ્તાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે.

## ડભોઈ ખાતે બહુમાળી મકાન બનાવવા બાબત

***૧૫૯૪૪ પ્રો.શ્રી ચંદ્રકાંત મો. પટેલ (ડભોઈ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

ડભોઈ ખાતે સરકારી કચેરીઓ માટે બહુમાળી મકાન બનાવવાની યોજના ક્યારે મંજૂર થશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

હાલ આવી કોઈ યોજનાનું આયોજન નથી.

**પ્રો.શ્રી ચંદ્રકાંત મો. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ જમીન ૧૯૮૫ની સાલમાં સરકાર દ્વારા એકવાયર થયેલી છે અને ત્યાં જે સરકારી મકાનો છે એ ગાયકવાડી વખતના છે અને જર્જરિત થઈ ગયેલાં છે, ડૅપોની સાઇડથી પ્રજાને ત્યાં જવું હોય તો એમને રિક્ષામાં પંદર રૂપિયા ખર્ચીને જવું પડે છે તો આપના મારફતે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ જે બહુમાળી મકાનની યોજના છે એ ક્યારે શરૂ કરવા માગો છો અને કયા કારણસર એ વિલંબમાં પડેલ છે અને ક્યારે પૂર્ણ કરવા માગો છો?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરાથી ડભોઈનું અંતર ૨૨ કિલોમીટર જેટલું છે અને એ સ્વરૂપમાં ત્યાં બહુમાળી મકાન જે આ પ્રકારની સભ્યશ્રીની લાગણી છે એ પ્રકારની ઑફિસ કરવાની

અત્યારે કોઈ જરૂરિયાત નથી, ત્યાં અત્યારે ડભોઈમાં કુલ આઠ સરકારી કચેરીઓ આવેલી છે એમાંથી સાત સરકારી કચેરીઓ પોતાના મકાનમાં બેસે છે અને ફક્ત એકજ કચેરી ભાડાના મકાનમાં બેસે છે એટલે એવા સ્વરૂપમાં અત્યારે ત્યાં આ પ્રકારની કોઈ યોજના કે આયોજન હાથ ધરેલ નથી.

**ડીસા તાલુકામાં ચેકડેમો બનાવવા બાબત**

***૧૫૯૩૯ શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ડીસા તાલુકામાં ચેકડેમો બનાવવા માટે છેલ્લાં બે વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) આવી અરજીઓ પછી કેટલા ચેકડેમો માટે મંજૂરી આપવામાં આવી, અને

(૩) એ હકીકત સાચી છે કે માગણીઓ હોવા છતાં ચેકડેમો મંજૂર કરવામાં આવતા નથી, કયા કારણોસર?

**જળ સંપત્તિ મંત્રીશ્રી :**

(૧)

| વર્ષ | આવેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ૧-૦૧-૨૦૦૪ થી ૩૧-૧૨-૨૦૦૪ | ૧૦૭ |
| ૧-૦૧-૨૦૦૫ થી ૩૧-૦૧-૨૦૦૬ | ૧૮૩ |
| કુલ | ૨૯૦ |

| વર્ષ | મંજુર અરજીઓની સંખ્યા |
|---|---|
| ૧-૦૧-૨૦૦૪થી ૩૧-૧૨-૨૦૦૪ | ૯૦ |
| ૧-૦૧-૨૦૦૫ થી ૩૧-૦૧-૨૦૦૬ | ૧૫૨ |
| કુલ | ૨૪૨ |

(૩) ના, હકીકત સાચી નથી,

ચોથા તબક્કા અન્વયે ચેકડેમોની મંજૂરીની કામગીરી ચાલુ જ છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, ડિસા તાલુકામાં બે વર્ષમાં ૨૪૨ ચેક ડેમ મંજૂર કર્યા છે તો કેટલા ચેક ડેમ પૂરા થયા ૨ વર્ષમાં અને કેટલાં બાકી છે? આજની તારીખે ગ્રાન્ટ કેટલી બાકી છે નંબર.૨. ડિસા ડિવિઝનની અંદર ૧૦૦ કરોડના કામ પૂરાં થયેલા છે છતાં પણ ગ્રાન્ટ નથી અને ફળવાતી નથી માટે કામ થતાં નથી તેમાં આપ શું કહેવા માગો છો ?

**શ્રી રતિભાઈ ગો. સુરેજા:** માનનીય અધ્યક્ષશ્રી, ૨૪૨ ચેક ડેમ મંજૂર કર્યા હતા તેમાંથી ૧૦૨ ચેક ડેમનું કામ પૂર્ણ થયેલ છે તેમનું અંદાજિત ખર્ચ ૩૨૧ લાખ હતું તેમાંથી ૨૯૧ લાખનું ચૂકવણું થઈ ગયેલ છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, ડિસા ડિવિઝનના કામ થયેલાં છે અને બીજા કામ ચાલુ નથી થતાં બે વર્ષથી મંજૂર થયેલાં છે અને મારા માનવા મુજબ ગ્રાન્ટ ના આપવાના કારણે આ કામ ચાલુ થતા નથી. તો ડિસા ડિવિઝનમાં આજની તારીખે જે કામ થઈ ગયેલા છે તેની ગ્રાન્ટ કેટલી બાકી છે અને ક્યારે આપવા માગે છે?

**શ્રી રતિલાલ ગો. સુરેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ડિસા તાલુકાનો જ પ્રશ્ન પૂછ્યો છે પરંતુ આ તકે એટલું કહીશ કે જેટલા કામો પૂર્ણ થયેલાં છે તેમનું પેમેન્ટ કરી આપવામાં આવેલ છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી :** માનનીય અધ્યક્ષશ્રી, ડિસા ડિવિઝનની અંદર જે કામો પૂર્ણ થયેલ છે તેની ગ્રાન્ટ નથી તો ક્યારે આપવા માગો છો ?

**અધ્યક્ષશ્રી** : તમે ડિસા ડિવિઝનની વાત કરો છો, ડિસા તાલુકો આવે. તાલુકાની વાત કરો પ્લીઝ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી:** માનનીય અધ્યક્ષશ્રી, બાકીના કામ ગ્રાન્ટના હિસાબે ચાલુ નથી થતાં તો ગ્રાન્ટ ક્યારે આપશો.

**શ્રી રતિલાલ ગો. સુરેજા :** માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૨ જે ચેક ડૅમોના કામ પૂર્ણ થયેલા છે જેમનું અંદાજિત ખર્ચ ૩૨૧ લાખ હતુ તેમાંથી ૨૯૧ લાખનું ચૂકવણું થઈ ગયેલ છે. બાકીના જે કામો મંજૂર થયા છે તે લોકજૂથો જ્યારે પણ કરવા માગશે ત્યારે તેમને ચાલુ કરવાની સૂચના આપવામાં આવશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી:** માનનીય અધ્યક્ષશ્રી, કામ અડધા મૂકીને પૈસા માટે જતાં રહ્યા છે. ૨૪૨ બે વર્ષમાં મંજૂર કર્યા છે તેમાંથી ૧૦૨ પૂરાં થયા છે તો બાકીના કામ પૈસા વગર થતાં નથી એવું કહેવાનું થાય છે.

**શ્રી રતિલાલ ગો. સુરેજા :** માનનીય અધ્યક્ષશ્રી, આ કન્ટીન્યુઝ પ્રોસેસ છે. આજે પણ જો લોકજૂથો કામ કરવા તૈયાર હોય.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં બાંધકામ કરેલા તમામ ચેક ડેમોના પેમેન્ટ પૂરાં કરી દેવામાં આવ્યા છે અને જે કામો બાકી હાથ ઉપર લેવાના છે જેમાં જૂથે તૈયારી કરી હશે અથવા કરવા માગતા હોય તે તમામને ખૂબ લાંબા સમયથી કહ્યું છે શરૂ કરો પરંતુ ખેતીવાડીના સમયની અંદર ખેડૂતો આગળ આવતા નથી. આ લોકજૂથો છે, ખેડૂતોના જૂથો છે અને શરૂ કર્યા હોય તેમના કામની પ્રગતિમાં કોઈ રુકાવટ નથી. અમે ઇચ્છીએ છીએ કે ગુજરાતમાં ચેક ડેમો બંધાય. તેમાં ડિસા તાલુકામાં ખૂબ ઓછા બંધાયા છે અને હું આપને વિનંતી કરું છું કે ડિસામાં ખેડૂતોને આગળ લાવીને ચેક ડેમો બાંધવા આવો.

**શ્રી ગોવાભાઈ હ. રબારી:** માનનીય અધ્યક્ષશ્રી, પૈસા વગર.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : પૈસાની કોઈ તકલીફ જ નથી.

**અધ્યક્ષશ્રી:** પ્લીઝ, તમે વાત છોડો.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪-૦૫માં ડિસા તાલુકામાં ૨૦૦૪માં જે ચેક ડેમો બન્યા હોય અને ચૂકવણું કરવાનું બાકી હોય એવા કેટલા કેઈસ છે અને બીજો પ્રશ્ન છે કે આ ૧૦૧ ચેક ડેમો પૂરા થઈ ગયા તે પૈકીમાંથી આ બે વર્ષમાંથી ચેક ડેમો તૂટ્યા હોય તો એવી સંખ્યા કેટલી?

**શ્રી રતિલાલ ગો. સુરેજા :** માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૨ પૈકી માઈનોર જે માટીનું થોડું અમુક ડૅમોમાં નુકસાન થયેલ છે જે રીપેરીંગ કરી દેવામાં આવેલ છે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ખેડૂતોએ પોતે પોતાના ખેતરમાં ચેક ડેમ બનાવવા માટેની કેટલી અરજીઓ હતી અને કેટલી તેમાંથી મંજૂર થઈ? અને ખેડૂતોને જે કંઈ પેમેન્ટ આપવાનું બાકી થતું હોય તો તેની શું વિગત છે ?

**શ્રી રતિભાઈ ગો. સુરેજા**: માનનીય અધ્યક્ષશ્રી, કોઈ ખેડૂત કે કોઈ લોક જૂથના ચેમંકડેમ બની ગયેલાના પેમેન્ટ બાકી નથી.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જળસંપત્તિ વિભાગ તરફથી એવો કોઈ પરિપત્ર થયો છે કે નાણાના અભાવે હાલ કામોને સ્થગિત કરવામાં આવે? આવો કોઈ પરિપત્ર થયો છે ખરો? જો આવો પરિપત્ર થયો હોય તો હમણા મંત્રીશ્રીએ કીધું કે નાણાના અભાવે કામ બંધ નથી રહેતા અને બીજી તરફ આ પરિપત્ર, એ બેમાં સત્ય શું છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, પહેલા કહ્યું તેમ લોક જૂથો જો કોઈ કામ કરવા માટે આજે પણ તૈયાર થશે તો આજે પણ કામોને મંજૂરી આપવામાં આવશે.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** : મેં પરિપત્રની વાત કરી છે. વિભાગ તરફથી પરિપત્ર થયો છે. મારી પાસે તે પરિપત્ર છે, કે ચેકડેમ અને તળાવોના કામ સ્થગિત કરવામાં આવે. મારી પાસે પરિપત્ર છે, આપ કહો તો હું બતાવું. તો મંત્રીશ્રીએ જવાબ આપવો જોઈએ, ગૃહને ગેરમાર્ગે નહીં દોરવું જોઈએ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ**: ચેકડેમોના બાંધકામ માટે ગુજરાતમાં ખૂબ ઉત્સાહ છે. મુખ્યમંત્રીશ્રીની સૂચના છે કે ગુજરાતમાં શકય એટલા ચેકડેમ બાંધવા. ચોમાસા દરમ્યાન પ્રગતિ ચાલતી હતી અને ખેતીવાડીનું કામ ચાલતું હતું, તે દરમ્યાન પેમેન્ટની બાબતને ઉપસ્થિત કરીને કહેવાની જરૂર નથી. અમારા માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે તમામ પેમેન્ટ તો ચૂકતે કરવામાં આવ્યું છે, પરંતુ આપની પાસે કોઈ પરિપત્રો હોય તો એ પાછા ખેંચી લીધા છે અને તમામ કામો શરુ થઈ ગયા છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે ૨૪૨ અરજીઓ મંજૂર કરેલી છે અને ૧૦૨ પુર્ણ કરેલ છે. ગોવાભાઈ બાકીના ૧૪૦ માટે પૂછતા હતા. બાકી જે ૧૪૦ છે એ પેમેન્ટ વગર બંધ રહેલ છે, તો આજની સ્થિતિ શું છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ**: લોકજૂથની માગણી છે, એમને મંજૂર કરવામાં આવે છે. જો લોકજૂથો કામ કરવા તૈયાર હોય તો વિભાગ આજે પણ મંજૂરી આપવા તૈયાર છે.

**અધ્યક્ષશ્રી** : તેઓ આજે પણ ચાલુ કરવા તૈયાર છે. નેક્સ્ટ.

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે જિલ્લાવાર ચેકડેમો બનાવવા બાબત**

***૧૪૨૭૦ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

(૨) તેમાં કેટલો ખર્ચ થયો ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** :

(૧) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં બનેલા ચેકડેમોની વિગત નીચે મુજબ છે :

| જિલ્લો | સંખ્યા | જિલ્લો | સંખ્યા |
|---|---|---|---|
| અમદાવાદ | ૯ | મહેસાણા | ૨૬૮ |
| અમરેલી | ૧૦૧ | નર્મદા | ૯૯ |
| બનાસકાંઠા | ૧૧૫૭ | નવસારી | ૨૪૨ |
| ભરૂચ | ૫૭ | પંચમહાલ | ૧૧૭૭ |
| ભાવનગર | ૨૧૬ | પાટણ | ૫૬૩ |
| દાહોદ | ૨૩૦૧ | પોરબંદર | ૬૬ |
| ડાંગ | ૫૨૬ | રાજકોટ | ૬૨૨ |
| ગાંધીનગર | ૪ | સાબરકાંઠા | ૩૯૯૩ |
| જામનગર | ૧૧૫ | સુરત | ૩૮૭ |
| જુનાગઢ | ૧૧૮૦ | સુરેન્દ્રનગર | ૧૨૫ |
| ખેડા/આણંદ | ૧૮૪ | વડોદરા | ૩૮૬ |
| કચ્છ | ૧૮૦ | વલસાડ | ૭૨૦ |
| કુલ (૧) | ૬૦૩૦ | કુલ (૨) | ૮૬૪૮ |
| **કુલ સરવાળો (૧ +૨) =૧૪૬૭૮** | | | |

(૨) તેમાં જિલ્લાવાર થયેલા ખર્ચની વિગત નીચે મુજબ છે.

| જલ્લો | ખર્ચ (રૂા. લાખમાં) | જિલ્લો (રૂા. લાખમાં) | ખર્ચ |
|---|---|---|---|
| અમદાવાદ | ૫૦.૬૧ | મહેસાણા | ૬૭૮.૬૮ |
| અમરેલી | ૩૭૫.૩૬ | નર્મદા | ૨૩૦.૦૮ |
| બનાસકાંઠા | ૧૨૯૦.૪૭ | નવસારી | ૫૦૭.૭૨ |
| ભરૂચ | ૧૨૧.૮૫ | પંચમહાલ | ૧૮૮૫.૮૬ |
| ભાવનગર | ૯૩૭.૫૮ | પાટણ | ૮૩૭.૧૯ |
| દાહોદ | ૩૯૫૭.૩૦ | પોરબંદર | ૧૦૭.૨૩ |
| ડાંગ | ૧૮૭૬.૨૦ | રાજકોટ | ૧૮૨૦.૯૨ |
| ગાંધીનગર | ૩.૬૩ | સાબરકાંઠા | ૧૧૦૯૨.૬૦ |
| જામનગર | ૨૫૯.૭૫ | સુરત | ૧૨૩૨.૭૫ |
| જુનાગઢ | ૨૧૮૬.૬૫ | સુરેન્દ્રનગર | ૧૭૯.૬૬ |
| ખેડા/આણંદ | ૨૦૨.૪૩ | વડોદરા | ૯૭૨.૩૫ |
| કચ્છ | ૪૬૬.૩૫ | વલસાડ | ૧૬૮૯.૩૩ |
| કુલ (૧) | ૧૧૭૨૮.૧૮ | કુલ (૨) | ૨૧૨૩૪.૩૭ |
| **કુલ સરવાળો (૧ +૨) =૩૨૯૬૨.૫૫ લાખ (૩૨૯.૬૩ કરોડ)** | | | |

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા ૨ વર્ષમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનામાં કેટલા ચેકડેમો બનાવવાનો લક્ષ્યાંક હતો? કેટલા રૂપિયા

ખર્ચવાના હતા? બીજો પ્રશ્ન કે છેલ્લા ૨ વર્ષમાં ચેકડેમોની નબળી ગુણવત્તાના કારણે અથવા કોઈ ભ્રષ્ટાચાર થયાની ફરિયાદ મળી છે ખરી ? જો મળી હોય તો એમાં શું પગલાં લીધાં?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ**: એક તો શકય એટલા વધારે ચેકડેમ ગુજરાતમાં બાંધવા અને એના માટે બજેટનું જે આયોજન હોય છે, એમાં ગૃહ સમક્ષ કહેવાનો મને આનંદ થાય છે કે ગયા વર્ષે ૧૦ હજાર ચેકડેમ બનાવવાનો લક્ષ્યાંક હતો, ચેકડેમ પૂરા કરવા માટેનો, એમાં ૯૦ કરોડ રૂપિયા શરૂઆતમાં બજેટમાં રાખવામાં આવ્યા હતા. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે શકય એટલા તમામ નાણા માર્ચના અંત સુધીમાં પૂરેપૂરા ચૂકવીશું. ૧૫૦ કરોડ રૂપિયા બીજા, ૯૦ કરોડ ઉપરાંત બીજા ૧૫૦ કરોડ રૂપિયા એ માટે આપવામાં આવ્યા છે અને તમામ પેમેન્ટ ગુજરાતના ખેડૂતો માટે અને એ લોકજૂથોને અમે ચૂકવી દીધા છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : કેટલો લક્ષ્યાંક હતો અને કેટલા પૈસા ખર્ચવાના હતા?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ**: આજની તારીખે ૯ હજાર ચેકડેમો પૂર્ણ કરવામાં આવ્યા છે. અમારો ૧/૪ (અંતરાય) લક્ષ્યાંક ૧૦ હજાર મિનિમમ દર વર્ષે પૂરા કરવા અને એથી વધારે પૂરા થાય તો પણ બાંધવા. આપના તરફ નથી બંધાતા એ પણ કહું. આપના તરફ ઓછા બંધાય છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : બીજો પ્રશ્ન ભ્રષ્ટાચારનો.

**અધ્યક્ષશ્રી** : ભ્રષ્ટાચારની કોઈ ફરિયાદ મળી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ**: હા,જી. તેઓએ કહ્યું કે ચેકડેમોની બાબતમાં અમારા જે તપાસના કામો ચાલે છે એના કારણે ૩૫ કેસ થયા છે. તે પૈકી ૧૬ કેસ પ્રાથમિક તપાસમાં છે અને બાકીના ૧૯ કેસોમાં ખાતાકીય તપાસ બાબતની ભલામણનો અહેવાલ આયોગમાંથી મળી ગયો છે અને કામગીરી શરૂ કરવામાં આવેલ છે. આ ૧૯ કેસ ઉપરાંત વર્ગ-૧ ના ૧૭ અધિકારી છે, એ ઉપરાંત બીજા આક્ષેપિત છે એમાં ૪૬ વર્ગ-૨ અને ૬૧ વર્ગ-૩ ના છે એમ કુલ ૧૨૪ બીજા અધિકારીઓની સામે આક્ષેપ થયેલ છે અને આ કેસોનું પધ્ધતિસર કામ ચાલે છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જળસંચય નીચે છેલ્લા બે વર્ષમાં ૧૪૬૭૮ ચેક ડેમ બનાવવામાં આવ્યા છે અને એક ડેમ પાછળ ૨.૫૦ લાખ રૂપિયાનો સરેરાશ ખર્ચ કરવામાં આવ્યો છે, જળસંચયની આટલી મોટી કામગીરીની રાષ્ટ્રીય સ્તરે કોઈ નોંધ લેવામાં આવી છે કે નહીં?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં ગુજરાતની જળસંચયની કામગીરીની નોંધ લેવામાં આવી છે અને મને કહેતાં આનંદ થાય છે કે વિભાગની આ કામગીરીને આઈ.આઈ.એમ., અમદાવાદ તરફથી બિરદાવવામાં આવી છે અને એ લોકોએ પણ જળસંચયની ચેકડેમોની પધ્ધતિની ખૂબ પ્રશંસા કરી છે, આયોજન પંચ દ્વારા પણ ગુજરાત સરકારને અભિનંદન આપવામાં આવ્યાં છે, નાબાડે પણ દેશની આ શ્રેષ્ઠ યોજના પૈકીની એક યોજના તરીકે ગણી છે, ઈન્ડિયા ટુડેએ દેશનો ગૌરવ લેવા માટેનો વિષય ગણ્યો છે અને જળસંચય બાબતમાં સમગ્ર દેશને ગુજરાતે માર્ગદર્શન આપ્યું છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : મારે જાણવું છે કે સૌરાષ્ટ્રની મોટી નદીઓ ઉપર આ યોજના હેઠળ લોકભાગીદારીથી કેટલા ચેકડેમ બાંધ્યા, કેટલા પ્રગતિમાં છે અને કેટલો ખર્ચ કર્યો છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : સૌરાષ્ટ્રમાં લોકભાગીદારી બાબતમાં ખૂબ ઉત્સાહ જણાયો છે અને ખાસ કરીને ઉદ્યોગપતિઓ ૮૦:૨૦ અને ૬૦:૪૦ ની યોજનામાં આગળ આવીને ચેકડેમોમાં ખૂબ સારું યોગદાન આપ્યું છે અને સૌરાષ્ટ્રમાં અમરેલીમાં ૧૮૯ મોટા ચેકડેમ પૂરા કર્યા છે અને જેમાં ૪૪ કરોડ ૪૪ લાખ રૂપિયા જેટલો ખર્ચ થયો છે, ૨૧૧ ડેમનું કામ આજની તારીખે પ્રગતિમાં છે, ૯ કરોડ ૮૯ લાખ રૂપિયાની કિંમતે ૨૧૦ મોટા ચેકડેમનાં કામ નદીઓ ઉપર હાથ ઉપર લેવામાં આવ્યા છે અને આજની તારીખે પણ સમગ્ર વર્ષ દરમ્યાન મોટા ચેકડેમની કામગીરી જયાં જરૂર છે ત્યાં હાથમાં લઈએ છીએ. ૫૪ કરોડ ૩૩ લાખ રૂપિયાનાં કામ હાથ ઉપર લીધાં છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૨૬૪૭૮ ચેકડેમો બનાવ્યા છે તે પૈકી સૌરાષ્ટ્રમાં ૬૨૨ બનાવ્યા છે. છેલ્લા ૨ વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં કુલ કેટલી અરજીઓ આવેલ અને તે પૈકીમાંથી કુલ કેટલી અરજીઓ મંજૂર કરેલ અને એમાંથી ૬૨૨ ચેકડેમો બન્યા છે તો બાકી કેટલી અરજીઓ પડતર છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : રાજકોટ જિલ્લાની બાબતમાં તેમને હું વિગત આપું તો (અંતરાય) આપે નાના કે મોટા ચેકડેમો વિશે પૂછયું છે?

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : આપે કહયું છે કે ૬૨૨ મંજૂર કરી છે એ પૈકીનાનું મેં પૂછયું છે.

**અધ્યક્ષશ્રી** : આ આખા રાજયનો સવાલ છે એટલે તકલીફ પડે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : મારી પાસે એની માહિતી છે. રાજકોટમાં ૨૭૦૨ અરજીઓ આવેલ, ૧૫૧૬ અરજીઓનાં સ્થળ પસંદ કર્યા છે અને ૭૦૮ માં એ લોકોએ કામ શરૂ કર્યા છે અને ૬૨૨ કામ પૂર્ણ કરવામાં આવેલ છે. ૧૮ કરોડ ૨૦ લાખ રૂપિયાનાં કામ પૂરાં કરી દીધાં છે અને ૫૧.૫૯ લાખની કામગીરી ચાલુ છે.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં જે ચેક ડેમો બન્યા છે તેની જે યાદી છે તેમાં ઘણી અસમાનતા છે. દા. ત. જામનગરમાં ૧૧૫ ચેક ડેમો બન્યા છે અને તેની સામે સાબરબકાંઠામાં ૩૯૯૩ જેટલા ચેકડેમો બન્યા છે તો આ અસમાનતાના કારણો શું છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ એ વાત એમની સાચી છે કે ગુજરાતના જુદા જુદા જિલ્લામાં ઉત્સાહનું પ્રમાણ પણ અલગ અલગ હોય છે. શરુઆતમાં સૌરાષ્ટ્રમાં સારો ઉત્સાહ હતો, ૬૦-૪૦ ની યોજના હતી, સાબરકાંઠામાં ૮૦-૨૦ની યોજનાને કારણે હાલમાં ઉત્સાહ સારો રહ્યો છે. આ ઉપરાંત જમીન ઉપર પણ આધાર રાખે છે. સાબરકાંઠામાં ૩૯૯૩ ચેક ડેમો બાંધ્યા છે કારણ કે ત્યાં એમને રી ચાર્જિંગનો સારો ફાયદો મળે છે. ઉત્તર ગુજરાતના અમુક જિલ્લાઓ એવા છે કે જયાં ચેક ડેમોનો લાભ રી-ચાર્જીંગનો ઓછો મળે છે તેથી ત્યાં લોકો આવતા નથી.

### ખાંભા ગામ પાસે ધાતરવાડી પુલ બનાવવા બાબત

***૧૪૨૩૦ શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) અમરેલી જિલ્લાના ખાંભા ગામ પાસે ધાતરવાડી પુલ જુન-જુલાઈ-૨૦૦૫ના ભારે વરસાદને કારણે તૂટી ગયેલ છે, તે હકીકત સાચી છે,

(૨) સરકાર દ્વારા નવો પુલ બનાવવા શું આયોજન થયેલ છે, અને

(૩) કેટલા સમયમાં આ પુલ બનાવવાની સરકારની યોજના છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) ના, જી. ખાંભા ગામ પાસે બેઠો વેન્ટેડ કોઝવે છે તેનો એપ્રોચ તૂટી ગયેલ હતો.

(૨) અને (૩) નુકસાન થયેલ એપ્રોચને તાત્કાલિક મરામત કરીને ટ્રાફિક ચાલુ કરેલ છે. જયારે કાયમી મરામતની કામગીરી (હેડ વોલ) ચોમાસા પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં કંઈક ગેર સમજ થઈ હોય તેવું લાગે છે, આ પુલ છે તે અમરેલી-ચલાલા-ખાંભા-રાજુલા-જાફરાબાદ-પીપાવાવ જવા માટેનો મુખ્ય રસ્તો છે. અહી પુલ બનેલ હતો. બે નાળા ધોવાઈ ગયા છે. કોઝવે નહોતો. આ મુખ્ય માર્ગ રાજુલા અને જાફરાબાદ જવા માટેનો છે. અને આ પુલ વહેલીતકે થાય તે માટે માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના મરફત જાણવા માગું છું કે આ પુલને આગામી બજેટમાં લઈ અને વહેલીતકે કરવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : અમરેલી જિલ્લાના ખાંભા ગામ પાસે ધાતરવાડી નદી ઉપરના પુલ માટેની એમણે વાત કરી છે, એ એકચ્યુઅલ પુલ નથી પણ વેન્ટેડ કોઝવે છે. કોઝવે કહેવાય તેવો નહીં પણ પાણીનો નિકાલ વ્યવસ્થિત થાય તે પ્રકારનો વેન્ટેડ કોઝવે છે. ખાંભા વિસ્તારમાં ૨૯-૬-૦૫ના રોજ ૨૨ ઈંચ વરસાદ એક રાતમાં પડેલ હતો તેને કારણે આ વેન્ટેડ કોઝવે ધોવાયો નહોતો પણ તેની સાઈડનો એપ્રોચ ધોવાઈ ગયેલો હતો. અને તે તરત જ સરખો કરેલો. પરંતુ તે પછી જે બાકીનું પરમેનન્ટ વર્ક કામ છે તેને મંજૂરી આપવામાં આવી છે અને કામ શરૂ પણ કરવામાં આવ્યું છે. એમાં રીટર્ન અપ સ્ટ્રીમ સાઈડ ઉપર અને બાકીની સાઈડ ઉપર કામ કરવાનું છે, ડાઉન સ્ટ્રીમ સાઈડ ઉપર તે હાથ ધરવામાં આવેલ છે. અત્યારે વાહન વ્યવહાર માટે ચાલુ છે પણ આવતા ચોમાસા પહેલાં બાકીના કામો પૂરાં કરવામાં આવશે.

**શ્રી બાલુભાઈ તંતી** : આ ધાતરવાડી નદી એ બહુ મોટી નદી છે, સામાન્ય ચોમાસું હોય તો પણ તેમાં બહુ પાણી આવે છે, આ પુલ અત્યારે છે તે ખરેખર તેની નીચે નાળા છે, થોડો નીચો છે. એટલે વારંવાર નદીમાં પાણી આવવાથી વાહન વ્યવહાર અટકી જાય છે. હાલમાં તૂટી ગયેલ છે તેથી એમાં ૨૫ ટકા ભાગ તો તૂટી ગયો છે. એટલે નવો પુલ ઉંચો લઈ અને નવો પુલ બાંધવા માટે આગામી વર્ષમાં કોઈ આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આગામી વર્ષમાં નહીં પણ આ જ વર્ષમાં ૩ લાખ ૪૭ હજાર ૬૦ હજાર રૂપિયાના ટેન્ડર બહાર પાડીને આ અપ સ્ટ્રીમ અને ડાઉન સ્ટ્રીમમાં જે કામ કરવાના છે તે ચોમાસા પહેલાં પૂરાં કરવામાં આવશે. એક રાતમાં ૨૨ ઈંચી વરસાદ પડવાને કારણે આ થયું છે અને વર્ષમાં એકાદ વખત વધારે પાણી રહે છે અને એકાદ બે કલાક કયારેક રસ્તો બંધ રહે છે. ભવિષ્યમાં અમરેલી જિલ્લાના યોજનાકીય કામો હાથ ધરવામાં આવશે ત્યારે આને પુલમાં કન્વર્ટ કરવા માટેની વિચારણા હાથ ધરવામાં આવશે.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : હું એ જાણવા માગું છું કે સાવરકુંડલા, અમરેલી, પીપાવાવ સ્ટેટ હાઈવે રોડ ૪ થી પાંચ તાલુકકાઓને જોડતો રસ્તો છે. અમરેલીથી કુંડલા સેલ નદી આવેલી છે

### કચ્છ જિલ્લામાં વિશ્વબેંકની સહાયથી બનેલ રસ્તાઓ

***૧૬૨૪૭ શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છના ભૂકંપગ્રસ્ત જિલ્લામાં વિશ્વબેંક સહાયથી કેટલી કિંમતના અને કેટલી લંબાઈના રસ્તાઓની યોજના મંજૂર થયેલ છે, અને

(૨) તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં કેટલી લંબાઈના કામો તાલુકાવાર પૂર્ણ કરવામાં આવેલ છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**
(૧) શૂન્ય.
(૨)

(૨)

| તાલુકો | કામોની સંખ્યા | પૂર્ણ કરેલ લંબાઈ (કી. મી.) |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ભુજ | ૪ | ૮૪.૩ |
| અંજાર | ૨ | ૩૩.૦ |
| ભચાઉ | ૪ | ૫૮.૦ |
| નખત્રાણા | ૩ | ૪૮.૩ |
| ગાંધીધામ | ૧ | ૪.૦ |
| મુન્દ્રા | ૧ | ૧૯.૭ |
| રાપર | ૧ | ૫૦.૦ |
| અબડાસા | ૧ | ૪૭.૬ |
| માંડવી | ૧ | ૮.૮૮ |

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : હું આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કચ્છ જિલ્લામાં ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ૧૮ કામો મંજૂર થયેલ છે. જેમનાં ૩૫૩ કિલોમીટરના રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવેલ છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ તથા માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જાડેજા સાહેબને અભિનંદન આપું છું.

મારા પ્રશ્નના જવાબમાં તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિશ્વબેંક તરફથી કેટલી સહાય કરવામાં આવી તો શૂન્ય જવાબ આપેલ છે તે વાત સાચી છે. પરંતુ અગાઉના વર્ષમાં વિશ્વબેંક સહાયના બે તબક્કામાં કેટલા કામો હાથમાં લીધા અને એ કયા કયા તાલુકામાં લીધા છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** કચ્છ જિલ્લામાં વિશ્વબેંક તરફથી બે તબક્કામાં કામ હાથ ઉપર લીધેલ છે. પહેલા તબક્કામાં રીસરફેશના ૧૮ કામો લેવામાં આવેલા છે. જેમાં ભુજ તાલુકામાં ૪, અંજાર તાલુકામાં ૨, ભચાઉ તાલુકામાં ૪, નખત્રાણા તાલુકામાં ૩, ગાંધીધામ તાલુકામાં ૧, મુંદ્રા તાલુકામાં ૧, રાપર તાલુકામાં ૧, અબડાસા તાલુકામાં ૧, તથા માંડવી તાલુકામાં ૧ એમ કુલ મળીને ૧૮ કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. શૂન્ય જવાબ તો પ્રશ્ન પૂછયો છે એના અનુસંધાને છે. નવા મંજૂર થયેલ હતા એ બધા કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : અંજારનો ૩૩ કિલોમીટરનો રસ્તો છે એનું કામ પૂર્ણ કર્યુ છે. તેમાં ચીરાઈથી અંજારનો રસ્તો બે કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે તે બદલ અભિનંદન પરંતુ હજી અંજારથી રતલામ સુધીનો રસ્તો છે એનું રીસરફેશનું કામ છેલ્લા દસ વર્ષથી થયેલ નથી. તો આ રસ્તો ક્યારે કરવા માગો છો, એના માટે બજેટ ફાળવણી કરવામાં આવી છે કે કેમ, ગાંધીધામનો ચાર કિલોમીટરનો રસ્તો છે એમાં ગાંધીધામથી આદિપુરનો છ કિલોમીટરનો રસ્તો છે એ રસ્તાનું કામ બાકી રહી જાય છે તો એના માટે વધારાનું બજેટ ફાળવ્યું છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : અત્યારે વિશ્વબેંક સહાય વાળા ૧૮ રસ્તાના કામોનો પ્રશ્ન છે. એમાં પ્રથમ તબક્કો અને બીજો તબક્કો એમાં કુલ ૧૮ કામો છે એ રીસરફેશના કામો કરવામાં આવ્યાં છે. બાકીના સભ્યશ્રીના સૂચનો છે એને ભવિષ્યમાં ધ્યાનમાં લેવામાં આવશે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : વિશ્વબેંક સહાયમાંથી જે રસ્તાના કામો કરવામાં આવ્યા છે એમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને બીજી એક બાબત જવાબમાં જણાવવામાં આવેલ છે એમાં કચ્છના તમામ તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે ફક્ત એક લખપત તાલુકો બાકી રહી જાય છે. તો આગામી વર્ષમાં આ લખપત તાલુકાને પ્રાયોરિટી આપીને આ તાલુકાના રસ્તાઓનો સમાવેશ કરવા માગો છો કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : કુલ ૭૦ કરોડ ૪૬ લાખના ખર્ચે ૧૮ કામો કરવામાં આવ્યા છે. જે વિસ્તારોમાં ભૂકંપની અસરો હતી એ વિસ્તારના કામો હાથ ધરાયા છે. લખપત વિસ્તારમાં ઓછી અસર હતી પરંતુ વિશ્વબેંકના કામો અને અન્ય કામો આપણે જયાં જયાં જે વિસ્તારમાં ભૂકંપગ્રસ્ત સિવાયના રસ્તાઓ છે ત્યાં અન્ય યોજના નીચે પ્રાયોરિટી આપી છે એમાં લખપત તાલુકાના બાકી રહેતા હશે તો લખપત તાલુકાને ચોક્કસ પ્રાયોરિટી આપવામાં આવશે.

**દેવગઢબારિયા તાલુકાના વાંદર ગામે પાનમ નદી ઉપર પુલ બનાવવા બાબત**

***૧૫૯૩૫ શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લાના દેવગઢબારિયા તાલુકાના વાંદર ગામે પાનમ નદી ઉપર પુલ બનાવવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો કયાં સુધીમાં બનાવવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) અને (૨): હાલ આયોજન નથી.

**શ્રી બચુભાઈ ખાબડ** : મારા દેવગઢબારિયા તાલુકાના વાંદર ગામે પાનમ નદી ઉપરના પુલનો પ્રશ્ન છે.આ દેવગઢબારિયાથી ૧૫ કિલોમીટર દૂર છે. ગયા વરસે અહીંના પાણીમાં ત્રણ જણા મૃત્યુ પામ્યા હતા ત્યારે આ પુલનું ક્યારે આયોજન કરવા માગો છો અને કયા વર્ષમાં બાંધવા માગો છો?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ નોન પ્લાન રસ્તો છે અને એ રસ્તા માટે કોઈપણ પ્રકારનું હાલમાં આયોજન નથી. આ રસ્તા ઉપર એટલો વાહનવ્યવહાર નથી કે પુલ બાંધવાનું થાય. પુલની કિંમત રસ્તાના વ્યવહારના પ્રમાણમાં મોટી છે. એ ઉપરાંત નીચાણવાસમાં અને ઉપરના વાસમાં જે કનેકટીવીટી મળે છે તેના કારણે બાકી રહેલા ગામોને કનેકટીવીટી પ્રાપ્ત થાય છે. એટલા માટે હાલમાં પુલ બાંધવા માટેનું કોઈ આયોજન નથી.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ વાંદર ગામનો પુલનો પ્રશ્ન છે. મંત્રીશ્રીની વાત સાચી છે કે વાહનવ્યવહાર ઓછો હશે પણ ૧૩ ગામ બારીયા તાલુકાના અને ૯ ગામ ધાનપુર તાલુકાના મળીને કુલ એટલા ગામનો વ્યવહાર જેને વાયા સાકરડા આવવું હોય તો ૩૨ કિલોમીટર દેવગઢ બારીયા થાય. આ પુલ થાય તો માત્ર ૧૭ કિલોમીટર બારીયા આવી જવાય તો આવતી કોઈ પણ યોજનામાં મંજૂરી આપવા માગો છો કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે અને જે યોજનાકીય બાબતો વિચારણામાં લેવામાં આવશે ત્યારે વિચારણા કરીશું.

**ગારિયાધાર તાલુકાના ઠાંસા, લુવારા, ગુજરડા, સમઢીયાળા ગામને પીવાનું પાણી આપવા બાબત**

***૧૪૭૯૨ શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના ઠાંસા, લુવારા, ગુજરડા, સમઢીયાળાને મહીપરીએજ યોજના દ્વારા પીવાનું પાણી આપવાનું આયોજન છે કે કેમ, અને

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ થવા અંદાજ છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) હા,જી.

(૨) ડિસૅમ્બર-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભાવનગર જિલ્લાનું ફેઝ-૧નું ગારિયાધાર તાલુકાનું કામ પૂરું થયું છે. ફેઝ-૨ના કામો છે તેનું મુખ્ય લાઈનનું કામ કયા તબક્કામાં છે અને દરેક ગામોને મહીપરીએજ યોજના આધારિત કયાં સુધીમાં જોડવામાં આવશે? અને ત્રીજું જે શેત્રુંજી આધારિત હયાત ગામોને પાણી મળે છે તેમાં પાણી પહોંચી શકતું નથી તેવા ગામોની ત્યાં સુધીની શું વૈકલ્પિક વ્યવસ્થા છે?

**શ્રી હરજીવન હી. પટેલ** : હાલ પાંચ ગામનો પ્રશ્ન પૂછયો છે તેમાં સ્થાનિક સોર્સ દ્વારા પાણી આપવામાં આવે છે અને શેત્રુંજી જળાશય આધારિત ગારિયાધાર સ્ટેજ-૧ની યોજના છે તેમાં આ ગામોનો સમાવેશ કરેલો છે અને જ્યાં સુધી સ્થાનિક સોર્સમાંથી પાણી મળે છે એ પાણી અવેલેબલ નહીં હોય ત્યારે શેત્રુંજી જળાશય આધારિત પાણી આપવા માટેની વ્યવસ્થા છે. આના સિવાય કદાચ શેત્રુંજી ડૅમનું પાણી ખૂટી જશે તો સ્ટેજ-૨ ગારિયાધારની યોજના છે મહી પાઈપલાઈન આધારિત એ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજના લગભગ ડિસૅમ્બર-૨૦૦૬ સુધીમાં પૂરી કરવામાં આવશે. આમ તો યોજના પૂરી થઈ ગઈ છે. ખાલી તેને કાર્યરત કરવા માટે બાકી છે. જ્યાં સુધી પાણીનો સોર્સ છે ત્યાં સુધી કાર્યરત કરી નથી અને રીમોડલીંગ જે ગામોને આપવા માટેનું છે એ જ્યારે જરૂર પડશે ત્યારે કરીશું.

**અમદાવાદ શહેરમાં એરપોર્ટની આજુબાજુ મકાનો બાંધવા એરપોર્ટ ઓથોરીટીની મંજૂરી**

***૧૫૭૫૦ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરમાં એરપોર્ટની આજુબાજુના વિસ્તારમાં બાંધકામ કરવા માટે તેની ઉંચાઈ કેટલી રાખવી તે અંગે એરપોર્ટ ઓથોરીટી ઑફ ઇન્ડિયાની પરવાનગી લેવાની હોય તે હકીકત સાચી છે,

(ર) જો હા, તો સામાન્ય જનતાને તેમના મકાનો બાંધવા આવી પરવાનગી ખૂબ ખર્ચાળ અને બહુ સમય વેડફનારી હોય છે છતાં મેળવવામાં નિષ્ફળતા મળે છે તે સરકાર જાણે છે,

(૩) જો હા, તો આવી પરવાનગી રાજય સરકારશ્રીના લેવલે મેળવવાની વ્યવસ્થા થાય તેવું સરકાર વિચારે છે કે કેમ, અને

(૪) જો હા, તો આ અંગેની વિગતો શું છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી:**

(૧) હા,જી.

(ર) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એરપોર્ટની દિવાલ અને મારો અસારવા મતવિસ્તાર એકદમ જોડાયેલો છે. આ એરપોર્ટની નજીકના ભાગમાં કોઈ પણ પ્રકારનું બાંધકામ કરવું હોય તો એરપોર્ટ ઓથોરિટી ઑફ ઇન્ડિયાની પરવાનગી લેવાની પ્રક્રિયા આટલી અટપટી છે તો આ પ્રક્રિયાને સરળ બનાવવા માટે તેને મ્યુનિસિપલ કૉર્પોરેશનના નગર વિકાસ ખાતા સાથે સાંકળીને કે અન્ય કોઈ રીતે આ પ્રક્રિયા સરળ બનાવવા માટે રાજય સરકાર દ્વારા કોઈ પ્રયત્ન કરવામાં આવનાર છે કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે આ એરપોર્ટની દિવાલ પાસે ગુજરાત હાઉસીંગ બોર્ડના રહેણાંકોમાં પાણીની ઓવરહેડ ટાંકી હતી. તો પહેલાં એરપોર્ટ ઓથોરિટીએ પરવાનગી આપી અને પછી થોડા દિવસ પછી એરપોર્ટ ઓથોરિટીએ પાણીની ટાંકી તોડાવી નાખી. જેના કારણે સ્થાનિક રહીશોમાં વ્યાપક સમસ્યા ઉભી થઈ. તો આવા પ્રશ્નના નિરાકરણ માટે એરપોર્ટ ઓથોરિટી સાથે રાજય સરકાર પરામર્શ કરીને પ્રજાને પડતી હાડમારી દૂર કરવા માટે કોઈ પ્રયાસ કરવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : એરપોર્ટ ઓથોરિટી એરિયાના નિયમો સમગ્ર દેશ માટે બનાવવામાં આવ્યા છે. એક શહેર માટે અલગ બનાવી શકાય એવી સ્થિતિ જણાતી નથી. પરંતુ તેમાં કેટલાક પ્રેકટીકલ રસ્તાઓ કાઢવામાં આવ્યા છે. એરપોર્ટ ઓથોરિટીના એરિયામાં નજીકના રીસ્ટ્રીકટેડ કે ક્રિટીકલ ઝોનમાં મકાનનું બાંધકામ સિવિલ એવીએશન ડિપાર્ટમૅન્ટની જોગવાઈઓ મુજબ હાથ ધરવાનું હોય છે. જો આ જોગવાઈઓ મુજબ હાથ ધરે તો કેટલીક બાબતોમાં તેને પ્લાન મંજૂર કરતાં સમયે તેને એન.ઓ.સી. પહેલાં લેવું નથી પડતું એ મેળવવાની શરતે પ્લાનની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે જેમ કે ૧.૫થી ર.ર૫ કિલોમીટરના રેડીઅસ સર્કલમાં ૧ર મીટર રાખવામાં આવે, ર.૫થી ૩.૫ કિલોમીટરના રેડીઅસ સર્કલમાં ૧૮ મીટર ઉંચાઈ રાખવામાં આવે. ૩.૫થી ૪.૫ કિલોમીટરના રેડિયસ સર્કલમાં ર૪ મીટર અને ૪.૫થી ૬ કિલોમીટરના રેડિયસ સર્કલમાં ૩૦ મીટરની ઊંચાઈ કરવામાં આવે તો બાંધકામ માટે વિકાસ પરવાનગી માટે મહાનગરપાલિકા અને ઔડાની જે નકશાઓ મંજૂર કરવામાં આવે છે. એની પહેલાં એન.ઓ.સી. લેવાની જરૂરિયાત નથી. પરંતુ આમાં કોઈ પ્રકારની છૂટછાટ જોઈતી હોય તો પહેલાં એન.ઓ.સી. લેવી પડે છે. નગરપાલિકામાં એ પહેલાં પ્લાન રજૂ કરે અને પછી એન.ઓ.સી.ની કાર્યવાહી કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું છે, એમની લાગણી સાચી હોઈ શકે પરંતુ એ નિયમો છે એ સમગ્ર દેશના એરપોર્ટ ઓથોરીટીને લગતા છે અને દેશના તમામ શહેરો માટે આ કાયદાઓ સરખા બનાવ્યા છે એટલે ઊંચાઈને ધ્યાને લઈને જે પ્રકારના સેફટી પ્રિકોશન લેવા જોઈએ એ પ્રકારે હાથ ધરાયેલ છે. બીજો પ્રશ્ન છે એ મારા હાથ પર કે ધ્યાન ઉપર નથી.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને સૂચન છે કે, જે પ્રમાણે આ સેન્ટ્રલ ગવર્નમૅન્ટના નિયમ છે એ પ્રમાણે ancient monumentsની આજુબાજુમાં પણ ૩ કિલોમીટર અને ૧૦ કિલોમીટરની આસપાસ કોઈપણ પ્રકારનું બાંધકામ કરતા પહેલાં આ પ્રકારની પરમિશન લેવાની થતી હોય છે. તો એવે વખતે આજથી ચાર-પાંચ વર્ષ પહેલાં પ્રેકિટકલ સોલ્યુશન કાઢવામાં આવ્યું હતું કે ૩ કિલોમીટરની અંદર બાંધકામ કરવાનું હોય તો કોઈ પરમિશન, હમણાં વાત કરી કે આટલા રેડિયસમાં કન્સ્ટ્રકશન કરવું હોય તો પરમિશન પછીથી લઈ શકો તો ચાલે. એની વિધિ ઘણી બધી સરળ છે અને એ પણ કેન્દ્ર સરકારનો કાયદો છે તો એ પ્રકારની સરળ વિધિ એમાં થઈ શકે તો ગુજરાતની અને અમદાવાદ શહેરની જનતાના હિતમાં રહેશે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ancient monumentના કાયદા અને એરપોર્ટ ઓથોરીટીના કાયદા અલગ છે. Monumentsના સેન્ટ્રલ અને સ્ટેટના કાયદા અલગ રહેલ છે. જેમાં સ્ટેટના

કાયદામાં છૂટછાટ મૂકવાની સત્તા રાજય સરકારને મળી રહે છે. આવી રજૂઆતો વારંવાર આવે છે. માનનીય પ્રદિપસિંહ અને ભાવિનભાઈએ વાત કરી અને લાગણી વ્યક્ત કરી એ મુજબ પ્લાન એમનો મંજૂર કરવા માટેની અથવા તો એન.ઓ.સી. એ ધ્યાને લઈને એરપોર્ટ ઓથોરીટીને કહ્યું છે અને ૨ દિવસ પહેલાં જ માહિતી માગી કે તમારી પાસે કેટલા પ્લાન બાકી છે, ૨ કેસમાં એરપોર્ટ ઓથોરીટી ઑફ ઈન્ડિયાની એન.ઓ.સી. મળેલ નથી જેના કારણે બાકી છે અને એરપોર્ટ ઓથોરીટીમાં ૧૬ કેસ એવા છે જેને એન.ઓ.સી. આપવાનું બાકી છે. કુલ અમદાવાદના ગણીએ તો એરપોર્ટ ઓથોરીટી પાસે ૧૮ કેસ પેન્ડીંગ છે. આમ છતાં આ લાગણી પહોંચે એવી કાર્યવાહી કરીશું.

**નગરપાલિકાઓને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફેરવવાની દરખાસ્ત**

***૧૬૪૧૩ શ્રી અમિત અ. ચાવડા (બોરસદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજયમાં કઈ કઈ નગરપાલિકાઓને મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ફેરવવાની દરખાસ્તો છે,

(૨) આણંદ જિલ્લાની આણંદ નગરપાલિકાનો તેમાં સમાવેશ થયેલ છે,

(૩) આજુબાજુના કેટલા ગામોને તેમાં સમાવવામાં આવશે, અને

(૪) આ કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ થશે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) નીચે જણાવેલ નગરપાલિકાઓને મહાનગરપાલિકામાં ફેરવવાની દરખાસ્તો સંબંધિત કલેકટરશ્રીઓ તરફથી સરકારશ્રીને મળી છે -

(૧) આણંદ
(૨) મહેસાણા
(૩) મોરબી
(૪) સુરેન્દ્રનગર-દૂધરેજ-વઢવાણ
(૫) નડિયાદ
(૬) નવસારી

જ્યારે વલસાડ નગરપાલિકાને મહાનગરપાલિકામાં ફેરવવા માટેની દરખાસ્ત વલસાડ નગરપાલિકાના પ્રમુખશ્રી તરફથી મળેલ છે.

(૨) હા, જી.

(૨) અને (૪) આ બાબતમાં બંધારણીય જોગવાઈ મુજબ સમગ્ર પાસાંઓ ચકાસીને વિચારણા કરી શકાશે.

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આણંદ નગરપાલિકાની દરખાસ્ત મળેલ છે એ ક્યારે મળી? હાલ કયા તબક્કામાં છે અને આ દરખાસ્તમાં કેટલા અને કયા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે આ એક પ્રશ્ન અને બીજો જે ગામોનો સમાવેશ કરવાની જોગવાઈ છે એ ગામોની કોઈ સંમતિ લેવામાં આવી છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ નગરપાલિકાની દરખાસ્ત કલેકટરશ્રી મારફતે ૧૨-૫-૦૫ના રોજ મળી છે. અત્યારે આ દરખાસ્ત બિલકુલ પ્રાથમિક તબક્કામાં છે. જે પ્રમાણે જવાબમાં જણાવ્યું છે એ પ્રમાણે આણંદ, મહેસાણા, મોરબી, સુરેન્દ્રનગર-દૂધરેજ-વઢવાણ, નડિયાદ, નવસારી અને એક અન્ય એમ ૭ નગરપાલિકાઓને મહાનગરપાલિકામાં ફેરવવાની પ્રાથમિક વિચારણા હાથ ધરેલ. એના અનુસંધાને દરખાસ્તો આવી છે. હજુ કોઈ ગામ કે તેના વિસ્તાર નક્કી થયા નથી અને જ્યારે પણ મહાનગરપાલિકામાં ફેરવવામાં આવતી હોય ત્યારે પંચાયતના કાયદાની જોગવાઈ મુજબ જે તે ગ્રામ પંચાયતને એની જાણ કરવાની હોય છે, એને સાંભળવાની હોય છે અને પછી બધી જ કાયદેસરની પ્રક્રિયા પછી કાર્યવાહી થતી હોય છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્ત કરવામાં આવી છે એમાં રાજય સરકારે છેલ્લા ૬ મહિનામાં શું શું કામ કરવાનું હોય છે? બંધારણીય જોગવાઈ પ્રમાણે કયા ધારા-ધોરણો નક્કી કરવાના હોય છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ મુજબ આની પ્રાથમિક ચર્ચા વિચારણા થયેલ છે એ સિવાય કોઈ નકકર કાર્યવાહી હજી આપણે મહાનગરપાલિકામાં ફેરવવા માટેની કરેલી નથી, બંધારણની જે જોગવાઈ છે એ મુજબ બંધારણની કલમ ૨૪૩(કયુ) ૨ ની જોગવાઈ અનુસાર રાજય સરકાર કોઈપણ વિસ્તારને તે વસ્તીની ગીચતા, સ્થાનિક વહીવટ માટે પ્રાપ્ત થતી આવક બીન ખેતી પ્રવૃત્તિ, રોજગારીની ટકાવારી આર્થિક અગત્યતા અથવા યોગ્ય લાગે તેવા બીજા પરિબળોને ધ્યાનમાં લઈને તેવા વિસ્તારોને મહાનગર પાલિકા તરીકે જાહેર કરી શકે છે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જે દરખાસ્તો આવી છે એ વિશે ગંભીરતાપૂર્વક મહાનગરપાલિકા બનાવવા માટે આગળ વધવા માગે છે કે કેમ? અને માગતા હોય તો કયાં સુધીમાં?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** :માનનીય અધ્યક્ષશ્રી, આ નગરપાલિકા બનાવવા માટે અલગ અલગ બાબતોને ધ્યાનમાં લેવાની હોય છે અને મેં કહ્યું એ મુજબ પ્રાથમિક ચર્ચા ઉપર જ આ છે. એનો કોઈ નિશ્ચિત સમય આપી શકાય નહીં અનેક પ્રકારની બંધારણીય જોગવાઈ અનુસરવાનું હોય છે અને જોગવાઈ અનુસર્યા પછી જે કાર્યવાહી હાથ ધરવાની હશે એ કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, ધનરાજભાઈએ પૂછયું છે ત્યાં સુધી સુરેન્દ્રનગર, દુધરેજ અને વઢવાણ મહાનગરપાલિકા બનાવવા માટેની જયારે રજૂઆત પ્રાપ્ત થઈ ત્યારે ધારાસભ્યશ્રી તરફથી રજૂઆત પ્રાપ્ત થયેલી છે કે આને મહાનગરપાલિકા બનાવવી ન જોઈએ.

**શહેરી વિકાસ વર્ષ દરમિયાન રાજકોટ શહેરને વધારાની ગ્રાન્ટની ફાળવણી કરવા બાબત**

***૧૬૫૪૧ શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

રાજય સરકાર તરફથી શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ દરમ્યાન રાજકોટ શહેરને વિકાસ માટે જુદા જુદા કયા પ્રોજેકટ માટે કેટલી વધારાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

રૂા. ૧૦ કરોડ પાણી પુરવઠા અને રસ્તાની પ્રાયોજનાઓ માટે અને રૂા. ૧.૬૩ કરોડ ઘન કચરાના નિકાલની પ્રાયોજના માટે વધારાની ગ્રાન્ટ ફાળવેલ છે.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વર્ષ દરમિયાન રાજકોટ શહેર માટે ૧૧ કરોડ અને ૬૩ લાખ રૂપિયાની ફાળવણી કરીને ઘણું મોટું યોગદાન આપ્યું છે એ બદલ માનનીય મંત્રીશ્રીને અને સરકારશ્રીને અભિનંદન આપુ છું અને આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ ૧૦ કરોડ રૂપિયામાંથી રસ્તાઓની પાછળ કેટલો ખર્ચ થશે અને કયા કયા રસ્તાઓનો વિકાસ થશે અને પાણી પુરવઠા પાછળ કેટલી રકમનો ખર્ચ થશે એ હું જાણવા માગું છું.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે અને ખાસ કરીને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક દીર્ઘદૃષ્ટિ અપનાવીને ગુજરાતના શહેરો માટે શહેરી વિકાસ વર્ષ ઘોષિત કર્યુ અને એના ફળસ્વરુપે ખૂબ લાંબા સમય પછી મહાનગરપાલિકાઓને પણ શહેરી વિકાસ વર્ષ નિમિત્તે ફંડ આપવામાં આવ્યું એના અનુસંધાને રાજકોટ શહેરને ૧૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી અને ૧૧ કરોડ ૬૩ લાખની અને માનનીય સભ્યશ્રીએ પૂછયું એ મુજબ મહદ્અંશે ૧ કરોડ અને ૬૩ લાખ રૂપિયા એ ઘન કચરાના નિકાલ માટેની વ્યવસ્થા ઉભી કરવા માટેના હતા જેની કાર્યવાહી એમણે હાથ ધરેલી છે અને ૧૦ કરોડ રૂપિયા પાણી પુરવઠા અને રસ્તા માટે હતા એ ખર્ચ મહાનગરપાલિકાએ કરવાનો હોય છે. આમ છતાં મહાનગરપાલિકાને છેલ્લે ૭ દિવસ પહેલાં જયારે પુછાવ્યું ત્યારે એમણે પાણી માટે ૩કરોડ ૭૧ લાખનો અત્યાર સુધીમાં ખર્ચ કરેલ છે અને રસ્તા માટે ૧ કરોડ અને ૧૧ લાખનો ખર્ચ કર્યો છે.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વણવપરાયેલી ગ્રાન્ટ આગલા વર્ષમાં ખેંચવામાં આવશે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મહાનગરપાલિકાને અમે આપી દીધી છે એટલે સમગ્ર વર્ષ દરમિયાન એ વાપરી શકશે અને કામો પૂરાં કરી શકશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં ઘન કચરાના નિકાલ માટે ૧.૬૩ કરોડ રૂપિયાનું પ્રયોજન કરેલ છે તો હું એમાંથી એ જાણવા માગું છું કે કુલ એટલી રકમમાંથી હાલ કયા કામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સમગ્ર ગુજરાત માટે ઘન કચરાના નિકાલ માટે સુપ્રીમ કોર્ટે એક ગાઈડ લાઈન જે આપી છે એ ગાઈડ લાઈનના અનુસંધાને નગરપાલિકા અને મહાનગરપાલિકા માટે એક આયોજન હાથ ધરવામાં આવ્યું અને એ આયોજનના ભાગ સ્વરૂપે તમામ ખર્ચ મહાનગરપાલિકાને આપણે આપ્યો નથી, પરંતુ આંશિક સ્વરૂપે આપણે એને મદદ કરવાની છે અને એ મદદ ૧ કરોડ અને ૬૩ લાખની છે. એમાં કયા પ્રકારના એમણે વાપર્યા એની માહિતી અહીં હોઈ શકે નહીં. મહાનગરપાલિકા પાસે છે પણ કુલ જે પ્રોજેકટ છે એમાંથી આંશિક એની ફાળવણી આપણે ૧ કરોડ ૬૩ લાખની આપણે કરેલ છે.

**અમદાવાદ જિલ્લામાં પંચાયતના રસ્તાઓ ઉપર નાળા પુલની રીપેરીંગની જવાબદારી**

*૧૪૬૮૯ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) અમદાવાદ જિલ્લાના પંચાયત વિભાગ હસ્તકના રસ્તાઓ ઉપર સિંચાઈ વિભાગ હસ્તકના નાળા/પુલો રીપેરીંગ / નવા બાંધકામની જવાબદારી સ્વીકારેલ છે, અને

(૨) જો હા, તો આ કામગીરી પૂર્ણ કરવા શું આયોજન છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) અમદાવાદ જિલ્લાની ડ્રેઈનો પર આવેલ નાળાઓ, પુલો જે સિંચાઈ વિભાગની માલિકીના છે તેના રીપેરીંગ / નવા બાંધકામની જવાબદારી સિંચાઈ વિભાગની થાય છે.

(૨) તે પૈકી જે ડ્રેઈનો પરના જર્જરિત થયેલ / તૂટી ગયેલ નાળા / પુલોના રીપેરીંગ / નવા બાંધવા અંગેની દરખાસ્ત હાલ ચકાસણી હેઠળ છે.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જવાબદારી સિંચાઈ વિભાગે સ્વીકારી છે તો અમારે એક જેતાપુર - અસલગામનું નાળું ચાર વર્ષથી બંધાતું નથી. આપે દરખાસ્ત વિચારણા હેઠળ છે એમ લખ્યું છે તો એ કામ જલદીથી થાય એવી વિનંતી છે. બીજું વિરમગામ, સાણંદ, બાવળા, માંડલ અને દેત્રોજ તાલુકાના નાળા બાકી છે તો એ ક્યારે બંધાશે?

**શ્રી રતિલાલ ગો. સુરેજા** : આ નાળું ચકાસણી હેઠળ છે અને બને એટલું વહેલું કરવા માટે વિચારણા હેઠળ છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે પનાર રેડીએશન ડ્રેઈન અમદાવાદ જિલ્લાની સૌથી મોટામાં મોટી ડ્રેઈન છે. ચોમાસામાં વરસાદના કારણે જસ્સી ગામ પાસે મોટું નાળું તુટી પડેલ છે એ બનાવવા માગે છે કે કેમ?

**શ્રી રતિલાલ ગો. સુરેજા** : માનનીય સભ્યશ્રી ખાસ જણાવશે તો યોગ્ય કરવામાં આવશે.

**શ્રી કાંતિભાઈ રા. લકુમ** : બગોદરાથી વિરમગામ જવાનો રસ્તો છે ત્યાં નળ સરોવર ચોકડી નજીક વેકરીયા પાસે ચોમાસાના ભારે વરસાદના કારણે નાળું બેસી ગયું છે. વાહન વ્યવહાર બંધ થઈ ગયેલ છે તેથી ૫-૭ કિલોમિટર ફરીને બીજા રસ્તેથી જવું પડે છે. આ નાળાની દરખાસ્ત થઈ ગયેલ છે તો આ નાળું ક્યારે બનાવવા માગે છે?

**શ્રી રતિલાલ ગો. સુરેજા** : જેમ બને તેમ વહેલું.

**શ્રી ભરતભાઈ પંડ્યા** : અમદાવાદ જિલ્લાના તાલુકાવાર કુલ કેટલા નાળા બનાવવાની દરખાસ્ત આવી છે?

**અધ્યક્ષશ્રી** : આમાં નહિ આવે, પ્લીઝ. નેક્સ્ટ.

### વાલમ-ધિણોજ-કડી માર્ગ ઉપર મોટપ ગામે રુપેણ નદી ઉપર પુલનું કામ

*૧૬૬૬૭૨ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વાલમ-ધિણોજ-કડી રાજ્ય ધોરી માર્ગ નંબર-૨૧૬ ઉપર મોટપ ગામ નજીક રુપેણ નદીના પુલનું કામ ઘણા વર્ષોથી બાકી છે તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આ કામ કેટલા સમયમાં પૂરું કરવા સરકાર માગે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) પૂરતી નાણાકીય જોગવાઈ થયેથી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી જેમ બને તેમ જલદીથી.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, ભુલનો સ્વીકાર કર્યો છે તો આ વર્ષના બજેટમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે અને કેટલા સમયમાં પુલનું કામ પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રુપેણ નદી ઉપરનો જે પુલ બાંધવા માટેની લાગણી હતી એનો આ બજેટમાં સમાવેશ થયો છે. કુલ ૫૦૦ લાખના ખર્ચનો અંદાજ છે. એ સામે વર્ષ ૨૦૦૬-૦૭માં ૧૫૦ લાખની જોગવાઈ હાથ ધરાયેલ છે. એ સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, એની કોસ્ટ કરતાં જોગવાઈ ચોથા ભાગની નક્કી કરી છે. મંત્રીશ્રી કહે છે કે એક વર્ષમાં પૂરું કરવામાં આવશે. તો બાકીની રકમ એમાં ઉમેરીને આ કામ એક વર્ષમાં પૂરું કરશો? આપે ૧૫૦ લાખની જોગવાઈ કરી છે અને આ કામ ૫૦૦ લાખનું બતાવ્યું છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : એક વર્ષનો સમય મેં મારા જવાબમાં આપ્યો નથી. માલજીભાઈ જાણે છે કે ૨૦-૨૨ વર્ષથી પુલ બનાવવાની કાર્યવાહી થતી ન હતી. કોંગ્રેસના અનેક શાસનો એમને એમ ગયા અને આ સરકારે જે વિકાસની વરેલી સરકાર છે એણે ૧૫૦ લાખ રૂપિયા મંજૂર કર્યા છે. જે સમયમર્યાદા નિશ્ચિત કરાયેલ હશે એમાં પૂરું કરવામાં આવશે. ૧૫૦ લાખ રૂપિયા મૂકવામાં આવ્યા છે એટલે કોઈ કાર્યવાહી બાકી રહેવાની નથી.

**અધ્યક્ષશ્રી** : ગોવાભાઈ, આપે વચ્ચે બોલવું ન જોઈએ.

**વિસાવદર ધારી બાયપાસ રેલ્વે ટ્રેક ઉપર ઓવર બ્રીજ બનાવવા બાબત**

***૧૬૧૩૨ શ્રી કનુભાઈ મે. ભલાળા (વિસાવદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વિસાવદર-ધારી બાયપાસે બન્ને બાજુથી પૂર્ણ થઈ ગયેલ છે, અને વચ્ચે આવતી રેલ્વે ટ્રેક ઉપર સરકાર ઓવરબ્રીજ બાંધવા માગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) અને (૨) : અન્ડરબ્રીજ/લેવલ ક્રોસિંગ મૂકવા અંગે રેલ્વે સાથે પરામર્શ કરવામાં આવી રહેલ છે જે આખરી થયાથી કામ હાથ ધરવાનું આયોજન છે.

**શ્રી કનુભાઈ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે વિસાવદર અને ધારીને જોડતો બાયપાસ ઘણા વખતથી આ બાયપાસ ના હોવાને કારણે શહેરની અંદર ખૂબજ ટ્રાફિક અને ભીડ રહે છે તો રેલ્વે મંત્રીશ્રીને અને માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રીએ જણાવ્યા મુજબ રેલ્વેમાં આપણે ક્યારે મંજૂરી માગવામાં આવી અને આ મંજૂરી અર્થે કેટલી વખત મિટિંગો અથવા બેઠકો થયેલ છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૫-૩-૯૭ થી આ પ્રકારની કાર્યવાહી આવી છે. અનેક વખત રેલ્વેને એના માટે લખાણ અને કાર્યવાહી કરવામાં આવી છે, બીજી કોઈ મિટિંગો કરવામાં આવેલ નથી. આ વિસાવદર બાયપાસ રસ્તાનું કામ છે, અત્યારે વિસાવદરનો રસ્તો ગામમાંથી પસાર થાય છે. પરંતુ જે પ્રમાણે માનનીય સભ્યશ્રીએ જે વાત કરી, ગામને કોઈ અડચણ ના પડે એટલા માટે માર્ગ અને મકાન વિભાગે આ પ્રકારની કાર્યવાહી હાથ ધરીને જે રસ્તો પસાર થાય છે એમાં એક રલવે ક્રોસિંગ માટે આપણે કાર્યવાહી કરી રહ્યા છીએ. છેલ્લે એનો અંડરબ્રીજ થઈ શકે એ માટેની લાગણી પણ આપણે રેલ્વે પાસે વ્યકિત કરેલી છે, એના માટે રલ્વેએ કોઈ હકારાત્મક અભિગમ દાખવેલ નથી. પરંતુ આ માટેનો પ્રયત્ન કરીને લેવલ ક્રોંસિંગ પ્રાપ્ત થાય એ માટે કાર્યવાહી હાથ ધરી આપણે તાત્કાલિક અસરથી કરવા ફરીથી રજૂઆત કરેલી છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ દર્શાવ્યું છે કે વિસાવદર-ધારી બાયપાસ બંને બાજુથી પૂર્ણ થઈ ગયેલ છે, અને વચ્ચે આવતી રેલ્વે ટ્રેક ઉપર સરકાર ઓવરબ્રીજ બાંધવાનો છે એ રેલ્વે અને રાજ્ય સરકારની વાતચીત છે. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે તા.૫-૩-૯૭થી આ કાર્યવાહી ચાલે છે અને ત્યારથી રેલ્વેને સતત કહ્યું છે તો ૧૯૯૭થી આજ સુધીનો ગાળો લગભગ ૯ વર્ષ થાય તો રેલ્વે સાથે એના માટે ખાસ કોઈ મિટિંગ કરીને અધિકારીકક્ષાએ અથવા મંત્રીશ્રીકક્ષાએ મિટિંગ કરીને, કારણ કે કેન્દ્ર અને રાજ્ય વચ્ચે રલ્વેમાં આ જાતની લાંબી મુદત પડતી હોય છે અને લાંબો સમય વ્યતિત થતો હોય છે ત્યારે કાયમ એવી વ્યવસ્થા ગોઠવવા માગો છો કે કેમ? ઘણી વખત રેલ્વેમાં પાઈપલાઈન, નાળા બનાવવા માટે આ બધામાં બે-બે, ત્રણ-ત્રણ વર્ષો વ્યતિત થતાં હોય છે તો કાયમ એવી વ્યવસ્થા ગોઠવવા માગો છો કે જેનાથી આ સમય ટૂંકો થાય. અધિકારી કે મંત્રીશ્રી કક્ષાએ એક મિટિંગ કરીને લગભગ દસકો થયો છે તો આ સત્વરે પૂર્ણ થાય એ માટે કોઈ સ્પેશ્યલ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૭થી તો અંડરબ્રીજ માટેની વાત કરી. આ રસ્તો જ્યારે પંચાયત પાસે હતો ત્યારથી ક્રોંસિંગ માટે પહેલો પત્ર તા.૯-૨-૮૪નાં રોજ થયો છે. રેલ્વેને એ માટે ૨૦૦૦નો ચેક પણ આપણે અંદાજ કરીને મોકલેલો, એ પછી ૩૯૬ જુદા જુદા પત્રવ્યવહાર થયેલા છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું એ મુજબ આપણે રેલ્વે સાથેના પ્રશ્ન માટે અનેક વખત આ પ્રકારની લાગણી વ્યકત કરતા હોઈએ છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રી સંસદસભ્યો સાથે જ્યારે મિટિંગ કરે ત્યારે આ પ્રકારની રેલ્વે સાથેની માગણી અને લાગણી વ્યકિત કરવા એ પણ એમની સમક્ષ મુકતા હોય છે અને અત્યારના આ જે પ્રશ્ન છે એના માટે આગળ ઉપર રેલ્વે સાથે જે કાંઈ કાર્યવાહી કરવાની થાય છે એ હવે પછીની બીજી મિટિંગ થાય ત્યારે એ ધ્યાન ઉપર મૂકીશું.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર મૂકવા માગું છું કે અમારું કેશોદ શહેરનો આટલો બધો વિકાસ થવા પામ્યો છે. કેશોદ શહેરમાં જે ટ્રેઈન પસાર થાય છે ત્યાં ફાટક બંધ હોવાના કારણે દિવસમાં ચાર-પાંચ વખત અડધો કલાકથી લઈને એક કલાક સુધી વાહનોની લાઈનો લાગી જાય છે. કેશોદની બિલકુલ મધ્યમાંથી રેલ્વે પસાર થાય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ ઓવરબ્રીજની વાત ચાલે છે, માધાભાઈ. પ્લીઝ,

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : ના, ના, હું પ્રશ્ન પર આવું છું, જુનાગઢ જિલ્લાની અંદર આવી રેલ્વે ઉપરથી બીજો કોઈ ઓવરબ્રીજ બનાવવા માટે આયોજન છે કે કેમ? અને કેન્દ્ર સરકારે રેલ્વે ટ્રેક ઉપર જે ઓવરબ્રીજ બનાવવાનો થાય છે એમાં રાજ્ય સરકારનું, કેન્દ્ર સરકારનું અને સ્થાનિક સ્વરાજની સંસ્થાનો આયોજનમાં કઈ પ્રક્રિયા હોય છે અને ફાળો કેટલો હોય છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિસાવદરનો પ્રશ્ન છે, માનનીય સભ્યશ્રી કેશોદનું પૂછે છે, પરંતુ મેં મારા ગઈકાલના માર્ગ અને મકાન વિભાગની માગણીઓના સમયે જણાવ્યું હતું કે,

૧૫ વર્ષમાં જેટલા આર.ઓ.બી. થયા છે એના કરતાં પાંચ ગણા આર.ઓ.બી. આ બે વર્ષના ગાળામાં આપણે હાથ ધરવા માગીએ છીએ અને ૧૫ આર.ઓ.બી.માંથી ૧૦ આર.ઓ.બી.ની કાર્યવાહી અત્યારે ચાલી રહી છે અને ૨૦ આર.ઓ.બી.ના સરવેનું કામ અત્યારે ચાલું છે, કેન્દ્રની જે સ્કીમ છે કે, આર.ઓ.બી.માં રેલવેના પચાસ ટકા ફકત આર.ઓ.બી પૂરતા જ મળે છે એનો વધારેમાં વધારે હિસ્સાનો જો કોઈ ઉપયોગ કરતું હોય તો એ આ ગુજરાતની સરકાર છે.

**પાલનપુર મુકામે રેલવે ઓવર બ્રિજ પહોળો કરવા બાબત**

***૧૯૮૧૯ શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર મુકામે રેલવે ઓવર બ્રિજ પહોળો કરવા રાજય સરકારને અને ૧૯૯૬માં રેલવે તંત્રએ મંજૂરી આપેલ તે હકીકત સાચી, અને

(૨) જો હા, તો મંજૂરી મળ્યા બાદ કામ પૂર્ણ થવામાં થયેલ વિલંબના શાં કારણો છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) ના, જી. ૧૯૯૬માં રેલવે તંત્ર દ્વારા પુલના અંદાજો તૈયાર કરવા રકમ ભરપાઈ કરવા જણાવેલ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, મંજૂરી રેલવે તરફથી મળેલ નથી અને પાછળ એવું લખવામાં આવ્યું છે કે, ૧૯૯૬માં રેલવે તંત્રએ અંદાજો તૈયાર કરવા માટે અને પૈસા ભરવા જણાવ્યું છે તો મારે એ પૂછવું છે કે, જો મંજૂરી ના મળી હોય, સૈદ્ધાંતિક મંજૂરી ના મળી હોય તો અંદાજો તૈયાર કરવા માટે અને પૈસા ભરવા માટે કયા ડિપાર્ટમેંન્ટે કહ્યું, ક્યારે કહ્યું અને જે તે વખતે સંસદ સભ્યશ્રી કોણ હતા?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : જવાબ રાજકીય આપું ?

**અધ્યક્ષશ્રી** : ના.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન એમણે રાજકીય પૂછ્યો છે, માનનીય સભ્યશ્રી જાણે છે એ મુજબ અંદાજો તૈયાર કરવા અને એ અંદાજો તૈયાર કરવા માટેની મંજૂરી આપવી અને ત્યાર પછી કામની ખરેખર મંજૂરી આપવી એમાં ઘણો તફાવત છે. આ કામ માટેના અંદાજો તૈયાર કરવા માટે એમને જણાવ્યું, અંદાજો તૈયાર કરીને કોઈપણ પાસે મૂકીએ અત્યારે નીચે પાલનપુર કે બનાસકાંઠામાંથી અહીંયા સ્ટેટ, રાજય કક્ષાએ પણ કોઈ અંદાજો મોકલવામાં આવે તો એનાથી એની કોઈ મંજૂરી થઈ જતી નથી, એ અંદાજોને જ્યારે રાજય સરકાર મંજૂરી આપે ત્યારે એ મંજૂરી ગણાય છે એજ પ્રકારે આજ પુલના અંદાજ ૧૯૯૬માં તૈયાર કરવામાં આવ્યા પરંતુ ત્યારે જે કોઈ સભ્ય હશે એ પરંતુ એ પછી ખરેખર અંદાજો મંજૂર કરીને એની કાર્યવાહી ચાલુ કરવામાં આવે ત્યારે, તમે જાણો છો એ મુજબ મારે નામ નથી લેવું, બીજા સંસદ સભ્ય હતા, ત્યારે કોણ સંસદ સભ્ય હતા.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે,અમદાવાદથી ઉત્તર ભારતનો જે આખો ટ્રાફિક છે એ એટલો બધો હેવી ટ્રાફિક છે કે, અમદાવાદથી આબુ રોડ પહોંચીએ એમાં ફક્ત એક જ ઓવર બ્રિજ મહેસાણાનો બાકી છે તો એની પ્રક્રિયા શું ચાલી રહી છે એ જાણવા માગું છું?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ફરીથી પૂછો માલજીભાઈ પ્લીઝ.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : મહેસાણાનો ઓવર બ્રિજ જે રેલવે ફાટક ઉપર અમદાવાદથી આબુ રોડ ઉપર પહોંચીએ ત્યાં સુધી એક જ રેલવે ઉપરનો પુલ બાકી છે એની શું પ્રક્રિયા ચાલી રહી છે એ જાણવા માગું છું.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં અલગથી નોટિસ આપે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, પાલનુપર રેલવે ઓવર બ્રિજમાં ૧૯૯૬માં એનો પ્લાન બનાવ્યો હતો એવો જવાબ આપ્યો છે તો એના માટે કોણે કોણે રજૂઆતો કરી હતી અને આની ક્યારે પૂર્વ મંજૂરી આપવામાં આવી, ક્યારે એના પૈસા જમા કરાવવામાં આવ્યા એટલી વિગતો આપે ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પુલ માટેની વહિવટી મંજૂરી સૌ પહેલી વખત ૧૩-૮-૧૯૯૯ના રોજ આપવામાં આવી, ૧૯૯૬માં એનો અંદાજ રેલવેને મોકલવા જાણ કરવાની ફકત, મંજૂર કરે, ન કરે એ પછીની બાબત છે પણ ૧૯૯૬માં જ્યારે અંદાજ મોકલ્યો ત્યારે ૪૧.૯૫ લાખનો હતો અને છેલ્લો અંદાજ ૨૯૯.૩ લાખ, એટલે ૧૯૯૬ થી ૧૯૯૯ સુધી પત્ર વ્યવહાર ચાલ્યો અને ૧૯૯૯માં છેલ્લે રેલવે વિભાગ દ્વારા એની મંજૂરી આપવામાં આવી અને ૧૯૯૯ પછી એની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બ્રિજનું ઉદ્‌ઘાટન ૯-૨ના રોજ થયું અને આ ઉદ્‌ઘાટન થઈ ગયું, આજે એનો વાહનવ્યવહાર ચાલું છે આ પ્રશ્ન માનનીય મૂકેશભાઈએ આ કોઈ રાજકીય કારણોસર પૂછ્યો છે શું એ વાત સાચી?

બીજો પ્રશ્ન એ છે કે, આ જે બ્રિજ થઈ ગયા પછી એની હાઈટ વધારવાની કોઈ વાત રેલવે વિભાગ તરફથી થઈ છે એ વાત સાચી?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, પુલનું તો ઉદ્‌ઘાટન પણ થઈ ગયું, ઉદ્‌ઘાટનમાં કોને બોલાવ્યા, ન બોલાવ્યા, તકતી કોની લાગી એના માટેનો પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી** : અચ્છા, અચ્છા, તો તકતી લગાવી દો. પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**ઉના તાલુકાના બેડીયા જુથ પાણી પુરવઠા યોજનાને મંજૂરી આપવા બાબત**

૧૬૬૬૦ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉના તાલુકાના બેડીયા જુથ પાણી પુરવઠા યોજનાને ક્યારે મંજૂરી આપવામાં આવી, અને | (૧) યોજનાને જુલાઈ-૨૦૦૨ થી મંજુરી આપવામાં આવી છે. |
| (૨) આ કાર્યવાહી હાલ ક્યા તબક્કે છે અને તે કેટલા સમયમાં પૂર્ણ થશે? | (૨) બે કુવાઓના કામો પૂર્ણ કરેલ છે. બાકી રહેતા કામો ડિસેમ્બર-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**વડગામ અને પાલનપુર તાલુકામાં સ્પેશયલ રીપેરીંગ કાર્યક્રમ નીચે રસ્તાના જોબનંબર**

૧૬૧૪૪ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના વડગામ અને પાલનપુર તાલુકામાં રાજ્ય અને પંચાયત વિભાગ દ્વારા સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં એસ.આર. કાર્યક્રમ હેઠળ ક્યા રસ્તાના જોબ નંબર ફાળવવામાં આવ્યા છે, | (૧) વડગામ અને પાલનપુર તાલુકામાં વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં ખાસ મરામત હેઠળ સામેલ પત્રક મુજબ ૨૮ રસ્તાના જોબ નંબર ફાળવેલ છે. |
| (૨) આ રસ્તાઓમાંથી કેટલા રસ્તાઓની ખાસ મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, અને | (૨) તે પૈકી ૭ રસ્તાના કામો પુર્ણ. |
| (૩) બાકી રહેલી કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૩) ૧૫ કામો વર્ષ ૨૦૦૬-૦૭ માં તથા ૬ કામો એજન્સી નક્કી થયા બાદ કરારની સમયમર્યાદા મુજબ. |

**પત્રક**

**તા. ૩૧-૧-૨૦૦૬ અંતિત વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં પાલનપુર ને વડગામ તાલુકામાં ખાસ મરામત**

**હેઠળ રસ્તાના ફાળવેલ જોબનંબર**

| ક્રમ | તાલુકો | વર્ષ | રસ્તાનું નામ |
|---|---|---|---|
| ૧ | વડગામ | ૨૦૦૪-૦૫ | વડગામ-વરવાડીયા ગ્રા.મા. રસ્તો (રા) |
| ૨ | "" | "" | ભલગામ-ભાખરી ગ્રા. મા. રસ્તો (રા) |
| ૩ | "" | "" | ભલગામ-ભુખલા ગ્રા. મા. રસ્તો (રા) |
| ૪ | "" | ૨૦૦૫-૦૬ | કોટડી-છાપી ગ્રા. મા. રસ્તો (રા) |
| ૫ | "" | "" | ભલગામ-જુનીનગરી- ભુખલા ગ્રા. મા. (રા) |
| ૬ | "" | ૨૦૦૪-૦૫ | વડગામ એપ્રોચ રસ્તો (પં) |

| | | | |
|---|---|---|---|
| ૭ | "" | "" | વેસા-નાવીસણા રસ્તો (પં) |
| ૮ | "" | "" | મેતાથી જીલ્લા હદ સુધીનો રસ્તો (પં) |
| ૯ | "" | ૨૦૦૫-૦૬ | છાપી-કોદરાલી ઉમરેચા રસ્તો (પં) |
| ૧૦ | "" | "" | ફતેગઢ-કોટડી રસ્તો (પં) |
| ૧૧ | "" | "" | સલેમકોટ-બાદરપુરા રસ્તો (પં) |
| ૧૨ | પાલનપુર | ૨૦૦૪-૦૫ | માનસરોવર મુ. જી.મા. રસ્તો (રા) |
| ૧૩ | "" | "" | જુના ડીસા-ગઢ-કાણોદર રસ્તો (રા) |
| ૧૪ | "" | "" | બેચરપુર-રેલ્વે ક્રોસીંગ રસ્તો (રા) |
| ૧૫ | "" | ૨૦૦૫-૦૬ | કાણોદર-સેદ્રાસણ મુ.જી.મા. (રા) |
| ૧૬ | "" | "" | જુના ડીસા-ગઢ-કાણોદર રસ્તો (રા) |
| ૧૭ | "" | ૨૦૦૪-૦૫ | હરીપુરા ઓપ્રોચ રસ્તો (પં) |
| ૧૮ | "" | "" | પીરોજપુરા(ટાં) એપ્રોચ રસ્તો (પં) |
| ૧૯ | "" | "" | સ્ટેટ હાઈવે થી ભાગળ (જ) એપ્રોચ રસ્તો (પં) |
| ૨૦ | "" | "" | દલવાડા એપ્રોચ રસ્તો (પં) |
| ૨૧ | "" | "" | ચંગવાડા-બાદરપુરા રસ્તો (પં) |
| ૨૨ | "" | "" | અંગોલા-કુશ્કલ રસ્તો (પં) |
| ૨૩ | "" | "" | માલણ-કુપર-ધાણધા રસ્તો (પં) |
| ૨૪ | "" | ૨૦૦૫-૦૬ | નેશનલ હાઈવેથી એગોલા એપ્રોચ રસ્તો (પં) |
| ૨૫ | "" | "" | માલણગેટ-સીટી એપ્રોચ રસ્તો (પં) |
| ૨૬ | "" | "" | સલ્લા-ધુમડ મેસુર રસ્તો (પં) |
| ૨૭ | પાલનપુર | ૨૦૦૫-૦૬ | કુંભાસણ-સુંઢા-સામઢી રસ્તો (પં) |
| ૨૮ | "" | "" | દલવાડાથી જીલ્લાહ હસ સુધી રસ્તો (પં) |

-------------

**ગાંધીધામ-આદીપુરના રસ્તાનું મજબૂતીકરણ કરવા બાબત**

૧૫૧૩૩ડૉ. **નીમાબેન બ. આચાર્ય (અંજાર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીધામ - આદીપુર ૬ કિલોમીટર રસ્તો તદ્દન તૂટેલ છે તેના મજબૂતીકરણ માટે શું આયોજન છે,

(૨) આ રસ્તા માટે કુલ કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) આ રસ્તાનું કામ ક્યારે શરૂ થશે ?

**જવાબ**

(૧) થી (૩) : વાહન વ્યવહાર યોગ્ય છે. વિકાસ પથ યોજનાના મંજુર રૂા. ૪૯.૦૭ લાખના કામ હેઠળ પહોળો તથા આંશિક મજબૂતીકરણની કામગીરી પ્રગતિ હેઠળ છે.

-------------

**ભિલોડા તાલુકાના ગામ તળાવ ભરવા બાબત**

૧૬૮૨૬ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના કેટલા ગામ તળાવો, નર્મદા, કડાણા કે અન્ય ડેમોના પાણીથી ભરવાનું આયોજન કરેલ છે,

(૨) આ તળાવો ક્યારે ભરવામાં આવશે, અને

(૩) એની પાછળ કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) નર્મદા મુખ્ય નહેરથી હાથમતી ગુહાઈ પાઈપ લાઈન યોજના દ્વારા લાઈનદોરીમાં આવતા ભિલોડા તાલુકાના બામણા ગામ તળાવ તેમજ પૂનાસણ ગામ તળાવ હાલ ભરવાનું આયોજન છે.

(૨) હાથમતી-ગુહાઈ ઉદ્દવહન પાઈપ લાઈનનું કામ પૂર્ણ થયેથી આગામી ચોમાસા બાદ ભરવાનું આયોજન છે.

(૩) નર્મદાથી હાથમતી ગુહાઈ પાઈપ લાઈન

યોજનાનો ખર્ચ રૂા. ૩૩૩.૩૭ કરોડ થશે તેના દ્વારા તળાવો ભરી શકાશે.

-------------

**માલપુર તાલુકાના લાલસીપુર કિડીયાત રોડનું કામ એજન્સી દ્વારા શરૂ ન કરવા બાબત**

૧૬૬૮૧**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માલપુર તાલુકાના લાલસીપુર કિડીયાત રોડની એજન્સી આપે પાંચ વર્ષ થયા છતાં રોડનું કામ શરૂ થયેલ નથી તો આ કામ ક્યારે શરૂ થશે, અને

(૨) આ કોન્ટ્રાકટર સામે કાયદેસરની શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) અને (૨) : મુળ એજન્સી દ્વારા કામ અધુરૂ છોડી દેતાં, ટેન્ડરની શરતો મુજબ ૧૦ ટકા વળતર વસુલાત લઈને બાકીના કામના ટેન્ડર માંગવામાં આવેલ છે. ફરીથી ઈજારો નક્કી થયા બાદ કામ શરૂ થશે.

**દાહોદ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં થયેલ કામ**

૧૬૮૨૪ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા (ભા.જ.પ.) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧-૦૬ સુધીમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ દાહોદ જિલ્લામાં કેટલા કામો મંજૂર કરેલ છે,

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને

(૩) બાકી રહેલા કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫માં ૫-કામો તેમજ વર્ષ ૨૦૦૫-૦૬માં ૭૭ કામો મંજૂર થયેલ છે.

(૨) ૩ કામો પૂર્ણ થયેલ છે.

(૩) બે કામો જાન્યુઆરી-૦૬ સુધીમાં પૂર્ણ થયેલ છે અને બાકીના ૭૭ કામો વર્ષ-૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**શહેરી વિકાસ વર્ષ માટે જિલ્લાવાર ફાળવેલ ગ્રાન્ટ બાબત**

૧૬૮૨૦**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી):માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરી વિકાસ વર્ષના ભાગરૂપે જિલ્લાવાર કેટલી ગ્રાન્ટો ફાળવવામાં આવી, અને

(૨) જાન્યુઆરી -૦૬ને અંતે રાજ્ય સરકારે શહેરી વિકાસ વર્ષના ભાગરૂપે જિલ્લાવાર ક્યા કામો માટે કુલ કેટલું ખર્ચ કર્યું ?

**જવાબ**

(૧) સામેલ પત્રક-અ મુજબ.

(૨) સામેલ પત્રક-બ મુજબ.

પત્રક-અ

શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ અંતર્ગત જિલ્લાવાર ફાળવાયેલ કુલ ગ્રાન્ટ

| અ. નં. | જિલ્લો | કુલ ગ્રાન્ટ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૫૭.૩૩ |
| ૨. | અમરેલી | ૧૨.૮૯ |
| ૩. | આણંદ | ૨૩.૦૪ |
| ૪. | બનાસકાંઠા | ૧૦.૮૫ |
| ૫. | ભરૂચ | ૮.૭૯ |
| ૬. | ભાવનગર | ૨૩.૦૭ |

| અ. નં. | જિલ્લો | કુલ ગ્રાન્ટ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૭. | દાહોદ | ૪.૫૧ |
| ૮. | ગાંધીનગર | ૧૫.૦૮ |
| ૯. | જામનગર | ૨૦.૨૨ |
| ૧૦. | જુનાગઢ | ૨૬.૨૩ |
| ૧૧. | ખેડા | ૨૩.૮૮ |
| ૧૨. | કચ્છ | ૭.૧૪ |
| ૧૩. | મહેસાણા | ૨૧.૨૨ |
| ૧૪. | નવસારી | ૯.૨૪ |
| ૧૫. | નર્મદા | ૧.૬૩ |
| ૧૬. | પંચમહાલ | ૮.૬૫ |
| ૧૭. | પાટણ | ૮.૨૧ |
| ૧૮. | પોરબંદર | ૫,૭૫ |
| ૧૯. | રાજકોટ | ૨૮.૯૯ |
| ૨૦. | સાબરકાંઠા | ૧૫.૦૫ |
| ૨૧. | સુરત | ૧૮.૪૩ |
| ૨૨. | સુરેન્દ્રનગર | ૧૫.૨૩ |
| ૨૩. | વડોદરા | ૧૭.૭૧ |
| ૨૪. | વલસાડ | ૧૩.૩૮ |
| | **કુલઃ** | **૩૯૬.૩૩** |

**પત્રક-બ**

**શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ અંતર્ગત જીલ્લાવાર સરકાર દ્વારા વિકાસ કામો, પે એન્ડ યુઝ ટોઈલેટ, સામાજિક વનીકરણ, એનએસડીપી અને આઈડીએસએમટી યોજના હેઠળ કરાયેલ ખર્ચની વિગતો.**

**(રૂા. કરોડમાં)**

| અ.નં | જિલ્લો | સ્થાનિક સ્વરાજ્યની કુલ સંસ્થાઓ | વિકાસ કામો માટે કરાયેલ ખર્ચ | પે એન્ડ યુઝ ટોઈલેટ પ્રાયોજના માટે કરાયેલ ખર્ચ | સામાજિક વનીકરણ માટે કરાયેલ ખર્ચ | એનએસડીપી યોજના હેઠળ ખર્ચ | આઈડીએસએમટી યોજના હેઠળ ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૭ | ૫૫.૫૧ | ૦.૮૪ | ૦.૮૮ | ૦.૧૦ | ૦.૦૦ | ૫૭.૩૩ |
| ૨. | અમરેલી | ૭ | ૯.૬૮ | ૦.૩૮ | ૦.૭૬ | ૦.૬૫ | ૧.૪૨ | ૧૨.૮૯ |
| ૩. | આણંદ | ૧૦ | ૨૧.૯૫ | ૦.૫૪ | ૦.૫૬ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૩.૦૪ |
| ૪. | બનાસકાંઠા | ૪ | ૯.૦૦ | ૦.૨૬ | ૧.૫૦ | ૦.૦૦ | ૦.૦૯ | ૧૦.૮૫ |
| ૫. | ભરૂચ | ૩ | ૮.૩૦ | ૦.૨૦ | ૦.૨૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૮.૭૯ |
| ૬. | ભાવનગર | ૯ | ૧૮.૭૦ | ૦.૫૨ | ૧.૦૪ | ૨.૫૭ | ૦.૨૪ | ૨૩.૦૭ |
| ૭. | દાહોદ | ૩ | ૪.૧૦ | ૦.૧૨ | ૦.૨૦ | ૦.૦૦ | ૦.૦૯ | ૪.૫૧ |
| ૮. | ગાંધીનગર | ૪ | ૧૦.૧૦ | ૦.૨૨ | ૧.૧૩ | ૩.૬૩ | ૦.૦૦ | ૧૫.૦૮ |
| ૯. | જામનગર | ૧૦ | ૧૮.૦૦ | ૦.૪૨ | ૧.૫૬ | ૦.૦૦ | ૦.૨૪ | ૨૦.૨૨ |
| ૧૦. | જુનાગઢ | ૧૧ | ૨૩.૦૫ | ૦.૫૮ | ૧.૯૩ | ૦.૦૦ | ૦.૬૭ | ૨૬.૨૩ |
| ૧૧. | ખેડા | ૮ | ૧૪.૪૯ | ૦.૫૬ | ૨.૪૪ | ૬.૩૯ | ૦.૦૦ | ૨૩.૮૮ |
| ૧૨. | કચ્છ | ૬ | ૬.૫૨ | ૦.૩૮ | ૦.૨૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૭.૧૪ |
| ૧૩. | મહેસાણા | ૭ | ૨૦.૦૮ | ૦.૪૦ | ૦.૭૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૧.૨૨ |
| ૧૪. | નવસારી | ૩ | ૭.૨૯ | ૦.૦૪ | ૦.૩૮ | ૦.૦૦ | ૧.૫૩ | ૯.૨૪ |
| ૧૫. | નર્મદા | ૧ | ૧.૨૬ | ૦.૧૨ | ૦.૨૨ | ૦.૦૦ | ૦.૦૩ | ૧.૬૩ |
| ૧૬. | પંચમહાલ | ૫ | ૫.૪૫ | ૦.૧૮ | ૦.૧૬ | ૧.૮૭ | ૦.૯૯ | ૮.૬૫ |
| ૧૭. | પાટણ | ૫ | ૭.૧૬ | ૦.૩૦ | ૦.૨૫ | ૦.૦૦ | ૦.૫૦ | ૮.૨૧ |
| ૧૮. | પોરબંદર | ૪ | ૩.૨૯ | ૦.૨૮ | ૦.૫૮ | ૦.૭૬ | ૦.૮૪ | ૫.૭૫ |
| ૧૯. | રાજકોટ | ૧૦ | ૨૬.૧૧ | ૦.૬૨ | ૨.૧૧ | ૦.૦૦ | ૦.૧૫ | ૨૮.૯૯ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦. | સાબરકાંઠા | ૬ | ૧૦.૨૫ | ૦.૩૬ | ૧.૭૮ | ૨.૪૯ | ૦.૧૭ | ૧૫.૦૫ |
| ૨૧. | સુરત | ૫ | ૧૬.૯૫ | ૦.૧૬ | ૦.૯૧ | ૦.૦૦ | ૦.૪૧ | ૧૮.૪૩ |
| ૨૨. | સુરેન્દ્રનગર | ૬ | ૧૩.૨૯ | ૦.૩૬ | ૦.૪૯ | ૦.૭૧ | ૦.૩૮ | ૧૫.૨૩ |
| ૨૩. | વડોદરા | ૬ | ૧૬.૮૦ | ૦.૨૦ | ૦.૩૩ | ૦.૦૦ | ૦.૩૮ | ૧૭.૭૧ |
| ૨૪. | વલસાડ | ૪ | ૧૨.૨૩ | ૦.૪૦ | ૦.૬૬ | ૦.૦૦ | ૦.૦૯ | ૧૩.૩૮ |
| | **કુલઃ** | **૧૫૪** | **૩૩૯.૫૫** | **૮.૪૪** | **૨૦.૯૫** | **૧૯.૧૭** | **૮.૨૨** | **૩૯૬.૩૩** |

-------------

**વાપીથી શામળાજી જતાં સ્ટેટ હાઈવેને નેશનલ હાઈવેમાં ફેરવવા બાબત**

૧૪૧૦૨**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ઈસ્ટર્ન સ્ટેટ હાઈવે નં. ૫ વાપીથી શામળાજી જતો રસ્તા ઉપર ભારે ટ્રાફિકવાળો હોય આ રસ્તાને નેશનલ હાઈવેમાં ફેરવવા તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

ઈસ્ટર્ન સ્ટેટ હાઈવે નં. ૫, વાપીથી શામળાજી રસ્તાને નેશનલ હાઈવેમાં ફેરવવા ગુજરાત સરકાર તરફથી તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ભારત સરકારને તા. ૨૪-૮-૯૪, તા. ૪-૩-૯૭, તા. ૨૯-૧૦-૯૮, તા. ૧૫-૨-૦૨, તા. ૧૮-૯-૦૩, તા. ૨૭-૮-૦૪, તા. ૧૯-૭-૦૫ ના પત્રોથી વિનંતી કરવામાં આવેલ છે.

-------------

**બારડોલી અને માંડવી તાલુકામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં મંજૂર થયેલ રસ્તાઓ**

૧૬૩૨૨ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા રસ્તા મંજૂર થયા,

(૨) આ રસ્તાઓનું કામ કઈ એજન્સી મારફત કરવામાં આવ્યું,

(૩) આ રસ્તા પૈકી કેટલા રસ્તાના કામો પૂર્ણ થયા, અને

(૪) બાકી રસ્તાના કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) નીચે મુજબના ૩ રસ્તાના કામો મંજૂર થયેલ છે.

(૧) ઉમરસાડી ખરોલી મોટા ફળીયા રોડ, તા. માંડવી.

(૨) કોસાડી ચોધરી ફળીયા રોડ, તા. માંડવી

(૩) વડોલી જોગલ ફળીયા રોડ, તા. બારડોલી

(૨) અને (૩) : આ પૈકી ૧ રસ્તાનું કામ ઈજારદારશ્રી ડી.જી.પટેલ, સુરત મારફત પૂર્ણ કરેલ છે. ૧ કામનો ઈજારો તાજેતરમાં નક્કી કરેલ છે અને ૧ કામમાં સ્વીકૃતિપત્ર આપવામાં આવેલ છે.

(૪) બાકીના ૨-રસ્તાના કામો વર્ષ ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**સાગબારા અને દેડીયાપાડા તાલુકાના રસ્તાઓ ઓછી ગ્રાન્ટના કારણે અધૂરા રહેવા બાબત**

૧૬૯૪૨ શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નર્મદા જિલ્લાના સાગબારા અને દેડીયાપાડા તાલુકાના ક્યા ક્યા રસ્તાના કામો ગ્રાંટના અભાવે અધૂરા છે તે સરકાર જાણે છે, અને<br>(૨) જો હા, તો આ રસ્તાના કામો સરકાર ક્યાં સુધી પૂરા કરવા માગે છે ? | (૧) અને (૨) : તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રાન્ટના અભાવે કોઈ કામ અધૂરા રહેલ નથી. |

-------------

**કચ્છ જિલ્લામાં નવા સ્થપાતા ઉદ્યોગો માટે પાણીની વ્યવસ્થા કરવા બાબત**

૧૬૧૨૪ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સ્થપાતા નવા ઉદ્યોગોની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા નર્મદા યોજનામાં પાણી આપવામાં આવતું નથી પરિણામે ઉદ્યોગકારોને પાતાળકુવા બનાવવા મજબુર બનવું પડે છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) આ ઉદ્યોગકારોને પાતાળકુવા બનાવવાની મંજૂરી ન મળવાથી ઉદ્યોગો માટે પાણીની સમસ્યા ઘેરી બની છે તે પણ સરકાર જાણે છે કે કેમ, અને | (૨) પ્ર ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ઉદ્યોગકારોને પાણીની જરૂરિયાત પુરી પાડવા સરકારે શી વ્યવસ્થા કરી છે ? | (૩) નર્મદા કેનાલ આધારિત યોજનામાંથી કચ્છના નવા ઉદ્યોગો માટે ૪૫ એમ.એલ.ડી. પાણીની જોગવાઈ રાખવામાં આવેલ છે. |

-------------

**મોરબીથી રાજકોટ રોડનું કામ**

૧૬૬૫૬**શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબીથી રાજકોટ રોડનું કામ ચાલુ છે. તે કેટલા માસમાં પૂરું કરવા માંગો છો, અને | (૧) ૬ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) તેમાં કેટલો ખર્ચ થશે ? | (૨) અંદાજે રૂા. ૯૯.૩૮ કરોડ. |

-------------

**લીંબડી નગરપાલિકામાં ગટર તથા પાણીની યોજના**

૧૪૦૩૭ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી):માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લીંબડી નગરપાલિકામાં ગટર તથા પાણીની યોજના મંજૂર થઇ હતી. આ યોજનાની તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલી પ્રગતિ થઇ છે, | (૧) પ્રગતિ થયેલ નથી. |
| (૨) આ યોજના શરૂ ન થવાના કારણો શાં છે, | (૨) કોન્ટ્રાકટ રદ થવાથી. |
| એચબી-૯૯૮- (૩) આ યોજના ક્યારે શરૂ થશે, અને | (૩) સત્વરે. |
| (૪) તેમજ તે ક્યારે પૂરી થનાર છે ? | (૪) શક્ય તેટલી વહેલી પુરી કરવામાં આવશે. |

-------------

**બાવળા, ધોળકા, સાણંદ અને દસક્રોઇ તાલુકામાં સિંચાઇ માટે વધારાનો સ્ટાફ આપવા બાબત**

૧૬૨૪૫ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ (બાવળા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાવળા, ધોળકા, સાણંદ અને દસક્રોઇ તાલુકામાં ફતેવાડી નહેર યોજના અમલમાં છે તેમાં હાલ નર્મદાનું પાણી સિંચાઇ માટે આપવામાં આવે છે પરંતુ સ્ટાફ ખૂબજ ઓછો હોઇ પાણીનો બગાડ થાય છે અને ખેડૂતોને પાણી હોવા છતાંય મળતું નથી તો આ યોજનામાં ખુટતો સ્ટાફની ભરતી કરવા માગો છો કે કેમ, અને | (૧) ખેડૂતો સહભાગી સિંચાઈ દ્વારા નહેરોનું સંચાલન કરવાનું વિચારેલ છે જેથી સ્ટાફની જરૂરીયાત ઓછી રહે. આ સમય દરમ્યાન ખુટતા સ્ટાફની સમીક્ષા કરી અન્ય જગ્યાએથી તબદીલ જરૂર હશે તો કરવામાં આવશે. |
| (૨) જો હા, તો ક્યારે ? | (૨) યોગ્ય આગોતરૂ આયોજન કરવામાં આવશે. |

-------------

**કલોલના પૂર્વ અને પમિ વિસ્તારને જોડતો બી.વી.એમ. મીલ આગળ અંડરબ્રીજ બનાવવા બાબત**

૧૬૬૭૫**ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલોલના પૂર્વ અને પમિ વિસ્તારને જોડતો બી.વી.એમ. મીલ આગળ અન્ડરબ્રીજ બનાવવા સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં તે બનાવવામાં આવશે ? | (૨) પ્ર ઉપસ્થિત થતો નથી. |

-------------

**જામનગર જિલ્લાના મોટી ખાવડી ગામની નર્મદા કેનાલ પર ટપીંગ કરવાનું કામ**

૧૪૬૯૫ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ શું રાજ્ય સરકારે ખાનગી કંપનીને જામનગર જિલ્લાના મોટી ખાવડી ગામેથી નર્મદા કેનાલ પર ટપીંગ કરી વાડીનાર ખાતેની રીફાઇનરી સુધીની ભુગર્ભ પાઇપ લાઇન દ્વારા પાણી પુરું પાડવાની કામગીરી રાજ્ય સરકારે સોંપી છે, તે વાત સાચી છે, | (૧) ના, જી. રાજ્ય સરકારે જામનગર જિલ્લાના મોટી ખાવડી ગામેથી નર્મદા કેનાલ પર ટપીંગ કરી વાડીનાર ખાતેથી રીફાઈનરી સુધીની ભૂગર્ભ પાઈપ લાઈન દ્વારા પાણી પુરુ પાડવાની કામગીરી ખાનગી કંપનીને સોંપેલ નથી. |
| (૨) જો હા, તો કઇ કંપનીને ક્યા હેતુસર સોંપી છે, | (૨) પ્ર રહેતો નથી. |
| (૩) આ અંગે રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમનો કોન્ટ્રાકટ કરવામાં આવ્યો છે, ક્યારે , અને | (૩) પ્ર રહેતો નથી. |
| (૪) ડિસેમ્બર ૦૫ સુધી કેટલી કામગીરી પૂર્ણ કરીને ક્યા ક્યા ગામોને પાણી આપવામાં આવ્યું અને કેટલા ખર્ચે ? | (૪) પ્ર રહેતો નથી. |

-------------

**ભૂજ-માંડવી હાઇવે વચ્ચે આવતા સાંકડા પુલો પહોળા કરવા બાબત**

૧૬૬૫૭**શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ભૂજ-માંડવી હાઇવે વચ્ચે આવતા સાંકડા પુલો થકી અકસ્માતો થાય છે તે સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) આ સાંકડા પુલો પહોળા બનાવવા શું આયોજન કરવામાં આવ્યું છે, | (૨) અને (૩) : રૂા. ૩૬૦ લાખના અંદાજી ખર્ચને વહીવટી મંજુરી મળેલ છે. કામનાં ટેન્ડરો મેળવવામાં આવેલ છે. |
| (૩) આ પુલો ઉપર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે, અને | |
| (૪) આ પુલના કામો કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે ? | (૪) ટેન્ડર મંજુર થયે કામગીરી શરૂ કરવામાં આવશે. |

-------------

**ફતેપુરા અને ઝાલોદ તાલુકાને પીવાના પાણી માટેની ભાણા સીમણ જૂથ યોજના**

૧૬૧૭૪ **શ્રી ભુરાભાઈ કટારા (ઝાલોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફતેપુરા અને ઝાલોદ તાલુકા પીવાના પાણીની ભાણા સીમણ જૂથ પાણી પુરવઠા ભાગ-૧નું કામ ચાલુ છે અને બાકી રહેલ ભાગ-૨નું કામ કરવાનું સરકાર વિચારે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ભાણા સીમલ જૂથ પાણી પુરવઠા યોજના મંજૂરી મળ્યેથી દોઢ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**સાબરકાંઠા જિલ્લાના ગામોને પાકા રસ્તાથી જોડવા બાબત**

૧૬૩૭૭ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કુલ કેટલા મહેસુલી ગામોને પાકા રસ્તાની સુવિધા આપવામાં આવેલ છે, અને | (૧) ૧૩૬૭ મહેસુલી ગામો પાકા રસ્તાથી જોડાયેલ છે. |
| (૨) કેટલા ગામો બાકી છે અને આ બાકી ગામોને પાકા રસ્તાથી જોડવાનું સરકારનું શું આયોજન છે ? | (૨) પાંચ ગામો પાકા રસ્તાથી વંચિત છે તે પેકી ૨--ગામો ડૂબમાં જાય છે, ૩--ગામને પાકા રસ્તાથી જોડવાનું આયોજન છે. |

-------------

**ભૂકંપના સમયે સુરેન્દ્રનગર શહેર અને વઢવાણ શહેરને ફાળવેલ રકમ**

૧૬૫૩૯ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૧-૦૨માં ભૂકંપ સમયે સુરેન્દ્રનગર શહેરને ૧૪ કરોડ અને વઢવાણ શહેરને ૧૩ કરોડ ફાળવવામાં આવેલા હતા, તે પેકી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ બંન્ને શહેરોમાં કેટલી રકમનો ખર્ચ | (૧) સુરેન્દ્રનગર શહેરને રૂા. ૭૧૬.૦૦ લાખ અને વઢવાણ શહેરને રૂા. ૩૩૮.૩૦ લાખ મળીને કુલ રૂા. ૧૦૫૪.૩૦ લાખ ફાળવેલ. તે પેકી તા. ૩૧-૧-૨૦૦૬ ની સ્થિતિએ બન્ને શહેરોમાં કુલ રૂા. |

કરવામાં આવ્યો,
(૨) કેટલી રકમ વણવપરાયેલી રહી, અને
(૩) ગ્રાન્ટ વણવપરાયેલ રહેવાના કારણો શાં છે ?

૧૦૪૯.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.
(૨) ૫.૩૦ લાખ.
(૩) ઘન ક્ચરાના નિકાલ માટેના સાધનોની ખરીદી માટેની કાર્યવાહી ચાલુ હોવાથી, જે માટે આ રકમ વાપરવાનું આયોજન છે.

-------------

**ક્વાંટ તાલુકાથી ભાખા સુધીના રસ્તાને સ્ટેટ હસ્તક લેવા બાબત**

૧૬૬૭૩**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વડોદરા જિલ્લાના ક્વાંટ તાલુકાથી ભાખા સુધીના રસ્તાને સ્ટેટમાં સમાવવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

ક્વાંટ તાલુકાથી ભાખા સુધીના રસ્તાને રાજ્ય વિભાગમાં તબદિલ કરવાની કામગીરી પ્રગતિમાં છે.

-------------

**શહેરી વિકાસ વર્ષમાં લુણાવાડા નગરના રસ્તા ફોરલેન કરવા બાબત**

૧૬૯૪૪ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લુણાવાડા નગર માટે શહેરી વિકાસ ફોર લાઇનના ક્યા ક્યા રસ્તા લેવામાં આવેલ છે,
(૨) આ કામ ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે, અને
(૩) આ રસ્તાઓનો બંને સાઇડ વિસ્તાર વધતાં તે જગ્યા સંપાદન થઇ ગઇ ?

**જવાબ**

(૧) આ પ્રકારની કોઈ યોજના નથી.
(૨) અને (૩) : પ્ર ઉપસ્થિત થતો નથી.

-------------

**ચોટીલા અને સાયલા તાલુકાઓમાં નવા રસ્તા બનાવવા બાબત**

૧૪૪૧૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકાના કેટલા નવા રસ્તાઓ બનાવવાની માંગણીઓ છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આવી,
(૨) તે પૈકી કેટલા રસ્તા મંજુર કરવામાં આવેલ છે, અને
(૩) બાકી રહેલ માંગણી મુજબના રસ્તાઓ કેટલા સમયમાં મંજૂર થશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચોટીલા અને સાયલા તાલુકાના ૧૬ નવા રસ્તા કરવાની માંગણીઓ આવેલ છે.
(૨) અને (૩) : નોન પ્લાન રસ્તા હોય કોઈ કામ મંજુર થયેલ નથી. તેમજ મંજુર કરવાનું આયોજન નથી.

-------------

**મહેસાણા જિલ્લામાં ગૌરવપથ યોજનાના કામ બાબત**

૧૬૪૦૬ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૫ના શહેરી વિકાસ વર્ષ દરમ્યાન મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓને ગૌરવપથ યોજના અને અન્ય વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને | (૧) *મહેસાણા જિલ્લાની ૭-નગરપાલિકાઓને વિકાસના કામો માટે રૂા. ૨૦.૦૮ કરોડ ગ્રાન્ટ ફાળવી છે.<br>* ગૌરવપથ યોજના હેઠળ જે તે નગરપાલિકાએ રસ્તાઓ નક્કી કરવાના હોય છે, અને ગૌરવપથ હેઠળ અલગ ફંડ ફાળવવામાં આવતું નથી, પરંતુ શહેરી વિકાસ વર્ષ યોજનામાં ફાળવાયેલ ફંડમાંથી નગરપાલિકા ગૌરવપથના રસ્તાના કામો માટે ઉપયોગ કરે છે. |
| (૨) તે પૈકી ખેરાલુ નગરપાલિકાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂા. ૧.૫૦ કરોડ. |

-------------

## જૂનાગઢ જિલ્લામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓને ખાસ મરામત ગ્રાન્ટ નીચે રસ્તાના જોબનંબરો આપવા બાબત.

૧૬૧૨૧ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ના છેલ્લા બે વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં સ્ટેટના તથા પંચાયત હસ્તકના રસ્તાના ખાસ મરામતના કેટલા જોબનંબરો આપવામાં આવ્યા ? | ખાસ મરામતમાં સ્ટેટ તથા પંચાયત હસ્તકના ૧૨૩ રસ્તાના કામોના જોબનંબર આપવામાં આવ્યા. |

-------------

## બગોદરા-બરવાળા રાજ્ય ધોરી માર્ગ ફોર લેન કરવા બાબત

૧૫૯૩૪ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બગોદરા-બરવાળા રાજ્ય ધોરી માર્ગને ચાર માર્ગીય કરવાનું સરકારનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યારથી શરૂ કરવામાં આવશે, અને | (૨) અને (૩) : પ્ર ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેમાં કેટલો ખર્ચ થશે ? | |

-------------

## હાલોલ અને જાંબુઘોડા તાલુકામાં સ્પેશ્યલ રીપેરીંગ નીચે પંચાયત હસ્તકના રસ્તાને ડામરકામ

૧૬૮૨૩ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાલોલ તેમજ જાંબુઘોડા તાલુકાઓમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્પેશ્યલ રીપેરીંગ હેઠળ પંચાયતનાં કેટલા રસ્તાઓના ડામર કામ મંજૂર થયેલ છે, | (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાસ મરામતમાં હાલોલ તાલુકામાં ૧૨ અને જાંબુઘોડા તાલુકામાં ૧ રસ્તાના ડામર કામ મંજુર થયેલ છે. |
| (૨) આ મંજૂર થયેલા રસ્તાઓનું કામ ક્યા સ્ટેજે છે, અને | (૨) ૩ કામો પૂર્ણ થયેલ છે. ૩ કામો પ્રગતિમાં છે. ૭ કામો ઈજારો નક્કી કરવાની પ્રક્રિયામાં છે. |
| (૩) ક્યાં સુધીમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બાકી ૧૦ કામો વર્ષ ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**ખેડા જિલ્લામાં ખેડૂતોને મહી, નર્મદા અને શેઢી નદીના પાણી ઉનાળુ વાવેતર માટે આપવા બાબત**

૧૪૦૪૬**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

આગામી ઉનાળાને ધ્યાને લઇ ખેડા જિલ્લામાં મહી-નર્મદા અને શેઢી નદીના પાણી ઉનાળુ વાવેતર માટે ખેડૂતોને સમયસર મળે તે માટે ક્યા પ્રકારનું આગોતરું આયોજન કરેલ છે ?

**જવાબ**

પાણીની ઉપલબ્ધિને ધ્યાને રાખી વિચારણા કરવામાં આવશે.

-------------

**વાજપાઇ નગર વિકાસ યોજના નીચે જસદણ શહેરને ફાળવેલ ગ્રાન્ટ**

૧૬૬૬૫**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫માં વાજપાઇ નગર વિકાસ યોજના હેઠળ રાજકોટ જિલ્લાના જસદણ શહેરને કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે,

(૨) તે પૈકી વિકાસના ક્યા કામો પૂર્ણ થયા અને ક્યા કામ બાકી છે, અને

(૩) બાકીના કામો ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) રસ્તાના-૨૪, ગટરના-૫ અને પાણીના-૧૯ કામો માટે રૂા. ૧૯.૯૪ લાખ.

(૨) તે પૈકી રસ્તાના-૨૪, ગટરના-૩ અને પાણીના-૧૨ કામો પૂર્ણ થયા, અને ગટરના-૨ અને પાણીના-૭ કામો બાકી છે,

(૩) નાણાંકીય ઉપલબ્ધતા પ્રમાણે.

-------------

**ક્ષાર નિયંત્રણ માટે રાજુલા અને જાફરાબાદ તાલુકામાં બનેલ યોજનાઓ**

૧૬૬૨૧**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ક્ષાર નિયંત્રણ માટે દરીયાઇ વિસ્તારમાં રાજુલા-જાફરાબાદ તાલુકામાં કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે, અને કઇ કઇ છે ?

**જવાબ**

રાજુલા તથા જાફરાબાદ તાલુકામાં ૨ યોજનાઓ તથા ૩૫ ચેકડેમો મંજુર થયેલ છે. જે નીચે પત્રક મુજબ છે.

| **રાજુલા તાલુકો** | **જાફરાબાદ તાલુકો** |
|---|---|
| ૧. સમઢીયાળા બંધારા યોજના | **૧૩ ચેકડેમો** |
| ૨. ભેરાઈ બંધારા યોજના | (૧) નાની જીકાદ્રી-૧ |
| **ચેકડેમો** | (૨) એભલવડ |
| (૧) દાતરડી-૧ | (૩) હેમાળ |
| (૨) દાતરવડી-૨ | (૪) બાલાની વાવ |
| (૩) મોભીયાણા | (૫) ભટવદર |
| (૪) બાર પટોલી | (૬) કાગવદર |
| (૫) ડુંગર-૧ | (૭) દુધાળા |
| (૬) ડુંગર-૨ | (૮) મોટા માણસા |
| (૭) કુંડલીયાળા-૧ | (૯) ધોલાદ્રી-૧ |
| (૮) કુંડલીયાળા-૨ | (૧૦) સોખડા-૧ |
| (૯) ઉંટીયા | (૧૧) સોખડા-૨ |
| (૧૦) રાજપરડા | (૧૨) નાની જિકાદ્રી-૨ |
| (૧૧) ગાંજાવદર | (૧૩) ગોરાણા |

(૧૨) વડલી
(૧૩) ઝાંપોદર
(૧૪) કડીયાળી-૧
(૧૫) કડીયાળી-૨
(૧૬) ઝાંઝરડા
(૧૭) માંડણ
(૧૮) ત્રાકુડા-૧
(૧૯) ત્રાકુડા-૨
(૨૦) માંડરડી
(૨૧) રાજાપરડા ચેકડેમ
(૨૨) ડોળિયા ચેકડેમ

-------------

**સુરત જિલ્લામાં ચોમાસાના ભારે વરસાદથી ચેકડેમો અને કેનાલોને થયેલ નુક્સાન**

૧૫૯૩૬ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં જુલાઇ-૦૫ ચોમાસાની સીઝનમાં અતિવર્ષા તથા રેલથી ચેકડેમો તથા નહેરોને કેટલું નુક્સાન થયેલ છે, અને

(૨) જે પેકી થયેલ નુક્સાનને રીપેરીંગ કરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં જુલાઈ-૦૫ ચોમાસાની સીઝનમાં અતિવર્ષા તથા રેલથી ચેકડેમો તથા નહેરોને અનુક્મે રૂા. ૮૮.૮૦ લાખ તથા રૂા. ૧૭૫.૦૦ લાખનું નુક્સાન થયેલ છે.

(૨) થયેલ નુક્સાનમાંથી અંશતઃ રીપેરીંગ પૂર્ણ થયેલ છે જ્યારે બાકીનું રીપેરીંગ આવતા ચોમાસા પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**ભરૂચ જિલ્લામાં પીવાના પાણીની સ્વજલ યોજના**

૧૩૯૯૮**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ના વર્ષમાં સ્વજલ યોજના હેઠળ પીવાના પાણીના કેટલા ગામોની યોજનાઓ તાલુકા દીઠ તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં મંજુર કરવામાં આવી, અને

(૨) આ અન્વયે કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી ?

**જવાબ**

(૧) નીચેની વિગતે

| તાલુકો | યોજનાની સંખ્યા |
|---|---|
| ભરૂચ | ૨ |
| વાગરા | ૨ |
| અંકલેશ્વર | ૧ |
| ઝઘડિયા | ૧ |
| કુલ : | ૬ |

(૨) એક યોજના પૂર્ણ કરવામાં આવી.

-------------

**સોરાષ્ટ્રના નર્મદા આધારિત ડેમોને બારમાસી પાણીથી ભરવાનું આયોજન**

૧૬૦૮૨ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સોરાષ્ટ્રમાં નર્મદા કેનાલ આધારીત ડેમોને બારમાસી પાણીથી ભરવાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તે ક્યા ક્યા ડેમો, અને

**જવાબ**

(૧) નર્મદા યોજનાની કેનાલ દ્વારા પૂરના વધારાના એક મીલીયન એકરફુટ પાણીથી ડેમોને ભરવા આયોજન છે. આ આયોજન પૂરના પાણી ઉપલબ્ધ થાય ત્યાં સુધી મર્યાદિત થશે.

(૨) નીચે દર્શાવેલ ૫૪ સિંચાઈ યોજનાના

ડેમોને પૂરના વધારાના પાણીથી ભરવા પ્રથમ દ્રષ્ટિએ શક્ય જણાયાં છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ગેડી | ૨૮. | ટુવા |
| ૨. | રળોલ | ૨૯. | ગુંદીયાળા |
| ૩. | ફુલવાડી | ૩૦. | મચ્છુ-૨ |
| ૪. | મૂળબાવળા | ૩૧. | મચ્છુ-૩ |
| ૫. | રાણાગઢ | ૩૨. | ડેમી-૨ |
| ૬. | સાકર | ૩૩. | ડેમી-૩ |
| ૭. | ગડથલ | ૩૪. | બંગાવડી |
| ૮. | બ્રાહ્મણી-૨ | ૩૫. | ખોડાપીપર |
| ૯. | કંકાવટી | ૩૬. | આજી-૪ |
| ૧૦. | સુખપુર | ૩૭. | ઉન્ડ-૨ |
| ૧૧. | સતાપર | ૩૮. | કંકાવટી |
| ૧૨. | ઘનશ્યામગઢ | ૩૯. | ઉન્ડ-૧ |
| ૧૩. | હીરાપર | ૪૦. | વીજરખી |
| ૧૪. | કટારીયા | ૪૧. | સપડા |
| ૧૫. | મચ્છુ-૧ | ૪૨. | રંગમતી |
| ૧૬. | ઘોડાધ્રોઈ | ૪૩. | સસોઈ |
| ૧૭. | કડીયાણા | ૪૪. | પુના |
| ૧૮. | બ્રાહ્મણી-૧ | ૪૫. | ફુલઝર-૨ |
| ૧૯. | ખારી | ૪૬. | કાળુભાર |
| ૨૦. | સુંદરી | ૪૭. | રંઘોળા |
| ૨૧. | ફલકુ | ૪૮. | ખારોડ |
| ૨૨. | વઢવાણ | ૪૯. | રાજાવળ |
| | ભોગાવો-૨ | | |
| ૨૩. | ઉતાવળી | ૫૦. | શેત્રુંજી |
| ૨૪. | ખાંભડા | ૫૧. | બગડ |
| ૨૫. | લીંમડી | ૫૨. | સુરજવડી-૧ |
| | ભોગાવો-૨ | | |
| ૨૬. | ખેલીયાદ | ૫૩. | ધાતરવાડી |
| ૨૭. | બલદાણા | ૫૪. | રાયડી |

એચબી-૯૯૮-૬

(૩) આ ડેમો કેટલા સમયમાં ભરવા માટેનું આયોજન છે ?

(૩) બોટાદ પ્રશાખા તથા મોરબી પ્રશાખામાંથી આયોજન મુજબની લીંક કેનાલ કે જે અનુક્રમે રાયડી તથા ફુલઝર-૨ જળાશય સુધી લંબાવવાની છે તેના કામો તાંત્રિક રીતે યોગ્ય અને આર્થિક રીતે પોષણક્ષમ જણાયેથી વહીવટી મંજુરીઓ મેળવીને નાણાંકિય ઉપલબ્ધતા ધ્યાને લઈ પૂર્ણ થયેથી ડેમો ભરી શકાશે.

-------------

**પાલીતાણા તાલુકાના હલોણ ગામને સોનગઢ, નોંધણવદર રોડ સાથે જોડવા બાબત**

૧૬૨૪૯ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલીતાણા તાલુકાના હણોલ ગામને

**જવાબ**

(૧) ના જી.

સોનગઢ-નોંધણવદર રોડ સાથે જોડવા રસ્તો બનાવવાનું કોઇ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ૩૧ ડિસેમ્બર, ૨૦૦૫ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે, અને

(૩) આ રસ્તાનું કામ ક્યારે પૂર્ણ થશે ?

(૨) અને (૩) : પ્ર ઉપસ્થિત થતો નથી.

--------------

**નર્મદા યોજનાના પૂરના વધારાના પાણીની વહેંચણી કરવા બાબત**

૧૪૬૯૨૨ડૉ. **જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાના પૂરના વધારાના પાણીની વહેંચણી અંગે ગુજરાતના જિલ્લાઓને કેટલા એમ.એફ.ટી. પાણી ફાળવવાનું આયોજન છે,

(૨) આ હેતુ માટે બ્રાન્ચ કેનાલની વહન શક્તિમાં કેટલો વધારો કરેલ છે,

(૩) આ વધારાના પાણીની ફાળવણી માટે સરકારે કઈ પ્રકારની કામગીરી પૂર્ણ કરેલ છે, અને

(૪) આ કામગીરી સારૂ જિલ્લાવાર કેટલો ખર્ચ થયો છે ?

**જવાબ**

(૧) ઉત્તર ગુજરાતના જિલ્લાઓ માટે એક મીલીયન એકર ફીટ અને સોરાષ્ટ્રના વિસ્તાર માટે એક મીલીયન એકર ફીટ પાણી ફાળવવાનું આયોજન છે. તથા કચ્છ જિલ્લા માટે એક મીલીયન એકર ફીટ પાણી ફાળવવાનું આયોજન વિચારાયેલ છે.

(૨) સોરાષ્ટ્ર શાખા નહેરની વહન ક્ષમતા મુળ આયોજન મુજબ ૩૧૯ ઘનમીટર પ્રતિ સેંકડ હતી જે વધારીને ઉદગમ સ્થાને ૪૨૪ ઘન મીટર પ્રતિ સેંકડ કરેલ છે. કચ્છ શાખા માટેની વહન ક્ષમતા જે ૧૭૦ ઘનમીટર પ્રતિ સેંકડ હતી તે વધારીને ઉદગમ સ્થાને ૨૨૦ ઘનમીટર પ્રતિ સેંકડ કરેલ છે.

(૩) ૧. પાટણ જિલ્લાના તળાવો અને સરસ્વતી બેરેજની કેનાલમાં પાણી નાખી સિંચાઈ કરવા માટે ખોરસમ-સરસ્વતી-સિધ્ધપુર સુધીની પાઈપ લાઈનની કામગીરી પૂર્ણ કરેલ છે.
૨. પિયજથી ધરોઈ જળાશય સુધીની પાઈપ લાઈન યોજનાની કામગીરી પૂર્ણ કરેલ છે.

(૪) ૧. ખોરસમ-સરસ્વતી પાઈપ લાઈનની કામગીરી અન્વયે પાટણ જિલ્લા માટે કુલ રૂા. ૧૩૧૯૮.૫૮ લાખનો ખર્ચ થયેલ છે.
૨. પિયજ-ધરોઈ પાઈપ લાઈનની કામગીરી માટે તા. ૩૧/૧૨/૦૬ સુધીમાં મહેસાણા જિલ્લા માટે રૂા. ૧૭૩૯૨.૩૬ લાખ અને ગાંધીનગર જિલ્લા માટે રૂા. ૯૧૨૭.૩૭ લાખનો ખર્ચ થયેલ છે. જે અન્વયે કુલ રૂા. ૨૭૫૨૦.૭૩ લાખનો ખર્ચ થયેલ છે.

--------------

**અમદાવાદ શહેરમાં ગેરકાયદે કતલખાના અને લાયસન્સ વગરની માંસની દુકાનો**

૧૬૬૮૩૩ડૉ. **માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં ગેરકાયદે કતલખાના તેમજ લાયસન્સ વગરની માંસની દુકાનો છે કે કેમ,

(૨) તેની વિગતો શી છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આવા કેટલા કતલખાના પકડાયા અને કેટલી

**જવાબ**

(૧) અને (૨) : અમદાવાદ શહેરમાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ, ૨૧ જગ્યાએ ગેરકાયદેસર કતલ થતી જણાયેલ તથા લાયસન્સ વગરની ૫૦ માંસની દુકાનો જણાયેલ.

(૩) શહેર પોલીસની મદદથી છેલ્લા બે વર્ષમાં, ગેરકાયદેસર કતલની ૨૧ જગ્યાઓ તથા લાયસન્સ

| | |
|---|---|
| લાયસન્સ વગરની દુકાનો સીલ કરાવી? | વગરની માંસની ૫૦ દુકાનો બંધ / સીલ કરાવેલ છે. |

**ઉમરગામ તાલુકાનાં સંજાણ-નારગોલ રોડ ઉપરનો પુલ ઉંચો કરવા બાબત**

૧૬૬૬૨**શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં સંજાણ-નારગોલ રોડ પર પુલો ઉંચા કરવા ક્યારે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને | (૧) અને (૨) : કોઈ ફાળવણી કરવામાં આવેલ નથી. |
| (૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે? | |

-------------

**રાજ્યમાં ફ્લોરાઈડ ગ્રસ્ત ગામો**

૧૬૮૨૧**શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧લી ફેબ્રુ-૦૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલા ગામો ફ્લોરાઈડ ગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) નીચેની વિગતે

| જીલ્લાનું નામ | ફ્લોરાઈડ ગ્રસ્ત ગામ/ફળીયા | જીલ્લાનું નામ | ફ્લોરાઈડ ગ્રસ્ત ગામ/ફળીયા |
|---|---|---|---|
| અમદાવાદ | ૮૬ | અમરેલી | ૧૯ |
| આણંદ | ૭૩ | બનાસકાંઠા | ૩૯૧ |
| ભરૂચ | ૧૦ | ભાવનગર | ૩૧ |
| દાહોદ | ૨૩૩ | ગાંધીનગર | ૧૩૨ |
| જામનગર | ૩૯ | જૂનાગઢ | ૩૯ |
| કચ્છ | ૨૧ | ખેડા | ૨૩૨ |
| મહેસાણા | ૪૦ | નર્મદા | ૧૦ |
| નવસારી | ૧૭ | પંચમહાલ | ૩૧૬ |
| પાટણ | ૯૩ | પોરબંદર | ૨૦ |
| રાજકોટ | ૪૮ | સાબરકાંઠા | ૪૨૯ |
| સુરત | ૩૫ | સુરેન્દ્રનગર | ૧૫૯ |
| વડોદરા | ૪૧૧ | વલસાડ | ૦૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) સરકારે આવા ગામો માટે શું પગલાં લીધા, | (૨) પીવા લાયક પાણીના પ્રાપ્તિ સ્થાનની સ્વતંત્ર પાઈપ પાણી પુરવઠા યોજનાઓ, જળાશયો/ડેમ નર્મદા કેનાલ આધારિત તથા સુજલામ સુફલામ જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાનું આયોજન છે. |
| (૩) કેટલા ગામોમાં ફ્લોરાઈડ ગ્રસ્તતાની તીવ્રતા ઓછી થઈ, અને | (૩) ૧૫૮ ગામ/ પરામાં |
| (૪) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧-૦૬ સુધીમાં આ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૪) ૪૭૦૦ લાખ |

-------------

**મીઠાથી થરાદ રોડનું પેવરીંગ કામ કરવા બાબત**

૧૪૪૩૧**શ્રી ભેમાભાઈ ર. પટેલ (દીઓદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મીઠાથી થરાદ જતા રોડને પેવરીંગ કામ સરકાર કરવા માગે છે કે કેમ, અને<br>(૨) જો હા, તો ક્યારે અને કેટલા સમયમાં કરવા માગે છે? | (૧) અને (૨) : હાલ આયોજન નથી. |

--------------

**બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતાં રસ્તાને મા.મ. વિભાગ હસ્તક લેવા બાબત**

૧૬૬૬૯**શ્રી રાજેશ પાઠક (બાલાસિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતાં વિભાગ હસ્તકનાં રસ્તાને વિકાસ પંથ તરીકે વિકસાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ટેન્ડર ક્યારે બહાર પાડ્યા છે, અને | (૨) તા. ૮/૫/૦૫ ના રોજ. |
| (૩) તે કામ ક્યાં સુધીમાં પુર્ણ કરવા માંગે છે? | (૩) ૨૦૦૬-૦૭ માં શરૂ કરીને પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------------

**અમદાવાદ શહેરમાં મેટ્રો ટ્રેન શરૂ કરવા બાબત**

૧૫૧૩૦ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં મેટ્રો ટ્રેન શરૂ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે, | (૧) યોજનાના ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ તેયાર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૨) આ અંગેના કોઈ રીપોર્ટ તેયાર કરવામાં આવેલ છે કે કેમ અને તે ક્યારે કરવામાં આવ્યા, અને | (૨) મેટ્રો રેલ સીસ્ટમ અમદાવાદ અને ગાંધીનગર શહેર માટેના ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટનો આખરી મુસદ્દો જુલાઈ-૨૦૦૫ માં મળેલ છે. |
| (૩) આ યોજના પાછળ કેટલો ખર્ચ થાય તેમ છે અને આ યોજના શરૂ કરવા બાબતે રાજ્ય સરકારે શો નિર્ણય કરેલ છે? | (૩) આ યોજના પાછળ ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ મુજબ પ્રથમ તબક્કાના અમલીકરણનો ખર્ચ રૂા. ૪,૨૯૫.૦૦ કરોડ અંદાજાયેલ છે. સરકાર યોજનાનો અભ્યાસ કરી રહી છે. |

--------------

## વાવ-થરાદ તાલુકાના ડામર સપાટી વગરના રસ્તાઓ

૧૬૧૩૧ **શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વાવ અને થરાદ તાલુકામાં કેટલા રસ્તાઓ મેટલ સપાટી અને ડામર સપાટી વગરના છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ પ્લાન રસ્તા નીચે મુજબ છે.

| તાલુકો | મેટલ સપાટી વગરના | ડામર સપાટી વગરના | કુલ |
|---|---|---|---|
| વાવ | ૧ | ૪ | ૫ |
| થરાદ | ૭ | ૪ | ૧૧ |
| | ૮ | ૮ | ૧૬ |

**પ્રશ્ન**

(૨) આ રસ્તાઓને મેટલ ડામર સપાટી સુધી પુર્ણ કરવા શું આયોજન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૨) હાલ આયોજન નથી.

-------------

## હળવદ તાલુકાના ટીકરથી પલાસવા કચ્છનો રસ્તો

૧૬૧૪૦ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હળવદ તાલુકાના ટીકર (રણ)થી પલાસવા કચ્છનો જે રસ્તો અગાઉ મંજૂર કરવામાં આવેલ તે રસ્તો ઘુડખર અભ્યારણના કારણે પડતો મુકવામાં આવેલ છે તે હકિક્ત સાચી છે,

(૨) આ રસ્તાના કારણે કચ્છમાં જવા માટે ઘણું ટુંકુ અંતર થવાની શક્યતા છે કે કેમ, અને

(૩) જો હા, તો આ રસ્તા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારના વન વિભાગ સાથે પરામર્શ અને બેઠક ગોઠવી નિકાલ કરવા માગે છે કે કેમ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) આ રસ્તાની અમુક લંબાઈ અભ્યારણમાં આવતી હોવાથી વન વિભાગની નિતીને અનુસરવાનું રહે.

-------------

## વડોદરા શહેરમાં શહેરી ગૃહ નિર્માણ માટે સંપાદન થયેલ જમીન

૧૬૫૨૮**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ શહેરી ગૃહ નિર્માણ માટે સંપાદન કરાયેલ અને વણવપરાયેલ હોય તેવી ખુલ્લી જમીન વડોદરા શહેરમાં કેટલી,

(૨) આ જમીન ક્યારે સંપાદિત કરાયેલ, અને

(૩) આ જમીન અંગે સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) સંપાદન કરેલ જમીન ૨૩,૪૨,૪૪૧ ચો.મી. વણવપરાયેલ જમીન ૩,૩૭,૨૨૫ ચો.મી.

(૨) સને ૧૯૭૩ થી ૧૯૮૬ સુધી

(૩) ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા જોઇન્ટ વેન્ચરથી વિકસાવવા તથા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એલ.આઇ.જી., એમ.આઇ.જી. ના આવાસો બાંધવાનું આયોજન કરેલ છે.

-------------

**જામનગર જિલ્લાને શહેરી વિકાસ વર્ષ માટે માળખાગત સુવિધાઓ બાબત**

૧૫૧૩૬ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ):માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ અંતર્ગત જામનગર જિલ્લાની નગરપાલિકાઓને કઈ કઈ માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું સરકારનું આયોજન છે, અને | (૧) પાણી અને રસ્તા. |
| (૨) આ માટે ૨૦૦૫-૦૬ના નાણાંક્યિ વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૬ સુધી કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી અને કેટલી રકમનું ખર્ચ થયેલ છે? | (૨) નાણાંક્યિ જોગવાઇ રૂા. ૯૦૦.૦૦ લાખ અને ખર્ચ રૂા. ૨૩.૦૦ લાખ. |

--------------

**અમરેલી જીલ્લાના ડેમોમાં નર્મદાનું પાણી ભરવા બાબત**

૧૬૦૭૦ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાને નર્મદાનું પાણી પંપીંગ કરી ડેમોમાં ભરવાનું સરકારે આયોજન કરેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) વિચારણા હેઠળ છે. |
| (૨) જો હા, તો અમરેલી જિલ્લામાં આવી મોટી નદીઓ અને ડેમોમાં કેટલી નદીઓના કેટલા ડેમોમાં નર્મદાનું પાણી પહોંચતું ક્યાં સુધીમાં થશે? | (૨) અમરેલી જિલ્લામાં ૩ નદીઓ પરના ૪ ડેમોમાં પૂરનાં વધારાના પાણી પહોંચતાં કરવાનું આયોજન છે.<br>આ સૂચિત આયોજન આર્થિક અને તાંત્રિક દ્રષ્ટિએ યોગ્ય તેમજ પોષણક્ષમ જણાયે નાણાંકીય ઉપલબ્ધતા ધ્યાને લઇ કામો પૂર્ણ થયેથી પાણી ભરી શકાશે. |

--------------

**કડી નંદાસણ રોડ અને કડી કલોલ રોડ ઉપર ગેરકાયદેસર દબાણ હટાવવા બાબત**

૧૬૫૩૧**શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કડી નંદાસણ રોડ શીત કેન્દ્ર સુધી તથા કડી કલોલ રોડમાં પેટ્રોલ પંપથી કડી પાંજરાપોળ તરફ જવાના રસ્તા ઉપર કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ ક્યારે દૂર કરવામાં આવશે, | (૧) રસ્તાઓનાં આ અનુભાગમાં રસ્તાની સંપાદિત જમીનમાં કોઇ ગેરકાયદેસર બાંધકામ નથી. |
| (૨) આ બાંધકામ દૂર કરવા તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી, અને | (૨) અને (૩) : આ સમયગાળા દરમ્યાન રસ્તાની સંપાદિત જમીનમાં થતા ગેરકાયદેસર બાંધકામો અંગે માર્ગ અને મકાન વિભાગને કોઇ ફરિયાદ મળેલ નથી. |
| (૩) સરકારે શાં પગલાં ભર્યા? | |

--------------

**ડાંગ જિલ્લામાં ચેકડેમો બનાવવાનું આયોજન**

૧૪૦૪૭ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમો બનાવવાનું આયોજન હતું તે અન્વયે કેટલા ચેકડેમો તેયાર થયા, | (૧) ડાંગ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૮૬૮ ચેકડેમો બનાવવાનું આયોજન હતું તે અન્વયે ૬૭૦ ચેકડેમો તેયાર થયેલ છે. |

| | |
|---|---|
| (૨) આ ચેકડેમો પેકી કેટલામાં પાણી ભરાયેલ છે તેમજ કેટલા ખાલી છે, અને | (૨) ચોમાસામાં બધાજ ચેકડેમાંમાં પાણી ભરાયેલ હતું, તે પેકી ૫૩૦ ચેકડેમોના પાણીનો વપરાશ થવાથી હાલ ખાલી છે. |
| (૩) આ ડેમોમાં જે પાણી ભરાયેલા છે તેનાથી કેટલા ખેડૂતોને પાણી અપાય છે? | (૩) ૭૨૫૯ જેટલા ખેડૂતોને પાણીનો લાભ મળેલ છે. |

**ખેરગામ બાવળી ડીસ્ટ્રીબ્યુટરી હેઠળના ખેડૂતોને સિંચાઈનું પાણી ન મળવા બાબત**

૧૪૬૯૧ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેરગામ બાવળી ફળિયા ડીસ્ટ્રીબ્યુટરી હેઠળના આવરી ખેરગામ-બાવળી ફળિયાના ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળતું નથી તે હકિક્તથી સરકાર વાકેફ છે, અને | (૧) અંશતઃ વિસ્તારને સિંચાઇ માટે પાણી આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો ક્યારે પાણી આપવામાં આવશે? | (૨) ખરીફ-૨૦૦૬ થી પાણી આપવાનું આયોજન છે. |

--------------

**રાજ્યના હાઈવેને નેશનલ હાઈવેમાં બદલવાની દરખાસ્તો**

૧૬૪૦૪ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યના ક્યા ક્યા હાઈવેને નેશનલ હાઈવેમાં બદલવાની દરખાસ્ત કેન્દ્ર સરકારમાં કેટલા સમયથી પડતર છે, | (૧) સરકારશ્રી દ્વારા તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાથેના પત્રક-૧માં દર્શાવ્યા મુજબ ૨૩ રસ્તાઓને નેશનલ હાઇવેમાં બદલવાની કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવી<br>આ એક સતત ચાલતી પ્રક્રિયા છે. |
| (૨) રાજ્ય સરકાર દ્વારા આ દરખાસ્તને વહેલાસર મંજૂરી મળે તે માટે ક્યારે ક્યારે શા પ્રયત્નો કરવામાં આવ્યા, અને | (૨) છેલ્લા ૨ વર્ષમાં માન. મુખ્યમંત્રીશ્રી તથા માન. મંત્રીશ્રી (મા.મ.) દ્વારા તા. ૭-૧-૨૦૦૪, તા. ૨૪-૮-૨૦૦૪, તા. ૨૭-૮-૨૦૦૪, તા. ૪-૫-૨૦૦૫ અને તા. ૧૯-૭-૨૦૦૫ના પત્રોથી ભારત સરકારમાં રજુઆતો કરવામાં આવેલ છે. |
| (૩) કેન્દ્ર સરકારે તે અન્વયે શો પ્રતિભાવ આપ્યો? | (૩) કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧-૧૦-૦૫માં છેલ્લે પ્રતિભાવ મળેલ છે કે, જ્યારે ભારત સરકાર હયાત રાષ્ટ્રીય ધોરીમાર્ગના નેટવર્કને વધારવાની પરિસ્થિતિમાં હશે ત્યારે ગુજરાતની માંગણીઓ, અન્ય રાજ્યોની માંગણીઓની સાથે જરૂરીયાત તેમજ ભલામણ અનુસાર નાણાંની ઉપલબ્ધીને ધ્યાને લઇ તેમજ અન્ય અગ્રિમતાઓને ધ્યાને લઇ યોગ્ય વિચારણામાં લેવામાં આવશે. |

## STATEMENT-1

| Sr. No. 1 | Name of Roads 2 | Kms. 3 |
|---|---|---|
| 1 | Sarkhej-Sanand-Viramgam-Malvan-Dhrangdhra-Halvad-Maliya state Highway No. 7 and 17 joining N.H. No. 8 near Ahmedabad and N.H. No. 8 A near Maliya. | 186.00 |
| 2 | Himatnagar-Mehsana-Chanasma-Radhanpur State Highway | 165.00 |
| 3 | Vadodara-Por-Sinor-Netrang-Vyara-Ahwa-Saputara-Nasik road linking N.H. No. 8 with N.H. No. 6 | 245.00 |
| 4 | Ahmedabad-Dholka-Vataman. | 80.00 |
| 5 | Nadiad-Kapadwanj-Modasa joining N.H. 8 | 135.00 |
| 6 | Shamlaji-Modasa-Godhara-Halol-Rajpipla-Vapi State Highway No. 5 | 505.00 |
| 7. | Vadodara-Dabhoi-Chhotaudepur to M. P. border (towards Ali Rajpur) | 125.00 |
| 8 | Bharuch-Ankleshwar-Valia-Netrang-Dediapada-Sagbara to Maharashtra border | 90.00 |
| 9 | Himatnagar-Ider-Khedbrama-Ambaji to Abu road border | 130.00 |
| 10 | Jafarabad-Rajula-Savarkundala-Amreli-Babara-Jasdan-Vichiya-Sayala-Surendranagar-Patdi-Sami-Radhanpur | 440.00 |
| 11 | Gandevi-Manekpur-Vansda-Waghai-Ahava-Chinchli upto Maharashtra border | 120.00 |
| 12 | Valsad-Pardi-Kaparada Maharashtra border (towards Nasik) | 60.00 |
| 13 | Gandhinagar-Dehgam-Bayad-Lunawada-Santrampur-Jalod to Rajasthan border | 200.00 |
| 14 | Gandhinagar-Gozaria-Visanagar-Vadnagar-Kheralu-Danta-Ambaji-Abu road | 170.00 |
| 15 | Bhachau-Bhuj-Pandhro road | 220.00 |
| 16 | Bagodara-Dhanduka-Vallbhipur-Dhasa-Amreli-Savarkundala-Rajula-Jafarabad | 265.00 |
| 17 | Bagodara-Dhandhuka-Bhavnagar | 130.00 |
| 18 | Bhavnagar-Vataman-Padra to Karjan | 200.00 |
| 19 | Malia-Jamnagar-Okha-Dwarka | 340.00 |
| 20 | Bhuj-Khavada-India Bridge-Dhramshala towards India Border road | 170.00 |
| 21 | Una-Delvada-Ahmedpur Mandvi Road | 11.00 |
| 22 | Vapi-Mota Panda Road | 09.00 |
| 23 | Vapi-Silvasa Road | 11.80 |

--------------

**મહેસાણા જિલ્લામાં કિસાનપથ યોજનામાં મંજુર થયેલ રસ્તા**

૧૬૬૨૪ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કિસાનપથ યોજના તળે કેટલા માર્ગો મંજૂર કરવામાં આવ્યા,

(૨) મંજૂર થયેલા માર્ગો માટે કેટલાં નાણા ફાળવવામાં આવ્યા, અને

(૩) કેટલા સમયમાં આ માર્ગોની કામગીરી પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૩૮ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) પ્રથમ તબક્કે રૂા. ૫૫.૦૦ લાખ ફાળવેલ છે.

(૩) વર્ષ ૨૦૦૬-૦૭માં કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

--------------

**પાલનપુર શહેરને અડીને આવેલ માનસરોવર રેલ્વે ફાટકે અંડરગ્રાઉન્ડ બ્રીજ બનાવવા બાબત**

૧૪૬૮૬**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પાલનપુર શહેરને અડીને આવેલ માનસરોવર રેલ્વે ક્રોસિંગ અંડરગ્રાઉન્ડ બ્રીજ બનાવવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ?

**જવાબ**

ના, જી.

------------

**યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવામાં આવેલ યાત્રાધામો**

૧૬૮૨૯ડૉ. **સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં યાત્રાધામ વિકાસ તરીકે ક્યા ક્યા ધાર્મિક સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને | (૧) કોઇ ધાર્મિક સ્થળનો સમાવેશ કરવામાં આવેલ નથી. |
| (૨) આગામી વર્ષમાં સરકાર ક્યા યાત્રાધામોને વિક્સાવવા માંગે છે? | (૨) અંબાજી, ડાકોર, દ્વારકા, સોમનાથ, ગીરનાર તથા પાલીતાણા. |

--------------

**અધેવાડા પાણી પુરવઠા યોજનાનું મંજૂર થયેલ કામ બાબત**

૧૬૧૩૫ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ દરમ્યાન અધેવાડા પાણી પુરવઠા યોજના મંજૂર કરવા અંગે સૈધ્ધાંતિક નિર્ણય લેવાયેલ છે અને ખાતમુહુર્ત થયેલ છે આ યોજના અંતર્ગત કરવાની થતી ઓવરહેડ ટાંકી તથા પાઈપલાઈન ક્યાં સુધીમાં તેયાર કરવા આયોજન છે? | "" સત્વરે "". |

--------------

**અમરેલી શહેરની પાણી પુરવઠા સુધારણા યોજનાની દરખાસ્ત બાબત**

૧૫૧૪૩ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી શહેરની પાણી પુરવઠા સુધારણા યોજનાની દરખાસ્ત રાજ્ય સરકારને ક્યારે મળેલ છે, | (૧) તા. ૮-૬-૦૫. |
| (૨) તેને સૈધ્ધાંતિક તેમજ વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે, અને | (૨) સૈધ્ધાંતિક મંજૂરી તા. ૨-૨-૦૬ ના રોજ અને તે પેકી આંશિક રકમની વહીવટી મંજૂરી તા. ૨૮-૨-૦૬ના રોજ આપવામાં આવેલ છે. |
| (૩) તે અંગે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ છે? | (૩) રૂા. ૨.૦૦ કરોડ. |

--------------

**તાલાલા તાલુકામાં સ્ટેટ હસ્તકના રસ્તાઓને રીકારપેટ કરવા બાબત**

૧૪૪૬૫ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તાલાલા તાલુકામાં સ્ટેટ હસ્તકનાં,<br>(૨) તાલાલા-રમચેરી-જેપુર-ધણેજ રોડ,<br>(૩) માધુપુર-આંકોલવાડી-બામણાસા-જામવાળા | (૧) થી (૫) આ ચાર રસ્તાઓ પેકી બે રસ્તાઓ મંજૂર કરાયેલ છે. બાકી માટે હાલ આયોજન નથી. |

રોડ,

(૪) સુત્રાપાડા-ધામળેજ રોડ ૧૬-૦૦ કી.મી. સી.આર.એફ. માં મંજુર થયેલ છે.

(૫) તુંબડીવાવ-ઘરેલી-પાદરુકા-લોઢવા રોડ. ૭ વર્ષ જુના છે અને આ રસ્તાઓ ખાડા ખળબા- વાળા છે. સરકારની જાહેરાત મુજબ જે રસ્તાઓ ૭ વર્ષથી જુના હોય તે બધા રસ્તાઓને રી-કારપેટ કરવાનાં છે. તો આ રસ્તાઓ રી-કારપેટ કરવા માટે સરકારનું શું આયોજન છે, અને

(૬) આ રસ્તાઓ સરકાર ક્યારે રી-કારપેટ કરવા માંગે છે?

(૬) ઉપરોક્ત બે રસ્તાઓ પૈકી એક રસ્તાનું ડામર કામ વર્ષ ૨૦૦૬-૦૭ અને બીજા રસ્તાનું ડામર કામ ૨૦૦૭-૦૮માં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------------

**મહાનગર પાલિકાઓમાં ઓક્ટ્રોય નાબુદ કરવા બાબત**

૧૬૮૧૪**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં મહાનગર પાલીકામાંથી ઓક્ટ્રોય નાબુદ કરવા સરકારનું શું આયોજન છે, (૨) તેનો અમલ ક્યારથી કરવામાં આવશે, અને | (૧) અને (૨) ઓક્ટ્રોય નાબુદીના વિકલ્પે આવકનો સ્ત્રોત નક્કી થયેથી યોગ્ય વિચારણા કરી શકાશે. |
| (૩) ૩૧ માર્ચ ૨૦૦૫ના અંતે રાજ્યની નગરપાલિકાઓને ઓક્ટ્રોયના વિકલ્પે ૧૦ ટકાના પ્રતિવર્ષના વધારા સાથે કુલ કેટલી રકમ આપવાની બાકી રહે છે, અને તે ક્યાં સુધીમાં આપી દેવાશે? | (૩) નગરપાલિકાઓને દર વર્ષે કેટલા ટકા વધારો આપવો તે બાબત વિચારણામાં છે. |

--------------

**નાના અને મધ્યમ કક્ષાના શહેરોની સઘન વિકાસ યોજના**

૧૬૧૩૯ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નાના અને મધ્યમ કક્ષાના શહેરોના સઘન વિકાસ યોજના હેઠળ રાજ્યની કુલ કેટલી નગરપાલિકાઓને આવરી લેવામાં આવેલ છે, અને | (૧) ૧૧૫. |
| (૨) તે અંગે કેટલી રકમ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂા. ૯૬૫૮.૭૨ લાખ. |

--------------

**સુજલામ્ સુફલામ યોજનામાં મોટી નદી ઉપર બનેલ ચેકડેમો**

૧૬૪૦૯ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુજલામ સુફલામ યોજના હેઠળ | (૧) હા, જી. |

મોટી નદીઓ ઉપર થયેલ ચેકડેમ પૈકી કેટલાક ચેકડેમો તૂટી ગયા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કઈ કઈ નદીઓ પર બંધાયેલ ચેકડેમો છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ તૂટી ગયા અને તેનાં કારણો શાં છે, અને આ ચેકડેમો અંગે કેટલું ખર્ચ થયું, અને

(૩) જો ના, તો છેલ્લા બે વર્ષમાં સુજલામ સુફલામ યોજના અન્વયે મોટી નદીઓના પાણી રોકવા કે વાળવા કેટલા ચેકડેમ ક્યાં ક્યાં મંજુર થયા તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલા પુર્ણ થયા. અને કેટલાનું કામ ક્યાં ક્યાં પ્રગતિમાં છે?

(૨) કુલ ૧૬ ચેકડેમો તુટી ગયા છે ચેકડેમોને નુક્સાન થવાના તાંત્રિક કારણોની ચકાસણી જળસંપતિ નિગમ દ્વારા થઈ રહેલ છે. આ ૧૬ ચેકડેમો પાછળ અત્યાર સુધી થયેલ ખર્ચ ૫૦૮.૩૧ લાખ રૂા. છે.

(૩) પ્ર ઉપસ્થિત થતો નથી.

--------------

## પિયત માટે અમરેલી, રાજકોટ, પોરબંદર, જામનગર અને જુનાગઢ જિલ્લાને મળનાર નર્મદા યોજનાનું પાણી

૧૫૯૦૭ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી, રાજકોટ, પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લાના જે વિસ્તારને નર્મદાનું પિયતનું પાણી મળવાપાત્ર નથી તેવા વિસ્તારોની બીજી કોઈ યોજનાનું પાણી મળવાપાત્ર છે કે કેમ, અને

(૨) જે વિસ્તારોને કોઈ પણ યોજનાઓનું પાણી મળતું નથી તેવા વિસ્તારો માટે સરકાર કોઈ માસ્ટર પ્લાન દ્વારા આ વિસ્તારના ખેડૂતોને પાણી આપવા માગે છે કે કેમ?

**જવાબ**

(૧) નર્મદાનું પિયતનું પાણી મળવાપાત્ર નથી. નર્મદા ડેમ ઉપરથી ચોમાસા/પૂરના વધારાના વહી જતા પાણીને આવા વિસ્તારોમાં આપવા અંગેની તાંત્રિક ચકાસણી તથા આયોજન વિચારણામાં છે.

(૨) આવા વિસ્તાર માટે કોઈ માસ્ટર પ્લાન નથી.

--------------

## હાંસોટ અને અંકલેશ્વર તાલુકામાં નવા કાંસ બનાવવા બાબત

૧૫૯૪૦ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના હાંસોટ અંકલેશ્વર તાલુકામાં આવેલ વંદખાડી તેમજ વરસાદી કાંસ પૂરાય જવાથી ખેતીને તેમજ રહેણાંક ઘરોને પાણીને કારણે ખૂબ જ નુકશાન થાય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વંદવાડી તેમજ વરસાદી કાંસ ખોદાવવા આયોજન કરેલ છે કે કેમ, અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વંદખાડી તેમજ વરસાદી કાંસ ખોદાવવા આયોજન કરેલ છે.

(૩) કામના નકશા- અંદાજો બનાવી બજેટ ઉપલબ્ધી અનુસાર તબક્કાવાર આ કામો પૂર્ણ કરવામાં આવશે.

--------------

**વડોદરા-પાદરા રોડની પહોળાઈ ઓછી કરવા બાબત**

૧૫૧૪૦ **શ્રી પુનમ ર. પરમાર (પાદરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એસ.આર.પી. અંતર્ગત વડોદરા-પાદરા જંબુસર માર્ગનું નવીનીકરણ થઈ રહ્યું છે. તેમાં પાદરા શહેરની હદમાંથી પસાર થતાં માર્ગની પહોળાઈ ઘટાડવા પાછળ ક્યા કારણો છે, અને

(૨) પાદરા શહેરમાંથી પસાર થતો આ માર્ગ મુખ્ય માર્ગ છે જો તેની પહોળાઈ ઘટાડવામાં આવે તો ટ્રાફીકને અડચણ થશે, તે સરકાર જાણે છે?

**જવાબ**

(૧) અને (૨) પાદરા શહેરમાંથી પસાર થતા માર્ગની પહોળાઈ ઘટાડવામાં આવેલ નથી.

--------------

**રાજ્યમાં મોટી અને મધ્યમ ક્ષાની સિંચાઈ યોજનાની મંજૂરી**

૧૬૬૬૧ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર મોટી અને મધ્યમ ક્ષાની કઈ કઈ સિંચાઈ યોજનાના સર્વે કરી તાંત્રિક મંજૂરીઓ તા. ૩૧-૧-૦૬ સુધીમાં આપવામાં આવી,

(૨) કેટલી યોજનાને વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) બાકી રહેતી સિંચઈ યોજનાઓને કેટલા સમયમાં વહીવટી મંજૂરી આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓના સર્વે કરી નીચેની યોજનાઓને તાંત્રિક મંજૂરીઓ આપવામાં આવી.

| ક્રમ | જિલ્લો | યોજનાનું નામ |
|---|---|---|
| ૧ | મહેસાણા | ધરોઈ-સિપોરલૂપ કેનાલ |
| ૨ | પંચમહાલ, ખેડા સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા | સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ કેનાલ |
| ૩ | પંચમહાલ | પાનમ ઉચ્ચ સ્તરીય કેનાલ |
| ૪ | પંચમહાલ | કડાણા ડાબા કાંઠા ઉચ્ચ સ્તરીય કેનાલ |

(૨) વહીવટી મંજૂરી અપાયેલ યોજનાઓ.

| ક્રમ | જિલ્લો | યોજનાનું નામ |
|---|---|---|
| ૧ | પંચમહાલ, ખેડા સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા | સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ કેનાલ |
| ૨ | પંચમહાલ | પાનમ ઉચ્ચ સ્તરીય કેનાલ |
| ૩ | પંચમહાલ | કડાણા ડાબા કાંઠા ઉચ્ચ સ્તરીય કેનાલ |

(૩) બાકી રહેતી યોજનાઓના સર્વેક્ષણ, આલેખનની કામગીરી પૂર્ણ કરી, તાંત્રિક, આર્થિક પાસાઓને ચકાસીને નાણાકીય ઉપલબ્ધિ અનુસાર શક્ય એટલી વહેલી વહીવટી મંજૂરી આપવામાં

આવશે.

--------------

**વડગામ અને પાલનપુર તાલુકામાં પીવાના પાણીની યોજનાઓ**

૧૬૧૪૫ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના વડગામ અને પાલનપુર તાલુકામાં પીવાના પાણી માટે કેવા પ્રકારની યોજનાઓ હાથ ધરવામાં આવી છે,

(૨) આ યોજનાઓની કામગીરી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે,

(૩) આ યોજનાઓ હેઠળ તાલુકાવાર કેટલા ગામોને આવરી લેવામાં આવ્યા છે, અને જે ગામોનો આ યોજનાઓમાં સમાવેશ નથી થયો તેને માટે શું આયોજન વિચારવામાં આવ્યું છે?

**જવાબ**

(૧) ધરોઈ ડેમ/મુક્તેશ્વર ડેમ/પાતાળકુવા, કુવા તથા હેન્ડપંપ આધારિત સ્વતંત્ર તથા જૂથ પાણી પુરવઠા યોજનાઓ હાથ ધરવામાં આવેલ છે.

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ પાલનપુર તાલુકાના કુલ ૧૧૭ ગામો પૈકી ૬૨ ગામો જૂથ યોજના તળે અને ૫૫ ગામોએ સ્વતંત્ર પાણી પુરવઠા યોજના તળે પાણી પુરવઠા યોજના પૂર્ણ કરેલ છે. આ ૫૫ ગામો પૈકી ૩૨ ગામોને સમાવતી જૂથ યોજનાના કામો પ્રગતિ હેઠળ છે. જ્યારે વડગામ તાલુકાના ૧૧૦ ગામો પૈકી ૩૯ ગામોને જૂથ યોજના હેઠળ અને ૭૧ ગામોની સ્વતંત્ર યોજના પૂર્ણ કરેલ છે. આ સ્વતંત્ર જૂથ પાણી પુરવઠા યોજનાના ૭૧ ગામોની સરફેસ સોર્સ આધારિત જૂથ પાણી પુરવઠા યોજના પ્રગતિ હેઠળ છે.

(૩) નીચેની વિગતે.

| | **પાલનપુર** | **વડગામ** | **કુલ** |
|---|---|---|---|
| **પૂર્ણ જૂથ યોજના** | **૬૨** | **૩૯** | **૧૦૧** |
| **પ્રગતિ હેઠળની જૂથ યોજના** | **૩૨** | **૭૧** | **૧૦૩** |
| **સૂચિત જૂથ યોજના** | **૨૩** | **--** | **૨૩** |
| **કુલ ગામ** | **૧૧૭ અને ૧ બિનવસવાટી** | **૧૧૦** | **૨૨૭ અને બિનવસવાટી** |

જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ બંને તાલુકાના બધા જ ગામો આવરી લેવા આયોજન કરેલ છે.

--------------

**ભૂકંપ પછી ગાંધીધામ ભૂજ, રાપર નગરપાલિકાઓમાં જી.યુ.ડી.સી. મારફત થયેલ ખર્ચ**

૧૫૧૩૪ **ડૉ. નીમાબેન બ. આચાર્ય (અંજાર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભૂકંપ પછી કચ્છના ગાંધીધામ, ભૂજ, અંજાર, ભચાઉ, રાપર અને માંડવી નગરપાલિકામાં ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની મારફતે કેટલો ખર્ચ ડીસે. ૦૫ની સ્થિતિએ કરવામાં આવેલ છે?

**જવાબ**

| નગરપાલિકાનું નામ | થયેલ ખર્ચ રૂા. |
|---|---|
| ગાંધીધામ | ૨,૦૮,૧૪,૧૧૫/- |
| ભૂજ | ૧,૪૧,૫૭,૩૦,૪૧૦/- |
| અંજાર | ૩૯,૯૬,૮૨,૧૭૨/- |
| ભચાઉ | ૨૭,૬૦,૦૭,૮૩૫/- |
| રાપર | ૧૬,૮૧,૩૧,૧૨૫/- |
| માંડવી | ૧૫,૧૩,૨૯,૮૬૧/- |

-------------

## ભિલોડા અને વિજયનગર તાલુકામાં ચેકડેમના નાણા ન ચુકવવા બાબત

૧૬૮૨૭ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને વિજયનગર તાલુકાઓમાં કુલ કેટલા ચેકડેમ(બોરી બંધ સિવાયના) બાંધવામાં આવ્યા,

(૨) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કેટલા ચેકડેમોના નાણા ચુકવવાના બાકી છે,

(૩) તે ક્યારે ચુકવવામાં આવશે, અને

(૪) સમયસર નાણા ન ચૂકવવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ. | બાંધેલ ચેકડેમોની સંખ્યા. |
|---|---|
| ભીલોડા | ૩૭૪ |
| વિજયનગર | ૦૭૭ |
| કુલ. | ૪૫૧ |

(૨) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ભિલોડા તાલુકાના ૪૪૮ તથા વિજયનગર તાલુકાના ૬૨ ચેકડેમોના ચુકવણા બાકી છે, જે પેકી ભિલોડા તાલુકાના ૨૮૭ અને વિજયનગર તાલુકાના ૫૦ ચેકડેમોના આંશિક ચુકવણા બાકી છે.

(૩) સત્વરે નાણાં ચુકવવાનું આયોજન છે.

(૪) ચેકડેમોના કામગીરીની બાબત ચકાસણી હેઠળ છે.

-------------

## સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં બનેલ રસ્તાઓ

૧૬૬૮૨ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રોડ મંજૂર થયા છે, અને

(૨) આ રસ્તાના કામ ક્યારે શરૂ થશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫૩ રસ્તાના કામો મંજુર થયા.

(૨) મંજૂર કામો પેકી ૧૫ કામો પુર્ણ, ૩ કામ પ્રગતિમાં અને ૩૫ કામો એજન્સી નક્કી કરવાની કાર્યવાહી ચાલુ છે, જે પુર્ણ થયા બાદ કામ શરૂ થશે.

-------------

## અમદાવાદ શહેરને મેગાસીટીનો દરજ્જો મળવાને કારણે કેન્દ્રએ આપેલ સહાય બાબત

૧૪૨૭૧ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા અમદાવાદ સિટીને મેગાસીટી તરીકેનો દરજ્જો આપ્યાને કારણે નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬ માં કુલ કેટલી સહાય જાન્યુઆરી ૨૦૦૬ સુધીમાં મળી છે, અને

(૨) જાન્યુઆરી ૨૦૦૬ સુધીમાં કેટલું ખર્ચ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ""જાન્યુઆરી-૨૦૦૬ સુધી કોઈ નાણાંકીય સહાય મળેલ નથી.""

(૨) પ્ર ઉપસ્થિત થતો નથી.

-------------

**દાહોદ જિલ્લાના મહેસૂલી ગામોને પાકા રસ્તાના જોડાણ આપવા બાબત**

૧૬૮૨૫ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા (ભા.જ.પ.) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ કુલ કેટલા મહેસૂલી ગામોને પાકા રસ્તાની સુવિધા આપવામાં આવેલ છે, | (૧) ૬૯૪ મહેસુલી ગામોને પાકા રસ્તાની સુવિધા આપવામાં આવેલ છે. |
| (૨) કેટલા ગામો બાકી રહેલ છે, અને | (૨) અને (૩) શુન્ય. |
| (૩) આ બાકી રહેલ ગામોને પાકા રસ્તાથી જોડવાનું શું આયોજન છે ? | |

-------------

**ધારી અને બગસરા તાલુકાના ગ્રામ્ય માર્ગોને ડામર સપાટીના બનાવવા બાબત**

૧૪૨૩૨ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધારી અને બગસરા તાલુકાના ગ્રામ્ય માર્ગો ડામર સપાટી બનાવવા માટેના કામની એજન્સીઓ નક્કી થઈ ગયા પછી કેટલા કામો થયા નથી, | (૧) ૯ કામો. |
| (૨) ગ્રામ્ય રસ્તાના પુલો બનાવવા એજન્સી નક્કી થયા કામ ન થયેલ હોઇ તેવા કેટલા કામો છે, | (૨) ૩ કામો. |
| (૩) સમય મર્યાદામાં કામ ન કરેલ એજન્સી સામે સરકાર શાં પગલાં લેવા માગે છે, અને | (૩) જીલ્લા પંચાયત દ્વારા યોગ્ય પગલા લેવામાં આવી રહેલ છે. |
| (૪) કેટલા સમયમાં આ કામો પૂર્ણ કરવા માગે છે? | (૪) વર્ષ ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**કચ્છ જિલ્લાના યાત્રાધામોનો પવિત્ર યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવા બાબત**

૧૬૪૦૧**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પવિત્ર યાત્રાધામો પેકી કચ્છ જિલ્લાના કોઇપણ યાત્રાધામોનો સમાવેશ કરવામાં આવેલ નથી, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

એચબી-૯૯૮-૧૦

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) જો હા, તો તેના શાં કારણો છે, અને | (૨) અને (૩) હાલ છ પવિત્ર યાત્રાધામોના વિકાસની કામગીરી ચાલુ છે. જેથી પ્ર ઉપસ્થિત થતો નથી. |
| (૩) ધાર્મિક તથા એતિહાસિક મહત્ત્વ ધરાવતા કચ્છ જિલ્લાના યાત્રાધામોનો પવિત્ર યાત્રાધામો તરીકે સમાવેશ ક્યારે કરવામાં આવશે ? | |

-------------

**જેસર ગામથી સાવરકુંડલા સુધીના રસ્તાને ડામર કામ કરવા બાબત**

૧૪૭૯૩ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લાના જેસર ગામથી અમરેલી જિલ્લાના સાવરકુંડલા સુધીનો ૪૦ કિ.મી.ના રસ્તાને કેટલા કિ.મી. સુધી ડામર કામ કરવામાં આવેલ છે, | (૧) (૨) અને (૩) સંપૂર્ણ લંબાઈ ડામર સપાટી છે. |
| (૨) ૩૧ જાન્યુ.-૨૦૦૬ની સ્થિતિએ આ રસ્તાનું કેટલા કિ.મી.નું ડામરકામ કરવાનું બાકી છે, અને | |
| (૩) બાકી રહેતા રસ્તાને કેટલા સમયમાં ડામર કામ કરવાનું આયોજન છે ? | |

-------------

**અમદાવાદ શહેરને અડીને આવેલી નગરપાલિકાઓને અમદાવાદ શહેરમાં જોડવા બાબત**

૧૬૫૩૪ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ શહેરને અડીને આવેલી નગરપાલિકાઓ અમદાવાદ શહેરમાં જોડીને બૃહદ અમદાવાદ બનાવવાની કોઇ યોજના છે કે કેમ, | (૧) અમદાવાદ શહેરની આજુબાજુ આવેલી સાત નગરપાલિકાઓને તા. ૧૪-૨-૨૦૦૬ના જાહેરનામાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભેળવવામાં આવી છે. |
| (૨) જો હા, તો આ યોજના તા. ૧૧-૨-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) પ્ર ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ યોજનામાં નવી કઇ કઇ નગરપાલિકાઓ જોડવામાં આવશે ? | (૩) બોડકદેવ, મકરબા, નવા ઓઢવ, નિકોલ, વસ્ત્રાપુર, નવા નરોડા અને થલતેજ નગરપાલિકાઓ જોડવામાં આવી છે. |

-------------

**કપરાડા-ધરમપુર તાલુકામાં પીવાના પાણીના કુવાઓ બનાવવા બાબત**

૧૪૧૦૪**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુર તાલુકામાં કેટલા પીવાના પાણીના કુવાઓ તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવ્યા, અને | (૧) તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કપરાડા તાલુકામાં ૫૭ કુવા અને ધરમપુર તાલુકામાં ૬૧ પીવાના પાણીના કુવા બનાવવામાં આવ્યા. |
| (૨) આ કુવાઓના બાંધકામની ગુણવત્તા હલકી કક્ષાની છે તેવી કેટલી ફરિયાદો તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં સરકારને મળી ? | (૨) આ અંગે કોઈ ફરિયાદ મળેલ નથી. |

------------

**માંડવી તાલુકાના ગોડધા ગામે વરેહ નદી ઉપર કોઝવે બનાવવા બાબત**

૧૬૩૨૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માંડવી તાલુકાના ગોડધા ગામે વરેહ નદી ઉપર કોઝવે બનાવવા બાબતની દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ છે કે કેમ, | (૧) વરેહ નદી પર કોઝવે બનાવવાનું આયોજન વિચારણામાં નથી. |
| (૨) જો હા, તો આ દરખાસ્ત તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) અને (૩) પ્ર ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કોઝવેનું કામ સરકાર ક્યારથી શરૂ કરવા માંગે છે ? | |

-------------

**સાગબારા અને દેડીયાપાડા તાલુકામાં ચેકડેમ બાંધવા બાબત**

૧૬૯૪૩ શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લાના સાગબારા દેડિયાપાડા તાલુકામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમો બાંધવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં ૪૧ અને દેડિયાપાડા તાલુકામાં ૨૩ ચેકડેમો બાંધવામાં આવ્યા. |
| (૨) આ ચેકડેમો દ્વારા કેટલી જમીનમાં પિયત આપવામાં આવે છે, | (૨) આ ચેકડેમો દ્વારા ૮૮૬ હેકટર જમીનમાં પિયત આપવામાં આવે છે. |
| (૩) કુલ ચેકડેમો પેકી કેટલા ચેકડેમોમાં પાણીનો સંગ્રહ કરવામાં આવે છે, અને કેટલા ખાલી છે ખાલી રહેવાના કારણો શાં છે, અને | (૩) ઉપરોક્ત તમામ ૬૪ ચેકડેમોમાં પાણીનો સંગ્રહ કરવામાં આવે છે. તેમાંથી ૧૮ ચેકડેમોના પાણીની વપરાશથી હાલ ખાલી છે. |
| (૪) આ ચેકડેમોના બાંધકામ માટેની કોઇ ગ્રાંટ ચુકવવાની બાકી છે કે કેમ અને જો હા, તો તેના શા કારણો છે ? | (૪) કુલ ૨૧ ચેકડેમોના બાંધકામ માટેની ગ્રાંટ બાકી છે કારણ કે આ કામો ચેકડેમો હાલમાં જ પૂરા થયેલ હોઈ આખરી બીલ તેયાર ન હોઈ ચુકવણું બાકી છે. |

-------------

**વિરમગામ તાલુકાના સોકલીથી માલવણ સુધીના ગામોના લોકોને રસ્તા માટે જમીનનું વળતર ચૂકવવા બાબત**

૧૬૨૪૩**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિરમગામ તાલુકાથી સોકલીથી માલવણ સુધીના ગામોના ખેડૂતોની જમીન અમદાવાદથી ધ્રાંગધ્રા જતા હાઇવે રોડ બનતા કપાયેલ છે જેનું વળતર ખેડૂતોને ચુકવાયેલ નથી આ હકીક્ત સાચી છે, અને | (૧) અને (૨) નિયમોનુસાર ચુકવણું કરવાનું બાકી નથી. પ્ર ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા ગામના ખેડૂતોને આ વળતર મળેલ નથી અને ક્યાં સુધીમાં સરકાર આ વળતર ચૂકવવા માંગે છે ? | |

-------------

**શહેરી વિકાસ વર્ષ દરમ્યાન ગોરવપથ યોજના બાબત**

૧૬૧૨૫ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ અન્વયે કચ્છ જિલ્લાના ક્યા ક્યા શહેરોમાં ગોરવપથ બનાવવામાં આવ્યા, અને

(૨) ક્યા ક્યા શહેરોમાં ગોરવપથ બનાવવાના બાકી છે તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ અન્વયે કચ્છ જિલ્લામાં આવેલ ભૂજ, માંડવી, અંજાર, ભચાઉ અને રાપરમાં ગોરવપથ બનાવવામાં આવેલ છે.

(૨) ગાંધીધામ નગરપાલિકામાં ગોરવપથની કામગીરી પ્રગતિમાં છે. જે ટુંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

-------------

**વિસાવદર સાસણ રોડનું કામ**

૧૬૧૩૩ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિસાવદર સાસણ રોડ ૧૪ કી.મી. જંગલ વિસ્તારમાં આવેલ છે અને તેને મેટલીંગ કરવા માટે માર્ગ અને મકાન વિભાગે રૂા. ૬૨ લાખ અંદાજે ફાળવેલ છે તો ઉપરોક્ત કામ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામ ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) અને (૨) વન વિભાગના જણાવ્યા મુજબ જંગલ વિસ્તારમાં આ રસ્તાનું કામ હાથ ધરી શકાય તેમ નથી.

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સુજલામ સુફલામ યોજનાનો અમલ**

૧૪૦૩૮**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ તથા સને ૨૦૦૫-૦૬ સુધીમાં સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત કેટલી ગ્રાન્ટ તા. ૩૧-૧-૦૬ સુધીમાં અપાઇ છે, અને

(૨) લીંમડી તાલુકામાં પાણીની તંગીવાળા ગામોમાં સુજલામ્ સુફલામ્ યોજનાનો અમલ ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૪-૦૫ માં પાણી પુરવઠા પ્રભાગને રૂા. ૪૩.૯૦ કરોડ અને જળ સંપત્તિ પ્રભાગ માટે રૂા. ૦.૦૫ કરોડ અને વર્ષ ૨૦૦૫-૦૬માં પાણી પુરવઠા પ્રભાગને રૂા. ૪૨.૦૬ કરોડ અને જળ સંપત્તિ પ્રભાગ માટે રૂા. ૧૨.૨૫ કરોડ એમ મળી, પાણી પુરવઠા પ્રભાગને કુલ રૂા. ૮૫.૯૬ કરોડ અને જળ સંપત્તિ પ્રભાગ માટે કુલ રૂા. ૧૨.૩૦ કરોડની ગ્રાન્ટ તા. ૩૧-૧-૦૬ સુધીમાં ફાળવવામાં આવેલ.

(૨) તબક્કાવાર જુન-૨૦૦૬ થી ડિસેમ્બર-૨૦૦૬ સુધામાં યોજનાઓ પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**અમદાવાદ મહેસાણા રોડ ઉપર ગાયત્રી મંદિર સામે અન્ડર બ્રીજ બનાવવા બાબત**

૧૬૬૭૬ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલોલ હાઇવે રોડ પર ગાયત્રી મંદિર સામે અમદાવાદ મહેસાણા ટોલરોડ ઉપર અન્ડર બ્રીજ બનાવવા સરકાર આયોજન કરવા માગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) હાલ કોઈ આયોજન નથી.

-------------

## વેરાવળ તાલુકામાં જર્જરિત માર્ગો અને પુલોના જોબ નંબર

૧૬૮૧૧**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના જર્જરિત માર્ગો અને બ્રીજોના જોબ નંબર તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કેટલા આપવામાં આવ્યા, અને | (૧) રસ્તા પર સમયાંતરે ખાસ મરામતમાં રીસર્ફેસીંગ કરવાના ૮ કામો, મેટલથી ડામર કરવાના ૩ કામો અને ૧ નવા રસ્તાના કામોના જોબ નંબર આપવામાં આવેલ છે. |
| (૨) જોબ નંબર આપવામાં આવેલા હોય તેવા રસ્તાના કામો કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે ? | (૨) ૫ કામ પૂર્ણ થયેલ છે. અને ૨ કામ પ્રગતિમાં છે બાકીના ૫ કામોના ટેન્ડર માંગેલ છે. તે કામોનો ઈજારો નક્કી કર્યા બાદ શરુ કરવાનું આયોજન છે. |

-------------

## કચ્છ જિલ્લાના ડેવલોપમેન્ટ પ્લાનની આખરી પ્રસિધ્ધિ

૧૬૬૫૮**શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાના કેટલા શહેરોના ડેવલોપમેન્ટ પ્લાનને ક્યારે આખરી પ્રસિધ્ધ કરવામાં આવ્યા, | (૧) કચ્છ જીલ્લાના પાંચ શહેરોના ડેવલોપમેન્ટ પ્લાન, માંડવી તા. ૧૯/૦૯/૯૦ના રોજ મંજુર થતાં તા. ૨૪/૧૦/૯૦ થી હાલ અમલમાં છે. બાકીના ચારેય શહેરો ભુજ, અંજાર, ભચાઉ અને રાપર તા. ૧૨/૧૨/૦૧થી મંજુર થતાં તા. ૧૨/૧૨/૦૧થી અમલમાં આવતા પ્રસિધ્ધ કરવામાં આવ્યા. |
| (૨) આ વિકાસના નકશાઓમાં નગરસીમોના વિકાસ માટે શું શું આયોજન કરેલ છે, | (૨) નગર સીમાના વિકાસ માટે રહેણાંક, વાણિજ્ય, ઓદ્યોગીક, ખેતી અને મનોરંજનના હેતુઓ માટે જમીનનો ઉપયોગ મુકરર કરવાની દરખાસ્તો, જાહેર ઉપયોગ અને પુનઃવસનના હેતુ માટે જમીનો અનામત રાખવાની દરખાસ્ત અને આંતરમાળખાકીય સુવિધાઓની દરખાસ્તો તથા વિકાસને નિયંત્રીત કરવામાં વિકાસ નિયંત્રણ વિનિયમોનું આયોજન કરેલ છે. |
| (૩) આ વિસ્તારોના વિકાસના ક્યા ક્યા કામો કરવામાં આવ્યા, અને ક્યા કામ બાકી છે, અને | (૩) આ વિસ્તારના વિકાસ માટે મુખ્યત્વે રસ્તાઓ ગટરવ્યવસ્થા, પાણીપુરવઠા, પુનઃવસન પુનઃનિર્માણ, તથા મ્યુનિસિપલ બિલ્ડીંગો અને જાહેર બિલ્ડીંગોને લગતા, કામો કરવામાં આવ્યા, તે પૈકીના બાકી કામો પુર્ણ કરવાની પ્રક્રિયા ચાલુ છે. |
| (૪) તે ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૪) પ્ર ઉપસ્થિત થતો નથી. |

-------------

## ઝાલોદ અને ફતેપુરા તાલુકાના ખેડૂતોને સિંચાઇ માટેનું પાણી આપવા બાબત

૧૬૧૭૫ **શ્રી ભુરાભાઈ કટારા (ઝાલોદ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ઝાલોદ અને ફતેપુરા તાલુકાના ખેડૂતોને કનાલા ડેમમાંથી સિંચાઇ માટેનું પાણી ખેડૂતોને આપવાનું સરકારનું શું આયોજન છે ? | હાલમાં આયોજન નથી. |

-------------

**સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની મંજુરી**

૧૬૩૭૮**શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૪-૦૫ના નાણાકીય વર્ષમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં કેટલા કામોને મંજુરી મળેલ છે, અને | (૧) ૧૭ કામોને મંજુરી મળેલ છે. |
| (૨) આ કામોની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ શું છે? | (૨) ૫ કામો પૂર્ણ, ૧૨ કામો પ્રગતિમાં છે. |

**છોટા ઉદેપુરમાં પોલિટેક્નીક કોલેજના મકાનનું કામ પૂર્ણ થવા બાબત**

૧૬૬૭૪ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર તાલુકા મથકે પોલિટેક્નીક કોલેજના મકાનનું કામ ક્યારે પૂર્ણ થયું, અને | (૧) સપ્ટેમ્બર--૨૦૦૪ માં પૂર્ણ થયું. |
| (૨) તેમાં કેટલો ખર્ચ થયો ? | (૨) રૂા. ૧૧,૫૪,૮૩,૭૭૨.૦૦ નો ખર્ચ થયો. |

-------------

**લૂણાવાડા તાલુકાના જુફરાલી ખેમપુરા રસ્તાનું કામ**

૧૬૯૪૫ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લુણાવાડા તાલુકાના જુફરાલી ખેમપુર પાકા રસ્તાનું કામ છેલ્લા ચાર વર્ષથી મંજુર થયેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) કામ મંજૂર થયેલ નથી. |
| (૨) જો હા, તો ક્યાં સુધીમાં આ રસ્તાનું કામ પૂર્ણ કરવામાં આવશે ? | (૨) પ્ર ઉપસ્થિત થતો નથી. |

-------------

**વાજપાઈ નગર વિકાસ યોજનામાં ખેરાલુ નગરપાલિકાને આપેલ ગ્રાન્ટ**

૧૬૪૦૭ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાજપાઈ નગર વિકાસ યોજના માટે ખેરાલુ નગરપાલિકાને ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ ? | રૂા. ૧૬,૦૧,૫૬૮-ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

-------------

**જૂનાગઢ જિલ્લામાં મહેસૂલી ગામોને પાકા રસ્તાની સુવિધા**

૧૬૧૨૨ **શ્રી માધાભાઈ બોરીચા** (કેશોદ) (કેશોદ) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ કુલ કેટલા મહેસૂલી ગામોને પાકા રસ્તાની સુવિધા આપવામાં આવેલ છે, અને | (૧) ૮૭૦ ગામો ડામર/મેટલ સપાટીના પાકા રસ્તાથી જોડાયેલ છે. |

(૨) હવે કેટલા ગામો બાકી છે, અને બાકી ગામોને પાકા રસ્તાથી જોડવાનું શું આયોજન છે ?

(૨) ૪૮ ગામો પાકા રસ્તાથી જોડવાના બાકી છે. જે પૈકી ૧ ગામને પાકા રસ્તાથી જોડવાનું આયોજન થયેલ છે ૪૭ ગામો/નેશ જંગલ વિસ્તારના હોઈ આયોજન નથી.

-------------

**ખેડા જિલ્લામાં શેઢી શાખાના સબમાઇનોર કેનાલના અધુરા કામો**

૧૬૪૧૬ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં શેઢી શાખાના સબમાઇનોર કેનાલોના જે કામો અધુરા મુકેલા છે તે કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૨) આ કામ પૂર્ણ ન થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) આ કામો લાભીત બાગાયતદારોએ પિયત મંડળી રચી સ્વખર્ચે કરવાના થતા હોઈ, સરકારે આયોજન કરવાનું થતું નથી.

(૨) લાભીત ખાતેદારો તરફથી ઉપર મુજબ પ્રતિભાવ ન મળવાથી.

-------------

**રાજકોટ-આટકોટના રસ્તાના નબળા કામ માટે ફરિયાદ**

૧૬૬૬૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા છ માસ દરમિયાન રાજકોટ-આટકોટ રસ્તાના નબળા થતાં કામ અંગે કોના કોના મારફતે ક્યારે ક્યારે ફરિયાદો મળી, અને

(૨) તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) રાજકોટ--આટકોટ રસ્તાના નબળા કામ અંગે મા. ધારાસભ્ય શ્રી કુંવરજીભાઈ બાવળીયા (જસદણ) ની તા. ૩/૧૨/૦૫ અને તા. ૬/૧/૦૬ ની ફરિયાદો મળેલ છે.

(૨) મા. ધારાસભ્યશ્રીની પ્રસ્તુત ફરિયાદો અન્વયેની પ્રાથમિક તપાસની કામગીરી ગુણવત્તા નિયમન તંત્ર દ્વારા કરવામાં આવી રહેલ છે.

**રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં રાયડી જૂથ પાણી પુરવઠા યોજના**

૧૬૬૨૨ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકા વિસ્તારની રાયડી જૂથ પાણી પુરવઠા યોજનાનું કામ વર્ષ ૧૯૯૮-૧૯૯૯માં મંજુર થયેલ છે તે ખરૂં છે,

(૨) જો હા, તો કામગીરી પૂર્ણ કરાવવાની સમય મર્યાદા ક્યારે પૂર્ણ થયેલ છે,

(૩) સમય મર્યાદામાં હજુ સુધી કામ પૂર્ણ થયેલ ન હોઇ શાં પગલાં લેવામાં આવેલ છે, અને

(૪) કામ ક્યારે પૂર્ણ કરાવવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૧૧-૧૨-૦૧ થી.

(૩) સમય મર્યાદામાં કામ કરવામાં ન આવતા ઠેકેદારને વખતોવખત નોટીસો આપવામાં આવેલ છે, સમય મર્યાદા અન્વયે ઠેકેદારના બિલમાંથી રૂા. ૧૦.૭૨ લાખની કપાત કરવામાં આવેલ છે અને છેલ્લા બીલનું રૂા. ૧૧.૬૮ લાખનું ચુકવણું પણ કરવામાં આવેલ નથી.

(૪) જૂન-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**સુરત જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓને જોબ નંબર આપવા બાબત**

૧૫૯૩૭**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં પંચાયત હસ્તક તથા સ્ટેટ હસ્તકના નાણાંકીય ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧-૦૬ સુધીમાં તાલુકાવાર કેટલા રસ્તા બનાવવાના જોબ નંબર આપવામાં આવ્યા, અને

(૨) તે પૈકી તાલુકાવાર પંચાયત હસ્તક અને સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓ બનાવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ સુધીમાં નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં રસ્તાની કામગીરી માટે આપેલ જોબનંબર નીચે મુજબ છે.

| તાલુકો | જોબનંબરની સંખ્યા |
|---|---|
| ચોર્યાસી | ૧૯ |
| ઓલપાડ | ૨૦ |
| કામરેજ | ૯ |
| પલસાણા | ૭ |
| બારડોલી | ૧૩ |
| મહુવા | ૬ |
| વાલોડ | ૪ |
| વ્યારા | ૧૫ |
| સોનગઢ | ૧૩ |
| માંડવી | ૫ |
| માંગરોલ | ૬ |
| ઉમરપાડા | ૩ |
| ઉચ્છલ | ૧૨ |
| | ૧૩૨ |

(૨) ફાળવેલ જોબનંબર પૈકી પૂર્ણ થયેલ કામો નીચે મુજબ છે.

| તાલુકો | પૂર્ણ થયેલ કામો |
|---|---|
| ચોર્યાસી | ૧૬ |
| ઓલપાડ | ૧૫ |
| કામરેજ | ૯ |
| પલસાણા | ૭ |
| બારડોલી | ૧૨ |
| મહુવા | ૩ |
| વાલોડ | ૨ |
| વ્યારા | ૭ |
| સોનગઢ | ૩ |
| માંડવી | ૪ |
| માંગરોલ | ૪ |
| ઉમરપાડા | ૧ |
| ઉચ્છલ | ૬ |
| | ૮૯ |

-------------

**નર્મદા નદીમાં દરિયાના પાણીથી ભૂતળને બચાવવા વિયર યોજના**

૧૩૯૯૯ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં નર્મદા નદીમાં દરિયાના ધસી આવતા પાણીથી ભૂતળને બચાવવા વિયર યોજના અન્વયેની કાર્યવાહી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) આ વિયર યોજનાની લાઈનદોરી તથા આલેખન માટે પ્રાથમિક સર્વેક્ષણ/સંશોધનની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૨) ઉપરોક્ત પ્રાથમિક સર્વેક્ષણ/સંશોધનની કાર્યવાહી માર્ચ-૦૬માં પૂર્ણ કરવામાં આવશે.

-------------

**પાલીતાણા તાલુકાના લીલીવાવ ગામને પાકા રસ્તાથી જોડવાનું આયોજન**

૧૬૨૫૦ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા તાલુકાના લીલીવાવ ગામને પાકા રસ્તાથી જોડવાનું સરકારનું આયોજન છે કેમ, | (૧) અને (૨) : જમીન સંપાદનનું કામ બજેટમાં મંજુર કરેલ છે. |
| (૨) જો હા, તો કઈ યોજનામાંથી, અને | |
| (૩) કામ ક્યારે ચાલુ થશે અને ક્યારે પૂર્ણ થશે ? | (૩) જમીન સંપાદનની કામગીરી પૂર્ણ થયા બાદ કામ મંજૂર કરી ઈજારો નક્કી કરી નિયત કરેલ સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**અમદાવાદ શહેરને મેગાસીટી પછી કેન્દ્ર સરકારે આપેલ ગ્રાન્ટ બાબત**

૧૬૬૮૪ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરને મેગાસીટી ક્યારે જાહેર કરવામાં આવ્યું, અને | (૧) અમદાવાદ શહેરને એનયુઆરએમ માં જાહેર કરેલ છે. |
| (૨) જાહેરાત પછી કેન્દ્ર સરકાર દ્વારા શહેરને કેટલી ગ્રાન્ટ ફાળવાઈ ? | (૨) કેન્દ્ર સરકાર તરફથી આ વર્ષે કોઈ ગ્રાન્ટ ફાળવાયેલ નથી. |

-------------

**વલસાડ જિલ્લામાં નાની સિંચાઈ યોજનાના કામોની તાંત્રિક મંજૂરી**

૧૬૬૬૩ **શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર નાની સિંચાઇ યોજનાના ક્યા ક્યા કામોના સર્વે થઈ તાંત્રિક મંજૂરી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવી, અને | (૧) છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં નાની સિંચાઈ યોજનાના કોઈ કામોના સર્વે કરવામાં આવેલ નથી કે કોઈ તાંત્રિક મંજુરી આપવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેટલાને વહીવટી મંજૂરી અપાઈ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્યમાં સુજલામ્ સુફલામ્ યોજના નીચે બનેલ ચેકડેમો**

૧૬૮૨૨ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલા ચેકડેમો બાંધવામાં આવ્યા, અને | (૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ રાજ્યમાં સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર સામેલ પત્રક મુજબ ૧૪૭૫૭ ચેકડેમો બાંધવામાં આવ્યા. |

(૨) તેમાં કેટલો ખર્ચ થયો ?

(૨) સામેલ પત્રક મુજબ ખર્ચ રુ ૩૪૦૮૧.૬૭ લાખ થયેલ છે.

પત્રક

સુજલામ્ સુફલામ્ યોજના નીચે બનેલ ચેકડેમો

| ક્રમ | જિલ્લો | તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં બાંધવામાં આવેલ ચેકડેમો. | |
|---|---|---|---|
| | | ચેકડેમની સંખ્યા | ખર્ચ. રુ લાખમાં |
| ૧. | અમદાવાદ | ૧૧ | ૯૬.૮૦ |
| ૨. | અમરેલી | ૧૦૧ | ૩૭૫.૩૬ |
| ૩. | બનાસકાંઠા | ૧૧૬૫ | ૧૩૪૬.૩૪ |
| ૪. | ભરુચ | ૫૭ | ૧૨૧.૮૫ |
| ૫. | ભાવનગર | ૨૧૬ | ૯૩૭.૫૮ |
| ૬. | દાહોદ | ૨૩૦૨ | ૪૦૩૦.૪૦ |
| ૭. | ડાંગ | ૫૨૬ | ૧૮૭૬.૨૦ |
| ૮. | ગાંધીનગર | ૧૦ | ૬૦.૮૨ |
| ૯. | જામનગર | ૧૧૫ | ૨૫૯.૭૫ |
| ૧૦ | જુનાગઢ | ૧૧૮૦ | ૨૧૮૬.૬૫ |
| ૧૧. | કચ્છ | ૧૮૦ | ૪૬૬.૩૫ |
| ૧૨. | ખેડા, આણંદ | ૨૦૧ | ૪૦૮.૦૭ |
| ૧૩. | મહેસાણા | ૨૯૨ | ૧૧૨૯.૩૭ |
| ૧૪. | નર્મદા | ૯૯ | ૨૩૦.૦૮ |
| ૧૫. | નવસારી | ૨૪૨ | ૫૦૭.૭૨ |
| ૧૬. | પંચમહાલ | ૧૧૭૭ | ૧૮૮૫.૮૬ |
| ૧૭. | પાટણ | ૫૭૬ | ૯૦૯.૬૬ |
| ૧૮. | પોરબંદર | ૬૬ | ૧૦૭.૨૩ |
| ૧૯. | રાજકોટ | ૬૨૨ | ૧૮૨૦.૯૨ |
| ૨૦. | સાબરકાંઠા | ૪૦૦૧ | ૧૧૨૪૯.૯૪ |
| ૨૧. | સુરત | ૩૮૭ | ૧૨૩૨.૭૫ |
| ૨૨. | સુરેન્દ્રનગર | ૧૨૫ | ૧૭૯.૬૬ |
| ૨૩. | વડોદરા | ૩૮૬ | ૯૭૨.૩૫ |
| ૨૪. | વલસાડ | ૭૨૦ | ૧૬૮૯.૩૩ |
| | કુલ | ૧૪૭૫૭ | ૩૪૦૮૧.૬૭ |

-------------

**ભાભોર - દીયોદર - સૂઈગામ રસ્તાને ફોરલેન કરવા બાબત**

૧૪૪૩૨ **શ્રી ભેમાભાઈ રા. પટેલ (દીઓદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| બનાસકાંઠા જિલ્લાના ભાભર-દિયોદર ત્રણ રસ્તાથી રાધનપુર સૂઇગામ-ભાભર પેટ્રોલ પંપ સુધીના રસ્તાને ચાર માર્ગીય કરવા સરકારનુ કોઈ આયોજન છે કે કેમ ? | ના, જી. |

-------------

**બાલાસિનોર અને વિરપુર તાલુકાના પંચાયત હસ્તકના રસ્તાઓને સ્ટેટમાં સમાવવા બાબત**

૧૬૬૭૧**શ્રી રાજેશ પાઠક (બાલાસિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બાલાસિનોર અને વિરપુર તાલુકાના જિલ્લા પંચાયત હસ્તકના રસ્તાઓને સ્ટેટમાં સમાવવાની દરખાસ્ત મળી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કાર્યવાહી ક્યા તબક્કે છે ? | (૨) દરખાસ્ત હેઠળના રસ્તા રાજ્ય વિભાગમાં સમાવવા જરૂરી સંમતી મેળવવાની નિયમોનુસાર કાર્યવાહીમાં છે. |

-------------

**નડીયાદ શહેરમાંથી પસાર થતા કાંસ ઉપર થયેલ ગેરકાયદે દબાણો**

૧૫૧૩૧ **શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ફેબ્રુઆરી-૨૦૦૬ની સ્થિતિએ નડીયાદ શહેરમાંથી પસાર થતા કાંસ ઉપર બાંધકામ થઈ જતા ચોમાસાના પાણીનો નિકાલ નહીં થવાના કારણે નડીયાદ શહેરમાં મોટી સમસ્યાઓ સર્જાતી હોવાની હકીક્ત ખરી છે, | (૧) ના, જી. |
| (૨) કાંસ ઉપર ગેરકાયદેસર દબાણો દૂર કરી પાણીના પ્રવાહને શહેર બહાર કાઢવા શું આયોજન કરવામાં આવેલ છે, અને | (૨) નગરપાલિકા દ્વારા વખતોવખત દબાણો દુર કરવામાં આવે છે. તથા ફરીથી દબાણ ન થાય તેની કાળજી લેવામાં આવે છે. |
| (૩) નડીયાદ શહેરના કાંસની સાફસુફી કરવા નગરપાલિકાએ શું આયોજન કરેલ છે ? | (૩) ચોમાસા પૂર્વે સફાઈ કરવામાં આવે છે. |

-------------

**હળવદ તાલુકાનો હળવદ-સરા રોડ ઉપર બ્રાહ્મણી નદી ઉપર બેઠો કોઝવે બનાવવા બાબત**

૧૬૧૪૧ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં હળવદ તાલુકામાં હળવદ-સરા (સ્ટેટ)ના રસ્તા ઉપર બ્રાહ્મણી નદી પર બેઠો કોઝવે સંપૂર્ણ નાશ પામેલ છે, તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો હળવદ-મૂળી તાલુકા મથકે જવા માટે આ મુખ્ય રસ્તો છે તો આ કોઝવે બનાવવા માટે રાજ્ય સરકાર એ આયોજન કરેલ છે કે કેમ, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો બંને તાલુકાની સ્થિતિ ધ્યાને લઈ કેટલા સમયમાં આયોજન કરવા માગો છો ? | |

-------------

**નંદેસરી વિસ્તારમાં પીવાના પાણીમાં ક્ષારનું વધુ પ્રમાણ**

૧૬૫૨૯ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વડોદરા તાલુકાના નંદેસરી વિસ્તારમાં આપવામાં આવતા પીવાના પાણીમાં નિયત મર્યાદા કરતા વધુ પ્રમાણમાં ક્ષાર (ટી.ડી.એસ.) હોવાની | (૧) વિવિધ ટ્યુબવેલના પાણી સંપમાં એકત્ર કરીને વિતરણ કરવામાં આવતા પાણીમાં તા. ૨૭-૦૨-૦૬ની સ્થિતિએ ક્ષારનું પ્રમાણ નિયત મર્યાદામાં |

હકીક્ત સરકાર જાણે છે, અને

જણાયેલ છે.

એચબી-૯૯૮-૧૩
(૨) જો હા, તો આ અંગે સરકારે શી કાર્યવાહી કરી?

(૨) વિવિધ ટ્યુબવેલના પાણી સંપમાં એકત્ર કરીને વિતરણ કરવામાં આવતાં પાણીમાં તા.૨૭-૦૨-૦૬ની સ્થિતિએ ક્ષારનું પ્રમાણ નિયત મર્યાદામાં જણાયેલ છે.

-------------

**કાલાવાડ તાલુકાના શનાળા ગામને કાલાવડથી પાકા રોડથી જોડવા બાબત**

૧૫૧૩૭ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં કાલાવડ તાલુકાનું શનાળા ગામ પાકા રોડથી કાલાવડ સાથે જોડાયેલ છે કે કેમ, | (૧) ના જી. |
| (૨) આ અગાઉ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં આ ગામને પાકા માર્ગથી જોડવા માટેની યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો અને પાછળથી રદ કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૨) આ કામ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં મંજૂર કરવામાં આવેલ નથી તેમજ રદ કરેલ નથી. જેથી પ્ર ઉપસ્થિત થતો નથી. |
| (૩) હવે કેટલા સમયમાં આ ગામને પાકા ડામર રોડથી જોડવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયે નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર. |

-------------

**કડી સિવિલ કોર્ટનું મકાન બાંધવા બાબત**

૧૬૫૩૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સિવિલ કોર્ટ-કડીના મકાન બાંધકામ પાછળ કેટલો ખર્ચ થયો, | (૧) તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં રૂા. ૧૦૩.૬૪ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૨) મકાન બાંધકામનું કાર્ય બંધ થવાના કારણો શા છે, અને | (૨) મુખ્યત્વે સાઈટ ફેરફાર થવાના કારણે. |
| (૩) આ મકાનનું બાંધકામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બાંધકામ વર્ષ ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**ડાંગ-નવસારી અને વલસાડ જિલ્લામાં ૮૦-૨૦ સ્કીમમાં ચેકડેમો બનાવવા બાબત**

૧૪૦૪૮**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ડાંગ-નવસારી અને વલસાડ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી યોજનામાં ૮૦-૨૦ સ્કીમ હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમો બનાવવાનું આયોજન હતું, અને

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં કરેલ આયોજન

| **જિલ્લા** | **સંખ્યા** |
|---|---|
| નવસારી | ૨૮૩ |
| વલસાડ | ૧૧૫૧ |
| ડાંગ | ૮૨૬ |

(૨) કેટલા ચેકડેમોના કામો પૂર્ણ થયા અને બાકી રહેતા ચેકડેમોના કામો કેટલા સમયમાં પૂર્ણ થશે

(૨) પૂર્ણ થયેલ ચેકડેમની સંખ્યા

| **જિલ્લા** | **સંખ્યા** |
|---|---|
| નવસારી | ૨૧૦ |

?

| | |
|---|---|
| નવસારી | ૨૧૦ |
| વલસાડ | ૮૦૫ |
| ડાંગ | ૬૫૨ |

બાકીના ચેકડેમો તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે.

-------------

**સરકારી મકાનોમાં જળ સંચયની કાર્યવાહી**

૧૬૪૦૫ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| સરકારી મકાનોમાં જળ સંચય માટેની કોઇ કાર્યવાહી માર્ગ મકાન વિભાગે હાથ ધરેલ છે કે કેમ ? | હા જી. |

-------------

**મહેસાણા અને પાટણ જિલ્લાની નગરપાલિકાઓમાં ઈ-ગર્વનન્સની કામગીરી**

૧૬૬૨૫**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા):માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડીસેમ્બર-૦૫ના અંતે મહેસાણા અને પાટણ જિલ્લાની કેટલી નગરપાલિકાઓ ઈ-ગર્વનન્સ યોજના અંતર્ગત વહીવટી કામગીરી કરે છે, | (૧) મહેસાણા ૬ નગરપાલિકા<br>પાટણ ૫ નગરપાલિકા<br>**કુલ ૧૧ નગરપાલિકા** |
| (૨) કેટલી નગરપાલિકાઓ આ યોજનાથી વંચિત છે, અને | (૨) એક નગરપાલિકા<br>(વિજાપુર નગરપાલિકા) |
| (૩) સરકાર આ માટે શું આયોજન કરવા માંગે છે? | (૩) યોજનાથી વંચિત વિજાપુર નગરપાલિકાએ હાલમાં હાર્ડવેર મેળવેલ છે અને ટેક્ષ તથા જન્મ-મરણની ડેટા એન્ટ્રીની કામગીરી શરૂ કરાવેલ છે. |

-------------

**દાંતીવાડા તાલુકાના મારવાડના પાટીયાથી ઝાલરા (કરઝા) રસ્તાનું કામ**

૧૪૬૮૭ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાંતીવાડા તાલુકાના મારવાડના પાટીયાથી ઝાલરા (કરઝા) રસ્તાનું કામ છેલ્લા કેટલા સમયથી અધુરૂ છે, | (૧) અને (૨) આ રસ્તો વર્ષ ૯૦-૯૧માં સિંચાઈ વિભાગે મા **X** મ વિભાગને સોપેલ ત્યારબાદ આ રસ્તા ઉપર કોઈ કામગીરી કરવામાં આવેલ નથી.આથી રસ્તાનું કામ અધુર્ નથી. |
| (૨) તે માટેના કારણો શા છે, અને | |
| (૩) આ રસ્તાનું કામ તાકીદે પૂર્ણ કરવા સરકારે શાં પગલાં લીધા ? | (૩) આ રસ્તાની સુધારણા કરવાનું આયોજન કરેલ છે. |

-------------

**ગાંધીનગર જિલ્લામાં ખેતી માટે નવા ટ્યૂબવેલ બનાવવા**

૧૬૨૨૩ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ખેતી માટે નવીન ટ્યુબવેલ બનાવવા માટે તાલુકાવાર કેટલી અરજીઓ બાકીમાં છે, | (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ<br>ગાંધીનગર તાલુકામાં - ૮<br>માણસા તાલુકામાં - ૩<br>અરજીઓ બાકીમાં છે. |
| (૨) ખેતી માટે કુલ કેટલા નવા ટ્યુબવેલ તાલુકાવાર બનાવવાની મંજુરી આપી, અને | (૨) ના જી, |
| (૩) અરજી મળ્યા પછી અરજદારને ક્યાંથી | (૩) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ ધ્વારા |

| | |
|---|---|
| એન.ઓ.સી. મેળવવું પડે છે કેમ ? | નવા પાતાળકુવાઓ, કરવાનો હાલ પ્રતિબંધ (બાન) હોવાથી કાર્યવાહી કરવાની રહેતી નથી. ખાનગી પાતાળકુવાઓ માટે ગુજરાત વિદ્યુતબોર્ડ (જી.ઈ.બી.) ધ્વારા વીજ ક્નેક્શન આપતી વખતે ગુજરાત ભૂગર્ભ જળ સત્તા મંડળની ભલામણ લેવાની રહે છે. |

-------------

**ભાવનગર તાલુકાના પાળીયાદથી દેવળીયા વચ્ચે કોઝ વે બનાવવા બાબત**

૧૬૧૩૬ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભાવનગર તાલુકાના ગામ પાળીયાદથી દેવળીયા વચ્ચે કોઝવે કમ રસ્તાની જરૂરિયાત અંગે સને ૨૦૦૬-૨૦૦૭ના નાણાકીય વર્ષમાં રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ? | (૧) ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં આયોજન નથી. |

-------------

**શહેરી વિકાસ વર્ષ દરમ્યાન રમતગમતનાં મેદાનો બાબત**

૧૫૧૪૪**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧ જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ નાણાંકીય વર્ષ દરમ્યાન શહેરી વિકાસ અંતર્ગત કેટલા રમતગમતનાં મેદાનો વિક્સાવવામાં આવેલ છે, અને | (૧) ૮ (આઠ) |
| (૨) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂા. ૫.૦૭ લાખ |

-------------

**ભાવનગર જિલ્લાની શેત્રુંજી જળ સિંચાઇ યોજનાની ડાબા અને જમણા કાંઠાની નહેરોનું લાઇનીંગ કામ**

૧૬૮૧૫**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાની શેત્રુંજી જળ સિંચાઈ યોજનાની ડાબા અને જમણા કાંઠાની નહેરોનું લાઇનીંગ કામ ક્યાં સુધીમાં પૂર્ણ થઇ જશે, | (૧) શેત્રુંજી જળ સિંચાઈ યોજનાની મુખ્ય નહેરોમાં મહદઅંશે લાઈનીંગ કામ પૂર્ણ થયેલ છે તેમજ શાખા-વિશાખા અને પ્રશાખામાં લાઈનીંગ કામ પૂર્ણ થયેલ છે. મુખ્ય નહેરમાં બાકી રહેલ લાઈનીંગ કામ પૂર્ણ કરવાનું હાલ કોઈ આયોજન નથી. |
| (૨) ૩૧ ડિસેમ્બર, ૨૦૦૫ની સ્થિતિએ બે વર્ષમાં લાઇનીંગ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂા. ૦.૮૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) આ બંને કેનાલોની ટેઇલ એન્ડ ને પાણી નહીં મળવાની કોઇ ફરિયાદો મળેલ છે, તો શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) હા, જી ટેઈલ વિસ્તારમાં પાણી પહોંચાડવા માટે ટેઈલથી હેડ પધ્ધતિ અખત્યાર કરી પાણી આપવાના પ્રયત્નો કરવામાં આવે છે. |

-------------

**અતિવૃષ્ટિથી તૂટી ગયેલ સિંચાઈ યોજનાના કામ**

૧૬૪૧૦**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૫૨) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેલીમીટી રીલીફ ફંડ કે નેશનલ કેલીમીટી ફંડમાંથી અતિવૃષ્ટિથી તૂટી ગયેલ કે નબળી થયેલ સિંચાઇ યોજનાઓ રીપેર કરવા રકમ મંજુર થયેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા જી, |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ આ કામો માટે કેટલી રકમ કઇ કઇ યોજનાઓના કામો અન્વયે મંજૂર કરવામાં આવ્યા અને ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ક્યા ક્યા કામો પૂર્ણ કરવામાં આવ્યા અને ક્યા ક્યા કામો પ્રગતી હેઠળ છે, અને | (૨) વર્ષ ૨૦૦૫/૦૬ દરમ્યાન, ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ અતિવૃષ્ટિગ્રસ્ત રાજ્યની મોટી, મધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓ માટે રૂા. ૨૦/- ક્રોડ મંજુર કરેલ છે. જેમાંથી ૩૧/૧૨/૦૫ સુધીમાં રૂા. ૧૩.૩૮ ક્રોડના કામો પૂર્ણ કરેલ છે અને રૂા. ૬.૬૨ ક્રોડના કામો પ્રગતિમાં છે. |
| (૩) જો ના, તો અતિવૃષ્ટિથી તૂટી ગયેલ કે નબળી થયેલ સિંચાઇ યોજનાઓમાં રીપેરીંગ માટે શું આયોજન થયું છે, અને ક્યા હેડ હેઠળ તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલું ખર્ચ ક્યા ક્યા કામો અન્વયે કરવામાં આવ્યું ? | (૩) પ્ર ઉપસ્થિત થયો નથી. |

-------------

**બગસરા તાલુકામાં આવેલી સાતલી યોજના શરૂ કરવા બાબત**

૧૫૯૪૨ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લાના બગસરા તાલુકામાં આવેલ માંડવરા, પાણીયાની આસપાસના ગામોમાં આવેલ સાતલી સિંચાઇ યોજનાને મંજુરી આપવામાં આવી હતી, પરંતુ આ યોજના છેલ્લા પાંચ વર્ષથી કોઇ કારણસર શરૂ થઇ નથી, તે હકીક્ત સાચી છે, | (૧) યોજનાને વહીવટી મંજુરીઓ અપાઈ ન હોઈને યોજના શરુ ન થવાનો પ્ર ઉપસ્થિત રહેતો નથી. |
| (૨) જો હા, તો આ યોજના ક્યારે મંજૂર કરવામાં આવી હતી, અને | (૨) પ્ર ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ યોજના સરકાર ક્યારે શરૂ કરશે ? | (૩) આ સૂચિત યોજનાને વહીવટી મંજુરી મળ્યે તેમજ નાણાકીય ઉપલબ્ધતા થયે શરૂ કરવામાં આવશે. |

-------------

**વણછરા અને ઉમજ ગામ વચ્ચે ઢાઢર નદી ઉપર પુલ બનાવવા બાબત**

૧૫૧૪૧ **શ્રી પુનમ ર. પરમાર (પાદરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| કારેલીથી વણછરા વાળા રસ્તા ઉપર વણછરા-ઉમજ ગામ વચ્ચે ઢાઢર નદી ઉપર પુલ બનાવવાની જે યોજના છે તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | પુરતી નાણાંકીય જોગવાઇ થયેથી કામ હાથ ધરવાનું આયોજન છે. |

-------------

**વડગામ અને પાલનપુર તાલુકામાં રસ્તા સુધારવાના કાર્યક્રમ નીચે રસ્તાઓનાં કામ**

૧૬૧૪૬ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લાના વડગામ અને પાલનપુર તાલુકામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ | (૧) પત્રક-૧ મુજબ આ તાલુકાઓમાં સદર સમયગાળા દરમ્યાન ૫૨-(બાવન) રસ્તાનાં કામો હાથ |

છેલ્લા બે વર્ષમાં વિવિધ ફંડોમાંથી રસ્તા સુધારણાના કાર્યક્રમ હેઠળ ક્યા ક્યા રસ્તાઓની કામગીરી હાથ ધરવામાં આવી છે,

ધરવામાં આવેલ છે.

(૨) આ રસ્તા સુધારણાની કામગીરી હાલ ક્યા તબક્કામાં છે,

(૩) કેટલા રસ્તાઓના સુધારણાની કામગીરી પૂર્ણ થઇ છે,

(૨) અને (૩) : ૧૫ રસ્તાની કામગીરી પૂર્ણ, ૩૦ રસ્તાની કામગીરી પ્રગતિ હેઠળ અને ૭ રસ્તાની કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

(૪) મંજૂર થયેલ રસ્તાઓમાંથી હજુ કેટલા અને ક્યા રસ્તાઓની કામગીરી થઇ નથી, અને

(૫) કામગીરી ન થવાના શાં કારણો છે ?

(૪) અને (૫) : પત્રક-૨ મુજબ ૭ રસ્તાની કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

**પત્રક-૧**

| અ.નં. | તાલુકો | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | વડગામ | વડગામ વરવાડીયા ગ્રામ્ય માર્ગ રસ્તો કી.મી. ૦/૦ થી ૩/૧૧૫ |
| ૨ | વડગામ | ભલગામ ભાખરી ગ્રામ્ય માર્ગ રસ્તો કી.મી. ૦/૦ થી ૪/૫૦૦ |
| ૩ | વડગામ | ભલગામ ભાખરી ગ્રામ્ય માર્ગ રસ્તો કી.મી. ૦/૦ થી ૧/૧૧૦ |
| ૪ | વડગામ | કોટડી છાપી ગ્રામ્ય માર્ગ રસ્તો કી.મી. ૦/૦ થી ૩/૧૦૦ |
| ૫ | વડગામ | ભલગામ જુની નગરી ભુખલા ગ્રામ્ય માર્ગ રસ્તો કી.મી. ૦/૦ થી ૪/૭૨૫ |
| ૬ | વડગામ | ગોળા પરખડી અ.જી.મા. રસ્તો કી.મી. ૦/૦ થી ૮/૯૩૫ |
| ૭ | પાલનપુર | માનસરોવર મુ.જી.માં રસ્તો કી.મી. ૦/૦ થી ૨/૦૦ |
| ૮ | પાલનપુર | જુના ડીસા ગઢ કાણોદર રાજ્ય રસ્તો કી.મી. ૬/૫૦૦ થી ૮/૫૦૦ |
| ૯ | પાલનપુર | બેચરપુરાથી રેલ્વે ક્રોસીંગ કી.મી. ૦/૦ થી ૦/૮૦૦ |
| ૧૦ | પાલનપુર | કાણોદર સેદ્રાસણા મુ.જી.મા. રસ્તો કી.મી. ૦/૦ થી ૪/૯૮૦ |
| ૧૧ | પાલનપુર | જુના ડીસા ગઢ કાણોદર રાજ્ય રસ્તો કી.મી. ૧/૫૦૦ થી ૬/૫૦૦ |
| ૧૨ | પાલનપુર | પાલનપુર ડીસા રાજ્ય રસ્તો કી.મી. ૦/૦ થી ૧/૪૦૦ |
| ૧૩ | પાલનપુર | માન સરોવર મુ.જી.મા. રસ્તો કી.મી. ૦/૦ થી ૨/૩૮૦ |
| | | **કુલ રાજ્ય વિભાગ :- ૧૩ રસ્તા** |

| અ.નં. | તાલુકો | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | પાલનપુર | હરીપુરા એ. રોડ |
| ૨ | | ને.હા.થી પીરોજપુરા (ટાં) રામપુરા રોડ |
| ૩ | | દલવાડા થી દલવાડા પાટીયા સુધીનો રોડ |
| ૪ | | કરકલ એંગોલા રોડ |
| ૫ | | સ્ટે.હાઇવેથી ભાગળ એ.રોડ |
| ૬ | | ચંગવાડાથી બાદરપુરા રોડ |
| ૭ | | માલણકુપર ધાણધા રોડ |
| ૮ | | ચંડીસર કુંભલમેર કુંભાસણ રોડ કિ.મી. ૬/૦ થી ૭/૩૬૫ |
| ૯ | | ચંડીસર રેલ્વે સ્ટેશન રોડ |
| ૧૦ | | કુંભાસણ એ.રોડ |
| ૧૧ | | મોટા એ.રોડ |
| ૧૨ | | ખોડલા એ.રોડ |
| ૧૩ | | મડાણા (ગઢ) એ.રોડ |
| ૧૪ | | એસ.એચ.થી સદરપુર રોડ |
| ૧૫ | | પાલનપુર જગાણા રોડ |

| | | |
|---|---|---|
| ૧૬ | | માલણ એ.રોડ |
| ૧૭ | | બાદરગઢ ખરોડીયા રોડ |
| ૧૮ | | પાલનપુર ગઠામણ ટાકરવાડા રોડ |
| ૧૯ | | પાલનપુર લાલાવાડા વગદા ખરોડીયા રોડ |
| ૨૦ | | અંગોલા એ.રોડ |
| ૧ | ૨ | ૩ |
| ૨૧ | પાલનપુર | એસ.એચ.થી માલણગેટ એ.રોડ |
| ૨૨ | | સલ્લા ધુમડ મેસર રોડ |
| ૨૩ | | કુંભાસણ સુંઢા સામઢી રોડ |
| ૨૪ | | દલવાડાથી જિલ્લા હદ સુધીનો રોડ |
| ૨૫ | વડગામ | વડગામ એ.રોડ (તાલુકા પંચાયતથી મામલતદાર ઓફીસ) |
| ૨૬ | | વેસા નાવીસણા રોડ |
| ૨૭ | | મેતાથી જિલ્લા હદ સુધીનો રોડ |
| ૨૮ | | રૂપાલ ગીડાસણ રોડ |
| ૨૯ | | બસુ મેતા માહી રોડ |
| ૩૦ | | તેનીવાડા એ.રોડ |
| ૩૧ | | કરશનપુરા એ.રોડ |
| ૩૨ | | છાપીકોદરાલી રોડ (જ્યોતીનગરથી કોદરાલી) |
| ૩૩ | | બસુમેતા માહી રોડ પર સ્લેબ ડ્રેઇન |
| ૩૪ | | વડગામ મેમદપુરા પાંચડા સીસરાણા રોડ |
| ૩૫ | | બાદરપુરા સલેમકોટ મેપડા રોડ |
| ૩૬ | | ફતેગઢ કોટડી રોડ |
| ૩૭ | | ચંગવાડા એ.રોડ |
| ૩૮ | | મુમનવાસ એ.રોડ |
| ૩૯ | | હરદેવાસણા ડભાડ રોડ |

**પત્રક-૨**

**રાજ્ય (મા.મ.) વિભાગ, પાલનપુર-શરુ ન થયેલ કામો**

| અ.નં. | તાલુકો | સદર | વર્ષ | કામનું નામ | ભોતિક પરિસ્થિત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વડગામ | ૫૦૫૪ ગ્રામ્ય માર્ગને રીસરફેસીંગ | ૨૦૦૫-૦૬ | ગોળા પરખડી અ.જી.મા. રસ્તો કી.મી. ૦/૦ થી ૮/૯૩૫ | તા.૧૫-૨-૦૬ થી કામની ડીપોઝીટ ભરવા જણાવેલ છે. |
| **કુલ રાજ્ય વિભાગ-૧ રસ્તો** | | | | | |

**પંચાયત (મા.મ.) વિભાગ, પાલનપુર-શરુ ન થયેલ કામો**

| અ.નં. | તાલુકો | સદર | વર્ષ | કામનું નામ | ભોતિક પરિસ્થિત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વડગામ | ખાસ મરામત | ૨૦૦૪-૦૫ | છાપી કોદરાલી રોડ (જ્યોતી-નગરથી કોદરાલી રોડ) | અંદાજ તાંત્રિક મંજુરી તળે |
| ૨ | પાલનપુર | ખાસ મરામત | ૨૦૦૫-૦૬ | સલ્લા ધુમડ મેસર રોડ | ટેન્ડર મંગાવવાના બાકી |
| ૩ | | | | કુભાસણ સુઢા સામઢી રોડ | ટેન્ડર મંગાવવાના |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | (૦/૦ થી ૩/૦) | બાકી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૪ | | | | દલવાડાથી જિલ્લા હદ રોડ | ટેન્ડર મંગાવવાના બાકી |
| ૫ | વડગામ | ખાસ મરામત | ૨૦૦૫-૦૬ | બાદરપુરા સલેમ કોટ મેપડા રોડ | ટેન્ડર મંગાવવાના બાકી |
| ૬ | | | | ફતેગઢ કોટડી રોડ | ટેન્ડર મંગાવવાના બાકી |
| | | | | પંચાયત વિભાગના કુલ શરુ ન કરેલ રસ્તા :- ૬ રસ્તા | |
| | | | | એકંદરે કુલ શરુ ન કરેલ રસ્તા-૭ રસ્તા | |

-------------

**ભૂકંપ પછી ભચાઉ શહેરના આંતરિક રસ્તા માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૫૧૩૫ **ડૉ. નીમાબેન બ. આચાર્ય (અંજાર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂકંપ પછી જી.યુ.ડી.સી. દ્વારા ભચાઉ શહેરના આંતરિક રસ્તા માટે કેટલી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ, | (૧) રૂા.૧૮,૨૬,૮૪,૫૪૩/- |
| (૨) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ આ રસ્તાના કામ ક્યા તબક્કે છે, અને | (૨) કામ પૂર્ણ થયેલ છે. |
| (૩) આ રસ્તાના કામ ક્યારે પૂરા થશે ? | (૩) પ્ર ઉપસ્થિત થતો નથી. |

-------------

**મુન્દ્રા શહેરને બરો નગરપાલિકામાં સમાવેશ કરવા બાબત**

૧૬૪૦૨**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કચ્છના મુન્દ્રા શહેરનો ઝડપી વિકાસ થવાથી વસ્તી વધવા પામેલ છે ત્યારે આ શહેરને બરો નગરપાલિકા આપવાની સરકારની વિચારણા હેઠળ છે કે કેમ ? | ના, જી. |

-------------

**નર્મદા કેનાલમાંથી સરસ્વતી નદીમાં પાણી છોડવા બાબત**

૧૪૭૯૪**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા કેનાલમાંથી સરસ્વતી નદીમાં કેટલા ક્યુસેક પાણી સો પ્રથમવાર છોડવામાં આવ્યું, | (૧) નર્મદા કેનાલમાંથી સીધેસીધુ સરસ્વતી નદીમાં પાણી નાખવા બાબતે સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા જ્યારે પાણી ઉપલબ્ધ હોય ત્યારે પાણી છોડવા અંગેનું આયોજન કરવામાં આવે છે. જળસંપત્તિ વિભાગ આ મુજબ સીધેસીધુ પાણી નાખવાનું આયોજન કરતું નથી. |
| (૨) કેલેન્ડર વર્ષ ૨૦૦૫ માં સિધ્ધપુર પાસે આ પાણી પમ્પીંગ દ્વારા છોડવામાં આવતા પ્રતિમાસ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) સિધ્ધપુર પાસે સરસ્વતી નદી ઉપર તા.૮-૯-૨૦૦૫ના રોજ ચેકડેમમાં જલાભિષેક કર્યા બાદ સારા વરસાદના કારણે ધરોઇમાં પુરતું પાણી ઉપલબ્ધ હોવાના કારણે પંપીંગ કરીને માહે ઓક્ટોબર-૨૦૦૫, નવેમ્બર-૨૦૦૫, અને ડિસેમ્બર-૨૦૦૫ માં પાણી |

| | |
|---|---|
| | આપવાનો પ્ર ઉપસ્થિત થયેલ નથી. આથી કોઇ ખર્ચ થયેલ નથી. |
| (૩) જાન્યુઆરી-૨૦૦૬ માસમાં કેટલા ક્યુસેક પાણી પ્રતિદિન છોડવામાં આવેલ છે ? | (૩) સિધ્ધપુર ખાતે મુક્તિધામ અને માધુપાવડી મુકામે બાંધકામ કરાયેલ બે ચેકડેમોની કુલ સ્ટોરેજ કેપેસીટી ૨૫ એમ.સી.એફ.ટી. જેટલી છે. એક વખત આ ચેકડેમને ભરી દેતાં દર માસે આ ચેકડેમ જેટલો ખાલી થાય તેટલા પ્રમાણમાં ફરીથી ભરવા માટે ૧૦ એમ.સી.એફ.ટી. પાણીની જરૂર રહે, આથી પ્રતિદિન ૪ ક્યુસેક્સ પાણી આપીએ તો આ બંને ચેકડેમો ભરાયેલ રહે. |

-------------

**અમદાવાદ શહેરને મેગાસીટી જાહેર કર્યા પછી મળેલ સહાય બાબત**

૧૬૫૩૫ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ અમદાવાદ શહેરને કેન્દ્ર સરકાર દ્વારા મેગાસીટી જાહેર કર્યા બાદ કેન્દ્ર સરકાર દ્વારા કેટલા રૂપિયાની આર્થિક મદદ થઇ છે, | (૧) કેન્દ્ર સરકાર તરફથી કોઇ આર્થિક મદદ મળેલ નથી. |
| (૨) રાજ્ય સરકારે અમદાવાદ મ્યુ-કોર્પોરેશનને શું આર્થિક મદદ કરી, અને | (૨) શહેરી વિકાસ વર્ષ અનુસંધાને રૂા.૧૯/- કરોડ ફાળવેલ. |
| (૩) આ આર્થિક મદદથી કઇ કઇ વિકાસ યોજનાઓ થશે ? | (૩) ફ્લાય ઓવર, બ્રીજ તથા અંતિમ ધામના વિકાસની યોજનાઓ. |

-------------

**ચોર્યાસી તાલુકામાં ગરીબોને આવાસની જમીન ફાળવણી**

૧૬૩૨૦ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચોર્યાસી તાલુકાના સચીન-કનસાડ ગામે સ્લમ બોર્ડ ગરીબોના આવાસ માટે જમીન સંપાદિત કરેલ હતી એ હકીકત સરકારના ધ્યાન પર છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા તો, સચીન-કનસાડની ગરીબોના આવાસ માટે કેટલી જમીન સંપાદિત થયેલ, | (૨) ૨,૩૪,૨૩૭ ચો.મી. |
| (૩) આ હેતુ માટે સંપાદિત થયેલ જમીનની કેટલી વખત હરાજી કરવામાં આવેલ અને આ હરાજીમાં કેટલા પ્લોટ ક્યા ભાવથી ફાળવવામાં આવેલ છે, | (૩) (૧) ૧૭ (સત્તર) વખત<br>(૨) ૧૮૨૭ પ્લોટ<br>(૩) રૂા.૫૦૫/- થી રૂા.૭૨૦૦/- સુધીના જુદા જુદા ભાવે |
| (૪) ગરીબોના આવાસ બનાવવા માટે સંપાદિત થયેલ જમીનનો હેતુ ફેરફાર થયેલ છે કે કેમ, અને | (૪) ના, જી. |
| (૫) હેતુ ફેરફાર થયેલ હોય તો તેનું કારણ શું છે? | (૫) પ્ર ઉપસ્થિત થતો નથી. |

-------------

**વિરમગામ તથા સાણંદ શહેર અને તાલુકામાં નર્મદાનું પીવાનું પાણી**

૧૪૬૯૦**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| અમદાવાદ જિલ્લાના વિરમગામ તથા સાણંદ શહેર તેમજ તાલુકાઓના ગામડાઓમાં નર્મદાનું પીવાનું પાણી આપવા માટે સરકારનું શું આયોજન છે ? | વિરમગામ તથા સાણંદ તાલુકાના ગામો તેમજ શહેરને નર્મદા કેનાલ આધારિત જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવવામાં આવેલ છે. આ યોજનાના કામો હાલમાં પ્રગતિમાં છે જેને ક્રમશ : ઓક્ટોબર-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરી પીવાનું પાણી આપવાનું આયોજન છે. |

-------------

**કચ્છ જિલ્લામાં પ્રવાસન સ્થળો વિકસાવવા બાબત**

૧૬૧૨૬**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ અંતર્ગત કચ્છ જિલ્લાના ક્યા ક્યા સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાનું સરકારે આયોજન કર્યું છે, | (૧) (અ) પ્રવાસન વર્ષ ૨૦૦૬ માટે તૈયાર કરવામાં આવેલ પ્રવાસન કાર્યયોજનામાં નારાયણ સરોવર, તેરાગામ અને માંડવી જ્યારે,<br>(બ) કચ્છ જિલ્લા કલેકટરશ્રીની દરખાસ્તમાં નીચેના સ્થળોનો સમાવેશ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે :-<br>૧. નારાયણ સરોવર જાગીર.<br>૨. શ્રી કોટેશ્વર જાગીર.<br>૩. શ્રી અજેયપાળ જાગીર (અંજાર)<br>૪. નાના લાયજા<br>૫. હાજીપીર (તા.માંડવી)<br>૬. શ્રી ધીણોધર મંદિર.<br>૭. માતાનો મઢ.<br>૮. ધ્રંગ. |
| (૨) તે માટે ૨૦૦૫-૦૬ ના વર્ષમાં કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે કે કેમ, અને | (૨) આ માટે ૨૦૦૫-૦૬ ના વર્ષમાં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.<br>૧. કચ્છ-માંડવી - રૂ.૨૨૦.૦૦ લાખ<br>૨. તેરા - રૂ. ૨૦.૦૦ લાખ<br>૩. નારાયણ સરોવર - રૂ. ૬૦.૦૦ લાખ |
| (૩) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ આ પ્રવાસન સ્થળો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૩) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ આ પ્રવાસન સ્થળો માટે નીચે જણાવેલ વિગતે ખર્ચ કરવામાં આવેલ છે.<br>૧. કચ્છ-માંડવી - રૂ.૨૭૫.૦૦ લાખ<br>૨. તેરા - રૂ. ૧૮.૦૦ લાખ<br>૩. નારાયણ સરોવર - રૂ. ૩૨.૦૦ લાખ |

-------------

**વિસાવદર, મોણીયા અને મેંદરડાને જોડતા પુલનું કામ બંધ હોવા બાબત**

૧૬૧૩૮**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિસાવદર, મોણીયા, મેંદરડાને જોડતા રસ્તાના પુલનું કામ તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી બંધ છે તે ક્યારે શરુ કરવામાં આવશે, | (૧) તુરત શરુ થનાર છે. |
| (૨) જો શરુ થશે તો કેટલા સમયમાં પૂર્ણ થશે, અને | (૨) ડિસેમ્બર-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ક્યા કારણથી કામ બંધ છે ? | (૩) વહીવટી કારણોસર. |

-------------

**કલોલ જી.આઇ.ડી.સી. થી છત્રાલ જી.આઇ.ડી.સી. સુધીનો અમદાવાદ મહેસાણા ટોલ રોડની બાજુનો સર્વિસ રોડ પહોળો કરવા બાબત**

૧૬૬૭૭ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કલોલ જી.આઇ.ડી.સી. થી છત્રાલ જી.આઇ.ડી.સી. સુધીનો અમદાવાદ-મહેસાણા ટોલ રોડના બંને બાજુના સર્વિસ રોડ બહુજ સાંકળા હોવાથી ટ્રાફીક તથા અકસ્માત વધારે થાય છે તો સદર સર્વિસ રોડ પહોળા કરવા સરકાર આયોજન કરવા માંગે કે કેમ ? | હાલ આયોજન નથી. |

-------------

**વેરાવળ તાલુકામાં ગ્રામ્ય પરાઓમાં પાકા રોડની સગવડ**

૧૬૮૧૨**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેટલા ગ્રામ્ય પરાઓમાં પાકા રોડની સગવડ નથી, અને | (૧) વેરાવળ તાલુકામાં ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા બધાજ પરા પાકા (મેટલ અથવા ડામર) રસ્તાથી જોડાયેલ છે. |
| (૨) આવા ગ્રામ્ય પરાઓમાં રોડ બનાવવાની કામગીરી કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે ? | (૨) પ્ર ઉપસ્થિત થતો નથી. |

**કચ્છ જિલ્લાના સ્થળોનો યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવા બાબત**

૧૬૬૫૯ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ક્યા ક્યા સ્થળોનો યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવામાં આવ્યો, અને | (૧) કચ્છ જિલ્લાના કોઇ સ્થળનો યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવામાં આવેલ નથી. |
| (૨) તે માટે કેટલી નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે ? | (૨) પ્ર ઉપસ્થિત થતો નથી. |

**ખાનપુર તાલુકાના લંભો-પાંડરવાડા રોડને રિકારપેટ કરવા બાબત**

૧૬૯૪૬ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાંથી પસાર થતો લંભો, પાંડરવાડા રોડ બે રાજ્યને જોડતો રસ્તો છે, બંને રાજ્યોના જોડતા રસ્તાથી વાહનોની આવજા વધુ હોવાથી આ રસ્તાઓનું રિકારપેટ કામ ક્યાં સુધી કરવામાં આવશે, અને | (૧) વર્ષ ૨૦૦૬-૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) કરન્ટ રીલીફ ફંડ જોગવાઇમાં આ રસ્તો લેવામાં આવેલ છે, કે કેમ ? | (૨) કિસાન પથ યોજનામાં આ રસ્તો મંજૂર કરવામાં આવેલ છે. |

-------------

**ખેરાલુ-સતલાસણા અને વડનગર તાલુકાના રસ્તાઓના પ્લાન**

૧૬૪૦૮ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ખેરાલુ, સતલાસણા અને વડનગર તાલુકાના કુલ કેટલાં કિલોમીટરના રસ્તા પ્લાન છે, | (૧) ૪૮૧.૩૭ કિ.મી. |
| (૨) તે પૈકી કેટલા રસ્તાની ડામરસપાટી ખરાબ છે જ્યારે કેટલા રસ્તાઓ હજુ ડામર સપાટી વગરના છે, | (૨) ડામર સપાટીના રસ્તા વાહન વ્યવહાર યોગ્ય છે. ત્રણ રસ્તા ડામર સપાટી વગરના છે. |
| (૩) ઉપરના ત્રણે તાલુકાઓમાં કેટલા નોન પ્લાન રસ્તાઓનું મેટલકામ થયેલ છે પરંતુ ડામરકામ થયેલ નથી આ મેટલકામ ક્યારથી થયેલ છે ક્યા ક્યા રસ્તાનું, અને | (૩) પત્રક મુજબ ૯-નોન પ્લાન રસ્તાઓ મેટલ સપાટીના છે. |
| (૪) આ મેટલકામ થયેલા રસ્તાઓને પેવરકામ કરવાનું સરકારનું કોઇ આયોજન છે કે કેમ અને જો હા, તો ક્યારે ? | (૪) મેટલ સપાટીવાળા રસ્તા પૈકી ૫-નોન પ્લાન રસ્તાને ડામર સપાટીના કરવા આયોજન છે. |

**પ ત્ર ક**

**ખેરાલુ-સતલાસણા અને વડનગર તાલુકાના રસ્તાઓના કામ (મેટલ કામ થયેલ નોન-પ્લાન રસ્તાઓની યાદી)**

| અ.નં. | રસ્તાનું નામ | મેટલ થયાનું વર્ષ |
|---|---|---|
| | **તાલુકો : ખેરાલુ** | |
| ૧ | ડાઓલ ડાઓલ વસાહત રોડ | ૧૯૮૯-૯૦ |
| ૨ | રહેમાનપુરા એપ્રોચ રોડ | ૧૯૯૦-૯૧ |
| ૩ | નાનવીવાડા એપ્રોચ રોડ | ૧૯૯૦-૯૧ |
| ૪ | વાલાપુરા એ.રોડ | ૧૯૯૦-૯૧ |
| ૫ | ખેરપુર એ.રોડ | ૧૯૯૦-૯૧ |
| | **તાલુકો : સતલાસણા** | |
| ૬ | ખારી એ.રોડ | ૧૯૯૬-૯૭ |
| | **તાલુકો : વડનગર** | |
| ૭ | શેખપુર ગુંજા રોડ | ૧૯૯૭-૯૮ |
| ૮ | રેડ લક્ષ્મીપુરા ઉંઢાઇ રોડ | ૧૯૯૭-૯૮ |
| ૯ | લીલાપુરા સબલપુર રોડ | ૧૯૯૯-૨૦૦૦ |
| | **કુલ : ૯ રસ્તાઓ.** | |

-------------

**રાજ્યની નગરપાલિકાઓમાં ડબલ એન્ટ્રી એકાઉન્ટ સીસ્ટમ કરવા બાબત**

૧૬૧૨૩ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની નગરપાલિકાઓમાં ડબલ એન્ટ્રી એકાઉન્ટ સીસ્ટમ હાથ ધરાયાની હકીક્ત ખરી છે,

(૨) આ અંગે શી કાર્યવાહી કરવામાં આવી રહી છે, અને

(૩) કેટલી નગરપાલિકાઓએ તેનો અમલ કર્યો છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યની તમામ નગરપાલિકાઓ માટે ૩૭ જેટલી ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મસની નિમણૂંક કરવામાં આવેલ છે.

(૩) રાજ્યની ૧૪૧ નગરપાલિકાઓએ તેના અમલની શરૂઆત કરેલ છે.

-------------

**ખેડા જિલ્લાના ખેડૂતોને પિયત માટે નહેરોનું પાણી આપવા બાબત**

૧૬૪૧૭**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં ૨૦૦૬ના વર્ષના આગામી ઉનાળાની સિઝનમાં પિયત માટે ખેડૂતોને નહેરોમાંથી પાણી આપવાનું આયોજન કરેલ છે, અને

(૨) જો હા, તો સરકાર ક્યારથી પાણી આપવાનું શરુ કરશે ?

**જવાબ**

(૧) પાણીની ઉપલબ્ધીને ધ્યાને રાખી વિચારણા કરવામાં આવશે.

(૨) ઉપર મુજબ.

-------------

**જસદણની ક્નેસરા નાની સિંચાઇ યોજનાનું કામ**

૧૬૬૬૭ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જસદણના ક્નેસરા નાની સિંચાઇ યોજના ક્યારે મંજૂર કરવામાં આવેલ, અને

(૨) આ યોજનાનું કામ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) તા.૧૩-૧૦-૯૫

(૨) યોજના વિકલ્પે સિરીઝ ઓફ ચેકડેમના આયોજન કરવામાં આવી રહેલ છે.

-------------

**સુરત જિલ્લામાં પુલ અને સ્લેબડ્રેઇનને જોબનંબર આપવા બાબત**

૧૫૯૩૮ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં સન ૨૦૦૪-૨૦૦૫ તથા ૨૦૦૫-૨૦૦૬ માં તા.૩૧-૧-૦૬ સુધીમાં પંચાયત હસ્તક, સ્ટેટ વિભાગમાં કેટલા પુલોસ્લેબડ્રેઈન જોબનંબર તાલુકાવાર આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૬ સુધીમાં નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં પુલો સ્લેબડ્રેઇનને આપેલ જોબનંબર નીચે મુજબ છે.

| તાલુકો | જોબનંબરની સંખ્યા |
|---|---|
| ઓલપાડ | ૪ |
| કામરેજ | ૩ |
| પલસાણા | ૧ |
| બારડોલી | ૩ |
| મહુવા | ૩ |
| વાલોડ | ૧ |
| વ્યારા | ૧૦ |
| સોનગઢ | ૩ |

| | |
|---|---|
| માંડવી | ૭ |
| માંગરોલ | ૩ |
| ઉમરપાડા | ૧ |
| નિઝર | ૧ |
| | **૪૦** |

(૨) જે પૈકી કેટલા કામો પૂર્ણ થયેલ છે અને કેટલા બાકી છે ?

(૨) ૩૩ કામો પૂર્ણ થયેલ છે અને ૭ કામો બાકી છે.

-------------

## દહેજ બંદરને રેલ્વે સાથે સાંકળવાની યોજના

૧૪૦૦૦**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દહેજ બંદરને રેલ્વે સાથે સાંકળવાની યોજના અંતર્ગત કરવામાં આવેલ એમ.ઓ.યુ. પછી આ કામગીરી તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ મહત્વના બંદરને રેલ્વે માર્ગે જોડવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) અને (૨) : સરકારશ્રી દ્વારા આ યોજના સાથે જેનું હિત સમાયેલ છે તે સંબંધિત (સ્ટેક હોલ્ડર્સ) સાથે પરામર્શ કરેલ છે અને ""ખાસ હેતુસર વાહન"" (એસપીવી સ્પેશયલ પરપઝ વ્હીકલ) રચવાના તબક્કે છે.

-------------

## વર્ષ ૨૦૦૬ ને પ્રવાસન વર્ષ જાહેર કરવા બાબત

૧૬૬૮૫ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૬ ને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરવા પાછળ સરકારનો શો ઉદેશ્ય છે,

(૨) આ સંદર્ભે નવી પ્રવાસન નીતિ જાહેર કરવાનું સરકાર વિચારે છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યારે અને એની વિગતો શી છે ?

**જવાબ**

(૧) ""ગુજરાતને આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રિય કક્ષાએ પ્રવાસન માટે શ્રેષ્ઠ રાજ્ય તરીકે પ્રસ્થાપિત કરવાનો ઉદ્દેશ છે.""

(૨) ના, જી.

(૩) પ્ર ઉપસ્થિત થતો નથી.

-------------

## ઉમરગામ તાલુકામાં વારોલી ખાડી ઉપર પુલ બનાવવા બાબત

૧૬૬૬૪ **શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં વારોલી ખાડી પર પુલ બનાવવા કેટલી રકમ ફાળવવામાં આવી છે, અને

(૨) તે અન્વયે હાલ આ કાર્યવાહી ક્યા તબક્કે છે અને તા.૩૧-૧-૦૬ સુધીમાં કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) વારોલી ખાડી પરના પુલના કામમાં બજેટમાં વર્ષ ૨૦૦૫-૦૬ માં રૂા.૩.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

(૨) નકશા અંદાજો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. રૂા.૪૯,૫૦૦/- નો ખર્ચ થયેલ છે.

-------------

**માતર તાલુકાના ગામોમાં પૂર સંરક્ષણ દિવાલ બનાવવા બાબત**

૧૫૧૩૨ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૫ના વર્ષમાં ખેડા જિલ્લામાં આવેલ ભારે પુરના કારણે માતર તાલુકામાંથી પસાર થતી શેઢી, વાત્રક અને સાબરમતી નદીઓના પાણી ગામોમાં ઘુસી જતાં મોટી તારાજગી સર્જાઇ હતી તેવી ઘટનાઓને રોકવા વિભાગ પૂર સંરક્ષણ દિવાલો બનાવી આવા ગામડાઓને બચાવવા શું આયોજન કરવા માંગે છે, | (૧) હાલ કોઇ આયોજન નથી. |
| (૨) જો કોઇ આયોજન ન હોય તો પૂર સંરક્ષણ દિવાલો બનાવવા ગ્રામ પંચાયતોને આર્થિક મદદ કરવા માંગે છે, અને | (૨) ના, જી. |
| (૩) પૂરમાં જીવ બચાવવા પૂરગ્રસ્ત ગામોમાં સરકાર ""સેલ્ટર હાઉસ"" બનાવવા માંગે છે કે કેમ ? | (૩) વિચારણા હેઠળ છે. |

-------------

**સોરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં નવા ડેમો બનાવવા બાબત**

૧૬૧૪૨ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સોરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં મોટી સિંચાઇ અને નાની સિંચાઇ વિભાગ દ્વારા નવા ડેમો બનાવવા માટે કોઇ જિલ્લામાં સર્વેની કામગીરી ચાલુ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ નવા ડેમ પાછળ કેટલો અંદાજીત ખર્ચ થવાની શક્યતા છે, અને | (૨) આ નવા ડેમ પાછળ કુલ રૂા.૭૪૦૧૬.૫૨ લાખ જેટલો અંદાજિત ખર્ચ થવાની શક્યતા છે. |
| (૩) સોરાષ્ટ્ર-કચ્છમાં કેટલા હેકટર જમીન સિંચાઇ થાય તેમ છે ? | (૩) સોરાષ્ટ્ર-કચ્છમાં કુલ ૭૪૩૯૯ હેકટર જમીન સિંચાઇ થાય તેમ છે. |

-------------

**વડોદરામાં પ્રવાસન સ્થળો વિકસાવવાનું આયોજન**

૧૬૫૩૦ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ અંતર્ગત વડોદરામાં કુલ કેટલા અને ક્યા ક્યા સ્થળોને વિક્સાવવાનું આયોજન કરાયેલ છે, અને | (૧) જિલ્લા કલેકટરશ્રી દ્વારા પ્રવાસન વર્ષ ૨૦૦૬ સંદર્ભે વડોદરા જિલ્લાના નીચે મુજબના સ્થળોને વિક્સાવવા માટે દરખાસ્ત છે.<br>૧. પોર<br>૨. વઢવાણા બર્ડ સેન્ચુરી<br>૩. નર્મદા દર્શન (માલસર)<br>૪. વડોદરા શહેર |

એચબી-૯૯૮-૧૭

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ આયોજનની વિગતો શું છે ? | (૨) કલેકટરશ્રી, વડોદરાની દરખાસ્ત મુજબ પોર, વઢવાણ તળાવ, નર્મદા દર્શન માલસર તથા વડોદરા શહેરમાં પ્રવાસીઓ માટે આંતરમાળખાકીય સુવિધા તથા પ્રવાસન સ્થળોને વિક્સાવવાનું આયોજન છે. |

-------------

**જામનગર જિલ્લામાં રસ્તાઓને ડામર કામ કરવા બાબત**

૧૫૧૩૮**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ માં તા.૩૧-૧-૦૬ દરમ્યાન જામનગર જિલ્લાના તાલુકામાં કેટલા ગામોના રસ્તાઓ ડામર સપાટીથી જોડવામાં આવ્યા, | (૧) ૯ ગામો |
| (૨) કેટલા ગામોના રસ્તાઓને ડામર કામ કરવાનું બાકી છે, અને | (૨) ૬૧ ગામો મેટલ સપાટીથી જોડાયેલ છે. |
| (૩) તેમાં કેટલો ખર્ચ થયો ? | (૩) ૯ ગામોને ડામર સપાટીથી જોડવાના કામો પર રૂા.૧૪૫.૨૬ લાખનો ખર્ચ થયેલ છે. |

-------------

**કડી સબજેલના મકાન પાછળ થયેલ ખર્ચ**

૧૬૫૩૩ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કડી સબજેલના મકાન બાંધકામ પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૧) બાંધકામમાં તા.૩૧-૧-૨૦૦૬ સુધી રૂા.૧૬.૨૧ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૨) મકાન બાંધકામનું કાર્ય ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) મકાનનું કામ પૂર્ણ થયેલ છે. વીજ પુરવઠો મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |

-------------

**ભારે વરસાદના કારણે ડાંગ જિલ્લામાં તૂટેલા ચેક ડેમો**

૧૪૦૪૯**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુન-જુલાઇ-૨૦૦૫ ના ભારે વરસાદના કારણે ડાંગ જિલ્લામાં કેટલા ચેકડેમો તૂટી ગયા, | (૧) ૪ (ચાર) ચેકડેમ તૂટી ગયેલ છે. ૫૬ ચેકડેમને અંશતઃ નુકશાન થયેલ છે. |
| (૨) આ ચેકડેમોની મરામત કામગીરી પૂર્ણ થઇ છે કે કેમ, અને | (૨) ૩ (ત્રણ) ચેકડેમોની મરામત પૂર્ણ થયેલ છે. જ્યારે બાકીની કામગીરી પ્રગતિમાં છે. |
| (૩) કેટલો ખર્ચ આ ચેકડેમોની મરામત પાછળ થયો? | (૩) અત્યાર સુધી રૂા.૧૨.૨૦ લાખનો ખર્ચ થયેલ છે. |

-------------

**ચીમનાબાઇ સરોવરને પાણીથી ભરીને પાણીનો ઉપયોગ પિયત માટે કરવા બાબત**

૧૬૬૨૬ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચીમનાબાઇ સરોવરમાં સરકાર પાણી ભરીને પિયત માટે ઉપયોગ કરવા માંગે છે કે કેમ, અને | (૧) હા, આયોજન વિચારાયેલ છે. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં ? | (૨) મોઢેરા-ધરોઇ પાઇપ લાઇન યોજના દ્વારા ચીમનાબાઇ સરોવર ભરવાનું આયોજન કરેલ છે, જેનું કામ હાલમાં ચાલુ છે જે પૂર્ણ થયેથી પિયત અંગે આયોજન કરી કાર્યવાહી કરવામાં આવશે. |

-------------

**શેત્રુજ્ય તીર્થધામના વિકાસ પાછળ થયેલ ખર્ચ**

૧૬૮૧૬ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શેત્રુજ્ય તીર્થધામના વિકાસ પાછળ રાજ્ય સરકારે તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલો ખર્ચ કર્યો અને તેમાં ક્યા ક્યા કામો કરવામાં આવ્યા, અને

(૨) પવિત્ર તીર્થધામ તરીકે ઘોષિત આ તીર્થધામના વિકાસ માટે શું આયોજન વિચારેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૬ સુધીમાં રૂા.૧૩૫.૪૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. પત્રક સામેલ છે.

(૨) યાત્રી સુવિધા સંકુલ બનાવવાનું આયોજન છે.

**પ ત્ર ક**

**વિકાસ કામોના ખર્ચનું પત્રક**

| ક્રમ | વિકાસ કામનું નામ | ખર્ચ કરેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ભેરવનાથ ચોકથી પાલીતાણા હાઇસ્કુલ સુધી રોડને પેવરથી રી-કારપેટ | ૫.૩૫ |
| ૨ | પાલીતાણા હાઇસ્કુલથી તળેટી સુધી પેવરથી સીલીકોટ | ૩.૦૦ |
| ૩ | સફાઇ સાધન ઇન્ટેઇનર સીસ્ટમ | ૧.૦૦ |
| ૪ | પંચબીબી રોડને પેવરથી ડામર રી-કારપેટ | ૨.૩૨ |
| ૫ | નવા નાકાથી ઇશ્વરનગર રોડ પેવરથી રી-કારપેટ ડામર | ૦.૭૯ |
| ૬ | હયાત ભીજભંજન રોડને સી.સી.રોડ કરવાનું કામ | ૦.૮૬ |
| ૭ | તળેટીથી ભુતેશ્વર રોડ વાયા શેત્રુંજી પાર્ક રી-મેટલ તથા ડામર | ૨.૦૩ |
| ૮ | પાલીતાણા ઓવન બ્રીજથી નગરપાલિકા વિરપુર રોડ, જકાતનાકા, હવા મહેલ રોડને પેવરથી રી-કારપેટ કરવાનું કામ. | ૫.૬૬ |
| ૯ | ઓવન બ્રીજથી તળેટી રોડ કેસરીયાજી સુધી ૧૫૦ વોટ સોડીયમ ફીટીંગનું કામ | ૨.૫૮ |
| ૧૦ | ભેરવનાથ ચોકથી તળેટી સુધી રોડને વાઇડીંગ તથા રીકારપેટ કામ તેમજ ગારીયાધાર પુલથી જકાત નાકા સુધીના રસ્તાને વાઇડીંગ તથા રીકારપેટ કામ. | ૫૨.૩૬ |
| ૧૧ | પાલીતાણા પવિત્ર યાત્રાધામને જોડતા પાલીતાણા તળાજા રાજ્ય ધોરી માર્ગ રસ્તાની શહેરમાં પસાર થતી લંબાઇ ૦.૦ થી ૦.૫ સી.સી. રોડ બનાવવાનું કામ. | ૫૯.૫૦ |
| | **કુલ સરવાળો ..** | **૧૩૫.૪૫** |

-------------

**વલ્લભીપુર થી ઢસા સ્ટેટ રોડનો બાયપાસ રોડ બનાવવા બાબત**

૧૫૯૪૩ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલ્લભીપુર થી ઢસા જતો સ્ટેટ હાઇવે પર ઉમરાળા, જાંગાળા, પરવાળા, ધોળા જેવા અસંખ્ય ગામોની અંદરથી પસાર થાય છે તેમાં ત્રણ રેલ્વે ફાટક પસાર કરવા પડે છે જેથી ટ્રાફિકને ખુબજ મુશ્કેલરૂપ છે તે હકીક્ત સરકાર જાણે છે,

(૨) જો હા, તો ટ્રાફિકની આ મુશ્કેલી દૂર કરવા સીધો વલ્લભીપુરથી ઢસા બાયપાસ કરવાનું સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તેનું કામ ક્યારે શરુ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : ધોળા બાયપાસનું કામ ૨૦૦૬-૦૭ માં હાથ ધરવાનું આયોજન છે.

-------------

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

**ગૃહ વિભાગ**

**માગણી ક્રમાંક : ૪૨**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહ,પોલીસ આવાસો, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧૨,૬૭,૭૮,૦૦૦/- ની માગણી ક્રમાંક : ૪૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહ, પોલીસ આવાસો, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૮,૩૬,૬૨,૭૩,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૪૩ રજૂ કરું છં.

**માગણી ક્રમાંક :૪૩ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક :૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક :૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક :૨૬ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૪૪**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહ, પોલીસ આવાસો, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૨૯,૬૪,૯૯,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૪૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક :૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક :૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૪૬**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસો, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગને લગતા અન્ય ખર્ચ અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૪૬,૬૨,૨૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧,૮૩,૯૭,૭૦,૦૦૦/-ની માગણી ક્રમાંક :૪૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૪૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક :૩૪ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૯ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૬–૨૦૦૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શનિવાર, તા.૧૮–૩–૨૦૦૬ (બીજી બેઠક) (ચોથા દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **ગૃહ વિભાગ**<br>**માગણી નં.૪૨** | |
| *૧. | ૨૦૫૨–સચિવાલય.સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–ગૃહ વિભાગ<br>રૂા.૪,૪૫,૮૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૨૩–૨૪ | ૧૦૦ | ધારાસભ્યોને મળતી ધમકીઓ સામે પોલીસ રક્ષણ આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨. | –– " –– | ૧૦૦ | પોલીસ કર્મચારી/અધિકારીઓની થતી આડેધડ બદલીઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માધુભાઈ ભોયે |
| *૩. | –– " –– | ૧૦૦ | ધારાસભ્યોની વારંવારની ફરિયાદો છતાં તે અંગે તાકીદે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪. | –– " –– | ૧૦૦ | સબ ઈન્સ્પેકટરની ખાલી પડેલ જગ્યાઓ પર સમયસર નિમણૂક આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૫. | –– " –– | ૧૦૦ | ડૉ. જીવરાજ મહેતા ભવનમાં આવેલ કચેરીઓની સુરક્ષા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| *૬. | –– " –– | ૧૦૦ | પોલીસ અધિકારીઓને પ્રમોશન આપવામાં ચાલતી ભેદભાવ ભરી નીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૭. | –– " –– | ૧૦૦ | પોલીસ અધિકારી/કર્મચારીઓના બદલીના હુકમોનો અમલ સમયસર | શ્રી હેમાજી રાજપૂત |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮. | -- " -- | ૧૦૦ | પોલીસ કોન્સ્ટેબલોના કથળતા જતાં જીવન ધોરણને સુધારવા અંગેની જરૂરી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| **૯. | -- " -- | ૧૦૦ | બઢતી મેળવવા હકકદાર પી.આઈ. માટેની અગ્રતા યાદી તૈયાર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | | **<u>માગણી નં.૪૩</u>** | |
| ૧૦. | ૨૦૫૫-પોલીસ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>પોલીસ....મહાનિરીક્ષક<br>રૂા.૫,૪૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં.૨૯ થી ૩૧ | ૧૦૦ | પ્રામાણિક અધિકારીઓને પ્રોત્સાહન આપવાને બદલે તેમની બદલી થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| **૧૧. | -- " -- | ૧૦૦ | પોલીસ મહાનિરીક્ષકની કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૨. | ૨૦૫૫-પોલીસ<br>૦૦૩-શિક્ષણ અને તાલીમ<br>૦૧-પોલીસ તાલીમ શાળાઓ<br>રૂા.૬,૦૨,૬૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં.૩૨ થી ૩૪ | ૧૦૦ | પોલીસને અપાતી તાલીમમાં અપનાવાતી ભેદભાવભરી નીતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૩. | -- " -- | ૧૦૦ | પોલીસ કર્મચારીઓ ધ્વારા પ્રજા સાથે થતો ખરાબ વ્યવહાર અટકે તેવી તાલીમ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૧૪. | ૨૦૫૫-પોલીસ<br>(૧૦૧)-ગુનાશોધ....તકેદારી<br>રૂા.૧૯,૩૯,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં.૩૫ થી ૪૨ | ૧૦૦ | અશ્લિલ દ્રશ્યોવાળી સી.ડી. કેસેટો બનાવનાર ગુનેગારોને પકડી નશ્યત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઈ રબારી |
| ૧૫. | -- " -- | ૧૦૦ | ગંભીર ગુનાઓનો ભેદ સત્વરે ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| *૧૬. | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>રૂા.૭,૧૧,૫૬,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં. ૪૫ થી ૬૦ | ૧૦૦ | પોલીસ કર્મચારીઓની અનિયમિતતા નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૭. | -- " -- | ૧૦૦ | ધારાસભ્યોની રજૂઆતો પ્રત્યે રખાતું ઓરમાયું વર્તન નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| **૧૮. | -- " -- | ૧૦૦ | પોલીસ કર્મચારી/અધિકારીઓની કામગીરી સબળ અને સુદ્રઢ બનાવવામાં | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની નિષ્ફળતા | |
| ૧૯. | -- " -- | ૧૦૦ | ચોરી–લૂંટ, ધાડ, બળાત્કાર જેવા બનાવો બનતા અટકાવવા પોલીસ બંદોબસ્ત કે નાઈટ પેટ્રોલીંગ વધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલંવતસિંહ રાજપૂત |
| ૨૦. | -- " -- | ૧૦૦ | અસામાજિક તત્વોને સાથ આપી ફરિયાદ કરનાર નિર્દોષ પ્રજાને કરવામાં આવતી કનડગતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| *૨૧. | -- " -- | ૧૦૦ | બળાત્કારના કેસોમાં ભોગ બનનાર મહિલાઓને પોલીસ તરફથી થતી કનડગતો દૂર કરવામાં તેમજ ગુન્હાહીત કૃત્ય કરનાર ઈસમ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૨. | ૨૦૫૫–પોલીસ<br>૧૦૯–જિલ્લા પોલીસ<br>રૂા.૭,૧૧,૫૬,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં. ૪૫ થી ૬૦ | ૧૦૦ | અમદાવાદ શહેર પોલીસ મથકની હદ બાબતે થતી તકરારનું નિવારણ કરી ગુના નોંધવા અંગેની કાર્યવાહી સરળ બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી રશીદા પટેલ |
| ૨૩. | -- " -- | ૧૦૦ | અમદાવાદ શહેરમાં બનતા અપહરણના કેસોનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી રશીદા પટેલ |
| **૨૪. | ૨૦૫૫–પોલીસ<br>૧૧૧–રેલ્વે પોલીસ<br>૦૧–રેલ્વે પોલીસ<br>રૂા.૧૯,૪૪,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં. ૬૧–૬૨ | ૧૦૦ | ઉનાળુ ટ્રેનોમાં અસામાજિક તત્વો દ્વારા મુસાફરો પર ગુજારાતો ત્રાસ રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૫. | ૨૦૫૫–પોલીસ<br>૧૧૫–રાજય...આધુનિકીકરણ<br>૦૭ – હોમગાર્ડઝનું આધુનિકીકરણ<br>રૂા.૧,૦૧,૬૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨ પા.નં. ૭૦ | ૧૦૦ | હોમગાર્ડઝ તંત્રનું આધુનિકરણ કરવામાં તંત્રની સંપૂર્ણ નિષ્ફળતા | શ્રી ભવાનભાઈ ભરવાડ |
| ૨૬. | ૨૦૫૫–પોલીસ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૧–રાષ્ટ્રીય ધોરીમાર્ગ પેટ્રોલીગ<br>રૂા.૫૮,૭૫,,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨ પા.નં. ૭૩–૭૪ | ૧૦૦ | રાષ્ટ્રીય ધોરીમાર્ગો ઉપર પેટ્રોલીગની કામગીરીને સુ□ઢ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા (ભીખાભાઈ જોષી અને લક્ષ્મણભાઈ પટેલ) |
| | | | **માગણી નં.૪૪** | |
| *૨૭. | ૨૦૫૬–જેલ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–જેલ મહાનિરીક્ષક<br>રૂા.૪,૬૧,૦૦,૦૦૦ | ૧૦૦ | જેલોમાં ચાલતી કેદીઓની ગુનાહીત પ્રવૃદ્ધિ રોકવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૧૨ પા.નં.૭૮–૭૯ | | | |
| ૨૮. | –– " –– | ૧૦૦ | જેલોમાં કેદીઓ વચ્ચે થતા મારામારીના બનાવો અટકાવી તેઓની સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વારલી |
| ૨૯. | –– " –– | ૧૦૦ | જેલોમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃિત્તઓ ડામવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ફારુક શેખ |
| *૩૦. | –– " –– | ૧૦૦ | જેલમાં કેદીઓને ગેરકાયદેસર રીતે પૂરી પડાતી સુવિધાઓ/સવલતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૧. | –– " –– | ૧૦૦ | જેલોમાં માથાભારે ગુંડાતત્વોની દાદાગીરી/ જોહુકમી સામે પગલાં ભરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૩૨. | ૨૦૫૬–જેલ<br>૧૦૧–જેલ<br>૦૧–મધ્યસ્થ જેલ<br>રૂા.૮,૦૩,૮૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨ પા.નં. ૮૧–૮૨ | ૧૦૦ | મધ્યસ્થ જેલોમાં આરોગ્ય વિષયક સુવિધાઓ પૂરી પાડી કેદીઓને સારવારના બહાને હોસ્પીટલોમાંથી ભાગી જતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડાૅ. સી. જે. ચાવડા |
| *૩૩. | ૨૦૫૬–જેલ<br>૧૦૧–જેલ<br>૦૨–જિલ્લા જેલ<br>રૂા.૬,૦૨,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨પા.નં. ૮૩–૮૪ | ૧૦૦ | જિલ્લાઓની જેલોમાં ક્ષમતા કરતાં વધુ કેદીઓને રાખવાથી પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં.૪૬** | | |
| *૩૪. | ૨૦૭૦–અન્ય....સેવાઓ<br>૧૦૭–ગૃહ રક્ષક દળ<br>૦૧–ગૃહ રક્ષક દળ<br>રૂા.૮,૦૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં. ૯૫–૯૬ | ૧૦૦ | ગૃહ રક્ષક દળની ઘટ નિવારી તેને રાત્રી પેટ્રોલીંગ કામગીરીમાં સામેલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણભાઈ મારૂ |
| ૩૫. | –– " –– | ૧૦૦ | ગૃહ રક્ષક દળના કર્મચારીઓને મહેનતાણું/ભથ્થા સમયસર ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જેસાભાઈ બારડ |
| ૩૬. | ૨૨૩૫–સામાજિક....કલ્યાણ<br>૧૦૫–નશાબંધી<br>રૂા.૧૭,૫૮,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પા.નં. ૧૦૬ થી ૧૦૯ | ૧૦૦ | નશાબંધીનો સખતાઈથી અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | ડાૅ. અનિલ જોષીયારા (બાબુભાઈ શાહ) |
| *૩૭. | –– " –– | ૧૦૦ | મુદ્દામાલ સાથે પકડાયેલ દારૂ પોલીસ સ્ટેશનોમાંથી ચોરાઈ જતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૩૮. | –– " –– | ૧૦૦ | નવા નશાબંધી સંસ્કાર કેન્દ્રો શરૂ કરવા | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | માટે પૂરતું અનુદાન આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૯. | ૪૨૧૬–આવાસન..જોગ વાઈ<br>૨૦૧–ગૃહ....રોકાણ<br>૦૩–પોલીસ....નિભાવ<br>રૂા.૧૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨ પા.નં. ૧૨૯ | ૧૦૦ | પોલીસો માટે બનાવવામાં આવેલા રહેણાંકો પૈકી બિસ્માર મકાનોનું મરામત કામ સમયસર પૂર્ણ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માલજીભાઈ દેસાઈ) |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**** આ કાપ દરખાસ્તો સભ્યશ્રીઓ સસ્પેન્ડ હોવાથી સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી ગૃહ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ તે માણસના જીવનની સલામતી, માણસની સલામતી માટે તેની સાથે બહુ નજીકથી જોડાયેલો છે. જે બીજા વિભાગો છે તે વિભાગો કદાચ વત્તું ઓછું કામ કરે તો માણસના જીવનની સલામતીને બહુ સ્પર્શતું નથી અથવા તો બીજા વિભાગો બહું સારું કામ કરતા હોય અને તેની સામે ગૃહ વિભાગ બરાબર કામ ન કરે તો રાજયનો વિકાસ દેખાતો નથી અને એટલું જ નહીં રાજયનો વિકાસને રૂંધનારો સાબિત થાય છે. એટલે જે રાજય કે દેશની આંતરિક સલામતી, વ્યકિતગત સલામતી અને સામૂહિક સલામતી બરાબર હશે તે રાજયની પ્રગતિ બીજા રાજયો કરતાં વધારે થવાની છે અને એટલા માટે જ ગુજરાત રાજયે તેના સ્થાપના સમયથી શરૂ કરીને આજ દિવસ સુધી એક સલામત અને શાંત રાજય તરીકે તેની નામના પ્રસ્થાપિત કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતીઓએ પણ રાજયની બહાર બીજા રાજયોમાં, દેશની અંદર અને દેશની બહાર બીજા દેશોમાં જયાં જાય ત્યાં ગુજરાતની શાન વધારી છે. મહાત્મા ગાંધી હોય કે સરદાર પટેલ હોય વિદેશની અંદર જઈ અને દેશની અંદર જઈ ગુજરાતીઓ પોતાના માથા ઊંચા કરી શકે તેવો વ્યવહાર એવું વલણ આપણા ગુજરાતીઓએ આપ્યો છે. આજે સવારે વાત થતી હતી સરદાર પટેલ લોહ પુરુષથી શરૂ કરી અને આજના લોહ પુરુષ સુધીની. મારે આપના મારફત એટલી વિનંતી કરવાની કે સરદાર પટેલનું વારંવાર અપમાન આવી રીતે કરવાનું બંધ કરો, વખાણ કરવા હોય તો ઘણી રીતે થઈ શકે પણ સરદાર પટેલની તોલે આવે તેવો હજી સુધી ગુજરાતમાં તો નહીં પણ ભારત દેશની અંદર આવો મહાનુભવ જન્મવાનો બાકી છે તેના માટે બલિદાન દેવાં પડે, અંગ્રેજો સામે લડયા તે રીતે લડતાં આવડવું જોઈએ, સરદાર પટેલ તો એવા હતા જેને આ દેશની અંદર ૭૦૦ રજવાડાઓને નમનાવી આ દેશનો નકશો તૈયાર કર્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર છોટે સરદાર, નવા લોહ પુરુષ આ વાત બંધ થાય તો સારું છે અને ગૃહ વિભાગ ઉપર જ આવું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી પોતે ગૃહ વિભાગ સંભાળે છે અને મારી કોઈ ફરિયાદ નથી ડિસ્ટર્બ કરવાની, મારી કોઈ ફરિયાદ નથી. ડિસ્ટર્બ કરવાની મારી કયારેય ફરિયાદ નથી. જેટલું થાય તેટલું ડિસ્ટર્બ કરવાની છૂટ છે. પણ આ રાષ્ટ્રીય મહાનુભવ છે તેની મર્યાદા રખાય તો સારું. • * (XXXX)

**અધ્યક્ષશ્રી** : નામનો ઉપયોગ નથી કર્યો. શબ્દપ્રયોગો સારા કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, બંધ બેસતી પાઘડી પહેરવી હોય તો બરાબર દેખાતું નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, શબ્દો પાછા ખેંચવા જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, સોમનાથનું સર્જન કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ હતા.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, •* (XXXX) શબ્દ વાપર્યો છે એ પાછો ખેંચાવો જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું તો એમ કહું છું કે, મેં કોઈનું નામ નથી આપ્યું, બંદબેસતી પાઘડી શું કરવા પહેરવી જોઈએ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો અસંસદીય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઈનું નામ નથી આપ્યું.

---

• * (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : ચાલો, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જે પરિસ્થિતિ છે હું એની વાત આજે કરું છું, ગુજરાતમાં પોલીસ દળના આધુનિકીકરણ માટે રૂા. ૧૩૯.૩૭ કરોડ ખર્ચાશે, પૈસા કયાંથી આવવાના છે? તો એ પૈસા કેન્દ્ર સરકાર આપવાની છે. કોમ્પ્યુટર, ફેકસ, ઝેરોક્ષ માટેના આધુનિકીકરણ માટે ખર્ચ થશે, તો એ પૈસા કયાંથી આવવાના છે? તો એ પૈસા કેન્દ્ર સરકારમાંથી આવવાના છે. ૬ નવી ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરી, તો એ માટે પૈસા કયાંથી આવવાના ? તો એ પૈસા કેન્દ્ર સરકાર આપવાની છે. કોસ્ટલ સિક્યોરિટી યોજના આવવાની છે તો એના માટે પૈસા કયાંથી આવવાના તો એ પૈસા કેન્દ્ર સરકાર આપવાની છે, માનનીય અધ્યક્ષશ્રી, આ બધું આવે એ બધું પોતાના નામે ચડાવવાના અને પછી એનો ઉપયોગ કરી પ્રજાની સુખ, સલામતી અને શાંતિ વધે એવું એક પણ પગલું નહીં લેવાનું,

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ છે એ અંગેના થોડાક આંકડા છેલ્લા એક વર્ષમાં શું બન્યું છે એના આપવા માગું છું. આ ડિસૅમ્બરના અંતે જે વર્ષ પૂરું થયું એમાં ગુજરાતમાં એક વર્ષમાં ૧૧૩૦ ખૂન થયા, ૧૦૨૪ લૂંટ થઈ, ૩૨૦ ધાડ પડી, ૩૭૮ બળાત્કારો થયા, ૪૬૨૮ આત્મહત્યાઓ થઈ એટલે રાજયમાં દરરોજના ત્રણ ખૂન, ત્રણ લૂંટ, એક ધાડ, એક બળાત્કાર અને બાર આત્મહત્યાઓ થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી બળાત્કારની ફરિયાદો, ચોરીની ફરિયાદો આ સરકારમાં ન નોંધાવવાનું લોકો નક્કી કરે છે એટલા માટે કે ચોરી મળતી નથી, બળાત્કારીઓ પકડાતા નથી અને જે લોકો જાહેરાત કરે છે એમના ઘરની જે આબરૂ હોય છે એ ખુલ્લી થતી હોય છે. આ સ્થિતિ આ રાજયની બતાવે છે અને છતાં માનનીય ગૃહ મંત્રીશ્રી એમ કહે કે, ફલાણા રાજયની સરખામણીમાં, બિહાર રાજયની સરખામણીમાં, દિલ્હીની સરખામણીમાં, યુ.પી.ની સરખામણીમાં આપણે બહુ સલામત છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપણે આપણા રાજયને બિહારની સાથે, દિલ્હી સાથે કે બીજા રાજયો સાથે સરખામણી ન કરવી જોઈએ પણ આપણે જો સરખામણી કરવી હોય તો કેરાલા સાથે કરવી જોઈએ કે જે રાજય શાંતિપ્રિય માટે જાણીતું છે અને માનનીય અધ્યક્ષશ્રી, આ વાત આંકડા કહે છે અને આપણે જે ખુનો, લૂંટો, ઘાડ પડે છે એને જસ્ટીફાઈ કરવાના પ્રયત્નો કરતા હોઈએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજું એ પણ કહેવું છે કે, "વાઘ આવ્યો રે, વાઘ આવ્યો" એમ કરીને પ્રજાને બિવડાવવાનું કામ આ વહીવટી તંત્ર કરી રહ્યું છે અને વાઘ કેવો લઈ આવે તો કહે કે આતંકવાદીઓ આવવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદીઓ આવવાના છે એટલે લોકો ખૂન, લૂંટ અને ઘાડ, એ બધુ ભૂલી જાય અને ચૂંટણી ઉપર ભાષણો કરે કે કોંગ્રેસનો ઉમેદવાર જીતશે તો પાકિસ્તાનમાં ફટાકડા ફૂટવાના છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જે લોહપુરુષની વાત કરો છોને અને જેને તમે મત આપીને •* (XXXX) કોંગ્રેસનો કોઈ વિરલો માથું નમાવા ન જાય અને આતંકવાદ સામે લડનારા જો કોઈ હોય તો ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી છે.

### શબ્દો પાછા ખેંચવા અંગે

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે * (XXXX) નામ લીધું છે, જેમની હાજરી ન હોય એમના વિશે ટીકા ન કરી શકાય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ :** માનનીય અધ્યક્ષશ્રી, મેં ટીકા નથી કરી મેં તો માત્ર ગૃહને માહિતી આપી છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, તેઓએ ટીકા કરી જ છે.

**શ્રી અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, જે આ ગૃહમાં હાજર ન હોય એવી વ્યકિતના નામનો ઉલ્લેખ ન થઈ શકે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ :** માનનીય અધ્યક્ષશ્રી, મેં તો એમ કહ્યું છે કે, તમે જેને ચૂંટીને મોકલ્યા છે એ ત્યાં જઈને * (XXXX)

**શ્રી અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, એવું નથી બોલ્યા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : આપ * (XXXX) નામ બોલ્યા છો. એ ન બોલી શકાય માટે એ શબ્દો કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે.

**શ્રી અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, રદ કરવા કરતા એમના શબ્દો પાછા ખેંચાવવા જોઈએ. એમનામાં એ શબ્દો પાછા ખેંચવાનું સૌજન્ય હોવું જોઈએ.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ :** માનનીય અધ્યક્ષશ્રી, અરે, તમારે એમની પાસેથી પાછા ખેંચાવવા જોઈએ, મારી પાસે શા માટે ખેંચાવો છો? અને તમારામાં જો એટલી હિંમત હોય તો તમારે ત્યાં જઈને કહેવું જોઈએ કે

---

• * (XXXX) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

* (XXXX)

**.શ્રી અશોક ભટ્ટ** : તમારી હિંમત કેટલી છે એ ખબર છે? (અંતરાય) તમારી હિંમત કેટલી છે એ કહોને? તમારી હિંમતની વાત કરોને? *** (XXXX).** તમારી હિંમત કહોને? * (XXX) લાવવા પડયા છે જેણે કોંગ્રેસ પક્ષનું ૧૨૫ વર્ષનું રાજકારણ ખતમ કરી નાંખ્યું છે.

**અધ્યક્ષશ્રી:** પ્લીઝ, પ્લીઝ. બેસો. ગૃહ સારી રીતે ચાલે એવા શબ્દ પ્રયોગો કરવા મારી માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે. ગૃહ શાંતિથી ચાલતું હોય ત્યારે કોઈને પણ દુ:ખ થાય એવા શબ્દ પ્રયોગો ન કરવા જોઈએ અને જે ગૃહમાં ન હોય એના નામનો ઉલ્લેખ પણ ન કરવો જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ :** માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ગૃહમાં નથી એવા નહીં પણ જેમનો સ્વર્ગવાસ થયો છેને એવા વડા પ્રધાનનો અહીંયા બે વખત આ નર્મદાની માગણી વખતે ઉલ્લેખ થયો હતો અમે તો ઉલ્લેખ એટલે કરીએ છીએ, જો ઉલ્લેખ ન થવા દેવો હોય તો એમને રોકવા જોઈતા હતા. (અંતરાય) શા માટે તમે ગયા? હું તો કહું છું કે જવું હોય તો •* (XXXX)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બોલ્યા છે એ બધા શબ્દો ચર્ચામાંથી કાઢી નાંખવા જોઈએ. આ આડકતરી રીતે રજૂઆત કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બધી જ વાત ખરેખર કાર્યવાહીમાંથી કાઢી નાંખવી જોઈએ. કોઈ પણ વ્યકિતને અનુલક્ષીને નામ લીધા વગર બોલવું એ પણ ઉચિત નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : એ તો તમે કઢાવી શકશો. પણ ઈતિહાસમાં લખાયું છે એ થોડું ભૂંસાઈ જવાનું છે? (અંતરાય) * (XXXX)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એની કોઈ ચર્ચા ન હોઈ શકે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : તમે એમને બેસાડો, અમે તો કોઈ દિવસ ત્યાં ન જઈએ. * (XXXX)

**અધ્યક્ષશ્રી:** પ્લીઝ, પ્લીઝ. રુલ્સ ઓફ રીલેવન્સીમાં આ બાબત આવતી નથી એટલે હું આ શબ્દો કાર્યવાહીમાંથી દૂર કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : દૂર તો કરી શકશો. પણ મારે મારા મિત્રોને એમ કહેવું છે કે, ઈતિહાસમાં ઘટના લખાય છે એ ઘટનાને તમે કોઈ દિવસ દૂર નથી કરી શકવાના? (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રાસવાદ સામે લડવાનો અનુભવ અમને છે એટલે શીખવું હોય તો અમારી પાસેથી શીખવું જોઈએ. આતંકવાદીઓને સલામ કરનારાઓ અમને શીખામણ આ બાબતમાં નહીં આપી શકે. ભાગલાવાદીઓને સલામ કરનારા લોકો છે એ અમને સલાહ નહીં આપી શકે. એટલા માટે કે... (અંતરાય)

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : * (XXXX) કોની સાથે સંબંધ હતા? (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : * (XXXX) પણ અમે ઢાળી દીધો હતો. તમારી શું ત્રેવડ છે, તમારી ત્રેવડ શું છે?

**શ્રી અશોક ભટ્ટ** : * (XXXX) ત્યાં લગ્નમાં કોણ ગયું હતું? જરા પૂછી આવો કોંગ્રેસ હાઉસમાં જઈને પછી આવો. (અંતરાય) * (XXXX) ત્યાં લગ્નમાં કોણ ગયું હતું? તમે તો આતંકવાદીઓને ખભે લઈને ફરતા હતા ગુજરાતમાં, કેટલા દાખલા જોઈએ છે બોલો? * (XXXX) કોણ ફરતું હતું પોરબંદરની અંદર? તમારે કેટલા નામ જોઈએ છે? (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : અરે, * (XXXX) શરમ અનુભવવી જોઈએ.

**શ્રી અશોક ભટ્ટ** : હું તો ગુજરાતની જ વાત કરું છું. (અંતરાય) ત્રાસવાદીઓને તમે ગળે વળગાળીને ફરતા હતા, ગુજરાતના ત્રાસવાદીઓનો ઈતિહાસ તમારી સાથે જોડાયેલો છે.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : અરે, * (XXXX) અશોકભાઈ, તમને આજે સારા લાગતા હશે એ પણ આના બાપુજી જ હતા, પણ શરમ નથી તમને, તમે અત્યાર સુધી એના નામે ભાષણો કર્યા, આમાં તમને કોઈ શરમ નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને હું વિનંતી કરુ છું કે (અંતરાય) પ્લીઝ, પ્લીઝ, મને કહેવા દો, (અંતરાય) માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈને હું વિનંતી કરું છુ કે બીજી વાતોના ઉલ્લેખને બદલે આપ મૂળ વાત પર આવી જાઓ, બીજી વાતો નહિ કરતા મૂળ વાત પર આવી જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આતંકવાદની વાત કરતો હતો અને આતંકવાદના નામે એનો ભય ફેલાવી જે વાત ફેલાવવામાં આવે છે આતંકવાદ સામે મહાત્મા ગાંધી, ઇન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીના બલિદાનો દેવાયા છે. એમના બલિદાનો દેવાયા છે, એની સામે આતંકવાદનો આ લોકોએ કોઈ દિવસ ભય ઊભો નહોતો કર્યો. હમણાં વારાણસીના મંદિર પર હુમલો થયો અને મારા મિત્રોને યાદ અપાવું કે એકતા યાત્રા હમણાં કાઢી એના માટે એમણે, હું એમ કહેવા માગું છું કે ભૂતકાળની અંદર દેશની સંસદ ઉપર આતંકવાદીઓનો હુમલો થયો હતો, ભૂતકાળની અંદર કાશ્મીરના રઘુનાથ મંદિરની અંદર હુમલો થયો હતો અને અક્ષરધામ ઉપર જ્યાં મુખ્યમંત્રી રહે છે એના પચાસ મીટર બાજુમાં જ હુમલો થયો હતો તે

---

• * (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

દિવસે એકતા યાત્રા ન નીકળી, કોંગ્રેસ વિરોધપક્ષમાં હતું અને અમારા અધ્યક્ષા સોનિયા ગાંધીએ કહ્યું હતું સંસદ પર જ્યારે હુમલો થયો ત્યારે કે અમે ભારત સરકારની પડખે ઊભાં છીએ, અક્ષરધામના નામે કે રઘુનાથ મંદિરના નામે યાત્રા તો નહોતી કાઢી પણ તે દિવસે શાસનમાં હતા એ લોકો અમેરિકા યાત્રા કરીને ગયા હતા કે અમારું હવે શું થશે? ઇન્દિરા ગાંધી, રાજીવ ગાંધી કે મહાત્મા ગાંધીજીએ એવું નહોતું કર્યુ કયારેય, ત્રાસવાદના નામે વાતો થાય છે, ત્રાસવાદના સેન્ટરો તો બહાર છે મેં કહ્યું એમ બીજા રાજયની અંદર એના કેન્દ્રો પડેલા છે અને છતાં ગુજરાતને ત્રાસવાદના નામે ભડકાવવામાં આવે છે, ત્રાસવાદ હોય એમાં એ પછી સાચું એન્કાઉન્ટર હોય કે બનાવટી હોય એ એન્કાઉન્ટર જે હોય એમાં અમને કોઈ વાંધો નથી પણ હવે પ્રજાને ખબર પડી ગઈ છે, હવે એન્કાઉન્ટર કરવા માટેનો માલ તૈયાર રખાયો હોય અને એન્કાઉન્ટર કરી દેવાય, માલ ઓરીજીનલ એન્કાઉન્ટર માટેનો હોય એમાં અમને કોઈ જ વાંધો નથી પણ હવે નવો માલ લઈ આવવા માટે દયા નાયક જેવા લોકોને કે બીજા લોકોને, ત્રીજા લોકોને કહેવામાં આવે કે અમને માલ સપ્લાય કરો છ મહિના થઈ ગયા એકેય એન્કાઉન્ટર થયાં નથી. આ બધી જ હવે પ્રજાને ખબર પડી ગઈ છે. એટલે કદાચ સાચા ત્રાસવાદીઓ પકડાય તો પણ અત્યારે શંકા ઉપસ્થિત થાય એ પ્રકારનું વાતાવરણ બનાવ્યું છે હું તો આતંકવાદ સામે જે લોકો લડે છે એની અંદર કોઈ પક્ષાપક્ષીમાં ઊતર્યા વગર એ મુદ્દા પર કહુ છું કે બધાજ લોકોએ એક રહેવું જોઈએ પણ એ લોકો પોતે જ શંકા ઊભી થાય એ પ્રકારનું વાતાવરણ ઊભું કરે છે, બધું જ મધરાતે બને, દિવસના બાર વાગ્યે કયારેય ન બને આતંકવાદીઓને મધરાતે ઠાર મારવામાં આવે, મને ગૃહમંત્રીશ્રીએ એકવાર જવાબ આપ્યો છે કે એમનો હથિયારથી જ સામનો થશે અરે હથિયારથી જ સામનો કરવાનો હોય, આતંકવાદીઓ માટે ફૂલ લઈને જવાનું અમે પણ કહેતા નથી, પણ એના માટે (અંતરાય) •* (XXXX) હવે તમારે આજે ઇતિહાસની અંદર જ્યાં સુધી હશે ત્યાં સુધી સાંભળવાનું જ છે તમને કોઈ વાંધો નથી કારણકે મતદાનનું રાજકારણ છે એટલા માટે, માનનીય અધ્યક્ષશ્રી* (XXXX) થાય પણ ઇન્દિરા ગાંધીના વખાણ ન થાય કારણકે આતંકવાદ સામે લડતા લડતા શહીદ થયા છે, રાજીવ ગાંધીના વખાણ ન થાય કારણકે આતંકવાદ સામે લડી લડીને મરી ગયા છે. આતંકવાદીઓનો જ્યાં પિતામહ છે તેના વખાણ કરાય. હું માત્ર આ વારાણસી મંદિરની વાત નીકળી છે તો થોડાક મંદિર, ગુજરાતની અંદર મંદિરોની શું સ્થિતિ છે તે પણ થોડુંક કહી દઉં. રામ રાજય અને સુશાસનની વાત થઈ. માર્ચ-૦૫ની સ્થિતિ છેલ્લા ચાર વર્ષમાં ૬૬ મંદિરોમાં લૂંટ થઈ. ૬૯૯ મંદિરોમાં ચોરી થઈ, ૫૨ મંદિરોમાં ધાડ પડી. આમા સાત પૂજારી, ૧૧ મહંતો અને બીજા ૧૧ જણાંને મોતને ઘાટ ઉતારાય અને આ કેસના હજુ ૯૭ જેટલાં આરોપીઓ છે તેને પકડવાના બાકી છે. જો એકતા યાત્રા કાઢવાની હોય તો આના માટે કાઢવી જોઈએ અને આના માટે ગુજરાતમાંથી શરૂઆત થવી જોઈએ પણ રાજનીતિ જેને કરવી છે તે દર વખતે આના નામે રાજનીતિ કરે છે. રઘુનાથ મંદિરના નામે રાજનીતિ ના કરી કારણકે પોતે શાસનમાં હતા. અક્ષરધામના નામે ગૌરવ યાત્રા કાઢી પણ તેના માટેની જવાબદારી ના સ્વીકારી. સંસદની અંદર હુમલો થયો તેના નામે અમૅરિકા પાસે ગયા બધાને ભેગા થઈને ના કહ્યું કે ચાલો આપણે સામનો કરવો છે. એ કોંગ્રેસ કરી શકે આ રાજનીતિની બહારનો વિષય છે. પણ વારેઘડીએ ત્રાસવાદનું નામ આવે એટલે વાઘ આવ્યો રે વાઘ આવ્યો રે વાઘ આ વાત ઉપાડાય છે.

ગુજરાતની અંદર છેલ્લાં વર્ષોની અંદર જે બાળકોના અપહરણો વધ્યાં છે તેના માટે ધ્રુજારી આવી જાય એવી ઘટનાઓ બની છે. ડિસૅમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષની અંદર ૧૨૪ બાળકો સ્કૂલેથી અને બીજી જગ્યાએથી તેના અપહરણો થયા છે તેમાંથી સાત બાળકોના ખૂન થયા અને ૧૯ બાળકો લાપતા છે. મારા મત વિસ્તારની અંદર એક બાળકનું અપહરણ થયુ ત્રીજા દિવસે તેને મારી નાખેલુ મળી આવ્યું અને આજે તે ખૂનના હત્યારાઓ નાસતા ફરે છે ડો.લાખાણી કુટુંબ જેતપુરનું. તમારા તો સાથી કાર્યકર, દંપતી તેના દીકરા સિધ્ધરાજનું અપહરણ થયું અને ખૂન થયું. ખુશબૂ રાવલ નામની દીકરી વાંકાનેરની ૧૬ વર્ષની તેનું અપહરણ થયું અને આજની તારીખમાં તે પાછી મળતી નથી. અમદાવાદમાં સેકસ મેનિયાકનો આટલા દિવસથી ત્રાસ. આજ દિવસ સુધી પતો મેળવી શક્યા નથી અને નંબર.વનને કોઈએ ઈ-મેઈલ કર્યો નાનકડો તો તેને દિલ્હીથી ઉપાડી આવ્યા. તેને રિમાન્ડ આપ્યા, જેલમાં મોકલ્યો અને પછી માફ કરી દીધા છે. કારણકે નંબર વનમાં થોડા ઘણાં એકાદ બે મીંડા લાગે એટલે. આવા સ્ટંટથી લોકો પ્રભાવિત થાય તેમ નથી. કાનૂન અને વ્યવસ્થાની વાત આવે ત્યારે તેમાં પક્ષાપક્ષીથી પર રહી રાજા જહાંગીરની જેમ વર્તવું જોઈએ. આજે તો મળતિયા લોકો છે. મળતિયા લોકોને ડી.એસ.પી., કલેકટર એવા લોકોને કહેવામાં આવે કે આને જેલમાં પૂરી દો. આને છોડી દો, આને પાસામાં નાખો, આને આ જગ્યાએ નાખો એવી વાતો થાય છે. પોટાના કાયદાની વાત લઈ આવશે. આખા દેશમાં પોટાનો કાયદો નહોતો ત્યારે પણ કાયદો અને વ્યવસ્થા ચાલતી હતી. ( સમય સૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, આટલીવારમાં નહીં ચાલે, આ ગૃહનો વિષય છે.

**અધ્યક્ષશ્રી** : સમય નથી, પાંચ મિનિટમાં પ્રવચન પૂરું કરો.

---

**• * (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મને ડિસ્ટપ કરવામાં આવ્યો છે. જે લોકો ખૂન કરે છે, જે લોકો હત્યા કરે છે તે * (XXXX) આજુબાજુ ફરે છે અને જે લોકો નિર્દોષ છે તેને જેલમાં મોકલાય છે. પુરાવાઓ આપવામાં આવે છતાં કોઈના પેટનું પાણી હલતું નથી અને આ પ્રકારનું જિલ્લે જિલ્લે રાજાશાહીથી જે નવી ગેંગો ઉભી થઈ છે તે ગુજરાતની પ્રજા ઉપર ત્રાહીમામ પોકારે છે અને અહીંયા એમ કહે કે તમારા ઉપર પણ કેસ થઈ શકે છે. તો કોણ રોકે છે મારો કેસ કરતાં? અંદર પૂરતા કોણ રોકે છે? તમારું ચાલે તો તમે તો ઉપર મોકલી દયો એમ છો. ઉપર મોકલવાનું વિચારતા નહીં. રાજગાદી જયાં સુધી ચલાવવી હોય તો. શાંતિથી રાજ કરવું હોય તો. ત્રાસ આપવો હોય એટલો આપજો, પણ ઉપર મોકલવાની વાત કરશો ને, તો રાજગાદી કોઈની સલામત નહીં રહે. (અંતરાય) લોકસભામાં તો ૧૨, ૧૨ પહોંચ્યા છે. એમાં કયાં તમારા છે? ત્યાં રાજય ચૂંટણી પંચે નહોતી કરાવવાની. કેન્દ્રીય ચૂંટણી પંચે કરાવવાની હતી અને એટલે ૧૨ ગયા. એની કોઈ ચિંતા કરવાની નથી. અને આ ધારાસભાની ચૂંટણી પણ કેન્દ્રના ચૂંટણી પંચે કરવાની છે, એટલે એની કોઈ ચિંતા ન કરતા. એમાં મશીનો તમારા નહીં હોય, મશીનો ત્યાંથી આવવાના છે. (અંતરાય) અમારા નહીં હોય. તે વખતે બાજપાઈજીએ મોકલ્યા હતા એ હતા. કેન્દ્રીય ચૂંટણી પંચના હતા. * (XXXX) માનનીય અધ્યક્ષશ્રી, હમણા હમણા પોતાની જાતે બહાદુર થવાની વાત કરે છે એટલે મને એક કહેવત યાદ આવે છે. નાના હતા અને ચોપડીમાં ભણતા ત્યારે વાંચતા.

' ભીંડો ભાદરવા તણો, વડને કહે સુણ વીર,
સમાઉં નહીં હું સર્વથા, તું જા સરવર તીર.

અહીંયા નવા નવા બહાદુર લોકો પડકારા કરે છે. સત્તા ઉપર આવે. પોલીસ તંત્ર હોય, માફિયા ગેંગો હોય, ૫ વર્ષ ચાલતું હોય છે અને ૫ વર્ષ પછી કોઈ ભાવ પૂછતું નથી. એના માટે પ્રજાશકિતથી જે લોકો, એનો વિશ્વાસ સાથે લઈ ચાલતા હોય છે એ લોકોનું લાંબુ ચાલતું હોય છે.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટમાં પૂરું કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, * (XXXX) વહેચવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

**શ્રી અશોક ભટ્ટ**: માનનીય અધ્યક્ષશ્રી, જે વ્યકિત આ સભાગૃહમાં ઉપસ્થિત ન હોય એવી કોઈપણ વ્યકિતનું...

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરેલા છે, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે, મને મોકલેલી છે, * (XXXX)

**શ્રી અશોક ભટ્ટ**: શબ્દો કાઢી નાંખ્યા છે ને. સાહેબ, એમને સલાહ આપો કે વિષય ઉપર બોલે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : પોર્નોગ્રાફિક સાહિત્ય એ ગૃહ વિભાગ હેઠળ આવે છે. * (XXXX) બદનામ કરવાના હોય તો ઘણા રસ્તા છે. વેર લેવું હોય તો કેટલાયે રસ્તા છે. પણ, આ જે ધંધો આદર્યો છે ને એ સારો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજાએ હંમેશા કાનૂન અને વ્યવસ્થા સાચવનારા લોકોને સાચવેલા છે, જે લોકોએ, એમાં અમે પણ આવીએ, જે લોકોએ કાનુન અને વ્યવસ્થા સાથે છેડછાડ કરી છે એને એના પરિણામો ભોગવવાના છે. આ પરિણામો તમારે ભોગવવાના આવવાના છે. એટલા માટે કાનુન અને વ્યવસ્થાની સાથે છેલ્લા ૪ વર્ષની અંદર જે છેડછાડો થઈ છે, એવી ૨૦ વર્ષના જાહેરજીવનમાં મેં આ પ્રકારે જોયું નથી. કોઈના જીવ સાથે ખેલવાનો જે આ ધંધો છે એ મોંઘો પડવાનો છે. આજે નહીં તો કાલે, એનો જવાબ દરેકે આપવો પડવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસના દલાલો અને માફીયાઓ મળી આજે શાસન વ્યવસ્થા ચલાવે છે.

**અધ્યક્ષશ્રી .** :માનનીય પ્રદિપસિંહ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, સરખેજમાં ખુલ્લેઆમ કલબ ચાલે, જે લોકો પોલીસ સ્ટેશનમાંથી ગુનેગારોને ઉઠાવી જાય અને એની સામે કોઈ પગલાં ન લેવાય.

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહ વિભાગની માગણી ક્રમાંક ૪૨, ૪૩, ૪૪ અને ૪૬ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે એના સમર્થનમાં વાત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી જયારે ગુજરાતની કાયદો અને વ્યવસ્થા અંગેની વાત કરતા હતા ત્યારે મને એવું લાગતું હતું કે ગુજરાત આટલું સલામત રાજય છે ત્યારે તેઓશ્રી કોઈ હકારાત્મક વાત કરશે,પરંતુ તેમણે કરેલી વાતોથી અમારા કાન જે ફૂલદાની જેવા છે એ

---

* (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

થૂંકદાની સમાન ગણીને વિકૃત વાતો રજૂ કરી છે.માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ડાકોરમાં રણછોડરાયજીના મંદિરમાં હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી માટે ૧૨ લાખ જેટલા યાત્રાળુઓ દર્શન માટે આવ્યા હતા અને ત્યાં આપણને કાયદો અને વ્યવસ્થાના દર્શન થયાં, પરંતુ આ વિરોધપક્ષના નેતાશ્રીને એ કાયદો અને વ્યવસ્થાનાં દર્શન દેખાતાં નથી. ગુજરાત એ વેદકાળથી શાંતિ માટે જાણીતું છે અને શાંતિ અને સલામતીના કારણે ભગવાન શ્રીકૃષ્ણ પણ જયારે એમને મથુરામાં તકલીફ પડી ત્યારે દ્વારકામાં આવીને રાજધાની બનાવી હતી. આજે ગુજરાતમાં નવરાત્રીનો તહેવાર હોય, રથયાત્રાનો તહેવાર હોય, ઈદ હોય, હોળી હોય, દિવાળી હોય કે મહોરમ હોય એ બધા જ તહેવારો શાંતિપૂર્ણ રીતે ગુજરાતમાં આ સરકાર મારફતે ઉજવવામાં આવે છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની જે ઉત્કૃષ્ટ પરિસ્થિતિ રહી છે એના કેટલાક દાખલા આપું તો અમે સૌ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ જયારે વિરોધપક્ષમાં હતા ત્યારે પ્રજાના પ્રશ્નોને લઈને અમે લોક આંદોલનો કરતા હતા, એ કયાંક વીજળીનો પ્રશ્ન હોય, રોજગારીનો પ્રશ્ન હોય કે શિક્ષણના પ્રશ્નો હોય. કયાંક દલિતો ઉપરના અત્યાચાર કે આદિવાસી ઉપરના અત્યાચારનો પ્રસંગ હોય, આજે થયું છે એવું કે આવા કોઈપણ પ્રકારના પ્રશ્નો આજે ન દેખાતાં આજે કોંગ્રેસના મિત્રો આંદોલનો કરવાની વાત ભૂલી ગયા છે અને એના કારણે જે પોલીસ આંદોલનોમાં રોકાઈ જતી હતી એ ગુનાના નિવારણમાં રોકાઈ છે જેના કારણે ગુનાઓનું પ્રમાણ અટકયું છે અને ગુના શોધવામાં  અગ્રીમતા મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ ઔદ્યોગિક દ્રષ્ટિએ સમગ્ર દેશમાં પ્રથમ નંબરે છે અને ગુજરાતમાં જયારે ઔદ્યોગિકીકરણ થાય ત્યારે સ્વાભાવિક રીતે જ શ્રમિકોની સંખ્યા વધવાની છે અને છતાં પણ એકપણ જગ્યાએ શ્રમિકોનું આંદોલન દેખાતું નથી હરિયાણામાં હુડા સરકારે, કોંગ્રેસના માફિયાઆના ઈશારે નિદોર્ષ શ્રમિકોની ઉપર લાઠીચાર્જ કર્યો અને અત્યાચારનો ભોગ બનવું પડયું હતું જયારે આપણે ત્યાં શ્રમીકોની ઉપર કોઈપણ અત્યાચાર થયો નથી. ૨૦૦૩ ની સાલમાં આખા રાજયમાં માત્ર ૨ દિવસનો કરફયુ અને ૨૦૦૪ માં માત્ર ૩ દિવસનો કરફયુ હતો અને હવે કરફયુ એ ગુજરાતમાં ભૂતકાળ બની ચૂકયો છે. હમણાં હમણાં જે ચૂંટણીઓ થઈ એમાં જે ૨૦૦૪ માં લોકસભાની ચૂંટણી થઈ એ ચૂંટણીમાં છેલ્લા ૧૦ વર્ષમાં કોઈપણ ચૂંટણીમાં શાંતિ ના રહી હોય એનાથી વધારે શાંતિ આ ચૂંટણીમાં રહી હતી.  પ્રજાએ ભા.જ.પ.ની વિકાસ યાત્રામાં વિઘ્નો નાંખવાની કોંગ્રેસની ચેષ્ટાને જાકારો આપ્યો છે (અંતરાય) * **(XXXX)** માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે છેલ્લે ૨૮ માંથી ૨૩ નગરપાલિકાઓમાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો, ૮૨ ટકાના વિજય સાથે ભારતીય જનતા પાર્ટી એ * **(XXXX)** કાઢયું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : * **(XXXX)** •શબ્દ હું દૂર કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : કોંગ્રેસ પાર્ટી સાફ થઈ ગઈ છે. ગુજરાતની શાંતિ અને ગુજરાતના આત્માને પીંખવાનું કામ કરતા નરાધમ આતંકવાદી તત્વો કયારેક કયારેક ગુજરાતના સિમાડામાં ઘૂસી જાય છે અને ગુજરાતના આત્માને પીંખવાની માનસિકતા વાળા લોકોની છાતિઓ ગોળીથી વિંધતા આ સરકાર અચકાતી નથી. હમણાં બે દિવસ પહેલા જ ચાર આતંકવાદીઓ જયારે વટવામાં પ્રવેશ્યા અને માહિતી મળી ત્યારે અમદાવાદ શહેરના ચુનંદા પોલીસ અધિકારીઓના માધ્યમથી, તેમની મેલી મુરાદ બર ન આવે તે માટે ચારેય આતંકવાદીઓને વિંધવાનું કામ આ ગુજરાતની પોલીસે કર્યુ છે. એક વખતા ગુજરાત માટે એવું કહેવાતું, ૧૯૮૫ થી ૧૯૯૫ નું આ ગુજરાત હથિયારોના લેન્ડિંગ માટે બેસ્ટ પ્લેસ, ટ્રાન્સપોર્ટેશન ઓફ હથિયાર માટે બેસ્ટ પ્લેસ, દરિયા કાંઠાની દાણચોરી માટે બેસ્ટ, અપહરણ માટે બેસ્ટ, ધમકી આપીને પૈસા પડવાવવા માટે આ ગુજરાત ધમધમતું. * **(XXXX)** રસુલ પાર્ટી, સરીફખાન જેવા માફિયાઓ કોણે પેદા કર્યા? ઈજ્જુશેખ, મમુમીયા પંજુ મીયાએ ગુજરાતને કલંકિત કર્યુ છે ફારૂકભાઈ, માનનીય અધ્યક્ષશ્રી, રસુલ પાર્ટી જે પાકિસ્તાનમાં છે તેના લગ્નમાં કોંગીના માજી મુખ્ય મંત્રીએ હાજરી આપી હતી. મહમ્મદ હુસેન સુરતી એ માજી મંત્રી હતા, શસ્ત્રોના પ્રકરણમાં એમને જેલમાં જવું પડયું. પિરઝાદાને ત્યાં વાંકાનેરમાં બોંબ ધડાકો પોતાના ઘરમાં સામાન હતો એટલા માટે થયો, આ રાજકીય આશ્રય આપવાનું કામ કોણે કર્યુ હતું?

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : એ રાજકીય આક્ષેપો કરે છે તો પછી સાંભળવાની તૈયારી રાખે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : અમારી તૈયારી છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે અન્ડર વર્લ્ડના લોકો અને માફિયાઓ ગુજરાતના સિમાડા છોડીને જતા રહે છે. ભૂલેચૂકે પાકિસ્તાનના ઈશારે ગુજરાતની સલામતી અને સુરક્ષાને વિંધવાની ઈચ્છા ધરાવનારાની છાતીઓ ગોળી થી ભરી દેવામાં આવે છે. આનું જો કોઈ કારણ હોય, માનનીય મુકેશભાઈ, તમે સાંભળો, આનું કોઈ કારણ હોય તો તે પ્રબળ રાજકીય ઈચ્છા શકિત છે. આપણા રાજય માટે અને રાષ્ટ્ર માટે દેશ દાજના કારણે રાષ્ટ્ર ભકિતનો અમારો સંકલ્પ અને પોલીસની અંદર કોઈ પણ જાતના પોલીટીકલ ઈન્ટરફિયરન્સ વગર પોલીસ નિર્ભય અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છે. તેના કારણે હું ગુજરાતની પોલીસને પણ અભિનંદન આપું છું. ૧૯૮૫ થી ૯૫ નો ગાળો મને યાદ છે. દરિયાપુર પોલીસ સ્ટેશનમાં જઈએ, જે ફારૂકભાઈનો વિસ્તાર છે. કોઈ પોલીસ વાળા ત્યાં પોળમા જઈ શકતા નહોતા. પોલીસ

• * (XXXX) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

ઓફિસરને ત્યાં જવું હોય તો * (XXXX) પરવાનગી લેવી પડે. કાયદો અને વ્યવસ્થાના કોઈ સિમાડા નહોતા, ત્યાં કહેવાતું, દરિયાપુર પોલીસ સ્ટેશન માટે કે ત્યાં કાયદો અને વ્યવસ્થાની હદ પૂરી થાય છે અને * (XXXX).વ્યવસ્થાની હદ શરૂ થાય છે. આ તમારા રાજયનો ઉત્તમ નમૂનો છે. એ પોપટીયાવાડ અને દરિયાપુર પોલીસ સ્ટેશનમા હમણાં થોડા દિવસ પહેલા મને યાદ છે. કે જે પોલીસ સ્ટેશનને ઘેરાવો થતા, પોલીસ સ્ટેશન ઉપર પથ્થરમારા થતા, પોલીસ સ્ટેશન ઉપર ખાનગી ગોળીબાર કરવા વાળા કોણ હતા? આજે કોમી એખલાસનું ત્યાં વાતાવરણ છે. ફારૂકભાઈ પણ ત્યાં હમણાં એક કાર્યક્રમમાં ઉપસ્થિત હતા. ત્યા દરિયાપુર પોલીસ સ્ટેશનમાં લોકલ પોલીસ ઈન્સ્પેકટર દ્વારા સમૂહ લગ્નનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. હિન્દુ અને મુસ્લિમોના વર કન્યાઓ- દુલ્હા દુલ્હન આવ્યા અને એક સમૂહ લગ્નનો કાર્યક્રમ યોજાયો.આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અને દરિયાપુર પોલીસ સ્ટેશનમાં થઈ શકયું છે. ત્યાં પોલીસ સ્ટેશનની જગ્યાએ શહનાઈઓની સુરાવલી થઈ. એમાં અમારી હાજરી પણ હતી. અમારી પ્રખર રાષ્ટ્રીય ઈચ્છા શકિતના કારણે આ થયું છે.

આજે ફ્રી રજિસ્ટ્રેશન ઓફ ક્રાઈમ છે. કોઈપણ જાતના ગુના કોઈને નોંધાવા હોય તો એને કોઈ રોકતું નથી. ગુનાઓ પહેલા ૧ થી ૫ સિરિયસ પ્રકારના ગુના કહેવાય એમાં આપણો ક્રમ પાછળ છે. વાયોલન્ટ ક્રાઈમ રેઈટનું પ્રમાણ પણ ઘટયું છે. ડિકટેકશન ઓફ ક્રાઈમ ૨૦૦૫ માં ૭૨ ટકા જેટલો હાંસલ કર્યો છે. મહિલાઓ ઉપર અત્યાચારો ઘટયા છે. અત્યારે છ પોલીસ સ્ટેશનો છે અને આગામી દિવસોમાં દરેક જિલ્લામાં એક મહિલા પોલીસ સ્ટેશનનું આયોજન છે. (અંતરાય) માનનીય મંત્રીશ્રીની સહન શકિત કરતાં મારી સહન શકિત ઓછી છે. એટલે મર્યાદામાં રહો તો સારુ. ૧૯૯૪ માં અનુસૂચિત જાતિ ઉપરના ૧૯૯૦ ગુના હતા, જ્યારે ૨૦૦૫ માં ૯૦૦ ગુના એટલે કે ૫૦ ટકા જેટલું પ્રમાણ ઘટવા પામ્યું છે. અનુસૂચિત જનજાતિ ઉપર ૧૯૯૪માં ૪૩૨ ગુના હતા આજે ૧૪૭ ગુના છે. અનુસૂચિત જાતિ ઉપર અત્યાચારનું ૭૦ ટકા પ્રમાણ ઘટયું છે અને દર લાખની વસતિએ વાયોલેન્ટ ક્રાઈમ રેઈટ ૧૧ ટકા એટલે દેશમાં આપણો ૨૪મો નંબર છે.

ભારતને આઝાદી પ્રાપ્ત થશે અને નવી સરકાર આવશે એટલે સૌથી પહેલા ક્રમે એક ઝાટકે ગૌહત્યા પ્રતિબંધનો કાયદો લાવશે આ મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું. એમના શિષ્ય વિનોબા ભાવેએ ગૌહત્યા પ્રતિબંધના અમલ માટે ઉપવાસ કર્યા પરંતુ ભારતીય જનતા પાર્ટીની આ સરકારની તીવ્ર ઇચ્છાના કારણે એણે આપેલી લડાઈના કારણે આઝાદી ૧૯૪૭માં મળી પરંતુ સાંસ્કૃતિક આઝાદી ૨૦૦૫માં મળી. આવી સાંસ્કૃતિક આઝાદીના રક્ષણ માટે જીવદયા પ્રેમીઓએ આપણા ઉપર વિશ્વાસ મૂક્યો એને જીવંત રાખવા માટે સ્થળાંતર થતું માંસ કયા પ્રકારનું છે એની સ્થળ ઉપર ચકાસણી થઈ શકે તે માટે છ નવી મોબાઈલ એફ.એસ.એલ. વાન દ્વારા ચકાસણી થશે. માત્ર કાયદો નહિ પરંતુ કાયદાના કડક અમલ માટેની પ્રતિબદ્ધતાં આ બજેટમાં છે. હું સમગ્ર હિન્દુસ્તાનની પ્રજા વતી માનનીય મુખ્યમંત્રીશ્રીને અને આ સરકારને અભિનંદન આપું છું.

હમણાં શબરી કુંભ યોજાયો. દેશભરના કોંગ્રેસીઓનું રાષ્ટ્રીય અધિવેશન હૈદરાબાદમાં યોજાયું. જેમાં અર્જુનસિંહ જેવા સિનિયર આગેવાને કહ્યું કે શબરી કુંભ થવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમાશે. ધર્માન્તરણ અને તેના થકી રાષ્ટ્રાન્તરની માનસિકતા ધરાવતા લોકો એસ્પ્રીનની ગોળીઓ આપીને વટાળ પ્રવૃત્તિને ઉત્તેજન આપનાર લોકોને રૂકજાવનો મેસેજ શબરી કુંભના સંમેલન દ્વારા આપ્યો છે. ધર્માન્તરથી માત્ર વ્યકિત પૂજા પદ્ધતિ નથી બદલાતી પરંતુ ધીરે ધીરે એની રાષ્ટ્રીયતા સામે થયેલ ખતરા માટે દેશભરમાંથી લાખો લોકો આવ્યા. આસ્થા, વિશ્વાસ અને શ્રદ્ધાનો શબરી કુંભ છે. આ કાર્યક્રમની અંદર ગુજરાત સરકારના પોલીસ વિભાગે કાયદો અને વ્યવસ્થાની સંપૂર્ણ જાળવણી કરી. રાજય સરકારને આ ગુજરાતના વનવાસી, ગિરિજનોએ નવો ચીલો પાડ્યો અને એની અંદર જે રીતે સફળ કાર્યક્રમ બન્યો એ બદલ આદિવાસી સમાજને હું મારા હ્રદયપૂર્વકના અભિનંદન આપું છું.

વિરોધપક્ષના નેતા વારંવાર દયા નાયકનો ઉલ્લેખ કરે છે. આ સભાગૃહમાં કોઈ સભ્યને દયા નાયક સાથે સબંધ નથી. પરંતુ એ હમણાં મુંબઈ બે-ત્રણ વખતે જઈ આવ્યા તો દયા નાયક સાથે થયેલ કોઈ ચર્ચાના સ્વરૂપે આ વિધાનગૃહની અંદર બોલે છે, કેમ દયા નાયકને ટાંકીને બીજા કોઈ નથી બોલી શકતા આ શું સૂચવે છે? આતંકવાદની એમણે બહુ ચિંતા કરી. આતંકવાદ સામે લડતી કોઈ સરકાર હોય તો એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. અમેરિકાની એક સંસ્થા સી.આઈ.એ. ના જણાવ્યા મુજબ દુનિયામાં ૬૫૧ જેટલા અતિ ગંભીર હુમલા થયા એમાંના ૨૯૫ જેટલા હુમલા ફક્ત ભારતમાં થયા છે. આપણે સૌ યાદ રાખીએ, આપણે જેને કદાપિ ન ભૂલી શકીએ એવા ગોધરાના સાબરમતી એક્સપ્રેસના એસ-૬ના ડબ્બામાં ૫૯ જેટલા રામભકતોને જીવતા ભડથું કરવાવાળા બેનરજી કમિશનના રિપૉર્ટના સહારે ફરી બચવું છે જેમને એ ફરી ગુજરાતના સ્વાભિમાનને ચોટ પહોંચાડે છે. તેમની વેદના ઉપર એસીડ છાંટે છે. તેમની ચોટ પર મીઠું ભભરાવવાનું કામ કરે છે. આજે પણ એ નિર્દોષ બાળકોના મોત પર, તેમની છાતી પર પગ રાખીને અટ્ટહાસ્ય કરતા વિકૃત માનસિકતાવાળા લોકો આજે ફરીવાર મારા, તમારા અને આપણાં ગુજરાતની શાંતિને હણવા પ્રયત્ન કરે છે. આવા આતંકવાદી તત્ત્વો સામે ગુજરાત સરકાર કમર કસી રહી છે. જેથી છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં એક પણ આતંકવાદી ઘટના બનવા દીધી નથી. આપણે સૌ જાણીએ છીએ કે નવૅમ્બરમાં રાજધાની દિલ્હીમાં બૉમ્બ ધડાકો, ડિસૅમ્બરમાં ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, બેંગ્લોરમાં બૉમ્બ ધડાકો, ફેબ્રુઆરીમાં અમદાવાદ રેલ્વે સ્ટેશન

પર ધડાકો, માર્ચમાં વારાણસીના સંકટમોચન મંદિર ઉપર હુમલો, કેન્ટના રેલ્વે સ્ટેશન પર હુમલો. ખબર નથી પડતી કે શ્રદ્ધાળુઓની આસ્થા જયાં માથું ટેકવે છે ત્યાં હિંદુ ધર્મના જ શ્રદ્ધા કેન્દ્રો ઉપર નિશાન બનાવીને આ આતંકવાદીઓ કેમ માથું ઉચકે છે? હમણાં સરદાર વલ્લભભાઈ પટેલની ચર્ચા થઈ કે સરદાર વલ્લભભાઈ પટેલ દુ:ખી હશે. સરદાર વલ્લભભાઈ પટેલ તો એટલે દુ:ખી હશે કે આ દેશમાં ફરીથી વિઘાતક પરિબળો ફરીથી માથું ઉચકે એવા કૃત્યો વર્તમાન યુ.પી.એ.ની સરકાર દ્વારા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં પૂર્વ સંયુકત ગુપ્તચર બ્યુરોના નિયામક મલય કૃષ્ણે પોતાના પુસ્તક ફાલ્કન ઑફ ઈવલ, આઈ.એસ.આઈ. અને સી.આઈ.એ., અલકાયદાના નેકસેસમાં લખ્યું છે કેબાંગ્લાદેશમાં પરોક્ષ રીતે પાકિસ્તાનનું ચાલે છે અને આઈ.એસ.આઈ.એ પોતાની જાળ બિછાવી છે. આ જેહાદીઓની મોટી ફોજનું નિર્માણ કરે છે. ઓસામા બિન લાદેનના અલકાયદાની જેહાદી પ્રવૃત્તિ માટે બાંગ્લાદેશ સ્વર્ગ બની ચૂક્યું છે.એન.ડી.એ.ની સરકારે આ ઘૂસણખોરોને નશ્યત કરવાની નેમ લીધી હતી એ જ યુ.પી.એ.ની સરકાર જ્યારે સુપ્રીમ કોર્ટ દ્વારા આઈ.એન.ટી.ડી. એકટ રદ કરવામાં આવ્યો. ત્યારે કૅબિનૅટના પ્રધાનોની પેટા કમિટી દ્વારા આસામના ઘૂસણખોરો માટે ફરીથી એકવાર તેમના માટે મોકળું મેદાન મળે તેવા પ્રયત્નો કરી રહી છે. આ બાંગ્લાદેશી ઘૂસણખોરો એ માત્ર પશ્ચિમ બંગાળ કે બિહાર સુધી નહીં, એ ગુજરાતના સીમાડા સુધી આવતા પણ કોઈ રોકી નહીં શકે. આપણે બાંગ્લાદેશી ઘૂસણખોર ગુનેગાર મોહમ્મદ કજરી અને તેના ગુનાઓથી વાકેફ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપણે પોટા રદ કર્યો તેની સાથે ગુજકોકની માગણી કરી. દંભી બિનસાંપ્રદાયિકતાના ઓઠા હેઠળ લઘુમતીઓના તુષ્ટિકરણ અને વોટબૅન્કની રાજનીતિ માટે પોટા રદ કરીને રાષ્ટ્રદ્રોહી આતંકવાદી તત્ત્વો આજે નિર્ભય બન્યા છે. ઈસ્લામીક કટ્ટરવાદી તત્ત્વોએ પાકિસ્તાનના ઈશારે ક્રોસ બૉર્ડર ટેરરીઝમથી દેશને ખોખલો કરવાનું લક્ષ્ય લીધું છે. દેશના ડિફૅન્સના પર્સોનલ અધિકારીઓની અનિચ્છા, સલામતી અધિકારીઓની અનિચ્છા છતાં માત્રને માત્ર લઘુમતીના તુષ્ટિકરણ માટે પોટાનો કાયદો રદ કર્યો. ૯ મહિના થયા પણ આ યુ.પી.એ.ની સરકાર આપણાં ગુજકોકને હજી મંજૂરી નથી આપતી. સમગ્ર વિશ્વની અંદર કાયદા ઘડે છે દેશભકિત માટે, દેશની સુરક્ષા માટે કડકમાં કડક કાયદા બનાવ્યા છે. અત્યારના સંજોગોમાં ગુજકોકને નહીં કરીને દેશદ્રોહીની રક્ષા કરવાની માનસિકતાથી એક ભારતવાસી તરીકે આ સરકારને કારણે મારું માથું શરમથી ઝૂકી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં પ્રશ્નોત્તરી દરમ્યાન જેલોની અંદર ઓવર ક્રાઉડીંગનો પ્રશ્ન થયો પણ ૧૯૮૫થી ૯૫માં જે માફીયા ગુનેગારોના હવાલે આ ગુજરાત હતું તે ગુનેગારો એ વખતે જેલમાં રહેવાને બદલે મહેલમાં રહેતા હતા અને આ સરકારને કારણે આ બધા ગુનેગારોને પકડીને જેલમાં રજૂ કર્યા તેના કારણે જેલો આજે ઓવર ક્રાઉડીંગ થઈ છે.

હું જે વાત કરું છું કે મુસ્લિમની આર્મીની અંદર ગણતરી માટે દીપક સેચરની કમિટી થઈ. માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે આ દીપક સેચર સમિતિએ ઉલ્લેખ કર્યો હોય કે ન કર્યો હોય પણ જેલમાં કયા ગુનેગારો છે અને કઈ જ્ઞાતિના છે તેની ગણતરી કરીને તેની જાહેરાત કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, એવું કહેવામાં આવ્યું કે, કેન્દ્રના પૈસા આવે છે અને તમે વાપરો છો. કેન્દ્રના પૈસા તો આખા દેશની અંદર જાય છે. દેશના બીજા રાજયોની પૈસા વાપરવાની ક્ષમતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની એફ.એસ.એલ. રાજયમાં બનતા તમામ પ્રકારના ગુનાઓનું સ્થળ પર નિરીક્ષણ કરી, એની કડીઓ અને સાયન્ટીફીક એનાલીસીસ કરે છે. ૨૧ જેટલી મોબાઈલવાનો છે અને આ ૨૧ જેટલી મોબાઈલવાનો અને એફ.એસ.એલ.ની ઉપલબ્ધતાના કારણે ક્રાઇમ ડિટેક્શન રેઈટ ઝડપી બન્યું છે. એમાં પછી બ્રેઈન ફિંગર પ્રિન્ટીંગ મશીન છે, સાઈબર ક્રાઇમ લૅબૉરેટરી છે, વોઈસ આઈડેન્ટીફિકેશન, ફોરેન્સીક સાઈકોલોજી, ડી.એન.એ. ટેસ્ટીંગ, ઑટોમૅટીક ફિંગર પ્રિન્ટીંગ મશીન, આઈડેન્ટીફીકેશન, આમાં જે બ્રેઈન ફિંગર પ્રિન્ટીંગનું મશીન છે એ આખા દેશની અંદર આપણું પ્રથમ છે અને આ મશીન એવું છે કે, મુકેશભાઈ, આ મશીન એવું છે કે, તમે એ મશીનની સામે બેસો અને ખોટું બોલતા હોવ તો મશીનને તરત જ ખબર પડે. તમે સાચું બોલો છો કે સોનિયા ગાંધીને સારું લાગે એટલા માટે બોલો છો એ ખબર પડતી નથી. લાઈ ડીટેકટર મશીન, એમાં કમ્પ્યુટર પોલીગ્રાફ છે., સાઈકોલોજી એસેસમેન્ટ છે, હિપ્નોસીસ છે અને નારકો એનાલીસીસ અને ડી.એન.એ. ફિંગર પ્રિન્ટીંગ એ પણ દેશની અંદર પ્રથમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એફ.એસ.એલ.ના modernisation and well equipped technocrat team હોવાના કારણે રાજયનો ડિટૅક્શન ક્રાઇમ રેઈટ ઊંચો આવ્યો છે. માત્ર ગુજરાતમાં નહીં અન્ય રાજયો સી.બી.આઈ., એન.સી.બી., કસ્ટમ અને એકસાઈઝ જેવી સંસ્થાઓએ આનો ઉપયોગ કર્યો છે. મહારાષ્ટ્ર રાજયમાં જે ચર્ચાસ્પદ તેલગી સ્ટૅમ્પ સ્કેમ થયો એની સ્પેશિયલ ઇન્વૅસ્ટીગેશન ટીમ દ્વારા મોકલાયેલ ૨ વ્યકિતઓના બ્રેઈન ફિંગર પ્રિન્ટીંગ અને નારકો એનાલીસીસ અહીંયાં કરવામાં આવ્યા. ઉત્તર પ્રદેશનો ચર્ચાસ્પદ કવિયત્રી મધુમિતા હત્યા કેસ, જેની અંદર એ વખતના મંત્રી અમરમણી ત્રિપાઠીની સંડોવણી હતી એના અગત્યના સાક્ષીઓની અહીંયાં તપાસણી કરી. દિલ્હી ખાતેના પ્રોફૅસર ગિલાની અને એના શંકાસ્પદ કમ્પ્યુટરની આપણા એફ.એસ.એલ. દ્વારા તપાસણી થઈ, ગુટખા કિંગ જોષી અને ધારીવાલના શંકાસ્પદ કેસમાં પણ લાઈ ડીટેકટર અને પ્રોફાઈલ તથા

બ્રેઈન ફિંગર પ્રિન્ટીંગની તપાસણી પણ અહીંયાં કરવામાં આવી. આમ જોઈએ તો ૨૦૦૩થી ૨૦૦૫ સુધી દિલ્હી, કલકત્તા, મુંબઇ, યુ.પી., રાજસ્થાન, મધ્યપ્રદેશથી જમ્મુ-કાશ્મીર અને આંદામાન નિકોબાર સુધી દેશના કુલ ૧૦૯ જેટલા શંકાસ્પદ કિસ્સાઓ એફ.એસ.એલ. દ્વારા ચકાસાયા. માનનીય અધ્યક્ષશ્રી, ૨૧મી સદીમાં બનતા વૈવિધ્યપૂર્ણ ગુનાઓ અને એ ગુનામાં લીધેલા આધુનિક પગલાને અટકાવવા માટે, ગુનાઓના ઉકેલ માટે એફ.એસ.એલ.ના અધિકારીઓ અને રાજયના ગૃહ વિભાગના અધિકારીઓને હું હાર્દિક અભિનંદન આપું છું. ૨૧મી સદીમાં આપણે સૌ જાણીએ છીએ કે, આ આઈ.ટી.નો યુગ છે. હવે આ ગુનાઓ ડોગ સ્કવોડ કે શંકાસ્પદ શખસોની ચકાસણી કરીને નહીં પરંતુ સમાજની અંદર ગુનાખોરીનો ઘટાડો થાય, ઝડપથી ગુનાઓની તપાસ થાય, પ્રજાને સારી સલામતી અને રક્ષણ મળે અને પારદર્શિતા વધે. એ માટે આઈ.ટી.નો ઉપયોગ જરૂરી છે. એટલા માટે એશિયાના સૌથી મોટા જીસ્વાન નૅટવર્ક સાથે કનેકટ કરવામાં આવ્યું છે. પોલીસ ભવન, ૬ રેન્જ કચેરીઓ, ૧૦ એસ.આર.પી. કચેરી, ૪ પોલીસ કમિશનરેઈટ અને ૨૪ જિલ્લા અધિક્ષક સાથે રાજયના ૪૬૮ પોલીસ સ્ટેશન પૈકી ૩૫૮ પોલીસ સ્ટેશન જોડવાનું કામ અને સાથેસાથે આ પોલીસ સ્ટેશનોને કમ્પ્યુટર, ફેકસ અને ઝેરોક્ષ. જેના કારણે માત્ર ઝડપથી આદાન-પ્રદાન કરવામાં, ગુનેગારોને પકડવામાં આપણે સફળ રહ્યા છીએ. રાજયના પોલીસ કર્મચારીઓના નિવાસોની ચિંતા કોઈ એક રાજયે સૌથી વધારે કરી હોય તો આ ગુજરાત રાજયે કરી છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે, આપની પાંચ મિનિટ બાકી છે.

**વિરામ સાંજના ૪-૩૦થી ૫-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (ક્રમશઃ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો ગુજરાતના પોલીસ આવાસ નિગમની, ગુજરાતમાં પોલીસ આવાસ નિગમ જે રીતે કામ કરે છે, પોલીસ કર્મચારીનું મકાનનું પ્રાપ્યતાનું સ્તર સમગ્ર દેશમાં ૪૦ ટકા છે જેની સામે ગુજરાતમાં આ સ્તર ૭૩.૬૫ ટકાની સાથે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. માત્ર તેનાથી અટકવાને બદલે રેશીયો આ વર્ષે, આ સેટીસ્ફેકશન રેશીયો ૯૦ ટકા સુધી પહોંચાડવાનો રાજય સરકારનો લક્ષ્યાંક છે. ચાલુ સાલે ૧૪૧.૫૬ કરોડના બાંધકામની જોગવાઈ સાથે રૂા.૧૫ કરોડ મરામત અને નિભાવણી માટે ફાળવી સમાજની સુરક્ષાની ચિંતા પોલીસ કરે છે અને પોલીસ પરિવારના નિવાસની ચિંતા સરકાર કરે એવો કર્મભાવ આ બજેટની અંદરથી વ્યકત થાય છે. ગુજરાતની અંદર ગુજકોકનો કાયદો નથી આવ્યો જેના કારણે પોલીસ કર્મચારી ફરજને કારણે સ્ટ્રેસ લેવલ, ફરજનું ભારણ ખૂબ જ વધુ હોય છે અને પોતાની કે કુટુંબની જાળવણી ન લેતા અનેક રોગના ભોગ બને છે તેથી તેની વ્યકિતગત કૌટુંબિક અને સામાજિક જીવન ઉપર અસર પડે છે. સાથેસાથે તેમની કાર્યક્ષમતા અને ગતિશીલતા ઉપર પણ અસર પડે છે. રાજય સરકારે આ પોલીસ કર્મચારીઓ અને એમના પરિવારજનોના સ્વાસ્થ્યની જવાબદારી સ્વીકારી છે અને તેમાં ચકાસણી કરી અને એમને માલૂમ પડેલ તમામ રોગોની સારવાર કરવાનો તમામ ખર્ચ રાજય સરકાર ઉપાડશે. પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓ માટે તાલીમ એ સૌથી અગત્યનું અંગ છે. જેનાથી એની કાર્યક્ષમતામાં વધારો થાય અને કાર્યવાહીમાં સુધારો થાય, ગાંધીનગર કરાઈ ખાતે અતી આધુનિક પોલીસ તાલીમ એકેડેમી જેમાં ચાલુ વર્ષે જોગવાઈ કરીને આધુનિક પ્રકારની તાલીમ સાથે ચેતક કમાન્ડો, સાઈબર ક્રાઈમ ડિટૅક્શન ક્રાઈમ, આર્થિક ગુના બાબતની તાલીમ, બોમ્બ ડિટૅક્શન એન્ડ ડીસ્પોઝલની તાલીમ, ફોરેન્સીક સાયન્સને લગતી તાલીમ, કમાન્ડો બેઝીક કોર્સ અને રીફ્રેશર કોર્સ ઉપરાંત રાજયના ૫૮,૦૦૦ પોલીસ કર્મચારીઓ પૈકી ૨૯,૦૦૦ કર્મચારીઓને તાલીમ પૂરી પાડી છે અને બાકીના કર્મચારીઓને આ વર્ષે તાલીમ પૂરી પાડવામાં આવશે. ગુજરાતમાં આતંકવાદના અરમાનવાળા આ આતંકવાદીઓને આવતાની સાથે ગોળીઓથી પોંખવામાં આવે છે. દિલ્હીમાં ધોળા દિવસે આવે, અહીં તો કાળી રાત્રીના અંધકારમાં આવે તો પણ એને શોધી અને મોતના હવાલે મૂકવામાં આવે છે જેથી ૨૦૦૪-૦૫માં આતંકવાદનો મનસુફો, એમના લાખ પ્રયત્નો છતાં ગુજરાતની ધરતી ઉપર છેલ્લા ૨ વર્ષથી એક પણ આતંકવાદની ઘટના બની નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી માગણી કરુ છું કે આ બાંગ્લાદેશી નાગરિકો જે ઘૂસ્યા હોય એવા તમામ બાંગ્લાદેશી નાગરિકોને તાત્કાલિક પકડીને ગુજરાતની સરહદમાંથી દૂર કરવા જોઈએ. માનનીય વિપક્ષના નેતા જયારે પ્રવચન કરતા હતા ત્યારે મને એવું લાગ્યું કે હું ગુજરાતની વિધાનસભામાં બેઠો છું કે પાકિસ્તાનની લોકસભામાં બેઠો છું? એમના પોતાના મુદ્દામાં, એમના કુલ ૪૦ મિનિટના પ્રવચનમાં ૨૫ મિનિટ તો મહંમદ અલી ઝીણા, ઝીણા સિવાય બીજો કોઈ શબ્દનો ઉલ્લેખ જ નથી કર્યો, એમણે ગુજરાતના કાયદા અને વ્યવસ્થામાં કયાંક અમારી તૃટીઓ સમક્ષ કે કયાંક અમારી ક્ષમતા તરફ કે કયાંક અમારી ઉણપ તરફ ધ્યાન દોર્યુ હોત તો આજે ગુજરાતની પ્રજાનું તેઓ હિત કરી શકયા હોત. હું છેલ્લે એટલું જ કહીશ કે,

" કદમ અસ્થિર હોય તે મુસાફરને રસ્તો કદી જડતો નથી,
અડગ મનના મુસાફીરને હિમાલય પણ કદી નડતો નથી."

રાજય સરકારની આવી ઉત્કૃષ્ટ પ્રકારની ગૃહ વિભાગની કામગીરીને કારણે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહ મંત્રીશ્રી, ગૃહ વિભાગ તથા સમગ્ર ગુજરાતના જવામર્દ પોલીસદળને હું હાર્દિક અભિનંદન આપું છું.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને ગૃહ પ્રધાન જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્ર અને રાજ્યની શાંતિ માટે રાજ્યના વિકાસ માટે કોઈપણ બાળકનો જન્મ થાય એ પહેલા અને એનું મૃત્યુ થાય ત્યાં સુધી જે વિભાગની જવાબદારી છે અને જે વિભાગે પોતાનું યોગદાન આપવાનું હોય છે એવો આ ગૃહ વિભાગ છે. બાળકનો જન્મ થાય એ પહેલા ભ્રૃણ હત્યા દ્વારા એનું મોત નિપજાવવામાં આવે છે ત્યારથી આ ગૃહ વિભાગની જવાબદારી શરૂ થાય અને માણસનું મૃત્યું થાય, એની ઉમર થઈ જાય ત્યાં સુધીની જવાબદારી આ વિભાગે નિભાવવાની હોય છે. ગુજરાત રાજ્યમાં જ્યાં સુધી સલામતી અને વ્યવસ્થાની બાબત છે ત્યાં સુધી મારી પહેલા મારા મિત્ર પ્રદિપસિંહભાઈએ ઘણી બધી વાતો કરી. અમારા નેતા અર્જુનભાઈએ જે વાત કરી કે ગુજરાતમાં જે લૂંટ, ચોરી, ખૂન અને બળાત્કારના કિસ્સાઓ દિન પ્રતિદિન વધી રહ્યા છે. આજે જે કાંઈ બનાવો બને છે એમાં ૫૦ ટકા ઉપર તો કેસો નોંધવામાં આવતા નથી. અહીંથી જે જાહેરાતો કરવામાં આવે છે એ જાહેરાતમાં એવું બતાવવામાં આવે છે કે ગુજરાતમાં શાંતિ અને વ્યવસ્થાની પ્રક્રિયામાં સુધારો થયો છે. ગુનાઓ ઘટ્યા છે. સવારે છાપું વાંચીએ ત્યારે મોટા ભાગના સમાચારો ઉપર નજર નાખતા પહેલાં આપણને બળાત્કાર, ખૂન, ધાડ અને ચોરીના બનાવો પહેલી નજરે જોવા મળે છે. અહિંસાની આપણે વારંવાર વાતો કરીએ છીએ. મહાત્મા ગાંધીના સિદ્ધાંતોની આપણે વાતો કરીએ છીએ. ગુજરાતની અંદર જે દારૂ ઠલવાય છે, માનનીય ગૃહ મંત્રીશ્રીનું મારે ધ્યાન દોરવું છે કે જે પ્રમાણમાં દારૂ આવી રહ્યો છે કે આજે કોઈ પીઝા હટ વાળો મોબાઈલથી પીઝા મગાવે એમ દારૂની બોટલો મગાવી શકાય છે. આ ગુજરાત રાજ્યમાં મહાત્મા ગાંધીની વાતો કરનારાઓએ કોઈપણ વ્યકિતને સલાહ આપ્યા વગર પોતાની જાતને સુધારવી પડશે. ભગવાન બુદ્ધનો એક પ્રસંગ છે એમાં એક બહેન પોતાના બાળકને લઈને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ બધાને ખબર છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : ગુજરાતની અંદર ૧૧૩૦ ખૂનો, માનનીય અધ્યક્ષશ્રી, આ દ્રષ્ટાંત ખૂબ જરૂરી હતું પરંતુ, ૩૦૦ ધાડો, ૩૭૮ બળાત્કારના કેસો, દિન પ્રતિદિન ભ્રૃણ હત્યાના થતા બનાવો અને ગુજરાતની શાંતિ માટે હંમેશા આપણે આતંકવાદનો સામનો કરવો પડે. દેશનું રક્ષણ કરવા માટે, સરહદની રક્ષા માટે જે આપણી જવાબદારી છે એ જવાબદારી નિષ્ઠાપૂર્વકની હોવી જોઈએ. જ્યારે અહીંયા જે કાંઈ બનાવો બનતા હોય છે એમાં આખો પોલિટિકલ વ્યૂ બનાવવામાં આવે છે અને એનો રાજકીય દુરુપયોગ કરવા માટેનો જે પ્રયાસ થઈ રહ્યો છે એ બાબતે હું આપના મારફતે આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું. આજે અનુસૂચિત જાતિઓના લોકો પર જે અત્યાચારના બનાવો બની રહ્યા છે, એસ્ટ્રોસિટી એક્ટનો દુરુપયોગ કરતા હોય એનો હું વિરોધી છું. દલિત પર ખરા અર્થે જે અત્યાચાર થતા હોય, આજે પણ આ ગુજરાત રાજ્યની અંદર દલિતોને સળગાવી દેવાના બનાવો નોંધાય છે. મારા મત વિસ્તારમાં એક દીકરીનું હમણાં અપહરણ થયું અને એ દીકરીના અપહરણ પાછળ એસ.પી.ને બે-ત્રણ વખત મળવા છતાં એ જે ગુનેગારનું નામ દેવા છતાં, એના મોબાઈલમાં વારંવાર પર ફોન આવવાથી આ દીકરીને ૧૫-૨૦ દિવસ સુધી આ અપહરણ દ્વારા એને બાનમાં રાખી એના ઘરે મૂકી આ આરોપી ફરાર થઈ ગયો. આ ગુજરાત સરકાર જ્યારે કેન્દ્ર સરકારના કાયદાના વિરોધની વાત કરે છે. પરંતુ જે કાયદો અસ્તિત્વમાં છે એ કાયદાનું જ્યાં સુધી યોગ્ય રીતે પાલન ના થાય. નિષ્ઠાવાન અને પ્રમાણિક અધિકારીની અયોગ્ય જગ્યાએ નિમણૂક કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બોર્ડર પરથી ટ્રક મોઢે દારૂ ઠલવાય. બોર્ડર પર કાંઈ પકડાય નહિ, ૧૫-૨૦ ખોખા કે ૧૦-૧૨ દારૂની બાટલીઓ પકડવાથી આ ગાંધીના ગુજરાતના જે આપણે વખાણ કરી રહ્યાં છીએ, ગાંધીના વિચારોને વાચા આપવા માટે આપણી જાતને સુધારવી પડશે. દિવસે ને દિવસે બનતા બનાવોમાં આપણી નિષ્ઠાપૂર્વક ફરજ, માનનીય મારા મંત્રીશ્રી હમણાં વાત કરતા હતા લાઈવ ડીટેકટરની આ વિધાનસભા ગૃહમાં મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આ પ્રથમ વખત આ વિધાનસભા ગૃહમાં આવ્યો છું. પરંતુ અહીંથી જે નિવેદનો ખોટા થઈ રહ્યાં છે, અહીંથી જે જવાબદારીપૂર્વક નિવેદનો કરવાના હોય, જવાબદારીપૂર્વક પૂછેલા પ્રશ્નોના જવાબો આપવાના હોય એનો ઉડાઉ જવાબો આપવામાં આવે છે. આ ગૃહનું જે અવમાન કરવામાં આવે છે. ગુન્હાના જે કાંઈ બનાવો બની રહ્યાં છે એનું જો હું લિસ્ટ આપવા બેસું તો અસંખ્ય બનાવો આ ગુજરાતમાં બની રહ્યાં છે. આતંકવાદીને કોઈ દિવસ પોષણ આપી શકાય નહિ, એના અમે વિરોધી છીએ. પરંતુ જ્યાં સુધી એને પોષવાનો સવાલ છે અનેક કિસ્સાની અંદર પોલીસ સ્ટેશનની અંદર નોંધાતા ગુન્હામાં કોઈ એક ગુનેગાર પકડાય અને જે કેસ પડતર હોય એ ૨૦-૨૫ કેસ એ એના નામે ઉધારીને ફાઈલ બંધ કરવામાં આવે છે. આનાથી જે ખરેખર ગુનેગાર હોય એ છટકી જાય છે અને પોતાની જે પ્રવૃત્તિ હોય એ સતત ચાલુ રાખતો હોય છે. અમારા ધારાસભ્ય મિત્ર સુનીલભાઈ ઓઝા કે જેનો મોબાઈલ પણ હમણાં લૂંટાઈ ગયો, ધારાસભ્યોની પણ સલામતી નથી. આ વિધાનસભા ગૃહમાં આપણે જ્યારે પ્રવેશીએ ત્યારે આપણી ગાડી ઉપર એમ.એલ.એ. ગુજરાત લખ્યું હોય એટલે ગાડી પ્રવેશવા દેવામાં આવે. કોઈપણ આતંકવાદી, જ્યારે આપણે સલામતીની વાત કરતા હોઈએ ત્યારે એમ.એલ.એ. ગુજરાત લખીને ઘૂસી જાય (અંતરાય) એમાં આ ગુજરાતની પરિસ્થિતિમાં શ્રમજીવીઓ..(અંતરાય) શું?

**અધ્યક્ષશ્રી** : આ ગૃહમાં બધા સત્ય બોલે છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, નશાબંધી ધારામાં સુધારા સામે ખેડૂતોને આંદોલન કરવું પડે. આ ગુજરાતની આનાથી મોટી કમનસિબી કઈ હોઈ શકે? ગુજરાતની આ ધરતી પર જ્યાં સુધી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વ્યવસ્થિત અને યોગ્ય નહિ હોય ત્યાં સુધી કોઈપણ બાળક સ્કુલે જતું હોય, કોઈપણ બહેન-દીકરી કુવે પાણી ભરવા જતી હોય કે કોઈ વ્યકિત કે બહેન-દીકરી નોકરી કરવા જતી હોય એની સલામતી આ ગુજરાત રાજ્યમાં રહી છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય ગૃહમંત્રીશ્રીને જણાવવા માગું છું કે કોઈપણ જાતના રાગદ્વેષ, કિન્નાખોરી વગર હું એક મતવિસ્તારમાં પેટાચૂંટણી વખતે ગયો ત્યારે વિજ્ઞાત્રીબેન કરીને એક અમારા કાર્યકર, માનનીય ગૃહમંત્રી પોતે ઉપસ્થિત હતા, એમની સાથે થોડો ઝઘડો થયો અને એને ત્યાં રેડ પડાવી. આવી કિન્નાખોરી આ રાજ્યની અંદર ચલાવી શકાય નહીં. આ બહેન-દીકરી છે એ દારૂનો ધંધો કરે નહીં. આ વિધાનસભા ગૃહમાં આપને મેં પહેલા પણ કહયું છે કે,

**અધ્યક્ષશ્રી** : શ્રી શંકરભાઈ ચૌધરી.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ), જે ગૃહ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પહેલા જ દિવસે બજેટ રજૂ કર્યુ ત્યારે એ દિવસે તેઓ બોલ્યા હતાકે,

*"ઓમ્ સહના વવતુ, સહનૌ ભુનક્તુ, સહ વીર્યમ્ કરવાવહે,*
*તેજસ્વીનાવહી તમસ્તુ, મા વિદવિષા વહે."*

આ શ્લોક છે એ શ્લોકમાં સૌ સાથે રહીએ, તેજસ્વી બનીએ, સૌ પ્રગતિ કરીએ. ગુજરાત આ દિશામાં પ્રગતિ શેના આધાર ઉપર કરી શકે? તો પ્રગતિના પાયામાં સુરક્ષા રહેલી છે. અનેક અખબારોમાં જોઈએ, ટી.વી.માં જોઈએ, વારંવાર સમાચારો મળતા હોય છે કે, દિલ્હીમાં આટલા બળાત્કારો થયા, રોજેરોજ એક ઘટના આવતી હોય છે, મહારાષ્ટ્રમાં જોઈએ, મહારાષ્ટ્રમાં આ ઘટનાઓ ઘટતી હોય પરંતુ ગુજરાત એક એવું રાજય છે કે, જેમાં રાત્રીના બાર વાગ્યે પણ કોઈ બહેન કે દીકરી એકલી જતી હોય તો કોઈ માઈના લાલની કે કોઈ ટપોરીની હિંમત નથી કે એની સામે આંગળી કરે. આ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું નિર્માણ થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વાતથી, અવલોકન બહારથી પણ કરી શકાય. આજથી પાંચ વર્ષ પહેલાં કોઈ પણ વ્યકિતની પ્રોપર્ટીની કિંમત કેટલી હતી? એની જમીન-મકાનની, મિલકતની કિંમત કેટલી હતી? આજની સ્થિતિએ જુઓ તો પાંચ વર્ષથી અત્યારે કમ સે કમ આખા રાજયમાં ડબલ એની કિંમત થઈ હશે. જયાં સુરક્ષા હોય ત્યાં જ આ કિંમતો વધતી  હોય છે આવા અનેક ઉદાહરણો આ પ્રમાણેના આપી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી હમણાં વાત કરતા હતા, મારે તો કહેવું છે કે, તમે દિલ્હી, મહારાષ્ટ્ર, આખા દેશની અંદર જયાં પણ કોંગ્રેસની સરકારો હોય ત્યાં જઈને જુઓ, એનું અવલોકન અહીંયા કરો, કમ્પેરિઝન તમે કરી શકો અને ગુજરાત તો જુઓ, કેવો સરહદી વિસ્તાર છે, ૧૬૦૦ કિલોમીટર દરિયાઈ સરહદમાંથી ૯૫૦ કિલોમીટરની દરિયાઈ સરહદ તો પાકિસ્તાનને અડીને કયાંક ને કયાંક આવેલી છે. ૫૧૨ કિલો મીટર જે જમીની સરહદ છે, સિરક્રિકથી કરીને માવસરી સુધીનો સરહદી વિસ્તાર છે, આવા સરહદી વિસ્તાર એમાં આ સલામતીની વાત અહીંયા આગળ કહેવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી જયારે વાત કરતા હતા ત્યારે મને લાગતું હતું કે, એ પોરબંદરથી આવે છે અને એટલે એમને ગૃહ ખાતાનો અનુભવ હશે એટલે અનુભવના કારણે કાંઈક સારા રચનાત્મક કોઈ સજેશન કરશે, ત્રૂટીઓ હશે તો એને સુધારવાની વાતો કરશે અને બીજું મને એવું પણ હતું કે, એ પોરબંદરે આપણા દેશને નવરત્ન આપ્યું, "મહાત્મા ગાંધીજી" અને એ સત્યના પુજારી હતા એટલે મારી કલ્પના એ પણ હતી કે, પોરબંદરથી આવે એટલે તો સાચું જ બોલે પરંતુ વાત જે કરે એમાં અને બાકીના એમના વ્યવહારમાં ઘણો બધો ડીફરન્સ લાગ્યો. પોરબંદરની ધરતી ઉપર ૧૯૮૦ થી ૧૯૯૦ના દાયકામાં કોની સરકાર હતી? કોની સરકારમાં પોરબંદરના સમુદ્રી કિનારા ઉપરથી ઘાતક શસ્ત્રો, આર.ડી.એકસ. જે અહીંથી નહીં, મુંબઈ સુધી ગયો અને મુંબઈ સુધી ગયા એટલું જ નહીં એ શસ્ત્રોનું પાયલોટિંગ કરવા માટે, સલામત સ્થળ સુધી પહોંચાડવા માટે પોલીસ ખાતાનો એક પી.આઈ.કક્ષાનો એક અધિકારી જાય, એની નિમણૂક કોણે કરાવી હતી એ પણ મારો પ્રશ્ન છે, ત્યારે કોની સરકાર હતી ? આજે આર.ડી.એકસ. લઈ જવાવાળો કોઈ એન્ટિ નેશનલ એકટિવિટી કરવાવાળા વ્યકિતને અત્યારે પોલીસ પાયલોટિંગ નથી આપતી. એન્ટિ નેશનલ એકટિવિટી કરવાવાળી વ્યકિતની સાથે હોળી નથી ખેલાતી એની સાથે ગોળીથી જવાબ આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં રાજયમાં સંસદની એ વાતો કરતા હતા, સંસદસભ્ય આમ-તેમ, એક-બે દિવસથી, મારે એ વાત અત્યારે યાદ દેવડાવવી છે કે, હાલના સંરક્ષણ પ્રધાન જે ગુજરાતમાંથી રાજય સભાનું પ્રતિનિધિત્વ કરતા હતા. એમણે સંસદનું પોતાનું એડ્રેસ આપ્યું હતું રશિયન ગેરેજ. ફોર્મ ભરતી વખતે અને એ રશિયન ગેરેજવાળા આખા ગુજરાતની પ્રજાનું અનેક બેંકોનું કરોડો રૂપિયાનું કરીને નીકળી ગયા. અહીં ગૌરવ લેવાની વાત કરે છે. આજે ત્યાં આગળ કેવી સ્થિતિ ઉપર છે એ કલ્પના કરી શકાય. ઈતિહાસ ફંફોળીએ તો ઘણું બધું નીકળે. અહીંના રાજયની લાલ લાઈટવાળી ગાડી હોય, રાજયના મંત્રીની

ગાડી હોય, મંત્રીની ગાડીમાં શસ્ત્રોની હેરાફેરી થતી હોય એવો એમનો ઈતિહાસ છે અને અહીં વાત કરવામાં આવે છે કે પાકિસ્તાનમાં આમ હતું, તેમ હતું. ૧૯૭૧નું યુદ્ધ યાદ કરો. શરમ આવી જાય તેમ છે. કારગીલ યુદ્ધની ઘટના ચાલતી હતી. હું સરહદી વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું. સરહદી જવાનોને મળવા ગયો એમને દૂધ કે બાકીની વસ્તુઓ આપવા માટેની વાત કરી. એમણે કહ્યું બાકી બધું તો ઠીક અમે લડી લઈશું, અમે જીતીશું પરંતુ અમારા મનમાં એક દર્દ પડેલું છે. મેં વાત કરી શું દર્દ છે તો કહે સીમા પર તો હમ સૈનિક જીત જાતે હૈં લેકીન લીડર લોગ ટેબલ પર હાર જાતે હૈ એમના હૃદયમાં એક દર્દ હતું. એ આખા દેશના લોકોને ચિંતા કરવા જેવું હતું (અંતરાય) આ સરહદી સુરક્ષાનો વિષય છે. થોડો અભ્યાસ કરીને આવો બીજું શું થાય? હું ટયુશન ન આપી શકું. ૧૯૭૧ના યુદ્ધમાં આપણા સૈનિકોએ નગરપારકર, થરપારકર સુધીનો વિસ્તાર જીતી લીધો. એક લાખ સૈનિકોને હિન્દુસ્તાની સૈનિકોએ પાકિસ્તાની સૈનિકોને ધુળ ચાટતા કરી દીધા. હિન્દુસ્તાનની પ્રજાના ચરણમાં લાવીને મુકી દીધા કે આ આપણા દેશના દુશ્મન છે. તમારા ચરણમાં મુકું છું. નગરપારકર, થરપારકર સુધી બનાસકાંઠાના કલેકટરને ડી.એસ.પી.નો. ચાર્જ આપવામાં આવ્યો ત્યાંથી બસ ચાલુ કરવામાં આવી. લોહીથી જીતેલો પ્રદેશ, પોતાની ખુમારીથી અને બલિદાનથી જીતેલો પ્રદેશ આટલા લોકોને પરાક્રમના કારણે પાકિસ્તાની સૈનિકોને પાકિસ્તાનથી અહીં લાવ્યા છે એને માત્ર ટેબલ ઉપર તે વખતના વડાપ્રધાનશ્રીએ આખો વિસ્તાર આપી દીધો. શું આ ઈતિહાસ યાદ કરવાની જરૂર છે. આ ગોવાભાઈ વાત કરે છે. ગોવાભાઈના વિસ્તારની કેટલીયે ગાયો (અંતરાય) આ સરહદી વિસ્તારમાંથી અનેક વખત આર.ડી.એકસ. ઘુસ્યો, એ.કે.૫૬ રાઈફલ ઘુસી, ઘાતક શસ્ત્રો સાથે નશીલા પદાર્થો ઘુસે, ચલણી નોટો ઘુસે પરંતુ આની અંદર રક્ષણ આપવાવાળા સામી પાટલી પર બેસવાવાળા લોકો હતા. કેટલાય તો એવા હતા કે એ વખતે જિલ્લાના પોલીસ વડાને પણ એન્ટી નેશનલ એકટીવીટી કરવાવાળા તત્વ જે બહારથી આવનાર ઘુસ પેઠીયાની ગાડીમાં બેસવાનું ગૌરવ લેતા હતા. કેમકે જયારે કોઈ નેતા આવે, કોઈ મુખ્યમંત્રી આવે ત્યારે એમની ગાડીમાં બેસવા એ જ આજુબાજુ હોય એટલે પોલીસ અધિકારી પણ એમની ગાડીમાં બેસવાનું ગૌરવ લેતા. આવો ઈતિહાસ હતો. આજે આખી સરહદની અંદરથી હું છાતી ઠોકીને કહું છું કે છેલ્લા પાંચ વર્ષમાં એક પણ વખત અને અગાઉ આપણે જોયું છે કેટલી વખત આ સાંતલપુરના વિસ્તાર ઉપરથી આર.ડી.એકસ. આવ્યો છે? કેટલી વખત એ.કે.૫૬ રાઈફલ આવી છે? કેટલી ચલણી નોટો આવી છે? કેટલા ઘુસ પેઠીયા ઘુસ્યા છે આ વિસ્તારની અંદર જડબેસલાક વ્યવસ્થા થઈ છે કારણ એ છે કે સરકારની નિયત છે, સરકારની નીતિ છે, જેના કારણે સુરક્ષા કરવાવાળા લોકોનો હોંસલો બુલંદ થયો છે. સરહદ ઉપર કામ કરતા બી.એસ.એફ.ના જવાનોને પીવાના પાણીની વ્યવસ્થા રાજય સરકારે ત્યાં પાઈપલાઈન દ્વારા પહોંચતી કરી. મનોરંજનના સાધનની જરૂર પડે, ટી.વી. ડીશ  એન્ટેનાની સગવડ કરવામાં આવી. મારે ધ્યાન દોરવું છે ગૃહ રાજય મંત્રીશ્રીનું અત્યારે સરહદ ઉપર વાયર ફેન્સીંગનું કામ ચાલી રહ્યું છે. કેન્દ્ર સરકાર કામ કરે છે. એની સાથેસાથે ત્યાં બોર્ડરનો રોડ બને છે એ સરહદી સુરક્ષા માટે ખૂબ ગંભીર બાબત  છે. અત્યારે બની રહેલ રોડમાં રણ પ્રદેશની રેતી વાપરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેનું લેવલ જોઈએ તો રણ વિસ્તાર કરતાં નીચું લેવલ છે. કવોલિટીની બાબતમાં બિલકુલ રોડ પાણી લાકડે ચાલી રહ્યા છે. આવતીકાલ  રાષ્ટ્રીય સુરક્ષાના મામલે ખતરનાક વિષય ઊભો ન થાય એટલા માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ બાબતમાં ચૅકીંગ કરવામાં આવે. કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરી આવી ગેરરીતિ રાષ્ટ્રીય સુરક્ષા બાબતમાં ચલાવી લેવાય નહીં. એટલે ત્યાં પણ જે લાગતાં વળગતાં હોય  ત્યાં માનનીય મંત્રીશ્રી ધ્યાન દોરી આગળ વધે. રાજય સરકારે અનેક કામોમાં કડક પગલાં લીધાં છે તેના લીધે  પોલીસ ખાતાનું મનોબળ દ્રઢ બન્યું છે. મારે માનનીય મંત્રીશ્રીને સૂચન કરવું છે કે સરહદનો વિસ્તાર હોય તેની અંદર જે પોલીસ કર્મચારી, અધિકારીની નિમણૂક થતી હોય છે ત્યાં પોલીસ, પી.આઈ. હોય છે. જેથી ત્યાં આગળ પનીશમેન્ટવાળા કર્મચારી અધિકારીને ન મુકાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે. પ્રમોશન મળવાના હોય તેમને ત્યાં આગળ મૂકવામાં આવે તો સારું કામ કરી શકે. છેલ્લે બીજી એક વાત કહેવી છે કે અત્યારે દેશનું ગૌરવ વિચારી શકાય તેવી સ્થિતિ....

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી જે ગૃહ ખાતાની માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સત્ય અને અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીની જન્મભૂમિ ગુજરાત રાજય, નર્મદ જય જય ગરવી ગુજરાતનું ગુજરાત રાજય, દયાનંદ સરસ્વતી, રવિશંકર મહારાજ મૂકસેવક તેમની આ જન્મભૂમિ તેવા ગુજરાતમાં સુખ, શાંતિ સમૃદ્ધિ સિવાય જે કંઈ વિરોધમાં બને તેમાં ભારતીય જનતા પાર્ટી હોય કે કોંગ્રેસ હોય બધા જ વિરોધમાં હોય, કોઈ વ્યકિત, કોઈ ધારાસભ્ય, કોઈ નેતા કે કોઈ મંત્રી ગુજરાતમાં આતંકવાદીઓને આમંત્રણ આપવા જતો નથી. ગુજરાતમાં તોફાન થાય, લૂંટ થાય, ધાડ થાય, બળાત્કાર થાય, એક કે ત્રણ વર્ષની બાળકીને ઉપાડી જઈને સૅક્સ મેનિયાક બળાત્કાર કરે તે માટે ગુજરાતના કોઈ રાજકીય નેતા તેની સાથે નથી. કારણકે ગુજરાતમાં જન્મ્યા છીએ. પણ કયાંક ક્ષતિઓ સરકારની, કયાંક ગૃહમંત્રીશ્રીનું ધ્યાન બેધ્યાન હોય, કયાંક મોટી જાહેર સભામાં કે જંગી મેદનીની વચ્ચે હમણાં શંકરભાઈ ચૌધરી વાત કરતા હતા તેમાં મોટા ગુનેગારો ૩૦૨ના આરોપીઓ મુખ્યમંત્રીશ્રીની આજુબાજુ દેખાઈ જાય તે ગુજરાતની પ્રજા સહન કરી શકતી નથી. તેની

ચિંતા અમારે અને અમારા બધાએ કરવી પડે અને તેમાં અમારે વિરોધપક્ષ તરીકે તમને કયાં શું મદદ કરી શકીએ તે માટે હંમેશાં તમારી સાથે છીએ. છેલ્લા ત્રણ વર્ષમાં ખૂન, બળાત્કાર, લૂંટ, ધાડના આંકડા અમારા કરતાં વધ્યા, બીજા રાજયો કરતાં ઓછા છે એ આપવા માગતો નથી. ગાંધીના ગુજરાતમાં કે લોખંડી પુરુષ સરદારના ગુજરાતમાં એકપણ ખૂન થાય, એકપણ બળાત્કાર થાય તે ગરવી ગુજરાત માટે શરમજનક ઘટના છે. કોંગ્રેસની સરકારમાં નહોતું બનતું અને અત્યારે બને છે, અત્યારે ઓછું બને છે કે વધારે બને છે તેની સરખામણી ન કરાય પણ જે કંઈ બને તે વખતની સરકાર અને તે વખતના મંત્રીશ્રીએ જવાબદારી પૂર્વક નિભાવવું પડે, તેમાં કયાંક ત્રુટિ હોય ત્યાં અમારે તમારું ધ્યાન દોરતા હોઈએ એટલે તમે શાંતિથી સાંભળો તેટલી વિનંતી ગુજરાતની પ્રજા મારફતે કરતા હોઈએ છીએ. હમણાં સૅક્સ મેનિયાકની વાત થઈ. અસારવા, મેઘ ાણીનગર, વટવા, સુરત કે રાજકોટ આ સેકસ મેનિયાકનો જે ભય છે તે ભય વધ્યો છે. ગુજરાતની જનતા, ભોળી પ્રજા ગુજરાતની શાંતિ પ્રત્યે ખૂબ ચિંતિત છે. ગૃહખાતું પણ ચિંતિત હશે. પોલીસખાતું નિષ્ક્રિય છે તેમ કહું નહીં એટલા માટે કે ૧૯૫૧માં ભારત દેશ આઝાદ થયો અને ગુજરાતની રચના ૧૯૬૧માં થઈ ત્યારે અત્યારના જે જાંબાજ જવામર્દ પોલીસ અધિકારીઓની વાત કરીએ છીએ તેની ભરતી અમે કરી છે. અમે કહીએ કે આ અધિકારીઓ ખરાબ છે તો ખોટી ભરતી કરી હતી તેમ કહેવાય. અધિકારીઓ જવામર્દ છે. અધિકારીઓ કામગીરી પણ કરે છે. પણ કેટલાક અધિકારીઓ સારું પોસ્ટિંગ મેળવવા માટે, સારી જગ્યા મેળવવા માટે કેટલાક આઈ.પી.એસ. અધિકારીઓ એકમાર્ગીય કામ કરીને, કોઈ ફરિયાદ નહીં નોંધીને કયાંક આંખ આડા કાન કરીને ક્યાંક સરકારને પ્લીટ કરી રહે છે તેનાથી અમે ચિંતિત છીએ અને તેવા કિસ્સામાં અમે ધ્યાન દોરીએ છીએ. તેવા અધિકારીઓને આવા વહિવટી તંત્રથી દૂર રાખવા પડે. હમણાં રાષ્ટ્રવાદની વાત થઈ, સંસ્કૃત્તિની વાત થઈ, યુપીએ સરકારની વાત થઈ, એનડીએ સરકારની વાત થઈ. કોઈપણ સરકાર જયારે શાસન કરતી હોય ત્યારે રાજયમાં કે દેશમાં સરહદી વિસ્તાર હોય, સરહદો સાચવવાની જવાબદારી જે તે સરકારની હોય છે. ગુજરાતમાં ગુજરાત સરકારની હોય છે, ગુજરાતમાં ગુજરાત સરકાર ચાલતી હોય તો ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી ગુજરાત સરકારની હોય છે, વિશિષ્ટ જવાબદારી સરકારની હોય છે વિરોધપક્ષ એને ટેકો આપતો હોય છે, મારે એ પૂછવું છે કે, કારગીલના જે આતંકવાદીઓ કે પાકિસ્તાનના તત્વો હતા કે દેશદ્રોહીઓ હતા એ ઘૂસી ગયા અને એ જવાબદારી આપણે સ્વીકારવી પડે અને એમને દૂર કર્યા આપણા જવાનોએ, યુદ્ધ થયું અને એ યુદ્ધ આપણે જીત્યા, ભારતની પ્રજા એનો ગર્વ લે છે પણ જે કિસ્સાઓ જે આપણી સરકારમાં બને એ ભવિષ્યમાં ન બને એના માટે શું કરવું, શું આયોજન કરવું, તંત્રને કેમ મજબૂત કરવું, તંત્રમાં શું ઉમેરો કરવો, શું સુવિધાઓ વધારવી એની ચિંતા આપણે કરવી જોઈએ. આ દેશની સંસદ, ભારત એ મોટામાં મોટો લોકશાહી દેશ છે અને લોકશાહીનું મંદિર છે એ સંસદ ઉપર હુમલો થાય, હુમલો થયો ત્યારે કોંગ્રેસપક્ષ વિપક્ષમાં હતો પણ કયારેય અમે મતોનું રાજકારણ ખેલ્યું નહતું અને કયારેય અમે નહોતું કહ્યું કે તમારી સરકાર નબળી છે અને આ ત્રાટક્યા છે અમે રથયાત્રાઓ કાઢીશું એવું અમે કયારેય નહોતું કહ્યું પણ તમારી સાથે રહીને આતંકવાદની સામે તમે લડો, વિરોધપક્ષ તરીકે અમે તમારી સાથે છીએ, છેલ્લી ઘડી સુધી અમે તમારી સાથે લડીશું એ વાત અમે તમારી સમક્ષ મૂકીએ છીએ. ગુજરાતમાં અક્ષરધામ ઉપર હુમલો થયો, એમાં અમે જવાબદાર છીએ? સરકાર તમારી છે, ગૃહખાતું તમારી પાસે છે, પોલીસ તંત્ર તમારી પાસે છે, બધા તમારી સાથે છે, એ જવાબદારી તો તમારી છે. પ્રજાની જાનમાલની જાળવણી કરવી એ જવાબદારી તમારી છે અને એ તમારી જાળવવી પડે અને એ તમે જાળવી ન શકો અને પછી તમે એને પ્રજા સુધી લઈ જાઓ, જાહેરમેદનીમાં લઈ જાઓ, જાહેર સભાઓમાં લઈ જાઓ એ વાત વાજબી નથી. ગોધરાકાંડ થયો, હત્યાકાંડ થયો, એમાં અમે કયાં સહાયરૂપ છીએ? અમે કયાં એની મદદ કરીએ છીએ. કોઈપણ આવો હત્યાકાંડ થતો હોય, નિર્દોષ લોકોની હત્યાઓ થતી હોય, નિર્દોષ માણસોને સળગાવવામાં આવતા હોય તો એની ટીકા થવી જોઈએ અને એની સામે પગલાં લેવાવાં જોઈએ, જેલભેગા થવા જોઈએ, જે કંઈ સજા થવી જોઈએ તે થવી જોઈએ પણ એને મતોના રાજકારણ સુધી લઈ જવાની જે બાબત છે અને એનાથી જે પ્રજામાં જે ભય અને ઓથાર ઊભો થાય છે, પ્રજા એનાથી જે ભભૂકી ઊઠે છે અને એના લીધે જે કાયદો અને વ્યવસ્થાનું તંત્ર બગડે છે એમાં સરકારે કોઈ દિવસ પાછીપાની નહીં કરવી જોઈએ. સરકારે એના સાક્ષી નહી બનવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં દારૂબંધીની વાત થતી હતી, આ ગાંધીજીનું ગુજરાત છે, દારૂબંધી છે એટલા માટે આપણે ચિંતા કરીએ છીએ, મેં અગાઉ પણ આ ફ્લોર ઉપર વાત કરી છે કે ગુજરાત રાજયમાં ૬૮ હજાર પરમીટો ત્રણ વર્ષમાં અપાયા છે. કોઈપણ એવો ડેન્જર રોગ હજી સુધી ધ્યાનમાં નથી આવ્યો કે દારુ પીવે તો જ એ મટે, અને દારુ જ પીવો પડે, નહીં તો માણસ ગુજરી જાય. અગાઉ પરમીટો ૮૦ હજાર લોકો દારુની પરમીટો સાથે ગુજરાતમાં રોજનો દારુ પીવે છે અને જેની પાસે પરમીટ હોય એ દારુ પીવાનો છે અને દારુ પીનાર કદી એકલો પીતો નથી એની સાથે બે ત્રણ હોય જ. રોજનો ત્રણ કરોડનો દારૂ પરમીટવાળા લોકો પીવે છે. મહિનાનો ૯૦ કરોડનો થયો અને બાર મહિનાનો ૧૦૦૦ કરોડનો દારૂ આ ગાંધીના ગુજરાતમાં , સરદારના ગુજરાતમાં રોજ પરમીટ દ્વારા પીવાય છે પરમીટ વગરની તો હું વાત કરતો નથી અને ૧૦૦૦ કરોડનો દારુ વર્ષે પિવાતો હોય તો એ દારુ આવતો કયાંથી હશે? કઈ સરહદો પાર કરીને આવતો હશે, શું કરે છે પોલીસ

તંત્ર? આ બધી જ જવાબદારી ગુજરાત સરકારની રહેલી છે અને કમ્પ્લીટ દારૂબંધી થાય એ માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક માનનીય ધારાસભ્યશ્રીએ ૮૦-૮૦ વાર પત્ર લખ્યા છે એક દારુંનો અડ્ડો બંધ કરાવવા માટે, આપે પેપરમાં ક્યાંક વાંચ્યું હશે ભાભીનો અડ્ડો બંધ નહોતો કરાવી શક્યા, ૮૦ વખત પત્ર લખવા પડે આપણા ધારાસભ્યને, તો ભાભીનો અડ્ડો મજબૂત છે કે સરકાર મજબૂત છે, ગૃહખાતુ મજબૂત છે કે ભાભી મજબૂત છે? આ ખૂબ ચિંતાનો અને મંથનનો વિષય છે અને આવો એક અડ્ડો ચાલતો હોય તો એના ઓથાળ નીચે બીજા અસંખ્ય અડ્ડાઓ ચાલતા હોય છે તેના અનુસંધાને ત્યાં ત્રુટિઓ ઊભી થતી હોય છે. પોલીસ તંત્ર પછી ભ્રષ્ટાચારમાં સપડાય છે અને સારા અધિકારીઓનું સારાપણું દેખાતું નથી અને આવા માણસો આખા ગુજરાતના વહીવટી તંત્રને, પોલીસ તંત્રને જાકારો આપે એવી પરિસ્થિતિ ઊભી થતી હોય છે એટલે જે કોઈ પરિસ્થિતિ થાય છે, જે કોઈ વાતો અહીંયાં ઊભી થાય છે જે આતંકવાદ કે ઝીણા સાહેબની વાત થાય છે કે અડવાણીજી સાહેબની વાત થાય છે એ વાતમાં હું પડવા માગતો નથી. પણ મહેરબાની કરીને રાષ્ટ્રવાદ, દેશદ્રોહી, આતંકવાદ સામે કેવી રીતે ઝઝૂમવું, અમે તો ગાંધી અને સરદારના અનુયાયીઓ છીએ એટલે મહેરબાની કરીને ન શીખવેતો સારું, કારણ કે અમારી ગળથુથીમાં છે, રાષ્ટ્રવાદ સામે, આતંકવાદ સામે, ખાલિસ્તાનની ચળવળને ખાળવા માટે, વિભાજનના પરિબળોની સામે, દેશના ભાગલા થતા હોય તો એને અટકાવવા માટે, મેરા ભારત મહાન માટે, નકસલવાદીઓને ડામવા માટે, ઈન્દિરાજી અને રાજીવગાંધી અને મહાત્મા ગાંધીજીએ બલિદાનો આપ્યા, આ બલિદાનોના ઇતિહાસ ધરાવતા પક્ષના અમે અનુયાયીઓ છીએ એટલે અમને કોઈ રાષ્ટ્રવિરોધી તત્વો સાથે કે આતંકવાદ સામે કયારેય અમારો કોઈ ભાગ કે લાગ ન હોઈ શકે, જે કંઈ પ્રશ્નો ઉપસ્થિત થાય છે એ તમારું મનોબળ, તમારી લડવાની જડતા, તમે લડી નથી શકતા એના કારણે આ પરિસ્થિતિ ઊભી થઈ છે એટલે એવું તંત્ર ઊભું કરો, એવી સજાગતા ઊભી કરો, વિરોધપક્ષ પાસેથી એના માટેના સૂચનો મેળવો અને ગુજરાતમાં અને જે ગાંધીજીના ગુજરાતમાં, સરદાર કે દયાનંદ સરસ્વતી કે રવિ શંકર મહારાજનું કે નર્મદનું જે ગુજરાત છે અને જેની જે અસ્મિતા હતી એ ફરીથી ઊભી થાય અને અમારા જવાંમર્દ અધિકારીઓ આ જે બેઠા છે અને હું તો એમ કહું છું કે, આવા અધિકારીઓ ગુજરાતમાં આતંકવાદની ચળવળને ખાળે છે એવા અધિકારીઓને આપણે જમ્મુ અને કાશ્મીરના જે સેન્ટરો છે. (સમયસૂચક ઘંટડી).

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરુચ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ, પોલીસ અને જેલ વિભાગની માગણી નંબર ૪૨, ૪૩, ૪૪ અને ૪૬ માનનીય ગૃહ મંત્રીશ્રી લઈને આવ્યા છે એના સમર્થનમાં હું બોલવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાનું સત્ર જયારથી શરૂ થયું છે ત્યારથી પ્રત્યેક વિભાગની ચર્ચામાં વિરોધ પક્ષના લોકો જે વાત કરે છે ત્યારે મારે કહેવું છે કે છેલ્લા ત્રણ વર્ષથી આ સરકારમાં જે પ્રકારે પ્રત્યેક વિભાગમાં કામ થઈ રહ્યું છે એમાં વિરોધ પક્ષના મિત્રોને વિનંતી છે કે, સરકારના કોઈ પણ વિભાગની કામગીરીની છેલ્લા ત્રણ વર્ષની ચર્ચા કરીએ અને એની સામે તમારી સરકાર વખતના કોઈ પણ ત્રણ વર્ષની સરખામણી કરીએ અને ગુજરાતની જનતા એનો નિર્ણય કરે આ પ્રકારની વ્યવસ્થા ઉભી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર ગુજરાતમાં શાંતિનું વાતાવરણ છે. જે પ્રમાણે સમગ્ર દેશ અને દુનિયામાં આતંકવાદની ઘટનાઓ અલગ અલગ પ્રકારની બની રહી છે અને એનો પડછાયો ગુજરાતમાં પણ પડયો છે. છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર બની છે અને ૧૯૯૫ થી છેલ્લા દસ વષમાં ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની છે ત્યારથી એ પહેલાની ભયાનક પરિસ્થિતિ અને સમગ્ર ગુજરાતની જનતા જયારે થર થર કાંપતી હતી એવા સંજોગોમાં ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીએ સત્તાના સૂત્રો હસ્તગત કર્યા ત્યારથી લઈને આ દસ વર્ષના ઈતિહાસમાં વલસાડનો ઈજ્જુ શેખ હોય, સુરતના મહંમદ સુરતી હોય, ભરુચનો હાજી રફીક શેખ હોય, ઈસ્માઈલ ડેકા હોય, ગોધરાનો મહમદ હુસેન કલોટા હોય, અમદાવાદના લતીફ-ગુજ્જુખાન પઠાણ હોય કે એની આખી વહાબ ગેંગ હોય કે પછી છેક કચ્છના ઈભલા શેખ હોય કે છેલ્લે આર.ડી.એકસ.ના લેન્ડીંગ સાથે સીધા સંકળાયેલા મમ્મુમિયા હોય કે પંજુમિયા હોય આવા અનેક મિયાંઓને ગુજરાતની સરકારે કાં તો જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે કાં તો જમીનની નીચે ધરબી દીધા છે. આ છેલ્લા દસ વર્ષમાં ગુજરાતની સરકારે કે ગુજરાતના ગૃહ વિભાગે અને ગુજરાતની પોલીસના જવાનોએ જેમને જમીન નીચે ધરબી દીધા છે એમને જોવા જવું હોય તો રાજયના ભૂસ્તરશાસ્ત્રીઓને પૂછવા જવું પડે કેમ કે, એ લોકો પાતાળમાં ઉતરી ગયા હોય એવી સ્થિતિ નિર્માણ થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં જે ગોળીબારની ઘટના બને છે એ આતંકવાદીઓની સામે બને છે. જે પ્રકારે એનું વિવરણ અને જે પ્રકારે એની આલોચના આવા બનાવોની થઈ રહી છે અને આડકતરી રીતે આવા બનાવોનો ઉલ્લેખ આ ગૃહમાં થાય છે ત્યારે મને લાગે છે કે, ગુજરાતની સમગ્ર જનતાએ જે પ્રકારે આ સરકારના નિર્ણયની સાથે, ગુજરાત પોલીસના નિર્ણયની સાથે, સાથે મળીને જે પ્રકારે કામ કર્યું છે અને છેલ્લે જયારે આ ગોધરા હત્યાકાંડ થયો ત્યાર પછી સમગ્ર પરિસ્થિતિમાં, સમગ્ર ગુજરાતની જનતાએ ગુજરાતની પોલીસ

અને રાજયની સરકારે સમગ્ર દેશ અને દુનિયાના આઘાતો સામે જે પ્રકારે સામૂહિક રીતે સંગઠિત થઈને પ્રત્યાઘાત આપ્યો છે એ મને લાગે છે કે, આ ગોધરા કાંડને અંજામ આપનારા લોકો અથવા આ પ્રકારના બનાવોને ભવિષયમાં પણ ગુજરાતમાં સ્વરુપ આપવાનું જેમના મનમાં સ્વપ્નું છે એવા લોકો કદાચ એ ગોધરાકાંડ પછીની ગુજરાતની જે પરિસ્થિતિ છે એના પરિણામો છે એનાથી એ લોકો અને એમની આવનારી સાત પેઢી પણ આ પ્રકારની હિંમત કરી શકશે નહિ. જે પ્રકારે ગુજરાતમાં છેલ્લાં ત્રણ વર્ષથી ચિર શાંતિ છે, મેં અગાઉ પણ અંદાજપત્રની ચર્ચામાં કહ્યું છે કે ખાસ કરીને આ ગુજરાતના બનાવોના સંદર્ભમાં દિલ્હીમાં અને દેશના વિવિધ રાજયોમાં બેઠેલા જે નેતાઓ અવારનવાર પોતાના રાજયમાં ચૂંટણી હોય કે બાકીના કોઈ રાજકીય પ્રસંગોમાં લાભ લેવાની મનોવૃત્તિના દ્દષ્ટિકોણથી ગુજરાતના બનાવોને લઈને નિવેદનો કરે છે અને જે પ્રકારે જૂના મડદાંઓ ઉખેળવાના પ્રયત્નો કરે છે, હું સાથી પક્ષના લોકોને વિનંતી કરું છું કે આ ગુજરાતની બહારના નેતાઓની શાન ઠેકાણે લાવવા માટે આપણે બધાએ સામૂહિક રીતે આ ગુજરાતના ફિલિંગને દિલ્હીમાં જઈને દેશના અન્ય રાજયોમાં જઈને આ નેતાઓને કહેવું પડે કે અમે ગુજરાતની પાંચ કરોડ જનતા બધા જ રાજકીય પક્ષના આગેવાનો અમે સંગઠિત છીએ અમે ગુજરાતને સાચવીશું આ ગુજરાતની જનતાનું એક ખમીર છે અને હું સાથી પક્ષના મિત્રોને એટલે કહું છું કારણકે ચાર-પાંચ યુવાન ધારાસભ્યો મારા મિત્રો છે કે જે પ્રકારના નિવેદનો થાય છે અને એના કારણે ગુજરાતમાં જે પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ છે અને રાજકીય ક્ષેત્રમાં છેલ્લાં થોડાક વર્ષોમાં આ પરિસ્થિતિમાં જે પ્રકારનો દાખલો લઈને આ નેતાઓ નિવેદનો કરે છે એને કારણે આજે કોંગ્રેસ ગુજરાતમાં હાંસિયામાં આવતી જાય છે ત્યારે મને ચિંતા એ છે કે ગુજરાતના નકશા પરથી કદાચ કોંગ્રેસ ભૂસાઈ ન જાય એની ચિંતા મને લાગે છે કે કોંગ્રેસના મિત્રોએ કરવી પડશે. મિત્રો જે પ્રકારની પરિસ્થિતિ ગુજરાતમાં કાયદાની છે, ખાસ કરીને ગુજરાતની પોલીસે શ્રી હરેન પંડયાની હત્યા કેસના હત્યારાઓ, ડૉક્ટર જયદીપ પટેલ પર હુમલો કરનારાઓ, એ.એમ.ટી.એસ. ના ટીફીનકાંડમાં સંડોવાયેલા લોકો, હવાલાકાંડમાં સંડોવાયેલા લોકો, રથયાત્રામાં વી.આઈ.પી. લોકોની હત્યા કરવાના કાવતરામાં સંડોવાયેલા લોકો એવા અનેક પ્રકારના બનાવોમાં સંડોવાયેલા લોકોને જે પ્રકારે ગુજરાતની પોલીસે નશ્યત કરી છે એ મને લાગે છે કે સમગ્ર ગુજરાતની જનતાએ જે પ્રકારે આ પગલાઓને અનુમોદન આપ્યું છે, છેલ્લાં ચૂંટણીના પરિણામો આપણા બધા લોકોની સામે છે જે પ્રકારે ગુજરાતની જનતા, ભારતીય જનતા પાર્ટીની સરકારના પ્રત્યેક પગલાંનું સમર્થન કરી રહી છે, મને એમ લાગે છે કે રાજનીતિમાં એનું પરીક્ષાની દ્દષ્ટિએ માપદંડ જોઈએ તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારને આ ગુજરાતની પ્રજા હાયર ડિસ્ટિંકશન માર્ક આપીને પાસ કરી દે તેમ છે. હવે અમારી મથામણ એ સો માંથી સો માર્ક મેળવવા તરફની છે અને એટલા માટે આ ગુજરાતની સરકાર આગળ વધી રહી છે આ મથામણમાં સોમાંથી સો માર્ક મેળવવાની દિશામાં અમે તીવ્ર ગતિથી આગળ વધી રહ્યા છીએ હું આપ સૌ લોકોને અપીલ કરું છું સાથી પક્ષના લોકોને આ ગુજરાત સરકારની કામગીરી અને ગુજરાતના લોખંડી માનસ ધરાવનાર, અસાધારણ પ્રતિભાસંપન્ન માનનીય મુખ્યમંત્રીશ્રી અને ભારતીય જનતા પાર્ટીનો પ્રત્યેક ધારાસભ્ય આ રાજયની સરકાર જે પ્રકારે કામગીરી કરી રહી છે એમાં આપણે બધા લોકો સાથે મળીને કામ કરીએ આવા એક લોખંડી માનસિકતા ધરાવનાર અને પરિપક્વ મુખ્યમંત્રી જ્યારે આપણા ગુજરાતની જનતાના સેનાપતિ છે ત્યારે આપણે સૌ લોકોને એમના સૈન્યમાં સૈનિક તરીકે કામ કરવાનું ગૌરવ હોવું જોઈએ અને આપ સૌ લોકોને મારી વિનંતી છે કે આવી અસાધારણ પ્રતિભા સંપન્ન સેનાપતિ જ્યારે આપણને મળ્યા છે ત્યારે અને આટલા મોટા પડકારો આપણા રાજયની સામે જ્યારે આવીને પડ્યા છે ત્યારે અને આપણા રાજકીય અસ્તિત્વનો પણ જ્યારે પ્રશ્ન ઉપસ્થિત થયો છે ત્યારે આપણે જે પ્રકારે આજે હાસિયામાં મુકાયા છે એ ભવિષ્યમાં આપણે આ ગુજરાતના નકશા પરથી સંપૂર્ણ નેસ્તનાબૂદ ન થઈએ એની કાળજી રાખીને પ્રત્યેક બનાવોને તંદુરસ્ત રીતે સ્પષ્ટ રીતે કોઈપણ પ્રકારના તુષ્ટીકરણ વિના આ ગુજરાતની જનતાના વ્યાપક હિતમાં મને લાગે છે કે આપણે મુલવણી કરીને આ વિભાગની કાર્યવાહીની ચર્ચા અને ચિંતા કરીએ તો આ વિભાગની શ્રેષ્ઠ કાર્યવાહી થયાનો અંદાજ મને લાગે છે કે આપણને આવશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની માગણી ક્રમાંક: ૪૨, ૪૩, ૪૪, ૪૬ લઈને આવ્યા છે તેમાં મારા સૂચનો કહેવા ઉભો થયો છું. ગૃહ ખાતુ એટલે ગુજરાતની સુરક્ષા. ગુજરાતની પાંચ કરોડની જનતાની સિક્યોરિટી. કાયદો અને વ્યવસ્થા આ બધાને જે મહત્ત્વનું ખાતુ છે તે ગૃહ ખાતુ છે. માણસને એક ટાઇમ ખાવા નહીં મળે તો જીવી શકશે પણ આ કાયદો અને વ્યવસ્થા સરખી નહીં હોય તો નહીં જીવી શકે એ આ ખાતુ છે. આ ખાતા વિશે મારે એટલું જ કહેવું છે કે બધા અભિનંદન આપે છે તો ધોળે દહાડે ખૂન થાય, લૂંટ થાય અને મંદિરો લૂંટાય જાય અને મંદિરોની અંદર નાગદેવતાના ચાંદીના છત્તર મૂકીએ, માતાજીને મુગટ ચડાવીએ છીએ આ પણ ચોરાય જાય. તેનો કોઈ પત્તો નથી. તો પણ આપણે કહીએ કે કાયદો અને વ્યવસ્થા સારી. ઘણી બધી તેમણે વાત કરી છે. અમે તો બેઠા બેઠા સાંભળતા હતા પણ કોઈ પણ એવી વાત નથી કરી કે કાયદો અને વ્યવસ્થા માટે શું કરવું ? આપણાં બધા ડિપાર્ટમૅન્ટની ૨૧મી સદી અને ટૅક્નૉલૉજી બધુ જ મૂક્યું. પણ પોલીસ માટે કાયદો અને વ્યવસ્થા માટે ડગલે અને પગલે ફલડ આવ્યું તો પોલીસ, લૂંટ થઈ તો પોલીસ, ધમાલ થઈ તો પોલીસ અને કોઈ ફોન આવ્યા મંત્રીશ્રીઓના તો પણ સુરક્ષામાં પોલીસ તો તેને માટે કંઈ

વ્યવસ્થા કરી? તેને માટે કોઈ નવી ટૅક્નૉલૉજી કંઈ વ્યવસ્થા માટે ઉભું કર્યુ ? કોઈ વાહનો મૂક્યા, તેમની કોઈ પોલીસની વ્યવસ્થા કરી? જ્યાં ૨૫ માણસોની જરૂર હોય ત્યાં ૨ જ માણસ અને ગુન્હાઓ વધતા જ જાય. વસતિ વધતી જ જાય પરંતુ આમાં કોઈ જાતનો વધારો નહીં. આ જાતની વ્યવસ્થાની અંદર મારે મંત્રીશ્રીને વિનંતી છે કે પહેલાં તો તમે પોલીસને જે કોઈ પણ વ્હીકલ ગુજરાતમાં કે હિન્દુસ્તાનમાં વધુ ઝડપથી ભાગી શકે, બધાથી વધુ ભાગી શકે એવુ વ્હીકલ આ પોલીસને આપવું જોઈએ. તેની સાથે સાથે તમે વાયરલેસ આપો છો તે ચાલતું નથી. ડબલું કાટ ખાઈ ગયેલું હોય. હવે દે ધણાધણ તે ચાલ્યું તો અને ના ચાલ્યું તો પણ. તો એ પ્રથમ તો એ ટૅક્નૉલૉજી વપરાય અને સરસ આપવું જોઈએ એક સેકન્ડમાં તો સમગ્ર ગુજરાતમાં ધ્રૂજી જાય કે આવો આવો બનાવ બન્યો છે. તમામ નાકાઓ ચેક કરો. આપણે આઉટ ચેક પોસ્ટ કરીએ. અમે ક્યારેક જતાં હોઈએ છીએ તો બાકડા ઉપર બેઠા હોય પોલીસવાળા. શું છે ભાઈ? કહે આઉટ પોસ્ટ છે આ બોર્ડ લાગ્યું છે ગલ્લા ઉપર દબાણમાં. તેના માટે કંઈક બજૅટ ફાળવો, તેના માટે કંઈક કરો. માત્ર અને માત્ર પોલીસનો આપણે દોષ કાઢતાં રહીશું તો પોલીસ કંઈ ભગવાન નથી. પરંતુ આપણી વ્યવસ્થામાં ખામી છે. આપણી સુવિધા આપવામાં ખામી છે અને તેની અંદર આપણે આ બધુ કરી શકતા નથી. આજે જે માનનીય મંત્રીશ્રી બની રહ્યું છે તમને ભલે કોઈ ના કહેતું હોય આજે ગુન્હા પણ પૂરા નોંધવામાં આવતા નથી અને એમ કહેવામાં આવે છે કે અમને સૂચના છે કે બરાબર ખાતરી થાય ચાર દિવસ પછી નોંધશુ. લૂંટ થઈ હોય લાખની અને ૧૦ હજારની લખાય આ જાતની વાસ્તવિકતાની વાત કરું છું. થઈ રહ્યું છે, ગુન્હા જો ઘટતા હોય તો તમે એમ નહીં સમજતા કે તે ઘટે છે. તે ડિપાર્ટમૅન્ટની ગમે તેની સૂચનાથી ગુન્હા નોંધવામાં આવતા નથી. જે ગરીબ માણસ છે, તમારા સુધી પહોંચી શકતો નથી, તમારા સુધી તેનો અવાજ આવી શકતો નથી એવા માણસોના ગુન્હા નથી નોંધાતા. બાકી ગુન્હાની તો લંગર લાગી છે. ચારે બાજુથી આગ લાગી છે ભલે ગમે તે વાત કરતા હોય તો પ્રથમ તો તમે આ બજૅટથી કાપ મૂકીને સુરક્ષા માટે પૂરેપૂરું બજૅટ ફાળવો. પૂરી વ્યવસ્થા કરો અને પૂરો સ્ટાફ ભરો. બીજા કારકુનોમાં એકાદ સ્ટાફ ઓછો હશે તો ચાલશે. પણ તેમાં સો ટકા સ્ટાફ આપી અને તેમને જવાબદારી આપો કે આ જવાબદારી છે. તમને તમામ સુવિધા આપી છે હવે કંઈ પણ બનશે તો તમારી જવાબદારી છે. કેમ ના બને? આતંકવાદી પકડાય જાય તેને ગોળીથી ઠાર કરી દે. મંદિર ચોરી જાય ધોળા દહાડે તે કેમ ના પકડાય. શું કારણ છે? એક આતંકવાદી કે જેને કોઈ જાણતું નથી તેને ગમે ત્યાંથી પકડીને આપણે ગોળી મારી દઈએ છીએ. તો આ કેમ ના પકડાય? આમાં કયાં ખામી છે તે શોધીને પૂરી કરવાની છે. આ તો ધોળે દહાડે બધુ લૂંટાઈ રહ્યું છે. જે મિત્રો પ્રદિપસિંહ બાપુએ પણ ઘણી બધી વાતો કરી છે. તેમની વાતોમાં ગૌ હત્યાની વાત કરી કે કાયદો ગાંધીબાપુએ કહયું હતું કદાચ બાપુને ખ્યાલ તો હશે જ, ના હોય તેમ મારાથી ના કહેવાય. પરંતુ ૧૯૫૮ની અંદર બોમ્બે સરકાર હતી તે વખતે ગૌહત્યા કાયદો ઘડાઈ ગયો. ગૌહત્યા ના થવી જોઈએ. ઘડતર થઈ ગયુ. આજની વાત નથી. આમાં સુધારા વધારા થયા હશે. બાકી કાયદો એ વખતે ઘડાઈ ગયો છે. એની સાથે સાથે (અંતરાય) અમલ હતો. પેટા કલમમાં ૧૮ વર્ષથી ઉપરના ગાય અને બળદ હોય એ કપાતા હતા, એના માટે અમલ સુપ્રીમ કોર્ટના ચુકાદાથી થયો. આગળ પ્રશ્નોત્તરીમાં વાત થઈ ગઈ છે એટલે નહીં કરું, પરંતુ એ કાયદો થઈ ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત હતી રામ ભકતોની. અમે પણ રામભકત છીએ. તમે એકલા ઠેકો લઈને ન ચાલો. રામ ભકતોની વાત કરી. એમને પોતાને વિચાર કરવાનો છે કે તેઓ રામભકતોને ન બચાવી શકયા. ધોળે દહાડે આગ લગાવીને સળગાવી નાંખ્યા. ૫૮, ૫૮ રામભકતોને જલાવી નાંખ્યા. તમારા કાયદો અને વ્યવસ્થા એ વખતે કયાં હતા? તમારી સુરક્ષા એ વખતે કયાં હતી? તમારા સી.આઈ.ડી. અને બીજા ખાતાં કયાં હતા? અમારા ભાઈઓ જલીને ખાખ થઈ ગયા છે. ૧ મિનિટનો પ્રસંગ નથી. ૫, ૫, ૮, ૮ કલાક સુધી ખાખ થઈ ગયા, ત્યાં સુધી તમારી આંખ ન ઉઘડી અને ગોધરા બનાવ બન્યો એમાં ભૂલ તમારી છે. એમને બચાવવાની જવાબદારી તમારી છે. અમે કહીએ છીએ કે અમારા ભાઈઓ બળી ગયા, એના માટે તમે શું કર્યુ? તમારી જવાબદારી હતી. આ તો ઉલટા ચોર કોટવાળને દંડે. વિપક્ષ ઉપર નાંખો. જાણે અમે કર્યુ. પ્રદિપસિંહ બાપુ, કોઈપણ ચોર હોય, કોઈપણ કોમનો હોય, એમાં આખી કોમ ખરાબ ન હોય. આતંકવાદી, ચોર કે લૂંટારા એને કોઈ કોમ હોતી નથી. આતંકવાદી એ આતંકવાદી જ છે. સમગ્ર કોમ આતંકવાદી કે સમગ્ર કોમ લૂંટારા હોતા નથી. દરેક કોમમાં આવા ન્યૂસન્સ હોય છે. એમને ગોળીએ મારો. સંમત છીએ. પૂરી દો. ફાંસીએ લટકાવી દો. અમે સંમત છીએ તમારી સાથે, પરંતુ દરેકે દરેક કોમમાં ૫ ટકા ન્યૂસન્સ હોય છે. બધી કોમ ખરાબ હોતી નથી. એટલે એક જ વાત કરી દઈએ એ ઠીક નથી.

સાથે સાથે અક્ષરધામની વાત કરી. તમે વાત કરો? એ વાત કરવાની તો અમારી જવાબદારી છે. અક્ષરધામનું રક્ષણ કરવાની જવાબદારી કોની છે? તમારી છે. અમારી નહીં. તમે જવાબદારી નિભાવી નથી શકયા. તમારે કાયદો અને વ્યવસ્થા જાળવવાના છે. મંદિર ઉપર હુમલા થાય અને કશું કરી શકતા નથી. તમારે વિચારવાનું છે કે આવું કેમ બન્યુ? એના માટે તમારે સુરક્ષા આપવાની છે. પોલીસ ડિપાર્ટમેન્ટને જરૂર છે એવા સાધનો પૂરા પાડીએ તો રક્ષણ થવાનું છે. ગમે તે વાત હોય, દે પોલીસ ઉપર. હું એમનો દોષ કાઢતો નથી. વહીવટી જવાબદારી આપણી છે. આપણે જવાબદાર છીએ. આપણે ઓર્ડર કરીશું એટલું જ એ કરવાના છે. એ

તો ઓર્ડરનું પાલન કરવાવાળા છે. આપણે કરવું જોઈએ. આપણામાં કયાંક ખામી છે. (સમય સૂચક ઘંટડી) સાહેબ, બધાને ૧૫ મિનિટ. (અંતરાય) શંકરભાઈને આપી હતી.

**અધ્યક્ષશ્રી** : ગોવાભાઈ, તમે એવું નહીં બોલો, પ્લીઝ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : નહીં બોલું. સોરી. શંકરભાઈએ જે કહ્યું સરહદનું. આજે પણ સરહદમાં માણસ આવ-જા કરે છે. આજની તારીખે પાકિસ્તાન જાય અને અહીંયા આવે. ભલે વાત કરીએ કે સરહદ સીલ કરી. ભલે પાર્લામેન્ટ ઉપર નાંખીએ. આપણી પણ જવાબદારી છે. રાજયની હદમાં રાજયની પણ જવાબદારી છે. એમાં પણ મારા મિત્ર શંકરભાઈ સરહદ પર રહેવાવાળા છે. ચોકકસ, મળ્યા હશે, વાત કરી હશે. સંરક્ષણ પ્રધાન સુધીના એડ્રેસની વાત કરી દીધી એ યોગ્ય નથી. મારે ના કહેવું જોઈએ, પણ રાજકીય પ્રમુખને આખી દુનિયાએ ટી.વી.પર જોયા હતા. તમને કેવું લાગે? ટી.વી. ઉપર જોયું હતું, પૈસા લેતા. આપણે એ વાત કરવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે અમારા જિલ્લાની અંદર કેટલાક મંત્રીશ્રીએ ફોન પણ કર્યા છે, મદદ પણ કરી છે. હું નથી કહેતો કે નથી કરતા, પરંતુ ધોળે દહાડે ખીમાણા ગામે ૧૦ મંદિરો, એ દસે દસ મંદિરો લૂંટી લીધા, ખોડલામાં ૪ મંદિરો. ચારે ચાર લૂંટી લીધાં. ડી.જી. અને અધિકારીઓ મોજુદ હશે, સાંભળતા હશે. ત્યાંના લોકો નામ આપે છે કે આ ગુનેગારો ઉપર વહેમ છે. લૂંટ કરી હશે. એમને સાંભળવા તૈયાર નથી. આખું ગામ પોલીસ સ્ટેશન જઈને કહે છે કે અમને વહેમ છે. જાહેરમાં નામ આપીએ તો ઘર લૂંટી લે. એ માણસો માથાભારે છે.

એને બોલાવીને કહે છે કે તારા વિશે એ આવું કહે છે એટલે પછી પેલો જઈને પેલાને ધમકી આપે છે. તો આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે ચોકકસ કામ કરો અને ચોકકસ પગલાં લો તો કાંઈક થઈ શકશે. (અંતરાય)

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી (જોડિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી ગૃહ વિભાગની માગણી ક્રમાંક ૪૨૪ ૪૩, ૪૪ અને ૪૬ આ ગૃહ સમક્ષ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે અને મારા વિચરો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં કાયદાઓ ઘડવામાં આવે છે અને કાયદાનો અમલ કરવા માટે અમલદારોને મોકલવામાં આવે છે. આ કાયદાઓનો અમલ કરવાની જે મહત્તમ જવાબદારી છે એવું પોલીસ ખાતું ગૃહ વિભાગ નીચે આવે છે. કાયદા એટલા સરળ હોવા જોઈએ કે લોકો પાળી શકે, કાયદા એટલા ખ્યાત હોવા જોઈએ કે લોકો એને સમજી શકે અને કાયદાનો અમલ કડકાઈથી થવો જોઈએ, લોકોને કાયદાની ધાક લાગે એવું હોવું જોઈએ. ઘણા વર્ષોથી આ કાયદા હતા જ, પરંતુ છેલ્લા ૧૦ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી કડકાઈથી અમલ કરીને લોકોમાં કાયદાની ધાક બેસાડી રાજયમાં કાયદાનું શાસન છે એનો દાખલો આપ્યો છે. આજથી ૧૦ વર્ષ પહેલાં અમદાવાદમાં જયારે અષાઢી બીજ નજીક આવતી હતી ત્યારે અહીંથી ૩૫૦ કિલોમિટર દૂર બેઠાં બેઠાં અમને ધ્રુજારો આવતો હતો એટલા માટે કે જયારે અમદાવાદમાં રથયાત્રાનો પ્રસંગ હોય ત્યારે અવશ્ય તોફાનો થવાનાં જ એ નિશ્ચિત લાગતું હતું અને એ તોફાનોમાં લોકોના જાનમાલની હાની થશે એવા ભયથી અમને ૩૫૦ કિલોમિટર દૂર બેઠાં બેઠાં ધ્રુજારો આવતો હતો. ત્યારે આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં, આ લોકશાહીના દેશમાં દરેક ધર્મના લોકો પોતાના ઉત્સવો, ધાર્મિક પ્રસંગો સુખ, શાંતિ અને સુમેળભર્યા વાતાવરણમાં ઉજવી શકે એવી કાયદો અને વ્યવસ્થાની જવાબદારી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે નિભાવી છે તેમને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો અને વ્યવસ્થાના પાલનમાં ગૃહ ખાતું વધારેમાં વધારે સંવેદનશીલ છે. દ્વારકામાં એક પોલીસ કોન્સટેબલની નાની હરકત થાય તો એની ધ્રુજારી ગૃહમંત્રીશ્રી સુધી પહોંચે છે,પરંતુ કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેમના શીરે છે એવા પોલીસ ખાતામાં જે સુવિધાઓ જોઈએ, એમને જે સુખ સુવિધા છે એ તેમના બાળકોનું શિક્ષણ, તેમનું આરોગ્ય, તેમના બાળકોના આરોગ્યની ચિંતાઅને ખાસ કરીને બાળકોના સંસ્કારની ચિંતા આપણે કરવી જોઈએ અને એના માટે હું બે ત્રણ સૂચનો કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ ખાતામાં કર્મચારીઓ નોકરી કરે છે તેમનું પગાર ધોરણ બીજા કર્મચારીઓ કરતાં ઘણું ઓછું છે અને આ પગાર ધોરણ ઓછું હોવાના કારણે એમનામાં નૈતિકતાની ઓટ આવે છે, તેમને અપાતી સુવિધા,એમને અપાતાં ભથ્થાં એના માટે શકય હોય તો પગારપંચ કે કોઈ કમિશન નીમીને આખા સમસ્ત પગાર ધોરણ અને સુવિધાઓની ચિંતા કરવી જોઈએ. પોલીસ ખાતામાં પોલીસ કર્મચારીઓની નોકરી એ રીતની હોય છે કે પોલીસ કર્મચારીઓ એક જ જગ્યાએ રહેતા હોય છે એ જગ્યાને પોલીસ લાઈન કહેવામાં આવે છે અને એમાં બાળકોમાં ઘણા કુસંસ્કારો આવે છે અને બાળકોને લાઈનબોય કહેવામાં આવે છે. બીજા કોઈ ખાતામાં નોકરી કરતા સિંચાઈ ખાતામાં હોય તો સિંચાઈ બોય કે કૃષિ ખાતામાં નોકરી કરતા હોય તો કૃષિ બોય એવું કહેવામાં આવતું નથી, શિક્ષણમાં હોય તો શિક્ષણ બોય એવું કહેવામાં આવતું નથી, પરંતુ આ પોલીસ ખાતામાં નોકરી કરતા હોય એમના દીકરાને આ રીતે લાઈનબોય કહેવામાં આવે છે. એમનામાં કુસંસ્કારો હોય છે એની સુધારણા માટે સરકારે તેમને મળતી સુવિધાઓ છે, તેમને અપાતાં ભથ્થાં છે એમાં સુધારા કરવા પડશે કારણ કે આ પોલીસ કર્મચારીઓ ૨૪ એ કલાક નોકરી કરે છે અને વર્ષમાં ૩૬૫ દિવસ નોકરી કરતા હોય છે જયારે બીજા ખાતામાં ખાસ કરીને મને વારંવાર કહેવાનું મન થાય છે કે કોલેજમાં પ્રાધ્યાપક હોય એ ૩ થી ૪ કલાક

જ નોકરી કરે છે અને એમનો પગાર ૧૫ હજારથી ૩૦ હજાર જેટલો હોય છે જયારે આ પી.એસ.આઈ. હોય એમને વર્ગ-૩ ના કર્મચારી તરીકેનો પગાર મળે છે. પોલીસ ખાતામાં પી.એસ.આઈ.નો એક મોભો હોય છે અને આ જે પગાર તેમને મળે છે એ તેમના હોદ્દાને અનુરૂપ નથી. અમે કોઈ સમારંભમાં જઈએ તો વર્ગ-૧ ના ડોકટર હોય કે ધારાસભ્ય હોય તો એના કરતાં આ પી.એસ.આઈ. હોય એમને અમારા કરતાં વધારે માન આપે છે ત્યારે આ જાળવણી કરવાની જવાબદારી આપણા પોલીસ ખાતાની છે, જેની વધારેમાં વધારે કામ કરવાની જવાબદારી છે એવા પોલીસ કર્મચારીઓને સુખ સુવિધા અને તેમના પગાર ધોરણમાં યોગ્ય વધારો કરવામાં આવે એવી મારી વિનંતી છે.

છેલ્લે એક વાત કરું છેલ્લા ઘણાં સમયથી ગામડાંમાં જે સીમ ચોરી થઈ રહી છે, તેની રખેવાળી માટે દ ાોડેશ્વાર પોલીસ મુકવાનું આયોજન કર્યુ છે તે મહદ અંશે સફળ થયું છે. તેથી આ ઘોડેશ્વાર પોલીસનું મહેકમ વધારીને વધારે ઘોડેશ્વાર પોલીસ મુકીને આ સીમ ચોરી અટકાવવા માટેના પગલાં લે તેવી વિનંતી કરું છું. માનનીય ગૃહ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને અનુમોદન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત (વ્યારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ વિભાગના મંત્રીશ્રી એમના વિભાગની માગણી નંબર ૪૨, ૪૩, ૪૪ અને ૪૬ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. ગૃહ વિભાગમાં પોલીસની કામગીરી અને એમને મળતા લાભો ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માગું છું. તાલુકા કક્ષાએ પી.એસ.આઈ. ની જે આડેધડ બદલીઓ થાય છે તે અટકાવવી જોઈએ. અને પોલીસનું પ્રજાની સાથેનું જે વર્તન છે તે સુધારવાના પણ પ્રયત્નો થવા જોઈએ. પોલીસની કામગીરીના પ્રમાણમાં એમને જે લાભ મળે છે સગવડો મળે છે તેમાં ખાસકરીને સારા રહેણાકો, આરોગ્યની સુવિધા વગેરે એમને સમયસર મળવી જોઈએ. સાથે સાથે આજે દરેક વ્યકિત એવું ઈચ્છે છે કે દરેકને રક્ષણ મળવું જોઈએ, કારણ કે દરેક ને કોઈ ને કોઈ રીતે બીક હોય છે, નાનામાં નાના માણસથી માંડીને મોટામાં મોટી વ્યકિત પણ એવું ઈચ્છે છે કે એમને રક્ષણ મળવું જોઈએ. આ રાજયના ગૃહ મંત્રીશ્રી ગૃહ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. જયારે જયારે કોઈને કોઈના તરફથી ધમકી આપવામાં આવે છે ત્યારે તેઓ રક્ષણ માગવા માટે પોલીસ પાસે જાય છે, પોલીસ તરફથી જયારે પુરેપુરું રક્ષણ ન મળતું હોય ત્યારે તેઓ મંત્રીશ્રીને અરજ કરે છે. કેટલાક લોકો ગૃહ મંત્રીશ્રી કે પછી અમારા જેવા લાગતા વળગતા હોય તેઓને કહે છે કે ફલાણા પી.એસ.આઈ. કે ડી.એસ.પી.ને કહીને આ રક્ષણની વ્યવસ્થા કરાવી દેજો. પરંતુ દરેક વ્યકિત રાજયમાં એવી નથી હોતી કે જે દરેક માણસ મંત્રીશ્રી પાસે કે વગ ધરાવનાર વ્યકિત પાસે જઈ શકે. એવી રીતે પી.એસ.આઈ.ની ભરતી અને ડી. વાય.એસ.પી.ની ભરતી થાય ત્યારે એમને એમની ફરજમાં જે રક્ષણ મળવું જોઈએ અને એમને જે સમયસર તકો મળવી જોઈએ તે તકો સમયસર મળે તો તેઓ ઉત્સાહભેર પોતાની કમગીરી કરી શકે. કેટલાક મિત્રોને મજાક કરવની ટેવ હોય છે. અમે પણ કરીએ છીએ. પરંતુ ટીકા ટીપ્પણી કરો ત્યારે એવી ટીકા ટીપ્પણી સહન કરતા પણ આવડવી જોઈએ. અમે સહન કરીએ છીએ, તમને પણ સંભળાવીએ છીએ. મારા મિત્ર મંત્રીશ્રી સી. ડી. પટેલ સાહેબ બેઠા છે, મારી મજાક પણ કરે છે. પરંતુ પ્રજાના રક્ષણની વાત કરવાની છે ત્યારે એમાં હું સંમંતિ નહીં આપું. પોલીસ ખાતાને જે મળવાપાત્ર સગવડો હોય તે પૂરેપૂરી હંમેશા અવશ્ય આપવી જોઈએ. કે જેથી પોલીસ અધિકારી અને કર્મચારીઓ હોંશે હોંશે પોતાની ફરજ બજાવી શકે. અને દરેકનું રક્ષણ કરી શકે. માનનીય મંત્રીશ્રીને પણ રક્ષણ જોઈએ છે, મને પણ રક્ષણ જોઈએ છે, માનનીય મુખ્ય મંત્રીશ્રીને પણ રક્ષણ જોઈએ છે. એટલે દરેકનું રક્ષણ કરવું જોઈએ, ત્યારે ગૃહ મંત્રીશ્રી આ રક્ષણ ઉપલબધ કરાવી શકે અને કયો જવાન બરાબર કામગીરી કરે છે અને કયો જવાન વિશ્વાસુ છે એ જોવું જોઈએ. નહીંતર અમારા સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધીને ગોળી મારી હતી તેવી હાલત થાય.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

આ સમૃદ્ધ ગુજરાત, આ શ્રેષ્ઠ ગુજરાત, શાંત ગુજરાત એનો પ્રતિભાવ લઈને આવેલી ભારતીય જનતા પાર્ટીની આ સરકાર છે. આ સભાગૃહની અંદર વિરોધ પક્ષના નેતાથી માંડીને વડીલ સભ્યશ્રીઓએ સૂચનો સાથે ટીકાઓ પણ કરી છે. સમગ્ર હિન્દુસ્તાનની અંદર ફકત ગુજરાતની અંદર જ એક એવો ઈતિહાસ બન્યો છે કે છેલ્લા દસ વર્ષથી પોલીસ ડિપાર્ટમેન્ટને શરમ આવે તેવી એક પણ ઘટના બની નથી. માનનીય સભ્યશ્રી ગોવાભાઈ બોલતા હતા કે મંદિરોમાં ચોરીઓ થાય છે. માનનીય ગોવાભાઈ જે લોકોની લાલસા રહી ગઈ હોય અને એ મરી ગયા હોય અને આ જન્મ લઈને આવા લોકો મંદિરો લૂંટતા હોય છે. અમારા પોલીસ વિભાગને ફોન કરીને આવતા હોય અને ચોરી ન અટકે તેવો કોઈ દાખલો બન્યો હોય તો બતાવો. આ ચોરીની વૃત્તિ કોઈના મનમાં કળી શકાતી નથી. માત્ર પોલીસ વિભાગને નિમિત્ત બનાવીને ગૃહ વિભાગની સ્થિતિ કથળી ગઈ છે એવું કહેવું બરાબર નથી.

આનાથી વિશેષ એક ઘટના ગુજરાતની અંદર બની કે જેટલા કેસો આખા હિન્દુસ્તાનમાં ગુજરાતના ન્યાયાલયને કોઈ ઓવર ટેઈક કરી ન શકે તેવું ગુજરાતનું ન્યાયતંત્ર છે. એને બદનામ કરવાની ઘટના કેટલાક એન.જી.ઓ.એ કરી છે. ગુજરાતના ગૃહ વિભાગને બદનામ કરવાનું કામ કર્યુ છે, ગુજરાતની પોલીસને

બદનામ કરવાનું કામ કર્યુ છે. એની હદ ઉપરાંત ગુજરાતના ન્યાયાલયને બદનામ કરવાની ચેષ્ટા સૌ પ્રથમ જો કોઈએ કરી હોય તો એ યુ.પી.એ. ની સરકારે કરી છે. એનો એક દાખલો છે. ગુજરાતના ન્યાયાલયો ઉપર અવિશ્વાસ રાખીને ગુજરાતના કેસો મહારાષ્ટ્રમાં ચલાવવા માટેનું સમર્થન કોંગ્રેસના લોકોએ આપ્યું હતું. નહિ કે આ ગુજરાતની જનતાએ. ગુજરાતના ન્યાયતંત્ર ઉપરથી વિશ્વાસ ઉઠાવીને જાહેરમાં નિવેદનો કરીને મહારાષ્ટ્રમાં કેસો લઈ ગયા છે. હું છાતી ઠોકીને કહીશ કે આવી કયારેય અવગણના ન્યાયતંત્રની નથી થઈ આ દેશના ઈતિહાસમાં પહેલી ઘટના બની છે. (અંતરાય) માનનીય ગોવાભાઈ આપ બોલ્યા છો આપને યાદ દેવડાવું કે ગોધરાકાંડ બન્યો, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી છાતી ઠોકીને બોલ્યા છે, અમારા નેતાશ્રીથી લઈને મંત્રીશ્રી ઉપર આક્ષેપો કર્યા છે કે તમે વી.આઈ.પી. થેલો તૈયાર રાખો હવે તમારા દિવસો ભરાઈ ગયા છે. હું વિરોધપક્ષના નેતાશ્રીની ટીકા કરવા માગતો નથી હું એમને જવાબ આપવા માગું છું. બિલ્કિશ બાનુ કેસ, જાહિરાનો કેસ, આમાં તહોમતદારોમાં જેટલા લોકોને લાવ્યા એ એન.જી.ઓ. મારફતે વિડિયો કેસેટ તૈયાર કરી છે એની કોઈ વિભાગને ખબર ન પડે અને આ કેસેટ દ્વારા ઊભા કરેલા સાક્ષીઓ બતાવીને નિર્દોષોને સજા કરાવી છે. આમાં કંઈ ખોટું નથી, એમાં કોંગ્રેસના લોકો સામેલ છે. મારે કહેવું પડે છે, હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ માનનીય ગોવાભાઈ પુરાવા સાથે બોલું છું. (અંતરાય) હું એ કહેવા માગું છું કે આ સન્માનનીય ગૃહમાં છાતી ઠોકીને કહું છું કે ગોધરાકાંડની અંદર સંડોવાયેલા હાજી બિલાલ, મહંમદ કલોટા એ કોંગ્રેસમાં સંગઠનનો હોદ્દો લઈને બેઠેલા આનાથી વિશેષ પુરાવો કયો જોઈએ છે? માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કહેવા માગું છું, આદરણીય જોષીયારા સાહેબ, મેં કોંગ્રેસનું નામ લીધું છે. કોઈ વ્યકિતનું નામ નથી લીધું. મારે કહેવું છે કે ગોધરા અને ગુજરાતની પોલીસ, ગોધરા કાંડ..

**અધ્યક્ષશ્રી** : માનનીય નટવરસિંહભાઈ.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, જે ગૃહ ખાતાની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. ગૃહ ખાતુ એટલે ગુજરાતની કરોડરજજુ કહેવાય. અમારા અમિત શાહ સાહેબ કયા નંબરના મંત્રી છે એ ખબર પડતી નથી અને તેમનું જે આ ખાતુ છે એ દંડા અને કંધાવાળું કહેવાય. દંડો અને કંધો જેને વાપરતાં આવડ્યો તો સારું અને ન આવડ્યો તો નિર્દોષ પણ મરી જાય. ગુનેગાર મરે તો વાંધો નહીં પણ નિર્દોષ મરી જાય છે તેનું મને દુ:ખ છે. આ ખાતુ એવું છે કે ચોર હોય તો શોધી કઢાય. અમે ટ્રેનિંગ વગરના માણસો. આ લોકોને ટ્રેનિંગ આપવામાં આવે છે. આઈ.પી.એસ. અધિકારીઓ છે. પહેલાં રજવાડાના સમયમાં ગુપ્તચર રાખતા હતા. ગમે તેવો ગુનો શોધી કાઢતા હતા અને આપણી બેન-દીકરી પર બળાત્કાર કરે એટલે હદ આવી ગઈ. તેમાં ઘણાં રજવાડાના રાજ જતા રહ્યા. જે બેન દીકરી પર આંચ આવે તેને ગમે તેમ કરીને પકડી પાડીને શિક્ષા કરવી જોઈએ. જ્યારે આપણી બેન-દીકરી પર હાથ નાખે અને બળાત્કાર કરે એ રાજ ચાલે જ નહીં. એ હદ કહેવાય. તેના જેવું પાપ નહીં. બીજું ભલે થાય. ચોરી થાય, ખૂન થાય એ બધું થાય પણ કોઈ બેન-દીકરીની આબરૂ પર હાથ નખાય એ બરાબર નહીં. એ રાજય ચાલી શકે જ નહીં. એ પહેલાં નંબરના મુખ્યમંત્રી ન કહેવાય. એ પહેલાં તમે સિદ્ધ કરો તો અમે જાણીએ કે વાણિયા મુખ્યમંત્રી બન્યા છે તે બરાબર છે. પહેલાં વાણિયા અને બ્રાહ્મણનું રાજ. રજવાડાનો વહીવટ વાણિયા અને બ્રાહ્મણ કરતા હતા. એ તમારા જેવા નહોતા. એ ન્યાયી વહીવટ કરતા હતા. પોતાનો સગો દીકરો હોય તેને જેલમાં નાખી દેતા હતા. આવો ન્યાય હોવો જોઈએ. તો મુખ્યમંત્રી નં.૧ કહેવાય. એ સિવાય ન કહેવાય. એટલે એવો વહીવટ કરો. તમે તો વાણિયા છો. ડાહીમાંના દીકરા છો. અમારા કરતાં બુદ્ધિશાળી છો. •* (XXXX) બુદ્ધિ વાણિયા અને બ્રાહ્મણને હોય. દરબારોને મારફાડ કરતા આવડે. વહીવટ કરતાં ન આવડે. મારફાડમાં હોંશિયાર. નિશાન તાકવાનું હોય તો દરબાર બરાબર નિશાન તાકે. * (XXXX) .પાછા શું કરે છે?

*** (XXXX) છે.**અમારા મંત્રીશ્રી કામ જ ન કરે. કામ કરો, બહુ છેતરશો નહીં, છેતરશો તો રાજ નહીં ચાલે.

**શ્રી અશોક ભટ્ટ** : મારી વિનંતી છે સાહેબ, આ ગૃહના ખૂબ સિનિયર સભ્ય છે. તેમને આપના દ્વારા વિનંતી કરું છું કે ધારાસભ્યોને * (XXXX) એ બધા શબ્દો વાપરે છે એ પાછા ખેંચે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : શબ્દો પાછા ખેંચું છું. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : ગંભીરતાપૂર્વક ન બોલવાનું હોય, આ ગૃહ કોઈના આનંદ માટે, કોઈની મજાક માટે નથી. (અંતરાય) નહીં, વિષય ઉપર તમે ચોક્કસ બોલો. ખૂબ જ ગંભીરતાપૂર્વક કહું છું. (અંતરાય) તેમને બોલતા રોકવા માટે નહીં, (અંતરાય) એટલા માટે જ મારો વાંધો છે. મજાકને સાચી વાત કહેવા માગતા હો તો ખૂબ જ ગંભીરતાપૂર્વક આપને વિનંતી કરું છું કે નટવરસિંહભાઈ આ સભાગૃહમાં જે રીતે પ્રવચન કરે છે એ પ્રવચન માત્ર મજાક માટે, હાસ્ય માટે કરતા હોય અને જેમ ફાવે તેમ જ્ઞાતિઓને * (XXXX) એવા પ્રકારના શબ્દો આ ગૃહની અંદર કોઈ જ્ઞાતિ માટે ન વાપરી શકાય. મારી આપશ્રીને વિનંતી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપની પાંચ મિનિટ પૂરી થઈ ગઈ છે. હરેશકુમાર ભટ્ટ, નો, નો, પ્લીઝ પતી ગયું, નહીં, ટાઇમ નથી.

---

• *** (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહ વિભાગની ૧૧૦૯ કરોડ ૫૫ લાખ અને ૪૮ હજારની ૪૨, ૪૩, ૪૪ અને ૪૬ માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. (અંતરાય) ૫ મિનિટ બોલવાનું હોય તો બધાને શાંતિથી સાંભળવા દો.

માનનીય અધ્યક્ષશ્રી, પરંપરામાં કહેવાય છે કે સર સલામત તો પઘડી સલામત. આજે વિકાસ શરીર છે અને ગૃહ કરોડરજ્જુ છે. કોઈપણ વિકાસ કરતું હોય તો એ શરીરનો વિકાસ હોય, ચાહે કુટુંબનો વિકાસ હોય, ચાહે રાજયનો વિકાસ હોય, ચાહે રાષ્ટ્રનો વિકાસ હોય પણ આ વિકાસ ત્યારે જ લોકો સુધી પહોંચતો હોય છે કે જ્યારે આ વિકાસ સલામતીની એક કરોડરજ્જુ એને મજબૂત રીતે સપોર્ટ કરતી હોય. અમેરિકા આખા વિશ્વની અંદર બોસ તરીકે રહેવા માગતું હતું. પણ એના ટવીન ટાવર તોડીને એની સુરક્ષાનો ભંગ કરી અને એમનો વિકાસ હતો એ પણ નેસ્ત નાબૂદ થઈ ગયો.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતનો વિકાસ દેખાઈ રહ્યો છે. સમગ્ર વિશ્વમાં ગુજરાતના વિકાસની ચર્ચા થાય છે. (અંતરાય) માનનીય પ્રવિણભાઈ, આપણે નંબર વન રહેવાના છીએ જ્યાં સુધી ભારતીય જનતા પાર્ટીની સરકાર હશે ત્યાં સુધી. અમે વિકાસની કેડી ઉપર ચાલી રહ્યા છીએ. વિકાસને સમર્થન આપવા માટે આજે ગૃહ વિભાગ એટલું જ સક્ષમ રીતે કામ કરી રહ્યું છે, લોકોને સલામતી પૂરી પાડી રહ્યું છે. આજે લોકોને વિકાસ દેખાઈ રહ્યો છે. આજે ગૃહની અંદર અનેક લોકોએ અનેક વિચાર રજૂ કર્યા છે. કોઈની રાજકીય ટિકાટિપ્પણી કરવા માગતો નથી પણ વાસ્તવિકતા આજે આપણે જોઈ રહ્યા છીએ. જે જે ઘટનાઓ ગુજરાતમાં બની છે. ભૂતકાળથી અને અત્યાર સુધી ખાસ કરીને જ્યારે ગુજરાતને બદનામ કરવાના પ્રયત્નો થયા. ભૂતકાળમાં આપણે જોયું છે કે, ગુજરાતની સરહદ ઉપર આવેલ પડોશી વિરોધી દેશોએ હુમલા કર્યા છે અને એના પરિણામ આપણે જોઈ રહ્યા છીએ. હમણાં આપણા શંકરભાઈએ હિન્દીમાં કહ્યું, અંગ્રેજીમાં કહેવત છે કે, Indian soldiers always win in battle, but Indian politician always lose on table. On table we lose. આપણે હંમેશાં સૈનિકોના માધ્યમથી વોર જીત્યા છીએ અને રાજકારણીઓના માધ્યમથી આપણે ગુમાવ્યું છે. આ બધું કૉન્ગ્રેસના શાસનમાં થયું છે. ૧૯૭૧ અને ૧૯૬૫ની લડાઈ થઈ એ વખતે ૬૫૦૦૦ હેકટર જમીન ગઈ અને એ જમીન બિન ઉપજાઉ છે એટલા માટે એને જવા દીધી, આટલો બધો આપણે વિસ્તાર ગુમાવ્યો છે અને તો પણ એને સીરીયસલી લેવામાં નથી આવ્યું. આ બધો ભૂતકાળનો ઇતિહાસ છે. આપણે સલામતી ઉપર આપણે કયારેય વિચાર કર્યો નહીં. અને આજે દેશ સલામત હશે તો દેશનો વિકાસ થશે. આ ગુજરાતની સીમાઓ છે, બૉર્ડરો છે એ સીમા સલામત હશે તો ગુજરાતનો વિકાસ થશે. ચારેબાજુથી આતંકવાદી પ્રવૃત્તિઓ ચાલતી હોય. અમદાવાદની અંદર ચંડોળા તળાવ ઉપર આગ લાગી અને એની તપાસ કરવામાં આવી અને એનો સરવે થયો ત્યારે ત્યાં ૧૫૦૦ જેટલા બાંગ્લાદેશી કુટુંબો ત્યાં રહેતા હતા. આ અમદાવાદમાં બનેલી ઘટના છે. સુરક્ષાનું કવચ મજબૂત નહીં હોય તો આ વિકાસ સંભવિત નહીં બને અને એટલા માટે ગુજરાત ગૃહ વિભાગ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ગૃહ વિભાગની ૧૧૦૦ કરોડ રૂપિયાની દરખાસ્ત લઈને આવ્યા છે એ પૂરતી નથી. કારણ કે જે યોજનાઓ બનાવી છે આજે જે તંત્રને આપણે મજબુત બનાવવા માગીએ છીએ, અનેક ખતરાઓ આપણી ઉપર છે. બાહ્ય ખતરાઓ છે. આંતરિક ખતરાઓ પણ છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, નાનપણમાં મને યાદ છે કે એક મધ્યમ કક્ષાના શહેરમાં રાત્રીના ટ્રેનમાંથી ઉતરીને જતા હોઈએ તો અવાજ થાય પોલીસનો કે હોલ્ટ, સામે કહીએ કે રૈયત એટલે સમજી જાય, આજે આ હોલ્ટ કહેવાવાળું કોઈ નથી કારણ કે પોલીસ તંત્ર એટલી બધી જગ્યાએ રોકાયેલું હોય છે કે રાત્રે એ ચોકી કરવા માટે, પરિભ્રમણ અને સરપ્રાઈઝ ચેકીંગ માટે એમની પાસે સમય નથી હોતો એના બદલે આ તંત્ર કયાં રોકાયું હોય છે, હાઈવે ઉપર, રોડ ઉપર અને વાહનો રોકીને એ કરતા હોય છે એના બદલે મારી આપની મારફત ગૃહ મંત્રીશ્રીને વિનંતી છે કે પોલીસની અંદર વિશ્વાસ થાય એ પ્રકારની પોલીસ તંત્રની જે પરંપરા છે એ જાળવવી જોઈએ.

પોલીસ વેલફેરનો હિમાયતી છું. હંમેશા હું જયારે જયારે ગૃહ ખાતાની માગણીઓ ઉપર બોલ્યો છું, અગાઉના વિધાનસભાના અધિવેશનો વખતે ત્યારે મેં હંમેશા રચનાત્મક વાતો કરી છે એટલા માટે કે આ તંત્રને કામ કરતું જોવું હોય તો એના માટેની યોગ્ય સગવડો આપવી જોઈએ. પોલીસ હાઉસિંગ વગેરે એને સારી લાઈનો, વસાહતો અને જયારે પોલીસ હાઉસિંગ કોર્પોરેશન નહોતું ત્યારે આપણે વિભાગ વતીથી બાંધકામ ખાતુ જયારે કામ કરતું હતું ત્યારે પણ એના માટે મારા સૂચનો હતા કે એને અદ્યતન બનાવવું જોઈએ એના માટે જયારે એમને મોકો મળ્યો ત્યારે ૮-૮ વર્ષથી જે વાહનો ખરીદાયા નહોતા કારણ કે કેન્દ્ર સરકાર તરફથી મંજૂર થયેલ રકમમાંથી આપણે વાહનો માટે ત્યાં indent કરી પછી પૈસા મળે એટલે એમાં વહેવારિક અભિગમ રાખીને ૨૨ કરોડ રૂપિયા કન્ટીજન્સી ફંડમાંથી આપીને એકી સાથે વાહનો ખરીદેલા અને આજે આ પરંપરા ચાલુ છે અને એટલા માટે અદ્યતન સાધનોથી પોલીસતંત્ર દોડતું થાય તો એમનાથી સારી કામગીરી થઈ શકે. પોલીસ વેલફેરનો કાર્યક્રમ છે એમાં જિલ્લા પોલીસ તંત્રના ડી.એસ.પી. કચેરીની નીચેના આ પોલીસ વેલફેર કાર્યક્રમ છે એની અંદર વધુ રસ લેતા લોકોને અમે હંમેશા સમર્થન આપીએ છીએ અને પોલીસ વેલફેરની અંદર જયારે મુશ્કેલી હોય ત્યારે આરોગ્ય વગેરે એમની સેવામાં આ વેલફેર ફંડ છે એમાંથી ખૂબ ઉપયોગ થતો હોય છે

કારણ કે એમાં રાજય તરફથી એની મર્યાદા હોય છે કે એમાં અમૂક જ હજાર રૂપિયાની પાંચ હજાર રુપિયાની જ મદદ થઈ શકે એવે સમયે કોઈ અસાધ્ય રોગ માટે આ પોલીસ વેલફેર ફંડ છે એમાંથી રકમ આપી શકતા હોય છે, એટલા માટે અમારો હકારાત્મક અભિગમ છે. મારે કચ્છ માટે એક સૂચન કરવાનું છે, ગૃહમંત્રીશ્રીને કે ભૂકંપ પછી વ્યવસ્થાના ભાગરૂપે પોલીસ સ્ટેશન ખસેડયું એમાંથી ર પોલીસ સ્ટેશન મારા વિસ્તારમાં આધોળી અને ભીમાસર અને ત્યાંના લોકોનો આગ્રહ છે કે મૂળ જગ્યાએ પોલીસ સ્ટેશન જવું જોઈએ. આજે આધોળીનું પોલીસ સ્ટેશન સામખ્યાળીમાં અને ભીમાસરનું પોલીસ સ્ટેશન આડેસરમાં કાર્યરત છે અને ત્યાંના લોકોએ ગૃહમંત્રીશ્રીને આવીને રજૂઆતો કરી છે, ડાયરેકટર જનરલ ઓફ પોલીસને રજૂઆત કરી છે, સચિવશ્રી ગૃહ વિભાગને રજૂઆત પણ કરી છે, એ.સી.એસ.ને રજૂઆત કરી છે ત્યારે એની અંદર હકારાત્મક અભિગમ લઈને વ્યવહારિકતાથી નવું પોલીસ સ્ટેશન ખોલવાની પણ જરૂર છે, કારણ કે આજે જે રીતે ભારણ વધતું જાય છે કચ્છ જેવા વિસ્તારમાં ઔદ્યોગિકરણને કારણે તો એ જગ્યા આડેસર અને સામખ્યાળીમાં નવા પોલીસ સ્ટેશનના મહેકમ મંજૂર કરી દે પણ મૂળ જગ્યાએ પેલા પોલીસ સ્ટેશન જોઈએ એવી એ લોકોની માગણી છે એ આપના મારફત હું ગૃહમંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરું છું. અહીં આપણું જે ક્રાઈમ બ્રાંચ હોય અને એન્ટી કરપ્શન બ્યુરો તરફથી કેટલીક જવાબદારીઓ એમને સોંપવામાં આવી હોય, તપાસની જે ગેરરીતિ થઈ હોય એની તપાસ ખૂબ લાંબા સમયથી પેંન્ડિગ તપાસ છે. ખાસ કરીને જે નાના કારીગરોને લોન આપેલી અને એની અંદર ખૂબ મોટી ફરિયાદ આવેલી છે એની તપાસ આજે કેટલાય વર્ષોથી પૈંન્ડિગ છે. લગભગ ૩ વર્ષ કરતા વધુ સમયથી કદાચ ક્રાઈમ બ્રાંચ કે એન્ટીકરપ્શન બ્યુરો બેમાંથી કોઈ એકની પાસે છે, કારણ કે મારો આ વિષય નથી કારણ કે હું આપની પાસે ફરિયાદીના રૂપે આવતો નથી અને ક્યારેક આવું તો આપને અમારામાં હંમેશા પોલીસનો પેલો ડાઉટ, કે ડોન્ટ ટ્રસ્ટ એની બડી એટલે ગૃહમંત્રીને પણ એ હોય એ સ્વાભાવિક છે. મેં એક રજૂઆત કરી હતી અમારા નેતાશ્રીએ પણ રાજયપાલશ્રીના પ્રવચન વખતે કીધું કે આપે ખાવડા વિસ્તારના જે ૩ મુસ્લિમ આગેવાનોને જે પાસામાં લીધેલા છે એ કીડી ઉપર કટક છે. નાનકડી એવી બાબતમાં લીધા અને મેં પણ આપની પાસે રજૂઆત કરેલી, આપે એને ગંભીરતાપૂર્વક નહોતી લીધી, પાસા બોર્ડમાં એમને છોડી મૂકવામાં આવ્યા. સાથે મારે નોંધ લેવી જોઈએ કે ટ્રાન્સપોર્ટ એસોસિએશનના અધિકારીને પાસામાં લીધેલા ત્યારે એમની એક ધારાસભ્યએ રજૂઆત કરી તો ધ્યાન આપ્યું અને ત્યારે આપની સારા ગૃહમંત્રી તરીકેની છાપ ઊભી થઈ છે. નિર્દોષ લોકો ઉપર આટલા બધા આકરાં પગલાં લેવાય એના પહેલા પૂરી તપાસ થવી જરૂરી છે. નહિ તો પાછા પડાય. ૧૫ દિવસમાં પાસા બોર્ડ મળે અને છોડી મૂકે એટલે સરકારની નબળાઈ છતી થાય છે. જેવી રીતે અધકચરી રીતે આડેધડ સરહદી વિસ્તારમાં કોમી એકતા અને કોમી એખલાસમાં આ પલીતો ચાંપવાનો પ્રયત્ન થયો છે ત્યારે આવું કરવા વાળા લોકોથી માનનીય મંત્રીશ્રી સચેત રહે એટલું કહેવાનું છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની જે માગણીઓ ૪૨, ૪૩, ૪૪, અને ૪૬ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે બજેટમાં પોલીસ તંત્રને આધુનિક બનાવવા માટે ૧૩૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેના અંદર આધુનિક સાધનો, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી અતિ આધુનિક બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભારતીય જનતા પાર્ટીની અને નરેન્દ્ર મોદીની સરકાર આવ્યા પછી ગુજરાતમાં રામ રાજ્ય કહેવામાં આવે તો ગુજરાતને અત્યારે રામ રાજ્ય તરીકે જોઈએ તો ખોટું નથી. રામ રાજ્યમાં ગુજરાતની અંદર ગૌમાતાનું રક્ષણ કરવા માટે, આપણે ગાય માતાનું પૂજન કરતા હોઈએ છીએ, આપણે કહીએ છીએ કે ગાય માતામાં ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે. એવી ગાય માતાનું રક્ષણ કરવાનું કામ જો કોઈએ કર્યું હોય તો ભા.જ.પ.ની સરકારે, નરેન્દ્ર મોદીની સરકારે અને ગુજરાતની પોલીસે કર્યું છે. ખૂબ જ અભિનંદનને પાત્ર છે. ભા.જ.પ.ની સરકાર આવ્યા પછી ગાયની હત્યાઓ થતી હોય તો એને બચાવવાનું કામ કર્યું છે. હમણાંની જ વાત કરું તો ગોધરાની અંદર ૪૦૦ ગાયોને કતલખાને જતી બચાવવાનું કામ પોલીસ તંત્રે કર્યું છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. તમામ પોલીસ અધિકારીઓને અભિનંદન આપવા માગું છું કે એમણે ૪૦૦ ગાયોને બચાવવાનું કામ પંચમહાલ જિલ્લાની પોલીસે કર્યું છે. માનનીય અર્જુનભાઈ કહેતા હતા કે ગુજરાતના મુખ્યમંત્રી લોહ પુરુષ છે. છોટે સરદાર છે. આવી બધી વાતો કરીને એમને તેલ રેડાતું હતું. કારણ કે ગોધરાના બનાવો પછીની વાત કરી અને જે વાત મૂકી છે. હું એમને યાદ અપાવવા માગું છું કે ૧૯૮૪માં દિલ્હીમાં ઈન્દિરા ગાંધીની હત્યા થઈ ત્યારે કેટલા સરદારજીઓની હત્યા થઈ એ યાદ કરવાની જરૂર છે. એ યાદ કરવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, ગુજરાતની વાત કરો, પ્લીઝ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : આ તો કાયદો અને વ્યવસ્થાની વાત કરવા માગું છું. બાબુભાઈએ હમણા વાત કરી. એ રાજકીય અવલોકનો કરે છે ત્યારે કશું નહિ અને આપણા તરફથી જ્યારે બોલવામાં આવે ત્યારે રોકવામાં આવે છે. પ્રવિણભાઈ પણ વાત કરતા હતા. એમને હું કહેવા માગું છું. અર્જુનભાઈ પણ વાત કરતા હતા કે સરકારી દલાલો જોવાની વાત તો કોંગ્રેસના શાસનમાં ખુલ્લેઆમ જુગાર ચાલતો હતો અને ખુલ્લેઆમ હપતાઓ લેવામાં આવતા હતા અને ગાંધીનગરના હોમ મિનિસ્ટર સુધી હપતા પહોંચતા હતા. ઘર સુધી પહોંચતા

હતા એ મને યાદ છે. માટે હું વિનંતી કરું છું કે આજે નરેન્દ્ર મોદીની સરકાર આવ્યા પછી ગુજરાતમાં પોલીસને આધુનિક બનાવવા માટેનું કામ, કર્મયોગી બનાવવાનું કામ, ભ્રષ્ટાચાર નાબૂદ કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. હમણાં થોડા દિવસ પહેલા ખબર હશે કે ક્લાસ વન આઈ.એ.એસ. અધિકારીને ત્યાં એન્ટી કરપ્શન બ્યૂરોના દરોડા પડ્યા. આજ સુધી કોંગ્રેસના શાસનમાં કોઈ આઈ.એ.એસ. કે આઈ.પી.એસ. અધિકારીને ત્યાં કોઈ એન્ટી કરપ્શન બ્યૂરોના દરોડા પાડ્યા નથી. આ પારદર્શક વહીવટનો નમૂનો છે. આજે પોલીસ આવાસોની વાત હોય તો ગુજરાત સરકારે પોલીસ આવાસો માટે પોલીસ આવાસ નિગમની રચના કરી ૧૪૧ કરોડ રૂપિયા બજેટમાં ફાળવ્યા છે. તમામને આવાસની સુવિધા, પોલીસ સ્ટેશનો કમ્પ્યુટર વાળા અને તમામની કનેક્ટિવિટી કરી, તમામ માહિતી જલદીમાં જલદી મળે એ માટે ઝેરોક્ષ મશીનો, ફેક્સ મશીનો જ્યારે હું ૧૯૭૧માં પોલીસખાતાની અંદર ભરતી થયો ત્યારે નકલ કરવી હોય તો પોલીસના અંગૂઠા દુ:ખી જતા ત્યાં સુધી તહોમતદારોને નકલ આપવા માટે હાથ દુ:ખી જતા હતા, ત્યારે કોઈ સાંભળવાવાળું નહોતું. કાગળ લખવો હોય તો વેપારી પાસે ઉઘરાવવા જવું પડતું હતું, આ કાગળ ઉઘરાવીને પોલીસ કામ કરતી હતી. આજની તારીખે આવી કોઈ અવ્યવસ્થા નથી. આજની તારીખે પોલીસને જેટલી સુવિધા મળે છે, મોટરસાઈકલ, વાહનો મળે છે એના કારણે ગુજરાતની અંદર ગુનાખોરી થતી હોય એ અટકાવવાનું કામ ગુજરાતની પોલીસ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની અંદર ધાડ, લૂંટના જે આંકડા ૧૦ વર્ષના લેવામાં આવે તો ગુજરાતની અંદર સૌથી ઓછો ક્રાઈમ થયો છે. બીજા સ્ટેટસની અંદર જોઈએ તો ક્રાઈમ રેટ ખૂબ મોટી સંખ્યામાં છે ડીટેકશન જોવા જઈએ તો ડીટેકશનનો રેટ ૭૨-૭૩ ટકા જેટલો છે. જ્યારે બીજા સ્ટેટસની સરખામણીમાં જોઈએ તો ગુજરાતની અંદર ગુજરાત એક નંબરનું રાજ્ય છે, ગુનાહીન રાજ્ય છે અને મુખ્યમંત્રીનો જેમ એક નંબર છે તેમ ગુજરાતનો પણ એક નંબર છે. ક્રાઈમ રેટની અંદર ગુજરાતની પોલીસને અભિનંદન આપવા જોઈએ કે ખૂબજ પ્રમાણમાં ક્રાઈમ રેટ ઘટી ગયો છે. પોલીસે જે રાત-દિવસ મહેનત કરીને ગુનેગારોને પકડવા માટે થઈને ઉજાગરા કરીને પોલીસ ૨૪ કલાક કામગીરી કરી રહી છે એના અનુસંધાનમાં એમને પ્રોત્સાહન આપવાની જગ્યાએ કોંગ્રેસના મિત્રો એમની ટીકા કરે છે અને ટીકા કરવાને કારણે એમનું મનોબળ નીચે જાય છે. જેમ માનનીય ફતેસિંહભાઈએ વાત કરી, ગુજરાતના ન્યાયતંત્રની અવગણના કરી છે. (અંતરાય) સાહેબ, બે મિનિટ (અંતરાય) ગુજરાતમાં એન.જી.ઓ. જેવી સંસ્થાઓએ આવીને એમનું જે માનસ છે એ ગુજરાતની અંદર ચાલતો કેસને મહારાષ્ટ્રની અંદર લઈ જઈને સજા કરાવવાનું કામ કોંગ્રેસે કર્યુ છે એવું મારું માનવું છે.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે એમાં સમર્થન આપી મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ વિભાગનું કામ એ કાયદો અને વ્યવસ્થા વ્યવસ્થિત જળવાય એના માટે જવાબદારી નિભાવવાનું છે, જેની જે રાજ્યની અંદર કાયદો અને વ્યવસ્થા મજબૂત એ રાજ્યની પરિસ્થિતિ પણ મજબૂત, અને મારે એમ કહેવું છે કે આ રાજ્યમાં ભાજપની સરકાર આવી અને ભાજપની સરકાર આવ્યા પછી આ પોલીસનું મોરલ વધારવાનું કામ કર્યુ હોય તો આ ભાજપની સરકારે કર્યુ છે. આ પોલીસ જે કામ કરે છે એ રાત-દિવસ ગમે તેવા ઉનાળો હોય, ચોમાસું હોય કે શિયાળો હોય અને રાત-દિવસ આ જ્યારે પ્રજાની સેવા કરતું હોય, ખડેપગે ઊભા રહેતા હોય ત્યારે પોલીસ જે કામગીરી કરી રહ્યું છે એના બદલાની અંદર રાજ્ય સરકારે એમને જે કાંઈ વળતર આપવાના પ્રયત્નો કરવામાં આવ્યાં છે, હું એમ માનું છું કે આવાસ નિગમ જે છે એ આવાસ નિગમની અંદર રાજ્ય સરકારે જે આયોજન કર્યુ છે, એમાં ૧૨૦૦૦ જેટલા આવાસો બાંધવાનું કામ હાથ પર લેવામાં આવી રહ્યું છે, જેમાંથી ૮૦૦૦ મકાનોના બાંધકામનું કામ પૂર્ણ થઈ ગયું છે અને એના માટે ૧૪૪.૬૬ કરોડનો ખર્ચ કરવાનું આયોજન કર્યુ છે એ આ રાજ્ય સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક શાંતિ, ગામડાની શાંતિ, શાંતિમય ચૂંટણી આ બધું જે થયું આ રાજ્યની અંદર અને ગુજરાતની અંદર થયું છે. કોઈપણ અન્ય રાજ્યના વ્યકિત જ્યારે ગુજરાતમાં આવે છે અને ગુજરાતમાં આવ્યા પછી એમ કહે છે કે આ ગુજરાતમાં જેવો કાયદો અને વ્યવસ્થા છે તે આ રાજ્ય સિવાય બીજા કોઈપણ દેશના પ્રાંતની અંદર આવો કાયદો અને વ્યવસ્થા નથી. આ ગુજરાતની પોલીસે કામ કર્યુ છે. આ ગુજરાતની પોલીસ કરી રહી છે અને એમાં આપણો જે ગૃહ વિભાગ છે એ એના માટે સજાગ અને પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા દારૂની વાતો થતી હતી કે આ ગાંધીજીના ગુજરાતમાં દારૂની ખૂબ રેલમછેલ થાય છે, બૉટલો પકડાય છે પણ મારું કહેવું છે કે, આ દારૂ પિવડાવતા એ બધું શિખવાડ્યું કોણે ? ચૂંટણી આવતી ત્યારે કોંગ્રેસવાળાઓએ શિખવાડેલ, મારા વિસ્તારમાં મને ખબર છે કે, આ લોકો ચૂંટણી આવે એટલે આગલા દિવસે આ લોકો દારૂ વહેંચવાનું કામ આ કોંગ્રેસના નેતાઓ કરતા, આ લોકોએ શિખવાડ્યું અને અહીંયા એવું કહે કે આ ન થવું જોઈએ, આ જે પ્રયત્ન થયો છે એ કોંગ્રેસે કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં આ પોલીસ વિભાગ અનેક પ્રકારે, ડી.એન.એ.ના જે રિપોર્ટો છે એની સુવિધા આ દેશમાં માત્ર ત્રણ છે અને કોઈપણ ગુનેગાર પકડવો હોય તો એ ડી.એન.એ. રિપોર્ટના આધારે અને એની જે સુવિધા છે એ દેશમાં માત્રને માત્ર ત્રણ છે અને એમાંની એક આપણા ગુજરાતમાં છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે ગૃહ વિભાગની માગણીઓ લઈને હું ઉપસ્થિત થયો છું એના ઉપર માનનીય વિરોધપક્ષના નેતાશ્રીથી શરૂ કરી છેલ્લે સભ્યશ્રી શંકરભાઈ રાઠવા સુધી આ ગૃહના ૧૫ સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ પરંપરાગત રીતે શાંતિ માટે જાણીતું રાજય છે. હું પરંપરાગત રીતે એટલા માટે કહું છું કે, ગુજરાતની અંદર જે ટ્રેડીશન ઊભી થઈ છે, ગુજરાતમાં જે પરંપરાઓ ઊભી થઈ છે એમાં અત્યાર સુધી કામ કરવાવાળા બધાનો જ ભાગ છે અને પરંપરાગત રીતે ગુજરાત શાંત છે એ ગુજરાતની શાંતિને વધુ સુદૃઢ અને સુરક્ષિત કરવાનું કામ અમે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હાલ જ્યારે વિરોધ પક્ષના નેતાશ્રી ભાષણ કરતા હતા એ વખતે બધા જુદા જુદા આંકડા આપતા હતા, આંકડા એ રીતે આપતા હતા કે જાણે ચારે બાજુ, સમગ્ર રાજયમાં લૂંટ ચાલતી હોય, આગ લાગતી હોય, બળાત્કારો થતા હોય, ખૂનો થતા હોય અને અપહરણો થતા હોય એવું એક ચિત્ર એમણે ગૃહમાં ઊભું કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ આ વાસ્તવિકતા નથી, એ તો એમના મનની સ્થિતિ એમણે ગૃહ સમક્ષ મૂકી છે. એમના મનની સ્થિતિ જે એમણે ગૃહ સમક્ષ મૂકી છે. ગુજરાતમાં આવું વાતાવરણ નથી. ગુજરાતમાં તો શાંતિ છે, ગુજરાતમાં સલામતી છે, ગુજરાતમાં સુરક્ષા છે એટલા માટે જ ગુજરાતની અંદર ઔદ્યોગિક વિકાસ થયો છે, એટલા માટે ગુજરાતની ખેતી સમૃદ્ધ થઈ છે, એટલા માટે ગુજરાતની અંદર શિક્ષણનું કાર્ય શાંતિથી ચાલી રહ્યું છે અને જો એ ન હોત, ગુજરાતમાં શાંતિ ન હોત, સલામતી ન હોત, સુરક્ષા ન હોત, તો ગુજરાતનો વિકાસ જે ગુજરાતે એચીવ કર્યો છે એ ના થઈ શક્યો હોત.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ જે વાત કરી, એમાં એમણે ઘણા બધા રાજકીય અવલોકનો કર્યા હતા, મારે કોઈ લાંબો જવાબ નથી આપવો પરંતુ આ ગૃહના સૌ સભાસદો ઘણાં લાંબા સમયથી જાહેર જીવનમાં કામ કરી રહ્યા છે અને જાહેર જીવનની વાત કરું છું ત્યારે બહું ભૂતકાળમાં નથી જવું, હું તો ૧૯૮૦ થી ૧૯૯૦ના દાયકાની વાત કરવા માગું છું. ૧૯૮૦ થી ૧૯૯૦ના દાયકામાં ગુજરાતની સ્થિતિ શું હતી? ગુજરાત શેના માટે જાણીતું હતું? ગુજરાતમાં કેવા પ્રકારની ઘટનાઓ બનતી હતી? માનનીય પ્રવિણભાઈ, દારૂની વાત કરો છો, તમારી વખતે આઠ-આઠ કોલમો ભરાય એવા લઠ્ઠા કાંડો થયા હતા અને પચ્ચીસ-પચ્ચીસ માણસો લઠ્ઠો પીને મરી જતા હતા, અમારા શાસનમાં એક પણ લઠ્ઠા કાંડ નથી થયો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ હમણાં વાત કરી કે, અહીંયા ગુજરાતમાં સલામતી નથી. મારે અર્જુનભાઈને પૂછવું છે કે અર્જુનભાઈ ૧૯૮૫ની વાત યાદ કરો, આખું અમદાવાદ લતીફો, રસૂલ પાર્ટીઓ, શરીફ ખાન, મમુ મીંયા, પંજુ મીંયા, હાજી ઈસ્માઈલ, ઈજજુ શેખ, રફીક બાપુડી આવા કેટલાય રાષ્ટ્ર વિરોધી તત્ત્વોને હવાલે કોણે કર્યુ હતું? એ વખતે એમના પક્ષનું શાસન હતું. બૉમ્બેમાં બૉમ્બ ધડાકા કરવા હોય, આર.ડી.એક્સ. કયાંથી જતો હતો? પોરબંદરથી જતો હતો, વલસાડથી જતો હતો, ગુજરાત એ આર.ડી.એક્સ. લાવવા માટે એક લેન્ડિંગ પૉર્ટ બન્યું હતું. આ કોના શાસનમાં બન્યું હતું? કોંગ્રેસના શાસનમાં બન્યું હતું. અશોક ભટ્ટે કેટલાય ભાષણ કર્યા છે. હાજી હાજી ઈસ્માઈલ કેમ નથી પકડાતો? મમુ મીયાં પંજુમીયાં કેમ નથી પકડાતો, લતીફ કેમ નથી પકડાતો, ઈજજુ શેખ કેમ નથી પકડાતો. એ ભાષણની કોપી અત્યારે અમારા ગૃહ વિભાગના અધિકારીઓએ હાથમાં લઈને એકેએકને પકડવાનું ચાલુ કર્યું છે. લતીફ કોના શાસનમાં પકડાયો? ભા.જ.પા.ના શાસનમાં. હાજી ઈસ્માઈલ કોના શાસનમાં જેર થયો? ભા.જ.પા.ના શાસનમાં. ઈજજુ શેખ કોના શાસનમાં પકડાયો? ભા.જ.પા.ના શાસનમાં. મમુ મીયાં કોના શાસનમાં પકડાયો? ભા.જ.પા.ના શાસનમાં પકડાયો. રફીક બાપુડી અને સરાઉદ્દીન ભા.જ.પા.ના શાસનમાં મરાયા. અમે તો આ રાજયને સુરક્ષા પ્રદાન કરવાની કામગીરી કરી છે. અસુરક્ષિત બનાવવાનું કામ અમારું નથી. એટલા માટે આ રાજયમાં છેલ્લા ૩ વર્ષથી એક પણ ઔદ્યોગિક હડતાલ પડી નથી. શૈક્ષણિક હડતાલ પડી નથી. નાના મોટા આંદોલનોને બાદ કરતાં અમારે ખેડૂતો ઉપર ગોળીબાર કરવો પડયો નથી. એક પણ ખેડૂતનું ગોળીબારમાં મૃત્યુ થયું નથી. કોંગ્રસના શાસનમાં સાબરકાંઠા જિલ્લાના ૧૯ નિર્દોષ ખેડૂતોને ગોળીએ દેવાયા હતા. રથયાત્રા, ઉત્તરાયણ, દિવાળી, ઈદ, હોળી, મહોરમ એક પણ જગ્યાએ પોલીસને ગોળીબાર કરવો પડયો નથી. ગોળીબાર કરવો પડયો હોય તો આતંકવાદીઓને ઠાર કરવા માટે કરવો પડયો છે. ચોર લુટારાને ઠાર કરવા પડયા છે. કોઈ વિદ્યાર્થી ઉપર કે પ્રજા કે ખેડૂત ઉપર ગોળીબાર કરવો પડયો નથી. કોઈ ઔદ્યોગિક કામદાર ઉપર ગોળી ચલાવવી પડી નથી. ગોળી ફકત ગુનેગાર પર ચાલી છે. ગુજરાત સમગ્ર દેશમાં શાંતમાં શાંત રાજય તરીકે પોતાની પ્રતિષ્ઠા બનાવી શકયું છે. કેટલી ચૂંટણી થઈ? સંસદની ચૂંટણી થઈ, સ્થાનિક સ્વરાજની ચૂંટણી થઈ, પેટા ચૂંટણી થઈ પણ કોઈ જગ્યાએ બુથ લુટાયાની ઘટના બની નથી. કોઈ જગ્યાએ ચૂંટણીમાં હિંસા થઈ નથી.એ બતાવે છે કે તંત્રની પકડ છે. એમણે ગુનાના આંકડા પોતાની રીતે આપ્યા. ખોટા છે એવું મારે નથી કહેવું. પોતાની રીતે રજૂ કર્યા. કોઈ

એમ બોલે કે અરેરે ૫૦૦ ચોરી થઈ પણ પાંચ કરોડની પ્રજામાં ૫૦૦ ચોરી થાય. ખૂનની વાત કરી કે આટલા ખૂન થયા પણ સમગ્ર દેશમાં ૨૮ રાજયોના આંકડા ઉપલબ્ધ છે એમાં નીચેથી બીજો નંબર ગુજરાતનો છે. ૨૬ મો નંબર છે. અપહરણના કેસમાં પ્રેમલગ્નનો પણ ગુનો નોંધાય એ પણ અપહરણના કેસમાં આવી જાય છતાં પણ એ અપહરણના કેસમાં પણ સમગ્ર દેશમાં ૨૦ મો નંબર છે. આંકડા કહે છે ગુજરાતમાં શાંતિ છે. તમે ગમે તે કહો. જો પ્રજાએ તમારી વાત માની હોત તો હમણાં જે ૨૮ નગરપાલિકાના જે પરિણામો આવ્યાં છે તે પરિણામ ન આવત. સુંપડા સાફ થઈ ગયા. હજી એમાંથી કાંઈ શીખવું નથી. સાચી વાત કરવી નથી. સાચી વાત કરી હોત તો કર્મચારીઓનો હોંસલો વધાર્યો હોત, પોલીસ કર્મચારીની પીઠ થપથપાવી હોત તો પ્રજા માનત કે કયાંક સુધરવાની દિશામાં છે. ફરીથી તક આપો. પરંતુ હવે તો તક મળે એવું પણ રહ્યું નથી. એમણે પરિસ્થિત એવી કરી છે કે પ્રજાને વિશ્વાસ નથી. આ રાજયમાં જયારથી ભા.જ.પા. સરકાર સ્થપાઈ ત્યારથી સતત મહિલા પરના અત્યારચારના ગુનામાં પણ ઘટાડો થયો છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પરના ગુના છે એમાં પણ મોટો ઘટાડો થયો છે. જયાં સુધી અનુસૂચિત જાતિ પરના નોંધાયેલા ગુનાની સંખ્યા ૧૯૯૫માં ૧૭૧૭ હતા એ ઘટીને ૨૦૦૫માં ૯૬૨ થઈ છે અને અનુસૂચિત જનજાતિ પર નોંધાયેલા અત્યાચારના ગુનાની સંખ્યા ૧૯૯૫માં ૪૮૮ હતી એ ઘટીને ૧૪૭ થઈ છે. આટલો નીચો રેશિયો દેશના કોઈ રાજયમાં નથી. દર લાખની વસ્તીએ વાયોલન્ટ ક્રાઈમનો રેશિયો છે એમાં ગુજરાત નંબર-૧ ઉપર છે. દેશનો રેશિયો ૨૨.૪ છે. ગુજરાતનો રેશિયો ૧૧.૧ છે. દેશથી અડધો વાયોલન્ટ ક્રાઈમનો આપણો રેશિયો છે. આ આંકડા બતાવે છે કે અર્જુનભાઈ ગમે તે કહે પણ આ રાજયમાં શાંતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર સુરક્ષા છે, પોલીસ તંત્ર ઠીક તરીકાથી કામ કરી રહ્યું છે. એટલા માટે ગૃહ સમક્ષ માગણીઓ લઈને આવ્યો છું તેમાં પોલીસ તંત્રને વધુ બળ આપવાની જરૂર છે. આપણું રાજય સરહદી રાજય છે. આપણા પડોશી દેશની આપણે ત્યાં ત્રણ પ્રકારની સરહદો અડીને આવેલી છે. આ રાજયની અંદર કોમી શાંતિ બની રહે તે રાજયની પ્રાયોરિટી રહી છે. હું છેલ્લા ત્રણ વર્ષની વાત કરું ૨૦૦૩ની અંદર સમગ્ર ગુજરાત રાજયની અંદર કોમી ઘટનાના છ ગુના નોંધાયા છે. ૨૦૦૪ માં પાંચ મોટા અને બાર નાના બનાવો અને ૨૦૦૫ માં એકપણ મોટો બનાવ નથી બન્યો અને પાંચ સામાન્ય બનાવો ખાલી બન્યા છે તે બતાવે છે કે ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫ આ ત્રણ વર્ષમાં ગમે તેટલી શાંતિ ડહોળવાના પ્રયત્નો થાય પણ આ રાજયની અંદર કોમી એખલાસની પ્રવૃત્તિ સુંદર રહી છે. બંને કોમોએ પોતાના તહેવારો હળીમળીને મનાવ્યા છે. ગમે તેટલાં કાંકરા કોઈ નાંખે આ શાંતિની અંદર, આ રાજયની અંદર હવે કોમી તોફાનો થાય તેવી સ્થિતિ રહી નથી. પૂરેપૂરી પરિસ્થિતિ કાબૂમાં છે. સરહદી રાજય હોવા છતાં આઈ.એસ.આઈ.નું નેટવર્ક જે જુદા જુદા રાજયોમાં હતું તેમાં ગુજરાતની અંદર જેટલા મોડયુલ હતા તે બધા મોડયુલ ગુજરાતની પોલીસે સફળતાપૂર્વક તોડયા છે, તેમને જેર કરવામાં સફળતા મેળવી છે. આઈ.એસ.આઈ. પાકિસ્તાનની જાસૂસી એજન્સી છે. આ રાજયના યુવાનોને હાથા બનાવીને કોમી તોફાનોમાં પલટાવી શકે તેવી સ્થિતિ આ રાજયની પોલીસે રાખી નથી. આપણા ત્યાંથી જે જે માહિતી મળી, જે જે માહિતી મળી તેના આધાર પર બીજા રાજયોએ કામ કર્યુ તો હૈદરાબાદ, દિલ્હી, મુંબઈ અને કાશ્મિરની અંદર પણ સફળ જેને કહેવાય તેવી રેડ થઈ છે અને આતંકવાદ, આઈ.એસ.આઈ.ના નેટવર્કને તોડવામાં સફળતા મળી છે. સરહદી રાજય છે એટલે આપણે સરહદી સુરક્ષાને ટોપ મોસ્ટ પ્રાયોરિટી આપીએ છીએ. એટલા માટે કેન્દ્ર સરકારને ૩૫૦ કરોડ રૂપિયાનો પ્લાન બનાવીને મોકલ્યો હતો.

સમગ્ર દેશની અંદર આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ પહેલ કરી હતી કે અમારો ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો અને અમારી જમીનની સરહદ પણ પાકિસ્તાનને લાગે છે તો તેના માટે, સરહદી સુરક્ષા માટે એક યોજના બનાવવી જોઈએ. કેન્દ્ર સરકારનો સરહદી સુરક્ષાનો વિષય છે એટલે કેન્દ્ર સરકારે તેમાં મદદ આપવી જોઈએ. આપણે જે પ્લાન મોકલ્યો હતો તેમાં મને કહેતાં આનંદ થાય છે કે તે પ્લાનને કેન્દ્ર સરકારે સ્વીકાર્યો છે અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં ૫૫ કરોડ રૂપિયા પહેલા હપ્તાના કોસ્ટલ સિકયોરિટી સ્કીમ અંતર્ગત આપણને મળવાના છે. તેમાં દસ નવા પોલીસ સ્ટેશન બનવાના છે, ૨૫ નવી ચેકપોસ્ટ બનવાની છે, ૪૬ આઉટ પોસ્ટ બનાવવાની છે, ૩૦ વેસલ્સ જીપ, ૧૦૧ મોટર સાઈકલ અને તે પૈકી શસ્ત્રોની પણ ખરીદી તેની અંદર થવાની છે અને તેના પરિણામ સ્વરૂપ સરહદ અત્યારે છે તેના કરતાં વધુ સુરક્ષિત બનવાની છે. અત્યારે છે તેના કરતાં પણ વધારે સલામત બનવાની છે. ૪૦૪ કિલોમીટર લાંબી જમીન સરહદ પર વર્ષોથી ફેન્સીંગની કામગીરી અટકી હતી. આ રાજય સરકારે કેન્દ્ર સરકાર જોડે રજૂઆત કરી, અનેક મીટિંગો કરી અને તે મીટિંગો સફળ રહી અને ૩૦૧ કિલોમીટરની ફેન્સીંગની કામગીરીના ટેન્ડરો બહાર પાડવામાં આવી રહ્યા છે અને કચ્છની જમીનની અંદર કચ્છની સરહદ ઉપર ફેન્સીંગની કામગીરી આપણે પૂરજોશથી ચાલુ કરવામાં આવી છે. તેના પરિણામ સ્વરૂપ એક મોટો ફાયદો એ આ રાજયની શાંતિને પણ થવાનો છે. સરહદની પેલે પારથી જેમના ઈરાદા અશાંતિ ફેલાવવાના છે, ઉશ્કેરાટ ફેલાવવાના છે તે લોકોને અહીં આવવા માટે સહૂલિયત નથી રહેવાની. આ સિવાય જ્યાં સરહદી વિસ્તારમાં મોટું રણ આવેલ છે. તેના માટે ડેઝર્ટ પ્લાન બનાવીને ભારત સરકારને મોકલી આપ્યો હતો. તેમાં ૭૬.૧૪ કરોડ રૂપિયાનો પ્લાન હતો તે પણ ભારત સરકારે મંજૂર કર્યો છે અને તે

પૈકી ૨.૬૬ કરોડ રૂપિયા માર્ચ પહેલાં આપણને મળવાના છે. તેના અંદરથી કામગીરીની શરૂઆત થવાની છે અને તેના દ્વારા કચ્છના રણની અંદર વધુમાં વધુ સુરક્ષા થાય તેના માટે કામ કરવાના છીએ. અત્યારે સરહદી સુરક્ષા માટે જેટલી યોજનાઓ ભારત સરકારને મોકલાવી છે તે બધી યોજનાઓ ભારત સરકારે મંજૂર કરી છે. આ જ નાણાંકીય વર્ષમાં તેની શરૂઆત થવાની છે તેનો અમને આનંદ છે. અમદાવાદ મેગાસિટી બન્યુ. અમદાવાદની અંદર જે ઝડપથી ઉદ્યોગ, ધંધા અને શિક્ષણ વધી રહ્યું છે. દેશભરના વિદ્યાર્થીઓ અહીંયા ભણવા આવે છે, દેશભરના ટેકનોક્રેટ આવે છે, દેશભરના લોકો મજૂરી માટે- રોજી માટે અમદાવાદમાં આવે છે એટલે અમદાવાદની વ્યવસ્થા, પોલીસ તંત્રીની વ્યવસ્થા આવનારા પાંચ-દશ વર્ષમાં ઝડપથી બદલવાની જરૂરિયાત પડી છે, આ ધ્યાને રાખીને અમે કેન્દ્ર સરકાર પાસે માગણી કરી હતી કે અમદાવાદ મેગાસીટી બની રહ્યું છે, કોમી સંવેદનશીલ શહેરનો ઇતિહાસ છે એ ધ્યાન રાખી મેગાસીટીને અનુરૂપ કાયદો અને વ્યવસ્થા થાય એના માટે ૩૬૫ કરોડ રૂપિયાની આપણે સહાય માગી હતી અને મને કહેતાં આનંદ છે કે, આ યોજનાની પણ મંજૂરી મળી છે, ૩૬૫ કરોડ રૂપિયાની મેગાસીટીની પોલીસની યોજનાની પણ મંજૂર થઈ છે, એમાં ટુંકાગાળાના ૫૫.૨૯ કરોડનું, મધ્યમગાળાનું ૨૩૦ કરોડનું અને લાંબાગાળાનું ૭૯ કરોડનું આયોજન છે. ૯૦૪ જેટલા જુદા -જુદા વાહનો એની અંદર આવવાના છે, ટેલિફોન અને બીજી વાયરલેસની સુવિધાઓ એની અંદર આવવાની છે. આશરે લગભગ ૧૫ કરોડ રૂપિયા ટ્રાફિક માટે મળવાના છે એની અંદર Surveilance Helicopter, drop-gap communication system, બચાવ માટેના, રાહત માટેના સાધનો આ બધુ જ એની અંદર મળવાનું છે, આ ઉપરાંત નવા પોલીસ સ્ટેશનો માટેના મકાન અને ફર્નિચરનો ખર્ચ એની અંદર મળવાનો છે, આ પણ એક મહત્ત્વાકાંક્ષી યોજના છે જે આપણે કેન્દ્ર સરકારને મોકલી હતી અને કેન્દ્ર સરકારે મંજૂર કરી છે, પોલીસ તાલીમ, આ સરહદી રાજયની પોલીસ તાલીમથી સુસજ્જ રહે એના માટે રાજય સરકારે સુપેરે ચિંતા કરી છે.

## સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણીઓ પર ચર્ચા અને મતદાન પુરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ ) સભાગૃહનું કામકાજ માગણીઓ પર ચર્ચા અને મતદાન પુરું થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ તાલીમને આ રાજય સરકારે પોતાનું એક અગત્યનું અંગ માનીને એની ઉપર concentrate કરવાનું ચાલુ કર્યુ છે. કમાન્ડોનો બેજીક કોર્સ તેમજ refresher course, પી.એસ.આઈ માટેની તાલીમ, ફોરેન્સીક સાયન્સને લગતી તાલીમ, આર્થિક ગુના માટેની અલગથી તાલીમ, Human rights, gender sensitation, juvenule, ઝૂડાના training સંબંધના કોર્સ કરાવ્યા છે. ચેતક કમાન્ડો કોર્સ અને બેજીક કમાન્ડોના કોર્સને upgrader કર્યા છે. બૉમ્બ ડીસ્પોઝલ માટેની તાલીમ આપી છે. Rick-climbingની તાલીમ આપી છે, un-armed combat કોર્સ કરાવડાવ્યો છે અને ફોટોગ્રાફી અને વીડીયોગ્રાફી માટેના પણ કોર્સ કરાવ્યા છે અને પોલીસના કર્મચારીને વધુમાં વધુ સુસજ્જ થાય એના માટેની તાલીમ માટે આ સરકારે સુપેરે ચિંતા કરી છે. ઈન્ફરમેશન ટૅક્નોલૉજીના માધ્યમથી પોલીસની efficiency વધારવા માટે આ રાજય સરકારે જે કામ કર્યુ છે એ કદાચ આ રાજયની સ્થાપના પછી કોઈએ નહીં કર્યુ હોય. ૨૪ જિલ્લાના ડીએસપીઓ પોલીસ ભવન સાથે જોડ્યા છે, ૬ રેન્જ કચેરીઓ, ૪ પોલીસ કમિશનરની કચેરીઓ, ૧૦ એસઆરપીના ગૃપો અને ૪૬૮માંથી ૪૦૦ કરતાં વધુ પોલીસ સ્ટેશનોને જીસ્વાન કનેકટીવીટીથી જોડી અને એમને ઈન્ટરનલ વ્યવસ્થા અમે ઊભી કરી છે અને દરેક પોલીસ સ્ટેશન કૉમ્પ્યુટર, ફેકસ અને ઝેરોક્ષના મશીનથી સુસજ્જ બનાવ્યા છે એના પરિણામ સ્વરૂપે આવનારા દિવસોની અંદર ગુનેગારોને ગુનો કરીને ભાગવું હોય તો ઘણું અઘરું થવાનું છે અને આ બધા સાધનો તો આવી જાય પણ એનો જો ઉપયોગ ન થાય તો આ બધા સાધનો કાટ ખાય એટલા માટે ૧૨૩૫૮ અધિકારીઓને કૉમ્પ્યુટરની અને સાધનોના ઉપયોગની તાલીમ આપી છે, બે વર્ષમાં ૧૨૩૫૮ અધિકારીઓને કૉમ્પ્યુટરના ઉપયોગની, આ સાધનોની તાલીમ આપી છે. હું ચોક્કસ માનું છું કે, એના કારણે ગુનાઓમાં ઘટાડો થવાનો છે. પોલીસની સજ્જતા વધવાની છે. ગુનેગારો જેટલા સજ્જ છે એનાથી પોલીસ એક ડગલું વધુ આગળ સજ્જ થાય એ પ્રકારની વ્યવસ્થા અમે કરવા ધાર્યુ છે અને એ કરવામાં અમે સફળતા પણ મેળવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ આધુનિકીકરણની વાત કરી એટલે માનનીય અર્જુનભાઈએ કહ્યું કે. આ પૈસા કેન્દ્ર સરકારમાંથી આવવાના છે તેનો ઉલ્લેખ નથી કરતા, એવા પ્રકારના એમણે રાજકીય અવલોકનો કર્યા. હા, માનનીય અધ્યક્ષશ્રી, આ કેન્દ્ર પુરસ્કૃત યોજના છે આની અંદર ૭૫ ટકા પૈસા, ૭૫ ટકા ગ્રાન્ટ કેન્દ્ર સરકારની આવે છે એ કહેતાં મને જરાય સંકોચ નથી, એમ કહેતાં મને કોઈ રાજકીય રીતે તકલીફ પણ નથી પણ હવે જ્યારે આ એમણે ઉલ્લેખ કર્યો છે તો હું એટલું કહી દઉં કે, આ યોજનાને એન ડી એની સરકારે ચાલુ કરી હતી, એન ડી એની સરકારે લાગુ કરી હતી અને ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકાર હતી અને એનાથી આગળ કોંગીશાસીત રાજયો કેન્દ્ર સરકારના પૈસા નથી ખર્ચી શકતા, એટલા માટે કે પેલી મેચિંગ ગ્રાન્ટ છે એ એની પાસે છે નહીં એટલે પૈસા પડી રહ્યા છે. બિહારમાં જીરો પરસન્ટ યુટિલાઈઝેશન હતું કેરાળામાં પણ

એવી જ સ્થિતિ હતી અને બીજા ઘણાં રાજયોમાં પણ એવી સ્થિતિ હતી ત્યારે આપણે ૧૨૦ ટકાથી વધુ ખર્ચ કર્યો અને બીજા રાજયોના વધેલા પૈસા પણ આપણે માગી લાવ્યા અને એટલા માટે કે આપણે ૨૫ ટકા ગ્રાન્ટ મેચિંગ કરવા તૈયાર હતા. ત્રણ વર્ષમાં ૫૦૦ કરોડ રૂપિયા પોલીસને આધુનિક બનાવવા પાછળ આપણે ખર્ચ્યા છે અને એનું ૨૫ ટકા મેચિંગ આ ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારે કર્યું છે. આ ૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવો, એના માટેની સિસ્ટમ બનાવવી અને એની મેચિંગ ગ્રાન્ટ કાઢવી એ નાની વાત નથી. નહીં તો દરેક રાજય આ કરી શકયું હોત. આના દ્વારા મેં કહ્યું તેમ દરેક પોલીસ સ્ટેશનને ઝેરોક્ષ મશીન, ફેકસ, વાયરલેસ, કૉમ્પ્યુટર આ બધાથી સુસજ્જ બનાવ્યા છે અને જ્યાં જેવી ટૅક્નૉલૉજીની જરૂર હતી એ ટૅક્નૉલૉજી અમે આપીને પોલીસોના હાથ મજબૂત કર્યા છે, એમને ગુંડાઓ સામે લડવા માટે સજ્જ કર્યા છે. એમને હથિયારો આપ્યા છે, એમને નવા વાહનો આપ્યાં છે અને એમના વાહનો જે જૂનાં હતાં એ કન્ડમ કર્યા છે, એમની રહેવાની વ્યવસ્થા સુધારી છે, એમને કામ કરવાની કચેરીઓની વ્યવસ્થા સુધારી છે અને પરિણામ સ્વરૂપ પોલીસની એફિસિયન્સીમાં બહુ મોટો ફરક પડયો છે. ગુજરાતનો પોલીસ કર્મચારી પહેલીવાર અનુભવે છે કે ગુજરાત સરકારમાં બેઠેલ કોઈ આ રાજયના મુખ્યમંત્રીશ્રી પણ અમારી ચિંતા કરે છે, અમને પણ સરકારના કર્મચારી ગણે છે, અમારી તકલીફોની પણ એને જાણકારી છે, તકલીફોની પણ એને ચિંતા છે. એના નિવારણ માટે સરકારે ૫૦૦ કરોડ રૂપિયાનું મોસ-મોટું બજૅટ ખર્ચ્યું છે અને હું બહુ ગૌરવ સાથે કહું છું કે, આ ૫૦૦ કરોડના ખર્ચે ભારતીય જનતા પાર્ટીની સરકારે પોલીસોને સુસજ્જ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી સેન્ટ્રલની જાસૂસી એજન્સી અને આપણી એજન્સીઓ સાથે કો-ઓર્ડિનેશનની કોઈ સિસ્ટમ ન હતી. આ સરકારે આ કો-ઓર્ડિનેશનની સિસ્ટમને અપડેટ કરી છે. માહિતીની આપ-લે અને માહિતીનો ઉપયોગ કરીને, જ્યાં આગળ માહિતી પહોંચાડવાની હોય એને પહોંચાડવાની વ્યવસ્થા કરી છે અને એના પરિણામ સ્વરૂપ કોઈ પણ ઘટના થાય ત્યારે આ વ્યવસ્થાને કારણે ગુજરાતની પ્રજાને આંચ નથી આવતી.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી આતંકવાદનો સવાલ છે ત્યાં સુધી આતંકવાદ ફકત શસ્ત્રોથી નાબૂદ નથી થતો. આતંકવાદ ઉત્પન્ન પણ વિચારોથી થાય છે અને આતંકવાદ ખતમ પણ વિચારોથી થાય છે. જો આતંકવાદ ઉત્પન્ન વિચારોથી થતો હોય તો આતંકવાદને ખતમ કરવા માટે દ્રઢ રાજકીય ઈચ્છા શકિત જોઈએ. આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીમાં આ દ્રઢ રાજકીય ઈચ્છા શકિત છે, પરિણામ સ્વરૂપ સમગ્ર ગુજરાતની જનતા નરેન્દ્રભાઈના નેતૃત્વમાં સલામતી અનુભવે છે. અમારા ૬૦ હજાર પોલીસના જવાનો મોતને મુઠીમાં રાખી આતંકવાદીઓનો સામનો કરે છે, આતંકવાદી જેવો ગુજરાતમાં પ્રવેશ્યો નથી કે પોલીસની ગોળીનો ભોગ બન્યો નથી અને જેર થયો નથી. માનનીય વિરોધ પક્ષના નેતાએ કહ્યું કે, 'કેમ આતંકવાદીઓ જોડે મૂઠભેડ રાતના જ થાય છે?' અર્જુનભાઈ, તમને એટલી ખબર હોવી જોઈએ કે આતંકવાદીઓ હુમલો કરવા માટે રાત્રે જ આવે, ભરબપોરે ગુજરાતમાં ન આવે કેમ કે અહીં તો ભારતીય જનતા પાર્ટીનું શાસન છે, બપોરે આવવાની કોઈનામાં હિંમત નથી એટલે એ રાતના આવે છે. રાત્રીના પણ અમારી પોલીસ જાગતી હોય છે. રાતના આવે કે સવારે મળસકે આવે જ્યારે આવે ત્યારે એને જ્યાં મોકલવાનો હોય ત્યાં મોકલવામાં અમારી પોલીસ સફળ થઈ છે પરિણામ સ્વરૂપ ગુજરાત આતંકવાદથી સુરક્ષિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જરાય એમ કહેતો નથી કે જે પ્રકારની સ્થિતિ દેશની અંદર આકાર લઈ રહી છે એ પરિસ્થિતિ ચિંતાજનક નથી. 'આતંકવાદ સામે સંયુક્ત લડાઈ કરવી જોઈએ.' એવું બે-ત્રણ માનનીય સભ્યશ્રીઓએ કહ્યું, હું એ લાગણીનો સ્વીકાર કરું છું. અમારી સરકાર કેન્દ્રમાં હતી ત્યારે પણ આ દેશ ઉપર આતંકવાદી હુમલા થયા હતા અને એ વખતે બધાએ સંયુક્ત જવાબ આપેલો, પરંતુ અમારી સરકારે આતંકવાદને જેર કરવા માટે પોટા જેવા કાયદાઓ બનાવ્યા હતા અને ઈચ્છા શકિત પ્રગટ કરી હતી કે આ દેશમાંથી અમે આતંકવાદને જડમૂળથી ઉખેડી નાંખવા માગીએ છીએ અને એટલા માટે પોટાનો કાયદો લાવ્યા છીએ. પોટાનો કાયદો આ દેશની જનતા અને આ રાજયની જનતાને સુરક્ષિત કરવા માટે કર્યો હતો. યુ.પી.એ. સરકારે શું કર્યું? મતોનું રાજકારણ. અમે યાત્રાઓ કાઢીને મતોનું રાજકારણ કરવા માગતા નથી, મતોનું રાજકારણ યુ.પી.એ. સરકારે પોટાનો કાયદો નાબૂદ કરીને કર્યું છે. લઘુમતીઓનું તુષ્ટીકરણ કરવા માટે પોટાના કાયદાને નાબૂદ કર્યો છે. એની સામે જન જાગરણ કરવા માટે અમે યાત્રા કાઢીને નીકળવાના છીએ, કોમી લાગણી ઉશ્કેરવા માટે નથી નીકળવાના. તમે જે મતોનું રાજકારણ ખેલ્યું છે એ ભારતની જનતાને જણાવવા માટે, તમે જે મતોનું રાજકારણ ખેલ્યું છે ભારતની જનતાને એનાથી જાગૃત કરવા માટે નીકળવાના છીએ અને તમે જે રાજકારણ ખેલ્યું છે એ નહીં ખેલવા માટે તમને અમે મજબૂર કરવા માટે યાત્રા લઈને નીકળવાના છીએ. યાત્રા કોઈ મતોનું રાજકારણ કરવા માટે લઈને નથી નીકળવાના,

ગુજરાતમાં ચેતક કમાન્ડો ફૉર્સની રચના કરી છે. આ ફૉર્સને સંપૂર્ણ રીતે આતંક વાદની સામે લડવા માટે સુસજ્જ કરેલ છે. આપણા જુવાનોને કેટલાય પ્રકારના નવા સાધનોથી ટેલીસ્કોપીક વિઝન, નાઈટ વિઝન ગ્લાસ, બુલેટપ્રુફ જેકેટ આવા કેટલાય સાધનોથી સુસજ્જ કર્યા છે એમની સુરક્ષાની પણ ચિંતા કરી છે અને એમની લડવાની તાકાત પણ વધારી છે. એણે બુલેટપ્રુફ જેકેટ પહેર્યુ હશે ત્યારે એના મનમાં એક હામ રહેશે કે સામેથી ભલે ગોળી છૂટતી મારી સરકારે મારા માટે બુલેટપ્રુફ જેકેટ ખરીદીને આપ્યા છે અને નાઈટ વિઝન

ગ્લાસ પહેર્યા હશે તો આતંક વાદીઓ ગમે તેટલા મોડી રાત્રે આવશે એ એમને પહોંચી શકવા માટે સક્ષમ થવાના છે, એને પૂરેપૂરા સાધનોથી સુસજ્જ કરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે અને આ માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની સરકારે કર્યુ છે. જુદા જુદા છ હજાર પોલીસ કર્મચારીઓની ભરતી કરવાનું આયોજન કરીને અમે આ પોલીસના મહેકમની અંદર જે ઘટ હતી એ ઘટની અંદર પૂર્તતા કરવાનું વિચાર્યુ છે અને એની ભરતીની પ્રક્રિયા પણ ચાલુ થઈ ગઈ છે. ભરતીના નિયમોમાં સુધારો કરીને એન.સી.સી. ના 'સી' સર્ટિફિકેટવાળા જુવાનિયાઓ હોય એમને વહેલી તક મળે, હેવી અને લાઈટ મોટર વ્હીકલ લાયસન્સ ધરાવનાર જુવાનિયા હોય એમને વહેલી તક મળે, રમત ગમતની અંદર જેમણે કાઠું કાઢ્યું હોય એમને વહેલી તક મળે, જે કૉમ્પ્યુટર જાતે શીખીને આવ્યા હોય એમને વહેલી તક મળે આ રીતેની પ્રાયોરિટિ નક્કી કરી છે અને એ પ્રાયોરિટિ અંતર્ગત નવી જે પોલીસની ભરતી થવાની છે એ પોલીસ વધુ સુસજ્જ હશે, વધુ તત્પર હશે અને ગુનેગારો સામે પહોંચી શકવા માટે વધુ કાબેલ પણ હશે. આજે જ્યારે આ વિભાગની માગણી પર ચર્ચા ચાલતી હતી એ વખતે પંદરમાંથી આઠ સભ્યો અમારા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ જ્યારે ભાષણ કર્યા એમણે પણ ચિંતા કરી એમણે પણ ગુજરાતની જનતાની સલામતીની ચિંતા વ્યક્ત કરી. હું એમના સૂચનોને, એમની ચિંતાને અને એમની સલાહને ત્રણેયને આવકારું છું પરંતુ એની સાથે હું એમને એક વિનંતી કરવા માગું છું કે પોટાનો કાયદો નાબૂદ થઈ ગયો છે આપણી વિધાનસભાએ ગુજકોકનો કાયદો મંજૂર કરીને કેન્દ્ર સરકારને મોકલ્યો છે જ્યાં તમારું શાસન છે મહારાષ્ટ્રની અંદર આ પ્રકારનો કાયદો અમલમાં છે અને આ ગુજકોકનો કાયદો કોઈ રાજકીય ઉપયોગ માટે નથી એના પેરામીટર્સ એવા છે કે કોઈ રાજકીય કાર્યકર્તા પર આ કાયદો લાગુ જ ન થઈ શકે, એના પેરામીટર્સ એ પ્રકારના છે કે કોઈ રાજકીય આંદોલન કરવાવાળી વ્યકિત પર ગુજકોકનો કાયદો લાગુ જ ન પાડી શકાય, આ કાયદો તો સંગઠિત ગુનાખોરી ડામવા માટેનો કાયદો છે આતંક વાદને રોકવા માટેનો કાયદો છે. આપણે સૌએ સહિયારી રીતે કેન્દ્ર સરકાર આગળ અપીલ કરવી જોઈએ કે ગુજકોકનો કાયદો રોકવો એ ગુજરાતની જનતાને અન્યાય છે, ગુજરાતની સુરક્ષા સાથે ચેડાં છે, ગુજરાતની સુરક્ષા સાથે નેગ્લીજન્સી છે અને એના માટે ગુજરાતની અંદર કામ કરતા સૌએ દરેકેદરેક રાજકીય પક્ષના કાર્યકર્તાઓએ સાથે, સંયુક્ત રીતે આગળ આવવું જોઈએ અને મુખ્યમંત્રીશ્રી અને વિરોધપક્ષના નેતાના નેતૃત્વમાં વડાપ્રધાનનો સમય માગવો જોઈએ, હું આ ગૃહની અંદર આજે અધિકૃત રીતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને આમંત્રણ આપું છું કે સરકાર તમારી સાથે આવવા તૈયાર છે તમે અમારી સાથે આવવા માટે તૈયાર થાઓ અને સંયુક્ત રીતે આપણે વડાપ્રધાન પાસે જઈ અને આ અન્યાયી રીતે આપણો જે કાયદો રોક્યો છે એ મંજૂર કરાવવામાં મદદ કરો આવી હું એમને વિનંતી કરુ છું. આ રાજયની સરકારે સૌથી પહેલા દેશની અંદર આતંકવાદને રોકવા માટે બીટ લેવલથી માંડીને રાજયના ડી.જી.પી. સુધીના બધાએ શું શું કરવાનું છે એનો એક એકશન પ્લાન બનાવ્યો છે એની વિગત તો હું અત્રે આપી શકું તેમ નથી પણ આ એકશન પ્લાનના પરિણામ સ્વરૂપ દરેકેદરેક પોલીસ ખાતાના કર્મચારીને આતંક વાદ સામે લડવાની જાગૃકતા વધવાની છે, એની સામે લડવાની, એની જાણકારી વધવાની છે, એનું જ્ઞાન વધવાનું છે, એની મોડસ ઓપરેન્ડી બ્યુરો, દેશભરમાં થયેલી બધીજ આતંક વાદની ઘટનાઓની એફ.આઈ.આર. અહીંયા લઈ આવ્યા છીએ, એમને એની સમજણ આપવાના છીએ, આતંકવાદ કઈ રીતે કામ કરે છે, સ્થાનિક લોકોનો કઈ રીતે ઉપયોગ કરે છે આ બધી વાતો અમે એની અંદર સમજાવવાના છીએ અને એના પરિણામ સ્વરૂપ આતંકવાદ સામે લડવાની ગુજરાત પોલીસ વધુ તૈયારી કરી રહી છે અને આ એકશન પ્લાન અંતર્ગત આવનારા દિવસોની અંદર એનો પૂરેપૂરો અમલ થયેથી વધુ સુરક્ષા આ રાજયના લોકોને પ્રદાન થવાની છે. પોટા પર બહુ રાજકીય ટિપ્પણીઓ થઈ છે કે પોટાનો રાજકીય ઉપયોગ થયો છે આમ થયુંને તેમ થયું. મારી પાસે યાદી છે ગૃહમાં હું અનેકવાર કહી ચૂક્યો છું કે ૧૪ કેસોની અંદર આ રાજય સરકારે પોટા કાયદો લગાવ્યો છે. ૨૧૪ લોકોની ધરપકડ કરી છે એમાંની એક પણ એવી વ્યકિત નથી ખાલી ગુનેગાર નથી એવું નહિ દેશ વિરોધી પ્રવૃત્તિ ના કરી હોય એવી એક પણ વ્યકિત નથી, પોટા અમે સાદા ગુનેગારો પર નથી લગાવ્યો, જેણે દેશ વિરોધી પ્રવૃત્તિ કરી છે દેશની સામે કાવતરાં કર્યા છે અને તેમ કરીને ગુજરાતની શાંતિ હણવાનું કામ કર્યુ છે. ગુજરાતની પ્રજાને જાનમાલનું નુકસાન પહોંચાડયુ છે. ગુજરાતના લોકોના પણ ઘટનામાં જીવ લીધા છે. જે ઘટનામાં ગુજરાતના રાજકીય અગ્રણીઓએ જીવ ખોયા છે તે ઘ ટનાઓની અંદર જ અમે પોટા લગાડ્યો છે. પોટાનો રાજકીય ઉપયોગ કરવાનો રાજયની અંદર એક પણ કેસ નથી અને તેમ છતાંય તેનો વિરોધ થવાનો હોય તો મને કહેતાં જરાય સંકોચ નથી વિરોધ ગમે એટલો થાય આ આતંકવાદી ઘટનાઓ સામે અમારી સરકારની લડવાની તૈયાર પૂરેપૂરી છે. વિરોધને પહોંચી વળવાની તૈયારી છે અને આતંકવાદને પહોંચી વળવાની તૈયારી છે. આ રાજયની અંદર જુદી જુદી ઘટનાઓ કરવાના અનેક જગ્યાએથી પ્રયત્ન થયા. ૧-૧-૦૩થી અત્યારસુધી જે એન્કાઉન્ટરો થયા કુલ ૨૭ વ્યકિતઓ તેની અંદર મૃત્યુ પામી છે. ૨૭ ગુન્હેગારો એક પોલીસ કર્મચારી સહિત તેની અંદર મૃત્યુ પામ્યા છે. આ ૨૭ વ્યકિતઓની અંદરથી ૧૪ ખૂંખાર આતંકવાદીઓ હતા અને ૧૩ ખૂંખાર ભાગેડું ગુન્હેગાર હતા. આવા લોકોને એન્કાઉન્ટરની અંદર માર્યા છે. એન્કાઉન્ટરનો ઉપયોગ કોઈ રાજકીય હિસાબ શેટલ કરવા માટે કયારેય ના થઈ શકે. આ ગુજરાતની ના પ્રણાલિકા છે, ના સંસ્કૃતિ છે. એન્કાઉન્ટર એટલા માટે થાય છે કે કોઈ ગુજરાત પોલીસ ઉપર હુમલો કરે તો

ગુજરાત પોલીસ તેનો જવાબ શસ્ત્રથી જ આપી શકે તેના ગળામાં ફૂલોની માળા ના પહેરાવાની હોય. તેની છાતીમાં ગોળી ધરબી દેવાની હોય અને આવી હિંમત કરશે તેની છાતીમાં ગુજરાત પોલીસ ગોળી ધરબતા એક કાચી મિનિટનો પણ વિચાર કરવાની નથી. અને ૨૭ લોકો જે માર્યા છે તેની અંદર કેવા કેવા લોકો સાબિદ જમાલ મેમેણ, જીસાન જોફર ઉર્ફે જાંબાઝ, અબ્દુલ ગની પાકિસ્તાની, અમજદઅલી ખાન, ઈસરદ જહા, આલિમ રબજીભાઈ મિયાંણા, રફીક બાપુડી, મેર ભીમા મંડા, સુભાષ ભાસ્કર નાયર, હાજી ઈસ્માઈલ, સહેરાબુદ્દીન અને બીજા ચાર આતંકવાદીઓ હમણાં પરમ દિવસે રાત્રેના માર્યા તેના નામો હજુ રેકર્ડ ઉપર આવવાના બાકી છે એટલે ગૃહને હું બતાવતો નથી. તે રેકર્ડ ઉપર હજુ ઓફિશ્યલ આવવાના બાકી છે.

ગૌવંશ હત્યા માટેની વાત થઈ. આખું કોળું શાકમાં જાય છે. અહીંથી બધાજ કહે આ તો અમે કર્યુ હતું, આ તો અમે કર્યુ હતું. મારે આ સમગ્ર ગૃહનું એક હકીકત તરફ ધ્યાન દોરવું છે કે, અત્યાર સુધી જે કંઈ પણ ગૌહત્યા પર પ્રતિબંધના કાયદાઓ થયા હતા તેની અંદર ગાય અને વાછરડાની હત્યાઓ માટેના કાયદાઓ થયા હતા. ગૌવંશ, સંપૂર્ણ ગૌવંશ જેમાં બળદ કે આખલો ગમે એટલો ઘરડો હોય, બિન ઉપયોગી હોય તો પણ તેની હત્યા ના કરી શકાય એવી વ્યવસ્થા પહેલીવાર નરેદ્રભાઈના પ્રયત્નોથી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે અને ગુજરાતની અંદર સંપૂર્ણ ગૌવંશ પર પ્રતિબંધ લાગ્યો છે. આ વાત વર્ષોથી કાયદાના જંગલમાં અટવાતી હતી. અપીલો કરવા ખાતર કરી હતી તેની પાછળ ઈચ્છાશકિત ન હતી અને આ કેસને ચલાવવા માટેની તેની પાછળની પ્રાયોરિટી નથી પરિણામ સ્વરૂપે આ કેસ કાયદાના જંગલમાં અટવાતો હતો. ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્ર મોદીની સરકારે એક ડિસિઝન લઈ Constitution Bench ની રચના કરાવડાવી અને Constitution Bench આ જે નિર્ણય કર્યો કે સમગ્ર દેશને એક રસ્તો બતાવ્યો છે કે આ ભારતની ધરતી ઉપર સમગ્ર ગૌવંશની હત્યા બંધ કરવી હોય તો ગુજરાતની પેટન્ટ પર કાયદો કરો. તો સુપ્રીમ કોર્ટનું તે કાયદાને સમર્થન છે. સુપ્રીમ કોર્ટે તે કાયદાને સમર્થન આપ્યું છે. ભારતને જો કોઈએ રસ્તો બતાવ્યો હોય કે આ કાયદાને સુપ્રીમ કોર્ટનું સમર્થન છે તો આ ગુજરાતની સરકારે બતાવ્યું છે અને હું તો આશા રાખું છું કે માનનીય ગોવાભાઈ તે પોતે ગોપાલક છે. બધાજ ગૌવંશની રક્ષા માટે પ્રતિબદ્ધ છે. જ્યાં જ્યાં તેમની સરકારો છે સોનિયા ગાંધીથી શરૂ કરી કેરળ સુધી બધે પત્રો લખે કે તમારે ત્યાં પણ ગૌવંશ પર પ્રતિબંધ મૂકે એવી મારી તેમને વિનંતી છે. મુખ્યમંત્રીશ્રીએ તો વડાપ્રધાનને પત્ર લખ્યો છે કે સમગ્ર ભારતની અંદર ગૌવંશ પર પ્રતિબંધ થવા અને અમે ખાલી કાયદો બનાવીને બેઠા નથી તેની અમલની પણ પૂરેપૂરી તૈયારી કરી લીધી છે. ટૂંક સમયમાં આ સરકાર એક નવા કાયદાની અંદર તે કાયદાને વધુ ચૂસ્ત કઈ રીતે બનાવવો તેના છીંડા કઈ રીતે પૂરાય આ બાબતના એક સુધારા લઈને આવવાની છે અને તે સિવાય જે ગુજરાતની ધરતી ઉપરથી ગૌમાંસનું વહન થતું હતું તેને પણ અમે અટકાવવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ડીસાની બોર્ડર ઉપર ગાયનું માંસ ભરેલી ટ્રક આવે અને તપાસ થાય તો કહે કે આ ગૌવંશનું નથી, બીજા કોઈ પશુનું છે. અધિકારી પાસે ફરિયાદ હોય સ્થાનિક લોકોની, પણ ચકાસણીની કોઈ વ્યવસ્થા નહોતી. આ વખતે ૬ મોબાઈલ લેબોરેટરીની વ્યવસ્થા કરી છે, એ ચેકપોસ્ટ ઉપર રહેવાની છે અને ગૌવંશનું છે કે બીજા પશુનું માંસ છે એની ચકાસણી ત્યાં ને ત્યાં થવાની છે. ગૌવંશનું માંસ હશે તો એના પરિવહનની પણ મંજૂરી નથી, તત્કાળ અટકી જશે, વાહનની અટક થશે અને આ રીતે આ વ્યવસ્થાને વધુ ચૂસ્ત બનાવવા માગીએ છીએ. હું આશા રાખું કે આ સરકારના આ પગલાંને બંને પક્ષના મિત્રો આવકારશે, આ પગલાનું સ્વાગત કરશે અને એને સમર્થન કરશે.

મંદિરોની સુરક્ષાની વાત ચાલતી હતી. મંદિરોની ચોરીઓની પણ નાની મોટી વાત થઈ. એના પ્રત્યે આ સરકાર ચિંતિત છે જ અને જે જે લોકોએ આ ચિંતા વ્યકત કરી છે એમને વિભાગના મંત્રી તરીકે હું ખાતરી આપું છું કે મંદિરોની સુરક્ષા ઓર ઘનિષ્ઠ રીતે કરીશું. આપણાં જે પ્રતિષ્ઠિત મંદિરો છે. સોમનાથ, દ્વારકા, અંબાજી, ડાકોર, બહુચરાજી, પાલિતાણાનું જૈન મંદિર. એની જબરજસ્ત સુરક્ષાની વ્યવસ્થા આ સરકારે કરી દીધી છે. કેમેરા ગોઠવવાની જરૂર હતી એ ગોઠવીને એસ.આર.પી. ગોઠવવાની હતી એ એસ.આર.પી. પણ ગોઠવી છે. સ્ટ્રેટેજીક પોઈન્ટ બનાવવાની જરૂર હતી એ મૂકયો છે. વાહનોને અટકાવવાના હતા એ અટકાવ્યા છે અને એમાં જુદા જુદા ઉદ્યોગગૃહો અને મંદિરોના વ્યવસ્થાપક મંડળે પણ ગુજરાત પોલીસને ખૂબ સહયોગ આપ્યો છે. આ તબકકે હું એમનો પણ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સુરક્ષા એ કોઈ એક વ્યકિતનું કામ નથી. મુખ્યમંત્રી તો અમારા વિભાગને રાજકીય ઈચ્છાશકિત પૂરી પાડી શકે, પીઠબળ પૂરું પાડી શકે, હિંમત આપી શકે, હોંસલો આપી શકે. પરંતુ ફીલ્ડમાં સુરક્ષાનું કામ કરવાનું છે અમારા કોન્સ્ટેબલ કક્ષાના કર્મચારીએ, પોલીસ કર્મચારીઓએ, પી.આઈ., પી.એસ.આઈ. કે ડી.વાય.એસ.પી.એ. આ સરકારે એમની પણ ચિંતા કરી છે. દિવસ હોય કે રાત હોય અમારા પોલીસ કર્મચારી રોડ ઉપર બંદોબસ્તની અંદર હોય છે. તહેવાર હોય, હોળી હોય કે દિવાળી, રક્ષાબંધન હોય કે ઈદ, ઉત્તરાયણ હોય કે મહોરમ હોય, તે બંદોબસ્તમાં હોય છૈ. એની ચિંતા આ સરકારે પહેલીવાર કરી છે. આ સરકારે ટોટલ ૨૫૧ કરોડ રૂપિયા, ૩ વર્ષમાં ૨૫૧ કરોડ રૂપિયા પોલીસના રહેઠાણોને અપડેટ કરવા માટે વાપર્યા છે. પરિણામ સ્વરૂપે ૭૪ ટકા પોલીસ કર્મચારીઓને પાકા રહેવાના મકાનો પૂરા પાડયા છે અને આ

રેશિયો સમગ્ર દેશમાં વધારેમાં વધારે છે. બીજા નંબરે ૪૩ ટકા છે. આપણા રાજયનો રેશિયો ૭૪ ટકા છે અને આ વર્ષના અંત સુધીમાં, ડિસેમ્બર સુધીમાં એ રેશિયો ૯૦ ટકા સુધી પહોંચાડવાના છીએ. ૧૦ ટકા કર્મચારીઓ તો પોતાના મકાનોમાં રહેતા હોય છે. આમ ૧૦૦ ટકા સિદ્ધિ મેળવવામાં ગુજરાતનો ગૃહ વિભાગ આગળ વધવાનો છે. ૨૫૧ કરોડ વાપર્યા છે અને ૬૫ કરોડ રૂપિયા જુદી જુદી ઓફિસોના મકાનો માટે એસ.પી.ઓફિસ કે પોલીસ સ્ટેશન કે ડી.વાય.એસ.પી.ના મકાનો બાંધવા માટે ૩ વર્ષમાં વાપર્યા છે. પરિણામ સ્વરૂપે પોલીસને સારું એન્વાયર્નમેન્ટ મળ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે મકાનો બાંધવાથી અટકયા નથી. અમારા કર્મચારી ૨૪ કલાક ડયૂટી ઉપર હોય છે. એને ૧૧ થી ૫ કે ૧૦ થી ૬ નો સમય હોતો નથી. એને એના પરિવારની કાળજી કરવાનો સમય હોતો નથી. એના પરિવારની કાળજી કરી શકે એવો એનો નોકરીનો સમય હોતો નથી. તેથી હંમેશા એમના પરિવારની વ્યવસ્થિત કાળજી કરવાનું કામ પણ વિભાગે માથે લીધું છે. દરેકે દરેક પોલીસ કર્મચારી અને એમના કુટુંબીજનોનું હેલ્થ ચેક-અપ દર બે વર્ષે કરવા માગીએ છીએ. એના માટે એમને હેલ્થ કાર્ડ પણ આપ્યા છે. જે જોખમી કામ કરે છે એવા પોલીસ કર્મચારીઓના મોટા વીમા પણ આ સરકારે ઉતાર્યા છે. જેથી એમના મનમાં કુટુંબ પ્રત્યેની બધા પ્રકારની સુરક્ષાની ભાવનાથી એ સજજ થાય અને લોકોની સુરક્ષા કરી શકે.

એફ.એસ.એલ.ની વાત માનનીય પ્રદિપસિંહજીએ ખૂબ વિગતવાર કરી છે. રાજયની એફ.એસ.એલ.ની સ્થાપના પછી આ પહેલી સરકાર એવી છે કે ૩ વર્ષમાં ૨૩ કરોડ રૂપિયા એને સજજ કરવા વાપર્યા છે. પરિણામ સ્વરૂપે આપણી એફ.એસ.એલ. દેશની નંબર વન, કોઈને કંઈ કહેવું નથી નંબર વન માટે? આપણી એફ.એસ.એલ. દેશની નંબર વન એફ.એસ.એલ. બની ગઈ છે, સાચા અર્થમાં બની છે. એવી કેટલીયે ફેસેલિટિઝ છે કે જે આપણી એફ.એસ.એલ.માં છે અને બીજે કયાંય નથી. એવી કેટલીયે ફેસેલિટિઝ છે કે જે આપણે ત્યાં છે અને કેન્દ્રની એફ.એસ.એલ.માં પણ નથી. અને કેટલીક એવી ફેસિલિટી છે કે આપણા અને સેન્ટ્રલ સિવાય કયાંય નથી. દેશના કોઈપણ કેસ એવા હોય કે ના ઉકેલાતા હોય તેવા કેસ આપણી એફ.એસ.એલ. પાસે આવે છે. ત્રણ વર્ષમાં કુલ ૨૧ રાજયના ૨૪૫ અઘરા કેસ આપણી એફ.એસ.એલ.એ ઉકેલ્યા છે અને એવા કેસોનાં નામ પણ મેં અગાઉ પ્રશ્નોત્તરીના જવાબમાં આપેલ છે એટલે એ બોલતો નથી, પરંતુ એવા અઘરા કેસો હોય, ઉકેલવા અઘરા હોય,રાષ્ટ્રની સુરક્ષાને લગતા હોય, રેવન્યુ ચોરીના હોય એવા બધા જ કેસો ઉકેલવામાં એફ.એસ.એલ.ને સફળતા મળી છે.એટલે આ વિભાગના મંત્રી તરીકે એફ.એસ.એલ.ના ઈન્ચાર્જ અધિકારીને અને તેમની આખી ટીમને હું મારા હૃદયપૂર્વકના અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જેલોમાં પણ ઘણા સુધારા કર્યા છે, ૬૫ કરોડ રૂપિયા આવનાર વર્ષમાં ખર્ચવાના છે. ૫ હજાર નવા કેદીઓને રાખવાની ક્ષમતા ઉભી થવાની છે. મેં મારા એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે દરેક જિલ્લા સબ જેલને અપગ્રેડ કરવાની છે, સુરક્ષાની પણ વ્યવસ્થા કરી છે, અશોકભાઈના સહયોગથી વિડિઓ કોન્સફરન્સની વ્યવસ્થા કરી છે અને દર પંદર દિવસે આરોપીઓને કોર્ટમાં કાચા કામના કેદીઓને હાજર કરવામાં આવતા હતા એમને વિડિઓ કોન્ફરન્સના માધ્યમથી જજ સમક્ષ હાજર કરવાનું ચાલુ કર્યુ છે. આના લીધે વાહનો બચ્યાં છે, બંદોબસ્તના માણસો બચ્યા છે, માહિતીની આપલે થવાની ઘટનાઓ ઓછી થઈ છે, કેદીઓ ભાગી જવાનું બનતું હતું એવી ઘટનાઓ ઓછી થઈ છે. આ રીતે સમગ્ર રાજયમાં આ રીતની વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કેદીઓના કલ્યાણ માટે ઘણું કામ કર્યુ છે એનો એક જ આંકડો સભાગૃહના રેકર્ડ ઉપર મૂકવા માગું છું કે કેદીઓ દ્વારા ૨૦૦૨ માં ૪ કરોડ ૧૯ લાખ રૂપિયાનું ઉત્પાદન થતું હતું એ ૨૦૦૫-૦૬ ના માર્ચના અંતસુધીમાં ૬ કરોડ ૩૯ લાખ રૂપિયાનું થશે. તો આ ઉત્પાદનમાં આટલો વધારો ત્યારે જ થાય કે એની અંદર પડેલી રચનાત્મક પ્રવૃત્તિઓને આપણે કામે લગાડી હોય, એને એના માટેની તકો પૂરી પાડી હોય, અને એમણે ઉત્પાદિત કરેલ વસ્તુઓને બજાર પૂરું પાડયું હોય તો જ આટલો ઉત્પાદનનો આંકડો એચિવ થઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ સરહદી રાજય હોવાને લીધે આપણા રાજયના જવાનો આપણા રાજયમાં કોઈપણ જવાન શહીદ થાય તો આપણી સરકારે એના માટેની યોજના બનાવી છે. કારગીલમાં શહીદ થયેલના વારસદારોને ૬૦ લાખ રૂપિયા આપ્યા છે, કારગીલ સિવાયનામાં શહીદ થયેલ પોલીસદળના જવાનોને ૩ વર્ષમાં ૧ કરોડ ૧૮ લાખ રૂપિયા આપ્યા છે, ઘાયલ થયેલ જવાનોને ૧૯ લાખ રૂપિયા અને શહીદ થયેલ જવાનોના પરિવારજનોને માસિક સહાય આપવામાં આવે છે એમાં દર વર્ષે ૫૭ લાખ ૬૩ હજારની રકમ ચૂકવવામાં આવે છે. એ રીતે દેશની સુરક્ષા માટે પોતાનો જીવ આપે છે એના પરિવારજનોની પણ આ સરકારે ચિંતા કરી છે અને એના લોજીકલ એન્ડ સુધી પહોંચી શહીદ થયેલ જવાનોના પરિવારજનોને વાલી બનવાનું કામ આ સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાતો તો ઘણી થાય તેમ છે, પરંતુ સમયનો અભાવ છે એ ગોવાભાઈની પણ સાંભળવાની તૈયારી લાગતી નથી.(અંતરાય) આવતા વર્ષ અને પછીના પાંચ વર્ષ પણ અમે જ રહેવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી વિનંતી કરવા માગું છું કે રાજયની સુરક્ષા અને સલામતી માટેની મારા

વિભાગની માગણી છે, એના કર્મચારીઓના કલ્યાણ માટેની માગણી છે, એ લોકો ટેબલ ઉપર બેસીને કામ કરતા નથી, પોતોનો જીવ જોખમમાં નાંખીને દેશના સમગ્ર દુશ્મનો સાથે, રાજયના દુશ્મનો સાથે અને સમાજના દુશ્મનો સાથે લડે છે. તો મારી સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે મારી બધી જ કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને આખું ગૃહ સર્વાનુમત્તે આ દરેક પોલીસ કર્મચારીઓને એવો સંદેશો આપે કે આ માગણીઓ સાથે સમગ્ર ગૃહ સંમત છે અને તમારી કામગીરીને બિરદાવે છે એવી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી** : હવે હું માગણી ક્રમાંક: ૪૨, ૪૩, ૪૪ અને ૪૬ ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્ત ક્રમાંક ૨...

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે આપ એમને અપીલ તો કરો, મેં વિનંતી કરી છે તો એમની ઈચ્છા તો પૂછી લો.

**અધ્યક્ષશ્રી** : અપીલમાં તો ખબર છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો લોકોને ભરમાવવાની વાત કરે છે, દેશનું સંરક્ષણ તો કેન્દ્ર સરકારના હાથમાં છે,દેશના સંરક્ષણ બાબતમાં અમને આ કહે તો અમે આપની વાતોથી ભરમાવાના નથી. આપે જે બધી વાતો કરી એ અમે સાંભળી છે. (અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : સુરક્ષા માટેનો આપણો અલગ વિભાગ ચાલે છે અને એના માટેનું બજેટ છે, તેઓ નાણામંત્રી તરીકે રહી ચૂકયા છે તો આ વાતની તેમને ખબર હોવી જોઈએ.(અંતરાય)

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨, ૪, ૫, ૧૦, ૧૩, ૧૪, ૧૫, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૪, ૩૬ અને ૩૯ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૪૨, ૪૩, ૪૪, અને ૪૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

## સભ્યશ્રીઓના સસ્પેન્સન બાબતે પુન: વિચારણા કરવા અંગે

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૯મી માર્ચે આ ગૃહમાં જે પ્રસંગ બન્યો અને મારા સાથીદારોને સસ્પેન્ડ કર્યા તેની પુન: વિચારણા કરવા માટેની વિનંતી કરવા માટે હું ઉભો થયો છું, જે પ્રસંગ બન્યો તે જ ટાઈમે માનનીય મુખ્ય મંત્રીશ્રીને મળવાનું થયું એમની પણ પૂરી સહાનુભૂતિ હતી કે આ પ્રશ્ને સાથે બેસીને કોઈ સારો ઉકેલ થાય. આપણે જે હાઉસમાં બેઠા છીએ ગુજરાતના બે સપુતો વિઠ્ઠલભાઈ પટેલ, સરદાર વલ્લભભાઈના મોટા ભાઈ, એમના નામથી આ ભવનનું નામ છે. દેશની સંસદીય પ્રણાલિકામાં ખૂબ ઉંચા હોદા ઉપર તેઓ રહેલા છે. એવા જ આપણા માવલંકર સાહેબ, જન્મે તો મહારાષ્ટ્રીયન હતા પણ સવાયા ગુજરાતી હતા, એમના નામથી ટ્રેઈનિંગ સેન્ટર પણ અહીં ચલાવવામાં આવે છે. તે હાઉસમાં આપણે બધા સાથે બેસનારા સાથીદારો છીએ. ગુજરાતની આમ જનતા જે મત આપે છે તે કાં તો પક્ષની વિચારધારાને આપે છે અને કાં તો વ્યકિતનું મો જોઈને આપે છે. કે આ માણસ જશે તો સારું કામ કરશે. તો એ સામાન્ય જનતા છે તેની આસ્થા લોકશાહીમાં ટકી રહે, એની આસ્થાને ઠેસ ન લાગે એટલા માટે આપણા સૌની સહિયારી જવાબદારી છે. આપણી લોકશાહી પ્રણાલીકા છે તે પ્રણાલિકાની અંદર રહીને આપણે બધા આપણા વિચારો વ્યકત કરીએ તે આપણા સૌની સંયુકત જવાબદારી છે. બે વાત છે, આ દેશની, આપણી આઝાદી સામે કોઈ આંગળી ન કરી શકે એમાં આપણે બધા એકમત છીએ. એ જ રીતે દેશની લોકશાહીને કોઈ ડેમેજ ન થાય તેના માટે પણ આપણી સંયુકત જવાબદારી છે. પ્રજા એટલા માટે આપણને હજારો હજારો માણસોની વચ્ચેથી પસંદગી કરીને મોકલે છે. ત્યારે આપણી બહુ મોટી નૈતિક જવાબદારી ઉભી થાય છે. ત્યારે મારી વિનંતી છે કે અમારા સાથીદારો અને સામેથી જે કંઈ અહીં પ્રસંગ બન્યો તેના આપણે બધા સાક્ષી છીએ, તે વાતમાં આપણે વધારે ઉંડા જવાની જરૂર લાગતી નથી, એમાં પુન:વિચારણા કરવામાં આવે અને મારા સાથીદારોનું સસ્પેન્સન પાછું ખેંચાય અને સામે પક્ષે પણ થોડી ઉદારતા રાખે, વડિલો છે, સત્તા ઉપર છે તો તે પ્રમાણેના એ ભાવથી અમારી સાથેનો વર્તાવ થાય. આમ તો એમ કહેવાય છે કે "વાઢી રે ખમે વનરાઈ, ખૂંદી રે ખમે ધરતી, કડવા વેણ અમારા વડિલો ખમે", એ રીતે યુવાન માણસોથી કંઈ બોલાઈ જાય તો મોટું મન રાખીને ઉદારતા રાખે, કારણ કે ગુજરાત અનેક બાબતોમાં દેશને દોરવણી આપે છે, આપણે બધા ૨૧મી સદીમાં આવેલા છીએ તેથી આપણા લોકોના હાથે કોઈ એવું કામ ન થાય. કે જેથી કરીને છેલ્લા બે-ચાર દિવસથી ફરીએ છીએં ત્યારે કેટલાક લોકો આ વિશે કહે છે, અમે ગામડાંમાં ફરીએ છીએ ત્યારે પણ અમને પૂછે છે ત્યારે મારે શું જવાબ આપવો. એનાથી આપણે ઊંચા ઊઠીને બહાર નીકળવાની મારી વિનંતી છે કે પુન:વિચારણા થાય. અમારા સાથીદારોથી તમારા કોઈની લાગણી દુભાઈ હોય તો એક વડીલ તરીકે હું દિલગીરી વ્યક્ત કરુ છું. અમે પણ અપેક્ષા રાખીએ છીએ સામેથી પણ એવા જવાબો થયા છે ત્યારે અમે પણ અપેક્ષા રાખીએ છીએ જેવી રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીની લાગણી છે અને સૌ મિત્રોની સાથે ચર્ચા વિચારણા કરી છે ત્યારે આ અંગે પુન:વિચારણા થાય તેવી ટ્રેઝરી બેંચને વિનંતી કરુ છું.

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સૌની જવાબદારી છે અને આદરણીય સભ્યશ્રી માલજીભાઈ દેસાઈ એ વિરોધપક્ષના એક વડીલ સભ્યશ્રી છે અને વડીલની રીતે વાત કરી, વેદના વ્યક્ત કરી. એમણે પોતાની વાતની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીનું વલણ હકારાત્મક છે એ ગુજરાતની પ્રજાને પણ અનુભવ્યું છે કે આ સભાગૃહની બહાર અનેક વખત એમની ઉપર

હુમલા કરવામાં આવ્યા, આતંકવાદની વાત કરનારા, મારી નાખવાની ધમકી આપનાર સામે આ મુખ્યમંત્રીશ્રીએ ક્ષમા વિરસ્ય ભૂષણમની વાત કરી છે. આ સભાગૃહમાં જે ઘટના બની એ અંગે દુઃખ વ્યક્ત કર્યુ, દુઃખ તો સૌને થાય છે. પરંતુ જે પ્રસ્તાવ લાવવો પડયો છે, એ પ્રસ્તાવ સંસદીય પ્રણાલિકા જળવાય તે માટેનો હતો અને એટલા માટે એમણે જે વિનંતી કરી છે એ વિનંતીનો સ્વીકાર કરીને છ સભ્યોને સત્ર સમાપ્તિ સુધીનો જે પ્રસ્તાવ મેં રજૂ કર્યો હતો તેમાં ઘટાડો કરીને તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે તેવી સભાગૃહને વિનંતી કરુ છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય સંસદીય મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટે છ સભ્યશ્રીઓને તા. ૯-૩-૨૦૦૬ના રોજ સત્ર સમાપ્તિ સુધી દૂર કર્યા હતા એ સસ્પેન્શન તાત્કાલિક અસરથી રદ કરવાનો પ્રસ્તાવ લાવ્યા છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** છ સભ્યશ્રીઓનું તાત્કાલિક અસરથી સસ્પેન્શન રદ થાય છે.

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ રાત્રીના ૭.૨૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર તા.૨૦મી માર્ચ, ૨૦૦૬ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર તા. ૨૦મી માર્ચ, ૨૦૦૬**
**ફાલ્ગુન ૨૯, ૧૯૨૭ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# ટૂંકી મુદ્દતનો પ્રશ્ન

**સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે ગેરકાયદેસર ખાણના ખોદકામ અંગે**

**ટૂં.મુ. ૨૦૯ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે તાજેતરમાં ગેરકાયદેસર ખાણના ખોદકામ થતા ચાર જેટલા શ્રમિકો દટાયા છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ગેરકાયદેસર ખાણના ખોદકામ બાબતે સરકાર શાં પગલાં લેવા માગે છે અને રૉયલ્ટીની ચોરી જે થઈ છે, તે વસૂલ કરવા માગે છે કે કેમ ?

**મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) :**

(૧) આ ઘટના થાનગઢ ખાતે નહી, પરંતુ સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકામાં બની હતી.

(૨) સરકારશ્રીએ આ ઘટનાને ગંભીરતાથી લઈ ખનિજ ખાતાના ક્ષેત્રીય કર્મચારીને તાત્કાલિક ફરજ મોકૂફી હેઠળ મૂકવામાં આવેલ અને આ બનાવ સંદર્ભે સબ ડિવીઝનલ મૅજીસ્ટ્રેટ, લીંબડીને મેજિસ્ટ્રીયલ તપાસ સોંપવામાં આવેલ. તપાસ અહેવાલના આધારે ગેરકાયદેસર ખાણના ખોદકામ/ ચોરી અંગે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા :** માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ અને મૂળી આ વિસ્તારની અંદર કોલસો જે ખોદકામ કરતા મળી આવેલ છે લગભગ આ કાયમી ધોરણે આ વિસ્તારની અંદર બિન કાયદેસર ખાણોનું ખોદકામ થતું રહ્યું છે અને આ વાત આ પહેલા પણ હાઉસમાં અનેક વખત ચર્ચાઓ થયેલી અને તેના માટે, કાયમી ઉકેલ માટે અહીંયાથી જ અમારી સૌની એ વખતે માગણી થયેલી જે મૂળી તાલુકાના ખાખરાસર ગામે આ ખાણનું ખોદકામ કરતા ચાર મજૂરો દટાઈને મૃત્યુ પામ્યા અને બેને ઈજા થઈ. મૃત્યુ પામ્યા તે સગા બાપ-દીકરો હતા અને તે એક જ ઘરના સભ્યો હતા. તો આ ચાર મજૂરોનું દટાઈ જવાથી જે મૃત્યુ થયું ત્યારે મારો પહેલો સવાલ એ છે કે, આ ખાણની અંદર ખોદકામ કરતા જે ચાર મજૂરોના મૃત્યુ થયાં છે તેમને રાજય સરકાર કંઈ જલદીમાં જલદી સહાય ચૂકવવા માગે છે કે કેમ? અને બીજો પ્રશ્ન જે મૂળીની ખાખરાસર ગામની આ લીઝ જે ખાણમાં ખોદકામ કરવામાં આવતું તે ખાણની લીઝ કયા સર્વે નંબરમાં, કોના નામે અને ક્યારે મંજૂર કરવામાં આવેલી એટલા માટે આ વિસ્તારની અંદર થાનગઢ અને મૂળી વિસ્તારની અંદર રેવન્યુ વિભાગ અને પોલીસ ખાતાને ઘી-કેળાં છે ત્યાં નોકરી કરવા માટે, એક ટ્રક પસાર થવા દે તો એક ટ્રકના ૫૦૦ રૂપિયા વ્યવસ્થિત ખુલ્લેઆમ પોલીસ ખાતા તરફથી લેવાય છે અને રેવન્યુવાળા બન્ને લે છે તો આ ગામની લીઝ કયા સર્વે નંબરમાં અને કયારે મંજૂર કરવામાં આવેલી ?

**શ્રીઅનિલભાઇ ત્રિ. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ થાનગઢ અંગેનો પ્રશ્ન પૂછ્યો પણ સભ્યશ્રીને પૂરી ગંભીરતાથી આ કેસની માહિતી ના હોય તે બનવાજોગ છે. સરકારે આ સભાગૃહને આ અંગેની પૂરી માહિતી આપવા માટે મૂળી તાલુકાના રાણીપાટ ગામે પાંચમી માર્ચે જે દુર્ઘટના બની તેના અંગેની પૂરી માહિતી જવાબમાં આપવામાં આવી છે. કાર્બોસેલ નામનો ખનિજ આ થાનગઢ અને ચોટીલા વગેરે વિસ્તારમાં જે ઉપલબ્ધ થાય છે તે વર્ષોથી પચ્ચીસેક વર્ષથી આ પ્રકારનું અગાઉની સરકારોના વખતમાં સદંતર ગેરકાયેસર આનું ખોદકામ કરવામાં આવ્યું હતું ત્યારે જેને ૧૯૯૦ પછી આની લીઝ આપવાની પ્રથા શરૂ થઈ તે પછી જ્યારે આ પ્રકારના અકસ્માતોની શક્યતાની વાત જ્યારે ધ્યાનમાં આવી ત્યારે આ સરકારે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે જે ખાણ ખનિજની એમ્પાવર કમિટી છે તે કમિટીએ જૂન,૨૦૦૪ની અંદર એવું નક્કી કર્યુ કે આ સલામતી અંગેની યોગ્ય વ્યવસ્થા જ્યાં સુધી ના થાય ત્યાં સુધી કોઈપણ નવી લીઝ ન આપવી એ પ્રકારની કાર્યવાહી અને નિર્ણય સરકાર તરફથી કરવામાં આવ્યો અને એ સમયે જે ૭૭ લીઝ આપવામાં આવી હતી, એને પણ આપણે ડાયરેકટર જનરલ, માઈન્સ સેઈફટી મારફતે એની તપાસ કરાવીને ૭૭ જે લીઝ હોલ્ડરો હતા, એમને નોટિસ આપી કે સલામતિના ધોરણો છે, એનું પાલન કરવા માટેનું માર્ગદર્શન પણ એમને આપવામાં આવ્યું. જયારે એકપણ લીઝ હોલ્ડરે યોગ્ય પ્રતિભાવ ન આપ્યો, ત્યારે ઓકટોબર-૨૦૦૫ માં સરકારે બધી જ લીઝ રદ કરી દીધી છે અને કોઈને પણ આ પ્રકારનું માઈનીંગ કરવા માટે છૂટછાટ આપણે આપેલી નથી. આ લીઝ અંગે માનનીય સભ્યશ્રીએ જાણવા માગ્યું છે કે રાણીપાટ ગામના સરવે નંબર ૯૧માં સરકારની આ જે જમીન છે, એમાં એ એમની લીઝ હતી નહીં, એટલે કોની લીઝ હતી એ પ્રશ્ન અસ્થાને છે. રાજય સરકાર માનવતાના ધોરણે આકસ્મિક મૃત્યુ થાય, ત્યારે આવા આકસ્મિક મૃત્યુ માટે મદદ કરવાની રાજય સરકારની જે નીતિ છે, એ

અન્વયે જે કંઈ આના અંગે નિર્ણય કરવાનો થાય તે સામાન્ય રીતે કરવામાં આવે છે. ગેરકાયદેસર કૃત્યમાં સંડોવાયેલા કોઈપણ વ્યકિત હોય અને એવી વ્યકિતઓને આ પ્રકારની સહાય આપવાનું મારી જાણમાં નથી, છતાં માનવતાના ધોરણે સરકારના નિયમોને આધીન આ અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર આ મૂળી, ચોટીલા અને થાન. જેમાં વર્ષોથી ખાણોનો ગેરકાયદેસર મોટામાં મોટો ધંધો ચાલતો હતો. રાજયના મુખ્યમંત્રીના ધ્યાનમાં આ ગંભીર બાબત ૧ વર્ષ પહેલા આવી. મુખ્યમંત્રીશ્રીએ જે એમ્પાવર કમિટી બનાવી છે, તે આ ઘટના બની તેના ૮ મહિના પહેલા તમામ લીઝ રદ કરવામાં આવી છે. આ ગંભીર ઘટના બને છે, તો કોઈને લીઝ ન આપવી અને કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાનેથી તમામ લીઝ રદ કરવામાં આવી છે. છતાં મારે જાણવું છે કે હમણા માનનીય કુંવરજીભાઈએ કીધું કે એક પરિવારના બે જણા હતા, ખરેખર ત્રણ જણા હતા. એક બીજો દીકરો એમના સગા ભાઈનો દીકરો હતો. એટલે એક જ કુટુંબના ત્રણ જણા હતા. આવી ગેરકાયદેસર ખાણો ચલાવે છે અને ૧૫ દિવસ પહેલા ખાણ ખનિજ કમિશનરને મેં ધ્યાન દોર્યુ છે કે આપની અને રાજય સરકારની કક્ષાએથી કડકમાં કડક પગલાં લેવાયા છે, જેના કારણે ૯૫ ટકા ધંધો બંધ થઈ ગયો છે, માત્ર ૫ ટકા માથાભારે માણસો ગેરકાયદેસર ખોદી રહ્યા છે. એમાં પણ કડકમાં કડક પગલાં લો. આવી વાત આ ઘટના બન્યાના ૧૫ દિવસ પહેલા ખાણ ખનિજ કમિશનરને મેં કરી છે. જેના આધારે આ જે ગેરકાયદેસર લોકો કરે છે, એના ઉપર કડકમાં કડક કાર્યવાહી થાય અને જે પરિવારો આમાં જાય છે એમની સલામતિ માટે, એમના રક્ષણ માટે રાજય સરકાર શું કરવા માગે છે?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સાચી છે કે આ ખનિજ માટેના ખાણકામની અંદર મેં જાતે આની મુલાકાત લઈને અને અમારા અગ્ર સચિવશ્રીએ પણ અનેકવાર મુલાકાત લઈને આ કામગીરીને અમે નિહાળી છે. આ વિસ્તારના હજારો મજૂરોને આ માઈન્સ ઉદ્યોગમાં રોકાવાને કારણે જે રોજગારી મળે છે, એને પણ સરકારે ધ્યાનમાં રાખવાની હોય છે. આમ છતાં સરકારને રોયલ્ટીની કરોડોની આવક ગુમાવવી પડે, છતાં પણ ગરીબ માણસોની સલામતિ અંગે વિશેષ ચિંતા કરી છે અને આ પ્રકારના ગેરકાયદેસર કૃત્યોમાં સંડોવાયેલા જે અધિકારીઓ હોય કે ગેરકાયદેસર કૃત્ય કરનાર કોન્ટ્રાકટરો હોય, એમના વિરૂદ્ધ પણ પોલીસ ફરિયાદની પણ આપણે કાર્યવાહી કરી છે. આના અંગે અન્ય વિભાગો ગૃહ વિભાગ, વન વિભાગ અને કલેકટરશ્રી આ બધા જ વિભાગોની એક મિટિંગ કરીને એમાંથી દરેકના ભાગે જે ફરજ આવે એ કરવા માટેની પણ ચિંતા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રોજગારી ચાલુ રહે એના માટેનું પણ જે આયોજન રાજય સરકારે કર્યુ છે. આ જે લીઝો છે, આ પ્રકારનું ખોદકામ જે છે એ જી.એમ.ડી.સી. મારફતે કોઈ મોડેલ પ્લાન બનાવીને એના અનુરૂપ સલામતીનાં બધાં જ ધોરણો ધ્યાનમાં લઈને આ કામગીરી થઈ શકે અને એના માટે નાના નાના ટૂકડાઓને બદલે મોટી લીઝની ફાળવણી કરી અને ૮ કે ૧૦ લીઝ હોલ્ડરોને સંયુકતપણે સલામતીનું કાર્ય કરી શકે એ પ્રકારની માઈનિંગ સેફટીના રૂલ્સનું પાલન કરીને કામગીરી કરે તો રોજગારી આપવા માટેનું આયોજન થઈ શકે એ પ્રકારની પણ વિચારણા સરકારે કરી છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : હમણાં જ કહેવામાં આવ્યું છે એ પ્રમાણે મુખ્યમંત્રીશ્રીના આદેશથી આ તમામ લીઝો રદ કરવામાં આવેલ છે અને એની સાથે સાથે નિયમો ના જળવાય ત્યાં સુધી એકપણ લીઝ ચાલુ કરવાના નથી. કોઈપણ લીઝ ધારકે પોતે સેફટીનાં પગલાં લીધાં છે નકકી કર્યુ નથી ત્યારે મજૂરોની રોજીરોટીનો પ્રશ્ન હોય તો એનો પ્રશ્ન અને આ લીઝ કેન્સલ કરી છે, જેણે ખોદકામ ગેરકાયદેસર કર્યુ છે, કોણે કર્યુ છે એ કલેકટરશ્રી જાણે છે અને માનનીય સભ્યશ્રીએ પણ ૧૫ દિવસ પહેલાં આ માટેની રજૂઆત કરી છે અને કલેકટર અને ગમના લોકો ન જાણે કે કોણ ખોદે છે,એ પણ શકય નથી કે કોણે ખોદયું કોણ લીઝ ધારક નથી? તો આવી વ્યકિત સામે પાસા નીચે શિક્ષાત્મક પગલાં ભરવા માગો છો કે કેમ?

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : આ કોણે કર્યુ છે તો એમાં શ્રી હીરાભાઈ રબારી કરીને જે ભાઈ સંડોવાયેલા હતા એમની ઉપર પોલીસે એફ.આઈ.આર. પણ દાખલ કરી છે અને તેમની ધરપકડ પણ કરી છે. એટલે સરકારે જે કાયદાકીય રાહે પગલાં ભરવાંના થાય એ બધાં જ પગલાં આમાં ભરવા માટેની તત્પરતા દાખવી છે અને સરકારી અધિકારીઓ જેમણે પોતે પોતાના કાર્ય પ્રત્યે દૂર્લક્ષ સેવ્યું છે, પોતાની ફરજો પ્રત્યે દૂર્લક્ષ સેવ્યું છે એવા અધિકારીઆને સસ્પેન્ડ કરીને એની તપાસ કરવા માટે સબ મેજીસ્ટ્રેટને તપાસ પણ સાંપી છે જેનો અહેવાલ ૬૦ દિવસમાં આવી જશે અને પછી જે કોઈ જવાબદાર હશે તેમની સામે પગલાં ભરવાની રાજય સરકારની તૈયારી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : મારે જાણવું છે કે ૫ મી માર્ચે આ જે બનાવ બન્યો એ ખરેખર ગંભીર બનાવ છે અને અત્યારે મંત્રીશ્રીએ કહયું કે તેમણે મેજીસ્ટ્રેરિયલ તપાસ પણ સોંપી છે, પરંતુ ખરા અર્થમાં આમાં કેટલા લોકો મૃત્યુ પામ્યા, કેટલાને ઈજા થઈ છે એ તમામને વળતર રાજય સરકાર નિયમ મુજબ આપે, પરંતુ જે ઠેકેદાર હતા, જેની સામે એફ.આઈ.આર. ફાડી છે તેમની પાસેથી આ જે શ્રમિક લોકો મૃત્યુ પામ્યા તેમને આ ઠેકેદાર પાસેથી વળતર અપાવવા માગે છે કે કેમ?

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : એના અંગેના પણ નિયમો હોય છે. વર્કમેન કોમ્પેન્સેશન એકટ નીચે કોઈપણ મજૂર જયારે પોતાની કામગીરી દરમ્યાન પોતાના એમ્પ્લોયમેન્ટના સ્થળ ઉપર જયારે અકસ્માતે મૃત્યુ પામે ત્યારે એને વળતર આ વર્કમેન કોમ્પેન્સેશન એકટ નીચે આપવા માટેની જોગવાઈ હોય છે અને આની પણ આ જે ફરિયાદ દાખલ કરી છે તેમાં વર્કમેન કોમ્પેન્સેશન એકટ નીચે વળતર આપી શકાય એ પ્રકારની કાર્યવાહી રાજય સરકાર મારફતે હાથ ધરવામાં આવશે.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : મારે જાણવું છે કે આ મૂળી તાલુકાનું રાણીપાટ ગામના સરવે નંબર ૯૧ માં આ ઘટના બની છે. આ વાત બહાર અત્યારે બહાર આવી છે, પરંતુ છેલ્લા ૧૦-૧૫ વર્ષથી આ વિસ્તારમાં ઘ ણાબધા વિસ્તારમાંથી ગેરકાયદેસર કોલસો આવી રીતે કાઢતા હતા અને વેચતા હતા અને એમાં ઘણાબધા સેંકડો માણસો દટાઈને મૃત્યુ પામેલા છે. અત્યારસુધીમાં આના કેટલાય સુપરવાઈઝર આવી ગયા, કેટલાય મામલતદાર આવી ગયા અને કેટલાય પી.એસ.આઈ.પણ બદલાઈ ગયા. આમાં મૂળી પોલીસ સ્ટેશન આના નીચે આવે, ચોટીલા પોલીસ સ્ટેશન આના નીચે આવે અને થાન પોલીસ સ્ટેશન પણ આની નીચે આવે છે, મામલતદાર રેવન્યુ પણ આની નીચે આવે છે અને કલેકટર પણ આની નીચે આવે છે ત્યારે આવી ઘટના બને અને આનો પડઘો વિધાનસભામાં પડયો ત્યારે એમાં ચોટીલાના એક દલિત સુપરવાઈઝરને સસ્પેન્ડ કરવામાં આવેલ છે. ૧૫ વર્ષથી આવી ઘટના બનતી હતી તો આટલા બધાની જવાબદારી આવતી હોય અને બે નંબરનો કોલસો જતો હતો, લીઝ આપવાની જેમને સત્તા છે અને જેમણે લીઝ આપી છે તેવા અધિકારી ઉપર કોઈ એકશન લેવામાં આવ્યા નથી પણ માત્ર એક દલિત સુપરવાઈઝરને સસ્પેન્ડ કરવામાં અવ્યા છે. તો આ ઘટનમાં જે અધિકારીઓની નજર નીચે આ ચાલતું હતું તેવા અધિકારીઓ ઉપર સરકાર કોઈ પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : ૨૫ વર્ષથી જે પ્રકારે આ ખનિજ ખોદવાની પ્રવૃત્તિ ગેરકાયદેસર રીતે ચાલતી હતી એમાં ભૂતકાળની સરકારોએ કોઈપણ પ્રકારની ચિંતા જયારે સેવી નથી, પ્રથમવાર આ સરકાર અને સરકારના મુખ્ય મંત્રીશ્રીએ એમ્પાવર કમિટીમાં, સલામતીને ધ્યાનમાં રાખીને અને સરકારની રેવન્યુને પણ જતી કરીને આ મજૂરોની સલામતી માટે વધારે કાળજી આ સરકારે લીધી છે. માનનીય સભ્યશ્રીની જે વાત છે એમાં જે કોઈ અધિકારીની જવાબદારી છે તે કઈ જ્ઞાતિના કે કઈ કોમના છે તે જોવામાં આવતું નથી, જેમની ફરજ છે અને જેમણે એ ફરજચૂક કરી છે તેમને સસ્પેન્ડ કરવાની અને તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સરકારની નીતિ છે. મેજિસ્ટ્રેટની તપાસ છે તેનો અહેવાલ આવી ગયા પછી જે કોઈ અન્ય અધિકારી જવાબદાર માલુમ પડશે તો તેમની સામે પણ આવા પ્રકારના કે ગંભીર પ્રકારના પગલાં લેતા સરકાર સહેજ પણ અંચકાશે નહીં. સરકાર આ બાબતમાં સંપૂર્ણ ગંભીર છે એ આ કાર્યવાહીથી પણ ફલિત થાય છે.

# તારાંકિત પ્રશ્નો

### હેલ્મેટ પહેરવાના કાયદાના ભંગ બદલ કરવામાં આવેલ કેસ અને વસૂલ કરેલ દંડ

***૧૬૨૦૯ શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે-

અમદાવાદ શહેરમાં જાન્યુઆરી, ૨૦૦૬ માસમાં હેલ્મેટના કાયદાના ભંગ બદલ કુલ કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો?

**મુખ્ય મંત્રીશ્રી (વાહનવ્યવહાર) :**

રૂા. ૧૪,૩૬,૨૫૦/- (રૂપિયા ચૌદ લાખ છત્રીસ હજાર બસો પચાસ)

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં હેલ્મેટના કાયદાની અમલવારીમાં અમદાવાદ શહેરમાં માત્ર એક જ માસમાં ૧૪ લાખ ૩૬ હજાર બસો પચ્ચાસ રૂપિયા જેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. સલામતીની જવાબદારી સરકારની હોઈ શકે, પરંતુ પ્રજાના પૈસા ખંખેરવાનું કામ અને તે પણ કેન્દ્ર સરકારના નામે. તેથી મારો પ્રશ્ન એ છે કે બહેનોને જે મુકિત આપવામાં આવી છે તે કેન્દ્ર સરકારની સૂચનાથી આપવામાં આવી છે કે કેમ? બાળકોને પણ પાછળ બેસાડવામાં આવે ત્યારે છૂટછાટ આપવામાં આવી છે તો તેની મંજૂરી પણ કેન્દ્ર સરકારે આપી છે કે રાજય સરકારે આપી છે? કલમ ૧૨૯ નીચે શહેરી વિસ્તારમાં હેલમેટ પહેલરવામાંથી મુકિત આપવાની રાજય સરકારને સત્તા છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : સભ્યશ્રીએ કહ્યું કે કેન્દ્ર સરકારના નામે, પણ હકીકતમાં એવું નથી. ખરેખર આ કાયદો કેન્દ્ર સરકારનો જ છે. કેન્દ્ર સરકારનો મોટર વાહન અધિનિયમ ૧૯૮૯ની કલમ ૧૨૯ હેઠળ હેલ્મેટ પહેરવી ફરજિયાત બનાવી છે. એટલે કેન્દ્ર સરકારના નામનો પ્રશ્ન નથી. કેન્દ્ર સરકારનો જ કાયદો છે. જેનો રાજય સરકારે અમલ કરવાનો છે. બીજો સવાલ એમણે કર્યો કે મહિલા અને બાળકોને કેન્દ્ર સરકારની સૂચનાણી મંજૂરી આપવામાં આવી છે કે કેમ, તો કેન્દ્ર સરકારે આવી કોઈ છૂટ આપી નથી. આ તો ગુજરાત સરકારે ગુજરાત હાઈકોર્ટમાં અને પછી સુપ્રીમ કોર્ટમાં કહેલું કે જે વ્યકિત માથે પાઘડી પહેરે છે તેમાં આપણે તો માલધારીઓનો પણ સમાવેશ કરવાનું કહેલું પણ સુપ્રિમ કોર્ટે અને હાઈકોર્ટે સ્વીકાર્યુ નહોતું. અને બાળકોને અને બહેનોને મુકિત આપવા માટેની ગુજરાત સરકારની વિનંતી હતી અને કોર્ટે તે વિનંતી માન્ય રાખી છે એટલા માટે આ છૂટ આપવામાં આવી છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : આ એક અતિ સંવેદનશીલ સવાલ આ સભાગૃહમાં આજે વિચારણા માટે આવ્યો છે, ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે એક વાત સાચી છે કે આ કાયદો મોટર વાહન એકટની કલમ ૧૨૯ અને કાયદો આખો કેન્દ્ર સરકારનો છે. એટલે એમાં સુધારો કરવો હોય કે જે કંઈ ફેરફાર કરવાનો હોય તો તે પાર્લામેન્ટનો અધિકાર છે, એટલે આપણે બીજું કંઈ કરી શકીએ નહીં, પણ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જયારે એક આંકડો આપ્યો છે અમદાવાદ શહેરમાં એક જ માસમાં ૧૪,૩૬,૨૫૦ રૂપિયા દંડ વસુલ કરવામાં આવ્યો છે. આ તો એક શહેરની દંડની રકમ છે. આ પૈસા એકદમ મધ્યમ અને સામાન્ય વર્ગના લોકોની પાસેથી ગયા છે તેથી આ ચિંતાનો વિષય છે. હું એટલા માટે વાત કરું છું કે આ કાયદાની કલમ ૧૨૯ અને ૧૭૭ નીચે જે જોગવાઈ છે એમાં રસીદ આપે એ મેમામાં ડિપોઝિટ શબ્દ લખેલો હોય છે. આર.ટી.ઓ. કોર્ટને મોકલી આપે એટલે ન્યાયધીશને પછી એ ૨૦ રૂપિયા કરવા હોય તો છૂટ છે અને માફ કરવા હોય તો પણ છૂટ છે. કોર્ટ માફી પણ આપી શકે. તો આ ડિપોઝિટ તરીકે લેવાની રકમ એને દંડ તરીકે જ વસૂલ કરવામાં આવે છે એની અંદર કાયદાકીય રીતે જે જોગવાઈ છે અને આમાં કંઈ સુધારો કરવા માગે છે કે કેમ? દંડની રકમો અલગ અલગ શહેરમાં અલગ અલગ લેવામાં આવે છે. ભાવનગરમાં ૭૦૦ રૂપિયા પણ દંડ લીધો છે. આપણે અમુક અપવાદ ન કરી શકીએ. મહિલાઓ માટે છૂટ આપી. રાજય સરકારે સુપ્રીમ કોર્ટ સુધી ઘણી રજૂઆતો કરી હું માનનીય મંત્રીશ્રીને આ પ્રયાસ બદલ અભિનંદન આપું છું. પરંતુ સાથે સાથે એટલું જો કરી શકાય કે આપણી દંડની રકમ છે એમાં તો આપણો અધિકાર છે, નાના વર્ગના લોકો છે એની ભૂલ થઈ હોય તો પાંચ રૂપિયા જેવી રકમ લેવામાં આવે ૧૦૦ રૂપિયા ન લેવામાં આવે. તો આટલી સાહનુભૂતિ આપવા માગો છો કે કેમ?

મારા ત્રણ પ્રશ્નો છે એક તો ડિપોઝિટવાળો પ્રશ્ન, કયા કાયદા નીચે અને સાહનુભૂતિ અંગેનો છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય મહેન્દ્રભાઈએ વાત કરી એમની રજૂઆત આવ્યા પછી સમગ્ર રાજયની અંદર કોઈ જગ્યાએ ૧૦૦ રૂપિયાથી વધારે દંડ લગાડવામાં આવ્યો નથી. ૧૦૦ રૂપિયા અપર લિમિટ બાંધી દેવામાં આવી છે. દંડ અને ડિપોઝિટ એ કોર્ટને વિવેકાધીન છે, સરકારનો નિર્ણય કામમાં આવતો નથી. ન્યાયમૂર્તિના વિવેકાધીન પર છે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : આ કેન્દ્ર સરકારનો કાયદો છે એને આપણે લાગુ કરવો પડે એ વાત સાચી છે. પરંતુ શહેરી વિસ્તારમાં એની ખાસ આવશ્યકતા નથી. હાઈવે રોડ ઉપર હેલ્મેટ ખૂબ જરૂરી છે એ આપણે સૌ માનીએ છીએ. શહેરી વિસ્તારની અંદર આ કાયદાના કારણે બહુ મોટો ફાયદો થતો નથી. આ માત્ર જીવ બચાવવા માટે છે. અહીંયા વિધાનસભામાં ગુજરાત સરકાર એક બિલ લાવીને જે રીતે ગુજકોકનું બિલ મંજૂર કરીને કેન્દ્ર સરકારમાં મોકલેલ છે તેવી રીતે શહેરી વિસ્તારમાં હેલ્મેટમાંથી મુકિત આપવાનું એક બિલ સર્વાનુમતે અહીંથી પાસ કરીને કેન્દ્ર સરકારને મોકલવામાં આવે તે જરૂરી છે. શહેરમાં ૨૦, ૨૫ કે ૪૦ની સ્પીડમાં વાહનો ચાલતા હોય છે ત્યારે આવો કાયદો લાવીને હાઈકોર્ટમાં, સુપ્રીમ કોર્ટમાં જઈને ફક્ત શહેરી વિસ્તારોને હેલ્મેટમાંથી રાહત આપવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : કાયદામાં પરિવર્તન કરી શકીએ નહિ. આ કેન્દ્ર સરકારનો કાયદો છે તેથી ગુજરાત વિધાનસભાની સત્તાઓ પહોંચતી નથી, પરંતુ ગુજરાત સરકારે ગુજરાત હાઈકોર્ટમાં આમાંથી મુકિત આપવા માટે રીટ કરી હતી અમે હાઈકોર્ટને વિનંતી કરી હતી કે ફક્ત હાઈવે પૂરતું હેલ્મેટને રિસ્ટિકશન કરી આપો. પરંતુ કોર્ટે રાજય સરકારની આ વિનંતીને માન્ય નથી રાખી.

**ડૉ. દિનેશ પરમાર** : હેલ્મેટનો કાયદો સામાન્ય, મધ્યમવર્ગ તેમજ ગરીબ વર્ગના માણસોને લાગુ પડે છે. એમાં આપણે કંઈ કરી ન શકીએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય દિનેશભાઈ, તમે સીધા પ્રશ્ન ઉપર આવો.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, વાત તો કરવી જોઈએ કારણ કે એના ઉપરથી સમજી શકાય.

**અધ્યક્ષશ્રી** : બધાને ખબર છે આમાં.

**ડૉ. દિનેશ પરમાર** : હું બોલવા ઊભો થાઉં ત્યારે જ પ્રશ્ન ઊભો થાય બાકી બધા વિવરણ કરતાં હોય છે. આમાં કંઈ પ્રોબ્લેમ છે?

**અધ્યક્ષશ્રી** : ના , તમે પોતે જ પ્રોબ્લેમ છો.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોગ્ય નથી. આપ મને કહો કે તમે પોતે પ્રોબ્લેમ છો એ. માનનીય અધ્યક્ષશ્રી, આ યોગ્ય નથી તમે પોતે મને એમ કહો કે પ્રોબ્લેમ છો. પ્રોબ્લેમ હોત તો પબ્લિક મને ચૂંટીને મોકલત નહિ.

**અધ્યક્ષશ્રી** : ઠીક ચાલો.

**ડૉ. દિનેશ પરમાર** : આ રીતે તમે ન બોલી શકો.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ ચાલો.

**ડૉ. દિનેશ પરમાર** : આ ગંભીર બાબત છે. ધીસ ઈઝ વેરી સિરિયસ મેટર.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી ઉપર આ પ્રકારનું બેલેન્સ દિનેશભાઈ? માનનીય દિનેશભાઈ, આપ તો મંત્રી તરીકે રહી ચૂકેલા છો, સિનિયર છો ત્યારે આ પ્રકારનો ઉશ્કેરાટ આટલી નાની વાતમાં આવી જાય તે આપને ન શોભે. માનનીય દિનેશભાઈ પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : આ આપને પણ લાગુ પડે છે. આપે પણ ઉશ્કેરાવું ન જોઈએ.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : ધારાસભ્યો આપણે બધા સરખા છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : હા, એટલે એ આપનેય લાગુ પડે છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : અધ્યક્ષનું પદ અલગ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : નહીં, આપ પણ પાંચ-છ દિવસ પહેલાંનો બનાવ યાદ કરી જૂઓ.(અંતરાય)

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : પહેલી વખત આ ગૃહમાં વિપક્ષના નેતાને ઉચકવા પડે એવી ઘટના બની છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : આ ઘટના મજાકમાં લેવાય તો..(અંતરાય)

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : વિપક્ષના નેતાને ઉચકવા પડે, પહેલી વખત આ ગૃહમાં બન્યું, ભાઈ.

**અધ્યક્ષશ્રી** : ચાલો, દિનેશભાઈ, જલ્દી કરો. પ્લીઝ.

**ડૉ. દિનેશ પરમાર** : આ ખુરશી ઉપર બેસીને આવી ગંભીર વાત સભ્ય ઉપર બોલે.(અંતરાય)

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : દિનેશભાઈ, પ્લીઝ, મને લાગે છે કે આપ સિનિયર છો એટલા પૂરતું. બાકીની વાત જુદી છે. તમે સિનિયર છો એટલે કહું છું, અર્જુનભાઈને કોઈ દિવસ ના કહું.

**ડૉ. દિનેશ પરમાર** : એ બરાબર છે, હું જતું કરું એ વાત જુદી છે. પણ કોઈને પણ આ રીતે કહી શકાતું નથી અને હું પ્રોબ્લેમ હોઉં તો પબ્લિક અહીં મોકલે નહીં અને તમારા માટે પ્રોબ્લેમ હોઉં તો મારે કંઈ જોવાની જરૂર નથી.

**અધ્યક્ષશ્રી** : ચાલો પ્લીઝ.

**ડૉ. દિનેશ પરમાર** : આઈ એમ નોટ વરીડ ફૉર ધેટ. (અંતરાય) હળવી પળોમાં હોય તો હું ગંભીરતાથી ન લઉં. મારે પણ સ્વમાન છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં દારૂબંધીનો પણ કાયદો છે.

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો પ્લીઝ.

**ડૉ. દિનેશ પરમાર** : એ જ વાત કરું છું. દારૂબંધીના કાયદામાં મન પડે તેમ વર્તતા હોય તો સામાન્ય માણસો પર બાંધછોડ કરીને થોડી ઢીલી નીતિ રાખવાનો વાંધો શું છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમે બીજી વાતો કરો છો.

**ડૉ. દિનેશ પરમાર** : સરકારની દારૂબંધીના કાયદામાં ઢીલી નીતિ હોય તો આમ પ્રજાના હિત માટે ઢીલી નીતિ રાખીને ઉદાર બનવામાં વાંધો શું છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, દારૂબંધીના કાયદામાં પણ કયાંય ઢીલી નીતિ નથી. કદાચ તેમને વ્યકિતગત અનુભવ થયો હોય તો એ મને કહે તો હું વધુ ટાઈટ કરી દઈશ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : પ્રશ્ન ક્રમાંક-૨ (અંતરાય) ૧૦ મિનિટ થઈ. પ્લીઝ. ચાલો બાબુભાઈ,.(અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ હાઉસને ઑર્ડરમાં મૂકો એટલે હું સવાલ પૂછું.

## વેચાણવેરો છૂપાવવા સંબંધે અપાતી કારણદર્શક નોટિસની કાયદેસરતા તપાસવા મેળવવામાં આવતો કાયદા વિભાગનો અભિપ્રાય

***૧૭૨૦૮ શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે-

(૧) સેલ્સટેકસ કમિશ્નરની કચેરીના કૉર્પોરેટ વિભાગ દ્વારા સેલ્સટેકસ છુપાવવા સંબંધે અપાયેલ કારણદર્શક નોટિસોની નિયમબદ્ધતા ચકાસવા કાયદા વિભાગનો અભિપ્રાય માગવામાં આવે છે અને તે કારણે કારણદર્શક નોટિસો અંગે નિર્ણય લેવામાં વિલંબ થાય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે કૅલૅન્ડર વર્ષમાં કઈ કઈ પાર્ટીની સેલ્સટેકસ સંબંધે અપાયેલ નોટિસની ચકાસણી કે અભિપ્રાય કાયદા વિભાગ પાસે માગવામાં આવ્યો છે કે મેળવવામાં આવ્યો, અને

(૩) જો ના, તો કેટલી કારણદર્શક નોટિસો અંગે ગત બે કૅલૅન્ડર વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ નિકાલ થયો?

**મુખ્યમંત્રીશ્રી(નાણા):**

(૧) અને (૨) ના,જી.

(૩) ત્રણ કેસોમાં ચાર કારણદર્શક નોટિસોનો નિકાલ થયો છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે સેલ્સટેકસ કમિશ્નર કચેરીના કૉર્પોરેટ વિભાગ દ્વારા કોઈ લીગલ ઓપિનિયન માગવામાં આવેલ નથી પણ ત્રણ-ચાર કેસોમાં જે

કારણદર્શક નોટિસો છે તેમાંથી ત્રણનો નિકાલ કરવામાં આવેલો છે. ચોથી નોટિસનો નિકાલ કરવાનો બાકી છે. રાજયમાં સેલ્સ ટેક્સની કરોડો રૂપિયાની આકારણીની જવાબદારીઓ ઉભી થાય તેના માટે શોકોઝ નોટિસ આપવામાં આવે. મર્યાદિત સમયમાં તેનો નિકાલ કરવાનો હોય છે અને એ પછી તેના ઉપરનું એસેસમેન્ટ થતું હોય છે. ત્યારે આ ત્રણ કેસોમાં જે નિકાલ કરવામાં આવ્યો છે તે કઈ કઈ તારીખે કારણદર્શક નોટિસો કોને કોને બજાવવામાં આવેલી? ચોથી નોટિસ છે તે કોના નામની ક્યારે બજાવવામાં આવી છે અને તેને સંબંધી એ નોટિસમાં કેટલી રકમની ડિમાન્ડ ઉભી કરવામાં આવેલી છે?

**શ્રી સૌરભ પટેલ** : તા. ૬-૧૦-૦૪ના રોજ કૉર્પોરેટ સેલની રચના કરવામાં આવી હતી. તેમાં ૧૧૯ કૉર્પોરેટ કંપનીનું સિલેક્શન કરવામાં આવેલ હતું. તેના દ્વારા ત્રણ ડૅપ્યુટી કમિશ્નરને જવાબદારી આપી કે કેસીસની બરાબર ચકાસણી કરે. બહુ ડિટેઈલમાં સ્ક્રુટીનાઈઝ કરે. વ્યકિતગત જવાબદારી આપવામાં આવી હતી. તેની અંદર મોટા મોટા એકઝમ્પશનના કિસ્સાઓ હોય છે. ઘણાં બધાં સેલ્સ ટેક્સની વિગતો હોય છે. એટલે બહુ ડિટેઈલમાં આ અધિકારીઓને જોવાનું કહેવામાં આવ્યું હતું. એસ.એસ. સ્ટીલને નોટિસ આપવામાં આવી હતી. અરવિંદ મિલને નોટિસ આપવામાં આવી છે. એમ.આર.પી.એલ.ને નોટિસ આપવામાં આવી છે. નીરમાને નોટિસ આપવામાં આવી છે. એ નોટિસના આધાર ઉપર ત્રણ કંપનીઓએ જવાબ આપ્યો છે. તેને એસેસમેન્ટ ઑર્ડર આપવામાં આવ્યો છે. નીરમાનો જવાબ બાકી છે અને આવતા દિવસોમાં જવાબ આવશે પછી તેના પ્રમાણમાં કાર્યવાહી કરવામાં આવશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ જે ત્રણ નોટિસોનો નિકાલ થયો તેમાંથી કોને કેટલી રકમની આકારણી ઉભી થઈ છે? અને ચોથી નોટિસનો નિકાલ નથી થયો એ નિકાલમાં કેટલી રકમની ડિમાન્ડ કરવામાં આવી છે? તેના આંકડા જોઈએ અને આ નોટિસ ક્યારે આપવામાં આવી? કઈ કઈ તારીખે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એસ્સાર સ્ટીલ લિ.ને તા.૧-૬-૦૫ના રોજ શો કોઝ નોટિસ આપવામાં આવી હતી. બીજી તા.૩૦-૫-૦૫ના રોજ નોટિસ આપવામાં આવી હતી. એને નોટિસ આપવાનું કારણ એક જ હતું કે, એમણે જે પરચેઝ કરેલ છે નેચરલ ગેસ અને નેપ્થા એ પોતાના મેન્યુ ફેકચરીંગની અંદર પ્રિસ્ક્રાઈબ્ડ ગુડ્ઝ અંદર હતું કે નહીં? એના કારણે એમને ૮૬૩.૪૧ કરોડ અને ૫૨૦.૧૧ કરોડ એમ કરીને ૨ નોટિસ આપવામાં આવી હતી. આના કારણે એસ્સાર સ્ટીલ હાઈકોર્ટમાં ગયું હતું અને હાઈકોર્ટની અંદર ચુકાદો આવ્યો કે પહેલાં તમે ૭૫ કરોડ રૂપિયા ડિપોઝિટ ભરો. હાઈકોર્ટે ડિપોઝિટ ભરાવડાવી છે અને આજની તારીખમાં કાર્યવાહી થઈ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી અરવિંદ મિલ્સ લિ.ને નોટિસ આપવામાં આવી હતી. અરવિંદ મિલ્સ લિ.ને ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ના અંદર જે નેપ્થા પોતાના કૅપ્ટિવ પાવર પ્લાન્ટ માટે જે પરચેઝ કર્યા હતા એ પોતાનું ૦.૨૫ ટકા કન્સેશન ફોર્મ ૪૦ની નીચે ખરીદી કરવામાં આવતી હતી. આ કૅપ્ટિવ જનરેશનની ઉપરાંત તેઓ અરવિંદ પ્રોડકટસ લિ.ને આ વીજળી વેચતા હતા. એટલે આપણા અધિકારીઓ ત્યાં ગયા ત્યારે એમને જાણવા મળ્યું કે આ પ્રમાણે આપવામાં એમણે બરાબર કર્યું નથી. એ આપી શકે નહીં એટલે એ લોકોને નોટિસ આપી અને નોટિસના કારણે હાઈકોર્ટના ઑર્ડરના આધારે એ લોકોએ ૫.૧૦ કરોડ ૩-૧૦એ ચૂકવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજું એમ.આર.પી.એલ.એફ.નો એન્ટ્રી ટેક્સનો પ્રશ્ન હતો. એ લોકો ડિઝલ ઈમ્પોર્ટ કરતા હતા. એના કારણે એમને નોટિસ આપવામાં આવી હતી કે એ લોકોએ એન્ટ્રી ટેક્સ તો ભરવાનો છે. પણ તેમણે ભર્યો નહોતો. એના કારણે નોટિસ આપવામાં આવી હતી. અત્યારે આ ડીલરે ૨.૨૧ કરોડ ભરી દીધા છે અને એડમિનિસ્ટ્રેશન સ્ટેજે છે. એ જોઈન્ટ કમિશનર ઑફ અપીલ( સેલ્સ ટેક્સ)ની અંદર ગયા હતા. જે નિરમાને તા.૧-૩-૦૫ નોટિસ આપવામાં આવી હતી. નિરમાનો કેસ એવો છે કે, નિરમાની અંદર એ એલ.એ.બી. બનાવી રહ્યું છે અને એલ.એ.બી. ફીડ સ્ટૉક છે. એ એલ.એ.બી.એસ.એસ. વર્ષોથી આઈ.ઓ.સી. પાસેથી ખરીદતું આવ્યું છે. હવે આ કેસને એ લોકોએ અપસ્ટ્રીમ અને ડાઉનસ્ટ્રીમ એમ કરીને ડાયરૅક્ટ પાઈપલાઈન દ્વારા ખરીદવામાં આવે છે. આની અંદર કેરોસીન એલ.એ.બી.એસ.એસ. જાય. એ નિરમામાં જાય અને નિરમા એમાંથી એકસ્ટ્રેકશન કરશે અને નૉર્મલ પેરાફીન વેકસ એકસ્ટ્રેકટ કરશે. અને બાકીનો માલ ગુડ્ઝ રીટર્ન તરીકે પાછો મોકલવામાં આવશે. નિરમાનું કહેવું એવું છે. Under Rule ૪ of Section ૧૯૭૦ of Gujarat Sales Tax Act અમે ગુડ્ઝ રીટર્ન કરતા આવ્યા છીએ અને અમારે ટેક્સ ભરવાનો આવે એ માત્ર ૧૫ ટકા અમે કેરોસીન રાખીએ છીએ એના ઉપર જ ભરવાનો આવશે. એ લોકોનું જે કહેવું છે, જે એમનું જજમૅન્ટ છે એ ટૅક્નીકલ અર્થઘટનને આધારે કરવામાં આવે છે. આઈ.ઓ.સી. determination order નં.૧૯૭૯ તા.૨૫-૩-૮૦ના આધારે આ પ્રમાણે કરતા આવ્યા છે. બીજું આઈ.ઓ.સી.ના ડીટરમીનેશન ઑર્ડર ૧૯૮૦ ફૉર નેપ્થાના કારણે કરતા આવ્યા છે અને એના આધારે રાજય સરકારની અંદર આ પ્રમાણે એસેસમેન્ટ ઑર્ડર પાસ કરવામાં આવે છે. આ એ લોકોનું એવું કહેવું છે. ચેન્નાઈની અંદર તાલીમનાડુ પેટ્રો પ્રોડકટસ, મહારાષ્ટ્રમાં બૉમ્બેની અંદર રીલાયન્સ અને બી.પી.સી.એલ. અને ગુજરાતમાં આઈ.પી.સી.એલ.માં આ જ પ્રમાણે કાર્યવાહી થઈ રહી છે. એ લોકોનું એવું કહેવું છે કે, પરચેઝ પોતાની ખરીદી ઉપર એટલે કે, પોતે જે વાપરે એના ઉપર જ લાગવો જોઈએ અને ૩૨૦૦૦ રૂપિયાનું જે કેરોસીન છે સેલ્સ ટેક્સ ઑફિસરે જે નોટિસ આપી

છે એ પ્રમાણે અમારે ભરવાનો આવે તો અમારે ૧,૪૬૦૦૦ રૂપિયા ૫૨ ટન અમારી કિંમત થાય અને કેરોસીન ઉપરનો ટેક્સ ૩૫૬ ટકા થાય. આ નિરમાનું માનવું છે અને આ લોકોનું એવું કહેવું છે કે, ગુજરાત સેલ્સ ટેક્સની જે નોટિસ આપવામાં આવી છે એ The determination order has been followed for the last more than twenty five years by the department in respect of this process andre has not been set aside or overruled or modified them in appeal or in revision. એટલે એ પ્રમાણે કરવાથી આ થાય. આ એમનું કહેવું છે. ગુજરાત સેલ્સ ટેક્સ ઓથોરીટીનું એવું કહેવું છે કે, નિરમા રુલ-૪ એ કહે છે કે ગુડ્ઝ રીટર્ન માટે છે. પણ ગુડ્ઝ રીટર્ન ઓરીજીનલ ફોર્મમાં રહેતું નથી. એટલે આજની તારીખે એ ગુડ્ઝ રીટર્ન ગણાય નહીં એવું એમનું કહેવાનું છે કે, Kerala High Court Judgment ૧૯૮૦નું ડીટરમીનેશન ઑર્ડર સાથે સંમત છે. પણ એ લોકોનું એવું કહેવું છે કે, ૧૯૯૪ની અંદર તા.૨૪-૫-૯૪નું કેરાલા હાઈકોર્ટનું રીટર્ન ઑફ ગુડ્ઝનું જજમૅન્ટ એવું છે કે return of the left over after use cannot be equated with the sales return. The return should be of goods of the same nature and quality of supply. એ કેરાલા હાઈકોર્ટનું જજમેંટ છે એટલે આ મુદ્દો એટલો ટેકનિકલ છે કે આજની તારીખમાં આ ૪ કેસો જે કોર્પોરેટ સેલે કર્યા છે એ માહિતી આપી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં કેટલી ડીમાન્ડની ઓફર થઈ છે, ડીમાન્ડ લીધી છે એ આંકડા શા માટે આપતા નથી?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે બે વસ્તુ કહી purchase stream and return stream, ૨૦૦૩-૦૪ માં purchase stream ઉપર ૧૨૩ કરોડ, ૨૦૦૪-૦૫ મા return stream ઉપર ૧૫૭ કરોડ એમ કરીને પરચેઝ ઉપર જે જોગવાઈ કરી છે એ ૨૮૩ કરોડ, return stream એટલે જે કાઢી લે છે અને જે ગુડઝ રીટર્ન કરે છે એને પણ સેલટેક્સ ઓથોરીટીએ સેલ ઓફ ગુડસ ગણ્યું છે એટલે ૨૦૦૩-૦૪માં ૧૧૪ કરોડ, ૨૦૦૪-૦૫માં ૧૩૨ કરોડ એમ કરીને return stream છે એ ૨૪૬ કરોડ એમ બંને ભેગુ કરીને ૫૨૯ કરોડની નોટીસ આપવામાં આવી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૫૨૯ કરોડની માગણી હોય અને આ કોર્પોરેટ સેકટરની નોટીસનો નિકાલ ન થાય, કેશની અંદર જયારે એનું એસેસમેંટ થાય એ પછી એણે અપીલટમાં જવાનું હોય છે અને અપીલેટમાં ન હોય તો પછી નામદાર હાઈકોર્ટમાં જાય અને નામદાર હાઈકોર્ટમાં પણ અગાઉના ત્રણ જણાએ એમાં ૯૦ કરોડ રૂપિયા Essarએ ભરેલા છે અને બીજી કંપનીઓએ ૫ કરોડ ભરેલા છે અને બીજી કંપનીએ ૨. ૨૧કરોડ રૂપિયા ભરેલા છે જયારે આની અંદર તો એના કરતાં પણ ૫૨૯ કરોડ રૂપિયા જેવી માગણી જયારે ઉભી થઈ હોય તો આ નોટીસનો નિકાલ કરી અને પછી એ કોર્પોરેટ સેકટરને જયાં જવું હોય ત્યાં જાય અને એના માટેના જે પૈસા વસુલ કરવાના હોય છે એ નામદાર હાઈકોર્ટ જે છે એ એની પાસે છે, એને આપવા કે ન આપવા, માફ કરવા કે ન કરવા અને તમામ કેસોની અંદર નામદાર હાઈકોર્ટે આ રીતે જે રાજયની ટેકસની ચોરીઓ કે છૂપાવવાની બાબતો છે એમાં સૌથી પહેલા રાજયની તીજોરીમાં ભરાવીને જ આ અપીલ હાથમાં ધરેલી છે તો આ નિરમાના કેસમાં આ સરકારનું વલણ શા માટે એની ઉપર નવાજી જાય છે એ નાણામંત્રીશ્રી કહે અને આ જે નોટીસ ખૂબ લાંબા સમયથી, ત્રીજા મહીનામાં ૨૦૦૫માં એટલે કે એક વર્ષ સુધી આ નોટીસનો નિકાલ ન કરવાના કારણો શું છે અને જે અધિકારીએ આનો નિકાલ ન કર્યો હોય તો એની સામે તમે શું કાર્યવાહી કરવા માગો છો?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો હું સભ્યશ્રીને જાણ કરું કે આ કોર્પોરેશનની રચના અમે કરી છે. ૨૫ વર્ષના ચાલતા કેસો અમે ઉકેલ્યા છે અને તમે ઉકેલ્યા નથી, તમે નોટીસો પણ નથી આપી ( અંતરાય) મેં તમને સાંભળ્યા તમે મને સાંભળો (સતત અંતરાય ) સાહેબ મને રક્ષણ આપો ( અંતરાય)

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નની વિસ્તૃત ચર્ચા થાય એમાં અમને રસ છે, હું ઈચ્છું કે બધું ખોલવા દો, માનનીય મંત્રીશ્રીને બધી વાત કહેવા દેવી જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારી પણ તૈયારી છે. આ બધા મોટા ઉદ્યોગગૃહો સાથે શું ચાલી રહયું છે એ બાબતમાં અમારી પણ તૈયારી છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ. આ પ્રશ્નોત્તરી છે એમાં ચર્ચા નહીં માત્ર માહિતી મેળવવાની હોય છે. નેકસ્ટ.

## કુખ્યાત ગુનેગાર છોટા શકીલ ગેંગના સાગરીતોની ધરપકડ

***૧૬૩૪૯ શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચે તાજેતરમાં કુખ્યાત ગુનેગાર છોટા શકીલ ગેંગના સાગરીતો પકડી પાડેલ હોવાની હકીકત સાચી છે કે,

(૨) જો હા, તો આ સાગરીતો કોણ કોણ છે, અને

(૩) તેઓ પાસેથી કેટલાં શસ્ત્રો અને દારૂગોળો પકડાયેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) હા, જી.

(૨) (૧) મહંમદ હનીફ ઉર્ફે હનીફ બટર સન ઓફ અલીમહંમદ ઘાંચી રહે. ૮/૨૦, ઈસ્માઈલ કર્ન રોડ, મોઘલ બિલ્ડીંગ, ૩/૧૪ મુંબઈ, (૨) ફઈમ મચમચ રહે, કરાંચી પાકિસ્તાન (૩) છોટા શકીલ, રહે, પાકિસ્તાન.

(૩) તેઓ પાસેથી રીવોલ્વર નંગ-૧ અને જીવતા કારતુસ નંગ-૫ પકડાયેલ છે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે કુખ્યાત ગુનેગાર છોટા શકીલ ગેંગના સાગરીતો રાજયમાં કયા કયા ગુનામાં સંડોવાયેલા હતા અને મારો બીજો પ્રશ્ન એ છે કે કુખ્યાત ગુનેગાર છોટા શકીલ ગેંગના સાગરીતોમાંથી કોઈ પોલીસ સાથેની ઝપાઝપીની ઘટનામાં માર્યા ગયા છે કે કેમ? જો હા, તો તેની તારીખ સમય અને વારની શી વિગતો છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, છોટા શકીલ ગેગના સાગરીતો ઉપર ગુજરાતમાં કુલ ચાર ગુના નોંધાયેલા છે. એક ગુનો ૧૯૯૯માં, બે ગુના ૨૦૦૩માં અને એક ગુનો ૨૦૦૫માં એમ કુલ ૪ ગુના નોંધાયેલા છે. અને બીજો પ્રશ્ન કે આ ગેંગના કોઈ સાગરીતો પોલીસ સાથે ઝપાઝપીમાં માર્યા ગયા છે કે કેમ? તો એવી ઘટના પણ બની છે. એક મહેન્દ્ર ઉર્ફે ચંદ્રકાંત જાદવ અને બીજા ગણેશ ખૂંટે આ બન્ને તા. ૨૨-૬-૦૩ ના રોજ સવારે ૨-૩૦ કલાકે પોલીસ સાથેની અથડામણમાં માર્યા ગયા છે અને આ લોકો રથયાત્રામાં તોફાનો કરી અહીંયા કોમી રમખાણો ફેલાય, કોમી ઉશ્કેરણી ફેલાય એના માટે આવ્યા હતા અને બીજું શ્રી અશોકભાઈ ભટ્ટ અને શ્રી ભરત બારોટની હત્યા માટે આ બન્ને ગુનેગારો આવ્યા હતા. આ બન્ને પોલીસ ઝપાઝપીમાં માર્યા ગયા છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મોહમ્મદ હનીફ, ઈસ્માઈલ અને છોટા શકીલને ક્યારે પકડવામાં આવ્યા અને આ સાગરિતોને શા માટે પકડવા માગતા હતા?

**શ્રી અમિત અ. શાહ** : છોટા શકીલને રાજ્ય સરકાર દ્વારા પકડવામાં આવ્યો નથી. તે ભાગતો ફરે છે. કેસ થયો ત્યારથી વોન્ટેડ છે.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : આ છોટા શકીલ ગેંગના સાગરિતો પકડાયા એ કયા વિસ્તારમાંથી પકડાયા હતા અને કયા સ્થાનિક લોકો સાથે એમની સાંઠગાંઠ હતી?

**શ્રી અમિત અ. શાહ** : અમદાવાદમાંથી પકડાયા છે, સાંઠગાંઠનું એટલે નથી કહેવું કે પછી અહીંયા હોબાળો થઈ જશે. સાંઠગાંઠનું કહીશ તો રાજકીય લાગશે.

**શ્રી બાલુભાઈ તંતી** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આવા ગંભીર અને ભયાનક પ્રકારના ગુના આચરતા આતંકવાદીઓ અને ગુનેગારોને પકડવા માટે પોલીસ અધિકારીઓ જ્યારે જીવના જોખમે કામ કરી રહ્યા છે ત્યારે એમને સરાહના મળે, પ્રોત્સાહન મળે, શાબાશી મળે એવી કોઈ કામગીરી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, બહુ સરસ પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પૂછ્યો. રાજ્ય સરકાર આ બાબતમાં એક નીતિ નિર્ધારિત કરવાની તૈયારીમાં છે. આ પ્રકારના ગંભીર પ્રકારના દેશ વિરોધી પ્રવૃત્તિ કરતા ગુનેગારોને ઝડપવામાં જે જાંબાઝ પોલીસ અધિકારીઓ જીવના જોખમે કામ કરતા હોય એ બધાને વન સ્ટેપ પ્રમોશન, પગારમાં વધારો અને આ પ્રકારના કામોમાં પોલીસ અધિકારીઓની નિમણૂંક થતી હોય એમનો ૧૫ લાખ જેટલી મોટી રકમનો વીમો પણ રાજય સરકાર તરફથી ઉતારવાનું શરૂ કર્યું છે.

**શ્રીમતી રમીલાબેન બ. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ગુનેગારોને પકડવા માટે પોલીસ ખૂબ પ્રસંશનીય કામગીરી કરી રહી છે ત્યારે ગૃહ વિભાગને ધન્યવાદ આપું છું. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કુખ્યાત, કેટલી કુખ્યાત ગેંગના સાગરિતોને પોલીસ અધિકારીઓ દ્વારા પકડવામાં આવ્યા?

**શ્રી અમિત અ. શાહ** : આમ તો ઘણા આરોપીઓ પકડવામાં આવ્યા છે. પરંતુ જે દેશ વિરોધી પ્રવૃત્તિઓ કરતા હોય અને બહુ વધારે ગુનાઓમાં સંડોવાયેલા હોય એવા કુલ ૨૩ + ૪ હમણાં મરણ થયું એમ કુલ ૨૭ ગુનેગારો છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ સાથે ઝપાઝપીમાં માર્યા ગયા છે. એના અંદર હું ખાલી નામો વાંચી જાઉ છું, ઘટના કહીશ તો લાંબું થશે. એમાં સાદીક જમાલ, ગણેશ ખૂંટે, મહેન્દ્ર ઉર્ફે ચંદ્રકાંત જાદવ, પ્રાગેશ કુમાર ગાંધીનાથ, અબ્દુલ ગની જે પાકિસ્તાની હતો, અમઝદ અલી જે પાકિસ્તાની હતો. ઈસરત જહાં જે મુંબઈનો હતો, જલાભાઈ દેવીપૂજક, રાજકોટના હતા, સલીમ ગગજીભાઈ મીયાણા, રાજકોટના હતા, બિપીન મિશ્રા બિહારી, મહેશ દીપક ગરવાલી, કશ્યત હરપાલસિંહ ઢાકાનો હતો, મીઠુમલ ડફેર, રાજેશ્વર ઉર્ફે મીન્ટુસિંહ લક્ષ્મણ કે જે બોરસદમાં માર્યા ગયા છે. જેતપુરમાં રફીક બાપૂડી માર્યા ગયા હતા. સીલ પોલીસ સ્ટેશનમાં મેર ભીમા માડા માર્યા ગયા છે. સુભાષ ભાસ્કર નાયર એ વલસાડમાં માર્યા ગયા છે. એક રાહુલ શારદાપ્રસાદ ચૌધરી માર્યો ગયો છે, એક ડુંગરીયા નીમલા મચ્છાર, એક હાજીહાજી ઈસ્માઈલ ઉમરગામ, એક વલસાડની અંદર જોગીંદરસીંઘ

શીખ, એક શોરાબ્બુદ્દીન અનવરુદ્દીન શેખ ઉજ્જૈન, રાજેન્દ્રપ્રસાદ પૂશ્વા બિહાર માર્યો ગયો છે. હમણાં અમદાવાદમાં ચાર આતંકવાદીઓ માર્યા ગયા એમાં બે પાકિસ્તાની અને બે કાશ્મિરી હતા. આમ કુલ મળીને ૨૪૦ ગુનાઓ જુદાજુદા આરોપીઓ ઉપર નોંધાયેલા હતા અને આટલા ૨૭ લોકો પોલીસ ઝપાઝપીમાં માર્યા ગયા છે.

**કુખ્યાત ગુનેગાર બાબાખાનની ધરપકડ**

***૧૬૩૫૧ શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યના આતંકવાદ વિરોધી દળે કુખ્યાત ગુનેગાર બાબાખાનની ધરપકડ કરી હોવાની વિગત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો તે કયા પ્રકારના ગુનાઓમાં સંડોવાયેલો છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) હા, જી.

(૨) ગેરકાયદેસર હથિયારોની હેરાફેરી, હત્યા અને હત્યાનો પ્રયાસ

(૩) આરોપીની ધરપકડ કર્યા બાદ કાયદેસરની કાર્યવાહી ગતિમાં છે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ કુખ્યાત ગુનેગાર બાબાખાન પાસેથી ક્યા પ્રકારના શસ્ત્રો અને દારૂગોળો કેટલી માત્રામાં પકડાયેલ છે તેની બજાર કિંમત કેટલી અને કયા કયા ગુનામાં સંડોવાયેલ છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, બાબાખાનને એ.ટી.એસ.એ ઝડપ્યો છે, એની સામે જુદાજુદા ૨૨ ગુનાઓ નોંધાયેલ હતા અને આ બધા ગુના ૧૯૯૭ની સાલથી ૨૦૦૩ સુધી નોંધાયેલ હતા અને એ.ટી.એસ.એ ઝડપ્યાં છે એની અંદર છે એ દાણીલીમડા પોલીસસ્ટેશનમાં-૪, નરોડા પોલીસસ્ટેશનમાં-૧, મણીનગર પોલીસસ્ટેશનમાં-૧, ૭ શહેરકોટડા-કાગડાપીઠ પોલીસસ્ટેશન અને ક્રાઈમ બ્રાંચ આટલા પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા હતા અને ઘણા વર્ષોથી આ ગુનેગારો ભાગતા ફરતા હતા. ટાડા અને આર્મ્સ એકટ પણ લાગેલ હતો અને બીજા સાગરીતો જુદા જુદા ગુનામાં પકડાયેલ હતા. એમને ફાંસી અને આજીવનકેદની સજા પણ થયેલ હતી. આટલા ગંભીર ગુનામાં ગુનેગાર સપડાયેલ હતો અને રાજ્ય સરકારના એ.ટી.એસ.ના બહુ પ્રયત્નોથી અને સારી રીતે જેને કહેવાય કે પ્રયત્નપૂર્વક પકડીને તેની જોડેથી જે દારૂગોળો, શસ્ત્રો પકડાય એમાં ૭ દેશી તમંચા, ૧૦૪ કારતૂસ, ૨ વિદેશી રિવોલ્વર, ૧ વિદેશી પિસ્તોલ, ૧ સ્ટીકગન, ૪ મેંગેઝીન, દેશી રિવોલ્વર બીજી-૩, દેશી હથિયારો-૪, બીજા ૨ મેંગેઝીન, ૨ વિદેશી રિવોલ્વર, ૧ તલવાર, હોકી, કોસ્ટીક આટલા જુદાજુદા કેસોના હથિયારો રિકવર થયા છે અને તેની કિંમત આશરે ૪ લાખ થાય છે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે આ બાબાખાન છે એ ક્યારે પકડાયો? એ એકલા પકડાયો કે તેની સાથે બીજા કોઈ ગુનેગાર પકડાયા છે અને તેની ઉપર જે ગુના છે એમાં હત્યાના કેટલા ગુના છે અને હત્યાના પ્રયાસના કેટલા ગુના છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એની સામે ગુના તો ૨૨ છે, બધા ગુનાનું વર્ણન કરવા જઈશ તો ઘણો સમય જાય એવો છે. પરંતુ એની સાથે ૪ સહઆરોપીઓ અત્યારે પકડાયા છે અને કુલ ૩૬ સહઆરોપીઓ જુદાજુદા ગુનાની અંદર પકડાયેલ છે.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે આવા સમાજને બદનામ કરવા માટે આ મોટા ગુનેગારો છે એમના પર એન્કાઉટર કેમ કરવામાં આવતું નથી?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એન્કાઉટર કાંઈ કરવામાં આવતું નથી હોતું. પરંતુ જ્યારે પોલીસ એમને પકડવા જાય કોઈ માહિતીના આધાર પર અને એમના પર સામેથી હુમલો કરવામાં આવે તો પોલીસ એના જવાબમાં જરૂર શસ્ત્રથી જવાબ આપવામાં આવતો હોય છે અને આવા ૨૭ ગુનેગારોની છેલ્લા ૩ વર્ષની અંદર પોલીસ જોડે મુઠભેડમાં નશ્યત કરવામાં આવી છે.

**કલોલ શહેરના પંચવટી વિસ્તારમાં પોલીસ સ્ટેશન બનાવવા અંગે**

***૧૬૬૯૯ ડૉ. અતુલ કે.પટેલ (કલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

કલોલ શહેરમાં અમદાવાદ-મહેસાણા ટોલ રોડનો બ્રિજ તથા રોડ બનવાથી શહેરના બે ભાગ પડેલ છે. જેથી કલોલ શહેર પોલીસ સ્ટેશન દૂર પડે છે અને પંચવટી વિસ્તાર ખૂબ જ મોટો વિસ્તાર છે. તો સદર પંચવટી વિસ્તારમાં પોલીસ સ્ટેશન બનાવવા માટે કોઈ આયોજન કરવા માગો છો કે કેમ?

**મુખ્ય મંત્રીશ્રી ( ગૃહ ):**

પંચવટી વિસ્તારમાં ઓછું ગુના પ્રમાણ, કલોલ પોલીસ સ્ટેશનનું બે. કિલોમીટર જેટલું અંતર તથા ઊભી કરાયેલ પેટા પંચવટી ચોકી લક્ષમાં લેતાં પંચવટી વિસ્તારમાં પોલીસ સ્ટેશનનું આયોજન હાલ જરૂરી જણાયેલ નથી.

**ડૉ. અતુલ કે.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, કલોલ શહેરની ૩૦ ટકા વસ્તી પંચવટીમાં રહે છે અને ત્યાં બીજા બધા ગુનાઓ તો ખૂબ જ ઓછા છે પરંતુ ઘર ફોડી, તથા ઘર ચોરીના ખૂબ જ ગુનાઓ થાય છે તો પંચવટી વિસ્તારમાં પોલીસ સ્ટેશન બનાવવા માટે કોઈ રજૂઆતો મળેલ છે કે કેમ , જો મળેલ હોય તો તેની વિગતો આપવા વિનંતી છે? પંચવટી વિસ્તારમાં પોલીસ ખાતા માટે કોઈ જમીન મેળવવામાં આવેલ છે કે કેમ? જો મેળવવામાં આવેલ હોય તો તેની વિગતો આપવા વિનંતી છે અને કલોલનું શહેરનું પોલીસ સ્ટેશન ખૂબ જ જર્જરિત અને જૂનું થઈ ગયેલ છે તો આને તોડી પાડી અદ્યતન પોલીસ સ્ટેશન બનાવવા માગો છો કે કેમ અને સ્ટાફની ઘટ રહે છે તો એ ભરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં રજૂઆતો ત્રણ મળેલ છે એમાં એક રજૂઆત ધારાસભ્યશ્રીની પોતાની પણ મળેલ છે પરંતુ આ વિસ્તારમાં જે પોલીસ સ્ટેશન બનાવવાનો ક્રાઈટેરિયા છે એ ક્રાઈટેરિયાની નજીકમાં છે પોલીસ સ્ટેશન આવેલ છે એટલે બીજું પોલીસ સ્ટેશન બનાવી શકાય એમ નથી અને જે ઘટ છે એ પણ સમગ્ર રાજયના પ્રમાણમાં જ કર્મચારીઓ પોલીસ સ્ટેશનમાં છે અને જેવી ભરતી પૂરી થાય, સમગ્ર રાજયમાં જ્યાં જ્યાં નિમણૂકો કરવામાં આવશે એ પ્રમાણે આમાં પ્રો-રેટા નક્કી કરી ઘટ નિવારવા પ્રયાસો કરીશું.

### બારડોલી અને માંડવી પોલીસ સ્ટેશનમાં નોધાયેલ વિવિધ ગુનાઓ

***૧૬૩૬૬ શ્રી અનિલકુમાર મો.પટેલ (બારડોલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે કૅલૅન્ડર વર્ષમાં બારડોલી અને માંડવી પોલીસ સ્ટેશનમાં ખૂન, બળાત્કાર, ચોરી અને લૂંટના કુલ કેટલા બનાવ બન્યા

(૨) ગુનાખોરી અટકાવવા માટે આ કેસોમાં કેટલા આરોપી પકડાયા

(૩) કેટલા આરોપી નથી પકડાયા, અને

(૪) ગુનાખોરીનો આંક નીચે લાવવા સરકાર પૂરતો સ્ટાફ ફાળવવા માગે છે કે કેમ ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ ) :**

| અનુ.નં. | | ખૂન | બળાત્કાર | ચોરી | લૂંટ |
|---|---|---|---|---|---|
| (૧) | | ૧૩ | ૩ | ૮૧ | ૧૦ |
| (૨) | પકડાયેલ આરોપી | ૨૩ | ૩ | ૮૧ | ૨૦ |
| (૩) | ન પકડાયેલ આરોપી | --- | --- | ૫૧ | ૧૯ |

(૪) " વહિવટી અનુકૂળતા પ્રમાણે"

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે, ડિસૅમ્બર-૦૫ની સ્થિતિએ બારડોલી અને માંડવી પોલીસ સ્ટેશનમાં છેલ્લા બે વર્ષમાં બળાત્કાર, લૂંટ, ચોરી અને ખૂનના આરોપીઓને પકડવા માટે શું શું પગલા રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યા અને આ બંને પોલીસ સ્ટેશનોમાં ધારાધોરણ પ્રમાણે કેટલા પોલીસ કર્મચારીઓની ઘટ છે અને ક્યારે ભરવા માગે છે ? છેલ્લા ત્રણ વર્ષથી સરકારશ્રી તરફથી જણાવવામાં આવે છે કે, વહિવટી અનુકૂળતા પ્રમાણે ઘટ પૂરી કરવામાં આવશે તો મારે જાણવું છે કે, વહિવટી અનુકૂળતા ક્યારે થશે? છેલ્લા એક - દોઢ વર્ષથી તો ડી.વાય.એસ.પી.ની મહત્ત્વની જગ્યા પણ ખાલી છે તો એ પણ ક્યારે ભરવામાં આવશે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વહિવટી અનુકૂળતાનો તો કોઈ નિશ્ચિત જવાબ હું અત્યારે આપી શકું તેમ નથી પરંતુ જેવી ભરતીની પ્રક્રિયા અને ટ્રેઈનિંગની પ્રક્રિયા પૂરી થશે તુરત જ બારડોલી પોલીસ સ્ટેશનની ઘટને અમે પૂરી કરીશું અને એક વાત હું માનનીય સભ્યશ્રીને નિશ્ચિત રાખવા કહું છું કે, સમગ્ર રાજયમાં જે ઘટનું પ્રમાણ છે એ પ્રમાણેનું જ બારડોલી પોલીસ સ્ટેશનમાં છે એનાથી વધારે કોઈ ઘટ નથી એટલે આખા રાજયમાં ભરતી પૂરી થઈ, ટ્રેઈનિંગ પૂરી થશે એટલે તુરત જ અમે નિમણૂકો કરી દઈશું.

**શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બારડોલી અને માંડવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અને સમગ્ર સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે કૅલૅન્ડર વર્ષોમાં નોંધાયેલા ભાગ-૧ થી ૫ના ગુનાઓની સંખ્યા, ઉકેલવામાં આવેલ ગુનાઓની સંખ્યા અને ટકાવારી કેટલી છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાગ ૧ થી ૫ની બધી વિગતો તો મારી પાસે નથી પણ ખૂન, બળાત્કાર, ચોરી અને લૂંટ એ ચાર ગુનાઓનું સભ્યશ્રીએ પૂછ્યું છે એની મારી પાસે વિગતો છે, બારડોલી પોલીસ સ્ટેશનમાં ૨૦૦૪-૦૫માં ૫-ખૂન, ૧-બળાત્કાર, ૧૯-ચોરી અને ૫-લૂંટ થઈ હતી, ૨૦૦૫માં ૩-ખૂન, ૧ - બળાત્કાર, ૩૧-ચોરી અને ૪-લૂંટ થઈ હતી. માંડવી પોલીસ સ્ટેશનમાં ૨૦૦૪ ૨-ખૂન, ૧-બળાત્કાર, ૧૫-ચોરી અને લૂંટ નથી. માંડવી પોલીસ સ્ટેશનમાં ૨૦૦૫માં ૩-ખૂન, એક પણ બળાત્કાર નથી, ૧૬-ચોરી અને ૧-લૂંટ

થઈ છે અને સમગ્ર સુરત જિલ્લામાં ૪૭-ખૂન, ૧૨-બળાત્કાર, ૧૫૪-ચોરી અને ૨૩-લૂંટ થઈ છે અને શોધી કાઢેલા કેસો એમાં બારડોલી પોલીસ સ્ટેશનોના પાંચે-પાંચ કેસો ૨૦૦૪ના શોધી કાઢવામાં આવ્યા છે, બળાત્કારનો એક કેસ હતો એ પણ શોધી કાઢવામાં આવ્યો છે, ચોરીના -૧૯માંથી ૩ -કેસો શોધી કઢીને અને લૂંટના ૫-માંથી ૪- કેસો શોધી કાઢવામાં આવ્યા છે. બારડોલીમાં ૨૦૦૫માં ખૂનના ત્રણે-ત્રણ કેસો શોધી કાઢ્યા છે, બળાત્કારનો એક કેસ હતો એ પણ શોધી કાઢયો છે, ચોરીના- ૩૧માંથી, ૨૧ શોધી કાઢ્યા છે અને લૂંટના -૪માંથી, ૩ શોધી કાઢ્યા છે. માંડવી પોલીસ સ્ટેશનમાં ખૂનના -૨ કેસો હતા ૨૦૦૪માં, બંને શોધી કાઢ્યા છે, બળાત્કારનો એક હતો એ પણ શોધી કાઢ્યો છે, ચોરીના- ૧૫માંથી, ૯-કેસો શોધી કાઢવામાં આવ્યા છે. ૨૦૦૫માં ખૂનના- ૩ કેસો હતા, ત્રણેય શોધી કાઢ્યા છે, બળાત્કારનો એકેય થયો જ નથી એટલે શોધવાનો પ્રશ્ન નથી, ચોરીના -૧૬માંથી, ૧૧ શોધી કાઢ્યા છે અને એક લૂંટ હતી એ શોધવાનો બાકી છે.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુનાની અંદર જે ગુનેગારો પકડાયા છે એમાંના કેટલા ભાગતા ફરે છે અને કેટલા પકડવાના બાકી છે એ મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પકડાયા છે એમાં કોઈ બાકી નથી. પરંતુ આંકડા હું આપું. બારડોલી પોલીસ સ્ટેશનમાં ૨૦૦૪માં ખૂન કેસમાં સાત આરોપી , ૨૦૦૪-૦૫ માં ૬ પકડાયા છે. બળાત્કારમાં એક એક, ચોરી-૩ અને ૩૦ આરોપી લૂંટમાં ૧૨ અને ૭ માંડવી પોલીસ સ્ટેશનમાં ૩ અને ૬, એક અને એક પણ નહીં, ૧૩ અને ૪૦ આરોપી પકડાયા. માંડવી પોલીસ સ્ટેશનની લૂંટ ઉકેલવાની બાકી છે એક પણ ધરપકડ થઈ નથી.

## કરાઈ ખાતે સ્થાપવામાં આવેલ પોલીસ તાલીમ સંસ્થા અને તેમાં આપવામાં આવતી તાલીમ અંગે

***૧૬૩૫૬ શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**જણાવવા કૃપા કરશે કે:-

(૧) ગાંધીનગર જિલ્લાના કરાઈ ખાતે અદ્યતન પોલીસ તાલીમ સંસ્થા સ્થાપવામાં આવી છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો આ તાલીમ સંસ્થામાં કઈ કક્ષાના અધિકારી/કર્મચારીને કયા કયા પ્રકારની તાલીમ આપવામાં આવનાર છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) હા.

(૨) પ્રોબેશ્નર આઈપીએસ, પોલીસ સબ ઈન્સ્પેકટર, નાયબ પોલીસ અધીક્ષકોને તથા પોલીસ કોન્સ્ટેબલથી એએસઆઈને તાલીમ અપાય છે.
નીચે મુજબની તાલીમ આપવામાં આવે છે.

- ડિસ્ટ્રિક્ટ પ્રેકટીકલ ટ્રેનિંગ.
- બેઝીક તાલીમ/રીફ્રેશર/ ઈન્ડકશન/કમાન્ડો તાલીમ/કોમ્પ્યુટર તાલીમ.
- બેન્ડની તાલીમ/ફોટોગ્રાફીની તાલીમ/બોમ્બ ડીસ્પોઝલની તાલીમ/ યોગાસન અને અર્નામ્ડ કોમ્બેટ.

**શ્રી કાંતિભાઈ ભા. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કરાઈ ખાતે સ્થાપવામાં આવેલ પોલીસ તાલીમ સંસ્થાનું નામ શું છે એ કયારે સ્થાપવામાં આવી. એ તાલીમ સંસ્થાની સ્થાપનાથી શરૂ કરીને ૨૦૦૫-૦૬ સુધીમાં તેના વિકાસ માટે નાણાકીય વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ હતો? બીજો પ્રશ્ન, ૨૦૦૩ થી ૨૦૦૫માં કઈ કઈ તાલીમ યોજવામાં આવેલ છે અને કયા કયા સંવર્ગના કેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો છે? ત્રીજો પ્રશ્ન, કરાઈ ખાતે તાલીમ સંસ્થામાં પોલીસ ખાતા સિવાયના અન્ય ખાતાના સંસ્થામાંથી ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫માં કોઈ તાલીમ આપવામાં આવેલ છે કે કેમ અને જો આવી તાલીમ થઈ હોય તો લાભાર્થી કોણ અને કેટલી સંખ્યામાં હતા?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કરાઈ ખાતે સ્થાપવામાં આવેલ સંસ્થાનું નામ ગુજરાત પોલીસ એકેડેમી છે. તેની સ્થાપના તા.૧-૫-૨૦૦૧ ના રોજ કરવામાં આવી છે. ૨૦૦૦-૦૧માં ૫ કરોડ, ૨૦૦૧-૦૨માં ૧૧કરોડ, ૨૦૦૨-૦૩માં ૪કરોડ, ૨૦૦૩-૦૪માં સાડા સાત કરોડ, ૨૦૦૪-૦૫માં અઢીકરોડ અને ૨૦૦૫-૦૬માં બે કરોડ નવ્વાણુ લાખ એટલે કે ત્રણ કરોડ આ સંસ્થા માટે ફાળવવામાં આવ્યા છે એને strengthening કરવા માટે. આ તાલીમ સંસ્થામાં પ્રોબેશનર પી.એસ.આઈ., સબ ઈન્સ્પેકટરની તાલીમ, નાયબ પોલીસ અધીક્ષક કક્ષાની બેઝીક તાલીમ, ઈન્ડકશન તાલીમ, refresher ની તાલીમ, પોલીસ કૉન્સ્ટેબલ, કમાન્ડો અને પી.એસ.આઈ.ની બેઝીક અને રીફ્રેશર તાલીમ ચેતક કમાન્ડો સહિત આપવામાં આવે છે.૨૦૦૩માં gunmen ની તાલીમ શરૂ કરી. એમાં ૩૧ લોકોને કમાન્ડોની બેઝીક તાલીમ, ૩૬૭ કમાન્ડોને બેઝીક તાલીમ, પોલીસ સબ ઈન્સ્પેકટર કક્ષાના અધિકારીની ૧૦૪, કમાન્ડોની બેઝીક તાલીમ ઈન્સ્પેકટર કક્ષાના અધિકારી ૪, પોલીસ ઈન્સ્પેકટર રીફ્રેશર ૪૩, પોલીસ સબ ઈન્સ્પેકટર રીફ્રેશનર ૧૬, ૨૦૦૪માં પણ કુલ જુદા જુદા અધિકારીઓને

આપવામાં આવી છે. આમાં મુખ્યત્વે કમાન્ડોની બેઝીક તાલીમ ૨૩૨ પોલીસ કોન્સ્ટેબલ પોલીસ ઈન્સ્પેકટર રીફ્રેશનર ૧૧૪ અને કર્મયોગીની તાલીમ પણ જુદા જુદા કર્મચારીઓને આપવામાં આવી છે. લગભગ ૨૦૦૦ લોકોને ૨૦૦૫માં પણ દરેક સંવર્ગવાર આ તાલીમ આપવામાં આવી છે. એમણે બીજો પ્રશ્ન કર્યો છેકે પોલીસ અધિકારી સિવાય કોઈને તાલીમ આપવામાં આવી છે કે નહીં? તો ૨૦૦૩ સુધી આવી તાલીમ નહોતા આપતા પણ ૨૦૦૪-૦૫માં સરકારે નિર્ણય કર્યા મુજબ gender sensatisationની તાલીમ કાયદા વિભાગના મદદનીશ સરકારી વકીલોને તાલીમ આપવામાં આવે છે. સમાજ કલ્યાણ વિભાગના મદદનીશ નિયામકને તાલીમ, સમાજ કલ્યાણ અધિકારી ત્યારપછી ચીફ પ્રોબેશનર અધિકારીને આપે છે. જેલના અધિકારીને પણ તાલીમ આપવાની શરૂ કરી છે. જયાં જયાં ગૃહ વિભાગને સબંધ આવે છે એવી સિવિલ સર્વીસના લોકોને પણ આમાં તાલીમ આપવાનું રાજય સરકારે ૨૦૦૪થી ચાલુ કર્યું છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, તાલીમ આપવા માટે ઈન્સ્ટ્રકટરની નિમણૂક કરવામાં આવે છે એ વિભાગમાંથી કરવામાં આવે છે કે માનદ સેવાના માધ્યમથી કરવામાં આવે છે. નિવૃત્ત સૈનિકોને આ તાલીમ આપવા માટે નિમણૂક આપવા માટે સરકાર વિચારે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક પ્રકારની તાલીમ જુદાજુદા અધિકારીઓ આપે છે. જે કમાન્ડોની ટ્રેનિંગ છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**તત્કાલ વીજ કનેક્શન યોજના હેઠળ ડાર્કઝોન વિસ્તારના ખેડૂતોના કૂવાનું વીજળીકરણ**

૧૬૮૬૮ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ડાર્કઝોન વિસ્તારમાંના ખેડૂતોને તેમના કૂવાના વીજળીકરણ માટે તત્કાલ ક્નેક્શન આપવાની યોજનાનો અમલ કરવા રાજ્ય સરકારની કોઈ યોજના છે કે કેમ, અને

(૨) જો, હા, તો જૂનાગઢ જિલ્લાના ડાર્કઝોનવાળા ક્યા ક્યા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેટલા ખેડૂતોની અરજીઓ હતી અને તેમાંથી કેટલાને ક્નેક્શન અપાયા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| ડાર્કઝોન તાલુકાનું નામ | નોંધાયેલ અરજીઓની સંખ્યા | ક્નેક્શન આપેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| કોડીનાર | ૧૨૮૭ | ૧૪૫ |
| માણાવદર | ૭૭૬ | ૨૦૧ |
| માંગરોળ | ૮૫૬ | ૨૮૪ |
| વંથલી | ૫૪૧ | ૧૬૫ |
| કુલ.. | ૩૪૬૦ | ૭૯૫ |

-----------

**વડોદરા જિલ્લાના તાલુકાવાર કુટિર ઉદ્યોગો**

૧૭૦૪૮ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલા કુટિર ઉદ્યોગો ચાલે છે, અને

(૨) તાલુકાવાર કેટલા અને ક્યા પ્રકારના ઉદ્યોગ ચાલે છે?

**જવાબ**

(૧) કુટિર ઉદ્યોગની નોંધણી મરજીયાત છે. તેથી કેટલા ઉદ્યોગો ચાલે છે તેની માહિતી ઉપલબ્ધ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અમદાવાદ અને ગાંધીનગર માટે થયેલ એમ. ઓ. યુ. પૈકી કાર્યાન્વિત થયેલ પ્રોજેક્ટ**

૧૬૭૩૭ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૦૫ દરમ્યાન તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ થયેલા એમ. ઓ. યુ. પૈકી અમદાવાદ અને ગાંધીનગરમાં કેટલા પ્રોજેક્ટ કાર્યાન્વિત થયા,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર કાર્યાન્વિત થયેલા પ્રોજેકટોની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | અમલીકરણ હેઠળના | ઉત્પાદનમાં ગયેલ | કુલ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૩ | ૫ | ૨૮ |
| ગાંધીનગર | ૧૩ | ૧૧ | ૨૪ |
| કુલ :- | ૩૬ | ૧૬ | ૫૨ |

**પ્રશ્ન**

(૨) બન્ને સ્થળો માટે કેટલા અને ક્યા એમ. ઓ. યુ. થયા હતા, અને

**જવાબ**

(૨) બન્ને સ્થળો માટે કુલ ૫૮ પ્રોજેકટોના એમ.ઓ.યુ./જાહેરાત થયેલ. જે મુખ્યત્વે એગ્રો, ઓઈલ અને ગેસ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, પ્રવાસન, શહેરી વિકાસ, કેમીકલ, ટેક્ષટાઈલ અને એપરલ, એન્જીનીયરીંગ અને ઓટોમોબાઈલના ક્ષેત્રના છે.

**પ્રશ્ન**

(૩) પ્રોજેક્ટ ઝડપી કાર્યાન્વિત થાય તે માટેનું સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૩) -ઉચ્ચકક્ષાએ સમયાંતરે આ પ્રોજેકટોની અમલવારી માટે ઉદ્યોગકારો સાથે ચર્ચા કરવામાં આવે છે.

-પડતર પ્રશ્નોનો નિકાલ/સમીક્ષા કરી પ્રોજેક્ટ વેળાસર સ્થપાય તે માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

-----------

**નાગરિક અધિકાર પત્ર અન્વયે સુરેન્દ્રનગર જિલ્લા કલેકટરને મળેલ અરજીઓ**

૧૬૧૯૮**શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં નાગરીક અધિકાર પત્ર અન્વયે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) ૧૨૭૮૧ અરજીઓ.

**પ્રશ્ન**

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયો,

**જવાબ**

(૨) ૧૨૭૦૫ અરજીઓ.

**પ્રશ્ન**

(૩) બાકીની અરજીઓનો નિકાલ નહી થવાના કારણો શાં છે, અને

**જવાબ**

(૩) ૭૬ અરજીઓ નીચેના અધિકારીઓનાં અહેવાલ મળવાના બાકી હોઈ નિકાલ થવાની બાકી છે.

**પ્રશ્ન**

(૪) તે પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૪) નીચેના અધિકારીઓનો અહેવાલ મળ્યેથી બાકી અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

-----------

**સુરત જિલ્લામાં અને શહેરમાં નોંધાયેલ વિવિધ ગુના**

૧૭૪૮૬ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં અને શહેરમાં ૨૦૦૫-૦૬ના કેલેન્ડર વર્ષમાં ધાડ-લુંટ અને અછોડા, (સોનાની ચેઇન) લૂંટવાના કેટલા ગુન્હા નોંધવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| | ધાડ-લૂંટ ના કેસો | અછોડા (સોનાની ચેઈન) લૂંટના કેસો |
|---|---|---|
| સુરત શહેર | ૮૪ | ૭૩ |
| સુરત ગ્રામ્ય | ૩૫ | -- |

એચબી-૧૦૧૯-૨

(૨) તે પૈકી કેટલા આરોપીઓ સામે ગુન્હા દાખલ કરવામાં આવેલ છે ?

(૨)

| | ધાડ-લૂંટ ના ગુન્હાના આરોપી | અછોડા (સોનાની ચેઈન) ના ગુન્હાના આરોપી |
|---|---|---|
| સુરત શહેર | ૨૩૩ | ૧૩૮ |
| સુરત ગ્રામ્ય | ૧૯૨ | -- |

-----------

**પોલીસ ખાતામાં કર્મચારીઓની ઘટ**

૧૬૬૩૫ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં પોલીસ ખાતામાં કર્મચારીઓની ઘટ કેટલી, અને

(૨) સરકાર આ ઘટ ક્યારે પૂરી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) પોલીસ સબ ઈન્સ્પેક્ટર -- ૧૩
હેડ કોન્સ્ટેબલ -- ૮
પોલીસ કોન્સ્ટેબલ -- ૨૩૯

(૨) વહીવટી અનુકૂળતાએ.

-----------

**સુરત શહેરમાં નોંધાયેલ લૂંટના ગુના**

૧૬૨૫૨ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેરમાં ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫ના કેલેન્ડર વર્ષમાં લૂંટના કેટલા કેસો નોંધાયા છે,

(૨) આ લૂંટમાં કેટલી રકમની લૂંટ થયેલ છે, અને

(૩) સુરત શહેરનું પોલીસ તંત્ર એક જ પ્રકારની પધ્ધતિથી થતી લૂંટોને રોકવા શી કાર્યવાહી કરી રહેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
|---|---|---|---|
| નોંધાયેલ કેસ | ૫૫ | ૬૧ | ૫૬ |

(૨)

| વર્ષ | લૂંટમાં ગયેલ રકમ |
|---|---|
| ૨૦૦૩ | રૂા. ૧,૨૯,૨૮,૬૯૬/- |
| ૨૦૦૪ | રૂા. ૮૦,૯૯,૦૩૫/- |
| ૨૦૦૫ | રૂા. ૫૩,૦૦,૮૫૮/- |

(૩) આવા બનાવો અટકાવવા સતત મોબાઈલ પેટ્રોલીંગ, શહેરમાં નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગ સખ્ત કરવામાં આવેલ છે. ચોકી ડયુટી તથા બીટ ડયુટી અમલમાં મુકવામાં આવી છે. ઘોડેસ્વાર પેટ્રોલીંગ, ચેક પોસ્ટ અને નાકાબંધી ગોઠવેલ છે. મિલ્કત સંબંધી ગુના અટકાવવા બી.પી.એક્ટ-૧૨૨ તથા સી.આર.પી.સી.-૧૦૯ હેઠળ અટકાયતી પગલાં ભરવામાં આવે છે. ધાડ-લૂંટની માહિતી મળતા મોબાઈલ વાહન મોકલી તેને અટકાવવા પ્રયત્નો કરવામાં આવે છે.

-----------

**રાજ્યનું માથાદીઠ દેવું અને વ્યાજ**

૧૬૨૦૧**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારે લીધેલ લોન પેટે સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ માથાદીઠ દેવું અને વ્યાજ કેટલું થાય છે ?

**જવાબ**

નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫માં માથાદીઠ દેવું રૂા. ૧૧૧૪૫ અને માથાદીઠ વ્યાજ રૂા. ૧૦૫૩ થાય છે.

૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૦૧-૦૬ની સ્થિતિએ માથાદીઠ દેવું રૂા. ૧૧૯૦૬ અને માથાદીઠ વ્યાજ રૂા. ૧૧૮૨ થાય છે.

-----------

## જ્યોતિગ્રામ યોજના હેઠળ આણંદ જિલ્લાના ગામડાઓનું તાલુકાવાર વીજળીકરણ

૧૬૨૦૦ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના અન્વયે તાલુકાવાર કેટલા ગામોનું વીજળીકરણ કરવાનું આયોજન હતું અને તે સામે તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલા ગામોનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) જે ગામોમાં વીજળીકરણ થયેલ છે તે ગામોના પેટાપરા વિસ્તારમાં આ લાભ આપવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨) આણંદ જિલ્લાના બધા જ ૩૫૦ ગામોનું જ્યોતિગ્રામ યોજના અન્વયે વીજળીકરણ કરવાનું આયોજન હતું. તે સામે તા. ૩૧-૧-૦૬ સુધીમાં વીજળીકરણ કરેલ તમામ ગામોનું તાલુકાવાર તથા જે ગામોમાં વીજળીકરણ થયેલ છે. તે ગામોના પેટાપરા વિસ્તારમાં લાભ આપેલ ગામોની તાલુકાવાર વિગતો આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબ છે.

**પત્રક**

**તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના અન્વયે તાલુકાવાર ગામોના તેમજ તા. ૨૮-૨-૦૬ની સ્થિતિએ પેટાપરા વીજળીકરણની વિગત.**

| અ. નં. | તાલુકાનું નામ | જ્યોતિગ્રામ યોજના અન્વયે આયોજનમાં સમાવેશ કરેલ ગામો. | જ્યોતિગ્રામ યોજનામાં વીજળીકરણ થયેલ ગામો. | વીજળીકરણ થયેલ પેટાપરા | જ્યોતિગ્રામ યોજના લાભાન્વીત પેટાપરા તા. ૨૮-૨-૦૬ની સ્થિતિએ વિગતો. | બાકી પેટાપરા. |
|---|---|---|---|---|---|---|
| ૧. | આણંદ | ૩૯ | ૩૯ | ૭૭ | ૫૬ | ૨૧ |
| ૨. | આંકલાવ | ૩૧ | ૩૧ | ૫૧ | ૩૩ | ૧૮ |
| ૩. | બોરસદ | ૬૪ | ૬૪ | ૧૬૫ | ૧૧૪ | ૫૧ |
| ૪. | ખંભાત | ૫૭ | ૫૭ | ૪૬ | ૩૩ | ૧૩ |
| ૫. | પેટલાદ | ૫૬ | ૫૬ | ૯૮ | ૮૭ | ૧૧ |
| ૬. | સોજીત્રા | ૨૫ | ૨૫ | ૪૦ | ૪૦ | -- |
| ૭ | તારાપુર | ૪૨ | ૪૨ | ૦૧ | ૦૧ | -- |
| ૮ | ઉમરેઠ | ૩૬ | ૩૬ | ૫૭ | ૪૫ | ૧૨ |
| | **કુલ** | **૩૫૦** | **૩૫૦** | **૫૩૫** | **૪૦૯** | **૧૨૬** |

-----------

## ધારાસભ્ય ગ્રાન્ટમાંથી રાજ્ય-કેન્દ્રની યોજનાઓમાં મેચીંગ - લોકફાળાની રકમ આપવાની મંજૂરી અંગે

૧૭૨૬૯ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધારાસભ્ય ગ્રાન્ટમાંથી રાજ્ય-કેન્દ્રની યોજનાઓમાં મેચીંગ-લોકફાળાની રકમ આપવાની મંજૂરી રાજ્ય સરકાર આપવા માંગે છે,

(૨) આ બાબતે તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ શાં પગલાં લેવામાં આવેલ છે, અને

(૩) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કઇ કઇ યોજનાઓમાં મેચીંગ-લોકફાળા તરીકે ધારાસભ્ય ગ્રાન્ટમાંથી રકમ ફાળવવાની મંજૂરી આપેલ છે ?

**જવાબ**

(૧) ધારાસભ્ય ગ્રાન્ટમાંથી રાજ્ય સરકારની કેટલીક યોજનાઓ તેમજ કેન્દ્રિય ૧૨મા નાણાપંચના અનુદાનમાંથી થતા કામોમાં લોકફાળો આપવાની જોગવાઈ છે.

(૨) આ બાબતે કેટલીક રજૂઆતો મળી છે, જે ચકાસણી હેઠળ છે.

(૩) ૧. સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના
૨. જ્યોતિગ્રામ યોજના
૩. કેન્દ્રિય ૧૨મા નાણાપંચના અનુદાનમાંથી હાથ ધરાતા કામો.

-----------

## જાહેર દેવાના વ્યાજ તરીકે રાજ્યએ ચૂકવેલ રકમ

૧૭૪૧૨ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સન ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના નાણાંકીય

**જવાબ**

સને ૨૦૦૩-૦૪ માં રૂા. ૫૧૪૦.૮૮ કરોડ અને

વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા જાહેર દેવા પેટે વ્યાજ તરીકે કેટલી રકમ ભરપાઇ કરી ?

સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં રૂા. ૫૪૩૫.૮૭ કરોડની જાહેર દેવાના વ્યાજ પેટે ચુકવણી કરવામાં આવી છે.

-----------

**પંચમહાલ જિલ્લાના પોલીસ કર્મચારી-અધિકારીઓના આરોગ્યની તપાસ**

૧૬૩૬૨ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને

(૨) જો હા, તો પંચમહાલ જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પેકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ફરજ બજાવતા કુલ ૧૦૬૭ કર્મચારી/અધિકારીઓ પેકી ૯૬૪ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

-----------

**રાજકોટ, જુનાગઢ અને જામનગર જિલ્લામાં નર્મદાનું પાણી ખેતી માટે આપવા અંગે**

૧૬૭૨૩ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ, જુનાગઢ અને જામનગર જિલ્લામાં નર્મદાનું પાણી ખેતી માટે ક્યા ક્યા તાલુકાને આપવાનું નક્કી કરવામાં આવેલ છે, અને

(૨) તે પેકી રાજકોટ, વાંકાનેર અને જસદણ તાલુકાના ક્યા ક્યા ગામોનો કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : નર્મદાનું પાણી ખેતી માટે મૂળ આયોજન અનુસાર ફક્ત રાજકોટ જિલ્લાના માળીયા તાલુકાના ૧૬ ગામોની કુલ ૧૬૫૧૨ હેકટર જમીનને તથા મોરબી તાલુકાના ૩૬ ગામોની કુલ ૨૭૯૯૧ હેકટર જમીનને આપવાનું આયોજન છે.

-----------

**એલીસબ્રીજ પોલીસ સ્ટેશનની હદમાં સીનીયર સીટીઝનના નોંધાયેલ ખૂનના બનાવો**

૧૭૧૯૧ **શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એલીસબ્રીજ પોલીસ સ્ટેશનની હદમાં તા. ૧-૧-૦૪ થી ૩૧-૧-૦૬ સુધી સીનીયર સીટીઝનના ખૂનના કેટલા બનાવો નોંધાયા,

(૨) આ અંગે વિભાગ તરફથી સીનીયર સીટીઝનને ક્યા પ્રકારનું રક્ષણ આપવામાં આવ્યું,

**જવાબ**

(૧) એક.

(૨) સીનીયર સીટીઝનના નોકર-ચાકર તથા સગા-સંબંધીની માહિતી એક્ત્રીત કરી પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલ છે.

પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ અંગે ૧-હેડ કોન્સ્ટેબલ તથા ૩-પોલીસ કોન્સ્ટેબલનો સ્ક્વોર્ડ બનાવવામાં આવેલ છે. સ્ક્વોર્ડ તરફથી અઠવાડીયામાં એક દિવસ સીનીયર સીટીઝનોની મુલાકાત લઈ તેમને પડતી મુશ્કેલીઓ જાણી તે નિવારવાના પ્રયત્નો કરવા સૂચનાઓ આપવામાં આવે છે. તથા સુરક્ષા માટે કઈ કઈ સાવચેતીઓ રાખવી તે અંગે માહિતગાર કરવામાં આવે છે.

(૩) નોંધાયેલા બનાવો પેકી કેટલા બનાવો વિભાગ દ્વારા સોલ કરવામાં આવ્યા, અને

(૩) નોંધાયેલ ખૂનના એક ગુન્હામાં ૮ આરોપીઓ શોધી તેમને અટક કરી સજા કરાવવા સારૂ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવે છે.

(૪) કેટલા બનાવો બાકી છે ?

(૪) એકેય બનાવ તપાસ માટે બાકી નથી.

-----------

**હેલ્મેટ પહેર્યા હોવા છતાં મૃત્યુ થવાના નોંધાયેલ કિસ્સા**

૧૬૮૮૪ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧૨-૦૫ થી તા. ૩૧-૧-૦૬ સુધીમાં હેલ્મેટ પહેરેલ હોવા છતાં મૃત્યુ પામ્યાના કેટલા કિસ્સા નોંધાયેલ છે, અને | (૧) ૧૦. |
| (૨) વર્ષ ૨૦૦૫માં છ મહાનગરોમાં દ્વિચક્રી વાહન ચાલકો કે જેમણે હેલ્મેટ નહીં પહેરવાથી કેટલા અકસ્માત થયા હોય તેવા કુલ કેટલા બનાવો બનેલ છે ? | (૨) ૨૪૯. |

-----------

**વડોદરા જિલ્લા પોલીસનું મંજૂર થયેલ મહેકમ અને સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૧૬૫૭૭ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ વડોદરા જિલ્લા પોલીસનું મંજૂર થયેલ મહેકમ કેટલું, | (૧) ૧૪૯૮. |
| (૨) તે પેકી સંવર્ગવાર ખાલી જગાઓ કેટલી, અને | (૨) પોલીસ સબ ઈન્સ્પેકટર--૧૪<br>એ.એસ.આઈ./ હે.કો.-- ૪૦<br>પોલીસ કોન્સ્ટેબલ--૧૪૬ |
| (૩) ખાલી જગાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે? | (૩) વહીવટી અનુકૂળતા પ્રમાણે. |

-----------

**કરાઇ ખાતે સ્થાપવામાં આવેલ પોલીસ તાલીમ અકાદમી**

૧૬૩૫૭**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના કરાઇ ખાતે પોલીસ અધિકારીઓને અદ્યતન તાલીમ આપવા માટે પોલીસ તાલીમ અકાદમીની સ્થાપના કરવામાં આવી હોવાની હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ અકાદમીની સ્થાપના પાછળ અત્યાર સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને હવે કેટલો ખર્ચ કરવામાં આવનાર છે ? | (૨) કરવામાં આવેલ ખર્ચ રૂા. ૨૧૨૯.૬૧ લાખ અને કરવામાં આવનાર ખર્ચ રૂા. ૨૮૭૦. ૩૯ લાખ. |

-----------

**પોલીસ ઝપાઝપીમાં ઠાર મરાયેલ વોન્ટેડ આરોપી હાજી ઈસ્માઇલ**

૧૬૩૪૨**શ્રી ભુરાભાઈ કટારા. (ઝાલોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુખ્યાત દાણચોર અને વોન્ટેડ આરોપી હાજી ઇસ્માઇલ તાજેતરમાં પોલીસ સાથેની ઝપાઝપીમાં ઠાર મરાયેલ હોવાની હકીક્ત ખરી છે કે કેમ, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો આ દાણચોર ક્યા ક્યા અને કેટલા ગુન્હામાં સંડોવાયેલ હતો ?

(૨) ટાડા એક્ટ, એક્સપ્લોઝીવ એક્ટ, એક્સપ્લોઝીવ સબસ્ટન્સ એક્ટ અને હથિયાર ધારા વગેરે ગુનામાં સંડોવાયેલ હતો. કસ્ટમના દાણચોરીના પાંચ કેસોમાં, એનડીપીએસ એક્ટ, હેઠળના એક કેસમાં તથા ડી.સી.બી. બ્રાન્દ્રા મુંબઈ આર્મ્સ એકટના એક કેસમાં આ દાણચોર વોન્ટેડ હતો.

-----------

**અગરીયાઓને સુરક્ષા સહાય તથા વીમાનું કવચ પુરું પાડવા અંગે**

૧૬૬૦૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મીઠાને આયોડીન છાંટતા તથા મીઠાના અગરમાં કામ કરતા અગરીયાઓને પુરતી સુરક્ષા અને સહાય મળતી નથી. તેમજ તેમને વીમાનું કવચ પૂરું પાડવામાં આવ્યું નથી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના શું કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો સન ૨૦૦૫ દરમ્યાન એમને કેવા પ્રકારની સુરક્ષા તથા સહાય આપવામાં આવી ? | (૩) અગરિયાઓને પૂરતી સુરક્ષા અને સહાય માટે નીચે મુજબની યોજનાઓ અમલમાં છે. |

(૧) **આરોગ્યઃ-**

અગરીયાઓને આરોગ્ય સુવિધા ઘરઆંગણે પ્રાપ્ત થાય તે માટે ૨૧ મોબાઈલ કોમ્પ્રીહેન્સીવ વાન દ્વારા સારવાર, દવાનું વિતરણ અને વિવિધ પ્રકારના રોગો સામેના રક્ષણ માટે રસી આપવાનું વિના મુલ્યે કરવામાં આવે છે. જે માટે રૂા. ૯૧.૫૦ લાખ મંજૂર કરાયેલ છે. આવા વિસ્તારમાં દશ આરોગ્ય પેટા કેન્દ્રોના બાંધકામ માટે રૂા. ૧૦૦/-લાખ મંજૂર કરેલ છે.

શ્રમ અને રોજગાર વિભાગ હેઠળના ગુજરાત, ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર દ્વારા રાજ્યના અસંગઠિત ગ્રામીણ શ્રમ યોગીને ગંભીર, જીવલેણ અને અસાધ્ય રોગોની સારવાર માટેની યોજનામાં અગરિયાઓને આવરી લેવામાં આવેલ છે.

આ યોજના હેઠળ સન-૨૦૦૫ દરમ્યાન એક કિસ્સામાં રૂા. ૧૫,૦૦૦/-ની સહાય મંજૂર કરવામાં આવી છે.

(૨) **પાણીની સુવિધા :-**

પીવાના પાણીની સુવિધા માટે પાણીની પાઈપલાઈન, ટેન્કો માટે ૧૫ જિલ્લામાં રૂા. ૧૧૨૮/- લાખની યોજનાઓ મંજૂર કરવામાં આવી છે.નાના અગરો માટે આ હેતુ માટે રૂા. ૭૬.૫૬ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

(૩) **શૈક્ષણિક સુવિધાઓ :-**

અગરિયાઓના બાળકોને પ્રાથમિક શિક્ષણ માટે શાળાના ઓરડાના બાંધકામ પેટે રૂા. ૭૨.૪૬ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. કુટુંબદીઠ બે બાળકોને ગણવેશનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવે છે.

(૪) **મોબાઈલ રેશન વાન :-**

અગરીયાઓને કામના સ્થળે રેશનીંગનું અનાજ ઉપલબ્ધ થાય તે હેતુસર ચાર મોબાઈલ રેશન

વાન માટે રૂા. ૬૪.૬૩ લાખ મંજૂર કરવામાં આવેલ છે.

(૫) **નમક મજદૂર આવાસ યોજના :-**

અગરિયાઓને ૨૨.૨ મીટરના વિના મુલ્યે આવાસ પૂરા પાડવાની યોજના અંતગર્ત ૩૨૭૩ આવાસો બાંધવા માટે મંજૂરી આપવામાં આવી છે. આ પેકી ૪૧૭ મકાનો તેયાર થયેલ છે. ૧૨૧૯ મકાનોનું કામ પ્રગતિમાં છે. રાજ્ય સરકારના ફાળા પેટે અત્યાર સુધી ૨૦૨.૮૮ લાખની સહાય આપી છે.

(૬) **રક્ષણાત્મક કીટ**

રાજ્યના ૨૫,૦૦૦ અગરિયાઓને રક્ષણાત્મક કીટ જેમાં હાથના મોજા, ગમબૂટ, માથાની કેપ અને ગોગલ્સનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવેલ છે. જે માટે રૂા. ૧૦૫/- લાખની સહાય મંજૂર કરવામાં આવી છે.

(૭) **વીમા કવચ :-**

અસંગઠિત શ્રમયોગીઓ માટેની શ્રમ અને રોજગાર વિભાગ હસ્તકની અકસ્માત જૂથ વીમા યોજના હેઠળ અગરિયાઓને રૂપિયા એક લાખનું વીમા કવચ પૂરું પાડવામાં આવે છે. સન-૨૦૦૫ દરમ્યાન આ યોજના હેઠળ એક કિસ્સામાં રૂપિયા એક લાખની વીમા રાશી ચૂકવી આપવામાં આવી છે.

-----------

**માનવ અધિકાર પંચની રચના લાંબા સમયથી પડતર રહેવા અંગે**

૧૭૩૯૦ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં માનવ અધિકાર પંચની રચના ઘ ણા લાંબા સમયથી પડતર છે તેના શાં કારણો છે,

(૨) આ માટે રચાયેલ સમિતિના સભ્યો કોણ કોણ છે અને જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ ત્રણ વર્ષમાં તેની કેટલી બેઠકો મળી,

(૩) તેમાં શા નિર્ણયો થયા,

(૪) આ સમિતિની લાંબા સમયથી કોઇ મિટીંગ ન ભરવાના શા કારણો છે, અને

(૫) આ સમિતિની વહેલામાં વહેલી તકે બેઠક બોલાવી પંચની રચના ક્યાં સુધીમાં

**જવાબ**

(૧) રાજ્યમાં માનવ અધિકાર પંચના વિકલ્પે માનવ અધિકાર ભંગને લગતા પોલીસ કસ્ટડી અને જેલ કસ્ટડીમાં થતાં તમામ મૃત્યુના બનાવોમાં ચકાસણી કરી ત્વરિત પગલાં લેવા સચિવશ્રી (ગૃહ)ના અધ્યક્ષપણા હેઠળ રચવામાં આવેલ સેલ સુચારુ રીતે કાર્યવાહી કરે છે.

(૨) આ માટે રચાયેલ સમિતિના સભ્યો નીચે મુજબ છે :-

| | |
|---|---|
| ૧. માન. મુખ્યમંત્રીશ્રી | -અધ્યક્ષ |
| ૨. માન. અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા | -સભ્ય |
| ૩. માન. વિરોધપક્ષના નેતાશ્રી | -સભ્ય |
| ૪. માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી (ગૃહ) | -સભ્ય |

- અત્યાર સુધી ત્રણ વર્ષમાં એકપણ બેઠક મળી નથી. પરંતુ બેઠક બોલાવવાની બાબત વિચારણા હેઠળ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) રાજ્યમાં માનવ અધિકાર પંચના વિકલ્પે રચવામાં આવેલ માનવ અધિકાર સેલનું કાર્ય સુચારુ રૂપે ચાલતું હોવાથી.

(૫) યોગ્ય સમયે.

કરવામાં આવનાર છે ?

-----------

**રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા અને ઘટ**

૧૬૬૩૮**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુ.-૨૦૦૬ની સ્થિતિએ રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલા મેગાવોટની છે,

(૨) આમાંથી કેટલા મેંગાવોટ પ્રતિદિન વીજ ઉત્પાદન થાય છે, અને કેટલા મેગાવોટ વીજ ઉત્પાદનની માંગ અને ખાદ્ય રહે છે, અને

એચબી-૧૦૧૯-૪

(૩) માર્ચ-૨૦૦૫ને અંતે છેલ્લા એક વર્ષમાં વીજ ખરીદી માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યુ, આ વીજ ખરીદી કઇ કઇ કંપનીઓ પાસેથી કેટલા ભાવ પ્રતિ યુનિટ કરવામાં આવી ?

**જવાબ**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ ની સ્થિતિએ ૯૨૪૮ મે.વો. વીજ ઉત્પાદન ક્ષમતા છે.

(૨) જાન્યુઆરી-૨૦૦૬ ના માસ દરમ્યાન મહત્તમ સરેરાશ ૭૬૧૬ મે.વો. વીજ ઉત્પાદન થયું જ્યારે મહત્તમ સરેરાશ દૈનિક વીજ માંગ ૮૪૩૭ મે.વો. હતી. અને ૮૨૧ મે. વો. ની દૈનિક વીજ ખાદ્ય હતી.

(૩) માર્ચ-૨૦૦૫ના અંતે છેલ્લા એક વર્ષમાં જુદી જુદી વીજ કંપનીઓ પાસેથી કરેલ વીજ ખરીદી માટે રૂા. ૫૩૯૯- કરોડનો ખર્ચ થયેલ છે. જેમાં ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા પુરી પાડવામાં આવેલ કુલ વીજળીનો માત્ર ૧૨.૮૬ ટકા જથ્થો ખાનગી કંપનીઓ પાસેથી મેળવવામાં આવેલ. વીજ ખરીદીના ભાવની વિગતો આ સાથેના પત્રક મુજબ છે.

**પત્રક**

**માર્ચ-૨૦૦૫ અંતિત નાણાંકીય વર્ષ દરમ્યાન કરેલ વીજ ખરીદીની વિગત દર્શાવતું પત્રક**

| **અ.નં.** | **એજન્સીનું નામ** | **(૨૦૦૪-૦૫) ભાવ પ્રતિ યુનિટ** |
|---|---|---|
| **(૧)** | **કેન્દ્રીય સાહસો** | |
| ૧. | એનપીસી | ૧.૪૮ |
| ૨. | એનટીપીસી | ૧.૫૨ |
| ૩. | એસ.એસ.એન.એન.એલ. | ૨.૦૫ |
| **(૨)** | **સ્વતંત્ર વિજ ઉત્પાદકો** | |
| ૪. | એસ્સાર | ૩.૦૮ |
| ૫. | જીપેક | ૨.૮૯ |
| ૬. | જીએસઈજી | ૨.૬૮ |
| ૭. | જીઆઈપીસીએલ (૧૬૦મે.વો.) | ૧.૭૧ |
| ૮. | જીઆઈપીસીએલ(એસએલપીપી) | ૨.૨૯ |
| **(૩)** | **જીસેક** | |
| ૯. | ગાંધીનગર | ૨.૦૭ |
| ૧૦. | વણાંકબોરી | ૨.૦૬ |
| ૧૧. | ઉત્રાણ | ૨.૨૨ |
| ૧૨. | ધુવારણ | ૧.૯૨ |
| **(૪)** | **ટ્રેડર્સ :** | |
| ૧૩. | પીટીસીએલ | ૨.૩૧ |
| ૧૪. | સીએસઈલી | ૨.૬૨ |
| ૧૫. | એનવીવીએનએલ-એનટીપીસી | ૨.૩૨ |
| ૧૬. | અદાણી એક્ષપોર્ટ | ૧.૮૪ |
| **(૫)** | **અન્ય** | |
| ૧૭. | જીઆઈપીસીએલ (૧૪૫ મે.વો.) | ૧.૭૮ |
| ૧૮. | એ.ઈ.કં્ું. | ૨.૬૦ |
| ૧૯. | વીન્ડ ફાર્મ | ૧.૮૦ |

૨૦. કેપ્ટીવ પાવર પ્લાન્ટ ૧.૮૭

-----------

**કચ્છ જિલ્લામાં પાણીના અભાવે ઉદ્યોગો સ્થાપવાની માંગણી પાછી ખેંચવા બાબત**

૧૬૧૯૪ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ઉદ્યોગ શરૂ કરવા કરેલ માંગણી બાદ પાણીના અભાવે ક્યા ક્યા ઉદ્યોગે પોતાની માંગણી પાછી ખેંચી,

(૨) આવા ઉદ્યોગો માટે પાણીની શી વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૩) શા શા આયોજન કરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કોઈપણ ઉદ્યોગકાર તરફથી પાણીના અભાવે પોતાની ઉદ્યોગ શરુ કરવાની માંગણી પાછી ખેંચવા રજુઆત કરવામાં આવેલ નથી.

(૨) હાલના તબકકે કચ્છ જિલ્લામાં ઉત્પાદનમાં ગયેલ ઉદ્યોગોને પાણી આપેલ છે.

(૩) નીચે મુજબ આયોજન કરવામાં આવ્યા છે.

(૧) નર્મદાના પાણી જિલ્લાના ઉદ્યોગોને પહોંચે તે માટે મોટી પાઈપ લાઈન નાંખેલ છે.

(૨) હાલ પુરતું ૪૫ એમએલડીની પાણીની વ્યવસ્થા ઉદ્યોગ માટે કરેલ છે.

(૩) ભવિષ્યમાં કુલ ૧૫૦ એમએલડીની પાણીની વ્યવસ્થા ગોઠવવાનું આયોજન છે.

(૪) જિલ્લાના જે એકમો તેમના પ્રોડકટ પ્રોસેસીંગમાં ઉત્પન્ન થતાં હીટનો ઉપયોગ કરતાં નથી તેવા એકમો આ વોટર હીટના ઉપયોગથી વોટર ડીસેલીનેશન પ્લાન્ટ ઉભા કરી, પોતાની અને આજુબાજુના અન્ય એકમોની પાણીની જરૂરીયાત પુરી પાડી શકે તે હેતુથી એક તજજ્ઞ સંસ્થાને આ અંગેનો વિસ્તૃત અભ્યાસ સોંપેલ છે. જેના આધારે સરકારે દરિયાના પાણીને જરૂરીયાત મુજબ ડીસેલીનેટ કરી ઉદ્યોગોને તેમની જરૂરીયાત મુજબ વ્યાજબી ભાવે પાણી પુંરુ પાડી શકાય તે અંગેની શક્યતાઓ પણ ચકાસવાનું નકકી કરેલ છે.

-----------

**આંતકવાદ વિરોધી દળે અમદાવાદ શહેરમાંથી પકડેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનું કાવતરું**

૧૬૩૫૫ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના આંતકવાદ વિરોધી દળે તાજેતરમાં અમદાવાદ શહેરમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવાનું કાવતરુ પકડી પાડેલ હોવાની હકિક્ત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો આ કેસના આરોપીઓ કોણ કોણ છે, અને

(૩) તેઓ પાસેથી ક્યો ક્યો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) જી.હા.

(૨) ૧. નુરૂદ્દીન ઉર્ફે નઈમ કમરૂદ્દીન શેખ
૨. પીર અલી ઉર્ફે અબ્દુલ મોહમદ સાકીર શેખ
૩. મહમદ જુનેદ સમસુદ્દીન સૈયદ મુસલમાન
૪. હારીશ શકીલ અહેમદ અન્સારી
૫. જાહીદખાન ઉર્ફે મુલ્લા અબ્દુલ ક્યુમખાન પઠાણ
૬. અલ્તાફ હુશેન મહંમદ હુશેન શેખ

(૩) પિસ્તોલ નંગ-૪, મેગજીન-૧, કારતુસ-૩૨ અને વેસ્પા કંપનીનું સ્કુટર-૧

-----------

## પીપાવાવ પોર્ટને બંદરની કામગીરી માટે અપાયેલ બાલાર્ડ પુલટગના ભાડાની બાકી રકમ

૧૬૬૪૨**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ પીપાવાવ પોર્ટને બંદરની કામગીરી માટે અપાયેલ બાલાર્ડ પુલટગના ભાડાની મોટી રકમ ઘણા લાંબા સમયથી બાકી રહે છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો બાકી રહેતી રકમ કેટલા સમયથી બાકી છે, અને તે કેટલી છે, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રકમ વસુલ લેવા માટે શી કાર્યવાહી થયેલ છે, અને કેટલા સમયમાં વસુલાત થશે ? | |

-----------

## ભૂકંપ દરમિયાન ધ્વંસ થયેલ પોલીસ સ્ટેશન તથા ડી. વાય.એસ.પી. કચેરીના મકાનનું બાંધકામ

૧૬૪૫૯**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છમાં અંજાર ખાતે ભૂકંપ દરમ્યાન ધ્વંસ થયેલા પોલીસ સ્ટેશન તથા પૂર્વ વિભાગના ડી.વાય.એસ.પી. ની કચેરીના મકાનનું બાંધકામ શરૂ કરવા માટે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ એજન્સી નક્કી થયેલ છે, કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૨) જેમ બને તેમ વેળાસર. |

-----------

## તાત્કાલિક વીજ જોડાણ યોજના હેઠળ આવેલ ઉત્તર ગુજરાતની જિલ્લાવાર અરજીઓ

૧૬૨૧૫ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઉત્તર ગુજરાતમાં જિલ્લાવાર તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તે પેકી કુલ કેટલી અરજીઓનો નિકાલ કર્યો, અને

(૩) બાકી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવા માંગો છો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : ઉત્તર ગુજરાતમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળની અરજીઓની જિલ્લાવાર વિગતો નીચે મુજબની છે.

| જિલ્લો | આવેલ અરજીઓની સંખ્યા | નિકાલ કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| અમદાવાદ | ૭૦૯ | ૪૨૦ |
| બનાસકાંઠા | ૪૧૮૮ | ૬૭૩ |
| ગાંધીનગર | ૨૦૬ | ૧૫૭ |
| મહેસાણા | ૬૧૧ | ૩૮૧ |
| પાટણ | ૮૪ | ૭૭ |
| સાબરકાંઠા | ૩૧૮૩ | ૧૫૧૫ |
| કુલ.. | ૮૯૮૧ | ૩૨૨૩ |

બાકી અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવાનું આયોજન છે.

-----------

## જ્યોતિગ્રામ યોજના હેઠળ ખેડા જિલ્લાના ગામોનું તાલુકાવાર વીજળીકરણ

૧૬૨૦૪ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ખેડા જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં તાલુકાવાર કેટલા ગામોમાં વીજળીકરણ કરવામાં આવ્યું, અને તે પૈકીના ગામોના પેટાપરાઓનો સમાવેશ થયેલ નથી તે અંગે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં જ્યોતિગ્રામ યોજનામાં સામાવિષ્ટ ગામો અને પેટાપરાઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| અનુ. નં. | તાલુકાનું નામ | જ્યોતિગ્રામ થયેલ ગામોની સંખ્યા | જ્યોતિગ્રામ થયેલ પેટાપરાની સંખ્યા | બાકી પેટા-પરાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | બાલાશિનોર | ૪૬ | ૧૯ | ૧૧૬ |
| ૨ | કપડવંજ | ૧૦૦ | ૧૧૦ | ૯૫ |
| ૩ | કઠલાલ | ૫૯ | ૫૬ | ૭૪ |
| ૪ | ખેડા | ૩૯ | ૩૪ | -- |
| ૫ | મહુધા | ૪૧ | ૨૫ | ૨૨ |
| ૬ | માતર | ૫૫ | ૨૯ | ૦૧ |
| ૭ | મહેમદાવાદ | ૬૫ | ૪૯ | ૧૨ |
| ૮ | નડીયાદ | ૫૯ | ૯૩ | ૭૦ |
| ૯ | ઠાસરા | ૯૫ | ૧૦૩ | ૭૫ |
| ૧૦ | વિરપુર | ૫૨ | ૯૧ | ૪૭ |
| કુલ | | ૬૧૧ | ૬૦૯ | ૫૧૨ |

બાકી રહેલ પેટાપરાઓને એપ્રિલ-૨૦૦૬ સુધીમાં જ્યોતિગ્રામમાં સમાવિષ્ટ કરવાનું આયોજન છે.

-----------

## માથાદીઠ વીજ વપરાશ

૧૬૮૭૩ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષમાં ખેતી, વ્યાપાર ઉદ્યોગ અને રહેઠાણમાં માથાદીઠ કેટલો વીજ વપરાશ વધ્યો કે ઘટ્યો, અને

**જવાબ**

(૧) રાજ્યનો માથાદીઠ વીજ વપરાશ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

| વર્ષ | માથાદીઠ વપરાશ (યુનિટ) |
|---|---|
| ૨૦૦૨-૨૦૦૩ | ૧૨૬૯ |
| ૨૦૦૩-૨૦૦૪ | ૧૨૩૮ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૧૩૨૧ |

છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષમાં ખેતી, વ્યાપાર, ઉદ્યોગ અને રહેઠાણ માટે જુદી જુદી વીજ કંપનીઓમાં વપરાશકાર ગ્રાહક દીઠ વીજ વપરાશની વિગતો યુનિટમાં આ સાથેના પત્રક-અ-માં દર્શાવ્યા મુજબની છે.

**પ્રશ્ન**

(૨) આ વીજ વપરાશ ખેતી, વ્યાપાર ઉદ્યોગો કે રહેઠાણમાં માથાદીઠ વધવા કે ઘટવાના શા કારણો છે ?

**જવાબ**

(૨) વ્યાપાર અને રહેઠાણમાં સરેરાશ ગ્રાહકદીઠ વીજ વપરાશમાં ઉત્તરોત્તર વધારો થઈ રહેલ છે. આ વધારો રાજ્યનો એકંદર વિકાસ, પ્રજાની ખરીદ શક્તિમાં થયેલ વધારો તેમજ જ્યોતિગ્રામ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં સતત ઉપલબ્ધ થતા વીજ પુરવઠાને આભારી છે.

વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૫ માં જુન થી સપ્ટેમ્બર દરમ્યાન સારા પ્રમાણમાં વરસાદને કારણે ખેતીવાડી

ગ્રાહકોમાં વીજ વપરાશ ઓછો થયેલ છે. જ્યારે ૨૦૦૩ ની સરખામણીએ છેલ્લા બે વર્ષમાં ઉદ્યોગોના વપરાશમાં થયેલ ઘટાડો રાજ્યમાં નોંધપાત્ર કેપ્ટીવ પાવર જનરેશનના કારણે થયેલ છે.

**પત્રક - અ**

**ક્રમાંક : ૧ : ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.**

| ગ્રાહક | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
|---|---|---|---|
| ખેતી | ૧૫૦૧૭ | ૧૪૩૬૫ | ૧૪૫૨૦ |
| વ્યાપાર | ૧૨૧૮ | ૧૩૦૦ | ૧૩૫૮ |
| ઉદ્યોગ | ૯૩૫ | ૫૨૯ | ૬૦૯ |
| રહેઠાણ | ૫૭૯ | ૬૦૧ | ૬૨૭ |

**ક્રમાંક : ૨ : ટોરેન્ટ પાવર એ.ઈ.સી. કંપની લિ.**

| ગ્રાહક | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
|---|---|---|---|
| ખેતી | ૩૨૯૫૨ | ૨૩૫૬૮ | ૨૧૮૫૧ |
| વ્યાપાર | ૨૨૬૪ | ૨૩૩૭ | ૨૪૧૦ |
| ઉદ્યોગ | ૨૯૫૦૬ | ૩૧૦૮૭ | ૩૩૦૨૨ |
| રહેઠાણ | ૧૦૩૪ | ૧૦૫૫ | ૧૦૬૯ |

**ક્રમાંક : ૩ : ટોરેન્ટ પાવર એસ.ઈ.સી. કંપની લિ.**

| ગ્રાહક | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
|---|---|---|---|
| ખેતી | ૨૧૪૩ | ૨૧૧૫ | ૨૨૦૧ |
| વ્યાપાર | ૧૮૨૯ | ૧૯૬૪ | ૨૦૧૨ |
| ઉદ્યોગ | ૨૧૯૫૫ | ૨૪૯૪૪ | ૨૪૮૩૯ |
| રહેઠાણ | ૧૦૪૮ | ૧૦૮૩ | ૧૧૪૨ |

-----------

## ભાવનગર જિલ્લામાં તાલુકાવાર પોલીસ ખાતામાં ખાલી જગ્યાઓ

૧૭૨૦૧**ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર સંવર્ગ પ્રમાણે પોલીસ ખાતામાં કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) પત્રક સામેલ છે. |
| (૨) આ જગ્યાઓ ખાલી રહેવાનાં શાં કારણો છે, અને | (૨) ભરતી ન થવાથી. |
| (૩) તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકૂળતાએ. |

**પત્રક**

**ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ખાલી જગ્યાઓની માહિતી**

| અ. નં. | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ પો. ઈ. | પો. સ. ઈ. | હે.કો./એએસઆઈ | પો. કો. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ભાવનગર | -- | -- | ૦૪ | ૦૩ |
| ૨. | ઘોઘા | -- | -- | ૦૩ | ૧૩ |
| ૩. | મહુવા | -- | ૦૨ | -- | ૨૨ |
| ૪. | તળાજા | -- | ૦૧ | ૧૧ | ૨૨ |
| ૫. | બોટાદ | -- | ૦૨ | ૦૩ | ૦૫ |
| ૬. | ગઢડા | -- | -- | ૦૪ | ૦૯ |
| ૭. | વલ્લભીપુર | -- | ૦૧ | ૦૩ | ૧૭ |
| ૮. | ઉમરાળા | -- | -- | ૦૫ | ૦૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯. | પાલીતાણા | ૦૧ | ૦૧ | ૦૨ | ૧૨ |
| ૧૦. | શિહોર | -- | -- | ૦૬ | ૧૯ |
| ૧૧. | ગારિયાધાર | -- | -- | ૦૩ | ૦૫ |

-----------

**અમેરીકન સોફ્ટવેર કંપનીના પાયરેટેડ સોફ્ટવેર બનાવવાનું કૌભાંડ પકડવા અંગે**

૧૬૩૫૨ **શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચે તાજેતરમાં અમેરીકન સોફ્ટવેર કંપનીના પાયરેટેડ સોફ્ટવેર બનાવવાનું કૌભાંડ પકડી પાડેલ હોવાની વાત ખરી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ કૌભાંડમાં કોણ કોણ સંડોવાયેલ છે, અને તેઓ પાસેથી જપ્ત કરાયેલ મુદ્દામાલની વિગત શી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ફોજદારી ગુના અને લાંચ રુશ્વતના કેસમાં પકડાયેલ પોલીસ અમલદારો**

૧૬૫૬૭ડૉ. **જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રાજ્યમાં કેટલા પોલીસ અમલદારો ફોજદારી ગુનામાં અને કેટલા લાંચ રુશ્વતના કેસમાં પકડાયા છે, | (૧) છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રાજ્યમાં ફોજદારી ગુનામાં કુલ-૨૮ પોલીસ અધિકારીઓ અને લાંચના કેસમાં કુલ-૨૧ પોલીસ અધિકારીઓને પકડવામાં આવેલ છે. |
| (૨) પોતાની આવક કરતાં વધુ સંપત્તિ ધરાવતા પોલીસ અમલદારોને શોધી કાઢવા રાજ્ય સરકાર ક્યા પ્રકારની વ્યવસ્થા ધરાવે છે, અને | (૨) પોતાની આવક કરતાં વધુ સંપત્તિ ધરાવતા પોલીસ અમલદારોને જુદા જુદા સ્ત્રોત, જેવા કે ખાનગી સ્ત્રોત અરજદારો, બાતમીદારો, મીડીયા, વર્તમાનપત્રો, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ વિગેરે દ્વારા મળતી માહિતીના આધારે જરૂરી તપાસ હાથ ધરી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ મુજબ ગુનાહીત ગેરવર્તણૂંકનો ગુનો દાખલ કરી જરૂરી તપાસ કરી ન્યાયની કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવે છે. |
| (૩) પોલીસ અમલદારોમાં ભ્રષ્ટાચારને રોકવા રાજ્ય સરકાર કેવા પ્રકારની વ્યવસ્થા ઉભી કરવા માંગે છે ? | (૩) ભ્રષ્ટ અધિકારીઓ/કર્મચારીઓ વિરુધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ના કાયદાની જોગવાઈઓ અંતર્ગત લાંચના છટકા અને ડીકોય છટકાનું આયોજન કરી અસરકારક પરીણામ લક્ષી કામગીરી કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. વીજાણું ઉપકરણોનો પણ ઉપયોગ કરવાની પધ્ધતિ અખત્યાર કરેલ છે. તેમજ અપ્રમાણસર મિલ્કતના કેસો શોધી ભ્રષ્ટાચારને રોકવા કાર્યવાહી કરવામાં આવે છે. |

-----------

**રાજ્યમાં ડ્રીપ ઇરીગેશન યોજના અન્વયે ચૂકવેલ રકમ**

૧૪૯૮૪ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ વર્ષમાં : ૨૦૦૫-૦૬, દરમ્યાન ડ્રીપ ઇરીગેશન યોજનામાં જિલ્લાવાર કુલ કેટલા ખેડૂતોએ લાભ લીધેલ છે, અને

(૨) તે પેટે રાજ્ય સરકારે જિલ્લાવાર કેટલી રકમ સહાય પેટે ચૂકવેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧/૧/૦૬ સુધીમાં રાજ્ય સરકાર દ્વારા ડ્રીપ ઈરીગેશન યોજના અંતર્ગત જિલ્લાવાર ચૂકવાયેલ સહાય તથા લાભાર્થી ખેડૂતોની વિગત પત્રકમાં સામેલ છે.

**પત્રક**

માઈક્રો ઈરીગેશન સીસ્ટમ યોજનાનો તારીખ : ૧-૪-૨૦૦૫ થી ૩૧-૧-૨૦૦૬ સુધી થયેલ પ્રગતિ અંગેનો અહેવાલ

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧/૧/૦૬ સુધીમાં ખેડૂતોના લાભાર્થે મંજૂર કરેલ અરજીઓ સંખ્યા | તા. ૩૧/૧/૦૬ સુધીમાં ચૂકવેલ સહાય રૂપિયા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૩ | ચૂકવણાંની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| ૨ | અમરેલી | ૧૧૫ | ચૂકવણાંની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| ૩ | આણંદ | ૧૦૦ | ૨૪૨૨૮૨૫.૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૪૪૩ | ૨૭૬૩૯૯.૦૦ |
| ૫ | ભરુચ | ૨૪૧ | ૧૬૦૨૧૦૦.૦૦ |
| ૬ | ભાવનગર | ૧૧૨ | ૧૫૩૦૯૦.૦૦ |
| ૭ | દાહોદ | ૨૨ | ૦.૦૦ |
| ૮ | ડાંગ | ૦ | ૦.૦૦ |
| ૯ | ગાંધીનગર | ૧૦૬ | ૫૦૦૬૧૮૦.૦૦ |
| ૧૦ | જામનગર | ૫૩ | ૨૧૫૯૧૫.૦૦ |
| ૧૧ | જુનાગઢ | ૧૦૮૯ | ૮૨૭૫૯૪.૦૦ |
| ૧૨ | ખેડા | ૯૨ | ૭૮૫૦૦૯૦.૦૦ |
| ૧૩ | કચ્છ | ૧૭૯ | ૩૮૦૨૬૫૭.૦૦ |
| ૧૪ | મહેસાણા | ૧૩૧ | ૧૫૭૫૮૦.૦૦ |
| ૧૫ | નર્મદા | ૫૭ | ૧૫૧૭૩૬.૦૦ |
| ૧૬ | નવસારી | ૯૦ | ૮૧૧૪૯૦.૦૦ |
| ૧૭ | પંચમહાલ | ૪ | ચૂકવણાંની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| ૧૮ | પાટણ | ૪૧ | ૧૦૧૭૩૨.૦૦ |
| ૧૯ | પોરબંદર | ૧૬૧ | ૫૧૪૬૮૪.૦૦ |
| ૨૦ | રાજકોટ | ૧૧૬ | ૧૭૮૯૩૫.૦૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૬૧૫ | ૧૬૫૮૭૧૦૬.૦૦ |
| ૨૨ | સુરત | ૩૮૦ | ૪૫૮૫૨૫૫.૦૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૪૦ | ૨૭૨૦૫૨૬.૦૦ |
| ૨૪ | વડોદરા | ૩૧૩ | ૪૪૭૫૩૪૨.૦૦ |
| ૨૫ | વલસાડ | ૧૭૪ | ૨૧૨૭૯૨૮.૦૦ |
| | **કુલ** | **૪૭૮૭** | **૫૪૫૬૯૧૬૪.૦૦** |

----------

**૪૦**

**રાજ્યમાં આવેલ પોલીસ ખાતાના અધિકારી/કર્મચારીઓ માટેની તાલીમ સંસ્થાઓ**

૧૬૩૫૮ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા (ભા.જ.પ.) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ ખાતાના અધિકારી, કર્મચારીઓ માટે કઇ કઇ તાલીમ સંસ્થાઓ આવેલી છે, અને

(૨) આ સંસ્થાઓમાં કઇ કક્ષાના કર્મચારી/અધિકારીને ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) (૧) ગુજરાત પોલીસ એકેડમી, કરાઈ (૨) પોલીસ તાલીમ શાળા, વડોદરા, (૩) પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ તથા (૪) રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર ચોકી (સોરઠ) એમ કુલ ચાર પોલીસ તાલીમ સંસ્થાઓ.

(૨)

૧) ગુજરાત પોલીસ એકેડમી, કરાઈ ખાતે પો.સ.ઈ., ના.પો.અધિ., પ્રોબે. પો.અધિ. નાઓને બેઝીક તાલીમ, ઈન્ડકશન, રીફ્રેશર

તથા કમાન્ડો અને પીએસઓની બેઝીક તથા રીફ્રેશર તાલીમ કોર્ષ (ચેતક કમાન્ડો સહિત).

૨) પોલીસ તાલીમ શાળા, વડોદરા ખાતે બિનહથિયારી પોલીસ કોન્સ્ટેબલની પાયાની તાલીમ (મહિલા પો.કો. સહિત) તથા બિનહથિયારી હે.કો./એએસઆઈ ઈન્ડકશન તેમજ રીફ્રેશર કોર્ષની તાલીમ.

૩) પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ ખાતે હથિયારી પોલીસ કોન્સ્ટેબલની પાયાની તાલીમ તથા હથિયારી હે.કો./એએસઆઈને ઈન્ડકશન તેમજ રીફ્રેશર કોર્ષની તાલીમ

૪) રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર ચોકી (સોરઠ) ખાતે રાજ્ય અનામત પોલીસ દળના પો.કો.ની પાયાની તાલીમ તથા એસઆરપી હે.કો./એએસઆઈને ઈન્ડકશન તેમજ રીફ્રેશર કોર્ષની તાલીમ.

-----------

**દેવાના કારણે આપઘાતના વધેલ કિસ્સા**

૧૬૯૫૭**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (કામરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવાના કારણે રાજ્યમાં આપઘાતનું પ્રમાણ ખૂબ જ મોટા પ્રમાણમાં વધી ગયું છે તે સરકાર જાણે છે, અને | (૧) રાજ્યમાં દેવાના કારણે આપઘાતના બનાવો બનવા પામેલ છે તે હકીકત સાચી છે. પરંતુ દેવાના કારણે તેનું પ્રમાણ ખૂબજ મોટા પ્રમાણમાં વધી ગયું છે તે હકીકત સાચી નથી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર આ માટે શું પગલાં લેવા માંગે છે ? | (૨) લાયસન્સ વગર અને ઉંચા વ્યાજે નાણા ધીરધારનો ધંધો કરતા ઈસમો વિરૂદ્ધ બાતમી મેળવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. આવા બનાવોની ઝીણવટભરી તપાસ કરી કસુરવારો સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. |

-----------

**વડોદરા જિલ્લામાં પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય તપાસ**

૧૬૩૬૧**શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો, વડોદરા જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ? | (૨) ફરજ બજાવતા કુલ ૧૨૨૪ કર્મચારી/ અધિકારીઓ પૈકી ૧૨૧૮ કર્મચારી/ અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

**વર્ગ-૧ માંથી વર્ગ-૧ માં બઢતી આપવા અંગેના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯-૧૦-૦૫ના ઠરાવને કારણે સચિવાલયમાં ઉપ સચિવમાંથી નાયબ સચિવમાં બઢતી આપવાની પ્રક્રિયા સ્થગિત થવા અંગે**

૧૭૩૮૯ **શ્રી બેચરભાઇ વિ. ભાદાણી (લાઠી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાન્ય વહીવટ વિભાગના વર્ગ-૧માંથી વર્ગ-૧માં બઢતી આપવા અંગેના તા. ૨૯-૧૦-૦૫ના ઠરાવના કારણે સચિવાલયમાં ઉપસચિવમાંથી નાયબ સચિવમાં બઢતી આપવાની પ્રક્રિયા સ્થગિત થઇ ગઇ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ ઠરાવને સરકાર રદ કરવા કે સ્થગિત કરવા કે ફેરફાર કરવા વિચારે છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો તેની વિગતો શી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રાજ્યમાં ઉત્પાદિત ક્રુડ ઓઇલ ઉપર કેન્દ્ર દ્વારા મળતી રોયલ્ટી**

૧૬૨૦૬ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેન્દ્ર સરકાર રાજ્યમાં ઉત્પાદિત ક્રુડ ઓઇલ ઉપર ક્યા દરે રોયલ્ટી આપે છે, | (૧) ન્યુ એક્સપ્લોરેશન, લાયસન્સીંગ પોલિસી પહેલા નોમીનેશનના ધોરણે જમીન ઉપર મંજૂર કરેલ માઈનીંગ લીઝ અંતર્ગત ક્રુડ ઓઈલ રોયલ્ટી આંતરરાષ્ટ્રીય ભાવના આધારે નક્કી કરેલ વેલહેડ કિંમતના ૨૦ ટકાના દરે મળે છે. જ્યારે ન્યુ એક્સપ્લોરેશન, લાયસન્સીંગ અંતર્ગત ફાળવેલ ઓઈલ ક્ષેત્રોમાંથી નીકળતા ક્રુડ ઓઈલ પર ૧૨.૫ ટકાના દરે રોયલ્ટી મળવાપાત્ર છે. |
| (૨) આ દર ક્યારે નકકી કરવામાં આવ્યો, અને | (૨) ભારત સરકારના પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયના તા. ૧૭-૩-૨૦૦૩ના ઠરાવથી રોયલ્ટીના દરની નીતિ નક્કી થયેલ છે. |
| (૩) ક્રુડ રોયલ્ટી વધારવા રાજ્ય સરકારે કેન્દ્ર સમક્ષ ક્યારે ક્યારે રજુઆતો છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં કરી ? | (૩) આંતરરાષ્ટ્રીય ભાવના આધારે ક્રુડ ઓઈલ રોયલ્ટી મળતી હોઈ હવે રજુઆત કરવાનો પ્રશ્ન નથી. |

-----------

**રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને આપવામાં આવતી ફોરેન્સીક સહાયતા**

૧૬૩૫૯ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેલેન્ડર વર્ષ ૨૦૦૫ માં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવેલ છે ? | (૨) |

| અ.નં. | રાજ્યનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | નવી દિલ્હી | ૧૭ |
| ૨. | ઉત્તરપ્રદેશ | ૩ |
| ૩. | આંધ્રપ્રદેશ | ૧ |
| ૪. | રાજસ્થાન | ૧ |
| ૫. | મહારાષ્ટ્ર | ૨ |
| ૬. | પમિ બંગાળ | ૨ |

| | | |
|---|---|---|
| ૭. | (કેન્દ્ર શાસિત) દમણ/ સેલવાસ દીવ/ચંદીગઢ | ૮૨ |
| ૮. | જમ્મુ-કાશ્મીર | ૧ |
| | **કુલ.** | **૧૦૯** |

-----------

## સુરત જિલ્લાના પોલીસ અધિકારી/કર્મચારીઓના આરોગ્યની તપાસ

૧૬૩૬૩ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકિક્ત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સુરત જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/ અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ? | (૨) ફરજ બજાવતા કુલ ૧૦૦૧ કર્મચારી/ અધિકારીઓ પૈકી ૮૫૨ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-----------

## ઓ.એન.જી.સી.ના કાચા તેલની ચોરીના કૌભાંડ પકડવા બાબત

૧૬૩૫૩ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના આંતકવાદ વિરોધી દળે ઓ.એન.જી.સી. ના કાચા તેલની મોટા પ્રમાણમાં ચોરીના કેલેન્ડર વર્ષ-૨૦૦૫માં કેટલા કૌભાંડો પકડી પાડેલ છે, | (૧) એક |
| (૨) આ કૌભાંડોમાં કોણ કોણ સંડોવાયેલ છે, અને | (૨)<br>૧. દિપક ચંદ્રકાંત શાહ, આણંદ<br>૨. જગદીશ કુમાર નાથાલાલ શાહ, આણંદ<br>૩. જાહીદખાન માજીદખાન પઠાણ, ચાંદખેડા, ગાંધીનગર.<br>૪. ધનજીભાઈ જેઠાજી રાઠોડ, કુબેરનગર, અમદાવાદ.<br>૫. કાળુસિંહ શ્રીલક્ષ્મીસિંહ રાજપુત, જેઠીપુરા, ગાંધીનગર.<br>૬. સીરાજ અહેમદ અસફાક હુસેન મનસુરી, દુધેશ્વર, અમદાવાદ.<br>૭. પેથાજી ધનાજી રાઠોડ, કુબેરનગર, અમદાવાદ<br>૮. અલ્પેશ પ્રહલાદભાઈ પટેલ, શાહીબાગ, અમદાવાદ.<br>૯. અરવિંદ નીહાલચંદ જૈન, સેટેલાઈટ, અમદાવાદ.<br>૧૦. નવીન ઉર્ફે બન્ટી અરવિંદભાઈ જૈન, સેટેલાઈટ, અમદાવાદ<br>૧૧. રાજુ ઉર્ફે પ્રભુભાઈ વલ્લભભાઈ દક્ષીણી, સુરેન્દ્રનગર.<br>૧૨. મનીષ ભુપેન્દ્રભાઈ શાહ, રહે. થાનગઢ દરબાર શેરી, તા. ચોટીલા, સુરેન્દ્રનગર.<br>૧૩. નરેન્દ્ર બુધાલાલ જૈન, મેમનગર, અમદાવાદ. |

૧૪. સત્તુસિંહ સવાસિંહ, ચાંદખેડા, ગાંધીનગર.
૧૫. કિશનસિંહ માલસિંહ શેખાવત, ચાંદખેડા, ગાંધીનગર.

(૩) આ કૌભાંડોમાં કેટલી રકમના તેલની ચોરી કરવામાં આવી છે ?

(૩) રૂા. ૪,૨૦,૦૦૦/- ના ઓઈલની ચોરી કરવામાં આવી હતી. જે ઓ.એન.જી.સી.ને પરત કરવામાં આવેલ છે.

-----------

**ભાવનગરથી મુંબઇ અને સુરતને જોડતી દરીયાઇ મુસાફરી અંગેનું આયોજન**

૧૭૦૪૭ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગરથી મુંબઇ અને સુરતને જોડતી દરીયાઇ મુસાફરી માટેની અનુકૂળતા છે કે કેમ, અને

(૨) રાજ્ય સરકારે આ રુટ પર મુસાફરો માટે કોઇ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) બાબત વિચારણા હેઠળ છે.

-----------

**બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ એટ્રોસીટીના ગુનાઓ**

૧૬૭૩૪ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં એટ્રોસીટી એક્ટ હેઠળ કેટલા ગુનાઓ નોંધવામાં આવ્યા છે,

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **તા.૧/૪/૦૪થી તા.૩૧/૩/૦૫ સુધી નોંધાયેલ ગુના** | **તા.૧/૪/૦૫થી તા.૩૧/૩/૦૬ સુધી નોંધાયેલ ગુના** |
|---|---|---|
| પાલનપુર | ૧૩ | ૧૫ |
| વડગામ | ૧૨ | ૦૭ |
| દાંતા | ૦૮ | ૦૪ |
| ડીસા | ૧૭ | ૨૫ |
| ધાનેરા | -- | ૦૩ |
| દાંતીવાડા | ૦૯ | ૦૫ |
| થરાદ | ૧૨ | ૦૩ |
| વાવ | ૧૦ | ૧૧ |
| ભાભર | ૦૩ | ૦૩ |
| દિયોદર | ૦૫ | ૦૬ |
| કાંકરેજ | ૦૮ | ૦૬ |
| અમીરગઢ | ૦૫ | ૦૧ |
| **કુલ** | **૧૦૨** | **૮૯** |

(૨) ફરિયાદ કરવા છતાં સમયસર ગુનાઓ નોંધવામાં ન આવ્યા હોય તેવા કેટલા કેસો છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કેટલા ગુનાઓમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, અને

(૩) ૧૭૫

(૪) કેટલા કેસોમાં આરોપીઓ નિર્દોષ છૂટી ગયા છે અને કેટલા કેસોમાં સજા થઇ છે ?

(૪) એક કેસમાં સજા થઈ છે. બાકીના કેસો કોર્ટમાં પેન્ડીંગ છે.

## નર્મદા યોજના પાછળ થયેલ ખર્ચ

૧૬૫૬૪ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં નર્મદા યોજના પાછળ કેટલો કેટલો ખર્ચ કરવાનું બજેટમાં પ્રતિવર્ષ આયોજન હતું,

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ સને ૨૦૦૪-૦૫ અને સને ૨૦૦૫-૦૬માં નર્મદા યોજના પાછળ નીચે મુજબનું ખર્ચ કરવાનું બજેટમાં આયોજન કરેલ હતું.

(રૂપિયા કરોડમાં)

| અ.નં. | નાણાંકીય વર્ષ | કુલ જોગવાઈ |
|---|---|---|
| ૧ | ૨૦૦૪-૦૫ | ૧૨૯૯.૪૦(સુધારેલ અંદાજ) |
| ૨ | ૨૦૦૫-૦૬ | ૧૮૨૦.૫૫(સુધારેલ અંદાજ) |

**પ્રશ્ન**

(૨) જે તે વર્ષના આયોજન સામે જે તે વર્ષમાં કુલ કેટલી રકમ નર્મદા મુખ્ય બંધ સાઇટમાં અને કેટલી રકમ કેનાલ પાછળ ખર્ચવામાં આવી,

**જવાબ**

(૨) નર્મદા યોજના પાછળ વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન (તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં) થયેલ કુલ ખર્ચ અનુક્રમે રૂા. ૨૧૭૧.૯૬ કરોડ અને રૂા. ૧૭૧૫.૦૬ કરોડ હતો. જે પૈકી મુખ્ય બંધ અને નહેરો ઉપર થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(રૂપિયા કરોડમાં)

| અ. નં. | વિગત | નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ | નાણાંકિય વર્ષ ૨૦૦૫-૦૬ (તા.૩૧-૧૨-૦૫ સુધી) |
|---|---|---|---|
| (૧) | મુખ્ય બંધ | ૫૧૮.૮૧ | ૨૩૨.૦૫ |
| (૨) | મુખ્ય નહેરો | ૧૪૩.૯૨ | ૧૬૩.૨૫ |
| (૩) | શાખા અને વિતરણ નહેરો | ૪૪૮.૧૧ | ૫૭૪.૧૧ |
| (૪) | કુલ...... | ૧૧૧૦.૮૪ | ૯૬૯.૪૧ |

**પ્રશ્ન**

(૩) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં પડોશી રાજ્યો પાસેથી નિકળતી કેટલી રકમ નર્મદા સરોવર યોજના માટે બાકી લેવાની ક્યા ક્યા રાજ્યો પાસેથી નિકળે છે ?

**જવાબ**

(૩) નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી નીચેની વિગતે કુલ રૂા. ૨૪૭૬.૮૬ કરોડની રકમ લેણી બાકી નીકળે છે. જેમાં રૂા. ૨૦૮૫.૫૯ કરોડની રકમ વિવાદિત છે અને રૂા. ૩૯૧.૨૭ કરોડની રકમ બિનવિવાદિત છે.

જાન્યુઆરી-૨૦૦૬ના માસિક હિસાબોના એકત્રીકરણની કામગીરી ચાલુ છે, તેથી તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ માહિતી રજુ કરેલ છે.

(રૂપિયા કરોડમાં)

| ક્રમ | રાજ્યનું નામ | બાકી રકમ | વિવાદિત રકમ | બિન વિવાદિત રકમ |
|---|---|---|---|---|
| (૧) | મધ્યપ્રદેશ | ૧૪૫૮.૮૩ | ૧૨૬૯.૭૮ | ૧૮૯.૦૫ |
| (૨) | મહારાષ્ટ્ર | ૮૬૨.૭૨ | ૬૦૧.૪૯ | ૨૬૧.૨૩ |
| (૩) | રાજસ્થાન | ૧૫૫.૩૧ | ૨૧૪.૩૨ | (-) |

| | | | |
|---|---|---|---|
| | | ૫૯.૦૧ | |
| કુલ ...... | ૨૪૭૬.૮૯ | ૨૦૮૫.૫૮ | ૩૯૧.૨<br>૭ |

-----------

**નિયત કરેલ ધોરણો અનુસાર પોલીસ સ્ટેશનોની સંખ્યા**

૧૭૦૦૨ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પોલીસ સ્ટેશનોની સંખ્યા ક્યા ધોરણો અનુસાર નિયત કરવામાં આવી છે, | (૧) ગૃહ વિભાગના તા. ૨૩-૧-૧૯૬૦ના ઠરાવ ક્રમાંક : પીઆરએસ-૫૩૫૯-૫૭-વ અનુસાર |
| (૨) આ નિયત ધોરણો અનુસાર તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા પોલીસ સ્ટેશનો છે, અને | (૨) ૪૬૯ |
| (૩) જો નિયત ધોરણ અનુસાર ના હોય તો નવા પોલીસ સ્ટેશન ખોલવા માટે સરકારનું શું આયોજન છે ? | (૩) જે તે વિસ્તારના વિશિષ્ટ સંજોગો, જરૂરીયાત અને ગુણદોષના આધારે નવા પોલીસ સ્ટેશનો ખોલવા વિચારણા કરવામાં આવે છે. |

-----------

**સાગબારા, દેડિયાપાડા અને નાંદોદ તાલુકામાં આવેલ ક્વોરીઓ**

૧૬૯૫૫શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ નર્મદા જિલ્લાના સાગબારા, દેડિયાપાડા અને નાંદોદ તાલુકામાં કેટલી ક્વોરી આવેલ છે, | (૧) તાલુકાવાર ક્વોરીલીઝની વિગતો નીચે મુજબ છે.<br>સાગબારા - ૧<br>દેડિયાપાડા - ૨<br>નાંદોદ - ૨૫ |
| (૨) આ ક્વોરીના યુનિટોને કાયમી પરવાના આપવામાં આવેલ છે કે કેમ, | (૨) ક્વોરી લીઝમાં કાયમી પરવાના આપવામાં આવતા નથી પરંતુ ગુજરાત ગોણ ખનિજ નિયમો, ૧૯૬૬ની જોગવાઈઓ હેઠળ બ્લેકટ્રેપ ક્વોરી લીઝ ૧૦ વર્ષ માટે, બિલ્ડીંગ સ્ટોનની ક્વોરી લીઝ ૫ વર્ષ માટે અને ગ્રેવલની ક્વોરી લીઝ ૩ વર્ષની મુદત માટે મંજુર કરવામાં આવે છે. |
| (૩) શરતી પરવાના આપવામાં આવ્યો હોય તો તે ક્વોરી યુનિટ દીઠ આવી શરતોનું પૂરેપૂરું પાલન થાય છે કે કેમ, અને | (૩) અમુક કિસ્સાઓમાં ક્વોરીલીઝના કરારખતની શરતોનો ભંગ થતો હોવાનું ધ્યાન પર આવેલ છે. |
| (૪) જો ના, તો તેમની સામે શી કાર્યવાહી કરવામાં આવી છે કે કરવા માંગો છો ? | (૪) ૧૭ પટ્ટેદારોને કરારખત ભંગ માટે કારણદર્શક નોટીસો આપવામાં આવેલ છે અને ૨ કેસોમાં કરારખત શરતભંગ માટે પટ્ટેદારોને રૂા. ૫૦૦/- લેખે દંડ કરવામાં આવેલ છે. |

**વડોદરા જિલ્લાના અનુસૂચિત જાતિ, અને જનજાતિના લોકો પર અત્યાચારના બનાવો**

૧૬૪૬૦ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં અનુસૂચિત જાતિ જનજાતિના લોકો પર અત્યાચારના કેટલા બનાવો બન્યા, | (૧) ૧૦૧ |
| (૨) આ અત્યાચારો વડોદરા જિલ્લાના ક્યા પોલીસ સ્ટેશનમાં નોંધાયા, | (૨) ૧. વડોદરા તાલુકા<br>૨. કરજણ |

૩. વરણામા
૪. શિનોર
૫. સાવલી
૬. ભાદરવા
૭. પાન્ડુ
૮. પાદરા
૯. વાઘોડીયા
૧૦. સંખેડા
૧૧. બોડેલી
૧૨. નસવાડી
૧૩. ડભોઈ
૧૪. છોટાઉદેપુર
૧૫. ક્વાંટ
૧૬. રંગપુર
૧૭. જેતપુર
૧૮. કરાલી

(૩) તેમાંથી કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી, અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩) ૩૨૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી અને પાંચ આરોપી પકડવાના બાકી છે.

(૪) હજુ સુધી ધરપકડ નહિ કરવાના કારણો શું ?

(૪) આ કામે ફરિયાદીએ આવેશમાં આવી ફરિયાદ કરેલ હોવા અંગે સોગંદનામુ કરેલ અને તેમાં આવો કોઈ બનાવ બનેલ ન હોવાનું સોગંદનામામાં જણાવેલ હોઈ ગુનાની તપાસ આખરી કરવા ઉપર બાકી છે જે કારણે ધરપકડ કરવામાં આવેલ નથી.

-----------

## લતીફ ગેંગના અને ટાડામાં સંડોવાયેલા આરોપીઓની ધરપકડ

૧૬૩૫૦**શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચે લતીફ ગેંગના અને ટાડામાં સંડોવાયેલા કેટલા આરોપીઓને વર્ષ ૨૦૦૫ અને જાન્યુઆરી ૨૦૦૬માં પકડી પાડેલ છે, અને

(૨) આ આરોપીઓ કોણ કોણ છે, અને તેઓ કેવા પ્રકારના ગુન્હામાં સંડોવાયેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૫ - ૩
વર્ષ ૨૦૦૬ - ૦

(૨) આરોપીઓ :
૧. મહંમદ ઈકબાલ અબ્દુલસલીમ ઘોરી
૨. સિરાજુદ્દિન મોયુદ્દિન સૈયદ
૩. નોશાદઅલી દિલદારઅલી સૈયદ

ગેરકાયદેસર હથિયારો અને દારૂગોળા/સ્ફોટક પદાર્થોની હેરાફેરી તેમજ ત્રાસવાદ પ્રવૃત્તિના ગુનામાં સંડોવાયેલ છે.

-----------

## રોયલ્ટીની રકમ જિલ્લા પંચાયતોમાં આપવા અંગે

૧૭૮૫૯**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા કઇ કઇ રોયલ્ટીની રકમ જિલ્લા પંચાયતોને આપવામાં આવી છે,

**જવાબ**

(૧) રાજ્ય સરકાર ધ્વારા રેતી, કંકર અને ગ્રેવલ ગોણ ખનીજો પર મળતી રોયલ્ટી અને ડેડરેન્ટની આવકમાંથી ૫ ટકા વહીવટી ખર્ચ કાપી ૯૫ ટકા રકમ અનુદાન પેટે જિલ્લા પંચાયતોને આપવામાં આવે છે.

(૨) ડીસે-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમ કઇ કઇ જિલ્લા પંચાયતોને ચૂકવવામાં આવી , અને

(૩) ડીસે-૨૦૦૫ની સ્થિતિએ જિલ્લાવાર કેટલી રોયલ્ટીની રકમ ચૂકવણી બાકી છે ?

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લા પંચાયતોને અનુદાન પેટે કુલ રૂા. ૨૦૯૫.૫૯ લાખ રૂપિયા ચૂકવવામાં આવેલ છે. જિલ્લાવાર તથા વર્ષવાર ચૂકવણીની વિગત આ સાથે પત્રકમાં દર્શાવેલ છે.

(૩) ડીસેમ્બર-૦૫ની સ્થિતિએ જિલ્લાવાર નીચે મુજબ રોયલ્ટીની રકમ ચૂકવવાની બાકી છે.

| **જિલ્લાનું નામ** | **રકમ (રૂા. લાખમાં)** |
|---|---|
| બનાસકાંઠા | ૨૨.૮૦ |
| દાહોદ | ૧૦.૮૯ |
| ખેડા | ૦૯.૩૧ |
| સુરત | ૨૪૧.૫૧ |
| સાબરકાંઠા | ૩૪.૧૬ |
| સુરેન્દ્રનગર | ૩૯.૬૪ |
| **કુલ..** | **૩૫૮.૦૧** |

**પત્રક**

**ડીસેમ્બર-૨૦૦૫ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લા પંચાયતોને ફાળવવામા આવેલ અનુદાનની માહિતી દર્શાવતું પત્રક**

| ક્રમ | જિલ્લા પંચાયતોનું નામ | વર્ષ ૨૦૦૩-૦૪ (રૂા. લાખમાં) | વર્ષ ૨૦૦૪-૦૫ (રૂા. લાખમાં) | ચાલુ વર્ષ૨૦૦૫-૦૬ (ડીસે.-૦૫ સુધી) (રૂા. લાખમાં) | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૮.૫૮ | ૧૯.૨૫ | ૭.૮૯ | ૫૫.૭૨ |
| ૨ | અમરેલી | ૪.૦૯ | ૩.૮૦ | ૭.૨૫ | ૧૫.૧૪ |
| ૩ | બનાસકાંઠા | ૨૭.૨૦ | ૧૧.૧૦ | ૦ | ૩૮.૩૦ |
| ૪ | વડોદરા | ૦ | ૩૯૯.૯૬ | ૧૮૪.૩૮ | ૫૮૪.૩૪ |
| ૫ | ભાવનગર | ૯.૧૮ | ૫.૦૫ | ૧.૭૬ | ૧૫.૯૯ |
| ૬ | ભરૂચ | ૦ | ૯૨.૫૯ | ૩૨.૮૨ | ૧૨૫.૪૧ |
| ૭ | નર્મદા | ૦ | ૦.૨૧ | ૨૭.૯૫ | ૨૮.૧૬ |
| ૮ | વલસાડ | ૧૮.૨૫ | ૭.૦૨ | ૧૭.૦૫ | ૪૨.૩૨ |
| ૯ | નવસારી | ૨૮.૯૭ | ૬૨.૩૯ | ૩૯.૭૯ | ૧૩૧.૧૫ |
| ૧૦ | ગોધરા | ૫૯.૯૭ | ૧૪૮.૭૮ | ૫૨.૩૭ | ૨૬૧.૧૨ |
| ૧૧ | દાહોદ | ૦ | ૨૦.૮૦ | ૦ | ૨૦.૮૦ |
| ૧૨ | જામનગર | ૫૪.૪૧ | ૨૨.૭૪ | ૨૮.૪૬ | ૧૦૫.૬૧ |
| ૧૩ | જુનાગઢ | ૦ | ૧૦.૧૪ | ૭.૩૧ | ૧૭.૪૫ |
| ૧૪ | પોરબંદર | ૦ | ૯.૦૭ | ૪.૧૬ | ૧૩.૨૩ |
| ૧૫ | ખેડા | ૧૧.૮૯ | ૧૮.૦૭ | ૦ | ૨૯.૯૬ |
| ૧૬ | આણંદ | ૧૮.૧૨ | ૨૦.૩૪ | ૭.૮૫ | ૪૬.૩૧ |
| ૧૭ | કચ્છ | ૦ | ૫૧.૯૫ | ૩૧.૦૭ | ૮૩.૦૨ |
| ૧૮ | મહેસાણા | ૯.૬૯ | ૮.૩૧ | ૧૨.૬૮ | ૩૦.૬૮ |
| ૧૯ | પાટણ | ૧.૭૫ | ૦.૬૮ | ૦ | ૨.૪૩ |
| ૨૦ | રાજકોટ | ૭.૨૮ | ૯.૧૫ | ૧૪.૩૭ | ૩૦.૮૦ |
| ૨૧ | સુરત | ૯૯.૨૧ | ૦ | ૦ | ૯૯.૨૧ |
| ૨૨ | સાબરકાંઠા | ૨૩.૫૧ | ૨૫.૮૯ | ૦ | ૪૯.૪૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૦ | ૫૨.૮૧ | ૦ | ૫૨.૮૧ |
| ૨૪ | ગાંધીનગર | ૦ | ૦ | ૨૧૬.૨૩ | ૨૧૬.૨૩ |
| | **કુલ** | **૪૦૨.૧૦** | **૧૦૦૦.૧૦** | **૬૯૩.૩૯** | **૨૦૯૫.૫૯** |

-----------

## જીપ-છકડામાં ગેરકાયદેસર રીતે પેસેન્જરોની હેરાફેરી

૧૬૪૬૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં જીપ-છકડો રીક્ષામાં ગેરકાયદેસર પેસેન્જરોની હેરાફેરી કરે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં કેટલાં કેસો કર્યા, કેટલો દંડ

**જવાબ**

(૧) વાહન વ્યવહાર અને પોલીસ ખાતાના ચેકીંગ દરમિયાન આ વિગતો ધ્યાન ઉપર આવેલ છે.

(૨) છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં કુલ : ૫૮૫ કેસોમાં રૂા. ૬,૧૬,૫૯૮/-ની રકમ દંડ પેટે વસૂલ

ક્યાં, અને

(૩) આ બદી અટકાવવા સરકારનું શું આયોજન છે ?

કરેલ છે.

(૩) વાહન વ્યવહાર ખાતાના ચેકીંગ અધિકારીઓ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના ચેકીંગ અધિકારીઓ તથા પોલીસ ખાતાના અધિકારીઓ સાથે સંકલન કરી સંયુક્ત ચેકીંગ કરવામાં આવે છે અને કસૂરવારો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવેલ છે.

-----------

**નર્મદા સરોવરના ખર્ચ પેટેની અન્ય રાજ્યો પાસેથી લેવાની બાકી રકમ**

૧૬૨૧૮**શ્રી જયંતિલાલ ર. કવાડિયા (હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા સરોવરના ખર્ચ પેટેની અન્ય રાજ્યો પાસે લેણી રકમ નીકળે છે તે વાત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યા રાજ્ય પાસે કેટલી રકમ જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ બાકી છે,

(૨) નર્મદા યોજનામાં ભાગીદાર રાજ્યો પાસેથી નીચેની વિગતે રૂા. ૨૪૭૬.૮૬ કરોડની રકમ બાકી છે, જેમાં રૂા. ૨૦૮૫.૫૯ કરોડની રકમ વિવાદિત છે. અને રૂા. ૩૯૧.૨૭ કરોડની રકમ બિન વિવાદિત છે. જાન્યુઆરી-૨૦૦૬ના માસિક હિસાબોની એકત્રીકરણની કામગીરી ચાલુ છે. તેથી તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ માહિતિ રજુ કરેલ છે.

(રૂપિયા કરોડમાં)

| ક્રમ | રાજ્યનું નામ | બાકી રકમ | વિવાદિત રકમ | બિન વિવાદિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૧૪૫૮.૮૩ | ૧૨૬૯.૭૮ | ૧૮૯.૦૫ |
| ૨ | મહારાષ્ટ્ર | ૮૬૨.૭૨ | ૬૦૧.૪૯ | ૨૬૧.૨૩ |
| ૩ | રાજસ્થાન | ૧૫૫.૩૧ | ૨૧૪.૩૨ | (-)૫૯.૦૧ |
| | કુલ | ૨૪૭૬.૮૬ | ૨૦૮૫.૫૯ | ૩૯૧.૨૭ |

(૩) તા. ૩૧-૧-૦૬ સુધીમાં ક્યા રાજ્યે કેટલી રકમ ચુકવી, અને

(૩) તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં સાથી રાજ્યોએ નીચેની વિગતે કુલ રૂા. ૨૮૨૪.૩૪ કરોડની રકમ ચુકવેલ છે. (રૂા. કરોડમાં)

| ક્રમ | ભાગીદાર રાજ્યોનું નામ | ચૂકવેલ રકમ |
|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૧૫૯૪.૦૦ |
| ૨ | મહારાષ્ટ્ર | ૫૮૩.૩૯ |
| ૩ | રાજસ્થાન | ૬૪૬.૯૫ |
| | કુલ રકમ... | ૨૭૨૪.૩૪ |

(૪) બાકી રહેતી રકમની વસુલાત માટે શું આયોજન છે ?

(૪) બાકી રહેતી વસુલાત મેળવવા માટે દર માસે સંબધિત રાજ્યોને પત્રો લખવામાં આવે છે. સચિવશ્રી (નર્મદા) કક્ષાએથી તા. ૬-૧૨-૨૦૦૫ના પત્રથી ભાગીદાર રાજ્યોને બાકી શેરફાળાની રકમો ચુકવવા માટે વિનંતી કરવામાં આવેલ છે. સરદાર સરોવર કંસ્ટ્રકશન એડવાઈઝરી કમિટિની મીટીંગ નં. ૭૨ (તા. ૧૬-૫-૨૦૦૫)માં પણ આ બાબત અંગે જરૂરી રજુઆત કરવામાં આવેલ છે. સરકારના પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓની કેન્દ્ર સરકારની વિવિધ કક્ષાની મુલાકાતો વખતે પણ આ અંગે ચર્ચા કરવામાં આવે છે.

-----------

**ગુજરાત વિદ્યુત બોર્ડનું અલગ અલગ નિગમોમાં વિભાજન કરવાના કારણો**

૧૭૦૫૪ **શ્રી જશવંતસિંહ સોલંકી (સારસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત વિદ્યુત બોર્ડનું અલગ-અલગ નિગમોમાં વિભાજન કરવાના રાજ્ય સરકારના પાયાના કારણો શું છે, અને

**જવાબ**

(૧) ગુજરાત વિદ્યુત બોર્ડનું અલગ-અલગ કંપનીઓમાં વિભાજન કરવાના પાયાના કારણો નીચે મુજબ છે,

૧. ગુજરાત વીજ ઉદ્યોગ (પુનઃગઠન અને નિયમન) ધારા, ૨૦૦૩ અને કેન્દ્ર સરકારના ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ અન્વયે સૂચવેલ માળખાકીય ફેરફારોના અમલીકરણ માટે.

૨. ગ્રાહકોને વધુ સારી સેવા આપવા માટે

૩. સત્તાનું વિકેન્દ્રીકરણ અને જવાબદારીની સભાનતા કેળવવા.

૪. તમામ ક્ષેત્રમાં રોકાણકારોને આકર્ષવા માટે

૫. કોર્પોરેટ શિસ્ત અને વલણ અપનાવવા માટે

૬. ગુજરાત વિદ્યુત બોર્ડને નાના પરંતુ કાર્યક્ષમ એકમમાં તબદીલ કરી કામગીરી અને વહીવટમાં સુધારો કરવા માટે.

૭. વીજક્ષેત્રમાં આવનાર હરીફાઈ સામે ટકી રહેવા માટે.

૮. કાયદાની જોગવાઈઓ પ્રમાણે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ ધ્વારા વીજળીની લે-વેચ શક્ય બને, તે માટે

૯. ગુજરાત વિદ્યુત બોર્ડની બગડતી જતી આર્થિક પરિસ્થિતિને અટકાવવા માટે.

૧૦. નવા પરિવર્તનો સાથે અસરકારક રીતે તાલ મિલાવી, વીજળીની કામગીરીમાં વ્યવસાયિક સ્તર પ્રાપ્ત કરી, રાજ્યના આર્થિક વિકાસને પ્રોત્સાહિત કરવા માટે.

(૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ વિભાજન થયેલ કંપનીઓને રાજ્ય સરકારે શી નાણાકીય મદદ કરી ?

(૨) ગુજરાત વિદ્યુત બોર્ડમાંથી વિભાજીત થયેલ કંપનીઓ માટે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડને રાજ્ય સરકારે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નીચે મુજબની સબસીડી ધ્વારા નાણાકીય મદદ કરી છે :

(રૂા. કરોડમાં)

| | |
|---|---|
| કૃષિ વિષયક સબસીડી | ૪૫૦.૦૦ |
| પૂર રાહત સહાય | ૫૦.૦૦ |
| વીજદર રાહત સબસીડી | ૩૦૦.૦૦ |
| વારીગૃહ સબસીડી | ૬૬.૬૫ |
| ફ્યુઅલ પ્રાઈસ એન્ડ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટ સબસીડી | ૩૩.૪૧ |

તદઉપરાંત વિવિધ વિભાજીત કંપનીઓ માટે રાજ્ય સરકારે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડને તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નીચે મુજબની યોજનાઓ માટે ગ્રાન્ટ આપી નાણાકીય મદદ કરી છે.

(રૂા. કરોડમાં)

| | |
|---|---|
| ઝુંપડપટ્ટીનું વીજળીકરણ | ૧.૯૬ |
| જ્યોતિગ્રામ યોજના | ૧૯૧.૪૫ |
| કુટિર જ્યોતિ યોજના | ૧.૭૪ |
| આદિજાતિ વિસ્તાર પેટા યોજના કુવા અને પેટા પરાં | ૨૦.૭૫ |
| આદિજાતિ વિસ્તાર પેટા યોજના સબસ્ટેશનો | ૧૮.૦૫ |
| અનુસુચિત જાતિ વિસ્તારોનું વીજળીકરણ | ૦.૬૨ |
| ઉર્જા સંરક્ષણ | ૨૫.૬૨ |
| સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ વીજળીકરણ | ૧.૧૨ |

તદઉપરાંત ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડના ફાયનાન્સીયલ રીસ્ટ્રક્ચરીંગ પ્લાન (FRP) ને રાજ્ય સરકાર ધ્વારા તા. ૬-૧-૨૦૦૬ના ઠરાવથી મંજૂરી આપવામાં આવેલ છે, જે અનુસાર નીચે મુજબ નાણાકીય મદદ કરવાનું ઠરાવવામાં આવેલ છે. :-

(૧) કેન્દ્રીય જાહેર સાહસોને ગુજરાત વિદ્યુત બોર્ડ વતી રાજ્ય સરકારે આપેલ રૂા. ૧૬૨૮.૭૧૨ કરોડના બોન્ડની વ્યાજ સહિતની જવાબદારી તા. ૧-૪-૨૦૦૫થી રાજ્ય સરકાર સંભાળી લેશે.

(૨) ગુજરાત વિદ્યુત બોર્ડ પાસે રાજ્ય સરકારની લ્હેણી રહેતી રૂા.૬૨૩ કરોડની લોનને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડમાં રાજ્ય સરકારના મૂડીરોકાણ તરીકે તબદીલ કરવામાં આવશે.

(૩) ગુજરાત વિદ્યુત બોર્ડ પાસે રાજ્ય સરકારની લ્હેણી રહેતી રૂા. ૮૪૨ કરોડની લોન ઉપરનું વ્યાજ વર્ષ ૨૦૦૫-૦૬ થી ૨૦૧૦-૧૧ સુધીના ૬ વર્ષના ગાળા દરમ્યાન મુલત્વી રાખીને ૨૦૧૦-૧૧ પછી વસુલ કરવામાં આવશે.

(૪) વર્ષ ૨૦૦૫-૦૬ થી ૨૦૧૦-૧૧ સુધીના ગાળા દરમ્યાન દર વર્ષે રૂા.૨૫૦ કરોડ કેપીટલ ગ્રાન્ટના સ્વરૂપમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.

(૫) જ્યોતિ ગ્રામ યોજનાનો અમલ સફળતાપૂર્વક રાજ્યના ૯૫% ગામોમાં થાય અને કૃષિ ક્ષેત્રનો ખરેખર વીજ વપરાશ જાણી શકાય ત્યાં સુધી કૃષિ વિષયક વીજ વપરાશ માટેની સબસીડીની હાલની મર્યાદા રૂા. ૧૧૦૦ કરોડ ચાલુ રાખવામાં આવશે.

-----------

**જામનગર આર.ટી.ઓ. કચેરીની છેલ્લા ત્રણ વર્ષની આવક**

૧૬૩૬૫**શ્રી કાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની જામનગર આર.ટી.ઓ. કચેરીની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઇ, અને

**જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાની જામનગર આર.ટી.ઓ. કચેરીની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક નીચે મુજબ છે.

| વર્ષ | આવક | |
|---|---|---|
| ૨૦૦૩ | રૂા. ૨૦,૯૫,૫૪,૦૦૦/- | **(વીસ કરોડ પંચાણું લાખ** |

| | | |
|---|---|---|
| | | **પંચાણું લાખ ચોપ્પન હજાર)** |
| ૨૦૦૪ | રૂા. ૨૫,૬૭,૭૫,૦૦૦/- | **(પચ્ચીસ કરોડ સડસઠ લાખ પંચોતેર હજાર)** |
| ૨૦૦૫ | રૂા. ૩૦,૨૬,૯૨,૦૦૦/- | **(ત્રીસ કરોડ છવ્વીસ લાખ બાણું હજાર)** |

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

(૨) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**પોરબંદરના સાગરકાંઠા ઉપર બહારથી હથિયારો લાવનાર ઈજ્જુ શેખની ધરપકડ**

૧૬૩૭૦**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં અંધાધૂંધી ફેલાવવા માટે વલસાડ અને પોરબંદરના સાગરકાંઠા ઉપર બહારથી હથિયારો લાવનાર ઈજ્જુ શેખની પોલીસે ધરપકડ કરી હોવાની હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો આ આરોપી અન્ય ક્યા ક્યા ગુન્હામાં સંડોવાયેલ છે, તેણે રાજ્યમાં કેટલા અને ક્યા ક્યા શસ્ત્રોની ગેરકાયદેસર આયાત કરેલ છે, અને

(૩) તેની સામે શું પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હથિયાર અને દારૂગોળાની હેરાફેરી તેમજ ત્રાસવાદ પ્રવૃત્તિના ગુનામાં સંડોવાયેલ છે.

૧૫૦ જેટલા અતિ આધુનિક હથિયારો જેમાં હેન્ડ ગ્રેનેડ, બોમ્બ તથા પિસ્તોલનો સમાવેશ થાય છે.

(૩) આરોપીની ધરપકડ કર્યા બાદ કાયદેસરની કાર્યવાહી ગતિમાં છે.

-----------

**અમદાવાદ શહેરમાં ગેસની પાઈપ લાઈનનું કામ**

૧૬૩૩૧**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ગેસની કેટલી પાઈપલાઈન બીછાવવામાં આવી છે, અને

(૨) હવે પછી અમદાવાદ શહેરના ક્યા વિસ્તારોને અગ્રતા આપી ગેસની પાઈપલાઈન નાખવાનું આયોજન કરવામાં આવ્યું છે?

**જવાબ**

(૧) ૧૮૫ કિ.મી.

(વટવા, નરોડા, ખોખરા, મણીનગર, રખિયાલ, વિસ્તારમાં)

(૨) હવે પછી અમદાવાદના બાકીના વિસ્તારોમાં તબક્કાવાર પાઈપલાઈન નાંખવાનું આયોજન છે,

-----------

**એટ્રોસીટી એકટ અન્વયે ખૂન અને બળાત્કારના કિસ્સામાં વળતર**

૧૫૧૦૪**શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષ
માં એટ્રોસીટી એકટ હેઠળ કેટલા ખૂન અને બળાત્કારના કિસ્સાઓમાં વળતરની ચૂકવણી કરવામાં આવી છે,

(૨) ખૂન અને બળાત્કારના કેટલા આરોપીઓ પકડી શકાયા નથી તથા આરોપીઓને ઝડપથી આવા ગંભીર ગુનાઓમાં પકડવા વિભાગે કેવા આદેશો બહાર પાડયા છે, અને

**જવાબ**

(૧) ૧૦૦ (સો).

(૨) ૧૬ આરોપીઓ પકડી શકાયા નથી. આ આરોપીઓને પકડવા માટે તેમના રહેઠાણના સરનામે, મિત્ર વર્તુળ, સગા સંબંધી તેમજ મળી આવવાની શક્યતા વાળા સ્થળે જુદી જુદી ટીમો બનાવી તપાસ કરવામાં આવે છે. તથા સી.આર.પી.સી.-૭૦ મુજબના

વોરંટ મેળવી સી.આર.પી.સી.-૮૨,૮૩ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. તથા નામદાર કોર્ટ ધ્વારા રીએરેસ્ટ વોરંટ મેળવવા તજવીજ કરવામાં આવેલ છે.

(૩) એટ્રોસીટી એકટ હેઠળ ફરજમાં બેદરકારી દાખવવા બદલ કે આરોપીઓ સામે કાર્યવાહી નહિ કરવા બદલ છેલ્લા ૨ વર્ષમાં કેટલા પોલીસ અધિકારીઓ સામે કાર્યવાહીઓ થઈ છે ?

(૩) ૧ (એક).

-----------

**બાલાશિનોર અને વિરપુર તાલુકાઓના ગામોના પેટાપરાઓને જ્યોતિગ્રામ યોજનામાં જોડવા અંગે**

૧૬૭૨૯**શ્રી રાજેશ પાઠક (બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ બાલાશિનોર તાલુકા અને વિરપુર તાલુકાના પેટાપરાઓને જ્યોતિગ્રામ યોજનામાં જોડવા માંગો છો કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો ક્યાં સુધીમાં જ્યોતિગ્રામમાં સમાવિષ્ટ કરવામાં આવશે ? | (૨) બાકી રહેલ પેટાપરાઓને એપ્રિલ-૨૦૦૬ સુધીમાં જ્યોતિગ્રામમાં સમાવિષ્ટ કરવાનું આયોજન છે. |

-----------

**સાણંદ-બાવળા રોડ ઉપર એકસીડન્ટ થવા બાબત**

૧૬૨૪૬**શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાવળાની બાજુમાં નેશનલ હાઈવે ૮ એ પસાર થાય છે ત્યાં સાણંદ બાવળા રોડની ચોકડી પર વારંવાર એક્સીડન્ટ થાય છે તો આ એક્સીડન્ટ નિવારવા કોઈ આયોજન સરકાર કરવા માંગે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા પ્રકારનું આયોજન? | (૨) નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે ચાર માર્ગીય બનાવવામાં આવેલ છે. મુખ્ય હાઈવે ડીવાઈડરવાળા રસ્તાઓ બનાવવામાં આવેલ છે. માર્ગ સલામતિ માટે રાજ્ય સ્તરે તેમજ કેન્દ્રીય સ્તરેથી ટ્રાફીક જાગૃતિને લગતા સાહિત્ય ધ્વારા સામાન્ય પ્રજામાં, ડ્રાઈવરોમાં, શાળા-કોલેજના બાળકો, યુવાનોમાં આ અંગેનો વધુમાં વધુ પ્રચાર થાય તે અંગે જરૂરી પગલાં લેવામાં આવેલ છે. તેમજ માર્ગ અકસ્માતો અટકાવવા સ્ટેટ ટ્રાફીક શાખા પુનઃ શરૂ કરવામાં આવેલ છે, હાઈવે રૂટ પેટ્રોલીંગ સઘન બનાવવા તથા ટ્રાફીક નિયમોના અમલીકરણ પ્રત્યે જરૂરી પગલાં લેવાય છે. |

-----------

**કડી અને કલોલ તાલુકાના સીરામીક ઉત્પાદકોને વેચાણવેરામાં રાહત આપવા અંગે**

૧૭૧૯૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી અને કલોલ તાલુકાના કેટલા અને ક્યા ક્યા સીરામીક ઉત્પાદકોને વેચાણવેરામાં કેટલી રાહત આપવામાં આવી, અને | (૧) કોઈ સીરામીક ઉત્પાદકોને વેચાણવેરામાં કોઈ રાહત આપવામાં આવેલ નથી. |
| (૨) આ એકમો પાસે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ વેચાણવેરાની કેટલી બાકી રકમ નીકળે છે, બાકી રકમ | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ક્યારે વસુલ કરવામાં આવશે?

-----------

**જિલ્લા પોલીસ અધિક્ષક અને નાયબ મહાનિરીક્ષકની ક્ચેરી માટે બાંધવામાં આવનાર મકાન**

૧૬૯૭૩**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જિલ્લા પોલીસ અધિક્ષક અને નાયબ મહાનિરીક્ષક્ની ક્ચેરી માટે સરખેજ વિસ્તારમાં બાંધવામાં આવનાર મકાન ક્યારે પૂરું કરવાનું આયોજન છે ,અને

(૨) હાલની ક્ચેરી મેઘાણીનગરમાં હોવાથી લોકોને પડતી મુશ્કેલીઓ ધ્યાને લઈ આ કામકાજ સરકારનું ઝડપી પૂરૂં કરવા શું આયોજન છે?

**જવાબ**

(૧) જેમ બને તેમ વેળાસર.

(૨) નવી ક્ચેરી માટે પ્લીન્થ લેવલનું બાંધકામ પૂર્ણ થઈ લીન્ટર લેવલનું બાંધકામ આગળ વધી રહેલ છે. જે જેમ બને તેમ વેળાસર પૂરૂ કરવાનું આયોજન છે.

-----------

**ચોટીલા તાલુકાના ભોજપરા મધ્યાહન ભોજન યોજનામાં રાખવામાં આવતી આભડછેટ અંગેની ફરિયાદ**

૧૬૨૬૬ **શ્રી ભવાનભાઈ ભરવાડ** (લીંબડી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના ભોજપરા ગામે મધ્યાહન ભોજન યોજનામાં આભડછેટ રાખવાની પોલીસ ફરીયાદ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં મળી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગેની ફરિયાદ પર પોલીસ કેસ, ધરપકડ તથા કોર્ટની કાર્યવાહી તા. ૩૧-૧-૦૬ સુધીમાં થઈ છે કે કેમ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સેન્ટર ફોર આંત્રપિનીયોરશીપ ડેવલપમેન્ટ સંસ્થાના કર્મચારીઓનું સેટઅપ**

૧૬૧૯૧**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર ખાતેના સેન્ટર ફોર આંત્રપિનીયોરશીપ ડેવલપમેન્ટ સંસ્થામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેટલા કર્મચારીઓનું સેટઅપ છે,

(૨) તે પૈકી કેટલા કર્મચારીઓ ખરેખર ઉપલબ્ધ છે, અને

(૩) આ સંસ્થા પાસેની જમીન પર મકાન બાંધવા માટે સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં રાજ્ય સરકારનું કોઈ આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ભાવનગર ખાતેના સેન્ટર ફોર આંત્રપિનીયોરશીપ સંસ્થામાં (૧) વિભાગીય અધિકારી (૨) ક્લાર્ક-કમ-ટાઈપીસ્ટ અને (૩) નાયક મળીને કુલ-૩નું સેટઅપ છે.

(૨) ત્રણેય કર્મચારી/અધિકારી હાલ ઉપલબ્ધ છે.

(૩) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભાવનગરમાં ઉપરોક્ત સ્ટાફ માટે બેસવાની સુવિધા ઉપલબ્ધ હોઈ તેમજ ક્લાસરૂમની પણ સગવડ હોઈ અલગ મકાન બાંધવાનું આયોજન નથી.

-----------

**બેચરાજી અને ચાણસ્મા તાલુકાના ગામોને જે તે તાલુકાના પોલીસ સ્ટેશન હેઠળ મૂકવા અંગે**

૧૭૦૦૫**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ચાણસ્મા તાલુકામાંથી બેચરાજી તાલુકો નવીન અસ્તિત્વમાં આવવાથી બેચરાજી અને ચાણસ્માના ગામોને જે તે તાલુકાના પોલીસ સ્ટેશન નીચે મુકવા જોઈએ તે નથી થયું તો રાજ્ય સરકાર કેટલા સમયમાં કરવા માંગે છે,

**જવાબ**

ગૃહ વિભાગના તા. ૧૧-૧૧-૦૫ના નોટીફીકેશન ક્રમાંક : જીજી/૯૫/ટીટીસી/૧૦ (૨૦૦૨)/૧૩૧૭-વ થી કરવામાં આવેલ છે.

-------------

**જ્યોતિગ્રામ વિજળી યોજના અન્વયે સંપૂર્ણ વિજળી વગરના વલસાડ જિલ્લાના તાલુકાવાર ગામો**

૧૬૨૭૦ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજના અન્વયે વલસાડ જિલ્લાના તાલુકાવાર કેટલા ગામો સંપુર્ણ વિજળી વગરના છે, આવા ગામોને વિજળીકરણથી કેટલા સમયમાં જોડવામાં આવશે?

**જવાબ**

(અ) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજના અન્વયે તાલુકાવાર બાકી ગામોની વિગત નીચે મુજબ છે.

| **તાલુકા** | **ગામોની સંખ્યા** | **બાકી ગામો** |
|---|---|---|
| ધરમપુર | ૧૦૭ | ૩૨ |
| કપરાડા | ૧૨૮ | ૧૬ |
| પારડી | ૭૬ | ૧૯ |
| ઉમરગામ | ૫૦ | ૦૬ |
| વલસાડ | ૮૯ | ૨૮ |
| **કુલ..** | **૪૫૦** | **૧૦૧** |

બાકી ગામોને માર્ચ-૦૬ સુધીમાં આવરી લેવાનું આયોજન છે.

(બ) વીજળીના ગ્રીડ સાથે જોડાયા વિનાના ૪ ગામો કપરાડા તાલુકાના છે જેને સોલાર સિસ્ટમથી આવરી લીધેલ છે. આ ૪ ગામો પૈકી માર્ચ-૦૬માં ગામોને ગ્રીડ સાથે જોડવા અને ૨૦૦૬-૦૭માં બાકીના ૨ ગામોને ગ્રીડ હેઠળ આવરી લેવાનું આયોજન છે.

-------------

**જામનગર શહેર અને જિલ્લાના મુખ્ય મથકોના નગરોને પાઈપલાઈન દ્વારા ગેસ પૂરો પાડવાનું આયોજન**

૧૭૨૭૮**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર શહેર અને જિલ્લાના મુખ્ય મથકોના નગરોને પાઈપલાઈન દ્વારા ગેસ પૂરો પાડવાનું આયોજન સરકાર દ્વારા તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ વિચારણામાં લેવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલા નગરોને આવરી લેવામાં આવશે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજકોટ-જામનગર પાઈપ લાઈનના કન્સ્ટ્રક્શનનું કાર્ય હાથ ધરવામાં આવશે ત્યારે જિલ્લાના નગરોને આવરી લેવાનું આયોજન છે.

(૩) આ કામગીરી પૂર્ણ કરવામાં કેટલો સમય થશે ?

(૩) સને ૨૦૦૮માં આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**કર્મયોગી યોજના અંતર્ગત રાજ્યના અધિકારી/કર્મચારીઓને આપવામાં આવેલ તાલીમ**

૧૬૨૨૧ડૉ. **ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૩૧ જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ દરમ્યાન કુલ કેટલા અધિકારી-કર્મચારીઓને કર્મયોગી યોજના અંતર્ગત તાલીમ આપવામાં આવેલ છે,

(૨) તેનાથી વહીવટી તંત્રને કેવા પ્રકારનો ફાયદો-સુધારો થયેલ છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)
વર્ષ ૨૦૦૪-૦૫ :- ૧,૨૦,૦૦૦/-
વર્ષ ૨૦૦૫-૦૬ :- ૦,૫૬,૦૪૫/-
(તા. ૩૧ જાન્યુઆરી ૨૦૦૬ સુધી)
કુલ ૧,૭૬,૦૪૫/-

(૨) કર્મયોગી યોજના અંતર્ગત આપવામાં આવતી તાલીમથી કર્મચારીઓમાં હકારાત્મક દ્રષ્ટિકોણ કેળવાયેલ છે જે તેઓ તરફથી તાલીમ અંગે મળેલ પ્રતિભાવો ઉપરથી જણાય છે.

(૩)
વર્ષ ૨૦૦૪-૦૫ :- રૂા. ૨,૯૭,૪૬,૭૫૦/-
વર્ષ ૨૦૦૫-૦૬ :- રૂા. ૬૯,૧૫,૧૫૦/-
(તા. ૩૧ જાન્યુઆરી ૨૦૦૬ સુધી)
કુલ રૂા. ૩,૬૬,૬૧,૯૦૦/-

-------------

**વર્ગ-૧માંથી વર્ગ-૧માં બઢતી આપવા અંગેના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯-૧૦-૦૫ના ઠરાવને કારણે સચિવાલયમાં ઉપસચિવમાંથી નાયબસચિવમાં બઢતી આપવાની પ્રક્રિયા સ્થગિત થવા અંગે**

૧૭૩૮૭ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સામાન્ય વહીવટ વિભાગના વર્ગ-૧માંથી વર્ગ-૧માં બઢતી આપવા અંગેના તા. ૨૯/૧૦-/૨૦૦૫ના ઠરાવના કારણે સચિવાલયમાં ઉપ સચિવમાંથી નાયબ સચિવમાં બઢતી આપવાની પ્રક્રિયા સ્થગિત થઈ ગઈ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ ઠરાવને સરકાર રદ કરવા કે સ્થગિત કરવા કે ફેરફાર કરવા વિચારે છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ગેરકાયદેસર દસ્તાવેજો અને ટ્રાવેલ ડોક્યુમેન્ટ બનાવી લોકોને વિદેશ મોકલવાનું પકડાયેલ કૌભાંડ**

૧૬૩૪૬ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં તા. ૩૧/૧/૦૬ સુધીમાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે ગેરકાયદેસર દસ્તાવેજો અને ટ્રાવેલ ડોક્યુમેન્ટ બનાવી લોકોને વિદેશ મોકલવાના કૌભાંડ પકડી પાડેલ હોવાની હકિક્ત ખરી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કૌભાંડના સુત્રધારો કોણ કોણ છે, અને | (૨)<br>(૧) સલીમ અલીભાઈ પટેલ, રહે ફતેગંજ વડોદરા<br>(૨) હારૂનભાઈ રહે. લંડન (વોન્ટેડ)<br>(૩) યોગેશ, રહે આણંદ (વોન્ટેડ)<br>(૪) મહેન્દ્રભાઈ પટેલ, રહે, મહેસાણા (વોન્ટેડ)<br>(૫) ક્નુભાઈ મણીલાલ પટેલ, રહે. ઘાટલોડીયા<br>(૬) ધવલ ભુપેન્દ્ર શાહ, રહે. વડોદરા<br>(૭) ગભુરભાઈ રહે. જમાલપુર (વોન્ટેડ)<br>(૮) ધર્મેન્દ્ર નટવરલાલ શાહ (વડોદરા ખાતે ગુડ વિન્ડ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની ઓફીસ ધરાવે છે.)<br>(૯) મહેન્દ્ર જશવંતલાલ પટેલ, રહે. રાણીપ, સાબરમતી<br>(૧૦) સૌમ્ય અખિલભાઈ ચોક્સી, રહે. થલતેજ<br>(૧૧) અમરીશ હસમુખલાલ પ્રજાપતિ, રહે શાહપુર<br>(૧૨) વિપુલ વિનોદભાઈ કંસારા, રહે. નારાણપુરા<br>(૧૩) શૈલેષ ત્રિભોવનદાસ પટેલ, રહે મેઘાણીનગર |
| (૩) આ સુત્રધારો સામે સરકારે ક્યા ક્યા પગલાં લીધા છે ? | (૩) આ સુત્રધારો સામે ક્રાઈમ બ્રાન્ચમાં ગુન્હા દાખલ કરવામાં આવેલ છે. |

-------------

**કુદરતી વાયુ પર રાજ્યને મળેલ રોયલ્ટી**

૧૬૮૭૦**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ કુદરતી વાયુ પર રોયલ્ટી અંગે છેલ્લા બે વર્ષમાં રાજ્યને કેટલી આવકો પ્રાપ્ત થઈ, | (૧) રૂા. કરોડમાં<br>૧-૨-૦૪- ૩૧-૧-૦૫ — ૧૦૪.૩૬<br>૧-૨-૦૫- ૩૧-૧-૦૬ — ૧૦૯.૫૦<br>કુલ. ૨૧૩.૮૬ |
| (૨) આ વર્ષોમાં તેલ અને કુદરતી વાયુ નિગમ દ્વારા રાજ્યમાં કેટલા લાખ ઘનમીટર વાયુ કાઢવામાં આવ્યો હતો, આ વાયુની કેટલી રોયલ્ટી ચૂકવવા પાત્ર થતી હતી, અને | (૨) (નીચેનું કોષ્ટક) |

| ઉત્પાદન | લાખ ઘનમીટર | ચૂકવવાપાત્ર રોયલ્ટી (કરોડ રૂા.) |
|---|---|---|
| ૧-૨-૦૪ થી ૩૧-૧-૦૫ | ૧૭૧૬૯ | ૩૯.૦૭ |
| ૧-૨-૦૫ થી ૩૧-૧-૦૬ | ૧૭૦૯૯ | ૬૫.૦૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) રોયલ્ટીની ઓછી વસૂલાતો અંગે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને ક્યારે રજુઆતો કરાઈ ? | (૩) ઓછી વસુલાત નહી થયેલ હોવાથી, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજકોટ જિલ્લાના મોરબી અને વાંકાનેર તાલુકાના સીરામીક ઉદ્યોગોને પાઈપલાઈન દ્વારા ગેસ પૂરો પાડવા અંગે**

૧૭૦૪૨ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના મોરબી અને વાંકાનેર તાલુકામાં આવેલ સીરામીક ઉદ્યોગોને પાઈપ લાઈન દ્વારા ગેસ આપવા માટે પાઈપ લાઈનની કામગીરી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ચાલી રહેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં કામગીરી પૂર્ણ કરાશે, અને | (૨) જુલાઈ-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) અને ક્યારથી પાઈપ લાઈન મારફતે ગેસ વિતરણ કરાશે ? | (૩) પાઈપ લાઈનનું કામ પૂર્ણ થયા બાદ. |

-------------

**વીજચોરી પકડવા લેવાયેલ પગલાં**

૧૬૭૩૨**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી):માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા વીજચોરી પકડવા માટે શું શું પગલાં હાથ ધર્યા, | (૧) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ એક વર્ષમાં વિજીલન્સ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં માજી સૈનિકો, એસ.આર.પી., ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી, હસ્તકની પોલીસ તથા લોકલ પોલીસની મદદ લઈ સંવેદનશીલ વિસ્તારોમાં તેમજ અન્યત્ર કુલ-૪૨ માસ ચેકીંગ ડ્રાઈવ ગોઠવવામાં આવેલ. આ ઉપરાંત વર્ષ દરમ્યાન નિયમિત ચકાસણીમાં આશરે ૨૩ લાખ વીજ સ્થાપનોની ચકાસણી કરી રૂા. ૧૬૩૬૯/-લાખના પુરવણી બિલો આકારવામાં આવેલ.<br>જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વીજચોરી હેઠળ ઝોનલ કચેરીના પોલીસ સ્ટેશનોમાં વીજચોરીના ૩૮૯૭ ગુન્હાઓ તથા મટીરીયલ્સ ચોરીના ૧૨૯૭ ગુન્હાઓ દાખલ થયેલ તે પૈકી વીજચોરીના ૧૩૯૩ ગુન્હાઓ તથા મટીરીયલ્સ ચોરીના ૫૧૪ ગુન્હાઓનો નિકાલ થયેલ. વીજચોરીના ગુન્હાઓ હેઠળ છેલ્લા એક વર્ષમાં ૧૮૪૮ આરોપીને તથા મટીરીયલ્સ ચોરીના ગુન્હામાં ૪૦૩ આરોપીઓને પકડવામાં આવેલ. |
| (૨) કેટલા વીજ ગ્રાહકોને જિલ્લાવાર પકડવામાં આવ્યા, અને | (૨) જિલ્લાવાર માહિતીનું પત્રક આ સાથે સામેલ છે. |
| (૩) કેટલી રકમની વસૂલાતો કરવામાં આવી ? | (૩) કુલ રૂા. ૪૭૬૯.૧૨ લાખની વસૂલાત કરવામાં આવેલ છે. |

**પત્રક**

**જાન્યુઆરી - ૨૦૦૫ થી જાન્યુઆરી - ૨૦૦૬ સુધીમાં વીજચોરી તથા અન્ય ગેરરીતી માલૂમ પડી હોય તેવા ગ્રાહકોની સંખ્યા તથા વસુલાતની જીલ્લાવાર માહિતી**

| અ.નં. | જીલ્લાનું નામ | ગ્રાહકોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ વીજબીલની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૨૯૮ | ૩૦.૧૧ |
| ૨ | નવસારી | ૧૧૦ | ૫.૮૦ |
| ૩ | ડાંગ | ૩૯ | ૦.૫૫ |

| અ.નં. | જીલ્લાનું નામ | ગ્રાહકોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ વીજબીલની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૪ | સુરત | ૧૮૧૧ | ૧૦૧.૭૯ |
| ૫ | ભરૂચ | ૧૩૯૯ | ૧૧૫.૨૪ |
| ૬ | નર્મદા | ૫૫૩ | ૧૨.૫૦ |
| ૭ | વડોદરા | ૬૫૦૭ | ૩૪૮ |
| ૮ | આણંદ | ૩૬૩૮ | ૧૧૩.૧૫ |
| ૯ | ખેડા | ૧૮૯૭ | ૫૮.૮૯ |
| ૧૦ | પંચમહાલ | ૧૮૭૧ | ૩૮.૬૩ |
| ૧૧ | દાહોદ | ૮૫૦ | ૧૨.૨૮ |
| ૧૨ | મહેસાણા | ૨૯૬૩ | ૧૪૬.૭૯ |
| ૧૩ | પાટણ | ૧૬૩૦ | ૧૧૨.૭૬ |
| ૧૪ | ગાંધીનગર | ૨૩૪૫ | ૧૧૦.૨૨ |
| ૧૫ | અમદાવાદ | ૩૮૧૩ | ૧૯૨.૦૯ |
| ૧૬ | સાબરકાંઠા | ૪૧૪૭ | ૧૧૨.૭૨ |
| ૧૭ | બનાસકાંઠા | ૪૮૮૫ | ૧૫૩.૬૭ |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૨૯૦૪ | ૪૮૯.૯૭ |
| ૧૯ | રાજકોટ | ૧૯૯૮૪ | ૧૦૨૬.૩૩ |
| ૨૦ | પોરબંદર | ૫૭૨૩ | ૧૮૫.૯૬ |
| ૨૧ | જુનાગઢ | ૩૮૬૦ | ૩૨૦.૪૧ |
| ૨૨ | જામનગર | ૧૯૦૩૮ | ૩૨૮.૦૬ |
| ૨૩ | ભુજ | ૧૯૫૭૨ | ૧૭૬.૭૮ |
| ૨૪ | ભાવનગર | ૧૧૩૪૭ | ૩૬૧.૪૫ |
| ૨૫ | અમરેલી | ૮૪૬૬ | ૨૧૪.૯૭ |
| | **કુલ** | **૧૨૯૬૫૦** | **૪૭૬૯.૧૨** |

----------------

**ઉમરપાડા તાલુકામાં ૬૬ કે. વી. સબસ્ટેશનની સ્થાપના**

૧૬૫૭૪ **શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૦૧-૦૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં ઉમરપાડા તાલુકામાં સરકાર ૬૬ કે. વી. સબસ્ટેશનની સ્થાપના કરવા માંગે છે કે કેમ અને કેટલા સમયમાં ?

**જવાબ**

હા, જી. વર્ષ ૨૦૦૬-૦૭માં કામ શરૂ કરવાનું આયોજન કરેલ છે.

-------------

**કાળા ડુંગરામાંથી ગેરકાયદેસર પથ્થર કાઢી રોયલ્ટીની ચોરી કરવા અંગે**

૧૬૭૪૦ **ડૉ. દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભુજ તાલુકામાં ધ્રોબાણા ગામે કાળા ડુંગરામાંથી ગેરકાયદેસર પત્થર કાઢી રોયલ્ટી ચોરી કરવામાં આવે છે તે હકીકત સરકાર જાણે છે,

(૨) આ રોયલ્ટી ચોરી કરનાર ઈસમો સામે તા. ૩૧-૧-૦૬ સુધીમાં છેલ્લા ૨ વર્ષમાં શાં પગલાં લીધા,

**જવાબ**

(૧) ગેરકાયદેસર પત્થરો કાઢવાની રજૂઆતો મળી છે.

(૨) કાળા ડુંગર વિસ્તારમાંથી ગેરકાયદેસર ખનિજોના ખોદકામ સબબ ડી.આ.જી. બોર્ડર રેન્જ ભુજ, ભુસ્તરશાસ્ત્રી, ખાણ ખનિજ ભુજ અને જંગલ ખાતાના અધિકારીની સંયુક્ત તપાસને આધારે ૮ કોન્ટ્રાકટર અને ૩ સ્થાનિક રહેવાસીઓને સ્થાનિક ગુન્હા શોધક શાખા,

ભુજના પોલીસ ઈન્સ્પેકટરશ્રીએ ખાવડા પોલીસ સ્ટેશને ગુન્હા નંબર ૨/૦૫થી તા. ૧૮-૨-૨૦૦૫ના રોજ ફરિયાદ નોંધાયેલ છે. આ ફરિયાદ ઈન્ડીયન પીનલ કોર્ટની કલમ ૩૭૯, ૧૨૦ બી, ૪૨૦ તથા વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની કલમ ૨૯,૫૧ (૧) હેઠળ ગુન્હો નોંધવામાં આવેલ છે.

(૩) સરકારના કોન્ટ્રાકટર્સ દ્વારા આવી ચોરી કરવામાં આવતી હતી કે કેમ, તે કઈ કઈ કંપની દ્વારા ચોરી કરવામાં આવતી હતી, અને

(૩) કચ્છ જીલ્લાની સરહદ ઉપર સેન્ટ્રલ પબ્લીક વર્કસ ડિપાર્ટમેન્ટ હસ્તકના બોર્ડર ફેન્સીંગ તથા રોડના કામના કોન્ટ્રાકટર્સ દ્વારા બિન અધિકૃત રીતે ખનિજ મેળવાયેલ હોવાનું જણાતા આ કામના ૮ કોન્ટ્રાકટરો સામે પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે.

(૪) આ બાબત માટે જવાબદાર અધિકારી/ કર્મચારીઓ સામે શાં પગલાં લીધાં ?

(૪) આ બાબત તપાસ કરી અહેવાલ મોકલવા કલેકટરશ્રી કચ્છ-ભુજને જણાવેલ છે.

-------------

## આતંકવાદ વિરોધી દળ સાથેની ઝપાઝપીમાં માર્યા ગયેલ કુખ્યાત ગુનેગાર શોરાબુદ્દીન

૧૬૩૫૪ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં રાજ્યના આતંકવાદ વિરોધી દળ સાથેની ઝપાઝપીમાં કુખ્યાત ગુન્હેગાર શોરાબુદ્દીન માર્યો ગયેલ હોવાની હકીક્ત ખરી છે કે કેમ, અને

(૨) જો હા, તો કુખ્યાત ગુન્હેગાર ક્યા ક્યા ગુન્હાઓમાં સંડોવાયેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ સાથે સામેલ પત્રક મુજબ.

**પ ત્ર ક**

વિધાનસભા તારાંક્તિ પ્રશ્ન-૧૬૩૦૦ ના કામે શોરાબુદ્દિન શેખ અંગે દાખલ થયેલ ગુનાઓની નામાવલી

| અ.નં. | શહેર/જિલ્લો | પોલીસ સ્ટેશન અને ગુ.ર.નં., કલમ અને વિગત |
|---|---|---|
| | અમદાવાદ શહેર | ડી.સી.બી. ગુ.ર.નં.૧૧/૯૪ ઇ.પી.કો. ક.૧૨૨, ૧૨૩, આર્મ્સ એકટ ૨૫(એ) ટાડા કલમ ૩, ૫ હેઠળ ગુનો દાખલ કરી એ.ટી.એસે તેના વતન ઝરણીયા ગામમાં આવેલ તેના ફાર્મ હાઉસના કુવામાંથી એ.કે.૫૬ રાયફલ નંગ-૧૪ હેન્ડ ગ્રેનેડ નં.૨૭ એ.કે.૫૬ મેગજીન નં.૮૧ એ.કે.૫૬ એમ્યુનિશન નં.૫૨૬૦ કબજે લીધેલ છે. |
| ૨ | અમદાવાદ શહેર | શાહપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૬૯/૯૫ ઇ.પી.કો.ક.૪૬૭, ૪૬૭, ૪૭૧, આર્મ્સ એકટ ૨૫(એ) (બી), કસ્ટમ એકટ ૩,૫ મુજબ ગુનો દાખલ થયેલ છે. જેમાં શાહપુર વિસ્તારમાં આવેલ બી.ડી.પટેલ એન્ડ સન્સ જે આર્મ્સ એમ્યુનેશન વેચવાની દુકાન છે તેનો માલિક જહાંગીર પટેલ હથિયારો લાવી ખોટા લાયસન્સ ધારકોને તથા અમદાવાદ શહેરની જુદી જુદી ગેંગોને હથિયારો પુરા પાડેલ તેમાં પણ શોરાબુદ્દિન સંડવાયેલ છે. |
| ૩ | અમદાવાદ શહેર | વેજલપુર પો.સ્ટે.ગુ.ર.નં.૨૩૮/૦૧ ઇ.પી.કો.ક.૧૨૦બી, ૩૮૬, ૨૦૧ આર્મ્સ એકટ ૨૫(૧) એબી, તથા બી.પી.એકટ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ છે. જેમાં ઇબ્રાહીમ ઇમામુદ્દિન ચોહાણે તેના પાર્ટનર રફીક રેજાર પાસેથી નીકળતા નાણા બાબતે શરીફખાનના અમદાવાદ સ્થિત એજન્ટ શોરાબુદ્દિન-પ્રફુલ અને વિજય જે મધ્યપ્રદેશના વોંટેડ ગુનેગારો છે. તથા નુરમહમંદ નથ્થુભાઇ ચોધરી રફીક રેજારાને મારવા નીકળતાં વાસણા તોલનાકા પાસે હથિયાર સાથે પકડાઇ ગયેલ છે. |
| ૪ | અમદાવાદ શહેર | નવરંગપુરા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૪/૦૪ ઇ.પી.કો.ક.૩૦૭,૪૨૭,૧૧૪ આર્મ્સ એકટ ૨૫(૧) બીએ મુજબ સને ૨૦૦૧ની સાલમાં શોરાબુદ્દિન શેખે બીજા આરોપીઓની મદદથી પાયોનીયર ઇન્ફ્રાસ્ટ્રકચરના માલિક રમણભાઇ પટેલની ઓફીસમાં ઘુસી જઇ રૂપિયાની ખંડણી બાબતે ફાયરીંગ કરી નાસી જવા બાબત. |
| ૫ | એ.ટી.એસ. અમદાવાદ | એ.ટી.એસ. પો.સ્ટે.ગુ.ર.નં.૫/૦૫ ઇ.પી.કો.ક. ૩૦૭, ૧૨૦બી, ૧૨૧, ૧૨૧એ, ૧૨૨, ૧૨૩, ૧૮૬, ૨૨૪, આર્મ્સ એકટ ૨૫(૧બીએ), ૨૭, બી.પી.એકટ ૧૩૫(૧) મુજબના ગુનાના કામે આઇ.એસ.આઇ. એજન્ટના ઇશારે ભારત દેશની અખંડીતતાને ભાંગફોડ તેમજ તોડફોડ કરવા માટે આ કામનો મરણ જનાર શોરાબુદ્દિન શેખ ગઇ તા.૨૬-૧૧-૦૫ના રોજ વહેલી સવારના ૫:૨૦ વાગેના સુમારે નારોલ સર્કલથી વિસાલા સર્કલ જતા |

| | | |
|---|---|---|
| | | રોડ ઉપર પોલીસે રોકવાનો પ્રયાસ કરતાં પોલીસ ઉપર ફાયરીંગ કરેલ દરમ્યાન પોલીસ અધિકારીઓ દ્વારા સ્વબચાવમાં ફાયરીંગ કરતાં મરણ ગયેલ છે. |
| ૬ | મધ્યપ્રદેશ ઉજ્જેન શહેર | મહીદરપુરા પો.સ્ટે.ગુ.ર.નં.૧૬૬/૯૫ ઇ.પી.કો.ક.૧૨૨,૧૨૩, આર્મ્સ એકટ ૨૫,૨૭ મુજબ. |
| ૭ | મધ્યપ્રદેશ ઉજ્જેન શહેર | નાગદા પો.સ્ટે.ગુ.ર.નં.૨૩૭/૯૫ ઇ.પી.કો.ક.૧૨૨,૧૨૩, આર્મ્સ એકટ ૨૫(૧) મુજબ. |
| ૮ | મધ્યપ્રદેશ ઉજ્જેન શહેર | નાગદા ઉજ્જેન પોલીસે તા.૬-૭-૯૯ ના રોજ શોરાબુદ્દિન વિરૂધ્ધ એન.એસ.એ. નો કેસ કરેલ છે. |
| ૯ | મહારાષ્ટ્ર (કોલ્હાપુર) | ચાંદગઢ પો.સ્ટે.ગુ.ર.નં.૩૦/૨૦૦૦ ઇ.પી.કો.ક.૩૦૭,૧૪૭,૧૪૯, આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(૩), ૨૦ મુજબ ગુનો દાખલ કરેલ છે. |
| ૧૦ | મહારાષ્ટ્ર (કોલ્હાપુર) | ચાંદગઢ પો.સ્ટે.ગુ.ર.નં.૫૨/૨૦૦૦ ઇ.પી.કો.ક. ૩૦૭, આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(૩), ૨૭ મુજબ ગુનો દાખલ કરેલ છે. |
| ૧૧ | મહારાષ્ટ્ર (કોલ્હાપુર) | ચાંદગઢ પો.સ્ટે.ગુ.ર.નં.૪/૨૦૦૫ ઇ.પી.કો.ક.૩૦૨,૧૨૦બી, આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(૩), ૨૭ મુજબ ગુનો દાખલ કરેલ છે. |
| ૧૨ | રાજસ્થાન (ઉદેપુર) | હાથીપોલ પો.સ્ટે.ગુ.ર.નં.૨૧૪/૪૦ ઇ.પી.કો.ક.૧૪૬,૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨, આર્મ્સ એકટ કલમ ૩-૨૫ મુજબ ખંડણીના રૂપિયાની ઉઘરાણી બાબતે ઉદેપુર હાથીપોલ વિસ્તારમાં હમીદલાલા બસીરખાન પઠાણની ઉપર ફાયરીંગ કરી હત્યા કરી ગુનો દાખલ કરેલ છે. |

-------------

**ચેક પોસ્ટો ઉપર સંવર્ગ-૩ના સબ ઈન્સ્પેકટરોની ખાલી જ્ગ્યાઓ**

૧૬૨૧૪ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ચેક-પોસ્ટો ઉપર સબ-ઈન્સ્પેકટરો સંવર્ગ-૩ના કેટલા કર્મચારીઓની ઘટ તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ નોંધાયેલ છે,

(૨) કર્મચારીઓની ઘટના કારણે સરકારની આવક્ને વિપરિત અસરની હકીક્ત સરકારશ્રી જાણે છે, અને

(૩) જો હા, તો સદરહુ ઘટ નિવારવા સરકારે કરેલા આયોજનની વિગતો શી છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં ચેક-પોસ્ટો ઉપર સહાયક મોટર વાહન નિરીક્ષક સંવર્ગ-૩ ની ૪ જ્ગ્યાઓ ખાલી છે.

(૨) ના, જી. સરકારની આવક્ને કોઇ વિપરીત અસર થયેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**એસ. ટી. સમાંતર ગેરકાયદેસર ચાલતા ખાનગી પરિવહનના નોંધાયેલ કેસ**

૧૭૨૭૨ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એસ. ટી. સમાંતર ગેરકાયદેસર ચાલતા ખાનગી પરિવહનમાં મોટા ભાગના વાહનો પોલીસનાં અથવા તેમના સગાઓ મારફતે ચાલે છે, તે હકીક્ત સાચી છે,

(૨) સન ૨૦૦૪ના કેલેન્ડર વર્ષમાં ગેરકાયદેસર પરિવહનના કેટલા કેસ કરવામાં આવ્યા,

(૩) કેટલા વાહનો ડીટેઈન કરવામાં આવ્યા, અને

(૪) કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ચેકીંગ દરમિયાન આવી કોઇ હકીક્ત ધ્યાન ઉપર આવેલી નથી.

(૨) ૩,૦૩,૯૬૮ કેસો કરવામાં આવ્યા.

(૩) ૪૫૮૨૭ વાહનો.

(૪) રૂા.૧૨,૬૬,૧૭,૦૫૪/- (બાર કરોડ છાસઠ લાખ સત્તર હજાર ચોપ્પન)

----------

**જૂનાગઢ આર. ટી. ઓ. કચેરીની છેલ્લા ત્રણ વર્ષની આવક**

૧૬૩૬૯**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહનવ્યવહાર ખાતાની જૂનાગઢ આર. ટી. ઓ. કચેરીની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાની જૂનાગઢ આર.ટી.ઓ. કચેરીની તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક નીચે મુજબ છે.

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૦૩ | રૂા.૧૫,૬૮,૬૨,૦૦૦/- (પંદર કરોડ અડસઠ લાખ બાસઠ હજાર) |
| ૨૦૦૪ | રૂા.૧૯,૮૯,૬૨,૦૦૦/- (ઓગણીસ કરોડ નેવ્યાસી લાખ બાસઠ હજાર) |
| ૨૦૦૫ | રૂા.૨૧,૮૦,૧૬,૦૦૦/- (એકવીસ કરોડ એંશી લાખ સોળ હજાર) |

(૨) આવકમાં વધારો થયેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ભાવનગર જિલ્લાના નર્મદા યોજનાના બાકી કામો**

૧૬૨૧૦ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં નર્મદા યોજનાના ક્યા ક્યા કામો કેનાલો-સબ કેનાલોના કામો તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં બાકી છે, અને

(૨) આવા કામો બાકી હોવા છતાં ક્યા કારણોસર ભાવનગર ખાતેની કચેરી બંધ કરવામાં આવી ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં નર્મદા યોજનાની નહેરોના ૪૧૧૯.૩૮ કિ.મી. લંબાઇના કામો તા.૩૧-૧૨-૦૫ સુધીમાં બાકી છે.

(૨) બાકી કામો તથા હયાત કચેરીઓના કાર્યભારણને ધ્યાને લઇ સમીક્ષા કરી કચેરીઓનું પુનઃ ગઠન કરવામાં આવેલ છે. અને ભાવનગર ખાતે પેટા વિભાગીય કચેરી ચાલુ રાખવામાં આવેલ છે.

-----------

**પાઈપ લાઈનથી ગેસ પહોંચાડવાના કાર્યક્ષેત્રમાં કચ્છનો સમાવેશ ન કરવા અંગે**

૧૭૪૧૪ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પાઈપ લાઈનથી ગેસ પહોંચાડવાના હાલના નેટવર્કમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ કોર્પોરેશને કચ્છનો સમાવેશ કરેલ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કચ્છમાં થતા ઓદ્યોગિકરણ અને હયાત સીરેમીક ઈન્ડસ્ટ્રીઝ હોવા છતાં જરૂરી ગેસ પાઈપ લાઈનમાંથી કચ્છને બાકાત રાખવાનાં કારણો શાં છે, અને

(૩) જો ના, તો હાલ જી. એસ. પી. સી. (ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ કોર્પોરેશન) દ્વારા નાખવામાં આવતી પાઈપ લાઈન કચ્છમાં ક્યાં ક્યાં નાખવામાં આવે છે, કોના દ્વારા કેટલા ખર્ચે કામ ક્યારે શરૂ કર્યુ છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પાઇપ લાઇન નાંખવાનું કામ પ્રાથમિક તબક્કામાં છે. પાઇપ લાઇનની સાઇઝ અને લંબાઇ નક્કી થયા બાદ ખર્ચનો અંદાજ જાણી શકાશે.

-----------

**ખેડૂતોના કૂવાઓ ઉપર ઈલેક્ટ્રીક પંપ લગાવવાની યોજના**

૧૬૮૬૯ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કિસાનોને તેમના કૂવા ઉપર ઈલેક્ટ્રીક પંપ લગાવવા વીજ કંપનીમાં અરજી કરીને નોંધણી કરવાની કઈ કઈ યોજનાઓ હાલ રાજ્યમાં અમલી છે ?

**જવાબ**

કિસાનોને ખેતી વિષયક વીજ જોડાણો આપવા માટે હાલમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. હસ્તકની ચાર વીજ કંપનીઓમાં સામાન્ય યોજના જેમાં આદિજાતિ વિસ્તાર માટે આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અને રાજ્યના અન્ય બિન આદિજાતિ અને નોન-ડાર્કઝોન વિસ્તારોમાં આરઇસી યોજના હેઠળ અરજીઓ સ્વીકારવામાં આવે છે.

-----------

**ખાત્રજ-સાંતેજ પોલીસ ચોકીને પોલીસ સ્ટેશનમાં ફેરવવા બાબત**

૧૬૭૦૦ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ખાત્રજ-સાંતેજ વિસ્તારમાં પોલીસ ચોકી છે. સદર વિસ્તાર ઓદ્યોગિક વિસ્તાર છે અને સદર વિસ્તારમાં ગુજરાત બહારના લોકો વધારે પ્રમાણમાં છે તો સદર પોલીસ ચોકીની જ્ગ્યાએ પોલીસ સ્ટેશન બનાવવા કોઈ આયોજન કરવા માંગો છો કે કેમ ?

**જવાબ**

ના, જી.

-----------

**બારડોલી અને માંડવી પોલીસ સ્ટેશનનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ અને ઘટ**

૧૬૩૬૮**શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી અને માંડવી પોલીસ સ્ટેશનનું મંજૂર મહેકમ સંવર્ગવાર કેટલું છે,

(૨) આ પોલીસ સ્ટેશનના કાર્ય વિસ્તારમાં આવેલ આઉટ પોસ્ટ ચોકી પર ક્યા ગામે કેટલી ઘટ છે, અને

(૩) ચોરી, લૂંટ, ખૂન જેવા ગુનાઓ રોકવા આટલું ઓછું તંત્ર ગુનાખોરી રોકવા સક્ષમ છે કે કેમ ?

**જવાબ**

(૧)

| સંવર્ગ | બારડોલી પો.સ્ટે. | માંડવી પો.સ્ટે. |
|---|---|---|
| પો.ઇ. | ૧ | - |
| પો.સ.ઇ. | ૧ | ૨ |
| હે.કો. | ૨૫ | ૪૫ |
| પો.કો. | ૫૪ | ૩૮ |

(૨) કડોદ આઉટ પોસ્ટ - ૨
મઢી આઉટ પોસ્ટ - ૩
સરભોણ આઉટ પોસ્ટ - ૧
અરેઠ આઉટ પોસ્ટ - ૧

(૩) હાલના મહેકમથી ગુનાખોરી રોકવા સઘન પ્રયાસો કરવામાં આવે છે.

-----------

**ભરૂચ જિલ્લાના પોલીસ કર્મચારી/ અધિકારીઓના આરોગ્યની તપાસ**

૧૬૩૪૪ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઈ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/ અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને

એચબી-૧૦૧૯-૧૩

(૨) જો હા, તો ભરૂચ જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા. ૩૧/૧/૦૬ની

**જવાબ**

(૧) હા, જી.

(૨) ફરજ બજાવતા કુલ ૧૩૪૪ કર્મચારી/ અધિકારીઓ પેકી ૧૨૭૪ કર્મચારી/અધિકારીઓના

સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ?

આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

-----------

**અમદાવાદ શહેરમાં સગીર બાળાઓ ઉપર થયેલ બળાત્કારના ગુના**

૧૬૭૩૮ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧/૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં વિવિધ પોલીસ મથકોમાં સગીર બાળાઓ પર થયેલા કેટલા બળાત્કારના ગુનાઓ નોંધાયા, | (૧) ૨૮ ગુનાઓ. |
| (૨) આ પૈકી કેટલા કિસ્સામાં આરોપી પકડાયા, અને | (૨) ૨૬ કિસ્સાઓમાં આરોપીઓ પકડાયા. |
| (૩) આવી પ્રવૃતિઓ રોકવા સરકારનું શું આયોજન છે ? | (૩) આવી પ્રવૃતિઓ રોકવા સમાજમાં જાગૃતિ લાવવા તથા આવી પ્રવૃતિ કરવાની ટેવવાળા ઇસમોની સંડોવણી અંગેની હકીક્ત મળ્યેથી તેમની વિરૂધ્ધ કાયદેસરના પગલાં લેવા જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે. |

-----------

**સુરેન્દ્રનગર શહેરમાં ફોરેન્સીક લેબોરેટરી શરુ કરવા અંગે**

૧૬૨૮૭ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર શહેરમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફોરેન્સીક લેબોરેટરી શરુ કરવા માટે સરકારમાં રજુઆત થયેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સરકાર ક્યારે ફોરેન્સીક લેબોરેટરી શરુ કરવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રાજ્યમાં કાર્યરત બંદરો**

૧૭૪૮૭ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કેટલા બંદરો તા. ૩૧/૧૨/૦૫ અંતીત કાર્યરત છે, | (૧) ૪૨ (૪૧ મધ્યમ, નાના બંદરો અને ૧ મહાબંદર) |
| (૨) જે પૈકી સુરત જિલ્લામાં કેટલા આવેલ છે, અને | (૨) ૩ (ત્રણ). |
| (૩) સુરત જિલ્લામાં આવેલ બંદરોની ૨૦૦૫ના કેલેન્ડર વર્ષની આવક કેટલી ? | (૩) અંદાજે રૂા.૩૬૦૮.૨૦ લાખ. |

-----------

**બનાસકાંઠા જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ**

૧૬૩૬૦**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઈ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/ અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્મ હાથ ધરેલ | (૧) હા, જી. |

હોવાની હકિક્ત ખરી છે, અને

(૨) જો હા તો, બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પેકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ?

(૨) ફરજ બજાવતા કુલ ૧૨૮૭ કર્મચારી/અધિકારીઓ પેકી ૧૨૬૨ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

-----------

**સુરત આર. ટી. ઓ. ક્ચેરીની આવક**

૧૬૧૬૯**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ) માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૫-૨૦૦૬ ની સુરત આર.ટી.ઓ ક્ચેરીની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને

(૨) તે પેકી જાન્યુઆરી ૨૦૦૬ના અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલી છે ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ ની સુરત આર.ટી.ઓ. ક્ચેરીની અંદાજવામાં આવેલ આવક નીચે મુજબ છે.

| વર્ષ | અંદાજવામાં આવેલ આવક |
|---|---|
| ૨૦૦૫-૦૬ | રૂા.૧૦૨,૫૦,૦૦,૦૦૦/- (એક્સો બે કરોડ પચાસ લાખ) |

(૨) તે પેકી જાન્યુઆરી-૨૦૦૬ના અંત સુધીમાં રૂા.૭૮,૭૧,૭૩,૦૦૦ (ઇઠ્ઠોતેર કરોડ ઇકોતેર લાખ તોતેર હજાર) આવક થયેલી છે.

-----------

**મોટા ઉદ્યોગોની સ્થાપના માટે આપવામાં આવેલ મંજૂરી અને રોકાણ**

૧૬૨૦૨ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીયના વર્ષમાં તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ કુલ કેટલા નવા મધ્યમ અને મોટા ઉદ્યોગો સ્થાપવાની મંજૂરી આપવામાં આવી, અને કેટલી મૂડી રોકાણ સાથે ?

**જવાબ**

મધ્યમ અને મોટા ઉદ્યોગો સ્થાપવા માટે હવે કેન્દ્ર સરકારના હુકમોની જોગવાઇ અનુસાર મંજૂરી લેવાની જરૂર નથી, પરંતુ ભારત સરકારને ઇરાદાઓ જાહેર કરવાના થાય છે.

ભારત સરકારમાં મધ્યમ/મોટા પ્રોજેકટો દ્વારા રજુ થયેલ દરખાસ્તો (આઇઇએમ એલઓઆઇ એલઓપી) ની વિગતો વર્ષવાર નીચે મુજબ છે.

| વર્ષ | મધ્યમ/મોટા પ્રોજેકટની સંખ્યા | મૂડી રોકાણ (રૂા.કરોડમાં) |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૭૨૫ | ૨૮,૩૧૪ |
| ૨૦૦૫-૦૬ (ડિસેમ્બર-૦૫ સુધીમાં) | ૬૩૭ | ૭૧,૮૦૫ |

-----------

**ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ મહિલા બળાત્કારના કેસ**

૧૭૪૧૩**ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર મહિલા બળાત્કારના કેસ તા. ૩૧/૧૨/૦૫ ની સ્થિતિએ

**જવાબ**

(૧) નીચે મુજબના તાલુકાવાર ગુન્હા નોંધાયા છે.

| ગાંધીનગર | દહેગામ | માણસા | કલોલ |
|---|---|---|---|

૨૦૦૫નાં કેલેન્ડર વર્ષે કેટલા નોંધાયા છે, અને

| ૩ | ૧ | ૧ | ૪ |
|---|---|---|---|

(૨) પોલીસે પગલાં શાં લીધાં ?

(૨) આ ગુન્હાઓમાં સંડોવાયેલ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

-----------

**પેસેન્જરોની સંખ્યા નક્કી કરી ખાનગી વાહનોના પાસીંગ આપવા અંગે**

૧૬૭૨૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં માલવાહક ખૂલ્લા છકડો રીક્ષા અને યુટિલિટી મેટાડોર વાહનો મારફતે ખૂબ મોટા પ્રમાણમાં ગેરકાયદેસર પેસેન્જરોની હેરા-ફેરી થાય છે, તે રાજ્ય સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો પેસેન્જરોની સંખ્યા નક્કી કરી વાહનોનાં પાસિંગ આપવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાના ચેકીંગ અધિકારીઓની ચેકીંગ કાર્યવાહી દરમિયાન આવી વિગતો ધ્યાન ઉપર આવેલ છે.

(૨) ના, જી. માલવાહક વાહનોનું પેસેન્જર વાહન તરીકે કે, પેસેન્જરની હેરફેર માટે પાસીંગ આપી શકાય નહીં.

-----------

**એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં પ્રજાના પૈસે સીનીયર પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા એરકંડીશન વાપરવા અંગે**

૧૭૧૯૨**શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં સીનીયર પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા પ્રજાના પૈસાનો દુરઉપયોગ કરી એરકંડીશન મશીન વાપરવામાં આવે છે તે માટે નિયમાધીન તે વાપરવા હકદાર છે,

(૨) જો ના, તો તે અંગે વિભાગ દ્વારા તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ શાં પગલાં લેવામાં આવ્યા, અને

(૩) આગળ વિભાગ શાં પગલાં લેવા માગે છે ?

**જવાબ**

(૧) કોઇપણ પોલીસ ઇન્સ્પેક્ટર એરકંડીશન મશીન વાપરવા હકદાર નથી. હાલ એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં એરકંડીશન મશીન વાપરવામાં આવતું નથી.

(૨) અને (૩) : એરકંડીશન મશીન વાપરવામાં આવતું ન હોઇ, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)

-----------

**નદીઓને જોડીને નર્મદાનાં પાણી વહેવડાવવા બાબત**

૧૭૫૯૫ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં નદીઓને જોડવાની અને તે નદીઓમાં નર્મદાનું પાણી વહેવડાવવાની નીતિ અનુસાર મધ્ય ગુજરાતની કઈ કઈ નદીઓમાં નર્મદાના નીર વહેવડાવવાનું આયોજન છે ?

**જવાબ**

મધ્ય ગુજરાતમાં નર્મદા કેનાલની પમિ જ્યાં જ્યાં નદી પર "એસ્કેપ" છે ત્યાં પાણી વહેવડાવી શકાશે આવી નદીઓની યાદી પત્રકમાં સામેલ છે.

**પ ત્ર ક**

મધ્ય ગુજરાતની નદીઓ ઉપર નર્મદા કેનાલમાં મૂક્વામાં આવેલ "એસ્કેપ" ની વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | નર્મદા મુખ્ય નહેરના એસ્કેપની સાંકળ | નદીનું નામ |
|---|---|---|
| ૧ | ૨૭ | હેરણ |
| ૨ | ૧૦૫ | કરાડ |
| ૩ | ૧૩૬ | કુણ/મહી |
| ૪ | ૧૬૦ | સેડક |
| ૫ | ૧૮૨ | મોહર |
| ૬ | ૧૯૫ | વાત્રક |

-----------

**એસ.ટી. નિગમની બસો સી.એન.જી. થી ચલાવવાની યોજના અંગે**

૧૬૩૪૩ **શ્રી ભુરાભાઈ કટારા (ઝાલોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે એસ. ટી. નિગમની બસો સી. એન. જી. મારફત ચલાવવાની યોજના બનાવી હોવાની હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો, હા, તો આ માટે શું આયોજન વિચારેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૦૫-૦૬ સુધીમાં ૨૦૦ સી. એન. જી. ચાલિત બસો સંચાલનમાં મૂકવાનું આયોજન છે. તે પેકી ૧૯૭ બસો સંચાલનમાં મૂકાઈ ગઈ છે. બાકીની ૩ (ત્રણ) બસો પણ માર્ચ-૨૦૦૬ સુધીમાં કાર્યરત થઈ જશે.

વર્ષ ૨૦૦૬-૦૭માં વધારાની ૨૦૦ સી. એન. જી. ચાલિત બસો સંચાલનમાં મૂકવાનું સિધ્ધાંતમાં સ્વીકાર્યું છે.

-----------

**સામુહિક આત્મહત્યાના બનાવોની તપાસ**

૧૬૮૩૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સામુહિક આત્મહત્યા બનાવોમાં આર્થિક સંકડામણનું કારણ આગળ ધરીને જરૂરી તપાસ કરવાનું ટાળી દેવામાં આવે છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો, ના, તો જાન્યુઆરી-૨૦૦૫ થી જાન્યુઆરી-૨૦૦૬ દરમ્યાન રાજ્યમાં સામુહિક આત્મ-હત્યાના કુલ કેટલા બનાવો બન્યા અને તે પેકી કુલ કેટલા બનાવોની તપાસ હાથ ધરવામાં આવી ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) આ સમયગાળા દરમિયાન કુલ-૧૯ બનાવો બન્યા છે, તે તમામ કેસોમાં તપાસ હાથ ધરવામાં આવી છે.

-----------

**કચ્છ જિલ્લા પોલીસ વડાએ તાબા હેઠળના પોલીસ સ્ટેશનો અને પોલીસ ચોકીઓની લીધેલી મુલાકાત**

૧૭૩૯૧ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૫ની સાલમાં કચ્છ જિલ્લામાં જિલ્લા પોલીસ વડાએ ક્યા ક્યા પોલીસ સ્ટેશનો અને પોલીસ ચોકીઓની ક્યારે ક્યારે મુલાકાત લીધી,

(૨) તપાસણી નિરીક્ષણ દરમ્યાન કેવી ગેરરીતિઓ જોવા મળી, અને

(૩) ગેરરીતિઓ દૂર કરવા અને જવાબદારો સામે પગલાં લેવા શી કાર્યવાહી થઈ ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ

(૨) ગેરરીતિ જોવા મળેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**<u>પત્રક--૧</u>**

કેલેન્ડર વર્ષ ૨૦૦૫ની સાલમાં જિલ્લા પોલીસ વડાએ નીચે જણાવ્યા પ્રમાણે પોલીસ સ્ટેશનોની તપાસણી દરમ્યાન મુલાકાત લીધેલ છે.

| અ. નં. | પો. સ્ટેશન | તપાસણી દરમ્યાન મુલાકાતની તારીખ |
|---|---|---|
| ૧. | અંજાર | ૦૩/૦૩/૦૫ |
| ૨. | નલીયા | ૨૯/૦૩/૦૫<br>૩૦/૦૩/૦૫ |

| અ. નં. | પો. સ્ટેશન | તપાસણી દરમ્યાન મુલાકાતની તારીખ |
|---|---|---|
| | | ૩૧/૦૩/૦૫<br>૧૩/૦૪/૦૫ |
| ૩. | જખૌ | ૧૪/૦૪/૦૫ |
| ૪. | વાયોર | ૧૪/૦૪/૦૫ |
| ૫. | નખત્રાણા | ૧૦/૦૫/૦૫<br>૧૩/૦૫/૦૫<br>૧૪/૦૫/૦૫<br>૦૮/૦૬/૦૫<br>૦૯/૦૬/૦૫ |
| ૬. | ભૂજ સીટી | ૨૭/૦૫/૦૫<br>૨૮/૦૫/૦૫<br>૨૯/૦૫/૦૫<br>૩૦/૦૫/૦૫<br>૦૨/૦૬/૦૫ |
| ૭. | કંડલા | ૦૫/૦૬/૦૫<br>૦૬/૦૬/૦૫ |
| ૮. | રાપર | ૧૪/૦૬/૦૫<br>૧૫/૦૬/૦૫ |
| ૯. | ખડીર | ૨૯/૦૬/૦૫<br>૩૦/૦૬/૦૫ |
| ૧૦. | મુંદ્રા | ૧૫/૦૭/૦૫<br>૧૬/૦૭/૦૫ |
| ૧૧. | આદીપુર | ૨૭/૦૭/૦૫<br>૨૯/૦૭/૦૫<br>૦૬/૦૮/૦૫<br>૧૧/૦૮/૦૫<br>૨૯/૦૮/૦૫ |
| ૧૨. | ભચાઉ | ૧૬/૦૮/૦૫<br>૧૭/૦૮/૦૫<br>૧૮/૦૮/૦૫ |
| ૧૩. | ગાંધીધામ | ૨૬/૦૮/૦૫<br>૨૭/૦૮/૦૫<br>૨૮/૦૮/૦૫<br>૨૯/૦૮/૦૫ |
| ૧૪. | નારાયણ સરોવર | ૨૭/૦૯/૦૫<br>૨૮/૦૯/૦૫<br>૨૯/૦૮/૦૫ |
| ૧૫. | કોઠારા | ૧૬/૧૧/૦૫ |
| ૧૬. | નરા | ૦૬/૧૨/૦૫ |
| ૧૭. | દયાપર | ૦૬/૧૨/૦૫ |
| ૧૮. | ખાવડા | ૦૮/૧૨/૦૫ |
| ૧૯. | આધોઈ | ૨૦/૧૨/૦૫ |
| ૨૦. | ભીમાસર | ૨૨/૧૨/૦૫ |
| ૨૧. | માંડવી | ૨૭/૧૨/૦૫ |
| ૨૨. | માંડવી વોટર | ૨૭/૧૨/૦૫ |
| ૨૩. | ભુજ તાલુકા | ૨૮/૧૨/૦૫<br>૨૯/૧૨/૦૫<br>૩૦/૧૨/૦૫ |

| અ. નં. | પો. સ્ટેશન | તપાસણી દરમ્યાન મુલાકાતની તારીખ |
|---|---|---|
| | | ૩૧/૧૨/૦૫ |

કચ્છ જિલ્લામાં ૦૬ પોલીસ ચોકીઓ ભુજ અને ગાંધીધામ--માંડવી વોટર ખાતે આવેલ છે જેનો પો. સ્ટે. ની તપાસણીમાં સમાવેશ થાય છે.

-----------

**ગ્રીન રીવોલ્યુશન કંપની મારફતે ખેડૂતોને સહાય**

૧૪૨૮૮**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની મારફતે જિલ્લાવાર કેટલા ખેડુતોને ક્યા હેતુઓ માટે કેટલી રકમની સહાય આપવામાં આવી અને

(૨) તા. ૩૧/૧/૦૬ ની સ્થિતિએ જિલ્લાવાર કેટલી અરજીઓ ક્યારથી પડતર છે ?

**જવાબ**

(૧) અને (૨) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની મારફતે સુક્ષ્મ પિયત માટે જિલ્લાવાર ખેડૂતોને ચૂકવવામાં આવેલ સહાય તથા પડતર અરજીઓની વિગત પત્રક માં સામેલ છે.

**પત્રક**

માઈક્રો ઈરીગેશન સીસ્ટમ યોજનાનો તારીખ : ૧-૪-૨૦૦૫ થી ૩૧-૧-૨૦૦૬ સુધી થયેલ પ્રગતિ અંગેનો અહેવાલ

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧/૧/૦૬ સુધીમાં જિલ્લાવાર ચૂકવાયેલ સહાય અને લાભાર્થીની વિગત | | | તા. ૩૧/૧/૦૬ સુધી જી.જી.આર. સી પાસે પડતર અરજીની વિગત | |
|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | વિસ્તાર હે. | ચુકવવામાં આવેલ રકમ રૂપિયા | સંખ્યા | વિસ્તાર હે. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| (૧) | અમદાવાદ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | (૬) | ૧૩.૬ |
| (૨) | અમરેલી | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | (૨૩) | ૩૮.૭ |
| (૩) | આણંદ | ૨૯ | ૫૨.૫૩ | ૨૪૨૨૮૨૫.૦૦ | (૭) | ૧૧.૯ |
| (૪) | બનાસકાંઠા | ૪ | ૫.૬૫ | ૨૭૬૩૯૯.૦૦ | (૫૩) | ૧૦૮.૯ |
| (૫) | ભરૂચ | ૧૮ | ૪૨.૫૮ | ૧૬૦૨૧૦૦.૦૦ | (૩૬) | ૯૨.૫ |
| (૬) | ભાવનગર | ૩ | ૪.૬૫ | ૧૫૩૦૯૦.૦૦ | (૨૫) | ૩૨.૦ |
| (૭) | દાહોદ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | (૧૨) | ૧૫.૧ |
| (૮) | ડાંગ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | (૦) | ૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| (૯) | ગાંધીનગર | ૩૩ | ૧૦૬.૦૮ | ૫૦૦૬૧૮૦.૦૦ | (૨૮) | ૯૭.૩ |
| (૧૦) | જામનગર | ૩ | ૫.૮૦ | ૨૧૫૯૧૫.૦૦ | (૧૬) | ૨૭.૭ |
| (૧૧) | જુનાગઢ | ૭૭ | ૧૦૪.૭૫ | ૮૨૭૫૯૪.૦૦ | (૧૨૦) | ૧૮૨.૮ |
| (૧૨) | ખેડા | ૩૨ | ૧૬૩.૮૧ | ૭૮૫૦૦૯૦.૦૦ | (૧૩) | ૪૧.૧ |
| (૧૩) | કચ્છ | ૩૦ | ૯૬.૧૬ | ૩૮૦૨૬૫૭.૦૦ | (૯૧) | ૩૨૮.૨ |
| (૧૪) | મહેસાણા | ૩ | ૫.૦૦ | ૧૫૭૫૮૦.૦૦ | (૧૩) | ૫૭.૬ |
| (૧૫) | નર્મદા | ૩ | ૪.૦૧ | ૧૫૧૭૩૬.૦૦ | (૧૪) | ૨૬.૭ |
| (૧૬) | નવસારી | ૧૦ | ૨૫.૧૨ | ૮૧૧૪૯૦.૦૦ | (૪૦) | ૪૪.૯ |
| (૧૭) | પંચમહાલ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | (૦) | ૦.૦૦ |
| (૧૮) | પાટણ | ૨ | ૩.૩૩ | ૧૦૧૭૩૨.૦૦ | (૭) | ૨૮ |
| (૧૯) | પોરબંદર | ૫૨ | ૬૯.૯૫ | ૫૧૪૬૮૪.૦૦ | (૧૪) | ૨૯.૯ |
| (૨૦) | રાજકોટ | ૧૩ | ૨૧.૯૧ | ૧૭૮૯૩૫.૦૦ | (૧૯) | ૨૨.૦ |
| (૨૧) | સાબરકાંઠા | ૧૫૭ | ૩૯૧.૮૬ | ૧૬૫૮૭૧૦૬.૦૦ | (૬૬) | ૧૬૫.૭ |
| (૨૨) | સુરત | ૬૫ | ૧૩૧.૦૬ | ૪૫૮૫૨૫૫.૦૦ | (૪૫) | ૯૧.૬ |
| (૨૩) | સુરેન્દ્રનગર | ૨૯ | ૮૩.૩૩ | ૨૭૨૦૫૨૬.૦૦ | (૨૪) | ૭૯.૬ |
| (૨૪) | વડોદરા | ૫૧ | ૧૧૭.૫૩ | ૪૪૭૫૩૪૨.૦૦ | (૮૧) | ૨૩૬.૭ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૨૫) | વલસાડ | ૨૨ | ૪૬.૭૪ | ૨૧૨૭૯૨૮.૦૦ | (૨૯) | ૭૮.૩ |
| | **કુલ** | **૬૩૬** | **૧૪૮૨** | **૫૪૫૬૯૧૬૪.૦૦** | **૭૮૨** | **૧૮૫૨** |

-----------

**લઘુ ઉદ્યોગકારોને આપવામાં આવતી શરતો (સબસીડી)માં કાપ મુકવા અંગે**

૧૬૭૨૬ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સને ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ના નાણાકીય વર્ષમાં લઘુ ઉદ્યોગકારોને આપવામાં આવતી શરતો (સબસીડી)માં વર્ષવાર કેટલા ટકા કાપ મૂક્યા છે, અને

(૨) આ કાપ મૂક્વાના કારણો શા છે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં લઘુ ઉદ્યોગકારોને આપવામાં આવતી શરતો (સબસીડી)માં વર્ષવાર કોઈ કાપ મુકવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યનું જાહેર દેવું**

૧૬૪૭૦**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૨ની સુધીનું રાજ્ય સરકારનું જાહેર દેવું કુલ કેટલું હતું; અને

(૨) તા. ૧-૧-૨૦૦૩ થી તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારનું વર્ષવાર જાહેર દેવું કુલ કેટલું છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૨ની સુધીનું રાજ્ય સરકારનું જાહેર દેવું રૂા. ૩૫૮૬૭.૪૬ કરોડ હતું.

(૨) નાણાકીય વર્ષવાર રાજ્ય સરકારનું જાહેર દેવું નીચે મુજબ છે :-

તા. ૩૧-૦૩-૦૩ ની સ્થિતિએ રૂા. ૪૦૭૯૪.૩૮ કરોડ

તા. ૩૧-૦૩-૦૪ ની સ્થિતિએ રૂા. ૫૦૪૦૬.૭૪ કરોડ

તા. ૩૧-૦૩-૦૫ ની સ્થિતિએ રૂા. ૫૭૫૦૯.૮૧ કરોડ

તા. ૩૧-૦૧-૦૬ ની સ્થિતિએ અંદાજે રૂા. ૬૪૮૫૭.૪૨ કરોડ

એચબી-૧૦૧૯-૧૫

-----------

**એફ.આઈ.આર.માં આરોપી તરીકે દર્શાવેલ ઈસમો અંગે**

૧૬૬૪૩ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાફરાબાદ પોલીસ સ્ટેશનના એફ.આઈ.આર. ન. ૨૮/૦૫ તથા ૩૦/૦૫માં આરોપી તરીકે દર્શાવેલ ઈસમો પેકીના બે ઈસમો દમણ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થયેલા હતા તેમજ અન્ય બે ઈસમો અન્યત્ર કોર્ટમાં હતા જેથી તોફાન સમયે તેઓ જાફરાબાદ હતા નહિ. તેમ છતાં તેઓના નામો એફ.આઈ.આર.માં છે તે ખરુછે, અને

(૨) જો હા, તો આ અંગે તપાસ કરી શું પગલા લેવા માંગો છો ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**જ્યોતિગ્રામ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં તાલુકાવાર ગામડાઓનો સમાવેશ**

૧૭૪૦૯**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર અને ગામવાર કેટલા ગામડાઓનો

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર જ્યોતિગ્રામ હેઠળ ૮૬૭

જ્યોતિગ્રામ યોજનામાં સામવેશ કરવામાં આવ્યો છે,

ગામો આવરેલ છે તથા ૧૬ ગામોને સોલર સીસ્ટમ હેઠળ આવરેલ છે. તાલુકાવાર વિગતો પત્રકમાં સામેલ છે.

(૨) તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ જિલ્લાના કેટલા ગામડાઓનો જ્યોતિગ્રામ યોજનામાં સામાવેશ કરવાનો બાકી છે, અને

(૩) બાકી રહી ગયેલા ગામડાઓનો ક્યાં સુધી સમાવેશ કરી દેવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

**જ્યોતિગ્રામ યોજના અંતર્ગત કચ્છ જિલ્લાની તાલુકાવાર ગામોની વિગત.**

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ જ્યોતિગ્રામ થયેલ ગામોની સંખ્યા | બાકી રહેલ ગામોની સંખ્યા. | તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જ્યોતિગ્રામ ગામોની વિગત. |
|---|---|---|---|---|
| ૧. | અબડાસા | ૧૪૯ | ૧ | ૧ ગામ સોલરથી |
| ૨. | અંજાર | ૬૨ | ૨ | ૨ ગામ સોલરથી |
| ૩. | ભચાઉ | ૬૭ | ૧ | ૧ ગામ સોલરથી |
| ૪. | ભુજ | ૧૪૧ | ૨ | ૨ ગામ સોલરથી |
| ૫. | ગાંધીધામ | ૮ | -- | પૂર્ણ |
| ૬. | લખપત | ૮૦ | ૫ | ૫ ગામ સોલરથી |
| ૭. | માંડવી | ૮૬ | ૪ | ૪ ગામ સોલરથી |
| ૮. | મુન્દ્રા | ૫૮ | ૧ | ૧ ગામ સોલરથી |
| ૯. | નખત્રાણા | ૧૧૯ | -- | પૂર્ણ |
| ૧૦. | રાપર | ૯૭ | -- | પૂર્ણ |
| | **કુલ..** | **૮૬૭** | **૧૬** | **--** |

-----------

**ખેડા જિલ્લાના નર્મદાની કેનાલની માઇનોર કેનાલના તાલુકાવાર બાકી કામો**

૧૬૨૦૫**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં નર્મદા કેનાલની માઇનોર કેનાલના ક્યા ક્યા કામો તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં બાકી છે, અને

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર નર્મદા યોજનાની માઈનોર કેનાલની પૂર્ણ થયેલ લંબાઈ તથા બાકી રહેલ પ્રગતિ હેઠળના કામોની લંબાઈ નીચે મુજબ છે.

| તાલુકો | પૂર્ણ થયેલ લંબાઈ (કી. મી. માં) | બાકી રહેલ પ્રગતિ હેઠળની લંબાઈ (કી. મી. માં) |
|---|---|---|
| ઠાસરા | ૬૪.૪૭ | ૪૯.૨૦ |
| કઠલાલ | ૧૨૪.૫૫ | ૫૨.૭૦ |
| કપડવંજ | ૩૯.૨૧ | ૪.૭૧ |
| મહુધા | ૧૨.૭૩ | ૨.૨૬ |
| મહેમદાવાદ | ૨૮.૭૨ | ૩૧.૨૨ |

(૨) આ કામો સત્વરે પૂર્ણ કરવા સરકારે શું આયોજન કરેલ છે?

(૨) આ કામો હાલમાં પ્રગતિ હેઠળ છે અને જૂન ૨૦૦૬ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**નવા ઉદ્યોગ સ્થાપવા માટે થયેલ એમ.ઓ.યુ.**

૧૬૮૭૪ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ૩ વષમાં નવા ઓદ્યોગિક એકમો માટે કેટલી રકમના ક્યા ક્યા ઉદ્યોગો સ્થાપવા માટે એમ.ઓ.યુ. સાઇન કરવામાં આવ્યા,

(૨) આ પેકીના કેટલા ઓદ્યોગિક એકમો ક્યા ક્યા પ્રકારના શરૂ થયા,

(૩) આ પેકીના કેટલા ઓદ્યોગિક એકમો શરૂ થવાની તેયારીમાં છે, અને

(૪) આ ઓદ્યોગિક એકમોથી રાજ્યને કેટલો આર્થિક લાભ થશે ?

**જવાબ**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૩૦૨ પ્રોજેકટોમાં કુલ રૂા. ૧,૭૨,૨૨૮ કરોડના નીચે જણાવેલ ક્ષેત્રોમાં એમ.ઓ.યુ./જાહેરાતો થયેલ છે.

**એમ.ઓ.યુ./જાહેરાતો થયેલ ઉદ્યોગક્ષેત્રો**

(૧) કૃષિ આધારીત ઉદ્યોગો (૨) પાવર (૩) ઓઈલ અને ગેસ (૪) ઈમર્જીંગ ટેક્નોલોજી (ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને બાયોટેક્નોલોજી) (૫) પ્રવાસન (૬) શહેરી વિકાસને લગતા પ્રોજેકટો (૭) કેમીકલ્સ (૮) ટેક્ષટાઈલ અને એપેરલ (૯) બંદર આધારિત પ્રોજેક્ટો (૧૦) આંતરમાળખાકીય સુવિધાઓને લગતા /રેલ્વે (૧૧) એન્જીનીયરીંગ અને ઓટોમોબાઈલ્સ (૧૨) અન્ય ક્ષેત્રો

(૨) અને (૩) રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ હેઠળ થયેલ એમ.ઓ.યુ/જાહેરાતો પેકી ૬૦ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે અને ૨૦૬ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે આમ ૨૬૬ પ્રોજેક્ટ સ્થાપના હેઠળ છે. પ્રોજેકટોની ઉદ્યોગ ક્ષેત્રવાર યાદી આ સાથે પરિશિષ્ટ-ખ મુજબ છે.

(૪) -રાજ્યને વેચાણવેરો તેમજ અન્ય વેરાઓથી આર્થિક લાભ થશે.

--આ ઓદ્યોગિક એકમો સ્થાપવાથી રાજ્યમાં સીધી અને આડક્તરી રોજગારી ઉભી થશે.

--ઓદ્યોગિક ઉત્પાદન વધશે અને તે રીતે રાજ્યના ઓદ્યોગિક વિકાસને વેગ મળશે.

**પરિશિષ્ટ--ખ**

**વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ અને ૨૦૦૫ દરમ્યાન થયેલ એમ.ઓ.યુ/જાહેરાતોના પેકી ઉત્પાદન /અમલવારી હેઠળના પ્રોજેકટોની વિગત.**

| ક્રમ | એમ.ઓ.યુ/જાહેરાતો થયેલ ઉધોગ ક્ષેત્રો | પ્રોજેકટોની પરિસ્થિતિ | | |
|---|---|---|---|---|
| | | ઉત્પાદનમાં આવેલ પ્રોજેકટો | અમલીકરણ હેઠળના એકમો | કુલ સ્થાપના હેઠળના એકમો |
| ૧ | કૃષિ આધારિત ઉધોગ | ૧૦ | ૨૮ | ૩૮ |
| ૨ | પાવર | ૧ | ૨૬ | ૨૭ |
| ૩ | ઓઈલ અને ગેસ | ૮ | ૨૦ | ૨૮ |
| ૪ | ઈમર્જીંગ ટેક્નોલોજી (ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને બાયો ટેક્નોલોજી) | ૧૨ | ૧૦ | ૨૨ |
| ૫ | પ્રવાસન | ૧ | ૮ | ૯ |
| ૬ | શહેરી વિકાસને લગતા પ્રોજેકટો | ૧ | ૧૨ | ૧૩ |
| ૭ | કેમીકલ્સ અને પેટ્રોકેમીકલ્સ | ૬ | ૧૪ | ૨૦ |
| ૮ | ટેક્ષટાઈલ અને એપેરલ | ૩ | ૧૧ | ૧૪ |
| ૯ | બંદર આધારિત પ્રોજેકટો | ૩ | ૨૫ | ૨૮ |
| ૧૦ | આંતર માળખાકીય સુવિધાઓને લગતા/રેલ્વે | ૧ | ૪ | ૫ |
| ૧૧ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક/સ્પેશિયલ ઈકોનોમીક ઝોન | ૧ | ૫ | ૬ |
| ૧૨ | એજ્યુકેશન ઈન્સ્ટીટયુશનો | ૧ | ૬ | ૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | એન્જીનીયરીંગ અને ઓટોમોબાઈલ ઉધોગો | ૧૦ | ૨૫ | ૩૫ |
| ૧૪ | મીનરલ આધારિત ઉધોગો | ૧ | ૬ | ૭ |
| ૧૫ | અન્ય ક્ષેત્રો | ૧ | ૬ | ૭ |
| | **કુલ પ્રોજેક્ટો** | **૬૦** | **૨૦૬** | **૨૬૬** |

-----------

**ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાની તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૭૨૦૨**ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકામાં તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ ૧ વર્ષમાં તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ સરકારને મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરી વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ૧૭૬૩.

(૨) ૫૦૪ અરજીઓનો નિકાલ કરેલ છે. તે પૈકી ૨૬૦ અરજદારોને વીજજોડાણ આપેલ છે, અને ૨૪૪ અરજીઓ નાણા નહીં ભરવાને કારણે રદ થયેલ છે.

(૩) બાકીના અરજદારોને તબક્કાવાર વીજજોડાણ આપવાનું આયોજન છે.

-----------

**રાજ્યે લીધેલ ઓવરડ્રાફ્ટ**

૧૬૮૮૧**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કેટલીવાર ઓવરડ્રાફ્ટ લીધા,

(૨) આ ઓવરડ્રાફ્ટ કેટલી રકમના ક્યારે લેવામાં આવ્યા, અને

(૩) આ ઓવરડ્રાફ્ટ માટે રાજ્ય સરકારે કુલ કેટલું વ્યાજ કેટલા દરે ચૂકવ્યું ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**લોકોત્સવ દરમિયાન થયેલ વિદેશી મૂડી રોકાણ**

૧૬૯૫૮**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (કામરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકાર તરફથી ઉજવવામાં આવતાં લોકોત્સવ દરમ્યાન તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલું વિદેશી મૂડી રોકાણ રાજ્યને મળેલ છે ?

**જવાબ**

રાજ્ય સરકાર તરફથી ઉજવવામાં આવતા પ્રવાસન સંબંધિત લોક ઉત્સવમાં વિદેશી મૂડી રોકાણ મેળવવાનું આયોજન હોતું નથી, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**મીઠાના અગરોમાં કામ કરતાં અગરીયાઓ માટે કેન્દ્ર તરફથી ""નમક મઝદૂર આવાસ"" યોજના હેઠળ રાજ્યને મળેલ સહાય**

૧૬૨૦૭**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મીઠાના અગરોમાં કામ કરતાં અગરીયાઓ માટે મકાનોનું નિર્માણ કરવા ""નમક મજદૂર આવાસ"" યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલી સહાય છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં ચૂકવી, અને

**જવાબ**

(૧) કેલેન્ડર વર્ષ
વર્ષ ૨૦૦૪ રૂા. ૧,૧૯,૩૫,૦૦૦/-
વર્ષ ૨૦૦૫ રૂા. ૧,૭૪,૬૨,૫૦૦/-
કુલ રૂા. ૨,૯૩,૯૭,૫૦૦/-

(૨) આ યોજના અંતર્ગત કેટલા મકાનોની મંજૂરી આપી અને કેટલો ખર્ચ થયો ?

(૨) આ યોજના અંતર્ગત ૩૨૭૩ મકાનોને મંજૂરી આપવામાં આવેલ છે. તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં રૂા. ૪૫૩.૯૭ લાખનો ખર્ચ થયેલ છે.

-----------

**પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ વિવિધ ગુના**

૧૭૦૦૯ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર જાન્યુઆરી-૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખૂન, લૂંટ, ધાડ અને ચોરીના ગુનાઓ નોંધવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| તાલુકા | ખૂન | લૂંટ | ધાડ | ચોરી |
|---|---|---|---|---|
| ગોધરા | ૨૦ | ૧૫ | ૧૪ | ૩૧૬ |
| શહેરા | ૧૪ | ૧ | ૪ | ૨૭ |
| મોરવા | ૫ | ૩ | ૬ | ૧૯ |
| લુણાવાડા | ૯ | ૨ | ૦ | ૪૮ |
| બાકોર | ૩ | ૦ | ૦ | ૬ |
| કડાણા | ૦ | ૦ | ૦ | ૫ |
| સંતરામપુર | ૯ | ૧૧ | ૫ | ૩૫ |
| કાલોલ | ૧૨ | ૪ | ૧ | ૫૬ |
| હાલોલ | ૧૫ | ૬ | ૬ | ૮૯ |
| જાંબુઘોડા | ૩ | ૦ | ૦ | ૯ |
| ઘોઘંબા | ૧૦ | ૪ | ૦ | ૧૭ |

(૨) આ પૈકી કેટલા ગુનાઓમાં તહોમતદારોને પકડવામાં આવ્યા છે, અને કેટલા ફરાર છે,

(૨) ૩૯૭ ગુનામાં આરોપીઓને પકડવામાં આવ્યા છે, ૩૭ આરોપીઓ ફરાર છે.

(૩) કેટલા ગુનાઓમાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી છે, અને

(૩) ૩૭૬ (ત્રણસો છોતેર)

(૪) કેટલા ગુનાઓનો આખરી નિકાલ આવ્યો છે ?

(૪) ૩૬ (છત્રીસ)

-----------

**હાલોલ તાલુકાના શીવરાજપુર ખાતેના ખનીજના ઢગલાને ખસેડવાની કામગીરી**

૧૭૦૫૫ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં હાલોલ તાલુકાના શીવરાજપુર ખાતે ખનીજોના ઢગલાને ખસેડવાની કામગીરી માટે કેટલાને અને ક્યારે પરમીટ આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) એક (૧) વર્ક પરમીટ ગુજરાત ખનિજ વિકાસ નિગમને આપેલ છે. તા. ૨૫-૧૦-૨૦૦૫થી.

(૨) શીવરાજપુર ખાતે મળી આવતા મેંગેનીઝ ઓરના ઢગલામાંથી ગેરકાયદેસર રીતે ખનીજ વહનની પ્રવૃતિની સરકારને જાણ છે, અને

(૨) તાજેતરમાં ૧ (એક) ફરિયાદ મળી છે.

(૩) જો હા, તો આ અંગે શું પગલાં લીધાં છે ?

(૩) ગેરકાયદેસર મેંગેનિઝ ઓર ના વહનમાં ૪ (ચાર) ટ્રક પકડવામાં આવેલ છે અને કસૂરવાર સામે આઈ.પી.સી.ની કલમ ૩૭૯ હેઠળ કેસ કરવામાં આવેલ છે.

-----------

**નર્મદા ડેમની ઊંચાઇ વધારવા અંગે**

૧૬૭૩૫ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) નર્મદા ડેમની ઊંચાઇમાં સને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધી કેટલો વધારો કરવામાં આવ્યો છે,

(૨) ચાલુ વર્ષે નર્મદા ડેમની ઊંચાઇ ૧૧૦ મીટરથી વધારે વધારવાની હજુ સુધી મંજૂરી મળી નથી તે હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો આ મંજૂરી મેળવવા સરકારે કેવા પ્રયાસો કર્યા છે ?

(૧) અને (૨) તા. ૮-૩-૨૦૦૬ના રોજ નર્મદા કંટ્રોલ ઓથોરીટી ધ્વારા સરદાર સરોવર બંધની ઊંચાઈ ૧૧૦.૬૪ મીટરથી ૧૨૧.૯૨ મીટર સુધી લઈ જવા મંજૂરી આપેલ છે.

(૩) ઉપરના જવાબના અનુસંધાને પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટે થયેલ સમજૂતી કરારો**

૧૬૫૬૫**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ દરમ્યાન રાજ્યમાં કુલ કેટલા રૂપિયાના ઉદ્યોગો સ્થાપવા માટેના એમ.ઓ.યુ. થયા, અને

(૨) ઉપરોક્ત બંને વર્ષમાં જે એમ.ઓ.યુ. થયા તેમાં વિદેશી મૂડી રોકાણ કેટલા રૂપિયા અંદાજવામાં આવેલ, અને તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલુ વિદેશી મૂડી રોકાણ થયું ?

**જવાબ**

(૧) ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ દરમ્યાન મળેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૩ અને ૨૦૦૫ના આયોજન દરમ્યાન ઓદ્યોગિક મૂડીરોકાણ માટે કુલ રૂા. ૧,૭૨,૨૨૮ ક્રોડના ઉદ્યોગો સ્થાપવા માટેના એમ.ઓ.યુ./જાહેરાતો થયા.

(૨) બન્ને વર્ષમાં જે એમ.ઓ.યુ. થયા તેમાં વિદેશી મૂડીરોકાણ અંગેનો કોઈ અંદાજ કરવામાં આવેલ ન હતો.
કુલ રૂા. ૪,૬૫૬.૫૦ ક્રોડના વિદેશી મૂડીરોકાણના એમ.ઓ.યુ./જાહેરાત થયેલ છે.

-----------

**જુનાગઢ જિલ્લાના પોલિસ દફ્તરે નોંધાયેલા ખૂનના ગુના**

૧૭૦૦૩**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં ખૂનના કેટલા ગુના પોલીસ દફ્તરે નોંધાયા,

(૨) તેમાંથી કેટલાનો ભેદ ઉકેલાયો, અને

(૩) એમાં જો ભેદ ઉકેલાયા વગરના રહ્યા હોય તો સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | ખૂનના ગુનાની સંખ્યા |
|---|---|
| ૨૦૦૪ | ૪૦ |
| ૨૦૦૫ | ૩૩ |

(૨)

| વર્ષ | શોધાયેલ કેસોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૪ | ૩૨ |
| ૨૦૦૫ | ૩૦ |

(૩) વણશોધાયેલા ખુનના ગુનાઓનો ભેદ ઉકેલવા માટે ઝીણવટભરી તપાસ ચાલુ છે, શકદારો તથા સાહેદોને તપાસવામાં આવી રહેલ છે, ખાનગી બાતમીદારો રોકી હકિક્ત મેળવવાના પ્રયત્નો ચાલુ છે તેમજ ગુનાઓનો ભેદ ઉકેલવા માટે સંબંધીત અધિકારીશ્રીઓને તાકીદ કરવામાં આવેલી છે.

-----------

**હથીયારના પરવાનાની માંગણીઓ**

૧૬૪૬૨**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલા સાયલા તાલુકામાં તા. ૧-૧-૦૩ થી ૩૧-૧૨-૦૫ સુધીમાં હથીયાર પરવાનાની કેટલી માંગણીઓ આવી,

**જવાબ**

(૧) હથિયાર પરવાનાની નીચે મુજબ માંગણીઓ આવી.

| ચોટીલા | સાયલા | કુલ |
|---|---|---|
| ૧૮૫ | ૯૯ | ૨૮૪ |

(૨) તે પૈકી કેટલી મંજુર, નામંજૂર કરી અને કેટલી પડતર છે,

(૨) આ અંગેની વિગત નીચે મુજબ છે.

| વિગત | ચોટીલા તાલુકો | સાયલાતાલુકો |
|---|---|---|
| મંજુર | ૫૪ | ૩૨ |
| નામંજુર | ૧૨૦ | ૬૫ |
| પડતર | ૧૧ | ૨ |
| કુલ | ૧૮૫ | ૯૯ |

(૩) નામંજુરના કારણો ક્યા ક્યા છે, અને

(૩) (૧) તપાસણી અધિકારીશ્રીઓ તરફથી પરવાનો આપવા ભલામણ/અભિપ્રાય નકારાત્મક હોવાના કારણે
(૨) સ્વરક્ષણ હેઠળ પરવાનો મંજુર કરવા અંગે પુરતા અને સબળ કારણો ન હોવાથી
(૩) અરજદાર સમાજમાં સારી પ્રતિષ્ઠા કે સારૂં ચારિત્ર્ય ધરાવતા ન હોવાના કારણે
(૪) અરજદાર પોલીસ ગુન્હામાં સીધી કે આડકતરી રીતે સંડોવાયેલ હોવાના કારણે
(૫) અરજદાર ફક્ત આર્થિક ઉપાર્જન તરીકે સીક્યુરીટી માટેની નોકરી મેળવવા માટે જ પરવાનો માંગતા હોવાથી
(૬) અરજદારે સ્વરક્ષણ માટે હથિયાર જરૂરી હોવા અંગેના પ્રતીતિકર આધાર પુરાવા રજુ કરેલ ન હોવાથી
(૭) અરજદાર સ્થાનિક જિલ્લાના સામાન્ય રહીશ નહી હોવાથી
(૮) અરજદાર પરવાનો મેળવવા સક્ષમ કે લાયક ન હોવાના કારણે
(૯) અરજદારને અનેક મુદતો આપવા છતાં જાણી બુઝીને સુનાવણી માટે હાજર ન રહેવાના કારણે
(૧૦) અરજદાર પાસે ખેતીની જમીન વિશેષ પ્રમાણમાં ન હોવાથી
(૧૧) જે તે વિસ્તારમાં જંગલી જાનવરોનો ત્રાસ હોવાના આધાર પુરાવા રજુ કરેલ ન હોવાથી

(૪) બાકી માંગણીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) બનતી ત્વરાએ

-----------

**નોકરીમાં ભરતી માટેની ઉપલી વય મર્યાદામાં છૂટછાટ આપવા અંગે**

૧૬૫૭૧**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાતના યુવાનોને રોજગારીમાં તક મળે તે

**જવાબ**

(૧) હા, જી.

માટે તેમની ઉપલી વય મર્યાદામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કોઇ છૂટછાટ આપવામાં આવી છે, અને

(૨) જો હા, તો તેનો અમલ ક્યારથી કરવામાં આવ્યો છે ?

(૨) તા. ૧૭-૮-૨૦૦૫ થી તા. ૧૬-૮-૨૦૦૬ સુધીના સમયગાળામાં પ્રસિધ્ધ થનાર જાહેરાત માટે લાગુ પડે છે.

-----------

**ધોળકા અને બાવળા વિસ્તારમાં ટ્યુબવેલ પરથી વાયરો ચોરાવા અંગેની ફરિયાદ**

૧૬૪૫૫ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોળકા અને બાવળા વિસ્તારમાં રાત્રિના સમયે ખેડૂતોના ટ્યુબવેલ પરથી વાયરો ચોરવાનું પ્રમાણ ખૂબજ વધેલ છે છતાં ધોળકા પોલીસ સ્ટેશનને આ અંગેની ફરીયાદ પણ લેવામાં આવતી નથી તેનાથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો વાયર ચોરનાર અસામાજિક તત્વોને પકડવા માટે શી કાર્યવાહી કરવાનું આયોજન છે, અને

(૩) જો ના, તો આવા અસામાજિક તત્વો કેટલા પકડાયા ?

**જવાબ**

(૧) ફરીયાદી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા માટે આવે ત્યારે તેની ફરીયાદ લેવામાં આવે છે.

(૨) આવા ગુનાઓમાં આરોપીઓને પકડી તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) ચાર આરોપી પકડાયેલ છે અને બે આરોપી પકડવાના બાકી છે.

-----------

**કડી તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલમાં પડેલ ગાબડા અને મરામત**

૧૭૧૯૫ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કડી તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલમાં છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાએ ગાબડા પડ્યા,

(૨) આ ગાબડાઓમાં મરામત પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) નબળા બાંધકામને કારણે કેનાલમાં ગાબડા પડેલ છે તે સંદર્ભે સરકારને કેટલી ફરીયાદો મળી અને શું પગલાં ભર્યા ?

**જવાબ**

(૧) ૪ (ચાર)

(૨) આ ગાબડાઓની મરામતનું કામ ચાલુ કામના ઈજારદાર પાસે તેમના હિસાબે અને જોખમ નિયત ધોરણ મુજબનું કામ કરી આપવા ફરજ પાડવામાં આવેલ છે.

(૩) ૨ (બે)

આ અંગે તપાસ કરાવી તપાસના નિષ્કર્ષ પ્રમાણે જવાબદારો સામે શિસ્તવિષયક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

-----------

**નર્મદાનું પાણી ચોર-વડોદરા ડ્રેનેજમાં આપવા માટે થયેલ રજૂઆત**

૧૬૯૭૪ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સોનવડ તા. કડીથી નર્મદાનું પાણી ચોરવડોદરા ડ્રેનેજમાં આપવા માટે સાણંદ તાલુકામાંથી સન ૨૦૦૫માં કોઇ માંગણી થયેલ છે, અને

(૨) જો ના, તો આ બાબતે કોઇ વિચારણા સરકારમાં થાય છે કે કેમ ?

**જવાબ**

(૧) હા જી.

(૨) ચોમાસા દરમ્યાન વધારાના પાણીનો જથ્થો ચોર વડોદરા ડ્રેઈનમાં ફત્તેવાડી વિસ્તાર માટે વધારાના પાણીની ઉપલબ્ધી હોય ત્યારે પાણી છોડવાનું આયોજન છે.

-----------

**ઘોઘા દહેજની રો-રો ફેરી સર્વિસ શરૂ કરવાનું આયોજન**

૧૬૧૯૨ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ઘોઘા-દહેજની રો-રો ફેરી સર્વિસ શરૂ કરવા રાજ્ય સરકારનું આયોજન છે કે કેમ, અને | (૧) રો-રો ફેરી સર્વિસ શરૂ કરવાનું આયોજન વિચારણા હેઠળ છે. |
| (૨) જો હા, તો ક્યારથી શરૂ થવા સંભાવના છે ? | (૨) પ્રય ચાલુ છે પરંતુ, ચોકક્સ સમય નિર્ધારીત થઈ શકે તેમ નથી. |

-----------

**પેટાપરાના વીજળીકરણ કરવા માટે કેન્દ્ર તરફથી મળેલ રાહત**

૧૭૨૦૫ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી પેટાપરાના વીજળીકરણ માટે છેલ્લા ૩ નાણાકીય વર્ષમાં કુલ કેટલા રૂપિયા મળ્યા, | (૧) રૂા. ૪૧/- કરોડ, |
| (૨) સાબરકાંઠા જિલ્લાના કેટલા પેટાપરાનું વીજળીકરણ થયું, અને | (૨) ૬૨, |
| (૩) બાકી પેટાપરાનું વીજળીકરણ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બાકી રહેલ ૯ પેટાપરાનું વીજળીકરણનું કામ માર્ચ-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને અદ્યતન બનાવવા થયેલ ખર્ચ**

૧૬૩૪૭ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને અદ્યતન બનાવવા માટે તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂા.૮,૫૩,૩૮,૫૨૮/- |
| (૨) આ ખર્ચ પેટે કેન્દ્ર સરકારની કોઇ સહાય મળેલ છે કે કેમ ? | (૨) હા, જી. |

-------------

**રાજ્યને લીગાઇટ ખનિજ પર મળેલ રોયલ્ટી**

૧૬૮૭૧**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને લીગાઇટ ખનિજની રોયલ્ટી તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા દરે આપવામાં આવે છે, | (૧) કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને લીગાઇટ ખનિજની રોયલ્ટી આપવામાં આવતી નથી, પરંતુ રોયલ્ટીના દર નક્કી કરવામાં આવે છે. કેન્દ્ર સરકારે તા.૧૫-૩-૦૧ થી લીગાઇટ ખનિજની રોયલ્ટીનો દર પ્રતિ મે.ટન રૂા.૫૦/- નક્કી કરેલ છે. જે હાલમાં પ્રવર્તમાન છે. |
| (૨) સને ૨૦૦૪-૦૫ ના અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ સુધીમાં આવી | (૨) કેન્દ્ર સરકાર તરફથી રોયલ્ટી પેટે કોઇ રકમ આપવામાં આવતી નથી, પરંતુ લીગાઇટ ખનિજના |

રોયલ્ટી પેટે રાજ્ય સરકારને કેટલી રકમ ક્યારે મળી,

પટ્ટેદારો પાસેથી ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ (ડિસેમ્બર-૦૫ સુધી) ના વર્ષમાં અનુક્રમે રૂા.૪૪,૮૬,૫૪,૬૬૨/-, રૂા.૩૬,૪૯,૮૮,૨૩૩/- લીગાઇટ રોયલ્ટી પેટે રાજ્ય સરકારને આવક મળેલ છે.

(૩) રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ આ રોયલ્ટીમાં વધારો કરવા કોઇ રજુઆતો કરી છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો ના, તો કેમ નહીં ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## રાજકોટ જિલ્લામાં ટંકારા તાલુકાને ઓદ્યોગિક પછાત વિસ્તાર જાહેર કરવા અંગે

૧૭૦૪૩**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના ટંકારા તાલુકાને ઓદ્યોગિક પછાત વિસ્તાર તરીકે જાહેર કરવા કોઇ આયોજન રાજ્ય સરકારે કરેલ છે, અને | (૧) રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩ માં જાહેર કરેલ ઓદ્યોગિક નીતિમાં ઓદ્યોગિક પછાત વિસ્તાર આધારિત પ્રોત્સાહન નીતિને બદલે સમગ્ર રાજ્યમાં કોઇપણ જ્ગ્યાએ સ્થપાતા એકમોને સહાય આપવાની નીતિ અખત્યાર કરેલ છે. ઉક્ત નીતિ અન્વયે જાહેર કરેલ વ્યાજસહાય, ગુણવત્તા પ્રમાણપત્ર માટેની સહાય, ક્લસ્ટર વિકાસ યોજના અને અન્ય તમામ યોજનાઓ ટંકારા તાલુકામાં લાગુ પડે છે અને ત્યાં આવનાર ઉદ્યોગકાર તેનો લાભ લઇ શકે છે.<br>હવે કોઇ તાલુકાને ઓદ્યોગિક પછાત તાલુકો જાહેર કરવાની નીતિ અમલમાં ન હોવાથી ટંકારા તાલુકાને પછાત વિસ્તાર તરીકે જાહેર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં જાહેર કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## રાજ્યમાં પથરાયેલી ગેસ ગ્રીડ

૧૬૭૩૩ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા કિ.મી. ગેસ ગ્રીડ પથરાયેલી છે, કેટલા ખર્ચે, | (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિ. દ્વારા રાજ્યમાં ૪૮૦ કિ.મી. ગેસગ્રીડ રૂા.૯૫૦ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. |
| (૨) ક્યા ક્યા જિલ્લાઓમાં આ ગ્રીડ પથરાયેલી છે, અને | (૨) સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, ખેડા, અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓમાં આ ગ્રીડ પથરાયેલી છે. |
| (૩) દરેક જિલ્લાઓમાં આ ગ્રીડ લઇ લેવાનું આયોજન છે કે કેમ ? | (૩) હા, જી. |

-------------

## સુરત જિલ્લામાં ઉમર પાડા ટ્રેઝરી મંજૂર થવા બાબત

૧૬૫૭૫**શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ઉમર પાડા ટ્રેઝરી ઓફીસ મંજુર થયેલ છે કે કેમ, | (૧) હા. |

(૨) જો હા, તો ક્યા કારણોસર ચાલુ થઇ શકેલ નથી, અને

(૨) આનુષાંગિક કાર્યવાહી બાકીમાં હોઇ, પેટાતિજોરી ક્ચેરી શરુ થઇ શકેલ નથી.

(૩) કેટલા સમયમાં ચાલુ કરવા માંગો છો ?

(૩) આનુષાંગિક કાર્યવાહી પૂર્ણ થયેથી.

-------------

**સાયન્સ સીટીમાં યોજાયેલ રાજ્ય ક્ક્ષાના વિજ્ઞાન મેળામાં રાજ્યની શાળાઓએ ભાગ લેવા અંગે**

૧૬૯૮૪**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં સાયન્સ સીટીમાં રાજ્ય ક્ક્ષાનો વિજ્ઞાનમેળો ભરાયો તેમાં રાજ્યની કેટલી શાળાઓએ ભાગ લીધો,

(૨) અન્ય કઇ સંસ્થાઓએ ભાગ લીધો,

(૩) કુલ કેટલી કૃતિઓ આવી,

(૪) રાજ્ય બહારની કેટલી કૃતિઓ હતી, અને

(૫) આ વિજ્ઞાન મેળાની વિશેષતા શું હતી ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૫-૨૦૦૬ માં સાયન્સ સીટીમાં રાજ્યક્ક્ષાનો કોઇ વિજ્ઞાનમેળો ભરાયેલ નથી. રાજ્યક્ક્ષાની કેટલી શાળાઓએ ભાગ લીધો તે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**નવી સી.એન.જી. બસોની ખરીદી**

૧૬૨૧૨**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગુજરાત સરકારશ્રીના વાહન વ્યવહાર વિભાગ દ્વારા તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં કેટલી સી.એન.જી. બસો ખરીદવામાં આવી ?

**જવાબ**

૨૦૦.

-------------

**કુટિર ઉદ્યોગ શરુ કરવા વલસાડ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને મળેલ અરજીઓ**

૧૭૨૭૩**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યક્ક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને ૨૦૦૪-૦૫ ના નાણાકીય વર્ષમાં કુટિર ઉદ્યોગ શરુ કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે,

(૨) ઉપરોક્ત અરજીઓમાંથી તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ, અને

(૩) અરજીઓ નામંજૂર થવાના મુખ્ય કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| અ.નં. | યોજનાનું નામ | આવેલ અરજી |
|---|---|---|
| ૧ | શ્રી.બાજપાઇ બેન્કેબલ યોજના | ૧૨૭૮ |
| ૨ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૭૦૬ |

(૨)

| અ.નં. | યોજનાનું નામ | બેન્ક દ્વારા મંજુર | નામંજુર | |
|---|---|---|---|---|
| | | | DIC દ્વારા | બેન્ક દ્વારા |
| ૧ | શ્રી.બાજપાઇ બેન્કેબલ યોજના | ૮૨૩ | ૨૮૬ | ૧૬૯ |
| ૨ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૪૯૯ | ૧૦૪ | ૧૦૩ |

(૩) (૧) અરજદારે સાધનિક કાગળો પુરા પાડેલ ન હોવાથી.
(૨) નિયત મર્યાદાથી ઉંમર વધુ/ઓછી હોવાથી.

(૩) પૂર્ણ લાયકાત ધરાવતા નહીં હોવાથી.
(૪) અરજદારે અગાઉ લોન/સહાય મેળવેલ હોવાથી.

-------------

**કચ્છ વિકાસ બોર્ડ આપવા કેન્દ્ર સરકારને રાજ્ય દ્વારા ભલામણ કરવા અંગે**

૧૭૪૧૫**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ માટે સંવિધાનના અનુચ્છેદ ૩૭૧(૨) અન્વયે કચ્છ વિકાસ બોર્ડ આપવા કેન્દ્ર સરકારને કરેલ ભલામણ આ સરકારે કરી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અનુચ્છેદ ૩૭૧(૨) અન્વયે કચ્છને વિકાસ બોર્ડ આપવાની વચનબધ્ધતા પાળવા આ સરકાર કેન્દ્ર સરકારને આવું બોર્ડ જાહેર કરવા ભલામણ કરશે કે કેમ,

(૩) જો ના, તો તા. ૩૧-૧૨-૦૫ની સ્શિતિએ હાલની રાજ્ય સરકારે અનુચ્છેદ ૩૭૧(૨) અન્વયે કચ્છ વિકાસ બોર્ડ આપવા કેન્દ્ર સરકારને ક્યારે ક્યારે રજૂઆતો કરેલ છે, અને

(૪) કેન્દ્ર સરકાર તરફથી તે અંગે શો પ્રતિભાવ મળેલ છે ?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) : કચ્છ વિકાસ બોર્ડ આપવા કેન્દ્ર સરકારને અગાઉ કરેલ દરખાસ્તના સંબંધમાં કેન્દ્ર સરકાર તરફથી થયેલ પૃચ્છાઓ ધ્યાનમાં લઇને આ સરકારે મહારાષ્ટ્રમાં રચાયેલ આ પ્રકારના વિકાસ બોર્ડોની કામગીરી, અનુભવ, કાર્યપધ્ધતિ તથા ફલશ્રુતિનો અભ્યાસ હાથ ધરી તેની વિગતો મેળવ્યા બાદ અને દરમ્યાનમાં કચ્છના ભૂંકપગ્રસ્ત વિસ્તારોમાં પુનર્વસનની કામગીરીને ધ્યાનમાં લઇ ઓકટોબર-૦૪માં ગુજરાત રાજ્ય તાલુકા પછાતપણા અંગેની અભ્યાસ સમિતિની રચના કરી હતી. જેમાં રાજ્યના તાલુકાઓના પછાતપણાનો અભ્યાસ તેમજ ભૂકંપની પરિસ્થિતિ બાદ કચ્છ જિલ્લાના તમામ તાલુકાઓની સ્થિતિ અંગે વિશેષ અભ્યાસ કરવાની બાબત સોંપવામાં આવી હતી. આ સમિતિએ તેનો અહેવાલ રાજ્ય સરકારને જુલાઇ-૦૫ માં સુપ્રત કરેલ છે, જે ચકાસણી હેઠળ છે.

આ અહેવાલની ચકાસણી કર્યા બાદ કચ્છ વિકાસ બોર્ડ રચવું કે કેમ તેની સ્થિતિ સ્પષ્ટ થયા બાદ કેન્દ્ર સરકારને યોગ્ય રજૂઆત કરવામાં આવશે.

-------------

**સાંતેજ આઉટ પોસ્ટને પેટ્રોલીંગ માટે વાહન આપવા અંગે**

૧૬૭૦૧**ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કલોલ તાલુકાના સાંતેજ આઉટ પોસ્ટ તાબામાં ૧૪ ગામ આવે છે જેના વચ્ચેનું અંતર વધારે છે અને પોલીસ પેટ્રોલીંગ માટે ફોરવિલર સાધન નથી તો સદર આઉટ પોસ્ટ ઉપર ફોરવિલર સાધન આપવા કોઇ આયોજન કરવા માંગો છો કે કેમ ?

**જવાબ**

ના, જી.

-------------

**વર્ગ-૧ માંથી વર્ગ-૧માં બઢતી આપવા અંગેના સામાન્ટ વહીવટ વિભાગના તા.૨૯-૧૦-૨૦૦૫ના ઠરાવના કારણે સચિવાલયમાં ઉપસચિવમાંથી નાયબ સચિવમાં બઢતી આપવાની પ્રક્રિયા સ્થગિત થવા અંગે**

૧૭૪૦૭**શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સામાન્ય વહીવટ વિભાગના વર્ગ-૧ માંથી વર્ગ-૧ માં બઢતી આપવા અંગેના તા.૨૯-૧૦-૨૦૦૫ ના ઠરાવના કારણે સચિવાલયમાં ઉપ સચિવમાંથી નાયબ સચિવમાં બઢતી આપવાની પ્રક્રિયા સ્થગિત થઇ ગઇ છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ ઠરાવને સરકાર રદ કરવા કે સ્થગિત કરવા કે ફેરફાર કરવા વિચારે છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) જો હા, તો તેની વિગતો શી છે ? (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ભાવનગર જિલ્લામાં નોંધાયેલ ધાડના ગુના**

૧૯૩૪૫**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫ માં ભાવનગર જિલ્લામાં ધાડના કેટલા ગુના નોંધાયેલ છે, અને | (૧) **વર્ષ** — **નોંધાયેલ ગુના**<br>૨૦૦૩ — ૧૫<br>૨૦૦૪ — ૨૦<br>૨૦૦૫ — ૩૦ |
| (૨) તે પૈકી વર્ષવાર કેટલા ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે ? | (૨) **વર્ષ** — **શોધાયેલ ગુના**<br>૨૦૦૩ — ૧૩<br>૨૦૦૪ — ૧૮<br>૨૦૦૫ — ૨૯ |

-------------

**૧૦ કરોડ કરતા વધુ રકમની કર માફી મેળવતા એકમો**

૧૯૭૩૯**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણા વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ વર્ષ પ્રમાણે સેલ્સટેક્ષ ભરવામાંથી માફી મેળવતા કે વિલંબિત ચુકવણીનો લાભ મેળવતા એકમો પૈકી ૧૦ કરોડ કરતા વધુ કરમાફી ક્યા ક્યા ઓદ્યોગિક ગૃહો કે એકમોએ કેટલી રકમની લીધી, | (૧) પત્રક મુજબ. |
| (૨) આ એકમોને આવી સવલતો આપ્યા પછી ગ્રામ વિકાસ અન્વયે કેટલી રકમો ભરી, અને | (૨) વર્ષ ૨૦૦૪-૦૫માં ભરેલ રકમ **રૂ.૫૯.૬૩ કરોડ.** વર્ષ ૨૦૦૫-૦૬માં ઉક્ત એકમોએ તા.૩૧-૩-૨૦૦૬ સુધીમાં ભોગવેલ સવલત (વેચાણવેરા મુક્તિ/ વિલંબીત કર ચુકવણી) અન્વયે ગોકુળગ્રામ યોજના હેઠળ ફાળાની રકમ તા.૩૦-૬-૦૬ સુધી ભરવાની હોય છે. તેથી હાલ આ રકમ ડયુ થયેલ નથી. |
| (૩) ગ્રામ વિકાસ અન્વયે પણ રકમ ના ભરી હોય તેવા કેટલા અને ક્યા એકમો છે ? | (૩) ગ્રામ વિકાસ અન્વયે પણ રકમ ના ભરી હોય તેવા કોઇ એકમ નથી. અલ્ટ્રાટેક સિમેન્ટ પ્રા.લી. પાસે અંશતઃ બાકી છે. |

**પ ત્ર ક**

**(રકમ રૂ.કરોડમાં)**

| **ક્રમ** | **એકમનું નામ/સરનામું/નોંધણી નંબર** | **વર્ષવાર ભોગવેલ સવલત** | | | |
|---|---|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૦૪-૦૫** | | **વર્ષ ૨૦૦૫-૦૬ (તા.૧-૪-૦૫ થી ૩૧-૧-૦૬ સુધી)** | |
| | | **વેરામુક્તિ** | **વિલંબિત કર ચુકવણી** | **વેરામુક્તિ** | **વિલંબિત કર ચુકવણી** |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વેલસ્પુન ગુજરાત સ્ટેહલ રોહર્ન લી., મુ.વડોદરા, જિ.ભરૂચ. ૪૧૯૪૦૭૭૮ | ૧૩.૦૯ | -- | ૨૨.૮૪ | ૨.૧૭ |
| ૨ | ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ મુ.દહેજ જિ.ભરૂચ. ૪૨૫૦૧૬૪૬ | ૩૯.૦૬ | -- | ૩૪.૬૧ | -- |
| ૩ | બીરલા કોપર મુ.દહેજ જિ.ભરૂચ. ૪૨૫૦૧૮૪૧૮ | ૯૦.૭૨ | -- | ૮૫.૭૧ | -- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | ઇન્ડિયન પેટ્રોકેમીકલ કોર્પો. મુ.લખી ગામ, જિ.ભરૂચ. ૪૨૫૦૨૦૬૫ | ૬૦.૬૫ | -- | ૭૩.૭૪ | -- |
| ૫ | બીએએસએફ સ્ટાઇ.નીક્સ પ્રા.લી. મુ.દહેજ જિ.ભરૂચ. ૪૨૫૦૧૮૫૯ | ૧૩.૯૯ | -- | ૧૦.૫૭ | -- |
| ૬ | વિડિયોકોન નર્મદા ગ્લાસ લી., મુ.ભરૂચ | ૨૯.૩૫ | -- | ૨૩.૯૪ | -- |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | જેસીટી ઇલેક્ટ્રોનીક્સ મુ. કંડારી, જિ.વડોદરા. ૧૯૨૫૦૦૧૬૧૭ | ૧૨.૬૫ | -- | ૯.૭૬ | -- |
| ૮ | અલ્ટ્રાટેક સિમેન્ટ પ્રા.લી., મુ.કોવાયા જિ.ભાવનગર. ૧૩૧૩૦૦૪૩૦૧ | ૪૧.૮૧ | -- | -- | -- |
| ૯ | નિરમા કેમીકલ લી., મુ.ભાવનગર. ૦૭૩૩૦૧૧૪૯૭૩. | ૨૭.૮૦ | -- | ૨૦.૪૯ | -- |
| ૧૦ | શાહ એલોઇઝ લી., મુ.સાંતેજ, જિ.ગાંધીનગર. ૦૬૦૧૦૧૨૮૨૮ | ૨૭.૪૫ | ૦.૭૫ | ૩.૬૯ | -- |
| ૧૧ | બનાસકાંઠા જિલ્લા સહ.દૂ.ઉ.સ.મં. પાલનપુર, જિ.પાલનપુર. ૨૪૦૩૦૮૦૦૧૪૨. | ૧૨.૬૦ | -- | ૮.૫૦ | -- |
| ૧૨ | રીલાયન્સ ઇન્ડ. (રીફા.ડીવીઝન) મુ.પડાળા, જિ.જામનગર. ૨૪૧૦૧૨૧૧૯. | ૧૨૪૪.૨૭ | ૭૯૪.૧૪ | ૧૨૨૫.૬૨ | ૬૪૪.૩૫ |
| ૧૩ | રીલાયન્સ ઇન્ડ. (પેટ્રોકેમ ડીવીઝન) મુ.પડાળા, જિ.જામનગર. ૨૪૧૦૧૨૧૧૯. | ૧૬૫.૮૫ | -- | ૧૫૧.૭૧ | -- |
| ૧૪ | સાંધી ઇન્ડસ્ટ્રીઝ મુ.મોટીબેર, તા.અબડાસા. ૧૦૭૦૦૧૩૬૫. | ૩૧.૬૮ | -- | ૫૩.૯૭ | -- |

-------------

**ઉત્તર ગુજરાતમાં પાઈપલાઈન દ્વારા રાંધણ ગેસ આપવાની યોજના અંગે**

૧૬૬૩૭ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ગાંધીનગરમાં ઘેર ઘેર પાઈપલાઈનથી રાંધણ ગેસ આપવાની યોજના છે તેવા પ્રકારની યોજના ઉત્તર ગુજરાતમાં આવેલ શહેરોમાં ક્યારે શરૂ કરવા માંગો છો? | પાઈપલાઈનનું કામ પૂર્ણ થયા બાદ ઉત્તર ગુજરાતના શહેરોને તબક્કાવાર ગેસ પૂરો પાડવાનું આયોજન છે. |

-----------

**સુરત શહેરમાં આર્થિક ગુના શેલની રચના**

૧૬૨૫૩**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરત શહેરમાં આર્થિક ગુનાઓ અટકાવવા આર્થિક ગુના સેલ શરૂ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ સેલમાં કેટલા આર્થિક ગુના નોંધવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રાજ્યમાં ઓદ્યોગિક મૂડીરોકાણ અન્વયે વિદેશી મૂડીરોકાણ**

૧૬૨૦૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં ઓદ્યોગિક મૂડીરોકાણ કેટલી રકમનું થયું અને તે પેકી વિદેશી મૂડીરોકાણ કેટલું છે?

**જવાબ**

સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં રાજ્યમાં નીચે દર્શાવ્યા મુજબ ઓદ્યોગિક રોકાણ માટે દરખાસ્તો મળેલ છે.

| વર્ષ | મધ્યમ અને મોટાં ઉદ્યોગો દરખાસ્તો (આઈઈએમ એલઓઆઈ એલઓપી)માં નિર્દેશીત રોકાણ (કરોડમાં) |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૨૮૩૧૪ |
| ૨૦૦૫-૦૬ | |
| (ડીસેમ્બર, ૨૦૦૫ સુધી | ૭૧૮૦૫ |
| લઘુ ઉદ્યોગો | (રોકાણ કરોડમાં) |
| ૨૦૦૪-૦૫ | ૪૭૮ |
| ૨૦૦૫-૦૬ | ૫૩૭ |
| (૩૧-૧-૦૬ સુધી) | |

વિશેષમાં ઉપરોક્ત સિવાય નીચે દર્શાવ્યા મુજબ વિદેશી મૂડીરોકાણની દરખાસ્તો મળેલ છે.

| | |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૭૧૨ કરોડ |
| ૨૦૦૫-૦૬ (૩૧-૧૨-૦૫ સુધી) | સીએમઆઈઈના અહેવાલ મુજબ રૂા. ૧૩૨૮ કરોડના વિદેશી મૂડીરોકાણ સહિતનું કુલ વિદેશી મૂડીરોકાણ રૂા. ૧૫૨૦ કરોડ છે. |

-----------

**પ્રધાનમંડળના મંત્રીઓનો પ્રવાસ ભથ્થા, ટેલીફોન તેમજ ફેક્સ પાછળ થયેલ ખર્ચ**

૧૭૧૯૭ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જાન્યુઆરી-૦૬ સુધીમાં છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્ય સરકારના પ્રધાનમંડળના દરેક મંત્રીશ્રીઓએ પોતાના પ્રવાસ ભથ્થા તેમજ ટેલીફોન/ફેક્સ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

પ્રવાસ ભથ્થા પાછળ રૂા. ૫૭૮૨૮૩૧ અને ટેલીફોન/ફેક્સ પાછળ રૂા. ૫૭૫૦૯૯૨ ખર્ચ કરવામાં આવ્યો.

-----------

**મસ્જીદ પર માઈક તથા સ્પીકર વગાડવાના પ્રતિબંધ અંગેનો સુપ્રિમ કોર્ટનો ચુકાદો**

૧૭૧૯૩**શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મસ્જીદ પરના માઈક તથા સ્પીકર વગાડવાના પ્રતિબંધ અંગેનો કોઈ ચુકાદો સુપ્રિમકોર્ટે આપેલ છે,

**જવાબ**

(૧) કોઈપણ સ્થળે લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કન્ટ્રોલ) રૂલ્સનું

અને

(૨) જો હા, તો આ માટે એલીસબ્રીજ પો.સ્ટે. દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા?

પાલન કરવા સુપ્રિમ કોર્ટે આદેશ આપેલ છે.

(૨) સુપ્રિમ કોર્ટના આદેશોનું પાલન કરવા સૂચના આપવામાં આવેલ છે.

-----------

**રાજ્યમાં થયેલ પોલીસ દ્વારા એન્કાઉન્ટર**

૧૬૮૪૦**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૩ થી જાન્યુઆરી ૨૦૦૬ દરમ્યાન, રાજ્યમાં કેટલાં પોલીસ દ્વારા એનકાઉન્ટર થયા, અને

(૨) એનકાઉન્ટર થયેલ પ્રત્યેક વ્યક્તિના ગુન્હાહિત ઈતિહાસની વિગતો શું છે ?

**જવાબ**

(૧) જાન્યુઆરી-૨૦૦૩ થી જાન્યુઆરી ૨૦૦૬ દરમ્યાન રાજ્યમાં ૧૯ એનકાઉન્ટર થયેલા છે તેમાં કુલ ૨૩ વ્યક્તિઓનાં મરણ થયેલ છે.

(૨) એનકાઉન્ટર થયેલ પ્રત્યેક વ્યક્તિના ગુનાહિત ઈતિહાસની વિગતો વ્યક્તિવાર નીચે મુજબ છે.

| | વ્યક્તિ | ગુન્હાહિત ઈતિહાસ |
|---|---|---|
| ૧. | સાદીક જમાલ મહેતર | આરોપી દાઉદ ઈબ્રાહીમ છોટા શકીલ તથા દાઉદ ગેંગ સાથે સંકળાયેલ છે. |
| ૨. | ગણેશ ખૂટ | દાઉદ ઈબ્રાહીમ, છોટા શકીલ દાઉદ ગેંગ સાથે સંકળાયેલ છે. માન. |
| ૩. | મહેન્દ્ર ચંદ્રકાંત જાદવ | દાઉદ ઈબ્રાહીમ છોટા શકીલ દાઉદ ગેંગ સાથે સંકળાયેલ છે. માન. |
| ૪. | જાવેદ ઉર્ફે પ્રાણેશકુમાર. એમ. | હંગામા તથા શરીર સબંધી ગુનાઓ |
| ૫. | જિશાન જોહર ઉર્ફે જાબાજઅબ્દુલગની | આઈએસઆઈ સંસ્થા સંકળાયેલ તેમજ માન. મુખ્ય મંત્રીશ્રીની હત્યાનું |
| | વ્યક્તિ | ગુન્હાહિત ઈતિહાસ |
| ૬. | અમજદઅલી અકબર | આઈએસઆઈ સંસ્થા સંકળાયેલ તેમજ માન. મુખ્ય મંત્રીશ્રીની હત્યાનું |
| ૭. | ઈશરત જહાં મોહંમદ સલીમ રઝા | આઈએસઆઈ સંસ્થા સંકળાયેલ તેમજ માન. મુખ્ય મંત્રીશ્રીની હત્યાનું |
| ૮. | જલાભાઈ પોપટભાઈ દેવીપૂજક | લુંટ, ઘરફોડ, ઈજા, પ્રોહીબીશન શરીર સબંધી ગુનાઓ |

| | | |
|---|---|---|
| ૮. | જલાભાઈ પોપટભાઈ દેવીપૂજક | લુંટ, ઘરફોડ, ઈજા, પ્રોહીબીશન શરીર સબંધી ગુનાઓ |
| ૯. | સલીમ ગગજીભાઈ મીયાંણા | લુંટ, ઘરફોડ, ઈજા, પ્રોહીબીશન શરીર સબંધી (હિસ્ટ્રીશીટર) ગુનાઓ |
| ૧૦. | અનિલ બીપીન મિશ્રા બિહારી | ખુન, લુંટના ગુના (હિસ્ટ્રીશીટર) |
| ૧૧. | મહેશ દિપક ગરવાલી | ખૂન, લુંટના ગુનો |
| ૧૨. | કશ્યપ હરપાલસિંહ ઢાકા | ખુન, લુંટ, ગેરકાયદેસર હથિયારના ગુનાઓ |
| ૧૩. | મીઠું ઉમર ડફેર | ધાડના ગુનાઓ |
| ૧૪. | રાજેશ્વર ઉર્ફે મીન્ટુ શ્રી લક્ષ્મણ હીરાનંદ પાંડે | ખુન, લુંટ, ધાડ અને ચોરીના ગુનાઓ |
| ૧૫. | રફીક ઉર્ફે બાપુડી મહંમદશા ફકીર | ખુન, ખુનની કોશિષ, દ ારફોડ ચોરી, ધાડના ગુનાઓ |
| ૧૬. | મેર ભીમા માંડા ઓડેદરા | ખુન, ખુનની કોશિષ, એક્સ્પ્લોસીવ એક્ટના ગુનાઓ |
| ૧૭. | સુભાષ ભાસ્કર નાયર | ખૂનનો ગુનો |
| ૧૮. | સંજય શારદાપ્રસાદ ચોધરી | અપહરણ, ખૂન, ગેરકાયદેસર, હથિયારોના ગુનાઓ |
| ૧૯. | ડુંગરીયો હીમલા મછાર | લુંટનો ગુનો |
| ૨૦. | હાજી, હાજી ઈસ્માઈલ સુજાણીયા | દાણચોરી, એક્સ્પ્લોસીવ એકટના ગુનાઓ |
| ૨૧. | જોગીન્દરસીંઘ ખટણસીંઘ શીખ | ખૂન, ચોરી, ધાડ, લુંટના ગુનાઓ |
| ૨૨. | શોરાબુદ્દીન અનવરૂદ્દીન શેખ | ખુન તેમજ આર્મ્સ એકટના ગુનાઓ |
| ૨૩ | અજ્ઞારાજ રાજેન્દ્રપ્રસાદ કુસ્વાહા | ખૂનનો ગુનો |

-----------

**ભૂજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી બેન્કોને મોકલવામાં આવેલ લોનના કેસો**

૧૭૩૯૩**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂજ ખાતે આવેલ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી સને ૨૦૦૪ અને ૨૦૦૫ના કેલેન્ડર વર્ષમાં કેટલા લોનના કેસો બેન્કો તરફ મોકલવામાં આવ્યા

**જવાબ**

(૧)

| અ.નં. | યોજનાનું નામ | બેન્કોને ભલામણ કરેલ | |
|---|---|---|---|
| ૧ | શ્રી બાજપાઈ | ૨૦૦૪ | ૨૦૦૫ |
| | | ૧૪૩૩ | ૪૮૦ |

| | | | |
|---|---|---|---|
| | | ૧૪૩૩ | ૪૮૦ |
| ૨ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૨૮૨ | ૩૧૭ |

(૨) તે પેકી કેટલા લોન કેસ મંજૂર કરીને અરજદારોને લોન રીલીઝ કરવામાં આવી, અને

(૨)

| અ.નં. | યોજનાનું નામ | બેન્કોને દ્વારા થયેલ મંજુર કરીને લોન રીલીઝ કરેલ સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૦૪ | ૨૦૦૫ |
| ૧ | શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | ૬૬૮ | ૪૪૨ |
| ૨ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૧૩૯ | ૮૭ |

(૩) બાકી રહેલા કેસોમાં બેન્કો તરફથી ડીપોઝીટ માંગવામાં આવી હોય તેવા કેટલા કેસો છે.

(૩) નથી.

-----------

## સુરત જિલ્લામાં અને શહેરમાં ચાલતા વિડિયો થિયેટરોની કાયદેસરતા અંગે

૧૭૦૪૪**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં સુરત શહેરમાં ચાલતા કેટલા વિડિયો થિયેટરોના બિલ્ડીંગો કોર્પોરેશન અથવા સરકારશ્રીમાં બી.યુ. પરમીશન વિનાના અથવા ગેર કાયદેસર મંજુરીવાળાં છે, કેટલા છે,

(૨) મકાન કાયદેસર ન હોવા છતાં સરકારશ્રી દ્વારા કઈ રીતે વિડિયો લાયસન્સ આપવામાં આવ્યા,

(૨) આવા લાયસન્સ (ખોટા) આપનાર અધિકારીઓ અથવા સંકળાયેલા અધિકારીઓ સામે શા પગલા લીધા, અને

(૩) વીડીયો થિયેટરો સામે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) શૂન્ય

(૨) ખંડ-૧ અન્વયે વિગત હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## કંપનીઓ પાસે રૂ. એક કરોડથી વધુ વેચાણ વેરાની બાકી વસુલાત

૧૬૮૭૫**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૧ કરોડ કે તેનાથી વધારે વેચાણવેરો કઈ કઈ કંપનીઓ પાસે ક્યારથી બાકી છે,

(૨) આ વેચાણવેરાની રકમ વસુલ કરવા સરકારે ક્યા ક્યા શિક્ષાત્મક પગલાં લીધા છે કે લેવા ધારે છે, અને

(૩) આ પેકીની કોઈપણ ક્સુરદાર કંપની સામે ક્યા સખત પગલાં ભરવામાં આવ્યા છે?

**જવાબ**

(૧) પત્રક મુજબ

(૨) પત્રકમાં દર્શાવેલ ૧૩૯ એકમો પેકી ૭૬ એકમો બંધ છે, ૫૧ એકમો સ્ટે સહિત કાયદાકીય મેટરવાળા છે, ૭ બી.આઈ.એફ.આર-જી. બી.આઈ.એફ.આર. સીક યુનિટો છે. અન્ય એકમોમાં ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસુલ કાયદા હેઠળના પગલાં લેવામાં આવેલ છે.

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદાની કલમ-૪૮ અન્વયે ટાંચ, જમીન મહેસૂલ કાયદાની કલમ-૧૫૨ તથા ૨૦૦ની નોટીસ તથા હરાજીના જાહેરનામા બહાર પાડેલ છે.

**પત્રક**

| અ.નં. | કંપનીનું નામ | ક્યારથી બાકી છે? | અ.નં. | કંપનીનું નામ | ક્યારથી બાકી છે? |
|---|---|---|---|---|---|
| ૧. | સાંઈનાથ પ્રોટીન્સ | ૩૧-૧-૦૪ | ૨. | મધુકાંત એક્ષપોર્ટ પ્રા.લી. | ૨૮-૯-૦૪ |
| ૩. | મધુકાંત એગ્રોટેક પ્રા.લી. | ૨૯-૯-૦૪ | ૪. | સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડીયા | ૨૮-૧-૦૪ |
| ૫. | ઝીરોક્ષ મોદી કોર્પોરેશન | ૨-૧-૦૪ | ૬. | હાઈનુપ ફુડઝ પ્રા.લી. | ૨૦-૧-૦૪ |
| ૭. | એન. કે. પ્રોટીન્સ | ૫-૪-૦૪ | ૮. | સારીકા પેઈન્ટસ | ૩૧-૩-૦૪ |
| ૯. | ગ્રોમોર સોલવન્ટસ લી. | ૧૮-૬-૦૫ | ૧૦. | ગુજરાત ક્મ્પોઝીટ લી. | ૩૦-૩-૦૫ |
| ૧૧. | રવિરાજ ફોઈલ્સ લી. | ૩-૬-૦૫ | ૧૨. | નોવા પેટ્રોકેમ લી. | ૫-૭-૦૫ |
| ૧૩. | એર કંટ્રોલ | ૨-૪-૦૪ | ૧૪. | એટલાસ પેટ્રોકેમીક્લ્સ | ૧૫-૪-૦૪ |
| ૧૫. | ઈન્ડીયન ઈલેક્ટ્રો કેમી. | ૨૦-૯-૦૪ | ૧૬. | મેટ્રોકેમ ઈન્ડ. | ૨૨-૧૨-૦૪ |
| ૧૭ | ધી અમદાવાદ મેન્યુ. એન્ડ કેલીકો કું.લી. | ૨૪-૧-૦૪ | ૧૮. | શ્યામપ્રકાશ સ્પીનીંગ મીલ | ૧૯-૧-૦૪ |
| ૧૯. | સેલ્યુલોઝ પ્રોડક્ટસ | ૨૮-૬-૦૫ | ૨૦. | કોટસ ઓફ ઈન્ડીયા | ૩૦-૭-૦૫ |
| ૨૧. | અરવિંદ મીલ | ૨૯-૮-૦૫ | ૨૨. | કરણ ટ્રેડર્સ | ૨૪-૧૦-૦૫ |
| ૨૩. | વિશાલ ઈન્ટરનેશનલ | ૧૧-૩-૦૫ | ૨૪. | ગુજરાત સ્મોલ ઈન્ડ. કોર્પો. | ૩૧-૩-૦૫ |
| ૨૫. | ઈન્ડેક્ષપોર્ટ લી. | ૩૦-૪-૦૫ | ૨૬. | નિરમા લી. | ૧-૧-૨૦૦૪ |
| ૨૭ | મેકોની લી. | ૨૯-૩-૦૪ | ૨૮. | આદિત્ય પોલીમર્સ | ૩૧-૩-૦૪ |
| ૨૯. | જય એગ્રોકેમ લી. | ૨૭-૯-૦૪ | ૩૦ | મીનલ ઓઈલ એગ્રો ઈન્ડ. | ૧૮-૧૦-૦૪ |
| ૩૧. | એન. કે. ઈન્ડ. (કડી) | ૨૭-૧-૦૪ | ૩૨. | કોર હેલ્થકેર લી. | ૨૭-૯-૦૪ |
| ૩૩. | કાન્હા ફેરો એલોયઝ | ૨૮-૨-૦૪ | ૩૪. | મરડીયા કોપર પ્રા.લી. | ૨૩-૨-૦૪ |
| ૩૫. | એમટ્રેક્ષ એપ્લાયન્સીઝ | ૩૧-૧-૦૪ | ૩૬. | વિમલ ઓઈલએન્ડ ફુડ લી. | ૩૧-૭-૦૪ |
| ૩૭ | કર્મવીર | ૩૧-૩-૦૪ | ૩૮. | લાર્સન ક્લમ કેમ | ૩૧-૩-૦૫ |
| ૩૯ | ટુડોર ઈન્ડીયા લી. | ૨૦-૧૦-૦૫ | ૪૦ | પુંજ લોઈડ | ૨૭-૨-૦૪ |
| ૪૧. | એપેક્ષ ઈલેક્ટ્રીક્લ્સ લી. | ૩૦-૧૦-૦૪ | ૪૨. | આઈ.પી.સી.એલ. | ૨૧-૭-૦૪ |
| ૪૩. | વર્લ્ડ ટ્રેડ ઈમ્પેક્ષ પ્રા.લી. | ૩૧-૩-૦૪ | ૪૪. | બી. એસ. કોર્પોરેશન | ૧-૩-૦૪ |
| ૪૫. | ડાયમંડ કેબલ્સ લી. | ૧૩-૭-૦૪ | ૪૬. | જી.એ.સી.એલ. | ૧૨-૧૦-૦૪ |
| ૪૭. | સર્ચ કેમ ઈન્ડ. | ૨૦-૩-૦૪ | ૪૮. | રોનહીલ ફાર્મા લી. | ૩૧-૩-૦૪ |
| ૪૯. | ક્નોરીયા ડાયકેમ લી. | ૨૧-૩-૦૫ | ૫૦. | એલ.ડી. ટેક્ષટાઈલ લી. | ૩૧-૧૦-૦૪ |
| ૫૧. | જસવંતલાલ કાંતીલાલ | ૧૭-૮-૦૪ | ૫૨. | એસ.વી.એમ.શેરાટી લી. | ૨૦-૩-૦૪ |
| ૫૩. | અલ્પાઈન સીરામીક્સ | ૨-૧-૦૪ | ૫૪. | બરોડા એન્જી. પ્રા.લી. | ૩૧-૩-૦૫ |
| ૫૫. | એલેમ્બીક લી. | ૩૧-૧-૦૫ | ૫૬. | મફતલાલ રોઝ ક્લર ઈન્ડ. | ૩૧-૩-૦૫ |
| ૫૭. | સુપર ઈન્ડસ્ટ્રીઝ | ૩૦-૩-૦૫ | ૫૮. | એસ. જી. ફાર્માસ્યુટીક્લ | ૨૯-૧૦-૦૫ |
| ૫૯. | અશ્વિન વનસ્પતિ ઈન્ડ. લી. | ૧૦-૨-૦૫ | ૬૦. | સ્ટર્લીંગ જીલેટીન | ૩૦-૧૧-૦૫ |
| ૬૧. | જનરલ મોટર્સ | ૫-૩-૦૫ | ૬૨. | સ્લાફ્રેસ્ટ એન્જી. (ઈ) લી. | ૧-૧૨-૦૫ |
| ૬૩. | ઈઝી સ્લાઈડ ફાસ્ટનર્સ લી. | ૩૦-૩-૦૫ | ૬૪. | ઈ.એલ.બી. સ્કલીક (ઈ) લી. | ૧૮-૩-૦૫ |
| ૬૫. | ટ્રાન્સટેમ્પ (ઈ) પ્રા.લી. | ૨૨-૨-૦૫ | ૬૬. | જી.ઈ.લાઈટીંગ (ઈ) લી. | ૩૧-૩-૦૫ |
| ૬૭. | હિંદુસ્તાન કોકાકોલા બેવરેઝીસ પ્રા. લી. | ૩૧-૧૨-૦૪ | ૬૮. | સમીર મોટર્સ | ૨૮-૨-૦૫ |
| ૬૯ | પર્લ પેરીફેરલ્સ | ૨૩-૩-૦૫ | ૭૦. | બિરલા કોપર | ૩૦-૭-૦૫ |
| ૭૧. | સર્ચ કેમ ઈન્ડ | ૩૦-૩-૦૫ | ૭૨. | ડી.સી.એમ. શ્રીરામ આલ્કલીઝ એન્ડ કેમી. લી. | ૨૯-૧૦-૦૫ |
| ૭૩. | આમોદ ઈન્ડ. | ૨૮-૩-૦૫ | ૭૪. | કર્વેનર સીમેન્ટેશન (ઈ) લી. | ૩૦-૮-૦૫ |
| | | | ૭૫. | ભરૂચ ટેક્ષટાઈલ્સ મીલ્સ લી. | ૨૯-૯-૦૫ |
| ૭૬. | ગુજરાત ગ્લાસ | ૨૯-૧૦-૦૫ | ૭૭. | જી. એસ. એલ. (ઈ) લી. | ૨૨-૭-૦૫ |
| ૭૮. | ગ્લેક્ષો સ્મિથ ક્લાઈન | ૨૦-૭-૦૫ | ૭૯. | તુલસી એલોઈઝ | ૨૯-૧૧-૦૫ |
| ૮૦. | વરૂણ ડાઈઝ એન્ડ કેમીક્લ્સ | ૨૮-૨-૦૫ | ૮૧. | રાજહંસ સવેજી રીફા. પ્રા.લી. | ૩૦-૪-૦૪ |
| ૮૨. | ઓ.એન.જી.સી. | ૧૫-૧-૦૫ | ૮૩. | બરોડા રેયોન | ૨૯-૧૧-૦૪ |

| અ.નં. | કંપનીનું નામ | ક્યારથી બાકી છે? | અ.નં. | કંપનીનું નામ | ક્યારથી બાકી છે? |
|---|---|---|---|---|---|
| ૮૪. | કરબેકા ઈન્ડસ્ટ્રીઝ | ૩૧-૩-૦૫ | ૮૫. | ઉસ્માન પેપર મીલ | ૨૪-૧-૦૫ |
| ૮૬. | એન.આર. સ્ટીલ | ૩૧-૩-૦૫ | ૮૭. | અપના પેપર મીલ | ૩૧-૩-૦૫ |
| ૮૮. | ટાંકરેટ ઈન્ડીયા | ૩૧-૩-૦૫ | ૮૯. | ગુજરાત હેલ્થકેર લી. | ૩૧-૩-૦૫ |
| ૯૦. | વીરટેક્ષ ટાઈલ્સ | ૭-૧૨-૦૫ | ૯૧. | કુંજદીપ કોર્પોરેશન | ૭-૧૨-૦૫ |
| ૯૨. | એચ. એમ. પી. | ૩૧-૩-૦૫ | ૯૩. | મિત્સુ ફાર્મા | ૨૨-૩-૦૫ |
| ૯૪. | ઉષ્મા સિલ્ક મીલ્સ | ૩૧-૩-૦૫ | ૯૫. | ગોયલ ઈન્ડસ્ટ્રીઝ | ૨૭-૧૨-૦૫ |
| ૯૬. | એસ્સાર સ્ટીલ-૧ | ૧૬-૭-૦૫ | ૯૭. | એસ્સાર સ્ટીલ-૨ | ૧૬-૭-૦૫ |
| ૯૮. | જે ડી. એન્ડ કું. | ૪-૪-૦૫ | ૯૯. | રોશની એન્ટરપ્રાઈઝ | ૨૫-૪-૦૫ |
| ૧૦૦. | પલ ક્લોથ મેન્યુ. | ૧૫-૩-૦૫ | ૧૦૧. | વીમટેક્ષ | ૨૮-૨-૦૫ |
| ૧૦૨. | હેતવી ચેક્ષ | ૨૮-૧૧-૦૫ | ૧૦૩. | સ્વામીનારાયણસિલ્ક મીલ્સ | ૨૫-૩-૦૫ |
| ૧૦૪. | પંક્તિ સિલ્ક મીલ | ૩૧-૩-૦૫ | ૧૦૫ | આર.ડી.મેટલ | ૩૧-૩-૦૪ |
| ૧૦૬. | ન્યુમેક એમ્બલોઝ | ૩૦-૧-૦૪ | ૧૦૭. | જુગલ મેટલ | ૩૧-૩-૦૪ |
| ૧૦૮. | ક્રિશ્રી એન્ટરપ્રાઈઝ લી. | ૩૧-૮-૦૪ | ૧૦૯. | અજય એલોયઝ કાસ્ટ પ્રા.લી. | ૫-૫-૦૪ |
| ૧૧૦. | સંજય ઈસ્પાત પ્રા.લી. | ૫-૩-૦૪ | ૧૧૧. | બી.જી. એક્ષપ્લોરેશન એન્ડ પ્રો. ઈન્ડીયા | ૯-૧-૦૪ |
| ૧૧૨. | ઈસ્ટ આલ્કોક એન્ઝાઈમ્સ | ૬-૫-૦૪ | ૧૧૩. | વોલ્વો સ્ટીલ પ્રા.લી. | ૨-૧૨-૦૪ |
| ૧૧૪. | લાર્સન એન્ડ ટુબ્રો લી. | ૧૩-૫-૦૪ | ૧૧૫. | ગુજરાત હાઈટેક ઈન્ડ. | ૨૫-૨-૦૪ |
| ૧૧૬. | સોરાષ્ટ્ર કેમીકલ્સ લી. | ૩-૯-૦૪ | ૧૧૭. | આયોટા કેમીકલ્સ લી. | ૩૦-૪-૦૫ |
| ૧૧૮. | જે. કે. ઓક્સીઝન | ૫-૫-૦૫ | ૧૧૯. | ગીરીરાજ ટ્રેડીંગ પ્રા.લી. | ૩૧-૩-૦૪ |
| ૧૨૦ | સન એગ્રો એન્ડ કંપની | ૭-૧૦-૦૪ | ૧૨૧. | પી.વી.આર.ઈમ્પેક્ષ પ્રા.લી. | ૩૦-૬-૦૪ |
| ૧૨૨. | એમ.પી. ગ્લાયકેમ ઈન્ડ. | ૨૭-૮-૦૪ | ૧૨૩. | પંચશીલ એકઝીમ | ૨૭-૮-૦૪ |
| ૧૨૪. | ડી.એમ. કન્સ્ટ્રકશન લી. | ૨૯-૧૨-૦૪ | ૧૨૫. | પરસુરામ પોટરી | ૧૨-૪-૦૪ |
| ૧૨૬. | ઈન્ડો. ટેક્નો | ૩૧-૩-૦૫ | ૧૨૭. | રામ ઈન્ડ. | ૨૪-૬-૦૫ |
| ૧૨૮. | જીંદાલ શો પાઈપ લી. | ૩૧-૩-૦૫ | ૧૨૯. | પી.એસ.એલ. હોલ્ડીંગ્સ લી. | ૩૧-૩-૦૫ |
| ૧૩૦ | લેનયાર્ડઝ ફુડઝ લી. | ૩૦-૯-૦૫ | ૧૩૧. | ટ્રાયસન્સ કેમીકલ ઈન્ડ | ૩૧-૩-૦૫ |
| ૧૩૨. | પી.એસ.એલ. હોલ્ડીંગ્સ લી. | ૩૧-૩-૦૫ | ૧૩૩. | ડેકોરા ક્રોમ્સ એન્ડ કલર પ્રા.લી. | ૩૧-૩-૦૫ |
| ૧૩૪. | ડાયમંડ ટાઈલ્સ પ્રા.લી. | ૩૧-૩-૦૫ | ૧૩૫. | પાબાટી સ્પીનીંગ મીલ પ્રા.લી. | ૩૧-૩-૦૫ |
| ૧૩૬. | કેટીકોટ સીન્થ લી. | ૧૪-૨-૦૫ | ૧૩૭. | આઈ.ઓ.સી.લી. | ૨૯-૫-૦૪ |
| ૧૩૮. | એચ.પી.સી.એલ. | ૨૫-૩-૦૪ | ૧૩૯. | બી.પી.સી.એલ. | ૩૦-૪-૦૪ |

-----------

**બાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે ભાવનગર જિલ્લાના શિક્ષિત બેરોજગારોએ કરેલ અરજીઓ અને મળેલ સહાય**

૧૭૨૦૩**ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) :માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે ભાવનગર જિલ્લામાંથી માર્ચ-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શિક્ષિત બેરોજગારોએ લોન સહાય માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં અરજીઓ કરી, | (૧) વર્ષ — અરજીની સંખ્યા<br>૨૦૦૩-૦૪ — ૧૬૭૧<br>૨૦૦૪-૦૫ — ૧૩૯૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવેલ છે, અને | (૨) બેંકોએ મંજુર કરેલ અરજીઓ<br>૨૦૦૩-૦૪ — ૭૭૦<br>૨૦૦૪-૦૫ — ૭૧૮ |
| (૩) તે પૈકી તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ખરેખર કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ લોન | (૩) ૨૦૦૩-૦૪ — ૭૭૦<br>૨૦૦૪-૦૫ — ૭૧૮ |

સહાય ચુકવવામાં આવેલ છે?

-----------

**વિકેન્દ્રીત આયોજન હેઠળ રાજ્યના જિલ્લાઓમાં આયોજન મંડળો દ્વારા આગોતરું આયોજન કરવાની કાર્યવાહી**

૧૬૨૦૮**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષ માટે વિકેન્દ્રીત આયોજન હેઠળ રાજ્યના જિલ્લામાં આયોજન મંડળોને આગોતરું આયોજન કરવા કાર્યવાહી શરૂ કરવા જણાવેલ છે તે હકીક્ત સાચી છે.

(૨) જો હા, તો મંજૂર કરવાપાત્ર રકમમાં કાપ ખૂબ મોટા પ્રમાણમાં આપવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો આ બાબતે ક્યા કારણો જવાબદાર છે ?

**જવાબ**

(૧) વિકેન્દ્રીત જિલ્લા આયોજન હેઠળની ગ્રાન્ટમાંથી મજૂર કરાતા કામોના અમલમાં ઝડપ અને વેગ આવી શકે તે હેતુથી આગોતરું આયોજન કરવાની સ્થાયી સૂચનાઓ છે.

(૨) ના જી,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ પૂર્ણ થયેલ ગામો**

૧૭૦૫૦ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં જ્યોતિગ્રામ યોજના ક્યારથી અમલમાં આવી,

(૨) તે પૈકી કેટલા ગામો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજના હેઠળ પૂર્ણ કર્યા અને કેટલા બાકી છે, અને

(૩) બાકી રહેવાના કારણો શાં છે, અને ક્યારે પૂર્ણ કરવા માંગે છો ?

**જવાબ**

(૧) અને (૨) શહેરા તાલુકામાં તા. ૧-૨-૦૪થી અને લુણાવાડા તાલુકામાં તા. ૧૬-૮-૦૪થી જ્યોતિગ્રામ યોજનાની કામગીરી શરૂ કરેલ છે અને તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ શહેરા અને લુણાવાડા તાલુકાની જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરેલ ગામોની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કુલ ગામ | જ્યોતિગ્રામ થયેલ ગામોની સંખ્યા | બાકી રહેલ ગામ |
|---|---|---|---|
| શહેરા | ૯૧ | ૮૨ | ૦૯ |
| લુણાવાડા | ૨૩૬ | ૧૮૫ | ૫૧ |

(૩) શહેરા તાલુકાના બાકી ૯ ગામો પૈકી એક ગામમાં વીજજોડાણ નથી. ૮ ગામો જંગલ વિસ્તારમાં છે. અને લુણાવાડા તાલુકામાં ૨૩૬ ગામો માટે કામગીરી હાથ ધરી છે અને તા. ૨૮-૨-૦૬ની સ્થિતિએ ૩૫ ગામો બાકી રહે છે અને બન્ને તાલુકાના બાકી ગામોની કામગીરી માર્ચ-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**શહેરી વિસ્તારોમાં પાઈપ લાઈનથી ગેસ આપવાની યોજના**

૧૬૭૯૨**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં શહેરી વિસ્તારોમાં પાઈપ લાઈનથી ગેસ આપવાની યોજનાની જાહેરાત કરવામાં આવી છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં ક્યા

**જવાબ**

(૧) હા, જી

(૨) અમદાવાદ શહેર, વડોદરા, સુરત, ભરૂચ,

શહેરોમાં પાઈપ લાઈનથી ગેસ આપવાની શરૂઆત કરવામાં આવી છે, અને

અંક્લેશ્વર, વલ્લભવિદ્યાનગર, ગાંધીનગર.

(૩) રાજ્યમાં ક્યા ક્યા શહેરોનો ક્યારે પાઈપ લાઈનથી ગેસ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે ?

(૩) રાજ્યમાં નીચે જણાવેલ શહેરોમાં પાઈપ લાઈન ધ્વારા ગેસ આપવાનું આયોજન છે,

| શહેર | વર્ષ |
|---|---|
| નડીયાદ | ૨૦૦૬-૦૭ |
| આણંદ | ૨૦૦૬-૦૭ |
| વાપી | ૨૦૦૬-૦૭ |
| વલસાડ | ૨૦૦૬-૦૭ |
| મોરબી | ૨૦૦૬-૦૭ |
| થાનગઢ | ૨૦૦૬-૦૭ |
| રાજકોટ | ૨૦૦૬-૦૭ |
| હિંમતનગર | ૨૦૦૬-૦૭ |
| પ્રાંતિજ | ૨૦૦૬-૦૭ |
| ખંભાત | ૨૦૦૭-૦૮ |
| બીલીમોરા | ૨૦૦૭-૦૮ |
| નવસારી | ૨૦૦૭-૦૮ |
| મહેસાણા | ૨૦૦૭-૦૮ |
| સુરેન્દ્રનગર | ૨૦૦૭-૦૮ |
| વઢવાણ | ૨૦૦૭-૦૮ |
| ભાવનગર | ૨૦૦૭-૦૮ |
| વાંકાનેર | ૨૦૦૭-૦૮ |

-----------

**ઉદ્યોગ ગૃહો પાસેથી લેવાનો થતો બાકી વેચાણવેરો**

૧૬૫૬૬**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ક્યાં ક્યાં ઉદ્યોગ ગૃહો પાસેથી રૂા. ૧૦ કરોડ કરતાં વધારે વેચાણવેરો સમય મર્યાદા કરતાં વધારે સમયથી બાકી છે, અને તે દરેક પાસેથી કેટલો વેચાણવેરો ૩૧ જાન્યુ.-૦૬ સુધીમાં લેવા પાત્ર હતો, અને

(૨) આ વેચાણવેરો મુદ્દત વિતવા છતાં ન ચૂકવનાર કઈ કઈ કંપનીઓ સાથે નવા એમ.ઓ.યુ. છેલ્લા એક વર્ષમાં કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ

(૨) પત્રક-૨ મુજબ

**પત્રક-૧**

| **ક્રમ** | **એકમનું નામ** | **રકમ (રૂા. કરોડમાં)** |
|---|---|---|
| ૧ | કોર હેલ્થ કેર | ૧૨.૩૬ |
| ૨ | નોવા પેટ્રોકેમ | ૧૬.૦૭ |
| ૩ | સાંઈનાથ પ્રોટીન્સ | ૬૪.૫૭ |
| ૪ | ધરણેન્દ્ર ઈન્ડ. | ૧૦.૩૫ |
| ૫ | શક્તિ વિજય ઈન્ડ. | ૧૨.૮૬ |
| ૬ | ગુજરાત સ્મોલ ઈન્ડ. | ૧૩૦.૪૭ |
| ૭ | એ.પી.એસ.સ્ટાર | ૧૫.૮૨ |
| ૮ | ઓ.એન.જી.સી. | ૧૩.૬૬ |
| ૯ | વાયકોમ ઈલેક્ટ્રોનીક્સ પ્રા.લી. | ૧૪.૯૫ |
| ૧૦ | કીલબર્ન એન્જી. | ૧૪.૬૪ |
| ૧૧ | ઈઝી સ્લાઈડ ફાસ્ટનર્સ | ૧૩.૮૧ |

| ક્રમ | એકમનું નામ | રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧૨ | કાંકરીયા પેપર મીલ | ૧૬.૬૫ |
| ૧૩ | ભારત પેટ્રોકેમીકલ્સ કોર્પોરેશન | ૨૩.૨૫ |
| ૧૪ | મોટાચેલા ઈન્ડ.લી. | ૧૦.૦૨ |
| ૧૫ | જલહાઈ પાવર પેટ્રોકેમ લી. | ૨૪.૨૫ |
| ૧૬ | સ્પા. પેટ્રોલીયમ પ્રોડકટસ | ૨૦.૨૯ |
| ૧૭ | આર.એસ. પેટ્રોકેમ | ૨૬.૦૯ |
| ૧૮ | જોર્ડ એન્જીનીયરીંગ | ૨૪.૧૩ |
| ૧૯ | અશ્વીન વનસ્પતિ ઈન્ડ. | ૩૮.૮૪ |
| ૨૦ | પમિ પેટ્રોકેમ | ૫૫.૬૯ |
| ૨૧ | હિન્દુસ્તાન કોકાકોલા બેવરજીસ પ્રા.લી. | ૯૬.૭૮ |
| ૨૨ | પર્લ પેરીફેરલ્સ | ૧૦.૨૭ |
| ૨૩ | બિરલા કોપર | ૨૪.૦૫ |
| ૨૪ | સર્ચકેમ ઈન્ડ. | ૩૩.૯૩ |
| ૨૫ | ઝવેરી પોલીમર્સ | ૨૯.૧૩ |
| ૨૬ | ડી.સી.એમ.શ્રીરામ આલ્કલીઝ એન્ડ કેમીકલ | ૧૦.૯૦ |
| ૨૭ | કેટીકોટ સિન્થ લી. | ૨૪.૮૪ |
| ૨૮ | વી.કે. ઈન્ડ. | ૧૪.૦૯ |
| ૨૯ | બી.પી.સી.એલ. | ૧૮૫.૦૬ |
| ૩૦ | આઈ.ઓ.સી.એલ. | ૧૨૨૪.૨૧ |
| ૩૧ | એચ.પી.સી.એલ. | ૩૧.૧૨ |
| ૩૨ | ચેનક ઓઈલ મીલ | ૧૧.૨૩ |
| ૩૩ | ઈન્ડીયન ઓઈલ કોર્પો. | ૪૨.૦૬ |
| ૩૪ | ઓ.એન.જી.સી. | ૨૬૮.૭૦ |
| ૩૫ | એસ્સાર સ્ટીલ યુનિટ-૧ અને ૨ | ૧૩૧૭.૪૭ |
| ૩૬ | લાર્સન એન્ડ ટુબ્રો લી. | ૨૨.૯૧ |
| ૩૭ | બરોડા રેયોન | ૧૦.૪૭ |
| ૩૮ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ | ૯૪.૮૯ |
| ૩૯ | હરીરાજ પેપર મીલ | ૧૮.૮૫ |
| ૪૦ | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ લી. | ૩૮.૯૨ |
| ૪૧ | વિમલ ઓઈલ એન્ડ ફુડઝ | ૨૯.૭૨ |
| ૪૨ | બાલારામ સિમેન્ટ | ૨૨.૮૭ |
| ૪૩ | સીમ્ફની કમ્ફર્ટસ | ૬૦.૦૧ |
| ૪૪ | જય એગ્રો | ૩૭.૬૯ |
| ૪૫ | મીનલ ઓઈલ એન્ડ એગ્રો | ૧૬૫.૫૬ |
| ૪૬ | બી.જી. એક્સપ્લોરેશન | ૬૦૯.૦૮ |
| ૪૭ | લાર્સન એન્ડ ટુબ્રો લી. | ૨૪.૨૦ |
| ૪૮ | ગુજરાત સિધ્ધી સિમેન્ટ | ૮૫.૪૯ |
| ૪૯ | સોરાષ્ટ્ર સિમેન્ટ લી. | ૪૩.૪૪ |
| ૫૦ | સોરાષ્ટ્ર કેમીકલ્સ લી. | ૩૧.૪૧ |
| ૫૧ | એચ.એમ.પી. સિમેન્ટ લી. | ૪૪.૫૯ |
| ૫૨ | મયુર ઈન્ડસ્ટ્રીઝ | ૧૫.૨૦ |
| ૫૩ | ત્રિવેણી ઈન્ડસ્ટ્રીઝ | ૩૦.૩૧ |
| ૫૪ | એટલાસ પેટ્રો કેમિકલ્સ | ૨૦.૯૪ |
| ૫૫ | સ્વસ્તિક એન્ડ કુ. | ૧૫.૯૨ |
| ૫૬ | પ્રશાંત એન્ટરપ્રાઈઝ | ૧૩.૪૬ |
| ૫૭ | એન.કે. ઈન્ડસ્ટ્રીઝ | ૩૩.૪૧ |
| ૫૮ | મારૂતી પેટ્રો કેમ. | ૧૧.૧૨ |

| ક્રમ | એકમનું નામ | રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૫૯ | રીશીતા એન્ટરપ્રાઈઝ | ૨૪.૭૮ |

**પત્રક-૨**

| ક્રમ | એકમનું નામ |
|---|---|
| ૧ | એલ. એન્ડ ટી. લી |
| ૨ | ઓ.એન.જી.સી. લી. |
| ૩ | આઈ.ઓ.સી.લી. |
| ૪ | એચ.પી.સી.એલ. |
| ૫ | બી.પી.સી.એલ. |
| ૬ | એસ્સાર સ્ટીલ લી. |

-----------

**જુનાગઢ જિલ્લામાં પોલીસ સ્ટાફની ખાલી જગ્યાઓ**

૧૭૦૦૪**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલ, પી.એસ.આઈ., પી.આઈ. ની કેટલી જગ્યાઓ પોલીસ સ્ટેશન પ્રમાણે ખાલી છે, અને | (૧) પત્રક સામેલ છે |
| (૨) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માગો છો ? | (૨) વહીવટી અનુકૂળતા પ્રમાણે . |

**જુનાગઢ જિલ્લા પોલીસ દળનું તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ પોલીસ સ્ટેશનની કેડર વાઈઝ ખાલી જગ્યા દર્શાવતું પત્રક**

| અ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | પો.ઈન્સ. | પો.સ. ઈન્સ. | પો.કો. |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | "એ" ડી.વી. જુનાગઢ | ૧ | ૧ | ૧૬ |
| ૨ | "બી" ડી.વી. જુનાગઢ | -- | -- | -- |
| ૩ | જુનાગઢ તાલુકો | -- | -- | ૩ |
| ૪ | ભેસાણ | -- | -- | ૯ |
| ૫ | બિલખા | -- | -- | ૩ |
| ૬ | મેંદરડા | -- | -- | ૬ |
| ૭ | વિસાવદર | -- | -- | ૬ |
| ૮ | કેશોદ | -- | ૧ | ૪ |
| ૯ | વંથલી | -- | -- | ૬ |
| ૧૦ | માણાવદર | -- | -- | ૯ |
| ૧૧ | બાંટવા | -- | -- | ૬ |
| ૧૨ | વેરાવળ સીટી | -- | ૧ | ૪૬ |
| ૧૩ | પ્ર. પાટણ | -- | ૧ | ૩ |
| ૧૪ | તાલાલા | -- | -- | ૧૦ |
| ૧૫ | સુત્રાપાડા | -- | ૧ | -- |
| ૧૬ | ગીરગઢડા | -- | -- | ૨ |
| ૧૭ | ઉના | -- | ૧ | ૫ |
| ૧૮ | કોડીનાર | -- | -- | ૩ |
| ૧૯ | માંગરોળ | -- | -- | ૧૧ |
| ૨૦ | શીલ | -- | -- | ૬ |
| ૨૧ | ચોરવાડ | -- | -- | ૪ |
| ૨૨ | માળીયા હાટીના | -- | -- | ૭ |
| ૨૩ | મહીલા પોલીસ સ્ટેશન | -- | ૨ | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | કુલ... | ૧ | ૮ | ૧૬૬ |

-----------

**રેતીની લીઝ મંજૂર કરવા અંગે**

૧૬૪૬૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રેતીની લીઝ મંજૂર કરેલ છે. | (૧) (એક) નવી લીઝ મંજુર કરવામાં આવેલ છે અને ૩ રીન્યુઅલ કરવામાં આવી છે. |
| (૨) ગેરકાયદેસર રેતી વહન કરવા કેટલી ફરીયાદો મળેલ છે, | (૨) ૬ (છ) |
| (૩) ત્રણ વર્ષમાં કેટલીવાર ઓચીંતુ ચેકીંગ કરવામાં આવેલ છે, અને | (૩) ૪ (ચાર) |
| (૪) કેટલા કેસોમાં લીઝની શરતોનો ભંગ થયેલ છે, અને લીધેલાં પગલાંની વિગતો શું છે ? | (૪) ૧ કેસમાં ક્વોરી લીઝ, કરારખત શરત ભંગ થયેલ છે, જેમાં કરારખતના ભાગ-૯ની શરત (૪) હેઠળ રૂા. ૫૦૦/- દંડ કરવામાં આવેલ છે. |

-----------

**અમદાવાદની સિવિલ હોસ્પિટલ કેમ્પસના મેદાનમાં હેલીકોપ્ટર ઉતરાણની વ્યવસ્થા કરવા બાબત**

૧૬૫૨૦**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરની સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં બી. જે. મેડીકલ કોલેજના મેદાનમાં હેલીકોપ્ટર ઉતરાણ માટેની વ્યવસ્થા કરવાની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી, | (૧) હેલીપેડ બનાવવાની કામગીરી તા. ૧૮/૧૨/૨૦૦૫થી શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) ક્યારે પૂર્ણ થશે, અને | (૨) એપ્રિલ, ૨૦૦૬ના અંત સુધીમાં. |
| (૩) આ કામમાં વિલંબ થતો હોય તેવું ધ્યાન પર આવ્યું છે કે કેમ ? | (૩) ના, જી. |

-----------

**મહેસાણા જિલ્લામાં ઓઈલ ચોરી કરતાં પકડાયેલ ઈસમો**

૧૭૧૯૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં મહેસાણા જિલ્લામાં ઓઈલ ચોરી કરતાં કેટલા ઈસમો પકડાયા, | (૧) ૩૧ |
| (૨) આ ઈસમો પાસેથી કેટલો માલ કબ્જે કરવામાં આવ્યો, અને | (૨) રૂા. ૪,૫૪,૦૦૦/- નો માલ કબજે કરવામાં આવેલ. |
| (૩) આ ઈસમો પોલીસ સાથે સાઠગાંઠ ધરાવે છે તે સંદર્ભની કેટલી ફરિયાદો કોના તરફથી સરકારને મળી ? | (૩) એકપણ નહિ. |

-----------

**સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯-૧૦-૦૫ના ઠરાવના કારણે સચિવાલયમાં ઉપસચિવમાંથી નાયબસચિવમાં બઢતી આપવાની પ્રક્રિયા સ્થગિત થવા અંગે**

૧૭૩૮૬**શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાન્ય વહીવટ વિભાગના વર્ગ-૧માંથી વર્ગ-૧માં બઢતી આપવા અંગેના તા. ૨૯/૧૦/૨૦૦૫ના ઠરાવના કારણે સચિવાલયમાં ઉપ | (૧) ના, જી. |

સચિવમાંથી નાયબ સચિવમાં બઢતી આપવાની પ્રક્રિયા સ્થગિત થઈ ગઈ છે તે હકિક્ત સાચી છે,

(૨) જો હા, તો આ ઠરાવને સરકાર રદ કરવા કે સ્થગિત કરવા કે ફેરફાર કરવા વિચારે છે કે કેમ, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## ભાવનગર શહેરના પોલીસ સ્ટેશનનું વિભાજન

૧૬૧૯૩ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર શહેરમાં પોલીસ સ્ટેશનનું છેલ્લું વિભાજન ક્યારે અને ક્યું કરવામાં આવેલ, અને

(૨) વિભાજન પોલીસ સ્ટેશનને લગતી પોલીસ ચોકીના મકાન અને કર્મચારીઓને પડતી મુશ્કેલી સંબંધમાં રાજ્ય સરકાર શા પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) તારીખ : ૧૪/૧૦/૨૦૦૨ના રોજ ભાવનગર શહેર એ. ડીવીઝનનું કરવામાં આવ્યું અને નવું ડી-ડીવીઝન બનાવવામાં આવ્યું.

(૨) વિભાજીત ડી-ડીવીઝનના નવા મકાનના બાંધકામ માટે જમીન ફાળવેલ છે. બાંધકામ શરૂ કરવા અંગે આયોજન વિચારણા હેઠળ છે.

-----------

## સાબરકાંઠા જિલ્લાના પોલીસ દફ્તરે નોંધાયેલ વિવિધ ગુના

૧૭૨૦૬ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧/૧/૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૩ કેલેન્ડર વર્ષમાં ખુન, લુંટ, બળાત્કાર અને ઘરફોડ ચોરીના કેટલા બનાવો પોલીસ દફતરે વર્ષવાર નોંધાયા,

(૨) બનેલા બનાવો પેકી કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) વધતી જતી ગુન્હાખોરી ડામવા સરકારે કોઈ ખાસ યોજના બનાવી છે કે કેમ, અને

(૪) તેની વિગતો શું છે ?

**જવાબ**

| (૧) વર્ષ | ખુન | લુંટ | બળાત્કાર | ઘરફોડચોરી |
|---|---|---|---|---|
| ૧/૨/૦૩ થી ૩૧/૧/૦૪ | ૪૪ | ૨૫ | ૭ | ૧૮૪ |
| ૧/૨/૦૪ થી ૩૧/૧/૦૫ | ૩૨ | ૨૩ | ૧૧ | ૧૭૮ |
| ૧/૨/૦૫ થી ૩૧/૧/૦૬ | ૨૮ | ૧૪ | ૧૭ | ૧૨૧ |
| **કુલ** | **૧૦૪** | **૬૨** | **૩૫** | **૪૮૩** |

| (૨) વર્ષ | ખુન | લુંટ | બળાત્કાર | ઘરફોડચોરી |
|---|---|---|---|---|
| ૧/૨/૦૩ થી ૩૧/૧/૦૪ | ૧૨૮ | ૩૯ | ૧૩ | ૫૫ |
| ૧/૨/૦૪ થી ૩૧/૧/૦૫ | ૭૮ | ૨૫ | ૧૬ | ૪૪ |
| ૧/૨/૦૫ થી ૩૧/૧/૦૬ | ૫૭ | ૧૬ | ૨૬ | ૪૭ |
| **કુલ** | **૨૬૩** | **૮૦** | **૫૫** | **૧૪૬** |

(૩) આવા ગુન્હા બનતા અટકાવવા અસરકારક અટકાયતી પગલાં લેવા તેમજ નાઈટ રાઉન્ડ તથા હાઈવે પેટ્રોલીંગ સખત બનાવવા થાણા અમલદારોને સૂચના કરેલ છે તથા મોટર સાયક્લ ગૃપ પેટ્રોલીંગ જિલ્લામાં ગોઠવવામાં આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## રાજ્યમાંથી મળી આવેલ ખનિજો અને અંદાજીત જથ્થો

૧૭૦૫૬ **શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કઈ કઈ મહત્વની ખનીજો મળી આવે છે,

**જવાબ**

(૧) રાજ્યમાં લાઈમસ્ટોન, બોક્સાઈટ, લીગાઈટ, ડોલોમાઈટ, સીલીકાસેન્ડ, બ્લેઝમેટલ, ચોક, ચાઈનાક્લે. ફ્લોસ્પાર, ફાયરક્લે, ગ્રેનાઈટ, મેંગેનીઝ, માર્બલ, વોલેસ્ટોનાઈટ, ક્વાર્ટઝ, બેન્ટોનાઈટ અને જીપ્સમ જેવી મહત્વની ખનીજો મળી આવે છે.

**પ્રશ્ન**

(૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ખનિજનો અંદાજીત જથ્થો કેટલો છે, અને

**જવાબ**

(૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ખનિજનો અંદાજીત જથ્થો ખનીજવાર નીચે મુજબ છે.

| ખનીજનું નામ | જથ્થો (મી.ટનમાં) |
|---|---|
| લાઈમસ્ટોન | ૧૧૮૯૭.૧૪ |
| બોક્સાઈટ | ૧૦૫.૦૦ |
| લીગાઈટ | ૨૧૬૫.૩૫ |
| ડોલોમાઈટ | ૭૨૦.૫૫ |
| સીલીકાસેન્ડ | ૯૮૩.૫૩ |
| બેઝમેટલ | ૮.૫ |
| ચોક | ૮૩.૭૯ |
| ચાઈનાક્લે | ૧૬૨.૮૩ |
| ફ્લોસ્પાર | ૧૧.૬૦ |
| ફાયરક્લે | ૧૬૦.૧૫ |
| ગ્રેનાઈટ | ૨૦૦૫.૦૦ |
| મેંગેનીઝ | ૨.૫ |
| માર્બલ | ૨૫૯.૬૦ |
| વોલેસ્ટોનાઈટ | ૨.૧૪૧ |
| ક્વાર્ટઝ | ૧૧.૪૭૪ |
| બેન્ટોનાઈટ | ૧૦૫.૦૦ |
| જીપ્સમ | ૩.૩૭૬ |

**પ્રશ્ન**

(૩) ખનિજ ઉદ્યોગમાં રસ ધરાવનારને જાણકારી મળી રહે તે માટે સરકાર શું આયોજન કરવા માંગે છે ?

**જવાબ**

(૩) ખનિજ ઉદ્યોગમાં રસ ધરાવનારને જાણકારી મળી રહે તે માટે ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ. ઈન્ફોર્મેટીક્સના સહયોગથી દરેક જિલ્લાઓના મીનરલ એટલાસ અને ડેટાબેન્ક તૈયાર કરવામાં આવી રહેલ છે.

-----------

## પોલીસ સ્ટેશનોને જિલ્લાવાર કોમ્પ્યુટરની ફાળવણી

૧૬૮૭૨ **શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા પોલીસ સ્ટેશનમાં કોમ્પ્યુટરો આપ્યા છે, કેટલા ખર્ચે, અને

(૨) આ કોમ્પ્યુટરો મારફતે કુલ કેટલા ગુનાઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું, અને કેટલા ગુનાઓનું બાકી છે ?

**જવાબ**

(૧) આ સમયગાળા અગાઉના વર્ષોમાં રાજ્યના ૪૬૭ પોલીસ સ્ટેશનોને કોમ્પ્યુટર ફાળવી દીધેલ છે.

(૨) ૬૨,૦૭૩ ગુનાઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે અને ૧,૬૬,૪૬૯ ગુનાઓનું કોમ્પ્યુટરાઈઝેશન બાકી છે.

-----------

**વર્ગ-૧માંથી વર્ગ-૧માં બઢતી આપવા અંગેના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯-૧૦-૦૫ના ઠરાવને કારણે સચિવાલયમાં ઉપસચિવમાંથી નાયબસચિવમાં બઢતી આપવાની પ્રક્રિયા સ્થગિત થવા અંગે**

૧૭૩૮૮ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સામાન્ય વહીવટ વિભાગના વર્ગ-૧માંથી વર્ગ-૧માં બઢતી આપવા અંગેના તા. ૨૯-૧૦-૦૫ના ઠરાવના કારણે સચિવાલયમાં ઉપસચિવમાંથી નાયબ સચિવમાં બઢતી આપવાની પ્રક્રિયા સ્થગિત થઈ ગઈ છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ ઠરાવને સરકાર રદ કરવા કે સ્થગિત કરવા કે ફેરફાર કરવા વિચારે છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો તેની વિગતો શી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રેતીની લીઝ માટેની અરજીઓનો નિકાલ ન થવા અંગે**

૧૬૫૭૬ **શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં કામરેજ તાલુકામાં ખાણ ખનિજ વિભાગ સુરત મારફતે ડુંગરા ગલા, ગાપયગલા ગામે છેલ્લા એક વર્ષથી ગેઝેટ પ્રસિધ્ધ કરી રેતીની લીઝ માટે અરજી મંગાવવામાં આવેલ જે અરજીઓનો નિકાલ છેલ્લા એક વર્ષથી થયેલ નથી તો ક્યા કારણોસર નિકાલ થયેલ નથી, અને | (૧) માંગણી વાળો વિસ્તાર તા. ૨૯-૧૦-૨૦૦૪ના જાહેરનામાથી ફેર ઉપલબ્ધ કરવામાં આવેલ છે. અને આ વિસ્તારમાં ક્વોરી લીઝની ૬૭૩ અને ૧ (એક) મુખ્ય ખનિજની માઈનીંગ લીઝની અરજી મળેલ છે. ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬ ના નિયમ ૪ (બી) ની જોગવાઈ અનુસાર એક્જ વિસ્તારમાં એક્જ ખનિજ કે અન્ય ખનિજ માટે મીનરલ ક્ન્સેશન રૂલ્સ ૧૯૬૦ હેઠળ માઈનીંગ લીઝની માંગણી અંગે પ્રથમ નિર્ણય થયા બાદ જ ક્વોરી લીઝની અરજીઓ વિચારણામાં લેવાની રહેતી હોવાના કારણે ક્વોરીલીઝની અરજીઓ પડતર છે. |
| (૨) હવે પછી સરકાર કેટલા સમયમાં અરજીઓનો નિકાલ કરવા માંગે છે ? | (૨) શક્ય તેટલી ઝડપથી. |

-----------

**સૂરત આર.ટી.ઓ કચેરીની છેલ્લા ત્રણ વર્ષની આવક**

૧૬૩૬૪ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વાહન વ્યવહાર ખાતાની સૂરત આર.ટી.ઓ. કચેરીની તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને | (૧) વાહનવ્યવહાર ખાતાની સૂરત આર.ટી.ઓ. કચેરીની તા. ૩૧/૧૨/૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક નીચે મુજબ છે. |

| વર્ષ | આવક | |
|---|---|---|
| ૨૦૦૩ | રૂા. ૬૩,૮૯,૬૪,૦૦૦/- | **(ત્રેસઠ કરોડ નેવ્યાસી લાખ ચોસઠ હજાર)** |
| ૨૦૦૪ | રૂા. ૭૮,૪૮,૪૨,૦૦૦/- | **(અઠ્ઠીયોતેર કરોડ અડતાલીસ** |

| | | |
|---|---|---|
| | | **લાખ બેતાલીસ હજાર)** |
| ૨૦૦૫ | રૂા. ૯૪,૨૧,૩૪,૦૦૦/- | **(ચોરાણું કરોડ એક્વીસ લાખ ચોત્રીસ હજાર)** |

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

(૨) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**લાંચ રુશવત લેવા માટે પકડાયેલ પોલીસ અધિકારીઓ**

૧૭૨૭૪**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલા પોલીસ અધિકારીઓને લાંચ રૂશ્વત લેવા માટે પકડવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) કુલ-૨૧ અધિકારીઓને લાંચ લેતા પકડવામાં આવેલ છે. જેની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | આરોપીઓની સંખ્યા |
|---|---|
| વર્ષ-૨૦૦૪ | ૧૦ |
| વર્ષ-૨૦૦૫ | ૧૧ |
| કુલ..... | ૨૧ |

(૨) તે પૈકી તેમની સામે શાં પગલાં લીધા ?

(૨) તમામ અધિકારીઓને ફરજમોકુફ કરવામાં આવેલ છે.

-----------

# શોકદર્શક ઉલ્લેખ

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી નારણભાઈ શીવજીભાઈ પટેલના અવસાન અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વસભ્યશ્રી નારણભાઈ શીવજીભાઈ પટેલનું ૧૫મી ઑક્ટોબર, ૨૦૦૫ ના રોજ ૮૫ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વ.શ્રી નારણભાઈનો જન્મ કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ગઢશીશા ગામે સને ૧૯૨૧માં થયો હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

તેઓશ્રીએ તાલુકા ઉત્પાદન સમિતિ, જિલ્લા સહકારી બોર્ડ, માર્કેટ યાર્ડ સમિતિ તથા લૅન્ડ મોર્ગેજ બૅન્કના પ્રમુખ તરીકે નોંધપાત્ર સેવાઓ આપી હતી. તેઓશ્રીએ જિલ્લા નાગરિક સંરક્ષણ સમિતિના સભ્ય તરીકે પણ બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

સ્વ.શ્રી પટેલે ત્રીજી ગુજરાત વિધાનસભામાં સન ૧૯૬૭ થી ૧૯૭૨ સુધી મોડાસા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજ્યે સામાજિક અને સહકારી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કાળનું ચક્ર સતત ચાલતું રહે છે અને જેમનો જન્મ થાય છે, એમનું મૃત્યુ પણ કુદરત નક્કી કરીને આપે છે, પરંતુ માનનીય ગૃહના નેતા જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે, તે નારણભાઈ શીવજીભાઈ પટેલ આ ગૃહના સભ્ય હતા. વર્ષો સુધી સમાજનાં અનેક ક્ષેત્રમાં એમણે કામ કર્યુ. જાતે ખેતી કરી, સહકારી અને પંચાયત ક્ષેત્રોની અંદર પ્રદાન કર્યુ અને એવી પેઢીના એક આદર્શ ગ્રામ્ય કાર્યકર તરીકે જીવ્યા કે જેનો જન્મ પણ એક ગામડાના નાના કાર્યકર તરીકે થયો અને મૃત્યુ પણ એ જ રીતે એક ગામડાના કાર્યકર તરીકેનું જે પ્રકારનું જીવન હોય એ જ રીતે અને જીવનના અંતિમ સમય સુધી લોકોની વચ્ચે રહીને જીવન ગાળ્યું. સ્વ. નારણભાઈ મોડાસાના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા, પરંતુ સહકારી અને પંચાયતની અનેક કામગીરી પણ કરી હતી. આ ગૃહમાં પણ એક ઉમદા ધારાસભ્ય તરીકે એમની સેવાઓ પ્રાપ્ત થઈ હતી. ગૃહના નેતા જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે, એમાં મારો સૂર પુરાવું છું. પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના છે અને આપના મારફત એમના

કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી કરું છું.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે તે સાબરકાંઠા જિલ્લાના મોડાસા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા નારણભાઈ શિવજીભાઈ પટેલ જન્મે જ એક ખેડૂત હતા અને તેમણે પોતાની કારકિર્દી દરમ્યાન અને સમગ્ર જીવન દરમ્યાન ભલે ધારાસભ્ય હતા કે ન હતા સતત ખેતીના પ્રશ્નો અને સિંચાઈના પ્રશ્નો માટે સતત રજૂઆત કરતા હતા. તેઓ રોજેરોજના ખેડૂતોના પ્રશ્નો જેવા કે સાબરકાંઠા જિલ્લા અને પંચમહાલ જિલ્લામાં જે સિંચાઈના ડેમો બને છે અને તેનું પાણી બીજા જિલ્લાઓમાં જાય છે, ટ્રેકટરની ટ્રોલી ઉપર ટેકસ ન હોવો જોઈએ, ગામતળની જમીન હોય તેની આવક તે ગામ પંચાયતને જ મળવી જોઈએ આવા પ્રશ્નો માટે ગૃહની અંદર અને ગૃહની બહાર તેઓએ અવાર નવાર રજૂઆત કરેલ છે. તેમનું સમગ્ર જીવન ખેડૂતોની રજૂઆત, ખેડૂતોની સેવા માટે વીતેલ, તેઓ એક ઉમદા કાર્યકર હતા ત્યારે તેમના અવસાનથી અમારા વિસ્તારને ખોટ પડી છે. સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનોને દુ:ખ સહન કરવાની શકિત આપે તેવી અભ્યર્થના અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક પ્રસ્તાવ લઈને આવ્યા છે તેની અંદર હું પણ મારો સૂર પુરાવું છું. માનનીય નારણભાઈ શીવજીભાઈ પટેલ મૂળ કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ગઢશીશા ગામના વતની હતા પણ તેમણે તેમનું કાર્યક્ષેત્ર સાબરકાંઠા જિલ્લાની અંદર મોડાસાને બનાવ્યું હતું. જેમ ભાઈ દિલીપભાઈએ કહ્યું તેમ કિસાનોના પ્રશ્નો માટે તેઓ સતત ચિંતિત રહેતા અને કિસાનોની વાત માટે તેમની ભૂમિકા હંમેશાં અગ્રેસર રહી છે. તેઓ કિસાનોના અગ્રણી પણ હતા. તેઓ સહકાર ક્ષેત્ર સાથે પણ સંકળાયેલા હતા અને તેઓની સેવાકીય પ્રવૃત્તિઓને કારણે તેમણે લોકોમાં લોક ચાહના પણ મેળવી હતી. તેમના અવસાનથી આ તમામ પ્રવૃત્તિઓને બહુ મોટી ખોટ પડી છે. આપના માધ્યમથી તેઓશ્રીના કુટુંબીજનોને આપણે દિલસોજીનો સંદેશો મોકલીએ અને પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના કરીએ.

**શ્રી બાબુભાઈ મે. શાહ (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા  તેમજ વિરોધ પક્ષના નેતાશ્રી આ સભાગૃહમાં નારણભાઈ શીવજીભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપતો જે ઠરાવ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું. નારણભાઈ સાથેનો પરિચય ૧૯૬૭ થી ૧૯૭૨ નો હતો. તેઓ સ્વતંત્ર પાર્ટીમાંથી આ વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા હતા અને કચ્છી હોવાના નાતે જન્મેલા કચ્છમાં અને કાર્યક્ષેત્રના કારણે સાબરકાંઠામાં રહે પરંતુ અવાર નવાર કચ્છ સાથે ઘરોબો, આવે જાય અને તેઓ કચ્છની અસ્મિતાના રખવૈયા હતા. વિશ્વ કચ્છી પરિષદના અધિવેશન વખતે પણ તેઓ ત્યાં ઉપસ્થિત રહ્યા હતા. નાના મોટા દરેક પ્રશ્નોની અંદર નહીં , માત્ર કચ્છ નહીં પણ ખેડૂતોના પ્રશ્નોમાં જાગૃત્ત આગેવાન રહ્યા હતા. કચ્છના લોકો જ્યાં જ્યાં રહે ત્યાં હંમેશાં એ સદાકાળ ગુજરાત, કચ્છ અને તેના પ્રવાહોમાં દૂધમાં સાકરની જેમ ભળી જાય તે રીતે જ સાબરકાંઠામાં કચ્છ પાટીદાર સમાજની એકાત્મકતા છે અને તેના પ્રતિપાદરૂપે, તેના પ્રતિકરૂપે હતા. કારણકે જન્મ્યા કચ્છમાં હોય અને સાબરકાંઠામાંથી ચૂંટાવું તે કાર્યદક્ષતા હતી. તેવા નારણભાઈ આજે આપણી વચ્ચે નથી. તેમની ખોટ જાહેર જીવનમાં અને અમને બધાને લાગશે. તેમના પરિવારજનોને સાંત્વના આપતા ઠરાવમાં મારો પણ સૂર પુરાવું છું.

**શ્રી છબીલભાઈ ના. પટેલ (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, નારણભાઈ શીવજીભાઈ પટેલનો જે શોક સંદેશો આ ગૃહના નેતા અને વિરોધપક્ષના નેતા લઈને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું.  આ નારણબાપાની યાદમાં કારણકે તેઓ સાબરકાંઠાની અંદર મોડાસા તાલુકાના મોતીવીણી ગામમાં રહેતા અને મોતીવીણી ગામ મારું આ જ ગામ. અમે નાના હતા ત્યારે દિવાળી ઉપર દરવર્ષે એકવાર ભેગા થઈએ, રાજકીય ચર્ચા કરે. હું તેમનામાંથી આ બધુ સાંભળતો. નાના નાના પ્રશ્નો, નાના લોકોના પ્રશ્નો સાંભળતા. તેમના પાસેથી હું રાજકીય પાઠ શીખેલો. અમે સ્કૂલમાં ભણવા ત્રણ- ચાર કિલોમીટર દૂર જતા અને નારાયણ બાપા સામેથી સવારે ચાલતા આવતા. એક ધારાસભ્ય હોવા છતાં સાદગીથી જીવન જીવતા, ગઢશીશા, કચ્છના વતની અને  બાળપણમાં સાબરકાંઠામાં આવીને વસ્યા અને તેમણે સાબરકાંઠાને પોતાનું વતન બનાવીને રાજકીય ક્ષેત્રે તેઓ ચૂંટાયા, સહકારી આગેવાન પણ રહ્યા, એમણે એમના જીવનમાં દુ:ખ બહુ જોયા, ત્રણ દીકરા હતા, ત્રણ દીકરાઓમાંથી બે દીકરા અકસ્માતમાં મૃત્યુ પામ્યા ત્યારે અમે જઈને સાંત્વન આપ્યું, ત્યારે તેઓ એમ કહેતા કે જીવન એક સંઘર્ષ છે અને સંઘર્ષની સામે આપણે જીવવું જોઈએ. હું ચૂંટાયો ત્યારે હું એમના આશીર્વાદ લેવા ગયો હતો કે, નારાયણ બાપા, હું માંડવીથી ચૂંટાયો છું, એમણે મને આશીર્વાદ આપેલા એ એમની સાદગી આજે પણ આપણને યાદ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી,, આપણે આ ગૃહનો દિલસોજીનો સંદેશો એમના કુટુંબીજનોને પાઠવીએ, અસ્તુ.

**અધ્યક્ષશ્રી** : માનનીય ગૃહના નેતાશ્રી  જે શોકદર્શક ઉલ્લેખ લઈ આવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ એને ટેકો આપ્યો છે, એમાં હુંપણ મારો સૂર પુરાવું છું.

માનનીય સભ્યશ્રીઓએ એમના જીવનની ઘણી બધી વાતો કરી, એક માણસ જન્મે કચ્છમાં અને મોડાસા તાલુકાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવે, કાર્યક્ષેત્ર બનાવે એટલું જ નહીં પણ રાજકીય, સામાજિક અને શૈક્ષણિક અને અન્ય પ્રવૃત્તિઓ કરે, લોકો વચ્ચે લોકપ્રિય થાય અને એ માનવી ત્યાંથી ચૂંટાય એ ઘણી મહત્ત્વની બાબત છે. તેઓ ચૂંટાયા સ્વતંત્ર પાર્ટીમાંથી, ખેડૂતોના પ્રશ્નો વિશે તેઓ જાગૃત હતા, ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા માટે અનેક પ્રયત્નો કર્યા. છેલ્લે ખેતી જ કરતા હતા, એક ધારાસભ્ય હોય, વિધાનસભામાં બેસતા હોય અને છતાં પણ પોતાનો મૂળ વ્યવસાય ખેતીમાં જ જોડાયેલા રહે અને એમાં જ પોતાનું જીવન પૂરું કરે અને અંતે અંતિમ શ્વાસ લે, આ આપના સૌ માટે ગૌરવની બાબત છે, આપણો જે સંદેશો છે એ અને આ ગૃહની જે લાગણી છે તે હું એમના કુટુંબીજનોને પહોંચાડીશ. આપણે સૌ પોતાના સ્થાન ઉપર ઊભા થઈને સદ્‌ગતને અંજલિ અર્પીએ.

( બે મિનિટ મૌન બાદ)

સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે, સભાગૃહની આ લાગણી સદ્‌ગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### વાપી ખાતેના પંજાબ નેશનલ બેંકના દરવાજે થયેલ લૂંટ અંગે

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

"તાજેતરમાં વાપી ખાતેની પંજાબ નેશનલ બેંકના દરવાજે ધોળા દિવસે થયેલ રૂપિયા ૧૫ લાખની માતબર રકમની લૂંટના કારણે લોકોમાં ફેલાયેલ ભયની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ : ૧૦-૩-૨૦૦૬ના કલાક: ૧૪-૦૫ વાગે વાપી ઉદ્યોગનગર વૈશાલી ચાર રસ્તા પાસે, પંજાબ નેશનલ બેંકના નીચેના ભાગે શ્રી અરવિંદકુમાર જયંતીલાલ શાહ બેંકની મારુતિ વાન નં. જીજે-૧૫-૪૭૪૪માં પટાવાળા તથા એક પોલીસમૅન સાથે સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા વાપી બ્રાન્ચમાંથી રૂા. ૧૫ લાખ લઈ પંજાબ નેશનલ બેંકમાં પતરાની પેટીમાં મૂકી લઈને આવેલ ત્યારે ૪ થી ૫ અજાણ્યા ઇસમોએ રિવૉલ્વર જેવું હથિયાર તથા લોખંડનો છરો લઈ ઘસી આવી રોકડ રકમ રૂા. ૧૫ લાખ મૂકેલ પેટી તથા પોલીસ મેન પાસેથી રાયફલની લૂંટ કરી હવામાં ફાયરીંગ કરી બ્લ્યુ તથા ક્રીમ રંગની એસ્ટીમ કાર નં. એમએચ-૦૪-૯૨૪૭માં બેસી નાસી જઈ ગુનો કરેલ જે અંગે ફરિયાદી શ્રી અરવિંદકુમાર જયંતીલાલ શાહે વાપી ઉદ્યોગનગર પો.સ્ટે. ગુ. ર. નં. ૪૦/૦૬ ઈપીકો કલમ ૩૯૫, ૩૯૭ આર્મ્સ એકટ કલમ ૨૫(૧-બી) ૨૭ (૧) મુજબનો ગુનો દાખલ કરાવતાં સમગ્ર જિલ્લામાં નાકાબંધી કરતાં લૂંટારું ટોળકીના મુખ્ય સૂત્રધાર શ્રી મોહનભાઈ સુંદરમ સિંધીવેલ રહેવાસી. નાલા સોપારાનાને મહારાષ્ટ્ર રાજયની હદમાં જંગલમાં ૨૦ કી.મી. પાછળ પડી પકડી તેમની પાસેથી લૂંટમાં ગયેલ રૂપિયા પૈકી રૂા. ૧,૨૯,૪૦૦/- એક તમંચો, એક જીવતો કાર્ટીઝ, એસ્ટીમ કાર, બારબોરનો એક તમંચો, સ્ટીલના બે મોટા લાંબા છરા(ચોપર) બે જીવતા કાર્ટીઝ તથા એક ફૂટેલ કાર્ટીઝ તથા પોલીસમૅનની લૂંટમાં ગયેલ રાયફલનો મુદ્દામાલ કબજે લેવામાં આવેલ છે. આરોપી શ્રી મોહનભાઈ સુંદરમ સિંધીવેલને તા. ૧૦-૩-૨૦૦૬ના કલાક ૨૦-૩૦ વાગે અટક કરી નામદાર કોર્ટમાં રજૂ કરી તા. ૨૩-૩-૨૦૦૬ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવતાં તથા પૂછપરછ દરમિયાન આ ગુનાના બીજા ૬ આરોપીઓના નામો મળેલ છે તેઓને પકડવા પોલીસની બે અલગ- અલગ ટીમો બનાવી મુંબઇ ખાતે તપાસમાં મોકલવામાં આવેલ છે. આ આરોપીની વધુ પૂછપરછ દરમિયાન તેમણે શાહ પેપર મિલની નજીકથી રૂા. ૮ લાખની લૂંટ કરેલાની કબૂલાત કરેલ છે. આ ગુનો વાપી ઉદ્યોગનગર પો. સ્ટે. ગુ. ર. નં.૭/૦૬ ઈપીકો કલમ ૩૯૫, ૩૯૭થી નોંધાયેલ છે તથા આ ગુનાના બીજા બે સહ આરોપીઓને પણ અટક કરવામાં આવેલ છે. આ પૂછપરછ દરમ્યાન બીજા લૂંટના ગુનાઓની કબૂલાત કરેલ છે તથા તેઓ દ્વારા બેંકના લૂંટના ઘ ણા ગુનાઓ આચરેલા હોવાથી તેઓની સઘન પૂછપરછ અને તપાસ હાલમાં ચાલુ છે. લોકોને પોલીસની આ ત્વરિત કામગીરીથી વિશ્વાસ અને સંતોષ હોવાથી લોકોમાં ભયની લાગણી ફેલાયેલ નથી.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, વાપી એક ઔદ્યોગિક નગરી છે. રાજયભરના જુદા જુદા એકમોથી આ એક ઔદ્યોગિક નગરી બનેલી છે. જેવી રીતે અમારું સુરત અને અંકલેશ્વર બનેલું છે, કીમ-પીપોદરા છે. અહીં વાપીમાં આવા અસંખ્ય એકમો સ્થપાયેલા છે એવા વિસ્તારની પંજાબ નેશનલ બૅન્કમાં બપોરના ૨-૦૦ વાગ્યે ૧૫ લાખ રૂપિયાની લૂંટ થઈ. એના આગળના જ દિવસોમાં એવી જ રીતે શાહ પેપર મિલમાં બપોરના આ ટાઇમે કામદારોના પગારના ૮ લાખ રૂપિયાની લૂંટ થઈ હતી. એવી જ રીતે એના આગલા વિકમાં જી.આઈ.ડી.સી.વિસ્તારમાં પોસ્ટ ઑફિસમાંથી જી.ઈ.બી.ની સામેની સ્ટેટ બૅન્કમાં પોસ્ટ ઑફિસના પૈસા ભરવા જતા પોસ્ટ મેન ઉપર હુમલો કરી, ફાયરીંગ કરી પોસ્ટ મેનની હત્યા કરી ૪ લાખ ૨૮ હજાર રૂપિયાની

લૂંટ કરવામાં આવી હતી અને એવી જ રીતે મારા વિસ્તારમાં બૅન્કમાંથી કારીગરોના પગાર કરવા માટેના જે પૈસા લાવવામાં આવ્યા હતા ૪ લાખ રૂપિયા એની લૂંટ થઈ હતી. આવા ઔદ્યોગિક વિસ્તારોમાં આ રીતે ધોળે દિવસે લૂંટ થઈ રહી છે ત્યારે માનનીય ગૃહ મંત્રીશ્રીનો શનિવારના દિવસે જવાબ સાંભળ્યો, એમાં રાજયમાં અમદાવાદનો ઉલ્લેખ કર્યો કે અમદાવાદ મૅટ્રોપૉલીટન સીટી બન્યું છે ત્યારે જેવી રીતે અમદાવાદની સુરક્ષા વ્યવસ્થા અંગે વાત કરી છે, જેવી રીતે અમદાવાદને સુરક્ષામાં ખાસ પ્રાયોરિટિ આપી છે એવી રીતે વાપીમાં આપવી જોઈએ કેમ કે, વાપીમાં માત્ર ૧પી.એસ.આઈ., ૩ પી.આઈ. વચ્ચે આજુબાજુના ૨૮ ગામો આવેલા છે અને એવી જ રીતે ઔદ્યોગિક સીટી કીમ-પીપોદરા, વાપી-અંકલેશ્વર છે એ બધા વિસ્તારોમાં રોજગારી મેળવવા યુવાનો દેશભરમાંથી અને રાજયભરમાંથી આવે છે. સુરતમાં પણ હીરા ઉદ્યોગ ખૂબ મહત્ત્વનો ઉદ્યોગ છે ૪૫ હજાર કરોડનું એકસ્પોર્ટ થાય છે ત્યારે આવા ઔદ્યોગિક શહેરોને ખાસ દરજ્જો આપીને આવી લૂંટના બનાવો અટકાવવા જોઈએ. કેમ કે જે લૂંટના બનાવો બન્યા છે અને પોસ્ટ મેનની હત્યા થઈ છે એના હત્યારાઓ હજુ સુધી પકડાયા નથી ત્યારે આવા ઔદ્યોગિક વિસ્તારોમાં સુરક્ષા માટે સરકાર કોઈ સઘન વ્યવસ્થા કરવા માગે છે કે કેમ? અને આ જે ૧૫ લાખની લૂંટ થઈ છે, ૮ લાખની લૂંટ થઈ છે અને સુરતમાં જે ૩ લાખની લૂંટ થઈ છે એના લૂંટારુંઓ પકડાયા છે કે કેમ? અને જો ન પકડાયા હોય તો એને કેટલા સમયમાં પકડવા માગો છો ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ધીરુભાઈ હંમેશા ફાસ્ટ લઢણથી રજૂઆત કરતા હોય છે

**અધ્યક્ષશ્રી** :નામ ધીરુભાઈ છે પણ ધીરેથી બોલતા નથી. (અંતરાય)

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે ધીરેથી બોલવું છે પણ આપ બે મિનિટમાં બેલ મારી દો છો એટલે ધીરે બોલવું હોય તો બોલી શકતો નથી.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ધીરુભાઈને તક તો આપ જ આપી શકો. માનનીય ધીરુભાઈ હંમેશા ફાસ્ટ લઢણથી જ રજૂઆત કરે છે એનાથી ગૃહના બધા સભ્યશ્રીઓ હસતા હોય છે. પરંતુ એમણે ખૂબ અગત્યનો મુદ્દો ઉઠાવ્યો છે. જે રીતે દક્ષિણ ગુજરાતમાં ઔદ્યોગિકરણ વધી રહ્યું છે અને દક્ષિણ ગુજરાત મહારાષ્ટ્રના સીમાડાને લગતો પ્રદેશ છે ત્યારે મારે કહેવું છે કે મહારાષ્ટ્રમાં મોકાનો કાયદો અમલમાં છે, ગુજરાતમાં ગુજકોકનો કાયદો કર્યો છે પણ એ મંજૂર થતો નથી. ત્યારે આવી ઓર્ગેનાઈઝડ ગૅન્ગ મહારાષ્ટ્રમાં ઊભી થાય છે અને ગુજરાતમાં ગુનાઓ કરીને ભાગી જાય છે મહારાષ્ટ્રમાં અને ત્યાંનો કાયદો છે એ અહીંયા લાગતો નથી એટલે ગુજકોકનો કાયદો છે એ જેવો મંજૂર થશે કે તુરત જ આના ઉપર કડકમાં કડક કાર્યવાહી કરીને એના ઉપર પૂરેપૂરો કંન્ટ્રોલ લાવીશું. આમ છતાં કાયદાકીય સમર્થન નથી મળ્યું અને કેન્દ્ર સરકારે આ આપણો ગુજકોકનો કાયદો મંજૂર કરીને મોકલ્યો નથી તેમ છતાં આપણે હાથ ઉપર હાથ ધરીને બેઠા નથી. આ લૂંટની વાત કરી એ બપોરે ૨-૦૦ વાગ્યે થઈ અને ૮-૦૦ વાગ્યે તો એનો મુખ્ય ગુનેગાર પકડાય ગયો છે અને એમાં જે હકીકત બહાર આવી છે એ જાણવા જેવી છે. એનો મુખ્ય આરોપી છે એ મુંબઈનો મોહન સુંદરમ સિંધિવેલ એ મુંબઈનો છે, મણી ઉર્ફે કુટમ મદ્રાસી એ મુંબઈનો છે, કુંબિયા મદ્રાસી એ પણ મુંબઈનો છે અને સલીમ મલબારી એ પણ મુંબઈનો છે એટલે આ બધા ધારાવીની ઝૂંપડપટ્ટીમાં રહે છે, ત્યાં આગળ ગૅન્ગ બનાવી આપણા દક્ષિણ ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં ચોરી-લૂંટ કરી મહારાષ્ટ્રમાં ભાગી જાય છે. મહારાષ્ટ્રમાં મોકાનો કાયદો છે એટલે ત્યાં આગળ ધોંસ વધી છે. આપણો ગુજકોકનો કાયદો જેવો મંજૂર થશે એવું તુરતજ આ લોકોને નશ્યત થવાની જ છે. અત્યારે પણ પોલીસ નથી બેસી રહી, છ કલાકની અંદર જ આ આરોપીઓ પકડાઈ ગયા છે. ૧ લાખ ૨૯ હજાર રૂપિયાની રકમ પણ પકડાઈ ગઈ છે અને બાકીના આરોપીઓના નામ પણ રિમાન્ડ મેળવી ખોલી લેવામાં આવેલ છે અને બાકીના આરોપીઓને પણ પકડવાની તજવીજ ખૂબ ઝડપથી ચાલી રહી છે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : આ વિસ્તારની અંદર જે પોલીસ સ્ટાફ ઓછો છે મેં મારા પ્રશ્નમાં ઉલ્લેખ કર્યો એવી રીતે વાપીમાં એક પી.આઈ. અને ત્રણ પી.એસ.આઈ. છે અને ૩ લાખની વસતિ છે અને ૨૮ ગામો છે, એવી રીતે કીમ-પીપોદરા એની અંદર ૪૦૦ જેટલા ડાઈંગ હાઉસ આવેલા છે અને પરપ્રાંતના લોકો પુષ્કળ પ્રમાણમાં રોજગારી માટે આવે છે ત્યાં પણ પૂરતો સ્ટાફ નથી માત્ર એક પી.આઈ. અને એક પી.એસ.આઈ. છે એવીજ રીતે કડોદરા અને અંકલેશ્વર જ્યાં ઔદ્યોગિક વિસ્તાર છે ત્યાં ખાસ આવા કોઈ લૂંટના બનાવો ના થાય, અગાઉ પોસ્ટમૅનનું ખૂન થયું એનો આરોપી નથી પકડાયો માટે આ વિસ્તારની અંદર સુરક્ષાની ખાસ કોઈ વધારાની વ્યવસ્થા સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરક્ષાનો ઇન્તજામ કરેલો જ છે., શનિવારે મારા ગૃહ વિભાગની ચર્ચા હતી એમાં મેં જવાબ આપ્યો હતો કે લૂંટના ગુનાઓ ઘટતા ગયા છે એમ છતાં પોલીસની ઘટ બાબતે મેં અગાઉ પ્રશ્નોત્તરીમાં જણાવ્યું એ મુજબ ભરતીની પ્રક્રિયા પૂરી થવામાં છે, એમની ટ્રેનિંગ પૂરી થયેથી આ વિસ્તારમાં પણ પોલીસની ઘટ પૂરી કરવાનો અમે ચોક્કસ પ્રયત્ન કરીશું.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ દક્ષિણ ગુજરાત અને વલસાડની ખૂબ ગંભીર બાબત છે. લગભગ જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ ૩ મહિનાની અંદર લૂંટ, મર્ડર જેવા અસંખ્યા ગુનાઓ બન્યા છે જે રીતે જે જગ્યાએ લૂંટ થઈ છે એ જગ્યાની ૧૮ કિલોમીટર બાજુમાં જ હું રહું છું એટલે જે કંઈ હકીકત છે એ

સાચી જ હું બતાવીશ. જે જગ્યાએ લૂંટ થઈ છે એ ગુંજન ચાર રસ્તા ટ્રાફિક પોલીસ સામે ખાલી પચાસ ફૂટ જગ્યા છે, બિલકુલ હાઈવેની બાજુમાં અને જે જગ્યાએ બેન્કમાંથી કેશ લઈને આવતા ફક્ત ૧ કિલોમીટરનો ગાળો છે બેન્કની બાજુમાં વાપી જી.આઈ.ડી.સી. આવેલું છે ત્યાંથી નીકળો એટલે અરધા કિલોમીટરમાં ત્રણ જગ્યાએ તો પોલીસ પૉઈન્ટ આવે છે છતાં પણ વાપી વિસ્તારની અંદર ગુનાખોરી વધી રહી છે એને સમયસર ડામી દેવાની જરૂર છે અને બીજું વલસાડ જિલ્લામાં એન્કાઉન્ટરો થઈ રહ્યા છે ગુનેગારો છે એને મારી નાંખવામાં આવે એમાં કોઈ વાંધો નથી પણ બીજા વિસ્તારોમાંથી લાવીને જે એન્કાઉન્ટર કરી રહ્યા છે એનાથી કંઈ ગુનાખોરી મટવાની નથી અને ઊલટું લોકોમાં ભય ઊભો થયો છે, ગુનેગારોને મારી નાંખવામાં, એન્કાઉન્ટર કરી નાંખવામાં આવે એમાં અમારો કોઈ વાંધો નથી પણ વલસાડ જિલ્લો એ આખા ગુજરાતની અંદર શાંતમાં શાંત જિલ્લો છે અને આ જિલ્લાને ન છંછેડવામાં આવે અને શાંતિથી જીવવા દો એવી મારી વિનંતી છે

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન પૂછો જીતુભાઈ,

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : વલસાડ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જે બાબત છે.

**અધ્યક્ષશ્રી** : છેલ્લાં ત્રણ મહિનામાં જે બનાવો બન્યા એના સંદર્ભમાં વલસાડ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા બાબતમાં આપ શું કરવા માગો છો એટલું જાણવા માગે છે, બેસી જાઓ પ્લીઝ, આવી ગયું.

**શ્રી અમિત અ. શાહ** : આપે તો સરળતાથી પ્રશ્ન બહુ નાનો કર્યો પણ એવું નથી માનનીય અધ્યક્ષશ્રી, એમણે બે વાતો પૂછી છે કે પોલીસ સ્ટેશન નજીક હતું અને ત્યાં લૂંટ થઈ છે તો શું થયું. પોલીસ સ્ટેશન નજીક છે એમની એ હકીકત તદ્દન સાચી છે પણ લૂંટ થયા પછી થોડાક જ સમયની અંદર આરોપીને પકડી લીધેલ છે જે વ્હીકલમાં લૂંટ થઈ હતી એ વ્હીકલ પણ પકડી લીધું છે અને ગુનેગારને પણ કબજે લીધેલ છે એટલે લીપાપોથીનો તો પ્રશ્ન જ ઊભો થતો નથી. તરતને તરત નાકાબંધી કરી હતી ,મહારાષ્ટ્રની સરહદમાં ગુનેગાર ભાગી ગયો છતાં પકડી લીધો છે, જ્યાં સુધી એન્કાઉન્ટરનો સવાલ છે એક પણ વ્યકિતનું નામ એ બતાવે જેની પર ગુનો રજિસ્ટર ન થયો હોય. આરોપીઓમાં ભય તો ફેલાવવો જ જોઈએ, આરોપીઓ સુખ ચેનથી જીવે એવી કઈ રીતની નીતિ હોઈ શકે? જે લોકો એન્કાઉન્ટરમાં મરી ગયા છે એ બધા ગુનેગારો જ છે રાષ્ટ્ર વિરોધી અને સમાજ વિરોધી પ્રવૃત્તિ કરતા લોકોને જ એન્કાઉન્ટરમાં મારી નાંખવામાં આવ્યા છે. ત્યાં તો ભય ફેલાવવો જ જોઈએ, એક બાજુ કહો છો કે પોલીસનો ભય નથી અને બીજી બાજુ કહો છો કે પોલીસ ભય નથી ફેલાવતી.. આરોપીઓમાં તો ભય હોયજ, સભ્યશ્રીને ભય ન લાગવો જોઈએ..

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, શું એ વાત સાચી છે કે આવી લૂંટની અંદર પોલીસની પણ ભાગીદારી હોય છે અને પછી સરખા ભાગ પાડી લેવાતા હોય છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ વાતને એક સભ્યશ્રી જોરથી હસતા હતા પણ આપ ગંભીરતાથી આની નોંધ લો એવું કહું છું જે લોકો આટલી ગંભીરતાથી ફરજ બજાવતા હોય અને જાનમાલની રક્ષા કરતા હોય, સલામતીનું કામ કરતા હોય એમના પર પાયા વગરના આ રીતે ગંભીર આરોપો કરવા એ આ ગૃહના સભ્યશ્રીને કમસે કમ શોભા દે એવા નથી એવી મારી સ્ટ્રોંગ લાગણી છે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વાપીમાં આટલા ગંભીર ગુન્હા બન્યા, આટલા મર્ડર થયા આમ જોઈએ તો પોલીસ સ્ટાફ અને સાથે સાથે તેમની પાસે જે વાહન એક જીપ, એક મોબાઈલ વાન, એક બાઈક આટલા બધા ગુન્હાઓ એક વીકની અંદર અથવા ૩૦ થી ૪૫ દિવસમાં બનતાં હોય તો પોલીસ સ્ટાફને આધુનિક વાહન-વ્યવહારથી સજજ કરવા માગો છો કે કેમ ? તેને વાહનોની અલગ અલગ પ્રકારની સગવડતાઓ મળવી જોઈએ તે આપવા માગો છો કે કેમ ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ આધુનિકના વિષયમાં બોર્ડરના જે જિલ્લાઓ છે તેને પ્રાયોરિટી આપેલી છે. તે અંતર્ગત વલસાડને પણ આપેલી છે અને આ ટુકડી પકડાય તેની અંદર છ લૂંટના ગુન્હા આપણે ઉકેલી શક્યા છીએ અને છ લૂંટમાંથી ત્રણ લૂંટનો મુદ્દામાલ પણ આપણે પકડી શક્યા છીએ.

# સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો

### ગુજરાત ઈન્ફોર્મેટિકસ લિમિટેડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફર્મેટિકસ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઑડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઑડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ગ્રોથ સેન્ટર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રોથ સેન્ટર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૪૧૬૨(અગ્રતા-૪)ના અનુસંધાને વધારાની માહિતી.**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી,, હું તા.૩-૩-૦૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્ય શ્રી ગોવિંદભાઈ પરમારનો "ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરીનો આધુનિકરણની યોજના" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૪૧૬૨ ( અગ્રતા-૪) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૪૭૪૮(અગ્રતા-૧૧)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૩-૩-૦૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી ગોપાલભાઈ ધુઆનો "કચ્છ જિલ્લામાં આર.ટી.ઓ.દ્વારા નોંધાયેલ વાહનો" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૪૭૪૮ (અગ્રતા-૧૧)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો અહેવાલ**

**શ્રી દિલુભા ટે. ચુડાસમા (સમિતિના સભ્યશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પાંચમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે " આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પાંચમા અહેવાલ સાથે સંમત થાય".

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

**તા.૬ઠ્ઠી માર્ચ-૨૦૦૬ના રોજ ઉપસ્થિત થયેલ શૂન્યકાળના મુદ્દા અંગે**

**અધ્યક્ષશ્રી** : સોમવાર, તા. ૬ઠ્ઠી માર્ચ-૨૦૦૬ના રોજ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયે માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુજરાતમાં બેનરજી સમિતિના પ્રેસ ઈન્ટરવ્યુ પછી જે ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ હતી અને

તેમાં પ્રેસને એવું કહેવામાં આવ્યું કે, ગોધરાકાંડમાં લાગેલ આગ એ ષડયંત્ર નહોતું, પરંતુ અકસ્માત હતો. તેના સંદર્ભમાં તેમણે માન. ગૃહમંત્રીશ્રી પાસેથી માહિતી માગવાનો મુદ્દો ઉભો કર્યો હતો અને કહ્યું હતું કે, માન. ગૃહમંત્રીશ્રી આ ઘટનાની વિગતો આપે અને આ ષડયંત્ર હતું તો સરકાર આ બાબતના પુરાવા સભાગૃહ સમક્ષ મૂકે. આ ઘટનાને સલંગ્ન એફ.એસ.એલ.નો રીપોર્ટ શું છે અને નાણાવટી પંચની રચના થઈ હોય પછી બીજી સમિતિની રચના શકય છે ખરી? તે જાણવા માગ્યું હતું. જયારે માનનીય સભ્ય ડો.નીમાબેન આચાર્યએ બેનરજી સમિતિના રીપોર્ટ બાબતે જે વિરોધાભાસ પ્રવર્તી રહ્યો છે તે અંગે પ્રકાશ પાડી માન. ગૃહમંત્રીશ્રીને એવી વિનંતી કરી હતી કે, તેઓ સભાગૃહને વાકેફ કરે. આ તબકકે વિરોધ પક્ષના નેતાશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો અને બે મુદ્દા ઉપસ્થિત કર્યા હતા. (૧) જયાં સુધી નિયમ-૧૧૬ અન્વયેની સૂચનાનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઝીરો અવર આવે નહીં. (૨) કમિશન ઓફ ઈન્કવાયરી એકટ હેઠળ જે અહેવાલ આવે તે અહેવાલની ચર્ચા ગૃહમાં રજૂ થયા પછી કરવાની હોય છે અને આ કિસ્સામાં બેનરજી કમિશનનો રીપોર્ટ હજુ લોકસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો ન હોઈ આ બાબત ઉઠાવી શકાય નહીં. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ આ તબકકે એવી સ્પષ્ટતા કરી હતી કે શૂન્યકાળ માટે કોઈ નિયમ નથી, પરંતુ પ્રણાલિકા છે કે પ્રશ્નોત્તરી પૂરી થયા પછી અને તાકીદની જાહેર અગત્યની બાબત હાથ ધરાય તે પહેલાં તે મુવ કરી શકાય. આ કિસ્સામાં સભ્યશ્રીએ મંત્રીશ્રીની પરવાનગી લીધી છે અને પ્રશ્ન તાકીદનો છે. માન. ગૃહમંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી હતી કે, બેનરજી સમિતિ એ હાઈ લેવલ સમિતિ છે અને તે કમિશન નથી. સભ્યશ્રી જાડેજાએ આ પ્રશ્ન પૂછતાં પહેલાં મારી સંમતિ મેળવેલ છે. વધુમાં જસ્ટીસ બેનરજીએ જે પ્રેસ લીધી છે અને પ્રેસથી જે વિગતો બહાર આવી છે એ બાબતમાં પ્રવર્તતા વિરોધાભાસ અંગે સ્પષ્ટતા થવી જરૂરી છે. સમિતિના રીપોર્ટ બાબતે કોઈ ચર્ચા કરવાની નથી. માનનીય સભ્યશ્રી ગોરધનભાઈ ઝડફીયાએ આ તબકકે જણાવ્યું હતું કે, કમિશન ઓફ ઈન્કવાયરીનો રીપોર્ટ સંસદમાં રજૂ કરવાનો બાકી હોઈ તેમાં ચર્ચા ન થઈ શકે, પરંતુ જયારે બેનરજી સમિતિ દ્વારા આખા દેશમાં એક ગંભીર પ્રકારની બાબતનો અહેવાલ લોકસભામાં મૂકતાં પહેલાં જાહેર જનતાને પ્રસાર માધ્યમનો ઉપયોગ કરી તેની જાણ કરવામાં આવે તો આપણે શૂન્યકાળની નિયમોમાં ભલે જોગવાઈ ન હોય, તેમ છતાં આ બાબત ગુજરાતને સ્પર્શતી હોઈ સ્પષ્ટતા થવી આવશ્યક છે. માનનીય સભ્યશ્રી પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, બેનરજી પંચ એ કમિશન ઓફ ઈન્કવાયરી એકટ નીચે નીમાયેલ પંચ છે.

ચર્ચાને અંતે મેં નિર્ણય આપ્યો હતો કે, આ પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી અને આ અંગેનો વિગતવાર નિર્ણય હું સર્વે પાસાંનો અભ્યાસ કરીને આપીશ.

તદ્નુસાર મારી સમક્ષ ઉઠાવવામાં આવેલા મુદ્દા માટે પોઈન્ટ ઓફ ઓર્ડરની ચર્ચા, વિધાનસભાની કાર્યરીતિ, નિયમો, સંસદીય પ્રણાલિકાઓ, કમિશન ઓફ ઈન્કવાયરી એકટ અને બેનરજી કમિશનની રચના અંગેના રેલ મંત્રાલયના નોટિફિકેશનનો અભ્યાસ કર્યા બાદ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મારો નિર્ણય નીચે મુજબ આપું છું.

માન. વિરોધ પક્ષના નેતાનો પહેલો મુદ્દો એવો હતો કે, વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ની નોટિસ ઉપરની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ઝીરો અવર આવે નહીં. ઝીરો અવર અંગે ગુજરાત વિધાનસભાના નિયમોમાં કોઈ જોગવાઈ નથી. પરંતુ સુસ્થાપિત પ્રણાલિ મુજબ કોઈ એવી તાકીદની અને સમગ્ર રાજયના હિતને સ્પર્શતી બાબત હોય ત્યારે કોઈ સભ્યશ્રી મુદ્દો ઉઠાવવા માગતા હોય અને માનનીય મંત્રીશ્રી તથા અધ્યક્ષશ્રીએ સંમતિ આપી હોય ત્યારે પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થયા પછી અને તે દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ સરકારી કામકાજ હાથ ધરતાં પહેલાં શૂન્યકાળનો મુદ્દો ઉપસ્થિત કરી શકાય છે.

માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ તેમના પોઈન્ટ ઓફ ઓર્ડરમાં ઉપસ્થિત કરેલ બેનરજી કમિશનના અહેવાલ પર ચર્ચા સંબંધેના મુદ્દા અંગે જણાવવાનું કે, શૂન્યકાળમાં કોઈ સભ્યશ્રીને તાકીદની અને જાહેર અગત્યની બાબતે મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી આપતાં પહેલાં મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓના નિર્ણયો મુજબ સભ્યશ્રીને સંબંધિત મંત્રીશ્રીની સંમતિ મળી હોય અને મને પણ જણાય કે, જયારે બાબત તાકીદની અને મહત્વની છે, ત્યારે તેવી બાબતો સંબંધમાં શૂન્યકાળમાં મુદ્દો ઉપસ્થિત કરવાની સભ્યશ્રીઓને મંજૂરી આપવામાં આવે છે.ગુજરાત વિધાનસભાની સ્થાપિત થયેલ પ્રણાલિ મુજબ ઉકત બંને સભ્યશ્રીઓએ મંત્રીશ્રી તથા મારી સંમતિ લીધી હોવાથી શૂન્યકાળના મુદ્દા ઉપસ્થિત થવા અંગે કોઈ નિયમ અને પ્રણાલિઓનો ભંગ થયો નથી. બેનરજી કમિશનનો અહેવાલ સંસદમાં રજૂ થાય તે પહેલાં કમિશન તરફથી જાહેર માધ્યમો દ્વારા જે વિગતો વર્તમાનપત્રોમાં રજૂ થઈ હતી, તે સંબંધે રાજયના પ્રજાજનોમાં ફેલાયેલ ગેરસમજ, વિરોધાભાસ અને આશંકા દૂર કરવાના ઉદ્દેશથી ઉકત સભ્યશ્રીઓએ ઉઠાવેલ મુદ્દા સંબંધે શૂન્યકાળમાં મુદ્દા ઉપસ્થિત કરવાની સભ્યશ્રીઓને જે પરવાનગી આપવામાં આવી હતી, તે ગુજરાત વિધાનસભાની સુસ્થાપિત થયેલ પ્રણાલિઓ સાથે સુસંગત છે, તેના કારણે મેં માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડર તત્સમયે નામંજૂર કર્યો હતો.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગો સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૨,૩૩,૮૯,૮૨,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧,૨૫,૮૭,૫૦,૦૦૦/- ની માગણી ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૫૦**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૨૩,૨૩,૮૯,૦૦૦/- ની માગણી ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૫૧**

**શ્રીસી.ડી. પટેલ (રાજય કક્ષાના પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧,૦૪,૭૦,૩૯,૦૦૦/- ની માગણી ક્રમાંક-૫૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૫૧ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ**: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.**

**પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**
**માગણી ક્રમાંક-૬૯**

**શ્રી ભરત બારોટ (રાજય કક્ષાના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સેવાને લગતી મહેસૂલ ખર્ચ માટેની રૂા. ૩,૩૧,૭૦,૦૦૦/- ની માગણી ક્રમાંક-૬૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૬૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૭૧**

**શ્રી ભરત બારોટ (રાજય કક્ષાના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસની સેવાને લગતી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની, મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૩,૨૩,૫૫,૨૦,૦૦૦ની માગણી ક્રમાંક ૭૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭૧ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૬–૨૦૦૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર, તા.૨૦–૩–૨૦૦૬ (બીજા દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ. નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ઉદ્યોગ અને ખાણ વિભાગ<br>માગણી નં. ૪૯ | | | | |
| ૧. | ૨૮૫૧–ગ્રામ અને લઘુઉદ્યોગો<br>૦૦૧–નિદેશ અને વહીવટ | ૧૦૦ | કુટિર ઉદ્યોગો અને ઔદ્યોગિક સહકારી મંડળીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ સત્વરે લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિત ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા.૪,૫૭,૬૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૨૫–૨૬ | | | |
| *૨. | –– " –– | ૧૦૦ | બંધ પડેલા કુટિર ઉદ્યોગોને પુનઃ જીવીત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ફારૂક શેખ |
| ૩. | –– " –– | ૧૦૦ | કુટીર ઉદ્યોગો અને ઔદ્યોગિક સહકારી મંડળીઓના નિયામકની કચેરીનો કથળેલો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| *૪. | –– " –– | ૧૦૦ | કુટિર ઉદ્યોગો ધ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના વેચાણને ઉત્તેજન મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૫. | ૨૮૫૧–ગ્રામ અને લઘુઉદ્યોગો<br>૧૦૨–લઘુ ઉદ્યોગ<br>રૂા.૫૬,૦૨,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પા.નં.૨૭ થી ૨૯ | ૧૦૦ | ગ્રામીણ ક્ષેત્રોમાં લઘુ ઉદ્યોગોનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૬. | –– " –– | ૧૦૦ | લઘુ ઉદ્યોગોને જરૂરી નાણાકીય સવલતો સરળતાથી મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| *૭. | –– " –– | ૧૦૦ | ગ્રામીણ ક્ષેત્રના લઘુ ઉદ્યોગોના વિકાસ માટે વધુ રકમ ફાળવવામાં તથા આર્થિક સહાય ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૮. | –– " –– | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો ધ્વારા અરજદારોને પૂરતી અને વિગતવાર માહિતી આપવામાં સેવાતી ઉદાસીનતા | |
| *૯. | –– " –– | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોને કરવામાં આવેલ રજૂઆતોના નિકાલ પ્રત્યે સેવાતું ઉદાસીન વલણ | |
| *૧૦. | ૨૮૫૧–ગ્રામ અને લઘુઉદ્યોગો<br>૧૦૫ –ખાદી અને ગ્રામોદ્યોગ<br>રૂા.૩,૪૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પા.નં.૩૫ | ૧૦૦ | ખાદીનું વ્યાપક વેચાણ થાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૧. | ૨૮૫૧–ગ્રામ અને લઘુઉદ્યોગો<br>૧૦૫ –ખાદી અને ગ્રામોદ્યોગ<br>રૂા.૩,૪૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પા.નં.૩૫ | ૧૦૦ | રાજયમાં ઉત્પાદિત ખાદી અન્ય રાજયો કરતાં સસ્તી મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૨. | ૨૮૫૧–ગ્રામ અને લઘુઉદ્યોગો<br>૧૧૧ –શિક્ષિત.... | ૧૦૦ | વડાપ્રધાનની રોજગાર યોજના હેઠળ શિક્ષિત બેરોજગારોને બેંકો તરફથી સરળતાથી અને ઝડપી ધિરાણ મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં | |

| | | | | |
|---|---|---|---|---|
| | યોજના<br>રૂા.૭૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પા.નં.૩૭ | | તંત્રની નિષ્ફળતા | |
| *૧૩. | ૨૮૫૨–ઉદ્યોગો<br>૮૦ –સામાન્ય<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂા.૪,૨૮,૪૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પા.નં.૪૭ થી ૫૧ | ૧૦૦ | ઉદ્યોગ કમિશ્નરની કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૪. | –– " –– | ૧૦૦ | ઉદ્યોગોને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૫. | –– " –– | ૧૦૦ | ઉદ્યોગો ઉપરના બિન જરૂરી નિયંત્રણો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૬. | –– " –– | ૧૦૦ | ઉદ્યોગો સ્થાપવા અંગેની રજૂઆતોનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ ધાનાણી |
| *૧૭. | ૨૮૫૨–ઉદ્યોગો<br>૮૦ –સામાન્ય<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂા.૧,૨૭,૬૪,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પા.નં.૫૪ થી ૫૮ | ૧૦૦ | નબળા પડેલા કાપડ ઉદ્યોગને ચેતનવંતો બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૮. | ––"–– | ૧૦૦ | કાપડ ઉદ્યોગના વિકાસ માટે પૂરતી નાણાકીય સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **<u>માગણી નં.૫૦</u>** | | |
| *૧૯. | ૨૮૫૩–બિનલોહ ...ઉદ્યોગ<br>૦૨–ખાણોનું... વિકાસ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂા. ૧૧,૯૫,૭૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પા.નં. ૬૦ – ૬૧ | ૧૦૦ | ખાણોનું ગેરકાયદેસર ખોદકામ થતું સત્વરે બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૦. | ––"–– | ૧૦૦ | ખનીજની ચોરી થતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૨૧. | ––"–– | ૧૦૦ | ખાણોની લીઝ આપવાની કાર્યવાહીમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| | | **<u>માગણી નં.૫૧</u>** | | |
| ૨૨. | ૩૪૫૨–પ્રવાસન<br>૦૧–પ્રવાસીઓ...સવલતો<br>૧૦૧–પ્રવાસન કેન્દ્રો | ૧૦૦ | પ્રવાસનના સ્થળોએ પૂરતી સવલતોના અભાવે પ્રવાસીઓને પડતી પારાવાર હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા.૧,૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પા. નં.૭૩ | | | |
| ૨૩. | —— " —— | ૧૦૦ | પ્રવાસન કેન્દ્રોનો સર્વાંગી વિકાસ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૨૪. | —— " —— | ૧૦૦ | ધ્વારકાના પ્રસિધ્ધ ધાર્મિક પ્રવાસન સ્થળે પ્રવાસીઓને પીવાના પાણીની પડતી હાલાકી દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૨૫. | ૩૪૫૨–પ્રવાસન<br>૦૧–પ્રવાસીઓ...સવલતો<br>૧૯૦–જાહેર ક્ષેત્ર..... સહાય<br>રૂા.૬૬,૩૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પા. નં.૭૪–૭૫ | ૧૦૦ | પ્રવાસન વર્ષ ઉજવવામાં આવે છે. ત્યારે ૫૩ જેટલા પ્રવાસન પ્રોજેકટો પડતા મૂકાતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| *૨૬. | ૩૪૫૨–પ્રવાસન<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂા.૨૨,૩૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩ પા. નં.૭૬ | ૧૦૦ | પ્રવાસન પ્રવૃત્તિના યોગ્ય વિકાસ માટે પૂરતાં પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૨૭. | —— " —— | ૧૦૦ | વાયબ્રન્ટ મહોત્સવ અને પ્રચાર પાછળ કરોડોનો ખર્ચ કરવા છતાં વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૮. | —— " —— | ૧૦૦ | પ્રવાસન વર્ષની ઉજવણી પાછળ થતો ખોટો ખર્ચ રોકવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૨૯. | —— " —— | ૧૦૦ | પ્રવાસન નિગમની કથળતી જતી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૦. | ૩૪૫૨–પ્રવાસન<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂા.૩૬,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩ પા. નં.૭૭ | ૧૦૦ | અન્ય રાજયના પ્રવાસીઓને ગુજરાતી મુલાકાત માટે આકર્ષવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૬૯** | | | | |
| ૩૧. | ૨૨૫૧–સચિવાલય...સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–પંચાયત...વિભાગ<br>રૂા.૨,૯૨,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં.૨૪–૨૫ | ૧૦૦ | જિલ્લા પંચાયતોને વિકાસના કામો હાથ ધરવા માટે સમયસર ગ્રાન્ટ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિત ચાવડા |
| ૩૨. | —— " —— | ૧૦૦ | જિલ્લા પંચાયતોમાં કર્મચારી/અધિકારીઓની ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવાની મંજૂરી | શ્રી અનિલકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૩૩. | ૨૨૫૧–સચિવાલય...સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–પંચાયત...વિભાગ<br>રૂ.૨,૯૨,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં.૨૪–૨૫ | ૧૦૦ | આશ્રિતોને રહેમરાહે નોકરી આપવાના વરસોથી પડતર કેસોનો ઝડપી ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૪. | –– " –– | ૧૦૦ | જિલ્લા પંચાયતો ધ્વારા તાલુકા પંચાયતોની વહીવટી કામગીરીમાં થતી ડખલગીરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૩૫. | –– " –– | ૧૦૦ | જિલ્લા વિકાસ અધિકારીઓ ધ્વારા વિકાસના કાર્યોમાં રખાતી કિન્નાખોરી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |
| | | | **માગણી નં. ૭૧** | |
| ૩૬. | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૨–ભૂમિહીન....જોગવાઈ<br>રૂ.૬૩,૧૨,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં.૧૪ થી ૧૬ | ૧૦૦ | ઘરથાળના પ્લોટો ફાળવ્યા પછી સમયસર સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૩૭. | –– " –– | ૧૦૦ | ગ્રામીણ ગરીબો માટે બંધાતા ઘરોની મજબુતાઈની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૩૮. | –– " –– | ૧૦૦ | તાલુકા/જિલ્લા કક્ષાએ લેન્ડ કમિટીની સમયાંતરે મિટીંગો બોલાવી ભૂમિહીન મજૂરોને ઘરથાળના પ્લોટ મેળવવાની અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| *૩૯. | –– " –– | ૧૦૦ | ઘરથાળના પ્લોટની ફાળવણી બાદ સનદ આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪૦. | –– " –– | ૧૦૦ | ઘરથાળના પ્લોટો ફાળવવામાં ચાલતી વ્યાપક ગેરરીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. દિનેશ પરમાર |
| *૪૧. | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામ ગૃહ નિર્માણ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ.૬૦,૨૦,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં.૧૮–૧૯ | ૧૦૦ | ઈન્દિરા આવાસ યોજનાના લક્ષ્યાંક સમયસર પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૨. | –– " –– | ૧૦૦ | ઈન્દિરા આવાસ યોજના માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૪૩. | ૨૫૦૧–ગ્રામીણ...કાર્યક્રમો<br>૦૬–સ્વરોજગાર કાર્યક્રમો | ૧૦૦ | સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાનો વ્યાપ વધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૧–સુવર્ણજયંતિ... યોજના રૂા.૨૭,૧૨,૯૯,૦૦૦ અં.પ્ર.નં. ૧૯ પા.નં.૩૮ – ૩૯ | | | |
| ૪૪. | –– " –– | ૧૦૦ | રાજયના ધરતીકંપના અસરગ્રસ્ત ગ્રામીણ લોકો માટે ચાલતા જીવન નિર્વાહ સુરક્ષા પરિયોજના કાર્યક્રમમાં ચાલતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી રશીદાબેન પટેલ |
| *૪૫. | ૨૫૦૧–ગ્રામીણ કાર્યક્રમો ૦૬–સ્વરોજગાર કાર્યક્રમો ૮૦૦–અન્ય ખર્ચ (૦૩)–ડબલ્યુ.એસ.એસ.૩૩– ગ્રામીણ....કાર્યક્રમ (કે.પુ.યો.) રૂા.૨૩,૬૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૯ પા.નં. ૪૦ | ૧૦૦ | ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમને પૂરતું અનુદાન આપવામાં તંત્રની ઉદાસીનતા | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નહીં.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ, ઉદ્યોગ અને ખાણ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. ગુજરાત પહેલા મુંબઈ રાજયનો ભાગ હતું. મુંબઈ રાજયમાંથી ગુજરાત છૂટું પડયું અને એવી અપેક્ષા સાથે ગુજરાત રાજયનું જેણે સ્વપ્ન જોયું હતું, એમની અપેક્ષા એવી હતી કે મહારાષ્ટ્રમાંથી જુદુ પડયા પછી આપણા વિકાસની ગતિ છે તે તેજ બનાવીશું, મુંબઈ અને મહારાષ્ટ્ર કરતાં પણ ગુજરાત અગ્રેસર બનશે. તેના દ્વારા દેશના વિકાસમાં આપણે પ્રથમ નંબર પ્રાપ્ત કરી દેશની પ્રગતિમાં પણ આ રાજયને ભાગીદાર બનાવીશું. ઘણાં વર્ષો સુધી મહારાષ્ટ્ર સાથે આપણી હરિફાઈ હતી, કયારેક મહારાષ્ટ્ર આપણા કરતાં આગળ નીકળે, કયારેક ગુજરાત આગળ નીકળે, એ રીતે નાના-મોટા ભાઈઓની વચ્ચે તંદૂરસ્ત હરિફાઈ વર્ષો સુધી ચાલતી આવી હતી. એમાં ફાળો ગુજરાતની પ્રજાનો અને ગુજરાતની સાહસિકતાનો તથા ગુજરાત સરકારમાં જે મહાનુભાવો બેઠા હતા એમની દીર્ઘદૃષ્ટિનો હતો. તે પણ એવા સમયે કે જયારે દેશ, અને દેશની પ્રગતિ છે તેમાં વધારે પડતું આપણું ફોકસ કૃષિ ક્ષેત્રમાં હતું. છેલ્લા વર્ષોમાં ગુજરાતની પ્રગતિમાં અને ખાસ કરીને ઔદ્યોગિક પ્રગતિમાં, કારણ શું છે તે આપણે સોએ સાથે મળીને તપાસવાનું છે, એટલા માટે કે ગુજરાતની પ્રગતિ ન થાય તો દેશની પ્રગતિમાં પણ ગુજરાતની આગવા રાજય તરીકે અપેક્ષા રાખવામાં આવે છે તે પરીપૂર્ણ ન થાય તો દેશની પ્રગતિ પણ અટકી શકે એમ છે. રાજય સરકારે જે આર્થિક અને સામાજિક સરવેની અંદર ૨૦૦૪-૦૫માં વિકાસ દરની જે અપેક્ષા રાખી છે તે ૫.૧ ના ગ્રોથ રેટની અપેક્ષા રાખી છે. જો આ રીતે ગુજરાતે આગળ ચાલવાનું હશે તો ગુજરાતમાં અને ગુજરાતને માટે દેશ અને દુનિયાની આ જે અપેક્ષા રાખી એ કયારેય પરિપૂર્ણ થવાની નથી. ખૂબ ચિંતાનો વિષય આ વખતના આર્થિક સામાજિક સરવેનો આવ્યો છે. હું માત્ર છેલ્લા ત્રણ વર્ષના આંકડા આપવા માગું છું. આપણે અહીંયા વાત એવી કરીએ છીએ કે અમારે જર્મની, યુરોપ, જાપાન અને ચાયના સાથે હરિફાઈ કરવી છે. હું છેલ્લા ત્રણ વર્ષમાં જે ઔદ્યોગિક મૂડી રોકાણ થયું એના આંકડા આપવા માગું છું. ડાયરેક ઈન્વેસ્ટમેન્ટ આવ્યું એમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં ફક્ત ૨૦૭૭ કરોડ રૂપિયા સીધુ મૂડી રોકાણ આવ્યું છે. દિલ્હીની અંદર ૮૯૦૨ કરોડ રૂપિયા મૂડી રોકાણ આવ્યું છે. મહારાષ્ટ્રમાં ૬૯૦૪ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ આવ્યું છે જ્યારે કર્ણાટકની અંદર ૩૦૩૨ કરોડનું મૂડી

રોકાણ આવ્યું છે. આપણે ત્યાં સતત છેલ્લા ત્રણ વર્ષથી એમાં ઘટાડો થતો રહ્યો છે. ૨૦૦૪-૨૦૦૫ની અંદર ૬૧૦ કરોડનું મૂડી રોકાણ આવ્યું જે આગળના વર્ષ કરતાં ૩૦૬ કરોડ રૂપિયા ઓછું હતું.

હવે હું છેલ્લા ૧૩-૧૪ વર્ષની અંદર મૂડી રોકાણ થયું એના આંકડા આપવા માગું છું એની ટકાવારી આપવા માગું છું. દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશનો વિભાગ છે, જે દિલ્હીની આજુબાજુ આવેલો છે એમાં કુલ દેશનું મૂડી રોકાણ છે, એમાંનું ૨૫ ટકા આ કોરીડોરમાં થયું છે. મહારાષ્ટ્રમાં ૨૧.૧૮ ટકા મૂડી રોકાણ થયું છે, કર્ણાટકમાં ૭.૬૩ ટકા થયું છે, તામિલનાડુમાં ૬.૦૫ ટકા અને ગુજરાતમાં ફક્ત ૩.૩૨ ટકા મૂડી રોકાણ થયું છે. એના કારણે ગુજરાતની સ્થિતિ એવી આવી કે ગુજરાત આજે કુલ ઔદ્યોગિક મૂડી રોકાણમાં ચોથા સ્થાને આવ્યું છે. હું એના પણ આંકડા આપવા માગું છું કે છેલ્લા વર્ષની અંદર આ દેશની શું સ્થિતિ છે અને ગુજરાતની શું સ્થિતિ છે. ઓરિસ્સા ખૂબ પછાત રાજય છે છતાં ઔદ્યોગિક મૂડી રોકાણની અંદર ૨,૭૨,૪૦૧ કરોડના મૂડી રોકાણ સાથે આખા દેશમાં નંબર વન પર છે. મહારાષ્ટ્ર ૨,૧૫,૮૦૦ કરોડના મૂડી રોકાણ સાથે બીજા નંબર પર છે. આંધ્ર પ્રદેશ ૨,૦૯,૮૦૫ કરોડ સાથે ત્રીજા નંબર પર છે અને ગુજરાત નંબર એકનું ગુજરાત છે એ ૨,૦૩,૭૪૪ કરોડના મૂડી રોકાણ સાથે ચોથા નંબરે છે. અગાઉના વરસોમાં આપણે ત્રીજા નંબર પર હતા આ વખતે ચોથા નંબરે ગયા અને છતાં એમ કહેવામાં આવે કે અમે નંબર વન છીએ, ગુજરાતને જ્યાં જવું હોય ત્યાં જાય. આપણે આના માટે ચિંતા કરવી પડશે. આપણો ગ્રોથ રેઈટ એટલો પાછળ ગયો, મૂડી રોકાણ એટલું પાછળ ગયું એના કારણો શું છે. ૨૦૦૩-૨૦૦૪ની સ્થિતિએ ગુજરાત ત્રીજા નંબરે હતું અને આજે ચોથો નંબર થયો છે. જો આની આ પરિસ્થિતિ ચાલુ રહે તો આપણો નંબર કયાં જવાનો છે એની કલ્પના તો કરો? બીજી બાબતો શૈક્ષણિક સામાજિક સ્થિતિ સોશ્યલ ઈન્ડિકેટરમાં તો આપણે ખૂબ પાછળ છીએ. એમાં એક થી દસમાં પણ નથી આવતા. ગુજરાતની સાહસિક પ્રજા છે એને વ્યવસાય કરવાની મોકળાશ આપતા નથી. જે સાહસિકો વિદેશોમાંથી આવવાના છે એના માટે મોકળાશ કરતાં નથી એના કારણે આજે આપણે આ સ્થિતિએ પહોંચ્યા છીએ. અગાઉ મરાઠા અને પેશવા વખતે કહેતા હતા કે એના રાજયો કેમ ગયા, એ બહુ મોટી જાહેરાતો અને વાતો કરે અને એના અમલીકરણમાં મીંડું.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે આપણા લોકોએ એક કહેવત પાડી હતી કે મોગલો ગયા તગારે, અંગ્રેજો ગયા પગારે અને મરાઠાઓ ગયા નગારે. નગારે એટલે એ જમાનામાંય તમાશાઓ થતા હતા. એ જમાનામાં ઉત્સવોમાં જેટલા ટેક્સના પૈસા આવે એ બધા તેમાં વેડફાતા હતા. આજે પણ પ્રજાના ટેક્સના પૈસા આવે એ બધા જ ટેક્સના પૈસા છે આવા ઉત્સવો કરવામાં અને ઉત્સવોમાં એમ.ઓ.યુ. કરવામાં વપરાય છે અને તેના કારણે આજે ગુજરાત ચોથા નંબરે ગયું છે. અત્યારે પણ ઔદ્યોગિક વિકાસ દેખાય છે એ ઔદ્યોગિક વિકાસ નવા ઉદ્યોગોનો નથી. નવા ઉદ્યોગો તો કચ્છમાં જે આવવાના હતા તે આવ્યા પણ જે ઉદ્યોગો અહીંયા છે એ ઉદ્યોગોના વિસ્તૃતિકરણના કારણે છે. જો આ વિસ્તૃતિકરણ ન થયું હોત તો ગુજરાત ૮માં કે ૯માં સ્થાને હોત. કારણ કે નં.૧ના શાસનમાં કોઈ ઉદ્યોગો બહારથી અહીં આવવા તૈયાર નથી અને તેનાય માનનીય અધ્યક્ષશ્રી, કેટલાય કારણો છે. ગુજરાતની પ્રજા સારી રીતે જાણે છે શા માટે નથી આવતા. ઉદ્યોગો છે તેની પાસેથી આપણે આપણે હંમેશા વ્યવસાય શરૂ થાય તેના પછી રાજયને બહુ મોટી આવકો મળતી હોય છે અને જે આવકો મળે છે તેનાથી જુદા જુદા કરવેરાના રૂપમાં, જુદા જુદા રોજગારના રૂપમાં એ દેશનું ચાલકબળ બનવાનું છે. છેલ્લા વર્ષોમાં આપણાં જે નાના ઉદ્યોગો છે તેનું બંધ થવાનું પ્રમાણ પણ એટલું બધું વધ્યું છે તેના કારણે દેશની અંદર આપણે ગૌરવ લઈ શકતા હતા કે આપણે ત્યાં જે નાના ઉદ્યોગો છે તેનો ખૂબ મોટા પાયે વિકાસ થાય છે પણ તેની સામે બંધ થયેલ ઉદ્યોગોનું પ્રમાણ ઘણું મોટું છે. એસ.એસ.આઈ. યુનિટના સરવે મુજબ ગુજરાતમાં ૨,૪૨,૮૭૭ યુનિટમાંથી ૧,૬૯,૦૨૦ યુનિટ ચાલુ હતા, એટલે કે ૨૩ ટકા જેટલા યુનિટો બંધ હતા. મધ્યમ અને મોટા ઉદ્યોગમાં ૨,૦૫૯માંથી ૧,૫૭૦ ઉદ્યાગો ચાલુ હતા અને ૪૯૦ જેટલા ઉદ્યોગો બંધ હતા તેની ટકાવારી પણ ૨૪ ટકા જેટલી થાય છે. આ સરકાર ઔદ્યોગિક શાંતિના નામે જે લોકો મજૂર પ્રવૃત્તિ કરે છે તેને પાસામાં કેટલાયને પકડ્યા છે. શું કરવા પકડ્યા છે તેના વિવાદમાં આપણે નથી પડવું. મજૂર પ્રવૃત્તિમાં કોઈ પણ માણસ મિલિટન્સી દાખવે તેને પાસામાં મોકલી શકાય તો કાયદા-કાનૂનો તોડીને ફૅકટરીઓ બંધ કરનારની સામે આંખ ઉંચી ન કરી શકાય? તેને સરકાર લાલ આંખ નથી કરી શકતી. કારણ કે આ સરકારને જે ચાલકબળ પૂરું પાડે છે એ આ ઉદ્યોગગૃહો છે અને તેના કારણે ઉદ્યોગગૃહો કહે તે પ્રમાણેની નીતિઓ બને છે. તેના કારણે ઉદ્યોગોમાં જે નવા લોકોને રોજગારી મળવી જોઈએ તેના બદલે દર વર્ષે રોજગારી ઝૂંટવાતી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર છે એ એમ.ઓ.યુ. કરે, એમ.ઓ.યુ. કર્યા પછી કારખાનાઓ આવે. કારખાનાઓ આવે અને કારખાનાઓ ચલાવીને નફો કરે તેનો કોઈ વાંધો નથી પણ આ ઔદ્યોગિક ગૃહો છે, જમીનો સરકાર પાસેથી સસ્તા ભાવેથી લઈ લેવાની. મફતના ભાવે પડાવી લેવાની. તેના પછી આ જમીનો વેચીને અબજો રૂપિયાનો નફો કરવાનો. મુંદ્રામાં એક ઉદ્યોગ ગૃહને ૩૧૫ લાખ ચોરસ મીટર જમીન રૂા. ૧૦ના ભાવે અપાઈ. આ જમીન છે તેની કિંમત ૩૦૦૦ કરોડ રૂપિયા થાય એ ૩૩ કરોડમાં અપાઈ ગઈ અને હવે એ ઉદ્યોગગૃહ ૧૦ રૂપિયામાં લીધેલી જમીન ૪૦૦૦-૫૦૦૦ રૂપિયે મીટર, ૧૦,૦૦૦ રૂપિયે મીટર સરકારી કૉર્પોરેશનને આપે છે. આ ૩૦૦૦ કરોડ રૂપિયાની જમીન. રાહત આપી હોત તો વાંધો નહોતો. પણ ૩૩ કરોડ

રૂપિયામાં આપી અને એમાં નફો કરવામાં આવતો હોય અને એમાં રાજય સરકારની ભાગીદારી, એમાં ગુજરાત સરકારની ભાગીદારી, આ પ્રકારની માનસિકતા છે એ કોઈપણ સંજોગોમાં ચાલી શકે નહીં. આ આદ્યોગિક ગૃહો છે એ ઉદ્યોગ ચલાવીને નફો કરે એમાં આપણે બધા જ ખુશ છીએ, નફો કમાવવા જ ઉદ્યોગગૃહો આવતા હોય છે. પણ આ પ્રકારની માનસિકતા આદ્યોગિકગૃહોની સાથે મળીને આ પ્રકારનો ભ્રષ્ટાચાર છે એ કયારેય ચલાવી શકાય નહીં (અંતરાય) આ ઉદ્યોગોને જમીન આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સુરતની અંદર, સચીનની અંદર ડાયમન્ડ એન્ડ જેમ્સ ડૅવલપમેન્ટ કૉર્પોરેશન, આ કૉર્પોરેશનની રચના એટલા માટે થઈ કે, નૉન પ્રોફિટેબલ ઓર્ગેનાઈઝેશન તરીકે સેકસન ૨૫ હેઠળ એની નોંધણી થઈ અને એ નોંધણી થયા પછી સરકારે એને જમીન આપી. આ જમીન એમને રૂ.૧૬/-ના ભાવે ૨૭૦ એકર અપાઈ અને પછી ઓચિંતું જ આ ઓર્ગેનાઈઝેશન હતું એણે સેકસન ૨૫ની જગ્યાએ ૨૩ તરીકે પ્રોફિટેબલ ઓર્ગેનાઈઝેશન તરીકે નોંધણી થયું. એના પછી ૧૬ રૂપિયાની જમીન ૨૦૦૦ રૂપિયાના વારે વેચાય છે. આ જમીનની કિંમત ૧૦૦૦ કરોડ રૂપિયા થાય છે. શું કરવા આવા યુનિટોને જમીન અપાય છે? એટલા માટે કે આ ઔદ્યોગિક ગૃહો છે એ આ સરકારને ચલાવો છે. અહીંયાં ઔદ્યોગિકગૃહો છે એને મંજૂરીઓ અપાય છે એ વખતે એમ.ઓ.યુ. કરાવવામાં આવે છે અને એને સસ્તા ભાવે જમીનો આપી દેવાય છે. એને ઔદ્યોગિકગૃહો ચલાવવામાં નફો નથી થતો એટલો નફો આ પ્રકારના એમ.ઓ.યુ. કરીને એમાં થતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ગઈ વખતે વાતો થતી હતી કે કચ્છની અંદર આપણે બોકસાઈટનો રિઝર્વ ખૂબ મોટો છે અને એ એલ્યુમીના પ્લાન્ટ માટે આપણે રિઝર્વ રાખેલો છે. આ બોકસાઈટ રિઝર્વ છે એના માટેની આખી નીતિ બનાવવામાં આવી અને નીતિમાં એવું નક્કી થયું કે ગ્લોબલ બીડ મંગાવી અને આ બોકસાઈટમાંથી એલ્યુમીના બનાવશે.પ્લાન્ટ નાખવા માટે જુદી જુદી એજન્સીઓ પાસેથી આપણે બીડ મંગાવવા માટે ઉદ્યોગ વિભાગે આ દરખાસ્ત મૂકી અને એના આધારે ઉદ્યોગ વિભાગે એક્સપ્રેશન ઑફ ઈન્ટરેસ્ટ જે લોકો વેબસાઈટ જોઈને આવ્યા. એને આધારે એજન્સી અથવા તો ઉદ્યોગગૃહો નક્કી કરવાનું કામ એમને સોંપ્યું. ઉદ્યોગ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરીએ તો એમ કહ્યું હતું કે, ગ્લોબલ બીડ મંગાવવા જોઈએ. છતાં રીસ્ટ્રીકટડ બીડ મંગાવ્યા અને આ રીસ્ટ્રીકટડ બીડ મંગાવ્યા પછી માત્ર એક જ કંપનીને ધ્યાનમાં રાખીને આખી પ્રોસેસ કરવાની સૂચના અપાઈ. મારે તો ધન્યવાદ આપવા છે કે, જે ઉદ્યોગ વિભાગના અધિકારીઓને અને ઉદ્યોગ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીને અને બીજા ૪ અધિકારીઓની જે કમિટી નિમાઈ હતી. એને ૬-૧-૦૫ના રોજ નિર્ણય કર્યો કે, ૨ કંપનીઓ આવી છે, આશાપુરા માઈન્સ કેમ અને માન ગ્રૂપ સાથે જોઈન્ટ વેન્ચરમાં રહેલી એલ્યુકેમ નામની અમેરીકન કંપની. આ સમિતિએ એવી ભલામણ કરી કે એલ્યુકેમ કંપની છે એ એલ્યુમીનીયાની સાથે આખા એશિયામાં જે કેમીકલ નથી બનતા એવા એલ્યુમીનીયા કૅમિકલ્સ બનાવવાની છે અને એટલા માટે આપણો આ જે પ્રોજૅકટ છે ૨૫૦૦ કરોડ રૂપિયાનો કચ્છનો બોકસાઈટ આધારીત એ આપણે એલ્યુકેન કંપનીને આપવો, એનાથી સંતોષ ન થયો રાજય સરકારને એટલે બીજી ૫ સિનિયર અધિકારીઓની સમિતિ બનાવી અને એમાં એલ્યુમીનીયાનો એકસપર્ટ છે એને હાજર રાખવાની સૂચના આપી અને એને માટે જે નાગપુરના જવાહરલાલ નહેરુ એલ્યુમિનિયમ રીસર્ચ એન્ડ ડિઝાઇન એન્ડ સૅન્ટર છે એના ટૅક્નીકલ એકસપર્ટને બોલાવવામાં આવ્યા, એમની સાથે મીટિંગ થઈ અને ફરી પાછી એ કંપનીએ એમ કીધું કે એલ્યુકેન કંપની છે એ વેલ્યુએડેડ પ્રોડકટ બનાવવાની છે અને વેલ્યુએડેડ પ્રોડકટની સાથે આ કંપની છે એ જે આશાપુરા માઈન કેમની સામે ૧૮૮ રૂપિયા પર ટન રોયલ્ટી આપવાની હતી એની જગ્યાએ આ એલ્યુકેન કંપની છે એ ૩૫૦ રૂપિયા પર ટન રોયલ્ટી આપવાની છે એટલા માટે આપણે આ કંપનીને પ્રોજૅકટ આપવો જોઈએ. આ ૨ કમિટીનો અહેવાલ હોવા છતાં તારીખ: ૧૪-૩-૦૫ અને તા:૩૦-૩-૦૫ આ બે જે નોંધમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સહી કરી અને આદેશ આપ્યો કે આશાપુરા માઈન કેમ છે જે એને આ પ્રોજૅકટ આપી દેવામાં આવે. આ ૨૫૦૦ કરોડ રૂપિયાનો પ્રોજૅકટ જેની અંદરથી આખા દેશની અંદર પહેલો વહેલો એલ્યુમીનીયા પ્લાન્ટ બનવાનો હતો, એની અંદર જેને એલ્યુમીનીયા બનાવવાનો કોઈ અનુભવ નહોતો, કયા કારણોસર કયા કન્સીડરેશનથી એમને આપવામાં આવ્યો, મારો આક્ષેપ છે કે આ નિર્ણયની અંદર જે કારણો હતા ટૅક્નીકલ જે બાબતો હતી, નાણાકીય એને અવગણીને, એની કેપેસીટીને અવગણીને માત્રને માત્ર આશાપુરા માઈન કેમને ફેવર કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની નોંધથી જે સહી ગઈ એની અંદર આદેશ કરવામાં આવ્યો. આ નિર્ણયથી કેટલું બધું નુકસાન થયું હશે એની કલ્પના આપણે કરી શકીએ. એના કરતા ૨૦૦૩ની અંદર જે નિર્ણય કરવાનો હતો ૨૦૦૫-૦૬ આજ દિન સુધી આ પ્લાન્ટનું કામ શરૂ થઈ શક્યું નથી. આજ પ્રકારે અઠવા ફાર્મની જમીન છે મારા સભ્યો પ્રશ્ન પૂછે છે ગરીબ લોકો માટે કે શહેરોની અંદર ઝુંપડપટ્ટી નાબૂદ કરવી હોય તો ૫-૧૦ હેકટર જમીન હોય તો પૂરતી થઈ પડે પણ અઠવા ફાર્મ જેવી અગત્યની જમીન પણ માત્ર અને માત્ર એક એન.આર.આઈ. સાથે હોટેલ બનાવવા માટે M.o.U. કરવામાં આવ્યું અને આજે એવી ગોઠવણ થઈ રહી છે કે આ જમીન ભલે ટેન્ડરો બહાર પાડયા હોય પણ પાડીને પણ ફરી પાછી એ જ પાર્ટીને આપવાની કાર્યવાહી થઈ રહી છે. આ પ્રકારે ગુજરાતની અંદર જો વહીવટ કરીશું તો દેશની અંદર જે ગુજરાત પાસે અપેક્ષા રાખવામાં આવે છે વધારેમાં વધારે સારો વહીવટ થાય, વધારેમાં વધારે લોકો આવે અહીં, અને પછી આ પ્રકારની અપેક્ષા રખાય તો કોઈ દિવસ ગુજરાતની અંદર

ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેંટ પણ આવવાનું નથી, કોઈ દિવસ ગુજરાત બહારના ઉદ્યોગપતિ પણ આવવાના નથી અને ગુજરાતની અંદર જે પોટેન્શીયલ છે એ પોટેન્શીયલને બહુ મોટો ધક્કો પહોંચવાનો છે. ટુરીઝમની અંદર પણ વાત થઈ, મેં કહ્યું એમ ગુજરાતની અંદર આટલો મોટો દરિયાકિનારો છે ૧૬૦૦ કિલોમીટર જેટલો દરિયાકિનારો છે અને એ દરિયા કિનારાની અંદર આજે ખૂબ મોટો પોટેન્શિયલ છે પણ એ પોટેન્શીયોલનો પણ ઉપયોગ થતો નથી. મોટી હોટલો બંધાવવી હોય તો ત્યાં બંધાવવાનું કહેવું જોઈએ. રીસોર્ટ બાંધવાનું કહેવું હોય તો ત્યાં કરવાનું કહેવું જોઈએ એટલા માટે કે આ આવતા દિવસોના આપણા ગ્રોથ સેન્ટરો બનવાના છે. જ્યાં ચોક્કસ ઉદ્યોગ ગૃહોને ધ્યાનમાં રાખીને આ આખી નીતિ બનાવાય છે અને એમ.ઓ.યુ. થતા રહે છે. છેલ્લા વર્ષોમાં જે એમ.ઓ.યુ. થયા એમાંથી પણ કેટલાય એમ.ઓ.યુ. એવા છે કે જેનો અમલ આજ સુધી થઈ શક્યો નથી. આ એન્ટરટેઈનમેન્ટ ક્ષેત્રના એમ.ઓ.યુ. છે એ પણ આજે ૧૮૦૦૦ કરોડ જેટલાના ૩૭ પ્રોજેકટો પડતા મુકાયા છે. એ જ રીતે બીજા અનેક પ્રોજેકટો છે એમાં એમ.ઓ.યુ. થઈ જાય, આપણી બતાવીએ કે આટલા એમ.ઓ.યુ. થયા પરંતુ વાસ્તવમાં ગુજરાતમાં મૂડી રોકાણ ઘટ્યું છે. એના કારણે આપણો વિકાસ દર ઘટ્યો છે. વિકાસની ઝડપ ઘટી છે અને આપણા યુવાનો જે રોજગારીની રાહ જોઈને બેઠા છે એ રોજગારી ઘટી છે. પ્રવાસનની અંદર પણ દર વર્ષે છેલ્લા પાંચ વર્ષમાં ઘટી ઘટીને ૮૦ લાખ પ્રવાસીઓ જે આવતા હતા એની જગ્યાએ ૭૫ લાખ પ્રવાસીઓ થઈ ગયા છે. જે વિદેશના ટૂરિસ્ટો આવતા હતા એમાં પાંચ વર્ષ પહેલાં ૩૧૦૦૦ હતા એ આજે ૨૫૦૦૦ થઈ ગયા છે. આની અંદર પણ ખરા ટૂરિસ્ટો નહિ. આપણે તો એ દેશભક્ત એન.આર.આઈ.નો આભાર માનવો જોઈએ પોતાના સામાજિક પ્રસંગોમાં પોતાના ભાઈ-ભાંડૂઓને મળવાની લાગણીથી પોતાની હાર્ડકોર કમાણીને ખર્ચવા ગુજરાતમાં આવે છે. એના કારણે ટૂરિસ્ટોની સંખ્યા વધારે દેખાય છે. ટૂરિઝમમાં ઈન્ફ્રાસ્ટ્રકચર સારું બનાવવું જોઈએ. એના માટેની કોશિશ થવી જોઈએ. ઈન્ફ્રાસ્ટ્રકચરના બદલે માત્ર ને માત્ર ઉત્સવોમાં ધ્યાન અપાય છે અને ઉત્સવોથી ક્યારેય આ પ્રકારે ટૂરિસ્ટનું કાયમી પોટેન્શિયલ, સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ થઈ શકવાનું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત એ આ દેશની ત્રીજી બંધારણીય સત્તા છે. જ્યારે બંધારણીય સુધારા રાજીવ ગાંધીએ કર્યા ત્યારે એવી અપેક્ષા રખાઈ હતી કે આ પંચાયતો આર્થિક અને કાનૂનથી સક્ષમ બને. આજે સરકારે એને રાજ્યની દાસી બનાવી છે. રાજ્ય જ્યારે નક્કી કરે ત્યારે પંચાયતને સુપરસીડ કરે, રાજ્ય નક્કી કરે એટલા વિષય અપાય, રાજ્ય નક્કી કરે એટલી જ ગ્રાન્ટો એમને ફાળવાય. એનાથી જે લોકશાહી અને એમ્પાવરમેન્ટ, સશકિતકરણ છે એ ગ્રાસ રૂટ લેવલે થઈ શકવાનું નથી. રાજ્યે બંધારણમાં જે ભાવના વ્યક્ત કરી છે એ પ્રમાણે પંચાયતોને પૂરી સત્તા આપવી જોઈએ. એના હાર્દમાં એને જેટલા નિર્ણયો કરવાની સત્તા આપી છે એમાં ભૂલ કરે અને સજા થાય એ સ્વીકાર્ય. પણ એને નિર્ણય કરવાનો છે એ રાજ્ય સરકાર કરતી રહેશે તો એમ્પાવરમેન્ટ નહિ આવી શકે. આ જે ત્રણ પ્રકારની ડિમાન્ડ લઈને સરકાર આવી છે એની સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને પ્રવાસન મંત્રીશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી જે માગણી નંબરઃ ૪૯, ૫૦, ૫૧, ૬૯ અને ૭૧ લઈને આવ્યા છે, એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને પંચાયત વિભાગ ઉપર હું પ્રકાશ પાડવા માગું છું. વિરોધ પક્ષના માનનીય નેતાશ્રીએ છેલ્લે એક વાત કરી. અગાઉના વકતવ્યમાં ઉદ્યોગ વિશે વાત કરી એનો જવાબ બીજા મિત્રો આપશે પણ પંચાયતી રાજ વિશે એમણે ઉલ્લેખ કર્યો એનો હું પહેલા જવાબ આપી દઉં તો યોગ્ય ગણાશે. એમણે વાત કરી કે આજે ગુજરાતમાં પંચાયતી રાજની દશા દાસી જેવી છે.રાજ્ય સરકારે એનું અવમૂલ્યન કરી નાખ્યું છે એમ આડકતરી રીતે કહેવા માગે છે. એમણે કારણ શું આપ્યું? સત્તા, અધિકારો પંચાયતો પાસેથી લઈ લેવામાં આવ્યા છે અને ગ્રાન્ટ ઓછી આપવામાં આવે છે આવો મોઘમ આક્ષેપ કરીને એમણે પંચાયતરાજ વિષે ટીકા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના થકી માનનીય સભાગૃહને જણાવવું છે કે પંચાયતીરાજની સ્થાપના જ્યારથી થઈ, ૧/૪/૧૯૬૩થી પંચાયતીરાજ અમલમાં આવ્યું ત્યારથી પંચાયત એકટમાં જે પ્રાવધાન કરવામાં આવ્યું. રાજ્ય સરકારની જે જુદીજુદી યોજનાઓ હતી એ ૧૨-૧૩ યોજનાઓની કામગીરી પંચાયતોને સુપ્રત કરવામાં આવી એ પંચાયત અધિનિયમન સેકસન ૧૫૭, ૧૫૮ હેઠળ સુપ્રત કરવામાં આવી. હું સાહેબ મોઢવાડિયા સાહેબને ચેલેંજ આપું છું કે મૂળભૂત જ્યારે પંચાયત એકટ બન્યો એ પછી ૫૭, ૫૮ હેઠળના જે અધિકારો પંચાયતને સુપ્રત થયેલ છે એમાં એવી કોઈ આઈટમ નથી કે જે રાજ્ય સરકારે પરત ખેંચી હોય, (અંતરાય) બનતા કયાંક કોઈ આઈટમ, સી.જે.ચાવડા આપને વાત કરું કે કયાંક ભ્રષ્ટાચારની ફરિયાદ ઊઠી હોય તો અધિકારો પંચાયત પાસેથી પાછા ખેંચે છે. પરંતુ એનો મતલબ એવો થતો નથી કે પંચાયતના અધિકારો છીનવી લેવામાં આવ્યા છે. જ્યાં રાજ્ય સરકારને એમ લાગે કે ફરિયાદ મળે. મને ખબર છે કે તમે કયા સંદર્ભમાં કહેવા માગો છો, પણ તેનો મારો જવાબ આ છે કે જ્યાં વ્યાપક પ્રમાણમાં જેના વિષે ફરિયાદ ઊઠી હતી એ કોઈ એકાદ આઈટમમાં એમના અધિકારો એ બીજાને સુપ્રત કર્યા હોય એનો અર્થ એવો નથી. હું મૂળભૂત રીતે સેકસન ૧૫૭, ૧૫૮ હેઠળના કયા અધિકારો હેઠળ શું પંચાયતની કોઈ એગ્રીકલ્ચરની કામગીરી,

પશુની કામગીરી કે મહેસૂલખાતાની કોઈ કામગીરી પરત ખેંચી હોય એવી એક પણ આઈટમ નહિ બતાવી શકો? જે રાજ્ય સરકારે પરત કરી હોય. કારણ રાજ્ય સરકારનો જે મૂળભૂત હેતુ છે એ ગામડાનો વિકાસ કરવાનો છે. વિકાસની સાથેસાથે આજે પંચાયતીરાજ સંસ્થા છે તેને સૃદૃઢ કેવી રીતે બનાવી શકાય? આપ જાણો છો તેમ આ થ્રીટાયર સિસ્ટમ એ આખા હિન્દુસ્તાનમાં ગુજરાતમાં સારી રીતે તેનો વહીવટ ચાલે છે. થ્રીટાયર સિસ્ટમ ઓફ પંચાયતીરાજ એ આખા હિન્દુસ્તાનમાં આપ જાણો છો તેમ ભૂતકાળમાં તો બીજા રાજ્યમાં તો ૧૦-૧૦ વર્ષથી પંચાયતની ચૂંટણી સુધા નથી થતી, કેન્દ્ર સરકારે પછી બંધારણીય સુધારો લાવીને ફરજિયાત પાંચ વર્ષે ચૂંટણી કરવાનું આયોજન કર્યુ. ગુજરાતમાં તો પ્રથમથી આનો અમલ થઈ ગયો છે, આટલો સારો અને એના કારણે ગુજરાતની એક આખી ખુમારી છે, ગુજરાતનો જે સંસ્કૃત્તિનો વારસો છે, ગાંધીજી અને સરદારના મૂલ્યો છે એ આધારિત પંચાયતીરાજની સ્થાપના થયેલ છે. એટલા માટે ગુજરાતમાં જે પંચાયતીરાજ ચાલે છે એ લોકશાહીની, ડેમોક્સીની પ્રયોગશાળા છે અને એ પ્રયોગશાળાના કારણે શરૂઆતમાં ક્યાંય કોઈ ભૂલ થતી હોય છે. આપણે લોકશાહીમાં સંસદમાં હોઈએ કે વિધાનસભામાં હોઈએ કે જિલ્લા-તાલુકા પંચાયતમાં હોઈએ એ પ્રાથમિક જ્યારે જેને લોકશાહીની તાલીમ કહેવાય એ જિલ્લા-તાલુકા પંચાયતમાં ચૂંટાયેલા સદસ્યોથી મળે છે અને એટલા માટે આપણું પંચાયતીરાજ સતત વરસો વરસ સુદૃઢ બનતું જાય છે. લોકનેતાઓ એના માટે નૈતિક રીતે, બંધારણીય રીતે, કાનૂની રીતે એ જાણકારી મેળવીને એ લોકશાહીનો પાયો મજબૂત કરવા પ્રયાસ કરી રહ્યાં છે, એની સાથે સાથે ગુજરાત સરકારે એમાં જે કાર્યવાહી હાથ ધરી છે એક પછી એક યોજનાઓ મૂકીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમના બજેટ પ્રવચનમાં કહેલું કે ગામડાનો સર્વાંગી વિકાસ થાય એ આ રાજ્ય સરકારનું મુખ્ય ધ્યેય છે એ આ રાજ્ય સરકારનું લક્ષ છે અને એના માટે એમણે અનેકવિધ ચારેબાજુથી બહુમુખી જેને કહેવાય એવો એક અભિગમ અપનાવી, અભિગમ કેવો? એવી એવી યોજના અમલમાં મૂકી પંચાયતીરાજને સૃદઢ બનાવવા ગામડા આબાદ, સુખી અને સમૃદ્ધ બને એ દિશામાં રાજ્ય સરકારે પ્રયત્ન કર્યા છે. પહેલા સાહેબ ગોકૂળિયુંગામ દ્વારા ગામડાને આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડીને અને જ્યોતિગ્રામ દ્વારા ગામડામાં રહેતા લોકોનું જીવન,એ જીવનધોરણ ઉદ્યમી થાય એ માટે જયોતિ-ગ્રામ યોજના આપી, ઈ-ગ્રામ દ્વારા ગામડાઓમાં પણ આધુનિકતા, એકવીસમી સદીનો સંદેશો ગામડાઓમાં પહોંચશે એ ઈ-ગ્રામ દ્વારા કાર્યવાહી કરી. "વિશ્વ-ગ્રામ", તો વિશ્વની સાથે અનુસંધાન સધાય, કનેકટીવીટી થાય એ માટે વિશ્વ-ગ્રામની યોજના આપી,

સમરસ-ગ્રામ દ્વારા ગામડાઓમાં સંવાદિતતા રહે એ માટે એક સંદેશો આપ્યો અને સમરસ ગામ, મને ખબર છે કે, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ ગુજરાતમાં જયારે પ્રથમ આવ્યા ત્યારે શરૂઆતમાં એમણે આ યોજના અમલમાં મૂકી હતી, માનનીય શ્રી મોઢવાડીઆ એ વખતે વિપક્ષના નેતા નહતા, એ વખતે વિપક્ષના નેતા શ્રી અમરસિંહભાઈ ચૌધરી હતા. મને ચોકકસ ખબર છે કે સમરસ યોજનાનો વિરોધ કર્યો. આ એક સારી યોજના અને ગામમાં વિખવાદ ન થાય, બધા ગામનો વિકાસ સાથે મળીને કરે, બિન ચુંટણીએ સમરસ ગામ પંચાયત થાય તો વહીવટ સારો ચાલે, આ સીધી સાદી વાત અને તેમ છતાં એ વખતે કોંગ્રેસના કાર્યકર્તાઓ ગામડે ગામડે જઈને આ સમરસ પંચાયત ન થવી જોઈએ એવો પ્રયત્ન કરતા હતા. આ જે સમરસ પંચાયત એ ગામડાના વાતાવરણમાં સંવાદિતા રહે, ગામડાનો વિકાસ થાય, બધા ભેગા મળીને ગામના પ્રશ્નોની ચર્ચા કરે એ શરૂઆતની હું આ વાત કરું છું શ્રી નરેન્દ્રભાઈ જયારે આવ્યા ત્યારે એમણે આ યોજના મૂકી અને એના પરિણામો હું કહીશ આગળ પણ આ સમરસ દ્વારા ગામડામાં સંવાદિતતા થાય અને તિર્થ-ગ્રામ દ્વારા એક જન, એક મન એની લોકોને અનુભૂતિ થાય આવી યોજનાઓ મૂકીને પંચાયત રાજયને એક સુદૃઢ બનાવવાનો રાજય સરકારે પ્રયત્ન કર્યો છે અને સાથે સાથે જે કામગીરી થઈ પંચાયતમાં જે જુદી જુદી યોજનાઓ હેઠળ જે કામગીરીઓ થઈ તો એમાં ઈ-ગ્રામ, તો ઈ-ગ્રામ બનાવવા માટે ખાસ કરીને પછાત અને આદિવાસી વિસ્તારોને જે પ્રાધાન્ય અપાયું છે અને ભવિષ્યમાં ઈ-ગ્રામ, ઈ-સર્વિસ કેન્દ્ર બને ગામડાનું, એજ રીતે આ રાજય સરકારની જે નેમ છે અને એ દિશામાં કામ કરી રહી છે. ઈ-ગ્રામ માટે આ વર્ષે નવા વર્ષમાં ૩૦ કરોડ રૂપિયાની જોગવાઈ રાજય સરકારે કરી છે પણ પંચાયત રાજયની જે સિદ્ધિઓ છે એ સિદ્ધિઓ એટલી બધી મોટી સિદ્ધિઓ છે, મેં અગાઉ જેમ સમરસ પંચાયતની વાત કરી, તિર્થ-ગ્રામ સાહેબ ઘણાને એમ લાગતું હશે કે તિર્થ-ગ્રામ એટલે આ રાજય સરકારને વિપક્ષના નેતાઓ ઘણી વખત કહે છે કે, મોટા મોટા નામો આપીને આ રાજય સરકાર ખાલી લોકોને ભરમાવી રહી છે. તિર્થ-ગ્રામ પાછળનો જે ઉદ્દેશ છે એની પાછળ જે ભાવના છે એ આ તિર્થ-ગ્રામના જે સિદ્ધાંતો નકકી કર્યા છે, તિર્થ-ગ્રામ જાહેર કરવા પાછળના જે ક્રાઈટેરિયા કહેવાય એ આપ જોશો તો ખબર પડશે, ચાલુ વર્ષે આ યોજના અમલમાં મૂકી, એમાં ગામમાં એકતા વધે, કોમી એખલાસ જળવાઈ રહે, ગામડામાં ઝઘડા ન થાય, ગામડાઓનો સર્વાંગી વિકાસ થાય એ આ યોજનાનો હેતુ છે. સાથે સાથે ગામમાં પણ દીવાની કે ફોજદારી ગુનાઓ પણ ન નોંધાય, સાહેબ કેટલી ઉચ્ચ ભાવના, જે પંચાયતોના સંપેલા ગામો હોય છે કેટલાક ગામોની હું આગળ વાત કરીશ. ગામડાઓમાં આવા કોઈ ઝઘડા ન થાય, ફોજદારી કેસો કે દીવાની કેસો ન બને, ગામના પ્રશ્નો ગામના જ આગેવાનો ઉકલે એવી એમની આ ભાવના રહી છે. ગામમાં નારકોટિકસ, દારૂનું ઉત્પાદન કે વેચાણ ન થાય એવું હોવું જોઈએ, ગામમાં રસ્તા હોવા જોઈએ, પાદરમાં ઉકરડા ન હોવા જોઈએ, પ્રાથમિક શાળામાં બાળકોનું નામાંકરણ સો ટકા થવું જોઈએ અને ગ્રામ પંચાયત સમરસ થયેલી હોવી જોઈએ,

બીજા બધા ઘણા છે પણ આ અગત્યના છે. ગામ ડીકલેર થાય એને પ્રશંસનીય ઈનામ આપવાની જે વાત છે એ આટલા મુદ્દા હોય ત્યારે તિર્થ-ગ્રામ જાહેર થાય છે અને એના કારણે આની પાછળ જે પસંદ થયેલા ગામને એક લાખ રૂપિયાનું ઈનામ-અનુદાન જે ગામનો વિકાસ કરવા આપવામાં આવે છે, જો બધા ભેગા થઈને ગામનો વિકાસ કરે તો ગામ કેટલું સરસ સાચા અર્થમાં તિર્થ-ગ્રામ બની શકે? આવી ભાવના ભૂતકાળમાં સરકારોએ કોઈએ વ્યકત કરી નથી કે કોઈના મગજમાં આ વિચાર જ નથી આવ્યો કે આ શકય બને? ગુજરાત સરકારે ૧૨૬ ગામોને તિર્થ-ગ્રામ તરીકે ૨૦-૧-૦૫ સુધીમાં જાહેર કર્યા છે. બીજી યોજના, પંચવટી યોજના ચાલુ વર્ષથી અમલમાં આવેલ છે.(અંતરાય) આ યોજનાનો અમલ કરાવજો પ્રવિણભાઈ, તમારા ગામના લોકો વર્ષો સુધી યાદ કરશે તમને. ગામડાંમાં કાંઈ હરવાફરવા કે આનંદ પ્રમોદનું સાધન હોતું નથી. (અંતરાય) આ વાંચ્યું છે પ્રવિણભાઈ?

**અધ્યક્ષશ્રી** : તમે ભાષણ કરવાનું ભુલી ન જાવ.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા** : નહીં ભુલી જઉં. પર્યાવરણ ઉપયોગી પ્રવૃત્તિની સાથેસાથે ગ્રામ્ય વિસ્તારમાં બાળકો, સ્ત્રી હરવાફરવા માટે સુવિધાયુકત બાગ બગીચો મળી રહે એવી નવી યોજના છે. ઘણી ટીકા કરી છે સરકારની અને ખાસ કરીને નરેન્દ્રભાઈની. સાચી વાત છે એમના મગજમાં નવા નવા વિચારો આવે છે, નવી નવી યોજનાઓ આવે છે. નવા નવા આઈડિયા આવે છે. ભૂતકાળમાં ચિઠ્ઠીઓના આધારે વર્ષોથી પ્રણાલિકા ચાલતી હતી એ મુજબ વહીવટ કરતા હતા. આ સરકાર આવ્યા પછી નરેન્દ્રભાઈએ એવી યોજના કરી કે જેના દૂરગામી પરિણામ પ્રજાને અને તેના વિસ્તારને મળવાના છે. કુલ અત્યાર સુધી ૩૬૫ પંચવટી યોજનાની દરખાસ્ત રાજય સરકાર પાસે આવી છે. ૭૯ ગામને આવરી લેવાયા છે. ૫૧ ગામમાં આ યોજનાની કામગીરી પ્રગતિમાં છે.

ઈ ગ્રામ યોજનાની વાત કરતા હતા. ઈગ્રામ એવો આદર્શ છે, એવું મહત્વનું પગલું રાજય સરકારે ભર્યુ છે કે ઈગ્રામ પ્રોજૅકટ હેઠળ સો ટકા લોકફાળો અથવા અન્ય સંસ્થાકીય મદદથી થયેલ છે. ઈ ગ્રામ એટલે direct self sustenance નો પ્રોજૅકટ છે. જે લોકોને સામેલ કરવાની વાત છે એ આવે છે. જેની આવકની ૫૦ ટકા રકમ ગ્રામ પંચાયત ખાતે અને ૫૦ ટકા રકમ જિલ્લા મથક ખાતે I.T. ફંડ રાખવામાં આવે છે એમાં ગ્રામપંચાયતની સગવડ માટે ગ્રામ પંચાયત હસ્તક અને જુદાજુદા રજિસ્ટર છે એ કોમ્પ્યુટર ઉપર નિભાવવામાં આવે છે. આ નવો કોન્સેપ્ટ તલાટી કે ગ્રામ સેવક મારફત કામ થતું હતું આમ આ બધા કોમ્પ્યુટર ડેટા એમાં ઉપલબ્ધ રહેશે એમાં વેરાની આકારણી, વેરાની વસુલાત, બી.પી.એલ.કાર્ડ ધારકોના કુટુંબની વિગતની સાથેસાથે પ્રમાણપત્ર, જન્મતારીખ, મૃત્યુનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, સાત/બારનો અને ૮-અનો ઉતારા સાથે ગ્રામ પંચાયતનો આખો ડેટા તૈયાર થાય છે. અત્યાર સુધીનો માર્ચ-૨૦૦૫ સુધીનો લક્ષ્યાંક ૫૩૦૦ ગ્રામ પંચાયતોને ઈગ્રામ બનાવવાનો હતો. ૧૩૦૦ ગ્રામ પંચાયતોને લોકફાળાથી કોમ્પ્યુટર હાર્ડવેર પંચાયતોને આપે છે. ૭૪૦ ગ્રામ પંચાયત ઈગ્રામ અમલીકરણ બની છે. દરેક તાલુકામાં તાલુકા પંચાયત કચેરીમાં તાલુકા પંચાયત તાલીમ કેન્દ્ર પણ direct reception system ટી.વી. સેટ સાથે જોડવામાં આવનાર છે. Direct Reception System install કરી તેના વડે તાલીમ આપવામાં આવશે અને રાજય સરકારની સૂચના અને માર્ગદર્શક સીધુ તાલુકા કક્ષાએ આપી શકાશે. આ જાતનું આયોજન રાજય સરકારે કર્યું છે. પંચાયતી રાજના હિસાબનું કોમ્પ્યુટર વડે મેળવણું કરવામાં આવશે અને ગ્રામ પંચાયત કક્ષાએ પણ જમીન અંગેની માહિતીનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવશે. તાલુકા પંચાયતના હિસાબો ડેટાબેંકની જાળવણી કરવામાં આવશે. પંચાયતી રાજમાં જીસ્વાન કનેકટીવીટી ૨૫ જિલ્લા પંચાયતને જીસ્વાન કનેકટીવીટી તથા ૧૯૦ તાલુકા વિકાસ અધિકારીની કચેરી સાથે પણ જીસ્વાન કનેકટીવીટીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ નાનીસૂની સિદ્ધિ નથી. આવી કામગીરી કરીને પંચાયતનો વહીવટ કાર્યદક્ષ કેમ બનાવવો એ જાતના પગલાં રાજય સરકારે લીધાં છે.

ગ્રામસભા, ભૂતકાળમાં ગ્રામસભા થતી હતી. કેવી રીતે થતી હતી એ આપણે સૌ જાણીએ છીએ. માત્ર તલાટી પાછળથી કાગળ ઉપર સહી લઈ લે નિયમ મુજબ કોરમ કરવા માટે. આ સરકાર આવ્યા પછી ગ્રામસભાનું મહત્વ શું છે એ સમજાવ્યું. ગ્રામસભામાં સરકારની વિવિધ યોજનાઓની જાણકારી મળે. પહેલા તો ગામની કોઈ વ્યકિત તલાટી પાસે જાય તો એને ખબર પણ ન હોય અને સમય પણ ન હતો. આ ગ્રામસભામાં વિવિધ યોજનાની માહિતીની જાણકારી આપવામાં આવે છે. વિવિધ યોજનાની માહિતીની સાથે સાથે ગામમાં કયા કયા માણસોને જુદી જુદી યોજનાનો લાભ આપવો. બી.પી.એલ. યાદીમાં કોનો સમાવેશ કરવો? બીજી યોજનાઓમાં કોનો સમાવેશ કરવો? આ બધી બાબતોની જાહેરમાં ચર્ચા થાય. મારું, તારું નહિ પણ સમાજના નબળામાં નબળા વર્ગના માણસને, ગરીબમાં ગરીબ કુટુંબને, છેવાડાના માનવીને આ યોજનાનો લાભ કેવી રીતે આપી શકાય આની જાહેરમાં ગ્રામસભામાં ચર્ચા થઈને નક્કી થાય છે. આ ગામમાં આને લાભ આપવો. અત્યાર સુધીમાં આ ઝુંબેશ ચાલી એમાં અત્યાર સુધીમાં ૧૦ તબક્કા પૂર્ણ થયા છે, એમાં ૧,૭૧,૩૧૦ ગ્રામ સભા થઈ અને એમાં કુલ ૧,૨૯,૫૦૮ લોકોએ ગ્રામ સભામાં હાજરી આપી છે. કુલ ૬,૧૩,૫૮૧ પ્રશ્નો એમાં આવ્યા અને ૩,૩૩,૭૯૮ પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ કર્યો, એટલે ૫૪.૫૫ ટકા પ્રશ્નનો નિકાલ થયેલ છે. કુલ નિકાલ પ્રશ્ન થયા એમાં ૫,૭૩,૪૮૦ પ્રશ્ન એટલે કુલ ૯૪.૯૦ ટકા પ્રશ્નોનો નિકાલ થયો છે. બાકી પ્રશ્નો રહ્યા છે, એ

૬.૫૪ ટકા જેટલા રહ્યા છે, એનું પણ આયોજન આ સરકારે કર્યું છે. ગ્રામ સભામાં વિવિધ યોજનાઓનું સામાજિક અન્વેષણ થાય છે. એ યોજના વિષે ચર્ચા થાય છે. આ યોજનાનો કોને લાભ મળી શકે, એના નોર્મ્સ શું છે. ભૂતકાળમાં કોઈ ગ્રામ સભામાં આવું થતું નહોતું અને એટલા માટે સામાજિક અન્વેષણ થાય છે. આયોજન, લાભાર્થીઓની પસંદગી અને સરકારી યોજનાની વિશેષ જાણકારી અને મહત્ત્વની સિદ્ધિઓ યોજનામાં જે પ્રાપ્ત કરી હોય એની પણ જાણકારી આપવામાં આવે છે. એમ્પાવર્ડ કમિટી બનાવી છે. એમાં નિકાલ થયા વગરના પ્રશ્નો છે, એમાં ઉચ્ચ કક્ષાના વરીષ્ઠ અધિકારીની આ એમ્પાવર્ડ કમિટીમાં નિમણૂક કરવામાં આવેલી છે. વિરોધ પક્ષના સભ્યશ્રીઓ કહેતા હતા કે ગામડામાં લોકોની રજૂઆતો થાય છે, પ્રશ્નો તો એમને એમ રહે છે, પ્રશ્નોનો નિકાલ થતો નથી. આ વર્ષે ગ્રામ સભામાં રજૂ થતા પ્રશ્નોનો નિકાલ સમયસર પૂર્ણ થાય, એટલા માટે ચાલુ વર્ષમાં ૧,૨૫૦ કરોડની મંજૂરી પણ આપવામાં આવી છે. આ મહત્ત્વના પ્રશ્નો બાબતે ગામડાની અપેક્ષાઓ આ સરકારના આવ્યા પછી વધી ગઈ છે. લોકો કહે છે કે અમારે પુલ બનાવવો છે, ચેકડેમ બનાવવા છે. રાજ્ય સરકારના બજેટમાં ન હોય, પણ સ્થાનિક ગામડાની મર્યાદામાં એ માટે જોગવાઈ કરવામાં આવી છે. સમરસ ગ્રામ પંચાયતની વાત કરી. માનનીય નરેન્દ્રભાઈ મોદી આવ્યા ત્યારથી સમરસ પંચાયત નામનું નવું તત્ત્વ ગામડામાં ઉમેર્યું અને યોજના શરૂ કરી. ૫,૦૦૦ સુધીની વસ્તીવાળા ગ્રામ પંચાયતને સમરસ થાય, એને ૬૦,૦૦૦ અને ૫,૦૦૦ થી વધુ વસ્તીવાળી ગ્રામ પંચાયતને ૧ લાખનું અનુદાન આપવાની જોગવાઈ છે. સમરસ ગ્રામ પંચાયતને સમરસ એવોર્ડ આપવાનું પણ રાજ્ય સરકારે અમલી બનાવ્યું છે. અત્યાર સુધીમાં સમરસ ગ્રામ પંચાયતન બની એમાં ૩,૭૯૪ ગ્રામ પંચાયતો સમરસ બની છે, એના માટે પ્રોત્સાહક અનુદાન ૨૩૦૬.૪૦ લાખની જુદી જુદી પંચાયતો સમરસ થઈ એના માટે મંજૂર કરવામાં આવ્યા છે. સમરસ ગ્રામ પંચાયત દ્વારા જુદી જુદી યોજના હેઠળ કામો થયાં છે, આમાં બીજી વાત છે કે ગ્રામ પંચાયતના ગામના વિકાસ અર્થે સંપૂર્ણ ગ્રામ રોજગારી યોજના એનું પણ સંકલન કરીને અંદાજે ૧૯૧ કરોડ માનવદિન રોજગારી યોજના બનાવી છે. વિવિધ યોજના હેઠળ ગ્રામ આવાસ યોજના હેઠળ ૮૨,૩૮૮ નવા આવાસો, ૧૦,૮૬૮ આવાસના સુધારણા આયોજન માટે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.**

**શ્રી રણજિતસંહ ન. ચાવડા** : (ક્રમશ): માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની કામગીરીમાં પંચાયત વિભાગ એટલે રાજય સરકારના એક બાજુ બધા ખાતા અને એકબાજુ પંચાયત. આમાં ખાસ કરીને પંચાયત સેવા એ લગભગ રાજય સરકારની મોટું વહિવટી સ્ટેન્ડ ધરાવતો વિભાગ છે અને તેમાં જુદા જુદા સંવર્ગના કર્મચારીઓ વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓને ખાસ કરીને ચાલુ નોકરીએ અવસાન પામતા કર્મચારીઓના વારસદારોને રહેમરાહે નોકરી આપવાનો પ્રશ્ન અને તેમાં અવાર નવાર ગૃહના સભ્યો પોતાની લાગણી વ્યક્ત કરતા હોય છે. રાજય સરકારે અત્યાર સુધીમાં સાહેબ તા. ૨૭-૭-૨૦૦૪ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર ટાઉનહોલ ખાતે રહેમરાહે નોકરી આપવાનો સમારંભ યોજ્યો અને તેમાં ૮૩૯ ઉમેદવારોને સ્થળ ઉપર નોકરીના હુકમો આપવામાં આવ્યા અને બાકી છે તેમાં પંચાયત વિભાગ દ્વારા કાર્યવાહી ચાલુ છે.

તલાટી કમ મંત્રી ગ્રામ લેવલે ખૂબ મહત્વનો સરકારનો પ્રતિનિધિ હોય છે અને તેની જગ્યાઓ ખાલી રહેવાના કારણે સમગ્ર ગુજરાતમાંથી તેના માટે બૂમ ઊઠે છે અને તેમાં કુલ જે ટોટલ તલાટીઓનું મહેકમ આખા રાજયમાં ૨૫ જિલ્લાઓમાં છે તે ૧૧૯૭૧ ની જગ્યાઓ સામે ૨૬૦૦ જગ્યાઓ આજે સાહેબ ખાલી છે. આ અંગે સરકારશ્રીની ગ્રામલક્ષી યોજનાઓ છે તેને અસર થતી હોય છે. આના માટે અનેક ધારાસભ્યશ્રીઓએ રજૂઆત કરી છે. આ માટે રાજય સરકારે ખૂબ હકારાત્મક નિર્ણય લઈ ખાલી જગ્યાઓ માટે ૧૦૦૦ પંચાયત સહાયક ભરવાનો નિર્ણય લીધેલ છે. તેમાંથી ૬૦૯ જગ્યાઓ અત્યાર સુધી ભરાઈ ગઈ છે. ૩૧૦ જગ્યાઓ ભરવાની બાકી છે. બે-ત્રણ જિલ્લાઓમાં હાઈકોર્ટમાં લીગલ કેસ થવાના કારણે તે ભરવાની કાર્યવાહી થઈ નથી. તલાટી એ એક અગત્યની જગ્યા છે. આમ જિલ્લા પંચાયતોમાં ખૂબ સારી કામગીરી થઈ રહી છે. બીજું ખાસ કરીને નવરચિત જિલ્લા અને તાલુકા પંચાયતો જે રચાઈ છે તેના ઑફિસ બિલ્ડીંગો માટે નવા છ જિલ્લા અને ૪૦ તાલુકાઓ અસ્તિત્વમાં આવેલ છે તે પૈકી છ જિલ્લા પંચાયતો પૈકી પાંચ જિલ્લા પંચાયતોની કચેરીઓના બાંધકામ પ્રગતિમાં છે અને એક જિલ્લાની કચેરીનું કામ પૂર્ણ થયેલ છે. ચાલીસ નવા તાલુકાઓ અસ્તિત્વમાં આવ્યા તે પૈકી ૧૬ તાલુકાઓના કામ પૂર્ણ થયેલ છે અને ૨૨ તાલુકા પંચાયતની કચેરીઓના બાંધકામ પ્રગતિમાં છે. બીજી બે તાલુકા પંચાયતો છે તેમાં જમીનનો પ્રશ્ન હોઈ ત્યાં ભવિષ્યમાં પૂર્ણ થશે. તે દિશામાં પણ ખૂબ સારી કામગીરી પંચાયત વિભાગ કરે છે. તે સિવાય માટે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગનું જે વિઝન છે તે વિઝનમાં ગામડાના લોકોને સશકત, સમૃદ્ધ અને ટકાઉ વિકાસની પ્રક્રિયામાં સામેલ કરવાનું અને શકિતશાળી નાગરિક બનાવવાનું રાજય સરકારનું વિઝન છે તે અમલમાં મૂકયું છે અને તે દિશામાં રાજય સરકાર અનેક પગલાં લઈ રહી છે. ૨૦૦૫-૦૬માં જે લક્ષ્યાંક નક્કી કર્યો હતો તેમાં અગાઉ જે વાત કરી ગયો તે નહીં કરું.

સરદાર આવાસ યોજનામાં સો ટકા સિદ્ધિ મેળવી છે. ભારત સરકારનું જે ફંડ પંચાયતોને આપવામાં આવે છે તે સો ટકા ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ થયો છે. તે સિવાય પંચાયત ઘર, તલાટીઓના રહેઠાણ માટે જે પંચાયતમાં સુવિદ્યા નથી તે પૂરી પાડવા માટેનું રાજય સરકારે આયોજન કર્યુ છે.આ સિવાય મારે એક- બે વાત સરકારના અને માનનીય પંચાયત મંત્રીશ્રીના જાણ ઉપર મૂકવી છે, ખાસ કરીને સૂચનોના સ્વરૂપમાં મૂકવા માગું છું. એક તો જે ગ્રામ પંચાયતોને જે ગામ તળના અનુદાન આપવાની જે આખી પ્રક્રિયા છે, એ જે વહીવટી પ્રક્રિયા છે એમાં થોડોક ફેરફાર આવે એ જરૂરી છે, અત્યારે હાલ પંચાયત એ રેવન્યુ તલાટી, એના જે સરકારના હોય છે એમાં પૈસા જમા કરે છે અને એ સો ટકા અનુદાન આપણે પંચાયતોને પાછી આપવાની હોય છે તો એ બારોબાર પૈસા જો પંચાયત એના પોતાની પંચાયતના રોજમેળ ઉપર કે એની રીસીપ્ટથી એ પૈસા લે તો સમયનો બચશે અને એ પૈસા એ પંચાયતોને બારોબાર આપીને, એક- બે વર્ષે જે આપીએ છીએ એની જે આખી વહીવટી પ્રક્રિયા છે એમાંથી આપણને મુકિત મળે. આ એક સૂચન છે,

માનનીય અધ્યક્ષશ્રી, બીજું સૂચન ગામ તળ નીમ કરવા માટેનું છે, ગામતળ નીમ કરવા માટે અત્યારે બે ઓથોરિટી પાસે મંજૂરી લેવી પડે છે. એક તો ટી.ડી.ઓ અને બીજા ડી.ડી.ઓ. કારણ કે ખાસ કરીને ગામડાંઓમાં જે ગોચરની જમીન હોય છે એ ગોચરની જમીન પંચાયતને સુપરત થયેલી હોય છે, એટલે એમાં પહેલાં ટીડીઓ અને ડીડીઓ ભલામણ કરીને મામલતદારને મૂકી અને પછી કલેક્ટરને મોકલતા હોય છે. (સમયસૂચક ઘંટડી) આ બે ઓથોરીટી હોય છે, માનનીય અધ્યક્ષશ્રી, મને બે મિનિટનો સમય આપો, મારે સૂચન કરવા છે. આ જે ગામતળ નીમ કરવાની અને ડીડીઓ એ તો આઈએએસ હોય છે એટલે જે ગોચર છે એ ગોચર બારોબાર ડીડીઓ ગામતળમાં નીમ કરી શકે એવા જો ઑર્ડર થાય તો આ જે વહીવટી પ્રક્રિયા છે એમાં અર્ધો સમય બચી શકે એમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક એ પણ સૂચન છે કે, આ અધિકારીઓની જે મીટિંગો મળે છે, તલાટી, ગ્રામ સેવક, ટીડીઓ, મામલતદાર એમની જે મીટિંગો મળે છે એ દિવસે મળતી હોય છે, રાજય સરકારે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે અને હવે તો કોર્ટો પણ સાંજે શરૂ કરી છે એમ વડા ખાતાની જે મીટિંગો દિવસે મળે છે એ ૬ વાગ્યા પછી, ઑફિસ સમય પછી મળે તો જે ઘણા લોકોને કલાકો સુધી મામલતદાર, ડીડીઓની રાહ જોવી પડે છે એ ન જોવી પડે તો એમાં આ એક ક્રાંતિકારી નિર્ણય ગણાશે એટલાં મારાં સૂચનો સાથે હું મારું વક્તવ્ય પૂરું કરું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગના માનનીય મંત્રીશ્રી અને પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રીઓ પોતાના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ઉદ્યોગ અને ખાણ ખનિજ (અંતરાય) હું રાજકીય અવલોકનો કરવા નથી માગતી, પણ (અંતરાય) ગુજરાતને અમૂલ ભેટ કોઈ હોય તો ખનિજ છે, ખનિજ આધારિત ઉદ્યોગો છે, ગુજરાતની જે કુદરતી સંપત્તિ છે, ગુજરાતનું જે ધન છે એ ખનિજ છે. જો ખનિજ ન હોય તો કોઈ ઉદ્યોગપતિઓને માટે ગમે તેટલી જાજમ પાથરીએ તો પણ એ ઉદ્યોગપતિઓ આવવાના નથી, આ ખનિજ સરકારની મિલકત છે, એ ખનિજ એ સરકારની સંપત્તિ છે અને ખનિજ દ્વારા જે આવક આવે એ ગુજરાતના નાના -નાના ગામડાંઓની પ્રજાના સુખ, સગવડોનું એ સાધન છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવું છે કે, ખનિજ વિકાસ દ્વારા ૬૧૮૪ લીઝો છે અને આવક ૨૦૦૫-૨૦૦૬માં ૧૬૨.૭ કરોડની છે, મારે કહેવું છે કે ખનિજની પ્રક્રિયાઓમાં એશિયામાં સૌથી મોટો લાઈમસ્ટોન હોય તો એ પોરબંદરમાં છે અને પોરબંદરમાં સૌથી મોટો લાઈમસ્ટોનનો જથ્થો છે એ જથ્થામાંથી મળતી કરોડો રૂપિયાની રૉયલ્ટી છે એમાં આજે પરિસ્થિતિ શું છે, એ જે પરિસ્થિતિ છે એમાં બહુ સ્પષ્ટ છે. આ અંગે હું આ માનનીય ગૃહ સમક્ષ વારંવાર રજૂઆત કરું છું, માનનીય મંત્રીશ્રીઓને પણ રજૂઆતો કરું છું. પણ લાઈમ સ્ટોન ઉપર જો કોઈનો કબજો હોય તો એ વી.આઈ.પી., માફિયાઓનો કબજો છે એના લીધે પરિસ્થિતિ એ નિર્માણ થાય છે કે રાજકીય માણસો, સરકારના માનીતા માણસો હોય છે એના લીધે પરિસ્થિતિ એ થાય છે કે સો ચોરસવારના પ્લૉટ ગરીબ માણસોને મળતા નથી. ૨૫ વારનું શહેરમાં ઝૂંપડું પણ કોઈને મળતું નથી પણ સરકારની કરોડોની સંપત્તિ ઉપર વી.આઈ.પી. માફિયાઓ કબજો કરીને બેઠા છે. એ વી.આઈ.પી. માફિયાઓ સાથે અધિકારીઓની સાંઠગાંઠ છે અને એના કારણે કરોડો રૂપિયાની મિલકત પચાવીને એ બેઠા છે. એ વી.આઈ.પી.ઓ કોણ છે? તો કહે સરકારના માનીતા વી.આઈ.પી.ઓ છે. મારે કહેવું છે કે, અહીંયા ઘણા ધારાસભ્યશ્રીઓ કહે છે કે બહુ બધી આ સરકારે નવી શરુઆત કરી છે. આ તો તમારા રાજમાં હતું. મારે આજે અહીંથી એલાન કરવું છે કે, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી એમ કહે કે, આ તમારા રાજમાં હતું પણ કાલથી મારે આ બંધ કરાવવું છે. તો હું ચોક્કસ એમને અભિનંદન આપીશ. મારે પોરબંદરની પરિસ્થિતિમાં, પોરબંદરના સંજોગોમાં ખાણ-ખનિજની વાત કરવી છે. કરોડો રૂપિયાના કૌભાંડો ત્યાં થયા છે.

નેશનલ હાઈવેની વાત કરું તો હમણાં જ માધુપુરાની રાંગ તોડી નાંખવામાં આવી છે. ઉંટળા, ઝિંઝરિયા, માધુપુરા અહીંની કરોડો રૂપિયાની જમીનમાં ખાણ-ખનિજ ચાલે છે. આમ તો કહે છે કે ૫૦૦

મીટરનો દરિયા કિનારાનો નિયમ કેન્દ્ર સરકારનો છે. વારંવર કેન્દ્ર સરકારની વાત કહેવામાં આવે છે ત્યારે મારે કહેવું છે કે ૧૫૦ થી ૨૦૦ મીટરમાં ખાણો બેરોકટોક ચાલું છે. અને કમાવાનું કોણે? માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી તમને કહું છું કે, તમારા ખાણ-ખનિજ અધિકારીઓ છે એ જમીન સુધારણાના નામે લાખો રૂપિયાનું કરપ્શન કરે છે. આગળ વધીને કહું તો જી.ઈ.બી.ના ખોટા કનેકશનો, રેવન્યુંની બેરોકટોક અને મંગુભાઈ બેઠા છે ત્યારે કહું છું મંગુભાઈને કે, મને લખીને કાગળ પણ આપ્યો છે કે ફૉરેસ્ટમાં બેરોકટોક ખાણ ખનિજ ઉદ્યોગ ચાલે છે. બેરોકટોક લાઈમ સ્ટોનનો ઉદ્યોગ ચાલે છે ત્યારે મારે પૂછવું છે કે કોઈ કાયદો છે ખરો? અને એ કાયદાની અમલવારી પણ કરી શકાય છે ખરી? અહીં મારી પાસે સરકારનો કાગળ છે, મારો નહીં સાહેબ. સરકારનો કાગળ છે રેવન્યુ સેક્રેટરીશ્રીએ કાગળ લખ્યો છે અને મને મોકલ્યો છે એમાં બહુ સ્પષ્ટ લખ્યું છે. પોરબંદર જિલ્લો રાજયમાં સરકારી જમીન ઉપર બિન અધિકૃત રીતે પેશકદમી કરી તેમાં ગેર કાયદેસર ખનિજ ખોદકામ-વહનની પ્રવૃત્તિ માટે જાણીતો છે. એના પાયામાં મોટા પાયે માફિયાઓ સંકળાયેલા છે. મારો નહીં આ સરકારનો કાગળ છે. સરકારી કર્મચારીઓ અને કચેરીઓના અપૂરતા સ્ટાફને કારણે સરકારી કર્મચારી જો આ રોકવા જાય તો એના જાનનું જોખમ છે. આ મારો કાગળ નથી. આ ગુજરાત સરકારનો કાગળ છે. એના કરતાં આગળ વધીને કહું તો કોઈને પાસા નીચે લીધા હોય તો એને તાત્કાલિક સરકાર છોડી દે છે અને સરકારશ્રી દ્વારા આવા ઈસમોને ટૂંકા સમયમાં છોડી દેવામાં આવતા ગેર કાયદેસર ખનિજ ખોદકામની પ્રવૃત્તિઓ કરતા ઈસમોને પ્રોત્સાહન મળે છે તેમજ આવી કાર્યવાહી કરતા અધિકારીઓ અને સ્ટાફનું ડીમોરલ થાય તે માટેના પ્રયત્નો થાય છે. મારે કહેવું છે કે, મોટી મોટી કંપનીઓ, અંબુજા જેવી કંપનીઓને રાજુલા વિસ્તારમાં કરોડો રૂપિયાની જમીનની લીઝ આપવામાં આવે છે અને એ કરોડો રૂપિયાની લીઝ આપવામાં આવે છે એમાં મારે કહેવું છે કે, જે લીઝ આપવામાં આવે છે એમાં એ ખોદાણ કરે છે ખરા? લીઝમાં એ ખોદાણ કરતા નથી પરંતુ સરકારની મિલકતો, ગ્રામ પંચાયતની ગોચરની જમીન છે એમાં એ દબાણ કરે છે ત્યારે મારે કહેવું છે કે, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી આમાં શું કરવા માગે છે?

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગો આવે એને અમે આવકારીએ છીએ, ઉદ્યોગોને અમે સ્વીકારીએ છીએ. ઉદ્યોગો રાજયની સંપત્તિ છે. પરંતુ ઉદ્યોગો એવા ન હોય કે કરોડોની આપણી મિલકતો ઉપર કબજો કરે, કરોડોનો ઈન્કમ ટેકસ, સેલ્સ ટેકસ અને રોયલ્ટી વગેરેની ચોરી કરે અને આપણી પ્રજાના પૈસે એ તાગડધિન્ના કરે. આવા ઉદ્યોગો સામે સરકાર લાલ આંખ કરવા માગે છે ખરી? મારે પૂછવું છે સરકારને કે ઉદ્યોગોથી પ્રજાને ફાયદો થાય, એ વિસ્તારના લોકોને ફાયદો થાય, ગરીબ માણસોને ફાયદો થાય, ત્યાંના સ્થાનિક બેરોજગાર યુવાનોને ફાયદો થાય એ જરૂરી છે, પણ એવું થતું નથી. વિચારધારા કોઈ પણ હોય, આ પક્ષના હોય કે પેલા પક્ષના હોય પણ મારે આજે કહેવું છે કે ફાયદો કોને થાય છે? વી.આઈ.પી. રાજકીય માફિયા ગૅન્ગોને ફાયદો થાય છે, અધિકારીઓને ફાયદો થાય છે, કયાંક આપણા માનીતા માણસોને ફાયદો થાય છે, પ્રજાને ફાયદો થતો નથી. આ ઉદ્યોગો વિશે આજે જ માનનીય સૌરભભાઈ જવાબ આપતા હતા, ત્યારે મારે કહેવું છે કે આવા ઉદ્યોગો કરોડો રૂપિયાનું કરીને જતા રહે છે. સારા ઉદ્યોગો છે, સારી રીતે કામ કરે છે એને પ્રોત્સાહન આપો અને એ પ્રોત્સાહન એ રીતે આપો કે આજે (અંતરાય)ખોટું નહીં કહું, આ સરકારનો કાગળ વાંચ્યો છે, મારો નહીં. આગળ વધીને મારે વાત કરવી છે. ઉદ્યોગોની સાથે મોટા ઉદ્યોગોની વાત કરીએ. મોટા ઉદ્યોગો આપણને મદદ કરે પરંતુ સાથે સાથે લઘુઉદ્યોગો અને નાના ઉદ્યોગોને પણ આપણે મદદ કરવી પડશે. માત્ર મોટા ઉદ્યોગોનો વિકાસ, માત્ર મોટા ઉદ્યોગોની વાત, સરકારને કમાવી જરૂર આપે પણ નાના ઉદ્યોગ દ્વારા સવારે માનનીય મંત્રીશ્રી જે કહેતા હતા કે લોકોની રોજગારીનો પ્રશ્ન છે, લોકોને રોજગારી મળે, માનનીય મંત્રીશ્રી મારે આપને બહુ સ્પષ્ટ કહેવું છે કે રોજગારી જો આપવી હશે તો નાના ઉદ્યોગોને આપણે જીવતા રાખવા પડશે અને મારે પૂછવું છે કે નાના ઉદ્યોગો એક વર્ષની અંદર કેટલા બંધ થયાં? અહીંયા તમારા ઉદ્યોગની માગણીઓમાં હાથશાળ, ખાદી ગ્રામોદ્યોગ, હીરા એમ ઘણી બધી બાબતો તમે લઈને આવ્યા છો. દરેક વાત કરવા જઈશ તો માનનીય અધ્યક્ષશ્રી હમણાં ટોકરી મારશે અને વાત પણ સાચી એમની પણ સવાલ એ છે કે, નાના ઉદ્યોગો માટેનું આપણું કમિટમેન્ટ શું, નાના ઉદ્યોગો માટેની આપણી જવાબદારી શું અને નાના ઉદ્યોગો દ્વારા રોજગારી મળે છે,

કુટિર ઉદ્યોગો આપણે વારંવાર જોઈએ છીએ કે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર શું કરે છે? મારે દુ:ખ સાથે કહેવું પડે કે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારી જુનાગઢના નામ જોગ હું વાત કરીશ કે તમામ યોજનાઓમાં કયાંકને કયાંક પોતાના લાગતાવળગતાઓ સાથે ભાગ રાખે છે. મારી સાબિત કરી દેવાની તૈયારી છે કારણકે હું અહીંયા બોલીશ ત્યારે બહુ સ્પષ્ટ બોલીશ અને જયારે વાત કરીશ ત્યારે એ આપને પુરાવા સાથે માનનીય મંત્રીશ્રી કહેશે ત્યારે આપીશ. મારે એ કહેવું છે કે, આપણું કમિટમેન્ટ કોના માટે, ગરીબ માણસ માટેનું કમિટમેન્ટ છે? માંધાતાઓ માટેનું કમિટમેન્ટ? આ માફિયા ગેંગ માટેનું કમિટમેન્ટ છે? આપણું કમિટમેન્ટ ગરીબ પ્રજા માટેનું છે. માફિયાઓ એની રીતે કમાશે પણ આ ગરીબ માણસો ક્યાં જશે? અને એટલે જ લઘુ ઉદ્યોગો માટે મારી વિનંતી છે કે મોટા ઉદ્યોગો જાહોજલાલી ભોગવે એનો અમને વાંધો નથી પણ નાના ઉદ્યોગોનો વિકાસ થાય માનનીય મંત્રીશ્રી અહીંયા ઘણી બધી યોજનાઓ લઈને આવ્યા છે. હું વાંચવા બેસીશ તો ઘણી બધી બાબતો છે,

હું આપને લખીને મોકલાવી દઈશ પરંતુ હીરાની મારે વાત કરવી છે, અહીંયા વારંવાર હીરા, હીરાની વાતો થાય છે, જયંતીભાઈ થોડુંક હીરાનું કહી દઉં તમને. એટલા માટે કે આપણે બધા હીરા છીએ. હીરામાં મારે આપને એકજ વાત કરવી છે કે હીરા ઉદ્યોગ એ નાના કામદારોનો, નાના લોકોની રોજગારી માટેનો મહત્વનો ઉદ્યોગ છે. સૌરભભાઈએ જ્યોતિગ્રામ યોજના કરી એ યોજના દ્વારા જો નાના લોકોને પણ આપણે ઉદ્યોગ આપવો હશે ગામડે ગામડે તો આ હીરા ઉદ્યોગ દ્વારા આપી શકાશે અને આ હીરા ઉદ્યોગ દ્વારા જયારે આપણે આપવાની વાત કરીએ છીએ ત્યારે મારે એટલું જ કહેવું છે કે એમાં આપણે શું કરવા માગીએ છીએ? માત્ર હું આપને કહું કે વાતો કરીને આપણે પરિણામ લેવા માગીએ છીએ કે પછી એનાથી આગળ વધીને કંઈ નવી વાતો કરવા માગીએ છીએ એ વાત કરવી પડશે એનાથી આગળ વધીને મીઠા ઉદ્યોગ માટે મારે વાત કરવી છે સૌથી વધુ મીઠું ગુજરાતમાં થાય છે. મીઠા ઉદ્યોગમાં નમક આવક યોજના (અંતરાય) સરકારે એ વાતને સ્વીકારવી પડશે એમાં ૧૧૬૦ મકાનો બાંધવામાં આવશે અને ૨૦૦૬-૦૭માં બે કરોડ રૂપિયાની માગણી કરી છે, મારે એમ કહેવું છે કે આ જોગવાઈ સામે મીઠા ઉદ્યોગમાં કામ કરતા અગરિયાઓની જે પરિસ્થિતિ છે એ સામે પણ આપણે જોવું પડશે એ લોકો માટે આપણે કંઈક કરવું પડશે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ, ખાણ અને ખનિજ, પ્રવાસન, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રીશ્રીઓ જે માગણી નંબર-૪૯, ૫૦, ૫૧, ૬૯ અને ૭૧ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું બોલવા માટે ઉભો થયો છું. ખૂબ શાંતિથી એકચિત્તે મેં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનું આખું વકતવ્ય સાંભળ્યું છે.

માનનીય મારા બહેન ચંદ્રિકાબહેનનું પ્રવચન પણ મેં ખૂબ શાંતિથી સાંભળ્યું છે. સાથે સાથે ભાઈશ્રી રણજિતસિંહે જે વાત કરી તેને પણ મેં સાંભળી. ઔદ્યોગિક ક્ષેત્રે આજે એક જબરજસ્ત ક્રાંતિ આ રાજયની અંદર આવી છે અને આ રાજયની અંદર આ જે ક્રાંતિ આવી છે તે ક્રાંતિના ઊંડાણમાં આપણે જઈએ તો તેના માટેનો સર્વગ્રાહી વિચાર કરવાની ખૂબ જરૂર છે. ૧૯૯૦ની અંદર આ રાજયની અંદર ભારતીય જનતા પાર્ટીની અને ચીમનભાઈ પટેલની સંયુક્ત સરકાર આવી અને તે સરકારની અંદર ઉદ્યોગ નીતિ જે નક્કી કરવામાં આવી તે ઉદ્યોગ નીતિનો સમગ્ર દેશે સ્વીકાર કર્યો અને ઉદ્યોગ નીતિને કારણે ૧૯૯૦ પછી આ ગુજરાત રાજયે સમગ્ર દેશની અંદર ઔદ્યોગિક દ્રષ્ટિથી જબરજસ્ત પ્રગતિ કરી છે તેની અંદર કોઈ શંકાને સ્થાન નથી અને તેની સામે કોઈ આંગળી ચીંધી શકે તેમ નથી. મારે તમાર મિત્રોને કહેવું છે, તમામ વ્યકિતઓને કહેવું છે તે વખતે જે ઉદ્યોગ નીતિ નક્કી કરવામાં આવી જેને કારણે દેશ નહીં પણ સમગ્ર વિશ્વમાંથી ઉદ્યોગો આ રાજય તરફ આકર્ષાયા. હમણાં ઘણા બધા આંકડાઓ દેવામાં આવ્યા. તે આંકડાઓની અંદર રાજયનું સ્થાન ક્યાંક બીજું, ક્યાંક ત્રીજુ, ક્યાંક ચોથુ બતાવવામાં આવ્યું. રાજયનું સ્થાન કયાં છે તેના આંકડાઓ અને તેના ડોકયુમેન્ટરી આધાર આપણી પાસે છે, આ સભાગૃહની અંદર બેઠેલા તમામ સભ્યશ્રીઓ પાસે છે અને તેનો જે અભ્યાસ કરી અને જો તે આંકડાઓ આ સભાગૃહના પટલ ઉપર મૂકવામાં આવ્યા હોત તો મને લાગે છે વાજબી વાત હોત. દ ણી બધી વાતો આ સભાગૃહની અંદર કરવામાં આવી. આજે ખાણ અને ખનિજ વિભાગ ઉપર વાત કરવામાં આવી, ઉદ્યોગ ઉપર વાત કરવામાં આવી અને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ ઉપર વાત કરવામાં આવી. દરેક દિશા ઉપર આપણે દ્રષ્ટિપાત કરવાની જરૂર છે અને તે દ્રષ્ટિપાત જો આપણે કરીએ તો તેની અંદર આપણે આ રાજયની પ્રગતિને જોઈ શકીશું. દિન-પ્રતિદિન આ રાજય પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે. ૧૯૬૦થી આ રાજયની સ્થાપના થઈ અને સ્થાપનાથી શરૂઆતના દિવસોની અંદર કંઈ જ નથી થયું તેમ નથી કહેતો. પણ થવું જોઈએ તેના માટેની દ્રષ્ટિ, તેના માટેનો એક અભિગમ આજે આ ગૃહની અંદર આ ગૃહના એક સિનિયર રાજયના મંત્રી રહી ચૂકેલા માનનીય મકરંદભાઈ દેસાઈને યાદ કરવાનું મને મન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર વિપુલ પ્રમાણમાં ખનિજ સંપત્તિ પડી છે, જેમાંથી આ રાજય કરોડો અને અબજોની આવક ઉભી કરી શકે છે. જેના કારણે ખનિજ આધારિત ઉદ્યોગો આ રાજયમાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું કચ્છ જિલ્લામાંથી આવું છું, જયાં વિપુલ પ્રમાણમાં ખનિજ સંપત્તિ પડી છે. કચ્છમાં પડેલી એ વિપુલ ખનિજ સંપત્તિમાં લિગ્નાઈટનો જથ્થો હોય, બોકસાઈટનો જથ્થો હોય કે બેન્ટોનાઈટ હોય કે ચાઈના-કે હોય. એની સૌથી પ્રથમ શરૂઆત મુરબ્બી મકરંદભાઈ દેસાઈએ કરી છે. એના માટે ગૃહના સૌ સભ્યશ્રીઓએ ગૌરવ લેવાની જરૂર છે. હજારો વર્ષોથી ધરબાયેલો આ ખનિજ પેટાળમાં પડયો હતો, એનો ઉપયોગ માનનીય મકરંદ દેસાઈએ કર્યો છે. હું એમ નથી કહેતો કે તેઓ મારા ભારતીય જનતા પાર્ટીના હતા. મકરંદ દેસાઈ ગુજરાતના નેતા હતા. આ દેશ માટે, આ રાજય માટે જેણે જેણે કામ કર્યુ હોય પછી એ મહાત્મા ગાંધી હોય કે સરદાર વલ્લભભાઈ પટેલ હોય. એ ગુજરાતના નેતા છે, દેશના નેતા છે કે જેણે જેણે આ કામ કર્યુ છે. એ તમામ લોકોની નોંધ આ સભાગૃહની અંદર લેવાવી જોઈએ.

હું ઉદ્યોગ માટે કહેવા માગું છું. આ રાજયમાં ઉદ્યોગોને આકર્ષવામાં ભારતીય જનતા પાર્ટીની સરકારોનો સિંહફાળો રહ્યો છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારોની અગાઉની સરકારોની ઉદ્યોગ નીતિ એવી હતી કે જેના કારણે અન્ય રાજયોમાંથી કે વિદેશોમાંથી કોઈપણ રોકાણકારો આ રાજયમાં આકર્ષાતા નહોતા. (સમય સૂચક ઘંટડી) સાહેબ, મને બોલવા દો. હજુ તો મેં શરૂઆત કરી છે.

**અધ્યક્ષશ્રી** : સમય નથી, પ્લીઝ. બે મિનિટમાં પૂરું કરો.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની ઉદ્યોગ નીતિના કારણે સમગ્ર દેશની અંદર જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વની સાથે ગુજરાત આજે હરિફાઈમાં છે. એના માટે ભારતીય જનતા પાર્ટીની સરકારો, પછી એ માનનીય કેશુભાઈ પટેલની સરકાર હોય, સુરેશભાઈ મહેતાની સરકાર હોય કે નરેન્દ્રભાઈ મોદીની સરકાર હોય. આ ઉદ્યોગોને આકર્ષવા માટે આ સરકારોએ આજે આ રાજયમાં દુનિયાભરના ઉદ્યોગોને આકર્ષયા છે. આ ઉદ્યોગોને લાવવા માટે અને ગુજરાતની પ્રગતિ અંગે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ કહ્યું કે ગુજરાતની પ્રગતિ સાથે દેશની પ્રગતિ સંકળાયેલી છે. આવા એમના શબ્દો હતા. તેઓ જાણે છે કે ગુજરાત દેશને દિશા આપી શકે છે. ગુજરાતે દેશને આઝાદી અપાવી છે મહાત્મા ગાંધીજીના રૂપમાં. ગુજરાતે આ દેશને એક કર્યો છે, રજવાડાંઓને એક કર્યા છે, સરદાર વલ્લભભાઈ પટેલના રૂપમાં. હજુ પણ આ ગુજરાત સમગ્ર દેશને દિશા આપવાનું કાર્ય કરે છે, તેનું દરેક ગુજરાતીઓએ ગૌરવ લેવું જોઈએ. કયાંય ગુજરાતને નુકસાન થાય એવી વાત, વિરોધ કરવાની જગ્યાએ વિરોધ કરો. વિરોધ પક્ષની એ નૈતિક જવાબદારી પણ છે. એ જવાબદારી એવી રીતે અદા ન કરીએ કે આપણા રાજયને નુકસાન થાય. આપણું રાજય વધારે ને વધારે પ્રગતિ કરે અને દેશ અને દુનિયાને દિશા સૂચવે એ દિશામાં આપણે સૌ આગળ વધીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન ક્ષેત્રે પણ ઘણી બધી પોટેન્શિયાલિટી આ રાજયમાં છે. પ્રવાસનની દિશામાં પણ આ રાજયમાં આજે પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. એ દિશામાં રાજય સરકાર આગળ વધી રહી છે, ત્યારે હું રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્સવોની વાત કરવામાં આવી. સાહેબ, આ દેશની સંસ્કૃતિ છે. ઉત્સવો એ કોઈ મનોરંજનના કાર્યક્રમો નથી. આપણા ઉત્સાવો છે એ અનેક દિશા આપે છે અને એ ઉત્સવોથી આપણે કાંઈક મેળવીએ છીએ. આ ઉત્સવો માટે આપણા મોંઢામાંથી કાંઈક ટીકા થાય એ વાજબી વાત નથી. ઉત્સવો એ આ દેશને જ નહીં, પરંતુ દુનિયાને દિશા આપે છે અને એના માધ્યમથી જો રાજયની અને દેશની પ્રગતિ થતી હોય તો એનો કોઈ વિરોધ કરવો જોઈએ નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણીબધી માહિતી મારી પાસે છે. હું કચ્છ જિલ્લામાંથી આવું છું કે જે જિલ્લો અનેક આપત્તિઓનો સામનો કરતો આવ્યો છે, એકદમ પછાત જિલ્લો હતો અને આજે આ જિલ્લામાં ઔદ્યોગિકીકરણ થઈ રહયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન ક્ષેત્રે આપણે આગળ વધી રહયા છીએ. હજારો હજારો કરોડો રૂપિયાનું રોકાણ થઈ રહયું છે એ આ વિરોધપક્ષના મિત્રોને કેમ દેખાતું નથી એ મને સમજાતું નથી. આટલું બધું રોકાણ....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ડો. દિનેશભાઈ પરમાર, આપ પ્રવચન શરૂ કરો.

**ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ, ખાણ અને ખનિજ તથા પ્રવાસન વિભાગની માગણી ક્રમાંક ૪૯, ૫૦ અને ૫૧ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે માનવશકિત આપણા દેશની અને રાજયની એસેટસ છે, આઝાદી પછીના કાયદાઓથી લોકોને સમાન તક અને સમાન અધિકાર પ્રાપ્ત થયા એના લીધે એકેએક લોકોને પ્રગતિ માટેની પૂરેપૂરી તક મળવી જોઈએ એ દિશાનું કાર્ય થવું જોઈએ અને સરકારશ્રી પણ ગંભીરતાપૂર્વક વિચાર કરીને કેટલાક લોકોને પૂરેપૂરી રોજગારી મળી રહે એ પ્રકારે પ્રયત્નો થવા જોઈએ, પરંતુ મારે દુ:ખ સાથે કહેવું છે કે આજની તારીખે પણ ૩૪ કટા લોકો ગરીબીની રેખાથી નીચે જીવતા હોય છે, લોકોનું પ્રદાન આર્થિક રીતે શૂન્ય હોય તો કઈ રીતે દેશ પ્રગતિ કરી શકે કે કઈ રીતે મહાસત્તા બની શકે? કોઈપણ રાજયની પ્રગતિમાં અને દેશની પ્રગતિમાં એના એકેએક લોકોનો ફાળો હોવો એ અતિ મહત્વનું છે અને એટલે તો નોબલ પારિતોષિક વિજેતા ડો. આમર્કસેને કહયું છે કે દેશમાંથી ગરીબાઈ નું ઉદ્દ્મૂલન કરવા માટે ગ્રામ્ય વિસ્તારમાં રોજગારલક્ષી કાર્યક્રમો આપવા જોઈએ, શિક્ષણ માટે પણ પૈસા ફાળવીને લોકોને વધુ જાગૃત્ત અને શિક્ષિત બનાવવા માટેના પ્રયત્નો કરવા જોઈએ અને એ રીતે દેશના અર્થતંત્રને રોજગારીલક્ષી બનાવીને આમૂલ પરિવર્તન કરવાની જરૂર છે. ગ્રામ પ્રજાલક્ષી અર્થ ઉપાર્જનનું સેટઅપ ગોઠવવું જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીજીનું સ્વપ્ન ગ્રામ સ્વરાજ નિર્માણ કરવાનું હતું, પરંતુ મારે એટલું કહેવું છે કે જેટલા હાથ એટલાને કામ મળે તો ધીમે ધીમે આપણો દેશ સર્વશ્રેષ્ઠ દેશ તરીકે પૂરવાર થાય એવી પરિસ્થિતિ છે. એટલે સરકારની નીતિ પણ એ તરફ હોવી જોઈએ. એકેએક માણસને રોજગારી મળે એવું કાર્ય થવું જોઈએ. આજે ગુજરાતમાં મિલો બંધ થઈ ગઈ છે, બેકાર કામદારો દુ:ખી અને બરબાદ થઈ ગયા છે, હાથશાળની સહકારી મંડળીઓ ચાલતી હતી એ સહકારી મંડળીઓ પણ સરકારની કુદ્રષ્ટિના લીધે ખતમ થવાની અણી ઉપર છે અથવા તો બરબાદ થઈ ગઈ છે અને અનેક વણકરભાઈઓ આજે રોજગારી વિનાના થઈ ગયા છે, ગામડાંમાં બેકારી વ્યાપી ગઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચર્મ ઉદ્યોગની વાત કરું તો ગુજરાતને કેટલ ઝોન તરીકે જાહેર કરેલ છે અને એથી ચામડાં અને પશુ હાડકાંનું રો-મટિરિયલ્સ મળે છે કે જેને કપુર, કાનપુર, અને પૂના મોકલવામાં આવે છે અને ત્યાં ફિનિશડ ગુડઝ બને છે. તો આટલું બધું રોમટિરિયલ્સ આપણે ત્યાં મળતું હોય તો સરકારની નીતિ એવી હોવી જોઈએ કે આ રો-મટિરિયલ્સ હોય એનો પૂરેપૂરો ઉપયોગ અહીંયાં જ થાય અને અહીંયાં જેટલા લોકોને રોજગારી આપી શકાય એટલાને રોજગારી મળે એ રીતે આગળ વધવાના પ્રયત્નો કરવા જોઈએ એના બદલે ચર્મ ઉદ્યોગ નિગમને જ બંધ કરીને જે કુશળ કારીગરો હતા એની રોજી રોટી છીનવી નાંખવાનું કામ આ સરકારે કર્યુ છે. ત્યારે મારે એ પણ કહેવું છે કે આપણે ત્યાં મોટા ઉદ્યોગો આવે એની સામે કોઈ વાંધો હોઈ શકે નહીં, પરંતુ સરકારે એ રીતે એની સાથે વર્તવું જોઈએ કે એની સાથે જે મેમોરેન્ડમ કે અન્ડરસ્ટેન્ડિંગ થયું હોય, કરાર થયા હોય, એના નિયમો ગોઠવાયા હોય એ પ્રમાણે એનો અમલ થાય છે કે નહીં એ જોવા માટેનો પ્રયત્ન કરવો જોઈએ.

મારા જિલ્લામાં એસ્સાર કંપની આવેલ છે અને સરકાર સાથે કરારબધ્ધ થયેલ આ કંપની આજે ૧૪-૧૪ વર્ષથી કામ શરૂ કરી શકતી નથી અને પ્રોડકશનમાં જતી નથી, ખેડૂતો પાસેથી મફતના ભાવમાં જમીન લઈ લીધી છે અને ખેડૂતો વિવાદમાં ફસાયા છે. શ્રીમંત એવા ખેડૂતો પણ રોજી રોટી વગરના થઈ દાડીયા અને મજૂર તરીકે બેઠા છે. એવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે. લલચામણી અને લોભામણી જાહેરાતો આપી પેટ્રોલ પંપ બનાવવા માટે કરોડો રૂપિયાનું મૂડી રોકાણ લોકો પાસે કરાવ્યું અને હવે પેટ્રોલ ડીઝલ સપ્લાય ન કરવાથી આ બધા પેટ્રોલ પંપ બંધ પડયા છે. પર્યાવરણના નામે અનેક વૃક્ષોનું ખેદાન મેદાન કરી નાખ્યું અને ત્યાર પછી પર્યાવરણના કાયદાને નેવે મૂકી દેવો અને છતાં પણ આ સરકાર મૂક પ્રેક્ષક થઈને બેઠી બેઠી જોયે રાખતી હોય તો હરગીઝ ચલાવી શકાય નહીં. આ પ્રોજેકટ શરૂ કરવા માટે સમય મર્યાદા હોવા છતાં આટલા વર્ષોથી આ કંપની વિલંબ કરતી જાય છે અને કરારનો ભંગ કરે છે અને આ ગેરવાજબી વિલંબથી વેપારીઓ, મજદૂરો અને નાના કોન્ટ્રાકટરો અને વિવાદીત ખેડૂતો બહુ કફોડી પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે. એને મદદરૂપ થવા માટે સરકારે કંઈક કરવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલા માટે કહેવું પડે કે જે લેન્ડ લૂઝર્સ હતા, જેમની જમીન આ પ્રોજેકટમાં ગઈ છે તેવા ખેડૂતોના બાળકોને વચન આપેલું કે તમને નોકરીમાં રાખવામાં આવશે, એક પણ વ્યકિતને આજની તારીખ સુધીમાં નોકરીમાં રાખવામાં આવેલ નથી. અને આ રીતે ખેડૂતો દુ:ખી થઈ ગયા છે. સરકારની એવી કઈ મજબૂરી છે કે આવી કંપની મન પડે એમ મનસ્વી રીતે વર્તતી હોવા છતાં સરકાર મૂક પ્રેક્ષક બનીને બેઠી બેઠી જોયે રાખે છે? આયાત નિકાસના લાભો લઈ અને આવી કંપનીઓએ ત્યાં માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરવી જોઈએ. તેવું કોઈપણ જાતનું પ્રદાન ન કરવામાં આવે, બંદર વિકાસમાં પણ કંઈ કાર્ય કરવામાં ન આવે અને એ રીતે જોવા પ્રયત્ન કરીએ તો સરકાર આ બાબતમાં કેમ સજાગ નથી? it is the moral responsibility towards the local people. આવી કંપનીનો એક ફરજનો ભાગ બને છે કે ત્યાં સેવાકીય પ્રવૃત્તિમાં આજુબાજુના વિસ્તારના ગામોમાં એને મદદરૂપ થવા માટે કામ કરવું જોઈએ.

સ્થાનિક લોકોની સુખાકારી, સુવિધા, સગવડ વધારવા માટે કંઈક કાર્ય કરવું જોઈએ. ત્યારે મારે એટલું ચોકકસ આપના મારફત કહેવું જોઈએ કે આ પ્રોજેકટ દ્વારા ભૂતળના પાણી પૂષ્કળ પ્રમાણમાં ખેચી લઈ ત્યાંની જમીનને સૂકી બનાવી દેવામાં આવી છે. કૂવા તો સૂકાઈ જ ગયા છે, અને ખેડૂતો અને જે લોકોએ જમીન નથી આપી તેવા લોકો પણ બરબાદીના રસ્તે જઈ રહ્યા છે, ત્યારે તેની સાથે શરતના એક ભાગ રૂપે રીવર કોસ્મોસીસ દ્વારા જે દરિયાના ખારા પાણીને મીઠું બનાવવાનો પ્રોજેકટ કરવો જોઈએ તે દાખલ નથી કર્યો અને આ રીતે ભૂગર્ભ જળ પણ મોટા પાયા ઉપર ચોરી કરવામાં આવી રહ્યું છે. ગુજરાત આંતરમાળખાકીય સુવિધા બોર્ડ બનેલ છે તે દ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ એકટ ૧૯૯૯ નું ઘડતર કરવામાં આવ્યું છે. ત્યારે ખાનગી મૂડી રોકાણથી હાથ ધરવાની થતી માળખાકીય કામગીરીને ઉતેજન આપવું, પ્રમોટ કરવું અને તેનો પ્રસાર કરવો તે એનો મુખ્ય ઉદેશ છે. ઔદ્યોગિક વસાહત, ઔદ્યોગિક કલસ્ટર, બંદરો અને હવાઈ મથકો સાથેની ખૂટતી આંતરમાળખાકીય સગવડ ઉભી કરવી, જેવી કે ઔદ્યોગિક વસતિથી બંદર અને એરપોર્ટ સુધી જોડતા રસ્તાઓ, રેલવે રસ્તા ઉપર ઓવર બ્રીજ, અને હયાત રસ્તાઓ સુધારવા અને તેને પહોળા કરવા. ગીચતાના નિવારણ માટે બાયપાસ રસ્તાઓ બનાવવા, મારે આપના મારફત જામનગરના આ વિકાસમાં કેટલો અવરોધ થયો છે તેના ઉપર ધ્યાન દોરવું છે. ૧૯૯૨-૯૩ માં રાજકોટ રોડ ઉપર મનોરંજન પાર્ક પાસે બાયપાસ રોડ બનાવવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો. મેરી ટાઈમ બોર્ડ તરફથી દસ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. જમીન સંપાદન થઈ ગઈ હોવા છતાં ચૌદ-ચૌદ વર્ષ થયા આ રોડ બનતો નથી. જેના લીધે બંદરના વિકાસ ઉપર બહુ અવળી અસર થઈ રહી છે. બંદરના ધંધા ઉપર પણ અવળી અસર થઈ રહી છે. કોંગ્રેસ સરકારે આ નિર્ણય કરેલ પણ મને એમ લાગે છે કે આ સરકાર આ બાબતમાં ઉપેક્ષા કરી રહી છે. બીજો રસ્તો બેડી બંદર રોડ તરીકે જાણીતો હતો, જેને પંડિત નહેરૂ માર્ગ કહેવામાં આવે છે. આ રસ્તો પ્રતિબંધિત જાહેર કરી બંદર તરફ જતો ટ્રાફિક રોકી દેવામાં આવ્યો છે. અને ત્યાર પછી સન સેકસન રોડ જે સાત રસ્તા પાસે હતો ત્યાં હેવી વાહનો પસાર થતા હતા તેને પણ કલેકટરે પ્રતિબંધિત જાહેર કરી અને બેડી બંદર ઉપર, રોઝી બંદર ઉપર, નવા બંદર ઉપર ટ્રાફિક જઈ ન શકે તેવી પરિસ્થિતિ થઈ છે. એટલે લોકોએ નાના ગામડાંમાં રસ્તા કાઢયા છે, નાના ગામડાંના રસ્તા ગ્રામિણ

રસ્તા છે અને સ્ટ્રેન્ધનિંગ કરેલા રસ્તા નથી. પચાસ થી એંસી ટનના વાહનો પસાર થાય છે અને રોડ તૂટી જાય છે, ધૂળ ઉડે છે અને લોકો એટલા ત્રાસી ગયા છે કે ત્યાં એરફોર્સ વાળા રસ્તા ઉપર જાય છે અને પ્રજાને પણ હાડમારી છે. ઢીચડા ગામ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપ જરા કન્ટ્રોલ કરી શકો એમને ? આપે ત્રણ ત્રણ વખત કહ્યું છે છતાં કન્ટ્રોલ ન થાય તો આપ ઈલાજ કરો એનો.

**અધ્યક્ષશ્રી** : મારે હવે આવતી કાલથી ઈલાજ કરવાની શરૂઆત કરવી છે. બધાની માગણી છે એટલે મારે ઈલાજ ચાલુ કરવો છે.

**ડૉ. દિનેશ પરમાર** : બરાબર છે. કરવો જ જોઈએ, અને ન્યાયી રીતે વર્તો તો સારું, એમાં અમારો પણ સહકાર હશે આપને. ન્યાયી રીતે વર્તશો તો આપને સહકાર મળશે અમારો.

**અધ્યક્ષશ્રી** : એ તો વિશ્વાસનો સવાલ છે.

**ડૉ. દિનેશ પરમાર** : આ રસ્તા એટલા ખરાબ થઈ ગયા છે કે ત્યાં રસ્તા ઉપર બે-બે ફૂટના ખાડા પડી ગયા છે. બંને બાજુની સાઈડો પણ તૂટી ગઈ છે. આ સ્ટેટનો રસ્તો નથી. ગામડાંના લોકોને સારી સુવિધા મળવી જોઈએ એના બદલે જે સુવિધા છે એ પણ ઝૂંટવાતી જાય છે તેથી લોકો હાલાકી ભોગવી રહ્યા છે. અહીંયા મોટા ઉદ્યોગો આવવાથી એમ માનવામાં આવતું હતું કે લોકોનું કલ્યાણ થઈ જશે. પરંતુ સામાન્ય લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે.

વિકાસકીય ખર્ચની સરખામણીમાં બિન વિકાસકીય ખર્ચમાં વધારો થતો જાય છે જેના લીધે બજેટ ખાદ્ય વધશે તેવી શકયતા દેખાય છે. આ સૌથી મોટી ચિંતાજનક બાબત છે. બિન વિકાસકીય ખર્ચમાં ખૂબ વધારો થયો છે, વહીવટી ખર્ચ વધી રહ્યો છે. આ સરકાર વહીવટ ઉપર નિયંત્રણ રાખી શકે તેમ લાગતું નથી. સરકાર બેફામ ખર્ચો કરી રહી છે. એના ઉપર કોઈપણ જાતનો કન્ટ્રોલ નહિ હોવાથી ખર્ચ વધી રહ્યો છે, વ્યાજ અને દેવું ભરવામાં સરકાર નવરી થતી નથી. તેથી વિકાસના કામો થતાં નથી. લોનની પુનઃચૂકવણી બાબતમાં દેવાદાર સરકાર દેવું ચૂકવવામાંથી ઊંચી આવતી નથી. પેન્શનની ચૂકવણી, નિવૃત્તિના લાભની ચૂકવણી એમાં જવા પ્રયત્ન કરીએ તો લીધેલ લોન ૨૦૦૫-૦૬માં હતી એમાં વધારો થઈને ૨૦૦૬-૨૦૦૭ માં ૧૦૬૩૬.૩૬ કરોડ થઈ છે. બિન વિકાસકીય ખર્ચ ૨૦૦૫-૨૦૦૬માં ૧૪૮૨૮.૨૬ કરોડ હતો એ વધીને ૨૦૦૬-૨૦૦૭માં ૧૫,૫૯૫.૯૫ કરોડ રૂપિયા દર્શાવ્યો છે.

વ્યાજની ચૂકવણીની વાત કરીએ તો સન ૨૦૦૨-૦૩ માં ૪૯૪૪ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. ૨૦૦૩-૦૪માં ૫૭૮૦.૦૫ કરોડ વ્યાજ પેટે ચૂકવ્યા હતા. એ જ રીતે ૨૦૦૪-૦૫માં ૬૦૭૩.૭૭ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. જ્યારે ૨૦૦૬-૦૭ના વર્ષમાં ૭૧૫૪.૭૪ કરોડ રૂપિયા ચૂકવવાના થાય છે. આ રીતે ખર્ચમાં દર વરસે વધારો થઈ રહ્યો છે. ૨૦૦૨-૦૩માં વહીવટી ખર્ચ ૧૧૨૭.૬૭ કરોડ હતો. એ ૨૦૦૬-૦૭માં વધીને ૧૨૨૨.૯૬ કરોડે પહોંચ્યો છે. આ રીતે જોતાં બેફામ ખર્ચ કરવામાં ચોક્કસ આ સરકાર નંબર વન છે એમ કહેવામાં અતિશિયોકિત લાગતી નથી. વિકાસકીય ખર્ચની અનેક જાહેરાતો કરવામાં આવે છે પરંતુ તે છેતરામણી જાહેરાતો હોય એમ લાગે છે. વિકાસ ખર્ચની ફાળવણી અસ્કયામતો પાછળ નથી ખર્ચવામાં આવતી પરંતુ વિકાસ કામોના નામે વહીવટી ખર્ચમાં વપરાય છે. આ રીતે ૧૪ હજાર કરોડની રકમ વહીવટી ખર્ચમાં વપરાઈ છે. જેમાં અર્ધો અરધ રકમો શિક્ષકો, ડોકટરો અને અધિકારીઓના પગારની અંદર ચાલી જાય છે.

સન ૨૦૦૪-૦૫ની અંદર ૧૨૯૫૬ કરોડની વેરા વસુલાત હતી. ૨૦૦૫-૨૦૦૬ના વર્ષની અંદર ૧૫૧૪૨ કરોડ છે જે ૧૭ ટકા વૃદ્ધિ દર હતો. ૨૦૦૬-૦૭ ના વર્ષમાં ૧૬૨૪૪ કરોડનો અંદાજ છે જે સાત ટકા વૃદ્ધિ દર દર્શાવે છે. સન ૨૦૦૫-૦૬માં વેરા વસુલાતનો વૃદ્ધિ દર ૧૭ ટકા હતો એ ઘટીને ૭ ટકાએ પહોંચ્યો છે. આમ ૧૦ ટકાનું નુકસાન થયું છે. જ્યારે ૨૦૦૬-૨૦૦૭માં વાસ્તવમાં તમામ રાજયો, કેન્દ્રના વેરાની આવકનો અંદાજ ૨૬૨૮૨ કરોડ ગણેલ છે જે ગત વર્ષની ૨૫૧૨૯ કરોડની તુલનાએ માત્ર પાંચ ટકા વૃદ્ધિ દર છે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજના વિધાનસભાના કામકાજમાં રજૂ થયેલ ઉદ્યોગ ખાણ ખનિજ પ્રવાસન તથા પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ રજૂ થઈ છે એને સમર્થન કરવા અને મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

હું મારી વાત કરતા પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત સરકારને અભિનંદન આપીને મારી વાત રજૂ કરુ છું. ગુજરાતને વર્ષ ૨૦૦૫-૬ અને ૭ને ટુરિઝમ ઈયર એટલે કે પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે. છેલ્લા બે દાયકાથી વિશ્વની પરિસ્થિતિ વિશ્વના બીઝનૅસની પરિસ્થિતિ વેપારની પરિસ્થિતિ બદલાઈ છે. સમગ્ર વિશ્વ અત્યારે ટુરિઝમ બીઝનૅસ તરફ આધાર રાખતો થયો છે. દુબઈ, બૅંગકૉક, હૉંગકૉંગ અને મલેશિયા આ બધા દેશો પોતાની ઈકોનોમી ઊંચી લાવવા માટે રાજયના નાગરિકોનો વિકાસ કરવા માટે આ રાજયો પોતાની આમદા વધારવા માટે ક્યાંક રીસોર્ટ ટુરિઝમ કે ક્યાંક બીઝનૅસ ટુરિઝમ તરફ ધ્યાન આપ્યું છે. હિન્દુસ્તાન કે જેમાં કાશ્મીર, હિમાચલ પ્રદેશ કે ઉતરાંચલ જેવા રાજયો મોટા ભાગની એમની આવક લોકોની રોજગારીનો મુખ્ય આધાર ટુરિઝમ ઉપર રહેલો છે. જ્યારે વિશ્વ અને રાષ્ટ્ર આ દિશામાં હરણફાળ ભરી રહ્યું હોય ત્યારે ગુજરાત આ ક્ષેત્રમાં પાછળ ન રહી જાય એના માટે આ રાજય સરકારે મકકમતાથી

પગલાં ભર્યા છે. ૧૯૯૭માં ગુજરાતમાં ટુરીઝમને ઉદ્યોગનો દરજજો આપવામાં આવ્યો છે. ત્યાર પછી તબક્કાવાર ગુજરાતનું ટુરીઝમ ધીમે ધીમે વિકસે તે માટે થોડા સમય પહેલાં ગુજરાત બહારના અન્ય રાજયોમાં સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળ દ્વારા ગુજરાતમાં રહેલી ટુરીઝમની શક્યતાઓ, ટુરીઝમની પોટેન્શિયાલીટીથી વાકેફ રહીને રાજયોમાં પ્રતિનિધિ મંડળ મોકલીને પ્રવાસન વર્ષ માટે ભગીરથ કાર્ય ગુજરાત સરકારે કર્યું છે. તેના સારાં પરિણામો દેખાય છે.

પ્રવાસન ઉદ્યોગ એવો ક્ષમતાવાળો ઉદ્યોગ છે કે રાજયના વિકાસનું એન્જિન બની શકે તેવી ક્ષમતા છે. અન્ય ઉદ્યોગમાંથી રોજગારી મળવાની ક્ષમતા અને શક્યતા છે તેમાં ૧૦ લાખ રૂપિયાના રોકાણ સામે ખેતીવાડી ક્ષેત્રમાં ૧૦ લાખ રૂપિયાના રોકાણ સામે ૪૫ વ્યકિતઓને રોજગારી મળી શકે. ઉત્પાદન ક્ષેત્ર હોય, ઉદ્યોગ ક્ષેત્ર હોય એવા ક્ષેત્રમાં ૧૦ લાખનું રોકાણ કરવામાં આવે તો ૧૩ વ્યકિતને રોજગારી મળી શકે એવી ક્ષમતા છે. જ્યારે પ્રવાસન ક્ષેત્ર એવું ક્ષેત્ર છે જેમાં ૧૦ લાખ રૂપિયાના રોકાણખર્ચની સામે ૮૯ વ્યકિતઓને રોજગારી પૂરી પાડીને લોકોને આર્થિક રીતે ઉપયોગી થઈ શકાય એવી ક્ષમતા પ્રવાસનમાં રહેલી છે. આ ક્ષમતાના આધાર પર ગામડાંના સામાન્ય લોકોને, ગામડાંના ગરીબ લોકોને માટે રોજગારી ઉભી થતી હોય છે.

ગુજરાતમાં ટુરીઝમની વિશાળ ક્ષમતા છે. ગુજરાતમાં ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયા કિનારો છે. ગુજરાતમાં અફાટ રણ વિસ્તાર છે. ગુજરાતમાં નળ સરોવર એ સાઈબીરીયા અને વિશ્વના અન્ય દેશોમાંથી પક્ષીઓનું નિવાસસ્થાન બનતું હોય એવું ૧૪૨ ચોરસ કિલોમીટરનો વિસ્તાર ધરાવતું મોટું સરોવર છે. વિશ્વની અંદર અલભ્ય એશિયાટીક લાયન, ગીર અભયારણ્ય જેવો જંગલ વિસ્તાર પણ આ રાજયમાં છે. એ ઉપરાંત આ રાજયની અંદર પાલીતાણા, સોમનાથ, અંબાજી, ડાકોર જેવા વિશ્વ કક્ષાના યાત્રાધામ પ્લેસ છે. જ્યાં વિશ્વકક્ષાના લોકો દેશ-વિદેશથી યાત્રા કરે છે અને પોતાની ધાર્મિક લાગણી વ્યક્ત કરતા હોય છે. એવી બધી વિશાળ શક્યતા હોય ત્યારે ગુજરાત સરકારે આ બધી શક્યતાઓનો અભ્યાસ કરીને ગુજરાતમાં સૌથી વધારે પ્રવાસીઓ આવે, ગુજરાતના લોકો કેમ સૌથી વધારે રોજગારી મેળવે તેના માટે જેટલી જેટલી શક્યતાઓ હોય, અહીં કહેવાતું હતું કે ઉત્સવો પાછળ રાજય સરકાર ખૂબ મોટું ખર્ચ કરે છે. ઉત્સવો પાછળ કયાંય ખર્ચ કરવામાં આવતું નથી. લોક ભાગીદારીથી ઉત્સવો કરવામાં આવે છે અને તેના ખૂબ સારાં પરિણામો મળતાં હોય છે. આપના મારફત આ ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે તા. ૧૦, ૧૧ અને ૧૨ માર્ચના રોજ પાલીતાણામાં એક ઉત્સવનું ગુજરાત સરકાર દ્વારા છ ગાઉ યાત્રાના ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આનાથી કેટલો મોટો લાભ ત્યાંની સ્થાનિક જનતાને થતો હોય છે, સમગ્ર રાજયમાંથી, અન્ય રાજયોમાંથી આ યાત્રાધામમાં છ ગાઉની યાત્રા ધાર્મિક યાત્રા હોય છે. આ યાત્રા કરવા માટે દર વર્ષે ૭૦થી ૮૦ હજાર લોકો આવે છે. રાજય સરકારે જે પ્રયાસ કર્યો, જે જાહેરાત થઈ જેના આધાર ઉપર આ વર્ષે અમારી સ્થાનિક આણંદજી કલ્યાણજીની પેઢી છે. એના દ્વારા શેત્રુંજય પર્વત ઉપર જેટલા લોકો યાત્રા કરે તેની વ્યકિતદીઠ નોંધ રાખવામાં આવે છે. એ નોંધના આધાર ઉપર કહી શકાય કે આ યાત્રા દરમ્યાન ૧,૬૦,૦૦૦ યાત્રાળુઓએ પવિત્ર પાલીતાણા પર્વતની યાત્રા કરી છે અને આ પર્વત ઉપર રહેલી સાંસ્કૃતિક વિરાસતના દર્શન કર્યા છે. મહાવીર સ્વામીના દર્શન કર્યા છે. માત્ર ૧,૬૦,૦૦૦ લોકો આ વિસ્તારની મુલાકાત લે તેના આધાર ઉપર આ વિસ્તારને કેટલો લાભ થાય છે જે લોકો યાત્રા માટે આવતા હોય, રસ્તામાં ભોજન કરવા માટે રોકાય તો કોઈ રેસ્ટોરન્ટ હોય તેને રોજગારી મળે છે. રેસ્ટોરન્ટમાં કામ કરતાં નાના નાના કર્મચારી, નાના નાના રોજમદારોને રોજી મળે છે. જે પ્રવાસીઓ આ શહેરમાં આવતા હોય એ શહેરના નાના મોટા ઉદ્યોગો, નાના મોટા લઘુ ઉદ્યોગો દા.ત. પાલીતાણામાં હેન્ડીક્રાફટનો બહુ મોટો ઉદ્યોગ છે. હેન્ડીક્રાફટના ઉદ્યોગ ઉપર આજુબાજુની અસંખ્ય બહેનો રોજગારી મેળવે છે. જે પ્રવાસીઓ આ વિસ્તારમાં આવે છે એ ત્યાંથી હેન્ડીક્રાફટનું કાપડ ખરીદે છે, ભરતગૂંથણ થયેલ કાપડ ખરીદે છે. ત્યાંના સ્થાનિક વેપારીઓને આવક થાય છે. ત્યાંના કારીગરોને આવક થાય છે. એટલું જ નહીં, ટુરીઝમ ઈયરનું કેલન્ડર બન્યું છે તેમાં માર્ચ મહિનો છે એ માર્ચ મહિનામાં પાલીતાણાની બાજુમાં અદપુર ગામ આવેલું છે. અદપુરની અંદર હેરીટેજની પ્લેસ તરીકે વિજયવિલાસ પેલેસ કે જે આપણાં કેલેન્ડરમાં દેખાડવામાં આવ્યું છે. જ્યારથી આ કેલેન્ડરમાં દેખાડવામાં આવ્યું છે ત્યારથી ત્યાં પ્રવાસીઓનું આવવાનું શરૂ થયું છે અને સ્ટેટ મોન્યુમેન્ટસ્ છે એની મુલાકાતે લોકો આવતા થયા છે. નાના-નાના શોપીંગ સેન્ટરો ચાલુ થયા છે, નાના-નાના રેસ્ટોરંટ ખૂલ્યા છે અને ત્યાંના સામાન્ય લોકોને રોજગારી મળતી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કાઈટ ફેસ્ટીવલની બાબતમાં અહીં વાત થઈ. પતંગોત્સવ કરીને આ રાજય સરકાર ખર્ચ કરે છે. પતંગો બનાવે છે કોણ? આ રાજય અત્યારે ટુરીસ્ટોના આધાર ઉપર એક આર્થિક આવક ઊભી કરવા માગે છે. સામાન્ય માણસો કાંઈક લાભાન્વિત થાય. એવા પ્રયાસોના ભાગરૂપે કાઈટ ફેસ્ટીવલ યોજવામાં આવે છે અને રાજયના અસંખ્ય કારીગરોને ૫૦, ૬૦ કે ૧૦૦ રૂપિયાની રોજી મળે છે. પતંગ બનાવનાર કારીગરોને માટે, તેમને રોજી મળી રહે તે માટે આવા ઉત્સવોરૂપે આ કાર્યક્રમો કરવામાં આવે તો એમની રોજગારી વધતી હોય છે. એ ઉપરાંત આ ટુરીઝમ વર્ષની અંદર રોજગારી ઊભી કરવાનો પ્રયત્ન કર્યો છે. સ્થાનિક ટુરીઝમ સેન્ટર ઉપર પહોંચવા માટે સારામાં સારા રસ્તાઓની જરૂર હોય છે. મારે કહેવું જોઈએ કે, આ ગુજરાતની અંદર ઈ.સ. ૫૦૦ વર્ષ પહેલાંની હડપ્પાની સંસ્કૃતિ ધોળાવીરા, લોથલ ખાતે આવેલી છે. વિશ્વનો

ટુરીઝમનો મેપ છે એમાં એ ખૂબ સુવર્ણ અક્ષરે લખાયેલું છે. વિશ્વના ટુરીસ્ટો આવે છે ત્યારે આ સ્થળની મુલાકાત લેતા હોય છે. આ બાબતે રાજય સરકારે ખૂબ જ સારો પ્રયાસ કર્યો છે. સમગ્ર વિશ્વની અંદર ગુજરાતના ટુરીઝમની પોટેન્શિયાલીટીથી વાકેફ કરવા ગુજરાત ટુરીઝમ.કોમ વેબસાઈટ ચાલુ કરી છે. આ વેબસાઈટ ઉપર જુદી જુદી ભાષાઓમાં માહિતી આપવામાં આવી છે. વિશ્વની બધી જ ભાષાઓની અંદર આ માહિતી આપવામાં આવી છે. તેમાં એક સંદેશો પાઠવવામાં આવ્યો છે કે, તમે ગુજરાતમાં આવો, ગુજરાતની અંદર ટુરીઝમની આટલી આટલી શક્યતાઓ છે અને એનો લાભ લઈ પાછલા વર્ષોની અંદર ખૂબ જ ટુરીસ્ટો ગુજરાતની અંદર આવતા થયા છે અને ધાર્મિક દૃષ્ટિએ પણ ગુજરાતની મુલાકાત લેતા થયા છે. આપણે આ ટુરીઝમ વર્ષ ઉજવી રહ્યા છીએ એનો ગુજરાતને મોટો ફાયદો થશે, લાભ થશે. વિશ્વમાંથી અને દેશમાંથી પ્રવાસીઓ ગુજરાતમાં આવે અને તેથી ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય, ગુજરાતની ક્ષમતા વધે, લોકોને રોજગારી મળે અને ગુજરાતની ક્ષમતાઓથી વિશ્વ વાકેફ થાય એ દૃષ્ટિએ રાજય સરકારે પ્રયાસો કર્યા છે. એ બદલ રાજય સરકારને અભિનંદન આપી મારી વાત પૂરી કરું છું.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**અધ્યક્ષશ્રી** : બન્ને પક્ષના દંડકશ્રીઓ, અત્યારે ૪-૧૦ થઈ છે. ૩ મંત્રીશ્રીઓ જવાબ આપવાના છે. તેમને ૨૦ મિનિટ આપીએ તો ૧ કલાક થાય. એટલે હવે ચર્ચાનો સમય પૂરો થાય છે. એટલે હવે હું મંત્રીશ્રીઓને જવાબ આપવા જણાવું છું.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓનો જવાબ પૂરો થાય અને,

**અધ્યક્ષશ્રી** : એમ નહીં, એક કલાક કે અડધો કલાક એમ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમને તો ૪૫ મિનિટ પણ નથી મળતી.

**અધ્યક્ષશ્રી** : હું સભાગૃહનો સમય ૧-૩૦ કલાક વધારું છું. દરેક સભ્યશ્રી પથી ૭ મિનિટ બોલશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, બોલવા માટે ૧૦-૧૨ મિનિટ રાખો.

**અધ્યક્ષશ્રી** : પથી ૭ મિનિટ બરાબર છે. શ્રી બલવંતસિંહ રાજપૂત.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૯, ૫૦, ૫૧, ૬૯ અને ૭૧ જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રીઓ આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુ ઉદ્યોગોની વાતો થતી હોય, ગયા વર્ષે વિદેશી મૂડી રોકાણની અંદર ૪૬૫૬ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયા. એમ.ઓ.યુ.ની અંદર માત્ર ૨.૭૦ ટકા જ એની અંદર વાસ્તવિક કરાર થયા. આ સ્થિતિ છે. આપણે આજની તારીખે ૨૫.૨૫ કરોડ રૂપિયા જાહેરાતો પાછળ ખર્ચીએ છીએ અને માત્ર ૦.૨ આજની સ્થિતિએ છે. હું સમગ્ર ઉદ્યોગો માટેની એટલા માટે વાત કરૂ છું કે આજની તારીખે ઉદ્યોગોની જે સ્થિતિ છે ૨૦૦૪-૦૫ની અંદર ૧૦૩૮૯ના ઉદ્યોગો આવ્યા હતા અને આ વર્ષે માત્ર ૨૬૩૦ જ નવા ઉદ્યોગો આવ્યા, ૮૨૦૦ ઉદ્યોગો આ વર્ષે પણ ઓછા આવ્યા છે અને આજે ગુજરાતનો જે ક્રમ છે, કેન્દ્રના આંકડા છે કે તામિલનાડુનો હિસ્સો છે આખા ભારતની અંદર ૧૩.૯ છે, ઉત્તર પ્રદેશનો ૧૧.૮૫ છે. કેરાલનો ૧૦.૬૯ છે અને ગુજરાતનો ૧૦.૮ છે. ૨૦૦૧થી માંડીને જે ગણતરી હતી, ૨ લાખ ૪૩હજાર ઉદ્યોગો આપણા ગુજરાતના હતા આજે ૨૦ ટકાથી વધુ એકમો બંધ છે. મોટા ઉદ્યોગો ૨૦૦૧ પ્રમાણે ૨૦૫૯ હતા. આજે ૫૦૦ ઉદ્યોગો એની અંદર બંધ છે અને નાના અને મોટા ઉદ્યોગોમાં દિનપ્રતિદિન ઘટાડો થતો જાય છે. હમણાં જ સામેથી કહેતા હતા કે આપણા ઉદ્યોગોમાં દિન પ્રતિદિન વધારો થયો છે. મારે આંકડા સાથે કહેવું છે કે ૧૯૯૯ની અંદર ૧૪૪૩૭ હતા એ ઘટીને ૨૦૦૧ની અંદર ૧૩૩૨૫ થયા, ૨૦૦૩-૦૪માં ૧૨૩૨૧ હતા, ૨૦૦૪-૦૫માં એમાં ઘટાડો થયો અને આજે ૧૦૩૩૬ એટલે છેલ્લા ૫ વર્ષની અંદર જે ઉદ્યોગક્ષેત્રે ક્રાંતિની આપણે વાત કરી છે એ ૪૧૦૧ ઉદ્યોગો આજે બંધ પડયા છે. આખા દેશની આ સ્થિતિ થઈ છે. કયા ઉદ્યોગો કઈ દૃષ્ટિએ બંધ પડયા, ખાદ્ય પેદાશોના ૨૬૭ ઉદ્યોગો બંધ થયા અને પાણી અને તમાકુના ૪૬ ઉદ્યોગો બંધ થયા, લાકડા પેદાશના ૧૮૬ ઉદ્યોગો બંધ થયા, રબ્બર અને પ્લાસ્ટિકના ૨૪૨ બંધ થયા, રસાયણ પેદાશોના ૯૫ બંધ થયા. વીજળી સિવાય યંત્ર સામગ્રીના અને એના ભાગોના ૩૪૧ બંધ થયા. વાહન વ્યવહાર અંગેના, સાધન સામગ્રીના પણ આજે ૩૩ બંધ થયા એવી સ્થિતિ આજે રાજય સરકારની છે. રાજય સરકાર એક બાજુ એમ.ઓ.યુ. કરે, જાહેરાત કરે અને ગુજરાત નંબર-૧ની વાત થાય, ઈન્ડિયા ટુડેએ આપણને નંબર-૧ કહયો. અમારે પૂછવું છે કે ઘ ણી વખત આવા નિગમો દ્વારા ૩૨ લાખ રૂપિયાનો ચેક ગુજરાત ખનિજ વિકાસ નિગમનો ત્યાં આગળ પણ જાહેરાત રૂપે ચેક આપ્યો હતો. નિગમ કે મેરી ટાઈમ બોર્ડમાં પણ દર વર્ષે ૨૫ લાખ રૂપિયા કરતાં વધુ પ્રસિદ્ધિના રૂપમાં આપવામાં આવે છે. છેલ્લા ૩-૪ વર્ષની એટલા માટે વાત કરું છું કે જ્યારે કરોડો રૂપિયા ખર્ચતા હોઈએ , વિદેશી મૂડીરોકાણની આપણે વાત કરતા હોઈએ અને ૨૫ કરોડ રૂપિયાના ખર્ચે આપણે પતંગ ઉત્સવથી માંડીને બધા ઉત્સવો કરતા હોઈએ ત્યારે ૨૦૦૩-૦૪માં ૯૧૭ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ હતું એ ૨૦૦૫ની અંદર વધવું જોઈએ એની જગ્યાએ ૬૧૦કરોડ થયું. ૨૦૦૫-૦૬ની અંદર એમાં પણ ઘટાડો થયો અને ૩૬૨ કરોડ રૂપિયાનું માત્ર મૂડીરોકાણ આવ્યું છે, એટલે છેલ્લા ૩ વર્ષમાં ૫૫૪ કરોડ રૂપિયામાંથી વિદેશી મૂડીરોકાણ આજે ઘટયું છે. રાજયના દસ નિગમો આજે બંધ થવાની પરિસ્થિતિમાં છે એની ચિંતા આપણે આજે

કરતા નથી મારે એટલું કહેવું છે. આ જી.આઈ.ડી.સી. માટેની વાત છે એમાં સિદ્ધપુરને જી.આઈ.ડી.સી. ૨૦ વર્ષ પછી આપી પણ આજે પણ એના ડબલ ભાવ લેવામાં આવ્યા છે એવી સ્થિતિ છે. ખાસ તો રોજગારી માટેની વાત આપણને સૌને લાગુ પડે છે. આજે આપણા ઉદ્યોગો આવે એના કારણે રોજગારી વધવી જોઈએ એ આજે દિનપ્રતિદિન ઘટી છે. ખાણ અને ખનિજ વિભાગની અંદર ૫ હજાર લોકોનો ઘટાડો થયો છે. ઉત્પાદન કામમાં ૧૨ હજાર લોકોનો ઘટાડો થયો છે. બાંધકામમાં ૨૪હજારનો ઘટાડો થયો છે. વાહન વહેવારમાં ૨૪હજારનો ઘટાડો થયો છે. સામાજિક અને વ્યકિતગત સાધનોમાં ૨ હજારનો ધટાડો થયો છે. કોંગ્રેસના શાસનની અંદર ૧૯૯૨-૯૩માં ૧૦ લાખ લોકો હતા અમે ૨ વર્ષ જબરજસ્ત પ્રયત્ન કર્યો અને ૧૯૯૪-૯૫ની અંદર અમે ૮ લાખ અને ૯૯હજાર લાવ્યા એટલે આ ૩ વર્ષના કાળમાં અમે ૧ લાખ અને ૨૭હજાર બેરોજગારો ઘટાડયા હતા. આજની સરકારમાં જે રોજગારીનો પ્રશ્ન છે એ ૧૯૯૫-૯૬માં જે આંકડો હતો એમાં આજે ૨૦૦૫ના અંતે ૧૨.૧૬ લાખનો વધારો થયો છે. એક બાજુ ઉદ્યોગોની વાતો કરીએ અને રોજગારીના પ્રશ્નમાં ૩ લાખ લોકો આજે વધ્યા છે. એટલા માટે કહેવું છે કે ઉદ્યોગો માટેની જે સ્થિતિ છે એમાં રોજગારી ઘ ટતી હોય તેવા સંજોગોમાં આપણે ખોટી ખોટી જાહેરાતો બંધ કરી અને વાસ્તવિક ઉદ્યોગો તરફ જઈએ તો મને લાગે છે કે સામૂહિક સારું કામ કર્યું ગણાશે. ગ્રામ વિકાસની વાત થાય છે. ગોકૂળ ગામ, ઈ-ગ્રામ, વિશ્વ ગ્રામ, સમરસ ગામ, તીર્થ ગ્રામ આ બધી યોજના લાવતા હોય છે. છેલ્લા એક વર્ષમાં એક પણ ગામ સમરસ થયું નથી. વર્ષ ૨૦૦૪-૦૫માં કચ્છ જિલ્લામાં ૬૦ હજાર આપવાના હતા એને આજે પણ અપાયા નથી. સુવર્ણ જયંતી સ્વરોજગારમાં ગ્રામીણ બહેનો માટેના જૂથો બનાવવાના હતા એ બન્યા નથી. શ્રમયોગી યોજના છે એમાં એક લાખ શ્રમ રોજગારી આપવાની વાત હતી જે અપાઈ નથી. વર્ષ ૨૦૦૫-૦૬માં રૂપિયા ૫ કરોડ ફાળવ્યા હતા પણ એની કામગીરી આજ સુધી હાથ ધરાઈ નથી. હવે માત્ર જાહેરાતો બની ગઈ છે. શકિત ગ્રામ યોજનામાં વર્ષ ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫માં બજેટમાં ફાળવણી કરી હતી. છેલ્લા ત્રણ વર્ષમાં બજેટમાં ઉલ્લેખ કર્યો હતો. દરેક ગામમાં ગ્રામસભા ભરવાનું ચાલું થયું હતું. આ ગ્રામસભાઓમાં ૫૦ ટકા પ્રશ્નોનો નિકાલ થયો નથી. આજે ઘણા પ્રશ્નો બાકી છે. જ્યારે ૨૦૦૬ની સ્થિતિએ રાજ્યમાં ૨૩૩૧ તલાટીઓની ઘટ છે. મારા પાટણમાં ૯૦ તલાટીઓની ઘટ છે. કચ્છ જિલ્લામાં છેલ્લી સ્થિતિએ ત્રણ વોટરશેડના કામો મંજૂર કરેલા. ૫૯ કરોડની યોજના હતી એમાં ૪૭ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો. ૨૦ ટકા કામ બાકી છે. સુવર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના હતી એ સ્પેશિયલ પ્રોજૅકટ તરીકે ચાલું કરવામાં આવી હતી. એમાં પણ ૪૩ ટકાથી વધારે કામ થયું નથી. રાજ્ય સરકારે જૂથ ગ્રામ પંચાયત વિભાગની જાહેરાત કરી પણ આજે એમાં કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી. ડિસેમ્બર ૨૦૦૫ સુધીમાં પંચાયત વિભાગમાં ૪૫૩ રહેમરાહે નોકરીના કેસો પડતર છે. સરકાર એક બાજુ ગ્રાન્ટ ફાળવે, ગ્રામ વિકાસ યોજના પાછળ જે ખર્ચ કરવામાં આવ્યો, અંદાજ ૨૪૫ કરોડનો હતો એમાં માત્ર ૨૦૯ કરોડ ખર્ચ કરવામાં આવ્યો. ૩૬ કરોડ રૂપિયા પડી રહ્યા છે. વર્ષ ૨૦૦૫-૦૬માં ૩૧૫ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં ૧૮૫ કરોડ રૂપિયાનું એટલે કે ૫૮ ટકા કામ જ આજ સુધીમાં થયું છે. ગ્રામ વિકાસની યોજનામાં ૨૦૦૫-૦૬માં ૨૦૪ કરોડ રૂપિયાનો અંદાજ હતો એ છેલ્લે ૨૦૦૬-૦૭માં બે વર્ષમાં ૨૩૦ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. તીર્થ ગ્રામ યોજના હતી એમાં પણ બે કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ઈનામની યોજના હતી, મોટા મોટા લક્ષાંકો રાખવામાં આવે પણ એની કોઈ કામગીરી થતી નથી. એમાં પણ મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. સરદાર પટેલ આવાસ યોજના છે એમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૪૬ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. એક બાજુ સરકાર ગ્રાન્ટ ફાળવે છે પણ વર્ષ ૨૦૦૪-૦૫માં ૮૦ ટકા કામ થયું નથી અને ૨૦૦૫-૦૬માં ૪૦ ટકા કામ થયું છે. ગ્રામ મિત્ર યોજના છે એમાં એક લાખ શિક્ષિત બેરોજગારોને માટેની જાહેરાત કરવામાં આવી હતી કે ૧૦૦૦ રૂપિયા માસિક આપીશું. એમાં એક રૂપિયો પણ ખર્ચ કરવામાં આવ્યો નથી.

**શ્રી કાંતિભાઈ રા. લકુમ (બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૪૯,૫૦,૫૧, ૬૯ અને ૭૧ લઈને આવ્યા છે તેમાં મારું સમર્થન છે અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ એ ગામડાનો બનેલો દેશ છે. ૬૦ ટકા વસતિ ગામડામાં રહે છે અને એનો સર્વાંગી વિકાસ થાય એ માટેનું માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ સરકારે આયોજન કર્યું છે. ગોકૂળ ગ્રામ યોજના, જ્યોતિ ગ્રામ યોજના, ઈ-ગ્રામ યોજના, સમરસ ગામ યોજના, તીર્થ ગ્રામ યોજના આવી અનેક યોજનાઓ દાખલ કરી ગામડાને વધુને વધુ મહત્ત્વ આપી અને ગામડામાં આ યોજનાઓનો અમલ થાય, ધારાસભ્યો જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતમાં જઈને લોકો સાથે બેસે, અધિકારી ગામડામાં જઈને બેસે અને ગામડાના જે પ્રશ્નો છે એનો કેવી નિકાલ કરવો એ માટેની આ યોજના એ ગામડામાં પહેલાના વખતમાં ગામડાને બહુ જાણકારી આપીશું તો એ આપણને પ્રશ્ન કરશે, આપણી પાસે માહિતી માગશે એવી એક નીતિના કારણે ગામડાને જાગૃત્ત નહિ કરવાનો અભિગમ હતો એને આ સરકારે અભિગમની વિરુદ્ધમાં ગામડાના લોકોને જાણકારી આપી એને કેવી રીતે વધુમાં વધુ સરકારી યોજનામાં લાભ લઈ શકે એ માટેના પ્રયત્નો કર્યા છે. પંચાયતમાં જઈએ તો જર્જરિત રીતે મકાન હોય, વરસાદ આવે તો અંદર પાણી પડતું હોય, તલાટી કે સરપંચ ચોપડા લઈને કોઈના ઘરે મૂકે એની અંદર ચેડાં થાય આ બધું જૂનું-પુરાણું હતું એને બદલીને 'તલાટી-કમ-મંત્રી

અને પંચાયત ઘર' એવું એક મકાન બનાવવામાં આવ્યું અને ગામડામાં ધાબાવાળું મકાન સરસ બન્યું અને એની અંદર પંચાયતમાં તલાટી, સરપંચ બેસે અને એનો પોતાનો વહીવટ કરે તો આ માટેની જે નાણાકીય સગવડતા ઊભી કરી છે. એ ધરતીકંપ વિસ્તાર હોય ત્યાં ૩ લાખ ૬૫ હજાર અન્ય વિસ્તારમાં ૩ લાખ ૩૨ હજાર એનો એસ્ટીમેટ બનાવેલો છે. ગ્રામપંચાયતને મકાન બાંધવા માટે મોડું ના થાય એટલે એને ગ્રામપંચાયત એના માટે વીના ટેન્ડર મકાન બાંધી શકે એને ટેન્ડરમાં નહિ આપવાના, ૨૦૦૫-૦૬માં ૨૩૦ 'તલાટી-કમ-મંત્રી ઘર' બનાવ્યાં છે. હમણાં વાત થતી હતી કે એમણે કોઈ કામ કર્યા નથી અને વર્ષ ૨૦૦૬-૦૭ની અંદર ૧૦ કરોડ રૂપિયાનું આયોજન આ વખતે કરવામાં આવ્યું છે. એજ પ્રમાણે ગામમાં સરદાર આવાસ યોજના દાખલ કરી અને માનનીય સરદાર પટેલના નામથી આ યોજના દાખલ કરી અને એમાં ૩૧૫ કરોડની જોગવાઈ આ વખતે સૂચવેલ છે, એમાં લાભાર્થીને ૩૬૦૦૦ રૂપિયા એ સરકાર તરફથી મળે છે અને ૭૦૦૦ રૂપિયાએ લાભાર્થીએ પોતે કાઢવાના હોય છે, જેની અંદર સુધારો કરી મેંગલોરી નળિયા પણ નાંખી શકે અને ધાબાવાળું મકાન પણ બનાવી શકે એ બધા ધારાસભ્યોની રજૂઆતને ધ્યાને રાખીને સરકારે એમાં પણ વિચારણા કરેલ. આ મકાનની અંદર શૌચાલય બનાવવું ફરજિયાત છે અને એ શૌચાલય ના હોય તો ગામડામાં ખૂબ તકલીફ છે અને એનાથી બહેનોને ખૂબ તકલીફ છે કે રાતના સમયે એમને શૌચ માટે જવું પડે તો આ યોજનામાં શૌચાલય ફરજિયાત દાખલ કરવા.

સરકારે સમરસ ગામ યોજના દાખલ કરી અને સરકાર કોઈ ગામ સમરસ નથી કરતી એવું વિરોધપક્ષ દ્વારા કહેવામાં આવે છે, પણ એમને ખબર નથી કે જ્યારે પાંચ વર્ષે ચૂંટણી આવે ત્યારે સમરસ ગામ થાય, દરરોજ ગામ સમરસ થાય નહિ. એટલે ગઈ વખતે ચૂંટણી આવી હતી એમાં ૩૭૯૪ ગામો સમરસ જાહેર થયા હતા અને એમને સરકારે યોજનામાં પૈસા આપવાનું નક્કી કર્યુ છે અને એમાં ૨૩૦૬ લાખ રૂપિયાની રકમ આપવામાં આવી છે. ૧૨૩ ગામો એવા હતા કયાંક કોઈ એક સભ્યની ચૂંટણી બાકી હોય અને આખું ગામ સમરસ થતું હોય તો એ ટેકનિકલ કારણોસર એ સભ્ય ફરી વખત થાય તો એવા ૧૨૩ ગામ ટેકનિકલ કારણોસર રહી ગયા હતા એને પણ આ વખતે મંજૂરી આપી દેવામાં આવી છે. એ જ પ્રમાણે ઈ-ગ્રામ યોજના, એટલે આખા ગુજરાતની અંદર ગ્રામપંચાયતની અંદર રેશનકાર્ડ, જન્મ-મરણનું પ્રમાણપત્ર, મિલકતનો દાખલો, બી.પી.એલ.નું પ્રમાણપત્ર, જાતિનો દાખલો, આવકનો દાખલો, ચારિત્ર્યનો દાખલો, નિવાસનો દાખલો, રેશનકાર્ડ અલગ કરવું હોય કે નવું કાઢવું હોય તો એનો દાખલો એ એમને ગામમાંથી મળી રહે અને તલાટીને એની ટ્રેનિંગ આપવામાં આવે અને એ પ્રમાણે ગામની માહિતી તૈયાર કરવામાં આવી છે અને ૨૦૦૫-૦૬માં ૨૫ કરોડની જે યોજના દાખલ કરી હતી અને સરકારે ગ્રાન્ટની સગવડતા કરી હતી એ ૨૦૦૬-૦૭ અંદર ૩૦ કરોડ રૂપિયા એમાં ફાળો કર્યો છે.

ગ્રામસભા એ પહેલાના વખતમાં કાગળ પર ચાલતી હતી, પાંચ જણા આવે અને કાગળ પર સહી લઈ લે, કોઈ ખેતરે જતો હોય તો તેની કાગળમાં સહી લઈ લે અને ગ્રામસભા કરી એવું મોકલી દેવાતું હતું. આ ગ્રામ સભાઓ પહેલેથી ચાલતી હતી પણ આ સરકારે આ ગ્રામ સભાઓને મૂર્તિમંત બનાવી અને એમાં ગામોની ગ્રામ સભાઓ એટલે વિકાસના કામો એટલું જ નહીં પણ તલાટી ગામમાં આવે છે કે નહીં, નર્સ ગામમાં આવે છે કે નહીં, ગ્રામ સેવક ગામમાં આવે છે કે નહીં, જન્મ-મરણનું પ્રમાણપત્ર, વારસાઈ કરવાનું આ બધું જ આ ગ્રામ સભામાં નક્કી થાય અને ગામના બધા લોકોને ખબર પડે, અધિકારીઓ ગામમાં જાય, ચૂંટાયેલા પદાધિકારીઓ ગામમાં જાય અને આ ગ્રામ સભા થાય અને રાતના છ વાગ્યે ગ્રામ સભા થાય, ગામના લોકો પણ ત્યાં હાજર રહી શકે એ માટેની આખી યોજના કરી છે અને એમાં પંદર લાખની માતબર રકમની એમાં જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તિર્થ-ગ્રામ યોજના એટલે જે ગામોનો સર્વાંગી વિકાસ થાય અને એ ગામોમાં ટંટા-ફીસાદ ના હોય, બીજા કોઈ ઝઘડા ના હોય એવા ગામોને આ તિર્થ-ગ્રામ યોજના હેઠળ એ લોકોના ગામમાં કોઈ ઝઘડાઓ ન કરે અને પોતે શાંતિથી રહી શકે એ માટે એક લાખ રૂપિયાનો પુરસ્કાર આપે છે અને ૨૦૦૬-૦૭માં ૨૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતોમાં પંચવટી યોજના દાખલ કરી છે. શહેરોમાં લોકો બગીચાઓમાં સાંજના સમયે પોતાના બાળકોને લઈને ફરવા જતા હોય છે તો ગામડાઓમાં પણ લોકો આ યોજનાનો લાભ લઈ પોતાના ગામમાં આ પંચવટી એટલે એક બગીચો બનાવે અને ત્યાં ગામના નાના બાળકો રમવા જાય એવી આ યોજના દાખલ કરી એમાં રાજય સરકાર એક લાખ રૂપિયા અનુદાન આપે છે અને પચાસ હજાર રૂપિયા ગ્રામ પંચાયતે લોકફાળા તરીકે ભરવાના હોય છે, હમણાં જ અમે એક બગીચાનું ખાત મુહૂર્ત કરીને આવ્યા, ગામના લોકો બધા ભેગા થયા હતા અને એનું સુંદર આયોજન કર્યુ હતું, આ યોજનામાં એક હજાર લાખ રૂપિયાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ, શ્રી પુંજાભાઈ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી, ગ્રામ વિકાસ મંત્રીશ્રી અને ઉદ્યોગ મંત્રીશ્રી પોતાના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતી રાજય, રાજય સરકારની વિવિધ પ્રકારની યોજનાઓનો લાભ ત્રિ સ્તરીય માળખા દ્વારા ગામડાના છેવાડાના માણસ સુધી આપણે પહોંચાડી શકીએ છીએ. એમાં ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોના વહિવટી માળખા દ્વારા આપણે કામગીરી કરીએ છીએ. રાજય સરકાર મોટી જાહેરાતો કરે છે કે ગ્રામ પંચાયતોને એટલે કે ગામડાઓને તાલુકા કક્ષાએ, તાલુકાઓને જિલ્લા કક્ષાએ અને જિલ્લાઓને સ્ટેટ કક્ષાએ જોડવા માટે રાજય સરકાર કમ્પ્યુટર ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી નીચે આવરી લેવા માટે જાહેરાતો કરે છે. કામગીરી અંદાજપત્ર મેં જોયું છે અને વાંચ્યું છે તો એમાં કમ્પ્યુટર ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી નીચે ૨૦૦૧થી દર વર્ષે બજૅટમાં નાણાંની જોગવાઈ કરવામાં આવે પરંતુ એનો અભ્યાસ કરતાં જાણવા મળ્યું કે, બજૅટમાં કરેલ જોગવાઈ મુજબના નાણાં વર્ષના અંતે વાપરવામાં આવતા નથી, જોગવાઈ કરીએ છીએ પરંતુ બજૅટ વાપરીએ નહીં અને પછી બીજી જગ્યાએ આપણે મોટી વાતો કરીએ છીએ કે આટલો વિકાસ થયો. ગામોને તાલુકા કક્ષાએ જોડ્યા અને તાલુકા કક્ષાએથી જિલ્લા કક્ષાએ અને જિલ્લા કક્ષાએથી સ્ટેટ કક્ષાએ ગામો જોડાઈ ગયા, આવી વાતો રાજય સરકાર દ્વારા થાય છે એ આ કામગીરી અંદાજપત્ર જોતાં, કામગીરી પોકળ લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે, આપણે બજૅટમાં જે જોગવાઈ કરીએ છીએ એ બજૅટ જોગવાઈ મુજબ વર્ષના અંતે પૂરેપૂરી રકમો ખર્ચાઈ જાય એ અતિ મહત્ત્વની વસ્તુ છે એવી જ રીતે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોના વહિવટી માળખાને સંગીન બનાવવા માટેની આપણે જોગવાઈ કરીએ છીએ તો એ પણ કામગીરી અંદાજપત્રમાં જોતાં, બજૅટમાં કરેલી જોગવાઈની પૂરેપૂરી રકમો વર્ષ વાઈઝ વાપરવામાં આવેલ નથી. તેવી જ રીતે પંચાયત ઘરની ગૃહની અંદર પણ જાહેરાત કરવામાં આવી છે કે આવનારા દિવસોમાં તમામ ગામમાં પંચાયત ઘર બાંધી આપવામાં આવશે. પણ ૨૦૦૦થી વર્ષવાર જે ફાળવણુ કરવામાં આવ્યું છે તે વર્ષના અંતે પુરતી જોગવાઈ કરીને કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી નથી. તેવી જ રીતે બધી યોજનાઓમાં બજેટમાં કરેલી જોગવાઈ અનુસાર નાણા વાપરવામાં આવ્યા નથી. શ્રમયોગી યોજના રાજય સરકારે દાખલ કરી. એક ગામદીઠ પાંચ કુટુંબોને શ્રમયોગી તરીકે નકકી કરવામાં આવ્યા છે પરંતુ મંત્રીશ્રીનું કહેવું છે કે શ્રમયોગી ગ્રામસભા દ્વારા નકકી કરે છે.પરંતુ આવાસો આપવામાં આવે છે ત્યારે એમની પાસે જમીન ન હોવાને કારણે આ શ્રમયોગીને મકાન આવાસ મળતા નથી એટલે મંત્રીશ્રીને મારે કહેવું છે કે શ્રમયોગીની યાદી બનાવીએ છીએ તારાંકિત પ્રશ્નોત્તરીમાં હેમાભાઈનો પ્રશ્ન હતો એ સિવાય આંબેડકર આવાસ યોજના નીચે જમીન ન હોવાને કારણે નામંજૂર કરવામાં આવી હતી. એમને જમીન મળે, પ્લોટ મળે એવી વ્યવસ્થા કરવામાં આવે એવી મારી મંત્રીશ્રીને વિનંતી છે.

ગામ તળો મંજૂર કરવામાં આવે ત્યારે ગામ તળો મંજૂર કરવામાં વિલંબ થાય છે એમાં મહેસૂલ વિભાગ સંકળાયેલ છે ત્યારે પંચાયત મંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રી સાથે બેસી બંને વિભાગનું સંકલન કરી વહેલામાં વહેલી તકે ગામ તળ વધે અને ગરીબી રેખા નીચે જે કુટુંબો જીવે છે એને સમયસર પ્લોટ મળે તો જ આપણી યોજનાનો હેતુ સાર્થક થશે. ચાલુ વર્ષના બજૅટમાં સરદાર આવાસ યોજનાનો લક્ષ્યાંક ઘટાડી દેવામાં આવ્યો છે. એક બાજુ આપણે ગરીબોને મદદ કરવાની વાત કરીએ છીએ બીજીબાજુ ગરીબોની યોજનાનો લક્ષ્યાંક ઘટાડીએ એ કોઈપણ સંજોગોમાં વાજબી નથી. તો મંત્રીશ્રીને વિનંતી છે કે સરદાર આવાસનો લક્ષ્યાંક વધારવામાં આવે. ગ્રામ મિત્ર યોજના દાખલ કર્યા પછી વર્ષવાર નાણાકીય ફાળવણુ કરવામાં આવ્યું છે. પરંતુ આજની તારીખે ગ્રામમિત્ર અમલીકરણ કરવામાં આવતુ નથી. રાજયના કોઈપણ ગામમાં એક જ ગ્રામમિત્રની નિમણૂક કરવામાં આવી નથી. એ દુઃખદ વાત છે. ગ્રામપંચાયત જાહેર હરાજીના પ્લોટનું વેચાણ કરે છે અને જાહેર હરાજી દ્વારા જે આવક થાય એ સરકારમાં જમા કરવામાં આવે છે. પણ સરકારે એ રકમ પાછી ગ્રામ પંચાયતને આપવાની હોય છે. પણ લાંબા સમય સુધી હરાજીની મળવાપાત્ર રકમ રાજય સરકાર ચુકવતી નથી. પરિણામે ગ્રામ પંચાયતે સહન કરવાનું આવે છે ત્યારે આપના મારફત મંત્રીશ્રીને વિનંતી કરું છું કે રાજયમાં જે ગ્રામ પંચાયત જાહેર હરાજી કરે છે અને પૈસા ભર્યા છે અને જે રકમ આપવાની થતી હોય એ રકમ તાત્કાલિક અસરથી ગ્રામ પંચાયતને ફાળવી આપવી એવી વિનંતી.

પેશકદમી ગંભીર ચિંતાનો વિષય છે. દબાણ દૂર કરવા માટે પંચાયતની જવાબદારી છે એ પંચાયતની જવાબદારી નિભાવવામાં ગ્રામ પંચાયત ઉણી ઉતરી છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે દબાણ દૂર કરવા માટેની કાર્યવાહી પંચાયત પાસે ન રાખતા તાલુકા પંચાયત અથવા મહેસૂલ અધિકારીને સંપૂર્ણ જવાબદારી કે સત્તા આપવામાં આવે. તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતમાં સેટ અપ મુજબ જગ્યા મોટે ભાગે ખાલી છે આને કારણે વહીવટી કામગીરી ઉપર જબરજસ્ત અસર પડે છે. વહીવટની સારી કામગીરી થઈ શકે, સમયસર લોકોને ન્યાય મળે, પ્રજાના પ્રશ્નોનો સમયસર ઉકેલ આવે એ માટે મંજૂર થયેલ મહેકમ મુજબ સેટઅપની જગ્યા તાત્કાલિક ભરાય એવી વિનંતી. ગ્રામ પંચાયત સરપંચ હોય, સરપંચને જે રીતે રાજય સરકાર અને પંચાયત વિભાગ કિન્નાખોરી રાખીને જયાં કોંગ્રેસના ગ્રામ પંચાયતના સરપંચ ચુંટાયેલા છે. કોંગ્રેસની વિચારસરણી સાથે સંકળાયેલા

છે એવા સરપંચને ઈરાદાપૂર્વક કિન્નાખોરી રાખીને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે અને રાજકીય રીતે દુરઉપયોગ કરીને હેરાન કરવામાં આવે છે. એટલે આપને મારી વિનંતી છે કે સત્તાનો ઉપયોગ ઈરાદાપૂર્વક ભ્રષ્ટાચાર થતો હોય, ગેરરીતિ થતી હોય, પોતાના અધિકારોની જોગવાઈ પ્રમાણે કામગીરી ન કરતા હોય તો ચોકકસ એને દૂર કરવામાં આવે. કુદરતી આપત્તિ સમયે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત પોતાના સ્વભંડોળમાંથી જેમને ચૂકવવાની આવતી હોય છે, એ અરજદારોને તાત્કાલિક અસરથી સ્વભંડોળમાંથી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત રકમ ચૂકવી આપે એ માટેની રકમ વહેલી તકે રાજ્ય સરકારે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતને ફાળવવી જોઈએ તેવી આપના મારફત વિનંતી કરું છું.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ)** : આ વિષયમાં માગણી નંબર ખાસ કરીને ૬૯ ૩,૩૧,૭૦,૦૦૦ ની મહેસૂલી ખર્ચની માગણી મંત્રીશ્રી આજે જે લઈને આવ્યા છે, એ માગણીના સંદર્ભમાં મારા વિચારો રજૂ કરું છું.

કોઈપણ માગણી હોય, કોઈપણ વિચાર હોય, એને વિચારની રીતે જોવો જોઈએ. હું પહેલેથી એ બાબતમાં દરેક સભ્યને વિનંતી કરું છું કે એને એક ઈર્ષાના રૂપમાં ન જોવો જોઈએ. આ વિચાર છે એ વિચારને સાથે મળીને પ્રાણ પુરવાનો છે, એમાં કોણ કટિબદ્ધ રહ્યું છે, કોણ પ્રયત્નશીલ છે એ જોવામાં આવે છે. વર્ષ દરમ્યાન ચૂંટાયેલા વિસ્તારના પ્રતિનિધિ ઓછામાં ઓછા ૩ વખત પ્રજા પાસે જાય છે, એમાં સૌથી વધારે જતા હોય તો ગ્રામસભામાં જાય છે. હમણાં છેલ્લા એક વર્ષ અને આ વર્ષ કૃષિ મહોત્સવ નિમિત્તે એક મહિનો આપણે ગરમીમાં ગામડામાં જઈશું, એ પછી કન્યા કેળવણી રથ પ્રવેશ યાત્રાનો શુભ હેતુ લઈને જઈશું, આપણે ઘ ણી બધી યોજનાની વાત કરી, એમાં કેટલાક વિચાર રજૂ કર્યા, પણ એ દરેક યોજનાઓમાં ગ્રામ મિત્ર યોજના હોય, પંચવટી યોજના હોય કે તીર્થ ગ્રામ યોજના હોય, કોઈપણ યોજના હોય એ યોજનાને પૂરી કરવી હશે તો આપણે સંપૂર્ણ યોગદાન આપવું પડશે. આપણે પણ એ માટે રચનાત્મક વિચારમાં પ્રાણ પુરવાની રીતે આગળ વધવું પડશે, એ ખાસ જોવું પડશે. રાજ્ય સરકાર દ્વારા આવાસની યોજના હમણા છેલ્લે ૨૦૦૫-૦૬ ની સાલમાં ૩,૧૨,૧૫,૨૬,૦૦૦ નો અંદાજ હતો, એની સરખામણીમાં ચાલુ વર્ષે ૩૨,૧૮,૨૮,૦૦૦ આશરે ૧૦.૩૧ ટકાની વાત કરી છે, એવું દરેક બાબતમાં છે. સૌથી આનંદની વાત એ છે કે અનેક યોજનાઓ છે: ગ્રામ મિત્ર યોજના, તીર્થ ગ્રામ યોજના, પંચવટી યોજના આ બધી યોજના છે, પણ સૌથી સારી વાત થઈ હોય તો ૧૯૮૦ થી સર્વોદય યોજના બંધ કરી હતી, એ યોજના આપણે ૧૯૯૧ થી ચાલુ કરી છે અને સૌથી વધારે બજેટ ચાલુ સાલે એમાં આપ્યું છે, એમાં ૩૦ જેટલાં વધારે કેન્દ્રો કાર્યરત કર્યાં છે. સર્વોદય યોજનામાંથી જે કંઈ આપણે છેવાડાના માનવીની વાત કરીએ છીએ, એને રોજગારી આપવાની વાત કરીએ છીએ, શ્રમની વાત કરીએ છીએ, જે યોજના ૧૯૮૦ થી ૧૯૯૧ સુધી બંધ થતી હોય અને ૧૯૯૧ થી પુનઃજીવિત થતી હોય, અત્યારે વિકાસનો તબક્કો હોય તો આ યોજના સરકારની પ્રજા સુધીની દ્રષ્ટિ અને પ્રજાલક્ષી અભિગમના પરિણામ સ્વરૂપે છે. પંચાયત ઘર અને તલાટી મંત્રીના નિવાસ સ્થાનમાં આપણે જોઈશું. છેલ્લે ૨૦૦૪-૨૦૦૫, ૨૦૦૬-૨૦૦૭ ની સાલથી બજેટ વધાર્યું છે, એટલું નહિ, એ બજેટ પૂરું વપરાયું છે કે નહિ, એનું પણ આપણે ધ્યાન રાખીએ છીએ. આ સાલે ૨૦૦૬-૦૭માં એક હજાર લાખની જોગવાઈ કરી છે. પંચાયત ઘરો, તલાટી મંત્રીના નિવાસ સ્થાનો ખૂબ જરૂરી હતા. કારણકે તલાટીને રહેવા માટે સ્થળ ન હોય, મકાન ન હોય, કામ કરવા માટે કચેરી ન હોય તો ગ્રામ પંચાયત માટે જે જે યોજનાઓ અને વિચારો રજૂ કર્યા હોય છે તે યોજનાઓ નિષ્ફળ જતી હોય છે અને એટલા માટે આપણે એક હજાર લાખની જોગવાઈ કરી છે અને તેના દ્વારા આવનાર ભવિષ્યમાં ઈ-ગ્રામ યોજના માટે ૩૭.૪૮ કરોડની જે જોગવાઈ કરી છે અને ૨૦૦૬-૦૭ની સાલમાં ઈ-ગ્રામ યોજના ગ્રામ પંચાયતને ૨૧મી સદીમાં ગુજરાતનું ગામડું કેટલું વિકસિત છે તે જોઈ શકાશે. બીજા રાજયોમાં ઈ-ગ્રામ યોજના જોઈએ તો એક ખાલી વાત છે. તઘલખી વિચાર જેવું લાગે છે. ૧૨મા નાણાં પંચની જોગવાઈમાંથી નાની સિંચાઈ માટે ૩૦.૨૮ કરોડ, એપ્રોચ રોડ માટે ૧૫.૭૭ કરોડ, શાળના ઓરડા માટે ૧૨.૯૬ અને બીજા કામો માટે ૧.૨૨ કરોડ ફાળવ્યા છે. તે સિવાય બીજી અનેક બાબતો છે. ગ્રામ પંચાયતની જે જે યોજનાઓ છે તેમાં ખાસ કરીને ગ્રામસભા જેમાં દરેક પ્રશ્નનો ઉકેલ થાય છે. મારા સાથી મિત્ર કાન્તીભાઈએ કહ્યું તેમ પહેલાં ગ્રામસભા કાગળ ઉપર હતી હવે ગ્રામસભા જોઈએ તો તેમાં ઘણા બધા અધિકારીઓ હોય છે, ગામના લોકો મોટી સંખ્યામાં હોય છે. ધારાસભ્ય હોય છે, આપણે અચાનક જઈએ તો આ સફળ થાય છે. ગ્રામસભાઓ માટે નાણાંનો ઉલ્લેખ છે એટલા માટે તે સફળ થાય છે. ધારાસભ્ય સૂચવે તે વ્યકિતગત કામો એવું નહીં પણ તેમાં ૯૦ ટકા કામો ગ્રામસભા આધારિત હોવા જોઈએ. તે લેવા જોઈએ આમ ગામના લોકોના ૯૦ ટકા કામો થાય છે તેથી ગ્રામસભાઓ સફળ થાય છે. આભાર. ભારત માતાકી જય.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર- ૪૯, ૫૦, ૫૧, ૬૯ અને ૭૧ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત તો એની પાસે સ્વભંડોળ નથી. તેની પાસે પોતાના ખર્ચા જે બાર મહિનામાં થઈ રહયા છે તેને નિભાવવા માટેની વ્યવસ્થા ન હોય ત્યારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ગુજરાતમાં આપ બેઠા છો ત્યારે સમગ્ર ગુજરાતની તાલુકા પંચાયતો, ૧૮

હજાર ગામડા, જિલ્લા પંચાયતો ક્યાંક તો અધિકારીઓ પાસે બેસી જરા ચર્ચા કરો કે કઈ તાલુકા પંચાયત પાસે પોતાનું સ્વ ભંડોળ નથી. કંઈ જિલ્લા પંચાયત પાસે સ્વ ભંડોળ નથી. ગ્રામ પંચાયતોમાં એવું છે કે પોતાના વારિગૃહ અને પંચાયતના પટાવાળાના પગાર કરવાના પણ પૈસા નથી. આવું કયાંક બેસીને જુઓ. આ માટે મંત્રીશ્રી કંઈક વ્યવસ્થા કરે એટલી વિનંતી કરું છું. એટલા માટે વ્યવસ્થા કરવાની વાત થાય છે કે જ્યારે આપણે સમગ્ર ગુજરાતના વિકાસની વાત કરતા હોઈએ ત્યારે માત્રને માત્ર એવું બને છે કે સુખી સંપન્ન ગામડાનો વિકાસ થાય છે. એક બોર હોય ત્યાં ત્રણ બોર થાય, રોડ ઉપર રોડ કરવામાં આવે, શાળાના ઓરડાની જરૂર ન હોય ત્યાં ઓરડા કરવામાં આવે અને આ બધુ થવાને કારણે ૧૧મા અને ૧૨મા નાણાં પંચ. આ ૧૨મા નાણા પંચમાં કેમ એવી જોગવાઈ નથી કરી શકતા કે જ્યાં એક રૂપિયાની આવક ન હોય ત્યાં સીધેસીધી પંચાયતને પાણીની વ્યવસ્થા માટે ૧૨મા નાણા પંચમાંથી આપી શકીએ. જયાં શાળાના ઓરડા ખૂટે છે ત્યાં તેની વ્યવસ્થા કરી શકીએ. બધાના ૧/૫ ભાગના ગામો નક્કી થયા છે અતિપછાત. ૧૧મા નાણાપંચના પૈસા ખર્ચાયા ન હોય, એમ.પી., એમ.એલ.એ.ના પૈસા ખર્ચાયા ન હોય, વિવિધ યોજનાઓના પૈસા ખર્ચાયા ન હોય એવા ૧/૫ ગામો આમાં નક્કી કર્યા. જિલ્લામાંથી પૈસા ફાળવી દેવામાં આવ્યા પણ ફાળવી દીધા પછી ૨૧ ગામોને આમાં એવું કહેવામાં આવ્યું કે તમે તમારી ૨૫ ટકા મેચીંગ ગ્રાન્ટના આપો તો થાય. હવે મેચિંગ ગ્રાન્ટ એટલે ધારાસભ્ય ઉપર આધાર રાખવાનો અને આ જે ધારાસભ્યોને ૫૦ લાખ રૂપિયા મળે છે એ બંધ કરી દો એવી હું તો વિનંતી કરું છું, એ વિનંતી એટલા માટે કરું છું કે, એસ.ટી. માં પૈસા જોઈએ તો ધારાસભ્ય, પાણી પુરવઠા માટે પૈસા જોઈએ તો ધારાસભ્ય, રોડ માટે પૈસા જોઈએ તો ધારાસભ્ય એટલે આ જે મેચિંગ ગ્રાન્ટ છે એની જગ્યાએ બિલકુલ પછાત ગામો છે, માનનીય અધ્યક્ષશ્રી, હું બહુ દૂરના ગામોની વાત નથી કરતો પણ આ પાટનગરથી વીસેક કિલોમીટર દૂર આવેલા દહેગામ તાલુકાની વાત કરું છું. એકપંચમાંશ ગામો નક્કી થયાં એમાંથી ૧૬ ગામો એવાં છે કે એક રૂપિયો પણ ગ્રાન્ટ આપી શકે તેમ નથી, ધારાસભ્ય કે બીજી વ્યવસ્થા ન કરે, હું તો અહીંથી વીસ કિલોમીટર દૂર આવેલા ગામની વાત કરું છું એની હાલત શું છે એની વાત કરું છું. જે ગામો જાગૃત છે એને સો ટકા નહીં પણ દોઢસો ટકા ગ્રાન્ટ મળે છે, જે જાગૃત નથી, બોલવાવાળું કોઈ નથી, વકીલાત કરનાર નથી, જેની વાત સરકારના ધ્યાને મૂકવાવાળું નથી એ ગામોને કયાંય કશું મળતું નથી. એવી વાત કરતાં મારે અચકાવું નહીં જોઈએ.

ત્રણ ત્રણ વર્ષથી , માનનીય મંત્રીશ્રી અહીં બેઠા છે, એક તલાટીને સાત પંચાયત, તો માનનીય અધ્યક્ષશ્રી, એમને ત્રણ -ત્રણ વર્ષથી ચાર -પાંચ તલાટી મળતા નથી. કયાંયથી એનું એ બેલેન્સ નથી કરાતું? હું આ અહીંથી વીસ કિલોમીટર દૂરના તાલુકાની વાત કરું છું, એની આ સ્થિતિ છે તો સૌરાષ્ટ્ર, કચ્છના કે આદિવાસી વિસ્તારના લોકોની શું દશા હશે એની આપ કલ્પના કરી શકો છો. આ બાબત એટલા માટે ધ્યાન ઉપર લાઉં છું, કેમકે સરકારમાં આવુ બધુ ચાલતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામતળ નીમ કરવાની વાત કરીએ તો એમાં સરકારી જગ્યા હોય, પંચાયત દરખાસ્ત કરે, ત્રણ - ચાર અભિપ્રાયો મોકલવાના હોય કે કોઈ ખાડાટેકળાવાળી નથી, કે તળાવ કિનારે નથી, એવા અભિપ્રાયો આવે એટલે ગામતળ નીમ થાય અને એ ગામતળ નીમ થયા પછી શાળાના ઓરડા કરવાના હોય કે સરદાર આવાસવાળાઓને કે ઈન્દિરા આવાસવાળાઓને લાભ થાય પણ માનનીય અધ્યક્ષશ્રી, દહેગામ તાલુકાની વાત કરીએ તો મને કહેતાં શરમ આવે છે મારા દહેગામ તાલુકામાં મારી ૧૯ દરખાસ્તોમાંથી સાત- સાત વર્ષે ફક્ત પાંચ કે છ ગામોનું ગામતળ નીમ થાય છે. ફક્ત પાંચ કે છ. આ સ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલીસ ગામો મારા એવાં છે કે જ્યાં ગામતળ નથી એટલે ત્યાં દશ- દશ વર્ષથી મારા એ ગામોમાં સરદાર આવાસ કે ઈન્દિરા આવાસના કે ગામના બીજા કામ થતાં નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું અભિનંદન આપું છું મારા દહેગામની એ પ્રજાને કે શાળાની, સીમ શાળાઓ કરવા માટે ૨૧ શાળાઓમાંથી ૧૮-૧૮ જમીન દાતાઓએ દાનમાં આપીને અમારી શાળાઓ શરૂ કરી શક્યા છીએ.

અમે જ્યારે કલેકટરશ્રીને પૂછીએ ત્યારે એમ કહેવામાં આવે કે તલાટીને ચેક લિસ્ટ ભરતાં આવડતું નથી, તો આ ચેક કરતાં ન આવડે તો કોની જવાબદારી? યોગ્ય છે કે નહીં એ ચેક કરતાં ન આવડતું હોય તો કોની જવાબદારી અને એમાં સાત- સાત વર્ષ જવા દેવાનાં? આ એટલા માટે કે ગરીબ લોકોનું કામ આવે છે ત્યારે ક્યાંકને ક્યાંક આ મુશ્કેલીઓ ઊભી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાત -બારના ઉતારા મામલતદાર કચેરીએ લેવા જાય તો જે કૉમ્પ્યુટર હોય છે એ બંધ હોય એટલે પરિસ્થિતિ શું થાય છે કે દશ- દશ દિવસ સુધી એ ૭/૧૨ના ઉતારા મળતા નથી, તો બીજો સેટ કૉમ્પ્યુટરનો મૂકોને, કૉમ્પ્યુટર બગડે એટલે એને રીપેરીંગ માટે મોકલવામાં આવે છે તો એ પંદર દિવસે મળે તો કૉમ્પ્યુટરનો બીજો સેટ મૂકોને કોણ રોકે છે ? માનનીય અધ્યક્ષશ્રી, મારે આ બધી બાબતો એટલા માટે કહેવી પડે છે કે, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અને સરકારે પણ જાહેરાત કરી હતી કે ગુજરાતમાં દર વર્ષે પાંચ ગામો દત્તક લઈશું, કેટલાં ગામો દત્તક લીધા ત્રણ વર્ષમાં? એ પંદર ગામોના નામ આપોને, કે આ ગામો દત્તક લીધાં અને આ દત્તક લીધેલાં ગામોમાં આ વહીવટ કર્યો ? એ ગામોના નામ આપોને? આવો, દત્તક ગામ લેવા હોય

તો તમારે ક્યાંક શોધવા પડશે, રેવન્યુ વિભાગ અને પંચાયત વિભાગના અધિકારીઓ સાથે બેસી, સંકલન કરીને ક્યાંકને ક્યાંક આ સુવિધા ઊભી કરવી પડશે.

ગ્રામસભાઓની વાત થઈ તો, •* (XXX) ચાલે છે. ૨૦૦૫-૨૦૦૬માં વિકેન્દ્રિત આયોજન હેઠળ કેટલા બધામાં ગ્રાન્ટમાં કાપ આવ્યો? તો ૩૩ ટકા કાપ આવ્યો છે, આ આંકડા તમારા ચોપડા બોલે છે આ બધી બાબતોમાં અમે ક્યાંક દબાણની વાત કરીએ તો માનનીય અધ્યક્ષશ્રી, હું એક દાખલો ટીંટોડાનો આપું છું. અમારો પ્રશ્ન વિધાનસભામાં આવે અને ક્યાંક ચર્ચા કરીએ એ પ્રશ્નની સાથે સરદાર આવાસ માટે જે જગ્યા નીમ કરી ત્યાં કરોડો રૂપિયાનું શોપીંગ બની ગયું, અમે શરતો મૂકી, એનો નિકાલ નથી કરવામાં આવતો પણ અમે જ્યારે પ્રશ્ન ઉઠાવીએ ત્યારે એ ટીંટોડા ગામે સરકારી કર્મચારીઓ જાય અને ઝૂંપડા અને નાના મકાનો છે એની એ યાદી બનાવે અને એ રીતે એ દૂર કરવાના કામ ચાલુ કરવામાં આવે છે તો કોઈ જગ્યાએ સરકાર તરફ અમારે અંગુલીનિર્દેશ કરી અને ગરીબોને રક્ષણ આપવું છે અને માફિયાઓને ફાવવા નથી દેવા એ વાત કરવામાં ક્યાંક ગરીબનું અહિત થાય છે એટલે આ વાત કરવાનું અમારે બંધ કરવું પડે છે એટલા માટે વિનંતી કરું છું.

ઉત્સવો કરો, પોતાના ખર્ચે કરો. સરકાર આ ટેકસના પૈસાનો વહીવટ કરે છે એ કરોડોપતિઓને જ ફકત જીવતા રાખવા માટે વહીવટ નથી કરતી. પહેલાના સમયમાં ગુજરાતના મુખ્યમંત્રી કે સરકારના પ્રધાનો કયાંય પણ જતા, ઉત્સવોમાં જતા કે કાર્યક્રમમાં જતા ત્યારે સરસ મજાની કયાંક શરણાઈઓ વાગતી હોય, ઢોલ વાગતા હોય, બેન્ડવાજા વાગતા હોય. અહીં મારા મિત્રો બધા કહે છે કે, ગામડું સમરસ બન્યું છે, ગામડાંમાં એકતા આવી છે, ગામડાંમાં ફલાણું છે, આ છે. ત્યારે મારે કહેવું છે કે, આ ગામડાંમાં સરકાર જાય છે કે મુખ્યમંત્રીશ્રી જાય છે ત્યારે સાથે દસ-બાર કૂતરા જાય છે અને આખું ગામ કૂતરા સુંઘે પછી કોઈની એન્ટ્રી થાય છે. સાહેબ, આ પરિસ્થિતિ છે આપણી? કયાં સમરસતા આવી છે, કયાં એકતા આવી છે? ભયના ઓથાર નીચે સતત જીવવાની વાત આ બાબતને પણ આપણે ચલાવી નહીં શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોની વાત કરું તો ગુજરાતમાં ભૌગોલિક ઉદ્યોગની દૃષ્ટીએ ગેસ, પેટ્રોકેમિકલ્સ કે રિફાઈનરીના ઉદ્યોગ સિવાય આપણે એક પણ ઉદ્યોગ નવો કર્યો નથી.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૪૯, ૫૦, ૫૧, ૬૯ અને ૭૧ લઈને આવ્યા છે એને હું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૦૦૬નું વર્ષ એ આપણે પ્રવાસન વર્ષ તરીકે ઉજવી રહ્યાં છીએ ત્યારે આ પ્રથમ એવી સરકાર છે કે જેણે પ્રવાસન માટે વિચાર કયો છે અને ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ જાહેર કર્યું છે. આ પ્રવાસન દ્વારા અનેક સ્થળોએ પ્રવાસનની પ્રવૃત્તિને વેગ મળવાનો છે. આ પ્રવાસન દ્વારા જે ઉત્સવો ઉજવવામાં આવે છે એ ઉત્સવો થકી એમાં સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવે છે. હું મારા જિલ્લાની જ વાત કરું તો અમારા જિલ્લામાં ૧૬મી ફેબ્રુઆરીના રોજ નર્મદા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એક લાખ કરતા વધારે લોકોએ આ મેળામાં ભાગ લીધો હતો. એમાં આદિવાસી સંસ્કૃતિ ઉપર આ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આવો અગાઉ કોઈ પણ સરકાર દ્વારા કાર્યક્રમ ન થયો હોય એવો ૨૦૦૬ના વર્ષમાં આ સરકારે કાર્યક્રમ ઉજવ્યો હતો એને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવાસનને એક પ્રકારે જોવામાં આવે તો ઉદ્યોગોને લગતો આ વિભાગ છે ત્યારે આ સરકારે તમામ સન્માનીય સદસ્યશ્રીઓને અન્ય રાજયોમાં માનનીય મંત્રીશ્રીઓના નેજા હેઠળ ટીમો મોકલી હતી અને એના દ્વારા ગુજરાતનો પ્રવાસન ઉદ્યોગ આગળ વધે અને ગુજરાત ઈકો-ટુરિઝમમાં આગળ આવે એના માટે રાજય સરકારે સતત પ્રયત્નો કર્યા છે અને જેનાથી રોજગારીની તકો પણ ઉભી થવાની છે. મારા વિસ્તારની વાત કરું તો લગભગ આ નર્મદા ડેમ મારા વિસ્તારમાં આવેલો છે જેના કારણે હજારોની સંખ્યામાં ચોમાસામાં પ્રવાસીઓ આવે છે અને જેનાથી નાના-નાના લારી-ગલ્લાવાળાને રોજગારીની નવી તકો ઉભી થઈ છે. આ એક એવા મુખ્યમંત્રીશ્રી છે કે, જેમને આ પ્રવાસનનો વિચાર કરીને અમારા જિલ્લાનો પ્રવાસનની અંદર સમાવેશ કર્યો છે.ત્યારે હું એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો વિસ્તાર ડુંગરાળ વિસ્તાર છે જેની અંદર નીનોય ધોધ આવેલો છે એ નીનોય ધોધ ચોમાસામાં અને ચોમાસા પછી ત્રણ ચાર મહિના સુધી ચાલુ રહે છે. એટલું જ નહિ પણ ડુમખલ કે સાપુતારા જેવું ત્યાં હવા ખાવા માટેનું સ્થળ છે. આ નર્મદા જિલ્લો એક નાનો જિલ્લો છે છતાં ત્યાં આગળ પ્રવાસન ડેવલપ થાય એવા તમામ પ્રકારના સ્થળો આ જિલ્લાની અંદર આવેલા છે. હું માનું છું કે આ બાબતે જે પાયાની શરૂઆત થઈ છે અને આવનારા વર્ષોની અંદર આના માટે સરકારે હજી વધુ વિચારીને અમારા જિલ્લાની અંદર એક ખૂબ સારું પ્રવાસન ધામ વિકસિત થશે એવી મને આશા છે. પ્રવાસનની અંદર આપણા ગુજરાત રાજયની અંદર સોમનાથ, દ્વારકા, અંબાજી, ડાકોર, પાવાગઢ જેવાં અનેક ધાર્મિક સ્થળો આવેલાં છે. આપણી ગુજરાતની જનતા એ સાંસ્કૃતિક અને સંસ્કારને વરેલી છે ત્યારે આપણા રાજયની અંદર જો ઊણપ આવતી હોય તે પ્રવાસનની અંદર આવતી હતી. પ્રવાસન માટે કોઈપણ સરકારે ચિંતા નહોતી કરી. પ્રવાસન

• * (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

નિગમની સ્થાપના સને ૧૯૭૫માં થઈ છતાં, આ નિગમ હોવા છતાં પણ પ્રવાસનનો જેટલો વિકાસ થવો જોઈતો હતો એ વિકાસ કરી શક્યા નથી. આપણે સૌએ ગૌરવ લેવા જેવી બાબત છે કે આ પ્રવાસનની અંદર અહીંયા સન્માનનીય કોઈપણ સભ્યશ્રી નહિ વિચારતા હોય એવો વિચાર આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રીને આવ્યો અને જેના દ્વારા આજે અનેક રાજયોની અંદર અને આંતરરાષ્ટ્રીય લેવલે પ્રવાસીઓ ગુજરાતની અંદર વધુને વધુ આવે તેવા તમામ પ્રકારના પ્રયાસો કર્યા છે. આના માટે ઈન્ફરમેશન ટૅક્નૉલૉજી દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતને પ્રસિદ્ધિ મળે તે માટે નિગમ ટુરિઝમ ડોટ કોમ ની વેબસાઈટ દ્વારા દેશ વિદેશમાં રહેતા લોકો ગુજરાતમાં આવી આ ગુજરાતનું સૌંદર્ય, ગુજરાતના અનેક સ્થળોની મુલાકાત લે અને તેનાથી આ ગુજરાતનો સારો એવો પ્રચાર થયો છે ત્યારે આ ટુરિઝમમાં ગુજરાતની અંદર ઘણા પ્રવાસીઓ આવે છે આ એક ખૂબ સારી બાબત છે હું મારી વાત આ સમર્થન આપીને પૂર્ણ કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ઉદ્યોગ, ખાણ, ખનિજ અને પ્રવાસન મંત્રીશ્રી પ્રવાસન તેમજ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એના પર મારા વિચારો રજૂ કરું છું.

બંધારણમાં ૭૩મો અને ૭૪મો સુધારો સદ્‌ગત રાજીવ ગાંધીએ કર્યો અને પંચાયતી રાજની જે ભાવના છે એ એક વધુ સારી રીતે મૂર્તિમંત થાય અને પંચાયતી રાજના જે સ્થાપક હતા એ પણ આ ગુજરાતના ધરતીપુત્ર અને આ રાજયના પૂર્વ મુખ્યમંત્રીશ્રી બળવંતરાય મહેતાની સમિતિ ઉપર પંચાયતી રાજની રચના થઈ. માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ જિલ્લા પંચાયતના પ્રમુખપદે રહેલા છો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓનું કેટલું માન હોવું જોઈએ, કેટલું વજન હોવું જોઈએ અને એમને સ્ટેટસ આપવા માટે થઈ અને સદ્‌ગત રાજીવ ગાંધીએ બંધારણમાં ૭૩મો અને ૭૪મો સુધારો કરી અને એક ચૂંટાયેલા પ્રતિનિધિના અધિકારો એમણે પ્રસ્થાપિત કર્યા, એની જાળવણી થવી જોઈએ એના બદલે કમનસીબે આ ગૃહમાં મારે દુ:ખ સાથે કહેવું છે કે પંચાયત વિભાગના સચિવ અને પંચાયતના કમિશનરો મારફતે આ ભાવનાનો ઘોર ધ્વંસ કરવામાં આવેલ છે ગયા વર્ષમાં. પોતાની પસંદગીના પ્રમુખ ઉપર અવિશ્વાસની દરખાસ્ત આવે ત્યારે એને અનુકૂળ થવા માટે થઈ અવિશ્વાસ મૂકનારા સભ્યોને કમિશનરશ્રી રદ કરે.દશ સભ્યોને કે પંદર સભ્યોને એકસાથે રદ કરે ભાવનગર જિલ્લા પંચાયતમાં આ બન્યુ હતું. મતદાનના દિવસે તેને મતદાનમાં હાજર ના રહેવા દેવાય પછી નામદાર હાઈકોર્ટ તે સસ્પૅન્શન રદ કરે પણ પેલો સમય છે તે વીતી જાય અને પોતાના પ્રમુખ ટકી રહે. મને પોતાને ના ગમતા પ્રમુખો તેને નક્કી કરેલી તારીખે તે કમિશ્નરશ્રી કે તેમની ઑફિસના એક સેકસન ઑફિસર મારફતે ચેન્જ કરાવે આવી પંચાયતી રાજની જે પવિત્ર ભાવના હોય તેનાથી જે વિપરીત થયું તેના તરફ હું આ સભાગૃહનું ધ્યાન દોરું છું.

ગ્રામ પંચાયતમાં ગ્રામ ગૃહ નિર્માણ દ્વારા સરદાર પટેલ આવાસ યોજના ૧૯૯૭-૯૮માં યોજના આવેલી ત્યારે અમને પણ ક્રોસ કરવામાં આવેલા કે આ ઇંદિરા આવાસનું ડુપ્લીકેશન તો નથીને. ના આ રાજયની પોતાની યોજના છે અને આ સરદાર આવાસ યોજના દ્વારા આ રાજયની અંદર ખૂબ સારું કામ થાય છે. તેના માટેની પૂરતી રકમ ફાળવવામાં આવી. એક અગાઉના સભ્યશ્રીએ કહ્યું કે તેને દર વર્ષે તેનો જે વ્યાપ વધવો જોઈએ તેને બદલે ઘટતો જાય છે. તેમાં કહેવામાં એમ આવ્યું કે ઘરથાળના પ્લોટો જે છે તેમાં પ્રાયોરિટી અત્યારે ઇંદિરા આવાસ યોજનામાં જેમને મકાન મળવાના છે તેમને આપીએ છીએ એટલે ઘરથાળના પ્લૉટોની વહેંચણી નથી થઈ. કચેરી બેસે અને ઘરથાળના પ્લૉટોની વહેંચણી જે તેના હકકદારો છે તેને તાત્કાલિક મળે તે દિશાની અંદર પણ થવું જોઈએ. ઉદ્યોગોની અંદર આ રાજયની ટ્રેડીશન જે છે તે ઉદ્યોગોવાળુ રાજય છે એમ કરીને એક છાપ ઉભી થયેલી છે. અત્યારે મોટા ઉદ્યોગોની આડશમાં આપણે આ રાજયનો ઉદ્‌ભવ થયો, વિકાસ થયો તે નાના ઉદ્યોગોને કારણે થયો છે તે આપણે ભૂલી જઈએ છીએ. એક શુદ્ધ પગલાં તરફ આપનું ધ્યાન દોરવું છે કે આ વખતે સીડબીને તેમની રકમ આપવા માટેની જે જોગવાઈ થઈ છે સ્તુત્ય પગલું છે. આ વહેલુ થવું જોઈતું હતું. સીડબીની મારફતે નાના ઉદ્યોગોને તેનું પુન::સ્થાપન થાય તેને માટે પૂરતા પ્રમાણમાં રકમ આપવામાં આવે છે પણ કેટલાંક વર્ષોથી તેમણે આપેલી લોનની રકમ આપણે ચૂકવી શકતા નહોતા તેને કારણે તેમનો ઉત્સાહ મંદ પડી ગયો હતો.ગયા વર્ષે પણ એમ કહયુ હતું કે આપણે ગેરંટી જેની હોય તેને પૈસા આપીએ આની ગેરંટી નથી. આપણે આપેલી નૈતિકતાની દ્રષ્ટિએ આપણે તેમને પૈસા આપી દેવા જોઈતા હતા. ખૂબ મોડુ થયું છે પણ મને એમ છે નાના ઉદ્યોગો જે છે તેના મારફતે જે આ રાજયની અંદર જે જી.આઈ.ડી.સી.આપી હોય તે રાજકોટની આજી ઉદ્યોગની હોય, સુરેન્દ્રનગરની હોય, પંચમહાલની હોય, હાલોલની હોય, અંકલેશ્વરની હોય તેના મારફતે હજારોની સંખ્યામાં આપણે ત્યાં લઘુ ઉદ્યોગો સ્થપાયા અને તેની અંદર ૯ લાખ કરતાં વધુ કામદારોને આપણે રોજી આપી શક્યા. આ મોટા ઉદ્યોગોમાં કેટલા લોકોને રોજી આપી શક્યા છીએ આપણે ? મોટા ઉદ્યોગો જે ટેકસેસનનો જે લાભ લઈ જાય છે તેના પ્રમાણમાં નાના ઉદ્યોગોને રિવાઈઝ કરવા માટે થઈને તેના દશમા ભાગના પણ પૈસા આપણે વાર્ષિક બજેટમાં જોગવાઈ કરીએ છીએ ખરાં? આજે ગુજરાત સ્ટેટ ફાયનાન્સ કૉર્પોરેશન કે ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ કૉર્પોરેશનનું ધીરાણ તે તદ્દન નહિવત્ બની ગયુ છે. સદ્‌નસીબે થોડુંક ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન તેના પ્લોટો વિકસાવી અને વસાહતો બનાવી અને ટકાવી રાખે છે પણ તેની અંદર પણ મોટા ઉદ્યોગો માટેનો ઉત્સાહ છે નાના ઉદ્યોગો માટેના જે હતા

જી.આઈ.ડી.સી.ની અંદર સરસ મજાના કિલ્લોલ કરતી ઔદ્યોગિક વસાહતો તે આજે નામશેષ થઈ જાય છે. તેમાં પણ નાના નાના જેમણે જી.આઈ.ડી.સી. હોય તેની તો બદતર હાલત છે. કોઈ આવીને મુંદ્રામાં જુઓ, કોઈ ભુજની જી.આઈ.ડી.સી.જુઓ તો ત્યાં તેમને કંઈ કરવાનું લાગતું નથી. એટલા માટે થઈને ઉદ્યોગ વિભાગ તરફથી જ્યારે જેમનો ઉદ્યોગ થવાનો ઈન્ટેન્શન આવે ત્યારે તેની જમીનોની ચકાસણી કરવામાં આવે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તરફથી તે જમીનોની ચકાસણી કરીને ભલામણો કરવામાં આવે. તે ભલામણ કરવામાં કેવો ઉત્સાહ હોય મુંદ્રાની એક ભલામણ હું વાંચતો હતો. ૨૦૦૨ની સાલમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે એક ભલામણ આવેલી છે. એક જ વિભાગની અંદર ૨૦ કરતાં વધુ ભલામણો હતી. અમદાવાદમાં જૂની હાઈકોર્ટમાં બિલ્ડીંગની અંદર આવેલ કોઈ ઑફિસ અને ત્યાં ૨૦ કૉર્પોરેટ સેકટરની પ્રાઇવેટ લિમિટેડ કંપનીઓ, કોઈ એગ્રીકલ્ચરની કંપનીઓ, કોઈ અનાજ સાફ કરવાવાળાની  કંપનીઓ આ બધા માટેની ૨૦-૨૦ હજાર મીટર જમીનની ભલામણ તે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તરફથી કલેક્ટરને મોકલવામાં આવેલી. જમીનો અપાય છે કે નહીં તે આ જમીનોની ભલામણો કયા આધારે કરવામાં આવેલી કારણ ઉદ્યોગ કરવાનો જે ઈન્ટેન્સન હોય. એમાં પણ જયારે પ્રાઈવેટ લિમિટેડ કંપની હોય, ત્યારે બધી ચકાસણી થવાની જરૂર છે. આ રીતે અમારા નેતાશ્રીએ જે કહ્યું કે આડેધડ જમીનો અપાતી હોય છે. જમીનો રેવન્યુ ડિપાર્ટમેન્ટ આપે, પણ એ જમીનોની ભલામણ તો જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કે ઉદ્યોગ વિભાગ તરફથી થાય ત્યારે એને જમીન મળતી હોય છે, ત્યારે આ ઉદ્યોગોને આ જમીનો આપવાની બાબતમાં પૂરી ચકાસણી થવાની જરૂર છે. ગમે તેને ગમે તેટલી જમીનની ખેરાત કરી શકાય નહીં. સરકારી જમીનની તો ન જ કરી શકાય કમસેકમ. એ ઉદ્યોગપતિ પોતાને ઉદ્યોગ કરવો હોય તો બજાર ભાવે બહારથી જમીન લઈ જાય, પણ આપણે જયારે એને ભલામણ કરીએ ત્યારે તો, માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક વિસ્તારોમાં આપણે ઘડિયાળના કાંટા પાછા મૂકીએ છીએ.

ક્રીટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર માટેના મોટા ઉલ્લેખો થયા. ૧૨૪ કરોડના ૩૪ પ્રોજેકટને મંજૂર કર્યા, પણ હજુ સુધી માત્ર ૮ કરોડ રૂપિયાનું જ ચૂકવણું થયું છે, તો બાકીના એ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભા થયા નથી કે શું? શેતરંજી વણાટ, આ રાજયમાં આદિવાસી વિસ્તારમાં માનનીય ઝીણાભાઈ દરજી સાહેબે એમની સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ગરીબ આદિવાસીઓને, એ વિસ્તારના લોકોને રોજગારી મળી રહે તે માટે શેતરંજી વણાટ મારફતે ખૂબ મોટું કામ કરેલું છે. અત્યારે એના કેન્દ્રોમાં ૧૦૩૪૦ લોકોને આપણે સમાવવાના હતા, તેના બદલે માત્ર ૨૨૫૦ લોકોને જ સમાવી શકાયા છે. (સમય સૂચક ઘંટડી) ૨ મિનિટ આપો સાહેબ.

**અધ્યક્ષશ્રી .** : નો, નો. માનનીય પુનમભાઈ.

**શ્રી પુનમભાઈ ૨. પરમાર (પાદરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ્ય વિભાગના મંત્રીશ્રી માગણી ક્રમાંકઃ ૬૯ અને ૭૧ લઈને આવ્યા છે, તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડું એ ભારતનો આત્મા છે. ગામડાનો વિકાસ થાય, સર્વાંગી વિકાસ થાય, એને ધ્યાનમાં રાખીને અમારી આ સરકારે બહુઆયામી યોજનાઓ દાખલ કરીને ગામડાને તૂટતાં અટકાવવા એક બહુ મોટો જબરજસ્ત પ્રયાસ કર્યો છે. અગાઉના શાસનમાં ગામડાં પ્રત્યે જે પ્રકારનું દુર્લક્ષ સેવાતું હતું, એના કારણે ગામડાં તૂટતાં ગયાં અને શહેરોની અંદર વસતિનું અન-બેલેન્સ થતું ગયું. આ પાપ જે અગાઉના શાસકોએ કર્યું છે. અમારા પક્ષના શાસકોએ ગામડા વધુ મજબૂત બને એટલા માટે ગોકુળ ગ્રામ યોજના દ્વારા આંતર માળખાકીય સુવિધા વધારવાનું કામ, ઈ-ગ્રામ દ્વારા આધુનિકતા, સમરસ ગ્રામ દ્વારા સંવાદિતા, જયોતિગ્રામ દ્વારા જીવન ધોરણમાં ઉદ્યમશીલતા અને પંચવટી યોજના દ્વારા લોક મનોરંજન, તીર્થગ્રામ દ્વારા એક જન, એક મન અને વિશ્વગ્રામ દ્વારા વિશ્વ સાથેનું અનુસંધાન આ સરકારે કરવાનો પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ સભાની વાત કરવામાં આવી. મને એ સમજાતું નથી કે ગ્રામ સભાનો વિરોધ સામા પક્ષે બેસીને કેટલાક મિત્રો શા માટે કરે છે? માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામસભા જે મજબૂત થઈ છે, તેના મજબૂત થવાના કારણે ગામડામાં રહેનાર સામાન્ય વ્યકિતને સરકારી યોજનાઓની ખબર ન હોય, સરકારની યોજનાઓની ખબર ન હોય એટલે આજસુધી જે લોકોએ શાસન કર્યુ છે, એવા શાસનકર્તાઓએ ગામડામાં રહેનારા લોકોને ખોટા ગેરમાર્ગે દોરીને શાસન ઉપર ટકવાનો જે પ્રયત્ન કર્યો છે, ત્યારે અમારી આ સરકારે ગ્રામસભાને મજબૂત કરીને ગામડામાં સરકારની વિવિધ યોજનાઓ છે, એ કયા કયા પ્રકારની યોજનાઓ છે, અને ગામસભાની અંદર જે રીતે ગ્રામસભાનું નિર્માણ જે રીતે ગ્રામ સભા લેવામાં આવે છે. સામાન્ય તલાટીથી સચિવ કક્ષાની વ્યકિત ગામમાં જાય છે અને ગામડાના લોકોને એનાથી એમને કયા કયા પ્રકારના લાભો મળવાના છે, એ બધી જ વાત ગામડાના સામાન્ય અને ગરીબ વ્યકિતઓ સુધી પહોંચાડવામાં આવે છે. એને કારણે સરકારની યોજનાઓના સીધે સીધા લાભો એ ગામડાના વ્યકિતઓને મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, ૯૬.૯૮ ટકા પ્રશ્નોનો નિકાલ જે ગામડાના લોકોના સામાન્ય સામાન્ય પ્રશ્નો છે, એમાં પણ આજસુધી જે ગામડાના લોકો ગુંચવાતા હતા અને એ સામાન્ય પ્રશ્નોનું નિરાકરણ કરવાનું કામ અમારી આ સરકારે કર્યુ છે. એમાં ૯૬.૯૮ ટકા પ્રશ્નોનો ગામમાં જ નિકાલ થયો છે. એટલે ગ્રામસભાઓનું એક બહુ જ સફળ આયોજન અમારી સરકાર મારફતે થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવાસ યોજનાઓની વાત કરું તો ઈન્દિરા આવાસ યોજના, સરદાર આવાસ યોજના, દિનદયાળ આવાસ યોજના અને આંબેડકર આવાસ યોજના દ્વારા ગામડાંના ગરીબ વ્યકિતઓ કે જેને મકાનની જરૂર છે એવી વ્યકિતઓને ગામડાંમાં એક આર.સી.સી.વાળું મકાન પૂરું પાડવાનું કામ અમારી સરકારે કર્યુ છે. અગાઉના શાસનકર્તાઓ દ્વારા ઈન્દિરા અને અન્ય આવાસ યોજનાઓ મારફતે મકાનો મળતાં હતાં એની પરિસ્થિતિ આપણે બધા જાણીએ છીએ કે જયારે કોઈ વ્યકિત પોતાના બહુજ સ્વપ્નાં લઈને કે હું મારા મકાનમાં રહેવા જઈશ અને આરામથી મારું જીવન જીવીશ. તો એ જયાં સુધી એમાં રહેવા જાય ત્યાં સુધીમાં તો એ મકાનનું રિપેરિંગ કરાવવું પડે એ સ્થિતિમાં એ મકાન આવી જાય. તો અમારી સરકારે તો ૪૦ હજારની કિંમતે ગામડાના એક વ્યકિતને કે જેને પોતાનું આવું આર.સી.સી.વાળું મકાન એક સ્વપ્ન સમાન લાગતું હતું એવા આર.સી.સી.ના સ્લેબવાળાં મકાન આપવાનો પ્રયત્ન કર્યો છે. ચાલુ વર્ષે ૨૪ હજાર મકાનોની ૮૬૪૦ લાખ રૂપિયાના ખર્ચેની યોજના આ વર્ષે સરકારે ચાલુ કરી છે. ઈન્દિરા આવાસનાં મકાનો માટે અમારી સરકારે યોજના મૂકી છે. હું મારા વિસ્તારની વાત કરું તો ચાલુ વર્ષે અમારા વિસ્તારમાં ગુજરાતમાં જે પ્રકારની અતિવૃષ્ટિ થઈ એમાં અતિ ઈફેકટેડ એવો મારો વિસ્તાર છે અને મારા વિસ્તારમાં અસંખ્ય મકાનો એ રીતે પડી ગયાં ત્યારે ૧૧૦૦ જેટલાં ઈન્દિરા આવાસ અને ૩૮૫ જેટલાં સરદાર આવાસ, ૧૫૦ જેટલાં દીનદયાળ આવાસ આપીને ગામડાંની ગરીબ વ્યકિતઓને મકાનો પૂરાં પાડવાનું કામ અમારી સરકારે મારા વિસ્તારમાં કર્યુ છે એના માટે માનનીય મંત્રીશ્રીને હું ખરેખર અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે તીર્થગ્રામ યોજના થઈ એ યોજનામાં ગામડાંના લોકો વચ્ચે સદ્ભાવ વધે, એકતા જળવાય અને ભાઈચારો વધે એ માટે આ તીર્થગ્રામ યોજનાનું આયોજન કરવામાં આવ્યું છે અને આ યોજના જે છે એના કારણે ગામડાંમાં જે રોજબરોજની સામાન્ય વાતોમાં જે ઝઘડા થાય છે અને એ ઝઘડાઓનું નિરાકરણ આ તીર્થગ્રામ યોજના છે અને જે ગામમાં કોઈપણ પ્રકારનો ઝઘડો ના થયો હોય, વ્યકિતઓ વચ્ચેના વહેવારોમાં કોઈપણ પ્રકારની અવ્યવહારિકતા ઉભી ના થઈ હોય, સામાજિક કે ધાર્મિક પ્રસંગોમાં એકતા જળવાઈ રહી હોય, એવા ગામોમાં આ એક લાખ રૂપિયા જયાં આવું ગામ હોય એને આપવાની આ તીર્થગ્રામ યોજના મૂકી છે અને ચાલુ વર્ષના બજેટમાં એના માટે ૨૦૦ લાખ રૂપિયા જેટલી રકમ ફાળવી છે એના કારણે ગામડાંમાં કુટુંબો વચ્ચે થતા નાના મોટા ઝઘડાઓ બંધ થશે અને એકતા જળવાઈ રહેશે.

આ રીતે જ એક પંચવટી નામની યોજના મૂકવામાં આવી છે એમાં ગામડાંમાં ગામડાંની વ્યકિતને પણ હરવા ફરવા જવાનું મન થાય ત્યારે એના મનોરંજન માટે કોઈ સાધનો ના હોય ત્યારે આ પંચવટી ગામ યોજનામાં અમારી સરકારે ૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે અને એ રીતે ગામડાંની વ્યકિતઓને મનોરંજન પૂરું પાડવાનું કામ અમારી સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે પંચાયત ઘરની વાત આવે ત્યારે કાયમ માટે આપણે તલાટીઓ માટે બૂમો પાડીએ છીએ કે તલાટીઓ મળતા નથી ત્યારે અમારી સરકારે પંચાયત ઘર આપીને તલાટીઓ કાયમ માટે ત્યાં આગળ ગામડામાં રહે અને ગામડાંના પ્રશ્નોનો નિકાલ એ પંચાયત ઘર દ્વારા થાય....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય નીમાબેન, આપ આપનું પ્રવચન શરૂ કરો.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોની માગણીની ચર્ચા હોય ત્યારે તેની વાત કરવી જરૂરી જ છે, અને એટલા માટે કે જે રીતે કચ્છ જિલ્લાની સુની ધરતી ઉદ્યોગોથી ધમધમતી થઈ તે રાજય સરકારના સનિષ્ઠ પ્રયાસ અને સાથે સાથે અધિકારીઓની તનતોડ મહેનતથી, મામલતદાર થી માંડી ને ઉપરના સચિવ સુધી તમામ અધિકારીઓએ દિવસ રાત જોયા વગર કોઈ પણ જાતના અવરોધ મૂકયા વગર જે મહેનત કરી છે તેના પરિણામે કચ્છનો આટલો જબ્બર જસ્ત ઔદ્યોગિક વિકાસ થયો છે,

હું આવી વાત કરું છું એટલે કદાચ કોઈ કહેશે કે ખોળીયું અહીં અને જીવ ત્યાં, માનનીય અધ્યક્ષશ્રી, મારું ખોળીયું અને મારો જીવ બધું જ કચ્છમાં છે. કચ્છનો વિકાસ એ જ મારું ધ્યેય છે. હું મેડિકલ પ્રેકટીસની સાથે સાથે રાજનીતિમાં કાર્યરત થઈ તો તે માત્ર અને માત્ર કચ્છના વિકાસ માટે થઈ છું અને તે જ મારું ધ્યેય છે. ભૂકંપ પછી જે ઉદ્યોગો આવ્યા અને જે રીતે કચ્છનું વાતાવરણ બન્યું એક સમય એવો હતો કે અમે પણ વિચાર કર્યો હતો કે હવે કચ્છમાં નથી રહેવું, અહીંથી જતા રહીએ, માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૩૦ વર્ષમાં કચ્છની વસતિ દસ લાખમાંથી માંડ બાર કે ચૌદ લાખ થઈ, કારણ કે કોઈ વિકાસ નહીં, કોઈ ઉદ્યોગો નહી કોઈ રોજગારી નહીં, અમે ઉદ્યોગો માટે તરસતા હતા, પણ ઉદ્યોગો નહોતા આવતા, ત્યારે તેવા સંજોગોમાં ભૂકંપ આવ્યો, પણ ભૂકંપ બાદ જે જાદુઈ લાકડી આવી, ભગવાને તો ભૂકંપ વડે જાદુઈ લાકડીની થપ્પડ મારી પણ તેની સાથે સાથે ભગવાનની પણ કૃપા ઉતરી અને તેની સાથે સાથે એક જાદુઈ લાકડી એવી ઘૂમી અને માનનીય મુખ્ય મંત્રીશ્રીની એ જાદુઈ લાકડીની સંકલ્પબધ્ધતા હતી કે આ વિસ્તારનો ઔદ્યોગિક વિકાસ કરીશું

**(સભાપતિ શ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને)**

તો જ આ વિસ્તારનો વિકાસ થશે નહીંતર નહીં થાય. અને તેના પરિણામ રૂપે ઉદ્યોગો આ વિસ્તારમાં આવ્યા, હું ચોકકસ કહીશ કે ઉદ્યોગો આવ્યા પછી અમારા વિસ્તારમાં જે વિકાસ થયો છે તે નજરો નજર નિહાળ્યો છે, રોજે રોજની એકટીવીટીમાં અમે એ જોઈ રહ્યા છીએ. અને તેની એટલી અસર થઈ છે, ઘણા લોકો ૮૫ ટકા

રોજગારીની વાતો કરતા હોય છે. મારે એટલું જ કહેવું છે કે રોજગારીનો અર્થ એવો નથી કે ફેક્ટરીમાં નોકરી મળે તો જ રોજગારી મળી કહેવાય. રોજગારી એટલે આર્થિક ઉત્કર્ષ, જે તે વિસ્તારમાં ઉદ્યોગો આવવાથી આર્થિક વિકાસ થાય તેનું નામ રોજગારી ઉત્પન્ન થઈ છે તેમ કહી શકાય. અને તે રીતે દરેક ક્ષેત્રે અમારા વિસ્તારનો આર્થિક વિકાસ થયો છે. નાના દૂધ વાળાથી માંડીને શાક વાળા સુધી, અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગથી માંડીને તમામ ક્ષેત્રે નાના વેપારીથી માંડીને મોટા વેપારી સુધી અને બિલ્ડર થી માંડીને જમીનદાર સુધી, જવેલર્સ થી માંડીને કરિયાણાની દુકાનવાળા સુધી આ તમામ લોકોનો આર્થિક વિકાસ થયો છે. તે અમે નજરે જોયો છે. કચ્છની વસતિ નહોતી વધતી પણ જેવા ઉદ્યોગો આવ્યા છે તેવા માત્ર કચ્છના લોકો જ નહીં, અમે તો બહાર જવાનું માંડી વાળ્યું કે હવે કચ્છની બહાર ન જવાય, પણ બહારના જિલ્લામાંથી પણ લોકોની ભલામણ આવતી થઈ, અને મિનિસ્ટર થી માંડીને સગા વહાલાઓની ભલમણો આવતી થઈ કે અમારા વિસ્તારના માણસોને કયાંક નોકરીએ રખાવી દો. સગા વહાલા પોતાના ભાઈ, ભત્રીજા, ભાણેજ કે સાળાને, તમામ લોકો માટે અહીં કોઈક ઉદ્યોગોમાં નોકરીએ રખાવી દો તેવી ભલામણો કરતા થયા છે, એવું આકર્ષણ વધ્યું છે.

વિકાસ આવે એટલે પ્રશ્નો પણ આવે, અમારા પણ પ્રશ્નો છે. ઉદ્યોગોના પ્રશ્નો છે, ઉદ્યોગપતિઓના પ્રશ્નો છે, પર્યાવરણના પણ પ્રશ્નો છે, રોજગારીના પણ પ્રશ્નો છે, મજદૂરના પણ પ્રશ્નો છે આ તમામ પ્રશ્નો છે. પણ તે હલ કરવા જોઈએ અને તેના માટે સૂચનો કરવા જોઈએ. તેના માટે માગણી કરવી જોઈએ. હું પણ મારા બે ત્રણ સૂચનો કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે રોજગારીની વાત કરી, લેબર કોન્ટ્રાકટ ના જે નિયમો છે, લેબર કોન્ટ્રાકટ એ સારી વસ્તુ છે તેના માટે કંઈ મારે કહેવું નથી, પણ એટલું કહીશ કે લેબર કોન્ટ્રાકટના જે નિયમો છે તેનું ચૂસ્ત રીતે પાલન લેબર કોન્ટ્રાકટરે અને ઉદ્યોગપતિએ કરવું જોઈએ. તે એમની જવાબદારી છે. કારણ કે જે ઉદ્યોગો પેકેજમાં આવ્યા છે તે માત્ર અને માત્ર તે લોકોના નફા માટે કે તે લોકોના આર્થિક વિકાસ માટે જ નથી આવ્યા પરંતુ એ વિસ્તારના લોકોના આર્થિક વિકાસ માટે પણ આવ્યા છે. ત્યારે લેબર કોન્ટ્રાકટના નિયમોનું લેબર કોન્ટ્રાકટર ચૂસ્ત રીતે પાલન કરે તે પણ જરૂરી છે. કે જેની અંદર નાની માગણીઓ જેવી કે ઓળખપત્ર આપવું, પી.એફ. કાપવો, બીજી સુવિધાઓ આપવી, અવરજવર માટે ટ્રાન્સપોર્ટેશન આપવું, યુનિફોર્મ આપવો, મેડિકલ કેર લેવી કેન્ટિનની વ્યવસ્થા આપવી. આવી નાની વસ્તુઓ છે પરંતુ ઘણીવાર અમુક કંપનીઓમાં આ ધ્યાન નથી રખાતું એના લીધે તમામ ઉદ્યોગો બદનામ થતા હોય છે. મેં અનેક ઉદ્યોગો નિહાળ્યા છે જેઓ મજૂરોને સારી સગવડો આપે છે, સારા પગાર આપે છે પરંતુ વિવેક જેવી ફેકટરી ઓળખપત્ર ન આપે, કાગળ ઉપર નંબર લખીને આપે. પી.એફ. ન આપે, અપડાઉન કરવા માટેની વ્યવસ્થા ન આપે, યુનિફોર્મ ન આપે, ડ્યૂટી ઉપર હોય અને વાગ્યુ હોય તો મૅડિકલ ટ્રિટમેન્ટ ન આપે. તેથી આ ફેકટરીઓ ઉપર તકેદારી રાખીને કડકમાં કડક પગલાં ભરવાં જોઈએ. જેથી નમૂનારૂપ પગલાંથી બીજા ઉદ્યોગપતિઓને પાઠ મળે.

સાથે સાથે ઉદ્યોગોના પણ કેટલાક પ્રશ્નો છે. સૌથી અગત્યની વસ્તુ એ છે કે આ જે ઉદ્યોગો કચ્છની અંદર આવ્યા એનું કારણ એ છે કે નર્મદાનું પાણી પાઈપ લાઈન દ્વારા મળ્યું. પાણી એ સૌથી અગત્યની જરૂરિયાત છે. પાણી પ્રાપ્ત થયું એના લીધે આકર્ષણ વધ્યું સાથે સાથે એ પાણી નિયમિત મળવું જોઈએ, ઉદ્યોગો માટે અલગ લાઈન નાખીને નિયમિત પાણી આપવું જોઈએ. પાણી ન મળે તો ઉદ્યોગો બંધ થઈ જાય. એક દિવસ ઉદ્યોગ બંધ રહે તો કરોડો રૂપિયાનું નુકસાન જાય એટલે નિયમિત પાણી મળે તથા કિફાયત ભાવે મળે એ પણ એટલું જ અગત્યનું છે. અત્યારે ૧૫ રૂપિયે પાણી મળે છે એના બદલે છ રૂપિયે પાણી મળવું જોઈએ. આપણે ફિલ્ટર પાણી તો એને આપવાનું નથી. સાથે સાથે ૧૫ રૂપિયામાંથી વધારીને વધારે ભાવ વધારો કરવાની વાત કરતાં હોય તો એ ચાલી શકે નહિ. એ થશે તો આ ઉદ્યોગો પેકેજ પૂરું થતાંની સાથે નટ બોલ્ટ ખોલીને અહીંથી જતા રહેશે, એમને પોસાય તો જ એ રહેવાના છે. એને જો કાયમી રાખવા હોય તો એના પ્રશ્નો હલ કરવા જ પડશે. તેથી પાણીના પ્રશ્ન ઉપર માનનીય મંત્રીશ્રી પૂરતું ધ્યાન આપે તેવી વિનંતી છે.

સાથે સાથે પર્યાવરણની તથા મીઠા ઉદ્યોગ અંગેની વાત કરવી છે. અમારે ત્યાં જે ઉદ્યોગો આવેલા છે એમાંથી મોટા ભાગના ઉદ્યોગોમાંથી અમે કાળા ધુમાડા નથી જોયા પરંતુ ખાસ કરીને સ્ટીલ પ્લાન્ટ છે એની અંદર એ.સી.એસ. નાખવું જોઈએ. સાઈકલોનિકની ડિવાઈસ નાખવી જોઈએ. આ ન નાખવાના લીધે અમારા વિસ્તારમાં કાળુ કારપેટ બની જાય છે. આપણે ત્યાં ચાલીએ તો પગલાં પડે, રેસિડેન્સ વિસ્તારમાં આવું બને છે એટલે ત્યાં પર્યાવરણ થતું રોકવા માટેના સાધનો બેસાડવા જોઈએ તેવી મારી વિનંતી છે. અમારે ત્યાં મીઠાના બહાર ઢગલાં પડયા હોય છે. ત્યાં આગળ આ કારપેટ જામ થતાં તેને ભારે મોટું નુકસાન થઈ રહ્યું છે.

છેલ્લે ઔદ્યોગિક વિકાસની સાથે સાથે કચ્છના પ્રવાસનને પ્રવાસન નિગમમાં સામેલ કરવામાં આવે. કચ્છ જિલ્લાની અંદર દેશ અને દુનિયાના લોકો ભૂકંપ પછીના ઔદ્યોગિક વિકાસ અને પુનઃવસન જોવા આવે જાણે કેવો આ વિસ્તારનો વિકાસ થયો છે. એટલે પ્રવાસન નિગમમાં અમારા કચ્છ જિલ્લાને હાથ ઉપર લેવામાં આવે તેવી વાત કરીને વિરમુ છું.

**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી માગણી નંબર ૬૯, ૭૧ લઈને આવ્યા છે, તેના સમર્થમાં મારો સૂર પુરાવા માટે ઊભો થયો છું.

સુવર્ણ જયંતિ ગ્રામ સર્વોદય યોજના, સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના, શ્રમયોગી, ઈન્દિરા આવાસ યોજના, સરદાર પટેલ આવાસ યોજના, આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ ઉપાધ્યાય યોજના.આ બધી યોજનાઓથી ગામડાંમાં ક્રાંતિ સર્જાઈ છે એટલું જ નહિ આ સરકારનો અભિગમ ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ સાહેબના અધ્યક્ષપદ નીચે જે ગ્રામ લક્ષી યોજનાઓ, ગ્રામસભા અને આ ગ્રામસભા પણ કેવી એ મને યાદ છે. ૧૯૮૭-૮૮માં અમારો જિલ્લો ખેડા હતો. ખેડાના કલેકટરસાહેબ અમારા ગામનું દફતર જોવા આવે ત્યારે બે દિવસ પહેલા ગામને સાફ કરવામાં આવે, પાંચ-પચ્ચીસ આગેવાનો નક્કી કરે એ ૨૫ આગેવાનો કલેકટર સાહેબ પાસે બેસીને ચર્ચા કરશે. આના માટે ૪૮-૪૮ કલાક રાહ જુએ, તે વખતે આવી સગવડો પણ નહોતી એટલે ખેડાથી મેસેઝ આવે કે કામ અગત્યનું આવી જવાથી કલેકટર સાહેબ આવી શકશે નહિ. આવી સ્થિતિ કલેકટરશ્રી આવવાના હોય ત્યારે થતી હતી. આ ગ્રામસભાનું મહત્ત્વ એટલા માટે છે કે જિલ્લાના તમામ ક્લાસ-૧ના અધિકારીઓ કલેકટરશ્રી, ડી.ડી.ઓ.શ્રી અને બીજા અધિકારીઓ ગ્રામસભા મળવાની હોય એના અડધા કલાક પહેલા પહોંચી જાય.

અને ગામડાંના આગેવાનોને મળે અને ગ્રામસભા જેમ વિધાનસભા ચાલે તેમ મારા સોજા તાલુકાના પેટલી ગામની વાત કરું છું. અમારા આદરણીય કમિશ્નર પણ ત્યાં આવ્યા હતા, પેટલી ગામે. ત્રણ કલાક ગ્રામસભા ચાલે અને ગ્રામસભામાં મારી બહેનો, માતાઓ, વિધવાઓ અને વૃદ્ધાઓ પણ ગ્રામસભામાં પ્રશ્ન પૂછે અને ગામડાંનો વિકાસ ગામના લોકો નક્કી કરે. શ્રમજીવીમાં કોને મૂકવાનું? ઇન્દિરા આવાસ કોને મળવું જોઈએ, સરદાર પટેલ આવાસ કોને મળવું જોઈએ એ ગામના લોકો નક્કી કરે. કેટલી તટસ્થતા, હમણાં સિનિયર ધારાસભ્ય પુંજાભાઈ કહેતા હતા. કટ્ટરતાવાદ, ૨૦૦૩માં તારાપુર તાલુકામાં ૨૦ ગ્રામપંચાયતોની ચૂંટણી હતી. ૨૦માંથી ૧૫ ગ્રામપંચાયત સમરસ બની. અમે કોંગ્રેસના કાર્યકર્તાઓને સરપંચ તરીકે નિયુકત કરાવ્યા. બન્યું તેમ કે અમારી કટ્ટરતા ઓછી થઈ. એ સરપંચ અમારી સાથે જોડાઈ ગયા. કદાચ પુંજાભાઈને એટલે કદાચ કંઈક ડર હોય તો સમરસ યોજના અને ગ્રામસભા યોજનામાં આ ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીની આગવી પૅટર્ન કહું છું. આટલી દૂરંદેશીના કારણે ગામડું એકદમ આબાદ બન્યું છે. પહેલાં સરદાર આવાસ બને કે ઇન્દિરા આવાસ બને ગામના સરપંચના મળતીયા, બે-ચાર જે લોકો તેમના નજીકના સંબંધી હોય તેના જ આવાસો બનતા હતા. હવે ગ્રામસભામાં નક્કી થવાને કારણે એકદમ તટસ્થતા આવી છે અને ભ્રષ્ટાચાર રહિત આ આવાસ બનતા આવ્યા છે.

મારે બીજું એટલું કહેવું છે કે મારા તારાપુર તાલુકાનું મીલતાપુર કરીને ગામ છે ત્યાં ૫૦,૦૦૦ રૂપિયા માગતો હોય જે માણસ, કોઈ શ્રોફ હોય, ચોકસી હોય, કાપડીયો હોય એ ગામમાં ઉઘરાણી કરવા ન જાય. કારણ કે એ ગામમાં પોષ-મહા મહિના સુધી બેથી ત્રણ ફૂટ કાદવ-કીચડ હોય. આ ગોકુળ ગામ યોજનાના કારણે આ ગ્રામવિકાસની વાત જ્યાં સરકાર લઈને આવી છે તેના કારણે આખા ગામમાં આર.સી.સી. રોડ, સ્કૂટર ચાલે, સાઈકલ ચાલે, ટ્રક ચાલે. તમામ વાહન ચાલે. આટલી સારી સુવિધા આ સરકારે કરી છે. ગ્રામસભા કાગળ ઉપર નહીં, હા, મારા કેટલાક મિત્રોને ગ્રામસભાનું દુ:ખ હોઈ શકે. એટલા માટે હોઈ શકે કે ગ્રામસભામાં ગ્રામસભા પૂરતા પ્રશ્નો આવવા જોઈએ. પરંતુ ધારો કે ત્રણ કોરનું નાળું તૂટી ગયું હોય તો એ નાળાનો પ્રશ્ન મૂકે તો એ ગ્રામસભા લેવલનો પ્રશ્ન નથી. આ ગુજરાત સરકારનો પ્રશ્ન છે. એટલા માટે કે ગ્રામસભામાં પ્રશ્નો ઉકલતા નથી. ગ્રામસભામાં ગ્રામસભા લાયક જે પ્રશ્નો હોય તે ઝડપથી ઉકલતા હોય છે. જિલ્લા કલેકટરશ્રી આવતા હોય, ડી.ડી.ઓ.શ્રી આવતા હોય, નિયામકશ્રી આવતા હોય એ જબરજસ્ત ક્રાંતિ છે. જ્યારે કલેકટર, ડી.ડી.ઓ. ગામમાં પહોંચતા હોય ત્યારે મામલતદાર, ટી.ડી.ઓ., તમામ અધિકારીઓ આખી ફોજ જતી હોય છે. એ ગામડું હું માનું છું કે આબાદ બન્યું છે. ગ્રામસભા પણ બે વર્ષ પછી બંધ કરવી પડશે. કારણ કે ગામડાંમાં કોઈ કામો જ બાકી નહીં રહે. કદાચ અમારી સરકારમાં ક્યાંક સરદાર આવાસ, હમણાં બાબુભાઈ બોલ્યા. ઇન્દિરા આવાસમાં ક્યાંક ઘટ આવી છે. પણ ચોક્કસ અમે ચાલી શકે તેવા આવાસ બનાવીએ છીએ. મારા ઉંટવાડા ગામમાં ૩૦ ઇન્દિરા આવાસ બનાવ્યા છે. ૧૯૯૦-૯૨માં. થોરિયાના મોભ, કયાંય જોયા હતા? કયાંય દ ારમાં કોઈ મુહૂર્ત કરવા નથી ગયું. શ્રીફળ ચડાવીને કોઈ રહેવા જ નથી ગયું. ત્રીસે ત્રીસ મકાનો પડી ગયા. અમે મકાન પણ એટલા સુંદર બનાવીએ છીએ. સારા બનાવીએ છીએ. તેના કારણે, ક્યાંક કામમાં ઢીલાશ હોઈ શકે. પૈસા પૂરા ન હોય તો એક વર્ષ પછી થઈ શકે.

મારે કટ્ટરતાની વાત કરવી છે, પુંજાભાઈને. કે બોરસદ તાલુકામાં ક્યાંક ક્યાંક હું કામ સંભાળું છું. ચોક્કસ કહું છું, મારી વાત પ્રૂફ સાથે કરતો આવું છું. એટલા માટે કહું છું કે અમીયા દીઓલી કરીને બોરસદ તાલુકાનું ગામ છે. તેમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાને ત્યાં આગળ તેને થૂંકવું હોય તો વિચાર કરવો પડે. કોંગ્રેસના કાર્યકરને પૂછવું પડે. દલિત સમાજના ઘરે જવા માટેનો રસ્તો આજ દિન સુધી, ત્યાં સરપંચ કોંગ્રેસના ચૂંટાયા છે ત્યાં આગળ રસ્તો નથી. હમણાં એક મહિના પહેલાં ડી.ડી.ઓ.શ્રી, કલેકટરશ્રી, અમે જાતે ત્યાં જઈને ત્યાં આગળ જોયું તો લોકો અંધકારમાં જીવતા હતા. આટલી બધી કોંગ્રેસ નારાજી કરે છે. જે એમની પાસે કટ્ટરવાદ છે એ ભારતીય જનતા પાર્ટીમાં કયાંય કટ્ટરવાદ નથી. ત્યાં જઈને ગામના બધા લોકોને બેસાડ્યા કે અમીયા દીઓલી તમારું ગામ છે. આ વિકાસ કરવાનો તમારો અધિકાર છે. શા માટે આ લોકોને અલગ રાખો

છો? ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને વરેલ છે તો તેનો ગુનો શું થઈ ગયો? અપવાદ શું છે? આ સ્થિતિનું નિર્માણ થયું છે.

બીજી વાત કરું, મઢૂકી. કદાચ જરૂર પડે તો મારા વાક્યો પાછા ખેંચીશ. મારા બોરસદ તાલુકામાં કસુમાર કરીને ગામ છે. તાલુકા પંચાયતની ચૂંટણીમાં બોરસદ તાલુકામાં અને આંકલાવ તાલુકામાં જનાદર ભારતીય જનતા પાર્ટી તરફી થયો. બન્ને જગ્યાએ. ત્યાં મર્ડર થયું. રમણભાઈ ડાહયાભાઈ રોહિતનું. •* (ત્યાં આગળ કોંગ્રેસના વચેટીયા પડીને) જનાદર કઈ રીતે ભાજપનો ઓછો કરવો. શ્રી રમણભાઈ ડાહ્યાભાઈ રોહિતનું મર્ડર કરવામાં આવ્યું જેણે મર્ડર કર્યું એને શિક્ષા થવી જોઈએ અને શિક્ષા થવાની પણ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, * (કૉન્ગ્રેસના વચેટીયાઓ) કહ્યું છે એ શબ્દ પ્રયોગ કર્યો છે એ બરાબર નથી.

**સભાપતિશ્રી** : એ બરાબર નથી.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : માનનીય પુંજાભાઈ મેં પહેલાં જ કહ્યું છે. શબ્દો પાછા ખેંચવા પડે તો વાંધો નથી.

**સભાપતિશ્રી** : અંબાલાલભાઈ પૂરું કરો. શ્રી ગોવાભાઈ રબારી.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી માગણી ક્રમાંક-૪૯,૫૦, ૫૧, ૬૯, ૭૧ લઈને આવ્યા છે એમાં મારાં સૂચનો કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોની ઘણી બધી વાતો થઈ છે. મંત્રીશ્રી પણ એમ.ઓ.યુ. અને બીજા આંકડા આપશે. પરંતુ ઉદ્યોગો માત્ર આંકડાકીય અને એમ.ઓ.યુ.થી વિકસતા નથી. જી.આઈ.ડી.સી. બનાવીએ છીએ. રોડ બનાવો છો, ઑફિસ બનાવો છો. એના પછી એમાં ધ્યાન અપાતું નથી. મારું સૂચન એ છે કે, જી.આઈ.ડી.સી. બનાવ્યા પછી પ્લૉટ ફાળવી દીધો અને જે ઉદ્યોગકારો લે એની પાસે એક ફૉર્મ ભરાવો. પાણી, લાઈટ, લાઈસન્સ, જે કાંઈ પ્રક્રિયા છે એ ફૉર્મ ભરી દે એ માટે એની પાસેથી ફી લઈ લો અને ૧૫ દિવસમાં એ માણસને તમામે તમામ મળી જાય એવું આયોજન કરો. તો જ એ ધંધો કરવા માટે આવશે. અત્યારે તો શું છે કે, મકાન બનાવતા સુધીમાં તો એના પગ ઘસાઈ જાય, પાણી લાવવા માટે ધક્કા ખાય, એ પછી બીજા ડિપાર્ટમૅન્ટ પાસે જાય તો એને લાઈટ મળે નહીં. માંડ મળે પછી ત્રીજા ડિપાર્ટમૅન્ટ પાસે લાઈસન્સ લેવા માટે જાય. એટલે માણસ ઉદ્યોગ કરવા માટે સંમત થતા નથી. મોટા મોટા રિલાયન્સને એ બધા પડેલા છે. નાના ઉદ્યોગો રોજગારી માટે છે. એમાં આ જાતની નવી સ્કીમ કરવાની જાહેરાત કરો તો એ ગુજરાતમાં ઉદ્યોગો વિકસાવવા માટેની વાત હશે. એની સાથોસાથ હીરા ઉદ્યોગ પ્રદૂષણની અંદર કોઈ જાતની તકલીફ ન પડે અને લાખો લોકોને રોજી આપી શકે એવો ઉદ્યોગ છે. આજે ૯૦ ટકા ધંધો જતો રહ્યો છે. આ ધંધો ભાંગી પડ્યો છે. ઘરની અંદર એક રૂમમાં ૧૦ માણસોને રોજી આપી શકે એવો આ ધંધો આજે બિલકુલ ભાંગી ગયો છે. એની કોઈ ચિંતા રાજય સરકારે કરી લાગતી નથી. આજે આટલું બધું કરો છો અને કરોડોના આંકડા આપવા કરતાં આને ખાલી વીજળીની સુવિધા આપો એમાં થોડીક રાહત આપો અને એમાં થોડીક છૂટછાટ આપો અને એને આકર્ષવાની વાત કરો તો લાખો લોકોને રોજી મળશે, દેશને હૂંડિયામણ મળશે, વિદેશ સાથેનો ધંધો મળશે. વર્ષોથી આની અંદર આપણે કાંઈ કર્યું નથી. આનાથી લોકોને સારામાં સારી રોજીરોટી મળશે. મોટા ઉદ્યોગપતિઓ અને ફૅક્ટરીઓ પાછળ બધા વાતો કરો છો એને સુવિધાની વાતો કરો છો તો આની અંદર પણ કાંઈક મંત્રીશ્રી વિચારે અને એની જાહેરાત કરે એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આની સાથોસાથ ખાણની વાત છે. લાઈસન્સ વગરની ખાણો છે. સવારે વાત થઈ હતી. એમાં ઘણા માણસો મરી ગયા છે. કોલસો ખોદવામાં આવે છે, બીજું ખોદવામાં આવે છે, ફૉરેસ્ટની અંદર કેટલુંય ખોદાઈ ગયું. એમાં એમને એમ ચોરી થાય છે. જેના કારણે સરકારની રૉયલ્ટી જાય છે. એમાં એક સિસ્ટમની તકલીફ છે. એની કોઈક સારી સિસ્ટમ શોધીને એને મેઈન્ટેન કરી નાંખો તો આ તકલીફ દૂર થઈ જાય. આ કરવા જેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસનનું આખું વર્ષ છે. એમાં જે કરવું હોય એ કરજો. વર્ષ પૂરું થયે કેટલું થાય એટલે ખબર પડશે. એ હમણાં ચાલુ થયું છે એટલે એ તો ભગવાન જાણે અને મંત્રીશ્રી જાણે. હવે ચાલુ થયું છે એટલે આવતા વર્ષે ખબર પડે. એટલે એ આવતા વર્ષે જોઈશું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતની અંદર આખા રાજયનું બજૅટ છે. એ મોટા ભાગનું બજૅટ છે એમાં તમામ ડિપાર્ટમૅન્ટ પંચાયતમાં આવી જાય છે અને પંચાયત એક ઈમ્પ્લીમેન્ટ એજન્સી છે એ તમામ યોજનાઓનો અમલ કરે છે. એની સાથોસાથ ગ્રામ વિકાસનું મોટામાં મોટું ડિપાર્ટમૅન્ટ છે. ગ્રાસ રૂટ સુધી મજૂરો સુધીનો વિષય છે. એની અંદર ટોટલ પંચાયત ઈમ્પ્લીમેન્ટ કરતું હોય છે. આજે પંચાયતની અંદર પટાવાળાથી શરૂ કરીને ક્લાસ-ર સુધીના અધિકારીઓની જગ્યાઓ ભરાઈ નહીં હોય. એમની જગ્યાઓ ખાલી જ હોય છે. એમના વાહનોને પણ ધક્કા મારીને ચલાવવા પડતા હોય છે. ડી.ડી.ઓ. કે પ્રમુખ પૂરતું હોય તો ખબર નહીં. બધે જ

• * ( ) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર સભ્યશ્રીએ આ શબ્દો પાછા ખેંચી લીધા છે.

ધક્કા ગાડી. એ માણસ કેવી રીતે કામ કરી શકે. એ ડૅપ્યુટી ડી.ડી.ઓ. હોય, એક એક્સ.ઈ.એન. હોય અને આખો જિલ્લો હોય તો એણે કરી કરીને કરવાનું શું હોય? આખો જિલ્લો ભૌગોલિક દૃષ્ટિએ કેટલા અંતરે હોય? અમારા બનાસકાંઠાની વાત કરું તો અમારા સાંતલપુર- રાધનપુર ભેગા હતા તે વખતે અંબાજીથી બૉર્ડર ઉપર જઈએ અને અંબાજીથી વડોદરા જઈએ આટલું ડિસ્ટન્સ આખા જિલ્લાની બરાબર હતું. એની અંદર જો સુવિધા ન હોય તો એ શું કરવાના છે?

તલાટીની જગ્યા છે પણ તલાટી જ નથી. ગ્રામ લેવલે આ બરાબર નથી. ગ્રામ સેવક જે બહેનો છે ફીલ્ડ વર્કર છે આ બધી જ પોસ્ટો છે પંચાયતમાં બધી ખાલી છે. ત્યાં જઈને આપણે પૂછીએ તો કહે કે આ તો હેલ્થની ખાલી છે. એ પંચાયત પાસે ન આવે, બીજી વાર કહેશે કે ગ્રામ સેવકની છે આ મારી પાસે ન આવે. ખેતીવાડીમાં જાવ , એવી રીતે તલાટીઓની છે તો કહે કે હવે ભરતી થવાની છે. આ જાતની જે વાત છે એ બરાબર નથી. આજે શિક્ષકોને અમૂક કામ આપવાં પડે છે, શિક્ષણક્ષેત્ર ઉંચું લાવવાની વાત કરે છે એ પણ પંચાયત પાસે છે એટલે કોઈ ન મળે તો દે શિક્ષકો ઉપર, એમ કરીને જે આખું તંત્ર ઠપ થઈ ગયું છે, આજે પંચાયત મંત્રીશ્રી ઉભા થઈને કહે કે કેટલી જગ્યાઓ ખાલી છે તો એમને ખ્યાલ આવશે કે આ બધી જે ખાલી છે અને આખા રાજયનું તમામ ભારણ જિલ્લા પંચાયતનું, તાલુકા પંચાયતનું એમના ઉપર છે. એનાથી આગળ ગ્રામ પંચાયત પાસે છે. ગ્રામ વિકાસ એજન્સીનું ટોટલ કામ ગ્રામ પંચાયતને આપણે આપી શકીએ છીએ. સીધો કૉન્ટ્રાકટ આપી શકતા નથી ગ્રામ પંચાયતને, ૫ ગામ વચ્ચે એક તલાટી, હવે શું કરવાનું, એ તલાટી જ ગાંડો થઈ જાય, કારણ કે કરી શકે જ નહીં, એની શકિત જ નથી કે ૫ ગામનું એ કામ પૂરું કરી શકે. માંડ માંડ એ દાખલા આપે એનાથી વધુ કંઈ કરી શકે નહીં, આની સાથેસાથે આજે ભરતીની વાત આટલા વર્ષોથી ચાલે છે. મને એ સમજ પડતી નથી કે જે ગ્રાસરુટની ગામડાની વાત છે એ તમામ યોજનાનું અમલીકરણ છે ત્યાં આપણે કોઈ ધ્યાન રાખતું નથી. પંચાયતની અંદર મારી પંચાયત મંત્રીશ્રીને વિનંતી છે કે પ્રથમ તો ગ્રામ સેવક, તલાટી, ફીમેલ હેલ્થ વર્કર, મલ્ટીપર્પઝ વર્કર જે ગામડાને સીધા લગતા માણસો છે એ લોકોની એક પણ જગ્યા ખાલી ન હોવી જોઈએ તો જ આપણે પૂરેપૂરું કામ આપીશું. તમે બજેટમાં ગમે તેટલા મંજૂર કરો, ત્યાં સ્ટાફ જ નહીં હોય તો શું કરવાનું, એમાં પણ રાજયનું જૂદું અને પંચાયતનું જૂદું, વ્યાખ્યા જૂદી, સ્ટેટનો જો કોઈ રોડ થતો હોય તો એનું એમ.એમ. જૂદું અને પંચાયતનું જૂદું એટલે વસ્તી શું કહે કે આ પંચાયતવાળા ખાઈ ગયા, હવે એનું ૩૭ એમ.એમ. છે તો એનું ૩૨ એમ.એમ. છે. બજેટમાં જે જોગવાઈ છે એ જાતની જોગવાઈ એકસરખી હોવી જોઈએ અને સ્ટેટની ખેતીવાડી તો એમાં પંચાયતની અને સ્ટેટનું જૂદું હેલ્થ તો પંચાયતનું અને સ્ટેટનું જૂદું તો તમે સાથે જ કરોને. આરોગ્ય છે તો ટોટલ પંચાયત પાસે, સ્ટેટ તો સ્ટેટ પાસે માત્ર સીવીલ તમે સ્ટેટ પાસે રાખો, બાકીનું બધું પંચાયતને સોંપો અથવા બધું સ્ટેટને સોંપો તો એમાં ડુપ્લીકેશન ન થાય, પશુ ડૉકટરો છે તો સ્ટેટમાં પણ છે અને પંચાયતમાં પણ છે, અભણ માણસ કે ગામડાનો માણસ છે એ તો અહીં જાય તો કહે કે ત્યાં જાવ , અને ત્યાં જાય તો કહે કે તમે ત્યાં જાવ અને પછી બિચારો કંટાળે. સાથે સાથે બીજી એક મુશ્કેલી એ છે કે પશુમાં પાછું ઘેટાનું જૂદું. ઘેટાવાળા આવે તો કહે કે તમારું ઘેટાવાળાનું જૂદું છે એટલે ફરી ફરીને પાછો જ જતો રહે કે હવે મરવા દો પશુ મરતો હોય તો મરે એટલે મારી વિનંતી છે કે પૂરેપૂરું પંચાયતની અંદર એમણે પૂરો ખ્યાલ રાખવો જોઈએ. પંચાયતને બજેટ આપવું જોઈએ અને વધુમાં વધુ સ્ટાફ અને એને વીહીકલ તો આપવું જ જોઈએ. આજે દરેક પંચાયતમાં કહે કે તમે સહભંડોળમાંથી લાવો તો ૫૦ ટકા રાજયના અને ૫૦ ટકા એમના સહભંડોળના એટલે પંચાયતમાં પણ ધ્યાન રાખે એટલી વિનંતી છે.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રી પંચાયત, પ્રવાસન, ગ્રામ વિકાસ ઉદ્યોગ અને ખાણ ખનિજની માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપવા અને મારા વિચારો અને સૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું.

પહેલાં તો ખનિજ વિભાગ માટે જે માનનીય મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે એના માટે મારે કહેવું છે કે ખનિજ ખાતાના માટેની જોગવાઈ ૮૦૦ લાખ રૂપિયાની કરવામાં આવી છે. સંશોધન અન્વયે ૩૦૭ લાખ રૂપિયા સામેથી કહેવામાં આવતું હતું કે ખનિજ વિભાગમાં કંઈ આયોજન નથી. હવે જે ગુજરાત રાજયમાં ખનિજ સંપત્તિ પડી છે એના સંશોધન માટે ૩૦૭ લાખ રૂપિયા જેટલી માતબર રકમ અંબાજી, ધાંગધ્રા ખાતે આર્કીશન પાર્કની સ્થાપનાનું આયોજન ૧૧૫ લાખ રૂપિયાનું ખનિજ અભ્યાસ માટે ૪૩ લાખની જોગવાઈ અને આંતર માળખાકીય સુવિધાઓ માટે ૫૦ લાખ રૂપિયા બાકીના આંકડામાં મારે પડવું નથી પણ મારા વિસ્તારની થોડીક વાત કરવી છે અને સૂચન પણ કરવું છે માનનીય મંત્રીશ્રીને કે મારા વિસ્તારમાં મૅંગેનીઝ ખનિજનો મોટામાં મોટો જથ્થો આવેલો છે. ૧૯૭૬-૭૭માં હું જયારે છઠ્ઠા ધોરણમાં ભણતો હતો ત્યારે ભૂગોળના પાઠયપુસ્તકની અંદર આ બધા ખનિજના જથ્થા માટે એક પાઠ આવતો હતો અને માહિતી આવતી હતી કે એશિયા ખંડની અંદર સમૃદ્ધમાં સમૃદ્ધ મૅંગેનિઝનો જથ્થો આ શીવરાજપુરથી પાનીમાઈન્સના ૨૨ કિલોમિટર વિસ્તારની અંદર આવેલો છે. મારે કહેવું પડે કે ઈ.સ. ૧૮૫૭ પહેલા અને ૧૯૬૦ સુધી કિલીસ નિક્સન નામની બ્રિટિશ કંપની આ કારોબાર સંભાળતી હતી. ત્યારે શિવરાજપુર ગામ છે ત્યાં તથા ધારીયા અને બામણકુવા, ઘોઘ ાંબા તાલુકાના વાવ અને પોયલી તેમજ તેજપુર-પાવી તાલુકાના ભાભર, કદવાલ, જામ્બા અને પાની માઈન્સ આ

બધી જગ્યાએથી ૫૦૦ ફૂટ ઊંડી માઈન્સ કરીને લિફ્ટ દ્વારા વર્કરોને અંદર ઉતારવામાં આવતા હતા અને એના નીચે ટનલ ખોદીને ૫ કિલોમિટર સુધી રેલવે લાઈન નાખીને બોગીઓ મારફતે માલ લાવવામાં આવતો હતો. આ બધી મેંગેનીઝની સમૃદ્ધ ખાણો હતી એટલા માટે પાઠ્યપુસ્તકોમાં સ્થાન પામી હતી. મારે દુ:ખ સાથે કહેવું પડે, કારણ કે છેલ્લા ૨૦ વર્ષથી હું આ વિસ્તારમાં વસુ છું. આ વિસ્તારની પરિસ્થિતિ એવી છે કે કોઈ ઉદ્યોગ, ધંધો, માર્કેટ, ખેતીવાડીનો વિકાસ નથી. કોઈપણ પ્રકારના ડેમનું આયોજન કરવામાં આવે તો પણ પિયત વિસ્તાર ન થાય એવો લુખ્ખો અને સૂકો વિસ્તાર છે. ફક્ત અને ફક્ત ઈશ્વરે આપેલી આ જ એક મૂડી છે. આ એક જ સંપદા છે. એના પછી કિલીસ નિક્સન કંપનીએ બીજું વિશ્વ યુદ્ધ થયા પછી આ કંપનીનું ઉત્પાદન બંધ થયું. ટાટા સ્ટીલ કંપનીએ થોડો સમય એનો કારોબાર કર્યો. ત્યારપછી શિવરાજપુર સિન્ડીકેટ કંપની અને છેલ્લે છેલ્લે સી.કે. ઠાકોર એન્ડ સન્સ અને નાના નાના લીઝ હોલ્ડરોએ ત્યાં કામ કર્યું. આ મોટામાં મોટો ખનિજ ઉદ્યોગ બંધ થવાના કારણે રાજકીય, રાષ્ટ્રીય કે વિદેશી કોઈપણ કારણસર મને ઘણા પત્રોમાં જવાબ મળ્યો છે. હું આ બાબતે કહેવા માગું છું અને માનનીય મંત્રીશ્રીના ધ્યાને પણ લાવ્યો છું અને આ વિસ્તારનો પ્રવાસ કરવા માટેનું આમંત્રણ પણ આપેલું અને તેઓએ લગભગ મુલાકાત પણ લીધેલી છે. ઘણી બાબતો તેઓ જાણે છે પણ એકની એક વાત કે આ ઉદ્યોગ માટે, આ ખનિજ માટે કહેવાય કે વિશ્વમાં કોઈ દેશમાં આનું માર્કેટ નથી, એની જરૂરિયાત ઘટી ગઈ એટલા માટે આ માઈન્સનું ઉત્પાદન બંધ કરવામાં આવ્યું છે એટલા માટે લીઝ આપવામાં આવતી નથી. બીજો ટેકનિકલ મુદ્દાનો જવાબ મને આપ્યો છે. ઘણા પત્રો છે. મેં આગ્રહ કર્યો, રિપોર્ટો સરકારશ્રીમાં અને ખાણ અને ખનિજ વિભાગમાં આપવામાં આવ્યા તો મને કહેવામાં આવ્યું કે અંગ્રેજોના જમાનામાં બધો જ જથ્થો કાઢી લેવામાં આવ્યો હતો એટલે આજે ત્યાં મેંગેનિઝ ઉપસ્થિત નથી. એટલા માટે નવી મોટી કોઈ લીઝ આપવામાં આવનાર નથી. મેં વિડિયો કેસેટ કરીને સ્થાનિક વિભાગના અધિકારીને આપી હતી અને સરકારશ્રીમાં માનનીય નરેન્દ્રભાઈને પણ રજૂઆત કરેલી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ મારી વાત ધ્યાન ઉપર લીધી અને તેઓએ સંશોધન કરાવ્યું. આ માટે એમને ધન્યવાદ આપું છું સંશોધનના અંતે ત્યાં લાખો ટન જે વેસ્ટ ડમ્સ, એક બાજુ ખાણ ખનિજ વિભાગ એમ કહે કે ત્યાં કોઈ જથ્થો નથી, દેશમાં એનું કોઈ માર્કેટ નથી અને ૫ લાખ ટનનો જથ્થો વગર પરમિટ, વગર પાસે, વગર રોયલ્ટીએ ચોરી થઈ ગયો હતો. એની ફરિયાદ મારી પાસે છે. જો એનું માર્કેટ નથી, એ ખનિજની કોઈ જરૂરિયાત નથી તો આટલો મોટો જથ્થો જે કિલીસ નિક્સન કંપનીએ રિઝર્વ કરેલો અને રેવન્યુ વિભાગે રિઝર્વ કરીને જથ્થો રાજ્યસાત કરેલો એ જથ્થો ચોરી કેવી રીતે થયો? કારણ કે ૨૦ વર્ષથી હું કહેતો આવ્યો છું કે મારા વિસ્તારમાં આ ત્રણ-ચાર તાલુકામાં આ સમૃદ્ધિ પડેલી છે. કરોડો ટન જથ્થો આજે પણ પડેલો છે. હજુ વિભાગના અધિકારીઓની પાસે જો જથ્થો નથી એવું ટેકનિકલ કારણ હોય તો હું રૂબરૂ મારી જાતે એમને બતાવવા માગું છું. માનનીય મંત્રીશ્રીને હું કહેવા માગું છું કે, ગમે તે રીતે બહુરાષ્ટ્રીય કંપનીઓ, મને છેલ્લે જવાબ મળ્યો છે કે જી.એમ.ડી.સી. માટે આ જથ્થો રિઝર્વ કરી દેવામાં આવ્યો છે. છેલ્લા બે વર્ષમાં જી.એમ.ડી.સી. માટે રિઝર્વ કર્યો છે પણ એણે હજુ સુધી કોઈ કાર્યવાહી શરૂ કરેલ નથી. ૧૦,૦૦૦ મજૂરો જે જગ્યાએથી રોજીરોટી લેતા હતા, આ બહુ મહત્ત્વનો પ્રશ્ન છે. મારા ગરીબ આદિવાસીનો પ્રશ્ન છે, માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી લાંબી વાત કરવા માગતો નથી. ૧૦,૦૦૦ લોકોની રોજીરોટી જી.એમ.ડી.સી.ને રિઝર્વ કરી દેવાના નામ ઉપર આ કામ વેસ્ટડમ્બ વીણવાનું બંધ કરી દીધું અને ૧૦,૦૦૦ લોકો રોજીરોટીથી વંચિત થઈ ગયા. જી.એમ.ડી.સી. કાર્ય આરંભતું નથી અને શીવરાજપુરની મોટીમોટી ખાણો છે એ સુપ્રીમ કોર્ટની અંદર લિટીગેશન થયાં છે. એકબાજુ સરકારશ્રી અને વિભાગ જી.એમ.ડી.સી.ને આપે. બીજીબાજુ કોર્ટની અંદર કેસ ઉપસ્થિત થયો છે. બીજીબાજુ સ્થાનિક લીઝ હોલ્ડરોને પરમિટ નહિ આપીને કામ બંધ કરી દેવામાં આવ્યું તો આ જી.એમ.ડી.સી. ક્યારે આનું કામ શરૂ કરશે એ મારી ચિંતાનો વિષય છે, માનનીય મંત્રીશ્રી આનો વહેલી તકે ઉકેલ લાવે તો ખૂબજ સારું કામ થશે અને લગભગ ૫૦,૦૦૦ લોકોને રોજીરોટી મળશે અને સરકારશ્રીને આ ગરીબ આદિવાસીઓના આશીર્વાદ મળશે. ૧૯૬૦ થી આ જે કામ બંધ થયેલું છે. અને એના માટે છેલ્લે..

**સભાપતિશ્રી .** : માનનીય મંત્રીશ્રી અનિલભાઈ.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી મારા ઉદ્યોગ અને ખાણ વિભાગની અંદાજપત્રની વિવિધ માગણીઓ અન્વયે આયોજન અને આયોજન બહાર એમ કુલ મળીને રૂા.૩,૮૩,૦૧,૨૧,૦૦૦/-ની માગણીઓ લઈને આવ્યો છું, તેમાં ઘણા માનનીય સભ્યશ્રીઓએ કાપ દરખાસ્તો મૂકી અને મૂલ્યવાન સૂચનો કર્યા છે. જે સૂચનો સભ્યશ્રીઓએ કર્યા છે તે સૌ સૂચનોને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક અને આર્થિક વિકાસ એ ગરીબી નિવારણનું જ્યોતક છે અને એ વાત પ્રચંડ જનાદેશ મેળવીને ચૂંટાયેલી રાજ્ય સરકાર અને એના મુખ્યમંત્રી એનાથી સવિશેષ જાગૃત છે અને એને લઈને આ રાજ્યની અંદર ઔદ્યોગિકક્ષેત્રે જે કામગીરી થઈ છે અને એ કામગીરીને મૂલવવા માટે સાથીપક્ષના કેટલાક સભ્યશ્રીઓએ અને એમના નેતાશ્રીએ જે કેટલાક નિરીક્ષણો કર્યા છે એ રેકોર્ડ સ્ટ્રેઈટ કરવા માટે પણ હું એમના જે કાંઈ નિરીક્ષણો છે એની સામે જે સાચી સ્થિતિ છે એ સ્થિતિ પણ હું આ સભા સમક્ષ મૂકવા માગું છું. રાજ્યમાં મૂડીરોકાણના વિષે જે જુદીજુદી રજૂઆતો થઈ છે, એમાં ઓગષ્ટ ૧૯૯૧ થી ડિસેમ્બર ૨૦૦૫ સુધીમાં

કેન્દ્ર સરકારની અંદર જે આઈ.ઈ.એમ. રજૂ થયા છે એમાં ૨,૯૮,૬૦૩/- કરોડના મૂડીરોકાણ સાથે ગુજરાત ૧૬.૮ ટકાનો હિસ્સો ધરાવીને આ દેશમાં પ્રથમ સ્થાને રહેલ છે. માત્ર ૨૦૦૫ ના વર્ષની વાત કરીએ. ગત વર્ષની અંદર ૭૯,૫૪૮ કરોડના મૂડીરોકાણ સાથેના જે આવેદનપત્રો રજૂ થયા એમાં ૨૨.૫ ટકા સાથે, ભારતના કુલ મૂડીરોકાણના ૨૨.૫ ટકા સાથે ૨૦૦૫ ના વર્ષમાં ગુજરાત એ સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોકસભાની બેઠક દરમિયાન તા.૨/૮/૨૦૦૫ નાં રોજ.... માનનીય બલવંતસિંહજી સાંભળો,..... અતારાંકીત પ્રશ્ન નંબર ૧૨૬૦નો જવાબ આપના જ પક્ષના કેન્દ્ર સરકારના રાજ્ય કક્ષાના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રીશ્રીએ આપેલ જવાબ મુજબ છેલ્લા પાંચ વર્ષમાં ભારતમાં આવેલ કુલ મૂડીરોકાણ પૈકી ગુજરાતમાં ૯૪,૩૫૭ કરોડનું નોંધાયેલ છે અને સમગ્ર દેશમાં સૌથી વધુ ઔદ્યોગિક મૂડીરોકાણ મેળવવામાં ગુજરાત પ્રથમ સ્થાને રહેલ છે, એ આ ભારતની લોકસભામાં જે જવાબ આપવામાં આવ્યો છે અને આદરણીય ઉદ્યોગમંત્રી કેન્દ્ર સરકારના જે જવાબ આપ્યો છે એ જવાબ છે.

આવેદનપત્રો ઉપરાંત ઈરાદાપત્રો દ્વારા ગુજરાત દેશમાં ૧૯૯૧થી ડિસેમ્બર-૦૫ સુધીમાં ૨૧,૧૪૯/- કરોડના મૂડી રોકાણ સાથે ગુજરાત દેશમાં ૧૮ ટકાનો હિસ્સો ધરાવી પ્રથમ નંબરે આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રી દ્વારા એમના પ્રવચનમાં એક C.M.I.ના અહેવાલનો ઉલ્લેખ આ સભાગૃહ સમક્ષ કરવામાં આવ્યો છે, એમણે જાણી જોઈને ઑક્ટોબર-૨૦૦૫નો અહેવાલ, જયારે જાન્યુઆરી-૨૦૦૬નો અહેવાલ હું આ સન્માનીય સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું અને જાન્યુઆરી-૦૬ના C.M.I.ની સ્થિતિ પ્રમાણે ગુજરાત કુલ મૂડી રોકાણ ૨,૫૪,૪૭૪/- કરોડ અને ઓરિસ્સા ૨,૬૬,૦૦૦/- જેમાં ૫૦,૦૦૦/- કરોડ રૂપિયાનો સ્ટીલ પ્લાન્ટ કે જેની એક ઈંટ પણ હજુ મૂકવામાં નથી આવી એનો સમાવેશ થયેલો છે ઓરિસ્સામાં અને એના કારણે મહારાષ્ટ્ર, આપણાથી પાછળના ક્રમે જાન્યુઆરી-૨૦૦૬ના C.M.I.ના અહેવાલ પ્રમાણે મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશ જે કોંગ્રેસ શાસિત રાજયો છે એ આપણાથી ત્રીજા અને પાંચમા ક્રમે આવે છે. C.M.I,ના અહેવાલ મુજબ ગુજરાતમાં જે પ્રોજૅકટો ડિસેમ્બર-૨૦૦૪થી જાન્યુઆરી-૨૦૦૬ સુધીમાં જે એકમો ઉત્પાદનમાં ગયા છે અને એના જે મૂડી રોકાણની વિગતો છે એમાં ગુજરાત ૯,૯૧૧/- કરોડના મૂડી રોકાણ સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે અને ઓરિસ્સા બીજા ક્રમે છે, ઉત્તર પ્રદેશ ત્રીજા ક્રમે છે અને કોંગ્રેસ શાસિત બંને રાજયો મહારાષ્ટ્ર અને આંધપ્રદેશ એ ચોથા અને પાંચમા ક્રમે છે. માનનીય અધ્યક્ષશ્રી, જે ભારતના સેન્ટ્રલ સ્ટેટીકલ ઓર્ગેનાઈઝેશન જે છે એની અંદર પણ મૂલ્ય વૃદ્ધિની બાબતમાં પણ છેલ્લા ત્રણ વર્ષમાં મૂલ્ય વૃદ્ધિનો વાર્ષિક સરેરાશ દર ૪૨.૨ટકા ગુજરાતે હાંસલ કર્યો છે. જે ખૂબ જ નોંધપાત્ર એ ગણી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, ફીકસ એસેટ જે ઔદ્યોગિક મૂડી રોકાણ માટે જે મહત્ત્વનો માપદંડ ગણાય તે માપદંડ પ્રમાણે સ્થાઈ મૂડી રોકાણમાં ગુજરાત ૨૦૦૨-૦૩ના વર્ષનો પ્રસિદ્ધ થયેલો અહેવાલ , આ અહેવાલ એન્યુઅલ સરવે ઑફ ઈન્ડિયા, A.S.I. મારફતે છેલ્લો અહેવાલ જે આપવામાં આવ્યો છે એ અહેવાલમાં સ્થાઈ મૂડી રોકાણમાં ૮૨,૩૫૮/- કરોડના મૂડી રોકાણ સાથે સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ નંબરે છે, મહારાષ્ટ્ર ૭૬,૯૧૧/-ના મૂડી રોકાણ સાથે બીજા નંબરે છે અને બીજા રાજયો એનાથી પાછળ આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનીય સભાગૃહનું એ પણ ધ્યાન દોરવું છે કે, અગાઉ વિપક્ષના નેતાશ્રીએ આંધ્ર પ્રદેશ સાથે ગુજરાતની સરખામણી કરી હતી, કેટલાક માપદંડોની અંદર. મારે એમને એ વિવિધ ઔદ્યોગિક સૅકટરો છે એમાં પણ શું સ્થિતિ છે એનું જ્ઞાન મારે આ સભાગૃહને આપવું છે. રિફાઈન્ડ પૅટ્રોલિયમ પ્રોડકટસ, R.P.P. માં આંધ્રપ્રદેશ ૮,૮૫૧/- કરોડ, ગુજરાત ૫૬,૧૮૯/- કરોડ અને આખા દેશનો ૩૮ટકા, કૅમિકલ્સ પ્રોડક્ટસમાં આંધપ્રદેશ ૧૦,૦૦૦/- કરોડ જ્યારે ગુજરાત ૪૮,૦૦૦/- કરોડ કરતાંથી પણ વિશેષ, ટૅક્સટાઈલમાં આંધ્રપ્રદેશ ૨,૯૬૧/- કરોડ જયારે ગુજરાત ૧૩,૦૦૦/-કરોડથી પણ વિશેષ, ધાતુ ઉદ્યોગમાં ૮,૦૦૦/- કરોડ આંધ્રપ્રદેશ, ૧૩,૫૬૦/- કરોડ ગુજરાત, મશીનરી ઉદ્યોગ ૧,૫૭૧/- કરોડ આંધ્રપ્રદેશ, ગુજરાત ૫,૨૯૭/- કરોડ, આમ અનેક ક્ષેત્રોમાં આંધ્રપ્રદેશ કરતાં માર્જીનલ નહીં પણ ૨૦૦, ૩૦૦ ટકાનો, ૫૦૦ટકાના વિશેષ ઉત્પાદન સાથે, આ જે આંકડાઓ છે એ બતાવે છે. ત્યારે મને એ સમજાતું નથી કે, ગુજરાતના આ ઔદ્યોગિક વિકાસની નોંધ કેન્દ્ર સરકાર જ્યારે લઈ રહી હોય, સમગ્ર ઔદ્યોગિક જગત જ્યારે લઈ રહ્યું હોય ત્યારે આ મિત્રોને, ગુજરાતનું નીચું દેખાડવામાં કોના માટે આ રસ ઊભો થઈ રહ્યો છે એ મને સમજાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, લઘુ એકમોમાં પણ ગુજરાતનો હિસ્સો ૧૦ટકા છે. જયારે લઘુ ઉદ્યોગ ક્ષેત્રે દેશમાં બંધ એકમોની સરખામણીમાં ગુજરાતનો હિસ્સો ૪.૪ટકા માલુમ પડયો છે. બીજો પણ મુખ્ય માપદંડ ગણી શકાય કે રોજગારીના સર્જન માટે સૌ જાણે છે કે બીજા રાજયોમાંથી લોકો રોજગારી મેળવવા માટે ગુજરાત આવે છે. જયારે ગુજરાતના યુવાનોને કોઈ રાજયમાં રોજગારી માટે જવું પડતું નથી. રોજગારીનું જે સર્જન થયું છે એ પણ ઔદ્યોગિક વિકાસ સામે આપણને એ બતાવી દીધું છે કે આંધ્રપ્રદેશમાં ૨૦૦૪ની સાલમાં નવી રોજગારી ૨૪૦૦ની થઈ. મહારાષ્ટ્રમાં ૧૨૮૦૦ની થઈ જયારે ગુજરાતમાં ૬૪૯૦૦ નવી રોજગારીનું સર્જન થયું. ૨૫લાખ લોકો બેરોજગાર તરીકે આંધ્રપ્રદેશમાં નોંધાયેલા છે. મહારાષ્ટ્રમાં ૪૩લાખ બેરોજગાર નોંધાયા છે. એની સામે ગુજરાતમાં ૧૦લાખથી પણ ઓછા ૯૨૬૦૦૦ બેરોજગારો નોંધાયા છે એ બતાવે છે. ઔદ્યોગિક વિકાસ દ્વારા રોજગારીનું સર્જન કરવામાં ગુજરાત સરકાર અને ગુજરાતે જે પ્રગતિ કરી છે. ગુજરાતના ઔદ્યોગિક વિકાસ

માટે દેશનાં પ્લાનીંગ કમિશને જયારે આખા દેશને ઔદ્યોગિક વિકાસ માટે લક્ષ્યાંક નકકી કર્યો તો એ લક્ષ્યાંક આપવાની અંદર પણ એમણે જોયું કે સમગ્ર દેશના બધા રાજયોમાં સૌથી વધુ વિકાસ કરવાની ક્ષમતા માત્ર ગુજરાતમાં છે. એટલે આખા દેશના વિકાસ માટે ગુજરાતને ડબલ ડીઝીટનો વિકાસ દર એમણે ટારગેટ તરીકે, લક્ષ્યાંક તરીકે આપ્યો અને લક્ષ્યાંકને આંબવાનું કામ આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દોરવણી નીચે કારણકે ઉદ્યોગ, ખાણ અને ખનિજના કૅબિનૅટ મંત્રી તરીકે આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દોરવણી નીચે આ કામગીરી કરવામાં આવી રહી છે. આ બધા જે કામો થયાં એની પાછળ જે ઔદ્યોગિક નીતિ દાખલ કરી અને ઔદ્યોગિક નીતિ અન્વયે જે ઈનીશીયેટીવ રાજય સરકારે લીધો છે. હું ટૂંકમાં જણાવું. વ્યાજ સહાયની વાત કરું. Technology upgradation ની વાત હોય, technology acquisition fund ની વાત હોય, quality certification ની વાત હોય, પેટન્ટ સહાયની વાત હોય, સંશોધન અને વિકાસ સંસ્થાની cluster વિકાસની વાત હોય, માર્કેટ સહાય, અને common affluent treatment plant જે કોઈ વાર પણ ગોવાભાઈ અને બીજા મિત્રોએ જી.આઈ.ડી.સી.ની વાત કરી. સૌ પ્રથમ જી.આઈ.ડી.સી.ની ઔદ્યોગિક વસાહતના અપગ્રેડેશન માટે ૭૫ ટકા સબસીડી સો કરોડથી પણ વધારે રકમ મંજૂર કરીને અપગ્રેડેશનનું કામ કર્યું છે. આદરણીય સભ્યશ્રી બળવંતસિંહભાઈ સિદ્ધપુર જી.આઈ.ડી.સી.ની અવારનવાર ચિંતા કરે છે અને જે કહે છે ૨૦ વર્ષથી એમની માગણી હતી અને જે જી.આઈ.ડી.સી. ન થઈ એ સિદ્ધપુરમાં જી.આઈ.ડી.સી. આ સરકારે આપી એમને થોડો ભાવવધારે લાગે છે (અંતરાય) ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ માટે તાલીમ કાર્યક્રમની કામગીરી શરૂ કરવામાં આવી છે.

Diamond and jewellery ઉદ્યોગ વિકસાવવા માટે સુરતમાં જેમ જવેલરી સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોનનો પાર્ક ૧૦લાખ સ્કવેર મીટરમાં બેલ્જીયમના ઉદ્યોગપતિઓ સુરતમાં આવે અને સુરતમાં દસ લાખ સ્કવેર મીટરનો સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોનથી થયો. કચ્છની વાત નીમાબહેને કરી. મુખ્યમંત્રીશ્રીનું જે vision હતું કચ્છને સિંગાપુર સમકક્ષ લઈ જવા માટે કેન્દ્ર સરકારે બીજા બે વર્ષ માટે પ્રોત્સાહન યોજના જો લંબાવી હોત તો ૫૦૦૦૦ રૂપિયાનું મૂડીરોકાણ કચ્છમાં આવી શકે એવી શકયતા હતી. આજે ૪૦,૦૦૦ કરોડ રૂપિયાના મૂડીરોકાણ સાથે વિવિધ પ્રોજેક્ટો એમાં અમલીકરણ નીચે છે અને કચ્છની અંદર પણ આ વિકાસ કરવા માટેની કામગીરી થઈ છે. મીઠાના ઉદ્યોગ માટેનો વિકાસ છે, એને પણ હું માનનીય સભ્યશ્રીઓના ધ્યાને મૂકવા માગું છું. સૌ પ્રથમ આ સરકાર અગરિયાઓના સહાય અને કલ્યાણકારી યોજના માટે જે કામગીરી કરે છે, જેમાં ૧૫ કરોડ રૂપિયા જેટલી રકમ વધારીને આપણે જે જોગવાઈ કરેલ હતી, એની અંદર ૫ કરોડ રૂપિયાની વાત કરી અને ૨૦૦૬-૨૦૦૭ માટે ૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ આ બજેટની અંદર વધારવા માટેની માગણી કરવામાં આવી છે અને નમક આવાસ યોજના હેઠળ રાજ્યમાં ૪૧૭ મકાનો બનાવી દેવામાં આવ્યાં છે. બીજાં ૧૨૦૦ મકાનોનું બાંધકામ ચાલુ છે અને પીવાના પાણી માટે, મોબાઈલ મૅડિકલ વાન, વોટર ટૅન્કર, અગરિયાઓનાં બાળકોને પહેરવા માટેનાં કપડાં રાજ્ય સરકારની સહાયમાંથી આપવાની યોજના બનાવી છે. સ્કૂલ બૅગ, કંપાસ અને ગમબુટ માટે ૨૫,૦૦૦ જેટલાં અગરિયાઓને રક્ષણાત્મક કીટ તરીકે મોજા, ગોગલ્સ વગેરેનું વિતરણ પણ કરવામાં આવે છે.

ખાણ ખનિજ વિભાગની વાત કરું તો એમાં દર વર્ષે ૨૩ ટકાની મહેસૂલમાં વૃદ્ધિ કરી ૫ વર્ષમાં ૫૦૦ કરોડના લક્ષ્યાંક તરફ રોયલ્ટી કલેક્શનની અંદર આગળ વધી રહ્યા છીએ, ત્યારે આદરણીય ચંદ્રિકાબેને કેટલીક રજૂઆતો કરી છે, એમને પણ હું કેટલીક બાબતોમાં આશ્વાસન આપવા માગું છું કે રાજ્ય સરકાર જે કોઈ ગેરકાયદેસર ખાણ, ખનિજની પ્રવૃત્તિ થતી હોય, એને કોઈપણ રીતે ચલાવી લેવા માગતી નથી અને માત્ર પોરબંદરની અંદર જે ૨૧૪ કેસો પોરબંદરમાં પકડીને ૧,૮૭,૭૨,૦૦૦ રૂપિયાની રકમ માટેનાં જે બિનઅધિકૃત ખોદકામ માટેનાં પગલાં ભરવામાં આવ્યાં છે અને એક ઈસમને પાસા હેઠળ પણ પકડીને આ પ્રકારની કામગીરી અટકાવવા માટેની કામગીરી કરવામાં આવી છે. ખનિજોના અભ્યાસ માટે ૪૩ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આંતર માળખાકીય સુવિધા માટે ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. સ્ટોન આર્ટીશન પાર્ક માટે ૧૧૫ લાખની જોગવાઈ કરી છે. પ્રયોગશાળા માટે ૫૩ લાખની જોગવાઈ કરી છે અને ૨૨૦૦૦ મીટરના લક્ષ્યાંક સાથે ૧૨,૦૦૦ મિટરનું શારકામ કરીને એક્સ્પ્લોરેશનની કામગીરી કરી છે.

છેલ્લે વેચાતભાઈ દ્વારા મૅંગેનિઝની રજૂઆત થઈ એમાં સભાગૃહને જણાવવા માગું છું કે છેલ્લા ૨૦ વર્ષથી જે કોઈ કામ નહોતાં થયાં, એની અંદર રાજ્ય સરકારે ઈનિસિયેટિવ લઈ ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કૉર્પોરેશનના સક્ષમ માધ્યમ મારફતે મૅંગેનિઝનું પણ માઈનિંગ કરી અને વેસ્ટ ડંપમાંથી મૅંગેનિઝ મારફતે રોજગારીનું સર્જન થાય અને હજારો મજૂરોને કામગીરી મળી રહે એ માટેની કામગીરી કરવામાં આવી છે.

વિપક્ષના નેતાશ્રીએ સુરતમાં જમીન માટેની વાત કરી કે સુરતમાં ડાયમંડ પાર્ક માટે એ જમીન ૧૯૮૬-૮૭ માં આપવામાં આવી હતી અને ૧૯૮૬-૮૭ માં જે જમીન આપવામાં આવી હતી એ વખતે કોની સરકાર હતી એ સભ્યશ્રી જાણે છે, એના માટે મુદ્રાની અંદર સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન બનાવવા માટે જે જમીન આપવામાં આવી છે, એ વેચાણ તરીકે નહિ લીઝ તરીકે આપવામાં આવી છે, જેથી કરીને વિકસિત થયેલ કરોડો, અબજો રૂપિયાની જમીન રાજ્યને પરત મળશે અને સમય-મર્યાદા પૂરી થયા પછી, એનો લાભ પણ રાજ્ય સરકારને મળશે. ઔદ્યોગિક વિકાસ માટે સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન આખા દેશની અંદર ચર્ચાનો વિષય છે.

સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન એક્ટ પસાર કરવામાં ગુજરાત સૌથી મોખરે રહેલ રાજ્ય હતું અને ગુજરાતે સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન કાયદો પસાર કર્યો છે, જે પ્રોગ્રેસિવ કાયદો છે. કે જેના કારણે જે મૂડી રોકાણકારો છે તેમને સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોનમાં આવવું હોય તો ગુજરાતમાં આવવા માટે સવિશેષ આકર્ષણ છે અને તે પ્રકારના આયોજન મારફતે ૧૧ જેટલા સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન ગુજરાતમાં શરૂ કરી દીધા છે. તેના મારફતે કામગીરી થઈ રહી છે. કુટિર ઉદ્યોગની અંદર પણ જે બાજપાઈ બેન્કેબલ યોજના, વડાપ્રધાન સ્વ રોજગારી યોજના માટે ક્રેડિટ ગેરંટીની સ્કીમ નવી દાખલ કરી છે. ૨૦૦૬-૦૭ની અંદર ૭૦ કરોડની બજેટ જોગવાઈ સૂચવવામાં આવી છે. તેનાથી કુલ ૭૫ હજાર જેટલી નવી રોજગારીનું સર્જન થયું છે. આ રીતે ઉન, ગાલીચા વણાટ તાલીમ વિભાગ, માનવ કલ્યાણ યોજના નીચે ૨૫ હજાર લાભાર્થીઓને ૬ કરોડ ૩૪ લાખ રૂપિયાની જોગવાઈ આપવામાં આવી છે. ઈ-ગવર્નન્સ મારફતે પણ વિભાગે જે કામગીરી કરી છે તેમના મારફતે વેબ સાઈટ ઉપર લીઝ પણ આપી શકાય તે પ્રકારની કામગીરી કરી છે. માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે તેમની કાપ દરખાસ્તો પાછી ખેંચે અને આ સભાગૃહના સૌ સભ્યોને આ ઉદ્યોગ, ખાણ અને ખનિજ વિભાગની જે માગણીઓ છે તે સર્વાનુમતે મંજૂર કરવા અનુરોધ કરું છું. આભાર.

**શ્રી સી.ડી. પટેલ (રાજય કક્ષાના પ્રવાસન અને નાગરિક ઉડ્ડયનમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રવાસન વિભાગની ૧૦૪ કરોડ, ૭૦ લાખ ૩૯ હજારની માગણી આ ગૃહ સમક્ષ રજૂ કરી છે ત્યારે તેમાં ૧૮ સભ્યોએ પોતાના વક્તવ્ય આપ્યા છે અને તેમાં પ્રવાસન વિભાગની ચર્ચામાં ૯ સભ્યોએ ભાગ લીધો છે. ક્યાંક કેટલાક સારા સૂચનો છે તે સૂચનોનો સ્વીકાર કરું છું અને જે મિત્રોએ ક્યાંક ટકોર કરી છે તે મિત્રો અહીંયાં જે હાજર છે તેમને કહું કે પૂરો સમય બેસે. કારણકે તે બાજુથી નવ મિત્રો બોલ્યા હતા અને નવમાંથી ત્રણ પણ હાજર નથી. હાજર ન હોય તે મિત્રોને મારી વાત પહોંચાડશો તો મને ગમશે.

પ્રવાસન વિષયને રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય ફલક પર મૂકવા માટે ગુજરાતના મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદી કે જેમણે આ વર્ષને પ્રવાસન વર્ષ, ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કર્યુ છે તેમને હું અભિનંદન આપું છું કે વર્ષોથી જે વિભાગ ભુલાઈ ગયો હતો. પ્રવાસન વિભાગને અને પ્રવાસનનો વિકાસ થાય તો ગુજરાત ધમધમતું બને. આ રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય ફલક ઉપર ગુજરાતને અલગ રીતે દરજ્જો મળે અને પ્રવાસીઓને ગુજરાતમાં આકર્ષી ગુજરાતના વિકાસની રૂપરેખા કંડારી શકાય અને જે વિસરાઈ ગયેલી ગુજરાતની વાતને, ગુજરાતની વિરાસતને રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય ફલક ઉપર મૂકવા માટેના નિર્ધાર સાથે કામ થઈ રહ્યું છે ત્યારે પ્રવાસન એ માનવ જીવન સાથે સંકળાયેલી અભિન્ન પ્રવૃત્તિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જળ, જમીન અને આકાશ આ ત્રણેમાં જે રીતે માનવે પ્રવાસ કરીને સિદ્ધિ મેળવી છે, જે વિકાસ સાધ્યો છે અને નવી ક્ષિતિજો આંબી છે તેમાંથી ગુજરાત કયારેય પાછળ ન રહી શકે, ગુજરાતનો છેવાડાનો માનવી આ પ્રવાસનના મીઠાં ફળ ચાખી શકે તેના માટેના દૃઢ નિર્ધાર સાથે આગળ વધીએ છીએ ત્યારે પ્રવાસન ક્ષેત્રે નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬માં આ જે સિદ્ધિઓ છે તેમાં અનેક સિદ્ધિઓ મેળવી છે તે સિદ્ધિઓની વાત પહેલાં કરીશ. સૌ પ્રથમ તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે ગુજરાત ટુરિઝમ કાઉન્સિલની રચના કરી છે. ગુજરાતમાં પહેલી વાર ગુજરાત ટુરિઝમ કાઉન્સિલની રચના કરીને ટુર્સ, ટ્રાવેલ્સ એસોસિએશન, હોટલ્સ, મોટલ્સના લોકો અને આ ક્ષેત્રના રોકાણકારો છે તેઓને એક તક આપી છે કે સાથે મળી સાથે બેસી ગુજરાતના પ્રવાસનની ચિંતા કરીએ. તેના માટે થઈ ગુજરાતની આવડી મોટી ઐતિહાસિક વિરાસત ક્યાંક પૂજય બાપુને યાદ કરીને પોરબંદરને યાદ કરી શકાય. ૧૨મી માર્ચ ૨૦૦૫ના દિવસે અહીંથી દાંડીયાત્રા નીકળી હતી. કેટલાક લોકોએ ગાંધી ટોપી પહેરી હતી. પૂજય બાપુજીએ ટોપી એટલા માટે પહેરી હતી કે અંગ્રેજોનું આ દેશમાં શાસન હતું, ટોપાવાળા સામે ટોપી એમણે પહેરી હતી, જ્યારે આ લોકોએ તો માત્ર ટોપી પહેરીને દેખાવ કર્યો, ફરી કોઈ દિવસ કોઈએ માથા ઉપર ટોપી નથી રાખી. પોરબંદર મહાત્મા ગાંધીજીનું જન્મ સ્થળ, સાબરમતી, ગાંધી આશ્રમને કોચરબ, માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે વાત કરું છું કે, દાંડી રૂટ તરીકે જ, દાંડી રૂટ તરીકે જાહેર કરીને સમગ્ર બાપુનું જીવન જે ગુજરાત માટે ગુજરાતની અલગ ઓળખ મહાત્મા ગાંધીજી થાય એની ચિંતા અને ચિંતન કરવા માટે થઈને ગુજરાત હૅરીટેજમાં દાંડી માર્ગ તરીકે જાહેર કર્યુ છે ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલ, કરમસદ, બારડોલી અને એમનું જન્મ સ્થળ, સાહેબ, એક ખેડૂત આંદોલન ન ભૂલી શકાય અને માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ, એ નરસિંહ મહેતાની વિરાસત અને એટલા માટે મને યાદ આવે કે ,"શ્રી નરસિંહ મહેતાની કરતાલ, પૂજ્ય બાપુની હડતાલ અને શ્રીસ્વામીનારાયણનું વડતાલ" એ તો ગુજરાતની ભવ્ય સંસ્કારનો વારસો છે. એનો વિકાસ કેટલાક સમયથ (અંતરાય) માનનીય ગોવાભાઈ, હું એ જ કહું છું, સાંભળવું પડશે. જુનાગઢમાં કેટલાય વર્ષોથી અટવાઈ ગયેલા જે કામો અને સાહેબ, જુનાગઢ માટે એની ટૂક પર દર્શન કરવા જાઉં, વર્ષોથી જેની ઇચ્છા હોય, વિદેશથી આવેલ એ પ્રવાસી ત્યાં જ્યારે જવા ઇચ્છતો હોય ત્યારે ત્યાં આગળ એને સરસ મજાની સુવિધા મળે, ગઢ જૂનો ગિરનાર, એ ગિરનારનો રોપવે અને એ રોપવેની જ્યારે વાત કરું છું ત્યારે આ સરકાર ગિરનાર ઉપર રોપવે બાંધવા માટે કટિબદ્ધ છે અને ટૂંકસમયમાં જ એનું ખાતમુહર્ત થશે અને ત્યાં આગળ પ્રવાસી આગળ વધી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં વાણિજય પ્રવૃત્તિઓથી થતી આવક, કર્મયોગી ભાવનાને મૂર્તિમંત કરી, ખર્ચમાં કરકસર કરી અને એ કરવાથી આવકમાં વધારો થયો છે, માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ એમ કહેતા હતા કે કોરપોરેશન ખોટ કરે છે, કરતા હશે , એ એમના સમયની વાત કરતા હતા, પણ હું ચોક્કસ આંકડા સાથે કહું છું કે ૨૦૦૩-૨૦૦૪ની સાલમાં પ્રોફેશનલ આવક આ પ્રવાસન નિગમ લિમિટેડની ૩૬૧.૪૮ લાખ હતી એ ૩૬૫ થઈ હતી એ સમયે પણ ૩/૮૮ના વર્ષની સાથે પણ, ૨૦૦૪-૨૦૦૫માં ૭ લાખ ૫૫ હજાર અને ૨૦૦૫-૨૦૦૬માં એપ્રિલથી ડિસેમ્બર સુધીમાં પ્રોફેશનલ નફો ૬૪ લાખ ૭૪ હજાર થયો છે અને એ એક કરોડ રૂપિયા સુધી પહોંચવાની શક્યતા છે. ત્યારે આ સરકારે ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં આ કામ કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈ તો એમ પણ કહેતા હતા કે એન.આર.આઈ. અને વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો થયો છે, માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે આંકડા છે અને એ આંકડા જીટકોના છે અને અહીંયા જે પ્રવાસીઓ આવ્યા એના આંકડા છે આ સરકાર દ્વારા જે કોઈ કાર્યો પ્રવાસન ક્ષેત્રે થઈ રહ્યાં છે એના આધારે એન.આર.આઈ. પ્રવાસીઓની સંખ્યા ૨૦૦૪-૨૦૦૫માં ૩૮૪૨૦ હતી એ વધીને ૨૦૫-૨૦૦૬માં ૫૮૯૯૮ થઈ છે, એટલે કે ૧૫૩.૩૩ ટકાનો એમાં વધારો થયો છે અને વિદેશી પ્રવાસીની વાત માનનીય ગોવાભાઈ, આપે સાંભળવી પડશે. ૨૦૦૪-૨૦૦૫માં ૨૧૫૬૭ હતી એમાં પણ ૨૨૨.૬૬ ટકાનો વધારો થયો છે, આમ પ્રવાસન પરિયોજનાની કામગીરી જે રીતે થઈ રહી છે, હમણાં જ માનનીય નીમાબેન કચ્છની વાત કરતાં હતાં, તો માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં પણ ' કચ્છડો લીલો બારે માસ' જેમ કહેવાય છે નારાયણ સરોવર, કચ્છમાં રૂપિયા ૩૪લાખ ૩૭ હજારના ખર્ચે પરિયોજનાનું કામ ચાલી રહ્યું છે. તેરા કચ્છમાં પણ તેરામાં પણ ૪૦ લાખના ખર્ચે કામ ચાલી રહ્યું છે. વડનગર, મહેસાણા, ઉદવાડામાં પણ અનેક પ્રકારના વિકાસના કામો ૨૦૦૫-૨૦૦૬માં થઈ રહ્યા છે ત્યારે નળ સરોવર અભયારણ્ય, ત્યાં આગળ પણ ૧૩-૫-૦૫થી પ્રવાસીઓને રહેવાની-જમવાની સુવિધા સાથેની વ્યવસ્થા કરવામાં આવી છે. માનનીય ગોવાભાઈ, આ પક્ષીઓની સાથેની મોજ એકવાર માણવા માટે આપણે સાથે જવું પડે. વલથડ, સામ્રાજ્ય અને માલવાડ ત્યાં આગળ ૧-૫-૦૫ના રોજ પ્રવાસી સુવિધા કેન્દ્ર ઉપલબ્ધ થયેલ છે અને કચ્છમાં ધોળાવીરા, હડપ્પનની સંસ્કૃતિની વાત, સાહેબ, ચાંદની રાતમાં આ રણની મોજ કચ્છોત્સવ કાર્યક્રમમાં સૌએ માણી હશે અને ન માણી હોય તો એને આમંત્રણ છે, ૨૦૦૬નું વર્ષ પ્રવાસન વર્ષ છે, વેલ કમ એટ કચ્છ, ધોળાવીરા ખાતે, ત્યાં આગળ આ પ્રકારની જે  વિકાસની કામગીરી થઈ રહી છે, અને લોકો આવી રહ્યા છે. તાજેતરમાં સાપુતારા, પાવાગઢ ખાતે હોલી ડે હોમ ઉપર નવીનીકરણ અને આધુનિકરણ માટે ૧૨૦ લાખ અને સેકન્ડ ફેઝમાં ૫૫ લાખ રૂપિયા જેટલી માતબર રકમ દ્વારા સાપુતારાનું આધુનિકરણ થયું છે. જે વર્ષોથી ખોટ કરતું યુનિટ હતું એણે ચાલુ વર્ષે આ ડિસેમ્બર સુધીમાં ૩૫ લાખથી વધારે નફો કર્યો છે. વર્ષાંતે ૩૧ માર્ચ સુધીમાં ૫૦ લાખ કરતા વધારે નફો સાપુતારા ખાતે થવાનો છે. આ સુવિધા આપવાથી શકય બન્યું છે. એને વિકસાવવું છે એની જ વાત કરું છું માનનીય ગોવાભાઈ, મોઢેરા, અડાલજ, માંડવી અને બાલાસીનોરની વાત કરું તો મોઢેરામાં કેન્દ્ર સરકારનો હિસ્સો ૧૧૮ લાખ છે એની સામે ગુજરાત સરકારનો ૭૫ લાખનો હિસ્સો, બાલાસીનોરમાં કેન્દ્ર સરકારના ૩૪૫ લાખના હિસ્સા સામે ૧૦૦ લાખના ખર્ચની તૈયારી સાથેનું આયોજન પણ થયું છે. ટ્રાયબલ હાટ સામાન્ય અને ગરીબ માણસ, આદિવાસી વિસ્તારના લોકો, મારા આ આદિવાસી ભાઈઓ એ પણ સાપુતારામાં હાથ પર હાથ રાખીને બેસી ન રહે અને વર્ષોથી જેની સામે નથી જોયું એમને ટ્રાયબલ હાટ દ્વારા, કેન્દ્ર સરકાર અને રાજય સરકાર પુરસ્કૃત યોજના દ્વારા ત્યાં ટ્રાયબલ હાટ બાંધી આપવામાં આવી છે. જયાં પણ ગુજરાત સરકારનો હિસ્સો ૩૯ લાખ અને કેન્દ્ર સરકારનો હિસ્સો ૯૩ લાખ છે ત્યાં આજે આ કાર્યરત થયું છે ત્યારે આ સામાન્ય ગરીબ આદિવાસી ભાઈ આજે ત્યાં કામ કરી રહ્યો છે. આ રીતે ખોટા ધંધાથી દૂર થઈ એને કામમાં જોતરવાનું કામ પ્રવાસન વિભાગે કર્યુ છે. તેમજ દેશ અને દુનિયામાં પ્રવાસનની એક સાથે સુવાસ ફેલાય છે અને ગુજરાત પ્રવાસનના મહત્વના સ્થાનોની માહિતી દુનિયાના છેવાડાના સ્થાન ઉપર બેઠા બેઠા પણ મેળવી શકાય એના માટે ડબલ્યુ ડબલ્યુ ગુજરાત ડોટ કોમ પ્રવાસન. પ્રવાસન ક્ષેત્રને લગતી વેબ સાઈટ પણ મૂકવામાં આવી છે અને એ વેબ સાઈટ દ્વારા  વિવિધ ભાષાઓમાં પણ માહિતી આપવામાં આવી રહી છે એમાં અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ, પોર્ટુગલ્સ એમ સાત ભાષાઓમાં એ પોતાને ત્યાં પોતાના વતનમાં બેસીને આ રાજયની સાચી માહિતી મેળવી શકે અને અહીંયા આવે  and so we say - Welcome to Gujarat, where the Life is Celebration.

ગોવાભાઈ, આ જીવન એક ઉત્સવ છે ત્યારે આ મારા અર્જુનભાઈ, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ એમ કહ્યું કે, ઉત્સવો પાછળ ખર્ચ કરવામાં આવે છે. ઉત્સવો એ તો ગુજરાતનું ખમીર છે, ગુજરાતની સંસ્કૃતિ છે, ગુજરાતની કલા છે.  ગુજરાતની કલા સંસ્કૃતિના વારસાને ઉજાગર કરવા માટે આ સરકારે જે ખર્ચ કર્યો છે એ લોકોની ભાવનાને સાથે જોડીને ખર્ચ કર્યો છે અને એના માટે થઈને સમગ્ર વિસ્તારમાં એક નવું પ્રાણ પુરાયું છે. ગુજરાતમાં તરણેતરનો મેળો સુરેન્દ્રનગર ખાતે,  નવરાત્રી મહોત્સવ ગાંધીનગર ખાતે, શરદોત્સવ કચ્છમાં, આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવ સાબરમતી રીવરફ્રન્ટ પર થયો. માનનીય બળવંતભાઈ બેઠા છે એમને ખબર છે કે આપણામાં કહેવત છે કે 'સસ્તુ ભાડું અને સિદ્ધપુરની યાત્રા' ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રીએ લૂપ્ત અને ગૂપ્ત

સરસ્વતિને નર્મદાના પાણી દ્વારા નવપલ્લવિત કરી અને ત્યાં જે મહાસંગમ થયો છે એ ગુજરાતની વિરાસત છે. એજ રીતે રણોત્સવનો કાર્યક્રમ ચાંદની રાતમાં રણનો આંનદ દસાડા ખાતે, આદિવાસી લોકોને જોડીને કેવડિયા કોલોની ખાતે આદિવાસી મહત્સવ થયો અને એ આદિવાસી મહોત્સવમાં સ્થાનિક કલાકારો પોતાની કલા સંસ્કૃતિનો વારસો જાળવી રાખે, પોતાના વિસ્તારમાં પોતાનું કૌશલ્ય બતાવે એ માટે આદિવસી વિસ્તારમાં આદિવાસી મહોત્સવ કેવડિયા કોલોની ખાતે થાય અને ત્યાં આગળ ૨૫૦ થી ૩૦૦ નાના મોટા કલા-કારીગરો કલા કારીગરીની સંસ્કૃતિ સાથે સંકળાયેલા છે એવા મિત્રો ત્યાં આગળ જોડાય અને એનું કૌશલ્ય બનાવે અને ત્યાંનો એક નાનો ભાઈ ૮ થી ૧૦ ચોપડી ભણેલો એ ગાઈડ તરીકે કામ કરે, આનંદ થાય આપણને. માનનીય બળવંતસિંહ ગયા છે ત્યાં આગળ અને એમને ગાઈડે સમજાવ્યા છે એટલે એમને ખબર છે. એ ભાઈ ગાઈડ તરીકે ખૂબ સરસ સમજાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા માટે પણ આપણે સૌ સાથે મળીને ગૌરવ લઈ શકીએ છીએ. એ નર્મદા ડેમ અને પ્રવાસન સ્થળે આ વર્ષે ૫ લાખથી વધારે પ્રવાસીઓ આવ્યા છે અને સામાન્ય સીંગ-ચણા વેચતો ભાઈ, જામફળ લઈને બેઠેલી એ મારી માં, એ માજી અને ત્યાં આગળ આંબલી, બોર અને કોઠા લઈને વેચવા બેઠેલો એ ભાઈ ત્યાં પોતાની રોજી રોટી કમાઈ શકે છે. પ્રવાસન દ્વારા છેવાડાના માનવીની ચિંતા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ કરી છે. ૬ ગામોની પરિક્રમા થઈ. હમણાં જ પાલીતાણા ખાતે  છ ગાંઉની પરિક્રમા ગઈ અને મારા સાથી મિત્ર મનસુખભાઈએ વાત કરી એક અજબ ગજબ ઉત્સવનો ભવનાથનો મેળો, લીલી પરિક્રમા અને ડાકોરનો રંગોત્સવ.. મારે ગૃહ વિભાગને ધન્યવાદ આપવા છે અને ડાકોરના ઠાકોરની કૃપા ગુજરાત પર વરસી છે કે જેના કારણે ડાકોરના રંગોત્સવમાં ભંગ પાડવા માટે આવેલા એ આતંકવાદીઓ ઠાર મરાયા છે અને ગૃહ વિભાગે આની જે કાળજી લીધી છે એ માટે ગૃહ વિભાગને હું અભિનંદન આપું છું.  જે ભાઈ પોતાની શ્રદ્ધા સાથે ચાલતો ચાલતો ડાકોર ગયો છે એ ડાકોરના ઠાકોરે એનું રક્ષણ કર્યુ છે.  આ એ ધરા એ ભૂમિ સાથે .. આ તો ભગવાનનું ઘર છે, ગુજરાત એ તો ભગવાનનું ઘર છે, જ્યાં સૌરાષ્ટ્રે ચ સોમનાથ.. નાગેશ્વર દ્વારકવને. દ્વાદશ જ્યોતિર્લીંગમાંથી બે આપણા સૌરાષ્ટ્ર - ગુજરાતમાં છે.  ચાર ધામની યાત્રા કરીને યાત્રાની પૂર્ણાહુતિ મેળવવી હોય તો ડાકોર આવવું પડે. દ્વારકા અતીત અને બેટ દ્વારકા આ આપણું સૌભાગ્ય છે કે આપણે ત્યાં પ્રભુના ઘર છે અને પ્રભુના ઘર હોય ત્યાં તો મને લાગે છે કે મોજ  જ આવે.  પાટણના પટોળા અને કચ્છની શાલ. આ ગુજરાતના પ્રવાસન સ્થળોની ગરિમા છે. આ પ્રવાસન વર્ષ દ્વારા આ વાતને આપણે ઉજાગર કરવી છે.  સૌએ સાથે મળીને કરવું છે અને સૌએ સાથે મળીને જ્યારે આ કામ કરતા હોઈએ ત્યારે ગોવાભાઈ એમાં બધાએ સહયોગ આપવો પડે, પુંજાભાઈ વાત કરતા હતા તો પુંજાભાઈને પણ હું કહેવા માગું છું કે આવો આ દેશમાં આ જે મહત્વના સ્થાનો છે એ સ્થાનોને સાથે મળીને અને જેમ આ દેશના નવ રાજયોમાં ગયા હતા ઘણા બધા મિત્રો એમાં હાજર હતા (અંતરાય) શબરીકુંભ કહો, કબીરવડ કહો, અડી કડીને નવઘણનો કૂવો, જ્યાં શ્રવણનો જન્મ હુઓ, અડાલજની વાવ, શું નથી ગુજરાત પાસે? આ ભવ્ય વિરાસતનો વારસો છે. આ દેશના નવ રાજયોમાં ગુજરાતના તમામ સંસદ સભ્યશ્રીઓ, મંત્રીગણ સૌ સાથે મળીને જ્યારે પ્રવાસન વર્ષ ૨૦૦૬ નિમિત્તે ગુજરાત બહાર વસતા સૌ ગુજરાતીઓ પાસે સંપર્ક સેતુ યાત્રામાં ગયા હતા અને ત્યારે આ ઘટના બની છે. મારા મિત્રો અત્યારે આનંદમાં એટલા માટે છે હતા જે દૂર કિનારા  બધા સાથે ગયા હતા અમે કરીબ આવી ગયા મિટાવી શિકવા ગિલાયે અમે સાથે એટલા માટે ગયા હતા સમીપ આવી ગયા જીવન સફરની મજલ એકધારી આમ તો છે કદીક આ પ્રવાસમાં સારથી કો મનિષ ગીલીટવાલા ભી મિલ ગયા. મનિષભાઈ પણ મારી સાથે હતા અને પ્રવાસમાં એ મોજ એ મસ્તી. સૌના સહિયારા પ્રયાસથી, સૌના સહિયારા પુરુષાર્થ સાથે, સ્વનું નહિ પણ સૌનું કાર્ય છે આ કાર્ય સૌનું છે અને સૌએ સાથે મળીને પ્રથમ વખત જ તમામ વિભાગો, વિવિધ સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ, સ્થાનિક સંસ્થાઓ, ખાનગી ક્ષેત્ર અને અન્ય ધાર્મિક, સામાજિક સંસ્થાઓ સૌનો સહિયારો પુરુષાર્થ, ગુજરાતમાં આ વિકાસની જે પરંપરા છે એને આગળ વધારશે ઈકો ટુરિઝમ વન વિભાગ દ્વારા માર્ગ અને મકાન રસ્તાઓના વિકાસ માટે માનનીય માર્ગ વિકાસ મંત્રીશ્રીએ ગઈકાલે જે એમના પ્રવચનમાં આ ગુજરાત રાજય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કરી અને પ્રવાસન સ્થાનોને યાત્રાધામને વિકસાવવાની જે વાત કરી છે તો પાણી પુરવઠા વિભાગના મંત્રીશ્રીએ  પાણી પુરવઠાની અનેકવિધ યોજનાઓ પણ આ સાથે જોડી છે.  નર્મદા વિકાસ મંત્રીશ્રીએ ગઈકાલે જે વાત કરી છે એ મુજબ ૧૫૦ કરોડ રૂપિયા ઉપરાંતના મૂડીરોકાણો, હોટલ અને પ્રવાસન ઉદ્યોગના અનુસંધાનમાં એમણે જે વાત કરી છે એ ખૂબ મહત્વની વાત છે ત્યારે ૨૦૦૬-૦૭ના વર્ષમાં  મેળાઓ, ઉત્સવો અને કાર્યક્રમોના આયોજન પાછળ ૧૪ કરોડ રૂપિયા, આંતરમાળખાકીય સુવિધાઓ પ્રવાસન સવલત અંગે ૬૦ કરોડ રૂપિયા, પ્રવાસન વર્ષની ઉજવણી માટે ૧૦ કરોડ રૂપિયા, પ્રચાર અને પ્રસાર માટે ૧૦ કરોડ રૂપિયા, પ્રદર્શન અને સેમીનાર માટે ૧.૫ કરોડ રૂપિયા, પ્રવાસન માહિતી કેન્દ્ર માટે ૧.૧૦ કરોડ રૂપિયા. તાલીમ એચ.આર.ડી.માટે ૩૦.૩૦ કરોડ રૂપિયા, માર્કેટ રીસર્ચ અને મોનીટરીંગ માટે .૩૦ કરોડ રૂપિયા, ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન માટે .૨૫ કરોડ, ગુજરાત ટુરીઝમ કાઉન્સિલ માટે .૫ કરોડ તેમ યાત્રાધામ વિકાસમાં પણ કુલ ૪૦૪ કરોડ ૪૮ લાખ જેટલી માતબર રકમ દ્વારા સમગ્ર વિકાસ થવાનો છે ત્યારે સૌ સાથી મિત્રોના સહિયારા પ્રયત્નો દ્વારા આ વિકાસની સહભાગીદારીમાં ભાગીદાર થવા માટે વિનંતી કરું છું. આ ગુજરાત છે. ગુજરાતમાં એશિયા

ટીક સિંહને યાદ ના કરીએ તો ના ચાલે અને એટલા માટે જ આપે ઉમંગ ને ઉલ્લાસ, મનેખ ભોળા ને ભાવુક, પ્રેમાળ ભોળા અને ભાવુક મનેખ છે ગુજરાતનાં, મોઢા પર મરક મરક હાસ, પંખીના ગીતો સૂણો આકાશ વૃક્ષોના વાદ્યો નદીઓના નમણાં વળાંકો, સરસ્વતી ખણખણ વહેતાં ઝરણાં, પહાડોનું સંગીત હસે, આવકારે છે પાસ દરિયાનો રૂપેરી કાંઠો, કહો આવો મહેમાનું ખાસ, મહેમાનોને કહે છે આવો ખાસ, ઊછળતાં મોણાં ને વ્હાણ, ખોલી દો દિલના સઢ, ખોલી દો શ્વાસ, આપે ઉમંગ ને ઉલ્લાસ, આરામ કરો, આનંદ કરો તાજામાજા થાવ, જય જય ગરવી ગુજરાત. જય જય ગરવી ગુજરાત.

આપ સૌને મારા સાથી મિત્રોએ જે કાપ દરખાસ્તો મૂકી છે તેમને આ પ્રવાસ વર્ષના ઉજાગર કરવા માટે અને સમગ્ર વિશ્વમાં એકાત્મક ભાવનાથી સાહેબ, પ્રવાસ જ વિશ્વને જોડે છે. બાકી કટ્ટરવાદ તેને તોડે છે. ત્યારે પ્રવાસને એકતા લાવી એકતાના દ્વારા આપ જે આ કાપ દરખાસ્તો મૂકી છે તેને પાછી ખેંચી લેવા વિનંતી કરું છું અને સૌનો આભાર માનું છું. જય જય ગરવી ગુજરાત.

**શ્રી ભરત બારોટ (રાજય કક્ષાના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત અને ગ્રામ વિકાસની માગણીઓના સંદર્ભમાં હું મારા વિભાગની વિવિધ વાતો સભ્યશ્રીઓને રજૂઆત કરું તે પહેલા બધા જે સભ્યશ્રીઓ ૧૮માંથી ૪-૫ લોકોએ આ વિભાગને માટે સૂચનો કર્યા છે તેને આવકારું છું અને આવતા દિવસોમાં આ વિભાગની વિવિધ કામગીરીઓમાં તેમાં સુધારો લાવવાનો અમે બધા પ્રમાણિક અને પારદર્શક પ્રયત્ન કરીશું. નર્મદાના સંદર્ભમાં જેમ એક સામૂહિક મન આખા ગુજરાતનું બન્યું છે. તેમાં રાજય સરકારની લાગણી છે કે ગામના વિકાસને પંચાયતના સંદર્ભમાં પણ એક આખા રાજયનું સામૂહિક મન બનાવવું આવશ્યક છે. મહાત્મા ગાંધીનું ગુજરાત છે, સરદાર પટેલનું ગુજરાત છે જેને પંચાયતની વાત કરી છે, શરૂઆત કરી છે. જેણે આખા દેશને દિશા ચીંધી છે. તે દેશના આઝાદીના આટલા બધા વર્ષો પછી પણ આપણા દેશના વિકાસના માળખામાં મહાત્મા ગાંધીજીની ઇચ્છા મુજબ ગામ અને ખેતી ભુલાયા હતા તેનું પરિણામ આજે આપણે બધા ભોગવી રહ્યાં છીએ. શું થયુ, કેમ થયું તેની ઊંડાણમાં જવા નથી માગતો. પણ હકીકત એ છે કે, આજે પણ ગામ પાછળ છે. ગામ વિકાસ આજે પણ ચર્ચામાં પણ હતું પાછળ છે. વિરોધપક્ષના નેતાથી માંડીને બધાએ એમને જેના સંદર્ભમાં વાત કરવી જોઈએ છીએ તે વિકાસની વાત જ નથી કરી. તેમની કેન્દ્રની સરકારે જે એમ્પ્લોઈમેન્ટ ગેરંટી એકટ પાસ કર્યો છે તેનો એક શબ્દ ઓપોઝીશનમાંથી બોલાયો નથી. જે એકટને માટે ૨૦૦૫ની અંદર બહુ મોટો •* (હોબાળો) કરવામાં આવ્યો, જેને પાસ કરવામાં આવ્યો તેના અનુસંધાનમાં..

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, * (હોબાળો) શબ્દ યોગ્ય નથી.

**શ્રી ભરત બારોટ** : હા, * (હોબાળો) પાછો ખેંચી લઉં છું. મારી લાગણી એ છે કે, વિરોધપક્ષ તરીકે જેમના સંદર્ભમાં કેન્દ્ર સરકારે એ એકટની અમલવારીની જવાબદારી રાજય સરકારને આપી છે તે એકટના સદંર્ભમાં હું ખાલી યાદ અપાવું છું પણ આ આખા એકટના સંદર્ભમાં તેમનો પણ સાથ સહકાર જોઈએ છીએ. રાજય સરકાર ગામના વિકાસ માટે પંચાયતોના સંદર્ભની અંદર એક સામૂહિક મન બનાવવા માટે ૧૯૯૫થી જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી ગામડાંને વિકાસનું મધ્યબિંદુ બનાવ્યું છે, વિકાસનું મધ્યબિંદુ બનાવ્યા પછી એના પરિણામો આજે દસ વર્ષ પછી આખા દેશમાં ગુજરાતમાં એટલા માટે મળે છે કે ગામડાને અને ગામડાની ખેતીને મધ્યબિંદુ બનાવ્યું છે. એટલા માટે ગુજરાત આજે વિકાસના રસ્તા ઉપર છે. નહીંતર આઝાદીના ૫૧ વર્ષ પછી લોકસભાના અને વિધાનસભાના સભ્યોના ભાષણો હું વાંચતો હતો, સાંભળતો હતો, ત્યારે આઝાદીના ૫૦ વર્ષ પછી દેશે કોઈ વિકાસ કર્યો નથી તેવી વાત ફલિત થતી હતી. હકીકત એ છે કે ૫૦ વર્ષમાં જે વિકાસ થવો જોઈતો હતો તે થયો નહોતો. આજે પણ દેશના વિકાસમાં એટલા માટે પાછળ છીએ કે ગામડું પાછળ રહી ગયું છે. ગુજરાતની આ રાજય સરકારે છેલ્લા ૭, ૮ વર્ષમાં અને એમાંયે ખાસ કરીને છેલ્લા ૪ વર્ષમાં ગામડાના વિકાસ માટે જે યોજનાઓની વાત કરી છે એના પરિણામો ગુજરાતમાં મળી રહ્યાં છે.

એમ્પ્લોયમેન્ટ ગેરંટી એકટની ગ્રામ વિકાસના સંદર્ભમાં એ લોકો એ વાત ભૂલી ગયા છે, પણ હું એ વાતથી શરૂઆત કરીશ. આ રાજય સરકારે કેન્દ્ર સરકારની આ યોજના છે. એમ્પ્લોયમેન્ટ ગેરંટી એકટ ગુજરાતના ૬ જિલ્લાઓમાં ચાલે છે. ગુજરાતના આ ૨૫ જિલ્લાઓમાંથી ૬ જ જિલ્લામાં આ પ્રોગ્રામ ચાલે છે. એના માપદંડ એ જિલ્લો છે. આપણે ત્યાં ગુજરાતની અંદર જિલ્લો એ પછાત નથી ગણાતો, તાલુકો એ એનું યુનિટ છે. પછાતપણાનું. રાજયની અંદર કૌલગી કમિટીના રીપોર્ટ મુજબ, બક્ષી પંચ પછી બીજા ઘણા પછાત તાલુકા રહી જાય છે. આ એકટમાં એવી પરિસ્થિતિ થાય છે કે એક જિલ્લાને રાખવાથી એક પછાત તાલુકો રહી જાય છે. એટલા માટે રાજય સરકારે કેન્દ્ર સરકાર પાસે રજૂઆત કરાવડાવીને, પત્ર લખીને રજૂઆત કરાવડાવી છે કે ૬ જિલ્લામાં એમ્પ્લોયમેન્ટ ગેરંટી એકટનો અમલ કર્યો છે, એની અંદર ગુજરાતમાં પછાતપણાના માપદંડ નકકી થયા છે, એવા પછાત તાલુકા છે, એના સંદર્ભમાં કેન્દ્ર સરકારે વિચાર કરીને આ ૬ જિલ્લા ઉપરાંત બીજા

• * ( ) માનનીય મંત્રીશ્રીએ આ શબ્દ પાછો ખેંચી લીધો છે.

પછાત તાલુકાની અંદર અમલ કરીને ખાસ કરીને સૌરાષ્ટ્રના અતિ પાણીની તંગીવાળા એવા વરસાદની તંગીવાળા જિલ્લા અને બધા જ આદિવાસી જિલ્લાને બાકીના એ પછાત તાલુકાઓનો સમાવેશ કરવો જોઈએ.

આ રાજય છેલ્લા ૩ વર્ષથી રોજગારી, ગ્રામ્ય રોજગારી આપવા માટે આખા દેશમાં નંબર વન છે. આમાં આ યોજના અમને બધાને આશીર્વાદરૂપ છે. ગુજરાતમાં ૬ જિલ્લા અને બાકી જિલ્લાઓમાં ગરીબી નાબૂદ કરવી હોય તો ગ્રામ્ય રોજગારીમાં નંબર વન જોઈએ. તે ત્યારે જ આપી શકાય કે કેન્દ્ર સરકાર બાકીના આ પછાત જિલ્લાઓમાં આ યોજનાનો અમલ કરાવે. એટલા માટે હું એમનો સહકાર ઈચ્છું છું, કે નર્મદા માટે આપ વાત કરી શકતા હોય તો કોંગ્રેસના બધા નેતાઓ ભેગા થઈને બાકીના અતિ પછાત જિલ્લાઓમાં પણ એમ્પ્લોયમેન્ટ ગેરંટી એકટનો અમલ કરવા માટે આગળ આવે. આવા ૧૦ જિલ્લાઓ છે. આવા ૧૦ જિલ્લાઓ છે કે જયાં આ એકટનો અમલ કરાવવો જોઈએ, જેથી ગુજરાતમાંથી આપણે ગરીબી નાબૂદ કરી શકીએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ આખા એકટના સંદર્ભમાં (અંતરાય) આમાં એકટની શરૂઆત (અંતરાય) માનનીય બળવંતસિંહજી, સહેજ સાંભળી લો. ઉણપ હશે તો દૂર કરીશું. તમે સાંભળી લો. હું કયારેય વચ્ચે બોલ્યો? તમે બોલ્યા પછી મને પણ સાંભળી લો.

**સભાપતિશ્રી .** : માનનીય બળવંતસિંહજી, પ્લીઝ.

**શ્રી ભરત બારોટ (રાજય કક્ષાના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ૨૦૦૬ થી આખા દેશમાં અમલમાં આવી. રાજયમાં પણ શરૂઆત થઈ. મેં કહ્યું તેમ ૬ જિલ્લાઓમાં અમલ શરુ કર્યો છે. ૧૩/૩/૨૦૦૬ના રોજ આખા ગુજરાતમાં છ એ છ જિલ્લાના બધા જ ગામોમાં સરપંચથી માંડીને ઉપરના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સુધી, કયાંક ધારાસભ્યો પણ હતા. આવા સેટકોમ દ્વારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ સરપંચથી ઉપરના પ્રતિનિધિ સુધી સાંકળીને સીધી વાત કરી આ યોજનાનો પ્રમાણિક, પારદર્શક અને સીધો અમલ કરવા માટેની સૂચના બધા સુધી પહોંચાડી છે. અત્યારસુધી શું થતું હતું કે તમારે ત્યાં દુષ્કાળ પડે અને અછતના કામો ચાલુ થાય. કયાંક વધારે વરસાદ પડે અને એના માટે રાહતની વાત થાય. એ વખતે રાહત જેવી રીતે અપાતી હતી એવી વાત આમાં નથી. આ એકટમાં જેટલું કામ કરશે એટલી રોજગારી મળવાની છે. હાજરીથી નથી મળવાની. અછતનાં કામોમાં હાજરી થાય અને હાજરીમાં ચોરી થાય, આપણે પૈસા ચૂકવતા હતા. આ એકટનો અમલ રાજય સરકારે કરવાનો છે, રાજય સરકાર ગેરન્ટી આપે, આ કાયદો કેન્દ્ર સરકારનો છે અને ગેરન્ટી રાજય સરકારે આપવાની છે. એટલે કામ ના આપી શકે તો પૈસા રાજય સરકારે ચૂકવવાના છે. કેન્દ્ર સરકાર ૯૦ ટકા અને અમારે ૧૦ ટકા આપવાના છે. આનો અમલ કરવાની જવાબદારી રાજય સરકારની છે એકટના અમલની અને ગેરન્ટી રાજય સરકાર આપે છે. આખરે જવાબદારી રાજયની હોવાથી આ રાજય સરકારે કેન્દ્રને કહયું છે કે કામની સામે રોજગારી છે, હાજરીની સામે નથી. એટલે આખા રાજયમાં આજથી આના આધારે સ્પષ્ટ કરવા માગું છું કે આવતા દિવસોમાં જયારે આ એકટનો સંપૂર્ણ રીતે પારદર્શકતાથી અમલ થવાનો છે ત્યારેચૂંટાયેલા પ્રતિનિધિઓને મારો આગ્રહ છે કે આનો પારદર્શકતાથી અમલ થાય એ કરાવવામાં આપસૌ અમારી સાથે રહો, એનો મોનિટરિંગ કરો અને પારદર્શક વહીવટ કરવામાં કોઈ ઉણપ હોય તો અમને સૂચન કરો, પરંતુ હાજરીથી રૂપિયા મળવાના નથી એની સામે ચોકકસ કામ પણ કરવું પડશે અને એ કામ કરશે તો જ પૈસા મળવાના છે. કોઈપણ ગરીબ પોતાનું નામ નોંધાવશે અને કામ માગશે તો ૧૫ દિવસમાં કામ પણ મળશે, પરંતુ કામની સામે બેઝિકલી રોજગારી કરવી પડશે, ફકત હાજરીથી નહીં થાય. અત્યારસુધીમાં કુલ મળીને આપણ ૧૧૦૧ નવા લોકોને આ એકટનો અમલ કરવા માટે પ્રતિનિયુકિત ઉપર બીજા વિભાગમાંથી લઈને મૂકયા છે. કુલ મળીને ૨૧૦૦ લોકોને તાત્કાલિક ખસેડયા છે અને અત્યારસુધીમાં ૫,૦૨,૫૬૫ લોકોની અરજીઓ આવી છે, અરજીઓની સંખ્યા સામે નોંધણી થઈ છે એ ૫ લાખની સામે ૪,૯૧,૮૭૬ એની સામે જોબ કાર્ડ ઈસ્યુ કર્યા છે એ ૨૧૧૮૪૭ છે એમાંથી તાંત્રિકમાં મંજૂરી ૯૭૬૮ ને મળી ગઈ, વહીવટી મંજૂરી ૫૧૫૯ ની મળી ગઈ છે અને હોળી પહેલાં ૧૪ કામ ચાલુ થઈ ગયાં છે અને શ્રમિકોએ લાભ લીધો છે એ ૧૪૨૧ આખા દેશમાં કામ શરૂ કર્યુ હોય અને આટલો ઝડપી અમલ કર્યો હોય એમાં ગુજરાત નંબર વન છે, એમના એકટનો અમલ કરવામાં પણ ગુજરાત નંબર વન ઉપર છે અને ખાતરી આપું છું કે આ ૬ એ ૬ જિલ્લામાં સૌથી પ્રામાણિકપણે પારદર્શક રીતે આ ગરીબોને કામ આપીને આ ૬ એ ૬ જિલ્લામાં આવતા ૫ વર્ષમાં ગરીબી નાબૂદ કરવાનું બીડું ઝડપ્યું છે એમાં સાથ સહકાર આપો. મારી સાથે બનાસકાંઠા જિલ્લામાં કેટલાક કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ હતા અને મેં તેમને કહયું છે કે વિકાસમાં રાજકારણ અને પક્ષાપક્ષીને નહીં લાવતાં નીચેના ગરીબોને લાભ મળે એના માટે સામૂહિક રીતે પ્રયત્નો કરો અને આ સરકાર આ યોજનાથી કેન્દ્ર સરકાર પાસેથી ઘણુંબધું બજેટ મેળવી શકાય તેમ છે અને ગુજરાતના ગરીબોને લાભ આપી શકીએ એવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બોલવાનું તો ઘણું લાંબું છે. ટૂંકમાં એના મુદ્દા કહીને બાકીનું ટેબલ ઉપર મૂકીશ. બીજો મારો મુદ્દો સંપૂર્ણ સ્વચ્છતા કાર્યક્રમનો છે. આ સ્વચ્છતા કાર્યક્રમના અનુસંધાનમાં પણ રાજય સરકારે આખા દેશમાં પહેલવહેલાં પૂજનીય સંતશ્રી મોરારી બાપુ, માનનીય મુખ્યમંત્રીશ્રી પોતે અને ક્રિકેટર શ્રી સિધ્ધુ એવી વ્યકિતઓ દ્વારા આખા ગુજરાતમાં સેનિટેશનના સંદર્ભમાં પૂજય મહાત્મા ગાંધીજીની ઈચ્છા પ્રમાણે સ્વચ્છતા તેમનું પહેલું સ્વપ્નું હતું કે આ દેશ આઝાદ થયા પછી સ્વચ્છતામાં કેટલો પાછળ છે એ તો ગાંધીજીની વાતો કે જે લોકો વાંચતા હશે અને મારા કોંગ્રેસી મિત્રોએ વાંચી પણ હશે કે સ્વચ્છતાના સંદર્ભમાં આપણે કેટલા પાછળ છીએ એ આપણને બધાને પણ ખબર છે. એટલે ગામડાંમાં જે ગુજરાતમાં ગામડાંમાં કુલ વસતિના અત્યારસુધીમાં ૩૩ ટકા ઘરોમાં જ સંડાસ છે અને બાકીના હજુ પણ ૬૭ ટકા ઘરોમાં આજે પણ સંડાસ નથી અને એટલા માટે આ કુલ સેનિટેશનનો પ્રોજેકટ સફળ બનાવવા પૂજય મોરારી બાપુ જેવા પૂજનીય સંત દ્વારા લોકજાગરણ પરત્વે આખા ગુજરાત રાજયમાં ૩ કલાક લાઈવ પ્રોગ્રામ દ્વારા ૧૮ હજાર ગામડાંમાં લોકો સુધી પહોંચવાનું કામ આના મારફત કર્યુ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી જાતે બોલ્યા અને સંત શ્રી મોરારી બાપુ જાતે બોલ્યા અને શ્રી સિધ્ધુ પોતે બોલ્યા છે અને ત્રણ કલાક સુધી બોલ્યા છે અને આખા દેશમાં આવું લાઈવ કરીને કોઈએ પણ સેનિટેશનનો કાર્યક્રમ સફળ બનાવવાનો પ્રયત્ન કર્યો નથી અને એમાં પણ ગુજરાત ગંભીર છે અને આવતા દિવસોમાં આ આખા કાર્યક્રમ દ્વારા ગામેગામ સ્વચ્છતાના કાર્યક્રમ સુધી આગળ જવા માગે છે.

માનનીય અધ્યક્ષશ્રી ગુજરાતમાંથી ગયા વર્ષે આપણને માત્ર એક જ ગામનો નિર્મળ ગામનો એવોર્ડ મળ્યો હતો અને આ એવોર્ડ કેન્દ્ર સરકાર આપે છે. આ વખતે ગયા વખત કરતાં ચાર ગણો એટલે બીજા ચાર ગામોને નિર્મળ ગામોનો એવોર્ડ મળ્યો છે. અને ૨૩ મી તારીખે રાષ્ટ્રપતિના હાથે આ એવોર્ડ મળવાનો છે, આ ગામના નામો હું આપું છું એમાં મહેસાણા જિલ્લાનું વિજાપુર તાલુકાનું ફતેપુરા, અને ચંદ્રનગર, પાટણ જિલ્લાનું સિધ્ધપુર તાલુકાનું કરણ ગામ અને વડોદરા જિલ્લાનું સિનોર તાલુકાનું મોટા ફોફડીયા આ ચાર ગામોને એવોર્ડ મળેલ છે અને તે ૨૩ તારીખે રાષ્ટ્રપતિના હાથે દિલ્હીમાં અપાવાનો છે. ગયા વખતે એક જ ગામ હતું અને આ વખતે ચાર ગામ થયા છે. આ સિવાય ગ્રામ વિકાસ દ્વારા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ દ્વારા સેન્ટ્રલ સ્પોન્સર યોજના છે તે યોજના હેઠળ ડોકટર રેડીના સ્પેશિયલ પ્રોજેકટ નીચે સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના નીચે આવે છે તેમાં રાજયમાં દસ જિલ્લામાં પાંચ હજાર લોકોને સ્વરોજગારી આપવાની યોજના છે અને પાંચ વર્ષમાં પાંચ હજાર લોકોને સ્વરોજગારી આપવાની છે. તો આ વર્ષે એક હજાર લોકોને રોજગારી આપવાની છેતેમાંથી હમણા જ તાજેતરમાં ૮૫૩ તાલીમાર્થીઓને તાલીમ આપી અને ચાર જિલ્લામાં જે તાલીમ આપી એમાંથી ૭૨૫ તાલીમાર્થીઓને સી.આર.એસ., હોસ્પીટલાઈઝ, આઈ.ટી., ઓટોમોબાઈલ્સ, ઈલેકટ્રોનિકસ, મારકેટીંગ જેવા જુદા જુદા સેકટરોની અંદર તાજ રેસીડેન્સી, આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, હચ, એરટેલ જેવી કંપનીઓમાં સ્વરોજગારી મળી ગઈ છે અને એ રીતે એક હજારમાંથી ૯૦૦ ને તો રોજગારી આ જ વર્ષે મળી ગઈ છે. આ જ રીતે ગ્રામ હાટ દ્વારા ગ્રામીણ વિસ્તારના કારીગરોના ઉત્પાદન માટે આવતા દિવસોમાં આપણે પ્રયત્ન કરીને ગાંધીનગરમાં પણ સ્વામિનારાયણ મંદિરની સામે ગ્રામ હાટ ઉભું કરીને એમના માટે મોટું કામ ઉભું કરવા ઈચ્છીએ છીએ. એ જ રીતે ગોકુળ ગ્રામ યોજનામાં આખા ગુજરાતમાં અત્યારસુધીમાં ૧૮૩૦૩ ગામોમાંથી આપણે ૧૩૬૩૭ ગામોને ગોકુળ ગ્રામ તરીકે જાહેર કરેલ છે. ૧૯૯૫ પછી ગામોના વિકાસને પહેલીવાર ગુજરાતની અંદર ધ્યાને લેવામાં આવ્યો અને અત્યારસુધીમાં અઢાર હજાર માંથી તેર હજાર ગામોને ગોકુળ ગ્રામ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ૨૦૦૭ માં ૩૪ કરોડ રૂપિયા.......

**સભાપતિશ્રી** : માનનીય મંત્રીશ્રી, પોણા સાત વાગ્યે આપે પ્રવચન પૂરું કરવાનું છે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો પંચાયત અંગેનો મારો જવાબ બાકી છે, ઘણો બધો બાકી છે, તેથી બધું ટેબલ ઉપર મુકી દઉં છું, મારી છેલ્લી એક લાગણી ગામના સંદર્ભમાં છે તે હું અહીં મૂકું છું. એક નાની કવિતા છે, તે કહીને હું મારી વાત પૂરી કરીશ. મહાત્મા ગાંધીના અંગત સચિવ મહાદેવભાઈ દેસાઈના પુત્ર નારાયણ દેસાઈની કવિતા છે, મારો આદર્શ પણ મહાત્મા ગાંધીજી છે. આજે ગુજરાતમાં સમાજ જીવનમાં કામ કરીએ છીએ તો ગાંધીજીને આદર્શ માનીને કામ કરીએ છીએ. એમના સચિવના પુત્રની કવિતા છે.

"આ અમારું, આ અમારું, આ અમારું ગામ છે, મારું નહીં, તારું નહીં, એનું નહીં, પેલાનું નહીં, આપણા સૌનું આપણા સૌ નું, આપણા સૌનું ગામ છે. ગામમાં ઉંચું કોઈ નહીં, ગામમાં નીચું કોઈ નહી, ગામ મહીં જે વસે તે ભાઈ ભાંડુ આપણા, ગામમાં માંદુ કોઈ નહીં, વગર ભણેલ કોઈ નહીં, ગામ મહીં રોજી અને રોટી વગરનું કોઈ નહીં, બધી ભૂમી ભગવાનની, સબ સંતી રઘુરાયની, ગ્રામ જનો ભેગા ખેડે છે ભોંય ભેગી ભગવાનની, ઘંટી, ઘાણી ગામના, સાળ રેંટીયો ગામના, ગામ મહીં જે વાપરે પેદા થાય તે ગામના, ગામમાં

દેવાદાર નહીં, વ્યાજખાઉ પણ કોઈ નહીં, વ્યસનનો કેરો ભોગ બનેલા ગામમાં કોઈ નહીં, ગામમાં ઝગડા હોય નહીં, પક્ષપાતી કોઈ હોય નહીં, હૈયે હૈયે પ્રેમ વધે ને રાજ રચાયે રામના, એ મારું ગામ".

મારી પોતાની લાગણી છે, આખા ગુજરાતની લાગણી છે, મારી લાગણી એવી છે કે આ ગામના જ વિકાસ માટેની માગણી છે તેથી માનનીય સભ્યશ્રીઓ પોતાની કાપ દરખાસ્તો પાછી ખેંચીલે અને આપણે સામૂહિક રીતે પ્રયત્ન કરીને ગ્રામ વિકાસમાં આગળ વધીએ.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૩, ૫, ૬, ૧૬, ૨૦ થી ૨૫, ૩૦ થી ૩૨, ૩૪ થી ૩૮,૪૦,૪૨,૪૩ અને ૪૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૪૯,૫૦, ૫૧, ૬૯ અને ૭૧ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની બેઠકનું કામકાજ સાંજના ૬.૪૬ વાગ્યે પૂરું થતાં, માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ તા. ૨૧મી માર્ચ, ૨૦૦૬ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **અંબાલાલ આ. રોહિત** | | |
| | અમેરીક્ન સોફ્ટવેર કંપનીના પાયરેટેડ સોફ્ટવેર બનાવવાનું કૌભાંડ પકડવા અંગે | ૪૬૧ |
| | આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ યુવક યુવતીઓની સંખ્યા | ૮૧ |
| | ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર | ૫૩ |
| | બી.પી.એલ. ના કાર્ડ ધારકોના બાળકોને ગણવેશ | ૧૦૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૫૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૬ |
| **અતુલ કે.પટેલ** | | |
| | અમદાવાદ મહેસાણા રોડ ઉપર ગાયત્રી મંદિર સામે અન્ડર બ્રીજ બનાવવા બાબત | ૩૭૬ |
| | ક્લોલ જી.આઇ.ડી.સી. થી છત્રાલ જી.આઇ.ડી.સી. સુધીનો અમદાવાદ મહેસાણા ટોલ રોડની બાજુનો સર્વિસ રોડ પહોળો કરવા બાબત | ૩૯૩ |
| | ક્લોલના પૂર્વ અને પમિ વિસ્તારનેજોડતો બી.વી.એમ. મીલ આગળ અંડરબ્રીજ બનાવવા બાબત | ૩૫૩ |
| | કલોલ શહેરના પંચવટી વિસ્તારમાં પોલીસ સ્ટેશન બનાવવા અંગે | ૪૪૫ |
| | ખાત્રજ-સાંતેજ પોલીસ ચોકીને પોલીસ સ્ટેશનમાં ફેરવવા બાબત | ૪૮૫ |
| | સાંતેજ આઉટ પોસ્ટને પેટ્રોલીંગ માટે વાહન આપવા અંગે | ૫૦૩ |
| **અનિલ જોષીયારા** | | |
| | પેટાપરાના વીજળીકરણ કરવા માટે કેન્દ્ર તરફથી મળેલ રાહત | ૫૦૦ |
| | ભિલોડા અને વિજયનગર તાલુકામાં ચેકડેમના નાણા ન ચુકવવા બાબત | ૩૭૨ |
| | માંડવી તાલુકાના ગોડધા ગામે વરેહ નદી ઉપર કોઝવે બનાવવા બાબત | ૩૭૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૬૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૧૬ |
| | વર્ગ-૧માંથી વર્ગ-૧માં બઢતી આપવા અંગેના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯-૧૦-૦૫ના ઠરાવને કારણે સચિવાલયમાં ઉપસચિવમાંથી નાયબસચિવમાં બઢતી આપવાની પ્રક્રિયા સ્થગિત થવા અંગે | ૪૭૮ |
| | સાબરકાંઠા જિલ્લાના પોલીસ દફતરે નોંધાયેલ વિવિધ ગુના | ૫૧૭ |
| | સાબરકાંઠા જિલ્લાની સહકારી મંડળીઓ ફડચામાં જવા અંગે | ૪૧ |
| **અનિલકુમાર મો.પટેલ** | | |
| | ચોર્યાસી તાલુકામાં ગરીબોને આવાસની જમીન ફાળવણી | ૩૯૧ |
| | બારડોલી અને માંડવી તાલુકામાંપ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં મંજૂર થયેલ રસ્તાઓ | ૩૫૧ |
| | બારડોલી અને માંડવી પોલીસસ્ટેશનનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ અને ઘટ | ૪૮૫ |
| | બારડોલી તાલુકા પંચાયતમાં કર્મચારીઓની બદલી | ૬૮ |
| | બારડોલી અને માંડવી પોલીસ સ્ટેશનમાં નોધાયેલ વિવિધ ગુનાઓ | ૪૪૬ |
| | ભિલોડા તાલુકાના ગામ તળાવ ભરવા બાબત | ૩૪૮ |
| | વર્ગ-૧ માંથી વર્ગ-૧માં બઢતી આપવા અંગેના સામાન્ટ વહીવટ વિભાગના તા.૨૯-૧૦-૨૦૦૫ના ઠરાવના કારણે સચિવાલયમાં ઉપસચિવમાંથી નાયબ સચિવમાં બઢતી આપવાની પ્રક્રિયા સ્થગિત થવા અંગે | ૫૦૩ |
| | સુરત જિલ્લામાં ઇન્દિરા આવાસના મકાનો માટે ફાળવેલ રકમ | ૧૧૦ |
| | સુરત જિલ્લામાં પંચાયતનું મંજૂર થયેલ મહેકમ | ૯૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અનિલભાઇ ત્રિ. પટેલ** | |
| ગુજરાત ગ્રોથ સેન્ટરડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ | ૫૨૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૨૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૨૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૬૧ |
| **અમિત અ. ચાવડા** | |
| નગરપાલિકાઓને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફેરવવાની દરખાસ્ત | ૩૪૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૭૨ |
| **અમિત અ. શાહ** | |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૪૧૬૨(અગ્રતા- ૪)ના અનુસંધાને વધારાની માહિતી. | ૫૨૫ |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૪૭૪૮(અગ્રતા- ૧૧)ના અનુસંધાને વધારાની માહિતી | ૫૨૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૪૨૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૪૦૦ |
| **અમીત ચાવડા** | |
| આણંદ જિલ્લામાં ઇન્દિરા આવાસનું આયોજન | ૬૫ |
| આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મહેકમ | ૧૬૬ |
| આણંદ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું મહેકમ | ૧૬૩ |
| આણંદ જિલ્લામાં સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ કરેલ ખર્ચ | ૨૨૬ |
| આણંદ જીલ્લામાં જી.આઈ.ડી.સી. માટે મળેલ રજુઆત | ૨૨૦ |
| ધારાસભ્ય ગ્રાન્ટમાંથી રાજ્ય-કેન્દ્રનીયોજનાઓમાં મેચીંગ - લોકફાળાની રકમ આપવાની મંજૂરી અંગે | ૪૫૧ |
| નર્મદા બંધની ઉંચાઈ વધારવામાં વિલંબ | ૨૨૬ |
| નર્મદા યોજનાના કારણે પુનઃવસવાટ માટે જમીનની ફાળવણી અને વસાહતો માટે કરેલ ખર્ચ | ૧૭૯ |
| બોરસદ અને આંક્લાવ તાલુકાઓમાં સ્પોર્ટસ સંકુલનું આયોજન | ૨૪૪ |
| રાજ્યમાં અતિવૃષ્ટિથી રાહત કામગીરી પાછળ ખર્ચ | ૧૩૫ |
| રાજ્યમાં ગ્રામ્ય પુસ્તકાલયો પાછળ ખર્ચ | ૨૪૨ |
| રાજ્યમાં ચાલતાં ગ્રાહક સુરક્ષા કેન્દ્રો | ૨૦૬ |
| રાજ્યમાં રેશનીંગ કાર્ડ ધારકોને અનાજની ફાળવણી | ૧૩૬ |
| રાજ્યમાં સ્પોર્ટસ સંકુલો પાછળ ખર્ચ | ૨૪૩ |
| વ્યસનમુક્તિ કાર્યક્રમના નવા કેન્દ્રો ખોલવા અંગે | ૨૧૭ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** | |
| ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી નારણભાઈ શીવજીભાઈ પટેલના અવસાન અંગે | ૫૨૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૪૦૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૨૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૫૩૩ |
| **અશોક ભટ્ટ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૫૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૫૪ |
| સભાગૃહનો સમય લંબાવવા અંગે | ૨૮૬ |
| સભ્યશ્રીઓના સસ્પેન્સન બાબતે પુનઃ વિચારણા કરવા અંગે | ૪૩૪ |
| **આનંદીબેન મ.પટેલ** | |
| ગુજરાત ઈન્ફોર્મેટિકસ લિમિટેડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ | ૫૨૪ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **આનંદીબેન મ.પટેલ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૫૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૩૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨ |
| | સભાગૃહનો સમય લંબાવવા અંગે | ૨૮૨ |
| **આર. સી. પટેલ** | | |
| | કોસ્ટલ એક્વાકલ્ચર માટે જમીનની માંગણી | ૧૦૮ |
| | માછીમારોને સ્માટ કાર્ડ આપવા અંગે | ૬૦ |
| | વલસાડ અને નવસારી જિલ્લામાં માછીમારોને સહાય | ૮૬ |
| | સુરત જિલ્લાના પોલીસ અધિકારી/કર્મચારીઓના આરોગ્યની તપાસ | ૪૬૫ |
| **ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૩૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧ |
| **ઈશ્વરભાઈ ધ. મકવાણા** | | |
| | ઓ.એન.જી.સી. પ્રોજેકટ પ્લાન્ટ,મહેસાણામાંથી નુકસાનકારક કેમિકલયુકત ઓઈલ સાથેનું પાણી છોડવા બાબત | ૨૪૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૯ |
| **ઈશ્વરસિંહ ઠા. પટેલ** | | |
| | કુખ્યાત ગુનેગાર બાબાખાનની ધરપકડ | ૪૪૫ |
| | વિકસતી જાતિની આદર્શ નિવાસી શાળાઓ | ૬૧ |
| | હાંસોટ અને અંક્લેશ્વર તાલુકામાં નવા કાંસ બનાવવા બાબત | ૩૬૯ |
| **કનુભાઇ કળસરિયા** | | |
| | કૃષિ મહોત્સવમાં સ્પ્રે પમ્પનું વિતરણ | ૭૮ |
| | બાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયેભાવનગર જિલ્લાના શિક્ષિત બેરોજગારોએ કરેલ અરજીઓ અને મળેલ સહાય | ૫૧૧ |
| | ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાની તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૯૫ |
| | ભાવનગર જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ | ૫૭ |
| | ભાવનગર જિલ્લામાં તળાવો ઊંડા ઉતારવાની અરજીઓ | ૧૦૪ |
| | ભાવનગર જિલ્લામાં તાલુકાવાર પોલીસ ખાતામાં ખાલી જગ્યાઓ | ૪૬૦ |
| **કનુભાઇ મે. ભાલાળા** | | |
| | જૂનાગઢ આર. ટી. ઓ. ક્ચેરીની છેલ્લા ત્રણ વર્ષની આવક | ૪૮૪ |
| | વિસાવદર સાસણ રોડનું કામ | ૩૭૬ |
| | વિસાવદર, મોણીયા અને મેંદરડાને જોડતા પુલનું કામ બંધ હોવા બાબત | ૩૯૩ |
| **કનુભાઈ કળસરિયા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૨૭૩ |
| **કનુભાઈ મે. ભલાળા** | | |
| | વિસાવદર ધારી બાયપાસ રેલ્વે ટ્રેક ઉપર ઓવર બ્રીજ બનાવવા બાબત | ૩૪૫ |
| **કાંતિભાઈ ત્રિ. ભીલ** | | |
| | સભાગૃહનો સમય લંબાવવા અંગે | ૨૭૭ |
| **કાંતિભાઈ ભા. તડવી** | | |
| | કરાઈ ખાતે સ્થાપવામાં આવેલ પોલીસ તાલીમ સંસ્થા અને તેમાં આપવામાં આવતી તાલીમ અંગે | ૪૪૭ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કાંતિભાઈ ૨ા. લકુમ** | |
| બાવળા તાલુકા પંચાયતમાં જરૂરી મહેકમ મંજૂર કરવા અંગે | ૫૦ |
